INDEX

શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૪

પૂર : ૯,૧૦,૧૧



શ્રીસ્વામિનારાયણ મંદિર, ધોલેરા

INDEX



મહામુક્ત સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

ભાગ - ૪

(પૂર - ૯ થી ૧૧)

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, આ.સુદ-૧૦, વિજયાદશમી; તા.૧૩/૧૦/૧૩

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૫૦૦

પડતર કિંમત : ₹ ૧૫૦/-

ISBN : 978-93-83456-27-7



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

INDEX

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **ચોથા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

સાચી સમજણ અને જીવન જીવવાની કળા માટે પ્રતિદિન સદ્ગ્રંથોનું વાંચન અનિવાર્ય છે. સદ્ગ્રંથોનું વાંચન મહાપુરુષોના સાંનિધ્યની ગરજ સારે છે. કેમ જે, તેમાં મહાપુરુષોના અનુભવો સમાયેલા હોય છે. અને આવા અનેક અનુભવોના ખજાનારૂપ મહાન ગ્રંથ એટલે સદ્. શ્રીઆધારાનંદસ્વામીકૃત શ્રીહરિચરિત્રામૃતસાગર.

જેમ સૂર્યમાંથી અનેક ઊર્જાઓ મળે છે, તેમ આ ગ્રંથ વાંચનારને તરંગે તરંગે અનેક આધ્યાત્મિક ઊર્જાઓ મળે છે. જેમ આભૂષણ શરીરને શોભાવે, મૂર્તિઓ મંદિરને શોભાવે તેમ આ ગ્રંથનું શ્રવણ, પઠન કે મનન અસંખ્ય ભક્તોને સાચી સમજણ આપી શોભાવે છે. આ **ગ્રંથ વિશ્વમાં હિન્દી સાહિત્યમાં સૌથી મોટો છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ વેદવાણી જેવો અજોડ છે.**

આ ગ્રંથ સંસારરૂપી રોગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે. કળિયુગના દોષોને બાળવામાં સુદર્શનચક્ર સમાન તેજસ્વી છે. કામ-ક્રોધાદિક દોષોને મટાડવા માટેની સંજીવની છે. આ ગ્રંથને વાંચનાર, સાંભળનાર કે મનન કરનારના ત્રણેય તાપો નાશ પામે છે અને ભગવાનની મૂર્તિમાં અતિ પ્રેમ ઊપજે છે, જીવન પવિત્ર બને છે. આ ગ્રંથનાં પ્રત્યેક પૂરમાં ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, પરાભક્તિ અને સર્વોપરી ઉપાસનાનાં પૂર વહે છે. તથા દરેક તરંગોમાં મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દૃષ્ટિ અને સત્સંગ તથા શ્રીહરિની સર્વોપરીતા રેલાય છે.

આપણી સંસ્કૃતિમાં વેદો સર્વોત્તમ કહેવાય છે. જેમ વેદ પરમેશ્વરની વાણી છે, તેમ જ આ ગ્રંથ અનુભવી સંતની અનુભવવાણી છે. કેમ જે, **સદ્ગુણમૂર્તિ સિદ્ધાનંદસ્વામી ઉર્ફે આધારાનંદસ્વામીએ** સગા કાને સાંભળેલો અને આંખે દેખેલો અહેવાલ કંડાર્યો છે. માટે જ **આ ગ્રંથના પ્રત્યેક પદ્યોમાં ચૈતન્યની શાશ્વત સુગંધ રેલાય છે, બ્રહ્મરસનો અનુપમ આસ્વાદ મળે છે. અનુભવી સંતની કલમે કંડારાયેલા આ ગ્રંથના શબ્દો ભલે સીધા સાદા હોય પરંતુ તેમાં અનેકના અંતરને પરિવર્તન કરવાની અમોઘ શક્તિ સમાયેલી છે.** જેમ મૂળ વૃક્ષોનો આધાર છે, કિનારા નદીઓનો આધાર છે તેમ જ આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે.

ગ્રંથકાર **ह.च.सा. ९/३०** માં કહે છે, પ્રકટ શ્રીહરિનાં જેટલાં વચન છે તેને શ્રીહરિનાં ચરિત્ર કરીને જાણવા. તે વચનમાં મનુષ્ય જેટલી રુચિ કરે છે તેનાં તેટલા પાપ બળી જાય છે.

सोरठा : चरित्र सुने एक दीन, श्रीहरि को एक मन कर;
अधिक पुन्य सो कीन, महिमा जानत हरि को जेहि...३९

મનને એકાગ્ર કરીને શ્રીહરિનાં ચરિત્રોને કોઈ એક જ દિવસ સાંભળે, તો તે શ્રીહરિચરિત્ર શ્રવણનું પુણ્ય બીજા તમામ સાધનો કરતાં ઘણું અધિક થાય છે. શ્રીહરિના મહિમાને જે સમજે છે, તેને તો મોક્ષ માટે કહેલાં સાધનમાત્ર શ્રીહરિચરિત્રોમાં જ આવી જાય છે.

આવા સદ્ગ્રંથનું વાંચન પ્રત્યેક વ્યક્તિ માટે અવની પરનું અમૃતપાન છે, અને ખરાબ સાહિત્યનું વાંચન ઝેર સમાન છે. આધારાનંદસ્વામીએ આપણા સહુના ઉપર કરુણા કરી આવો અણમોલ ગ્રંથ ભેટ આપ્યો છે. તે માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે જ નહિ, પરંતુ આધ્યાત્મિક જગતના તમામ વ્યક્તિઓ માટે અનુપમ ભોમિયાની ગરજ સારે એવો છે અને ભાગ્યરેખા પલટાવે એવો અનુપમ છે.

આ મહાગ્રંથનો શબ્દશઃ ગુજરાતીમાં અનુવાદ પૂ.શા.જ્ઞાનપ્રકાશ દાસજી સ્વામી (ગાંધીનગર) એ કર્યો છે. અને તેનું પ્રથમ પ્રકાશન અતિ ઉત્સાહી સાહિત્યપ્રેમી પૂ.શા.હરિપ્રકાશદાસજીસ્વામીએ કર્યું હતું. એવા આ ગ્રંથની છેલ્લા અઢી વર્ષથી સંશોધન સાથે કથા કરી રહ્યો છું. જેમ જેમ સંશોધન થતું જાય તેમ તેમ ગ્રંથ પ્રકાશન થતો જાય છે.

આ ચોથા ભાગમાં પૂર ૯, ૧૦ અને ૧૧ નો સમાવેશ કરેલો છે. શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થઈ રહેલા આ ગ્રંથના સંશોધિત ગુજરાતી અનુવાદનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્ય બનાવીએ. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના

અતિ ભાવથી જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

"न जायते म्रियते वा विपश्चित्" એ વેદાંત વાક્યમાં કહ્યા મુજબ જે જીવાત્મા અનાદિ અને અનંત છે તે જીવ અનાદિ માયારૂપ અજ્ઞાનથી ઘેરાઈ ગયો છે. અને તે અજ્ઞાનને લીધે તેણે કરેલાં અમાપ કર્મોથી તેને જન્મ, મરણ, યમયાતના, અને લખચોરાશીનાં અસહ્ય દુઃખોને ભોગવવા પડે છે. તે અનાદિ કર્મોનો વિનાશ સર્વજ્ઞ, સર્વાંતર્યામી, અશરણશરણ્ય, નિર્હેતુક દયાળુ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિના આશ્રયથી થાય છે.

સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારના કર્મોનો વિનાશ શ્રીહરિના આશ્રયથી થાય છે, તે સર્વશાસ્ત્ર શિરોમણિ વેદાંતનો પરિનિષ્ઠિત અને સુદૃઢ સિદ્ધાંત છે. તે અનન્ય આશ્રયની પરિપૂર્ણતા તો શ્રીહરિનાં સ્વરૂપમાં (મૂર્તિમાં) માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વાધિક પ્રેમ પૂર્વકની સેવાવૃત્તિને તેલની અતૂટ ધારાની જેમ મનોવૃત્તિને શ્રીહરિનાં સ્વરૂપમાં અખંડપણે સ્થિર કરવી તેમાં છે. સમજવામાં કઠણ જણાતા તે શ્રીહરિનાં સ્વરૂપના અનન્ય આશ્રયને સદ્‌ગુરુ શ્રીસિદ્ધાનંદસ્વામીએ આ ગ્રંથમાં સરલતાથી સમજાય એવા શબ્દમાં 'ચરિત્ર' નાં રૂપમાં કહેલ છે. સ્વામી કહે છે કે, મૂર્તિ અને ચરિત્ર, બંને એકસરખાં કલ્યાણકારી છે.શ્રીહરિની મૂર્તિનું સ્મરણ-ચિંતન કરવું અને શ્રીહરિનાં ચરિત્રોનું કથન, શ્રવણ, મનન કરવું તે એકસમાન રીતે જીવનો સંસારથી મોક્ષ કરે છે અર્થાત્ શ્રીહરિચરિત્રામૃતનાં કથન, શ્રવણ અને ચિંતનના જેવું બીજું કોઈ સાધન અજ્ઞાન કે કર્મપાશને કાપનારું અમોઘ અસ્ત્ર-શસ્ત્ર નથી. એટલે ગ્રંથના લેખક સ્વામીના મંતવ્યને અનુસારે શ્રીહરિચરિત્રામૃતથી ભરપૂર અપાર સાગર જેવો આ ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગર છે, તે સંસારી જીવોનો મોક્ષ કરનારો છે અને અક્ષરધામમાં પહોંચાડનારો છે.

આ ગ્રંથના એકથી આઠ પૂર ત્રણ ભાગમાં સમસ્ત દિવ્ય સત્સંગની સમક્ષ પ્રસ્તુત થઈ ચૂક્યા છે. અને હવે નવ, દસ તથા અગિયાર, એ પૂરનો કડીબદ્ધ ગુજરાતી અનુવાદ ચોથા ભાગનાં રૂપમાં સંપાદિત થઈને પ્રસ્તુત થઈ રહ્યો છે.

તેમાં નવમાં પૂરનો પ્રારંભ આગળના પૂરના વડતાલમાં કરેલા રામનવમીના સમૈયાની શેષ લીલાઓથી થાય છે. સુરતના હરિભક્તોનો થાળ, રસોઈ, પૂજા અને ભેટ વગેરે સ્વીકાર્યા પછી શ્રીહરિ સંતો વગેરેને પીરસીને જમાડે છે. આપણા સત્સંગના ચરિત્રપ્રધાન સાહિત્યમાં શ્રીહરિનું સત્સંગમાં વિચરણ, તે તે ગામમાં ભક્તોએ કરેલું શ્રીહરિનું સામૈયું, સામૈયામાં કરેલી સજાવટ-સુષમા, ગીત તથા વાજિંત્ર વગેરે, ઉતારાની વ્યવસ્થા, સત્સંગસભા, સંતોનું શાસ્ત્રીય સંગીત પ્રધાન કીર્તનગાન, સદુપદેશ, શ્રીહરિનું શયન તથા ઉત્થાન, અરુણોદય વેળાએ સંતોનું જાગરણ, નારાયણ ધૂન, શ્રીહરિની સ્નાન આદિ બધી ક્રિયાઓ, સત્સંગીઓને ઘેર પધરામણી, ભક્તોએ કરેલી શ્રીહરિની પૂજા, ચંદન ચર્ચિત ચરણકમળોને છાતી ઉપર કે મસ્તકે ધારણ કરવાં, પ્રેમીભક્તોએ કરેલી સ્તુતિ તથા પ્રાર્થના, થાળ કર્યા પછી શ્રીહરિને જમાડવાની રીત, થાળની પ્રસાદિ સંતને કે હરિભક્તને આપવી, સંતો, દરબારો અને પાર્ષદોને પીરસીને રોજ જમાડવા. તે તે સમયને અનુરૂપ પૂજિત ભવ્યાતિભવ્ય શ્રીહરિની મૂર્તિનું સૌંદર્ય, તે તે પ્રસંગે થતાં દ્વેષીઓના ઉપદ્રવ આ બધાં વિષયોનું વર્ણન અનન્ય અને અદ્‌ભુત રીતે સદ્‌ગુરુ શ્રીસિદ્ધાનંદસ્વામીએ આ ગ્રંથમાં કર્યું છે. આટલા પ્રમાણમાં અને આવા રૂપમાં શ્રીહરિની લીલાઓ વગેરેનું વર્ણન સત્સંગના કોઈ અન્ય ગ્રંથમાં થયું હોય, તેમ દેખાતું નથી.

વડતાલનો સમૈયો પૂરો થયો. શ્રીહરિએ ભક્તોને વળાવ્યા. તે વખતે રસ્તામાં ચાલતા જે સાવધાની રાખવી જોઈએ તે સમજાવીને

તે પ્રમાણે ભલામણ કરી. પોતે પણ વડતાલથી ચાલવા તૈયાર થયા. હરિભક્તોના સંઘ ગયા પછી દેશ-પ્રદેશોમાં મુમુક્ષુઓનું કલ્યાણ કરવા અને સત્સંગનો પ્રચાર કરવા માટે સંતોને ફરવા મોકલ્યા. તે પ્રસંગે લેખક જણાવે છે કે, અમુક પ્રકારનાં વ્યાવહારિક કામકાજમાં સદ્‌ગુરુ આનંદાનંદસ્વામી (રામ ગલોલા) ઘણાં નિપુણ હતાં. તે વખતે તેમણે લગભગ ચાલીસથી પણ વધારે મોટા સદ્‌ગુરુ સંતોને સત્સંગમાં ફરવા માટેની વ્યવસ્થા કરીને મોકલ્યા. સત્સંગની 'મા' જેવા સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી પણ આનંદસ્વામીએ કરેલી વ્યવસ્થાને સ્વીકારતા હતા.

પછી શ્રીહરિ વડતાલથી નીકળ્યા પ્રથમ પીપળાવ આવ્યા અને ત્યાંથી 'નાર' રોકાયા, કયા ગામમાં કેટલા અને કોણ સત્સંગી હતા, શ્રીહરિ ક્યાં કેટલું રોકાયા, ક્યાં સ્નાન કર્યું, થાળ જમ્યા કે ટીમણ કર્યું, કયા હરિભક્તની કેવી સ્થિતિ હતી અને સત્સંગના ઉપર કેવી ભાવના હતી, તે બધું ઝીણવટભરી નજરથી સ્વામીએ આ પૂરમાં લખ્યું છે. શ્રીહરિ 'નાર' થી નીકળી ઊંટવાડા થઈને બુધેજ પધાર્યા છે. બુધેજના ક્ષત્રિય હરિભક્તોની સત્સંગનિષ્ઠાની વાત કહી. તે પ્રસંગે તરંગ નવમા અને દસમામાં તે સમયમાં આખા સત્સંગના ઉચ્ચકોટીના જે ભક્તો હતા તે બધાનાં નામ લઈને સ્વામીએ ગણાવ્યા છે. વચ્ચે બોટાદના ભક્ત શિરોમણિ શેઠ ભગાદોશીના સર્વોત્તમ સત્સંગની વાત કહી છે. બુધેજથી ચાલેલા શ્રીહરિએ ગુડેલના માર્ગ પાસે ચરતી ગાયોનું ચિત્તાકર્ષણ કર્યું. પછી ત્યાંથી આગળ ચાલ્યા. ગુડેલથી મિતલી આવ્યા. રસ્તામાં સહુને કેળા જમાડ્યા. સાબરમતીને કાંઠે નવાબી ચોકીને પસાર કરી. ત્યાંથી શ્રીહરિ પીપળીના દરબાર દાદાભાઈના મનોરથોને પૂર્ણ કરીને ગાંફ આવ્યા. ત્યાંથી રાતે નીકળ્યા, રણ પાર કરીને સવારે રોઝકા પહોંચ્યા.

ગજા ગઢવી અને માવ ગઢવીના કવિતોને સાંભળતા શ્રીહરિ ઝીંઝર પધાર્યા. ત્યાં દરબાર ખોડાભાઈને મોહરૂપ અંધકાર દર્શાવીને

તેને ટાળવાની વાત કહી. ત્યાંથી ભીમનાથ, પોલારપુર આવ્યા જેઠા શેઠની સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની વાત વિચારી અને વ્યાસના વચનોમાં વિશ્વાસ જણાવ્યો. પોલારપુરથી ચાલેલા શ્રીહરિ સારંગપુર પધાર્યા. ત્યાંથી પોતાની સાથે રહેલા બધા દરબારોને સહુ સહુને ઘેર મોકલ્યા. પછી શ્રીહરિ કુંડળ પધાર્યા. ત્યાં સત્સંગની ઉત્તમતા કહી. તે પછી સ્વામીએ શ્રીહરિનાં ચરિત્ર, સ્વરૂપ અને સ્વભાવની વાત સહજ સુંદર રીતે બતાવી છે. શ્રીહરિ કારિયાણી પધાર્યા છે ત્યાં ઘણું રોકાયા છે અને મુક્તાનંદસ્વામીની આગળ શ્રીહરિએ પોતાનાં ચરિત્રોની સર્વોત્તમતા બતાવી છે. કારિયાણીમાં કૂવામાં ધૂબકા મારીને નાહ્યા છે. તેવી ઘણી જ લીલાઓ કરી છે. ત્યાંથી શ્રીહરિ નસીતપુર થઈને ઝીંઝાવદર પધાર્યા. ત્યાનાં દરબાર અલૈયા ખાચર વગેરે દરબારોની વાત કહીને પછી સાતેક તરંગમાં શ્રીહરિએ અલૈયા ખાચરને નિર્માનીપણાની અતિ આવશ્યક ઘણી જ વાતો કહી છે. ઝીંઝાવદરથી નીકળીને શ્રીહરિ સરવઈ ગામ થઈને સમઢિયાળા ગામનાં દરબાર લાખા ખાચરને ઘેર પધાર્યા છે. ત્યાંથી બોટાદ પધાર્યા છે. ત્યાં બોટાદની લીલાઓનું અને ત્યાનાં સત્સંગનું સુંદર નિરૂપણ આઠેક તરંગમાં કર્યું છે. નવમાં પૂરના અંતમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા છે. ઉપર કહ્યા મુજબની લીલા અને ચરિત્રોનું વર્ણન કરતાં શ્રીહરિચરિત્રામૃતસાગરનાં નવમાં પૂરના એકસઠ તરંગ પૂરા થયા છે.

દસમાં પૂરમાં ચોપન તરંગ છે. તેમાં શ્રીહરિનાં ચરિત્રોની પ્રધાનતાની સાથે આગળ વધતાં ગઢપુરના દરબાર જીવા ખાચરનાં સત્સંગની વિશિષ્ટતા દર્શાવી છે. તે બંને ભાઈને "ક્યારેય સત્સંગથી વિપરીત બુદ્ધિ થાય નહિ અને શ્રીહરિનો અભાવ ન આવે" એવું વરદાન શ્રીહરિએ આપ્યું છે. શ્રીહરિ ગઢપુરમાં અખાત્રીજ કરીને કરિયાણા આવ્યા. ત્યાં સત્સંગ અને નિયમોની અનિવાર્યતા બતાવી. પછી

મેઘપુરમાં બ્રાહ્મણોની ચોરાસી કરવાનું વિચાર્યું. પત્ર લખીને મયારામ ભટ્ટને બોલાવ્યા. શ્રીહરિ કરિયાણાથી મેઘપુર જવા નીકળ્યા પહેલા ગામ કોટડા આવ્યા. ત્યાંના ભક્તોની પૂજા સ્વીકારીને ત્યાંથી શ્રીહરિ પીપળીયા ગામમાં લક્ષ્મણ ઠક્કરને ઘેર રોકાયા. તે ભક્તોને સંતોષ આપીને બંધિયા ગામ આવ્યા.

શ્રીહરિનો પત્ર મળ્યા પછી મયારામ ભટ્ટ, પર્વતભાઈ અને દરબાર ઝીણાભાઈ વગેરે સોરઠના હરિભક્તો મેઘપુરના ગામધણી અમરસિંહ ભાટને મળ્યા.

શ્રીહરિની ઈચ્છા મુજબ મેઘપુરમાં ચોરાશી કરવાની બધી વ્યવસ્થા વિચારી લીધી. સીધું સામાન, વાસણ, પાણી અને બળતણ વગેરેની પૂરી સગવડ કરી લીધી. પછી તે સહુનો પત્ર લઈને મયારામ ભટ્ટ શ્રીહરિની પાસે બંધિયા ગામ આવ્યા. પત્ર આપીને બધી વ્યવસ્થાની વાત કહી. શ્રીહરિ ઘણું રાજી થયા. પછી બંધિયાથી નીકળેલા શ્રીહરિ જેતપુર આવ્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દીધા, સહુએ સેવા કરી. દરબાર મૂળુવાળાના પ્રશ્નનો ઉત્તર આપીને તેને સંતુષ્ટ કર્યા. પછી જેતપુરથી નીકળેલા શ્રીહરિ ધોરાજી થઈને ભાડેર આવ્યા. મેઘપુરથી અમરસિંહ ભાટ અને સોરઠના હરિભક્તો આવીને શ્રીહરિને મળ્યા. તેમની સાથે ચોરાશી અંગેની ચોખી વાત કરી અને અમરસિંહ ભાટ તથા મયારામ ભટ્ટ વગેરેની સંમતિ સાધીને શ્રીહરિ મેઘપુર ગામ આવ્યા.

ત્યાં ચોરાશી શરૂ કરી, બ્રાહ્મણો ઘણાં આવ્યા. આ અવસરે બધા સંતો અને દેશદેશનાં હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. આવેલા સંત-હરિભક્તોને કોઈપણ તકલીફ ન થાય તેમ શ્રીહરિ ઉતારો અને જમવા વગેરેમાં કાળજી રાખીને સહુની સંભાળ રાખતા. છ માસ સુધી મેઘપુરમાં બ્રાહ્મણોની ચોરાશી ચાલી. સંતો અને હરિભક્તો શ્રીહરિના સબંધવાળો દિવ્ય લાભ લેતા અને આવતા-જતા, તેમનો પ્રવાહ અખંડ

રહેતો. તે વેળાએ શ્રીહરિ છ માસ સુધી કાયમ સહુને ધારણા-ધ્યાન વગેરે શીખવતા, કથા-વાર્તા, ધૂન-ભજન અને કીર્તનગાન વગેરે પણ નિરંતર ચાલુ રહેતું હતું. મેઘપુરમાં શ્રીહરિને મનચાહી રીતે જમાડીને પુષ્કળ પ્રમાણમાં દાન-દક્ષિણાઓ આપી. બ્રાહ્મણો જમી જમીને થાકી ગયા. છેવટે શ્રીહરિનો દિવ્ય પ્રતાપ માનીને સહુ શુભ યશોગાન કરતા ઘેર ગયા. ચાતુર્માસમાં બધાં જ ઉત્સવ શ્રીહરિએ મેઘપુરમાં કર્યા. તે પછી સોરઠમાં માણાવદર, પીપલાણા, આખા, અગત્રાઈ, કાલવાણી, જાળિયા, લોજ અને માંગરોળ વગેરે ગામોમાં ભક્તોનાં સુખ માટે ફર્યા.

તે પછી સોરઠમાંથી નીકળેલા શ્રીહરિ રાજકોટ થઈને 'મોડા' ગામ આવ્યા, ત્યાંથી શેખપાટ આવ્યા. પોતાના અનન્ય ભક્ત લાલજી સુતારને માથામાં કુહાડો વાગ્યો હોવાથી તેને પાટો બાંધીને સુખી કર્યા. પછી ત્યાંથી ભાદર થઈને જોડિયા ગામ ગયા. ત્યાંથી વહાણમાં બેસીને સમુદ્રમાર્ગે માંડવી બંદર આવ્યા. ત્યાંથી 'નિયમોની દઢતા' અંગેનો એક પત્ર સત્સંગમાં સહુના ઉપર લખી મોકલ્યો. પ્રસંગોપાત નીતિવાળા રાજા (અંગ્રેજો) ની વાત કહી કચ્છમાં વિચરતા શ્રીહરિ માનકૂવા, ભુજ, આધોઈ, ધમડકા વગેરે ગામોમાં ભક્તોની સંભાળ લઈને ભચાઉ ગયા અને ત્યાંથી પાછા ભુજ આવ્યા. ભુજમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો અને રંગે રમ્યા. શ્રીહરિ નીકળવા ચાહતા હતા પણ હરિભક્તોના આગ્રહથી ભુજમાં ફૂલદોલનો ઉત્સવ કરવાનું ઠરાવ્યું. તે ઉત્સવની પહેલાના દિવસોમાં સંતોને કચ્છનાં ગામોમાં સત્સંગ માટે મોકલ્યા અને સ્વયં માનકૂવા, તેરા અને કાળાતળાવ એ ત્રણ ગામમાં દસ-દસ દિવસ રોકાયા. ત્યાં પ્રાગજી દવેની પાસે એક માસમાં સંપૂર્ણ ભાગવતની કથા સાંભળી. તે ગામોમાં સદુપદેશથી અને સાંનિધ્યથી સહુને અલૌકિક સુખ આપ્યું. તે પછી શ્રીહરિ ભુજ પધાર્યા અને અનુપમ અદ્‌ભુત રીતે ફૂલદોલનો ઉત્સવ કર્યો, રંગે રમ્યા, સ્વયં થાળ જમ્યા. સંતોને અને

હરિભક્તોને જમાડીને તેમજ સત્સંગની વાતો કરીને સહુને ખૂબ જ સુખ આપ્યું. આ દસમાં પૂરની લીલાઓમાં શ્રીહરિ અખાત્રીજ પછી ગઢપુરથી નીકળ્યા છે. મેઘપુરમાં કાર્તિક માસ સુધીમાં છ માસ વિપ્રોને જમાડ્યા અને ત્યાંથી કચ્છમાં પધાર્યા. આમ, અનેક ઉત્સવ કરીને શ્રીહરિ સત્સંગમાં બધા જ ભક્તોને અને વિશેષપણે કચ્છમાં સ્વસ્વરૂપનું અલૌકિક સુખ આપીને તેમને સંતુષ્ટ કર્યા છે. આવી અદ્‌ભુત લીલાઓનું વર્ણન કરતા ગ્રંથના લેખકે દસમું પૂર પૂર્ણ કર્યું છે.

તે પછીના અગિયારમાં પૂરમાં નેવ્યાસી તરંગ છે. ભુજના ફૂલદોલના ઉત્સવ પછી શ્રીહરિએ ચૈત્ર સુદી નવમી-રામનવમી (હરિજયંતિ) નો ઉત્સવ ફરેણીમાં કર્યો છે અને ચૈત્રી પૂનમનો સમૈયો જૂનાગઢમાં કર્યો છે. લગભગ મહિના દોઢ મહિનાની લીલાઓનું વર્ણન કરતા આ અગિયારમું પૂર પૂરું કર્યું છે. શ્રીહરિએ ભુજમાં હતા ત્યારે જ ફરેણી ને જૂનાગઢના સમૈયાનું નક્કી કર્યું હતું. એટલે તેમણે સદ્‌ગુરુ આનંદાનંદસ્વામીને તે સમૈયાની તૈયારી કરવા આગળ મોકલ્યા છે. પોતે ભુજથી માંડવી આવ્યા. માંડવીમાં વેદાંત શાસ્ત્રના સિદ્ધાંતોને સમજાવ્યા, સહુને સંપ્રદાય પ્રાપ્ત શુદ્ધ જ્ઞાન આપ્યું અને મુમુક્ષુઓને કૃતાર્થ કર્યા. પછી શ્રીહરિ માંડવીથી અંજાર થઈને તૂણા ગામ આવ્યા. ત્યાંથી વહાણમાં બેસીને જોડિયા આવ્યા. ત્યાંથી શ્રીહરિ ભાદરા, શેખપાટ અને અલૈયા થઈને 'મોડા' ગામ આવ્યા. મોડાથી નીકળીને ક્યાંય પણ રોકાયા વિના મૂળેલ ગામ આવ્યા. અને ત્યાંથી બીજે દિવસે નીકળીને સાંજ સુધીમાં ફરેણી ગામ પહોંચ્યા.

અગાઉ પત્ર લખ્યા હતા તેથી બધા જ પ્રદેશોમાંથી સંતો અને હરિભક્તોના સંઘ ફરેણી આવવા લાગ્યા. વિશાળ મંડપ બંધાવ્યો હતો. નવમીને દિવસ મધ્યાહ્ને રામજન્મોત્સવ કર્યો અને રાત દસ ઘડી વીત્યા પછી શ્રીહરિનો જન્મોત્સવ કર્યો. આવા ઉત્સવ પ્રસંગે શ્રીહરિનાં

સ્વરૂપનો મહિમા, સત્સંગનું ગૌરવ અને જીવનાં કલ્યાણનાં સાધનોનું ખૂબ જ સરસ રીતે વારંવાર વર્ણન કરવામાં આવ્યું છે, મોક્ષના માર્ગમાં વિઘ્નરૂપ કુસંગ, દુર્વ્યસન અને મતપંથીઓના દુરાચારનો નિર્દેશ પણ સાક્ષાત્ દેખાતો હોય તેમ વર્ણવ્યો છે. રામનવમી કર્યા પછી શ્રીહરિ ધામધૂમથી ધોરાજી આવ્યા. લાલવડે ઉતારો કર્યો. ત્યાં અદ્ભુત ઐશ્વર્ય જણાવ્યું અને અનેક રીતે જીવનું કલ્યાણ કરે તેવી સત્સંગની વાતો કરી છે. મયારામ ભટ્ટના પ્રશ્નને અનુસારે એકાદશીની ઉત્પતિ, વ્રતવિધિ અને પુરશ્ચરણ વગેરેનું વર્ણન ત્યાં કર્યું છે. ચૈત્ર સુદિ-૧૧ ના પારણામાં ધોરાજીમાં ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડ્યા છે. મતપંથીઓ વિરોધ કરતાં રહેતા, છતાં શ્રીહરિએ અપાર પ્રતાપ જણાવીને ત્યાં સત્સંગનાં મૂળને દૃઢ કર્યા છે.

ધોરાજી લાલવડેથી શ્રીહરિએ બધા સંઘને જૂનાગઢને માર્ગે રવાના કર્યો અને પછી પોતે ધોરાજીના ભક્તોને રાજી કરીને પાછળથી ગોંડળ નરેશ દરબાર હઠીભાઈ તથા બીજા રાજપૂત ક્ષત્રિય રાજાઓ અને કાઠી દરબારોની સાથે વડાળથી સંઘમાં મળીને જૂનાગઢ પધારે છે. હઠીભાઈએ પત્ર લખીને જૂનાગઢ નવાબને સમચાર આપ્યા હતા. નવાબે ખૂબ જ ધામધૂમ સાથે શ્રીહરિને જૂનાગઢમાં પધરાવ્યા. પોતાના નાગર દીવાનના હાથે શ્રીહરિની પૂજા કરાવી છે.

શ્રીહરિની જૂનાગઢની સવારીનું વર્ણન અદ્ભુત કર્યું છે. ત્યાં સંતો અને હરિભક્તો ઘણાં જ આવ્યા છે. ઉતારો આપવો અને ભક્તોની અનેક રીતે સંભાળ લેવી, વગેરેમાં શ્રીહરિનો સંતો-હરિભક્તો ઉપરનો પ્રેમ સ્પષ્ટ જણાય છે. જૂનાગઢમાં દામોદર કુંડની યાત્રા પ્રસંગે વિવિધ પ્રકારની પુરાણોની કથાઓ ત્યાં કહી છે. જૂનાગઢમાં પણ પૂનમના દિવસ બ્રાહ્મણોની ચોરાશી કરવા વિચાર્યું, પણ આસુરી બુદ્ધિના લોકોની આડોડાઈથી તે વિચાર બંધ રાખ્યો. તે સમૈયો પૂરો કરીને ચૈત્ર વદિ ચોથને

દિવસ શ્રીહરિ જૂનાગઢથી નીકળ્યા. યોગ્ય માર્ગદર્શન આપીને ભક્તોના સંઘોને વળાવ્યા અને પોતે કેટલાક ભક્તોની સાથે ગઢપુર આવ્યા છે. પછી ત્યાંથી ઉત્તર ગુજરાત, અમદાવાદ અને ચરોતર આદિના ભક્તોને વળાવવા શ્રીહરિ ભાલપ્રદેશ સુધી ગયા છે. સંઘને વળાવીને શ્રીહરિ કુંડળ, કારિયાણી સારીંગપુર અને બોટાદ વગેરે ગામોમાં ભક્તોને સુખી કરીને ગઢપુર પધાર્યા છે. ગઢપુરમાં પણ એક પછી એક, એમ અનેક ઉત્સવ કર્યા છે અને છેલ્લે ઉન્મત્તગંગા તથા ગઢપુરનો મહિમા કહીને આ અગિયારમું પૂર પૂર્ણ કર્યું છે.

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો મહિમા અપાર છે. તેને વાંચતા, સાંભળતા આપ સહુ ત્યાગી-ગૃહી ભક્તો સ્વતઃ જ જાણી શકશો. માટે તે અંગે હું વિશેષ કહેતો નથી. ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની કૃપાદૃષ્ટિથી અને અક્ષરનિવાસી મારા ગુરુજનોના આશીર્વાદથી જ આ ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર થયું છે. અને હવે તો પ.પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળવાળા આ ગ્રંથની કથા કરી રહ્યા છે. જેનો અસંખ્ય લોકો લાભ લે છે. અને સંશોધન સાથે પ્રકાશન કરી રહ્યા છે, તે તમામ સત્સંગીઓ માટે આનંદની વાત છે. આ ભગીરથ કાર્યમાં જેણે જેણે મદદ કરી હોય એવા સત્સંગ સાહિત્યપ્રેમી ભક્તો ઉપર ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપા વરસતી રહે એવી તેમના ચરણોમાં પ્રાર્થના.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



INDEX

અનુક્રમણિકા

પૂર-૯

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧			

પૂર-૧૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪		

INDEX

પૂર-૧૧



અનુક્રમણિકા

પૂર - ૯

પૂર - ૧૦

પૂર - ૧૧



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૯

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર નવમું : તરંગ - ૧

ઊંચી સમજણ અને શ્રીહરિચરિત્રોનો મહિમા

दोहा : श्रीसहजानंद स्वामि के, चरित्र हि परम पुनीत;
श्रवण करत जेहि भावकर, निरमल होत अति चित्त...०१

ज्युं ज्युं श्रवण करत जन, चरित्र हि वारमवार;
त्युं त्युं निरमल होत मन, मूर्ति लग ही प्यार...०२

ભગવાન શ્રીસહજાનંદસ્વામીનાં ચરિત્ર પરમ પુનિત છે. જે મનુષ્ય અતિ શ્રદ્ધાભાવથી તેને સાંભળે છે તેનું ચિત્ત અત્યંત નિર્મળ થાય છે. ૧. મનુષ્ય જેમ જેમ આ ચરિત્રોને વારંવાર સાંભળે છે તેમ તેમ તેનું મન નિર્મળ થાય છે અને શ્રીહરિની મૂર્તિ અતિશય પ્યારી લાગે છે. ૨.

હવે આ નવમા પૂરમાં શ્રીહરિનાં અનુપમ ચરિત્રોને કહું છું. કારણ કે શ્રીહરિનાં ચરિત્ર અનંત જન્મોનાં પાપોનો નાશ કરીને તત્કાળ મોક્ષ અપાવનારા છે. ૩. જે મનુષ્યને મોક્ષનો ખપ હોય તેને માટે તો આ ચરિત્રો જહાજ જેવા છે. જે મનુષ્ય શ્રીહરિનાં ચરિત્રોને સાંભળે છે તેને આ ચરિત્રરૂપી

જહાજ ભવસાગરથી પાર ઉતારે છે. ૪. જે લોકો ભવસાગરમાં બૂડી રહ્યા છે, તેમને માટે શ્રીહરિના ચરિત્રો સિવાય બીજું કોઈ જહાજ નથી. જીવોને સંસારસાગરથી તારવાને માટે શ્રીજીમહારાજે અનંત ચરિત્ર કર્યાં છે. ૫.

શ્રીહરિએ આ વેળાએ જે ચરિત્ર કર્યાં છે તે ચરિત્રોને હવે હું સંભારીને કહું છું. ગઢપુરના દરબાર દાદા ખાચરને મુનિરાજ મુક્તાનંદસ્વામીએ તે ચરિત્ર હરખભેર કહ્યાં હતાં. ૬. દરબાર દાદાખાચરને શ્રેષ્ઠ ભક્તોમાં પણ અતિશય ઉત્તમ માનવા. કારણ કે, શ્રીહરિના ચરિત્રો સિવાય આ જગતમાં બીજું જે જે કહેવાતું હોય તે કોઈ તેમને ગમતું નહીં. ૭. શ્રીહરિનાં ચરિત્રો વિના જીવને આ સંસારનો અંત આવતો નથી અને વારંવાર જન્મ-મરણને પામે છે અને લખચોરાશી તથા જમપુરીમાં વારંવાર દુઃખ પામે છે. ૮. તે દુઃખોથી જેને ત્રાસ લાગતો હોય તેને શ્રીહરિચરિત્રોની પ્યાસ લાગે છે. અનંત પ્રકારના વ્યાધિ કહેવાય છે તેનો વિનાશ પણ હરિચરિત્રોથી તત્કાળ થાય છે. ૯.

શ્રીહરિનાં ચરિત્રરૂપી આ અમૃત અન્ય કહેવાતા અમૃતોમાં ભારે અને સર્વોત્તમ અમૃત છે. જેટલા રસ કહેવાતા હોય છે તેમાં ઉત્તમ રસરૂપ છે અને સારમાં પણ અતિશય સારરૂપ છે. તેથી જે તે હરિચરિત્રોને સંભારે છે તે અખંડ આનંદ ઉલ્લાસમાં મગ્ન રહે છે. ૧૦. તે ચરિત્રો સિવાયનું રાજપાટ કે પુત્ર પરિવાર વગેરે જે કાંઈ સારું મનાય છે, તે જ હકીકતમાં મૂર્તિમાન દુઃખ કહેવાય છે. પરંતુ પાપને કારણે તે દુઃખ નજરમાં આવતું નથી. ૧૧. સોનાને દેખીને માણસનું મન તેમાં અતિશય લલચાઈ જાય છે. પણ સોનામાં જે મોત રહ્યું છે તે કોઈને દેખાતું નથી. જે વસ્તુમાં જેટલું દુઃખ રહ્યું હોય છે તેને જ્ઞાની મનુષ્ય દૂરથી તત્કાળ ત્યાગ કરી દે છે. ૧૨. પોતાનાં શરીરના અંગોને શોભાડવા માટે બધા માણસો વિવિધ પ્રકારના ઘરેણાંને અપાર ખુશ થઈને પહેરે છે. ૧૩. શરીરની બધી શોભા આભૂષણો પ્રગટ કરે છે. તે વિચક્ષણ જ્ઞાની મનુષ્યો આ વાત જુએ-જાણે છે. ૧૪. લોકો અંગોને શોભાડવા માટે અંગોમાં આભૂષણો પહેરે છે. પણ તે ઘરેણાં પોતાનાં અંગને જ વિપરીત કરી નાખે છે તોપણ લોકો તેને અંગ ઉપર પહેરતા રહે છે. ૧૫.

તેની માફક જે અધિક સારામાં સારું ભૌતિક સુખ હોય તેમાં અપાર દુઃખ રહ્યું હોય છે, છતાં અવિવેકીને તેની જરાય ગમ પડતી નથી અને શોભા જાણીને તે બધાને અંગો ઉપર પહેરે છે. ૧૬. સુવર્ણરૂપ દ્રવ્ય જડ છે, તે ચેતન જીવને જડરૂપ કરી દે છે. આવું સમજીને મોટા જ્ઞાની રાજાઓ તેને પોતાના અંગો ઉપર ધારણ કરતા નહીં. સત્યને ઢાંકી દેનારી માયાની આવરણશક્તિ ઘણી બળવાન છે. તે પ્રત્યેક મનુષ્યના હૃદયમાં છુપાઈને રહી છે. ૧૭. જડ ધન આદિમાં લોકોને અપાર સુખ મનાય છે. દ્રવ્યાદિક માયા છે તો જડ; પણ સ્ત્રી પતિનો વિશ્વાસ કરે નહીં અને પુરુષ સ્ત્રીનો વિશ્વાસ કરે નહીં અને પરસ્પર અતિશય ડર રાખે છે, એવી એ માયા છે. અને તે માયા માટે બધા જ સંસારી લોકો દાવ ખેલ્યા કરે છે. ૧૮.

માયાની આવરણશક્તિ જીવને એવા કરી દે છે કે, દ્રવ્યાદિકને કારણે લોકો મરી જાય છતાં તેનો ડર નથી લાગતો. માણસ જ્યારે મરી જાય ત્યારે લોકો બહુ પ્રકારે દિલગીરી જણાવીને વિલાપ કરે છે. ૧૯. પરંતુ જ્ઞાની આ બધાને બાળકના ખેલ જેવું જુઠાણું જાણે છે. બાળકો રમતા રમતા માટી-મલોખાના રમકડાં બનાવી સંસારની રીત શીખે છે. તે બાળકોએ રચેલો બધો ઠાઠ તૂતનું તૂત જ હોય છે. ૨૦.

જ્ઞાનીજનો સંસારને આવો દેખે છે તેથી સંસારમાં લેશમાત્ર પણ હેત કરતા નથી. કેટલાક જ્ઞાની રાજાઓ પણ એવા થઈ ગયા છે કે, તેઓ રાજ્ય કરીને પણ રાજ્યની સત્તા કે સંપત્તિમાં લેશ બંધાયા ન હતા. ૨૧. તે રાજાઓ સ્વયં ચક્રવર્તી સમ્રાટ હોવા છતાં પણ નિર્બંધ રહ્યા અને પ્રજાના ભયમાત્રને ટાળીને તેને પણ નિર્બંધ કરી દીધી હતી. ૨૨. પ્રહ્લાદજી જેવા રાજાએ ત્રિલોકીને જીતી હતી પણ સ્વયં ભગવાનને ભજ્યા અને બીજાની પાસે પણ ભગવાનનું ભજન કરાવ્યું હતું. તેમણે ભગવાનનાં ચરિત્ર સિવાય કાંઈ સંભાર્યું ન હતું અને શરીરનું ગુજરાન સહેજે કરતા હતા. ૨૩.

ચોપાઈ :

हरि देवत हे सबकु आहारा, माता के उदर में करे रखवारा;
जब रखवाल रहत न कोउ, निराधार जीय होवत सोउ...२४

दोहा : हरि रहत आधार तब, निराधार जन जोई;
गिनत न दोष अदोष हरि, तेहि कर बडे हे सोई...२५

શ્રીહરિ જ પ્રાણીમાત્રને આહાર આપે છે. માતાનાં ઉદરમાં પણ તેમણે જ રક્ષા કરી હતી. જ્યારે કોઈ રખેવાળ ન હોય ત્યારે જીવ નિરાધાર થઈ જાય છે. ૨૪. શ્રીહરિ જ્યારે જીવને નિરાધાર દેખે છે ત્યારે સ્વયં તેના આધાર બને છે અને જીવના દોષ-અદોષને ગણતા નથી. અને તેણે કરીને જ શ્રીહરિ મહાન છે. ૨૫.

ભગવાનની સમજણ કાંઈક જુદી હોય છે અને જીવની સમજણ તો તેનાથી તદ્દન ભિન્ન જ હોય છે. આ બાબતને તો જ્ઞાની સિવાય અન્ય કોઈ સમજી શકતા નથી અને અજ્ઞાની તો અવળે માર્ગે (કુનોર) ચાલતા હોય છે. ૨૬. જ્ઞાની પુરુષ અજ્ઞાનીની સાથે રહીને અજ્ઞાનનો નાશ કરે છે. તેમાં ભલે એક કરોડ યુગ વીતી જાય પણ જ્ઞાનના સૂર્યનો તેમાં ઉદય કરાવીને અજ્ઞાનનો નાશ કરે જ છે. ૨૭. જ્ઞાની પુરુષ અનીતિની સામે શુદ્ધ નીતિના સ્થાપન અર્થે યુદ્ધને ધોરણે લડતો રહે છે. લડતાં લડતાં જ્યારે જ્ઞાનીની સામે અનીતિની હાર થાય છે ત્યારે સામેનો ડાહ્યો મનુષ્ય તે રીતને-ધારા ધોરણને અપનાવી લે છે. પણ જે મૂર્ખ મનુષ્ય હોય તે ક્યારેય અનીતિને છોડતો નથી. ૨૮. અબુધ-મૂર્ખ માણસને ડાહ્યો (શુદ્ધ) કરવાની રીતને તેના પરમ મિત્ર જેવા જ્ઞાનીપુરુષ જાણે છે. જ્ઞાની પુરુષ ક્યારેય કોઈમાં શત્રુભાવ કરતો નથી. પણ પોતાના મિત્રની જેમ શત્રુને પણ દિલથી માન આપે છે. ૨૯. જ્ઞાનીપુરુષનો સ્વભાવ જ એવો હોય છે કે તે સહુને જ્ઞાનોપદેશરૂપી અમૃત પાતો રહે છે. તેનું જ્ઞાનરૂપી અમૃત એક એવી ચીજ છે કે, તે સત્પાત્ર સિવાય કોઈનામાં લેશમાત્ર પણ ટકતી નથી. ૩૦.

જ્યારે ભૂમિ ઉપર પુષ્કળ વરસાદ વરસે છે ત્યારે તે પાણી જ્યાં સરોવર હોય છે ત્યાં ભરાઈ જાય છે. ભૂમિ ઉપર નાના મોટા જે જે સરોવર કહેવાય છે, ૩૧. તેમાં જેનું જેટલું માપ હોય તેટલું પાણી તેમાં સ્થિર થાય છે. જ્યાં જમીન જેટલી નીચી હોય ત્યાં તેટલું પાણી ભરાઈ રહે છે. ૩૨. તેમ **મનુષ્યોમાં જે લોકો મોક્ષની આતુરતાવાળા હોય તેને નીચી ભૂમિ સમાન જાણવા. તેમ**

શ્રીહરિનાં જે ચરિત્ર છે તે વરસાદની સમાન છે. જે જીવ મોક્ષભાગી હોય તેમાં તે હરિચરિત્ર ઠેરાય છે - સ્થિર થાય છે. ૩૩.

ભૂમિ ઉપર વૃક્ષ અનેક પ્રકારનાં છે અને તેના ગુણ પણ ભિન્ન ભિન્ન છે. વૃક્ષનો પોતાનો ગુણ જેવો હોય તેવો તેમાં રસ ઊપજે છે, પણ પાણીમાં તો પોતાના જ ગુણ રહ્યા હોય છે. ૩૪. તેમ જ ભગવાન શ્રીહરિનાં ચરિત્રો જ એવાં છે કે, જે શ્રોતાનાં હૃદયમાં જેવી ભાવના હોય છે તેવા તેને ફળીભૂત થાય છે. જેટલા બાઈ-ભાઈ બધા હરિભક્ત છે તે માનો દરબાર દાદા ખાચરના દ્વારા મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ જે જે ચરિત્રો કર્યાં તે વિશે પ્રશ્ન પૂછે છે. ત્યારે મુક્તાનંદસ્વામીને પણ ઉત્તમ નૃપ ઉપર અપાર સ્નેહભાવ હતો એટલે તેઓ એક ચરિત્ર પૂછતા ત્યારે સ્વામી તેમને હજાર ચરિત્રો કહેતા. ૩૫-૩૬.

સ્વામીનાં દિલમાં શ્રદ્ધા ઘણી હતી તેથી શ્રીહરિનાં ચરિત્રોની વાતો કહેતા ક્યારેય ધરાતા જ નહીં. જેમ જેમ દરબાર દાદાખાચર પ્રશ્ન પૂછતા તેમ તેમ મુક્તાનંદસ્વામીને હર્ષ સમાતો નહીં. ૩૭. અનંત જીવોનો મોક્ષ કરવા માટે શ્રીહરિએ બુદ્ધિમાન અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બંનેને પોતાના દત્તપુત્ર કર્યા હતા. ૩૮. પછી શ્રીહરિએ અપાર કરુણા કરીને અનંત જીવોનો ઉદ્ધાર કરવાને માટે તે બંનેને ગાદીએ બેસાડ્યા. ૩૯. પ્રજાનું હિત કરવા માટે જેમ ચક્રવર્તી રાજા રહ્યા હોય છે તેમ મુમુક્ષુઓને મોક્ષ આપવા માટે બે પુત્રને ઉત્તરદાયિત્વ સોંપ્યું. ૪૦.

શ્રીહરિના સત્સંગની સર્વોત્તમ રીતને સાંભળીને વિલાયત સુધીના રાજાઓએ (ઈંગ્લેંડની બ્રિટીશ સરકારે) પણ તેને માન્ય રાખી-પ્રમાણ કરી. કારણ કે તેઓ સહુથી વિશેષ બુદ્ધિમાન હતા. ૪૧. તે અંગ્રેજોએ શિક્ષાપત્રી જે સર્વેનું મૂળ છે એવી સત્સંગની રીતને અને સત્સંગનાં વર્તનને પણ પ્રેમથી પોતાની યાદીમાં લખી લીધાં હતાં. ૪૨. તે અંગ્રેજ વરિષ્ઠ અધિકારી પણ શ્રીહરિ પાસે આવીને પ્રેમથી મળ્યા હતા અને તેણે શ્રીહરિને પ્રસન્ન મનથી કહ્યું હતું કે, "અમે આપની બધી રીતને જોઈને ઘણું ખુશી થયા છીએ. ૪૩. અમારે લાયક જે કામ હોય તે અમને તત્કાળ કહેજો, જ્યાં સુધી અમારું રાજ્ય રહેશે ત્યાં સુધી તમારું કામ અમે વગર ખર્ચે કરી આપશું. " ૪૪. તે

સાંભળીને શ્રીહરિ પણ તેના ઉપર પ્રસન્ન થયા અને તેમને કહ્યું, દુનિયામાં જે જે રાજાઓ છે તે કોઈપણ તમને રોકી શકશે નહીં. ૪૫. આ દુનિયામાં બીજા રાજાઓ છે તે સહુ સન્માર્ગનો દ્રોહ કરવાને કારણે મોહથી ઘેરાઈ ગયા છે અને તે બધા મોહનિંદ્રાને લીધે ઘેનમાં પડ્યા છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ઊંચી સમજણ અને શ્રીહરિનાં ચરિત્રોનો મહિમા કહ્યો' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર નવમું : તરંગ - ૨

શ્રીહરિ સુરતના હરિભક્તોનો થાળ જમ્યા અને હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું.

શ્રીહરિએ વારંવાર વડતાલમાં આવીને હરિભક્તોને અપાર સુખ આપ્યું હતું. લખવાથી તેનો પાર આવે તેમ નથી. ૧. તે રીતે જ ડભાણ, જેતલપુર અને શ્રીનગર (અમદાવાદ)માં વારંવાર આવીને શ્રીહરિ રહ્યા હતા. ૨. કેટલાક ઉત્સવ કચ્છમાં કર્યા અને સોરઠમાં પણ ઉત્સવ કર્યા. સહુથી અધિક તો ગઢપુરમાં દિન પ્રતિદિન ઉત્સવ કર્યા, તે ક્યાંથી લખી શકાય ? ૩. સુરતના હરિભક્તોએ ચૈત્ર સુદિ દશમને દિવસ વડતાલમાં શ્રીહરિને અને સંતોને જમાડવા માટે વિવિધ પ્રકારની રસોઈ કરાવી. ૪. અત્યારે જે શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર છે તેની આગળના ભાગમાં જે રમણીય ચોક છે તેમાં સુંદર રંગોળી પુરાવી. હરિભક્તોને ખૂબ પ્રેમ હતો. ૫.

ફળ સાથેના લીધેલા કેળના સ્તંભ રોપીને સુંદર બાગ બનાવ્યો. ઉપરના ભાગમાં ચંદની ખેંચાવી હતી. અંદરના ભાગમાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. ૬. તેનાં ગ્લાસમાં પંચરંગી રંગ પૂર્યા હતા. બધા હરિભક્તો ઘણા ઉત્સાહી હતા. બરફી તો તેઓ સુરતથી લાવ્યા હતા અને બીજી બધી રસોઈ તેમણે અહીંયાં જ કરાવી હતી. ૭. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. સંતો, દરબારો અને પાર્ષદો બધા શ્રીહરિની સાથે આવ્યા. ૮.

શ્રીહરિને બેસવા માટે મંડપની વચ્ચે આસન કર્યું હતું. વિચિત્ર ઘાટનો અપાર શોભતો સોનાનો બાજોઠ ત્યાં મૂક્યો હતો. ૯. શ્રીહરિએ બધી રચના દેખી. તેમનો ભાવ જોઈને ખૂબ ખુશી થયા. સુંદર પીતાંબર પહેરીને ઉમંગથી તે બાજોઠ ઉપર બેઠા. ૧૦.

શ્રીહરિએ બીજું એક પીતાંબર ઓઢી લીધું હતું. શ્રીહરિને ભક્તોના ઉપર નવલો ભાવ હતો. બુદ્ધિમાન સંતો સમયની રીતને જાણતા હતા, એટલે બધા તે મંડપની બહારના ભાગમાં બેઠા હતા. ૧૧. સમગ્ર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતા હતા. આવો અવસર વારે વારે ક્યારે આવે ? તેથી બધા હરિભક્તો બરફીના થાળ ભરી ભરીને લાવ્યા હતા. ૧૨. સોનાનો અને ચાંદીનો વરખ બરફીના ઉપર લગાવ્યો હતો. મુકુંદાનંદ વર્ણી તે બરફી લાવી લાવીને શ્રીહરિની આગળ ધરાવતા હતા. ૧૩. બીજા વિચિત્ર પ્રકારના અને કેટલીક જાતના મેવા લાવ્યા. તેના પણ થાળ ભર્યા હતા. બધાની ઉપર વરખના પાનાં લગાવ્યાં હતાં. ૧૪. સાકરથી કરેલાં જે પકવાન હતાં તે બધાં લાવ્યા અને જ્યારે શ્રીહરિ જમવા લાગ્યા ત્યારે વર્ણી બીજી બધી રસોઈ લાવ્યા. ૧૫.

જાતજાતનાં ભજિયાં અને વિવિધ પ્રકારનાં વડાં કર્યાં હતાં. અપાર શાકભાજી અને જુદી જુદી જાતના રાઈતાં કર્યાં હતાં. ૧૬. વટાણાં, ચણા અને વાલ સરસ કર્યાં હતાં તેમજ તુવેરના લીલવા દાણા પણ સુંદર કર્યા હતા. કેરી, દ્રાક્ષ અને ખારેકના વિવિધ પ્રકારના અથાણાં કર્યાં હતાં. ૧૭. ઘીમાં તળેલા પાપડ લાવ્યા હતા. તેને શ્રીહરિ જમતા હતા. મલયાગર ચંદનનો બનાવેલો પંખો જયાનંદ વર્ણીએ પોતાના હાથમાં લીધો. ૧૮. તેનાથી શ્રીહરિને જેમ ગમે તે રીતે ધીરે ધીરે પવન નાખતા હતા. શ્રીહરિ જ્યારે પીવાનું પાણી માગતા ત્યારે તરત જ તે વર્ણી આપતા હતા. ૧૯. વર્ણી ચાંદીના અબખોરામાં પીવાનું જળ ભરી રાખતા હતા. જળગળણાંથી જળના પાત્રને ઢાંકી રાખતા હતા. ક્યારેય તે ભૂલી જતા નહીં. ૨૦.

જો કોઈ ભૂલથી પણ ઉઘાડા પાત્રમાં જળ લાવ્યા હોય તો શ્રીહરિ તે જળ પીતા નહીં. જો ગળણાંથી ઢાંકેલું જળ લાવ્યા હોય તો જ શ્રીહરિ

તે જળપાન કરતા. ૨૧. હરિભક્તોનો અતિ ભક્તિભાવ જોઈને શ્રીહરિ પ્રસન્ન મનથી જમ્યા. શ્રીહરિ ભોજનના ભૂખ્યા નથી પરંતુ ભાવનાના ભૂખ્યા છે. ૨૨.

चोपाई :

जाको जितनो भाव रहाई, श्रीहरि सो वखानत ताई;
भाव विना भोजन ही केसा, सोना भारोभार हि तेसा...२३
श्रीहरि नहीं वखानत ताकुं, दुःख लगो सुख लगो वाकुं;
उषध हि सम जानी सो खावे, श्रीहरि की एसी रीत रहावे...२४

જેનો જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિ તેના વખાણ કરતા. ગમે તેવું સોનાની ભારોભાર કિંમતી ભોજન હોય તોપણ શ્રીહરિ તેને વખાણતા નહીં. ભલે સામેની વ્યક્તિને દુઃખ લાગે કે સુખ લાગે. ભાવ વિનાનાં ભોજનને તો શ્રીહરિ દવાની જેમ ખાતા. આ તો શ્રીહરિની આવી રીત હતી તે કહી. ૨૩-૨૪.

શ્રીહરિ તો ભાવનાના ભૂખ્યા છે, ભોજનના ભૂખ્યા નથી. ભાવથી મળેલા કંદ, મૂળ, ફળ કે ફૂલ જે હોય, તેને અમૃતસમ માનીને ગ્રહણ કરે છે. ૨૫. હરિભક્તો જે કાંઈ ભોજન, ફળ, કંદ કે મૂળ લાવતા તેને શ્રીહરિ જમતા અને જે વસ્ત્ર કે ઘરેણાં લાવતા તેને શરીર ઉપર ધારણ કરતા. ૨૬.

❋ સત્સંગ સેવાનું ફળ અક્ષરધામ :

જેને શ્રીહરિનો જોગ થાય છે તે બધું જ દિવ્ય થઈ જાય છે. આ રીતે ભક્તજનો જુએ છે. પણ જે અભક્ત હોય તેઓ તો તેમને માયિક ગુણયુક્ત દેખતા. ૨૭. જેની જેવી ભાવના રહેતી તેવી તે તુરંત ફળતી હતી. કેમ જે, ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિ તો કલ્પવૃક્ષના જેવા છે. ૨૮.

भक्तजन कहावत ही जेजे, जो जो करत हरि संत हित तेते;
भक्तजन जावत दिव्य जब धामा, दिव्यभोग तब मिलत सो ठामा...२९
भक्तजन तेहि न इच्छत कबहु, निष्काम सो सेवा करत हे सबहु;
निष्काम सो फल अनंत हि पावे, सेवा को एसो फल रहावे...३०

હરિભક્તો શ્રીહરિને માટે અને સંતોને માટે જે જે કરતા હોય તે બધું જ્યારે તે ભક્તો ભગવાનનાં દિવ્ય ધામમાં જાય ત્યારે ત્યાં તેમને તે તે દિવ્ય ભોગના રૂપમાં મળે છે. ૨૯. ભક્તજનો તો તેવા દિવ્યભોગ રૂપ ફળને ક્યારેય ચાહતા નથી. તે બધા ભક્તો તો નિષ્કામભાવે સેવા કરતા હોય છે. જે નિષ્કામભક્ત હોય તે તો અનંતગણું ફળ પામે છે. નિષ્કામસેવાનું આવું ફળ રહ્યું છે. ૩૦.

જે નિષ્કામભાવે અણું જેટલી પણ સેવા કરે છે, તો તેને તેનું ફળ કોઈ કલ્પે પણ ખૂટે નહીં તેટલું મળે છે. જો કોઈ જપ, તપ, તીર્થ અને યાગાદિક મેરુ જેટલા અનંત સાધન કરે પણ શ્રીહરિ વિના જો બીજા ભોગની મનમાં ઈચ્છા હોય તો તે બધાનું ફળ નાશવંત હોય છે. જેણે સત્સંગ કર્યો છે એવા હરિભક્તોની સમાન તો કોઈ કહેવાય નહીં. ૩૧-૩૨.

જે હરિભક્તોએ ભક્તિભાવથી શ્રીહરિને જેટલા થાળ જમાડ્યા, તેવા જ ભાવથી શ્રીહરિ તે થાળ જમ્યા અને તે સમયે જે હરિભક્તોના તરફથી થાળ-રસોઈ હતા તેના નામ શ્રીહરિએ લેવડાવ્યા. ૩૩. પ્યારા શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તરત જ હાથ અને મુખ ધોયાં. પછી રૂમાલથી તેને લૂછ્યાં અને પ્રસન્નતાથી મુખવાસ લીધો. ૩૪. તે મંડપના બહારના ભાગમાં એક પાટ બિછાવી હતી. ત્યાં શ્રીહરિ આવ્યા અને પાટ ઉપર બેઠા. ત્યાં ઘણી મોટી ઊંચી ચંદની ખેંચાવી હતી. તેથી સુખકારી અને શીતળ છાયા રહેતી હતી. ૩૫.

તે બધા હરિભક્તો કેસરયુક્ત ચંદન આદિ પૂજાપો લઈને આવ્યા અને તેમણે શ્રીહરિની પૂજા કરી. એક સુંદર મોટો ફૂલનો ખૂંપ (પરણવા જતાં વરને પહેરવાનો એક ફૂલનો શણગાર) તે વેળાએ શ્રીહરિનાં મસ્તક ઉપર ધરાવ્યો. ૩૬. વિવિધ પ્રકારના ફૂલહાર પણ પહેરાવ્યા. ફૂલના બાજુબંધ બાંધ્યા અને પછી પ્રેમથી આરતી કરી. ૩૭. જરિયાની ખેસ પહેલા ઓઢાડી દીધો, પછી ચરણ ઉપર ચંદન ચરચ્યું અને તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૩૮. પછી કેસરી ચંદન લગાવીને સંતોની પૂજા કરી. ફૂલહાર પહેરાવ્યા અને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. ૩૯. સંતોની જેમ જ વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી. તેમજ શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા, તેમની પૂજા પણ કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ સુરતના હરિભક્તોનો થાળ જમ્યા અને ભક્તોએ શ્રીહરિ અને સંતો વગેરેનું પૂજન કર્યું. ' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર નવમું : તરંગ - ૩

શ્રીહરિએ માયિક-અમાયિક સત્સંગની વાત તથા ધનની સાર્થકતા કહી

શ્રીહરિએ સંતોને કહ્યું, તમે બધા જઈને પંગત કરો. દરબારો અને પાર્ષદો પણ પંગતમાં બેસી જાય. કોઈ બાકી ન રહે. ૧. ત્યારે તે બધા ઊઠ્યા. યોગ્ય રીતે પંગતમાં બેઠા. જે શ્રીહરિની સાથે રહેતા હતા તે બધા વિવેકને જાણતા હતા. ૨. સહુ સંતો બાજોઠ ઉપર બેઠા. કોઈ દરબારો કે પાર્ષદો બાજોઠ ઉપર ન બેઠા. તેઓ સંતોની અત્યંત મર્યાદા રાખતા હતા. એવા તે બધા સદ્બુદ્ધિવાળા હતા. ૩. જેને વિવેક નથી તેવા મનુષ્ય તો નીચ પશુ કરતાં પણ વધારે નીચ છે, આવું તે બધા જાણતા હતા. વિવેકને અતિ મોટપ કહી છે. કારણ કે જે વિવેક હોય છે તે જ મોટપને જણાવે છે. ૪. આવી મોટપ દરબારોમાં અને પાર્ષદોમાં જોઈને બીજા બધા ભક્તો મનમાં વિશેષ રાજી થયા કે, પાર્ષદો રાત-દિવસ સંતોની સાથે રહે છે. પણ તેમની મોટપ-મર્યાદા કેવી જાળવે છે ? ૫.

જે મનુષ્ય સંતોની જેટલી મોટપ રાખે છે તેનામાં તેટલી મોટપ આવે છે. અને જે સંતોની મોટપને જાળવતો નથી તેને દેખીને બીજા બધા હરિભક્તો મર્યાદા નહીં રાખનારાને પશુના જેવો માને છે પણ તેને હરિભક્તના રૂપમાં નથી માનતા. અને કહે છે કે અરે, આપણા સત્સંગમાં પણ આવા હાથી, ઘોડા અને બળદના જેવા કેટલાક પશુઓ પણ પડ્યા છે ? ૬-૭. આ રીતે તેમને પશુના જેવા માનતા. અને કહેતા, 'ઠીક છે, સત્સંગમાં ટક્યા છે એટલે તેમને ધન્ય છે. અત્યારે તેઓ જેટલી શ્રીહરિની સેવા કરે છે તે ક્યારેક તો ફળીભૂત થાશે જ.' ૮.

જ્યારે સંતોની પંગત બેઠી ત્યારે સહુ 'સ્વામિનારાયણ' ધૂન કરવા લાગ્યા. સંતો 'સ્વામિનારાયણ' આવું નામ બોલતા ત્યારે બહુ જ સોહામણા લાગતા. ૯. જેટલા સંતો, દરબારો અને પાર્ષદો હતા તેટલી અગરબત્તી કરી હતી. આ તો મોક્ષ માટેનો મહાયજ્ઞ કહેવાય. આનાથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી. ૧૦. કોઈ મનુષ્ય અન્ય માયિક ફળની આશા તજી દઈને ભગવાનને રાજી કરવા માટે જ કરોડો અશ્વમેધયજ્ઞ કરે તથા રોજ કરોડો ગાયોનું દાન આપે, ૧૧. એવા પુણ્યાત્માને જ આવો જોગ થાય છે કે, તેનું અન્ન પ્રગટ ભગવાન શ્રીહરિ અને સંતો વગેરે ગ્રહણ કરે. બીજાને આવો જોગ પ્રાપ્ત થતો નથી. બીજાને તો નેસડાના જેવા સ્વર્ગાદિ દેવલોકનાં સુખ મળે છે. ૧૨.

શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, તમારું અપાર સદ્ભાગ્ય છે. જેના મનમાં કોઈક ફળની ચાહના હોય તે પ્રતિદિન વારંવાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે તોપણ તેને આવો સુયોગ પ્રાપ્ત થાય નહીં. તે તો જેમ હાથીને મગરે પકડ્યો હતો તેમ માયિક ફળમાં બંધાય રહે છે. ૧૩-૧૪.

✻ સત્સંગની દુર્લભતા તથા ધનની સાર્થકતા :

જ્યારે કોઈ મનુષ્યને અમાયિક-માયાને તરી ચૂકેલા સંત મળે ત્યારે તેને અમાયિક કરે છે. તેના વિના તો કોઈને આવો અમાયિક (દિવ્ય) સત્સંગ મળતો નથી. ૧૫. માયિક સત્સંગને તો બધા લોકો ઘેર ઘેર કરતા હોય છે. દિવ્ય સત્સંગનો જોગ થયા વિના તેમનો કુસંગ ટળતો નથી. ૧૬.

ચોપાઈ :

मायिक सुख में राग ज्यां लगही, अमायिक सुख न पावे त्यां लगही;
भव भटकन त्यां लग कहावे, मायिक सुख में सुख मनावे...१७

मायिक सुख कहावत जेता, दुःखमय सब हि समझे तेता;
अमायिक संत सो देत देखाई, मायिक संत न देखत ताई...१८

જીવને જ્યાં સુધી માયિક સુખમાં રાગ હોય છે ત્યાં સુધી તેને દિવ્ય (અમાયિક) સુખ મળતું નથી. જ્યાં સુધી માયિક સુખમાં સુખ મનાય છે ત્યાં સુધી તેને માથે ભવ ભટકણ કહેવાય છે. ૧૭. જેટલું માયિક સુખ

કહેવાય છે તે બધું દુઃખમય છે, આવું અમાયિક સંત સમજે છે. અમાયિક સંત તે બાબતને દેખાડી દે છે પણ માયિક સંતને તો માયિક સુખ દુઃખમય દેખાતું જ નથી. ૧૮.

સુખદાતા શ્રીહરિએ હરિભક્તોને આટલી વાત કરી. પછી પોતે પંગતમાં આવ્યા. સંતોએ બરફીનો થાળ લીધો તેને દયાળુ શ્રીહરિ સ્વયં પીરસવા લાગ્યા. ૧૯. જેની જેવી રુચિ હતી તે પ્રમાણે શ્રીહરિ તેને પીરસતા હતા. ભયને હરનારા અને કેસરી ચંદનથી ભર્યા આવા શ્રીહરિએ બંને ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. ૨૦. તે વખતે વર્ણી હાથમાં પંખો લઈને શ્રીહરિને પવન નાખતા હતા. ફૂલહારનો સુગંધ ચોતરફ ફેલાઈ રહ્યો હતો. તે સુગંધ અતિશય પ્રમાણમાં જ્યારે છવાઈ ગયો ત્યારે તેને માણવા માટે કેટલાએ ભમરાઓ આવ્યા. ૨૧. ભમરાઓ સંતોની સાથે ગાવા લાગ્યા. તેમનામાં અત્યંત આનંદનો રંગ છવાઈ ગયો હતો. સુખદાયક શ્રીહરિ સંતોને પીરસીને દરબારોને પીરસવા આવ્યા અને તેમને રમૂજ કરીને કહેવા લાગ્યા, ૨૨.

સુરતના હરિભક્તો આ સોનું અને રૂપું લઈને આવ્યા છે. તમને બધાને સોનાથી અને રૂપાથી વધારે મહાન ગણીને સોનાની અને રૂપાની આ રસોઈ બનાવી છે. ૨૩. આવો સમય ફરીને ક્યારે આવે ? એમ સમજીને અલૌકિક લાભ લેવા માટે સુરતના હરિભક્તોએ જે સોના, રૂપાનાં ઘરેણાં બનતાં હોય છે તેને પાકના ઘરેણાં કરીને પહેરાવી દીધાં છે. ૨૪. 'ગયો સમય ફરીવાર આવતો નથી' એમ ડાહ્યા માણસો સમજે છે. જે વસ્તુ યોગ્ય સમયે ઉપયોગમાં ન આવે તો પછી તે બાબતનો અતિ પશ્ચાત્તાપ કરવાનું રહે છે. ૨૫. 'જે પળ ગઈ તે પળ ફરીવાર આવતી નથી. ' આવું જે સમજે છે તે આવો અલૌકિક લાભ લે છે. ૨૬. **ધનનું ફળ એટલું જ છે કે તેનાથી કોઈ સત્પુરુષની સેવા બની આવે. સંતની સેવાના ઉપયોગમાં નહીં આવેલું બધું ધન તો મળ જેવું જ છે. તે ધન ભૂમિમાં ભૂમિ થઈને જ પડ્યું રહેશે.** ૨૭.

અતિ પુણ્યનાં ફળરૂપે જે ધન મળ્યું હોય તે જ ભોજનરૂપે સત્પુરુષના મુખમાં જાય છે. કરોડોની સંખ્યાનું ધન જો પાપના પરિણામરૂપ હોય તો

તે ભોજનનારૂપમાં સંતનાં મુખમાં લગારેક પણ જાય નહીં. ૨૮. તે પાપી પોતે નિર્વંશ થઈ જાય છે, એમ એના ધનનો નાશ થાય છે. અથવા તો નિર્વંશનું ધન આપોઆપ નાશ પામે. કાં તો તે ધન કોઈ રાજાના ઉપયોગમાં આવે, આવું ઘણા લોકોમાં દેખાય છે. તે વાત પ્રસિદ્ધ છે, કોઈ છાની વાત નથી. ૨૯. નંદ નામે રાજા ચક્રવર્તી થયો હતો. તેણે ભૂમિ ઉપરની બધી જ માયા (ધન) સમુદ્રમાં એકઠી કરી. ૩૦. તેણે સંતોનો ઉપદેશ માન્યો નહીં અને થોડું પણ ધન ક્યારેય પુણ્ય કામમાં વાપર્યું નહીં. તેણે સંતને બાળક જેવા ગણ્યા અને પોતાને ઘણો સમજુ અને શાણો ગણ્યો. ૩૧. પછી એક ખરા સદ્‌ગુરુ રાણીને મળી ગયા. તેની પાસે રહીને તેણે તેને સમજાવી દીધી. રાણીને ધન નાશનો ઉપાય બતાવ્યો અને રાણીએ તે પ્રમાણે કર્યું. ૩૨. રાજાએ પુણ્યકર્મ કર્યું નહીં અને છેવટે ભિખારી બની ગયો. બધી રાજસમૃદ્ધિ ખુવાર થઈ ગઈ.

તે રીતે જ દેવરાજ ઇંદ્રને એકવાર ધનનો મદ આવ્યો હતો. તેથી દુર્વાસાને નમસ્કાર ન કર્યા. ૩૩. ત્યારે તેના રાજપાટનો વિનાશ થયો અને અત્યંત દુઃખના પાશમાં બંધાઈ ગયો. વળી તે વખતે પૃથ્વી ઉપરના નહુષ રાજાએ અપાર યજ્ઞ કર્યા હતા. તેથી મનુષ્ય દેહે ઇંદ્રનું પદ મળ્યું. ૩૪. પણ તે રાજા ધનના મદથી આંધળો થયો અને તેણે ઋષિઓનું અપમાન કર્યું. તેથી તે તત્કાળ મોટો સાપ થયો. કારણ કે તે વધારે પડતી મોહની જાળમાં ફસાયો હતો. ૩૫.

શ્રીહરિ પછી પાર્ષદોને પીરસવા આવ્યા. ખૂબ જ પ્રેમભાવથી પીરસ્યું. પછી 'વાસુદેવ હરે !!! !!!' એમ બોલ્યા અને સહુ પ્રસાદીનાં અન્નને ઉત્સાહથી જમવા લાગ્યા. ૩૬. ત્યાગીની રીત સંભારીને સંતો અને પાર્ષદોએ પોતાનાં પાત્રમાં જળ નાખ્યું. પછી બધું મેળવીને એકરસ કરીને સહુ જમવા લાગ્યા. ૩૭. જેટલા રસ-સ્વાદુ ભોજન કહેવાય તે બધાને એકરસ કરીને ખાય તેમાં કોઈપણ રસ વિશેષ રહે નહીં. ત્યારે રસના ઇન્દ્રિય કયા રસનું ચિંતવન કરે ? ૩૮. રસના ઇન્દ્રિયના જે ભોગ છે તેને ત્યાગી વિગત પાડ્યા

સિવાય જ ગ્રહણ કરતા. અનાદિકાળથી જીવમાં વાસનારૂપી એવો રોગ છે, જેને લીધે જીવ મોક્ષ સિવાયનું અન્ય ચિંતવન જ કરતો રહે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ માયિક-અમાયિક સત્સંગની વાત તથા ધનની સાર્થકતા કહી' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર નવમું : તરંગ - ૪

શ્રીહરિ વડતાલથી ચાલવા તૈયાર થયા ત્યારે હરિભક્તોએ પ્રાર્થના કરી

જ્યાં સુધી સંતો વગેરે જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. કેસરયુક્ત ચંદનનો રંગ શ્રીહરિનાં અંગે અંગમાં મહા શોભી રહ્યો હતો. ૧. અપાર પુષ્પોના આભરણ અંગો ઉપર પહેરીને શ્રીહરિ પંગતમાં ચાલતા હતા. મૂર્તિ એટલી સુંદર અને ધ્યાન કર્યા જેવી બની હતી કે, તે ચિંતવન કરતાની સાથે તરત જ દેખાય. ૨. ભક્તો મંડપનું ધ્યાન કરતા અને તેમાં થયેલી સંતોની પંગતનું હૃદયમાં ધ્યાન કરતા, ત્યારે તે પંગતમાં પ્રગટ થઈ વિચરતા મૂર્તિમાન ભગવાન શ્રીહરિનાં દર્શન તેમને હૃદયમાં થાતા હતાં. ૩. બહાર વિચરતી મૂર્તિ અને ધ્યાનમાં દેખાતી મૂર્તિ બંને એક જ છે, તેમાં કોઈ ફરક નથી. ચરિત્રોને કહેવાની રીતો અનેક છે પણ તે બધા ચરિત્રો ધ્યાન કરવા માટે છે. ૪.

✵ ચરિત્ર અને શ્રીહરિની અભિન્નતા :

જે શ્રીહરિ આ ભૂમિ ઉપર પ્રકટ થઈને વિચરણ કરે છે અને તેમણે જે જે ચરિત્ર કર્યાં છે તે પ્રકટનાં ચરિત્રો તો મૂર્તિમાન છે. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તે ચરિત્રો મૂર્તિમાન રહેશે. ૫. શ્રીહરિ ચરિત્રરૂપે થઈને સદાય રહે છે અને એ પણ પોતાની ઈચ્છાથી જ રહે છે. પ્રકટ મૂર્તિરૂપ શ્રીહરિ જે રીતે જીવોનો મોક્ષ કરે છે તે રીતે જ ચરિત્રરૂપ શ્રીહરિ પણ જીવોનો મોક્ષ કરે છે. ૬.

ચોપાઈ :

चरित्र मूर्ति एक करी जाने, यामें अनु एक नुन्य न माने;
ताके मोक्ष में फरक न लेशा, श्रीहरि एसे कहेउ हमेशा...०७
दो में फरक हि समझत जितना, मोक्ष में फरक रहत तितना;
जेसी जाकी समझ रहावे, तेसो सोई मोक्षफल पावे...०८

શ્રીહરિની મૂર્તિ અને ચરિત્ર તે બંનેને એક કરી જાણે, પણ ચરિત્રમાં એક અણું જેટલી પણ ન્યૂનતા ન માને, એમ સમજનારાના મોક્ષમાં લેશમાત્ર ફરક રહેતો નથી, એમ શ્રીહરિ હંમેશા કહેતા હતા. ૭. મૂર્તિમાં અને ચરિત્રોમાં જેટલો ફરક સમજવામાં આવે તેટલો જ મોક્ષમાં પણ તેને ફરક રહેવાનો. જેને જેવી સમજણ હોય તેવું તે મોક્ષરૂપ ફળ પામે છે. ૮.

સત્સંગની જે યથાર્થ સમજણ થવી તે જ મોક્ષ કહેવાય છે. સત્સંગને યથાર્થ સમજ્યા પછી ભક્તને ભગવાન સિવાય અન્ય કોઈ વસ્તુ સોહાવે-ગમે નહીં. યથાર્થ સત્સંગ જેને થયો હોય તે ભગવાન, સંતો અને હરિભક્તોને છોડીને સંસારમાં ફરી ક્યાંય રાગ-આસક્તિ કરે નહીં. ૯. જીવને સંસારમાં જેટલો રાગ રહે તેટલો તેને મોક્ષમાં ફરક પડે છે. માટે વારંવાર ભગવાનની મૂર્તિમાં પ્રેમ કરવો અને સંસારના રાગનો ત્યાગ કરવો. ૧૦.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ મંડપમાંથી બહાર આવ્યા. હાથ અને ચરણ ધોઈને ચાલ્યા. ઉતારે આવીને પોઢી રહ્યા. ૧૧. જ્યારે શ્રીહરિ પોઢીને ઊઠ્યા ત્યારે ફરીવાર આંબલે આવ્યા. શ્રીહરિરાય આ પ્રમાણે પૂનમ સુધી નિત્ય નિત્ય અધિક નવા ચરિત્રોને કરતા હતા. ૧૨. જે દેશદેશના હરિભક્તો આવ્યા હતા તે રોજ રસોઈ આપતા હતા. એક દિવસ એકાદશી આવી ત્યારે તે નિમિત્તે ઘણો સારો ઉત્સવ કર્યો. ૧૩. શ્રીહરિએ સત્સંગની રીત શીખવાડીને હરિભક્તોનો ખૂબ જ આનંદ વધારીને અને કુસંગના ભિન્ન ભિન્ન રૂપ સમજાવીને કુસંગને અતિશય દુઃખરૂપ દેખાડ્યો. ૧૪. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને પાછા ઘેર જવા રજા(શીખ) આપી. સહુને કહ્યું કે, પોતપોતાના દેશના તમે એક જૂથના રૂપમાં ભેળા ચાલજો. કોઈ સમુદાયથી પાછળ ન રહેતા. ૧૫.

કોઈ અજાણ્યો માણસ સંગાથ કરવા આવીને સાથે મળી જાય, તોપણ તેનો મનમાં વિશ્વાસ કરવો નહીં. કારણ કે, ઘણા એવા ઠગલોકો શાહુકાર જેવા થઈને ફરે છે. જો ધ્યાન ન રાખીએ તો તે આપણને ઠગી જાય. ૧૬. આપણા સત્સંગની એવી રીત છે કે સહુ એક જ ગામના હોય, તોપણ પુરુષોએ પુરુષોના વિભાગમાં બેસવું-ઊઠવું અને સ્ત્રીઓએ સ્ત્રીઓની સાથે બેસવું-ઊઠવું. ૧૭.

જેનું મન રોજ અનીતિને માર્ગે ચાલતું હોય તે વ્યક્તિ જો સંતોના ધર્મ અને નિયમની વાતોને રોજ કહેતા-સાંભળતા રહે તો તેના બધા પાપ બળી જાય છે. ૧૮. આ જગતમાં અપાર અસંત-દુર્જન ફરતા હોય છે. સંતોના ધર્મ-નિયમની વાતો દ્વારા તે ઓળખાઈ જાય છે. જેનામાં જે ગુણ હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. તે છુપાવ્યો છુપાતો નથી. ૧૯. હરિભક્તોના જે નિયમ હોય તેને પણ રોજ કહેતા રહેવું. નિયમોને છુપાવી રાખવા નહીં. પોતાના નિયમોની વાતને જે છુપાવીને કરે છે તેનો સત્સંગ અંતે છુપાઈ જાશે અર્થાત્ તેનો સત્સંગ નબળો પડી જાશે. ૨૦.

પાત્ર (કોડિયા)માં જેવું દિવેલ હોય તે પ્રમાણે દીવો અજવાળું કરે. જો દીવાને દિવેલનો જોગ કાયમ રહે તો દીવો તેને અનુરૂપ અજવાળું કરતો રહે છે. ૨૧. સત્સંગની જેટલી રીતિ છે તે બધી જ રીતિ મુખ્યપણે અનીતિ છોડાવવા માટે જ છે. જેનાં મનમાં અનીતિ ન ગમે તેને સત્સંગ વહેલાસર થાય છે. ૨૨. જે મનુષ્ય ઉપરથી નીતિ રાખે અને અંતરમાં અનીતિ રાખે એવા લોકો સત્સંગ કરતા નથી. અને કદાચ એવા લોકો સત્સંગ કરે તોપણ અંતે તેવાને તેવા જ કુસંગી થઈ જાય છે. ૨૩. જ્યારે પાપમાત્રમાં દોષ સમજાય, જ્યારે તેનો ત્રાસ મનમાં થાય અને જ્યારે પુણ્ય તથા પાપના ફળનો વિચાર મનમાં કરતો હોય, એવો મનુષ્ય સત્વરે સત્સંગી થાય છે. ૨૪. અમે જે જે સમૈયા કરીએ છીએ તે હરિભક્તોના હિતને માટે જ કરીએ છીએ. જે મનુષ્ય અમારી આ વાતને ધારે - યાદ રાખે છે તથા વિચારે છે, તે નિશ્ચિતપણે આ આખા સંસારને જીતી જાય છે. ૨૫. જે જે મનુષ્ય સત્સંગ કરે છે તે બધા હરિભક્તો સત્સંગના યોગે કરીને દિવ્ય બની જાય છે, એવી આ વાત છે. ૨૬.

પછી શ્રીહરિએ સંતોને કહ્યું, જે જે પ્રદેશમાં હરિભક્તો રહે છે ત્યાં તેઓ તમને ખૂબ જ ચાહે છે, માટે તમારે દેશેદેશમાં જઈને ફરતાં રહેવું. ૨૭. હે સંતો ! તમે બધા અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે જ પ્રગટ થયા છો. મુમુક્ષુ જીવો તમારી રીત જોઈને તરત જ તે સત્સંગ કરશે. ૨૮.

આટલી વાત કહીને શ્રીહરિ ચાલવા માટે તરત જ તૈયાર થઈ ગયા. શ્રીહરિની સવારી પણ તૈયાર થઈને ત્યાં આવી ગઈ હતી. ૨૯. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. બધા લોકો 'જય જય' કાર બોલતા હતા અને હરિભક્તોએ તો હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે,

"હે નાથ ! (૧) આપ અંત સમયે વહેલા પધારજો. ૩૦. (૨) હે હરિ ! આ બધા સંતો અને સવારીની સાથે આવીને હેતથી અમને દર્શન આપજો. (૩) જેને અક્ષરધામ કહેવાય છે એવા આપના દિવ્ય અક્ષરધામમાં સુખનો ક્યારેય નાશ થતો નથી માટે અમને તે જ ધામમાં નિવાસ આપજો. અત્યારે આપ અક્ષરાધિપતિ અમને મળી ગયા છો તેથી અમે ક્યારેય આપની પાસે માયિક સુખને માગતા નથી. ૩૧-૩૨. (૪) આપનાં અપાર ચરિત્રોને જોઈને અમને તેમાં લગાર પણ માયિકભાવ ન આવે. (૫) વળી, જે સંતો અને હરિભક્તો છે તેમનો અપરાધ અમારાથી ક્યારેય થાય નહીં, એવું અમે આપની પાસે માગીએ છીએ. ૩૩. ચાહે તેવો મોટો સત્સંગી કહેવાતો હોય પણ તે જો સંતોનો અને હરિભક્તોનો અપરાધ લેશમાત્ર પણ કરે તો તેને અનેક જન્મ સુધી દુઃખો ભોગવવા પડે છે અને તે સત્સંગથી વિમુખ થઈ જાય છે. ૩૪.

⁕ શરીરથી પણ સંતો-ભક્તોને અધિક માનવા :

(૬) માટે અમને સંતોમાં અને હરિભક્તોમાં નિત્ય નિત્ય નવો જ સ્નેહ રહે, એવું અમે માગીએ છીએ. "

ચોપાઈ :

संत हरिजन में नौतम नेहा, दिन दिन रहे मागत हें एहा;
श्रीहरि कहे निज तन जेसा, संत हरिजन कु जानना तेसा...३५

यामें जितनी रहे जो जुदाई, अपराध होवे कबहुक ताई;
जितनो करे अपराध हि जेहु, अवश पाप सो भुक्तत तेहु...३६

दोहा : संत हरिजन ताहिकी, अरुचि जीतनी जाहि;
ताको नाम अपराध हे, द्रोह हि होवत ताहि...३७

ત્યારે શ્રીહરિ કહે, પોતાના તન જેવા સંતો હરિભક્તોને જાણવા. અર્થાત્ પોતાનાં શરીરમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી ને તેવી જ આત્મબુદ્ધિ સંતો અને હરિભક્તોમાં રાખવી. ૩૫. તેમાં જેટલું જુદાપણું રહેશે તેટલો તેને ક્યારેક અપરાધ થાશે. જે મનુષ્ય જેટલો અપરાધ કરે, તેટલું પાપ તેને અવશ્ય ભોગવવું જ પડે છે. ૩૬. જેનાં મનમાં સંતોની અને હરિભક્તોની જેટલી અરુચિ રહેતી હોય તેનું જ નામ અપરાધ છે અને તેને લીધે તેમનો દ્રોહ થાય છે. ૩૭.

માણસને પોતાના શરીરની ક્યારેય લગાર પણ અરુચિ થાતી નથી. શરીર કરોડગણું દુઃખ દે અને વારંવાર તેમાં રોગ થાય તોપણ, ૩૮. મનુષ્ય તે શરીરનું જતન કરતો રહે છે અને રોજ રોજ તેના મળને ધુએ છે. જીવ તે શરીરનું ભરણ-પોષણ કરતો જ રહે છે, છતાં તે શરીર જીવને હંમેશા દુઃખ દીધા કરે છે. ૩૯. **શરીર કરતા સંતો અને હરિભક્તો કરોડગણાં સુખદાયક છે, એમ જ્યાં સુધી મનમાં ન મનાય ત્યાં સુધી તે સંતો-હરિભક્તોનો દ્રોહ કરે છે.** ૪૦. એટલા માટે જ સહુએ વારંવાર સત્સંગ કરવો, જેથી કોઈ પણ રીતે હરિભક્તોની અરુચિ કે દ્રોહ ક્યારેય થાય નહીં. ૪૧. અમે અંત સમયે આવીને બધા હરિભક્તોને દર્શન આપીએ છીએ અને અતિ સહાય કરીએ છીએ, તેમાં કાંઈ ફરક નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ વડતાલથી ચાલવા તૈયાર થયા અને હરિભક્તોએ પ્રાર્થના કરી' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર નવમું : તરંગ - ૫

શ્રીહરિ વડતાલથી નીકળ્યા અને સંતમંડળને સત્સંગના પ્રચાર માટે પ્રદેશોમાં મોકલવાની વ્યવસ્થા કહી

સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા. ચૈત્ર વદિ પડવાનો શુભ દિવસ હતો ત્યારે શ્રીજીમહારાજ વડતાલથી નીકળીને ચાલતા થયા. ૧. કાઠિયાવાડ, વાળાક, સોરઠ, બારા અને ભાલદેશના બધા હરિભક્તોનો સંઘ પણ શ્રીહરિની સાથે ચાલ્યો. ૨. બધા ભક્તો પોતાનું ગામ આવે ત્યાં સુધી શ્રીહરિની સાથે જ ચાલ્યા. સહુ રસ્તામાં કીર્તન ગાતા હતા અને મનમાં સત્સંગનો રંગ છવાયેલો રહેતો હતો. ૩. દરબાર પરિવારની જે બાઈઓ હતી તે બધી પોતપોતાના રથમાં બેસતી હતી. શ્રીહરિની સવારી સાથે હતી તેથી મહોત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૪.

બીજા દેશ પ્રદેશોના જે હરિભક્તો સમૈયામાં આવ્યા હતા તેઓ પણ પોતપોતાના સંઘને લઈને પોતપોતાના દેશમાં જવા ચાલ્યા. તેઓ જેવું વાહન લઈને આવ્યા હતા તેના ઉપર સહુ હરિભક્તો બેસતા હતા. ૫. જેટલી હરિભક્ત સ્ત્રીઓ હતી તે બધી રથ કે બળદગાડીમાં બેસતી. શ્રીહરિને યાદ કરીને તેમનાં ચરિત્રોને ગાતી હતી. ત્યારે તેમની આંખોમાંથી સ્નેહનાં આંસુઓ વહેતાં હતાં. ૬. જ્યારે હરિભક્તો જેવા હરિચરિત્રોને ગાતા હતા ત્યારે તેવી શ્રીહરિની મૂર્તિ તેમની આગળ દેખાતી હતી. જેવા સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં. તેવાં જ દર્શન તે સમયે પણ પ્રેમીજનોને થાતાં હતાં. ૭.

સદ્‌ગુરુ આનંદાનંદસ્વામી શ્રીહરિની આજ્ઞાથી સત્સંગમાં ફરવા માટે નીકળ્યા. બધા જ સંતો આનંદાનંદસ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. ૮. મુક્તાનંદસ્વામી આદિક સમગ્ર સંતો તેમની આજ્ઞાને ક્યારેય લોપતા નહીં. હિંદુસ્તાની મોટા મોટા સંતો, જે ઘણા બુદ્ધિશાળી હતા, તેઓ પણ આનંદાનંદસ્વામીની આજ્ઞામાં રહેતા હતા. ૯. સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, બંને સુખાનંદસ્વામી, સિદ્ધ સંતદાસજી, ૧૦. સાંખ્યાનંદસ્વામી, વ્રજાનંદસ્વામી,

સત્યાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, સદાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, વ્રજવાસી, ૧૧. પુરુષોત્તમાનંદસ્વામી, આધારાનંદસ્વામી, વિશ્વરૂપાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, દેવીવાળા મગનીરામ જે અત્યંત નિષ્કામી મુનિવર હતા, ૧૨. બંને જ્ઞાનાનંદસ્વામી, ઉજાસાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, ૧૩. બંને પરમહંસાનંદસ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી, બંને નૃસિંહાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ૧૪. ચૈતન્યાનંદસ્વામી, પરમચૈત્યાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, ભગવાનાનંદસ્વામી, ૧૫. પ્રભૂતાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, યોગાનંદસ્વામી, ૧૬. આત્માનંદસ્વામી, ગોપાલાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, પરમાનંદસ્વામી, બુદ્ધાનંદસ્વામી, જિજ્ઞાસાનંદસ્વામી આ બધા સંતો સંતમંડળોમાં પ્રમુખ હતા. ૧૭.

પૂર્વદેશના સંતો ઘણા હતા. તેના નામ લખ્યે છેડો આવે તેમ નથી. તેઓ બધા આનંદાનંદસ્વામીનાં વચનને માથે ચઢાવીને ચાલતા. ૧૮. તે પૂર્વ દેશના સંતો શ્રીહરિનાં દાસ થઈને રહેતા હતા, એક રતીભાર વચનનું ઉલ્લંઘન કરતા નહીં. પણ તેમાં કેટલાકની એવી પ્રકૃતિ હતી કે તેમને ગુજરાતી સંતો ગમતા નહીં, તેમની સાથે ફાવતું નહીં. ૧૯. પરંતુ સહુને આનંદાનંદસ્વામીનો ભાર હતો. તે સાધુઓ તેમનું વચન લગારેક પણ લોપતા નહીં. કદાચ કોઈની પ્રકૃતિમાં ઉદ્ધતતા દેખાય તો આનંદાનંદસ્વામી તેમને ડરાવતા. ૨૦. તોપણ તેઓ આનંદાનંદસ્વામીનો ઘણો ભાર રાખતા. આનંદાનંદસ્વામી કાંઈક કહે તે વખતે તરત જ તેઓ દીન થઈ જાતા હતા.

આનંદાનંદસ્વામી એક સમયમાં અયોધ્યાની મોટી જગ્યાના મહંત હતા. છતાં અહીંયાં આવીને શ્રીહરિના દાસ થઈને રહ્યા હતા. ૨૧. ચારે ધામમાં જેટલા વેરાગી સાધુઓ હતા તે બધા રામગલોલા (આનંદસ્વામી)ના ઉપર ઘણો જ પ્રેમ રાખતા. ભેખધારીનાં મોટા સ્થાન (જગ્યા) ને છોડીને આવ્યા હતા તેથી સંતોમાં તેમનો ભાર રહેતો હતો. ૨૨. શ્રીહરિ અયોધ્યા નગરીના સર્વોત્તમ સરવરિયા (સરયૂપારીણ)

વિપ્ર હતા. પૂર્વદેશના તે આનંદાનંદસ્વામીને બળવાળા જોઈને શ્રીહરિએ અનંત પ્રતાપ દેખાડ્યો હતો. ૨૩. શ્રીહરિ અયોધ્યા નગરીના સર્વોત્તમ સરવરિયા (સરયૂપારીણ) વિપ્ર હતા. અને આનંદાનંદ સ્વામી પૂર્વે અયોધ્યામાં રામગલોલા આશ્રમમાં મહંત હતા. અતિ બળિયા હતા. તેથી તેના દ્વારા શ્રીહરિએ અનંત પ્રતાપ (સત્સંગમાં આવ્યા પછી) દેખાડ્યો હતો. આવા સંયોગને કારણે સત્સંગમાં મોટા સંત તરીકે તે મુનિવર કહેવાણા અને વિચર્યા હતા. આવા સંયોગને કારણે સત્સંગ ગ્રહણ કરીને તે મુનિવર સત્સંગમાં વિચર્યા તેથી મોટા કહેવાણા. તે આનંદાનંદ સ્વામીએ જે દેશમાં જેવી જરૂર હતી તેવા સંતના મંડળો કર્યા. ૨૪.

સહુ પહેલા સ્વરૂપાનંદસ્વામી સુરત બંદર ગયા હતા અને તેમણે ત્યાં ભાઈચંદભાઈ તથા ગોવિંદભાઈ વગેરેને સત્સંગ કરાવ્યો હતો. ૨૫. બીજા પણ અપાર લોકો તે સંતોની વાત સાંભળીને સત્સંગી થયા હતા. તેથી તેઓ બધા સ્વરૂપાનંદસ્વામીને સત્સંગ કરાવવા માટે પોતાને ગામ ફરીથી આવે તેમ ચાહતા હતા. ૨૬. હરિભક્તોના આવા પ્રેમને જોઈને નિપુણ એવા આનંદાનંદસ્વામી જે હરિભક્તોનું ચિત્ત જે સંતોમાં હોય તે સંતને ત્યાં મોકલતા હતા. ૨૭.

ગોવિંદાનંદસ્વામીને શ્રીનગર (અમદાવાદ) અને જેતલપુર મોકલ્યા અને ત્યાં બારકોશના વિસ્તારમાં ફરવાની આજ્ઞા કરી. ૨૮. જેને શ્રીહરિ ઉપર અતિ પ્રેમ હતો એવા મુનિવર્ય સુખાનંદસ્વામીને વડોદરા મોકલ્યા. કારણ કે તેઓ ત્યાંના દેશકાળ વગેરે બધું જાણતા હતા. ૨૯. જેઓ સારી રીતે કથાવાર્તા કરી શકતા હતા, તેવા કેટલાક સંતોને કાનમ દેશમાં મોકલ્યા અને સારી રીતે તપાસ કરીને કેટલાક સંતોને ચરોતર દેશમાં જ સત્સંગ કરાવવા માટે રાખ્યા. ૩૦. વીસનગર અને આસપાસના પ્રદેશમાં ભાઈ રામદાસજીસ્વામીને જવાનું કહ્યું. બારામાં અને ભાલમાં મુનિવર્ય અનંતાનંદસ્વામીને મોકલ્યા. ૩૧. ઝાલાવાડ અને વાગડ પ્રદેશમાં પરમાનંદસ્વામીને મોકલ્યા. કચ્છ દેશમાં આત્માનંદસ્વામીને મોકલ્યા. ૩૨. હાલાર દેશમાં સુખદાયક મોટેરા સંત વ્યાપકાનંદસ્વામીને મોકલ્યા. સોરઠ પ્રદેશમાં શ્રેષ્ઠ સુખના મૂળ જેવા ચિદ્રૂપાનંદસ્વામીને જવાનું કહ્યું. ૩૩.

મુનિરાજ પરમ ચૈતન્યાનંદસ્વામીને વાળાક પ્રદેશમાં મોકલ્યા. ભાવનગર, શિહોર વગેરે અને પાલીતાણા સુધી ગોહિલવાડ કહેવાય છે ત્યાં ગંભીર સંત અખંડાનંદસ્વામીને જવાનું કહ્યું. તેઓ વાતો કરવામાં ઘણા શાંત અને ધીર ગંભીર હતા. ૩૪-૩૫. સ્વયંપ્રકાશાનંદસ્વામીને ઊના અને દિવ વિભાગમાં મોકલ્યા. સદાનંદસ્વામીને તે વખતે બધા નાઘેર પ્રદેશમાં ફરવાનું કહીને રવાના કર્યા. ૩૬. બીજા પણ જે સંતો હતા, તેમને જેને જ્યાં યોગ્ય હોય ત્યાં તેમનું મન જોઈને રાખ્યા. ૩૭. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી એ સંતોને શ્રીહરિની સાથે મોકલ્યા. ૩૮.

શ્રીહરિ વડતાલથી જ્યારે ચાલ્યા ત્યારથી **મહેળાવ** ગામ પહોંચ્યા ત્યાં સુધી અશ્વ ખૂબ વેગમાં દોડાવ્યો. ૩૯. ત્યાં થોડીવાર ઊભા રહીને અશ્વને તળાવમાં પાણી પાયું. મહેળાવ ગામમાં શ્રીહરિ આવ્યા છે તેવી ખબર પડી, એટલે બધા હરિભક્તો દર્શન કરવા માટે દોડી આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં ‘શ્રીહરિ વડતાલથી ચાલ્યા અને આનંદાનંદસ્વામીએ મંડળોની વ્યવસ્થા કરી. ’ એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર નવમું : તરંગ - ૬

શ્રીહરિ પીપળાવમાં સંઘ સાથે જમ્યા અને ત્યાંથી ‘નાર’ ગામ આવ્યા.

મહેળાવના પાટીદાર ખુશાલભાઈ, પૂંજાભાઈ, શંભુદાસ આદિ બધા હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા. ૧. ભોગીલાલ નામે એક વણિક ભક્ત, તેના ચાર પુત્રો અને પૌત્રો એ બધા પણ તે સમયે ત્યાં આવ્યા. ૨. તે સિવાય સોની, સુતાર, બારોટ અને ગલા પગી વગેરે હરિભક્તો, સહુ આવ્યા અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૩. સહુ હરિભક્તોએ શ્રીહરિને મહેળાવમાં રોકાવા ઘણી વિનંતી કરી પણ શ્રીહરિ તુરંત ત્યાંથી ચાલતા થયા અને પછી

પીપળાવ ગામ આવ્યા. ૪. ત્યાંના હરિભક્ત પાટીદારો મુખી વગેરે જે હતા તેઓ બધા સમાચાર સાંભળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમના નામ આ પ્રમાણે છે. ૫.

જીભાઈ, લાલાજી, બેચરદાસ, ગિરધરભાઈ, પ્રભુદાસ, ગોકુળદાસ, શ્યામળદાસ, નથુભાઈ, વાલાભાઈ વગેરે. ૬. વિપ્ર હરિભક્તોમાં દયારામ, પ્રભાશંકર, દાજીભાઈ, લક્ષ્મીરામ, બાપુજી, ગંગારામ, પુરુષોત્તમ, ૭. જીવરામ, તુલજારામ અને વજેરામ વગેરે હતા. વળી વિપ્ર સત્સંગી બાઈઓના નામ કહું છું કે જેણે શ્રીહરિને વારંવાર પૂજ્યા હતા. ૮. ગંગાબાઈ, જમુનાબાઈ, હેતબાઈ, રૂપબાઈ, કૃષ્ણાબાઈ વગેરે, તેમજ ઈસણાવ ગામના પાટીદારો, જે ઉદાર સ્વભાવના હતા, તે રાયજીભાઈ અને દાજીભાઈ વગેરે હતા. ૯. તેઓ સૌ હાથમાં એક એક શ્રીફળ અને ફૂલહાર લઈને આવ્યા. શ્રીહરિની આગળ શ્રીફળની ભેટ મૂકી અને ફૂલહાર પહેરાવ્યા. રસોઈ અગાઉથી તૈયાર કરી રાખી હતી. ૧૦.

ગામના દરવાજામાં જ એક જગ્યા (મઠ-મંદિર જેવું સ્થળ) હતી. શ્રીહરિએ તેમાં ઉતારો કર્યો. બીજો બધો સંઘ ગામથી બહાર વડલાની ઘાટી છાયા જોઈ ત્યાં ઊતર્યા. ૧૧. બધી સવારીને પણ ત્યાં જ ઊતરાવી. અશ્વ અને બળદોને માટે ઘાસ પહોંચાડ્યું. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી પણ આવ્યા અને શ્રીહરિવરને પગે લાગ્યા. ૧૨. શ્રીહરિ તે સંતોને જોઈને ખૂબ જ ખુશી થયા. પોતાની છાતી ઉપરથી ફૂલહાર તરત જ ઉતારીને તેમને આપ્યા. ૧૩. સંતો, દરબારો અને પાર્ષદો સહુ સ્નાન કરીને આવ્યા. સંતોએ વિષ્ણુની પૂજા કરી અને કેસરયુક્ત ચંદનનાં તિલક કર્યાં. ૧૪. રસોઈમાં જે બનાવ્યું હતું તે બધું ભગવાન વિષ્ણુને નિવેદનાં રૂપમાં ધરાવ્યું. પછી સારા બાજોઠ ઉપર શ્રીહરિને થાળ જમવા માટે બેસાડ્યા. ૧૫. સાકરનો શીરો અને પૂરી વગેરે સરસ રસોઈ બનાવી હતી. તે શ્રીહરિની આગળ ધરી. તે રસોઈમાં સરસ તુવેરની દાળ બનાવી હતી. ૧૬. તથા રસાળ વાલના લીલવા બનાવ્યા હતા. તેને પરમ દયાળુ શ્રીહરિ જમવા લાગ્યા. રસાવાળું કેરીનું અથાણું અને સુંદર પાપડ વગેરે પણ શ્રીહરિને ધરાવ્યા. ૧૭.

શ્રીહરિ પ્રેમભાવથી થાળ જમતા હતા ત્યારે સંતો, દરબારો અને પાર્ષદોની પંગત કરાવી. સહુ પોતપોતાના જમવાના પાત્ર લઈને બેસી ગયા. ૧૮. શ્રીહરિ દહીં, ભાત અને સાકર જમ્યા. જમીને થાળની પ્રસાદી પાર્ષદોને આપી. એક થાળ દરબારોને આપ્યો અને એક થાળ સંતોને આપ્યો. ૧૯. આનંદાનંદસ્વામીએ મોટેરા સદ્‌ગુરુઓને એક એક ઉત્સાહી સંત સેવકના રૂપમાં આપ્યા હતા. શ્રીહરિ સંતોને અને દરબારોને પીરસવા આવ્યા. સહુને સાકરનો શીરો આપ્યો. ૨૦. તે રીતે જ પાર્ષદોને શીરો પીરસ્યો. નિર્મળ પ્રેમભાવથી પૂરી પણ પીરસી. સંઘમાં જે મોટેરી બાઈઓ હતી તેમને માટે પણ થાળ ભરીને બધી રસોઈ શ્રીહરિએ મોકલાવી. ૨૧. વિપ્ર હરિભક્તોને જેટલું જોઈએ તેટલું ભોજન અલગ રાખી મૂક્યું હતું. તેમ છતાં પણ જે રસોઈ વધારે દેખાણી, તે બધી સંઘમાં પહોંચાડી દીધી. ૨૨.

મોટીબા (જીવુબા)ને જે થાળ મોકલ્યો હતો તે તેમણે સહુ બાઈઓને પ્રસાદીના રૂપમાં વહેંચી દીધો. તે ગામની વિપ્ર બાઈઓએ સંઘની બાઈઓને માટે રસોઈ બનાવી હતી. ૨૩. હરિભક્તોને પ્રેમભાવ ઘણો હતો તેથી તેમણે તે રસોઈ લાવીને સહુ પ્રથમ બાઈઓને જમાડી દીધી હતી.

પછી કૃપાળુ શ્રીહરિ તત્કાળ તૈયાર થયા. તેમણે સંતોને બેસવા માટે રથ અપાવડાવ્યા. ૨૪. જે સવારી હતી તે અને બધા દરબારો પણ તૈયાર થઈને આવી ગયા. તે વેળાએ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તેમની શોભા મુખથી વર્ણવી શકાતી નથી. ૨૫. શ્રીહરિના અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો અને શ્રીહરિએ પણ અંગે અંગમાં સોનાના ઘરેણાં પહેર્યાં હતાં. ૨૬. શ્રીહરિનાં મસ્તક ઉપર ઘણું શોભાદાર મોટું સોનેરી છત્ર હતું. તેની સુંદર દાંડી રત્નજડિત હતી અને ઉપરના ભાગમાં સુવર્ણ કળશ શોભતો હતો. ૨૭. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર 'કૃપાનાથ !!! અશરણશરણ !!!! ભક્તપતિ !!!! ભક્તવત્સલ !!!!! આપનો જય થાઓ !!! જય થાઓ !!!' એમ બોલતા હતા. ૨૮. ગામના હરિભક્ત વળાવવા આવ્યા. તેઓ દૂર સુધી સાથે આવી ગયા ત્યારે શ્રીહરિએ ત્યાંથી તેમને પાછા વાળ્યા.

શ્રીહરિ તો દરબારો સાથે રમૂજ કરતા કરતા ઉમંગથી ચાલ્યા તે **'નાર'** ગામ (તા. પેટલાદ) આવ્યા. ૨૯. શ્રીહરિ પધાર્યા છે એવા સમાચાર સાંભળીને નાર ગામમાં રહેતા હતા તે સર્વે હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીફળ અને ફૂલહાર લાવ્યા હતા. ૩૦. ગામના બીજા ભાવિક લોકોએ પણ શ્રીહરિનાં દર્શન કર્યાં. હરિભક્તોએ પ્રેમથી શ્રીહરિ આગળ શ્રીફળ ભેટ મૂકીને ફૂલહાર પહેરાવ્યા. ૩૧. જે પાટીદાર હરિભક્તો હતા તેમના નામ કહું છું. બંને કાળીદાસ, રામદાસ, માધવદાસ, ૩૨. હરિભાઈ, ગોપાળજી અને લક્ષ્મીદાસ, એક બારોટ ભાઈજી નામે હરિભક્ત થયા હતા. તેમણે શ્રીહરિનાં ચરણોને છાતીમાં લીધાં. ૩૩. માથા ઉપર વૃક્ષોની શીતળ છાયા દેખી. મધ્યાહ્ન થઈ ગયો હતો એટલે શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ત્યાં સંઘની સાથે એક પહોર (૩ કલાક) રોકાયા. અરુચિવાળા લોકો દૂર રહ્યા. ૩૪.

હરિભક્તોએ રસોઈ બનાવવા માટે ઘણી વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે સહુ જમીને જ આવ્યા છીએ. કોઈને અત્યારે જમવાની રુચિ નથી. ૩૫. જેની પાસે ઘાસનો કાંઈક સંગ્રહ કરેલો હોય અને વ્યવહારે બહુ કઠણ પડે એવું ન હોય તો ઘોડા અને બળદને માટે જઈને ઘાસ લાવો અથવા ધન દઈને મળતું હોય તોપણ લાવો. ૩૬. કોઈ હરિભક્તને આપણે તકલીફ આપવી નથી. આ દરબારો ઘાસની કિંમત આપશે, તેઓ હરિભક્તો પાસેથી પણ મફત લેતા નથી. બધાને એવી જ એક ટેક છે. ૩૭. પછી કોઈ હરિભક્ત શ્રીહરિના અશ્વ માટે ઘાસ લઈ આવ્યા અને બીજું બધું ઘાસ તેની કિંમતનું ધન આપીને જેટલું જોઈએ તેટલું લીધું. ૩૮.

શ્રીહરિ નાર ગામના હરિભક્તો ઉપર રાજી થયા. આ બધો દેશ જ એવો છે કે, અહીંયાં ઘાસચારાની તકલીફ પડે નહીં. ૩૯. જેટલું ઘાસ દરબારોએ પોતાના ઘોડા માટે લીધું તેનું જે ધન થાય તે ઘાસ લાવનારા હરિભક્તોને આપ્યું. આવી અલૌકિક રીત દેખીને ઘાસ લાવનારા હરિભક્તોના મનમાં ઉમંગ રહ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ પીપળાવમાં સંઘ સાથે જમીને રસ્તાનાં નાર ગામ આવ્યા. ' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર નવમું : તરંગ - ૭

શ્રીહરિ ઊંટવાડા થઈને બુધેજ પધાર્યા અને ત્યાં સહુને જમાડ્યા

દિવસ એક પહોર (૩ કલાક) બાકી હતો ત્યારે શ્રીહરિ તૈયાર થયા. બધા દરબારો પણ તૈયાર થયા અને તે સમયે સંઘ પણ સાથે ચાલ્યો. ૧. જે દ્વેષી દુર્જનો હતા તે શ્રીહરિની સવારીનો અતિ પ્રતાપ જોઈને કોઈ મુખથી બોલી શક્યા નહીં. બધા ચુપચાપ બેસી રહ્યા. ૨. જ્યારે સંઘ દૂર ગયો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. સત્સંગનો દ્રોહ કરનારા અજ્ઞાની લોકોનાં મુખમાં અવિદ્યારૂપી ધૂળ પડી. ૩. જેણે જેવો દ્રોહ કર્યો તેને તેવું ફળ મળી ગયું. અજ્ઞાની લોકોનાં મન મોહથી અવરાઈ ગયા હતા. તેથી તેઓ શુદ્ધ માર્ગને દેખતા ન હતા. ૪. જે સંતો-હરિભક્તોને જેવા જાણે તેને તત્કાળ તેવું ફળ મળતું હતું. આ બાબતને જેઓ નજરે જોવા છતાં માનતા ન હતા એવા અધમ મહાજનો હતા. ૫.

શ્રીહરિ **ઊંટવાડા** ગામ (તા. ખંભાત) આવ્યા. જોઈતા પગીને દર્શન દીધાં. તેણે અતિશય ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. અને ફૂલના હાર બહુ જ પહેરાવ્યા. ૬. સાકરનો ભરેલો થાળ શ્રીહરિની આગળ ધર્યો. કાચી કેરીના દસ-બાર ટોપલા ભરીને લાવ્યા. ૭. શ્રીહરિએ તે કેરી પ્રેમથી લીધી. શ્રીહરિએ તે કેરી હરખભેર દરબારોને આપી. જોઈતા પગીએ શ્રીહરિને રોકવા ઘણી તાણ કરી, પણ તેને એકલા જાણીને શ્રીહરિ રોકાયા નહીં. ૮.

પછી ત્યાંથી શ્રીહરિ **બુધેજ** ગામ (તા. ખંભાત) આવ્યા. ગામની બહાર જ ઉતારો કર્યો. બુધેજમાં જે હરિભક્તો હતા તે બધા ક્ષત્રિય જાતિના હતા. ૯. શ્રીહરિ આવ્યા છે, આવા સમાચાર સાંભળીને બધા જ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. દીવાટાણું થવા આવ્યું હતું તેથી બે-ચાર મશાલો

પ્રકટાવી. ૧૦. તે હરિભક્તો ઢોલ આદિ વાજિંત્રો વગડાવીને શ્રીહરિની પાસે આવ્યા અને દાસભાવે સહુએ દર્શન કર્યા. ફૂલહાર અને શ્રીફળ લઈને આવ્યા હતા. હાર શ્રીહરિને પહેરાવી દીધા. ૧૧. અને શ્રીફળ હરખભેર આગળ ભેટ મૂક્યાં. તેમના દિલમાં જે આનંદ થયો તે કહી શકાતો નથી. તે વેળાએ જે જે હરિભક્તો આવ્યા હતા તે બધાને શ્રીહરિએ સ્નેહભાવથી બોલાવ્યા. ૧૨.

હરિભાઈ, હઠીભાઈ અને જીભાઈ એ ત્રણ ભાઈ હતા. તેમાં હરિભાઈના એક પુત્ર ખોડાભાઈ ઘણા ચતુર હતા. ૧૩. અને ખોડાભાઈને ત્રણ પુત્ર હતા તેના નામ કહું છું. એક કાકાભાઈ, બીજા જીજીભાઈ અને ત્રીજા નાજીભાઈ, તે ત્રણેય પુત્ર સુખી હતા. ૧૪. હઠીભાઈને કલાભાઈ, તેજાભાઈ અને વરહાભાઈ, એ નામે ત્રણ પુત્ર હતા. ૧૫. કલાભાઈને બનેસિંગ અને રૂપસિંગ નામે નિષ્પાપ એવા બે પુત્ર હતા. ૧૬. વરહાભાઈને જેઠીભાઈ, જેસિંગભાઈ અને બાજીભાઈ નામે ત્રણ પુત્ર હતા. તેમનું આ બધું જ કુટુંબ સારું સત્સંગી થયું હતું. ૧૭. તે બધા ક્ષત્રિય હરિભક્તોએ શ્રીહરિની ઘણી સેવા કરી. જે જે વસ્તુ જોઈતી હતી તે તરત લાવી આપી. ઘાસ અને જોગાણ તૈયાર કરીને લાવ્યા. શ્રીહરિને માટે સુંદર પલંગ મગાવ્યો. ૧૮. તેના ઉપર રેશમી ગાદી-તકિયા બિછાવી દીધા. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. સંતો, દરબારો અને પાર્ષદો માટે પણ પ્રેમથી સારા બિછાના મગાવી આપ્યા. ૧૯. તત્કાળ રસોઈ તૈયાર કરાવી અને ગામમાંથી પુષ્કળ દૂધ લાવ્યા. ગામના બધા લોકો ભાવિક હતા. શ્રીહરિને માટે જે વસ્તુ મગાવે તે તરત જ લાવી આપતા હતા. ૨૦.

જ્યારે સંતો આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે આકાશમાં શુભ ચંદ્રોદય થયો. શ્રીહરિ જંગલ (શૌચ) જઈ આવીને નાહ્યા. રૂમાલથી બધા અંગ લૂછ્યા. ૨૧. અવિનાશી શ્રીહરિ બાજોઠ ઉપર ઊભા રહ્યા અને પરમ ઉત્સાહથી પીતાંબર પહેર્યું. નીચોવેલો રૂમાલ ઓઢી લીધો. ચાતુર્યથી ચાખડીઓ પહેરી. ૨૨.

શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. વર્ણીએ ભોજન પીરસેલો થાળ આગળ ધર્યો. સાકરનો કંસાર કર્યો હતો અને તેમાં તાજું ઘી ઘણું જ નાખ્યું હતું. ૨૩. તુવેરની દાળ કરી હતી, તેમાં કાચી કેરીની ખટાશ ઘણી નાખી

હતી. પાપડ અને કેરીનું અથાણું ધરાવ્યું હતું. શ્રીહરિ તે પ્રસન્ન મનથી જમ્યા. ૨૪. વારંવાર વખાણ કરીને શ્રીહરિ ઘણો કંસાર જમ્યા. શ્રીહરિએ કહ્યું, આજે તો સવારે જમ્યા હતા એટલે અત્યારે ભૂખ લાગી છે. ૨૫. જ્યારે માર્ગમાં ચાલવાનું થાય છે ત્યારે ડબલ ભોજન જમાઈ જાય છે અને ખૂબ મીઠું લાગે છે. તેથી જ બમણું ભોજન જમાઈ જાય છે. ૨૬. જગત્પતિ અને જગદાધાર શ્રીહરિ કંસાર જમી રહ્યા. તે પછી દૂધ, ભાત અને સાકર જમ્યા અને પછી સંતો, દરબારો વગેરેની પંગત કરાવી. ૨૭. બધા પાર્ષદોને પણ પંગતમાં બેસાડ્યા. શ્રીહરિ જમી રહ્યા ત્યારે થાળની પ્રસાદી હરિભાઈને અપાવી. તે પ્રસાદી સહુ ભાઈઓએ વહેંચી લીધી. ૨૮.

ગઢપુરના મોટીબા (જીવુબા) આદિક જે મોટેરી બાઈઓ કહેવાતા હતા. તેમની સેવક બાઈઓ જે હતી તે બધી જ જમી રહી. ૨૯. પછી જે ભોજન વધ્યું તેને મોટા મોટા વાસણમાં ભરાવીને હરિભક્તોએ જ્યાં કહ્યું ત્યાં શ્રીહરિએ મોકલાવ્યું. વર્ણીઓએ પણ જે રસોઈ બનાવી હતી તે પણ વધારાની મોકલાવી દીધી. ૩૦.

બુધેજ ગામમાં બધી બાઈઓ સત્સંગી થઈ હતી. તેમાં સાંખ્યયોગી અને કર્મયોગી બાઈઓ અપાર હતી, જેનો ગણવાથી પણ પાર આવે તેમ ન હતો. ૩૧. ચારે વર્ણની બાઈઓ જે સધવા હોય કે વિધવા હોય, તે બધીને મોટેરી બાઈઓ ઉપર અત્યંત ભાવ હતો. કારણ કે, તેઓ તેમના તીવ્ર ત્યાગ અને વૈરાગ્યને જાણતી હતી. ૩૨. મોટા મોટા સંતોની જેમ જ આ મોટેરી બાઈઓ સરસ રીતે ત્યાગ પાળતા હતા. અને શ્રીહરિને રીઝવવાની ટેક રાખીને પોતાના શરીરનો પણ અત્યંત અનાદર રાખતા હતા. ૩૩.

✵ સાચા ભક્તની સમજણ :

તેઓ શ્રીહરિની મરજીમાં જ અહોનિશ વર્તતા હતા અને સ્ત્રીઓના સમાજમાં ઘણો સત્સંગ કરાવતા હતા. જેટલા વિષયમાત્ર કહેવાય છે અને એમાં આ બ્રહ્માંડના જેટલા વિષય દેખાય છે, ૩૪. તેને તેઓ ઊલટી કરેલાં અન્નનાં જેવા અતિ તુચ્છ દેખાડી દેતા હતા અને તેને લીધે જ તે બાઈઓ મોટેરી કહેવાતી હતી. શ્રીહરિ અને શ્રીહરિના ધામ વિના બીજા જેટલા ભોગ

કહેવાય છે, ૩૫. તેને તો તેઓ મોટા મોટા રોગ જેવા માનતા હતા અને તે ભોગોને જન્મમરણરૂપ મહાસંકટ દેખતા હતા. હરિભક્ત પુરુષોમાં પણ જેને જેટલો સંસારનો અભાવ હોય તે તેટલા મોટા કહેવાતા હતા. ૩૬.

दोहा : धन दोलत अपार ही, ब्रह्मांड में जेति रहाय
मोक्ष मग के विघ्न यह, हरिजन जानत ताय...३७
जितनो जग को अभाव जेहि, सत्संग में जितनी प्रीत;
धर्म नियम में तिस विध, वर्ते तेहि जन पुनीत...३८

આ બ્રહ્માંડમાં જેટલી ધન સંપત્તિ છે તે બધી મોક્ષના માર્ગમાં વિઘ્નરૂપ છે, એમ તે હરિભક્તો જાણતા હતા. ૩૭. જેને જેટલો જગતનો અભાવ હોય, સત્સંગમાં જેટલી પ્રીતિ હોય અને ધર્મ-નિયમમાં પણ એ જ રીતે દૃઢપણે રહેતો હોય તે ભક્ત પવિત્ર છે. ૩૮.

ઘેરઘેર ફરનારા બીજા ગુરુઓનો તો કોઈ પાર જ નથી. તેના મનમાં સત્ય-અસત્યનો કાંઈ વિવેક જ હોતો નથી. તેમને માત્ર પેટ ભરવાનું જ એક તાન હોય છે. ૩૯. તેમના શિષ્યો પણ તેવા જ પેટ ભરનારા અને વિષયસુખ ભોગવનારા હોય છે. પછી મરીને ભલેને જમપુરીમાં જાય, અત્યારે તો તેમને જમપુરીનો કાંઈ ભય દેખાતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ નારથી ઊંટવાડા થઈને બુધેજ પધાર્યા. ત્યાં સહુને જમાડ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર નવમું : તરંગ - ૮

સંતો વગેરેને પીરસવાની સેવાનું રહસ્ય શ્રીહરિએ કહ્યું

શ્રીહરિએ કંસાર હાથમાં લીધો, પહેલા સંતોને પીરસીને પછી દરબારોને પીરસ્યો. તેમના પછી પાર્ષદોને પણ પીરસ્યો. ૧. શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, તમે અપાર સેવા કરો છો તેથી તમને જમ્યા ભેળું તે ભોજન સત્વરે પચી જાતું હશે. ૨. જે માણસ ખેતી કરતો હોય છે તે ચાર વખત જમે તોપણ તે

અન્ન તેને પચી જાય છે અને તેને સમયસર ભૂખ પણ લાગતી હોય છે. ૩. તમારે સહુ પાર્ષદોએ નિત્ય બે વખત જમવું; કારણ કે તમે બધા સેવા કરો છો. તેમજ જે વૃદ્ધ હોય અને રોગી હોય તેમણે પણ બે વખત જમવું. ૪. જે દસ ગાઉની મજલ કરતા હોય તેવા જે જે ત્યાગી સાધુ કે બ્રહ્મચારી હોય તેમણે સહેજે જે જમવાનું મળે તે બે વાર જમી લેવું. તેમાં તેમને બાધ નથી. ૫. દુઃખી અને વૃદ્ધ સિવાયના જે ત્યાગી સાધુ, વર્ણી અને પાર્ષદો હોય તેમણે મન ચાહ્યું ભોજન ન કરવું. કારણ કે ત્યાગીનો એવો ધર્મ છે. ૬.

સહુએ બિમારી સિવાય ખાટલા ઉપર સૂવું નહીં અને કયારેય ગાદી તકિયા ઉપર બેસવું નહીં. સંતો અને વર્ણીઓએ અંગરખું પહેરવું નહીં અને જે અતિશય દુઃખી હોય તેનો વાદ લેવો નહીં. ૭. જે અતિશય દુઃખી અને વૃદ્ધ હોય તેમણે જમતી વેળાએ અન્ન મેળવવું નહીં પરંતુ જૂદું જૂદું જમવું અને જેવું મળે તેવું ખાવું. પરંતુ મનમાં દૃઢ ટેક રાખીને સહુએ વિશેષપણે કરીને ભગવાનને સંભારવા. ૮.

ટેક વિના લેશમાત્ર પણ સત્સંગ ટકે નહીં. એક પળવારમાં જ બધું ઊડી જાય છે. પુષ્કળ પાણીથી ભરેલું અપાર સરોવર હોય પણ જો તેની પાળી તૂટી જાય, તો બધું જ પાણી સ્રવી જાય છે. એ રીતે નિયમ વિનાનો સત્સંગ તો પાળી તૂટી ગયા પછીના સરોવર જેવો હોય છે. ૯-૧૦.

✵ નિયમ પાળવાથી ફળ :

નિયમ વિનાની જેટલી વાત હોય તે કયારેય સફળ થાતી નથી. પછી ભલે તે બાબત લૌકિક હોય કે અલૌકિક હોય પણ નિયમ વિના તો તે કોઈ સફળ થાતી નથી. ૧૧. જ્યારે અપાર ભાગ્ય ઉદય થાય ત્યારે ડાહ્યો મનુષ્ય પોતાનો વર્તન-વ્યવહાર નિયમમાં રાખે છે. ભાગ્યહીન માણસને નિયમ ગમતા નથી. ચક્રવર્તી રાજા હોય તેપણ નિયમ વિના એક પળવારમાં દુઃખી થઈ શકે છે. ૧૨. ભવ, બ્રહ્મા અને ઈંદ્ર પણ નિયમ રહિત હોય તો તેઓ પણ દુઃખી થાય છે. તેમાં સામાન્ય માણસની તો વાત જ શી કહેવી ? તે અમે વિચારી જોયું છે. ૧૩. ઈશ્વરની વાત અલગ છે અને સામાન્ય માણસની

વાત અલગ છે. ક્યાં સૂર્યનો પ્રકાશ ? અને ક્યાં કરોડો આગિયા જીવડાં ? ૧૪. અપાર તારાઓની આગળ ચંદ્રમા ઘણો મોટો દેખાય છે અને ઘણો શોભે છે. પણ તે ચંદ્રમા સૂર્યની આગળ તો નિસ્તેજ જ દેખાય છે. સૂર્યની આગળ તેનું સામર્થ્ય કાંઈ ચાલતું નથી. ૧૫. એક એકથી અધિક હોય એવા મોટા મોટા દેવો પણ પરમેશ્વરની સેવા કરે છે અને ત્યારે જ પરમેશ્વર તેમને કાંઈક સામર્થ્ય આપે છે. ૧૬.

✻ ભગવદાશ્રય તથા સેવાનું ફળ :

કોઈ મોટા રાજામાં જે અતિ આશ્ચર્યકારી સામર્થ્ય દેખાય છે તે સામાન્ય માણસની તો કલ્પનામાં પણ ન આવે; એવો તે રાજા મહા બુદ્ધિમાન હોય છે. ૧૭. તે બધું જ સામર્થ્ય પરમેશ્વરનું છે. તે પરમેશ્વરનું સામર્થ્ય ઘણીવાર રાજામાં દેખાય છે. જે આશ્ચર્યમય સામર્થ્ય કે શક્તિ દેખાતી હોય છે તે જીવથી ક્યારેય થઈ શકે જ નહીં. ૧૮. જે રાજાથી પ્રજાને અપાર સુખ મળતું હોય છે તેપણ પરમેશ્વરનું જ સામર્થ્ય જાણવું અને જેનાથી અનેક પ્રકારનું દુઃખ આવતું હોય, તો તે પરમેશ્વરનું સામર્થ્ય ન જાણવું. ૧૯. અનેક લોકોને દુઃખ ઉપજાવે ત્યાં તો અધર્મનું કે પાપનું સામર્થ્ય કહેવાય. મનુષ્ય જ્યારે પાપમય બને છે ત્યારે તે અતિ દુઃખને પામે છે. ૨૦.

ઉનાળામાં લૂ ચાલતી હોય ત્યારે ધોધમાર વરસાદ વરસવાથી જેમ અતિ શીતળતા-શાંતિ થઈ જાય છે તેમ જીવ જ્યારે પરમેશ્વરનું શરણ લે છે ત્યારે તેનાં દુઃખ માત્ર શમી જાય છે, ટળી જાય છે. ૨૧. તે રીતે જ જ્યારે મનુષ્ય સુખને માર્ગે ચાલે છે ત્યારે તે બધા સુખને પામે છે. સુખને માર્ગે ચાલ્યા વિના તો માણસ પોતાને હાથે-જાણીને જ દુઃખને પામે છે. ૨૨. અત્યારે જે જીવ સત્સંગનો યોગ કરે છે તેના સંસારના અનંત રોગ મટી જાય છે. આવો સમય ક્યારેય આવ્યો નથી. તે જો સ્વયં હૃદયમાં વિચારી જુવે તો તેને તે સમજાય છે. ૨૩. જો કોઈ ગબડગંડ સત્સંગ કરતો હોય તો તેને આ કશી ખબર પડે નહીં. જેને સત્સંગ છે અને તે જો તેનો વિચાર કરે તો તેનો અલૌકિક મોક્ષ થાય છે. ૨૪.

સત્સંગ અથવા કુસંગમાં જો જીવ પડે તો તેને અહિંયાં શું ફળ મળે છે ? તો જગતમાં હરિભક્તને સત્સંગથી અતિ લાભ થાય છે અને કુસંગીને ઘણું નુકશાન થાય છે. ૨૫. નુકશાનીમાં પણ જે મનુષ્ય લાભ માનતો હોય તે તો અબૂજ કહેવાય. જેને દિવસે પણ દેખાતું ન હોય તે રાતે શું જોવાનો છે ? ૨૬. જીવનો મોક્ષ કરવારૂપ પ્રયોજન માટે આ મનુષ્યદેહ મળ્યો છે, તે પ્રયોજનને જ જીવ ભૂલી જાય છે અને દેહનાં પોષણને જ જીવનનું ખરું પ્રયોજન માની બેસે છે. ૨૭. જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં બધે દેહનું જ પોષણ કરે છે. ત્યાં ભગવાનનું ભજન થાતું નથી. ભગવાન સિવાયનું બીજું કાંઈ દુર્લભ નથી. ૨૮. જે મનુષ્ય સત્સંગ કરે છે તેને માટે આ અમૂલ્ય અવસર છે. સત્સંગ વિનાનું માણસનું ચાતુર્ય તો એકડા વિનાના મીંડા જેવું છે. ૨૯. સત્સંગ સિવાયનું કરોડગણું ચતુરપણું પણ મોક્ષમાં મોટું વિઘ્નકારી છે. ધ્રુવનું પદ મળવાથી પણ શું થયું ? કાળનું વિઘ્ન તો ત્યાં સુધી આવે છે. ૩૦.

જેનો મહાપ્રલયમાં વિનાશ થતો હોય છે ત્યાં સુધીનું બધું અતિ વિઘ્નરૂપ કહેવાય છે. ચાર પ્રકારના પ્રલય સુધીના જેટલા વિઘ્નો છે તે સત્સંગ વિના છૂટતા નથી. ૩૧. જીવ પ્રલયના દુઃખને રાત-દિવસ સહન કરતો જ રહે છે છતાં કોઈ રીતે તેનો ત્રાસ તેને લાગતો નથી. સત્સંગ કરવાથી જ્યારે જીવ શુદ્ધ થાય છે ત્યારે તેના અંતરપટ ખુલી જાય છે. ૩૨. અને ત્યારે જ સંતોમાં અને હરિભક્તોમાં ભાવ જાગે છે તથા પછી સેવા કરવાનો ઉત્સાહ થાય છે. કદાચ સત્સંગ મળી જાય પણ સેવા ન મળે. સેવા એ તો મોક્ષપદ કહેવાય છે. ૩૩.

सेव करत सत्संग में जेहु, धाम में हम देखत तेहु;
धाम में रहे हम पिरसत सबकुं, नहीं देखेमें आवत तुमकुं...३४

અત્યારે જે સત્સંગમાં રહીને સેવા કરે છે તેને અમે અમારા ધામમાં જ દેખીએ છીએ. અમે ધામમાં રહ્યા થકા જ સહુને પીરસીએ છીએ પણ તે તમને દેખ્યામાં આવતું નથી. ૩૪.

એટલા માટે અમારામાં તમને સહુને વારંવાર પીરસીને જમાડવાની ઘણી ભારે શ્રદ્ધા છે. વર્ણીનું પણ ઘણું મોટું ભાગ્ય છે કે તેઓ સત્સંગમાં

અપાર સેવા કરી રહ્યા છે. ૩૫. આ બધા સંતો અત્યંત નિષ્કામભાવે સત્સંગની સેવા કરે છે. પાર્ષદો, તમારાં પણ અપાર ભાગ્ય છે કે તમે અમારી સેવા કરો છો. ૩૬. તમે બધા જે સેવા કરો છો તે સેવા ભવ-બ્રહ્માને પણ મળતી નથી અને સેવા સિવાય બીજું જે કોઈ ચિંતવે છે તેને તો અત્યંત ભીખારી જાણવો. ૩૭. જેમ કોઈ એક રાજાએ ભિખારણ જેવી સ્ત્રીને રાણી કરી દીધી અને તેને કંચનના મહેલમાં રહેવા આપ્યું. ૩૮. તે રાણીની સેવામાં અનેક દાસ દાસીઓ આપી. અને તેને જમવા માટેના વિવિધ પ્રકારના ભોજન આપ્યા. ૩૯. તેને સોનાનાં અને મોતીનાં ઘરેણાં પહેરાવ્યાં. પણ તે રાણીને રાજમહેલ બંધીખાના જેવો લાગ્યો અને બધું સુખ-સગવડતા સળગતા અંગારા જેવી લાગી. તેમ જેને આ સેવાનો અને સત્સંગનો મહિમા નથી તેને આ બધું મળ્યું હોય તોય ભાગ્ય મનાતા નથી અને બંધીખાના જેવું લાગે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ સંતો વગેરેને પીરસવાની સેવાનું રહસ્ય કહ્યું' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર નવમું : તરંગ - ૯

શ્રીજીમહારાજનાં પરમ ભક્તોનાં નામ કહ્યાં

સર્વજગતના આધાર એવા શ્રીહરિએ સંતો વગેરે સહુ કંસાર જમી રહ્યા ત્યારે તેમને ભાત પીરસીને તેમાં દૂધ અને સાકર આપ્યા. ૧. હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિએ દૂધ તો દમદમાટ રીતે પીરસ્યું. આ પ્રમાણે બુધેજના સહુ હરિભક્તોએ ઘણો જ લાભ લીધો. ૨. શ્રીહરિ બોચાસણમાં અને બુધેજમાં કેટલીએ વાર આવીને ઘણું રહ્યા છે. કેમ જે, તે હરિભક્તો પણ એવા પ્રેમભાવવાળા હતા અને શ્રીહરિની મરજી પ્રમાણે જ રહેતા હતા. ૩. મોરજ ગામ (તા. ખંભાત)ના ગોકુળદાસ ગઢવી તેવા જ હરિભક્ત હતા અને ગુડેલ ગામ (તા. ખંભાત)ના જીભાઈ પણ શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે જ કરતા હતા. ૪. ચરોતરમાં તો તેવા પ્રેમી હરિભક્તો અપાર છે.

બોચાસણના કાશીદાસની તો વાત જ ઓર છે. તેણે શ્રીહરિની સાથે પોતાનું ચિત્ત જોડી દીધું હતું. ૫.

શ્રીહરિ જ્યારે તેને ઘેર આવીને રહેતા ત્યારે તેમને ખૂબ જ આનંદ થાતો હતો. તેમના ઘરમાં જે તેમના પુત્રો અને પરિવાર હતો તે સહુ શ્રીહરિની મરજીને અનસુરીને રહેતા. ૬. કદાચ શ્રીહરિ તેમને પારકે ઘેર વેચી દે તોપણ તે બાબતે તેઓ મનમાં કોઈ સંશય ન કરે, એવા હતા. શ્રીહરિએ ઘણીવાર તેની પરીક્ષા કરી છતાં તેમનો રંગ ખૂબ ચઢતો ને ચઢતો જ રહ્યો હતો. ૭. કાશીદાસભાઈને શ્રીહરિના ઉપર જેવું હેત હતું તેવું શ્રીહરિને પણ તેમના ઉપર હેત હતું.

તેમના જેવા જ સુરતના હરિભક્ત ભાઈચંદ શેઠ હતા. ૮. કાનમ પ્રદેશમાં દોરા ગામના હરિભક્ત કાશીરામ તેવા જ હતા. વડોદરાના કણબી વનમાળી નામે હતા. ૯. સાકરદા ગામમાં પાટીદાર ગણેશ પટેલ સારા સત્સંગી હતા. ઉમરેઠમાં ખેડાવાળ વિપ્રો સત્સંગી હતા. ૧૦. રૂપરામ ઠાકર અને તેમના પુત્ર નંદુરામ, તેમને શ્રીહરિની મરજી પ્રમાણે રહેવામાં જ તાન હતું. એક નરભેરામ અને ગંગારામ પણ તેવા જ સારા હરિભક્ત હતા. ૧૧. નડિયાદમાં નાગર વિપ્ર ગંગારામ અને તેના ભાઈ મોહનલાલ શ્રીહરિની મરજી પ્રમાણે રહેનારા ઉત્તમ હરિભક્ત હતા. ૧૨. ગુજરાતના વહેલાલ ગામના અમીન પાટીદાર જેસંગભાઈ અડગ ટેકવાળા સારા સત્સંગી હતા. ૧૩. ઉત્તર ગુજરાત દંઢાવ્ય દેશમાં કરજીસણ ગામના વિપ્ર નાનાભાઈ મેવાડા ભટ્ટ તેવા જ હરિભક્ત હતા. તેમણે તો શ્રીહરિની સેવામાં પોતાનું શરીર પણ અર્પણ કરીને પોતાનું જીવન સફળ કર્યું હતું. ૧૪. લુણાવાડા પ્રદેશમાં સુથરામ ગામના વિપ્ર વાલજીભાઈ પણ તેવા જ ઉત્તમ સત્સંગી હતા. તેમણે સેવા કરીને શ્રીહરિની બહુવાર પ્રસન્નતા મેળવી હતી. ૧૫.

ઝાલાવાડ પ્રદેશના શિયાણી ગામના શિવરામ ભટ્ટ નામે વિપ્ર હતા તેમણે શ્રીહરિની સેવામાં જ પોતાનું શરીર અર્પણ કર્યું હતું. ૧૬. મેથાણ ગામના અજા પટેલે શ્રીહરિની સેવામાં પોતાનો દેહ અર્પણ કર્યો હતો. તે રીતે જ હળવદ ગામના શિવરામ જાની નામે વિપ્ર શ્રીહરિની સેવામાં તત્પર

રહેતા હતા. ૧૭. કચ્છ દેશમાં ભુજના સુંદરજી સુતાર અને ગંગારામ મલ્લ વગેરે હરિભક્તો શ્રીહરિ પરાયણ થયા હતા. ૧૮. માનકૂવા ગામના દરબાર અદાભાઈ અને કાળાતળાવના સુતાર ભીમજીભાઈ પણ ઉત્તમ સત્સંગી હતા. ૧૯. વર્ષે બે વર્ષે શ્રીહરિ જ્યારે ત્યાં જાય, ત્યારે જ તેમના મનમાં શાંતિ થાતી. હાલાર પ્રદેશના ભાદરા ગામમાં સુતાર વિશ્રામ ભક્ત હતા. ૨૦.

શેખપાટ ગામમાં સુતાર લાલજી ભક્ત હતા. તેઓ હાલાર પ્રદેશમાં ઘણા જ સત્સંગના બળવાળા સમર્થ સત્સંગી હતા. તેઓ શ્રીહરિનો એકસરખો રંગ ધારી રહ્યા હતા. ૨૧. તે પ્રદેશમાં લાલજી સુતારે સર્વે હરિભક્તોને સત્સંગનો પાકો રંગ ચઢાવી દીધો હતો. તે કેવો ? તો શરીર જાય તોપણ સત્સંગ ન જાય. આવા તે બધા હરિભક્તો શ્રીહરિના સ્વરૂપમાં નિષ્ઠાવાન થયા હતા. ૨૨. સોરઠમાં પંચાળા ગામમાં દરબાર ઝીણાભાઈ નામે હરિભક્ત હતા. અગત્રાઈ ગામમાં કડવા પાટીદારમાં પર્વતભાઈ પનારા અને તેમના ગુરુ જેવા ભીમભાઈ મારડિયા, એ બંને અખંડ શ્રીહરિ પરાયણ રહેતા હતા. તેઓ આઠે પહોર શ્રીહરિની મૂર્તિમાં જ વિરામ કરીને દિવ્ય આનંદમાં મગ્ન રહેતા હતા. ૨૩-૨૪.

આહીર રાજાભાઈ, જેઠાભાઈ મેર, ગોવર્ધનભાઈ શેઠ, મયારામ ભટ્ટ. ૨૫. જાળિયા ગામના લુવાણા હીરાભાઈ કે જેણે ઘણા જ પ્રેમથી શ્રીહરિની વારે વારે બહુ સેવા કરી હતી. ૨૬. ધરમપુરના રાણી કુશળકુંવરબાઈ કે જેણે પોતાનું રાજ્ય, હાથી, ઘોડા અને બધો દેશ શ્રીહરિને અર્પણ કરી દીધો હતો. ૨૭. પોતાનો કુંવર પણ શ્રીહરિને સોંપી દીધો અને પોતે શ્રીહરિની મૂર્તિમાં રહ્યા. જો કે શ્રીહરિએ તે બધું તેમને પાછું આપી દીધું હતું. એવા તે ઉચ્ચકોટીના હરિભક્ત થયા હતા. ૨૮. ગોંડલ શહેરના દરબાર હઠીભાઈ તે રાજ્યના મોટા રાજા હતા. તેમણે પોતાનાં રાજ્ય કરતાં પણ શ્રીહરિને મુખ્ય રાખ્યા હતા. અને આપણા સત્સંગમાં તે શ્રેષ્ઠ લખાયા છે. ૨૯. વાળાક દેશમાં ઊના ગામના ગણેશ શેઠ પણ તેવા જ ઉત્તમ સત્સંગી હતા. પીઠવડી ગામના ભગાભાઈ અને મૂળાભાઈ હતા અને તેવા જ એક માવાભક્ત પણ હતા. ૩૦.

ભાલદેશના ધોલેરા બંદરમાં દરબાર પૂંજાભાઈ સારા સત્સંગી હતા. તેમણે પોતાનો બધો ગરાસ શ્રીહરિને અર્પણ કરી દીધો અને સ્વયં શ્રીહરિના દાસ થઈને રહ્યા. ૩૧. કાઠિયાવાડ દેશના કારિયાણી ગામમાં માંચા ખાચર એક અમૂલ્ય ભક્ત હતા અને તેવા જ બોટાદમાં સોમલા ખાચર પણ શ્રીહરિના અનુકૂળ સેવક થયા હતા. ૩૨. તેમણે શ્રીહરિની સેવા રાત દિવસ અખંડ કરી અને દિન પ્રતિદિન તેમના સત્સંગની કળા વધતી જ રહી. જ્યારે તેઓ સંતોના અને હરિભક્તોના દાસ થઈને રહ્યા ત્યારે તેઓ ભક્તોમાં સમર્થ ગણાયા. ૩૩. ભાલ દેશના વટામણ ગામમાં સત્સંગી રતનસિંહ હતા. તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેમનું મન શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન થઈ ગયું હતું. ૩૪. શ્રીહરિની મૂર્તિને જ તેઓ પોતાનું ગામ-ગરાસ વગેરે સર્વસ્વ માનતા હતા. બીજા ગરાસને તો તેઓ તુચ્છ ગણતા. તેઓ આવીને શ્રીહરિની સેવામાં રહ્યા અને પાર્ષદોમાં મુખ્ય ગણાયા. ૩૫.

કૌકા ગામના ક્ષત્રિય ગરાસિયા ભક્ત ગુમાનજી હતા. તેમને જ્યારથી સત્સંગ થયો અને શ્રીહરિ મળ્યા તે દિવસથી તેઓ શ્રીહરિની સેવામાં નિરંતર રહ્યા. ૩૬. ભાલબારા પ્રદેશના ડોઘારી ગામમાં નિવાસ કરીને રહેતા ક્ષત્રિય ભક્ત હમીરભાઈ નામે હતા. તેમને જ્યારે સત્સંગ થયો ત્યારે તેઓ શ્રીહરિના દાસ બની ગયા. ૩૭. પોતાનો ગરાસ વગેરે તજી દઈને શ્રીહરિના સેવક થઈ ગયા. સેવામાં જ અધિક લાભ સમજીને તેમણે જિંદગીભર સેવા કરી. ૩૮. સુંદરિયાણા ગામમાં હેમરાજ નામે શેઠ રહેતા હતા. તેમણે હાલરકી લકડીની જેમ શ્રીહરિની બાંય પકડી. ૩૯. તેમને ત્રણ પુત્ર હતા. તેઓએ પણ તેવી રીતે સત્સંગ ગ્રહણ કર્યો. તેમના આખા કુટુંબે સત્સંગને શિરસાટે કરી રાખ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિના પરમભક્તોનાં નામ કહ્યાં' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર નવમું : તરંગ - ૧૦

થોડા કાઠિયાવાડના ભક્તોને કહીને શ્રીહરિનું દિવ્ય વિચરણ કહ્યું

સારંગપુર ગામના દરબાર જીવા ખાચર એવા હરિભક્ત છે કે તેણે પોતાનો જીવ જ શ્રીહરિને સમર્પિત કરી દીધો છે અને તેમને મનમાં લેશમાત્ર પણ માન નથી. ૧. તેમના જેવા જ તેમના પુત્ર અમરા ખાચર અને વાઘા ખાચર ઉત્તમ સત્સંગી છે. તેઓ સ્વભાવે એકદમ સાધુના જેવા છે. ૨. તેઓ સાધુને કે હરિભક્તને જોઈને જાણે ખુદ શ્રીહરિ પધાર્યા હોય તેમ હેતથી ગદ્‌ગદ કંઠવાળા થઈ જતા અને શ્રીહરિ પધારે ત્યારે પ્રેમવિહ્વળ થઈ જાય તેમાં શું કહેવું ? ૩. તેમને સત્સંગમાં પૂરેપૂરો ભાવ હતો અને સંસારમાં અભાવયુક્ત ભાવ હતો. તેઓ દિન-પ્રતિદિન અધિક અધિક ઉત્સાહથી સત્સંગ કરતા હતા. ૪. અમરા ખાચરના બધા પુત્ર સત્સંગના નોરમાં રહેતા હતા અને વાઘા ખાચરના પણ બે પુત્ર સત્સંગના વ્રતમાન, નિયમ અને વ્યવસ્થા(નોર)માં સરસ રહેતા. ૫. વાઘા ખાચરના નાના પુત્ર જેઠા ખાચર નામે હતા. તેમાં તો તેમના પિતામાં જે સત્સંગના સદ્‌ગુણ હતા તે બધા જ વિશેષ વિકસ્યા છે. ૬.

બોટાદ ગામમાં કાઠી દરબાર હમીર ખાચર હતા. તેઓ બોટાદ પુરના રાજા હતા. તેમને જે દિવસથી સત્સંગ થયો ત્યારથી સત્સંગનો રંગ એકસરખો જ રાખ્યો હતો. ૭. તેમના દાહા ખાચર નામે એક જ પુત્ર હતા. તેમને સત્સંગનો રંગ પોતાના પિતા જેવો જ હતો અને શ્રીહરિ સાથે હેત પણ તેવું જ કર્યું હતું. ૮. શ્રીહરિ તેમને ઘેર જઈને રહેતા ત્યારે તેઓ શ્રીહરિ જેમ કહે તેમ કર્યા કરતા. અને જ્યાં સુધી શ્રીહરિ ત્યાં રહેતા ત્યાં સુધી ખૂબ જ ભાવથી સેવા કરતા હતા. ૯. ઉપરથી વધારે પડતો પ્રેમ દેખાડતા નહીં, પણ તેમના અંતરમાં તો શ્રીહરિના ઉપર અપાર પ્રેમ હતો. તેમના પ્રેમની રીત એવી હતી કે ઉપરથી તેઓ સાધારણ રીતે દેખાતા તેથી બીજા કોઈને તેમના પ્રેમની ખબર પડતી નહીં. ૧૦.

તેઓ દુનિયાની સાથે સામાન્ય રીતે વ્યવહાર રાખતા. તેઓ જેવા અંદર હતા તેવા જ બહાર રહેતા હતા. તપાસ કરીને વ્યવહાર કરતા અને ખોટો

ખર્ચ કરીને ધનનો દુર્વ્યય લગાર પણ કરતા નહીં. ૧૧. કોઈ લોકો પોતાની ખ્યાતિ કરે કે ન કરે તેની દરકાર કરતા નહીં. કેમ જે, તેઓ ક્યારેય જગતની કીર્તિના ભોગી ન હતા, તેમાં તેમને રસ ન હતો. સંતોને માટે જેટલો ખર્ચ થાય તેટલો તેમાં આનંદ માનતા. ૧૨. દાહા ખાચરના એક પુત્રનું નામ ગોદડ ખાચર હતું. તેઓ હંમેશા સત્સંગનો યોગ રાખીને શ્રીહરિનું ભજન કરતા. ૧૩. તેમને સત્સંગમાં વધારે તાન રહેતું અને બીજામાં મંદ તાન હતું. તે એવું જાણપણું રાખતા કે, તેમના ભાવ-સમજણને કોઈ માપી-કળી શકતું નહીં. ૧૪. સંતોની રીત અકળ ગણાય, વર્ણીઓની રીત પણ તેવી જ અકળ હોય છે છતાં પણ સંતોને અને વર્ણીઓને ગોદડ ખાચર વાતચીતમાં પરખી લેતા હતા અને તે પ્રમાણે તાન તોડતા. પરંતુ તેઓ એવા ડૂબીને રહેતા કે, તેમના ભાવ-સમજણને કોઈ કળી શકતું નહીં. ૧૫.

જેની વાતોમાં જેવું તાન દેખાતું તે રીતે તેઓ હેત કરતા અને જેવી સમજણવાળા મનુષ્ય હોય તેની સાથે તેવા રૂપમાં તેઓ સત્સંગ કરતા હતા. ૧૬. બોટાદ ગામના જ દોશી ભગાશેઠ, શ્રીહરિના અનન્ય દાસ હતા. તેઓ શ્રીહરિનાં આજ્ઞાવચનરૂપી પાશમાં બંધાયેલા હતા. બચપણથી જ તેમનાં ઘરમાં ધન, સંપત્તિ અપાર હતી. તેઓ પિતાના પરિવારમાં પોતે એક જ પુત્ર હતા. ૧૭. તેમને ધન-સંપત્તિમાં લેશમાત્ર પ્રીતિ ન હતી પણ સત્સંગમાં વિશેષ પ્રેમ કર્યો હતો. તેમના પિતા ભાઈચંદ શેઠ તેમને વિવિધ પ્રકારના સોનાનાં આભૂષણ ઘણાં પહેરાવતા. ૧૮. પરંતુ ભગાશેઠ તે ઘરેણાંને સર્પ જેવા માનતા. ઘરેણાં પહેરવાથી તેનું મન ક્યારેય ખુશ થાતું નહીં. તેમનો સત્સંગ છોડાવવા માટે તેમના પિતાએ કરોડો ઉપાય કર્યા હતા. ૧૯. ભાઈચંદ શેઠે મોટા મોટા વિદ્યાવાળા (જૈન) સાધુઓ તથા મોટા શહેરોમાં રહેનારા એવા માણસો પાસે જેટલી મંત્રવિદ્યા આદિ હતું, તે બધું કરાવ્યું હતું. ૨૦.

ભગાશેઠનો સત્સંગ છોડાવવા પિતા ભાઈચંદ શેઠે હજારો હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હતો. ભગાશેઠની ઉંમર પંદર વરસની હતી. ત્યારથી તેમણે સત્સંગને પોતાના જીવ સાથે જોડી રાખ્યો હતો. ૨૧. મનુષ્યને મોટો ભય મરણનો હોય છે. ભગાશેઠે વિચાર કરીને તે ભયને પહેલેથી તજી

દીધો હતો. પોતે જાતિથી વણિક હતા. પોતાની નાતમાં પણ મોટા શાહુકાર ગણાતા. ૨૨. સત્સંગ છોડાવવા માટેના તેમના પિતાના કોઈ ઉપાય સફળ ન થયા ત્યારે તે ભગાદોશીને ભાવનગર નરેશની પાસે લઈ ગયા. આતાભાઈ નામે ભાવનગરના રાજા હતા. તેઓ ઘણા બુદ્ધિમાન હતા. ૨૩. ગોહિલ રાજા આતાભાઈ ભાવનગર ગાદીના એક સારા રાજા કહેવાતા. તેમનામાં એક મોટો ધર્મ એ હતો કે 'શરણાગતની રક્ષા કરવી.' કદાચ કોઈ શત્રુ પણ જો શરણે આવે, ૨૪. ભલે તેણે કરોડો અપરાધ કર્યા હોય, શરણે આવ્યો એટલે તે નિષ્પાપ-નિર્દોષ ગણાય. પછી તેની સાથે ક્યારેય દગો કરતા નહીં અને તેના અપરાધોને માફ કરી દેતા. ૨૫. તેમનો શરણાગત રક્ષારૂપ ધર્મ પ્રસિદ્ધ હતો. બધા શત્રુઓ પણ તેના વખાણ કરતા. તે ધર્મના પ્રતાપે તેનાં રાજ્યનો ઉદય ઘણો જ સરસ થયો હતો. ૨૬.

વળી, સાધુરૂપ ભગવાન શ્રીહરિ તેમના રાજ્ય (દેશ)માં નિવાસ કરીને રહ્યા. તે દેશનું પરમ પવિત્ર અને અનુપમ અન્ન-જળ શ્રીહરિ લેતા. ૨૭. જે ધર્મમાં મોક્ષ રહ્યો છે, તે ધર્મે તેમને સહાયતા કરી. શ્રીહરિ તેના દેશમાં ટકીને રહ્યા તેથી તેનું બળવાન શુભ પુણ્યકર્મ કહેવાય. ૨૮. શ્રીહરિ જ્યારે ચારધામની યાત્રા નિમિત્તે તે તે દેશોમાં વર્ણીના વેષમાં વિચર્યા, ત્યારે મોટા મોટા વન અને પર્વતોને તેમણે અમાપ દેખ્યા. મોટા મોટા અજાણ્યા અનેક દેશોને જોયા. ૨૯. કલકત્તા જેવા મોટા મોટા શહેર-પાટણને પણ જોયા. શ્રીહરિએ સોળ ચિહ્નોએ સહિત પોતાના સુખકારી ચરણકમળ જ્યાં જ્યાં મૂક્યાં; તે વન, વૃક્ષ અને પર્વતોને પવિત્ર કર્યા. પશુઓને અને પક્ષીઓને પણ બહુ દર્શન દીધાં, જેટલાં સરોવર અને નદીઓ કહેવાતી, ત્યાં સ્નાન કરીને તે બધાંને પવિત્ર કર્યાં. ૩૦-૩૧.

શ્રીહરિએ અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. જેનો કોણ પાર પામી શકે ? અનંત સિદ્ધોને પોતાનાં દર્શન દીધાં અને તેમને માયાનાં બંધનથી કાયમને માટે છોડાવી દીધા. ૩૨. મોટા રાજાઓએ શુદ્ધ ભાવથી પૂજ્યા. કેટલાકે તો પ્રેમથી પોતાને ત્યાં રાખ્યા. કેટલાક તો શ્રીહરિને રાજપાટ પણ આપવા તૈયાર થયા. પરંતુ શ્રીહરિ તે સહુથી અત્યંત નિઃસ્પૃહી રહ્યા. ૩૩. પૂણાના પેશવા

બાજીરાવે શ્રીહરિની સેવા કરી પણ તેનું પ્રારબ્ધ દોષરૂપ દેખ્યું એટલે ત્યાંથી ચાલી નીકળ્યા અને શ્રીહરિ પ્રેમભાવથી સોરઠ પ્રદેશમાં આવ્યા. ૩૪. ત્યાં ઉદ્ધવજોગી એટલે કે ઉદ્ધવજીનો અવતાર એવા સદ્‌ગુરુ રામાનંદસ્વામી મળ્યા. તે સ્વામી જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે બધા સત્સંગમાં શ્રીહરિ વિચર્યા. ૩૫. દેશેદેશના જે હરિભક્તો હતા તેમણે પોતાના સ્થાનમાં શ્રીહરિને રોકી રાખવાના અનેક ઉપાય કર્યા. સોરઠમાં અને કચ્છ દેશમાં પાંચ પાંચ વર્ષ સુધી રહ્યા. ૩૬.

સંવત અઢારસોને અડસઠના વરસમાં શ્રીહરિ કરિયાણામાં રહ્યા અને પછી ગઢપુર નૃપના સદ્‌ભાગ્યને લીધે ગઢપુરમાં આવીને રહ્યા. ૩૭. પછી રહેવાને માટે ફરીને કચ્છ દેશમાં ન ગયા. બીજા પ્રદેશોમાં ઘણીવાર ગયા. ધરમપુર સુધી ગયા, પણ સ્થિર થઈને-ઘર માનીને તો દરબાર એભલ ખાચરને ઘેર જ રહ્યા. ૩૮. ભાવનગરના રાજાનાં અપાર ભાગ્ય કહેવાય. કેમ જે, જ્યારે હરિભક્તોની ભીડ બહુ રહેવા માંડે ત્યારે શ્રીહરિ ભાવનગર રાજ્યના ગઢપુરમાં છાના-ગુપ્ત રહેતા હતા. જ્યારે જ્યારે મહિનો - બે મહિના ગુપ્તવાસ કરતા ત્યારે ત્યારે વિપ્રની પાસે ભાગવત પુરાણ વંચાવીને, તે સાંભળતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'થોડા કાઠિયાવાડના ભક્તોને કહીને શ્રીહરિનું દિવ્ય વિચરણ કહ્યું'એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર નવમું : તરંગ - ૧૧

ભાવનગર નરેશે સમર્થ ગુરુની પ્રશંસા કરી

આવા ભાગ્યશાળી ભાવનગર નરેશની પાસે ભગાદોશીને સમજાવવા માટે તેમના પિતા ભાઈચંદ શેઠ લઈ ગયા ત્યારે ભાવનગર નરેશે ભગાશેઠને જોઈને તેને હરિભક્ત જાણીને અતિ ભાવથી બોલાવ્યા. ૧. રાજાએ પોતાની પાસે બેસાડ્યા. ઘણી જાતના પ્રલોભનો આપ્યા. પણ ભગાશેઠે સત્સંગને જ અત્યંત સારરૂપ માન્યો હતો. તેથી કોઈ બાબતમાં લોભાયા નહીં. ૨.

※ ભગાશેઠની નિષ્ઠાની સરાહના :

ભાવનગર નરેશે ફેરવી ફેરવીને ઘણી રીતે લાલચ દેખાડી પણ સત્સંગ સરસ રીતે જીવમાં ઊતરી ગયો હતો તેથી ભગાશેઠનાં મનમાં રતીભાર પણ ક્ષોભ થયો નહીં. ૩. રાજાએ સામ, દામ, દંડ અને ભેદની વિવિધ રીતોને અજમાવી પણ તેમની કહેલી બધી જ બાબતોમાં ભગાશેઠ અનાસક્ત જ રહ્યા. કેમ જે, તેમણે સત્સંગને સારરૂપ જાણ્યો હતો. ૪. રાજાએ ઘણા ઉપાય કર્યા પણ જ્યારે ભગાશેઠ લગારેય સત્સંગથી ડગ્યા નહીં ત્યારે રાજાના દીવાન વગેરે મોટા મોટા જે કચેરીમાં બેઠેલા હતા, ૫. તેમને પણ ભગાશેઠની આવી ભારે હિંમત જોઈને ઘણું આશ્ચર્ય થયું અને તે બધા વિચારવા લાગ્યા કે, આવી નાની ઉંમરમાં આટલો શ્રેષ્ઠ સત્સંગ થયો છે ! ખરેખર ભગાશેઠને ધન્યવાદ છે. તેના મોક્ષમાં કોઈ સંદેહ નથી, ચોક્કસ તેનો મોક્ષ થાશે. ૬.

આના ગુરુ પણ ભારે પ્રતાપી છે, જેણે અનેક નરનારીઓને આવા નિર્મોહી કરી દીધા છે. કારણ કે, જેને જેવા ગુરુ મળે તેવા તેના શિષ્ય થાય છે. ૭. ગુરુ છે તે વૃક્ષ કહેવાય છે અને શિષ્ય તેના ફળ અને ફૂલ છે. ફળ, ફૂલના ગુણોને દેખીને વૃક્ષમાં રહેલા ગુણોનો ખ્યાલ આવે છે. ૮. જેનાં ફળ, ફૂલ અમૃત જેવાં હોય તો તે વૃક્ષ પણ અમૃત જેવું જ જાણવું જોઈએ. જેના ફળ, ફૂલ ઝેર જેવાં હોય તો તે વૃક્ષ પણ ઝેર જેવું જ કહેવાય છે. ૯. સંસારમાં પ્રેમ કરાવનારા ગુરુ તો ઘેર ઘેર અપાર દેખાય છે. બ્રહ્માંડમાં જેટલા પ્રાણી છે, દેવ, દૈત્ય, મનુષ્યાદિક તથા પશુ, પંખી, જળજંતુ, કીડીથી લઈને હાથી સુધીના, એ બધામાં સંસારમાં પ્રેમ વિનાના કોઈ જીવ નથી. અને તેને જ ભવબંધન કહેવાય છે. ૧૦-૧૧.

એવી પ્રીતિ જ્યારે ભગવાનમાં થાય ત્યારે જીવની જન્મ-મરણરૂપી વ્યાધી ટળે છે. પરબ્રહ્મ શ્રીહરિ કે સદ્‌ગુરુ વિના બીજા ગુરુને તો પેટનું પોષણ કરવાનું જ એક તાન રહે છે. ૧૨. તેના જે શિષ્યો હોય છે તેમને પણ એક પેટ ભરવાનું જ તાન હોય છે. તે પેટ ભરનારા ગુરુને અને શિષ્યોને પશુના જેવા કહેવાય છે. ૧૩. જ્યાં સુધી ઉદર અને શિશ્નને તૃપ્ત કરવાનું તાન રહે છે ત્યાં સુધી તેમનું રાતદિવસ કહેલું બધું જ્ઞાન તે હાથીના સ્નાન જેવું નિરર્થક છે.

(કારણ કે નાહીને શરીર ઉપર ધૂળ નાંખવી, તે હાથીનો સ્વભાવ છે.) ૧૪. જે દિનપ્રતિદિન ફેલ અને વ્યસન જ વધારે કરતા હોય છે તે જે જ્ઞાનની વાતો કહે છે તેપણ ફેલ અને વ્યસનના પોષણ માટે જ કહેતા હોય છે. ૧૫.

તેવા ગુરુઓ બીજામાં ધનનો કે ચેલાનો લોભ જોઈને તેને મૂળમાંથી ખોદી નાખતા હોય તેમ તેની નિંદા કરતા હોય છે અને જો તે લોભ પોતાને ચોંટે તો જીવોના મોક્ષ કરવારૂપી ઓથ લઈને, ૧૬. તે ગુરુ તે લોભને લેશપણ બાધરૂપ ગણતા નથી. છતાં ગૃહસ્થ શિષ્યને તો હંમેશા ધનનો લોભ બાધરૂપ દેખાડતા રહે છે અને પોતે ગુરુ તો સ્વયં કરોડોના ધનભંડારને રાખે તોપણ તે પોતાને માટે તો મોક્ષરૂપ છે એમ માને છે. ૧૭. ગૃહી શિષ્ય જેટલો ખર્ચ પોતાના દીકરા-દીકરીના વિવાહમાં કરે છે તેટલું ધન ગુરુને માટે કાંઈ આપતો નથી, એટલે શિષ્યનાં ઘરમાં જેટલું ધન હોય તેને લોભ જાણવો એમ ગુરુ કહે છે. ૧૮. ગૃહસ્થ શિષ્ય સ્ત્રીને માટે અને પુત્ર આદિને માટે ઘરેણાં કરાવે છે અને તેમને માટે મકાન કરાવે છે. તેમાં કરોડો રૂપિયા ખર્ચે છે, તેમાં વાર નથી લગાડતો. ૧૯. એવું ખર્ચ કરવાનું તાન જ્યારે ગુરુ માટે થાય ત્યારે તેને જમ લેવા માટે ક્યારેય આવતા નથી. ગુરુને જે ધન આપે તેમાં ધર્મ અને નિયમ વગેરે બધું જ આવી જાય છે. ધર્મ નિયમ આદિ કાંઈ ગુરુથી જૂદું ન જાણવું જોઈએ. ૨૦.

ગુરુને જે ધન આપવું, તેમાં જ તીર્થ, વ્રત, તપ, યોગ અને યજ્ઞ વગેરે બધાં જ સાધન સંપૂર્ણપણે આવી જાય છે. આવું ખોટું જ્ઞાન, મોક્ષના દાતા ગુરુ સિવાયના જે બીજા ગુરુઓ છે, તેઓ બધા લોભને વશ થઈને કહેતા હોય છે. ૨૧. જે સ્વામિનારાયણના સાધુ હોય છે તે ક્યારેય ધન લેવા માટે આવો ઉપદેશ કરતા નથી. તેઓ રાત-દિવસ સ્ત્રી, ધન અને રસાસ્વાદની ખોદણી-નિંદા કરતા રહે છે. ૨૨. પોતે જેવી રીતે ધર્મ પાળતા હોય છે તેવી રીતે ધર્મ પાળવાનું લોકોને કહી બતાવે છે. માટે જે મોક્ષભાગી મુમુક્ષુ જીવ હોય તે તેમના શિષ્ય થાય છે. ૨૩. **સ્વામિનારાયણના સંતો સ્ત્રીમાત્રને પોતાની આંખોથી જોતા નથી. તે સંતો આ બ્રહ્માંડના નથી. તેમને ભગવાનનાં ભજન સિવાય બીજું કોઈ વ્યસન નથી. ૨૪. દુનિયાના બીજા જે સંતો છે તે**

તો ધનને અને નારીને જોઈ રહે છે. તેઓ તો તે બંનેને મોક્ષરૂપ માનતા હોય તેવું દેખાય આવે છે. આવો ભાવનગર નરેશના દિવાન આદિ માણસોએ મનમાં વિચાર કર્યો. ૨૫.

ભાવનગર નરેશે ભાઈચંદ શેઠને કહ્યું, શેઠ ! સ્વામિનારાયણે તમારા પુત્રની પાસે ધન અને નારીનો ત્યાગ કરાવ્યો નથી. તે બંનેનો જ્યારે ત્યાગ કરાવે ત્યારે અમને આવીને તમે ફરિયાદ કરજો. ૨૬. શેઠ ! હવે તમે જઈને તમારા દેવને ભજો. અમારે તમારા પુત્રને શું કહેવું ? તેમણે કાંઈ તમારાં ધનને લુંટાવ્યું નથી. ૨૭. જ્યારે તમારો પુત્ર તેના ગુરુને જઈને ધન આપી દે ત્યારે તમે અમને કહેજો. અમે તમને મદદ કરશું. ૨૮. પછી ભાવનગર ઠાકોર સાહેબે ભગાશેઠને કહ્યું, તમારા પિતાનું જે ધન છે તેને કોઈની પાસે લુંટાવી ન દેશો. કારણકે, તમારા પિતાનાં મનમાં આ બાબતનો એટલો ભય રહે છે. ૨૯. ત્યારે ભગાશેઠે ઠાકોર સાહેબને કહ્યું, અમારા ગુરુ બીજા ગુરુઓના જેવા ધન લૂંટનારા નથી. તેઓ તો પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધીના ધન અને નારીની તો અત્યંત નિંદા કરે છે. ૩૦.

ધન અને નારીના પ્રસંગથી જેને જેને કલંક લાગ્યા છે, તેને તો તેઓ વારંવાર અમારી આગળ સંભળાવે છે. તેઓ ધન અને સ્ત્રીમાં ક્યાંથી ફસાય ? અમને અમારા ગુરુનો પૂરો વિશ્વાસ છે. ૩૧. ત્યારે ઠાકોર સાહેબે કહ્યું, જેનો એકવાર વિશ્વાસ આવી જાય પછી તેનો અભાવ-અવગુણ આવતો નથી. પણ કળીયુગમાં સ્ત્રી-ધનના ત્યાગી ગુરુ કોઈ દેખ્યા નથી. કદાચ પહેલા ત્યાગ બતાવે પણ અંતે ધન વિના રહે નહીં. ૩૨. ગુરુ પહેલા તો ધનનો ત્યાગ રાખે છે. ત્યાગ રાખે ત્યારે લોકોને તેમાં ભાવ ઉપજે છે. જો પહેલાંથી જ ધનને માગે, તો કોઈ લોકો તેને ધીરે નહીં, તેનો વિશ્વાસ કરે નહીં. ૩૩. અમારા માનવા પ્રમાણે તો તેઓ લોભને લીધે જ આવા દેખાય છે. જ્યારે સમર્થના જેવી રીત અપનાવે ત્યારે તેને બાધ લાગે નહીં. ૩૪.

જે સમર્થ હોય છે તે લોભમાં લેશમાત્ર પણ બંધાતા નથી. તેઓ જે જે કરે છે તે બીજાના ઉપદેશ માટે હોય છે. સમર્થના વચનમાં મોક્ષ રહ્યો છે, આટલી વાતમાં બધું જ આવી ગયું છે. ૩૫. ભગવાન વામન કેવા નિર્લોભી

થઈને ગયા હતા ! તેમને દેખીને બલિરાજાને પણ ઘણો ભાવ થયો હતો. વામનજીએ જેમ જેમ નિર્લોભીપણાંની વાત કહી તેમ તેમ બલિ વધારે દાની થઈ ગયા. ૩૬. બલિના ગુરુ શુક્રાચાર્યે તેને વામનજીની બધી વાત પ્રગટ કહી દીધી હતી છતાં કોઈ રીતે બલિ ચલિત થયા નહીં. ૩૭. ભગવાન વામને સરસ નિર્લોભી વચન કહીને બલિનું ચિત્ત એવું હરિ લીધું હતું કે, પછી જેવું ધાર્યું હતું તેવું કર્યું અને સ્વર્ગથી પાતાળ સુધીનું બધું હરી લીધું. ૩૮.

બલિરાજાએ પણ વામનજીને સત્પાત્ર સમજીને તથા બધું જ આ વામનરૂપ શ્રીહરિનું જ છે એમ જાણ્યુ અને આપણે વગર વિચારે આપણું માનીએ છીએ તે બધી ભૂલ જ છે. એમ જાણી-વિચારીને પોતાના શરીર સુધ્ધાંનું દાન કર્યું. ૩૯. બલિની ધીરજ જોઈને ભગવાને તેને ધન્યવાદ કહ્યા. હવે તારે કોઈનો ભય નથી. મારે માટે તું દેવતાઓ કરતાં પણ અધિક છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ભાવનગર નરેશે સમર્થ ગુરુની પ્રશંસા કરી' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર નવમું : તરંગ - ૧૨

બુધેજથી ચાલેલા શ્રીહરિએ ગાયોને અને ગોવાળોને દિવ્ય દર્શન આપ્યાં

શ્રીહરિની પાસે શરૂઆતમાં જે સંતો થયા હતા, તેમજ પ્રથમ જે હરિભક્તો થયા હતા. તે સહુની શ્રીહરિએ અનેક રીતે દૃઢતા તપાસી હતી. ૧. શ્રીહરિએ તે બધાની દૃઢતા જેમ જેમ ચકાસી તેમ તેમ તે સંતો-ભક્તો વધારે બળવાન બનતા ગયા. શ્રીહરિનાં ભગવાનપણાનો નિશ્ચય વધારે દૃઢ થયો અને તેમણે તન, ધન વગેરે બધું શ્રીહરિ માટે કુરબાન કરી દીધું. ૨. દરબાર એભલ ખાચરનાં કુળમાં તેમના પુત્ર દાદા ખાચર સહિત જે જે હરિભક્ત થયા તે બધા દરિયાવ દિલના સર્વોત્તમ થયા. ૩. તેમની સહનશક્તિને દેખીને

શ્રીહરિ તેમનાં ઘેર રહ્યા. તેમના એટલા મહાન ગુણ દેખ્યા કે તેમની તુલનામાં બલિરાજા અને હરિશ્ચંદ્ર રાજા પણ કાંઈ કહેવાય નહીં. ૪.

બલિ, હરિશ્ચંદ્ર, શિબિ, રંતિદેવ, કૌશિક, પ્રહ્લાદ, ધ્રુવ, પ્રિયવ્રત, પૃથુ આદિ ઘણા ગુણવાન હતા. અંબરીષ, જનક, ભરત વગેરે સમર્થ, ધીરજવાળા અને દાની હતા. રામચંદ્રજી, લક્ષ્મણ, સીતા અતિશય ધૈર્યવાન ચિત્તવાળા હતા. પાંડવો, દ્રૌપદી, કુંતાજી, બલિની પત્ની વિંધ્યાવલી અને દધીચિ, એ બધા અત્યંત ધીર, ગંભીર અને પરોપકારી હતા. ૫-૭. તેમજ અનંત ધૈર્યશાળી, દાનેશ્વરી અને અત્યંત બળવાન અન્ય જે રાજાઓ થયા છે. તે બધાના જેટલા ગુણ હતા તે બધા ગુણ દરબાર એભલ ખાચરના પુત્ર દાદા ખાચરમાં હતા. ૮. **શ્રીહરિએ તેમની ત્રીશ (?) વરસ સુધી પરીક્ષા લીધી. અનેક પ્રકારના કષ્ટ પણ તેમને દીધાં. શ્રીહરિ જેમ જેમ વધારે કષ્ટ આપતા તેને તેઓ તેમ તેમ શ્રીહરિની વધારે કૃપા માનતા હતા. ૯. તેમનો સત્સંગનો રંગ દિનપ્રતિદિન ચઢતો ને ચઢતો જ રહ્યો. કોઈ રીતે મનને ચલાયમાન થવા દીધું નહીં. ત્યારે શ્રીહરિ તેમના ઉપર એવી રીતના અધિક પ્રસન્ન થયા કે, તેમને પ્રેમથી પોતાના કુટુંબ (ધર્મકુળ) કરતા પણ અધિક માન્યા. ૧૦.**

કદાચ આ બ્રહ્માંડનો કરોડોવાર વિનાશ થાય છતાં દાદા ખાચરની કીર્તિનો વિનાશ થાય નહીં. તેમની તે કીર્તિને વિસ્તારવાને માટે તો તેમનાં ઘરને જ શ્રીહરિએ મંદિર બનાવ્યું. ૧૧. પછી શ્રીહરિએ વિચાર કરીને મોટું મંદિર બાંધીને સુખકારી શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ પધરાવી. દાદાખાચરના પુત્ર, તેના પુત્ર અને તેના પણ પુત્રની જે વંશ પરંપરા આગળ ચાલે, ૧૨. તેમના જેટલા કુટુંબી, જીવા ખાચર અને મૂળુ ખાચર, તેમના પુત્ર અને તેમના પણ પુત્ર તે બધાએ સત્સંગ રાખ્યો. ૧૩. એ બંનેના પરિવારમાં જે જે સત્સંગને રાખશે, તેમનો મોક્ષ તે રીતે જ થાશે. તેમાં લગારેય સંદેહ નથી. ૧૪. જે જે દરબારોએ સેવા કરી છે અને શ્રદ્ધાભાવથી પૂજા કરી છે અને શ્રીજીમહારાજની પોતાને ઘેર પધરામણી કરી છે, ૧૫. તેમના પરિવારના જે વંશજો પૂર્વજોના જેવો તે પ્રમાણે જ જો સત્સંગ રાખશે અને ધર્મવંશને અને સંતોને જો તે પૂજશે તો તે બધાનો ઉદ્ધાર-મોક્ષ થાશે. ૧૬.

બુધેજના સત્સંગી દરબાર ખોડાભાઈ આદિ હતા. તેમના પિતાજી ત્રણ ભાઈ હતા અને તેનો પરિવાર ઘણો જ હતો. ૧૭. તે બધાએ સત્સંગ કર્યો હતો. ધર્મવંશ અને સંતોની પૂજા કરતા હતા. જેવી ભાવનાથી તેઓ પૂજા કરતા હતા તેવો તે બધાનો મોક્ષ થયો. ૧૮. તે બુધેજના દરબારોએ પોતાના ઘેર ઘેર દરેકે થાળ કરાવ્યો અને શ્રીહરિ તેમનો પ્રેમ જોઈને તેમના ઘરે થાળ જમ્યા. મુકુંદાનંદ વર્ણી નિરંતર શ્રીહરિની સાથે રહેતા હતા. તેમણે તે થાળ કર્યા હતા. ૧૯. કદાચ ક્યારેક વર્ણી સાથે ન હોય તો શ્રીહરિ પોતાને હાથે પ્રેમથી રસોઈ બનાવી લેતા હતા. શ્રીહરિ સરસ રીતે રસોઈ બનાવતા. એવો તાલ તો કોઈ રીતેય આવતો જ નહીં. ૨૦.

ધર્મવંશી વિપ્ર જે દિવસથી આવ્યા ત્યારથી તો શ્રીહરિ તેમની પાસે રસોઈ કરાવતા હતા. રામપ્રતાપજી અને ઈચ્છારામજી, એ બે ભાઈનો જેટલો પરિવાર તે બધો ધર્મવંશી કહેવાય. ૨૧.

तामें धर्मवंशी के धर्म हि जितने, रखे सो धर्मवंशी तितने;
श्रीहरि एसे आप हि कीने, धर्म विन धर्मवंशी न कोउ दीने...२२

તેમાં પણ જે ધર્મવંશીના ધર્મને પાળતા હોય તેટલા જ ધર્મવંશી છે. જે ધર્મે રહિત હોય તે કોઈ દિવસ ધર્મવંશી ન કહેવાય, આવું શ્રીહરિએ પોતે કહ્યું છે. ૨૨. ધર્મવંશીઓનો સત્સંગની સાથે નાતો તો ધર્મે કરીને છે. સંતો, વર્ણી અને પાર્ષદો, બાઈ-ભાઈ સત્સંગી બધાનો નાતો ધર્મે કરીને જ છે. ૨૩. સત્સંગ પણ ધર્મને લીધે જ કહેવાય છે અને પ્રગટ શ્રીહરિનો નિશ્ચય તે તો જીવ સમાન છે. શ્રીહરિ બુધેજમાં એક રાત રોકાયા. પછી ત્યાંથી ચાલ્યા. હરિભક્તોને પોતાની મૂર્તિનું અતિ સુખ આપ્યું. ૨૪.

જરીમય સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીજીમહારાજ બેઠા. શ્રીહરિએ પોતાના અંગ ઉપર પણ જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. પછી અશ્વને ઘણો જ વેગથી દોડાવ્યો. ૨૫. શ્રીહરિ આગળ હતા અને બધી સવારી પાછળ રહી ગઈ હતી અને બધા રથ તે સવારીની પાછળ હતા. તેની શોભા અવર્ણનીય હતી. ૨૬. શ્રીહરિએ પોતાના અશ્વને લગભગ એક કોશ (૩ કિ. મી.)

સુધી દોડાવ્યો. માર્ગ ઘણો સુંદર હતો. તેને દેખીને શ્રીહરિ ખુશી થયા હતા. ૨૭. રસ્તામાં એક નાનું તળાવ આવ્યું, પણ તેમાં પાણી ન હતું. ત્યાં કૂવો હતો. ભક્તજનપ્રતિપાલક શ્રીહરિએ તે કૂવામાં પાણી દેખ્યું. ૨૮. તે તળાવથી આગળ ચાલ્યા. જ્યાં ગુડેલ ગામ જવાનો માર્ગ હતો. ત્યાં દૂર સુધી ગાયોનું ધણ ચરતું હતું. શ્રીહરિને દેખીને તે ગાયો ખુશ ખુશાલ થઈ ગઈ. ૨૯. ચરતી ગાયોનાં મોઢામાં ઘાસ હતું અને શ્રીહરિની સન્મુખ તે બધી દોડી આવી. તે સમયે બધી ગાયોએ કાન અને પૂછ ઊંચા લીધેલા હતાં. ૩૦.

ગાયોને ગોવાળોએ રોકી, છતાં તે કોઈ રોકાણી નહીં. ગોવાળોના શબ્દને પણ સાંભળ્યા નહીં. ગાયો રસ્તાની બંને બાજુએ આવીને કતાર થઈને ઊભી રહી. ૩૧. હરખના હિંસોરા કરતી તે ગાયો ઊભી રહી અને મટકું માર્યા વિના, એકીટશે-સ્થિર આંખોથી શ્રીહરિની સામે દેખતી રહી. શ્રીહરિએ પણ રસ્તા વચ્ચે ઊભા રહીને બધી ગાયોને હેતથી દર્શન દીધાં. ૩૨. જ્યારે બે ઘડી સુધી તે સર્વે ગાયોએ શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે દર્શન થવાથી જેમ ભૂખ્યાને તૃપ્તિ થાય તેમ તેમનું ભૂખ્યું દિલ તૃપ્ત થયું. પછી ગાયોએ કાન અને પૂછ નીચાં કર્યા. તેઓ શાંત થઈ અને તેમનું અંતર ઠર્યું. ૩૩. ગાયો જ્યારે બહાર દેહભાનમાં આવી ત્યારે શ્રીહરિને સવારીની સાથે જોયા. આ બધું જોઈને ગોવાળોના મનમાં ઘણું જ આશ્ચર્ય થયું. કેમ જે, ગોવાળોને માટે આ બાબત એકદમ નવી જ હતી. ૩૪.

ગોવાળોએ શ્રીહરિને બંને હાથ જોડ્યા, પગે લાગીને બોલ્યા, હે સમર્થ પ્રભુ ! આપ અમારી વિનતિ સાંભળો. હે સ્વામી ! આપ બીજા મનુષ્યના જેવા નથી. અમે તો આપને અંતર્યામીનાં રૂપમાં જોઈ લીધા છે. ૩૫. બધી દુનિયા આપને જાદુગર કહે છે, પણ તેમને આપના જાદુનું કાંઈ ભાન નથી. માણસમાં જે જાદુ હોય છે, તેવો આપનો જાદુ નથી. ૩૬. ગોલોકવાસી શ્રીકૃષ્ણમાં જેવો જાદુ હતો તેવો જાદુ આપમાં છે કે જેનાથી આપ આખા બ્રહ્માંડની રચના કરો છો. ૩૭. આપે ગોકુળમાં પ્રગટ થઈને આશ્ચર્યકારી ચરિત્ર કર્યાં હતાં. તે જ આપ અત્યારે પ્રકટ થઈને લોકોને સુખ આપવા માટે ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છો. ૩૮.

ત્યારે શ્રીહરિએ ગોવાળોને કહ્યું, અમે તો સાધુ લોકો છીએ. શ્રીકૃષ્ણનું ભજન કરીએ છીએ. તમને જે આશ્ચર્ય દેખાયું છે તે તો શ્રીકૃષ્ણનો પ્રતાપ છે. ૩૯. ત્યારે ગોવાળોએ કહ્યું, દુનિયામાં બધા જ નર અને નારીઓ શ્રીકૃષ્ણનું ભજન કરે જ છે. પણ હાલ અમે આપના જેવો પ્રતાપ કોઈમાં દેખ્યો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ બુધેજથી ચાલ્યા અને રસ્તામાં ગાયો અને ગોવાળોને આશ્ચર્યકારી દર્શન દીધાં' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર નવમું : તરંગ - ૧૩

ગુડેલથી મીતલી આવીને શ્રીહરિએ સહુને કેળાની રસોઈ જમાડી

ગાયોને ચરાવતા ગોવાળો શ્રીહરિને શરણે આવ્યા. સત્સંગનાં વ્રતમાન-નિયમોને ધારણ કર્યાં. પોતે જે બીજમાર્ગમાં હતા, તેને છોડી દીધો અને સદાચારને વ્યવસ્થિત પાળવા લાગ્યા. ૧. શ્રીહરિ **ગુડેલ** ગામ (તા. ખંભાત) આવ્યા. હરિભક્તો સન્મુખ આવીને સહુ પગે લાગ્યા. હૃદયમાં હેત સમાતું ન હતું. ૨. જીભાઈ આદિક બધા હરિભક્તો ફૂલહાર અને શ્રીફળ લાવ્યા હતા. તે ભેટ મૂકીને પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૩. ગામને દરવાજે આવ્યા. ત્યાં શ્રીહરિ ઊભા રહ્યા. તે સમયે બધા અશ્વોને તળાવમાં પાણી પાયું. ૪. ગામના જે હરિભક્તો હતા, તેઓ સુખડીનાં લાડુ બનાવીને ત્યાં ગામની બહાર લાવ્યા અને સહુને તે બબ્બે લાડુ અપાવ્યા. ૫. સંઘમાં જે વર્ણીઓ અને વિપ્રો હતા, તેમને પહેલા લાડુ આપ્યા અને પછી સંતોને તથા પાર્ષદોને બોલાવીને તે લાડુ આપ્યા. ૬.

શ્રીહરિની સાથે જે ઘોડે સવારો હતા, મોટીબાની સાથે જે બાઈઓ હતી, તે બધાને બબ્બે સુખડીના લાડુ આપ્યા. ૭. જે હરિભક્તોની પાસે ભાતું ન હતું તેમને પણ લાડુ આપ્યા. તે લાડુ બધાને આપતા જે વધ્યા તે લાવીને શ્રીહરિની આગળ ધર્યા. ૮. ત્યારે શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, હવે

આટલા લાડુ તમે પ્રસાદીના રૂપમાં રાખો. પછી તે સહુ હરિભક્તોએ તેમાંથી એકેક લાડુ પ્રસાદીનો લીધો. શ્રીહરિએ સહુ સંઘને આગળ ચાલવાની આજ્ઞા કરી. ૯. એભલ ખાચર, જીવા ખાચર અને ગોંડલ નરેશ ઠાકોર હઠીભાઈ વગેરે જે દરબારો શ્રીહરિની સાથે હતા, તેમને સુખડીનું ટીમણ આપીને પૂરું ન કર્યું. ૧૦.

દરબાર જીભાઈ રાજાઓની રીતને જાણતા હતા. એટલે તે દરબારો માટે ભાત અને ઘઉંના રોટલા બારેક જેટલા ઘણા પ્રેમથી કરાવ્યા અને તે બધું ત્યાં ગામ બહાર લઈ આવ્યા. ૧૧. તળાવની પાસે ઝાડનો સરસ છાયો હતો. શ્રીહરિ ત્યાં બેઠા હતા. દૂધ અને દહીંના ભરેલા ઠામ પણ લાવ્યા અને ત્યાં દરબારોની પંગત કરી. ૧૨. તે દરબારો પોત પોતાની સેવામાં જે વાળંદને લાવ્યા હતા, તે બધા પોતપોતાના રાજાને પીરસવા લાગ્યા. ૧૩. સહુને અરધો અરધો ઘઉંનો રોટલો, પોશ ભરીને ભાત અને એક એક વાટકો દૂધ આપ્યું અને રુચિ પ્રમાણે સાકર પણ આપી. ૧૪. સહુ દરબારો દૂધ, ભાત અને સાકર જમ્યા. પછી એકેક વાટકો દહીં, થોડો થોડો ભાત અને સાકર પણ જમવા લીધા. ૧૫.

તે વેળાએ શ્રીહરિ કૂવે ગયા અને ત્યાં સ્નાન કર્યું. હરિભક્તો બુદ્ધિ માન હતા. તેમણે શ્રીહરિની રુચિ પ્રમાણે બધું કર્યું. ૧૬. ઘણા સરસ પૌંવા, દૂધ અને સાકર લાવ્યા. પૌંવાને સાકર નાખેલા દૂધમાં પલાળ્યા. પૌંવા તરત નરમ થઈ ગયા. એટલે શ્રીહરિએ ભગવાનને તરત નૈવેદ્ય ધરાવ્યું. ૧૭. પછી શ્રીહરિએ તત્કાળ જમી લીધું. આ રીતે હરિભક્તોએ બહુ જ સેવા કરી. બરાબર તે જ સમયે ખંભાતના કેળાનાં વેપારી કેળા લઈને વેચવા આવ્યા. તે દેખીને દરબારો બહુ રાજી થયા. શ્રીહરિએ દરબારોની ઈચ્છા જોઈને દરબારની પાસે કેળા લેવડાવ્યાં. ૧૮-૧૯. જેને જેટલી રુચિ હતી તેટલા કેળા ખરીદાવ્યા. તેની રીત પ્રમાણે વેપારીને કેળાની કિંમત અપાવી દીધી. ૨૦.

એક પૈસાના બે કેળા, એમ ભાવ કરીને દસ મણ જેટલાં કેળાં લીધાં. દરબાર જીભાઈએ એક બળદ ગાડીમાં તે ભરાવી દીધા. ૨૧. **આ રીતે ગુડેલના હરિભક્તોને રાજી કરીને શ્રીહરિ પ્રસન્નતાથી ત્યાંથી આગળ ચાલ્યા.**

પોતે બધા જ વસ્ત્ર જરિયાની પહેર્યાં હતાં અને અશ્વને પણ જરીમય સાજથી શણગાર્યો હતો. ૨૨. શ્રીહરિની આવી મૂર્તિનાં દર્શન કરીને હરેક ગામના ભક્તો તૃપ્ત થતા નહીં. બધા લોકો પૂજા લઈને આવતા ત્યારે શ્રીહરિને જોઈને સહુને ખૂબ ભાવ થતો. ૨૩. આ રીતે આગળ જતા રસ્તામાં **રોણ** ગામ (તા. ખંભાત) આવ્યું. તે ગામના જે લોકો હતા તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં અને તેમાં જે હરિભક્તો હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૪. તેમણે શ્રીહરિને ફૂલના હાર લાવીને પહેરાવ્યા. ચરણોમાં શ્રીફળ મૂક્યાં અને દંડવત્પ્રણામ કર્યાં. ૨૫.

જે સામે આવ્યા હતા તે બધા હરિભક્તોને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર શોભતું હતું અને સાથે અસ્વારી હતી. ૨૬. ગુડેલના માર્ગને નજીક રોણ ગામનું એક તળાવ હતું. તેની પાસે જ એક કૂવો હતો. ત્યાં જઈને શ્રીહરિએ તે કૂવાનું પાણી પીધું. ૨૭. બધી અસ્વારીના માણસોએ પણ ત્યાં આવીને પાણી પીધું પછી ત્યાંથી ચાલતા થયા. આગળ જતા **મીતલી** ગામ (તા. ખંભાત) આવ્યા. ૨૮. ગામમાં જે ભાવિક લોકો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. જેઓ ભાવનાથી આવ્યા હતા તેમને શ્રીહરિએ હેત કરીને બોલાવ્યા. ૨૯. જે સંઘ આગળ ચાલ્યો હતો તે **મીતલી** પહોંચ્યો. ત્યાં તળાવને કાંઠે સારો છાંયો જોઈને રોકાયો અને ત્યાં સહુ રસોઈ બનાવવા લાગ્યા. ૩૦.

શ્રીહરિ ત્યાં આવીને અશ્વ ઉપરથી ઊતર્યા. વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ બનાવી. સંતોએ ઘઉંની રોટલી કરી. દરબાર હઠીભાઈએ ઘી અપાવ્યું. ૩૧. બીજા દરબારો સાકર લાવ્યા. કેળાંની રસોઈ નક્કી થઈ. ઘી, કેળા અને સાકર સાથે રોટલીનો થાળ વર્ણીએ શ્રીહરિને પ્રથમ જમાડ્યો. ૩૨. તડકો ઘણો હતો, તે જોઈને શ્રીહરિ કેળાં જમ્યા. શ્રીહરિ જમી રહ્યા પછી પ્યારા સંતોની અને દરબારોની પંગત કરાવી. ૩૩. બધા પાર્ષદો પણ પંગતમાં બેસી ગયા. તે પછી શ્રીહરિ સહુને પીરસવા માટે આવ્યા. સંઘમાં જેટલા વર્ણી અને વિપ્રો હતા તેમને શ્રીહરિએ કેળાં પહેલા આપ્યા. ૩૪.

દસ દસ કેળાંનો વિભાગ કરીને બધી બાઈઓને કેળાં અપાવ્યાં. તેમજ સંતો, દરબારો અને પાર્ષદોને કેળાં પ્રેમથી વહેંચી દીધા. ૩૫. ત્યારે લગભગ સંઘના બસો માણસો હશે. તે દરેકને પાકી પા શેર સાકર અને દોઢ પાશેર ઘી આપ્યું. ૩૬. શ્રીહરિએ સંતોમાં બ્રહ્માનંદસ્વામીને કહ્યું, ભગવાનની ઈચ્છાથી અહીંયા વનમાં પણ સારી રસોઈ પ્રાપ્ત થઈ. ૩૭. **ઈચ્છા કરીએ તોપણ આવી રસોઈ ઘરમાંય મળતી નથી. આ તો અણઈચ્છાએ વનમાં આવીને મળી તે તો ભગવાને આવી રસોઈ આપી છે એમ માનવું. કેમ જે, ભગવાન તો એવા મહા સમર્થ છે. ૩૮.**

ભગવાન આ જીવને ગર્ભવાસમાં પણ આવી વારંવાર સહાય કરે છે. છતાં પણ જીવ તે ભગવાનનું ભજન કરતો નથી. અને તેને લીધે પછીથી તેને જન્મ અને મરણરૂપ સંસૃતિ મળે છે. ૩૯. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અમે તો સંસારરૂપી સાગરમાં તણાતા જઈએ છીએ. આપ જ અમારો ઉદ્ધાર કરજો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ ગુડેલથી રોણ થઈને મીતલી આવ્યા અને ત્યાં સહુને કેળાની રસોઈ જમાડી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર નવમું : તરંગ - ૧૪

પીપળીમાં દરબાર દાદાભાઈએ શ્રીહરિની સેવા સત્કારની તૈયારી કરી

જ્યારે દિવસ દોઢ પહોર બાકી રહ્યો ત્યારે (૧. ૩૦ વાગ્યે) શ્રીહરિ મીતલીથી ચાલવા તૈયાર થયા. ત્યારે બધી સવારી તૈયાર થઈ અને રથ પણ જોડી દીધા. ૧. શ્રીહરિ સાબરમતી નદીને કાંઠે પહોંચ્યા, જ્યાં નવાબની ચોકી હતી. બરાબર ઓળખ્યા સિવાય ત્યાંથી ઘોડે સવારને સાબરમતીને ઊતરવા દેતા નહીં. ૨. નવાબને પણ કાઠીનો ડર લાગતો. શ્રીહરિની સાથે તો કાઠી બહુ હતા. ગોંડળના દરબાર સાથે હતા એટલે તેની સવારી પણ ઘણી હતી. ૩.

એટલે ગુડેલના દરબાર જીભાઈ શ્રીહરિની સાથે આવ્યા હતા. ચોકી કરનારા સિપાહીઓએ જીભાઈને દેખ્યા એટલે તુરંત જ જવાની રજા આપી. ૪. નદી ઉપર ખંભાતના નવાબનું જ્યાં સુધી રાજ્ય હતું ત્યાં સુધી સાબરમતીના સામા કિનારા સુધી ઘણી તકેદારીવાળી ચોકી રાખતા હતા. પ્રજાની સુરક્ષા વિચારીને બધી વ્યવસ્થા કરી હતી. તેમને ઘોડે સવારોનો ડર વધારે લાગતો હતો. ૫.

પ્રજા સુખેથી રહી શકે એટલા માટે નવાબે હરેક ગામમાં સુરક્ષાનું થાણું રાખ્યું હતું. શ્રીહરિ તો તત્કાળ નદીને ઊતરી ગયા. બીજા રથ અને અન્ય રસાલો પણ નદી પાર થઈ ગયો. ૬. દરબાર જીભાઈના ઉપર શ્રીહરિ બહુ રાજી થયા તેથી તેનાં મસ્તક ઉપર અને છાતીમાં ચરણારવિંદ ચાંપ્યાં. શ્રીહરિએ કહ્યું, “હવે તમે પાછા વળો. અમને ઘણો જ આનંદ થયો. જો તમે ન આવ્યા હોત તો સંકટ વેઠવું પડત. ૭. સારું થયું કે, અમે તમારે ગામ ગુડેલ આવ્યા. અમને બહુ મજા આવી, જે કહી શકાતી નથી. ” આમ કહીને જીભાઈને પાછા વાળ્યા. પછી હરખભેર પીપળી ગામ તરફ ચાલ્યા. ૮. બે સવારોને આગળ દોડાવ્યા. દરબાર દાદાભાઈને ખબર આપી કે, ઘોડાઓને માટે જોગાણ અને ઘાસ મગાવીને તૈયાર રાખે. ૯. તે બધું તળાવ ઉપર રાખજો. અમે હમણા જ પાછળ આવીએ છીએ. જેટલું દૂધ મળે તેટલું રાખજો અને સવા સો મેખ (તંબુ માટેની ખીલીઓ) કરાવજો. ૧૦.

ગાદલાં અને રજાઈઓ જેટલી મળે તેટલી ભેળી કરી રાખજો. દિવસ બે ઘડી (૪૮ મિનિટ) બાકી હતો ત્યારે અસ્વારે જઈને દરબાર દાદાભાઈને ખબર આપી. ૧૧. શ્રીહરિ પધારે છે એવા સમાચાર દાદાભાઈને સંભળાવ્યા. ત્યારે તેમનાં મનમાં ઘણો જ ઉમંગ અને આનંદ થયો. તરત જ તેમણે ઉમંગથી દાદાભાઈ ગઢવીને બોલાવ્યા. ૧૨. ગામના બધા જ લોકોને દરબાર દાદાભાઈએ તત્કાળ બોલાવ્યા. ત્યારે જેને જે યોગ્ય હતી તે સેવા તે સહુને કહી. ૧૩. કુંભારને કહ્યું, નવા પચીશ ગોળા લાવી સાફ કરીને તળાવે પાણી ભરી રાખો. આજે સેવા મળી છે તે તમારું મહાભાગ્ય છે. ૧૪. **પ્રારબ્ધ કર્મને વશ થઈને તો અપાર વેઠ કરો છો પણ આ તેવી વેઠ નથી. આ તો દેવોને પણ દુર્લભ એવી સેવા છે. ૧૫. મનમાં હરખ રાખીને વિચાર કરો.**

આવી સેવામાં અનંત લાભ રહ્યો છે. સેવા કર્યા સિવાય બેડો પાર આવે તેમ નથી. માટે પ્રસન્ન મનથી જઈને સેવા કરો. ૧૬.

દરબાર દાદાભાઈએ અન્ય લોકોને જે સેવા ચીંધી, તેની સાથે અલગ અલગ પોતાનો એક એક માણસ સેવા માટે મોકલ્યો. વળી એક સેવક દ્વારા સુતારોને બોલાવ્યા ત્યારે હીરાભાઈ અને ખોડાભાઈ વગેરે સુતાર આવ્યા. ૧૭. જેટલી જરૂર હતી તેટલી મેખો તૈયાર કરીને તે સુતારોએ પોતાનો જન્મ સુફળ કરી લીધો. કારણ કે, જે જે શ્રીહરિની સેવાના ઉપયોગમાં આવ્યા તેણે તેણે જન્મ સુફળ કરી લીધો છે. ૧૮. દાદાભાઈની આજ્ઞાથી એક સેવક આખા ગામમાં જઈને દૂધ ભેગું કરી લાવ્યો. જેણે શ્રીહરિ માટે પ્રેમભાવથી દૂધ આપ્યું તેણે પોતાનો જન્મ સુફળ કરી લીધો. ૧૯. **જેણે ભાવે કરીને જેવી સેવા કરી તેને શ્રીહરિએ તેવું જ ફળ આપ્યું. સાકર, ઘી, ચોખા અને ઘોડાનાં જોગાણ માટેનું જેટલું અનાજ વગેરે જોઈતું હતું તે બધું ત્યાંના વેપારી વણિકે વેચાતું દરબાર દાદાભાઈને ત્યાં પહોંચતું કરી દીધું. જે લોકો તે વસ્તુને માથા ઉપર ઉપાડીને મૂકવા આવ્યા હતા, શ્રીહરિએ તેમને પણ મુક્તિ આપી. ૨૦-૨૧.**

ગામના લોકો પણ જેને જે મળ્યું તે ગાદલાં રજાઈ, વગેરે પાગરણને પણ લઈને આવ્યા. કેટલાકે તો સારા સુંદર પલંગ પણ ત્યાં પહોંચાડ્યા. ગામમાં બધે અતિ આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૨૨. પિત્તળ અને ત્રાંબાના વાસણ જે જેવા જોઈતા હતા તેવા લાવ્યા. ગામના જે રબારીઓ હતા તે બધા પોતાની ગાયોનું દૂધ લાવ્યા. ૨૩. અને તે વખતે રસોઈ બનાવવા માટે અડાયા છાણાં પણ પુષ્કળ લાવી આપ્યા અને બળદોને માટે ગોળ, ખાણ અને ઘાસ વગેરે પણ જે જોઈએ તે મગાવી રાખ્યું. ૨૪. ગામના જે મહેતર (ઢેઢના મુખી) હતા તેમને ઘાસ ઉપાડી લાવવા નોકર મોકલીને બોલાવ્યા. એટલે તે મહેતરો પણ હરખભેર આવ્યા. ૨૫.

ગામનો મુખ્ય રાજમાર્ગ અને રાજાના દરબારગઢને વિચિત્ર રીતે શણગારીને ખૂબ જ ભવ્ય અને સુશોભિત કર્યો. ૨૬. માર્ગમાં કેળના સ્તંભ રોપાવી દીધા. બધી દુકાનોને પણ સુંદર રીતે શણગારી દીધી. બિલોરી કાચના ઝાડ પ્રકટાવીને જાણે દિવાળી હોય તેમ સુંદર શોભા કરી દીધી. ૨૭.

દરબારનાં બંધુઓ સુંદર સવારીને શણગારીને તૈયાર થયા. સહુએ સોનેરી બખતર પહેર્યાં અને બધા તલવાર વગેરે સોનેરી હથિયારોને ધારણ કરીને સજ્જ થયાં. ૨૮. બધા સવારો પૂનમના ચંદ્રમાના જેવા તેજસ્વી અને સોહામણા લાગતા હતા. ગામના વાળંદ બોલાવીને તેમની પાસે મશાલો કરાવી અને ગામના લોકો પણ આનંદોલ્લાસથી સામૈયામાં સાથે ચાલ્યા. ૨૯. સહુ શ્રીહરિની સન્મુખ જતા હતા તે વખતે વિવિધ પ્રકારના વાજિંત્ર સાથે લીધા. વિવેકી સહુ લોકોએ ફૂલહાર અને શ્રીફળ હાથમાં રાખ્યા હતા અને એક વિપ્રને સાથે લઈને ચાલ્યા. ૩૦.

ગામના દરવાજાને પણ સુંદર રીતે શણગાર્યો હતો. તેની શોભા અવર્ણનીય બની હતી. અને જ્યારે સામૈયું ગામ બહાર નીકળ્યું ત્યારે શ્રીહરિ નજીક જ આવી ગયા હતા. ૩૧. જેટલી બંદૂકો હતી તે બધી ફૂટવા લાગી. સંપૂર્ણ આકાશમાં તેની ગર્જનાઓ ફેલાઈ ગઈ અને જ્યારે દરબાર દાદાભાઈ શ્રીહરિને ભેટ્યા ત્યારે ચોપદાર "જય જયકાર"નો ઉચ્ચાર કરવા લાગ્યા. ૩૨. દરબારે દંડવત્પ્રણામ કર્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. આનંદના ઊભરાથી ગદ્ગદ કંઠ થઈ ગયા. તે જેટલા ફૂલહાર લાવ્યા હતા તે બધા શ્રીહરિને પહેરાવી દીધા. ૩૩. શ્રીહરિએ સહુ ભક્તોની સન્મુખ જોયું. ભક્તોએ શ્રીહરિની મૂર્તિને દેખીને તેમાં મનને પરોવી દીધું. પછી દરબારે શ્રીહરિને અપાર પ્રાર્થના કરી, 'હે પ્રાણઆધાર ! આપ અમારા પુરમાં પધારો. ૩૪. આપ દયાળુ મારે ઘેર ચરણ પગલાં કરીને તુરંત પાછા બહાર ઉતારા ઉપર આવી જાજો. અત્યારે બીજા બધા રથ ઉતારા ઉપર છોડે અને બધી સવારી આપની સાથે ગામમાં આવે.' ૩૫.

પછી દરબારની પ્રાર્થનાને અનુસારે બધા રથ મુકામ ઉપર છોડાવ્યા અને શ્રીહરિવર ગામમાં પધાર્યા. જરિયાની નિશાન અને ડંકા શ્રીહરિની આગળ ચાલ્યા. ૩૬. તે વખતે વિવિધ પ્રકારના બધા જ વાજિંત્ર વાગતાં હતાં. તે શોભા અદ્ભુત બની હતી, જેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. ૩૭. તે વેળાએ શ્રીહરિવરની મૂર્તિ એટલી તેજસ્વી દેખાતી હતી કે, જે ભક્તજનો દર્શન કરતા હતા તેમનાં મનને તે દર્શનથી તૃપ્તિ થતી ન હતી. ૩૮.

શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા. ત્યારે ગામના લોકો દર્શન કરવાને માટે ઊભા હતા. ૩૯. સહુએ મનનાં અત્યંત પ્રેમથી ફૂલહાર લીધા હતા. તેનાથી શ્રીહરિની પૂજા કરીને પછી તેઓ ગુલાલ ઉડાડતા હતા અને આનંદોત્સવ કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'દરબાર શ્રીદાદાભાઈએ પીપળી ગામમાં શ્રીહરિની સેવા કરવાની તૈયારી કરી. ' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર નવમું : તરંગ - ૧૫

પીપળીમાં દાદાભાઈના દરબારગઢમાં પધરામણી કરીને શ્રીહરિ મુકામે આવ્યા.

સંતો અને વર્ણીઓ જે હતા તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા અને જેટલા પાર્ષદો હતા તે સર્વે બંદૂકોના અવાજ કરતા હતા. ૧. સંતો ઝાંઝ, મૃદંગ વગાડીને ધોળ રાગના મંગળમય કીર્તન ગાતા હતા અને ઘણો જ આનંદોલ્લાસ છવાઈ ગયો હતો. ૨. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી જે કીર્તન બોલતા હતા તેને સાંભળીને બધા ભક્તજનો ખૂબ જ રાજી થતા હતા અને તેઓ બોલતા કે, આવું કીર્તનગાન ક્યારેય સાંભળ્યું નથી. ૩. ગામની જે બધી સ્ત્રીઓ હતી તે શ્રીહરિને ફૂલહાર પહેરાવતી અને મોતીના થાળ ભરી ભરીને વધાવતી હતી. ૪. ગામના લોકોને જેવો ભાવ હતો તેવો જ શ્રીહરિએ પૂર્ણ કર્યો. તે વેળાએ શ્રીહરિ આ રીતે રાજ દરબારમાં પધાર્યા અને પ્રેમપૂર્વક અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૫.

ઉગમણા બારનું ભવન હતું. તેમાં સુંદર પલંગ બિછાવ્યો હતો. ત્યાં જઈને ભવનમાં પગલાં કરીને પછી પલંગ ઉપર બેઠા. ૬. તે વખતે જેવી સામગ્રી મળી શકી તેવી પૂજા દરબાર દાદાભાઈએ કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં કરી. મોતીની માળા કંઠમાં પહેરાવી. ૭. મોતીના તોરા પાઘમાં લટકાવ્યા. બંને ભુજાઓમાં મોતીના બાજુબંધ બાંધ્યા. સાકરથી ભરેલો

થાળ આગળ ધરાવ્યો અને કપૂરથી આરતી ઉતારી. ૮. પછી સ્તુતિ કરી. તેમના જે મનોરથ હતા તે બધાને શ્રીહરિએ પૂરા કર્યા. દરબાર દાદાભાઈએ તો આવો અપાર લાભ વારંવાર લીધો હતો. ૯.

હું જ્યારે સંક્ષેપથી વાત કહેતો હોઉં છું ત્યારે બધું પૂરું કઈ રીતે કહી શકાય ? પણ હરિભક્તોને સંભારવા માટે આવી વાત સંક્ષેપમાં કહી દઉં છું. ૧૦. **જેને વધારે બુદ્ધિ હશે તે અધિક સ્પષ્ટ કરીને વર્ણવીને કહેશે અને આપણા સત્સંગમાં એવા અધિક બુદ્ધિશાળી અતિ મોટા સંતો અનંત છે. ૧૧. જ્યાં સુધી બુદ્ધિમાં પ્રકાશ ન થાય ત્યાં સુધી મનુષ્યને ખબર પડતી નથી. હું તો સહુ હરિભક્તોના ચરણોનો દાસ છું અને મેં એક લવ જેટલા જ એટલે કે કિંચિતમાત્ર જ હરિચરિત્રો પ્રકાશ કર્યા છે. ૧૨.** જેમ આકાશ અપાર છે તેમ હરિચરિત્રો અપાર છે. ગરુડ સમાન અનેક આકાશમાં ઉડતા જ રહે છે તે તેનો પાર લેવા જાય તોપણ આવે નહીં. તેમ શ્રીહરિનાં અપાર ચરિત્રોનું વર્ણન તો અનંત ગરુડના સમાન મહાન શક્તિશાળી વિદ્વાનથી પણ પૂર્ણ ન થઈ શકે. ૧૩. કરોડો કરોડ હજાર બ્રહ્માંડોના જેટલું દીર્ઘ આયુષ્ય મેળવીને કોઈ મનનાં સમાન વેગથી શ્રીહરિચરિત્રોને લખવા લાગે, તોપણ તે વિપુલ ચરિત્રોમાંથી એક તલભાર જેટલું જ લખી શકે છે, કહી શકે છે. ૧૪.

શ્રીહરિનાં ચરિત્રોને અતિ અપાર જાણીને જેનું મન તૃપ્તિ માની લે છે, પણ અહોભાવથી તેને ગાતો-સાંભળતો નથી તો તે અપાર એવી ભવાટવીમાં ભટક્યા કરે છે અર્થાત્ જેના મનમાં એમ થઈ જાય, આ ચરિત્ર તો પાર વગરના છે, આ ક્યાં ખૂટે એમ છે ? માટે આટલા ગાયા તે બહુ થઈ ગયા. એમ માની લે તો તે જેનો પાર આવતો નથી એવી ભવાટવીમાં ભટક્યા કરે છે. ૧૫. જીવ જેમાં અપાર દુઃખ રહ્યું છે અને જેમાં સુખ લેશમાત્ર પણ નથી, એવા દુઃખરૂપ વિષયોમાં જીવ પ્રબળપણે વિષયને લઈને થયેલા મોહને લીધે સાર માને છે. ૧૬.

✹ જે કરે સત્સંગ, તે સુખ પામે અભંગ :

अणु से विराट लग देह धारी, जो जो कहावत नर अरु नारी;
मायिक देह करीके जोगा, विषय को देह में होवत रोगा...१७

जिहाँ जिहाँ देह धरत हे प्रानी, देह संग विषय की रहे खानी;
मनुष्य देह पावत जीय जबहु, अनंत ज्ञान होत तामें तबहु...१८
तामें जो संत साचे मिल जावे, ताको जब विश्वास हि लावे;
तब ताकुं सत्संग हि करावे, असत मग से पीछे हठावे...१९

અણુથી માંડી વિરાટ સુધી જે જે દેહધારી નર કે નારી કહેવાય છે, તે બધાને માયિક દેહના યોગે કરીને માયિક વિષયનો રોગ થાય છે. ૧૭. જીવ જ્યાં જ્યાં દેહ ધરે છે ત્યાં ત્યાં દેહની સાથે વિષયની ખાણ રહે છે અર્થાત્ અપાર વિષયનો સતત યોગ રહે છે કહેતાં વિષયો પ્રાપ્ત થાય છે પણ જ્યારે જીવ મનુષ્ય દેહને પામે છે ત્યારે તે મનુષ્યદેહમાં જ કલ્યાણકારી એવું આવશ્યક અપાર જ્ઞાન પ્રાપ્ત થાય છે. બીજી કોઈ યોનીમાં થતું નથી. ૧૮. જીવને જ્યારે મનુષ્ય દેહ મળ્યો હોય ત્યારે જો કોઈ સાચા સંતનો સુયોગ થાય અને જો તેમાં વિશ્વાસ લાવે તો તે સંતો તેને સત્સંગ કરાવીને કુસંગથી છોડાવે છે. ખોટા માર્ગેથી પાછો વાળે છે. ૧૯. **શ્રીહરિ સિવાય અંતરમાં અન્ય જેટલી રુચિ રહેતી હોય તે બધું અસન્માર્ગ કહેતાં કુસંગ કહેવાય અને હરિભક્તો, સંતો, સત્સંગ, ભગવાન અને ભગવાનનું ધામ એ પાંચને સત્ કહેવાય છે, સન્માર્ગ કહેવાય છે. ૨૦.**

જીવ આ પાંચ સિવાયના બીજા જેટલા મનોરથ કરે છે, તે જ જન્મ-મરણરૂપ સંસારનું બીજ છે. જ્યારે જીવને એ પાંચમાં રુચિ થાય છે ત્યારે જન્મ-મરણરૂપ સંસારનું બીજ બળી જાય છે. ૨૧. શ્રીહરિનાં સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન છે તે અગ્નિ છે. તે હરિજ્ઞાનરૂપ અગ્નિના જોગ સિવાય કર્મ બળતા નથી. કર્મ શુભ અને અશુભ, એમ બે પ્રકારનાં છે. તેમનાં ગુણધર્મ પણ અલગ અલગ હોય છે. ૨૨. શુભકર્મ સંસાર છોડાવે છે અને અશુભકર્મ સંસારમાં બાંધી દે છે. જ્યારે સંસારમાં અપાર દુઃખ જણાય ત્યારે તેમાંથી વાસના તૂટે અને દુઃખનો છેડો આવે છે. ૨૩. **ભગવાનનું ભજન કરવામાં અપાર સુખ રહ્યું છે એમ જ્યારે જણાય ત્યારે દુઃખ છૂટે છે. સાચા સંત મળ્યા સિવાય જ્ઞાન થતું નથી, એમ મુમુક્ષુએ વિચારવું જોઈએ. ૨૪.**

દરબાર દાદાભાઈ શ્રીહરિની પૂજા કરી રહ્યા. તે સમયે તેમણે ચરણોનાં ઉપર ચંદન ચરચ્યું અને તે ચરણોને પ્રેમથી પોતાની છાતીમાં ચાંપ્યા. ૨૫. આજે હૃદયમાં હરખ વ્યાપી ગયો હતો. તેમણે શ્રીહરિની સાથે આવેલા સંતો, વર્ણીઓ અને પાર્ષદોને ખૂબ જ શ્રદ્ધાથી પૂજ્યા. ૨૬. સૌને ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને બધા જ ત્યાગીઓને હરખથી એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૭. તે પછી દાદાભાઈના ભાઈએ પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી અને ભાવ પ્રમાણે પૂજા કરી. ૨૮. ત્યાં દેવબા નામે એક ક્ષત્રિય પરિપક્વ સત્સંગી બહેન હતા. તેઓ અત્યંત નિષ્ઠાવાળા સત્સંગી હતા. સત્સંગમાં અત્યંત ગાઢ ભાવવાળા હતા. તેઓ શ્રીહરિના સિવાય બીજા કોઈને કર્તા માનતા નહીં. ૨૯. તેણે અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવથી પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. સુંદર નવરંગ પલંગ બિછાવ્યો. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૩૦.

તે સત્સંગી બહેને પોતાના સગા પુરુષને હાથે શ્રીહરિની પૂજા કરાવી. તેણે મનમાં જેવા મનોરથ ધાર્યા હતા તે બધા મનોરથ શ્રીહરિએ પૂર્ણ કર્યા. ૩૧. શ્રીહરિની સાથે પધારેલા સંતો, વર્ણીઓ અને પાર્ષદો, એ સહુની પણ પૂજા કરાવી. તે સિવાય તે પીપળી ગામમાં એક દાદાભાઈ નામે ચારણ પણ સત્સંગી હતા. તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. ૩૨. શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા અને ઘણા જ ભાવથી પૂજા કરી. કપાળમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૩૩. શ્રીફળ અને સાકરના થાળ ભરીને તત્કાળ શ્રીહરિની આગળ ધરાવ્યા. કપૂરથી આરતી ઉતારીને પોતાની બુદ્ધિ પ્રમાણે સ્તુતિ કરી. ૩૪. પછી ઘણા હેતથી ચરણ ઉપર ચંદન ચરચ્યું અને તેને હરખભેર પોતાની છાતીમાં ચાંપ્યા. સંતોની અને વર્ણીઓની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૩૫. ત્યાં જે જે ભક્તજને શ્રીહરિની પૂજા કરી, તેને શ્રીહરિએ રાજી થઈને ફૂલહાર પ્રસાદીના રૂપમાં આપ્યા. સહુ હરિભક્તોના મનોરથોને પૂરા કર્યા અને કોઈપણ જાતની ખામી રહેવા દીધી નહીં. ૩૬.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનો ધ્વનિ આકાશમાં વ્યાપી ગયો હતો. ૩૭. આ પ્રમાણે ગામના બધા ભક્તોને દર્શન દઈને આનંદિત મને પોતાને મુકામે આવ્યા. પછી ત્યાં અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩૮. ત્યાં ચોપદારો હાથમાં સોનાની છડી રાખીને 'જય જય ભક્તપ્રતિપાલ !!! અશરણશરણ !!! દીનજનરક્ષક !!!' આવી નેકીને ઊંચે અવાજે બોલતા હતા. ૩૯. તે સ્થળે તંબુ તાણી દીધા હતા. શ્રીહરિ એક તંબુમાં આવ્યા ત્યાં સુંદર મોટો પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ભક્તોને દર્શન દેતા શ્રીહરિ દરબારગઢમાં પધરામણી કરીને ઉતારે આવ્યા' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ।।૧૫।।



પૂર નવમું : તરંગ - ૧૬

હાથીની અંબાડીમાં બેસીને શ્રીહરિ ગાંફ ગામમાં પધાર્યા.

સંઘમાં જેટલા લોકો સાથે હતા તે બધા માટે વર્ણીએ સુંદર ભાત બનાવ્યો. સહુ પ્રથમ શ્રીહરિને બાજોઠ ઉપર બેસાડીને જમાડ્યા. ૧. હવે તે વાત વિસ્તારીને કહે છે. પહેલા તો ધર્મપુત્ર શ્રીહરિએ મુકામ ઉપર આવીને ઠંડા જળથી સ્નાન કર્યું. રૂમાલથી અંગ કોરું કર્યું. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ૨. ચરણોમાં ચાખડીઓ પહેરી. જ્યાં વર્ણી હતા ત્યાં લટકાં કરતાં લહેરી શ્રીહરિ આવ્યા અને બાજોઠ ઉપર બેઠા. ૩. વર્ણી એક થાળ ભરીને ભાત લાવ્યા. તે શ્રીહરિ આગળ ધર્યો. તે ભાત સાથે દૂધ અને સાકરને ઘણા જ ભાવથી દયાળુ શ્રીહરિ જમ્યા. ૪. શ્રીહરિને જેટલી રુચિ હતી તેટલું જમ્યા. જ્યારે તે દૂધ અને ભાતને જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા. ૫.

શ્રીહરિએ દરબાર દાદાભાઈને થાળની પ્રસાદી આપી. સંતો અને દરબારોની પંગત કરાવી. અને જ્યારે પાર્ષદો પણ બધા આવીને પંગતમાં બેસી ગયા ત્યારે પ્રથમ શ્રીહરિએ સંતોને તે ભાત પીરસ્યો. ૬. દૂધમાં સાકર

નાખી હતી. પ્યારા શ્રીહરિ ઘણા પ્રેમથી દૂધ આપતા હતા. જ્યાં સુધી સંતો અને દરબારો વગેરે જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ દૂધ પીરસતા રહ્યા. ૭. વર્ણી અને વિપ્રોને માટે જેટલું જોઈએ તેટલું દૂધ પહેલા જ શ્રીહરિએ આપ્યું હતું. સંઘમાં પણ સહુને માટે દૂધ પહોંચાડ્યું હતું. જ્યારે શ્રીહરિ પીરસતા ત્યારે કોઈ વસ્તુ ખૂટતી નહીં. ૮. ગામની સત્સંગી બાઈઓએ સંઘની સર્વે સત્સંગી બાઈઓ માટે દૂધ પહોંચાડ્યું હતું. સંઘમાં વિપ્રોએ ભાત પહોંચાડ્યો હતો. જેને જેટલું જોઈએ તે આપ્યું હતું. ૯. **પીપળી**માં સુખરાશી શ્રીહરિ એક રાત રહ્યા. ત્યાંના હરિભક્તોને ઘણો જ આનંદ કરાવ્યો.

અવિનાશી શ્રીહરિ સવારે તૈયાર થઈને ચાલ્યા અને **ગાંફ** ગામ આવ્યા. ૧૦. ગાંફમાં વસતા રાવળ નામે એક વિપ્ર સત્સંગી હતા. તેમનો પરિવાર બધો જ સત્સંગી થયો હતો. ૧૧. દેવા દવે અને ગગા દવે તથા તેમનો બધો પરિવાર, એ બધા પવિત્ર બુદ્ધિવાળા વિપ્રો હરિભક્ત થયા હતા. ૧૨. ક્ષત્રિયોમાં હઠીભાઈ તથા હરિભાઈ, એવે નામે સગા બે ભાઈ હરિભક્ત થયા હતા. તેઓ ઘણા જ શૂરવીર હતા. ૧૩. બીજા એક માનજી નામે ક્ષત્રિય હરિભક્ત હતા. તેઓ કેટલાક વર્ષ પછી શ્રીહરિની સેવામાં રહ્યા હતા. ૧૪. તે સિવાય માવાભાઈ નામે એક ગઢવી સારા સત્સંગી હતા. તેઓ સારા કવિ અને પરમ વિવેકી હતા. તેના બધા જ પુત્રો પણ હરિભક્ત થયા હતા. ૧૫. હિમરાજ નામે એક સોની અને લવજી નામે એક કણબી ઘણા ઉદાર સત્સંગી હતા. ૧૬.

વળી એક ગુલાબગર નામે અતીત પણ અતિ પાકા સત્સંગી હતા. બીજા પણ જે હરિભક્તો હતા તે બધા મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૭. ગગા દવે ગાંફના રાજાના દિવાન હતા. તે રાજાની બધી સવારીને સન્મુખ લાવ્યા. રાજાના કુંવર અજુભાઈ નામે હતા, તે સવારીમાં મુખ્ય રહ્યા હતા. ૧૮. તેઓ ડંકા, નિશાન અને બધા વાજિંત્રોને લાવ્યા હતા. તેથી હરિભક્તોમાં સ્નેહભાવ છવાઈ ગયો હતો. તે સમયે બધા ફૂલહાર લઈને આવ્યા તે શ્રીહરિને પહેરાવ્યા. ૧૯. એક એક શ્રીફળ લાવીને ભેટમાં મૂકતા અને દંડવત્પ્રણામ કરીને ચરણોમાં પડતા. જ્યારે રાજકુંવર શ્રીહરિને મળ્યા ત્યારે બંદૂકોના અપાર અવાજ થયા. ૨૦.

રાજકુંવરે એક થાળમાં પાંચ શ્રીફળ ભરીને શ્રીહરિની આગળ તરત ભેટ મૂક્યા. ફૂલહારની છાબ ભરીને લાવ્યા હતા તે પણ શ્રીહરિને ઘણા ભાવથી પહેરાવ્યા. ૨૧. સંતોને અને વર્ણીઓને પણ ફૂલહાર પહેરાવ્યા. શ્રીહરિએ રાજકુંવરને પ્રેમથી બોલાવ્યા. ગામના બીજા બધા હરિભક્તોને પણ ઘણા જ નૂતન સ્નેહભાવથી બોલાવ્યા. ૨૨. ગોંડલના રાજા હઠીભાઈ શ્રીહરિની સાથે હતા. તેના હાથીને દેખીને રાજકુંવર અજુભાઈએ બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મારી એક વિનંતી છે. આપ હાથી ઉપર બેસો. ૨૩. હે હરિ ! આપનાં મનમાં તો દરેક વાહન સમાન જ હોય પણ અમે હાથીને વિશેષ માનીએ છીએ. હાથી ઉપર આપ વિરાજ્યા હોવ એવા વારંવાર હૃદયમાં સંભારવા માટે એવા દર્શન ઈચ્છીએ છીએ માટે અમારી ભાવનાને આપ પૂર્ણ કરો. ૨૪.

અનંત કોટી બ્રહ્માંડને તથા અક્ષરધામ સુધીના સર્વ ધામોને આપની આ એક મૂર્તિએ જ શોભાડી દીધાં છે. ૨૫. નયનથી દેખ્યામાં આવતી જે જે શોભાઓ કહેવાય છે તે સર્વે તથા કવીઓ જેને અપૂર્વ શોભા કહે છે તે બધી જ શોભા આ મૂર્તિને લઈને દેખાય છે. ૨૬. એટલા માટે શોભાના ધામરૂપ આપ જો હાથી ઉપર બેસો તો તેથી હાથીનો જન્મ સફળ થઈ જાય અને આમય આપના સિવાય આ એકલો હાથી શોભતો નથી, માટે કૃપા કરી એને શોભાડો. ૨૭. તે વખતે બીજા બધા દરબારોએ પણ કહ્યું; સાચું, સાચું. આ રાજકુંવર જે કહે છે તે ખરી વાત છે. તેમાં લગારેય ખોટું નથી. આપના વિનાનો એકલો હાથી તો ઊજડ પહાડના જેવો શૂન્ય લાગે છે. ૨૮. સહુ હરિભક્તોનાં વચન સાંભળીને શ્રીહરિ મંદ મંદ હસવા લાગ્યા. આંખના પ્રસન્ન ભાવથી દરબારને સંમતિ જણાવી એટલે ખૂબ જ રાજી થઈને હાથીને શણગાર્યો. ૨૯. જે સોનાની અંબાડી હતી તે હાથીના ઉપર મૂકી. હાથીને વિચિત્ર રીતે એવો શણગાર્યો કે તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩૦.

શ્રીહરિએ પણ સારા શણગાર ધારણ કર્યા. શ્રીહરિની સુખકારી મૂર્તિ દિવ્ય જણાતી હતી. શ્રીહરિ જેના ઉપર એકવાર કૃપાદૃષ્ટિ કરતા હતા તે ભક્ત એકદમ સ્થિર શાંતભાવને પામી જતો હતો. ૩૧. જ્યારે પ્રભુ હાથી ઉપર વિરાજ્યા ત્યારે અંગોની શોભા અદ્‌ભુત હતી. એક હાથમાં રૂમાલ

લીધો હતો અને ચરણોમાં મોતીજડિત મોજડી પહેરી હતી. ૩૨. હરિભક્તો દર્શન કરીને આનંદિત થઈ જતા હતા. દરબાર હઠીભાઈ ચામર કરવા બેઠા ત્યારે તેમણે રાજકુંવર અજુભાઈને પોતાની પાસે બેસાડ્યા હતા. ૩૩. જ્યારે સવારી સાથે શ્રીહરિ ગામને દરવાજે પહોંચ્યા ત્યારે ગામના અપાર લોકો દર્શન કરવા ત્યાં ઊભા હતા. સહુના હાથમાં ફૂલહાર હતા. તે દેખવાથી એમ લાગતું હતું કે, જાણે પ્રફુલ્લિત ફૂલોનો બાગ શોભી રહ્યો હોય ! ૩૪. ગાંફના દરબારે ઘણા જ ઉમંગથી ગામના દરવાજાને વિચિત્ર રીતે શણગાર્યો હતો. જ્યારે શ્રીહરિ દરવાજાને નજીક પહોંચ્યા ત્યારે લોકો જય જયકારનો અતિશય ધ્વનિ કરવા લાગ્યા. ૩૫.

બધા લોકો ઘણા જ ભાવથી પૂજા કરવા લાગ્યા અને ફૂલહાર પહેરાવવા લાગ્યા. શ્રીહરિની આગળના ભાગમાં ડંકા, નિશાન અને વાજિંત્રો ચાલતા હતા. ૩૬. બધા સંતો અને વર્ણીઓ શ્રીહરિની આગળ ચાલતા હતા અને ઝાંઝ તથા મૃદંગ વગાડીને ઉત્સાહથી ઉત્સવનાં કીર્તન બોલતાં હતાં. તેથી આનંદ ઉત્સવ છવાઈ રહ્યો હતો. ૩૭. જ્યારે ગામમાં આવ્યા ત્યારે પાર્ષદો એકસામટા બંદૂકોને ફોડવા લાગ્યા. તેનાથી બધું જ આકાશ ગાજી ઊઠ્યું. ૩૮. ગામના બંને દરવાજાની અંદરની રાજબજારને કેળના સ્તંભ રોપાવીને સુંદર રીતે શોભાડી હતી. ૩૯. બજારની બંને બાજુની દુકાનોને સારી રીતે શણગારી હતી અને તેના દરવાજામાં મોતીના તોરણો બાંધી દીધાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'હાથીની અંબાડીમાં બેઠેલા શ્રીહરિ ગાંફની રાજબજારમાં પધાર્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર નવમું : તરંગ - ૧૭

ગાંફ નરેશે શ્રીહરિનું પૂજન કરીને રસોઈ કરાવી

ગાંફ ગામની રાજબજારમાં જ્યારે શ્રીહરિ પધારી રહ્યા હતા ત્યારે દરેક દુકાને વણિકોએ બિલોરી ઝાડ બાંધી દીધાં હતાં. ૧. રાજબજારમાં

હાથમાં પૂજાનો સામાન લઈને એટલા બધા પુરના સ્ત્રી-પુરુષો ઊભા હતા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. ૨. હાથમાં ફૂલના હાર લઈને એક કતારમાં લોકો ઊભા હતા. તે હારમાં ખીલેલા ફૂલોને લીધે તો પૂરી બજાર પ્રફુલ્લિત ફૂલબાગ જેવી લાગતી હતી. ૩. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરી ઊભી હતી અને શ્રીહરિને ભક્તજનપ્રતિપાલક સમજીને વારંવાર તેમને મોતીથી વધાવતી હતી. ૪. હરિભક્તો પુષ્કળ ગુલાલ લાવ્યા હતા. તેને વારંવાર ઉડાડતા હતા. બધી સવારી ગુલાલથી રંગાઈ ગઈ હતી. તેની શોભા મુખથી વર્ણવી શકાતી નથી. ૫. બજારમાં ફૂલહાર લઈને જેટલા લોકો ઊભા હતા, તે શ્રીહરિ પાસે આવે ત્યારે પહેરાવી દેતા હતા. સંતો, વર્ણીઓ, દરબારો અને પાર્ષદો એ બધા શ્રીહરિની સાથે આવેલા હતા, ૬.

તે બધાને શ્રીહરિના પાર્ષદ-સેવક સમજીને ફૂલહાર પહેરાવતા હતા. સુખકારી શ્રીહરિ આ રીતે સર્વોત્તમ દર્શન આપીને રાજદરબારના દરવાજે આવી ગયા. ૭. ગાંફના ઠાકોર મનુભા નામે હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીફળ મૂકીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મનમાં આનંદ ઘણો જ ઊભરાતો હતો. તેઓ ખૂબ જ રાજી થયા. ૮. બંને હાથ જોડીને પ્રાર્થના કરતા તેમણે કહ્યું, હે મહારાજ ! આપ અંદર આવીને અમારા દરબારગઢને પાવન કરો. ૯. હે હરિ ! અમે આપને શરણે છીએ. આપના સિવાય અમારે બીજો કોઈ આધાર નથી. ' ત્યારે રાજાનો શુદ્ધભાવ જોઈને શ્રીહરિ અંતરમાં તેમના ઉપર વિશેષ પ્રસન્ન થયા. ૧૦. પછી શ્રીહરિ રાજદરબારની અંદર પધાર્યા. ચોપદાર "જય જય" એવો ઉચ્ચાર કરતા હતા. અંદરના રાજમહેલોને વિવિધ રીતે શણગાર્યા હતા. ૧૧.

શ્રીહરિ જ્યારે રાજમહેલને એકદમ નજીક આવ્યા ત્યારે હાથી ઉપરથી નીચે ઊતર્યા. શ્રીહરિનાં ચરણ મૂકવા માટે ચાલીમાં કિનખાબનો થાન (તાકો) પાથરી દીધો. ૧૨. તેના ઉપર ચરણ-પગલાં પાડીને શ્રીહરિ મહેલની અંદર ગયા. ત્યાં સુવર્ણનો પલંગ બિછાવેલો હતો. તેના ઉપર જઈને તરત બેઠા. ૧૩. ઠાકોર સાહેબે બીજા ઘણા નવા બિછાના બિછાવ્યા હતા. તેના ઉપર આવીને સંતો અને દરબારો વગેરે બેઠા. શ્રીહરિના પધારવાથી રાજમહેલની

શોભા અનંત અદ્‌ભુત થઈ હતી. ૧૪. આખા રાજમહેલમાં મોતીના ઉલેચ બાંધ્યા હતા તેમજ પ્રત્યેક દરવાજામાં મોતીનાં તોરણ બંધાવ્યાં હતાં. ૧૫. અનંત કોટિ બ્રહ્માંડના નાથ શ્રીહરિ પધાર્યા છે એવું જાણીને મહેલના દરેક ખંડમાં બિલોરી ઝાડ બાંધ્યાં હતાં. ૧૬. આખા બ્રહ્માંડમાં જે સુંદર શોભા કહેવાતી હતી તે શ્રીહરિના પધારવાથી બધી ખીલી ઊઠી હતી. તે પછી દરબારે શ્રીહરિનાં ચરણ દૂધથી ધોયાં અને પૂજા કરવા લાગ્યા. ૧૭.

✵ મૂર્તિ વર્ણન :

સુગંધીમાન કેસરયુક્ત ચંદનનો કટોરો ભરીને રાખ્યો હતો. તે દરબારે શ્રીહરિનાં લલાટમાં ચરચ્યું અને તેના મધ્યમાં કુંકુમનો રૂપાળો ચાંદલો કર્યો. ૧૮. પાઘના ઉપર શિરપેચ બાંધીને તેના ઉપર ભવ્ય કલગી ધરાવી. પાઘમાં મોતીના તોરા લટકાવ્યા અને ચિત્તાકર્ષક કુંડળ કાનમાં પહેરાવ્યા. ૧૯. નવસેરવાળો મોતીનો હાર છાતી ઉપર પહેરાવ્યો અને કૌસ્તુભ મણિ કંઠમાં ધરાવ્યો. અથવા તો શ્રીહરિના કંઠમાં જ્યાં કૌસ્તુભ મણિનું ચિહ્ન ધારણ કરેલું છે ત્યાં મોતીનો નવસેરવાળો હાર ધરાવ્યો. બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. તે વિચિત્ર રીતે અત્યંત સોહામણા લાગતા હતા. ૨૦. પ્યારા શ્રીહરિને કાંડામાં સોનાના કડાં અને આંગળિયોમાં વેઢ પહેરાવ્યા. મનગમતાં ઝાંઝર ચરણોમાં ધરાવ્યા. બધા અંગો ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં હતા. તેનાથી મૂર્તિ અતિશય સુશોભિત બની હતી. ૨૧.

વળી દરબારે એક જરીમય ભારે માંહેલો દુશાલો પણ શ્રીહરિને ઓઢાડ્યો. તે સમયે નોબત વાગી રહી હતી અને ઠાકોર સાહેબે કપૂરની આરતી ઉતારી. ૨૨. વળી ચરણકમળના ઉપર ચંદન ચરચીને તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા. જેટલા ઠાકોર સાહેબના રાજપુત્રો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૨૩. વિવિધ પ્રકારના ફૂલહાર લઈને સહુએ ઘણા જ પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. અતિશય સુગંધી અત્તર વસ્ત્રો ઉપર સરસ રીતે લગાવ્યું. ૨૪.

પછી સંતો, વર્ણીઓ અને પાર્ષદો એ બધાને તે વખતે પૂજ્યા. એકેક ફૂલહાર પહેરાવીને સહુને વસ્ત્ર ઓઢાડ્યાં. ૨૫. ઠાકોર સાહેબે બે હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરી અને કહ્યું, આપનાં ચરણકમળ નિર્ભય સ્થાન છે, તો હવે

મને આપના ચરણોમાં નિવાસ આપો. ૨૬. **બધા વેદ અને શાસ્ત્રો એવું કહે છે કે, આપનું અને આપનાં ધામનું સુખ નિર્ભય છે. અમારો સહુનો સંસાર સાગરથી ઉદ્ધાર કરવા માટે આપ આ સ્થાનમાં પધાર્યા છો. ૨૭. અમે હવે આપનું શરણ લીધું છે. તેથી કાળ અને માયાનું દુઃખ દૂર થયું છે. આપે અહીંયાં પધારીને અમને દર્શન આપ્યાં છે તેથી હવે અમે ઘણા જ ધન્યભાગી થયા છીએ. ૨૮.** હે હરે ! આપ સહુને જમાડવાની અમારાં મનમાં ભાવના છે. આપ આજ્ઞા આપો. અમે તરત જ રસોઈ તૈયાર કરાવીએ. અહીંથી આગળ ચાલતા સાત કોશ (ગાઉ)નું ભારે મોટું રણ આવે છે. વચ્ચે ક્યાંય પીવાનું પાણી પણ મળે તેમ નથી. ૨૯. તે પ્રમાણે જ વચ્ચે ક્યાંય છાયાવાળું સારું ઝાડ પણ નથી. આવો તે વનનો માર્ગ ઘણો જ વિકટ છે. માટે હે સુખકારી ! આપ અમારી વિનંતીને સાંભળો અને જમી, આરામ કરી પરવારીને સાંજના પહોરમાં અહીંથી નીકળો. ૩૦.

રાતે જ્યારે ચંદ્રોદય થાય ત્યારે રણમાં ચાલવાનું રાખવું. આ વિકટ વન હોવાથી રાતે ચાલવાથી સહુને સુખ-શાંતિ રહેશે અને વિકટ રણ અને વન પસાર કરવામાં અનુકૂળતા રહેશે. ૩૧. ત્યારે શ્રીહરિએ બધા દરબારોને પૂછ્યું, ‘તમારી સહુની મરજી શું છે ? બોલો. ત્યારે દરબારોએ કહ્યું, હે પ્યારા ! સહુને સુખ થાય તેમ તો આપ કરો છો. ૩૨. **અમે જે રીતે સુખી થઈએ, તેમ જ આપ કાયમ પ્રેમથી કરો છો. વળી મહારાજ ! અમને સુખી કરવા માટે તો આપ પ્રગટ થયા છો. ૩૩.** ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, અહીંના રાજા મનુભાનો ભાવ જોઈને તો આપણે અત્યારે અહીંયાં ટક્યા છીએ. તો હવે પછી રાતે જ્યારે ચંદ્રમા ઊગે ત્યારે આપણે સહુએ અહીંથી ચાલવું. ૩૪.

શ્રીહરિની વાત સાંભળીને ઠાકોર મનુભા ખૂબ રાજી થયા. અને ઉતારાની વ્યવસ્થા કરવા લાગ્યા. તેમાં જેને જેવા ઉતારા દેવા જોઈએ તેવા સહુને પ્રેમથી ઉતારા અપાવ્યા. ૩૫. પછી જેને જે ચીજવસ્તુની જરૂર હતી તે તેમને તરત જ પ્રેમથી ત્યાં ઉતારે પહોંચાડી દીધી. અને વળી, હાથી, ઘોડા અને બળદોને માટે પણ ઘાસચારો અને જોગાણ વગેરે તુરંત જ ઉત્સાહથી મોકલાવી દીધું. ૩૬.

રસોઈ કરાવવા માટે તાજું પાણી ભરાવ્યું. તરત જ રસોઈ માટેનું સારું, તાજું, જાત જાતનું બધું સીધું-સામાન પણ લાવી આપ્યો. ૩૭. સંઘમાં જે વિપ્રો હતા તે અને વર્ણીઓ સહુ મળીને રસોઈ બનાવવા લાગ્યા. અને રાજાએ પુષ્કળ દૂધ પણ મંગાવી આપ્યું. ૩૮. તેથી જયાનંદ વર્ણીએ સત્વરે દૂધપાક બનાવ્યો. સારા પ્રમાણમાં સાકર નાખીને માલપૂડા બનાવ્યા. ૩૯. દૂધપાકમાં પણ માપસર સાકર નાખી. વળી સારા ભજિયાં, વડાં અને સુંદર શાક પણ કર્યાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ગાંફ નરેશે શ્રીહરિનું પૂજન કર્યું અને રસોઈ કરાવી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર નવમું : તરંગ - ૧૮

ગાંફમાં મધ્યાહ્ન પછી શ્રીહરિએ સંતોને કીર્તનગાન કરવાનું કહ્યું

જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ અને મધ્યાહ્નનો સમય થયો ત્યારે ભગવાન શ્રીહરિ તરત જ જમવા માટે આવ્યા. ૧. અતિ વિચક્ષણ એવા પુરુષોત્તમ શ્રીહરિ પહેલા ઠંડા જળથી નાહ્યા અને પછી એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ૨. ધર્મકુંવર શ્રીહરિએ એક હાથમાં રૂમાલ રાખ્યો હતો અને આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. ૩. વર્ણીએ જે રસોઈ ઘણી સરસ બનાવી હતી, જે જે ભોજન બનાવ્યા હતા તે થાળમાં પીરસીને લાવ્યા. ત્યારે તેને શ્રીહરિ જમવા લાગ્યા. ૪. ગાંફના રાજાનો ઉદ્ધાર કરવા સુખકારી શ્રીહરિ ઘણા જ ભાવથી તે ભોજન જમ્યા. જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તેની પ્રસાદી રાજાને મોકલી. ૫. જમ્યા પછી હાથ અને મુખ ધોયાં. મુખવાસ લીધો. સંતોની પંગત કરવાની આજ્ઞા કરી. જેટલા સંતો, દરબારો અને પાર્ષદો હતા તે બધા પંગતમાં બેસી ગયા. ૬.

શ્રીહરિ પીરસવા માટે આવ્યા. જે જે ભોજન હતાં તે બધાં પીરસ્યાં. સંતોને અને દરબારોને આનંદિત કરવા માટે શ્રીહરિ વારંવાર પંગતમાં

પીરસવા ફરતા રહ્યા. ૭. જ્યાં સુધી સહુ જમતા હતા ત્યાં સુધી સુખદાયક શ્રીહરિ પંગતમાં ફર્યા. બધા જમીને તૃપ્ત થયા છે એમ જ્યારે જાણ્યું ત્યારે તરત જ હાથ ધોયા. ૮.

❋ નાથભક્ત અને ઉમાભક્તના ગુણ અને સમજણ :

સુખકારી સુંદરવર શ્રીઘનશ્યામ પછી આવીને થોડીવાર પલંગ ઉપર પોઢી ગયા. અતિશય પ્રેમી સ્વભાવના જે પાર્ષદો હતા તે વીરણ (સુગંધી) વાળાના પંખાને ભીંજવીને લાવ્યા અને પવન નાખવા લાગ્યા. ૯. વડોદરાવાળા નાથભક્ત અને ઉમાભાઈ નામે જે ભક્ત હતા તે અહર્નિશ શ્રીહરિની સેવા કરતા હતા. ક્યારેક શ્રીહરિ તેમના ઉપર ખીજાય અથવા રાજી થાય તે બંને સ્થિતિમાં તેઓ સતત રાજી રહેતા હતા. ૧૦. તે બંનેની સમજણ એવી હતી કે, આપણી સેવાને શ્રીહરિ સ્વીકારે છે તે જ તેમની મોટી કૃપા છે. એટલે તેઓ ક્યારેય મનમાં ઝાંખા પડતા નહીં. હસતે મુખે જ રાત-દિવસ સેવા કરતા હતા. એવો તેમનો પ્રેમ એકસરખો કાયમ રહેતો હતો. ૧૧.

ચોપાઈ :

हरि को दोष न ग्रहत कबहु, वेर वेर वरचत जो जबहु;
सेव करन एसे जन जेहा, हरि नजीक टकी सकत सो तेहा...१२

શ્રીહરિ વારંવાર વઢે છતાં તે સેવકો શ્રીહરિનો અવગુણ લેતા નહીં. આવી રીતના જે સેવા કરનારા સેવક હોય તે જ શ્રીહરિની નજીક ટકી શકતા હતા. ૧૨.

❋ શ્રીહરિનો સ્વભાવ :

दोहा : धन्य भाग्य हि ताहि के, हरि वरचत वेर वेर;
तामें माने अति सुख ही, ता पर होत अति मेर...१३

सहत वचन कटुक ही, मानत तेहि निज प्रान;
एसे श्रीमहाराज ही, देत तेतो तेहि मान...१४

એના જ અતિ ધન્યભાગ્ય કહેવાય કે, જેને શ્રીહરિ વારંવાર વઢતા છતાં જે અત્યંત સુખ માનતા. અને તેવા જે સેવકો હતા તેના જ ઉપર શ્રીહરિની અત્યંત કરુણા થાતી હતી. ૧૩. શ્રીહરિનાં કડવાં વચનને જે સહન કરતા તે સેવકને શ્રીહરિ પોતાનો પ્રાણ માનતા. શ્રીજીમહારાજનો એવો સ્વભાવ હતો કે, જે જેટલું સહન કરે તેને તેટલું પછીથી માન આપતા. ૧૪.

सोरठा : श्रीहरि हेत अपार, जा उपर सो करत भयेउ;
वरचत वार हि वार, प्रीत सो तेहि दृढ करन...१५
अमूल हि हिरा जेह, तोडे जो तुटत हि नहीं;
ता पर होत अति नेह, हरिजन सहे सो अमूल तेहि...१६

શ્રીહરિ જે ભક્ત ઉપર અપાર હેત કરતા તે ભક્તની પ્રીતિ દૃઢ કરાવવા માટે તેને વારંવાર વઢતા. ૧૫. જે હીરાને તોડવાનો પ્રયત્ન કરવા છતાં તૂટે નહીં તે હીરો અમૂલ્ય કહેવાય અને તેમાં સહુને અતિ હેત થાય છે, તે રીતે જ જે ભક્ત ટોકણીને સહન કરે તે જ ભક્ત અમૂલ્ય ગણાય અને તેની ઉપર જ શ્રીહરિને અતિ હેત થતું હતું. ૧૬.

પોતાના ભક્તને અમૂલ્ય કરવાને માટે જ શ્રીહરિ વારંવાર વઢતા-ટોકતા. પરંતુ જે ભક્ત ટોકણીથી મુંઝાઈ જાય તેના ગુણને શ્રીહરિ જાણી રાખતા અને તેને પછી તે રીતે જાળવતા. ૧૭. જેમાં જેવા ગુણ હોય તેને શ્રીહરિ વર્તન ઉપરથી જાણી લેતા અને તે પછી તેના સ્વભાવ-ગુણોને અનુસારે શ્રીહરિ સંસારનાં દુઃખોથી તેનો જેમ ઉદ્ધાર થાય એમ કરતા. ૧૮.

✵ માની-નિર્માનીની વિશેષતા :

मोक्ष को जाकु जेसो भावा, निर्मान तामें तितनो रहावा;
निरमान गुन इहाँ वरतत जेसा, धाम में सुख हरि देवत तेसा...१९

જેમાં જેટલું મુમુક્ષુપણું હોય તેમાં તેટલું નિર્માનીપણું રહ્યું હોય છે. આ લોકમાં જેવો અને જેટલો નિર્માનીતાનો ગુણ વર્તતો હોય તે પ્રમાણે શ્રીહરિ તેને અક્ષરધામમાં તેવું અને તેટલું સુખ આપે છે. ૧૯. જેમાં જેટલું માન હોય તેટલો તેમાં ક્રોધ રહ્યો હોય છે. જેની જેવી જાતિ હોય તે પ્રમાણે તેમાં તેવું

માન આવીને રહ્યું જ હોય છે. ૨૦. મનુષ્યનું શરીર જ્યારે પરાધીન થાય છે, ત્યારે તેને તલભાર પણ માન રહેતું નથી અને જેટલા દોષ છે તે બધા દેહાભિમાનમાં જ આવીને રહે છે. ૨૧. **જે મનુષ્ય દેહાભિમાન રાખે છે તેને કોઈપણ શુભ ફળની પ્રાપ્તિ થાતી નથી માટે જેટલા અનર્થમાત્ર કહેવાય છે તેનું મૂળ દેહાભિમાન જ છે. ૨૨.**

❋ સત્પુરુષનાં લક્ષણ :

અભિમાનરહિતપણામાં - નિર્માનીપણામાં અપાર શોભા છે. એટલે નિર્માની માણસ જ સહુને પ્રિય લાગે છે. મદ-અભિમાનનું મૂળ તો ધન, સંપત્તિ છે અને કાં તો મદનું મૂળ ઊંચું કુળ છે. ૨૩. સારી વિદ્યા અને સુંદર શરીર પણ અભિમાનનું કારણ બને છે. તે સત્પુરુષને ઓળખાય છે. સત્પુરુષ જેમ જેમ સંપત્તિ પામે છે તેમ તેમ સમુદ્રના જેવો ધીર ગંભીર ગુણ ગ્રહણ કરે છે પરંતુ છલકતાં નથી. ૨૪. ચોમાસાના ચાર મહિના સુધી વરસાદ વરસવાથી નદીઓ જેમ પાણીથી ભરપૂર વહીને છલકાતી હોય છે તેવી અસત્પુરુષોની સ્થિતિ હોય છે. ૨૫. વિશાળભૂમિ ઉપર વરસેલા પાણીને નદીઓ ખેંચી લે છે અને તે બધું જ પાણી સમુદ્રમાં સમાઈ જાય છે અને કોઈનેય ફરીવાર તે પાણીને સમુદ્ર દેખાવા દેતો નથી. બધું પાણી જીરવી જાણે છે. એમ સત્પુરુષ માન, સન્માન ને સંપત્તિ પચાવી જાણે છે. તેનું અભિમાન કોઈને દેખાડતા નથી. ૨૬.

અને વળી અપાર અગ્નિ કરવામાં આવે તોપણ તેનાથી સમુદ્ર તપતો નથી. તે રીતે જ જે ઉદાર સત્પુરુષ છે તે કોઈપણ રીતે ક્યારેય તપતા-અકળાતા નથી. ૨૭. પરંતુ હા, જો થોડોપણ અધર્મ થતો દેખાય તો ત્યારે સત્પુરુષ તે પ્રસંગે તપી જાય છે. કારણ કે, સત્પુરુષ ધર્મના ઉપર પ્યાર રાખતા હોય છે અને તપ્યા સિવાય ક્યારેય ધર્મ રહેતો નથી. ૨૮. ધર્મની રક્ષા કરવા માટે સત્પુરુષ જેટલું ઘટિત હોય તેટલું અભિમાન રાખે છે. જે ક્યારેય અધર્મનો પક્ષ ન રાખે તે જ સત્પુરુષ કહેવાય છે. ૨૯. અધર્મ કરવાથી જો બ્રહ્માંડનું રાજ્ય મળતું હોય તો સત્પુરુષ તેવા રાજ્યને નરકનો સાજ સમજે છે. ભગવાન સિવાયનું જેટલું સુખ હોય તેને સત્પુરુષ દુઃખરૂપ જ દેખે છે. ૩૦.

✵ સંતો-ભક્તોમાં હેત હોય તેનું જ મન ભગવાનમાં ચોંટે છે :

જેની આવી સમજણ હોય તે જ પાકા સત્સંગી કહેવાય છે અને તેવી સમજણ વિના તો કાચા ગણાય છે. જે સત્સંગમાં કાચા હોય તે જો પાકા સત્સંગીનો સમાગમ રાખે તો તેનો રંગ ચઢવાથી કાચા પણ પાકા થઈ જાય છે. ૩૧. **પાકા સત્સંગીનું પ્રથમ લક્ષણ એ છે કે, તેને સંતો અને હરિભક્તો ઉપર અપાર હેત હોય અને જેને સંતો-ભક્તો પર હેત ન હોય, તે કદાચ બિલકુલ અનાજ ક્યારેય ન ખાતો હોય, તે કદાચ મૂર્તિમાં અખંડ ચિત્ત રાખતો હોય તોપણ તેના તે વેશ-વર્તન માત્ર લોકોને ઠગવા માટેના જ છે, એમ જાણવું. જે ભક્તો શ્રીહરિની મરજીને જાણતા હોય છે તેઓ તેવાને ઠગ તરીકે જ માને છે. ૩૨-૩૩.**

જેને સંતોમાં અને હરિભક્તોમાં પ્રીત હોય તેનું જ ચિત્ત ભગવાનની મૂર્તિમાં ચોંટે છે. સંતો-ભક્તોમાં પ્રેમ વિનાના જે હોય તે સમાધિ કરે, ધ્યાન કરે કે કરોડો પ્રકારની જ્ઞાન વાર્તા કથે, ૩૪. ભોજન કે વસ્ત્રો વગેરેમાં ત્યાગ દેખાડે, તોપણ જો સંતો-હરિભક્તો સાથે પ્રેમ ન હોય તો તેનો બધો ત્યાગ વૃથા છે. લોકોને દેખાડવાને માટે જેટલું કરે છે તેને શ્રીહરિ તથા સંતો પાખંડ જાણે છે. ૩૫. પાખંડીઓ તો અનંત પ્રકારની અવનવી વાતોને ઘડી કાઢતા હોય છે. અને ખોટી રીતે શ્રીહરિની ઓથ (ઓટ) લેતા હોય છે. તે પાખંડીઓ જો ભગવાનને મૂકી દે તો હરિભક્તો તેને માને નહીં, એટલે તેઓ ભગવાનને પણ પોતાના પાખંડની સહાય માટે રાખે છે. ૩૬. જે લોકો પાખંડ કરવા માટે જ સત્સંગ રાખતા હોય છે તેમને ભગવાન કે ભગવાનનાં સંત સહાયક થાતા નથી. તેનો પાખંડનો સત્સંગ તો અંતે જાતા નાશ પામે છે. ૩૭.

ધર્મકુમાર શ્રીહરિ ચાર ઘડી (૧. ૩૬ કલાક) સુધી પોઢી ગયા. પછી ઊઠીને મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યા. ૩૮. તેઓ આવ્યા ત્યારે કહ્યું, હવે તમે સંતો દોકડ અને સરોદ લઈને કીર્તન ગાન કરો. બધા દરબારો પણ કીર્તનગાન કરવાનું ઈચ્છે છે. ૩૯. અહીંના ઠાકોર મનુભાને પણ ગાન ઉપર વધારે ભાવ છે એટલે તમે સહુ કીર્તનગાન કરો. અમને પણ તેમાં અધિક તાન-રસ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'મધ્યાહ્ન પછી શ્રીહરિએ સંતોને કીર્તન ગાન કરવાનું કહ્યું' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર નવમું : તરંગ - ૧૯

ગાંફમાં દિવસે પધરામણીએ ગયા અને રાતે ચાલેલા શ્રીહરિ સવારે રોઝકા પહોંચ્યા

દોકડ અને સરોદા લઈને ગાયક અને વાદક સંતો સરસ સારંગ રાગથી ગાન કરવા લાગ્યા. ૧. બધા સંતો અને વર્ણી આવીને બેઠા. દરબારો અને બીજા જે હરિભક્તો હતા તે બધા આવીને ત્યાં બેઠા. ૨. સારંગ રાગ ગાયા પછી સંતોએ ધન્યાશ્રી રાગ ગાયો. ગાયક સંતોમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી એ ત્રણ કવિસંતો હતા. ૩. ભગવત્પ્રેમરસથી ભરપૂર એવા પોતપોતાના પદ પ્રેમરસપૂર્વક તેમણે ગાયા. તે સંતો પરસ્પર સુહૃદ હતા, બધા સાથે મળીને ગાન કરતા હતા. ૪.

બ્રહ્માનંદસ્વામી મુક્તાનંદસ્વામીને પરમ ગુરુનાં રૂપે માનતા અને મુક્તાનંદસ્વામી ભાઈરામદાસસ્વામીમાં અખંડ ગુરુબુદ્ધિ રાખતા. ૫. અને પ્રેમાનંદસ્વામીએ તો મુક્તાનંદસ્વામીમાં અને બ્રહ્માનંદસ્વામીમાં જિંદગીભર ગુરુબુદ્ધિ રાખી, એવા તે મહાન્ બુદ્ધિશાળી સમર્થ કવિઓ હતા. ૬. સંતોએ ચાર ઘડી સુધી ગાન કર્યું. ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. જ્યારે દિવસનો તાપ ઓછો થયો ત્યારે ગામના હરિભક્તો બોલ્યા, ૭. આપે હરિભક્તોના ઉપર દયા કરીને પ્રેમથી મનુષ્ય શરીર ધારણ કર્યું છે. અનેક તીર્થ અને ભક્તોનો ઉદ્ધાર કરવા તમે આપના માતા અને પિતાને દિવ્ય તનુ ધરાવીને તરત જ મુક્તિ આપી દીધી. ૮.

❋ શ્રીહરિની મૂર્તિ મોક્ષનું મૂળ છે :

તેમને દિવ્ય વિમાનમાં બેસાડીને પોતાના દિવ્ય ધામમાં પહોંચાડી દીધા. તે પછી આપે તીર્થોમાં અને વનોમાં વિચરણ કરીને અનંત જીવોનો

ઉદ્ધાર કર્યો. ૯. આપે અનંત પશુઓ, પક્ષીઓ અને વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. હે પ્યારા ! આપે તેટલા માટે તો વન વિચરણ કર્યું. જે જે વૃક્ષની નીચે બેઠા. વનમાં જે ફળ મળ્યાં. કંદ, મૂળ, પત્ર, ફૂલ, જેનું જે કાંઈ મળ્યું. તે બધાં વૃક્ષઆદિનો મોક્ષ કર્યો. આપનાં ચરણ સ્પર્શનો જેને યોગ થયો તે બધાનો જન્મ-મરણરૂપી રોગ ટળ્યો. ૧૦-૧૧.

कंद मूल पत्र फूल पाये, सब कु तेहि मोक्ष देवाये
चरण परश को भयो जेहि जोगा, जन्म मरण गये तेहि रोगा...१२
आतंतिक मोक्ष मूल हि जेहु, तुमारी यह मूर्ति रहे तेहु
नखशिख तुमारी मूर्ति जेहि, प्रीत से अंतर में चितवत तेहि...१३

આપની આ મૂર્તિ છે તે આત્યંતિક મોક્ષનું મૂળ છે. માટે અમે આપની મૂર્તિને નખશિખ પ્રેમથી અંતરમાં ચિંતવીએ છીએ. ૧૨. જે આત્યંતિક મુક્તિ કહેવાય છે, તે કરોડો ઉપાય કરે, અનંત યુગ સુધી તપ કરે તોપણ મળતી નથી. એવી સાક્ષાત્ આત્યંતિક મુક્તિ આપની આ મૂર્તિ છે. ૧૩.

આ વખતે આપ જીવોને મુક્તિ આપવાનો સંકલ્પ કરીને તપનું મિશ લઈને અપાર પર્વતો અને વનમાં ફર્યા. ૧૪. **મોટા મોટા તીર્થોમાં અને શહેરોમાં જઈને આપ ત્યાં રહ્યા. જેણે જેણે આપની સેવા કરી તેના મોક્ષમાં આપે કાંઈ ખામી (ફરક) રાખી નહીં. ૧૫. હે પ્રભુ ! અમે અમારા પોતાના મોક્ષને માટે આપની પાસે પ્રાર્થના કરીએ છીએ. આપ પ્રેમથી અમારા ઘરોઘર પધરામણી કરો. ૧૬.**

આ રીતે હરિભક્તોએ જ્યારે અપાર વિનંતી કરી ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. પછી જેટલા હરિભક્તોનાં ઘર હતાં ત્યાં જઈને ચરણ પગલાં પાડ્યાં. ૧૭. ભક્તોની વિનંતીથી શ્રીહરિએ માથે છત્ર ધારણ કરીને પધરામણીમાં ફરી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા. ભક્તોએ પણ સરસ કેસરયુક્ત ચંદન લઈને ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૧૮. શ્રીહરિને વિવિધ પ્રકારના અપાર ફૂલહાર પહેરાવ્યા. કપૂરથી આરતી ઉતારી અને વારંવાર સ્તુતિ-પ્રાર્થના કરી. ૧૯. પોતાનાં ઘરની સંપત્તિ

પ્રમાણે ભક્તોએ શ્રીહરિને વસ્ત્રો અને આભૂષણો વગેરે અર્પણ કર્યાં. પછી તે ભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી. ૨૦.

જેને સત્સંગ દૃઢ હતો એવા તે ભક્તોએ મનનાં પ્રેમ ભર્યાં ઉત્સાહથી ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. અને પોતાની સંપત્તિને અનુસારે સહુને વસ્ત્ર ઓઢાડ્યાં. ૨૧. શ્રીહરિ હરિભક્તોને કહેતા કે, જે રીતે પોતાના સત્સંગની અભિવૃદ્ધિ થાય તેવી રીતે પૂજા કરવી. અર્થાત્ દેખાદેખીએ વધારે ધન-સંપતિ આપી પૂજા કરવાનો આગ્રહ રાખી પછી પાછા પડી જવાય તેવું ન કરવું. કેમ જે, સત્સંગની અભિવૃદ્ધિ જે પ્રકારે થાય એવો જ રાત-દિવસ અમે વિચાર કરતા રહીએ છીએ. ૨૨. બધા હરિભક્તોને ઘેર પધરામણીમાં ફરતાં ફરતાં શ્રીહરિ વસ્તા રાવળને ઘેર આવ્યા. ત્યારે ત્યાં એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. શ્રીહરિ જઈને તેના ઉપર બેઠા. ૨૩. તે વેળાએ વસ્તા રાવળે કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી, વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યા અને ફૂલહાર પણ પહેરાવ્યા. ૨૪. કપૂરથી આરતી કરીને પછી સ્તુતિ કરી. ચરણકમળ ઉપર ચંદન ચરચીને પછી તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૨૫.

પછી વસ્તા રાવળે સાથે આવેલા સંતોની અને વર્ણીઓની પૂજા કરી. સૌને ચંદન ચરચીને ફૂલના હાર પહેરાવ્યા. ૨૬. સંતોને અને વર્ણીઓને એક એક રૂમાલ આપ્યો અને પાર્ષદોને ચંદન ચરચીને એક એક ફૂલહાર પહેરાવ્યો. ૨૭. ત્યાં શ્રીહરિને અને દરબારોને માટે રસોઈ બનાવી હતી. તે સંધ્યા સમયે સહુને જમાડી દીધા. સાકર નાખીને કંસાર કર્યો હતો અને તેમાં સુંદર તાજું ઘી નાખ્યું હતું. ૨૮. શ્રીહરિ અને દરબારો, બધા જમી રહ્યા ત્યારે મશાલ કરાવીને ઉતારે આવ્યા. ત્યાં આવીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. બે ઘડી સુધી સહુને દર્શન દીધાં. ૨૯.

પછી સહુને સુખ આપવા માટે સુખકારી શ્રીઘનશ્યામ પોઢી ગયા. બધા દરબારો અને પાર્ષદો પણ સૂઈ ગયા. સંતો અને વર્ણીઓ ધ્યાન કરીને સૂઈ ગયા. ૩૦. જ્યારે અરધી રાત થઈ ત્યારપછી શ્રીહરિ ઊઠ્યા. બધી સવારીને તૈયાર કરાવી. તે વેળાએ ડંકો (એક પ્રકારનો ઢોલ) વાગી રહ્યો હતો. ૩૧. જેટલા રથ તૈયાર કરાવ્યા તે બધા ગામથી બહાર નીકળ્યા. પૂંજા રાવળ નામે

વિપ્ર રસ્તો બતાવવા માટે સાથે આવ્યા. ૩૨. જે વખતે શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા ત્યારે ચોપદાર ઊંચે અવાજે નેકી પોકારવા લાગ્યા. તે વેળાએ અત્યંત શીતળ, સુંદર અને સુખકારી ચંદ્રમાનો પ્રકાશ ઘણો દેખાતો હતો. ૩૩. શ્રીહરિ તૈયાર થઈ ગયા છે, તે સમાચાર જાણીને ઠાકોર મનુભા આવ્યા. બંને હાથ જોડીને પોતાનું મસ્તક શ્રીહરિનાં ચરણોમાં રાખ્યું. ત્યારે શ્રીહરિએ તેનાં મસ્તક ઉપર હાથ મૂક્યો. ૩૪. તેઓ શ્રીહરિની સાથે તેમને વળાવવાને માટે ઘણા ઉમંગથી ગામ બહાર આવ્યા. ગામમાં જે હરિભક્તો હતા તે બધા પણ વળાવવા આવ્યા. ૩૫.

ગામની બહાર આવીને શ્રીહરિએ ઠાકોર મનુભાને પાછા વાળ્યા અને બીજા હરિભક્તોને પણ પાછા વાળ્યા અને પોતે એકદમ ઉતાવળા ચાલતા થયા. ૩૬. ગામના બધા હરિભક્તોએ દંડવત્પ્રણામ કર્યા. પછી ત્યાં જ ઊભા રહ્યા. આંખોથી જ્યાં સુધી દેખાયા, ત્યાં સુધી જોતા રહ્યા અને પછી ચિંતવન કરતાં કરતાં વિરામ પામ્યા. ૩૭. સાત કોશ (ગાઉ) જેટલું રણ પાર કરીને ઘનશ્યામ શ્રીહરિ **રોઝકા** ગામ આવ્યા અને બધા સુખપૂર્વક આવી ગયા તેને દેખીને ઘનશ્યામ શ્રીહરિ મનમાં પ્રસન્ન થયા. ૩૮. રોઝકા ગામમાં દરબાર કાકાભાઈ વગેરે હરિભક્તો હતા. શ્રીહરિ પધાર્યા છે તેવા સમાચાર સાંભળીને તે સહુ સન્મુખ આવ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ગાંફમાં દિવસે પધરામણી કર્યા પછી રાતે ચાલેલા શ્રીહરિ સવારે રોઝકા પહોંચ્યા' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર નવમું : તરંગ - ૨૦

શ્રીહરિ સવારે રોઝકાના હરિભક્તોને રાજી કરીને ચાલ્યા

દિવસ ઊગતા જ શ્રીહરિ રોઝકા ગામ આવ્યા. ગામના હરિભક્તો સામે આવ્યા. તે બધા શ્રીફળ લાવ્યા હતા તેને ભેટ મૂકીને ફૂલહાર પહેરાવ્યા. ૧. સહુએ દંડવત્પ્રણામ કર્યા. તે વખતે સહુ બોલ્યા, સીધું સામાન બધું

તૈયાર છે. ઉતાવળથી રસોઈ તૈયાર કરાવીએ છીએ. ૨. સંઘમાં આપની સાથે દરબારો છે. તેમને સવારમાં જમવાની ટેવ હોય છે. અમે હાથ જોડીને કહીએ છીએ, રસોઈ કરવા અમને આજ્ઞા આપો. આ રોઝકા ગામ આપનું જ છે. ૩. પછી શ્રીહરિએ હરિભક્તોને જમવાનું તૈયાર કરાવવા હા કહી. શ્રીહરિએ બધી સવારીને રોઝકામાં રોકી રાખી. રથને આગળ ચાલતા કર્યા અને તેને ઝીંઝર ગામમાં રોકાવાનું કહ્યું. ૪. રોઝકાના તળાવમાં એક કૂવો હતો ત્યાં તે બધાએ કૂવાનાં પાણીથી સ્નાન કર્યું. પૂજા કરીને સહુએ ટીમણ કર્યું. પીવા માટે પાણીના પાત્ર ભરી લીધા. ૫.

સહુ સ્નાનાદિ ક્રિયા કરીને તૈયાર થયા ત્યાં સુધી બળદોને ઘાસ અને જે ખાણ પાસે હતું તે ખાણ વગેરે ખવડાવ્યું. કેટલાકે તો ઘી અને ગોળ પણ ખવડાવ્યો અને પાણી પાઈને બળદોને તૈયાર કરી દીધા. ૬. ગામમાં જે હરિભક્ત વિપ્રો હતા તેની પાસે દરબાર કાકાભાઈએ રસોઈ બનાવડાવી. રોઝકા ગામમાં મશરૂ ગોલ નામે એક ક્ષત્રિય હતા. તેઓ ખૂબ જ પાકા હરિભક્ત હતા. ૭. તેમના કુટુંબ પરિવારમાં બધા સારા સત્સંગી હતા. તે બધાએ શ્રીહરિનાં સંઘમાં જેટલા અશ્વ હતા તેટલો ઘાસચારો પહોંચાડી દીધો. ૮. ત્યાં ગજાભાઈ નામે એક ગઢવી સત્સંગી હતા. તેમણે રસોઈના ખર્ચમાં ભાગ રાખ્યો અને તેઓ દૂધ, સાકર અને ઘી લઈ આવ્યા. તે બધું સીધામાં મેળવી દીધું. સારી રસોઈ કરાવી. ૯. કમોદ (એક ઊંચી જાતની ડાંગર)નો સુંદર ભાત બનાવ્યો. સુખકારી ઘનશ્યામ શ્રીહરિ જમવા માટે બેઠા. દરબારો અને પાર્ષદો શ્રીહરિની સાથે જેટલા હતા તે બધાને શ્રીહરિએ બેસાડ્યા. ૧૦.

પોતાની રુચિને અનુસારે સહુ દૂધ, ભાત અને સાકર જમ્યા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોઈને તૈયાર થઈ ગયા. ૧૧. રોઝકા ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. બધા હરિભક્તો અતિશય શાણા હતા. સમય પ્રમાણે સહુએ ભગવાન શ્રીહરિની પૂજા કરી. ૧૨. દરબાર કાકાભાઈ, ગજાભાઈ ગઢવી અને મશરૂભાઈ ગોલ, તેમણે શ્યામસુંદર શ્રીહરિની પધરામણી કરીને સોનાના હાર અર્પણ કર્યાં. ૧૩. ગજાભાઈ ગઢવીએ તો તે સિવાયનો સોનાનો વધારે

એક વેઢ લઈને પહેરાવ્યો. તેને શ્રીહરિના ઉપર અત્યંત સ્નેહ હતો. ૧૪. ગજાભાઈના પિતાનું નામ દેવીદાસ હતું. તેઓ ઘણા સારા પ્રસિદ્ધ સત્સંગી થયા હતા. તેમણે પોતાને ઘેર શ્રીહરિને અને સંતોને જમાડ્યા હતા. ૧૫. ગજાભાઈ ગઢવીના બધા જ પુત્રો સારા સત્સંગી થયા હતા. તે બધા નિર્મળ સુપુત્ર થયા હતા અને તે બધાએ સત્સંગને રાખ્યો હતો. ૧૬.

દરબાર કાકાભાઈના કુંવરનું નામ આતાભાઈ હતું. તેમણે અડગ સત્સંગ રાખ્યો હતો. તેમના મા પણ તેવા જ અચળ નિષ્ઠાવાળા ભક્ત હતા. ૧૭. દરબાર કાકાભાઈના ભાઈનું નામ માનાભાઈ હતું. તેમના પુત્ર પથુભા નામે સારા હરિભક્ત હતા. ૧૮. હઠીભાઈ પણ સારા ભક્ત હતા. તેમના કુંવર ઝાલમસિંહ હતા. હઠીભાઈએ શ્રીહરિની પૂજા કરીને મનોવાંછિત લાભ લીધો. ૧૯. વિપ્ર જગાભાઈ તિવારી (ત્રિવેદી) સારા સત્સંગી હતા. તેના એક પુત્રનું નામ વજાભાઈ (વ્રજલાલ) હતું. વળી એક નારાયણજી પંડ્યા અને તેના ભાઈ શંકર પંડ્યા પણ સારા ભક્ત હતા. ૨૦.

કાંધાભાઈ વાળા અને તેના પુત્ર મૂળુ વાળા ભારે સુખરૂપ હરિભક્ત હતા. બીજા એક હરિભક્ત મૂળાભાઈ ગોલ અને તેના ભાઈ દેહલ ગોલ હતા. ૨૧. ત્રીજા ભાઈ માલા ગોલ, ચોથા સારાભાઈ ગોલ અને પાંચમા મશરૂ ગોલ, તે ઘણા ધીર ગંભીર હતા. તે સહુના પુત્રો પણ વિશેષ શૂરવીર સત્સંગી હતા. ૨૨. જે કાળાભાઈ ગોલ સત્સંગી હતા તેણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. તેમના પુત્રોના નામ બાવનભાઈ ગોલ અને જીજીભાઈ ગોલ હતા. ૨૩. તેના ત્રીજા ભાઈનું નામ કૃષ્ણ ગોલ હતું. એ બધા જ ઉત્તમ હરિભક્ત હતા. નરસિંહ, માલજી, હીરાભાઈ અને જીવરાજ, એ બધા મેરાઈ (દરજી) સત્સંગ રાખીને શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. ૨૪.

સારંગપુરના મેરાઈ ભગવાનજીભાઈના સમાગમથી તે બધાને રોઝકામાં પ્રથમ સત્સંગ થયો હતો. ૨૫. રોઝકામાં હીરાભાઈ અને રઘુનાથભાઈ એ બે કણબી હરિભક્ત સંસારથી વિરક્ત થયા હતા. ૨૬. તે સિવાય વિપ્ર નારાયણજી અને શંકર પંડ્યા બે ભાઈ હતા તે પણ સંસારથી વિરક્ત થઈને શ્રીહરિનું ભજન કરતા હતા. જ્યારે વધારે સત્સંગ સમજાયો ત્યારે તેમણે

જગતને અસત્ય કરી નાંખ્યું હતું. ૨૭. રોઝકામાં દરબાર કાકાભાઈ અને બીજા સત્સંગીઓએ જે જે મનોરથ કર્યા તેને કૃપાળુ શ્રીહરિએ પૂર્ણ કર્યા અને તે પછી તુરંત ત્યાંથી ચાલતા થયા. ૨૮. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા જ શ્રીહરિને વળાવવા માટે આવ્યા. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા, તેને બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. ૨૯. તે અશ્વનો એટલો બધો વેગ હતો કે માનો તેનો પગ ભૂમિ ઉપર કયાંય ટકતો જ નહીં. તેને માથા ઉપર સોનેરી મોરકલગી હતી. સવારી ઘણી ભવ્ય લાગતી હતી. ૩૦.

ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ જ્યારે બજારે ચાલ્યા ત્યારે જરિયાની નિશાન આગળ ચાલતાં હતાં. ડંકાનો અવાજ ભવ્ય લાગતો હતો. તુરાઈ અને રણસીંગી પણ સરસ રીતે વાગતી હતી. ૩૧. ગામના લોકોને દર્શન કરવા છતાં પણ તૃપ્તિ થતી ન હતી. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ગામની બધી જ સ્ત્રીઓ મોતીના થાળ ભરીભરીને, ૩૨. શ્રીહરિને પ્રેમરસ રીતિથી વધાવતી હતી. તે સહુને એક એકથી અધિક ભક્તિભાવ હતો. બધાને શ્રીહરિને રોકવાનો ઘણો ભાવ હતો તોપણ શ્રીહરિ તો ચાલતા જ થયા. ૩૩. દરબાર કાકાભાઈ અને તેમના ભાઈ માનાભાઈ, એ બે અને હઠીભાઈ તથા તેમના બંધુઓ, એ સહુ પોતપોતાની સવારી લઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ૩૪. ગજાભાઈ ગઢવી પણ શ્રીહરિની સાથે ચાલ્યા. પોતે સારા કવિરાજ હતા. અને ગાંફ ગામના માવા ગઢવી પણ શ્રીહરિ સાથે ચાલ્યા. તે પણ કવિ હતા. તે બંને શ્રીહરિના પ્રેમ ઉમંગ સાથે યશપદો રચી ગાતા હતા. ૩૫.

જ્યારે બધા ગામની બહાર નીકળ્યા ત્યારે શ્રીહરિએ બધા હરિભક્તોને ત્યાં જ રોકી દીધા. સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા અને માત્ર ચાર ઘડી (૧. ૩૬ કલાક) માં જ સહુએ અલૌકિક લાભ લીધો. ૩૬. હરિભક્તો ત્યાં ઊભા રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. શ્રીહરિના મસ્તક ઉપર વિચિત્ર અને સોનેરી છત્ર વિરાજતું હતું. ૩૭. શ્રીહરિનાં અંગોના ઉપર બધા વસ્ત્ર અને ઘરેણાં સોનેરી સુશોભિત હતાં. ઘનશ્યામ મૂર્તિ મનોહર અને અપાર તેજસ્વી હતી. ૩૮. શ્રીહરિની સાથેના બધા દરબારોએ સોનેરી કવચ કસીને બાંધ્યા હતા અને બધા શણગારો પણ સોનેરી જ ધારણ કર્યા હતા. તેઓ બધા

માનો સૂર્ય, ચંદ્ર અને ઈંદ્ર સાથે આવ્યા નહોય ! એવા શોભતા હતા. ૩૯. બધા દરબારોનો પ્રદેશ (ગામ) જેમ જેમ નજીક જ આવી રહ્યો છે, તે દેખીને સહુ વિશેષ પ્રસન્ન જણાતા હતા અને પરસ્પર વિનોદ કરી રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ સવારમાં રોઝકાના ભક્તોને રાજી કરીને ચાલ્યા' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર નવમું : તરંગ - ૨૧

ગજા ગઢવી અને માવ ગઢવીની સત્સંગનિષ્ઠા કહી

શ્રીહરિ સહુની સાથે માર્ગમાં ચાલ્યા જતા હતા. આનંદ અતિશય છવાઈ ગયો હતો. ગજાભાઈ અને માવાભાઈ બંને ગઢવી શ્રીહરિની સાથે જ હતા. ૧. એટલે તે બંનેને શ્રીહરિએ કહ્યું, આપણે ઝીંઝર ગામ પહોંચીએ ત્યાં સુધી તમે તમારા કાવ્ય બોલો. આજે તેને અમે સાંભળીએ. ૨. પછી તે બંને ગઢવી વારાફરતી એક પછી એક એમ જાતજાતના છંદ બોલવા લાગ્યા. તેમાં માવ ગઢવીના રચેલા કાવ્ય વધારે હતા. ૩. અક્ષરાધિપતિ શ્રીહરિએ અત્યારે જે નિમિત્તે આ ભૂમિ ઉપર અવતાર ધારણ કર્યો, તેમનાં ચરિત્રોને ખૂબ જ પ્રેમાવેશમાં બંને કવિઓ બોલતા હતા. ૪. ઝીંઝર ગામ પહોંચ્યા ત્યાં સુધી તે બંને છંદોને બોલતા રહ્યા. તે સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા અને તેમને અપાર વસ્ત્રો અને આભૂષણો આપ્યા. ૫.

તે બંને ગઢવીએ તેને શ્રીહરિની પ્રસાદી (રાજીપો) છે, એમ માનીને તે બધું ગ્રહણ કર્યું. તેમનાં મનમાં કોઈપણ જાતની લાલચ ન હતી. જો તેઓ કોઈ રાજા પાસે જઈને આવા કાવ્ય ગાતા હોત તો તેમને માયા (સંપત્તિ) અઢળક મળી શકે તેમ હતું. ૬. તે બંને ગઢવી સારા જમીનદાર હતા. તેઓ કોઈપણની આશા નહોતા રાખતા. શ્રીહરિની સાથે જે દરબારો હતા, તેમણે તે ગઢવીને વસ્ત્ર અને આભૂષણ આપ્યાં. ૭. ત્યારે શ્રીહરિની મરજી છે એમ દેખીને બંને ગઢવીએ તે વસ્ત્ર આદિક લીધાં. તેમના મનમાં તે લેવાનો

સંકલ્પ પણ થયો ન હતો. તેમને ફક્ત સત્સંગની જ એક આશા રહેતી, તે સિવાયની બધી જ માયિક આશાઓને ટાળી નાખી હતી. ૮

❋ માયિક ઇચ્છાનો ત્યાગ કરે તેના બધા દુ:ખ દૂર થાય :

તે સિવાયના પણ કેટલાક ચારણ સત્સંગી થયા હતા. તે બધા ઘણા બુદ્ધિમાન હતા. તેમણે મોક્ષ સિવાયની બધી જ આશાઓને મારી નાખી હતી અને તેથી જ તે ખરા મતવાલા સત્સંગી રહ્યા હતા. ૯. જે કોઈપણ માયિક આશાઓને લઈને સત્સંગી થયા હતા તેઓ છેવટે તો સત્સંગમાંથી ભાગી ગયા હતા. ભલે તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોય પણ જેને માયિક આશા હતી તે કોઈ ઠેઠ સુધી ટક્યા નહીં. ૧૦. જે જે માગણ જાતી કહેવાતી તે સત્સંગી થયા પછી કોઈ લૌકિક આશા રાખતા નહીં, તેઓ અમાયિક મોક્ષની જ આશાવાળા બન્યા હતા. જેને ખરેખર મોક્ષનો અતિ ખપ હોય તેનો જ સત્સંગ દૃઢ થાય છે. ૧૧.

સત્સંગમાં જે માયિક ભોગોને ઈચ્છે છે તેને અભાવ (અવગુણ) રૂપ એક પ્રકારનો રોગ થાય છે. કરોડો વરસ સુધી સત્સંગ કરે છતાં તેને માયિક ભોગ સત્સંગમાં તો મળવાના જ નથી. ૧૨. જેને માયિક ભોગની આશા હોય તેને સંતોનો અને હરિભક્તોનો અતિ અવગુણ આવે છે તથા તેમને કુસંગ પ્રિય લાગે છે. ૧૩. માયિક લોકો માયિક ભોગ-સુખને ભોગવવા માટે સત્સંગને ગ્રહણ કરતા નથી. તેથી જ તેઓ અલ્પબુદ્ધિ ગણાય છે. ૧૪. જિંદગીનો તો કાંઈ નિરધાર નથી, છતાં જીવ માયિક ભોગોના સુખને મેળવવા માટે અપાર દુ:ખને સહન કરે છે અને તે દુ:ખને પણ સુખ કરીને માને છે. ૧૫.

હરિવિમુખ જીવ શાસ્ત્રોમાં વર્ણન કરાયેલા જમપુરીનાં અપાર દુ:ખોને પોતાના કાનથી સાંભળે છે અને તે દુ:ખોથી પણ અનંત ગણા લખચોરાશીના દુ:ખોને પણ સાંભળે છે, છતાં તેને સમજાતું નથી. ૧૬. જીવને જ્યાં સુધી માયિક શરીર મળે છે ત્યાં સુધી આ બ્રહ્માંડમાં તે અનંત દુ:ખોને સહન કરે છે. માયિક વિષયોમાં અપાર દુ:ખ રહ્યું છે છતાં તે દુ:ખને જીવ લગારેય જોતો નથી. ૧૭. વિષય મોહને કારણે વિષયો જીવના મિત્ર બનીને તેને વિઘ્ન

કરે છે. જ્યારે જીવ વિષયના મોહનો ત્યાગ કરે છે ત્યારે જ તેને પરમેશ્વરમાં અનુરાગ થાય છે. ૧૮. વિષયના મોહથી વિરક્ત એવા સાચા સંત જ્યારે જીવને મળે ત્યારે જીવ તેમાં વિશ્વાસ રાખીને તે સંતનો અનન્ય દાસ થાય, ૧૯. **અને મોહને લીધે વિષયમાં જેવો પ્રેમ હોય તેવો પ્રેમ તે સાચા સંતમાં કરે ત્યારે તે સંત જે જે વચન કહે તેને તે અમૃતરસ જેવા મનાય છે. ૨૦.**

હિતકારી સંત તેને ચેતવી દે છે છતાં વિષયમાં મોહને લીધે જીવને સંતના વચન મનાતા નથી. કારણ કે, પરમવિવેકી અને હિત કરનારા સંત અનેક વાતો કરે પણ જો તેમાં હેત ન હોય તો તે બધી હિતકારી વાતો જીવને શત્રુ સમાન લાગે છે. હેત વગર કોટી ગણું જ્ઞાન કહેવામાં આવે તોપણ હેત થયા સિવાય સમજણવાળી કરોડો વાતો જીવને વજ્ર સમાન ઘાતક લાગે છે. ૨૧-૨૨.

❋ જે શ્રીહરિને કર્તા માનશે, તે મોક્ષ પામશે :

કદાચ ખુદ ભગવાન આવીને જીવની પ્રકૃતિ-ધાર્યું મરોડે અને સમજાવીને તેને કહે તોપણ જીવ ક્યારેય માને નહીં. કારણ કે અનાદિકાળથી જીવનો સ્વભાવ જ એવો છે અને તેથી જ જીવ સદા પ્રમાદી રહે છે. ૨૩. કરોડો મનુષ્ય જ્યારે ભેળા થાય ત્યારે તેમાં કોઈ એકાદ મોક્ષભાગી જીવ નીકળે. મોક્ષભાગી જીવ તો અત્યંત દુર્લભ છે, તે ઘેર ઘેર નથી હોતા. ૨૪. જીવોના જીવનપ્રાણ એવા ખુદ ભગવાન જ્યારે જ્યારે પ્રકટ થાય ત્યારે તેઓ ધારે તેમ કરે છે અને અભાગિયા જીવ રોતા રહે છે. ૨૫.

दोहा : हरि को धार्यो होत एक, कोईको न होवत लेश;
ओर धार्यो करत जितनो, तितनो भुक्तत क्लेश...२६

ધાર્યું તો એક ભગવાનનું જ થાય છે. બીજા કોઈનું લેશમાત્ર પણ ધાર્યું થાતું નથી. વળી, બીજા જેટલું પોતાનું ધાર્યું કરે છે તેટલું દુઃખ-ક્લેશ ભોગવે છે. ૨૬. **ભગવાનની માયા બળવાન છે. તે જીવને દુઃખમાં પણ અત્યંત સુખ મનાવી દે છે અને તેને લીધે જ અનંત બ્રહ્માંડો જીવોથી સદા ભરેલા રહે છે અર્થાત્ મોક્ષ પામીને અક્ષરધામમાં જતા નથી.** ૨૭. કોઈકાળે જીવને જ્યારે

મોક્ષનો ખપ ઉદય થાય છે ત્યારે તે બધા માયિક ભોગોને ઝેર જેવા માનીને અતિશય તપ કરવા લાગી જાય છે. ૨૮.

चोपाई :

हरि विन चाह न रखत जेहा, श्रीहरि निकट सो वसत तेहा;
हरि विन चाह जितनो जाकु, तितनो दूर रखत हरि ताकु...२९

खातो जीय को तपासे जबहु, एसो हिसाब मिलत हे तबहु;
संत की करे सेव जेहि वारा, तर्त जीय को हरि करत उद्धारा...३०

જે શ્રીહરિ સિવાય બીજી કાંઈ ચાહના ન રાખતા હોય તે જ શ્રીહરિની સમીપે વસે છે. જેને જેટલી શ્રીહરિ સિવાયની ચાહના હોય તેને શ્રીહરિ તેટલો દૂર રાખે છે. ૨૯. ભગવાન જ્યારે જીવના કર્મનું ખાતું તપાસે છે ત્યારે તેનો પૂરો હિસાબ મળે છે. **જીવ જ્યારે સંતની સેવા કરે છે ત્યારે તરત જ ભગવાન તે જીવનો ઉદ્ધાર કરે છે.** ૩૦. જીવનો મોક્ષ થવાની કોઈ એક જ રીત નથી. તીવ્ર, મધ્યમ અને મંદ, એવા ત્રણ પ્રકારની સેવા તેનું કારણ છે. જેવી સેવા હોય છે, જીવનો મોક્ષ પણ તેવો જ થાય છે. મોક્ષ માટેનો એક માર્ગ તો આવી રીતનો છે. ૩૧.

જે જીવ જેવી સમજણવાળો હોય, તેનો મોક્ષ ભગવાન તે અનુસારે કરે છે. જીવ બુદ્ધિમાં જેવો ઠેરાવ કરે, તે પ્રમાણેનો મોક્ષ ભગવાન તેને ભાવથી આપે છે. ૩૨. શ્રીહરિ જેની જેવી રુચિ હોય તેનો તેવો મોક્ષ કરે છે. શ્રીહરિની મોક્ષ કરવાની રીતો અનંત છે તેનો પાર તો અક્ષર આદિ પણ પામી શકતા નથી. ૩૩. સ્વયં જીવ હોવા છતાં જે મોક્ષનો નિર્ધાર કરે છે, તેને તો શ્રીહરિ અત્યંત ગમાર-મૂર્ખ ગણે છે. જે ભક્ત શ્રીહરિની મરજીને ઓળખે છે તે પરમ એકાંતિક ભક્ત કહેવાય છે. ૩૪.

हरि को रखत विश्वास हि एका, सब से अधिक कहत जो विवेका;
हरिवर रखे जेहि विध जाही, तामें रहेनो मगन सदाही...३५

अक्षर से सो पर कहावे, अक्षर हि ताकु शिर नमावे;
हरि संत हरिजन कहावत जेते, ताके दास होई वरते तेते...३६

જે એક શ્રીહરિનો જ વિશ્વાસ રાખે છે તેને જ સહુથી અધિક વિવેકી કહેવાય છે. શ્રીહરિવર જેને જે રીતે રાખે તેણે તેમાં હંમેશા આનંદથી રહેવું જોઈએ. ૩૫. તેમ રહેનાર ભક્ત અક્ષરથી પણ શ્રેષ્ઠ કહેવાય છે અને તેથી અક્ષર પણ તેની આગળ શિર ઝૂકાવે છે. અને શ્રીહરિ તથા તેમના સંતો-ભક્તોનો દાસ થઈને જે વર્તવું, ૩૬.

दोहा : इनसे पर नहि मोक्ष कोउ, ब्रह्मा कहे पोकार;
शेष कहत पोकार के, निश्चे एहि निरधार...३७
हरि की मरजी अनुसार ही, वरतना तत्पर होइ;
जिहाँ दिये निवास हरि, अक्षरधाम हे सोइ...३८

તેનાથી પર-ઉત્તમ બીજો કોઈ મોક્ષ નથી. આ વાત નિશ્ચિતપણે આમ જ છે. એવું ભવ, બ્રહ્મા, શેષ વગેરે પોકારી પોકારીને કહે છે. ૩૭. એટલા માટે શ્રીહરિની મરજી અનુસાર જ તત્પર થઈને રહેવું. ભગવાન જ્યાં નિવાસ આપે તે જ અક્ષરધામ છે, એમ માનવું. ૩૮.

सोरठा : हरि की मरजी जोउ, अक्षर से अनंत अधिक;
रखे त्युं रेहेना सोउ, कोटि गण दुःख सो सुख हे अनंत...३९

શ્રીહરિની જે મરજી છે તે અક્ષર કરતાં પણ અનંત ગણી અધિક છે, શ્રેષ્ઠ છે. માટે શ્રીહરિ રાખે તેમ રહેવું, તેમાં કરોડો ગણું દુઃખ હોય તોપણ તે અનંતગણું સુખ જ છે. ૩૯. સંતોની સેવા કરતા ભલે ગમે તેટલું દુઃખ આવવાનું હોય તે આવી જાય પણ સંતોની સેવા કરવી. સેવા કરનારાને વગર ચિંતવ્યે અપાર સુખ આવીને પ્રાપ્ત થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ગજા ગઢવી અને માવ ગઢવીની સત્સંગ નિષ્ઠા કહી' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર નવમું : તરંગ - ૨૨

શ્રીહરિ ઝીંઝર ગામમાં પધાર્યા અને ભક્ત દરબારોને દસ લોકપાળ કહ્યા

ઝીંઝર ગામના ખોડાભાઈ વગેરે હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુએ ખૂબ દંડવત્પ્રણામ કર્યા. ૧. આવેલા બધા ગદ્‌ગદ કંઠ થઈને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. સહુએ શ્રીફળ ભેટ મૂક્યા અને ફૂલહાર પહેરાવ્યા. ૨. એક જેઠા શેઠ નામે વૈશ્ય વણિક હરિભક્ત હતા. તે શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને પ્રેમથી બોલાવ્યા. ૩. ત્યારે ખોડાભાઈએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હે ધર્મકિશોર ! આપ સાંભળો, અમારા મનમાં જે અભિલાષા છે તે હું તમને કહું છું. ૪. બધી સવારી અને સંઘને સાથે લઈને આપ પ્રસન્નતાથી પહેલા ગામમાં પધારો. અમારે ઘેર ચરણપગલાં કરીને પછી તળાવને કિનારે ભલે આવીને ઉતારો કરજો. ૫.

ધર્મકુમાર શ્રીહરિ તે બધા ભક્તોનો અપાર ભાવ જોઈને સહુની સાથે ગામમાં આવ્યા. ગામમાં બધો રાજમાર્ગ સુંદર રીતે શણગાર્યો હતો. ૬. ગામમાં જેટલા માણસો હતા તે બધા આવીને બજારમાં ઊભા હતા. બધા જ હાથ જોડીને શ્રીહરિને પગે લાગતા અને સહુનાં હૃદયમાં આનંદ ઘણો ઊભરાતો હતો. ૭. શ્રીહરિએ તે સમયે પોતાનાં શરીર ઉપર બધા જ સોનેરી વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં હતાં. તેની ઘણી ભારે શોભાને દેખીને બધા જ નરનારીઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા જાણે ચિત્ર દોરેલા હોય એવા જણાતા. ૮. તે વેળાની અદ્‌ભુત શોભાનું વર્ણન કરતા કોઈ પાર લઈ શકે તેમ નથી. શ્રીહરિનાં શિર ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું અને બંને બાજુએ મતવાલા ચામર ઢળી રહ્યાં હતાં. ૯. **અલૈયા ખાચર અને સોમલા ખાચર ચામર ઢોળી રહ્યા હતા. તેઓ બંનેએ સંસારનો પાશ તોડી નાખ્યો હતો. માંચા ખાચરે શ્રીહરિને શિરે છત્ર ધાર્યું હતું. તેઓ સુધીર, ગંભીર અને સંસારથી વિરક્ત રહ્યા હતા. ૧૦.**

દરબાર સુરા ખાચરને પણ સંસારની વાસના તૂટી જવાથી નિરંતર શ્રીહરિનાં આજ્ઞા વચનમાં જ પ્રેમ રાખતા હતા. જાડેજા ક્ષત્રિય ઉદાર દરબાર મૂળુભાઈએ પણ સંસારની આસક્તિ તોડી નાખી હતી. ૧૧. ઉપર કહ્યા તે ચાર કાઠી દરબારો હંમેશા શ્રીહરિની પાસે જ રહેતા હતા. શ્રીહરિવર જ્યારે આજ્ઞા કરતા ત્યારે તેઓ પોતાના ગામ-ગરાસની ખબર રાખતા. ૧૨. દરબાર સોમલા ખાચરના નિત્ય સહવાસથી એક માત્રા ધાધલ નામે કાઠી પણ ત્યાગી જેવા થયા હતા. તેઓ અખંડ શ્રીહરિની સેવામાં સાથે રહેતા હતા. ૧૩. અલૈયા ખાચરના સમાગમથી બીજા એક કાઠી નાજા જોગિયા ત્યાગી થઈને નિરંતર શ્રીહરિની સેવા કરવા રહ્યા હતા. ૧૪. વળી કરિયાણા ગામના કાઠી કાળા મકવાણા પણ ત્યાગી થયા હતા. તેમને સતત શ્રીહરિએ સેવામાં હજૂર રાખ્યા હતા. ૧૫.

તે આઠ-અલૈયા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, માંચા ખાચર, જાડેજા મૂળુભાઈ, માત્રા ધાધલ, નાજા જોગિયા અને કાળા મકવાણા - એ આઠેય દરબારો પૂર્વે કોઈ મન્વંતરમાં અષ્ટ લોકપાળો હતા તેને શ્રીહરિ જાણતા અને ત્યારે તેમના નામ પણ જુદા જુદા હતા. ૧૬. ૧. અલૈયા ખાચર ઇંદ્ર હતા. ૨. માંચા ખાચર ધર્મરાજ હતા. ૩. સુરા ખાચર વરુણ હતા. ૪. સોમલા ખાચર કુબેર હતા. ૧૭. ૫. માત્રા ધાધલ ઈશાન હતા. ૬. નાજા જોગિયા અગ્નિ હતા. ૭. કાળા મકવાણા નૈઋત હતા અને ૮. મૂળુભાઈ જાડેજા વાયુ હતા. ૧૮. જ્યારે લોકપાળોની સંખ્યા દસ કહેવી હોય તો તેમાં બે બીજા કહેવા જોઈએ. એટલે, ૯. દરબાર એભલ ખાચર સૂર્ય હતા અને દશમા જીવા ખાચર શેષ હતા. ૧૯. શ્રીહરિ આ ભૂલોકમાં તેમને માટે તો પધાર્યા હતા એટલે તેમાંથી સાતને તો આ લોકમાં પણ રાજા જ કર્યા હતા. શ્રીહરિએ તે લોકપાળોનું સામર્થ્ય ઢાંકી દઈને સાધારણ મનુષ્યના જેવા તેમને રાખ્યા હતા. ૨૦.

✵ ભક્ત-અભક્તનાં લક્ષણો :

જેને અવિદ્યા અથવા માયા કહેવાય છે, તેના ગુણને લીધે દેહમાં અહંભાવ અને ઘર વગેરેમાં મમત્વભાવ આવી જાય છે. પછી જ્યારે શ્રીહરિનો ક્યારેક બહુ જ સહવાસ થાય ત્યારે જેવું દેહ-ગેહાદિકનું અહં-મમત્વ છે

તેવું જ મમત્વ શ્રીહરિ સાથે પણ થાય છે. ૨૧. અને તેને લીધે જ શ્રીહરિ વિવિધ પ્રકારનાં ચરિત્ર કરતા હતા. અને તેમના અહં મહત્વને ટાળી દેતા. શ્રીહરિનાં પાકા ભક્ત હોય તે શ્રીહરિનાં ચરિત્રોને પ્રેમ-ભક્તિ ભર્યાં અને મોક્ષરૂપ માને છે અને અપાર પ્રેમ કરીને તેને સાંભળે છે. જે કોઈ મનુષ્ય ભગવાનનો કે ભગવાનના ભક્તનો દોષ જુએ છે, અભાવ લે છે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ૨૨-૨૩. ભગવાન અને ભગવાનના ભક્તની રીત અલૌકિક હોય છે. પરંતુ તે પાકા ભક્તને ક્યારેય વિપરીત પડતી નથી. ભક્તની અને ભગવાનની વાતો ભક્તજનોને જ અત્યંત સુખદાયક થાય છે. ૨૪. પણ તે જ વાતો અભક્તને માટે તો ઝેર જેવી લાગે છે. તે અભક્ત ભક્તની અને ભગવાનની નિંદા કરીને સંસારરૂપી કૂવામાં પડે છે. જે લોકો ભક્તનો અને ભગવાનનો દોષ ગ્રહણ કરે છે તેને તો જમદૂતો ગુસ્સે થઈને ખૂબ જ મારે છે. ૨૫.

વસ્તુતાએ જીવ તો શુદ્ધ જ છે. તે અજર, અમર, અવિનાશી, અચ્છેદ્ય, અભેદ્ય અને અગ્રાહ્ય છે. એક શ્રીહરિ સદાય તેની પાસે રહે છે. ૨૬. અને તે જીવ જે જે યોનીમાં જાય છે ત્યાં ત્યાં તેની સાથે રહીને તેના જેવા કર્મ હોય તે પ્રમાણે કર્મફળપ્રદાતા થઈને ફળ આપે છે અને જીવને વિવિધ યોનિમાં શરીર આપે છે અને તે તે જ યોનીમાં પરવશ થઈને સુખ-દુઃખ ભોગવે છે. પરમેશ્વર કર્મફળ ભોગવાવવા તેને તેવાં શરીરમાં કેદ રાખે છે. ૨૭. **જ્યારે જીવ પરમેશ્વરનું ભજન કરવા લાગી જાય છે ત્યારે તેના લખચોરાશીના બધા જ દેહ જે કર્મબંધન કહેવાય છે તે છૂટી જાય છે. ૨૮.** મનુષ્ય જ્યાં સુધી પરમેશ્વરનું શરણ-આશ્રય રાખે છે ત્યાં સુધી તેને કોઈપણ કર્મનું બંધન થાતું નથી અને જો તે પરમેશ્વરનું શરણ તજી દે છે તો તરત જ તેને કર્મબંધન થાય છે. ૨૯.

❋ સાચા ભક્તની સમજણ :

પરમેશ્વરની રીત તો અનેક પ્રકારની હોય છે. તેનો યથાર્થ નિર્ધાર કોણ કરી શકે ? જે માણસ આકાશને બથમાં લઈ શકે તે જ યથાર્થ હરિની રીતને જાણી શકે. કહેતાં, આકાશ કોઈના બથમાં આવે નહીં તેમ જ શ્રીહરિની યથાર્થ રીત કોઈ જાણી શકે નહીં. ૩૦. ભગવાન, સંતો અને શાસ્ત્ર જે રીતે

કહે તે પ્રમાણે તે રીતમાં પ્રેમથી રહેવું જોઈએ. ભગવાનના દાસ થઈને રહેવું, તેનું નામ જ સર્વોપરિ સમજણ છે. ૩૧.

चोपाई :

दास विन समज जेति रहावे, सोई भवबंधन कर्म कहावे;
आत्मस्वरूप होई वरते जेहु, हरि के दास होई वरते न तेहु...३२
कर्म बंधन होवत हे ताकु, केवल आत्मरूप वरतत वाकु;
आत्मरूप होईके हरि दासा, वरते निशदिन होई हुलासा...३३

ભગવાનમાં દાસભાવ સિવાયની જે સમજણ છે તે તો ભવબંધન કરાવનારું કર્મ કહેવાય છે. જે કેવળ આત્મસ્વરૂપે થઈને વર્તે છે તે ભગવાનનો દાસ થઈને વરતતો નથી. ૩૨. જે કેવળ આત્મસ્વરૂપે વર્તે છે તેને પણ કર્મનું બંધન થાય છે, અને જે આત્મસ્વરૂપે થઈને ભગવાનનો દાસ થઈને વર્તે છે તો તેને અહોનિશ આનંદ જ રહે છે. ૩૩. અને તે જ ભગવાનનો સુદૃઢ ભક્ત કહેવાય છે. તેવો ભક્ત ક્યારેય ભગવાનનાં આજ્ઞાવચનને ઘસારો લાગવા ન દે. પરંતુ ભગવાનનાં આજ્ઞાવચનનું જ દિનપ્રતિદિન અધિક પ્રતિપાદન કરતો રહે. ૩૪. **જેને વચન પ્રમાણે રહેવાનું જેટલું તાન હોય છે તેને ભગવાન તેવો મહાન સમર્થ કરે છે. અત્યારે જે સંતો છે, હરિભક્તો છે તેમને શ્રીહરિનાં આજ્ઞાવચનમાં રહેવાનું પૂરું તાન છે. ૩૫. તે તાનને લીધે જ બધા સંતો-ભક્તો સર્વોપરિ છે અને સર્વોપરિ મોક્ષને પામે છે. માટે જેઓ શ્રીહરિનાં વચનોને સર્વોપરિ માને છે તેઓને સંસારના ફેરા ફરવાના રહેતા નથી. ૩૬.**

આવા હરિભક્તોને માટે જ શ્રીહરિ જુદા જુદા પ્રદેશોમાં અને ગામોમાં ફરતા રહે છે અને વિચરણ કરીને જેવા હરિભક્તોના મનોરથ હોય તે રીતે તેને પૂરા કરે છે. ૩૭. હરિભક્તોની પાછળ અનેક જીવોનો ઉદ્ધાર થાય છે. આવી બાબતને કુબુદ્ધિ લોકો સમજી શકતા નથી. તેઓ તો પાખંડની ભાવનાથી જ જુએ છે. ૩૮. ભગવાનમાં જેવી કલ્પના કરે છે તેવો તે જીવનો મોક્ષ-ફળ થાય છે. ભગવાન અને તેમના ભક્તો તો સદા નિર્દોષ જ હોય છે. તેઓ કોઈનું અનિષ્ટ ચાહતા નથી. ૩૯. દીવો અને મણિ જેમ અજવાળું કરે છે તેમ ભગવાનનો ભક્ત ભગવાનના ગુણોને પ્રકાશે છે-કહે છે. તેમાં

જે કુબુદ્ધિ જીવ છે તે જેમ દીવામાં પડીને પતંગિયા પોતાનો નાશ કરે છે તેમ પોતાનો નાશ કરે છે. ૪૦. પતંગિયા બળી મરે છે તેમાં દીવાનો શો દોષ ? તેમ જ આ સત્સંગ તો નિર્દોષ છે. કુબુદ્ધિ લોકો તેના ઉપર રોષ રાખે છે પણ તેઓનો તેમના પાપો જ નાશ કરી નાખે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ ઝીંઝર ગામમાં પધાર્યા અને ભક્ત દરબારોને દસ લોકપાળ કહ્યા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર નવમું : તરંગ - ૨૩

ખોડાભાઈને ઘેર પધરામણી અને મોહરૂપ અંધકારનું વિવરણ

શ્રીહરિ દરબાર ખોડાભાઈના દરબારગઢમાં હેતથી આવ્યા. તેણે પલંગ બિછાવી દીધો ત્યારે કરુણાનિકેતન તેના ઉપર બેઠા. ૧. પોતાની સંપત્તિને અનુસારે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૨. કપૂરથી આરતી કરી અને અત્યંત દીનભાવે હાથ જોડીને સ્તુતિ કરી. તે દેખીને શ્રીહરિ તેના ઉપર રાજી થયા. ૩. પછી સંતો, વર્ણી અને પાર્ષદો, એ બધાની પૂજા કરી. પૂજાના જે યોગ્ય ઉપચારો જોઈએ તે બધા તેમણે એકત્ર કર્યા હતા. ૪.

❋ શ્રીહરિ મુમુક્ષુઓની સેવા સ્વીકારતા હતા :

સત્સંગની જે રીત હતી, તેમાં ખોડાભાઈનું કાંઈ પણ અજાણ્યું ન હતું. કેટલાક ભક્તો તો ઘરમાં જેવી સંપત્તિ હોય તે પ્રમાણે સેવા કરતા હતા. ૫.

चोपाई :

भाव विन सेव कोटिक करही, श्रीहरिवर सो दूर परहरही;
मोक्ष को एक खप हि जेहा, सेवा अंगीकार कर हि तेहा...०६

ભક્તિભાવ વિના કોટી ગણી સેવા કરે તોપણ શ્રીહરિવર તેને સ્વીકારતા નથી. જે ભક્તને એક મોક્ષનો જ ખપ હોય તેની સેવાને શ્રીહરિ અંગીકાર

કરે છે. ૬. કેટલાકને મોક્ષનો ખપ અપાર હોય, જ્ઞાનની વાતો તો અત્યંત અપાર કરે પણ બીજામાં અનંત ખામીઓ દેખાડે અને પોતાની ખામીને ક્યારેય સ્વીકારે નહીં. આવો સ્વભાવ હોય. ૭. અને પોતાના ઘરમાં કરોડોનો ધનભંડાર ભર્યો હોય પણ ભગવાનને માટે અને સંતોને માટે લગારેય ખર્ચ કરે નહીં. પોતાના સંબંધી હરિભક્ત થાય તો તેને નિશદિન શત્રુની જેમ જુએ. ૮. બીજાની તો વાત જ શી કહેવી ? આવો જે અત્યંત કૃપણ હોય, નખથી શિખા સુધી લોભનો જ જે રાશિ (ઢગલો) હોય, પોતામાં રહેલા દોષોને ક્યારેય તપાસતો ન હોય, ૯. પોતાની ધનાઢ્યતાનું મહત્ત્વ માનતો હોય, અને સત્સંગી એવું નામ પણ ધરાવનારો તે જો હરિભક્ત હોવા છતાં આવો હોય તો તેમાં તે ઘણી મોટી ખોટ કહેવાય. ૧૦.

જે ધનવાન લોકો હોય છે તેમને અન્ન, વસ્ત્રની કાંઈ ખોટ હોતી નથી. આ સત્સંગમાં અપાર હરિભક્તો છે. તે સહુની શ્રીહરિ સંભાળ રાખે છે. ૧૧. **તેમાં પણ અનંત જીવોનો મોક્ષ કરવાને માટે કોઈક ભક્તને શ્રીહરિ અધિકાર આપે છે. શ્રીહરિને તો અનેક જીવોનો મોક્ષ કરવાનું જ એક તાન રહેતું. તે સિવાય બીજી કાંઈ ઓળખાણ રાખતા નહીં. ૧૨.** કોઈક હરિભક્તને કાંઈ દુઃખ આવી પડ્યું હોય, અને તે વખતે તેને બીજો કોઈ આધાર ન હોય, તો તેવા દુઃખી ભક્તના આધાર માટે શ્રીહરિ કોઈને કાંઈ અધિકાર આપે છે. ૧૩. શ્રીહરિ તેવો ઘણો મહત્ત્વપૂર્ણ અધિકાર કોઈ એકને આપે કે બેને આપે, આવા મોક્ષરૂપ શ્રીહરિના વચનને ખૂબ જ આદરથી માને-પૂજે છે. ૧૪.

✵ જે ઈચ્છાનો અંત કરે, તે અનંત સુખને પામે :

જીવને અનંત બ્રહ્માંડોના વિષય ભોગને ભોગવવાની અપાર ઈચ્છા છે. જેમ ભોગોનો પાર નથી તેમ જીવની ઈચ્છાઓનો પણ પાર નથી. ૧૫. આ જીવે એક એક યોનિમાં જઈને અનંત જન્મ લીધા છે. તોએ તેના ભોગની વાસના ક્ષીણ થઈ નથી. દિનપ્રતિદિન આસક્તિ અધિક વધતી જ રહી છે. ૧૬. જીવ વિષયસુખને ભોગવવા જતાં તો સુખ કરતાં અપાર દુઃખોને સહે છે. છતાં દુઃખથી ભરેલા જગતનો લગારેય અભાવ આવતો નથી. નરકમાં પડ્યો હોય ત્યારે પણ નરકભર્યા સુખને ભોગવવાનો તે ભૂખ્યો રહેતો હોય છે. ૧૭.

ભગવાનની માયાનું બળ અપાર છે. તેથી જીવ જે યોનિમાં જાય છે ત્યાં તે બંધાઈ જાય છે અને તેમાં જ વધારે સુખ માને છે. તેના વિના બીજું કોઈ સુખ તેને દેખાતું જ નથી. ૧૮.

સુખનો કોઈ એક નિર્ધાર (માપદંડ) નથી હોતો. જેવી યોનિ હોય તેવું તેમાં સુખ તૈયાર જ હોય છે પરંતુ તે સુખમાં દુઃખ તો તેના કરતાં કરોડગણું વધારે હોય છે અને તે પણ તરત જ એક જ દિવસમાં આવીને ઊભું રહેતું હોય છે. ૧૯. જીવને તેનું પોતાનું જ શરીર કેટલું બધું દુઃખ દે છે ? છતાં જીવ શરીરમાં સુખ માને છે. આનું નામ જ અજ્ઞાનનો કોટ છે. તેને જીવ પોતે મિથ્યા કરી શકતો નથી. ૨૦. જીવ આપમેળે જે કર્મ કરે છે તે સુખને મેળવવા માટે જ કરે છે, પરંતુ તે સુખની અંદર પણ અપાર દુઃખ આવીને ઊભું રહે છે. છતાં તે દુઃખને જીવ લગારેય ગણતો નથી. ૨૧. આવું મહાન ભયંકર મોહનું અંધારું છે. તે મોહને ટાળવા માટેના વિચારો સંતો સિવાય અન્ય કોઈ આપતા નથી. સંતો પાસેથી જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે અજ્ઞાનનું અંધારું ટળી જાય છે. ૨૨. અને તે પછી મનુષ્ય સત્સંગ કરે છે અને તેને મોક્ષનો રંગ અધિક ચઢે છે. પછી મોક્ષમાર્ગમાં જે જે વિઘ્ન કરે છે તેને તે પોતાના શત્રુ માને છે. ૨૩.

જ્યાં મોક્ષનું થાણું જણાય ત્યાં તે મુમુક્ષુ તન અને ધનનું દાન કરે છે. જેને મોક્ષ દેનારા ગુરુ માને છે તેની આગળ તે મુમુક્ષુ ક્યારેય મનને ચોરતો નથી. ૨૪. **સત્સંગનાં જેટલાં વ્રતમાન-નિયમો છે તેમાં તે તત્પર થઈને રહે છે અને જે પ્રકારે શ્રીહરિની આજ્ઞા હોય તે પ્રમાણે પોતાના ગુરુની સેવા કરે છે. ૨૫.**

સેવક શિષ્યને પોતાના ગુરુ ઉપર જેવો નિશ્છળ અને પૂજ્યભાવ હોય તે પ્રમાણે ગુરુ પણ તે શિષ્યની નિરંતર સંભાળ રાખે છે. ૨૬. તે રીતે ગુરુ અને શિષ્યનું હેત દિનપ્રતિદિન ઘણું જ વધતું રહે છે. પરંતુ તેમાં જો ગુરુ કે શિષ્ય મનને ચોરે તો તે હેત ઘટતા ઘટતા અતિ ઘટી જાય છે. ૨૭. શિષ્યને જ્યારે ગુરુમાં વધારે પડતો લોભ દેખાય છે ત્યારે શિષ્યનું મન પાછું પડી જાય છે અને પરસ્પર એકબીજાનો વિશ્વાસ કે ભાવ રહેતો નથી અને ત્યારે પરમેશ્વર પણ

તેમને ત્યાં રહેતા નથી. ૨૮. પરમેશ્વર જે જે ચરિત્ર કરે છે તેની રીત તો ઘણી અલૌકિક હોય છે. તે ચરિત્રોમાં કોઈ દોષોને કલ્પતું નથી અને જો દોષારોપણ કરે તો તેને તેનું તેવું ફળ ભોગવવું પડે છે. ૨૯. ગુરુનાં લક્ષણ પ્રમાણે જે યથાર્થપણે રહે તે સાચા ગુરુ કહેવાય છે. ત્યાગીની રીત પ્રમાણે ત્યાગીએ રહેવું જોઈએ અને ગૃહસ્થની રીત પ્રમાણે ગૃહસ્થે રહેવું જોઈએ. ૩૦.

સ્ત્રી, ધનનો ત્યાગ રાખનારા અને સ્ત્રી, ધનને રાખનારા એમ બે પ્રકારના ગુરુઓ સંસારમાં રહ્યા હોય છે. તે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ રીતે કહ્યા છે. તેમાં જે ગુરુ ધન અને સ્ત્રીને રાખે છે તે ભવ અને બ્રહ્માના જેવા સમર્થ કહેવાતા હોય તોપણ તે ધર્મગુરુને બદ્ધ કહ્યા છે. એવો બધા જ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. જે સ્વયં બંધાયેલા હોય તે ગુરુઓ તે બેયના બંધનથી મુમુક્ષુ શિષ્યોને છોડાવી શકતા નથી. ૩૧-૩૨. જે ગુરુ બદ્ધ-બંધાયેલા છે તે પ્રતિમા જેવા કહેવાય. શાસ્ત્રની રીતે તેને પૂજી શકાય. વેદના વચન પ્રમાણે ભગવાન તેમાં પ્રવેશ કરીને રહ્યા છે. ૩૩. પૂજા કરનારો જો નિયમોને પાળીને તેને પૂજે અને બીજામાં ક્યાંય પ્રતીતિ (વિશ્વાસ-નિષ્ઠા) ન રાખે તો પ્રત્યક્ષ શ્રીહરિ તેના દ્વારા કરોડો જીવોનો ઉદ્ધાર કરે છે. ૩૪. એક વિશ્વાસ હોવો જોઈએ અને બીજા નિયમ પાળવા જોઈએ, તે બેના વિના કોઈ કાળે સત્વરે મોક્ષ થાય નહીં. કેટલાક કુમતિ લોકો આપ ડહાપણથી તેવું બોલે છે કે, ૩૫.

જો ભગવાન નિયમ પાળ્યા વિના ઉદ્ધાર ન કરે તો ભગવાન કરતાં નિયમમાં સામર્થ્ય વધારે કહેવાય. માયિક બુદ્ધિવાળા લોકો આવું બોલે છે. તેથી સંતો તેમને પશુ જેવા જાણે છે. ૩૬. સહુના કારણ એવા પરમેશ્વર જ્યારે પ્રકટ થાય છે ત્યારે તેમનાં વચન જ સહુથી અધિક હોય છે અને તે વચનો જ વેદાદિ શાસ્ત્રોનું રહસ્ય છે. ૩૭. તે પ્રકટ પરમેશ્વર જ વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, જપ, તપ, તીર્થ, વ્રત, યોગ અને યજ્ઞાદિ બધું છે. ૩૮. **પરમેશ્વર શ્રીહરિ પ્રકટ થઈને જે જે રીતને પ્રવર્તાવે છે તે મોક્ષદાયક છે, એવો વેદાદિ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. ૩૯.** જે ભગવાનના એકાંતિક ભક્ત છે તે એ બધી રીતોને જાણે છે. ભગવાને પ્રવર્તાવેલી રીતને જોઈને તે ભક્તો મનમાં અત્યંત પ્રસન્ન થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ખોડાભાઈને ઘેર શ્રીહરિની પધરામણી અને મોહરૂપ અંધકારનું વિવરણ' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર નવમું : તરંગ - ૨૪

શ્રીહરિએ જેઠા શેઠ આગળ વૈષ્ણવધર્મની વાત કહી

ઝીંઝરમાં દરબાર ખોડાભાઈને ઘેર પધરામણી કરીને શ્રીહરિ ચાલતા થયા. પછી ગામના બીજા હરિભક્તોને ઘેર પણ પધરામણી કરીને ગામની બહાર ઉતારે આવ્યા. તળાવને કિનારે વડલાની અને પીપરના વૃક્ષોની સુંદર છાયા હતી. ત્યાં આવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૧-૨. એક પલંગ બિછાવી દીધો. શ્રીહરિ તેના ઉપર બેઠા. પછી પીપરની છાયા હતી ત્યાં ચંદની ખેંચીને બાંધી દીધી. ૩. શ્રીહરિ ત્યાં બે ઘડી બેઠા. સર્વ ભક્તોને દર્શન દીધાં. તે વેળાએ જેઠા શેઠ આવ્યા અને તેમણે ભાવથી પૂજા કરી. ૪.

❋ સાચા વૈષ્ણવનાં ધર્મ :

તેની બધી જ્ઞાતિ (નાત) મોઢ વૈષ્ણવ કહેવાતી. તેમાં વૈષ્ણવપણું તો નામમાત્રનું જ રહ્યું હતું. વૈષ્ણવધર્મ તો ઘણો જ શુદ્ધ છે. તેમાં પરસ્ત્રીને માતા સમાન ગણવી, ૫. દારૂ, માંસ ન ખાવા-પીવા, ચોરી ક્યારેય ન કરવી, વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો, માથે ગમે તેવું દુઃખ આવી પડે તોપણ ક્યારેય આત્મઘાત ન કરવો. ૬. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, તેને ભગવાનની સેવામાં રાખવા અર્થાત્ પરમેશ્વર પરાયણ કરવા. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પંચવિષય પણ ભગવાન સંબંધી જ ગ્રહણ કરવા. ભગવાનની મૂર્તિને જ સહુથી અધિક જાણવી. મૂર્તિ સિવાય મનને બીજે ક્યાંય જવા દેવું નહીં. જે કોઈપણ જાતનું સુખ કહેવાતું હોય તે બધું ભગવાનની મૂર્તિમાં જ જોવું-અનુભવવું. ૭-૮. ક્યારેય કોઈનો વિશ્વાસઘાત કરવો નહીં. ખરા વૈષ્ણવે તો પરસ્ત્રી માત્રને મા, બેન અને પુત્રીના સમાન માનવી. ૯. સ્થૂળ અને સૂક્ષ્મ નાના મોટા જીવ પ્રાણીમાત્રની હિંસાને તો દૂરથી જ તજી દેવી.

ભગવાન સિવાયનાં કોઈપણ સુખમાં ભાવ થાય નહીં અને સંસારનાં બધા જ સુખોનો અભાવ રહે. ૧૦.

ભગવાન સિવાયના બીજા રસમાત્રને ઊલટી કરેલા અન્ન જેવા સમજવા. અને જીવ-પ્રાણીમાત્રને પરમમિત્રની ભાવનાથી માનવા. ૧૧. મન, કર્મ અને વચને કરીને ક્યારેય કોઈનો દ્રોહ ન કરવો. જે કોઈ ભગવાનના ભક્તો હોય છે તેને દેખીને મનમાં અધિક પ્રેમભર્યો પૂજ્યભાવ લાવવો. ૧૨. જેટલી જાતના વ્યસન કહેવાતા હોય, તે બધાને તજી દેવા, અને ભાંડ તથા ભવાઈને જોવી નહીં. આવા નિયમ પાળનારો વૈષ્ણવ ભાગ્યશાળી કહેવાય છે. ૧૩. પોતાના માતા-પિતા કે બહેનનો કોઈ વેષધારી વેષ ધારણ કરે, તો પોતાનાં મનમાં જેવો ખેદ થાય તેવો ખેદ કોઈ ભગવાનનો વેષ ધારે તો થવો જોઈએ અર્થાત્ ભગવાનનો વેષધારી રહેલાને નિહાળીને ક્યારેય જોવા નહીં. ૧૪. ભગવાન આપણા પિતાના પણ પિતા છે અને ભગવાનના પત્ની રાધિકાજી અને લક્ષ્મીજી આપણી માતાની પણ માતા છે. ગોપીઓ આપણી બહેનો છે અને નંદજી તથા યશોદાની તો વાત શી કહેવી ? ૧૫. ભગવાનના અવતારોના વેષને વૈષ્ણવ ભક્ત ક્યારેય જુએ નહીં. જે જુએ તે મ્લેચ્છ-પતિત કહેવાય. આ ઉપાસકનું રહસ્ય છે. ૧૬.

❋ ખોટા ગુરુ-શિષ્યને મળતું ફળ :

જગતમાં જે ગુરુ થઈને બેઠા હોય અને તે જો મોક્ષનાં રહસ્યને ન સમજતા હોય, તો તે ગુરુ ઘોર અંધારા જેવા અજ્ઞાની કહેવાય અને નિયમ-ધર્મને પાળતા નહીં હોવાથી અંતે જમપુરીમાં જ જવાના. ૧૭. અને જેવો ગુરુનો મોક્ષ થશે તેવો જ શિષ્યનો થશે. તેમાં કાંઈ સંદેહ નથી. અમે તો નજરે દેખાય તેવું કહીએ છીએ. ૧૮. કેમ જે, જેવું ઝાડ હોય તેવું ફળ આવે. જ્ઞાની પુરુષો મનમાં આવું જાણે છે. જગતમાં ભગવાન સિવાયના અન્ય વિષયોથી આખું બ્રહ્માંડ ભર્યું છે. ૧૯. કેટલાક વિષય આંખથી દેખાય છે, કેટલાક કાનથી સંભળાય છે. અને સ્વપ્નમાં કેટલાક નવા વિષયો દેખાય છે. પણ જે ભગવાનના પ્રવીણ ભક્ત હોય તે વિષયને સર્પ અને સિંહ જેવા જુએ છે. ૨૦.

❋ સાચા બ્રહ્મસંબંધની પરિભાષા :

ભગવાનની એક મૂર્તિ જ સુખદાઈ દેખાય તેને બ્રહ્મસંબંધ કહેવાય છે. ભગવાન સિવાયનો જે બ્રહ્મસંબંધ છે તે તો વિષય ભોગવવા માટેનો છે. ૨૧. ધર્મગુરુના જે કોઈપણ શિષ્ય પુરુષ કે સ્ત્રી હોય, તેમાં બધા જ પુરુષો ધર્મગુરુની દૃષ્ટિમાં પુત્ર છે અને બધી જ સ્ત્રીઓ ધર્મગુરુની દૃષ્ટિમાં પુત્રી છે. ૨૨. જો ધર્મગુરુને ભગવાનનું યથાર્થ જ્ઞાન હોય તો તેને ધર્મનિયમ પાળવા ઉપર જ તાન હોય અને શિષ્યોને ધર્મનિયમમાં ચલાવે. તેમજ સ્વયં ધર્મનિયમમાં વર્તે અને શિષ્યોને પણ વર્તાવે. ૨૩. એવા ગુરુ અને શિષ્ય બંનેનો ઉદ્ધાર થાય છે. તેમાં લગારેય સંદેહ નથી. જ્યાં આવો સત્સંગ થાતો હોય ત્યાં ભગવાન અવશ્ય પ્રકટ હોય છે કે થાય છે. ૨૪.

જેમાં જે દૈવત હોય તે તો તેના આચરણે કરીને દેખાઈ આવે છે. કોઈનું નામ ચક્રવર્તી મહારાજાધિરાજ રાખવામાં આવે તો તેથી કાંઈ તે રાજાધિરાજ થઈ જતો નથી. ૨૫. કોઈનું 'હરિ' આવું નામ રાખવાથી તે કાંઈ પરમેશ્વર થઈ જાતો નથી. કોઈને 'ગુરુ' કહેવાથી તે કાંઈ ગુરુ બની જતો નથી તેમજ ભગવા પહેરવાથી કે 'સંત' કહેવાથી કાંઈ કોઈ સંત બની જતા નથી. પરમેશ્વરપણું, ગુરુપણું અને સંતપણું તો તેમાં તેમાં રહેલા ગુણોએ કરીને પ્રકાશિત થાય છે. ૨૬. અને જેમ સૂર્ય અજવાળું કર્યા વગર રહેતો નથી તેમ જેમાં જે ગુણ રહ્યા હોય તે પ્રકટ થયા વગર રહેતા નથી. એવી તો અનંત વાતો છે. ૨૭. રાજાને ઘેર જન્મ થયો હોય તો તે બાળક કેવળ નામમાત્રથી જ રાજા કહેવાય. પણ જ્યારે તે રાજાનો ખરો કર્મ, ધર્મ શીખે ત્યારે તે રાજાના પદને લાયક બને છે. ૨૮. કર્મ કરવાથી કાંઈ પરમેશ્વર થવાતું નથી. પરમેશ્વર તો એકના એક જ છે. જો કર્મે કરીને પરમેશ્વર થવાતું હોય, તો જગતમાં પરમેશ્વર ઘણા જ થઈ જાત પણ એમ થયું હોય એવું દેખાતું નથી. માટે સિદ્ધ થયું કે, જીવ તો સદાને માટે જીવ જ રહે છે. ૨૯.

❋ ભગવદ્‌મહિમા અને ભક્તનાં લક્ષણ :

ભગવાનનાં ભજનનાં પ્રતાપથી જીવનાં બધા પાપ બળી જાય છે અને તેમાં અક્ષરનાં ગુણ આવે છે. ભજનનાં પ્રતાપથી જીવ એટલી મોટાઈને

પામે છે. ૩૦. **જ્યારે ભગવાનની કૃપાદૃષ્ટિ થાય ત્યારે તે અંતર્યામી પણ થઈ શકે છે. ભગવાનનાં બળને લીધે તો જીવ એક પળવારમાં અનંત બ્રહ્માંડોની રચના પણ કરી શકે એવો બને છે. ૩૧.** પોતાની માથે ભગવાનનું બળ રાખવાથી ભક્ત અત્યંત સમર્થ અને સુધીર બને છે. અને મનમાં જેવો સંકલ્પ ધારે તે સફળ થાય એવો તે ભક્ત ભગવાનના બળે અતિ સમર્થ થાય છે. ૩૨. ભગવાનના સર્વકર્તા, સર્વાધારાદિક લક્ષણરૂપ ચિહ્નો સિવાય બીજા ઘણા લક્ષણો તેવા ભક્તને પ્રાપ્ત થાય છે. ઉપાસના કરનારો ભક્ત જેવા ભગવાનને સમર્થ સમજે છે, તેવું સામર્થ્ય કે તેવા ગુણ તેમાં આવે છે. ૩૩.

ભક્તને આવું સામર્થ્ય આપે છે છતાં ભગવાન તો તેના કરતા અધિક અપાર સમર્થ રહે છે. જેનો કોઈ પાર પામી શકતું નથી. એટલા માટે જ ભગવાન અતિશય સમર્થ છે અને સહુનાં શિરસાવંદ્ય-પૂજ્ય કહેવાય છે. ૩૪. જ્યારે ભક્ત આવી રીતે ભગવાનને સમજે છે ત્યારે તે સ્વયં બ્રહ્મને સમાન થાય છે. તે ભક્તમાં જેમ જેમ વધારે સામર્થ્ય આવે છે તેમ તેમ તે ભગવાનનો વધારે ડર રાખે છે. ૩૫. **ભગવાનનો અને સંતોનો દાસ થઈને તે રહે છે અને ક્યારેય કોઈ ભક્તજનને તે દુભવતો નથી ત્યારે તે અક્ષરથી લઈને અણુપર્યંતમાં, અનંત અંતર્યામી થઈને રહે છે. ૩૬.** જેમ નાના, મોટા કાષ્ઠમાં કાષ્ઠ પ્રમાણે અગ્નિ વ્યાપીને રહે છે અથવા આકાશ રહિત જેમ કોઈ વસ્તુ નથી રહેતી. તેમ તે ભક્ત સર્વત્ર અંતર્યામી થઈને રહે છે. ૩૭. ભગવાન અંતર્યામીપણે અણું અણુમાં વ્યાપીને રહ્યા છે અને અક્ષરથી પણ તે અત્યંત પર છે. અક્ષર શ્રીહરિના પારને પામી શકતું નથી. ૩૮.

दोहा : अक्षर कु जितनो सामर्थ, हरि देवत जेहि वार;
तितनो सामर्थ देखात सो, हरि सामर्थ हे अपार...३९

ભગવાન અક્ષરને જેટલું સામર્થ્ય આપે છે તેટલું જ સામર્થ્ય અક્ષર પ્રગટ કરી શકે છે. ભગવાનનું સામર્થ્ય તો અપાર છે. ૩૯.

सोरठा : अक्षर कु जो लगार, मान आवत ईश्वर हुको;
सद्य सो देवत हि टार, हरि में कला हे एसी अनंत...४०

જો અક્ષરમાં ઐશ્વર્યનું લગારેક પણ માન આવે છે તો ભગવાન સત્વરે તે ઐશ્વર્યને હરી લે છે. ભગવાનમાં આવી અનંત કળાઓ રહી છે. ૪૦. આવું ભગવાનનાં સ્વરૂપનું જેને જ્ઞાન હોય તે સાચો વૈષ્ણવ છે. જ્યારે સાચા વૈષ્ણવ મળે છે ત્યારે ગુણ વિના તેનું પ્રમાણ થાતું નથી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ જેઠા શેઠ આગળ વૈષ્ણવધર્મની વાત કહી' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર નવમું : તરંગ - ૨૫

પુષ્ટિમાર્ગના શ્રીવલ્લભાચાર્યની જીવનકથા કહી

ઝીંઝરમાં જેઠા શેઠે શ્રીહરિની પૂજા કરી ત્યારે થાળમાં ભરીને જે મેવા લાવ્યા હતા તે શ્રીહરિની આગળ અર્પણ કર્યા. ૧. પછી તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપે અમને સાચા વૈષ્ણવ કર્યા છે. આ જગતમાં જે ખોટા વૈષ્ણવ છે તે પણ હવે ઓળખાઈ ગયા છે. ૨. તેઓ પરસ્પર એકબીજાને ઠગવા માટે ઉપલક વૈષ્ણવનો વેષ ધરી રહ્યા છે. કેવળ ઉદર અને શિશ્નને તૃપ્ત કરવા માટે લેશમાત્ર નિયમ-ધર્મ રાખતા નથી. ૩. કામ અને ભોગપ્રધાન સેવાને સમય સમય પ્રમાણે કરે છે. કામને ભગવાન માનીને વિચારપૂર્વક લાલજીની સેવા રાખી છે. ૪. લાલજી બાળ સ્વરૂપ છે. બાળક ઉપર સહેજે જ હેત થાય. બાળકમાં જેવું હેત થાય તેવું હેત મોટામાં નથી થાતું. ૫.

બાળસ્વરૂપે કપડાં પહેર્યાં હોય કે ન પહેર્યાં હોય, છતાં તે ઘણા સુશોભિત જણાય છે. બાળક જે કાંઈ યોગ્ય કે અયોગ્ય ચેષ્ટા કરે, તેનાથી ક્યારેય કોઈને કુહેત થતું નથી. ૬. બાળક સ્વાભાવિક રીતે જે કાંઈ ક્રિયા કરે છે તે મનુષ્યમાત્રને પ્રિય લાગે છે. મનુષ્યમાત્રની મનોવૃત્તિ બાળકમાં વગર લોભાવ્યે લોભાઈ રહે છે. ૭. બાળક થઈને કાંઈ અનીતિ કરે તોપણ કોઈને તેનો અવગુણ આવતો નથી. બાળકનું નખશિખ રૂપ જોયા પછી પણ તે બાળક જોનારાને નિર્દોષ જ લાગે છે. ૮. જગતમાં જે જે બાળક કહેવાય

છે તેમાં સહુનું મન લોભાઈ રહે છે. બાળકનું એકેય એવું આચરણ નથી હોતું કે જેને જોઈને લોકોને તેમાં અણગમો થાય. ૯. બાળકના દેખતા મોટી ઉંમરના મનુષ્ય ચાહે તેવું આચરણ કરે, બાળકને તેનો અવગુણ આવતો નથી. એટલે બાળકના ગુણો નિર્દોષ દેખાય છે. ૧૦. બાલ્યવયથી લાલજી અપાર સમર્થ હતા. તેમણે પૂતનાનો તો તરત જ ઉદ્ધાર કરી દીધો હતો.

બાળલાલજીમાં એવા અનંત દિવ્ય ગુણ, સામર્થ્ય જાણ્યા તેથી જ શ્રીવલ્લભાચાર્ય ઘણા બળશાળી થયા. ૧૧. તેમને વિઠ્ઠલનાથજી અને ગોપીનાથજી, એ નામે બે પુત્ર થયા. તે બંનેએ એકાંતિક વૈષ્ણવ દાસનું રહસ્ય પ્રકાશિત કર્યું નથી. ૧૨. તૈલંગ (આંધ્ર) પ્રદેશમાં વિપ્રોમાં ગોસ્વામી નામે એક વિપ્રનો પ્રકાર છે. તે ગોસ્વામી કુળના લક્ષ્મણ ભટ્ટ નામે એક વિપ્ર હતા. ૧૩. તે પોતાની પત્નીની સાથે તીર્થોમાં ફરતાં ફરતાં કાશી આવ્યા અને ત્યાં વસી ગયા. ૧૪. લક્ષ્મણ ભટ્ટની પત્નીને સાત માસનો ગર્ભ હતો ત્યારે કાશીમાં રાજસત્તા માટેનો ઉપદ્રવ થયો તેથી લશ્કરનો ભય હતો એટલે તેઓ કોઈ નિર્ભય સ્થાનમાં જઈ વસ્યા. ૧૫.

જ્યારે દેશકાળ નિરુપદ્રવ થયા ત્યારે તેઓ પાછા કાશીમાં આવ્યા. ગર્ભને દસ માસ પૂરા થયા ત્યારે પુત્રનો જન્મ થયો. ૧૬. વિક્રમ સંવત્ ૧૫૩૫ના ઉત્તરાયણનાં સૂર્ય હતા ત્યારે વૈશાખ વદિ-૧૧, રવિવારે ધનિષ્ઠા નક્ષત્રમાં તે પુત્રનો જન્મ થયો હતો. ૧૭. જોનારા લોકોને તે બાળક વલ્લભ કહેતાં, પ્રિય લાગતો. નગરનાં લોકોનાં મનને પોતાના તરફ ચોરી લેતો હતો અને માતા-પિતાની ઢળતી ઉંમરે તેનો જન્મ થયો હતો. તેથી તેનું નામ વલ્લભ (શ્રીવલ્લભ) રાખ્યું હતું. તે બાળક સહુનાં મનને ભાવી ગયો. નગરની જે સ્ત્રીઓ તેને દેખતી તે તેને અતિશય પ્રેમભાવથી રમાડતી. ૧૮-૧૯. તે બાળકના જ્યારે આઠ વરસ થયા ત્યારે તેનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો.

એક વખત સૂતેલા પિતા લક્ષ્મણ ભટ્ટને સ્વપ્ન આવ્યું. ૨૦. ભગવાન પુરુષોત્તમે ભવિષ્યમાં થવાની બધી વાત તે ભટ્ટને કહી. "તમારો આ પુત્ર મનુષ્ય નથી. ૨૧. **આ સાક્ષાત્ અગ્નિનો અવતાર છે અને તેથી જ તે સહુને વલ્લભ લાગે છે. તેને મારાં જેવાં અતિશય રૂપાળા બે પુત્ર થાશે. ૨૨.**

હે વિપ્ર, તમારું ઘણું મોટું ભાગ્ય છે. ઘરબાર છોડીને તમે તીર્થો કર્યા છે. અગાઉ પણ અતિશય ભારે તપ કરેલું છે. અપાર યજ્ઞ-યાગાદિ પણ કર્યા છે. ૨૩. તે બધાં પુણ્યનું ફળ અત્યારે ઉદય પામ્યું છે. થોડાં સાધનનું આવું ફળ ક્યારેય ન હોય. હવે તમારો ઉદ્ધાર થઈ જશે. તેમાં કોઈ સંશય નથી. " ૨૪. આવું કહીને સુખકારી ભગવાન પુરુષોત્તમ અંતર્ધાન થઈ ગયા અને તે વચનોને સાંભળીને વિપ્ર લક્ષ્મણ ભટ્ટને ઘણો આનંદ થયો. ૨૫.

થોડા સમયમાં તે વિપ્રે શરીર છોડી દીધું. પછી તેના પુત્ર વલ્લભે વેદો અને શાસ્ત્રોના જેટલા તત્ત્વજ્ઞાનના ભાગ હતા તેટલા ભણ્યા. ૨૬. તેણે થોડા સમયમાં સમગ્ર શાસ્ત્રોને ભણીને તેનું રહસ્ય સમજી લીધું અને તેને કોઈ જીતી ન શકે એવા મોટા વિદ્વાન બન્યા. ૨૭. પછી તેઓ વિજયનગર (વિદ્યાનગર) આવ્યા. ત્યાંના કૃષ્ણરાવ નામે રાજા હતા. તેમણે માધ્વસંપ્રદાયના વ્યાસતીર્થ નામે સંન્યાસીને અને બીજા માયાવાદી નામે શાંકર મતના એક સંન્યાસીને શાસ્ત્રાર્થ કરવા માટે બોલાવ્યા હતા. શાસ્ત્રાર્થ શરૂ થયો. ૨૮-૨૯. તેમાં માયાવાદી સંન્યાસીનો પક્ષ વિદ્યાથી સબળ થતો હતો, તેથી તે વ્યાસતીર્થને દબાવવા લાગ્યા. ૩૦.

ત્યારે વલ્લભાચાર્યે વ્યાસતીર્થનો પક્ષ લીધો અને તેણે માયાવાદી સંન્યાસીને જીતી લીધા. ત્યારે રાજાએ તેમને ઘણું ધન આપ્યું. ૩૧. અને વલ્લભાચાર્યને અપાર પ્રતાપી જાણીને તેનો ઘણો સત્કાર કર્યો. રાજાએ જે ધન આપ્યું તેના વલ્લભાચાર્યે ત્રણ ભાગ કર્યા. ૩૨. બેભાગ બે સંન્યાસીને આપ્યા અને એકભાગ પોતાની પાસે રાખ્યો. પછી વલ્લભાચાર્યની માતાએ તેનો વિવાહ કરાવ્યો. ૩૩. વલ્લભાચાર્યને બે લાલ (પુત્ર) થયા. મોટા ગોપીનાથ અને નાના વિઠ્ઠલનાથ. તેમાં વિઠ્ઠલનાથ ભારે સમર્થ થયા. તેમણે કેટલાએ નરનારીઓનો ઉદ્ધાર કર્યો હતો. ૩૪. વલ્લભાચાર્યને સમર્થ વિદ્વાન જાણીને સંન્યાસી વ્યાસતીર્થે બોલાવ્યા અને કહ્યું કે, મધ્વાચાર્યની ગાદી ઉપર તમને સ્થાપન કરીએ. ૩૫.

તે સમયે આચાર્ય વિષ્ણુસ્વામીના મતના પંડિત બિલ્વમંગળે તેમને કહ્યું. અમે તમને વિષ્ણુસ્વામીની ગાદી ઉપર સ્થાપન કરીએ. ૩૬. તમારા

પુત્ર વિઠ્ઠલનાથ વિષ્ણુનો અવતાર છે. તમે પોતામાં માતા યશોદાનો ભાવ લાવીને તે લાલની અપાર સેવા કરો. ૩૭. બાળલાલમાં કૃષ્ણભાવ રાખો અને પોતાના હૃદયમાં ગોપીભાવ રાખો. આ રીતે લાલને લાડ લડાવીને તમે ગોલોક ધામને પામશો. ૩૮. શ્રીકૃષ્ણનું સ્વરૂપ અગિયાર વરસ અને બાવન દિવસ સુધી વ્રજ ભૂમિમાં વિચર્યું છે. તે સ્વરૂપ ભક્તજનોએ ગાવાને માટે યોગ્ય છે. ૩૯. એટલા જે બાલભાવના ચરિત્રો છે તે અતિ રસના સમુદ્રરૂપ છે. તેમાં અત્યંત સ્નેહ કરવો. કારણ કે ભગવાન કૃષ્ણ તો ભક્તોને વશ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'પુષ્ટિ માર્ગના શ્રી વલ્લભાચાર્યની જીવન કથા કહી' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર નવમું : તરંગ - ૨૬

વ્યાસનાં વચનોને આધારે સંપ્રદાયોને અને ઉદ્ધવ સ્વામીના મતને શ્રીહરિએ કહ્યો

શ્રીહરિવરે ઉપર કહેવાયેલી વાત જેઠા શેઠને મુખથી એકાગ્રચિત્તથી સાંભળી. પછી ભક્તો પ્રત્યે પ્રેમ કરીને અમૃતમય વચન બોલ્યા. ૧. અત્યાર સુધીમાં આચાર્યો અપાર થઈ ગયા છે અને હવે પછી પણ ન ગણી શકાય તેવા અનંત આચાર્યો થાશે. પણ તેમાં કોઈ વ્યાસમુનિ જેવા સમર્થ થયા નથી. ૨. સહુએ પોતાનાં મનમાં ગંભીર રીતે વિચારીને વ્યાસનાં મતને અનુસારે પોતાના સંપ્રદાયના અલગ અલગ મંતવ્યોને પ્રવર્તાવ્યાં છે. ૩. જે વ્યાસનાં વચનને અનુસારે ચાલે છે તે માનવાને યોગ્ય છે પણ તેના સિવાયના મતનો ભાર પડતો નથી. કારણ કે કલ્પિત સંપ્રદાય દેખાય છે. ૪. જે કોઈ પણ જીવ પ્રાણીમાત્ર છે તેને આધાર તો ભૂમિનો જ છે. તે વિના બીજો કોઈ આધાર નથી. તેમ બધા જ સંપ્રદાયોને આધારરૂપ તો વ્યાસનાં વચનો જ છે. ૫. જેને જેવા જોઈએ તેવાં વચન વ્યાસનાં ગ્રંથોમાંથી મળી રહે છે. વ્યાસમુનિએ

ભગવાનને ચિંતામણિ જેવા જાણીને ઘણા હેતથી પોતાનાં હૃદયમાં રાખ્યા. ૬. તેમણે ગ્રંથમાં જે શબ્દો લખ્યા છે તેમાં કોઈપણ શબ્દ નિરુપયોગી નથી. લોકો અનંત પ્રકારની રુચિવાળા હોય છે એટલે તેમની રુચિ પ્રમાણે ગ્રંથમાં શબ્દોને લખ્યા છે. ૭. જેનામાં વ્યાસનાં જેવું સામર્થ્ય હોય તેને વ્યાસમુનિનો મહિમા અતિશય સમજાય. જે અલ્પબુદ્ધિવાળા લોકો હોય છે તે તો વ્યાસનાં વચનોમાં દોષ દેખે છે. પણ વ્યાસનાં વચનનાં પ્રમાણ સિવાય સંતોષ થાતો નથી. ૮. જેની બુદ્ધિ આકાશના સમાન વ્યાપક હોય તે વ્યાસની ગતિને સમજી શકે છે. જો વ્યાસનો અવતાર થયો જ ન હોત તો કોઈને મોક્ષનું જ્ઞાન થાત જ નહીં. ૯. વ્યાસમુનિએ ગ્રંથમાં જે કાંઈ લખ્યું છે તેના અર્થ-પ્રયોજનને સામાન્ય મનુષ્ય સમજી શકતો નથી. તેમણે કામમાં ન આવે એવું એક પણ વચન લખ્યું નથી. વ્યાસમુનિના જેટલાં વચન છે તેમાં એક પણ વચન નિરર્થક નથી. ૧૦.

કામ પરક જે વ્યાસનાં વચન છે તે તો તેમણે અંતર્યામીપણે કરીને લખ્યાં છે. તેમનાં વચન તો ચિંતામણિ જેવા છે. તેઓ અનુપમ અને વિશાળ બુદ્ધિશાળી હતા. ૧૧. બીજા જે જે આચાર્ય થયા છે તેમણે વ્યાસમુનિનાં વચનોને આધારે પોતાનો મત અલગ જ ચલાવ્યો છે અને બીજાના મતને તો ચોરના જેવા અપ્રમાણિક કરી દીધા છે. ૧૨. પોતે તો શાહુકારી બતાવીને પોતાનો એક પણ દોષ સ્વીકારતા નથી અને બીજાને તો ચોરના જેવા અપરાધી કહીને તેમાં અપાર દોષ દેખે છે. ૧૩. શબ્દો એક વિકટ મોહજાળ છે. તેમાં આંધળો કાંઈ દેખી શકતો નથી અર્થાત્ તેમાં અજ્ઞાનીને કાંઈ ખબર પડતી નથી. અને શબ્દોની જાળમાં ફસાઈ જાય છે, તે પછી તેમાં જ સુખને માને છે. ૧૪.

જેનાથી જીવમાં જ્યારે શાંતિ થાય છે ત્યારે તેમાં તે દોષ જ જોતો નથી અને તે જીવ એના જેવો થઈ જાય છે અને ત્યારે બીજાનો અતિ દૃઢ તેને અભાવ આવે છે. ૧૫. જેમકે, આ દુનિયામાં મનુષ્યને માતા અને પિતાના જેવો બીજો કોઈ હિત કરનારો નથી. છતાં પણ જ્યારે યુવાન પુત્રને પત્ની મળે છે અને તેનાથી જ્યારે તેને શાંતિ થાય છે ત્યારે તે પુરુષ તેની પત્નીના જેવો થઈ જાય છે. એટલે પત્ની પોતાના પતિના મગજમાં તેના હિતકર એવા

માતા-પિતાને પણ શત્રુ કરતા વધારે દુઃખદાયી કરી દે છે. ૧૬. બધી સ્ત્રીઓમાં એટલી કળા તો હોય જ છે કે તે પોતાના પુરુષને વશ કરી લે છે અને તેથી જ તે પુરુષ પોતાના માતા-પિતાને ક્યારેય રાખતા નથી અથવા એનો પક્ષ રાખી રાજી રાખી શકતા નથી. સહુને પોતાના સ્વાર્થમાં જ સુખ છે. જ્ઞાની હોય કે અજ્ઞાની, બધા સ્વાર્થના જ ભૂખ્યા છે. ૧૭. અનેક પ્રકારની બીજી પરોક્ષ વાતો કહે, પોતાનો સ્વાર્થ દેખાવા દે નહીં. કારણ કે જો પોતાનો સ્વાર્થ જાહેર થઈ જાય તો પછી કોઈ કયારેય તેની સાથે હેત-પ્રીત રાખે નહીં. ૧૮.

બુદ્ધિમાન માણસ પોતાને તો અત્યંત નિઃસ્પૃહી કહી દેખાડીને પોતાનો સ્વાર્થ કળાવા દે નહીં. જો તેનો સ્વાર્થ બીજાને કળાઈ આવે તો પછી તેનો કોઈ વિશ્વાસ કરે નહીં. ૧૯. આવા જે સ્વાર્થી હોય છે તેને સમગ્ર જગતમાં કોઈ ગુરુ માનીને પૂજતા નથી. ગુરુમાં તો એવી અપાર બુદ્ધિ હોવી જોઈએ કે કોઈ તેનો પાર ન પામે. ૨૦. જો ગુરુનું ગુજરાન ભગવાનમાં જ રહેલુ હોય તો તેમાં અપાર લોકોનું કલ્યાણ રહેલું છે. જગતમાં બધા જ ગુરુ એકસરખા હોતા નથી. જે જેવા હોય તે અંતે દેખાઇ આવે છે. ૨૧.

પ્રતાપી ગુરુ પોતાનો પ્રતાપ દેખાડે છે, અને જેમાં પ્રતાપ ન હોય તેવા ગુરુ લોકોને ગમતા નથી. કેટલાક ગુરુઓ એવા હોય છે કે પોતે પોતાનો મોક્ષ કરવા માટે શુદ્ધપણે ધર્મને પાળતા હોય છે. ૨૨. બીજો કોઈ ધર્મ રાખે કે ન રાખે, તેમના ઉપર દ્વેષ રાખતા નથી. અને જે લોકો પ્રેમથી આવીને તેમને જાણે છે તેઓનું પણ અને બીજા બધા લોકોનું પણ તે કલ્યાણ ચાહે છે. ૨૩. અને કોઈ મનુષ્ય પોતાનું ખરાબ કરતો હોય તો પણ તેનું હિત વિચારતા હોય છે, તેવા ગુરુ ભગવાનને બહુ પ્રિય લાગે છે અને વારંવાર ભગવાન તેને પોતાની પાસે દેખતા હોય છે અર્થાત્ એની સામે વારે વારે કૃપાદૃષ્ટિ કરતા રહે છે. ૨૪.

❋ સાચા સંત જ મોક્ષના દાતા છે :

ખરેખર જે ભગવત્પ્રેમી હોય છે તેની નિષ્કપટતાને દેખીને ભગવાન તેની પાસે જ રહે છે અને જે લોકોને ઠગવા માટે જ પ્રેમી બન્યો હોય છે તેનાથી

તો ભગવાન દૂર રહે છે. ૨૫. નિષ્કપટપણું, નિર્દંભપણું, મનની કુટિલતાનો સર્વથા અભાવ, ઈર્ષ્યા, મત્સર અને માનથી રહિતપણું, ધર્મેયુક્તપણું, કલેશે રહિતપણું, ૨૬. **નિષ્કામીપણું, નિર્માનીપણું, નિર્લોભીપણું, નિઃસ્પૃહપણું, નિઃસ્નેહીપણું, નિઃસ્વાદિપણું, એ બધા સદ્‌ગુણો છે તે સાચા સંતના ચિહ્ન છે. ૨૭. આવા સંતોના વચનમાં જે રહે છે. શ્રીહરિ તેનો મોક્ષ કરે છે અને તેમાં રહેલા મોક્ષકારી ગુણોને જાણીને તેના ઉપર અત્યંત પ્રસન્ન થાય છે. ૨૮.** મોક્ષકારી એક ગુણ હોય તો મનુષ્યનો ઉદ્ધાર થઈ જાય છે. કલ્યાણ, મોક્ષ અને ધામ વગેરે બધું એક જ કહેવાય. ખાલી શબ્દ જુદા જુદા છે. ૨૯. સહુનું કારણ મુખ્ય એક ભગવાન જ છે. જ્યાં શુદ્ધ ધર્મ હોય છે ત્યાં ભગવાન રહેતા હોય છે. ભગવાનનું ક્યારે અને કેમ દૂરપણું હોય છે? અને ક્યારે અને કેમ નજીકપણું હોય છે ? તે બધી બાબતને તો જ્ઞાની ગુરુ જાણતા હોય છે. ૩૦.

❋ ભાવ પ્રમાણે સુખ થાય છે :

દૂરપણુ કે નજીકપણું, એ તો ભક્તની ભાવના છે અર્થાત્ ભાવનાને લઈને છે. જેવી ભાવના હોય તેવા ભગવાન દૂર કે નજીક દેખાઈ આવે છે. ક્યારેય નજીક દેખાય કે ના દેખાય તોપણ પોતાના દિલમાં શ્રીહરિને નજીક જ દેખે છે. ૩૧. તેની નજીક હરિનો વાસ હોય છે. જે પ્રેમીદાસ છે તે એવું જાણે છે. જેને જેવી સમજણ હોય તેને તેવું સુખ મળે છે અને શ્રીહરિનું જ્ઞાન તે એવું જ જાણે છે. ૩૨. મનુષ્યની સમજણ જુદી જુદી હોય છે. સહુને પોતાની સમજણ ગમે છે. શાસ્ત્રોનો મત પણ એકસરખો નથી હોતો. જેવો સમય હોય તે પ્રમાણે તેને સમજવો પડે છે. ૩૩. જ્ઞાનીની જેવી રુચિ હોય તેવાં વચનને તે શાસ્ત્રોમાંથી સ્વીકારે છે. ઉદ્ધવ સ્વામીનો મત (સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો મત) જે ઉદ્ધવ સંપ્રદાય છે તે અમને અત્યારે ઘણો જ પ્રિય લાગે છે. ૩૪. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ચાર સાધન રાખવાં, ત્યાગીઓએ સ્ત્રી અને ધનનો સર્વથા ત્યાગ રાખવો. આવી યથાર્થ શુદ્ધ રીત શાસ્ત્રમાં જેવી રીતે કહી છે તેવી જ શુદ્ધ રીત આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહી છે. ૩૫. બીજા મતોમાં તો પ્રાયઃ માયાએ પ્રવેશ કરી દીધો છે. કોઈને પણ

કોઈનો અભાવ આવતો જ નથી. પોતપોતાના મત અનુસારે સહુ ગુજરાન કરે છે. બધાને સ્ત્રી અને ધન ઘણાં જ પ્યારા લાગે છે. ૩૬. ધન અને સ્ત્રી પુષ્કળ પ્રમાણમાં મળે તે જ મોક્ષ છે એમ માને છે અને ઉદર તૃપ્તિ થવી તે જ મોક્ષનું ફળ છે. એવું તેઓ બોલે છે. ૩૭. અત્યારે ધન અને સ્ત્રીનો ત્યાગ રાખનારા તો બહુ જૂજ જ રહ્યા છે. અને જે ધન અને સ્ત્રીના મતવાલા છે તેઓ તો તે ધન-સ્ત્રીના ત્યાગીનો દિનપ્રતિદિન દ્રોહ કરે છે. ૩૮.

सोरठा : धन अरु त्रिय जेह, त्यागी होई के रखत भयेउ;
हरिपद विमुख तेह, वर्णाश्रम के मल कहत...३९
धन त्रिय किये हे त्याग, त्यागी की संप्रदाय महिं;
प्रभुपद रखे अनुराग, केफ व्यसन रखे त्याग सब...४०

ત્યાગી થઈને પણ જે ધન અને સ્ત્રીને રાખે છે તે તો ભગવાનનાં ચરણથી વિમુખ થઈ ગયા છે અને તે તો વર્ણ અને આશ્રમના મળ જેવા છે. ૩૯. ત્યાગીની પરંપરામાં જેણે ધનનો અને સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, ભગવાનનાં ચરણમાં જેને ભક્તિ હોય અને જેણે કેફ અને બધાં વ્યસનોનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો હોય તો તેઓ ત્યાગીના સંપ્રદાય-પરંપરાના છે એમ સમજવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'વ્યાસનાં વચનો પ્રમાણેનાં સંપ્રદાયને અને ઉદ્ધવમતમાં પોતાની રુચિને શ્રીહરિએ કહી.' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર નવમું : તરંગ - ૨૭

શ્રીહરિ સંતોને પીરસવા આવ્યા અને તે પ્રસંગે રસની વાત કહી

તે પછી શ્રીહરિ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પોઢી રહ્યા. ભક્તજન વીરણ (સુગંધીવાળા)નો પંખો લઈને તે વેળાએ પવન નાખતા હતા. ૧. ચો તરફ પાણી છાંટ્યું હતું. ગરમ લૂ ચાલતી હતી. જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો ત્યારે કાંઈક તડકો ઓછો થયો. ૨. જ્યારે રસોઈ તૈયાર થઈ

ત્યારે શ્રીહરિ ઊઠ્યા. ચરણોમાં ચાખડીઓ પહેરીને વર્ણીની પાસે આવ્યા. ૩. ત્યાં ઠંડા જળથી સ્નાન કર્યું. રૂમાલથી શરીર કોરું કર્યું. બાજોઠ ઉપર ઊભા રહીને પીતાંબર પહેર્યુ. ૪. ભક્તજને રૂમાલ ધોઈને આપ્યો એટલે તે ભીનો રૂમાલ શરીર ઉપર ઓઢી લીધો. તે પછી સોનેરી વિશાળ બાજોઠ ઉપર જઈને દયાળુ શ્રીહરિ બેઠા. ૫.

મયારામ ભટ્ટ સૌના પહેલા રસોઈ બનાવી અને જમીને ત્યાં આવી ગયા. પછી હાથમાં વીરણવાળાનો પંખો લઈને શ્રીહરિને પવન નાખવા લાગ્યા. ૬. વિપ્ર મુનાભાઈ છત્ર લાવ્યા અને તે શ્રીહરિનાં શિર ઉપર ધરી રાખ્યું. પછી સાકરના કંસારથી ભરેલો થાળ તત્કાળ લાવીને વર્ણીએ શ્રીહરિની આગળ ધરાવ્યો. ૭. અડદની પેતી (એક પ્રકારની વાનગી) કટોરામાં ભરીને ધરાવી હતી. વળી ભજિયાં, વડાં અને રોટલી વગેરે જે પીરસ્યું હતું તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ૮. પાપડ અને ગોળ કેરીનું અથાણું જે ધરાવ્યું હતું તે પણ શ્રીહરિવર જમ્યા. રસોઈમાં જે સાકર અને ઘી વપરાયા હતા તે જેઠા શેઠે લાવી આપ્યાં હતાં. ૯. તે સિવાયનો રસોઈનો બધો સામાન દરબાર ખોડાભાઈએ આપ્યો હતો. પોતે અપાર પ્રેમવાળા ભક્ત હતા. તેમનો બધો ગરાસ કરજ ચુકવવામાં જતો રહ્યો હતો. ૧૦.

સત્સંગ થયા પછી વિચારીને વ્યવહાર ચલાવતા. અન્ન અને વસ્ત્ર મળી રહેતા હતા. શ્રીહરિ ઘણા ભાવથી ભોજન જમ્યા. કારણ કે ખોડાભાઈ તેવા જ ઉત્તમ ભક્ત હતા. ૧૧. માટીના કોરા ઠામમાં દહીં જમાવ્યું હતું. તે શ્રીહરિની આગળ ધર્યું. જ્યારે કંસાર અને રોટલી જમી રહ્યા ત્યારે ભાત અને સાકર લીધા. ૧૨. સમયનું ભોજન જાણીને તેને શ્રીહરિ ભાવથી જમ્યા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે મુખ ધોયું. ૧૩. શ્રીહરિ જે થાળ જમ્યા તે પ્રસાદી ખોડાભાઈને આપી. પછી સંતો દરબારો અને પાર્ષદોની પંગત કરી. ૧૪.

પછી શ્રીહરિએ મુખવાસ લીધો. ભક્તજનોમાં નિવાસ કરનારા શ્રીહરિને સંતો અને દરબારોના ઉપર બહુ જ હેત હતું. તેથી આવીને તેમને પીરસવા લાગ્યા. ૧૫. જેને જેના ઉપર હેત હોય છે તે તેનું ખૂબ જ હિત જાળવે છે, પોતાના હેતવાળાને સર્વસ્વ આપી દે છે તોપણ પૂરો સંતોષ

થતો નથી. ૧૬. જગતમાં રસ વિવિધ પ્રકારના છે. ગણતા ગણતા તેનો પાર પામી શકાતું નથી. તેમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ અમૃતરસ છે. એમ દેવો, દૈત્યો અને મનુષ્ય નરનારીઓ કહે છે. ૧૭. પણ હેતરૂપી રસ તો અમૃતરસ કરતાંએ વધારે મહત્ત્વપૂર્ણ છે. એવું શ્રીહરિ ચોક્કસ નિર્ણય કરીને કહે છે. હેતરૂપી રસ જ્યાં સુધી હોય ત્યાં સુધી તેને હેતથી અધિક કાંઈ જ રહેતું નથી. ૧૮. કોઈની સાથે હેત હોય તો તેને માટે થઈને પોતાનું માથું પણ આપી દે, છતાં હેત તો વધારે અધિક રહે છે. હેત કરીને જો કોઈને તેના દોષ કહેવામાં આવે તે દોષ કથન તેનાં હેતમાં વિઘ્ન કરે નહીં. ૧૯.

✵ અક્ષરધામનાં સુખની આગળ અન્ય ધામના સુખોની ન્યૂનતા :

ચોપાઈ :

हमारे निवास हे अक्षरधामा, तेहि सम सुख न अवर कोउ ठामा;
गोलोक वैकुंठ श्वेतद्वीप सुखा, अक्षरधाम आगे सो लुखा...२०
बद्रिकाश्रम को सुख जोउ, देव के सुख से अधिक हे सोउ;
सो सुख को अनुभव होत जेहा, प्रकृतिपुरुष लग सुख हि तेहा...२१

અમારું નિવાસસ્થાન અક્ષરધામ છે. તેનાં જેવું સુખ બીજી કોઈ જગ્યાએ નથી. ગોલોક, વૈકુંઠ અને શ્વેતદ્વીપનું સુખ તો અક્ષરધામનાં સુખ આગળ લૂખું લાગે છે. ૨૦. બદરિકાશ્રમનું સુખ તો દેવલોકનાં સુખ કરતાં પણ અધિક છે. તે ધામનાં સુખનો જેને અનુભવ થાય છે તેને પ્રકૃતિપુરુષનાં લોક સુધીનું સુખ પણ સોનાની આગળ પીત્તળનાં જેવું હલકું જણાય છે. બદરિકાશ્રમનાં સુખ આગળ બીજા બધા સુખ આ રીતના છે. પરંતુ બદરિકાશ્રમમાં જે મહાન સુખ રહ્યું છે તેનો અનુભવ થયા સિવાય તે દેખાતું નથી. ૨૧-૨૨.

તે સુખને અમે જ્યારે સંભારીએ છીએ ત્યારે અમારું દિલ અહીંયાં ટક્તું નથી. છતાં આ સત્સંગમાં મોટા મોટા ભગવાનનાં ભક્તો રહ્યા છે. એમ અમે જાણીએ છીએ. તેની સાથે હેત કરીને અમે અમારાં જીવને આ સત્સંગમાં પ્રેમથી રાખ્યો છે. જો કે અમે વારંવાર સત્સંગથી અતિ ઉદાસ થઈ જઈએ છીએ. ૨૩-૨૪. તોપણ સહુથી ઉત્તમ આ સત્સંગમાં અમે નિવાસ

કરીને રહ્યા છીએ. પરંતુ અમુક ભક્તો મારાં સ્વરૂપનું યથાર્થ રૂપમાં ચિંતન-ધ્યાન કરતા નથી. ૨૫. અને અમે જે જે વાત કહીએ છીએ તેમાં અમારું એક જ તાન રહે છે કે, મૂર્તિનાં જેવું શ્રેષ્ઠ અન્ય કોઈપણ પદાર્થ જગતમાં ક્યારેય પણ નથી. ૨૬.

सोरठा : मूर्ति विन नहीं चीत, चिंतवन करत न जाहिको;
ता पर हे मोय प्रीत, ओर प्रीत नहीं अक्षर लग...२७
मैं बेठो एक ठोर, अनेक ठोर हे मूर्ति मम;
भक्तजन जो चकोर, चितवन करत सो एक मम...२८

જે ભક્તનું ચિત્ત મૂર્તિના સિવાય અન્ય પદાર્થને કયારેય ચિંતવતું નથી તે ભક્તના ઉપર જ મને પ્રેમ થાય છે. તેના વિના તો અક્ષર પર્યંત કોઈના ઉપર પ્રેમ થતો નથી. ૨૭. હું તો એક સ્થાને બેઠો છું પણ મારી મૂર્તિઓ અનેક સ્થાન ઉપર રહી છે. મારા જે ચકોર-વિચક્ષણ ભક્ત છે તેઓ મારા એકનું જ ચિંતવન કરતા રહે છે. ૨૮. **જ્યારે મૂર્તિમાં સહુથી અધિક પ્રેમ થાય ત્યારે તે મૂર્તિ સતત દેખાઈ આવે છે. જેમકે, માયિક ઇંદ્રિયો, અંતઃકરણને વિષયોના ઉપર તાન રહે છે. વિષયોને ભોગવતાં દુઃખ આવે છતાંએ તે છાની રીતે વિષયોને ચિંતવતા રહે છે. ૨૯.** વિષયમાં અપાર દુઃખ રહ્યું છે, એમ જીવ જાણે છે. તે દુઃખ બાબતનો વિચાર રાત-દિવસ કરે છે છતાં ઇંદ્રિયો અને અંતઃકરણ વિષયમાંથી હેત તોડતા નથી. ૩૦. આમ ને આમ માયિક વિષયો અને માયિક ઇંદ્રિય, અંતઃકરણ પરસ્પર એકરસ થઈ ગયા છે. અને આમ ને આમ અનેક મહા કલ્પ વીતી ગયા છે. છતાં જીવ એમાંથી નીકળી શક્યો નથી. કેમ જે, જીવ જ્યાં જેવું શરીર ધારણ કરે છે તેને માટે ત્યાં તેવા વિષય તૈયાર જ હોય છે. ૩૧.

વિષયનાં સુખને માટે થઈને જીવ અનંત દુઃખોને ભોગવે છે તોપણ તે હરખાતો જ રહે છે. જેમાં જ્યાં સુધી હેત કે હિત જણાય છે ત્યાં સુધી તેનો અભાવ આવતો નથી. ૩૨. વિષય માટે થઈને નાક કાન કપાવે છતાં તેના દિલમાં દુઃખ દેખાતું નથી. જીવ આખી પૃથ્વીનું રાજ્ય પામે તે છતાં પણ ચિત્તને વિષયમાં લગાવે તો તે વિષય જ તેનું આખું રાજ્ય ડુબાડી

દે છે. નજર કરતા ઘણું ખરું આમ જ દેખાય છે. બળવાન ઇંદ્રનું રાજ્ય પણ વિષયને લીધે જ કેટલીએ વાર નષ્ટ થયું હતું. ૩૩-૩૪. બ્રહ્માને વિષયમાં પ્રેમ થયો ત્યારે શિવે તેનો શિરચ્છેદ કર્યો હતો. નારદજી ભગવાનનું મન કહેવાય, છતાં વિષયને લીધે તેનું મુખ માકડાં જેવું થયું હતું. ૩૫. મહાન સમર્થ એવા શિવજી જ્યારે વિષયમાં અત્યંત ભાન ભૂલ્યા ત્યારે નગ્ન થઈને નાચ્યા હતા. બીજાઓની તો હવે શું વાત કરવી ? અનંત બ્રહ્માંડો એમાં આવી જાય છે. ૩૬.

❋ જે સંતોને મન અપર્ણ કરે છે તેનું જીવન ધન્ય છે :

વિષયોને ભોગવતાં ભોગવતાં અનંત કલ્પ વીતી ગયા છે. વિરાટ જેવા દેહધારીને પણ વિષય ભોગવ્યા છે. તેનો કોઈ પાર આવે તેમ નથી. ૩૭. આવું હોવા છતાં જ્યારે ભગવાનનાં સાચા સંત મળી જાય છે ત્યારે તેઓ જીવના બધા જ વિષય બાબતના મનોરથોને સળગાવી દે છે. ૩૮. તે સંતો વિધવિધ રીતે અપાર દૃષ્ટાંત, સિદ્ધાંતોને બતાવીને ભવસાગરથી જીવનો પાર લાવે છે. કારણ કે, સંતો જ એક એવી કળાને જાણતા હોય છે. ૩૯. **જેનું ઘણું મોટું ભાગ્ય હોય તે સંતોને પોતાનું મન સોંપી દે છે. પછી તે સંતો જીવને ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ કરાવે છે, પણ તે ક્યારેય પોતામાં જીવને બાંધતા નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ સંતોને પીરસવા આવ્યા અને તે ઉપરથી રસની વાત કહી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર નવમું : તરંગ - ૨૮

શ્રીહરિ ઝીંઝરથી ભીમનાથ આવ્યા અને ત્યાં એક રાત રોકાયા

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. હૃદયમાં ઘણો પ્રેમ લાવીને દહીં અને સાકર લઈને સંતોને પીરસ્યાં. ૧. શ્રીહરિએ કહ્યું, સૌ ધીમે ધીમે જમો. હવે તડકો ઓછો થતો જાય છે. ટાઢા પહોરે રસ્તે

ચાલવાથી સહુને ઘણું સુખ થશે. ૨. સંતો જમી રહ્યા છે અને દરબારો તથા પાર્ષદો પણ જમી રહ્યા છે, એમ જાણીને સુખદાયક શ્રીહરિએ હાથ ધોયા અને પછી આવીને પલંગ ઉપર બેઠા. ૩. સંઘના બધા જ સ્ત્રી-પુરુષો જ્યારે જમી રહ્યા પછી સહુ તૈયાર થયા અને શ્રીહરિએ કહ્યું, સહુ રસ્તામાં આગળ ચાલતા થાઓ. ૪. સંઘમાં જેટલા રથ અને ગાડાં હતાં તે બધાં રસ્તે ચાલતા થયાં. સહુ રસ્તામાં શ્રીહરિનું યશોગાન કરતા હતા અને પોતાના દેશને જોઈને મનમાં અતિશય ખુશી થતાં હતાં. ૫.

બધાને શ્રીહરિમાં નવરંગી પ્રેમ હતો. અતિશય ઉમંગથી કીર્તન ગાતા હતા. તે સહુએ ગાયેલા શ્રીહરિના યશોગાનથી તો બધું આકાશ ભરાઈ ગયું હતું. ૬. પગપાળા અને રથ વગેરે જ્યારે દૂર ગયા ત્યારે શ્રીહરિએ બધી સવારી તૈયાર કરી. ડંકા, તુરાઈ અને રણશીંગા વગેરે ઘણા ઉમંગથી વાગવા લાગ્યા. ૭. શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. તે સમયની અનંત શોભા વર્ણવી શકાતી નથી. અશ્વ ઉપર જેટલો સાજ હતો તે બધો સોનેરી અને અત્યંત સોહામણો હતો. ૮. શ્રીહરિએ વિવિધ પ્રકારનાં સોનાનાં વસ્ત્ર અને આભૂષણો અંગો ઉપર ધારણ કર્યાં હતાં. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા હરખથી શ્રીહરિને પગે લાગ્યા. ૯.

❋ જો અટલ સત્સંગ રાખે તો શ્રીહરીનો રંગ રહે :

તે વેળાએ શ્રીહરિએ સૌ ભક્તોને બોલાવ્યા અને કહ્યું, બધા અડગ સત્સંગ રાખજો. સત્સંગથી અપાર લાભ થાય છે, તેમાં લગારેય સંશય રાખતા નહીં. ૧૦. જેણે જેણે સત્સંગ કર્યો તે જગતને જીતી ગયા છે. આવી રીત અનંત યુગથી ચાલી આવી છે. શાસ્ત્રોમાં જેને જેને જ્યારે સાચો સત્સંગ મળ્યો તે વાતો પણ લખી છે. ૧૧. ગ્રંથોમાં ઠેક ઠેકાણે સત્સંગની મહત્તાનાં વચનો કહ્યા છે પણ જે કુબુદ્ધિવાળા હોય છે તે તેને માનતા નથી. જે લોકો સત્યને પાખંડ કહે છે, તેઓને કુબુદ્ધિ અને પાખંડી જાણવા. ૧૨. જે લોકોમાં ધર્મ કે નિયમ એક પણ હોય નહીં, વિષયમાં ભરપૂર રહેતા હોય અને શૂરવીર થઈને નશો કરતા હોય તથા અનેક વ્યસન પણ જેમાં ભર્યાં હોય છે, ૧૩. એવા જે લોકો છે તેઓ સત્યરૂપ ધર્મને દેખીને તેનો અપાર દ્વેષ જ કરે છે

તેવા મનુષ્યો જ્યાં જ્યાં જે જે યોનીમાં જાય છે ત્યાં તેમને બમણું દુઃખ અને માર સહન કરવો પડે છે. ૧૪.

જે લોકો વગર વિચારે લોકોમાં સત્સંગનું ખરાબ-ઘસાતું બોલતા હોય છે તો તેમને તેનું ફળ ભોગવવું જ પડે છે. કારણ કે, સત્સંગ તો કલ્પવૃક્ષનાં સમાન છે. જેવું ચિંતવે તેવું મળે છે. ૧૫. જે આપણા સંતો અને હરિભક્તો છે તેઓ ક્યારેય કોઈનું બૂરું ઈચ્છતા નથી. નિંદા કરનારા તો માનો ઝેર પીવે છે છતાં આપણે તો તેનું હિત-સુખ થાય એવું ઈચ્છવું. ૧૬.

આવું કહીને શ્રીહરિ રસ્તે ચાલતા થયા. છતાં હરિભક્તો તો દર્શનની ઈચ્છાથી પાછળ પાછળ ચાલતા રહ્યા. લગભગ પા કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે શ્રીહરિએ સહુને પાછા વાળ્યા. ૧૭. વચ્ચે **પરવડી** ગામ આવ્યું ત્યાંના દરબાર રામાભાઈ શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ ભેટ મૂકીને પ્રેમથી પગે લાગ્યા. ૧૮. સૂર્ય અસ્ત થવા આવ્યો હતો. તળાવની અંદરના કૂવે અશ્વોને પાણી પાયું. દરબાર રામાભાઈના મનમાં શ્રીહરિને રોકવાનો બહુ ભાવ હતો. હાથ જોડીને ઘણી વિનંતી કરી. ૧૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે અમને અહીંયાં રોકવાનો આગ્રહ કરો છો પણ અમારે તો ભીમનાથ જઈને રોકાવાનું છે. માટે આગ્રહ કરશો નહીં. '

આમ કહીને શ્રીહરિ ભીમનાથને માર્ગે ચાલ્યા. દરબારની સાથે સહુને પાછા વાળ્યા. ૨૦. જ્યારે રાત બે ઘડી ગઈ ત્યારે પ્યારા શ્રીહરિ **ભીમનાથ** પહોંચ્યા. ભીમનાથમાં ગોસાઈ મહંત હતા. તેને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો. ૨૧. શ્રીહરિ આવે છે એમ જ્યારે સાંભળ્યું ત્યારે તે મહંત ઘણા ભાવથી નદીના સામા તટ સુધી સન્મુખ આવ્યા. શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ ધર્યું અને રોકાવાને માટે બહુ બહુ વિનંતી કરી. ૨૨. શ્રીહરિએ તે મહંતનો અપાર ભાવ જોયો ત્યારે નદી ઊતરીને ભીમનાથ તરફને કિનારે આવ્યા. પોલારપુર ગામના માર્ગ પાસે એક કૂવો હતો. ૨૩. તેમાં પાણી ખારું હતું એટલે નદીમાં વીરડો કરીને તેમાંથી પાણી ભરી લાવ્યા. પછી તે પાણીને ગાળીને શ્રીહરિએ પરમ સ્નેહથી પીધું. ૨૪. ભીમનાથના મહંતનું નામ ગુમાનગિરિ હતું. તેણે ઘોડાઓને માટે ઘાસ અને જોગાણ વગેરે બધું જ પહોંચાડ્યું. ૨૫.

જે જે સામાનની જરૂર હતી તે બધો મોકલ્યો અને શ્રીહરિને બેસવા માટે એક પલંગ મગાવ્યો. ૨૬. ત્યારે જેટલી જરૂર હતી તેટલી મશાલો કરાવી. ખીચડીને માટે ચોખા અને મગ જે જોઈએ તે બધું મગાવ્યું. ૨૭. ઘણા જ ભાવથી ઘી અને દૂધ અપાર લાવ્યા. તેમને અત્યારે સ્વામિનારાયણ એવા નામથી શંકરનો અવતાર થયો હોય એમ જણાયું. ૨૮.

ઉતારે બધો જ સામાન જ્યારે આવી ગયો ત્યારે શ્રીહરિ તૈયાર થયા. ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. ભેટમાં રૂપિયા આગળ ધર્યા. ૨૯. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમણે એક એક રૂપિયો ભેટ ધર્યો અને બીજા જે હરિભક્તો હતા તેમણે પણ પોતાની પહોંચ પ્રમાણે શ્રીફળ અને સોપારી વગેરે ભેટ મૂક્યા. ૩૦. જે સાતમાળનો બંગલો હતો તેમાં શ્રીહરિને પ્રેમથી પધરાવ્યા. તેમાં અપાર બિલોરી ઝાડ બાંધ્યા હતાં અને તે વેળાએ તે બધાને પ્રકટાવી દીધાં. ૩૧. બધી જગ્યાએ મોતીના ઊલેચ બંધાવી દીધાં. ઘણી બધી ચિત્રવિચિત્ર શોભા કરી દીધી. બારણામાં મોતીનાં તોરણ બાંધ્યા અને અપાર શોભા સજાવી દીધી. ૩૨. દરેક માળમાં આનંદ ઉત્સાહથી શ્રીહરિનાં પગલાં કરાવ્યાં. પછી શ્રીહરિને હિંડોળા ઉપર બેસાડ્યા અને વિવિધ પ્રકારની પૂજા લાવ્યા. ૩૩.

મહંતે કેસરયુક્ત મલયાગર ચંદનની અર્ચા કરી. તે વખતે ગુલાબ, મોગરો અને ચમેલીના સુંદર હાર પહેરાવ્યા. ૩૪. બાજુબંધ અને તોરા ધરાવ્યા. કાન ઉપર ગુલાબના ગુચ્છ મૂક્યા. ભારે માંહેલી જરિયાની શાલ ઓઢાડી અને કપૂરથી આરતી ઉતારી. ૩૫. જેવો મનનો ભાવ હતો તેવી સ્તુતિ કરી અને તેમના બધા મનોરથ પૂરા કર્યા. પછી મહંતે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, સહુની જીવનદોરી આપના હાથમાં છે. ૩૬.

જે જીવનાં જેવા કર્મ હોય છે તેને તેવું ફળ આપો છો, છતાં આપ તો સદાને માટે નિર્બંધ જ રહો છો. ૩૭. જીવ જેવું શરીર ધારણ કરે છે તેવું તે કર્મ કરે છે અને તે કર્મોનું ફળ પણ ભિન્ન ભિન્ન હોય એવું દેખાય છે. ૩૮. **ત્યારે શ્રીહરિએ કહ્યું, ચિંતામણિ એક જાતનો પથ્થર જ છે, પણ તેમાં અનંત સાજ ભર્યો છે. જ્યારે તેનું કામ પડે, ઉપયોગ કરાય ત્યારે તે**

દેખાય છે. ૩૯. તેમ ભગવાનના ગુણો તો એક ભગવાનમાં જ રહ્યા હોય છે, તેને કોઈની ઉપમા દઈ શકાય નહીં. તે ગુણો એટલા અનંત ભર્યા છે કે તેના પારને કોઈ પામી શકતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ ઝીંઝરથી નીકળીને ભીમનાથ આવ્યા અને એક રાત રોકાયા' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર નવમું : તરંગ - ૨૯

શ્રીહરિએ ભીમનાથમાં દરબારોને જમાડતી વેળાએ વાર્તા-વિનોદ કર્યો

શ્રીહરિએ તો ઘણી વાતો કરી છે પણ તેનો લખે પાર આવતો નથી. અને તેથી જ હું સંક્ષેપમાં લખું છું. કારણ કે દેહનો કાંઈ નિર્ધાર નથી. ૧. આ દેહ તો પરાધીન છે, લગારેક પણ સ્વાધીન નથી. તેવી સ્થિતિમાં પણ જે ભગવાનને ભજતો નથી તેણે તો મનુષ્યનું શરીર વ્યર્થ ગુમાવ્યું છે. ૨. શ્રીહરિ ભીમનાથના મહંત ગુમાનગિરિને વાતો કરવા લાગ્યા.

✵ સેવા તથા ભજનની મહત્તા :

सोरठा : मनुष्य तन पाई जेह, विधि सम भये समर्थ महा;
हरि कु न संभारे तेह, चिंतामनि तन किये व्यर्थ सब...०३
मनुष्य तन सुंदर पाई, हरि की आये सेव महिं;
एसो जीवनो रहाई, एक पलक रहे कल्प कल्प...०४

જે મનુષ્યતન પામીને બ્રહ્મા સમાન મહા સમર્થ થાય પરંતુ જો તે શ્રીહરિને ન સંભારે તો ચિંતામણિ જેવો દેહ બિલકુલ વ્યર્થ ગુમાવ્યો કહેવાય. ૩. સુંદર મનુષ્યનું શરીર પામ્યા પછી તે શ્રીહરિની સેવામાં કામ લાગી જાય એમ જીવવું જોઈએ. એક પલકવાર કરેલી શ્રીહરિની સેવા કલ્પોના કલ્પ સુધી ફળ આપે છે. ૪.

ભરતખંડમાં મનુષ્યનું શરીર પામીને જો તે ભગવાનની સેવામાં ક્યારેય કામ ન આવે તો એમ માનવું કે આખા બ્રહ્માંડ જેટલું સોનું મળ્યું પણ તે બધાનો નાશ થઈ ગયો, કાંઈ વપરાયું નહીં. ૫.

हरिसेव में तन अरपन कीना, ओर सेव में कबु चित्त न दीना;
ताको तन पल पल में जेहा, ब्रह्मांड कनक कमाये तेहा...०६
हरि की सेव करी के जेहु, मायिक तन अति तुछ हि तेहु;
दिव्य गति होई जावत तेही, जीय के देखे में न आवत एहि...०७

જેણે પોતાનાં શરીરને ભગવાનની સેવામાં અર્પણ કર્યું હોય અને અન્યની સેવામાં જો ક્યારેય મન ન દીધું હોય તો માનવું કે તેણે તે શરીરથી એકેક પળમાં બ્રહ્માંડ જેટલાં સોનાની કમાણી કરી છે. ૬. અત્યંત તુચ્છ ગણાતા માયિક શરીરથી જો ભગવાનની સેવા કરી હોય તો તે શરીર દિવ્યભાવને પામી જાય છે. એ જીવને દેખ્યામાં આવતું નથી. ૭. બીજા લોકો તો અહીં રહેલા માયિક શરીરને જ દેખે છે અને મરણ પછી તેને બાળી દે છે. મૃત્યુને પામી દિવ્યગતિ પામનાર હરિભક્ત 'હું મરી ગયો' એવું નથી દેખતા-માનતા. ૮. આ દુનિયાના જે લોકો છે તે મરણ વગેરે ભાવોને જુએ છે, પણ ભગવાનના ભક્તોની રીત તો અલૌકિક હોય છે. તે સાંભળ્યા પછી તર્કથી સમજી શકાતી નથી. ૯.

ભગવાનના ભક્તોની આવી જે બધી વાતો છે તેને જો ભગવાન બતાવે તો જ તેવી રીતે દેખાય છે. ભગવાનના ધાર્યામાં જ અનંત વાતો રહી છે, તેમ કેટલાક મુક્તાત્માઓ કહેતા હોય છે, એમ દેખાય છે. ૧૦. ભગવાન જો ધારે તો રથને અશ્વનાં રૂપમાં બતાવે, અશ્વને હાથીનાં રૂપમાં બતાવે, હાથીને વિમાનનાં રૂપમાં બતાવે અને વિમાનને ગરુડનાં રૂપમાં દેખાડે છે. ૧૧. ભગવાનની રચનાઓ-લીલાઓ અનંત છે. ભક્તોને માટે જ આવા ખેલ (લીલા) કરે છે. પોતાના ભક્તો સિવાય ભગવાનને તેનાથી કોઈ અધિક નથી. આવું સમજીને મુમુક્ષુએ ભક્ત થાવું જોઈએ. ૧૨. ધર્મ, ભક્તિ અને વૈરાગ્યથી યુક્ત જ્ઞાન એ ચાર જેમાં હોય આવા ભક્ત ઉપર ભગવાનને અપાર હેત હોય છે, તેવું હેત બીજા કોઈના ઉપર નથી હોતું. ૧૩. તે બાબતને

તો જે ખરેખર ભગવદ્‌ભક્ત હોય તે જ જાણી શકે છે, ધર્મહીન કોઈ જાણી શકતા નથી. એવા ઘણાય ધર્મહીન લોકો ભક્ત થઈને ફરતા હોય છે. તેઓ તો વાસ્તવમાં માયાવી અને ઠગ હોય છે. ૧૪.

શ્રીહરિ મહંત પાસે આટલી વાત કરીને જ્યાં સંઘે મુકામ કર્યો હતો ત્યાં આવ્યા. રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) ગઈ હતી અને વર્ણી વાટ જોઈ રહ્યા હતા. ૧૫. શ્રીહરિ ઠંડું પાણી જોઈને તત્કાળ નાહ્યા. રૂમાલથી અંગ લૂછ્યું અને પછી પીતાંબર પહેર્યું. ૧૬. પછી શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. જે ખીચડી કરી હતી તે લાવીને આગળ ધરી. કટોરો ભરીને ઘી આગળ મૂક્યું. તે બધું શ્રીહરિએ રુચિ પ્રમાણે લીધું. ૧૭. પાપડ અને અથાણું વગેરે લાવીને ધરાવ્યું. તેમાં તેજાના ઘણા હતા. સંતો, દરબારો અને પાર્ષદો બધા ભાવથી જમવા બેઠા. ૧૮. શ્રીહરિએ સહુને ખીચડી પિરસાવી. તેમાં ઘી ખૂબ અપાવ્યું. પાપડ અને અથાણું સહુને અપાવ્યું. પછી શ્રીહરિ પ્રથમ જમવા લાગ્યા. ૧૯.

તે પછી બધી પંગત જમવા લાગી. સહુ ઘણી રીતે વિનોદ કરવા લાગ્યા. દરબારો શ્રીહરિ સાથે વાતો કરતા કહેવા લાગ્યા કે, ચાર મહિના તો આનંદથી વીતી ગયા. ૨૦. આટલા દિવસ પ્રદેશોમાં ફર્યા પણ કોઈને ક્યારેય થોડુંએ દુઃખ આવ્યું નહીં. અમે જ્યારથી આપની સાથે મળીને રહ્યા છીએ ત્યારથી દિનપ્રતિદિન અધિક અધિક સુખ જ મળતું રહે છે. ૨૧. હે હરિ ! અમને આપના પાર્ષદો ગણીને હરિભક્તો સંતોના કરતાં પણ વધારે ભાવથી અમારી સેવા કરે છે. હરિભક્તોને નવીન ને નવીન ભાવ હતો. હરિભક્તોની સમાન બીજું કોઈ દેખાતું નથી. ૨૨.

અમે હરિભક્તોનો અલૌકિક પ્રેમ દેખ્યો. એમનાં ધન અને તન સાર્થક થયાં. બીજા લોકોનાં કરોડો ધનભંડાર આપની સેવામાં લગારેય ઉપયોગમાં આવ્યા નહીં. ૨૩. તે સઘળા ધનભંડારને તો ભૂમિ ગળી જાશે. અજ્ઞાની માણસને તે ક્યારેય સમજાતું નથી. પોતાની માયિક કીર્તિ વધારવા માટે તે લોકો અઢળક નાણું ખરચે છે. ૨૪. તેટલું ધન ભગવાનને માટે, સંતોને માટે અને સાચા ગુરુને માટે જો ખર્ચાતું હોય તો તેનાં ભાગ્યનું વર્ણન મુખથી કરી

શકાય નહીં, એટલું મહાન કહેવાય. ૨૫. પરંતુ જેનું ધન પવિત્ર હોય તે સુપાત્રને માટે ઉપયોગી થાય છે અને તેનાથી જો અહિંસામય યજ્ઞ કરવામાં આવે તો તેની કીર્તિ અપાર વધે છે. ૨૬.

આટલી વાત સાંભળી તે સમયે કરુણાનિધિ, કરુણાસાગર, સર્વ સુખનું મૂળ આવા સહજાનંદસ્વામી શ્રીહરિએ બધા દરબારોને કહ્યું. ૨૭. દરબારો, તમે બધા સાંભળો. તમે બધા ઘણા બુદ્ધિમાન છો. જેને જેટલો સત્સંગ થયો હોય તે તો સાથે ભેળા રહીએ ત્યારે ઓળખાય. ૨૮. જેને જેટલું હેત હશે તે ઘેર જાશો તે પછી જણાશે. હેત હોય તે તો આંખોમાં દેખાય છે. હેત-પ્રીત ક્યારેય છુપાવી છુપાતી નથી. ૨૯. જેને પરસ્પર જ્યાં સુધી હેત-પ્રેમ હોય ત્યાં સુધી તેઓ એકમેક મળીને ચાલતા હોય છે, સુખમાં કે દુઃખમાં ભાગીદાર થઈને રહે છે અને દુઃખ આવે તોપણ ક્યારેય સ્નેહીનો ત્યાગ કરે નહીં. ૩૦. જો એકબીજાને હેત-પ્રીત હોય અને પરસ્પર જો કોઈ ગાળ બોલી જાય તોપણ તેના ઉપર ઈર્ષ્યા કરે નહીં. આ પ્રેમનું એક ચિહ્ન દેખાય છે. ૩૧.

જુઓને વિવાહ પ્રસંગે ઘણા તોફાન મચાવે છે, ન ઘટે તેવું નઠારું બોલે છે, બોલવામાં કોઈ વિચાર રાખતા નથી, જાણે દારૂ પીધો હોય, તેમ બધા સારા લોકો પણ ઉન્મત્ત થઈ વર્તે છે. ૩૨. મનમાં ફાવે તેવાં તોફાન કરે, પોતાનાં શરીરનું ભાન પણ ભુલાઈ જાય. મા, બાપ, દીકરો કે બહેન એટલાની કાંઈક મર્યાદા રાખે છે. ૩૩. તે રીતે જ હુતાશનીને દિવસ પણ મનચાહ્યું તોફાન મચાવે છે. ભાંડ ભવાઈમાં જેવા શબ્દો બોલાતા હોય તેવા અતિ ઝેરીલા શબ્દ બોલે છે. ૩૪. પણ તેમાં પરસ્પર કોઈને કોઈનો અભાવ આવતો નથી. હરિવિમુખ જીવોને તો તેમાં રસ મનાય છે. માનો જેટલી જાતનાં ઝેર છે તે બધાં હરિવિમુખોને માટે જ રચ્યા છે. ૩૫. હરિવિમુખ જીવ અને બીજા પશુઓ, બધા એકસરખા સ્વભાવથી વરતે છે. વિમુખ જીવ જો તીર્થમાં જાય, તો ત્યાંથી પણ અનંત પ્રકારનાં પાપોને લઈને ઘેર આવે છે. ૩૬.

ભગવાનથી વિમુખ જીવ જે જે કામ કરતો હોય છે તેમાં તેને વિષયસુખની અભિલાષા હોય જ છે. વિષય વિના તેને બીજું કાંઈ ફળ ખપતું નથી. ૩૭. તે વિમુખોને વારંવાર વિષયો ભોગવવા મળે તે માટે આ લોકની

પ્રાપ્તિ જે રીતે થાય તેવા બધા સાધનો મનમાં વિષય પ્રતિ પ્રેમ રાખીને કરતા હોય છે. ૩૮. ઘાંચીનો બળદ ઘાણીએ જોડાઈને રાત-દિવસ ઘણું ચાલતો રહે છે. પણ તે છૂટે ત્યારે ત્યાંનો ત્યાં જ હોય છે. તેમ વિમુખનાં બધાં સાધન પણ એવા જ સંસારનાં વિષયમાં ભટકાવનારા હોય છે. ૩૯. **તમારા બધાનાં ધન્ય ભાગ્ય છે અને બીજા બધા હરિભક્તોના પણ ધન્ય ભાગ્ય છે કે તમને સહુને આ વખતે આવો સત્સંગ મળ્યો છે. આ સત્સંગનો ઘડીભરનો યોગ પણ બીજા લોકોને મળતો નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ ભીમનાથમાં દરબારો સાથે વાર્તાવિનોદ કર્યો' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર નવમું : તરંગ - ૩૦

શ્રીહરિ પોલારપુરથી નીકળીને સારંગપુરની પાસે આવ્યા

શ્રીહરિએ દરબારોની સાથે વાર્તાવિનોદ કર્યો. પછી સ્વયં દૂધ પીવા માટે લીધું. અને દરબારોને જેનો જેટલો આહાર હતો તે પ્રમાણે સહુને દૂધ અપાવ્યું. ૧. એટલું બધું દૂધ આવ્યું હતું કે, તે આખા સંઘમાં પહોંચાડ્યું તોપણ ખૂટ્યું નહીં. જ્યારે સ્વયં જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. ૨. શ્રીહરિએ એલચી, તજ અને સોપારીનો મુખવાસ લીધો. પછી ચરણોમાં ચાખડીઓ પહેરીને જ્યાં પલંગ બિછાવ્યો હતો ત્યાં આવ્યા. ૩. બધા સંતો અને દરબારો ત્યાં આવીને બેઠા. તે વખતે એક જ મશાલ રખાવી અને બીજી બધી બુઝાવી દીધી. ૪.

પછી શ્રીહરિએ દોકડ, સરોદ અને સિતાર મગાવ્યા. સંતો પાસે કીર્તન ગાન કરાવ્યું. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી, એ બધા સંતો ગાનવિદ્યામાં અને વાજિંત્ર વગાડવામાં ઘણા કુશળ હતા. એટલે તેઓ વાજિંત્ર વગાડવા લાગ્યા. ૫-૬. શ્રીહરિને જેવા પદની રુચિ હોય તેને પહેલાં સંભારી દેતા. તે આ વખતે પણ

કલ્યાણ રાગનાં પદ યાદ કરાવ્યાં. તેથી ગાન નિપુણ સંતો તે પદોને ગાવા લાગ્યા. ૭. પહેલા કલ્યાણ રાગનાં પદ ગાયાં અને પછીથી બિહાગ રાગ ઉઠાવ્યો. દેવાનંદસ્વામી જ્યારે રાગનો આલાપ કરતા ત્યારે રાગ મૂર્તિમાન પ્રકટીને આગળ દેખાતો. ૮. "અબ તો મોય નિકી પરે જાના" એ પદ કલ્યાણ રાગમાં ગવડાવ્યું અને બિહાગ રાગનું પદ તો પછી ગાયું. તે રાગ ઘણો મસ્ત ગવાયો. ૯. "મોય તોય લાગી કૈસે છૂટે, જૈસે હીરો ફોરો ન ફૂટે. " અને તે પછી "શ્યામ વિના ઉમંગે દો બદરા" આ ત્રીજું પદ પણ ઘણું સરસ ગવાયું. ૧૦.

શ્રીહરિનાં અંગના પદ ગવાતાં. તે સમયે પ્રથમ વિરહ વર્ણનનાં પદ પણ ગાયા. જે સમયે જેવું અંગ-પ્રકરણ વર્તતું હોય તે સમયે તેવાં પદ ગવડાવતા. ૧૧. જ્યારે ભક્તિપ્રધાન અંગ વર્તતું હોય ત્યારે પ્રેમપ્રધાન પદ ગવાતાં હતાં. જ્યારે ધર્મપ્રધાન પ્રકરણ ચાલતું હોય ત્યારે તે ધર્મની મુખ્યતાવાળા પદ ગવાતાં હતાં. ૧૨. જ્ઞાન સહિત ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય એ ચાર શ્રીહરિના અંગ અને ધામ છે. એમ નિશ્ચિતપણે જાણવું. ૧૩. ધર્મ આદિ ચારમાંથી જ્યારે જે અંગની દૃઢતા કરાવવી હોય ત્યારે તેવાં પદ સ્વયં મહારાજ ગાતા, ગવડાવતા અને તેવી વાતો કરતા-કરાવતા. ૧૪. **અને તે સમયે તે બાબતના જે શ્લોક, કવિત, છપ્પય, સાખી કે શાસ્ત્રનું વચન સ્વયં બોલતા અને સંતોની પાસે બોલાવતા હતા. ૧૫. સમય વિચાર્યા વિના શ્રીહરિ ક્યારેય કોઈ ચરિત્ર કે વાત કરતા નહીં. વળી ક્યારેક તો વિવિધ પ્રકારનાં નવાં ચરિત્ર કે વાતો કરતા અને કહેતા, જેને દેખીને કે સાંભળીને તૃપ્તિ જ થાતી નહીં. ૧૬.**

રાતના અગિયાર વાગ્યા હશે ત્યારે પ્રાણઆધાર શ્રીહરિ પોઢી ગયા. સંતો પણ ભજન કરીને સૂઈ ગયા. અરધી રાત પછી બે વાગ્યા હશે ત્યારે શ્રીહરિએ ભીમનાથથી નીકળવાની તૈયારી કરી અને પછી **પોલારપુર** ગામમાં આવ્યા. તે ગામના બધા હરિભક્તો શ્રીહરિની સાથે જ રાત રહ્યા હતા. ૧૭-૧૮. મોડભાઈ અને બનાભાઈ, એ બે ચારણ સરસ હરિભક્ત હતા. તે પ્રમાણે જ પુરુષોત્તમ અને પૂંજાશેઠ, એ બંને ભાઈ સત્સંગી હતા. ૧૯.

જીવરાજ અને ભીમજી શેઠ, દોશી તથા ભાણજી અને રામજી નામે પણ વણિક હરિભક્ત હતા. શેઠ તુલસીદાસ અને પ્રાગજી ગાંધી ત્યાંના સત્સંગી હતા. ૨૦. કણબી પટેલ કાળાભાઈ અને કાળાભાઈ ભરવાડ, ઝુંઝાભાઈ વાળંદ, એ બધા પોલારપુર ગામના હરિભક્તો હતા. ૨૧. એ સહુ હરિભક્તો શ્રીહરિની સાથે રાત રહ્યા હતા અને ઉમંગથી શ્રીહરિની સેવા કરતા હતા. તે સહુએ વિવિધ પ્રકારનો સામાન લઈને નિપુણતાથી શ્રીહરિની પૂજા કરી. ૨૨.

શ્રીહરિ તે ગામથી ચાલ્યા અને **ખાંભડા** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને પછી સારંગપુર ગામ જવા માટે ચાલતા થયા. ૨૩. ત્યાં ઉતાવળી નદીને ઉત્તર કિનારે એક ઘણો સારો માર્ગ છે. જ્યારે તે બંને ગામની વચ્ચે આવ્યા ત્યારે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૨૪. સંતો, વર્ણીઓ, પાર્ષદો અને દરબારો અને બીજા હરિભક્તો, બધાએ ત્યાં સ્નાન કર્યું. એક સારા ઉત્સવ જેવું વાતાવરણ છવાઈ ગયું. ૨૫. તે વખતે સારંગપુરના હરિભક્તો બધા ત્યાં આવી ગયા. શ્રીહરિને દંડવત્પ્રણામ કરીને પગે લાગ્યા અને બધાએ ત્યાં ભેગા સ્નાન કર્યું. ૨૬.

દરબાર જીવા ખાચર પરિવાર સાથે આવ્યા હતા. અમરા ખાચર અને વાઘા ખાચર, એ બે તેમના પુત્રો પણ આવ્યા હતા. ૨૭. વસ્તા ખાચર, પીઠા ખાચર, રઘા ખાચર, હરસૂર ખાચર, માતરા રેફડિયા અને રાઠોડ ધાધલ, એ સહુ આવ્યા હતા. ૨૮. શ્રીહરિએ સ્નાન કરી લીધું. પછી તરત જ તૈયાર થઈ ગયા. શ્રીહરિએ મતવાલા જરિયાની વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં ધારણ કર્યાં. ૨૯. અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને સુખરાશી પ્રભુએ અપાર શોભા ધારણ કરી. મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું અને બધા અશ્વ પણ સોનેરી સાજથી શણગાર્યા હતા. ૩૦. શ્રીહરિનાં સ્વરૂપની શોભા એટલી અદ્ભુત હતી કે જેને મુખથી કહી શકાતી નથી. જેવી મારી બુદ્ધિ છે તે પ્રમાણે હું શોભાને કહું છું. ૩૧.

✵ જે સ્નેહથી હરિચરિત્રોને સાંભળે છે તે પવિત્ર થાય છે :

આ લોકમાં પોતાના ચરિત્રોને પ્રસિદ્ધ કરવા માટે શ્રીહરિએ અનેક રીતે લોકોને દર્શન આપ્યાં છે. વિષયી, પામર અને મુમુક્ષુ જીવો શ્રીહરિનાં આ

ચરિત્રોને સાંભળશે, ૩૨. **તેવા જીવનાં ગમે તેવા પ્રબળ કર્મબંધન હશે તોપણ હરિચરિત્રોને સાંભળવાથી તે તત્કાળ જ કર્મબંધનથી છૂટી જશે. શ્રીહરિનાં ચરિત્રોનો એવો મહાન પ્રતાપ છે કે તેને સાંભળવાથી અપાર પાપોનો પ્રલય થઈ જાય છે. ૩૩.** એક એક જીવના માથા ઉપર આખા બ્રહ્માંડથી પણ વધારે પાપો ભર્યા છે. તે જીવ સાધન કરી કરીને પણ કેટલા સાધન કરી શકે ? સાધન કરવા છતાં એ પાપ તો એટલા ને એટલા રહેવાના છે. ૩૪. પાપ કર્યા હોવાથી ફરીવાર શરીર તો ધારણ કરવું જ પડશે અને તે અંગે કાંઈ જ સંદેહ નથી. શ્રીહરિનાં ચરિત્રો સિવાયનાં બીજાં જેટલા સાધન છે તે બધાં વારંવાર સંસારમાં ભટકાવનારા છે. ૩૫.

चोपाई :

प्रगट हरि के वचन जेता, चरित्र करी जानना तेता;
तामें रुचि करत जन जेते, पाप मात्र बली जावत तेते...३६

પ્રકટ શ્રીહરિનાં જેટલાં વચન છે તેને શ્રીહરિનાં ચરિત્ર કરીને જાણવા. તેમાં મનુષ્ય જેટલી રુચિ કરે છે તેટલાં તેનાં પાપમાત્ર બળી જાય છે. ૩૬. શ્રીહરિનાં ચરિત્રોને સાંભળ્યા વિના બીજા અનેક પુણ્યકર્મ કરે, જિંદગી ભર અશ્વમેધ યજ્ઞ કરવાની ટેક ધારી રાખે, ૩૭. રોજ વિપ્રોને કરોડો ગાયોનું દાન કરે, જિંદગીભર તીર્થોની યાત્રા કરે અને મહાન તપ પણ કરે, આટલાં બધાં સત્કર્મ કરે. ૩૮.

सोरठा : चरित्र सुने एक दीन, श्रीहरि को एक मन कर;
अधिक पुन्य सो कीन, महिमा जानत हरि को जेहि...३९

हरि के चरित्र हि मांहिं, मोक्ष के साधन जो जो कहत;
सब आवत रहाहिं, पीछे कोउ न रहे तेहि...४०

અને બીજી બાજુ મનને એકાગ્ર કરીને શ્રીહરિનાં ચરિત્રોને કોઈ એક જ દિવસ સાંભળે, તો તે શ્રીહરિચરિત્ર શ્રવણનું પુણ્ય ઉપર કહેલાં સાધનો કરતાં ઘણું જ અધિક કહેવાય છે. શ્રીહરિના મહિમાને જે સમજે છે, ૩૯. તેને તો મોક્ષ માટે કહેલાં સાધન માત્ર શ્રીહરિચરિત્રોમાં જ આવી જાય છે. તેને કોઈ સાધન કરવાનું બાકી રહેતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ પોલારપુરથી નીકળીને સારીંગપુર પાસે આવ્યા' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર નવમું : તરંગ - ૩૧

સારંગપુરમાં શ્રીહરિએ બધા દરબારોને જમાડીને ઘેર જવા રજા આપી

વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. શ્રીહરિ **સારંગપુર** ગામમાં આવ્યા. લોકો બજારમાં ઊભા હતા અને દર્શન કરીને હરખાતા હતા. ૧. શ્રીહરિનાં દર્શન કરીને ગામના ભક્તો મગન થયા હતા. ફૂલના હાર પહેરાવીને વિનયભર્યાં વચન બોલતા હતા. ૨. દરબાર જીવા ખાચરે શ્રીહરિને કહ્યું, આપ મારા દરબારગઢને પોતાનો માનીને ત્યાં પધારો. ૩. આપના ભવનને છોડીને ક્યારેય બીજાને ઘેર ઊતરવું નહીં. મારી એટલી જ વિનંતી છે. તેને આપ કાયમને માટે પાળજો. ૪. આ ગામ, ગરાસ, ઘર અને શરીર, એ બધું આપનું જ આપેલું છે. તેમાં કાંઈ સંદેહ નથી. આપ જ્યારથી મળ્યા છો ત્યારથી આવું મને સદા વર્તે છે. ૫.

ધર્મકુમાર શ્રીહરિ દરબાર જીવા ખાચરના અપાર ભાવને જોઈને અત્યંત પ્રસન્ન થયા. પછી તરત જ તેમના દરબારમાં આવ્યા અને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૬. દરબારે રેશમી ગાદી તકિયા મગાવીને સુંદર પલંગ બિછાવી દીધો. જ્યારે શ્રીહરિ તેના ઉપર બેઠા ત્યારે દરબારને અતિશય આનંદ થયો. ૭. સંતોની જગ્યા સુંદર બનાવી હતી, તેથી સંતો જઈને તે જગ્યામાં ઊતર્યા. તે સિવાયના દરબારો જે શ્રીહરિની સાથે હતા તે બધાને પણ ઉતારા કરાવ્યા. ૮. જે ભવનમાં શ્રીહરિ ઊતર્યા હતા, તેમાં જ પાર્ષદોને ઉતારો આપ્યો. પછી જ્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે સુખકારી શ્રીહરિ ત્યાં જમવા પધાર્યા. ૯. ભક્તજનોનાં મનોરથોને પૂર્ણ કરનારા પરમ દયાળુ ઘનશ્યામ શ્રીહરિએ તત્કાળ ચરણ ધોયા અને પીતાંબર પહેર્યું. ૧૦.

દરબાર જીવા ખાચરના ભવનમાં વર્ણીએ રસોઈ બનાવી હતી. સાકર નાખીને કંસાર બનાવ્યો હતો. તે થાળમાં ભરીને આગળ ધરાવ્યો હતો. ૧૧. તે સિવાય રોટલી, શાક, પાપડ, કેરીનું અથાણું, વડાં અને ભજિયાં વગેરે બધું જ લાવીને થાળમાં ધરાવ્યાં હતાં. ૧૨. જે જે રસોઈ બનાવી હતી તેને ઘણા જ ભાવથી જમતાં જમતાં શ્રીહરિ પ્રસન્ન થઈને વારંવાર વખાણ કરતા હતા. ૧૩. પછીથી સુખધામ શ્રીઘનશ્યામ દહીં, ભાત અને સાકર સરસ રીતે જમ્યા. જ્યારે જમી રહ્યા ત્યારે હાથ ધોયા. ૧૪. અનંત ભુવનના આધાર શ્રીહરિએ તાજા તજ, એલચીનો સરસ મુખવાસ લીધો અને જીવાખાચરને થાળની પ્રસાદી આપી. ૧૫.

સંતોની જગ્યામાં સંતોએ રસોઈ બનાવી હતી. સંતોને અને દરબારોને જમાડવા માટે શ્રીહરિ તે જગ્યામાં આવ્યા. ૧૬. શ્રીહરિએ પીતાંબર પહેર્યું હતું. ચરણોમાં ચાખડીઓ હતી. શિર ઉપર છત્ર ધાર્યું હતું અને ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. ૧૭. અંગો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. અંગ અને મસ્તક ફૂલહારોથી ભર્યું હતું. ભક્તોના મનમાં આનંદ ભરી દેતા શ્રીહરિનાં ચરણ ઉપર પણ કેસરચંદન ચરચ્યું હતું. ૧૮. પ્રેમી ભક્તો વસ્ત્રને ભીંજવીને શ્રીહરિને પવન નાખતા હતા. તરત જ સંતો, પાર્ષદો અને દરબારોની પંગત કરાવી. ૧૯. સર્વોત્તમ પ્રેમરસથી ભરપૂર રહેતા શ્રીહરિ પીરસવા ઊઠ્યા. સોનાનો મોટો કટોરો ભરી ભરીને સહુને કંસાર પીરસ્યો. ૨૦. તે સિવાયના બીજા જે પાક બનાવ્યા હતા તે પણ સંભારીને બધા પીરસ્યા. જ્યારે બધા ભોજન પીરસાઈ રહ્યા ત્યારે સહુને પ્યારથી જમવાની આજ્ઞા કરી. ૨૧.

શ્રીહરિ ઘણા જ ભાવથી પીરસવા લાગ્યા. દરબારોને લેતા, દેતા અને બોલાવતા શ્રીહરિ બહુ હેત જણાવતા અને બધી જ ક્રિયામાં મનની ભાવના એકસરખી દેખાડતા. ૨૨. કોઈની સાથે તોડવું કે જોડવું, એ બધું શ્રીહરિને આવડતું. એ બધા શ્રીહરિનાં ચરિત્ર કહેવાય છે. બધામાં હેત ભરપૂર રહેતું પણ ક્યારેક ઉદાસ થઈને થોડા દૂર થઈ જાતા. ૨૩. તે બધામાં શ્રીહરિને લેશમાત્ર પણ ક્યારેય પોતાનો સ્વાર્થ રહેતો નહીં. શ્રીહરિવર પોતે તો હંમેશા પૂર્ણકામ અને નિર્દોષ રહેતા અને ભક્તજનોના ઉપર કાયમ હેત રહેતું. ૨૪.

શ્રીહરિ સદા ભક્તોનું હિત ઈચ્છે છે અને અણહિતને નિવારી દે છે. ધર્મકુમાર શ્રીહરિ તો એવા છે કે, સામાન્ય રીતે દેખાતા અહિતમાં પણ ભક્તોનું હિત જ કરે છે. ૨૫.

શ્રીહરિ માતા અને પિતા કરતા પણ અનંતગણું હિત જ કરે છે. પરંતુ જીવની બુદ્ધિ જ્યાં સુધી વિપરીત હોય ત્યાં સુધી તેની તેને ખબર પડતી નથી. ૨૬. જ્યાં સુધી જીવને સમજણ પૂરી ન હોય ત્યાં સુધી તેને વિપરીત ભાવ હોઈ શકે છે પણ તે જ્યારે વિપરિત ભાવને તજી દે છે ત્યારે તેને અવિચળ પદ મળે છે. ૨૭. જે સંતોને અને હરિભક્તોને વિશાળ બુદ્ધિ હોય છે તેઓ આવો બધો વિચાર કરીને શ્રીહરિનાં આજ્ઞાવચન પ્રમાણે ચાલે છે. ૨૮.

✵ જેવી સમજણ તેવો મોક્ષ :

મનુષ્યો, દેવો, દૈત્યો અને અપાર મુક્તો, એ બધા અપાર બુદ્ધિશાળી હોવા છતાં શ્રીહરિની સમજણ (બુદ્ધિ) આગળ તો તે બધાની સમજણ અત્યંત અલ્પ અને થોડી દેખાય છે. ૨૯. જેમાં જેવી સમજણ કે ગુણ હોય તેવો તે મોક્ષ બતાવે છે પરંતુ શ્રીહરિનો જેવો સ્વભાવ છે, પ્રકૃતિ છે, તેવા સ્વભાવ કે પ્રકૃતિ અન્ય કોઈમાં આવતા જ નથી. ૩૦. **શ્રીહરિમાં જેટલા સદ્‌ગુણ રહ્યા છે, તે ગુણોમાં એક પણ ગુણ મોક્ષકારી ન હોય એવું નથી. બધા જ ગુણો કલ્યાણકારી છે. એક પણ ગુણ ત્યાગ કરવા યોગ્ય નથી. એવું વિવેકી પુરુષો સમજે છે. ૩૧.** શ્રીહરિને લઈને જ બધા સાધનો મોક્ષરૂપી ફળ આપે છે, એવું સમજનારા મનુષ્ય, દેવ, દૈત્ય કે મુક્ત શ્રીહરિની તુલ્ય માનવા યોગ્ય છે. ૩૨.

ચોપાઈ :

अक्षर के गुन कहावत सबहु, आप में वरते अखंड जबहु;
हरि हरिजन के रहे तोहु दासा, हरिजन के गुन करे न विनाशा...३३

एसे हरिजन हरि मन भावे, ताके भुवन हरि सदा रहावे;
जन कु कहे वचन जिस रीता, त्युं वरते परम आनंद प्रीता...३४

અક્ષરબ્રહ્મના બધા જ ગુણ પોતાને વિષે અખંડ વર્તતા હોય તોપણ જે ભગવાન અને ભગવાનના ભક્તોનો દાસ થઈને રહેતો હોય અને ક્યારેય ભગવદ્ભક્તોના ગુણોનું ખંડન કરતો ન હોય, ૩૩. એવો જે હરિભક્ત છે તે શ્રીહરિનાં મનમાં ગમે છે. અને તેવા ભક્તને ઘેર શ્રીહરિ કાયમ રહે છે. તે ભક્તને શ્રીહરિ જે પ્રકારે વચન કહે, તે ભક્ત તે રીતે પરમ આનંદિત થઈને પ્રેમથી વરતે છે. ૩૪. કદાચ શ્રીહરિ તે ભક્તના ગામ-ગરાસને, અન્ન કે ધનને કોઈ બ્રાહ્મણને દાનમાં આપી દે છતાં જે ભક્ત મનમાં કાંઈ સંદેહ કરે નહીં, તેવા ભક્તને ઘેર શ્રીહરિ વણતેડ્યા જાય છે. ૩૫. આપણા સત્સંગમાં ઉપર કહ્યા તેવા જે ભક્તના ઘર હતા તેને શ્રીહરિ પોતાનું ઘર માનતા, તેમ છતાં જો કોઈનું મન સંશય કરવા લાગે તો શ્રીહરિ તુરંત તે ઘરનો ત્યાગ કરી દેતા. ૩૬. શ્રીહરિનો સ્વભાવ સદાકાળને માટે આવો જ હતો. **જે ભક્તને એક મોક્ષનો જ ખપ હોય તે ભક્ત શ્રીહરિને પોતાને ઘેર રાખી શકતા હતા.** ૩૭.

શ્રીહરિના સેવક હરિભક્તો તો અપાર હતા, પણ ઉપર કહ્યા તેવા ભક્ત થોડા હતા. તેવાને એ પ્રમાણે સુખ આપતા. કેમ જે, શ્રીહરિનો એવો સ્વભાવ હતો કે, જે ભક્ત જેવા હોય તેમને તેવું સુખ આપવા શ્રીહરિ સદાને માટે સત્સંગમાં ફરતા હતા. ૩૮. સંતો જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે શ્રીહરિએ દહીં, ભાત અને સાકર લીધાં અને પીરસતા રહ્યા. તેમાં દહીંને પીરસતાં તો રેલમછેલ કરી દીધી. ૩૯. સોરઠ સુધીના ગામે ગામના બહુ પ્રકારના દરબારો શ્રીહરિની સાથે હતા. તે બધાને પોતપોતાને ગામ-ઘેર જવા માટે શ્રીહરિએ રજા આપી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ સારંગપુરમાં બધા દરબારોને જમાડીને રજા આપી' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર નવમું : તરંગ - ૩૨

દરબારો રજા લેવા આવ્યા અને સત્સંગમાં મૂર્તિનું મહત્ત્વ કહ્યું

બધા દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. પછી શ્રીહરિ ચિંતા રહિત થઈને પલંગ ઉપર પોઢવા માટે આડે પડખે થયા. ૧. અને સુતા સુતા જ શ્રીહરિ ભક્તોની આગળ વાત કહેવા લાગ્યા, આપણે ઘણી સારી રીતે સત્સંગમાં ફર્યા. બધા હરિભક્તો ખૂબ જ પ્રફુલ્લિત (રાજી) થયા છે અને તેમનાં મન ઉપર સત્સંગનો રંગ સારો ચઢ્યો છે. ૨. હરિભક્તોને સદ્‌ગુરુ રામાનંદસ્વામીના ઉપર ઘણો પ્રેમ હતો. હવે તે બધા ભક્તો સ્વામીના કરતા પણ કરોડગણો વધારે પ્રેમ અમારા ઉપર કરે છે. ૩. અમે તો રામાનંદસ્વામીની વાતનું-સિદ્ધાંતનું જ અધિક પ્રતિપાદન કર્યું છે. જેવા હરિભક્તો હોય તેવી વાત તેમની આગળ કહી છે. ૪. સત્સંગમાં જેનું જેવું અંગ હોય તેની વૃદ્ધિ થાય એવી વાત અમે કહી છે. રામાનંદસ્વામી અમારામાં રહ્યા છે. તેથી તેઓ સહુની મનોવૃત્તિને અમારામાં ખેંચી લે છે. ૫.

સ્વામીએ હરિભક્તોને ધ્યાનમાં દર્શન દઈને સહુની મનોવૃત્તિને અમારી મૂર્તિમાં બંધાવી છે, કહેતા સહુને અમારામાં જ હેત કરાવ્યું છે. પોતાના જે કોઈ શિષ્ય બાઈ-ભાઈ હતા તે બધાને, એક એકને દર્શન દઈને તેમને અમારી મૂર્તિમાં ચોંટાડી-જોડી દીધા છે. પોતાનું જેટલું સામર્થ્ય હતું તે બધું તેમણે સત્સંગમાં વાપર્યું છે. ૬-૭.

✵ જે સાચો દાસ બને તે તેટલી પ્રભુતા પામે છે :

'અમે ભગવાન છીએ' એવું અમે કોઈને નથી કહ્યું. 'અમે તો ભગવાનના દાસ છીએ' એમ કહીએ છીએ. જે ભગવાન ન હોવાં છતાં ભગવાન થવા જાય તેને અમે અત્યંત પાપી માનીએ છીએ. ૮. જે સ્વયં ભગવાન નહીં હોવા છતાં પોતાને ભગવાન કહે છે, તેને માથે તો અનંત બ્રહ્માંડોમાં પાપી લોકો દરરોજ જેટલું પાપ કરે છે તે બધું પાપ વળગે છે. ૯. જેમાં જેટલી પ્રભુતા (ભગવાનપણું) હોય છે તે ધીરે ધીરે પ્રકાશિત થાય છે. સૂર્યોદય થાય ત્યારે તેનું તેજ ઢાંક્યું રહેતું નથી. વગર કહે લોકોને તે

માલુમ થઈ જાય છે. ૧૦. જેટલી મનુષ્ય જાતિ કહેવાય છે, તે બધાને પોતાને મોટા થાવાની હોંશ છે પરંતુ **સહુના દાસ થયા વિના ક્યારેય કોઈને મોટાઈ મળતી નથી.** ૧૧. મોટા થવાનો સંકલ્પ તો અમારા મનમાં ક્યારેય થતો નથી. અમે મોટાઈમાં સુખ માનતા નથી અને માયિક સુખમાં તો દુઃખ જ જાણીએ છીએ. ૧૨. **સ્વામીની જેવી મરજી હોય તેમ રહેવું, તેમાં જ અમે સુખ માનીએ છીએ. આવું મનમાં જ્યારે સમજીએ છીએ ત્યારે હૃદયમાં કાંઈ દુઃખ રહેતું નથી. ૧૩.**

સ્વામીની મરજીમાં જે સુખ છે તે સુખ સહુથી અપાર છે. પોતાની મેળે આપ વડાઈથી જીવ જેને કે જેમાં સુખ માને છે તે કે તેમાં પારાવાર દુઃખ રહ્યું હોય છે. ૧૪. 'સુખને માર્ગે ચાલવું' તે અમારું અંગ છે. એટલે જેને સુખી થવાનો ઉમંગ હોય છે તેને અમે અમારે માર્ગે ચલાવીએ છીએ. ૧૫. 'દુઃખ ન આવે' એવી અમારી સમજણ જેને રુચે છે તેના અંતકાળે આવીને અમે તેને સહાય કરીએ છીએ. ૧૬. આટલી વાત કરીને પછી શ્રીહરિ પોઢી ગયા. જ્યારે દિવસનો પાછલો પહોર બાકી રહ્યો ત્યારે (ત્રણ વાગ્યે) બધા દરબારો તૈયાર થઈને આવ્યા. ૧૭. સહુએ મસ્તક નમાવીને શ્રીહરિને કહ્યું, હે સુખદાયક ! આપે અમારા ઉપર અપાર હેત રાખ્યું છે. આવું ને આવું હેત કાયમ રાખજો અને દુઃખની વેળાએ વહેલા આવીને સહાય કરજો. ૧૮.

❋ મૂર્તિનું સુખ પામે તેને બીજું બધું દુઃખરૂપ લાગે :

આપને માટે તો કાંઈ પણ લેશમાત્ર કઠણ નથી. આપની મૂર્તિ તો હંમેશા સુખનો સાગર છે. જેટલા સુખ કહેવાય છે તે બધાં જ સુખ આપની મૂર્તિમાં સંપૂર્ણ ભર્યાં છે. ૧૯. મૂર્તિ કરતા પણ વધારે સુખ મનાય એવું સુખ અમને ક્યારેય આપશો નહીં. જેનાથી મૂર્તિમાં જ અપાર અધિક સુખ મનાય, એવા સુખને અમે વારંવાર ઈચ્છીએ છીએ. ૨૦. જેનાથી આપની મૂર્તિને ભૂલી જવાય તે સુખ નથી, તે તો અત્યંત દુઃખ છે. દરબારોના આવાં વચનોને શ્રીહરિએ પૂજ્ય કહેતાં આદરણીય માન્યા. ૨૧.

ચોપાઈ :

एसी समझ दृढ होय जाकी, श्रीहरि कहे हम पास हे ताकी;
इहाँको सुख कहावत जेतो, पुरुष प्रकृति लग हि तेतो...२२
मूर्ति के सुख आगे ताहि, उलक सम देखत रहाहि;
एसे हरिजन हित हि काजा, हमने देह धरे हे आजा...२३
विन रखे हम रहे तेहि पासा, कबहु न तिनसे होत उदासा;
मूर्ति में सुख नहि मानत जाई, अवर सुख में सुख मनाई...२४

શ્રીહરિએ કહ્યું, જે ભક્તની આવી દૃઢ સમજણ હોય તેની પાસે તો અમે કાયમ રહીએ છીએ. અહીંથી પ્રકૃતિ-પુરુષના લોક સુધીમાં જે માયિક સુખ છે તે તો ભગવાનની મૂર્તિનાં સુખની આગળ, ઊલટી કરેલાં અન્નનાં જેવાં દેખતા રહે છે, એવા હરિભક્તો છે તેમના જ હિતને માટે અમે અત્યારે મનુષ્ય દેહ ધાર્યો છે. ૨૨-૨૩.

એવા ભક્તની પાસે તો અમે વગર રાખ્યે રહીએ છીએ અને તેનાથી ક્યારેય ઉદાસ થતા નથી. પરંતુ જેને મૂર્તિમાં સુખ મનાતું નથી પણ અન્ય વિષયોમાં સુખ મનાતું હોય તેવા લોકો જો અમને કંચનના મહોલ બનાવીને તેમાં ચૌદે ભુવનનાં સારાં ખાન પાન લાવી આપે, તોપણ અમારાથી ત્યાં એક પળવાર જેટલુંએ ટકાતું નથી. ૨૪-૨૫. તેવા લોકો જો અમને સોનાથી શણગારેલા હાથી અને ઘોડાઓને આપે અને અનંત શણગાર આપે, તોપણ અમે તેને અત્યંત દુઃખરૂપ માનીએ છીએ. અમારા આવા વિચારો છે. ૨૬. જે ભક્ત અમારી મૂર્તિમાં પ્રેમ રાખીને પ્રયત્નપૂર્વક હૃદયમાં મૂર્તિને ધારી રાખે છે તો તેને અપાર સુખ પ્રાપ્ત થાય છે. તેની સમક્ષ અનંત બ્રહ્માંડોનું સુખ શું ગણાય ? કાંઈ જ નહીં. ૨૭.

આટલી વાત કહ્યા પછી જેમ કોઈ બે ભાઈ એકબીજાને બાથમાં લઈને ભેટે, તેમ શ્રીહરિ ઘણા સ્નેહ ભાવથી બધા દરબારોને બાથમાં લઈને ભેટ્યા. ૨૮. શ્રીહરિએ દરબારો સાથે એવું હેત રાખીને તેમને સત્સંગનો ખરો રંગ ચઢાવી દીધો, જેથી શ્રીહરિની સાથે દરબારો ત્રણ માસ સુધી પ્રદેશોમાં ફર્યા

પણ જાણે પૂરો એક દિવસ પણ રહ્યા ન હોય, તેમ લાગ્યું. ૨૯. જ્યાં ફર્યા ત્યાંના હરિભક્તોનો અપાર સ્નેહભાવ જોઈને દરબારોએ પોતાના હેતભાવને ઘણો ઓછો માન્યો. હરિભક્તો જ્યારે બીજા હરિભક્તોને દેખે છે ત્યારે પરસ્પર હેતભાવ ઘણો જ ઊપજે છે. ૩૦. તે બધા હરિભક્તો પરસ્પર કોઈપણનું અતિ હેત, સન્માન કરતા હોય તે બાબતને દેખીને ક્યારેય તલભાર પણ કોઈ કોઈની ઈર્ષ્યા કરતા નહીં. એકબીજાના ધર્મ નિયમોને દેખીને તો પરસ્પર તેમના મનમાં વિશેષ આનંદ વધતો હતો. ૩૧.

एक एक की कीर्ति सो गावे, तिन करी सुख बहु विध हि पावे;
एक एक को विश्वास रहावे, कोउ कोउसे अंतर न चोरावे...३२

હરિભક્તો પરસ્પર એકબીજાનો યશ ગાતા અને તેને લીધે તેઓ બહુ પ્રકારે ઘણું જ સુખ પામતા. એકબીજાનો વિશ્વાસ રહેતો અને તેને લીધે કોઈ કોઈથી અંતર ચોરતું નહીં અર્થાત્ સરલ અને નિખાલસપણે સહુ એકબીજા સાથે સંબંધ રાખતા. ૩૨.

હરિભક્ત કોઈનો વિશ્વાસઘાત કરતા નહીં. શ્રીહરિ અને સંતોથી હંમેશા ડરતા રહેતા. જ્યારે કોઈ લોભને વશ થઈને કોઈનો વિશ્વાસઘાત કરે, ૩૩. અથવા જો છાની રીતે ધન કે સ્ત્રી બાબતમાં નિયમભંગ કરે તો ભલે તે શ્રીહરિ તથા સંતોની ઘણી સેવા કરતો હોય છતાં પણ જ્યાં સુધી શ્રીહરિ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી તેને સત્સંગીમાં ગણતા જ નહીં. ૩૪. અને તેનું પ્રાયશ્ચિત કરે તોપણ તે પતી જાતું નહીં. તેને ચોરની જેવો ગણતા, તેનો વિશ્વાસ ન કરતા. એકવાર જો કોઈ ધર્મભંગ કરે, પછી તે હરિભક્ત કોઈ બાઈ હોય કે ભાઈ, તેનો બીજા કોઈ હરિભક્ત સંગ રાખતા નહીં. આપણા સત્સંગની આવી એક પ્રથા છે. જે સત્સંગની પ્રથાનો ક્યારેય લોપ ન કરે તે જ આપણા સત્સંગમાં મુખ્ય છે. ૩૫-૩૬. સત્સંગની જેટલી પ્રથા છે તે શિક્ષાપત્રીમાં કહી છે. તે વાતોને હરિભક્તો નિત્ય કરતા. ૩૭.

શિક્ષાપત્રીમાં જેને રુચિ હોય, અને તે પ્રમાણે જે વર્તતા હોય, એટલાને જ સત્સંગી જાણવા, તે સિવાયના જે હોય તેને તો વિમુખ જાણવા. ૩૮. જે

હરિભક્ત રાતદિવસ આવી વાતો કરતા હોય અને એમ વર્તનમાં ખબડદાર રહેતા હોય તેટલાને જ સત્સંગના આગેવાન કહેવાય. બીજા હરિભક્તો તો તેની પાછળ ચાલે છે. ૩૯. અને જે હરિભક્તો પાછળ ચાલે છે તથા જે હરિભક્તો સત્સંગને અધિક મહત્ત્વ આપતા હોય છે, તેના અંતકાળે શ્રીહરિ આવે છે અને તેને અક્ષરધામમાં લઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'દરબારો શ્રીહરિ પાસે રજા લેવા આવ્યા અને સત્સંગમાં મૂર્તિનું મહત્ત્વ કહ્યું.' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર નવમું : તરંગ - ૩૩

દરબારોએ પોતાને ગામ જઈને શ્રીહરિનો પ્રતાપ કહ્યો

શ્રીહરિએ ઘણા હેતથી દરબારોને વિદાય આપી. અને તેમની યોગ્યતા (શ્રીકાર = મોટાઈ) વિચારીને બહુ જાતની પહેરામણી પણ કરી. ૧. સર્વ પ્રથમ રાજા હઠીભાઈને પહેરામણી કરી. તે પછી દરબાર એભલ ખાચરને પહેરામણી કરી અને પછી દરબાર જીવા ખાચરને પહેરામણી આપી અને તેમના પછી બીજા બધા દરબારોને પણ કરી. ૨. બધાં વસ્ત્રો અને આભૂષણો તો સોનાનાં હતાં. અને તે પણ ઘણાં વિચિત્ર હતાં કે, જે કોઈ દરબારોને ઘરે પણ એવા ન હોય. ૩. કેટલાક મોતીના શણગાર હતા કે જેનો પાર ન હતો. ધર્મકુમાર શ્રીહરિએ રાજી થઈને તે બધું સહુ દરબારોને આપ્યું. ૪. દરબાર એભલ ખાચરના પુત્રના પુત્રો પણ તે પહેરામણીને સંભારે અને તેના પુત્રો (પ્રપૌત્રો) તો તેને દેખીને ઘણા આનંદિત થાય અને શ્રીહરિને એક પળવાર પણ ભૂલે નહીં, એટલું અપાર અભય રાજાને આપ્યું. ૫.

તે પ્રમાણે દરબાર જીવા ખાચરને પણ એટલા વસ્ત્રાલંકાર આપ્યા કે, તેના પુત્ર અને પૌત્રો વારે વારે તેને ચિંતવે અને પ્રપૌત્રો તો શ્રીહરિને ક્યારેય ભૂલે નહીં. આટલો બધો પોશાક તે વેળાએ દીધો હતો. આવી પહેરામણી કરી. ૬. જે ભક્ત દરબારને શ્રીહરિનો જેટલો મહિમા સમજાયો

હતો, શ્રીહરિ તેની તેટલી સંભાળ (જત્ન) રાખતા હતા. તેવી સંભાળ રાખ્યા વિના તો એ અલૌકિક વાતો બધાને ઘેર ન જ હોય. ૭. આ સમયે અનંત ભક્તોને પોષાક આપ્યા હતા. તેનો ગણતા ગણતા પાર આવતો નથી. જે કોઈ ભક્ત એકવાર આવીને પણ શ્રીહરિની સેવામાં રહ્યો હોય તો તેને પાર નહીં તેટલાં વસ્ત્ર અને હાર શ્રીહરિ આપતા. ૮. અને ફૂલના હારની તો ગણતરી જ કોણ કરી શકે ? જેણે નજરે દેખ્યું હોય તે બધી વાતને જાણતા હોય છે. શ્રીહરિ આ ભૂમિ ઉપર જ્યાં સુધી રહ્યા ત્યાં સુધીમાં અંદાજે દસ કરોડ જેટલા મનુષ્યોએ તો દર્શન કર્યા જ હશે. ૯.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા અને મહત્તા :

एक एक जन कु फूल के हारा, दीने वर्ष में दश बार हि वारा;
बाई भाई नजर जेहि आवा, ताकु दीने अति हित करावा...१०

શ્રીહરિએ એક એક ભક્તને વર્ષમાં દશ-બાર વખત ફૂલોના હાર આપ્યા હતા. બાઈ-ભાઈ જે નજરમાં આવે તેમને પોતાનામાં અતિ પ્રેમ કરાવવા માટે આપતા અથવા જે નજરે ચડ્યા તેમને પોતાનામાં હેત કરાવી દેતા. ૧૦. કેમ જે, તેનાથી અંતકાળે શ્રીહરિની સ્મૃતિ કરે કે થાય તો એના સર્વે પાપ બળી ગયા છે. પ્રગટ શ્રીહરિનો પ્રતાપ અનંત છે. લખતા લખતા તેનો અંત આવે તેમ નથી. ૧૧. **અક્ષરબ્રહ્મના જેવા અનંત મળીને તે પ્રતાપને લખવા માંડે, તોએ તે પારને પામે નહીં. એવો શ્રીહરિનો પ્રતાપ મહાન છે. તેનું માપ કોણ મનુષ્ય કરી શકે ? ૧૨.** કોઈ કવિ શ્રીહરિના પ્રતાપને માપીને તેને જાહેર કરે, તો ખરેખર તે કવિ મૂર્ખ હશે એમ મનમાં સમજી લેવું. ૧૩.

જે જે ગામના તે દરબારો શ્રીહરિને અને સંતોને પગે લાગીને પોતાને ઘરે ગયા તેમણે તો અલૌકિક લાભ લીધો હતો. ૧૪. તે દરબારો પોતપોતાના ગામમાં જે બીજા હરિભક્તો રહેતા હતા તેમનો મોક્ષ કરવા માટે તેમની આગળ શ્રીહરિનાં ચરિત્રોની વાતો કહેતા. ૧૫. તે સહુ ભક્તો શ્રીહરિનાં ચરિત્રોને મોક્ષરૂપી ફળ આપનારા જાણતા. તેમજ તે ચરિત્રો અનુપમ અને પરમ પવિત્ર છે તથા સંસારના બંધનને દૂર કરનારા છે, એમ પણ જાણતા હતા. ૧૬.

✵ સાચા ભક્તનાં લક્ષણ અને સત્સંગનો મહિમા :

જે સુજ્ઞ હરિભક્તો છે તે શ્રીહરિનાં ચરિત્રોને સંભારે છે અને તે સિવાયની બીજી ગ્રામ્ય વાતોને તો તજી દે છે. ગ્રામ્ય વાતોને તો ઝેર સમાન ગણીને સમજુ ભક્તો તેનો ત્યાગ કરી દે છે. ૧૭. જે દેહના ઉપયોગમાં આવે તે તો દેહના હિતનું જ કહેવાય. જેમાં દેહને લાભ થતો જણાય તેમાં મોક્ષમાર્ગમાં નુકશાન જ થાય છે. ૧૮. મોક્ષમાર્ગમાં સહાયક એવી જેટલી ગ્રામ્યવાર્તા હોય તેને પણ મોક્ષરૂપ જાણવી કારણ કે યોગ્ય સમયમાં તે ઉપયોગી-માન્ય થાય છે. ૧૯. મોક્ષમાં ઉપયોગી ન થાય એવી કોઈ કથા, કીર્તન, તીર્થ, વ્રત, જપ, તપ, દાન, અનેક પ્રકારના યજ્ઞ, યાગ તથા અનેક પ્રકારના જે પરમાર્થના કામો હોય તે બધા તો લોકરંજનકારી કાર્ય કહેવાય અને ભવબંધન કરાવનારા છે. તેનો જ્યારે ત્યાગ કરવામાં આવે ત્યારે જ જીવનો મોક્ષ થાય છે. ૨૦-૨૧.

✵ સત્સંગથી જ મોક્ષ થાય :

આ સત્સંગ અલૌકિક છે. તે મોક્ષભાગી પુણ્યાત્માને દેખાય છે. જેના હૃદયમાં મોક્ષનો ખપ હોય તેને ધર્મ અતિ પ્રિય લાગે છે અને જેને ધર્મ અત્યંત પ્રિય લાગતો હોય તેનાં જ હૃદયમાં મોક્ષનો ખપ ઊપજે છે. ૨૨. જેનાં હૃદયમાં આ સત્સંગ મોક્ષનું કારણ મનાતો હોય તે જ અટળ સત્સંગી છે અને જેનાં હૃદયમાં ધર્મ નથી, મોક્ષનો ખપ નથી, તેવા લોકો તો આ સત્સંગને પાખંડ કહે છે. ૨૩. જેની જેવી બુદ્ધિ-સમજણ હોય તે તેવા રૂપમાં સત્સંગને દેખે છે. જે મનુષ્ય સત્સંગને મોક્ષરૂપ જુએ છે તેનો જ વિશેષપણે મોક્ષ થાય છે. ૨૪. જે લોકો આ સત્સંગને પાખંડરૂપ કહે છે તેઓ તો આ જગતમાં અધમોમાં પણ અતિ અધમ અને અત્યંત પાપી છે. ૨૫. જે સત્યને અસત્ય કહેતા હોય અને અસત્યને સત્ય કહેતા હોય તેને તો અમે દૈત્ય કહીએ છીએ અને સત્સંગનો પણ એવો જ મત છે. ૨૬. જે લોકો સત્સંગને કુસંગ કહે અને કુસંગને સત્સંગ કહે તેઓ તો ચોક્કસ દૈત્ય કુળના હોય છે. કારણ કે તેની બોલી ઉપરથી જ તે દેખાઈ આવે છે. ૨૭. જે ધર્મમાર્ગનો નાશ કરીને

અધર્મમાર્ગને સ્થાપતા હોય છે તેઓ તો આસુરી બુદ્ધિના છે, દૈત્ય છે અને પાપરૂપ છે. તેમનામાં કોઈ વર્ણનું કે આશ્રમનું ચિહ્ન હોતું નથી. ૨૮. જે લોકો વર્ણ અને આશ્રમથી બહારના હોવા છતાં પણ સત્યધર્મનું પ્રતિપાદન કરે છે. તેથી તેઓ અસુર હોવા છતાં પણ દેવજાતિના છે, એમ માનવું. કારણ કે તેની બુદ્ધિમાં સત્યનો અને ધર્મનો વિવેક રહ્યો છે. ૨૯.

એવા લોકોનો ઉદ્ધાર શ્રીહરિ કરે છે. શ્રીહરિનો એવા પ્રકારનો મત છે. જેને સત્ય તથા ધર્મ ઉપર પ્રેમ છે અને અસત્ય મતને જે અનીતિ માને, ૩૦. જે અસત્ય મતનો નાશ કરે અને સત્યરૂપ ધર્મ મતને રંગ ચઢાવે અર્થાત્ તેનો વિકાસ કરે, આવા દુનિયામાં જે રાજાઓ હોય, પછી ભલે તે દેશના કે પરદેશના શક્તિશાળી રાજા હોય. ૩૧. તેવા શાસકો કદાચ બીજું કરોડગણું પાપ કરતા હોય તોપણ શ્રીહરિ આવીને તેની રક્ષા કરે છે. કેટલાક તો સિંહના અને સર્પના જેવા હોય છે કે જે બીજાના માંસને ખાઈને જ જીવતા હોય છે. ૩૨. તે માંસ સિવાય બીજો કોઈ આહાર લેતા જ નથી, કારણ કે તેનો જન્મ જ એવી પાપમય યોનિથી થયો હોય છે. તેવો જન્મ કોઈ પુણ્યનાં ફળરૂપે નથી થતો. આમ વેદો અને પુરાણ આદિ બધા શાસ્ત્રો પણ કહે છે. ૩૩. **તેમ છતાં એવા પાપમય પ્રાણીઓ પણ જો અતિ હેત લાવીને સંતોની અને હરિભક્તોની રક્ષા કરે તો જેવો સંતોનો અને હરિભક્તોનો મોક્ષ થાય છે તેવો તેની રક્ષા કરનારાનો પણ અંતે મોક્ષ થશે. ૩૪.**

પાપીજનોનો ઉદ્ધાર કરવા માટેનું આ એક પ્રકારનું મોક્ષનું દ્વાર કહ્યું છે પણ બધા જ જીવોને માટે આ રસ્તો નથી. તે જે વિવેકી મનુષ્ય હોય તેણે સમજવું. ૩૫. શાસ્ત્રોમાં મોક્ષની રીત અનંત બતાવેલી હોય છે. જેવો અધિકારી હોય તેને તે તેવી રીતે દેખે છે-લે છે. સ્થાવર અને જંગમ બંનેની એકસરખી રીત હોતી નથી. શાસ્ત્રો તો સહુનું હિત બતાવતા હોય છે. તે સમજતા આવડે તેનું હિત થાય છે. ૩૬. શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન પ્રકારની અનેક રીતો મોક્ષની છે. જેને મોક્ષ અંગેનું જ્ઞાન હોય, તે તે મોક્ષના દ્વારને દેખે છે. ૩૭. ભલે વેદોને અને શાસ્ત્રોને ભણ્યા હોય પણ જો તેઓ મોક્ષને માર્ગે ચાલ્યા ન હોય તો તેમને તે મોક્ષમાર્ગ ક્યારેય દેખાતો નથી. ૩૮.

જેની જેવી ભાવના હોય તેવાં શાસ્ત્રનાં શબ્દો તેને સમજાય છે અને પછી પોતાની બુદ્ધિ પ્રમાણે ઠરાવ કરી લે છે કહેતાં, સિદ્ધાંત સ્થાપી દે છે અને પછી પોતાની બુદ્ધિ પ્રમાણે જેની તેની સાથે વાદ વિવાદ કર્યા કરે છે. પણ આવા જે હોય તે મુમુક્ષુ નથી. ૩૯. **પરંતુ જે મોક્ષભાગી મુમુક્ષુ હોય તે નિષ્પ્રયોજન વિવાદ ક્યારેય કરે નહીં. જેને મોક્ષનું જ પ્રયોજન હોય તેઓ ક્યારેય વ્યર્થ પાણીનું વલોણું કરતા નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બધા દરબારોએ પોતાને ગામ જઈને લોકો આગળ શ્રીહરિનો પ્રતાપ કહ્યો' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર નવમું : તરંગ - ૩૪

શ્રીહરિનું કુંડળમાં આગમન અને વાતોના પ્રતાપનું કથન

મુક્તાનંદસ્વામીએ કહ્યું, હે ઉત્તમ રાજા ! તમે ચિત્ત એકાગ્ર કરીને સાંભળો. હવે હું તે પછીની અવશેષ વાત કહું છું. ૧. શ્રીહરિ સારંગપુરમાં કેટલાક દિવસ રહ્યા. પછી હરિભક્તોએ પ્રાર્થના કરી, તેથી સ્વયં **કુંડળ** ગામ આવ્યા. ૨. **ત્યાં રાઈબાઈ નામે હરિભક્ત હતા અને તેના પતિ કાઠી મોકા પટગીર રહેતા હતા. તેણે શ્રીહરિની સેવા કરવા માટે પોતાનું ઘર સમર્પિત કરી દીધું. ૩. તેમને ત્રણ પુત્ર હતા. મામૈયા પટગીર, હાથિયા પટગીર અને રામ પટગીર. તે પણ રાઈબાના જેવા જ હરિભક્ત હતા. તેમાં મામૈયાના પત્ની ઠેબાણી ખોડા ખાચરના પુત્રી બગીબા હતા, હાથિયા પટગીરના લગ્ન ગઢડાના એભલ ખાચરની દીકરી મોટીબા સાથે થયા હતા અને રામ પટગીરના પત્ની સારંગપુરના ઉગા ખાચરની દીકરી ગનુબા હતા. ૪.** મામૈયા પટગીર અને રામ પટગીરના પુત્રો પણ પછી સત્સંગી થયા હતા.

કુંડળના અમરા પટગીર સારા હરિભક્ત હતા. તે કુંડળના મુખ્ય રાજા ગણાતા હતા. ૫. તેમની પત્ની પણ ઉત્તમ સત્સંગી હતી. તેણે પણ

શ્રીહરિની વારંવાર ઘણી સારી સેવા કરી હતી. શ્રીહરિ કુંડળમાં કેટલીએ વાર આવ્યા હતા. તેનું ચોક્કસ રીતે કેમ કહી શકાય કે આ વખતે કેટલામી વાર આવ્યા. ૬. તે ભક્તોએ શ્રીહરિની વિવિધ પ્રકારે સેવા કરી. કાઠી દરબારોના ભાગ્યનો તો કોઈ પાર નથી. કેમ જે, જેટલા કાઠી હરિભક્તોનાં ઘર હતા તેને શ્રીહરિ પોતાનું ઘર માનતા હતા. ૭. જે જે કાઠી દરબારો હરિભક્ત થયા હતા તે બધા શ્રીહરિની સાથે અંતર રાખતા નહીં. જે વખતે શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે કાઠી ભક્તો તેમની તેવી સેવા કરી જાણતા હતા. ૮. શ્રીહરિની સેવાનો જેટલો લાભ કહી શકાય તેટલો બધો લાભ કાઠી ભક્તોએ આ સમયે લીધો હતો. ૯.

અમરા પટગીરના પુત્રનું નામ હરસૂર હતું. તે સિવાય એક પુત્રી પણ હતી. જે એક સારી સાંખ્યયોગી હરિભક્ત થઈ હતી. ૧૦. **તેણે સંસારની સાથે કાંઈ જ સંબંધ રાખ્યો ન હતો. એકમાત્ર સત્સંગનો જ સંબંધ રાખ્યો હતો. તે એવી અવિચળ સમાધિનિષ્ઠ હતી કે તેને દેહનું કાંઈ ભાન રહેતું નહીં. ૧૧. તે રાત-દિવસ શ્રીહરિની મૂર્તિમાં જ રહેતી હતી અને અનેક પ્રકારે શ્રીહરિનાં ચરિત્રોની વાતોને કહેતી હતી. તે અમરા પટગીરની જે પત્ની હેતબા નામે હતા તે અણિયાળીવાળા ચેલા ખાચરના બહેન હતા. ૧૨.** બહેન હેતબાના સંબંધને લીધે ચેલા ખાચરને સત્સંગ ઉપર કાંઈક ભાવ રહેતો. તેણે શ્રીહરિને પોતાને ઘેર તેડાવી પધરામણી કરાવી હતી. ૧૩. ચેલા ખાચર શ્રીહરિને બહુવાર મળેલા અને દર્શન પણ બહુ કરેલા, પણ તેનાં હ્રદયમાં મોક્ષનો ખપ ન હતો, છતાં તેના ઉપર શ્રીહરિએ ઘણી કૃપા કરી હતી. ૧૪. જ્યાં સુધી શ્રીહરિની મરજી હોય, હરિભક્તોના ઉપર કૃપા હોય ત્યાં સુધી રાજીપાથી તે ગામમા રહેતા હતા. ૧૫.

હરિભક્તોના સત્સંગને, નિશ્ચયને દૃઢ કરવા માટે શ્રીહરિ જે પ્રકારે સત્સંગની પ્રથા હોય તથા મોક્ષની વિધવિધ રીતની બધી વાતો કરતા. ૧૬. શ્રીહરિ જ્યારે સત્સંગની વાતો કહેતા હોય ત્યારે ભક્તો એકાગ્ર મન કરીને સાંભળતા અને તે સમયે મોક્ષ સિવાયના બીજા બધા જે ઘાટ સંકલ્પ થતા

હોય તે બંધ થઈ જતા. ૧૭. શ્રીહરિની વાતોમાં એવો પ્રતાપ હતો કે જે પાપી મનુષ્ય હોય તેને તો તેનો ઘણો જ તાપ લાગતો. તેને સાંભળીને પાપી માણસ થરથર કંપી ઉઠતા અને પછી મનમાં હરખાઈને સત્સંગનાં વ્રતમાન-નિયમોને ધારણ કરતા. ૧૮. જે લોકો પાપમાં અત્યંત ડૂબી ગયા હોય તેઓ તો શ્રીહરિથી દૂર જ રહેતા. જે દૂર રહેતા તેમને તાપ લાગતો નહીં અને તાપ લાગ્યા વિના પાપ પણ કઈ રીતે બળે ? ૧૯.

જે લોકો સત્સંગથી બહાર યા દૂર રહે છે તેઓ બહુ દુઃખી થાય છે. પરંતુ તેમને દુઃખ પડે તો પણ તેઓ સુખ માને છે. જગતમાં આવા વિમુખ જીવો ઘણા છે. ૨૦. ભગવાનથી વિમુખ રહેનારા જે તેમના ચોર છે, તે વિમુખોની ગતિ તો ઘોર જમપુરી છે. તેઓ તો જન્મ-મરણ અને લખચોરાશીનું અતિ ઘણું દુઃખ ભોગવે છે. ૨૧. **શ્રીહરિ જ્યાં સુધી સત્સંગમાં રહ્યા ત્યાં સુધી લોકોને મોક્ષની વાત બતાવતા રહ્યા. જે જીવ મોક્ષભાગી હતા તેમણે સત્સંગને સ્વીકાર્યો અને તેમનો રંગ યુગો સુધી ચમકતો રહ્યો. ૨૨. આ વખતે જેણે સત્સંગ સ્વીકાર્યો, તેનો મનુષ્ય જન્મ સાર્થક થયો અને સત્સંગ સ્વીકાર્યા વિના કદાચ આખી પૃથ્વીનું રાજ્ય મળ્યું હોય તોએ શું ? તેનો મનુષ્ય જન્મ તો નિષ્ફળ જ ગયો ગણાય.** ૨૩. સત્સંગ વિના ચક્રવર્તી રાજા થયો કે ઇન્દ્ર પદવી પામ્યો કે કોઈ કાળે બ્રહ્માનું પારમેષ્ઠી પદ પામ્યો તેથી શું વળે ? સત્સંગ વિના તો એવા સર્વે અંતે બેહાલ થઈ જાય છે, લખચોરાશીમાં હેરાન થાય છે. ૨૪.

✵ સત્સંગમાં નિર્દોષભાવ રાખે તે મહાસુખને પામે :

આ દુનિયામાં સત્સંગ સ્વીકાર્યા વિના અપાર લોકો ચક્રવર્તી કહેતાં, આખી પૃથ્વીના રાજા થાય છે. કોઈ તપને અને પુણ્યને અનુસારે સ્વર્ગલોકનો રાજા કહેતાં, ઇંદ્ર બને છે અને કોઈ સત્યલોકના અધિપતિ એવા બ્રહ્મા થાય છે. ૨૫. પણ કાળે કરીને કોઈ તેના નામને પણ જાણતું નથી અને તે તો લખચોરાશીમાં જન્મ-મરણ દ્વારા અનેક દેહ ધારીને વારંવાર ભટક્યા કરે છે અને અનેક રીતે અપાર દુઃખને પામે છે. ૨૬.

सोरठा : सत्संग करे वीन, सुख को राह न लहत कोउ;
कोटि जुग हि दीन, वेद पुरान की समझ यह...२७
अनंत ब्रह्मांड सुख, अनंत दुःख सम देखे जेहि;
एसे संत हि मुख, बात सुने सत्संगहु की...२८

चोपाई :
संसार को राग अंतर ज्यां लगही, सत्संग करेमें कसर त्यां लगही;
संसार को घाट होवे जितनो, बीज संसार को त्यां लग तितनो...२९
सो बीज नित सत्संग करीके, हरि की मूर्ति उर में धरीके;
हरि में जानीके सुख अपारा, संसार को जानना सुख लगारा...३०
तामें दुःख के समुद्र हि जानी, हरि के सुख अपार हि मानी;
संसार बीज को करना नाशा, जीवत लग करना सो अभ्यासा...३१

વેદોનું અને પુરાણોનું આવું માનવું છે કે, કરોડો યુગ વીતી જાય તોપણ સત્સંગ કર્યા વિના કોઈને સુખનો રાહ મળતો નથી. ૨૭. જે અનંત બ્રહ્માંડોનાં સુખને અપાર દુઃખ સમાન દેખે છે તે જ ખરા સંતપુરુષ છે. અને તેવા સંતપુરુષનાં મુખથી સત્સંગની વાત સાંભળવી જોઈએ. ૨૮. જ્યાં સુધી મનમાં સંસાર બાબતનો રાગ ભર્યો હોય છે ત્યાં સુધી સત્સંગ કરવામાં ખામી છે. સંસાર બાબતના જેટલા ઘાટ સંકલ્પ થાય તેટલું સંસારનું બીજ અંતરમાં રહ્યું છે એમ સમજવું. ૨૯.

તે સંસારનાં બીજને બાળવા રોજ સત્સંગ કરવો, હૃદયમાં શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવું અને શ્રીહરિમાં જ અપાર સુખ છે એમ સમજીને સંસારના સુખને અલ્પ અને તુચ્છ જાણવું-વિચારવું. ૩૦. સંસારને તો દુઃખનો સાગર જ જાણીને તથા શ્રીહરિના સુખને અપાર માનીને સંસારના બીજનો નાશ કરવો. આ અભ્યાસને જિંદગીભર કરવો. ૩૧.

મનુષ્ય જેવો અભ્યાસ કરે છે, શ્રીહરિ તેને તેવું ફળ આપે છે. માણસમાત્ર જે પ્રકારે પોતાનું હિત ઇચ્છે છે કે હિત ઇચ્છીને કર્મ કરે છે તે પ્રમાણે કર્મફળપ્રદાતા શ્રીહરિ તેને કર્મફળ આપે જ છે. ૩૨. તે કર્મફળ દેવામાં પરમેશ્વરને કાંઈ

દોષ લાગતો નથી. પરમેશ્વર તો કાયમ નિર્દોષ જ રહે છે. શ્રીહરિનું નિર્દોષ એવું નામ હંમેશા છે અને તે લોકોને બધી રીતે દેખાય જાય છે. ૩૩.

માણસની બુદ્ધિ જ્યાં સુધી માયાના દોષોથી ભરી હોય ત્યાં સુધી તેને પરમેશ્વર પણ તેવા માયિક દોષવાળા દેખાય છે. તેમજ જ્યાં સુધી ભગવાનના ભક્તોમાં પણ માયિક દોષ દેખાય છે ત્યાં સુધી તેની વિપરિત માયિક મતિ છે. અને ન હોય તોપણ, ૩૪. જો તે દોષનો ખ્યાલ ન રાખે તો કેટલાક લોકો સત્સંગ કરતાં કરતાં પણ ભગવાનના ભક્તોનો દોષ ગ્રહણ કરે છે. તે દોષ જોવાથી તેની બુદ્ધિ પણ માયાથી ઘેરાઈ જાય છે. ૩૫. તેથી તેને કુસંગ જ પ્રિય લાગે છે અને તેથી સંતો તથા હરિભક્તોમાં હેત રહેતું નથી, અને તેથી સત્સંગથી મતિ દૂર થઈ જાય છે તેને લીધે તે માણસની બુદ્ધિ એકસરખી રહેતી નથી. ૩૬. અને કેવળ એક આત્મા વિના દેહ અને દેહ સંબંધી સર્વે સાજ ભરપૂર કુસંગ છે. અને આત્માને તેના વિના મોક્ષ માટેનું બીજું બળ-સાધન નથી. માટે હૃદયમાં તે કુસંગનો ભય રાખીને તેને મોક્ષને અર્થે જ વાપરવા પણ એની ઝપટમાં આવી જવું નહીં, તેમાં બંધાવું નહીં. કેમ જે, તે કુસંગ જ છે. ૩૭.

જીવને કુસંગથી છોડાવીને તેનો ઉદ્ધાર કરવાની વાત તો શ્રીહરિને આવડે છે. બીજા કોઈને તેવી વાત લગારેક પણ આવડે નહીં. ૩૮. ઇંદ્રિયો અને અંતઃકરણ જીવ સાથે મળીને જીવરૂપ થઈ ગયા છે. પરંતુ જીવને લીધે જ તે બધાનું જીવન છે છતાં જીવનું સ્વરૂપ દેખાતું નથી. ૩૯. જ્યારે સત્ય અસત્યના વિવેકવાળા સાચા સંત મળી જાય છે ત્યારે તે અનેક પ્રકારની સદ્‌બુદ્ધિ આપે છે અને બધી કુબુદ્ધિનો નાશ કરી દે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિનું કુંડળમાં આગમન અને વાતોના પ્રતાપનું કથન' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર નવમું : તરંગ - ૩૫

શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને ચરિત્રોની સર્વોપરિતા કહી

જેમનું નામ ભક્તાધીન છે એવા શ્રીહરિ હરિભક્તોને સુખ આપવા માટે થોડા દિવસ કુંડળમાં રહ્યા. પછી **કારિયાણી** આવ્યા. ૧. કારિયાણીમાં દરબાર માંચા ખાચરના દરબારગઢમાં જે સારા ભવન હતા તેમાં દરબારે ઉતારો આપ્યો. ધર્મકુમાર શ્રીહરિ તેમાં ઊતર્યા. ૨. શ્રીહરિ તે કારિયાણી ગામમાં કેટલાક દિવસ રહ્યા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરે સંતો તેમની સાથે હતા. ૩. દિવસે શ્રીહરિ પ્રસન્ન મનથી કથા વંચાવતા અને જ્યાં સુધી કીર્તન ગવડાવતા ત્યાં સુધી દોકડ અને સરોદ વગેરે વાજિંત્ર વાગતાં રહેતાં. ૪. હરિભક્તોનાં મનમાં જેવો ભાવ હોય તે પ્રમાણે તેઓ શ્રીહરિની પૂજા કરતા. શ્રીહરિ કે સંતો કોઈની પાસે કાંઈ માગતા નહીં છતાં હરિભક્તો એક એકથી અગાઉ રસોઈ આપતા હતા. ૫.

શ્રીહરિ જેમ 'ના ના' કહેતા તેમ હરિભક્તોને ભાવના વધતી રહેતી. અને હરિભક્તોના દિલમાં ઘણું હેત રહેતું. જેમ જેમ શ્રીહરિને અને સંતોને હરિભક્તો જમાડતા તેમ તેમ તેમના ઘરમાં અન્ન-ધન ખૂટતું નહીં. ૬. જે નિષ્પાપ હરિભક્તો હતા તેમને સહુને શ્રીહરિનો એવો પ્રતાપ દેખાતો હતો. રાતે એક પહોર સુધી નિત્ય સભા થાતી. શ્રીહરિ વાતો કહીને જીવના મેલ (દોષો)ને ધોઈ નાખતા. ૭. જીવમાં રહેલો મેલ કોઈને દેખાતો નથી અર્થાત્ કોઈને પોતામાં રહેલા દોષ-અજ્ઞાન દેખાતા નથી. પણ શ્રીહરિ વાતમાં દોષ-અજ્ઞાનને દેખાડી દેતા. વાતો કર્યા વિના કોઈને દોષ સૂઝે નહીં. વાતોથી જ ખોટની ખબર પડે છે. માટે શ્રીહરિ હરિભક્તોને બહુ જ કથા-વાર્તા કરતા અને કરાવતા. ૮. તેવી વાતો વિના જીવમાં અજ્ઞાનરૂપ અંધારું રહે છે અને વાતોથી અંતરમાં જ્ઞાનરૂપ અજવાળું થાય છે અને તેને લીધે જ જીવમાં જેટલા દોષ રહ્યા હોય તે બધા તરત જ દેખાવા લાગે છે. ૯.

કામકાજ કરનારા માણસને સૂર્યોદય થવાથી જેટલું સૂઝે છે તેટલું સૂર્ય વિના સૂઝતું નથી. અંધારામાં તો માણસ અંધારિયો-નિષ્ક્રિય થઈ

જાય છે. ૧૦. કેટલાક મનુષ્ય ભાંડભવાઈ અને તમાશા દેખવામાં જ આ અમૂલ્ય મનુષ્ય જન્મનો વિનાશ કરી દે છે. ભગવાન કે સંત તેને તે દોષોને દેખાડી દે છે, તેથી સંતોના ઉપર રોષ કરે છે. ૧૧. જીવ માયિક સુખમાં સુખ માને છે પરંતુ સંતો તેને તેમાં દુઃખ દેખાડે છે. જ્યાં સુધી જીવની બુદ્ધિમાં અજ્ઞાન ભર્યું હોય છે ત્યાં સુધી તે સંતોની સાથે વેર કરે છે. ૧૨. જ્યારે જીવનાં અજ્ઞાનનો વિનાશ થઈ જાય છે ત્યારે તે જ જીવ તે સંતોને પૂજવા લાગે છે.

શ્રીહરિ પોતાના ભક્તોના ઉપર હેત રાખીને આવી વાતો રોજ કરતા હતા. ૧૩. વળી ભક્તોને ધ્યાન કરવા બેસાડતા. પોતે પણ સાથે બેસીને તેમને ધ્યાન શીખવતા. શ્રીહરિ આવી લીલા કરતા. ૧૪. કારિયાણી ગામના બધા જ લોકો હરિભક્ત હતા. સહુને શ્રીહરિના ઉપર હેત-ભાવ પણ અત્યંત હતો. તેથી ઘનશ્યામ પ્રભુ ભક્તોનું હિત કરવા રોજ નવાં નવાં ચરિત્ર કરતાં. ૧૫. જ્યાં જેવી રીતના ભક્તો હોય, તેમને રાજી કરવા માટે શ્રીહરિ તેવાં ચરિત્ર કરતા અને ઘણો પ્રેમ દેખાડતા. ૧૬. કારિયાણી ગામમાં શ્રીહરિનાં ચરિત્ર કાંઈ જુદી જ જાતનાં હતાં. છોકરાંઓને સાથે લઈને શ્રીહરિ નહાવા માટે જાતા. ગામથી પશ્ચિમમાં નિર્મળ જળથી ભર્યો એક અનુપમ કૂવો હતો. ૧૭. ચારેબાજુ વાડી હતી. કૂવાની ફરતાં લીંબડા અને પીપર જેવા ઘણાં ઝાડ હતાં. ઘાટી છાંયાથી કૂવો ઢંકાયેલો હતો. ૧૮.

શ્રીહરિ જ્યારે ગામથી બહાર નીકળીને સીમ (વન)માં આવે ત્યારે અધિક આનંદ પામતા. તે કૂવો દેખીને શ્રીહરિ રોજ તેમાં નાહતા હતા. ઝાડની ડાળી ઉપર ચઢીને કૂવામાં ધૂબકા મારતા. ૧૯. જ્યારે જળક્રીડા જેવો કાંઈ ખેલ કરવાનો હોય ત્યારે શ્રીહરિ મુક્તાનંદસ્વામીને સાથે લેતા નહીં. મુક્તાનંદસ્વામીની મર્યાદા રાખતા. બ્રહ્માનંદસ્વામીની તેવી મર્યાદા રાખતા નહીં. ૨૦. શ્રીહરિનાં બાળ ચરિત્ર જોવાની પ્રેમભાવના મુક્તાનંદસ્વામીનાં દિલમાં ઘણી રહેતી. તેમને શ્રીહરિના ઉપર અપાર પ્યાર હતો. તેથી તેમનાં બાળભાવનાં ચરિત્ર દેખવાનો ઉલ્લાસ ઘણો રહેતો. ૨૧.

તેઓ પોતાની મોટાઈને વખોડતા. શ્રીહરિને વારે વારે એમ કહેતા કે હે હરિ, આપની આગળ તો અમે તુચ્છ બાળક છીએ. ૨૨. આપ તો અખંડ

અને અનાદિ પુરાતન દેવ છો. આપની આગળ અક્ષર પણ બાળક જેવા છે. આપની આગળ પુરુષ અને પ્રકૃતિના તો કાંઈ જ લેખા નથી. આપનાથી શરમાઈને તે આપની આગળ આવતા પણ નથી. ૨૩. આપની આગળ પ્રધાનપુરુષ પણ કાંઈ ગણતીમાં નથી. તે આપની આગળ પણ આવી શકતા નથી. તેઓ બધા આપનાં તેજમાં લીન થાય છે અને આપની આગળ દીન-આધીન દાસભાવે વર્તે છે. ૨૪. તેથી મારા જેવા શું લેખામાં ? પણ આપે અમને અત્યારે ગણતીમાં લીધા છે, છતાં અમારા ભાગ્યે તેમાં વિઘ્ન નાખ્યું કે હું આપનાં બધાં ચરિત્રોને દેખી શકતો નથી. ૨૫.

ત્યારે શ્રીહરિવરે મુક્તાનંદસ્વામીને કહ્યું, અમે સહુ પહેલા તમારા ઉપર દયા કરી હતી અને અમારાં બધાં જ બાળ ચરિત્ર તમે સારી રીતે જોયા છે. ૨૬. અમે જન્મ ધરીને જે જે બાળ ચરિત્ર કર્યાં, તે બધાં જ તમારી આગળ વારંવાર કહ્યાં છે. ૨૭. જે વખતે તમે અમને જે ચરિત્ર પૂછ્યાં તે બધાં તમને સંભારવા-યાદ રાખવા માટે અમે વિસ્તારીને કહ્યાં છે. ૨૮.

❋ ચરિત્રથી ઉદ્ધાર :

અમારાં જે જન્મ ચરિત્ર છે તેને દિવ્ય જાણીને ભક્તજને ચિંતવવાં. તેને ઘણા જ હરખથી કહેવાં અને સાંભળવાં અને તેના જેટલો પ્રેમ અન્ય કોઈમાં ન રાખવો. ૨૯. અમારાં ચરિત્રોમાં સર્વોપરિ પ્રેમ રાખવો. ચિત્તને તેમાં ચોંટાડી રાખવું. ચિત્ત જેટલું ચરિત્રોનું ચિંતન કરશે તેટલું તે વધારે પવિત્ર થાશે. ૩૦.

चोपाई :

अमायिक चितवे दिव्य हि रूपा, तेसी गति जन पावे अनूपा;
जाको भवभटकन अंत आवे, हमारे चरित्र में रुचि करावे...३१

भवभटकन आये विन जेहा, यामें रुचि करत नहीं तेहा;
यामें रुचि करे विन कबहु, भवभटकन जो टरत न तबहु...३२

चरित्र सुने में रुचि भई जाकु, मोक्ष में संशय न रखना ताकु;
मोक्ष के खप विन रुचि न होवे, ज्ञानी जन सो एसे जोवे...३३

ભક્તજન અમારા તે અમાયિક દિવ્ય ચરિત્રોને જેટલા ચિંતવશે તેટલી તે અનુપમ દિવ્ય ગતિને પામશે. જેણે આ ભવમાં ભટકવાનો અંત

લાવવો હોય તેણે અમારાં ચરિત્રોમાં રુચિ-પ્રેમ રાખવો. ૩૧. ભવભટકણનું દુ:ખ આવ્યા-ભોગવ્યા વિના જીવ ચરિત્રોમાં રુચિ કરતો નથી અને અમારાં ચરિત્રોમાં રુચિ-પ્રેમ કર્યા સિવાય ક્યારેય ભવભટકણ ટળતું નથી. ૩૨. જેને અમારાં ચરિત્ર સાંભળવાની રુચિ થઈ હોય તેણે પોતાનાં મોક્ષ બાબતનો સંશય રાખવો નહીં. જ્ઞાની પુરુષોનું એવું માનવું છે કે **મોક્ષના ખપ વિના ચરિત્ર શ્રવણમાં રુચિ થાતી નથી.** ૩૩. જગતમાં જેટલા અજ્ઞાની લોકો છે તેમને અમે આંધળા અને બહેરા કહીએ છીએ. જે લોકો આંધળાની સાથે બહેરા પણ હોય તો તેમણે દુનિયામાં જન્મ લીધો હોય તે ન લીધા બરાબર છે. ૩૪. એટલા માટે જેને ચરિત્ર શ્રવણમાં પ્રેમ ન હોય તેને અભાગિયા જાણવા. તમારું તો મહાન ભાગ્ય છે એમ અમે માનીએ છીએ. કારણ કે આ સમયે તમને અમારો યોગ થયો છે. ૩૫. **અમારું જેવું સ્વરૂપ છે તેવું તમને આ સમયે ઓળખાયું છે. તમારાં પૂર્વના અનંત જન્મોનાં તપનું ફળ તમને અત્યારે મળ્યું છે. ૩૬.**

આવી સર્વોત્તમ અમારી પ્રાપ્તિ થયા પછી પણ જે માણસ બીજા વિષયોને ચિંતવે છે, તેને તો ચિંતામણિને હાથમાં લઈને સવારમાં ઘેર ઘેર ભીખ માગનારા જેવો સમજવો. ૩૭. હવે, ચિંતામણિ આવીને મળ્યા પછી પણ જો તે ભિખારી રહે, તો તેમાં ચિંતામણિ શું કરે ? તેમ આવા ચરિત્ર સાંભળ્યા પછી પણ જો તે ન રુચે, તો તેમાં તે દિવ્ય ચરિત્રો શું કરે ? ૩૮. અમારાં જન્મથી લઈને અમે જ્યાં જ્યાં વિચર્યા હોઈએ તે બધા ચરિત્રોને ભક્તોએ પરસ્પર કહેવા અને સાંભળવા. ૩૯. જેમ ચિંતામણિમાં જ અનંત ફળ રહ્યું છે પણ તે દેખ્યામાં આવતું નથી. પરંતુ સમય ઉપર ખબર પડે છે. તેવું જ ચરિત્રોની બાબતમાં પણ સમજવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ મુક્તમુનિને ચરિત્રોની સર્વોપરિતા કહી' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર નવમું : તરંગ - ૩૬

શ્રીહરિ સહજભાવે જે વાતો કહેતા તે અને નિર્માનીપણાનું કથન

શ્રીહરિએ કહેલી અથાગ વાતને મુક્તાનંદસ્વામીએ સાંભળી. છતાં તેમનાં મનમાં તે બાબતની એટલી બધી ભૂખ (ચાહના) હતી કે તેઓ વારંવાર શ્રીહરિચરિત્રને સાંભળવા ઈચ્છતા હતા. ૧. **જેમ માછલાને પાણી પ્યારું હોય છે તેમ મુક્તાનંદસ્વામીને શ્રીહરિનાં અપાર નવાં નવાં ચરિત્રોને દેખવાં, સાંભળવા અને કહેવામાં અત્યંત પ્રેમભાવ હતો.** ૨. આપણા સત્સંગમાં મોટા મોટા જે હરિભક્તો હતા તે બધા મુક્તાનંદસ્વામીનું વર્તન દેખીને ખૂબ જ પ્રસન્ન થતા હતા. ૩. તેમનું એક પણ વર્તન એવું ન હતું કે જેને દેખીને કોઈ પ્રસન્ન ન થાય. સ્વામીના સત્સંગનો રંગ દિન પ્રતિદિન અધિક અધિક ચઢતો રહેતો હતો. ૪.

શ્રીહરિના યોગથી સત્સંગમાં ઘણા મોટા મોટા સંતો થયા છે. પૂર્વે લોમશના જેવા જે સંત થયા હતા તે પણ કોઈ આ સંતોના જેવા હતા, એવું અમે સાંભળ્યું નથી. ૫. સનકાદિકો, શુકદેવજી અને નારદજી જેવા મોટા મોટા સંતો પૂર્વે આવા થયા હતા. તે જ સનકાદિકો, શુકદેવજી અને નારદાદિક પોતાના વધારે સામર્થ્યે સહિત અત્યારે પ્રકટ થયા છે. ૬. જ્યારે જ્યારે જેવો જેવો ભગવાનનો અવતાર થયો હોય ત્યારે ત્યારે સંતો પણ તેવા જ થાય છે અને જેવો અવતાર હોય તેવા ભક્તો થાય છે. ૭. અને તે રીતના જ રાજાઓ થાય છે. જેવી વાત થઈ હોય તે બધી કહી શકાતી નથી.

દુનિયામાં અનંત પ્રકારના મનુષ્ય છે તેથી તેને અનુસારે હું ગ્રંથ લખું છું. ૮. તેમાં જે મોક્ષરૂપી ફળ છે તેને શ્રીહરિનાં ચરિત્રોની સાથે કહું છું. જેટલી સત્સંગ સંબંધી વાત હોય તે બધી શ્રીહરિનાં ચરિત્રોમાં આવી જાય છે. ૯. આ ગ્રંથની રચના આવી છે, જેને બુદ્ધિશાળી હોય તે જાણે છે. જેવું જીવન રહ્યું છે અને જેવી બુદ્ધિ છે તેવું બધું ગ્રંથમાં કહ્યું છે. ૧૦. આ ગ્રંથમાં જે રહસ્ય રહ્યું છે તેને યથાર્થરૂપમાં તો શ્રીહરિ જાણે છે અને સદા એકસરખી સ્થિર મતિવાળા મુક્તાનંદસ્વામી જાણે છે. ૧૧. **શ્રીહરિનાં જે જે ચરિત્રો**

કહેવાય છે તેને નિર્દોષભાવથી સમજતા હોય અને તે ચરિત્રોને સાંભળીને અત્યંત પ્રસન્ન થતા હોય તે સંતો-હરિભક્તો મોટા કહેવાય છે. ૧૨.

✷ સત્સંગની મહત્તા અને દ્રોહની ભયંકરતા :

હરિભક્તો અને સંતો પોતપોતાના શરીરનો વિશ્વાસ નથી કરતા. તેઓ શરીરને અનિત્ય દેખે છે. ૧૩. **કારણ કે, દેહનો એવો સહજ સ્વભાવ છે કે તે શ્રીહરિ, હરિભક્તો અને સંતો, એ સહુનો દ્રોહ કરાવે છે માટે તેનો વિશ્વાસ કરતા નથી. ૧૪.** એક જીવને છોડીને બીજો બધો દેહમાં તો કુસંગ જ ભર્યો છે. તેને જે નિયમમાં રાખે-રખાવે તે સંતો-હરિભક્તો સાચા છે. ૧૫. જેને જેટલો મોક્ષનો ખપ હોય છે તેટલો તે વિચારીને ચાલે છે. તે સંતોનો અને હરિભક્તોનો દ્રોહ નથી કરતો પણ તેને હંમેશા પૂજે છે. ૧૬. હરિભક્ત બીજા હરિભક્તનો દ્રોહ ક્યારેય ભૂલથી લગાર પણ કરે નહીં. **જેનો જેનો જેટલો દ્રોહ કરાવે છે તેનું મૂળ કારણ આ દેહ જ છે.** ૧૭. પરસ્પર હરિભક્તોએ લોભને તજીને વ્યવહાર કરવો. અને ત્યાગીઓને પરસ્પર માન દોષ છે તે જ સત્સંગમાં વિઘ્ન કરાવે છે. ૧૮.

જેને સત્સંગનો અપાર ખપ હોય તે તો બધી જ જાતના માનને તજી દે છે. તેમજ ભગવાન, સંતો અને હરિભક્તોને પોતાનાં માન કરતાં અધિક જાણે છે. ૧૯. માનમાં જેટલા દોષ ભર્યા છે તેની સામે રાત દિવસ દેખતા રહે છે. જે માનમાં ગુણ નથી માનતા તેને માન ક્યારેય વિઘ્ન કરતું નથી. ૨૦. માનનું સ્વરૂપ જ એવું છે કે તે જેવો સમય હોય ત્યાં તેવું થઈ જાય છે. માન ન મળે, તો જીવ મરી ગયેલા જેવો થઈ જાય છે. જીવ સ્વયં સમર્થ હોવા છતાં માન વિના મુવા જેવો રહે છે. ૨૧. ‘માનમાં અપાર દોષ રહ્યા છે.’ એમ દેખે-દેખાડે છે, એમ જીવ બોલે છે, છતાં તેને માન ઘણું ભાવે છે, ગમે છે. તપે કરીને શરીરને કૃશ કરી નાખે છે છતાં તે તપસ્વીને માનની તૃષા રહે છે. ૨૨. જીવ માનમાં ભગવાન કરતાં પણ વધારે સુખ માને છે. માન જીવનો હિતેચ્છુ થઈને આવે છે અને જીવને મોક્ષથી (ભગવાનથી) વિમુખ કરી દે છે. માન આવું હોવા છતાં જીવને તેનો ગુણ રહે છે પરંતુ તેનો ક્યારેય અભાવ આવતો નથી. ૨૩.

જીવ જ્યારે માનની સાથે વેર બાંધે છે ત્યારે જ તે સત્સંગની સન્મુખ રહી શકે છે. અને સંતો અને હરિભક્તો ક્યારેય ન બોલાવે તોપણ તેનો સંગ છોડે નહીં. ૨૪. જેને સદ્‌બુદ્ધિ હોય તે સવળો વિચાર કરે છે. અને તે જે સત્સંગનો અભાવ લેવડાવે તેને લબાડ જાણે છે. ૨૫. કોઈ મનુષ્ય પોતાને સત્સંગનો અભાવ કરાવવા આવે તો તેને શત્રુ કરતા પણ વધારે હાનિકારક માને, એવો જે હોય તે જ પાકો હરિભક્ત કહેવાય. ૨૬. સત્સંગ કરતાં કરતાં ભક્તને તેમાં જે જે વિઘ્ન કરે તેને શ્રીહરિ મનમાં અતિ કરુણા લાવીને વાતો દ્વારા દેખાડી દેતા. ૨૭. સત્સંગ કરતાં કરતાં જે ભક્તને જે જે વિઘ્ન કરે તેને શ્રીહરિ શાસ્ત્રોનાં અનેક વચન કહીને આશ્ચર્યજનક રીતે સાચી વાત બતાવી દેતા. ૨૮.

દુનિયામાં મોક્ષના માર્ગ અપાર છે. તે બધાને કલ્યાણનાં દ્વાર કહેવાય છે. જેને જે અને જેવો માર્ગ મળે તેને તેની વાત સાંભળીને તેવો રંગ ચઢી જાય છે. ૨૯. પછી તે અનેક પ્રકારે વાતો કહીને પોતાના માર્ગને જ સારરૂપમાં બતાવે છે. અને વળી કહે કે, અન્ય માર્ગમાં અત્યારે મોક્ષ મળે તેમ નથી. તે અંગેની બધી વાત અમે જાણીએ છીએ. ૩૦. આગળના સમયમાં અન્ય માર્ગોમાં પણ કલ્યાણ થતું કે જ્યારે તેમાં તેવા ચમત્કારી પુરુષ હતા. તપ કરી કરીને ભલેને શરીરનો નાશ કરી નાખે છતાં ચમત્કારી પુરુષ વિના મોક્ષ થાતો નથી. ૩૧. જગતમાં કેટલાય લોકોએ કઠોર તપ કર્યું હતું. શરીરમાં રુધિર પણ રહેવા દીધું ન હતું. અન્ન અને વસ્ત્ર એ બધું જ તજી દઈને કેવળ વાયુભક્ષણ કરીને રહેતા હતા છતાં તે હિરણ્યકશિપુ અને ચ્યવન ઋષિનું કલ્યાણ થયું નથી. ૩૨. તામસ કર્મો કરવાથી હિરણ્યકશિપુની બુદ્ધિ નિર્દય થઈ ગઈ. હિરણ્યકશિપુએ તપે કરીને પોતાનાં શરીરને માટીનો રાફડો કરી નાખ્યું. ૩૩. તેણે ભગવાનની સાથે વૈર બાંધીને પોતાનું ધાર્યું બધું દુષ્કર્મ કરવા આવું ઘોર તપ કર્યું. ચ્યવન ઋષિએ વિષયનાં સુખને માટે પોતાનું શરીર રાફડો થઈ ગયું એવું તપ કર્યું. ૩૪.

સૌભરી ઋષિએ કેટલાએ યુગ સુધી પાણીમાં રહીને અપાર તપ કર્યું. કામદેવે માછલાનું રૂપ લઈને તેને તપમાંથી પાડી દીધા. આ રીતે તે બધા

સત્સંગ વિના ખુવાર થઈ ગયા. ૩૫. **સત્સંગ વિના કોઈનો મોક્ષ થાતો નથી. ભલેને બ્રહ્માના જેવા મોટા હોય તોએ શું ? શિવજીએ સત્સંગને છોડીને બીજી મતિ કરી તો મોહિનીએ તરત જ તેમનું ચિત્ત ચોરી લીધું. ૩૬. નારદજીએ સત્સંગ વિના બીજી બાજુ મનને દોડાવ્યું તો તેનું મુખ માકડાંના જેવું થયું. જ્યાં સુધી ભગવાનની મૂર્તિ વિના બીજે સ્થળે સુખ મળશે એવું માનીને જેનું મન દોડતું રહેશે ત્યાં સુધી તેના મોક્ષમાં ઊણપ રહેશે. જેને મોક્ષનો અત્યંત ખપ હોય છે તેને આવું દેખાય છે. અને આવી સમજણ જ્યાં હોય ત્યાં મોક્ષ પ્રકટ દેખાય છે. ૩૭-૩૮.**

ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ ચારનો જ્યાં નિવાસ હોય અને જ્યાં અધર્મનો પ્રવેશ જ ન હોય ત્યાં મોક્ષ સાક્ષાત્ - પ્રકટ રહે છે. ૩૯. જ્યાં અનેક જાતના ફેલ અને વ્યસન રહ્યા હોય, જ્યાં ધર્મ કે નિયમ કાંઈ જ ન હોય, જ્યાં સ્ત્રી અને પુરુષ વાસનાથી એકરસ થઈ ગયા હોય ત્યાં મોક્ષનો સુયોગ કયારેય થાતો નથી. ૪૦.

सोरठा : राम तिहाँ नहि काम, काम तिहाँ नहि राम रहत;
रवि रजनी एक ठाम, रहत नहीं कोउ वार कबु...४१
मोक्ष तिहाँ नहि फेल, फेल तिहाँ नहि मोक्ष कबे;
फेल त्यां अधर्म खेल, मोक्ष सो मनावत पाप महिं...४२

જ્યાં રામ હોય ત્યાં કામ ન હોય અને જ્યાં કામ હોય ત્યાં રામ રહેતા નથી. સૂર્ય અને રાત ક્યારેય કોઈ સ્થળે એકસાથે રહેતા નથી. ૪૧. જ્યાં મોક્ષ પ્રાપ્ત થઈ શક્તો હોય ત્યાં કોઈ જાતના ફેલ હોતા નથી અને જ્યાં ફેલ થતા હોય ત્યાં કયારેય મોક્ષ થતો નથી. જ્યાં ફેલ હોય ત્યાં તો અધર્મના ખેલ જ હોય છે અને તે ફેલી અધર્મી લોકો પાપમાં જ મોક્ષ માને-મનાવે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિની સહજભાવે કહેવાતી વાતો અને નિર્માનીપણાનું કથન' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર નવમું : તરંગ - ૩૭

શ્રીહરિનાં ચરિત્ર, સ્વરૂપ અને સ્વભાવની વાત કહી

શ્રીહરિ કારિયાણી ગામમાં કેટલાક દિવસ રહ્યા. ત્યાં ભક્તજનોને અપાર સુખ આપ્યું. જે બધું લખી શકાતું નથી. ૧. હરિભક્તોને જેવી ભાવના હતી તેવું સુખ તેમને આપ્યું. જ્યારે પ્રભુ કારિયાણીથી ચાલ્યા ત્યારે કાંઈ નક્કી કર્યું ન હતું કે આપણે ક્યાં જવું. ૨. અમસ્તા પણ શ્રીહરિ જે ગામ જાતા, તેનું પહેલેથી કાંઈ નક્કી કરતા નહીં. શ્રીહરિ જે તે ગામ પહોંચીને અણધાર્યો મુકામ કરી વાળતા. ૩. નાહવાનું નામ લઈને શ્રીહરિ ગામ બહાર આવ્યા, વર્ણીને સાથે લીધા હતા. સરંજામ કાંઈ સાથે લીધો નહીં. ૪. પોતાનાં શરીર ઉપર જરૂર પૂરતાં જ વસ્ત્ર રાખ્યાં હતાં. પોતાનો અશ્વ પણ દરબાર એભલ ખાચરને સોંપી દીધો હતો. ૫.

સ્વયં અશ્વ વિનાના થઈ રહ્યા. એવું કાંઈક ચરિત્ર કરવાનું મનમાં ધાર્યું. શ્રીહરિનાં ચરિત્રોમાં અનેક પ્રયોજન રહ્યા હોય છે તેને કોઈક સમજણા વિરલા જ જાણી શકે છે. ૬. શ્રીહરિનું એકપણ ચરિત્ર નિષ્પ્રયોજન નથી હોતું. જેની બુદ્ધિમાં ઘણી વિવેકશક્તિ હોય તે જ તેને જાણી શકે છે. જ્યારે તે ચરિત્રરૂપ કાર્ય પૂર્ણ થાય અને તેનું ફળ જણાય ત્યારે તેનું પ્રયોજન પ્રત્યક્ષ જાણ્યામાં આવે છે. ૭. જે દિવસથી શ્રીહરિનો જન્મ થયો ત્યારથી લઈને જે ચરિત્ર કર્યાં, તેમાં જે વર્ષમાં જેવા ચરિત્ર કર્યા તેનું તેવું ફળ પછીથી ભૂમિ ઉપર દેખાયું હતું. ૮. શ્રીહરિ અગિયાર વરસ સુધી ઘેર રહ્યા. ત્યારે જે વરસમાં જે ચરિત્ર કર્યું તેનું ફળ તે સમયે દેખાડ્યું હતું. પણ શ્રીહરિ પોતાને મુખે ક્યારેય તે કહેતા નહીં. ૯. શ્રીહરિને જેણે જેવા ભાવથી માન્યા-પૂજ્યા, તેને તેવું ફળ આપ્યું. પછી આઠ (સાત) વરસ સુધી વનમાં ફર્યા. શરીરથી અત્યંત કઠોર તપ કર્યું. ૧૦.

તેમાં ઘણા યુગોથી તપ કરી રહેલા કેટલાય તપસ્વીઓનો ઉદ્ધાર કરી દીધો. શ્રીહરિએ બધે ફરી ફરીને અધર્મને ધર્મ માનનારા જેટલા હતા તે બધાને ખોળી લીધા. ૧૧. અને સિદ્ધ નહીં હોવા છતાં કેટલાક સિદ્ધ થઈને જે

ફરતા હતા તે બધાનાં મૂળ ઉખાડી નાખ્યા. શુદ્ધ વર્તને કરીને તેમને હઠાવી દીધા, પાછા પાડી દીધા. તથા બીજું ઘણું સામર્થ્ય દેખાડ્યું. ૧૨. દેવાધિદેવ શ્રીહરિ બધા અસિદ્ધોનાં મૂળ ઉખાડીને ભારતમાં ઉત્તર, પૂર્વ અને દક્ષિણ પ્રદેશમાં ફરીને છેલ્લે પશ્ચિમ દેશમાં આવ્યા. ૧૩. અનુપમ વર્ણીના વેશમાં સમુદ્રને કિનારે પંચતીર્થી કરતાં કરતાં અદ્‌ભુત લોજ ગામ આવ્યા. ૧૪. ત્યાં ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય સંત મુક્તાનંદસ્વામીને મળ્યા. તેમને દેખીને અત્યંત ખુશી થયા. ૧૫. તેમની શુદ્ધ સાધુતાને દેખીને સહુ સંતોની સાથે રહ્યા, પણ અનંત ભુવનના નાથ એવા શ્રીહરિ પ્રથમ કોઈના કળ્યામાં આવ્યા નહીં. ૧૬.

✵ સંતોની સેવા કરે તે બધાથી પ્રવીણ છે :

ઝાઝા મહિના સુધી જેમ જેમ સાથે રહ્યા તેમ દિન પ્રતિદિન વધારે વધારે પ્રતાપ દેખાયો કે, 'આ વર્ણી કોઈ મહાન સમર્થ છે' એવું દેખાવા લાગ્યું ત્યારે શ્રીહરિ બહુ પ્રકારે બાળચરિત્ર કરવા લાગ્યા. ૧૭. વર્ણી તેમને સાચા સંતો જાણીને ઘણા હેતથી તે સંતોની સેવા કરવા લાગ્યા. બધા જ સંતોનો હેતભાવ વધે તે રીતે મન, કર્મ, વચનથી ખૂબ સેવા કરવા લાગ્યા. ૧૮. વર્ણીને સેવા કરવામાં અપાર ઉત્સાહ રહેતો. સેવા કરવામાં જ સર્વોત્તમ લાભ માનતા. વર્ણીએ ઘરને બંધનરૂપ માનીને છોડી દીધું હતું અને દેવો તથા ઋષિઓના આરાધ્ય શ્રીહરિએ વનમાં તપસ્યા કરી. ૧૯.

✵ તપનું ફળ શું ? સંત મહિમા :

તેમને તપ કર્યાનું જરા પણ અભિમાન કે ગર્વ હતો નહીં. માનને તો શત્રુ સમાન ગણતા. તપનું ફળ તો એટલું જ માનતા કે કોઈ પણ રીતે સંતોની સેવા કરવાનું મળે. ૨૦. સંતોની સેવાનું ફળ ઘણું ભારે કહ્યું છે. સેવા કરોડો પ્રકારના પાપોને બાળી દે છે. નારદજી દાસીના પુત્ર હતા. સંતોની સેવા કરવાથી તેઓ સંત બની ગયા. ૨૧. પ્રહ્લાદજી દૈત્ય પુત્ર હતા પણ સંતોના પ્રસંગથી તેઓ પણ સંત કહેવાયા. **સાધુતાનો ગુણ અક્ષર કરતા પણ અધિક છે**, એટલે શ્રીહરિ સાધુતાને-સંતપણાને દુર્લભ કહેતા હતા. ૨૨.

ચોપાઈ :

अनंत साधन कहावत जेते, संतता तामें रहे हें तेते;
अनंत गुन साधन अनंता, संतता से सब शोभा लहंता...२३

संतता न आई ज्यां लगही, गुन साधन न सोहत त्यां लगही;
संतता विन हरि रहत दूरा, उर में हे नहि भासत ऊरा...२४

જે અનંત કલ્યાણકારી સાધન કહેવાય છે તે બધાં સંતપણામાં-સાધુતામાં રહે છે. અનંત ગુણો અને અનંત સાધનો, એ બધા સંતપણાથી શોભે છે. ૨૩. જ્યાં સુધી સંતપણું નથી આવતું ત્યાં સુધી તેના બધા ગુણ અને સાધન શોભતાં નથી. સંતપણા વિના તો ભગવાન પણ તેનાથી દૂર રહે છે. અંતર્યામી ભગવાન તેનાં હૃદયમાં હોવા છતાં પણ તેને હૃદયમાં ભાસતા નથી, ભગવાનનો સાક્ષાત્કાર તેને થાતો નથી. ૨૪.

दोहा : निकट तदपि दुर रहेउ, संतता ज्यां में नाहि;
संतता ताकी हजुर रहे, प्रह्लाद तात हि ताहि...२५

संत मरजी तिमि चलत हे, संत करत प्रसन्न;
सो जन हरि की हजुर हे, एसे अनेक वचन...२६

ભગવાન જેમાં સંતપણું નથી તેની નજીક હોવા છતાં તેનાથી દૂર રહે છે અને જેમાં સંતપણું છે તેની તો એકદમ પાસે જ રહે છે. તેનું ઉદાહરણ તો સંત પ્રહ્લાદજી અને અસંત હિરણ્યકશિપુ છે. ૨૫. સંતોની મરજી પ્રમાણે જે ચાલે છે-રહે છે તે જ સંતોને પ્રસન્ન કરી શકે છે અને જે સંતોને પ્રસન્ન કરે છે તે ભગવાનની પાસે જ છે. એવા તો અનેક વચનો છે. ૨૬. **થોડાં પુણ્યે સાચા સંતનો જોગ થતો નથી. જ્યારે તપ કરી કરીને અનેક જન્મ વીતી જાય ત્યારે તેને સંતોની સેવા મળે છે. ૨૭. સંતોના યથાર્થ મહિમાને શ્રીહરિ સિવાય બીજા કોઈ જાણી શકતા નથી. બીજા તો પોતાની ત્રણ ગુણમાં વર્તનારી બુદ્ધિ પ્રમાણે કહેતા હોય છે. ૨૮. સત્ત્વ, રજ અને તમ એ માયાના ત્રણ ગુણ જ્યારે બુદ્ધિમાં ન પ્રવેશે ત્યારે બુદ્ધિ અત્યંત શુદ્ધ રહે છે. જ્યારે સંતને ત્રણ ગુણથી પર જૂએ ત્યારે તે સંતની કરેલી બધી સેવા લેખે લાગે છે. ૨૯.** જ્યાં સુધી માયાના ત્રણ ગુણ સંતમાં દેખાતા હોય ત્યાં સુધી સંત

ઉપર ભાવ થતો નથી. જે એકબીજામાં માયાના ગુણ દેખે તેમાં પરસ્પર સ્નેહ તૂટી જાય છે. ૩૦.

ચોપાઈ :

स्नेह तूटे तब अभाव हि आवे, अभाव आवे तब सेव बली जावे;
एक एक को तब बोलत अभावा, मोक्ष दश सो जात भुलावा...३१

જ્યારે સ્નેહભાવ તૂટી જાય ત્યારે અભાવ આવે અને જ્યારે અભાવ આવે ત્યારે જે સેવા કરી હોય તે બળી જાય. પછી તે પરસ્પર એકબીજાનો અવગુણ-અભાવ બોલવા માંડે છે અને મોક્ષમાર્ગની દિશાને જ ભૂલી જાય છે. ૩૧. જેટલા લોકો મનને જાણે મોક્ષ માની લેતા હોય છે તે બધા એકબીજાનો અભાવ લે છે. જો કે શાસ્ત્રનાં વચન તો અમૃતરૂપ છે, મોક્ષદાયક છે, અતિ અનુપમ છે. ૩૨. છતાં તે પોતાનું મનમાન્યું બોલે છે, તેમાં કોઈ શાસ્ત્ર તેને નિવારતું નથી. જેટલા ગુરુઓ અને આચાર્યો છે તે બધાનું-કોઈનું એકસરખું વર્તન હોતું નથી. ૩૩. તે લોકો તો જે વખતે જેવા દેશકાળ હોય તેવું આશ્રિતો પાસે વર્તાવે છે. તે ગુરુ અને આચાર્યની જેવી મતિ-સમજણ હોય તે રીતે શાસ્ત્રોનાં વચનનું અર્થઘટન તેઓ કરતા હોય છે. ૩૪. આંધળાને તો કાંઈ સૂઝતું નથી. એટલે કે અજ્ઞાનીને કાંઈ ખબર પડતી નથી. જેવા ગુરુ હોય તેવો થઈ જાય છે અર્થાત્ આધ્યાત્મિક માર્ગમાં જ્યાં ગુરુ પહોંચ્યા હોય ત્યાં સુધી જઈને અટકે છે. જમીન તો બધી એક જ કહેવાય છે પણ તેના ગુણ જુદા જુદા અનેક હોય છે. ૩૫.

જેવી ભૂમિ હોય તેવું અન્ન થાય છે. તેમ જેવા ગુરુ હોય તેવા શિષ્યો થાય છે. આવી વાત તો જ્ઞાનીપુરુષો પ્રકાશ કરીને જોઈ શકે છે. બધાને ખબર પડતી નથી. અને તે જેવી જમીન હોય તેવું અન્ન વાવે છે. જેને જેવું અન્ન ગમતું હોય તે તેવું બિયારણ ત્યાં વાવે છે. ૩૬. બિયારણના પણ જુદા જુદા અનંત પ્રકાર હોય છે જેને જેવો ભાવ હોય તેવું તે બિયારણ વાવે છે. ૩૭. જેમાં મોતી, હીરા, માણેક અને સોનું મળતું હોય તેવી ભૂમિ ઘણી દુર્લભ છે. તેવી ભૂમિને તો રાજા જ ખોળે છે. ૩૮.

ચિંતામણિ અને પારસમણિ મેળવવા માટેના ઘણા ઉપાય કરે તોપણ મળતા નથી. તે તો સહુથી શ્રેષ્ઠ છે અને તેના જેવો કોઈ નિધિ કહેવાય નહીં. ૩૯. તે રીતે જ પ્રકટ શ્રીહરિનો યોગ ચિંતામણિ અને પારસમણિના જેવો શ્રેષ્ઠ-સર્વોત્તમ જાણવો. અને તેને રાજાના જેવી ચતુર બુદ્ધિવાળો માણસ જ મેળવે છે પણ જેને ન ટળે તેવો અજ્ઞાનરૂપ રોગ થયો હોય તે તો સાથે રહે, તોપણ તેનો લાભ લઈ શક્તા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિનાં સ્વરૂપ, સ્વભાવ અને ચરિત્રની વાત કહી' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર નવમું : તરંગ - ૩૮

નસીતપુરના હરિભક્તોને રાજી કરીને શ્રીહરિ ઝીંઝાવદર આવ્યા.

શ્રીહરિ વાતો કરતાં કરતાં **નસીતપુર** આવ્યા. ત્યાં 'કેરી' નદી નીકળી છે. તેનાં પાણીથી નાહ્યા. ૧. સંતો અને પાર્ષદો, જેટલાને સાથે રાખ્યા તે રહ્યા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને ગઢપુર મોકલ્યા. ૨. નિત્યાનંદસ્વામી અને નિર્ગુણાનંદસ્વામી, એ બેને સાથે રાખ્યા. બીજા બધા સંતોને જવા માટે રજા આપી. ૩. શ્રીહરિએ કરેલાં વિવિધ ચરિત્રોને મનમાં સંભારતાં સંભારતાં કેટલાક સંતો કારિયાણી, કોઈક સારંગપુર અને અમુક બોટાદ ગયા. ૪. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી શ્રીહરિની સાથે રહ્યા.

નસીતપુરમાં સાદુળ ખાચર નામે હરિભક્ત હતા. ૫. તે માંચા ખાચરના ભત્રીજા હતા. શ્રીહરિની ખબર સાંભળીને તરત જ ત્યાં આવ્યા. તે શ્રીહરિની આગળ શ્રીફળ ભેટ મૂકીને પગે લાગ્યા. ૬. ફૂલનો હાર પહેરાવ્યો. દર્શન કરીને અત્યંત રાજી થયા અને હાથ જોડીને કહ્યું, 'આપ ગામમાં પધારો. આપ પધાર્યા તેથી અમારો જન્મ સફળ થયો.' ૭. જ્યારે શ્રીહરિ પૂજાવિધિ કરી રહ્યા ત્યારે તરત જ તૈયાર થયા. શ્રીહરિની આગળ ઢોલ વગેરે વાજિંત્ર વાગવા લાગ્યા. ૮. જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે ગામના બધા લોકો

ત્યાં વાટ જોઈને ઊભા હતા. જ્યારે શ્રીહરિને નજીક આવતા દેખ્યા ત્યારે દર્શનાતુર થઈને બધા સન્મુખ દોડ્યા. ૯. સહુએ હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધાં હતાં. તે ફૂલહાર પહેરાવીને શ્રીફળ ચરણોમાં હેતથી મૂકયાં. બધાનાં મનમાં આનંદ છવાઈ ગયો હતો. ૧૦.

શ્રીહરિનાં મસ્તક ઉપર વિચિત્ર છત્ર ધારણ કર્યું હતું. જાણે કોઈ મોટા અમીર આવતા હોય તેમ લાગતું હતું. હરિભક્તો મંગળમય ધોળ રાગના કીર્તન ગાતા હતા. તે વખતની અદ્‌ભુત શોભાનું વર્ણન થઈ શક્તું નથી. ૧૧. ગામના દરવાજાની અંદર જયારે આવ્યા ત્યારે બધી બજારોમાં પાણી છાંટી દીધું હતું. વિવિધ પ્રકારના ફૂલ પાથરી દીધાં હતાં અને અનેક જાતના વૃક્ષો રોપાવી દીધાં હતાં. ૧૨. ગામની ચારે વર્ણની સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને આવી હતી તે હેતથી શ્રીહરિને વધાવતી હતી. ૧૩. જેટલાં ઘર અને જેટલી દુકાનો હતી તેનાં દરવાજાને સુંદર રીતે સજાવ્યા હતા. તેથી અપાર શોભા થઈ હતી. ૧૪. દરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યા હતાં. ખૂબ જ ગુલાલ ઉડાડીને ગામના લોકો રંગમાં રસબસ થઈ ગયા હતા. ૧૫.

સ્વયં કરુણાનિધિ અને ભક્તોના મનને આનંદકારી આવા શ્રીહરિ ગામ લોકોને દર્શન આપતા આપતા દરબારગઢમાં આવ્યા. ૧૬. દરબારે પણ શ્રીહરિ પધારવાથી પોતાનાં જેટલાં ભવન હતાં તે બધાને ચિત્ર વિચિત્ર રીતે શણગારી દીધાં હતાં. બધા દ્વાર ઉપર મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૧૭. ઘરની ઓસરીમાં એક સુંદર પલંગ બિછાવી દીધો. આંખોથી કરુણારસ વરસાવતા શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બેઠા. ૧૮. દરબારે બધો સામાન આપ્યો એટલે જયાનંદ વર્ણી રસોઈ બનાવવા લાગ્યા. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા ઊઠ્યા. ૧૯.

ઘનશ્યામ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢી લીધું હતું. જળથી ચરણ ધોવડાવ્યા. પછી પ્રસન્ન થકા બાજોઠ ઉપર બેઠા. ૨૦. ભોજનોથી પીરસેલો થાળ લાવ્યા. ભક્તજનપ્રતિપાલક પ્રભુ જમવા લાગ્યા. સાકર નાખેલો કંસાર, વડાં અને ભજિયાં ધરાવ્યાં. ૨૧. તે સિવાય પાપડ, શાક, કેરીનું અથાણું, બધું શ્રીહરિની આગળ ધરાવ્યું, એટલે પ્રેમથી બધું

જમવા લાગ્યા. ૨૨. જેવા ભાવિક હરિભક્તો હતા તે રીતે શ્રીહરિ પ્રેમભાવથી થાળ જમ્યા. થાળના ઘણા વખાણ કર્યા. ભૂખ્યા થયા હોય તેમ ભગવાન જમ્યા. ૨૩. જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે ભાત અને દહીં જમવા લાગ્યા. તેમાં ભાવથી સાકર પણ લીધી હતી. પરમ પ્રેમરસથી શ્રીહરિ ભર્યા જણાતા હતા. ૨૪.

જ્યારે જમી રહ્યા ત્યારે તત્કાળ હાથ ધોયા. પછી મુખવાસ લીધો અને દરબારને થાળની પ્રસાદી આપી. ૨૫. શ્રીહરિની સાથે જેટલાં સંતો અને પાર્ષદો હતા તે બધાને ઘણાં જ હેતથી જમાડ્યા. ૨૬. તે પછી શ્રીહરિ હરખભેર આવીને પલંગ ઉપર બેઠા. ચોતરફ આનંદનું વાતાવરણ છવાયું હતું. જેટલા દિવસ રહેવાની પોતાની મરજી હતી તેટલા દિવસ ત્યાં રહ્યા. ૨૭. રોજ હરિભક્તો શેરડીના ભારા લાવતા અને તેમને રાજી રાખવા માટે પ્રેમથી શેરડી શ્રીહરિ જમતા હતા. ૨૮. જે દિવસ શ્રીહરિ સારંગપુર આવ્યા ત્યારથી શેરડીના સાંઠાં શ્રીહરિ જમતા હતા. કુંડળમાં અપાર શેરડી ખાધી અને તે પ્રમાણે કારિયાણીમાં પણ ઘણી ખાધી. ૨૯. પોતે શેરડી ખાતા અને બીજાને પણ આપતા. બહુ શેરડી આવતી. જ્યાં શેરડી પીલાતી હોય ત્યાં હરિભક્તો આગ્રહ કરીને શ્રીહરિને લઈ જાતા. ૩૦.

હરિભક્તો શ્રીહરિને શેરડી જમાડીને ગોળ પણ જમાડતા. સુંદર રસ લાવીને પિવડાવતા. શ્રીહરિ રસ પીતા અને બીજાને પિવડાવતા. જે રસ ન પીવે તેને ગોળ ખવડાવતા હતા. ૩૧. શ્રીહરિ દિનપ્રતિદિન આવી રમૂજ કરાવતા. બધા ભક્તોને ખૂબ જ આનંદ ઉપજાવતા હતા. આમ શ્રીહરિ આનંદ કરતા કરતા રાત દિવસ સત્સંગમાં ફરતા રહેતા. ૩૨. **હરિભક્તોનાં મનમાં જેવી ભાવના રહેતી શ્રીહરિ તેમને તેવું સુખ આપતા. આ વેળાએ હરિભક્તોને જેટલું સુખ આપ્યું છે તે બધું લખી શકાતું નથી. ૩૩. હું તો અહીંયાં બીજમાત્ર જ લખું છું. બીજમાં જ વિસ્તાર રહ્યો હોય છે. જે બીજને જે પ્રમાણે વાવી જાણશે તેનો વિસ્તાર તેવો થશે અર્થાત્ આ ગ્રંથનો જે જેવો વ્યાખ્યા દ્વારા વિસ્તાર કરી જાણશે તેવો આનો વિસ્તાર થશે. ૩૪. જે અક્ષરધામના અભિલાષી હોય અને તેને જેટલો ભાવ હોય, તે તેટલો આ**

લીલારૂપ બીજનો વિસ્તાર કરશે. ભાવ વિના ચરિત્ર પ્યારા લાગતાં નથી તો વિસ્તાર તો ક્યાંથી થઈ શકે ? ૩૫.

શ્રીહરિ પછી નસીતપુરથી ચાલ્યા અને **ઝીંઝાવદર** આવ્યા. તે સમયે ત્યાંના હરિભક્તો બાઈ ભાઈ બધા જ દોડતાં દોડતાં સન્મુખ આવ્યા. ૩૬. લગભગ 'પા કોશ' જેટલા સહુ હરખભર્યે હૈયે સામે આવ્યા. બધાના હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધેલા હતા. ૩૭. પુરુષોએ દંડવત્‌પ્રણામ કર્યા. સ્ત્રીઓ નીચે બેસીને પગે લાગી. શ્રીફળ આગળ ભેટ મૂકયાં અને ફૂલહાર કંઠમાં પહેરાવ્યા. ૩૮. દરબાર સામત ખાચર બધી સવારી લઈને આવ્યા. તેમના બધા પુત્રો અને કુટુંબીજનો પણ સાથે આવ્યા હતા. ૩૯. તેઓ બધા હૈયાના હરખથી, હૃદયમાં અતિ પ્રેમ લાવીને શ્રીહરિને મળ્યા. ચરણોમાં મસ્તક નમાવ્યાં અને શ્રીહરિનાં દર્શન કરી ઘણા જ પ્રસન્ન થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ નસીતપુરના હરિભક્તોને સુખ આપીને ઝીંઝાવદર પધાર્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર નવમું : તરંગ - ૩૯

શ્રીહરિ ધામધૂમથી ગામમાં આવ્યા અને થાળ જમ્યા

દરબાર અલૈયા ખાચરને શ્રીહરિના ઉપર ઘણો પ્રેમ હતો. તેઓ એક અશ્વ સારો શણગારીને લાવ્યા. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૧. શ્રીહરિ ગામને નજીક જ્યારે આવ્યા ત્યારે વાજિંત્રવાળા આવ્યા અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડવા લાગ્યાં અને તેનો ધ્વનિ બધે વ્યાપી ગયો. ૨. ગામનો દરવાજો ઉત્તર તરફ હતો. તેને નજીક જ તળાવ હતું. તળાવથી થોડે આગળ એક સારી નદી વહેતી હતી. ૩. શ્રીહરિએ ત્યાં જઈને નદીમાં સ્નાન કર્યું. લોકોને આનંદ દેવા માટે જ શ્રીહરિ તે નદીમાં બે ઘડી સુધી જળક્રીડા કરતા થકા નાહ્યા. ૪. પછી વસ્ત્રોને પહેરીને ઘોડેસવાર થયા. ગામને દરવાજે આવ્યા. દરવાજાને સુંદર રીતે શણગાર્યો હતો. અદ્‌ભુત શોભા થઈ હતી, તે કહી શકાતી નથી. ૫.

નાળિયેરને સોનેરી કરીને તેનાં તોરણ બનાવ્યાં અને તેને દરવાજે બાંધ્યાં. રાજબજારોને સ્વચ્છ કરાવીને તેમાં વિવિધ ફૂલ બિછાવી દીધાં. ૬. બજારમાં જે દુકાનો હતી તેને પણ વિચિત્ર રીતે સુશોભિત કરી હતી. તેના બધા જ દરવાજે મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૭. મંગળમય બધો સામાન દુકાને દુકાને આગળ ગોઠવ્યો હતો. બજારમાં કેળના સ્તંભ રોપાવી દીધા. તેની શોભા કહી શકાતી નથી. ૮. શ્રીહરિ જ્યારે બજારમાં આવતા હતા ત્યારે ગામવાસી અપાર લોકો ઊભા રહીને દર્શન કરતા હતા. પુરુષ સમુદાયમાં પુરુષો અને સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ, તે બધા બાઈ-ભાઈ વિવિધ પ્રકારના કીર્તન ગાતા હતા. ૯. આ અનુપમ આનંદનો અવસર આવ્યો છે તેમ જાણીને ગુલાલ ઉડાડીને ધૂમ મચાવી દીધી. ગામની બધી સ્ત્રીઓ શ્રીહરિને મોતીથી વધાવવા લાગી. ૧૦.

શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. મસ્તક ઉપર છત્રની છાયા કરી હતી. છત્રની શોભા કહી શકાય તેમ ન હતી. મૂર્તિનાં દર્શન કરતા લોકોને તૃપ્તિ થાતી નહીં. ૧૧. શ્રીહરિએ બધાં જ અંગો ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. આવી શોભા કયારેય થઈ ન હતી. ફૂલહાર અને બાજુબંધ ધાર્યા હતા. પાઘના ઉપર મતવાલા તોરા ઝૂકી રહ્યા હતા. ૧૨. લોકોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ દરબારગઢમાં આવ્યા. દરબારના ઊંચી ઊભણીવાળા ભવનોને સોનેરી સાજથી શણગાર્યાં હતાં. ૧૩. ઘણા હરખથી તેને ચિત્ર વિચિત્ર કર્યાં હતાં. ઉપર મોતીના ઉલેચ અને દરવાજાઓમાં મોતીનાં તોરણ બંધાવી દીધાં હતાં. ૧૪. ભવનની ઓસરીમાં નવરંગ સોનેરી પલંગ ઢાળી દીધો અને તેના ઉપર ઘણા જ ઉત્સાહથી ગાદી તકિયા લાવીને બિછાવી દીધા. ૧૫.

સોનાની સાંકળો લાવીને હિંડોળો બાંધી દીધો. સુખદાયક શ્રીહરિ સુખ દેવાને માટે ત્યાં આવીને તે હિંડોળા ઉપર બેઠા. ૧૬. શ્રીહરિના મુખ ઉપર પરસેવાના શ્વેત બિંદુઓ છવાઈ ગયા હતા. જાણે કે શ્વેત મોતી ઉદિત થયા નહોય ! મુખજ્યોતિ ઝગમગી રહી હતી. બધા જ લોકો ભાવથી મુખનાં દર્શન કરતા હતા. ૧૭. બંને બાજુએ એક એક એમ, બે પાર્ષદો ઊભા રહીને ભીંજવેલા વીરણવાળાના પંખાથી શ્રીહરિને પવન નાખતા હતા. અને

ચોકમાં પણ ઘણું પાણી છંટાવ્યું હતું. ૧૮. વર્ણીએ જ્યારે રસોઈ તૈયાર કરી ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ચરણોમાં ચાખડીઓ પહેરીને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. ૧૯. વર્ણીએ નીરથી ચરણ ધોવડાવ્યા અને પછી રૂમાલથી તેને લૂછી નાખ્યાં. અગાઉથી જ એક પીતાંબર પહેર્યું હતું અને બીજું નિપુણતાથી ઓઢી લીધું હતું. ૨૦.

તે પછી આવીને બાજોઠ ઉપર બેઠા. વર્ણીએ પીરસેલો થાળ લાવીને ધરાવ્યો. ભજિયાં, વડાં, બધી જાતના શાક જે બનાવ્યાં હતાં તે કટોરામાં ભરીને બધા શ્રીહરિને ધરાવ્યાં. ૨૧. કેરીનું અથાણું અને પાપડ, હરીસો અને બિરંજ જે સાકર નાખીને બનાવ્યા હતા. જેમાં અપાર તેજાના નાખ્યા હતા. તે બધું શ્રીહરિ જમવા લાગ્યા. ૨૨. શ્રીહરિને તો ભક્તિભાવરૂપી તેજાના ભાવતા હતા. બીજા તેજાના ગમતા નહીં. જેવો હરિભક્તોનો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિ જમતા હતા. ૨૩. જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે તરત દહીં અને ભાત લીધાં અને તેમાં શ્રીહરિએ પોતે ધોયેલી સાકર નાખી. ૨૪. દહીં અને ભાત જમતાં જમતાં શ્રીહરિ હાથની આંગળીઓને મુખમાં વારંવાર ચાટતા અને હેત દેખાડતા હતા. ૨૫.

જમવામાં શ્રીહરિની ચતુરતા ઘણી હતી. કોઈ પણ મનુષ્ય શ્રીહરિને જમતા એક જ વાર નજરે દેખી લે, તો તે તેને લગારેય ભૂલે નહીં. ૨૬. આવું ચાતુર્ય તો પાતાળથી લઈને પુરુષ પ્રકૃતિ સુધી કોઈનામાં નહીં હોય, જેણે આ બધું નજરે જોયું છે તે સર્વ રીતે આ બધી વાતને જાણે છે. ૨૭. **કોઈ ચતુર મનુષ્ય શ્રીહરિનાં ચાતુર્યને દેખીને આ સહુથી પર પુરુષોત્તમ ભગવાન છે એવો નિશ્ચય કરતા હતા. ૨૮.** શ્રીહરિ જ્યારે આ રીતે જમી રહ્યા ત્યારે જળથી હાથ ધોયા અને જે જમ્યા હતા તે થાળની પ્રસાદી દરબાર સામત ખાચરને આપી. ૨૯.

પૂર્વે જે સ્વાયંભુવ મનુ હતા તે આ સમયે સામત ખાચરના રૂપમાં જન્મ્યા હતા. તે વાતને જાણીને શ્રીહરિ વારંવાર ઝીંઝાવદર આવતા હતા. ૩૦. સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદ હતા તે સામત ખાચરના પુત્ર અલૈયા ખાચર અને જેઠસૂર ખાચરના રૂપમાં થયા હતા. આ બધી વાતને

ઘનશ્યામ શ્રીહરિ જાણતા હતા. ૩૧. પૂર્વના બહુ રાજાઓએ આ સમયે જન્મ ધર્યા હતા. તેમાં કાઠિયાવાડમાં ઝાઝાએ ધર્યા હતા. કેટલાક ભાલ દેશમાં જન્મ ધરીને આવ્યા હતા. ૩૨. કેટલાક પૂર્વના રાજાઓએ ગોહિલવાડમાં દેહ ધાર્યો અને કેટલાકે વાળાકમાં દેહ ધાર્યો હતો. સગર રાજાના સાઠ હજાર પુત્રોએ પણ આવીને દેહ ધાર્યો હતો. ૩૩. કેટલાક રાજાઓ તો સોરઠમાં અને હાલારમાં અવતર્યા હતા. તેને શ્રીહરિ જાણતા હતા પણ કહેતા નહીં. સંતદાસ નામના સાધુને ધ્યાનમાં શ્રીહરિએ તે બધું બતાવ્યું હતું. ૩૪. કેટલાક રાજાઓએ કચ્છ દેશમાં જન્મ ધારણ કર્યો હતો. તેથી શ્રીહરિ ત્યાં જઈને તેમને વારંવાર દર્શન આપતા હતા. કેટલાક રાજાઓએ ઝાલાવાડમાં હરખભેર મનુષ્ય જન્મ લીધો હતો. ૩૫.

બીજા દેશોમાં પણ જે રાજાઓ અવતર્યા હતા તેને શ્રીહરિ જાણતા હતા. તેમાં ગઢપુરના દરબાર એભલ ખાચર, દાદા ખાચર અને જીવા ખાચરને શ્રીહરિનો જેવો યોગ રહ્યો તેવો યોગ બીજા રાજાઓને નહોતો રહ્યો. ૩૬. શ્રીહરિના યોગને લીધે ગઢપુરના દરબારો સહુથી શ્રેષ્ઠ કહેવાય છે. તેમના જેવો યોગ બીજા કોઈને ન મળ્યો. તે નજરે જોઈને લખ્યું છે. ૩૭. તેઓ મનુષ્ય દેહમાં રહ્યા હોય છે તેથી ઓળખાતા નથી. કારણ કે મનુષ્યરીત કાંઈ જુદી જ છે. મનુષ્ય હોય તે બીજાને પણ પોતાના જેવા મનુષ્યનાં રૂપમાં માની લે છે; એમ અમે ઠેકઠેકાણે જોયું છે. ૩૮. **અવિનાશી અક્ષરાધિપતિ પુરુષોત્તમને તુલ્ય સમર્થ અન્ય કોઈ નથી, પણ તેઓ જ્યારે મનુષ્યરૂપમાં અવતરે છે ત્યારે તેમના ભક્ત સિવાયના બીજા કોઈ તેમને ઓળખી શકતા નથી, તેમનો લાભ લઈ શકતા નથી. ૩૯.** પછી જે જે અવતાર જે રીતે થયા હોય તે તે જો ગ્રંથમાં લખાયું હોય તો તેણે કરીને જણાય આવે છે. અને જીવો મોક્ષભાગી થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'ઝીંઝાવદરમાં શ્રીહરિ ધામધૂમથી પધાર્યા, થાળ જમ્યા અને પ્રસાદી આપી' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર નવમું : તરંગ - ૪૦

અલૈયા ખાચર આગળ શ્રીહરિએ નિર્માનીપણાંની વાત કહી

શ્રીહરિએ ઝીંઝાવદરમાં વારંવાર આવીને ત્યાં અલૈયા ખાચરને બહુ સુખ આપ્યું. તે વાત તો એટલી અગાધ છે કે બધી લખી શકાતી નથી. ૧. શ્રીહરિએ જેમ જેમ તેમને સુખ આપ્યું તેમ તેમ તે સત્સંગમાં બળવાન બન્યા. તેમણે ઘણા લોકોને સત્સંગ કરાવ્યો હતો, તેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૨. અલૈયા ખાચરનો સત્સંગનો પક્ષ જોઈને શ્રીહરિ તેમને પોતાની પાસે બેસાડતા. તે પચ્યું નહીં. તેથી તેમને કોઈનો ભાર-ડર રહ્યો નહીં. તેથી તો તે શ્રીહરિને પણ પોતાને વશ રાખવાનું ધારવા લાગ્યા. ૩. તેઓ જે જે વાત કહેતા તે શ્રીહરિ તેને સુખ દેવા, રાજી રાખવા માટે સાંભળી લેતા. પરંતુ તેને લીધે તેનાં મનમાં ઘણો ગર્વ આવ્યો. ૪.

❋ પરસ્પર રાખવો પ્રેમ, તે સત્સંગની છે નેમ :

શ્રીહરિની સમજણ બીજા પ્રકારની હોય છે, પણ ભક્તજનને તેની ખબર હોતી નથી. શ્રીહરિને તો ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચાર બાબતનું માન પણ ગમતું નથી. ૫.

ચોપાઈ :

ज्युं ज्युं हरि देवे मान हि जाई, दास के दास वरते होईके ताई;
संत हरिजन सेव को फल तेहि, वेर वेर हरि बोलावत जेहि...०६

एसी बुद्धि रहे जीवत प्रजंता, सब से श्रेष्ठ सो भक्त कहंता;
सत्संग नित करनेको फल एता, संत हरिजन से भाव रहे तेता...०७

नित नित अधिक भाव वधे जेसे, सत्संग करनेको फल हे एसे;
सत्संग करत प्रीत भये नासा, तब निज मन में करना तपासा...०८

ભગવાન ભક્તને જેમ જેમ વધારે માન આપે તેમ તેમ તે ભકતે દાસના પણ દાસ થઈને વર્તવું જોઈએ. ભગવાન પ્રેમથી જે વારેવારે બોલાવે છે તે તો સંતોની અને હરિભક્તોની સેવાનું ફળ છે. ૬. જેને જિંદગીભર આવી બુદ્ધિ રહે તે ભક્ત સર્વશ્રેષ્ઠ કહેવાય છે. નિત્ય સત્સંગ કરવાનું ફળ એટલું

જ છે કે સંતો અને હરિભક્તોની સાથે પ્રેમભાવ, પૂજ્યભાવ કાયમ રહે. ૭. સત્સંગ કરવાનું યથાર્થ ફળ તો એ છે કે સંતોમાં અને હરિભક્તોમાં દિન-પ્રતિદિન પ્રેમભાવ વધતો રહે. સત્સંગ કરતાં કરતાં જો સંતો-ભક્તોમાંથી પ્રેમભાવ નષ્ટ થાય તો મુમુક્ષુએ પોતાના મનમાં તેનો તપાસ કરવો જોઈએ કે, ૮. કોઈ ગરીબ સંત-હરિભક્તનો કાંઈક અપરાધ થયો હશે; તેનું જ આ ફળ છે. સદ્‌બુદ્ધિવાળા મુમુક્ષુ ભક્તે આ પ્રમાણે વિચાર કરવો. વિચાર કર્યા વિના સત્સંગમાં પાર પડાય નહીં. ૯. જે જે સદ્‌બુદ્ધિવાળા છે તે કાયમ માટે સવળા વિચારોને શીખે છે, કરે છે. સત્સંગમાં જે ગરીબ સંત કે હરિભક્ત હોય તેના તરફ વિવેકભરી ઉદાર ભાવના રાખવી જોઈએ. ૧૦.

મોટાની જે રીતે જેવી સેવા થાય છે, સાર-સંભાળ લેવાય છે તેવી ગરીબની સેવા કે સાર-સંભાળ રખાતી નથી. ગરીબ ઉપર જેને જેટલો ભાવ ન હોય તેને દેખીને શ્રીહરિ તેટલા દુખાય છે. ૧૧.

મોટાની જેટલી સેવા કરે છે તેમાંથી એકપણ સેવાને શ્રીહરિ માનતા નથી. અને જો મન, કર્મ અને વચનથી જ્યારે ગરીબની સેવા કરવામાં આવે ત્યારે તેના ઉપર શ્રીહરિ રીઝે છે. કેમ જે, શ્રીહરિને ગરીબ ઉપર અધિક ભાવ છે. અને જે મોટા હોય છે તેને તો આખું જગત સેવે-રાખે છે માટે તે કાંઈ બહુ શ્રેષ્ઠ કહેવાતું નથી. ગરીબને સેવો-રાખો તે જ શ્રેષ્ઠ કહેવાય છે. ૧૨-૧૩.

જો કોઈ મોટો માણસ ગરીબ માણસને તુચ્છકારે અને તેનો દ્રોહ કરે તો તેનું પાપ લાગવાથી તે મોટો હોય તોપણ તુચ્છ થઈ જાય છે. ૧૪. પોતે ઘણો ત્યાગ પાળીને કે નિયમ પાળીને બીજા સંતો-ભક્તો ઉપર વચનરૂપી બાણનો પ્રહાર કરે અને પોતાના શ્રેષ્ઠ ત્યાગ-નિયમની વાત કરીને બીજાને દુભાવે, તે પણ એક પ્રકારનો તેનો દ્રોહ જ કહેવાય. ૧૫. જેને જે અંગ હોય તેમાં તે આગળ વધી શકે છે અને તે અંગમાં જ વધારે રંગ ચઢી શકે છે. તે અંગ વિના ક્યારેય ભાવ વધે નહીં. માટે પોતાના જેવા જ ત્યાગ-નિયમની અપેક્ષા બીજા પાસેથી રાખીને તેને વેણ મારીને હલકા ચિતરવા કે દુઃખવવા તે દ્રોહનો માર્ગ છે. ૧૬. આ જગતમાં અપાર કલા-કારીગરી રહેલ છે. જેનો

ગણ્યે કાંઈ પાર આવે તેમ નથી. જેનામાં જેવી જોઈએ તેવી કળા-કુશળતા હોય તેવા જો ગુરુ તેને મળી જાય તો તેનું કામ સુધરી જાય છે. કારણ કે કોઈ પણ બાબતમાં ગુરુ સિવાય લગારેય ગમ પડતી નથી. તેમાં પણ જો ગુરુ લોભી મળી ગયા તો શિષ્યનો જન્મ ખુવાર કરી નાખે છે. ૧૭-૧૮. લોભી ગુરુ હંમેશા ભગવાનની બાબતનો ઉપદેશ કરીને શિષ્યની પાસેથી વારંવાર ધન હરે છે. ગુરુ ધનને માટે જ સમયે સમયે અનંત ઉત્સવ કરતા રહે છે. તે દ્વારા શિષ્યોનું ધન હર્યા કરે છે. ૧૯. આમ કેટલાક ગુરુ ઉત્સવનું નિમિત્ત આગળ રાખીને શિષ્યનું બધું ધન હરી લે છે. જે ગુરુ પોતાની પાસે ધનનો સંગ્રહ કરે નહીં, પણ તે બધું શિષ્યોને ખવડાવી દે, શિષ્યોના અર્થે જ વાપરી નાખે, ૨૦. તેવા ગુરુને આ સંસારમાં સાચા જાણવા. અને તેવા સાચા ગુરુનું મન ધન અને નારીમાં બંધાયેલું હોતું નથી.

દુનિયામાં બે પ્રકારના ગુરુ હોય છે. **૧.** ત્યાગી અને **૨.** ગૃહસ્થ ધર્મ પાળનારા. ૨૧. તેમાં ત્યાગી ગુરુની રીત જુદી છે. તે ધનને માટે દોડાદોડી કરતા નથી. પણ ત્યાગી થઈને જે સ્ત્રી અને ધનને માટે જેટલો ઉદ્યમ કરતા રહે છે તેમાં તેટલો દોષ કહેવાય છે. પરંતુ લોભી એવા ત્યાગી ગુરુને તે લોભ દેખ્યામાં આવતો નથી. અને જે નિર્લોભી વર્તન રાખે છે તેવા નિર્લોભી ગુરુને શિષ્યો ઘણું ધન આપે છે. ૨૨-૨૩. જે ઘેર ઘેર માગતા ફરે છે તેને બધા લોકો લોભી ગુરુ કહે છે. અને તેને સેવતા નથી, કાંઈ દેતા નથી ને તેવાથી દૂર જ રહે છે.

પરંતુ જેને લોભ કરતાં પણ વધારે મોક્ષનો ખપ હોય છે, તેવા અતિ મુમુક્ષુ નર અને નારીઓ લોભને ગણકારે નહીં કહેતાં, તેવા ગુરુમાં રહેલા લોભને પણ તેઓ જોતા નથી અને દિવ્યભાવ રાખી સેવા કર્યા કરે છે. ૨૪. કેમ જે, જેનાં દિલમાં મોક્ષનો ખપ હોય તેઓ તો તન અને ધનને ધૂળ જેવા જાણે છે. તન અને ધન તો ઘણીવાર મળ્યા છે પણ મોક્ષ તો ઘણો દૂર છે અર્થાત્ દુર્લભ છે, એમ માને છે. તેથી પોતાના ધનાદિકને (લોભી ગુરુના કહેવાથી) વાપરી નાંખીને પણ મોક્ષ મેળવે છે. ૨૫. કારણ કે ઘણા મનુષ્ય પોતાનાં સત્યની રક્ષા માટે તો સળગતા અગ્નિમાં પણ કૂદી પડે છે. તેમ જ જેને

ખરેખર અતિશય મોક્ષનો ખપ હોય તે ધારે તો શું ન કરે ? (એ તો મોક્ષ માટે પોતાનું તન, ધન બધું જ ગુરુના ચરણે અર્પી દે છે. પરંતુ લોભી, કામી ગુરુઓ ખોટું કરવાથી અતિ દોષને પામીને શ્રીહરિના અપરાધી થાય છે.) ૨૬.

सोरठा : खप में जाकु खोट, दोष भाषत हे ताकु अनंत;
उपाय करे तेहि कोट, मोक्ष न तिनको होत कबहु...२७
हरिजन हि जो होई, हरिजन को बोलत दोष जेहि;
तेहि सम पापी न कोई, ब्रह्मवेत्ता भये हनन तेहि...२८

પરંતુ જેને ખપમાં જ મોટી ખોટ હોય તેને તો જે ગુરુમાં એવા દોષ ન હોય છતાં પણ અનંત દોષ દેખાય છે. અને તે ખપ વિનાનો મનુષ્ય કરોડ ઉપાય કરે તોપણ તેનો ક્યારેય મોક્ષ થાતો નથી. ૨૭. સ્વયં હરિભક્ત થઈને બીજા હરિભક્તોના દોષ કહે, તો તેના સમાન બીજો કોઈ પાપી કહેવાય નહીં. તેને તો બ્રહ્મવેત્તાની હત્યા કરનારો જાણવો. ૨૮. **સ્વયં બ્રહ્મવેત્તા થઈને અન્ય બ્રહ્મવેત્તાના દોષ વાત વાતમાં ગાય તે ઠીક નથી. પણ જે પોતામાં રહેલા દોષ હોય તેને જાહેર કરે તો તેને સહુથી ઉત્તમ સજ્જન જાણવો અને એ જ સાચો બ્રહ્મવેત્તા કહેવાય. ૨૯.** પણ આ દુનિયા એવી છે કે, જેને પ્રપંચ કરતાં આવડતું હોય તેને સહુ કોઈ વધારે માને-પૂજે અને જેને પ્રપંચ કરતા ન આવડતું હોય તેને કોઈ ધીરે નહીં અર્થાત્ માને નહીં. ૩૦.

વાસ્તવમાં જે બુદ્ધિમાન કહેવાતો હોય છે તે ક્યારેય કોઈની ચોરી ન કરે, કોઈને રસ્તાની અધવચ્ચે લૂંટે નહીં, ક્યાંય મેલીકાર - લૂંટફાટ કે ધાડ ધમાલમાં પડે નહીં. ૩૧. ક્યારેય કોઈની સાથે વેર બાંધે નહીં, સહુની સાથે હળીમળીને રહે. કોઈને પણ બૂરું ન લાગે એવા પ્રકારનું જ વર્તન કરે; એવી તેની રીત હોય. તેને જ ખરા અર્થમાં બુદ્ધિશાળી માણસ કહેવાય. ૩૨. અને જે મોટો શાહુકાર બનીને બધાનું ધન છેતરી, લૂંટીને પોતાનું જ ઘર ભરે તેને કાંઈ બુદ્ધિશાળી કહેવાય નહીં. અને સામાન્ય રીતે તો જેની જેવી જાતિ હોય તેમાં તેવી બુદ્ધિ આવે છે - વિકસે છે. ૩૩. હરેક મનુષ્યની રુચિ અલગ અલગ હોય છે. મોક્ષને માર્ગે તો બહુ થોડા જ ચાલે છે. અત્યારે જેને પ્રકટ શ્રીહરિ મળ્યા હોય તે તો દુઃખમાત્રને તરી ગયા છે. ૩૪. **માટે તે પ્રકટ**

પ્રભુનાં વચનમાં વિશ્વાસ રાખીને પરમ આનંદથી અને ઉત્સાહથી રહેવું. તે પ્રભુની આજ્ઞારૂપી ખીલાની સાથે મનને પકડીને બાંધી દેવું. ૩૫.

ચોપાઈ :

मन के राज रहत ज्यां लगही, मोक्ष नहीं होवत त्यां लगही;
मोक्ष भागी समझके एसे, मन के विश्वास न रखत लेशे...३६

જીવનમાં જ્યાં સુધી મનનું રાજ્ય ચાલતું હશે ત્યાં સુધી કોઈ પણ રીતે મોક્ષ નહીં થાય. મોક્ષભાગી જીવે આ રીતે સમજીને ક્યારેય લેશમાત્ર મનનો વિશ્વાસ કરવો નહીં. ૩૬. ભગવાનનાં વચનમાં વિશ્વાસ રાખીને અનંત જીવો ભગવાનનાં ધામમાં ગયા છે, તેવું વારંવાર દેખાય છે. ૩૭. આવું દેખાય છે છતાં માનતા નથી. એવા તો અનંત જીવ છે. જે જમપુરીમાં વારંવાર માર ખાય છે. ૩૮. તેઓ જમપુરીનું અને લખચોરાશીનું દુઃખ સહન કરે છે. તેઓ કદાચ બુદ્ધિમાન કહેવાતા હશે પણ તેમની બુદ્ધિ કાંઈ કામમાં આવી નહીં. માટે તે બુદ્ધિમાન નહીં, બુધ્ધુ કહેવાય. ૩૯. અલૈયા ખાચરને ભાન કરાવવા આવા અંગની વાત તેની આગળ શ્રીહરિ કાયમ કરતા હતા. શ્રીહરિ કહેતા કે, 'અલૈયા ખાચર અમને વશ કરવા ચાહે છે પણ પ્રથમ તેણે અમારે વશ થાવું જોઈએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ અલૈયા ખાચર આગળ નિર્માનીપણાંની વાત કહી' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર નવમું : તરંગ - ૪૧

શ્રીહરિએ અલૈયા ખાચર આગળ માન ખંડનની વાત કહી

દરબાર અલૈયા ખાચરે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, 'હે મહારાજ! માન બધું કામ બગાડી નાખે છે, તે માન જિતાતું નથી. ૧. મોક્ષ મેળવવાનું કામ તો અપાર છે, એવું બીજું કોઈ કામ નથી. અત્યારે આપ મળ્યા છો, એટલે આવું બધું સત્સંગ દ્વારા સમજાય છે. ૨. **મનુષ્યનું શરીર**

અમૂલ્ય છે. તે આપની કૃપા સિવાય મળતું નથી. આપ મળ્યા છો તેથી પહેલા થયેલી અનંત જન્મની ભૂલ હવે રહેશે નહીં. ૩. જીવને સુખી કરવા માટેની આપની સમજણ ઘણી વિશાળ છે. આપને જીવનો મોક્ષ કરવા સિવાય બીજી કોઈ વાતનો સ્વાર્થ નથી. ૪.

❋ માન રાખે તે ભગવાનને પામે નહી :

આપને જેના ઉપર અપાર હેત હોય છે, તેને તમે ધાર્યું કરવા દેતા નથી. કોઈક મનુષ્યને મોક્ષનો ખપ ન હોય તેને આપ જોરાવરી ખપ કરાવડાવો છો. ૫. અજ્ઞાનનાં અંધારામાં આખું જગત અવરાઈ ગયું છે. ગુરુ અને શિષ્ય બંને એક થઈ અજ્ઞાનને માર્ગે જ ચાલે છે. ત્યારે આપે પ્રકટ થઈને જ્ઞાન-સાચી સમજણ આપીને અનંત અજ્ઞાન દેખાડી દીધું છે. ૬. જગતમાં જેને જેને મનુષ્યનો જન્મ મળ્યો છે, તેમાં જે જે આપનું શરણ નથી લેતા, તે બધાનો જન્મ અલેખે-નિષ્ફળ ગયો છે. આપ મળ્યા ત્યારે આ બધું સમજાય છે. ૭. બધાં જ લોકો મનુષ્યનો જન્મ નિરર્થક ખોવે છે પણ તેને કયારેય તેની ખબર પડતી નથી. કેટલાક લોકો તો શાસ્ત્રોને વાંચે છે, સાંભળે છે છતાં તેમનું અજ્ઞાન ટળતું નથી. ૮. મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે ત્યારે સંતોના મુખથી વાતોને સાંભળે છે. જો તે સત્સંગનો અભ્યાસ રાખે, તો તેનાં અજ્ઞાનનો નાશ તરત જ થઈ જાય છે. ૯. અજ્ઞાન અને માનનાં જેટલાં મૂળ છે તે બધાનો સત્સંગ વિનાશ કરે છે. પણ હે પ્રભુ ! જો સત્સંગ કરતાં માન આવતું હોય તો તે ટાળવું ઘણું વિકટ બને છે. ૧૦.

❋ માનીના લક્ષણ :

માની માણસનાં માનને દેખીને જો કોઈ તેનું ખંડન કરે, તો તરત જ તે માની માણસ તેની સાથે વેર બાંધે છે. ભગવાન અને સંતોના સમાન જીવના હિતેચ્છુ બીજા કોઈ નથી પણ તેઓ જો જીવનાં માનનું ખંડન કરે તો દુનિયા કરતા પણ તેમનો વધારે અભાવ-અવગુણ માની માણસને આવે છે. પછી તો તે માની માણસનું માથું એવું ફરી જાય કે તે ભગવાનને ભગવાન ન માને અને સંતને સંત પણ માને નહીં. ૧૧-૧૨. સત્સંગ કરતાં કરતાં

પણ જો માથું ફરી જાતું હોય તો તે માથું ઠેકાણે કયારે આવે ? માથું ઠેકાણે આવ્યા વિના તો તેનો મોક્ષ થાય જ નહીં. ૧૩.

ત્યારે શ્રીહરિએ હસતાં હસતાં અલૈયા ખાચરને કહ્યું, કોઈ ક્ષય રોગને ચાહતું નથી પણ તે જ્યારે અણઈચ્છાએ આવે ત્યારે તેટલું દુઃખ થાય જ છે. ૧૪. જેને જેટલો રોગ થયો હોય તેની જ્યારે ખબર પડે એટલે તરત જ તે રોગને ટાળવા માટે પ્રયત્ન કરવો જોઈએ. ૧૫. પહેલાંના સમયમાં જેણે ઔષધ વગેરેથી તે રોગને મટાડ્યો હોય, તે કાળજી રાખીને જોવું જોઈએ, સમજવું જોઈએ અને તે પછી તે ઔષધ કરવું જોઈએ. ૧૬.

✵ દાસત્વ જ સત્સંગનું રહસ્ય છે :

પ્રથમ જે રીતે અતિશય પ્રેમભાવથી ગરજુ બનીને સત્સંગ કર્યો હોય તે કાયમ જાળવી રાખવું જોઈએ. જો તેટલી ભાવના અને ખપ રાખવામાં ન આવે તો તેને અંતે સત્સંગમાં વિઘ્ન થવાનું જ છે; એમ સમજવું. ૧૭. ખપ વિના સત્સંગ રહે નહીં, એવા તો અમે કેટલાય જોયા છે. જીવનભર સત્સંગ કર્યો હોય તોપણ કોઈ એક જ દિવસમાં તેને અનંત વિઘ્ન આવી શકે છે. ૧૮.

જેને જ્યાં સુધી વિઘ્ન દેખાતું નથી ત્યાં સુધી તેને બાળક બુદ્ધિ કહેવાય. જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપમાં જોડાઈ રહેવાતું નથી ત્યાં સુધી તે બધું વિઘ્ન જ છે એમ સમજવું. ૧૯. **જે ભક્તને ભગવાન કરતાં બીજું કોઈ અધિક ન મનાય તે ભક્ત નિર્વિઘ્ન થયો છે એમ માનવું. તેવા સંતો-હરિભક્તોને પોતાના આત્માનો મોક્ષ કરનારા સમજવા. ૨૦.**

संत हरिजन को दोष जेहि गावे, जम पकड जमपुर तेहि लावे;
पापी से कोटि देत तेहि दुःखा, जम होत अतिशेय तब भूखा...२१
गुन गावे जब संत हरिजन को, गुन ग्रहत तब जम हि ईनको;
पूजा करी तब जम सिख देवे, संत हरिजन पीछे सो सेवे...२२
संत हरिजन मोक्ष तेहि करही, दोषरूप पातक सब हरही;
सत्संग करनेको रहस्य हे सोई, हरिजन के रेहेना दासहि होई...२३

જે માણસ સંતોના અને હરિભક્તોના દોષને જ ગાયા કરતો હોય તેને જમ પકડીને જમપુરીમાં લઈ જાય છે અને તે જીવને પાપી જીવ કરતાં પણ કરોડગણું વધારે દુઃખ દે છે, અને તેને દેખીને જમ અતિશય ભૂખ્યા થઈ જાય છે. ૨૧. પણ જ્યારે જીવ સંતો અને હરિભક્તોના ગુણ ગાવા લાગે છે ત્યારે જમ તે જીવનો ગુણ લે છે. તેની પૂજા કરીને જમપુરીમાંથી રજા આપી દે છે અને તે પછી તે જીવ સંતો અને હરિભક્તોની સેવા કરે છે. ૨૨. અને તેનાથી રાજી થયેલા સંતો અને હરિભક્તો તેના દોષરૂપ બધાં પાપોને ટાળીને તેનો મોક્ષ કરે છે. **સત્સંગનું ખરું રહસ્ય તો એ છે કે હરિભક્તોના દાસ થઈને રહેવું.** ૨૩.

જે મનુષ્ય દાસ થઈને સત્સંગ કરે તેને ક્યારેય માન આવે નહીં. માન બધા જ પાપોમાં ભારે મોટું પાપ છે. માટે હરિભક્તોએ માનને બરાબર નિહાળીને જોવું. ૨૪. બધા જ કલંકોમાં મોટું અને ભારે કલંક માન છે. એવું જ્યારે મનાય ત્યારે તે નિર્વિઘ્નપણે સત્સંગ કરીને મોક્ષને પામે છે. ૨૫. નિર્મળમાં પણ અતિશય નિર્મળ બિલોરી કાચ છે, તેવું બીજું નિર્મળ કોઈ નથી. આ સત્સંગ એવો નિર્મળ છે. ૨૬. જેમ માણસ કાચમાં પોતાનું રૂપ જુએ ત્યારે જેવું રૂપ હોય તેવું કાચમાં દેખાય છે. ૨૭. પણ તેનાથી સંતોષ ન થાય તો દુર્બુદ્ધિ માણસ તે કાચમાં દોષ માને છે. તેવા મનુષ્યને મૂર્ખ જાણવો, કેમ જે પોતાના દોષને તે જોતો નથી ૨૮.

ભગવાન જ્યારે રામચંદ્રરૂપે પ્રકટ થયા ત્યારે તેમાં કોઈ પણ દોષ ન હતો. જેનું ભજન કરનારાના બધા જ દોષ નાશ પામે છે. એવા ભગવાન જેવા નિર્મળ કોઈને ન કહી શકાય. ૨૯. જેના બ્રહ્માંડ જેટલા પાપ હોય અને તે જો ભગવાનનું ભજન કરે તો તે બધા જ પાપ ભસ્મ થઈ જાય છે; તેમાં લેશમાત્ર પણ સંશય નથી. અને કદાચ તેમાં કોઈ સંશય કરે તો તે તેટલો જ નાસ્તિક ગણાય. ૩૦. જે ભગવાનમાં સંશય કરે તેને યવનોમાં પણ નીચ સમજવો. પોતાના પિતા દશરથે વગર વાંકે પુત્રરૂપ રામચંદ્રજીને વનવાસ આપ્યો. ૩૧. રાજા દશરથને પુત્ર કરતાં સ્ત્રીમાં વધારે હેત હતું. પુત્ર ઉપર લગાર પણ દયા કરી નહીં. ટિલાયત (પાટવી) કુંવરને વનવાસ દેવાય નહીં,

આવી રાજાઓની રીતને પણ દેખી નહીં. ૩૨. સ્ત્રીના પ્રેમમાં રાજા અંધ થઈ ગયા અને પુત્રનો સંબંધ તોડી નાખ્યો.

રાજાએ પૂર્વે કેટલાએ યુગ સુધી તપ કર્યું, વાયુ ભક્ષણ કરીને શરીર રાખ્યું. ૩૩. ત્યારે ભગવાન તેના પુત્ર થયા, પણ રાજા સ્ત્રીના પ્રેમમાં બધું ભૂલી ગયા. દયાળુ રામચંદ્રજી તો પિતાનું વચન માનીને તત્કાળ જ વનમાં જઈને વિચરવા લાગ્યા. ૩૪. તેમણે પિતાનો લેશ પણ દોષ ન જોયો. ભગવાન સિવાય બીજા કોઈથી આવું ન બને. જીવમાત્રનો સ્વભાવ વિચિત્ર હોય છે અને તે સહુને દેખાઈ આવે છે. ૩૫. લક્ષ્મણજી સદા નિર્દોષ હતા. છતાં સીતાજીએ દોષારોપણનું વચન ઉચ્ચાર્યું, તે પાપને લીધે તેને રાવણ ઉઠાવી ગયો. પછી સીતાજીને ઘણો જ સંતાપ થયો. ૩૬. સીતાજીનું દુઃખ દેખીને રામચંદ્રજી અત્યંત દુઃખી થયા. દુઃખ, દુઃખ અને દુઃખ, એવા અકલ્પ્ય દુઃખથી ભરેલું શતકોટી સંખ્યાનું રામાયણ રચાયું. અથવા રામાયણમાં શતકોટી દુઃખ લખાયા અથવા દુઃખથી ભરેલા અનેક રામાયણ લખાયા. ૩૭. રામચંદ્રરૂપ ભગવાને આખો સંસાર જીવને વૈરાગ્ય કરાવવા માટે દુઃખમય દેખાડી દીધો. છતાં જીવ તેમાં સુખ માને છે. ૩૮.

વિષયોનો ખાસ ગુણ એ છે કે તે દુઃખમાં પણ સુખ દેખાડે છે. એટલે જીવ જ્યાં સુધી જગતમાં સુખને દેખે છે ત્યાં સુધી તેનું દુઃખ મટતું નથી. ૩૯. સીતાજીને જ્યારે અપાર દુઃખ આવી પડ્યું અને ઠરવાનું જ્યારે કોઈ ઠેકાણું રહ્યું નહીં ત્યારે પણ તેમણે એકમાત્ર પોતાનો જ દોષ જોયો. ૪૦. **પછી સીતાજીએ વિઘ્નરૂપ એવા પોતાના દેહ અને દુનિયાનો વિયોગ કર્યો, ત્યાગ કરી દીધો અને દિવ્ય દેહ પામીને ભગવાનની સેવામાં રહ્યા. ૪૧. બીજાને આવેલું જે સુખ કે દુઃખ છે, તે તેના સિવાયના બીજાને સુખ કે દુઃખરૂપ થાતું નથી. પોતાનું સુખ-દુઃખ હોય છે તે જ પોતાને સુખી અને દુઃખી કરે છે. ૪૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ અલૈયા ખાચર આગળ માન ખંડનની વાત કહી' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર નવમું : તરંગ - ૪૨

'મનનો વિશ્વાસ ન કરવો' આવો ઉપદેશ અલૈયા ખાચરને કર્યો

દરબાર અલૈયા ખાચરે શ્રીહરિની આગળ બે હાથ જોડ્યા. શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યું અને હૃદયમાં હર્ષવિભોર થઈને તેઓ બોલ્યા. ૧. હે મહારાજ ! માનનું ફળ તો અપમાન છે તે મેં ઠેકઠેકાણે જોયું છે. તે દેવતાઓએ કે મનુષ્યોએ જેણે માન રાખ્યું તેનું જોરદાર અપમાન થયું છે. અથવા દેવોએ અને મનુષ્યોએ જેઓનું બહુ માન-સન્માન કર્યું. તેઓનું પછી જોરદાર અપમાન થયું છે. અને મોટેભાગે તે માન, સન્માન કરનારાઓએ જ કર્યું છે. ૨. જે દક્ષ પ્રજાપતિ હતા તેણે શંકર સાથે અતિશય માન રાખ્યું તો તેનું અપમાન થયું અને અપાર દુઃખી થયા. ૩.

બ્રહ્મા અને ઈંદ્રમાં જ્યારે અધર્મે પ્રવેશ કર્યો ત્યારે તેમાં માન આવ્યું અને પરિણામે તેમનું અપાર અપમાન થયું હતું; જે ગ્રંથોમાં લખાયેલું છે. ૪. કામ, માન અને લોભે કરીને જેનું વારે વારે ઘણું જ અપમાન થયું હતું એવા મોટા મોટાના ઉત્પાત શાસ્ત્રોમાં લખાયા છે. તુચ્છ વ્યક્તિની વાત કોણ લખે ? ૫. તે દોષોથી જે ડરતા રહે છે તેને કામ, માન અને લોભ નડતા નથી. તે સાંભળીને પ્રસન્નમુખ અને કમળની પાંખડી સમાન નેત્રવાળા શ્રીહરિ અલૈયા ભક્ત આગળ અમૃતના સમાન વચન બોલ્યા, ૬.

❋ મનનો વિશ્વાસ કરે તેનો સત્સંગ નાશ થાય :

'અમે રાત-દિવસ સત્સંગ કરતા કરતા પળેપળ બહુ પ્રકારે ડરતા રહીએ છીએ. અને પોતાના મનનો વિશ્વાસ કરતા નથી. વારંવાર તેની ઉપર ધ્યાન રાખીએ છીએ, કારણ કે, ૭. મનનો પળમાત્ર વિશ્વાસ કરવામાં આવે તો તે તેટલો સત્સંગનો વિનાશ કરે છે. શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાન ઈન્દ્રિયો પણ તેવી જ છે. ૮. તે મન અને ઇંદ્રિયો બંધન તોડીને પોતપોતાના વિષયમાં (ચારામાં) દોડીને જાય છે. ઇંદ્રિયો અને અંતઃકરણનો સહજ એવો સ્વભાવ છે કે તે પોતાના વિષય વિના એક પળ પણ રહે નહીં. ૯. ભગવાનની મૂર્તિમાં અપાર અમૃત રસ છે પણ તે તેમને ખારો લાગે છે.

અને પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધીનો જગતનો જે વિષય રસ છે તે તો સોમલના ઝેર કરતાં પણ ભારે ખતરનાક છે. તેને જ્યારે નિહાળીને જોઈએ ત્યારે તે દેખાય છે. તે જગતના રસ કરતાં ભગવાનનો રસ અત્યંત અમૃત રસરૂપ જાણે, ૧૦-૧૧. તેનું નામ સત્સંગ કહેવાય. તે સત્સંગ સ્વપ્નમાં પણ તેવાં રૂપમાં જ દેખાય. જાગ્રત અવસ્થામાં કરેલા સત્સંગનો જે દૃઢાવ રહે છે, તેવો જ તે દૃઢાવ જો સ્વપ્નમાં પણ રહે, તો જાણવું કે તે હરિભક્તનો સત્સંગ દૃઢ થયો છે. ૧૨-૧૩. **છતાં પણ બુદ્ધિમાન સત્સંગી ક્યારેય મનનો વિશ્વાસ કરે નહીં. ભગવાનના ભક્તનો દાસ થઈને રહે, જે દાસ થઈને રહે છે તે જ બળવાન છે. ૧૪.**

✵ દાસત્વની શ્રેષ્ઠતા :

सोरठा : दास कु नहीं कबु दुःख, बडेकु दुःख हि होत अति;
बडे में मान जो सुख, तितनो दुःख हि होत तेहि...१५
दुःख विन हे हरिधाम, ता विन दुःख हि दुःख सबे;
भक्त होत निष्काम, ताकु सो तेहि देख परत...१६

चोपाई :
हरिमूर्त्ति हरिधाम विन जेहा, अनंत सुख दुःख देखे तेहा;
एसे भक्त कहावत जेता, निष्काम भक्त हम कहत तेता...१७

દાસને ક્યારેય દુઃખ હોય નહીં, મોટાને અતિ દુઃખ જ આવે છે. જે મોટાઈમાં સુખ માને છે તેને તેટલું દુઃખ થાય જ છે. ૧૫. **દુઃખ વિનાનું તો એક ભગવાનનું અક્ષરધામ છે. તે સિવાયનું તો બધું દુઃખનું દુઃખ જ છે.** જે નિષ્કામભક્ત હોય છે તેને તે બધું દેખાય છે. અથવા તેને તે અક્ષરધામનું મહાસુખ અનુભવાય છે. ૧૬. ભગવાનની મૂર્તિ અને ભગવાનનું ધામ, એ બે સિવાયનું જે અનંત સુખ છે તેને જે ભક્ત દુઃખરૂપ દેખે છે, તે ભક્તને અમે નિષ્કામભક્ત કહીએ છીએ. ૧૭. કેટલાક લોકો આવી વાતો શીખીને નિષ્કામભક્ત બની જાય છે. જે ઓળખી શકાય નહીં પણ વર્તનમાં તે છાનું રહેતું નથી. માનખંડનમાં તે કળાઈ જાય છે. ૧૮.

જેને ભગવાનનો અપાર ખપ હોય તેનું માન ખંડન થાય તોપણ તે લગારેય ખસે નહીં. માનને જોતાં તો તે નજરે નથી ચડતું પણ માન વિના બધા રસ ફિક્કા લાગે છે. ૧૯. જેમ જે શાકમાં મીઠું ન નાખ્યું હોય, તેમાં ઘી ઘણું નાખે અને સાકર પણ શાકના જેટલી વધારે નાખે, પણ તે બધું થોડા એવા મીઠા જેટલું સ્વાદુ ન થાય. ૨૦. ચાહે તેટલા દૂધ અને સાકર પીવે પણ જો ખોરાકમાં મીઠું ન લે, તો મીઠા વિના શરીર પણ નિર્બળ થઈ જાય છે. ઈશ્વર ઈચ્છાથી મીઠું સમુદ્ર કિનારે થાય છે. પણ મનુષ્ય સિવાયના જંતુઓને તે ગમતું નથી. ૨૧. મનુષ્યમાં તો રાજાથી રંક પર્યંતના બધા જ લોકો મીઠા વિનાનું અન્ન કોઈ ખાતા નથી. બ્રહ્માના પચાસ વરસ વીતી ગયા છે અને અત્યારે એકાવનમું વરસ ચાલે છે. ૨૨. તેના પહેલા દિવસનો અઠ્યાવીશમો કળિયુગ અત્યારે ચાલી રહ્યો છે. શાલિવાહન શકના અઢારસો વરસ પૂરા થઈ રહ્યા છે.

ત્યારે ઈશ્વરની ઈચ્છાથી ઉત્તર દિશા તરફથી એક રાજા આવ્યો છે. તે નીતિ બહાર ચાલતો નથી. તે કયારેય પ્રજા પાસેથી લાંચ લેતો નથી. ૨૩-૨૪. તે પોતાના રાજ્યમાં ચોરોને રાખીને પ્રજાને લુંટાવતો નથી અને જે રાજાઓ પ્રજાને લુંટાવે છે તે બધાને તે કેદ કરી દે છે. ૨૫. એકબીજાનાં રાજ્યમાં જઈને કોઈ જો પ્રજાને લૂંટી ખાતો હોય તો તે રાજા તરત જ તેના અધર્મને દેખીને તેને કેદ કરે છે. ૨૬. પ્રજાના દુઃખને દેખીને પરમેશ્વરે તેમાં પ્રવેશ કર્યો અને સત્સંગની વૃદ્ધિ કરાવવા માટે પ્રજામાં અત્યંત સુખ કરવા લાગ્યા છે. ૨૭. દેશમાં જે બુદ્ધિમાન મનુષ્યો છે તેમાં માનો ઈશ્વરે પ્રવેશ કર્યો હોય તેમ તે લોકો બોલવા લાગ્યા છે કે આપણો આ સત્સંગ અને રાજા (અંગ્રેજ) એકસરખી રીતવાળા થયા છે. ૨૮.

ઉત્તર ખંડમાંથી જે રાજા અને તેના સાથીદારો બધા અહીંયાં આવ્યા છે તેઓ ઘણા બુદ્ધિશાળી છે. તેઓ આપણા સત્સંગની રીત (વર્તન)ને દેખીને ઘણા ખુશ થયા છે. ૨૯. આપણા સત્સંગ સિવાયનાં બીજાં જે મત છે તેમાં અધર્મ પ્રવેશ થઈ ગયો છે, એવું તેણે દેખ્યું છે. કેટલાક તો ચોર રાખીને ચોરી કરાવે છે અને ઠેકઠેકાણે પરસ્ત્રીઓને ભોગવે છે. ૩૦. તેઓ જાહેરમાં

ધન અને સ્ત્રીઓને રાખે છે અને દેશમાં તથા વિદેશોમાં સિદ્ધ થઈને ફરે છે. શરીર ઉપરના કપડાં કાઢી નાખીને રાખ ચોળે છે, પણ તેના મનમાં સ્ત્રી અને ધનનો પ્રેમ રહ્યો છે. ૩૧. જે જે પ્રકારના કેફ અને ફેલ કહેવાય છે તેમાં તો તેઓ ભરપૂર ડૂબ્યા રહે છે. તેઓ કોઈ પણ અધર્મથી બહાર નથી. તેમને નિયમ કે મર્યાદા (કોટ) લગારેય રહ્યા નથી. ૩૨. વેશ્યાઓના તાયફાને તો સાથે રાખે છે અને લોકો તેમને ઘેરીને નમસ્કાર કરે છે. રાતદિવસ સોગઠાથી અને ગંજીફાથી રમ્યા કરતા હોય છે અને મુખથી ઘણી ગાળો જ બોલ્યા કરતા હોય છે. ૩૩.

આવા હોવા છતાં લોકો તેને સંત માને છે. તે જ્યાં જાય ત્યાં તેમનો અનેક રીતે સત્કાર થાય છે. કેટલાક તો વર્ણી, પરમહંસ કે સંન્યાસી થઈને બટુ ભૈરવની ઉપાસના કરે છે. ૩૪. તે બધા ભવાની, અંબા કે બહુચરના મંત્રનો જાપ કરવા લાગ્યા. કેટલાક ભેખધારી અને સંસારી પણ મેલા મંત્રોનો જપ કરવાનું શીખે છે. ૩૫. આપણા સત્સંગ સિવાયના જેટલા મતપંથ છે તેમાં પાખંડ વિનાનો એક પણ મત રહ્યો નથી. અને પેટનું ગુજરાન કરવા માટે ઉપલક રીતે ભગવાનનું બહાનું રાખે છે. ૩૬. જીવનો મોક્ષ કરે એવા જ્ઞાનને તજી દઈને છળ અને કપટવાળા જ્ઞાનને શીખે છે. તે રાજા (અંગ્રેજ) એ દેખ્યું કે સત્સંગ સિવાયના જે છે તેમાં તો બધું અજ્ઞાન જ ભર્યું છે. ૩૭.

જો પોતે નીતિમાં ચાલતા હોય તો તેને અનીતિની ખબર પડે. તેણે અનીતિને કેદ કરવા માટે કોઈ ગૂઢ ઉપાય રચ્યો. ૩૮. તેણે (અંગ્રેજે) જે જે ઉપાય કર્યા તેમાં પરમેશ્વર તેને મદદગાર થયા. તેનો કોઈ પણ વિરોધ કરી શકયા નહીં. જેઓ વિરોધ કરવા ગયા તેમને તત્કાળ જ દુઃખ સહન કરવું પડ્યું. ૩૯. જો શાસક પ્રજાનું હિત કરવા ચાહતો હોય તો ઈશ્વર તેની રક્ષા કરે છે. અને જો પ્રજાનું કુહિત કરવા ચાહતો હોય તો તેનો પરાભવ અવશ્ય થતો હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ અલૈયા ભક્તને મનનો વિશ્વાસ કરવો નહીં આવો ઉપદેશ કર્યો' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર નવમું : તરંગ - ૪૩

અલૈયા ખાચર આગળ યોગ્યાયોગ્યના વિવેકવાળી વાત શ્રીહરિએ કહી

દરબાર અલૈયા ખાચરે શ્રીહરિ આગળ માથું નમાવીને હાથ જોડ્યા. પછી બોલ્યા, હે હરે ! આપ જે વાત કરો છો તેને સાંભળીને મને મનમાં ઘણો આઘાત લાગે છે. ૧. શ્રીહરિની સાથે જેટલા સંતો અને પાર્ષદો હતા તે સહુને શ્રીહરિએ ઘણા જ પ્રેમભાવથી હરીસો અને બિરંજ જમાડ્યા. ૨. પછી આવીને પલંગ ઉપર બે ઘડી પોઢી ગયા. વીરણવાળાનો પંખો લઈને સેવક પવન નાખતા હતા. ૩. શ્રીહરિની સાથે રહેનારા જે પાર્ષદો હતા તે વારાફરતી પંખાથી પવન નાખવાની સેવાને હરખભેર કરતા હતા. ૪. જે સમયે જે જે સેવાની જરૂર જણાય તેને તે બધા સેવકો તરત જાણી લેતા. શ્રીહરિની સન્મુખ જે સેવક દેખાય તે તરત જ સેવામાં જોડાઈ જતા. ૫.

શ્રીહરિની મરજી જાણીને તે પ્રમાણે તેટલી જ સેવા કરતા. કોઈ અધિક કે ન્યૂન સેવા ન કરતા. હરિભક્તોને કોઈ સેવા બતાવતા નહીં. મરજી અને સમયને દેખીને તેટલી સેવા કરાવતા. ૬. જે સેવકને દિન પ્રતિદિન સેવા કરવાની શ્રદ્ધા વધારે રહેતી તેના ઉપર શ્રીહરિનો રાજીપો રહેતો હતો. કોઈ સેવકને સાજા માંદા (ગરમ નરમ) થયેલા દેખે એટલે શ્રીહરિ તરત જ તેને સેવામાંથી આરામ આપતા. ૭. કોઈની સેવામાં શ્રદ્ધાભાવ ન દેખાય, તો તરત જ તેને બદલી નાખતા. 'શરીર ઉપર ઘરેણું પહેરવાનું પ્રયોજન શોભા હોય છે. પણ જે ઘરેણું શરીરમાં દુઃખ પેદા કરે એવું હોય, તો પછી તેને તરત જ દૂર કરવું પડે.' આવી વાત શ્રીહરિ ઘણીવાર કરતા. વળી તેવો સમય દેખે તો વારે વારે પણ તે વાતને કહેતા. ૮-૯. જેવો સમય હોય, તેને જોઈને શ્રીહરિ વાત કહેતા, તેથી તે વાત ઘણી શોભતી. સમય સિવાયની અમૃત જેવી કરેલી વાત પણ દુઃખદ બને છે. ૧૦.

જે બુદ્ધિમાન હોય તે આવા વિવેકને સમજે છે. પશુ જેવાને માટે તો ગોળ અને ખોળ, બધું એકસરખું જ લાગે છે. આંધળાને ગમે તેટલા રૂપ

દેખાડો, તે બધાને એકસમાન જ કહેશે. ૧૧. જો સમયને વિચાર્યા વિના જમીનમાં અન્ન વાવે તો જેટલું વાવે તે બધું ખોવે છે. અનાજ ભૂમિ સિવાય બીજે કયાંય થાતું નથી, છતાં અવસર વિના વાવ્યું હોય તો વાવેલા બીજ પણ નાશ પામે છે. ૧૨. સ્થાવર કે જંગમ જેટલા કાર્ય હોય છે તે બધાં તેના સમય સિવાય થાતા નથી. દરેકનું પોતપોતાના સમયે ફળ ઉદય થાય છે. ૧૩. સ્થાવર અને જંગમ, બધી જ સૃષ્ટિનું જીવન મેઘ છે પણ, તે મેઘ બારેમાસ વરસ્યા કરે, તો બધા જગતનો અત્યંત પ્રલય થઈ જાય. ૧૪. સ્થાવર, જંગમ બધી સૃષ્ટિની અભિવૃદ્ધિને માટે શિયાળો, ઉનાળો અને ચોમાસુ, એમ ચાર ચાર માસનો વિભાગ કરી રાખ્યો છે. ૧૫.

આ પ્રમાણેની જુદી જુદી ત્રણ ઋતુ હોય તો સહુને સુખ થાય છે, આવી રીત જોઈને અમે (શ્રીહરિ) સમયને દેખીને વાત કરીએ છીએ. ૧૬. જ્યારે આદરભાવથી વિવાહનો પ્રસંગ શરૂ કરે, લગન આવે તેને વધાવે, ઢોલ વગાડીને લૂણ વાટે, ત્યારે તે સમય કેટલો સલૂણો લાગે ? ૧૭. પણ તે વખતે જો ગોપીચંદનનું તિલક કરે, તો તે સમય કેવો શોભી ઉઠે ? જ્યારે મંગળ કાર્યમાં ગણપતિ સ્થાપન કરવાના હોય ત્યારે રોવા-કૂટવાનું કરે તો કેવું શોભે ? ૧૮. મરણ પ્રસંગે ગણપતિને સ્થાપે, મંગળ ગીતોને ગાય, ઢોલ વગાડે, શબને કપાળે કુંકુમનો ચાંદલો કરે, તો તે સમયે તે બધું કેવું રૂપાળું લાગે ? ૧૯. લોક વ્યવહારમાં લૌકિક રીત જો રખાય તો તે વિપરીત (ખરાબ) લાગે નહીં, લોક રીતને ઉલ્લંઘીને જે વર્તવામાં આવે તે બધી વાત વિપરીત લાગે છે, ખરાબ લાગે છે. ૨૦. **વિવેકથી જે વાત થાય તે સત્સંગ કહેવાય અને વિવેક વિનાની વાતને કુસંગ કહેવાય. સમય પારખ્યા વિનાની કહેલી વાત અમૃત જેવી હોય તોપણ ઝેર જેવી લાગે છે. ૨૧.**

✵ જ્યારે મૃત્યુ દેખાય ત્યારે ચરિત્રોમાં રસ જાગે :

જ્યારે પરીક્ષિત રાજાને મૃત્યુ નજીક આવ્યું ત્યારે તેણે શ્રીકૃષ્ણની પૂર્ણ કૃપા માની. જ્યારે તેને ખરો વૈરાગ્ય ઉપજ્યો ત્યારે તેને બધા જ વિષયરસ ઝેર જેવા થઈ ગયા. ૨૨. શ્રીકૃષ્ણ ભગવાનનાં આશ્રય સિવાય બીજું કોઈ નિર્ભય સ્થાન તેને દેખાયું નહીં. તેણે મોક્ષ થવાનો સમય વિચારીને મોટા

મોટા ઋષિઓને ત્યાં બોલાવ્યા. ૨૩. જે ઋષિઓને બોલાવ્યા તે બધા આવ્યા. તે બધાની ભાવથી પરીક્ષિતે પૂજા કરી. સહુના પછી શુકદેવજી આવ્યા. રાજા ઊઠીને તેની સન્મુખ ગયા. ૨૪. શ્રીકૃષ્ણનાં ચરિત્રોથી ભરેલાં પાત્રરૂપ જાણીને અને સહુથી અધિક મહાન શુકદેવજીને માનીને રાજાએ તેમને ઘણા જ ભાવથી પૂજ્યા. ૨૫.

જે ભાગવતપુરાણ હતું તે શુકદેવજીને કંઠસ્થ હતું. પછી તે પરમ ઉદાર મુનિવરને સિંહાસન ઉપર બેસાડ્યા. ૨૬. એક શ્રીકૃષ્ણનાં શરણ વિનાના દુનિયાનાં પાતાળથી સ્વર્ગ પર્યંતના બધાં જ ભોગ-સુખોને અનંત દુઃખોથી ભર્યાં કહી દેખાડ્યાં. ૨૭. મનનાં બધા જ ઘાટ-સંકલ્પ શ્રીકૃષ્ણ સંબંધી જ થવા લાગ્યા. પછી તેઓ શ્રીકૃષ્ણ ભગવાને જે જે ચરિત્ર કર્યાં તેને પ્રેમથી પૂછવા લાગ્યા. ૨૮.

❋ પરીક્ષિત જેવી આતુરતા જાગે ત્યારે બધા ચરિત્ર અમૃત જેવા લાગે :

સાત દિવસ અને સાત રાત સુધી અનેક રીતનાં કૃષ્ણચરિત્ર સાંભળ્યાં. પછી જ્યારે તેનો મરણ સમય થયો ત્યારે તેનાં મનમાં કોઈ પણ જાતનો ભય જણાયો નહીં. ૨૯. **શ્રીકૃષ્ણચરિત્રરૂપી સાગરમાં રાજા પરીક્ષિત લીન થઈ ગયા. દિવ્ય ચરિત્રોનાં શ્રવણ ચિંતનથી તેને દિવ્યદેહ પ્રાપ્ત થયો અને શ્રીકૃષ્ણનાં પાર્ષદ બની ગયા એટલે કે ભગવદ્‌ધામના મુક્ત બની ગયા.** ૩૦. પરીક્ષિતને જેવી આતુરતા-તમન્ના હતી, તેવી આતુરતા જ્યારે મુમુક્ષુ ભક્તને થાય ત્યારે તેને બધાં હરિચરિત્ર અમૃતસમાન લાગે. ૩૧. તરશ વિના પાણીના ઉપર જેવો ભાવ રહે તેવો આતુરતા વિના સહજ ભાવ રહે છે. સંતો જીવને જેવી તમન્ના હોય તેવી વાત પહેલા તેની આગળ કહે છે. ૩૨. જેમ જેમ સાંભળનારાનો જેટલો ભાવ દેખાય તેમ તેમ તેની આગળ તેટલી વાત કરે છે. જેને જેવો ભાવ હોય તે પ્રેમથી પૂછી લેવો જોઈએ. ૩૩.

ભાવ જુદી જાતનો હોય અને વાત તેથી જુદી જાતની હોય તો અમૃતમય વાતને કઠેકાણે કહી ગણાય અર્થાત્ વક્તાએ પોતાના સ્વાર્થને ખાતર તે કઠેકાણે-અવ્યવસ્થિત અથવા કસમયે વાત કરી કહેવાય. ૩૪. જેને અત્યારે સત્સંગ થયો છે તે બધા સ્વાર્થને અને પરમાર્થને સમજતા હોય છે. લોકો

મોક્ષને માટે જ સત્સંગ કરે છે અને તેમના સત્સંગનો રંગ દિન-પ્રતિદિન ચઢતો જ હોય છે. ૩૫. જેને કપડું રંગતા ન આવડતું હોય તે જો કપડાંને રંગે તો રંગનો અને કપડાંનો બંનેનો નાશ કરે છે. શુદ્ધ સોનું હોય તે જો અબૂઝ સોનીના હાથમાં જાય તો તેને ઘડવાની કિંમત તો મળે નહીં, પણ મૂળ સોનાને તે ગુમાવી દે છે. તેમાં ઓપ તો બરાબર આવે નહીં અને બધું ધૂળમાં મળી જાય છે. ૩૬-૩૭. હીરાને પારખવાની શક્તિ નહીં અને સર્વોપરી ઝવેરી બની બેસે તેને મૂળગી કિમંત તો મળે નહીં અને છેવટે પોતાનું ઘર પણ ખોવાનો સમય આવે છે. ૩૮.

શ્રીહરિએ અલૈયા ખાચર આગળ આવી રીતની વાત કહેતા. અલૈયા ખાચરનું હેત ઘણું દેખાતું, પણ તેઓ આવી વાતનું મનન નહીં કરતા હોવાથી કાંઈ પ્રયોજન સરતું નહીં. ૩૯. શ્રીહરિ જગતમાં જે જે દૃષ્ટાંત અને સિદ્ધાંત પ્રસિદ્ધ હોય તેને સમયને અનુસારે વાતમાં લાવીને વાત સમજાવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ યોગ્યાયોગ્યના વિવેક પૂર્વક અલૈયા ખાચરને વાત કહી' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર નવમું : તરંગ - ૪૪

અલૈયા ખાચરના પરિવારે શ્રીહરિની પૂજા કરી

દરબાર અલૈયા ખાચરે અતિ ભાવ લાવીને શ્રીહરિની બહુ સેવા કરી. તેઓ બુદ્ધિથી પ્રવીણ હોવાથી શ્રીહરિની મરજીને બધી રીતે ઓળખતા હતા. ૧.

✵ નિષ્કામીપણું તથા સત્સંગની મહત્તા :

શ્રીહરિને નિષ્કામ વ્રત ઉપર બહુ હેત હતું એટલે નિષ્કામ વ્રત સર્વોપરિ વ્રત છે એમ વારંવાર કહેતા હતા. ૨.'જેને નિષ્કામ વ્રત ન હોય એવા નરનારી તો પશુના સમાન લાગે છે.' એવી વાતો શ્રીહરિ બહુ કરતા હતા. ૩.

सोरठा : निष्काम हरिजन पास, हम रहत हें निवास कर;
ओर से रहत उदास, जेंमावे पूजा करे भाव तोहु...०४

चोपाई :

ब्रह्मा भव जेसे देव आई, ब्रह्मांड की समृद्धि देवे लाई;
निष्कामवृत सम लगत न तेहा, हरि कु रिझावन तान हि एहा...०५

શ્રીહરિ કહેતા કે અમે નિષ્કામી હરિભક્તની પાસે નિવાસ કરીને રહીએ છીએ. બીજા લોકો ભલે અમને સારી રીતે જમાડે કે ભાવથી પૂજે તોપણ જો તે નિષ્કામી ન હોય તો અમે તેનાથી ઉદાસ રહીએ છીએ. ૪.

ભવ અને બ્રહ્મા જેવા દેવો આવીને અમને બ્રહ્માંડની સમૃદ્ધિ લાવી આપે તોપણ તે નિષ્કામ વ્રતના જેવી લાગતી નથી. ભગવાનને રાજી કરવાનું તાન જ નિષ્કામપણું છે. ૫. ભગવાન સિવાયના બીજા અનેક ફળો હોવા છતાં તેને ભગવાનમાં પ્રીતિ હોવાને કારણે તુચ્છ કરાવી નાખે અને ભગવાન વિના બીજે સુખ ન મનાવે. આવી સમજણ બળવાન અને સર્વશ્રેષ્ઠ છે. ૬.

एकिले अरण्य में बेठे सो जाई, अनंत समृद्धिवंत मानत ताई;
हरि की समृद्धि विन समृद्धि जेती, भिखारी की भीख सम तेती...०७
एसी रीत के निष्कामी कहावे, ताकी तुलना कोउ न आवे;
हरि के दास में रहेना जोउ, एहि सम अरण्य वन नहि कोउ...०८

ભગવાનનો આશ્રિત એકલો વનમાં જઈને બેસે, તોપણ તે પોતાને અપાર સમૃદ્ધિવાળો માને છે. ભગવાનરૂપી સમૃદ્ધિ સિવાયની જે બીજી સમૃદ્ધિ છે તે તો ભિખારીની ભીખ સમાન છે. ૭. આવી સમજણવાળો ભક્ત નિષ્કામી કહેવાય છે, તેની તુલનાએ બીજા કોઈ આવે નહીં. ભગવાનનાં ભક્તોનાં ભીડામાં જે રહેવું તેના સમાન બીજો કોઈ અરણ્યવાસ-વનવાસ નથી. ૮.

❋ સત્સંગનો મહિમા :

સત્સંગથી જેવી વિશુદ્ધ બુદ્ધિ થાય છે તેવી તો અષ્ટાંગયોગને સાધવાથી પણ થતી નથી. બીજા અનંત અને અપાર સાધન કરવામાં આવે તેનું ફળ આ સત્સંગ છે. ૯. સત્સંગને તજીને જે બીજામાં મોહ પામે છે તેઓ બીજા

સાધનો કરીને કરોડો જન્મને ખુએ છે. જે સત્સંગમાં દંભ કરીને ચાલે છે તે સત્સંગમાં ક્યારેય પાર ઊતરતા નથી. ૧૦. જે અતિશય દંભી હોય છે તે અતિ વિમુખ હોવા છતાં સત્સંગની દેશી કાઢે-નકલ કરે છે, સત્સંગની વાતો શીખીને તે વિમુખ લોકોને ધૂતતો ફરે છે. ૧૧. જે સત્સંગને તજી દે છે તે પાછળથી સત્સંગનો જ દ્રોહ કરવામાં પાવરધો રહે છે. તે સત્સંગનો દ્રોહી કૃતઘ્નીઓમાં પણ અત્યંત કૃતઘ્ની અને ચંડાળમાં પણ અત્યંત ચંડાળ છે. ૧૨. તેને શ્વપચમાં પણ અતિ શ્વપચ અને નીચમાં પણ અતિશય નીચ જાણવો. તેને વારંવાર લોઢા જેવા કઠોર જન્મની પ્રાપ્તિ થશે. ૧૩.

સત્સંગને જાણ્યા પછી પણ પોતાનું માન વધારવા માટે જે સત્સંગનો દ્રોહ કરે છે તેનું માન અવશ્ય તૂટે જ છે. ૧૪. પ્રથમ યુગમાં પહેલા પ્રહ્લાદજીએ સત્સંગ કર્યો અને તેને બરાબર સત્સંગનો રંગ દૃઢતાથી જીવમાં લાગી ગયો. ૧૫. **સત્સંગની આગળ તેણે પોતાના શરીરની પણ પરવા રાખી નહીં. અનંતવાર આ શરીર ભલે પડી જાય. . ! એમ સમજીને તેણે સત્સંગને જ અધિક રાખ્યો. ૧૬.** તેના પિતા હિરણ્યકશિપુ ત્રિલોકીના રાજા હતા. અપાર સુખ, સંપત્તિનો બધો સાજ હતો. છતાં જ્યારે તેણે સત્સંગનું સુખ જોયું ત્યારે રાજ્યનું બધું સુખ ફિક્કું લાગ્યું. ૧૭. સત્સંગ સિવાયનું જેટલું સુખ હતું તેને પ્રહ્લાદે મળનાં પણ મળ જેવું માન્યું. પોતાના પિતાનું બધું સુખ-સંપત્તિ, તેણે કાકવિષ્ઠા જેવું કહ્યું અને તેની દૃષ્ટિમાં સત્સંગની તુલનામાં બીજું કોઈ સુખ ન આવ્યું. ૧૮.

પ્રહ્લાદના પિતાએ જ્યારે તેની વાણી સાંભળી ત્યારે તે દુઃખદાયી હિરણ્યકશિપુ અત્યંત કોપાયમાન થયો અને સિંહ જેમ ખીજાઈને ક્રોધથી ગર્જી ઉઠે તેમ તે સત્સંગના દોષ કહેવા લાગ્યો. ૧૯. જેટલો દ્રોહ થઈ શકે તેટલો તેણે કર્યો. દ્રોહ કરવામાં કાંઈ બાકી રાખ્યું નહીં. જેમ પતંગિયું આગમાં હોંશથી સળગી જાય છે તેમ તે હિરણ્યકશિપુનો વિનાશ પોતાના પાપે કરીને જ થયો. ૨૦. પ્રહ્લાદે સત્સંગ રાખ્યો હતો તેને લીધે આજે પણ બધા લોકો મુખથી તેનો યશ ગાય છે. વળી, રાવણે સીતાનો દ્રોહ કર્યો તો તે મલિનનો પણ નાશ તરત જ થયો. ૨૧. જ્યારે કંસે વસુદેવ અને દેવકીનો અતિશય દ્રોહ કર્યો ત્યારે શ્રીકૃષ્ણએ તેનું માથું પકડીને તેને મારી નાખ્યો હતો. અને

પોતાના ભક્તોનો ઉદ્ધાર કર્યો હતો. ૨૨. જ્યારે કૌરવોએ દ્રૌપદીનો દ્રોહ કર્યો ત્યારે તે બધા જ પાપીઓનો વિનાશ થઈ ગયો હતો. આવું એક જ રીતનું શ્રીહરિ, સત્સંગ-સંતો અને હરિભક્તો એ સહુ મળીને કહે છે. ૨૩. જ્યાં જેનો જેવો પ્રસંગ હોય ત્યાં તેને તેવા પ્રસંગે કરીને તેવો જાણવો.

શ્રીહરિ જ્યારે અલૈયા ખાચર આગળ આટલી વાત કહી રહ્યા ત્યારે તેના ભાઈ જેઠસૂર ખાચર આવ્યા. ૨૪. તેઓ શ્રીહરિની પૂજા કરવા આવ્યા હતા. કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લાવ્યા હતા. તે સમયે તેમણે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, ૨૫. હે મહારાજ ! આપના સત્સંગની જેટલી રીત છે તેનો ગણતા પાર આવે તેમ નથી. તે બધી રીત સત્સંગરૂપી વૃક્ષના ડાળ, પાંદડાં, ફળ, ફૂલ વગેરે જેવી છે અને આપની મૂર્તિ તેને ધારી રહી છે અર્થાત્ તે બધી રીતો આપની મૂર્તિરૂપી વૃક્ષની ડાળી, પાંદડાં, ફૂલ અને ફળ જેવી છે. ૨૬. હે પ્રભુ ! પૂજા કરવાની બધી રીત જે પ્રમાણે હોય તે આપ જ બતાવો. પછી હું પ્રેમથી પૂજા કરું. હું કાંઈ વિધિને જાણતો નથી તો પૂજા કઈ રીતે કરું ? ૨૭. ક્યાંય મેલિકારમાં (ધાડ પાડવા) જાવું હોય તો અમે તેમાં હોંશિયાર છીએ. પણ આપને સહુથી મોટા જાણીને અહીં પૂજા કરવામાં અમે ડરીએ છીએ. ૨૮.

આપ જ અમારા માતાપિતા છો અને અમે આપના બાળક જેવા છીએ. અમે સદા અજ્ઞાની જીવ છીએ. પણ અત્યારે આપની કૃપાથી અમને આપનો સુયોગ થયો છે. ૨૯. અમે મોક્ષની બાબતમાં કાંઈ જાણતા નથી. અમારું કયું એવું પુણ્ય હશે કે તેના પ્રતાપથી આપ અમને મળી ગયા. અહો..! આપે અમારી સાથે કેવું હેત રાખ્યું છે ? આવું તો અમે કોઈ દિવસ સાંભળ્યું નથી. ૩૦. શ્રીહરિ તેની અમૃતસમાન વાત સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા. કાંઈ બાકી રહ્યું નહીં. જેઠસૂર ખાચરના હાથમાં જે ચંદનનો કટોરો હતો તે પોતાના હાથમાં લઈ લીધો. ૩૧. ભક્તનો ઘણો ભાવ જાણીને પોતાને હાથે જ પોતાના બધા અંગ ઉપર ચંદન ચરચ્યું. કંઠમાં ફૂલના હાર પહેર્યા અને મસ્તક ઉપર મતવાલો ખૂંપ ધારણ કર્યો. ૩૨. ફૂલના બાજુ અને પહોંચી બંને હાથમાં ધાર્યા. પછી તેણે કપૂરની આરતી ઉતારીને મુખથી જયજયકાર ઉચ્ચાર્યો. ૩૩.

પછી તેમના પિતા, માતા, ભાઈ, પત્ની, પુત્ર અને પુત્રી વગેરે ઘણો મોટો પરિવાર હતો, તે સહુએ જેને જેવો ભાવ હતો તેમ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૩૪. શ્રીહરિને પોતાના ઘરના ભગવાન માનીને સહુએ અત્યંત હેતથી પૂજા કરી. આ વખતે જેટલા કાઠી હરિભક્તો હતા તેમણે બધાએ શ્રીહરિની મૂર્તિનું સુખ લીધું હતું. ૩૫. **શ્રીહરિની મૂર્તિમાં જેટલો રસ (આનંદ) કહેવાતો તે બધો આ વખતે કાઠી દરબારોએ લીધો હતો. પૂર્વે અનંત ભક્તો થઈ ગયા છે પણ તેમને કોઈને આવું સુખ મળ્યું ન હતું. ૩૬.** બધા કાઠી દરબારોનાં ધન્ય ભાગ્ય છે. આવું સદ્‌ભાગ્ય તો કોઈનું નહીં હોય. કારણ કે શ્રીહરિએ પોતાનું ઘર છોડી દઈને કાઠીઓનાં ઘરને પોતાનું ઘર માન્યું. ૩૭. કાઠીઓનાં બધાં સુખ દુઃખમાં શ્રીહરિ સહાય કરતા. જો અન્ય કોઈ આવીને પૂછે તો શ્રીહરિ તે કાઠી ભક્તનું દુઃખ પોતાને માથે લઈ લેતા. ૩૮.

પોતાના ભક્તનો પ્રેમ જોઈને અને પોતાની ભક્તવત્સલતા વિચારીને શ્રીહરિ કોઈ કાઠી ભક્તનું દુઃખ દેખીને તે જે રીતે સુખી થાય તેવું તેને બતાવતા. ૩૯. કોઈએ કરોડ અપરાધ કર્યા હોય એવો શત્રુ હોય પણ જ્યારે તે પોતાને શરણે આવે ત્યારે અગાધ દયાના સાગર શ્રીહરિ તેના અપરાધોને માફ કરી દેતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'અલૈયા ખાચરના બધા પરિવારે શ્રીહરિની પૂજા કરી.' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર નવમું : તરંગ - ૪૫

સરવઈ ગામની બજારમાં શ્રીહરિ પગપાળા આવ્યા

શ્રીહરિની જ્યાં સુધી ઈચ્છા હતી ત્યાં સુધી ઝીંઝાવદરમાં રહ્યા અને અલૈયા ખાચરને અત્યંત સુખ આપ્યું. પછી પ્રભુ તરત ચાલતા થયા. ૧. ઝીંઝાવદરથી ઉત્તર દિશામાં નજીક જ **સરવઈ** ગામ છે ત્યાં આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા ઉત્સાહથી સન્મુખ આવ્યા. ૨. શ્રીહરિ આવ્યા

ત્યારે સાંજનો સમય હતો. હરિભક્તો વાજિંત્ર લાવ્યા હતા. સાથે લાવેલા ફૂલોના હાર શ્રીહરિને પહેરાવ્યા અને સહુ પગે લાગ્યા. ૩. દરબાર જીવણા ધાધલ થાળ ભરીને સાકર લાવ્યા હતા. તેના ઉપર રૂમાલ ઢાંકયો હતો. તે સમયે શ્રીહરિ આગળ તે થાળ ધરાવ્યો. ૪. હરિભક્તોનો અપાર ભાવ જોઈને શ્રીહરિએ તે સાકર હાથમાં લીધી અને પ્રેમથી બે ત્રણ કણી ખાધી અને પોશ ભરી ભરીને સહુને વહેંચાવી. ૫.

આમ સાકર વહેંચવાનો ભારે ઉત્સવ કરીને શ્રીહરિ તે વેળાએ ગામમાં ચાલ્યા. બે મશાલ પ્રકટાવીને તૈયાર કરી હતી. લોકો “જય જય” “જય જય” બોલીને હર્ષધ્વનિ કરતા હતા. ૬. ઢોલ, રણશીંગા અને તુરાઈ વગેરે વાજિંત્રોના શબ્દથી આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું. હરિભક્તો જે ગુલાલ લાવ્યા હતા તેને હરખથી ઉડાડતા હતા. ૭. ગામ તો ઘણું નાનું હતું પણ શ્રીહરિ પધારે છે એમ જાણીને અતિ શોભા કરી હતી. ગામના દરવાજાઓને ચિત્ર વિચિત્ર કર્યા હતા. અને શ્રીફળનાં તોરણ બાંધીને તેને શણગાર્યાં હતાં. ૮. ગામનો જે રાજમાર્ગ હતો તેને સ્વચ્છ કરાવીને શણગાર્યો હતો. ફળવાળા કેળના ઝાડને બજારને બંને કિનારે રોપાવી દીધાં હતાં. ૯. ઊભી બજારે દીપમાળા કરી હતી. તેમાં ઊભા રહીને હજારો લોકો દર્શન કરતા હતા. યોગ્ય સમય જોઈને વિચક્ષણ અને બુદ્ધિમાન સહુ લોકોએ શ્રીહરિ માટે હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધા હતા. ૧૦.

રસ્તામાં જે દુકાનો હતી અને જે મકાનો હતાં તેમાં મોતીનાં તોરણ બાંધ્યા હતાં. અને જેટલો ભાવ હતો તે શણગારમાં દેખાતો હતો. ૧૧. શ્રીહરિ તે બધી સજાવટ દેખીને મુખ આડો રૂમાલ રાખીને મરક મરક હસતા હતા. શ્રીહરિના જમણા હાથમાં રૂમાલ હતો અને લલાટમાં કેસરી તિલક કર્યું હતું. ૧૨. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. કુંકુમથી ચરણો પૂજેલા હતા. પીતાંબર વસ્ત્ર પહેર્યાં હતાં અને મૂર્તિ છટાદાર લાગતી હતી. ૧૩. જ્યારે શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા ત્યારે ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને તેનાથી વધાવતી હતી. ૧૪.

❋ શ્રીહરિની મૂર્તિની અલૌકિકતા :

જે લોકો શ્રીહરિની મૂર્તિને નજરે નિહાળતા તેઓના જીવમાં ધીરજ રહેતી નહીં અને મૂર્તિના અતિ આકર્ષણને લીધે ભાન ભૂલાતા તેનો દેહ પાછળ દોડવા મંડતો, સ્થિર રહેતો નહીં. ૧૫. શ્રીહરિએ કોઈ અશ્વની સવારી સાથે રાખી ન હતી. શરીર ઉપર કાંઈ શણગાર સજ્યા ન હતા. પણ દર્શન કરનારાને તો માનો 'અપાર શોભા ધારી છે,' એમ જણાતું હતું. ૧૬. **અનંત બ્રહ્માંડોમાં જેટલી શોભા દેખાય છે કે સાંભળવામાં આવે છે, તે બધી જ શોભા શ્રીહરિની મૂર્તિમાંથી ઊપજી છે. એમ શ્રીહરિમાં અનંત શોભા રહી છે. ૧૭.** અનંત બ્રહ્માંડોમાં જ્યાં ત્યાં બધી જ જગ્યાએ જે શોભા ભરી છે તે શ્રીહરિની મૂર્તિને કારણે જ છે. જેને તેવી દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે તેને જણાય છે કે, શ્રીહરિની મૂર્તિ જ બધી શોભાને શોભાડે છે. ૧૮. મૂર્તિમાં એવો પ્રતાપ રહ્યો છે કે, તે કહેવા છતાં પણ સમજાય નહીં. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, હે નૃપ ! મેં જેટલો પ્રતાપ દેખ્યો છે તે તમને કહું છું. ૧૯.

❋ હેત હોય તો સહેજે વાત થાય :

જેવું પાત્ર (શ્રોતા) હોય ત્યાં તેવી વાત ચિંતવ્યા વગર સહજ રીતે આવતી રહે છે. યોગ્ય પાત્ર વિના અંતરમાં(મનમાં) વાત જોઈએ-વિચારીએ તોપણ ક્યારેય યાદ આવે નહીં. ૨૦. **જેનાં ઉપર ઘણું હેત હોય છે તેને વ્યક્તિ પોતાનો આત્મા (રહસ્ય) તત્કાળ જ આપી દે છે. હેત ન હોય તો તેમાં કયારેય મઝા આવતી નથી. કારણ કે, હેત વિનાની વાત નમાલી હોય છે. ૨૧.** ગાયના આંચળમાં રુધિર હોય છે. તેમાંથી એક ટીપું પણ દૂધ આવતું નથી. છતાં જ્યારે વાછરડાંનો જન્મ થાય છે ત્યારે તરત જ તે આંચળમાં દૂધ આવવા લાગે છે. ૨૨. ગાયને વાછરડાં ઉપર ઘણું હેત હોવાથી પ્રેમને લઈને ગાયના આંચળમાં માનો પાણીનું દૂધ થઈ જાય છે. જે ગાયને વાછરું ઉપર અતિશય હેત હોય તો તેના આંચળમાંથી વગર દોહે દૂધ ટપકવા લાગે છે. ૨૩. તે રીતે હેતરૂપી રસને લીધે વાત એકધારી આવ્યા જ કરે છે. સારી સારી જેટલી વાતો હોય છે તે બધી સહેજે જ આવી જાય છે. ૨૪.

दोहा : अवतार भये सब परही, वात हि तेसे होउ;
एसी सुने नहीं कबहु, वेद कहत भये सोउ...२५
वेद पुरान कहत ही, हम जो कहत अपार
प्रगट भये सो अब ही, खचित करे निरधार...२६

શ્રીહરિનો અવતાર સહુથી પર સર્વોપરિ થયો છે અને તેથી તેમની વાતો પણ તેવી જ સર્વોપરિ થાય છે. વેદ એમ કહે છે કે આવી વાત તો અમે ક્યારેય સાંભળી નથી. ૨૫. વેદ અને પુરાણ આદિ શાસ્ત્ર કહે છે અને અમે પણ ઘણું ઘણું કહીએ છીએ કે અત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રકટ થયા છે. તેનો સુદૃઢ નિશ્ચય કરવો જોઈએ. ૨૬.

શ્રીહરિ સાધુનો વેશ ધારી સહજ સ્વભાવે વિચરણ કરે છે. બધો ઠાઠમાઠ છોડી દીધો છે તોપણ લોકો તેમને સહુથી અધિક કરીને માને છે. ૨૭. દુનિયામાં આડંબરથી વેશભૂષા સજાવીને જે કોઈ ઠાઠમાઠથી નીકળે ત્યારે શ્રીહરિ કહેતા કે આ બધો દંભ છે. પેટ ભરવા માટેના ઉપાયરૂપ આડંબર છે. ૨૮. શ્રીહરિ કોઈ વખતે સહજ સ્વભાવે એવી વાત કરતા કે જગતમાં જેટલું અજ્ઞાન રહ્યું છે તે બધું વાતોમાં અને વર્તનમાં દેખાઈ આવે છે. ૨૯. માટે અમે વારંવાર વિવિધ પ્રકારે વર્તન-પ્રકરણ ફેરવતા રહીએ છીએ, તેથી દંભીની છાતી થર થર ધ્રૂજવા લાગે છે. કેટલાક દંભી પહેલા તો આપણા સત્સંગમાં આવી જાય પણ પછી વર્તન દેખીને તે ભાગી જાય છે. ૩૦.

કેટલાક હરિભક્ત બાઈ ભાઈ હજારો કોશ દૂર રહેતા હોય તોપણ સત્સંગના પવિત્ર વર્તનને લીધે તો શ્રીહરિ તેની પાસે જ હોય છે અને તેને લીધે તે હરિભક્તને દિન-પ્રતિદિન ઉત્સાહ રહે છે. ૩૧. ભગવાન નિર્દંભી ભક્તને મદદ કરે છે. અને તેને સત્સંગના વર્તનમાં વર્તવામાં બળ આપે છે. પણ દંભીના બળને ભગવાન તોડી નાખે છે અને તેના રંગને તરત ઉતારી નાખે છે. ૩૨. શ્રીહરિનાં શુદ્ધ વર્તનને દેખીને મતવાદીઓ 'અમે સનાતની (અનાદિ) છીએ' એમ કહેવા લાગ્યા ને માનવા લાગ્યા. જ્યારે શ્રીહરિએ સન્માર્ગ પ્રગટ દેખાડ્યો ત્યારે તેને લીધે પોતાને સનાતની કહેનારાઓને અજ્ઞાની દેખાડી દીધા. ૩૩. તે અજ્ઞાનીઓ કહેતા કે અમે તો પારસ જેવા

છીએ પણ તેમને લેશમાત્ર પણ પારસની ગમ હોતી નથી. કેવળ નામથી પારસ થયે શું વળ્યું ? નામથી અમર કહેવાતા લોકો પણ મરી જાતા દેખાય છે. ૩૪. શુદ્ધ વર્તન વિના તો જીવમાં બધું કેવળ અજ્ઞાન જ ભર્યું છે. તે અપાર અજ્ઞાનને ટાળવા માટે આ વખતે શ્રીહરિ પ્રકટ થયા છે. ૩૫.

કોઈ ગામમાં એક જ હરિભક્ત રહેતો હોય તોપણ શ્રીહરિ તે ભક્તને ગામ પધારતા. જો તે ભક્તને કુસંગનો પાશ લાગેલો દેખાય તો તરત જ શ્રીહરિ તેનું વર્તન બદલાવીને તે કુસંગના પાશને છોડાવી દેતા. ૩૬. ભક્તને જેને લીધે કુસંગનો પાશ લાગતો હોય તે તપાસીને પછી તે કુસંગના મૂળને કપાવી નાખતા હતા અને તેનું હિત કરતા હતા. ૩૭. શ્રીહરિ પોતાના ભક્તને શુદ્ધ કરવાનો જ એક લોભ રાખતા, બીજો કાંઈ લોભ ન રાખતા. જ્યાં સુધી જીવને માયિક દેહનો સંબંધ છે ત્યાં સુધી તેને બાળક સમાન ગણતા હતા. ૩૮. દેહ સિવાયનો જે કુસંગ હોય તેનાથી છૂટવાનો ઉપાય કહેતા અને દેહનો જે કુસંગ-દેહભાવ છે તેને તો શ્રીહરિ જ્ઞાન દ્વારા છોડાવતા હતા. ૩૯. શ્રીહરિને બધા ઉપાય આવડતા. બીજો કોઈ શીખવા પ્રયત્ન કરે તોપણ આવડે નહીં. અને બીજો જો શીખીને કાંઈ કરવા જાય, તો તેનાથી નુકશાન જ થાય. આ પ્રકારનું વૈદું શીખે આવડતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'સરવઈ ગામની બજારમાં શ્રીહરિ પગપાળા આવ્યા' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર નવમું : તરંગ - ૪૬

મુકુંદાનંદ વર્ણી સાથે વાતો કરી પછી શ્રીહરિ જમવા પધાર્યા

શ્રીહરિ સરવઈ ગામની બજારે ચાલ્યા આવતા હતા ત્યારે જેટલા પુરુષો હતા તે બધા ફૂલહાર પહેરાવીને શ્રીફળ ભેટમાં મૂક્તા હતા. ૧. બે હાથ જોડીને ચરણોમાં નમી પડતા અને અપાર વિનંતી કરતા. પછી શ્રીહરિ દરબાર જીવણા ધાધલના દરબારગઢમાં આવ્યા. તેણે સારી રીતે મકાનો શણગારી

દીધાં હતાં. ૨. દરબાર જીવણા ધાધલે સુંદર પલંગ બિછાવી દીધો. શ્રીહરિ પ્રેમથી આવીને તેના ઉપર બેઠા. ઘરમાં સહુનો સત્સંગ પાકો હતો. ૩. ત્યાં એક વણિક પાકા સત્સંગી હતા. તે ધર્મ-નિયમમાં દૃઢ હતા. શ્રીહરિએ તેને હેતથી નામ લઈને બોલાવ્યા અને પોતાની પાસે બેસાડ્યા. ૪. તે વણિકને ઘણા મોટા મોટા નોકર હતા. તે સાકરના થાળ ભરીને લાવ્યા. શ્રીહરિ ભાવથી સાકર જમ્યા. ત્યારે મુકુંદાનંદ વર્ણી ત્યાં આવ્યા અને ખીજાયા કે, ‘હે મહારાજ ! આપને માટે તો અમે રસોઈ બનાવીએ છીએ. આપના વિના તે કોણ જમશે ?’

ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘તમે રસોઈ બનાવો. અમે જમ્યા વિના નહીં રહીએ. ૫-૬. વર્ણી, આજ તમે વાંકમાં આવ્યા છો. અમે તમારા વાંકમાં નથી આવ્યા. તમે વગર વિચારે ખીજાયા છો પણ અમે તમારા ગુનાને માફ કરી દઈએ છીએ.’ ૭. ત્યારે વર્ણી બોલ્યા, ‘મારો વાંક હોય તે કહો, અમે તો વારે વારે આપનાથી ડરતા રહીએ છીએ. અમે તો ઘણા પ્રેમથી આપની સેવા કરીએ છીએ. અમે કોઈ અનીતિ નથી કરી. ૮. આપ જે અનીતિ દેખાડો તેને અમે મન-કર્મથી તજી દઈએ. આપને મેં સાકર ખાતા રોકયા તે ભૂલ થઈ ને તેને કરોડવાર કબૂલ કરું છું. ૯. હવે પછી જો કયારેય રોકું તો આપ દયાળુ મારો ત્યાગ કરી દેજો. હું આપને રાજી કરવા માટે જ સેવા કરું છું. મારે સેવામાં બીજું કાંઈ લેવાનો ભાવ નથી. ૧૦.

આપનો તો એવો સ્વભાવ છે કે થોડી વાતમાં પણ આપ ત્યાગ કરી દો છો અને કોઈના બંધનમાં આવતા નથી. જુઓને, સીતાજીને તરત વનવાસ દઈ દીધો. આપ દયાળુએ દયા લાવી પછી તરત કરુણાનો નાશ કરી નાખ્યો. ૧૧. આપનું નામ ‘કરુણાસિંધુ’ છે તે નામને તજી દેતા વાર લાગી નહીં.’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘અમે એવા નથી. અમે તો એવા કરોડો ગુનાને માફ કરી દઈએ છીએ. ૧૨. તે વાતને લોકો વારંવાર ભૂલી જાય છે અને તેથી અમારામાં દોષ કલ્પે છે, તે દોષને નિવારવા માટે લોકો ઉપર અમે કયારેક રીશ કરીએ છીએ. ૧૩. જે અમારે શરણે આવે તેનો અમે કયારેય ત્યાગ કરીએ નહીં. ભલેને તેણે કરોડો અપરાધ કર્યા હોય. . ! અમારામાં એ ગુણ

અધિક છે, આ વાતને મારો કાળ કરવા આવેલા પૂતના આદિ શિકારી જાણે છે. ૧૪. પૂતના અને શૂર્પણખા મારે શરણે વિશેષ કપટ કરીને આવ્યા હતા. તેનાં મનમાં જેવો ભાવ હતો તેવું ફળ મેં તેને આપ્યું. ૧૫.

કંસને વારંવાર સેવા કરવાનો જેવો ભાવ થયો તેવો તેને પણ લાભ આપ્યો !!! એટલે કે જેણે જેવી સેવા કરી તેવું તેને ફળ આપ્યું. ૧૬. કંસના સાથીદાર જે દૈત્યો કહેવાતા હતા તેઓ એક પછી એક આવતા ગયા. તેઓ જેવા પ્રકારની પૂજા લઈને આવતા તેનું તેવું ફળ અમે તરત જ દેતા હતા. ૧૭. કોઈનું ફળ ઉધાર રાખ્યું નથી. એવા તો અનેક ભાવિકો આવ્યા હતા. તેવા ભક્તો (અસુરો)ની વાતો જુદી જ હોય છે. અને તેવા ભક્તો તો તરત ઓળખાઈ જાય છે. ૧૮. જે વ્યક્તિની જેવી ભાવના હોય તેને તરત તેવું ફળ આપી દેતા.'

ત્યારે વર્ણીએ કહ્યું કે, 'અમે જ્યારે ભૂલ કરીએ ત્યારે કૃપા કરીને કહેજો. ૧૯. જીવમાં જ્યાં સુધી માયાના ત્રણ ગુણ વ્યાપે છે ત્યાં સુધી અસાધ્ય રોગ રહે છે. તે રોગને મટાડવા માટે તો દિન પ્રતિદિન અધિક અને અખંડ સત્સંગ કરતા જ રહીએ છીએ. ૨૦. જેને તે રોગ મટાડવાનો મનમાં ખપ હોય તે તો જેમ આપ કહો તેમજ કરે. આપ જે રીતે કહો તે રીતે જે ન કરે તે તો ભવસાગરમાં ફરતો રહે છે. ૨૧.

આપનાં સ્વરૂપની છાપ જેની બુદ્ધિમાં છપાઈ જાય છે તેથી તે ભટકતાં ભટકતાં પણ આપનાં ધામને પામે જ છે. એકવાર આપની મૂર્તિની છાપ જે હરિભક્તનાં હૃદયમાં છપાઈ જાય તો પછી તેને કાળ અને કર્મનો કાંઈ ભય રહેતો નથી. ૨૨. તે ભક્તથી તો માયા, જમદૂતો અને બધાં જેટલાં પાપમય કર્મ છે, તે સહુ ડરીને થર થર ધ્રૂજે છે. અને જો એને દંડ દેવાનો થાય તો આપની મરજી જોઈને એ બધા અત્યંત ડરતાં ડરતાં દુઃખ-દંડ દે છે. ૨૩. હે પ્યારા ! આપનું ભક્તવત્સલ એવું બિરૂદ જોઈને આપ જીવોને શુદ્ધ કરવાનું તાન રાખો છો. જીવ શુદ્ધ ન થાય તો તેના દોષ ટળે નહીં અને દોષ ટળ્યા વિના અક્ષરધામ મળે નહીં. ૨૪.

दोहा : निष्काम हरिजन जितने, शुद्ध अति वतर्त तेहु;
जिहाँ अति मरजी तुमार ही, धाम सो मानत एहु...२५
कोउ धाम को न लोभ तेहु, मर्जि को लोभ अपार;
मरजी में मूर्ति धाम ही, माने एह निरधार...२६

વળી, જે આપના નિષ્કામ ભક્તો છે, તેઓ અત્યંત શુદ્ધ વર્તે છે અને જેમાં આપની અત્યંત મરજી હોય ત્યાં તે ભક્તો ધામ માને છે. ૨૫. નિષ્કામ ભક્તોને કોઈ ધામનો લોભ રહેતો નથી. પણ આપની પ્રસન્નતા-મરજીનો અપાર લોભ રહે છે. કારણ કે, તેઓ આપની મરજીમાં જ મૂર્તિ અને ધામને નિશ્ચિતપણે માને છે. ૨૬. **એવો નિષ્કામ ભક્ત તો અનંત ભક્તોમાં કોઈ એક જ થાય છે. તેની સમજણ(વિવેક) ઘણી ઉત્તમ હોય છે. ધામમાં ગયેલા મુક્તો પણ એવા નિષ્કામ ભક્તને 'ધન્ય ધન્ય' કહે છે. ૨૭. આવી સમજણ તો ધામ કરતાં પણ શ્રેષ્ઠ છે, એનાથી પર બીજી કોઈ સમજણ નથી. તે ભક્ત તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. છતાં તે દેહનાં સુખ-દુ:ખોને સહન કરે છે. ૨૮.**

चोपाई :

कोटि दुःख होय देह में जेहा, भगवान देखत हे जानत तेहा;
प्रालब्ध सो जाने भगवाना, जिहाँ से भगवान में चित्त लोभाना...२९
भगवान कु देखे न दूर लगारा, देखाव न देखाव मूर्ति कोउ वारा;
तोहु मूर्ति कु पास हि देखे, पास नहीं युँ कबु न लेखे...३०

દેહમાં કરોડો પ્રકારના દુ:ખ હોય તોપણ નિષ્કામ ભક્ત એમ સમજે કે મારા દુ:ખોને ભગવાન દેખે છે, જાણે છે. જ્યારથી તે ભક્તનું ચિત્ત ભગવાનમાં લોભાયું હોય ત્યારથી ભગવાનને જ પોતાનું પ્રારબ્ધ જાણે છે. ૨૯. તે ભક્ત ભગવાનને લગારેક પણ દૂર દેખતો નથી. કોઈકવાર મૂર્તિ દેખાય કે ન દેખાય તોપણ મૂર્તિને નિરંતર પોતાની પાસે જ માને છે. 'ભગવાન મારી પાસે નથી' એવું ક્યારેય ન માને. ૩૦. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જેમ દેહમાં જીવ અખંડ વાસ કરીને રહ્યો છે તેમ તેવા નિષ્કામ ભક્તમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે. ૩૧.

હરેક દેહ દેહ પ્રત્યે જીવ રહ્યો જ છે છતાં જીવથી જીવ દેખાતો નથી. દેહ વડે જે ક્રિયા થાય છે તે જીવની સામર્થીને લઈને થાય છે. દેહના સામર્થ્યને લઈને જીવનું સામર્થ્ય જણાઈ આવે છે અર્થાત્ દેહનું સામર્થ્ય જે છે તે જીવને લીધે જ છે પણ તે જણાતું નથી. તેમ જીવમાં જીવનું સામર્થ્ય જે છે તે તેમાં અખંડ વાસ કરીને રહેલા ભગવાનનું જ છે. ૩૨. ભગવાન સત્યસંકલ્પ છે. તેઓ અસત્‌ને પણ સત્‌ની જેમ જ ધારી રહ્યા છે. ભગવાનના સંકલ્પથી શું ન થાય ? બધું જ થાય અને તેમાં કોઈ આશ્ચર્ય નથી. ૩૩. ભગવાન જડવસ્તુને ચેતનરૂપ કરી દે છે અને ચેતનવસ્તુને જડરૂપ, કુરૂપ કરી દે છે. એટલા માટે જ ભગવાનનું ભજન કરવું જોઈએ. મનમાંથી એક પળવાર પણ તેમને ભૂલવા નહીં. ૩૪. હૃદયમાં જ્યારે ભગવાનનું સામર્થ્ય છવાઈ રહે ત્યારે ભગવાન ક્યારેય એક પળવાર પણ ભૂલાય નહીં. પણ જીવને મનન કરવામાં અપાર કસર રહે છે તેથી જીવમાં એક તલભાર પણ શક્તિ-સામર્થી આવતી નથી. ૩૫. અમે પરમ રહસ્ય સિદ્ધાંતરૂપ વાતોને સ્પષ્ટ રીતે વારે વારે કહીએ છીએ. 'અમે સાક્ષાત્ ભગવાન મળ્યા છીએ,' એમ જાણવા છતાં પણ જીવો અમે કહીએ તેમ કરતા નથી. ૩૬.

જીવમાં જેટલું સામર્થ્ય રહ્યું છે તેનો જીવ ક્યારેય વિચાર કરતો નથી. રાંધેલા ભોજનની સામે વારંવાર જોયા કરે તોપણ ખાધા વિના ભૂખ જાય નહીં, તેમ જીવે મોક્ષ માટેનો પ્રયત્ન કરવો જોઈએ. ૩૭. જેને જેટલું કામ કરવાનું હોય તેટલું તેણે કરવું જોઈએ. તે કરતા તેમાં જેટલી કસર રહે તેને ભગવાન પૂરી કરશે.' ૩૮. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ. એટલે પોતે હરખભેર જમવા ઊઠ્યા અને અંગ ઉપર પીતાંબર પહેર્યું. ૩૯. ચરણોમાં ચાખડીઓ પહેરીને રસોડે ગયા. પછી પાણીથી બંને ચરણ ધોયા અને બાજોઠ ઉપર જ્યારે બેઠા ત્યારે વર્ણી ભોજનનો થાળ લાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'મુકુંદવર્ણી સાથે વાતો કરી અને શ્રીહરિ થાળ જમવા પધાર્યા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર નવમું : તરંગ - ૪૭

સભામાં શ્રીહરિએ નિત્યાનંદસ્વામી આગળ વાત કહી

સાકર નાખીને સરસ કંસાર કર્યો હતો. ઘણાં શાક બનાવ્યાં હતાં. પાપડ અને અથાણું વગેરે જે થાળમાં ધરાવ્યું હતું તેને શ્રીહરિ જમ્યા. ૧. તે વેળાએ શ્રીહરિએ વર્ણીને કહ્યું, 'આજ પછીથી કોઈ હરિભક્તને થાળ કરાવવો હોય તો અમને પહેલા યાદ રાખીને પૂછવું. ૨. બે વખત થાળ બનાવવો, પણ "આ વસ્તુ જોશે" એમ કોઈ વસ્તુ મગાવવી નહીં. લોટ, દાળ અને ખીચડી જેટલી જોઈએ તે કહેવું. ૩. બાજરીનો કે ઘઉંનો જે લોટ પ્રેમથી લાવે તે લઈ લેવો. કયારેય અદલ બદલ કરવો નહીં. ૪. સીધાની અદલ બદલ કરવી તે અભ્યાગતની રીત નથી. તેનાથી તો ગૃહસ્થનાં મનમાં પીડા થાય અને રસોઈ આપ્યાનો હરખ ન રહે. ૫.

અમને આવો અનુભવ થાય છે. તેથી જેવું જાણ્યામાં આવ્યું છે તેવું કહીએ છીએ. ગોળ, સાકર, ઘી, તેલ, દૂધ અને દહીં, આટલી વસ્તુ કોઈની પાસે મગાવવી નહીં. ૬. પોતાની ઈચ્છાથી કોઈ હરિભક્ત જે લાવે તેનાથી ગુજરાન કરી લેવું, ચલાવી લેવું. જેટલું લાવે તેટલામાં સંતોષ રાખવો. જે વધારે મગાવે તેને દોષ લાગે છે.' ૭. પછી શ્રીહરિએ ઉપર કહ્યા મુજબનાં વર્તનનો પત્ર નિત્યાનંદસ્વામી પાસે લખાવ્યો. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તે થાળની પ્રસાદી તે સમયે નિત્યાનંદસ્વામીને અને બીજા નિર્ગુણાનંદસ્વામીને આપી. બંને સંત પ્રસાદી જમીને રાજી થયા. પછી શ્રીહરિએ વર્ણીને બોલાવીને કહ્યું, 'અમે સવારે અને સાંજે, એમ બે વખત રોજ જે જમીએ તે થાળ બંને વખત નિત્યાનંદસ્વામીને બોલાવીને આપવો; તેમાં ક્યારેય ફરક પડવા દેવો નહીં. ૮-૧૦.

જ્યાં સુધી અમે તેમને અમારી પાસે રાખીએ ત્યાં સુધી તમારે ઘણા ઉત્સાહ અને રાજીપાથી તેમને થાળ આપવો. અમે જે વાત કહીએ છીએ તેનું જે રહસ્ય હોય તેને તેઓ પોતાનાં હૃદયમાં લખી લે છે અને તે વાતને તેઓ ક્યારેય ભૂલતા નથી; એવું તેમનું સહજ અંતઃકરણ છે. તેની બુદ્ધિના પારને અમે પામી શકતા નથી. ૧૧-૧૨. છતાં તે બાબતનો ક્યારેય

તેમને ગર્વ નથી હોતો. તેઓ હંમેશા અમારી આગળ છુપાઈ રહે છે, ડૂબીને રહે છે. તેની બુદ્ધિના પારને તો બ્રહ્મા પણ પામી શક્તા નથી; એવા તેઓ અગાધ છે. ૧૩. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી કરતાં પણ તેમની બુદ્ધિ અપાર છે. તેમને દંભ તો ક્યારેય ગમતો જ નથી અને દંભીને તો તેઓ લબાડ જાણે છે. ૧૪. રઘુનાથદાસ સદ્ગુરુ રામાનંદસ્વામીની પાસે ઘણાં દિવસ રહ્યા. તેઓ સંતો પાસેથી કોઈ પણ પ્રકારની સાધુતાને ન શીખ્યા. તેણે એકમાત્ર માનનો જ અભ્યાસ કર્યો. ૧૫. મોટા મોટા અવતારો પણ સાધુતાના ગુણને ગ્રહણ કરે છે. સાધુતા જો ન હોય તો તેના અનંત ગુણો પણ દોષરૂપ થઈ જાય છે. ૧૬.

પછી શ્રીહરિએ બધા પાર્ષદોને જમાડ્યા અને પલંગ ઉપર આવીને બેઠા. મકાનની આગળ વિશાળ ચોક હતો તે જોઈને દયાળુએ પલંગને ચોકમાં લેવડાવ્યો. ૧૭. પછી આવીને શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા અને ચોકમાં સુંદર સભા કરી. ચોકમાં પણ જ્યારે વધારે ગરમી થવા લાગી ત્યારે શ્રીહરિએ એક ગાડું મગાવ્યું. ૧૮. અને તેના ઉપર પલંગ મુકાવ્યો. પછી તેના ઉપર બેઠા. શ્રીહરિની ઈચ્છા જાણી પાર્ષદો વીરણના પંખા લઈ પવન નાખવા લાગ્યા. ૧૯. પ્યારા શ્રીહરિએ એક ઝીણું વસ્ત્ર પહેર્યું અને તેવો જ એક રૂમાલ માથે રાખ્યો. ઘનશ્યામ મૂર્તિ સોહામણી લાગતી હતી. દર્શન કરનારા કોઈને તૃપ્તિ થાતી ન હતી. ૨૦.

✵ જીવુબા તથા રાજબાની સમજણ તથા સ્થિતિ :

જીવુબા અને રાજબાઈ ગઢપુરમાં રહેતા. શ્રીહરિ જ્યાં જેવી રીતે વિચરતા હોય તેને તેઓ ગઢપુરમાં રહ્યા થકાં તેવી જ રીતે દેખતા હતા. ૨૧. જ્યારે તેઓ પોતાના અંતર સન્મુખ દેખતા ત્યારે જેવી મૂર્તિ વિરાજતી હોય તેવી દેખતા, તેઓને પરસ્પર જેવી મૂર્તિ દેખાતી હતી તેની વાત એકબીજાને કરતા હતા. ૨૨. તેઓ જે વખતે મૂર્તિને સંભારતા ત્યારે તેમને તરત જ તેવી મૂર્તિ દેખાતી હતી. જે મૂર્તિ અક્ષરધામમાં રહી છે તે જ ગોલોકમાં રહી છે અને તે જ વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમમાં પણ રહી છે. જ્યાં જ્યાં જેવા પ્રકારના ભક્તો હોય ત્યાં ત્યાં તેવા પ્રકારની મૂર્તિ હોય છે. ૨૩-૨૪.

જેને જેવી સમજણ હોય તેને માટે તેવી મૂર્તિ રહે છે. ભક્તોમાં ભેદ હોવાને લઈને મૂર્તિઓ પણ તે પ્રમાણે અલગ અલગ રહે છે. ૨૫.

વસ્તુતાએ મૂર્તિ તો એક પ્રકારની જ છે પણ તેમાં અનંત પ્રકાર નથી. પરંતુ ભક્ત ભેદને લીધે મૂર્તિમાં અનંત ભેદ રહ્યા છે, એમ વિવેકી ભક્તોએ સમજવું જોઈએ. ૨૬. જેની જેવી સમજણ હોય તે પ્રમાણે તે ભગવાનની મૂર્તિને કહે છે. મૂર્તિ તો જેવી છે તેવી એક જ પ્રકારની છે પણ ભક્તને વશ ભગવાન ભક્તની ઈચ્છા મુજબ દર્શન આપે છે. ૨૭. ભગવાનની રીત અલૌકિક છે. તેનું ક્યારેય માપ કરી શકાતું નથી. તેમનું માપ કરવું જ કઈ રીતે ? તે માપથી અને અમાપથી બંને રીતે રહ્યા છે. ૨૮. **જ્યાં જેવી વાતનું પ્રકરણ હોય ત્યાં તેવી વાત સમજવી. અક્ષરના જેવા મોટા હોય તે પણ જો અનંત જન્મ લે તોપણ શ્રીહરિની વાતનો પાર લઈ શકે નહીં. ૨૯. શ્રીહરિની સમાન અન્ય કોઈ થઈ શક્તું નથી, આ સમજણ સહુથી પર, શ્રેષ્ઠ છે. શ્રીહરિ તો મનુષ્ય દેહે વિચરતા હોય તોપણ તેવાને તેવા જ દિવ્ય છે. ૩૦.**

આ પ્રમાણે જેની દૃઢ સમજણ હોય તેને શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન સમજવું અને આ પ્રકારની સમજણ જ શુદ્ધ સંપ્રદાય છે. એવી સમજણવાળાને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચાર ઉપર નિત્ય તાન હોય તથા એમ સમજે જે, ૩૧. અગણિત તેજના પુંજમાં શ્રીહરિ સદા મૂર્તિમાન રહ્યા છે. મૂર્તિમાં અપાર તેજ રહ્યું છે, તેણે કરીને મૂર્તિનો આકાર દેખાતો નથી. ૩૨. આંખમાં જેને પડળ (છારી) આવી ગયા હોય તેને પાસે ઊભેલો માણસ પણ દેખાતો નથી. તેને માત્ર શબ્દનું જ્ઞાન રહે છે તે ક્યારેય આકારની વિગત કહી શક્તો નથી. ૩૩. તે મનુષ્યને આકાર દેખ્યામાં જ નથી આવતો. તેનાથી શું એમ કહી શકાય કે કોઈ અન્ય આકાર જ નથી ? મોટા મોટા ઋષિઓએ આવી બાબતના ગ્રંથોની રચના કરી છે. ૩૪. તેમાં સુજ્ઞ ઋષિઓએ પોતાને જેવું ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયું હોય તેવી ભગવાનની મૂર્તિ કહી હોય છે. તેમણે કાંઈ પોતાનું અજ્ઞાન લખ્યું હોતું નથી. પરંતુ લોકો તે કાંઈ જાણતા નથી. એમ માનીને ભરમાઈ જાય છે. ૩૫.

અને જે પોતે ભ્રમમાં ફસાયેલા હોય તે બીજાને પણ તેમાં ભરમાવે છે. આંધળાની પાછળ આખું જગત આંધળું બની દોડે, તેના જેવું થયું. કેટલાક લોકોને આ ભ્રમ-ભ્રાંતિની વાત ગમી ગઈ અને તેનાથી તેમણે વિધિ નિષેધને ખોટા કરી નાખ્યા. ૩૬. મોટા મોટા બુદ્ધિશાળી પંડિતોએ વેદ અને પુરાણને ભણી ભણી વિધિ નિષેધ અને સાધનોને ન્યૂન ગણ્યા, ખોટા માન્યા. ૩૭. કલ્યાણને માર્ગે ચાલેલાને માટે વિધિ અને નિષેધ એ બે તો નેત્ર છે, તેનો કહેવાતા બુદ્ધિશાળી પંડિતોએ ભણીભણીને નાશ કર્યો. જ્યાં સુધી દેહનું અનુસંધાન રહે ત્યાં સુધી વર્ણાશ્રમનો ધર્મ મુખ્ય છે. ૩૮. શુકદેવજી, સનકાદિકો, કપિલ, દત્તાત્રેય, જડભરત, એ બધા મહાન થઈ ગયા. તેઓને દેહનું ભાન નહોતું રહ્યું છતાં તેમણે વિધિ નિષેધરૂપી નેત્રોને રાખ્યા હતા. ૩૯. પોતાના આત્માથી પરસ્વરૂપ અંતર્યામી એવા સનાતન શ્રીહરિને જે પોતાના હૃદયમાં ધારે છે તેઓ અનુપમ અને સર્વોત્તમ સુખને માને છે, સમજે છે.' ૪૦. નિત્યાનંદસ્વામીના ઉપર કૃપા કરીને શ્રીહરિ આવી વાતોને નિત્ય પ્રત્યે કહેતા હતા. ૪૧. નિત્યાનંદમુનિ જ્યારે શ્રીહરિને પૂછતા ત્યારે શ્રીહરિ નિત્ય આવી અગાધ વાતોને કરતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'સભામાં શ્રીહરિએ નિત્યાનંદસ્વામી આગળ વાત કહી' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥

પૂર નવમું : તરંગ - ૪૮

સમઢિયાળામાં શ્રીહરિએ લાખા ખાચરને વાત કહી

સરવઈ ગામમાં ધર્મકુમાર શ્રીહરિ એક રાત રહ્યા. સવારમાં ઊઠીને તૈયાર થયા. પછી સમઢિયાળા ગામ જવા ચાલ્યા. ૧. ત્યાં વચ્ચે **તાજપર** ગામ આવ્યું. ત્યાંથી તત્પર થઈને ચાલ્યા તે **સમઢિયાળા** ગામ આવ્યા. ૨. ત્યાં કૂવા ઉપર જઈને નાહ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા આવ્યા. ૩. લાખા ખાચર નામે દરબાર ગામધણી કહેવાતા. તેને શ્રીહરિ ઉપર બહુ

જ પ્રેમ હતો, તેથી તેઓ તરત ભાવથી ત્યાં આવ્યા. ૪. લાખા ખાચરની માતા ઘણા પાકા સત્સંગી હતા. તેમણે લાખા ખાચરને ફૂલહાર અને શ્રીફળ લઈને શ્રીહરિની પાસે મોકલ્યા હતા. ૫.

તેમણે ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યો અને શ્રીફળ ચરણોમાં મૂક્યું, પછી ભક્તિભાવથી શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને આજ તો પૂરો લાભ મળ્યો, એમ બોલ્યા. ૬. હે મહારાજ ! આપ જ્યારે સારંગપુર પધાર્યા હતા ત્યારે મારે ત્યાં આવવું હતું અને મનમાં ભાવ તો ઘણો હતો પણ ત્યાં આવવાનો જોગ બની શકયો નહીં. ૭. રોજ આપનાં નામને હું રટતો રહું છું. સારું થયું આજે આપે અહીં આવીને દર્શન દીધાં.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમારો અપાર ભાવ જોઈને અમે અહીંયાં ચાહીને આવ્યા છીએ. ગઢપુર જતાં જતાં પાછા વળ્યા છીએ. અમારે ગઢપુર જઈને તરત જ સોરઠમાં જાવું છે કે જ્યાં અમે કાયમ જઈએ છીએ.' ૮-૯. ત્યારે દરબારે કહ્યું, 'અમારા ધન્ય ભાગ્ય છે. નહીં તો અમને આપનાં દર્શન કયાંથી મળે ? હે પ્રભુ ! આપ અમને હરિભક્તોના નોરમાં લાવ્યા તેથી હવે અમે અતિ આનંદ પામ્યા છીએ. ૧૦.

હવે આવી ને આવી કૃપા રાખજો. અમે આપને શરણે આવ્યા છીએ. આપે અમારી બાંય પકડી છે તેને હવે કયારેય છોડી દેશો નહીં. ૧૧. અમે તો ઘોર અજ્ઞાની જીવ છીએ. આપનું ભજન થોડુંએ થાતું નથી. બીજા કાઠી દરબારોનાં તો મહાન ભાગ્ય છે. તેમણે આપના સિવાય બીજે ક્યાંય હેત રાખ્યું નથી. ૧૨. અમે જ્યાં સુધી તેમની જેવું નથી કરી શકતા ત્યાં સુધી તે અમારી મોટી ભૂલ છે. કારણ કે, આ શરીર તો અંતે રહેવાનું નથી, તેમાં જરાય સંશય નથી. ૧૩. કેટલાક તો આપને જ એક સારરૂપ માનીને આપનું ભજન કરે છે અને કેટલાક નરનારી મનુષ્યો તો નિર્ભય થઈને સંસારમાં ખૂંતી ગયા છે. ૧૪. મરી તો જરૂર જવાનું છે તે નજરે દેખે છે, છતાં ડરતા નથી. આવું અજ્ઞાન મનમાં કેટલું બધું ભરાયું છે ? એક પળવાર જીવવાનું તો કોઈના હાથમાં નથી. ૧૫. જીવ ઉશ્વાસ અને નિશ્વાસની વચ્ચે અટકીને રહ્યો છે. તે હૃદયથી કંઠ સુધી ઊંચી અને નીચી ગતિ કરતો રહે છે. ૧૬.

❋ ધર્માદિક ચારને રાખે તેનો ભવપાર થાય :

ઉશ્વાસ નિશ્વાસની જ્યાં સુધી અવધી હોય છે ત્યાં સુધી જીવ દેહને ચલાવતો રહે છે. તે ઉશ્વાસ અને નિશ્વાસ ચાલતા રહે ત્યાં સુધી જીવ દેહમાં સક્રિય રહે છે અને તે જ્યારે ચાલતા બંધ થઈ જાય છે ત્યારે જીવ શરીરમાંથી નીકળી જાય છે. જ્યારે જીવને શ્વાસ કંઠથી એક વાર બહાર લઈ જાય પછી તે ફરીને દેહમાં પાછો કયારેય આવતો નથી. વાયુ (પ્રાણ) અને જીવ, એ બંને મૂર્તિમાન હોવા છતાં જ્યારે એ શરીરથી રહિત થાય છે ત્યારે તે કયારેય દેખાતા નથી. ૧૭-૧૮. જે અલૌકિક, અગમ્ય અને અકળ હોય, તે યથાર્થ જ્ઞાન વિના કળ્યામાં આવે નહીં.'ત્યારે શ્રીહરિ બોલ્યા કે, જેવો અભ્યાસ કરે તેવું તેને દેખ્યામાં આવે. ૧૯. **અભ્યાસ કર્યા વિનાની જેટલી વાતો છે તે સિદ્ધ કરી શકાતી નથી. સંસારની બધી વાતો તો તુચ્છ કહેવાય છે. તેનો પણ જો અભ્યાસ કરવામાં ન આવે, તો તે સાંસારિક વાત પણ સિદ્ધ થાય નહીં. ૨૦.**

જ્યારે અભ્યાસ રાખે ત્યારે સત્સંગ થાય છે અને તેનાથી બધાં જન્મ અને મરણનાં દુઃખો ટળે છે. જન્મ અને મરણનાં દુઃખોને ટાળવા માટે તો ભગવાને મનુષ્ય શરીર રચ્યું છે. ૨૧. જીવ પંડિત કે પુરાણી થાય તોએ તેને કશી ગમ પડતી નથી અને સંસારને તજે તોપણ જેટલો હોય તેટલો ને તેટલો સંસારનો સંગ સાથે રાખે છે. ૨૨. (ત્યાગી થાય ત્યારે) નામ અને વેષ બંને બદલાઈ જાય છે. સંસારની વેઠ ગઈ અને ભીખ માગવાનું આવ્યું. બધા ગૃહસ્થ લોકો તો લોક અને શાસ્ત્રના નિયમ બહાર ક્યારેય નારી રાખી શકે નહીં. ૨૩. જો લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ કોઈ સ્ત્રી રાખે તો ગૃહસ્થને બીજા ગૃહસ્થો નાત બહાર કરે, રાજા પણ તેનો દંડ લે અને કોઈક નાક અને કાન પણ કાપી લે. ૨૪. જે સ્ત્રી અને પુરુષ સંસારને તજી દે છે, તેઓને પછી લોક, શાસ્ત્ર તથા રાજા એ કોઈનો રંચમાત્ર પણ ડર રહેતો નથી. ૨૫. ગુરુને કોઈનો ભય ન રહ્યો તેથી તે ખુવાર થઈ ગયા. ભેખધારી પણ બીજા ભેખધારીનો ભય રાખે નહીં. પછી બધા છાની કે પ્રસિદ્ધ રીતે નારીને રાખવા લાગે. ૨૬.

सोरठा : धर्म तिहाँ भक्ति ज्ञान, ज्ञान तिहाँ वैराग रहेउ;
वैराग तिहाँ भगवान, भगवान तिहाँ मोक्षपद...२७
भगवान तिहाँ धर्म, कुटुंब सहित सो निवास करत;
अलोकीक यह मर्म, वेद स्मृति पुराण तिहाँ...२८

માટે જ્યાં ધર્મ હોય ત્યાં જ ભક્તિ અને જ્ઞાન હોય, જ્યાં જ્ઞાન હોય ત્યાં જ વૈરાગ્ય હોય અને જ્યાં તેવો વૈરાગ્ય હોય ત્યાં જ ભગવાન હોય અને જ્યાં ભગવાન હોય ત્યાં જ મોક્ષનું પદ હોય છે. ૨૭. જ્યાં ભગવાન હોય ત્યાં ધર્મ પોતાના પરિવારની સાથે નિવાસ કરે છે. આ અલૌકિક મર્મની વાત વેદ, સ્મૃતિ અને પુરાણમાં કહી છે. ૨૮. દુનિયામાં જે અસુરો કહેવાતા; તે બધા પંડિતો, રાજાઓ અને ભેખધારીઓમાં પેસી ગયા. તે બધા વેદો, સ્મૃતિઓ અને પુરાણોનો વિનાશ કરીને જ સુખ (ચેન) માને છે. ૨૯. વેદો, સ્મૃતિઓ અને પુરાણોનું જે સ્થાપન કરે છે તે દેવ છે, પણ તે ગ્રંથોમાં જે અસુરોનાં વચન ભળી ગયા છે તેને તપાસીને તજી દેવા જોઈએ. ૩૦. સાચું અને ખોટું, બંને ભેળું મળી એક થઈ ગયું છે, તેને વિવેક કરીને તપાસવું જોઈએ. તે સત્સંગ કર્યા સિવાય સમજાય નહીં. કેવળ સત્સંગથી જ વિવેક દૃષ્ટિ આવે છે. ૩૧.

મોક્ષ સંબંધી જેટલો વિવેક કહેવાય છે તે સત્સંગમાં જ રહે છે. જ્યાં સત્સંગ નથી ત્યાં તો અજ્ઞાન જ ભર્યું હોય છે તેમ છતાં ડાહ્યા થઈને જીવ સંસારમાં ભટકયા કરે છે. ૩૨. અને તેને સંસારનો કયારેય છેડો આવતો નથી. વારંવાર જમપુરીમાં જાય છે. તોપણ જીવ મોહમાં એટલો બધો અવરાઈ ગયો છે કે સંસારનાં દુઃખ ભોગવે છે છતાં તેને સૂધ આવતી નથી. ૩૩. તેના ઉપર દિન પ્રતિદિન મોહ વધારે ચઢતો જાય છે. તેથી દુઃખ પડે છે છતાં તે ધરાતો નથી, થાકતો નથી. જ્યાં સુધી જીવ સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેનો મોહભંગ થતો નથી. ૩૪. મોહના જેટલા પ્રકારો છે તે સત્સંગ સિવાય ઓળખાતા નથી. પાતાળથી લઈને પુરુષ પ્રકૃતિના લોક સુધી બધા મોહના પૂરમાં જ તણાયા જાય છે. ૩૫. મોટા મોટા પહાડોને પણ તોડી નાખનારા નદીના વેગો પણ મોહના વેગ આગળ કશા જ લેખામાં નથી; એટલો બધો મોહ બળવાન છે. ૩૬.

મોહ કરતાં પણ જે વધારે બળવાન હોય તે મોહને તોડે છે. મોહભંગ થયા વિના કુસંગ ટળે નહીં. ૩૭. કુસંગ અને મોહ બંને એક નાતના છે. કામ, ક્રોધ, મદ અને લોભ વગેરે અધર્મનું કુટુંબ અપાર છે તે જીવને પળે પળે હર્ષ અને શોક (ક્ષોભ) કરાવે છે. ' ૩૮. આટલી વાત કરીને શ્રીહરિ ગામ તરફ ચાલતા થયા. ઉમંગ ભર્યા જાતજાતનાં વાજિંત્રો વાગી રહ્યા હતાં. ૩૯. શ્રીહરિએ અંગ ઉપર અને મસ્તક ઉપર અપાર ફૂલહાર ધારણ કર્યા હતા અને સારું સુગંધી કેસરી ચંદન નખશિખ મૂર્તિમાં ચરચેલું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'સમઢિયાળામાં લાખા ખાચરને શ્રીહરિએ વાત કહી' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર નવમું : તરંગ - ૪૯

શ્રીહરિ લાખા ખાચરના દરબારમાં પધાર્યા અને ઘણી વાતો કહી

શ્રીહરિ ગામને દરવાજે આવ્યા. ગામ લોકો નરનારી બધા જ સન્મુખ આવ્યા હતા. ૧. બધા જ લોકો એક હાથમાં ફૂલહાર અને બીજા હાથમાં શ્રીફળ લઈને ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. હાર પહેરાવીને શ્રીફળને ચરણોમાં ધરી દેતા હતા. ૨. ગામનો દરવાજો વિચિત્ર કર્યો હતો. સોનાનો વરખ શ્રીફળ ઉપર ચોંટાડીને તેનું તોરણ દરવાજે બાંધ્યું હતું. ૩. દરવાજાનાં શિખર ઉપર સુવર્ણનાં નિશાન ફરકાવ્યાં હતાં અને ત્યાં ચોઘડિયા બેસાડ્યા હતા. તે શરણાઈની સાથે વાગતાં હતાં. ૪. ગામમાં રાજમાર્ગોને વિચિત્ર રીતે શણગાર્યા હતા. આખી બજારમાં ફૂલ પથરાવી દીધાં હતાં અને અપાર કેળના સ્તંભ રોપાવ્યા હતા. ૫.

કેળના સ્તંભોને કુંકુમથી રંગ્યા હતા. તેમાં વિચિત્ર પ્રકારના ચિત્રો બનાવ્યાં હતાં. બજાર કાંઠે જે દુકાનો અને મકાનો હતાં, તેના દરવાજાઓને અને થાંભલાઓને અનુપમ રીતે અને વિચિત્ર પ્રકારે શણગાર્યા હતા. તે બજાર અદ્‌ભુત રીતે શોભતી હતી અને હરેક દરવાજે મોતી ભરેલા તોરણ બાંધ્યાં

હતાં. તે અત્યંત સોહામણાં લાગતાં હતાં. ૬-૭. બજારમાં બાળકો, યુવાનો અને વૃદ્ધો, અપાર લોકો ઊભા હતા. સ્ત્રીઓ મોતીના થાળ ભરીને ઊભી હતી તે તત્કાળ જ શ્રીહરિને મોતીથી વધાવવા લાગી. ૮. સ્ત્રીઓ ટોળેટોળાંનાં રૂપમાં ભેળી મળીને મંગળમય ગીતો ગાતી હતી. બીજા લોકો ગુલાલ લાવીને ઉડાડતા હતા. બંદૂકોના અનેક અવાજ થાતા હતા અને વારંવાર તે અવાજથી આકાશ ગર્જી ઊઠતું હતું. ૯. ગામમાં ઘણો ભારે આનંદોત્સવ થયો. લોકો ઘણે ઊંચે અવાજે જય નાદ કરતા હતા. આ પહેલા ગામમાં આવી શોભા ક્યારેય થઈ ન હતી કે જેવી શ્રીહરિના પધારવાથી અત્યારે થઈ હતી. ૧૦.

શ્રીહરિના ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું. છત્ર ઉપર સુવર્ણ કળશ હતો. શ્રીહરિ ધીમે ધીમે ગજગતિથી ચાલ્યા આવતા હતા. ૧૧. શ્રીહરિની સુંદર સોહામણી ગતિ આગળ તો હંસની અને ગજની ગતિ પણ શું કહેવી ? તે તો શ્રીહરિની ચાલ આગળ ઢંકાઈ જાતી હતી. ચરણોમાં જે ચાખડીઓ પહેરી હતી તેનો "ચટ ચટ" આવો શબ્દ થયા કરતો હતો. ૧૨. **શ્રીહરિના અમૃત ઝરતા નેત્રો સહુનું ચિત્ત ચોરતા હતા. પૂર્ણચંદ્રના સમાન તેમનું મુખ શોભતું હતું અને અમૃતરસથી ભર્યાં શ્રીહરિના વચન હતાં. ૧૩. અદ્‌ભુત રૂપથી શોભતા શ્રીહરિ સહુને દર્શન આપીને ચિત્તને ચોરતા હતા. આ રીતે પ્રભુ રાજદરબારમાં આવ્યા. ૧૪.** દરબારગઢનાં બધા જ ભવનોને વિચિત્ર રીતે શણગાર્યાં હતાં. દરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. ૧૫.

દરેક ભવનમાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. યોગ્ય અવસર જોઈને ભવનોમાં ઉપર ઉલેચ બાંધી દીધાં હતાં. ૧૬. બધાં ભવનોની વચ્ચેનો જે ચોક હતો. તેમાં પાણી છંટાવી દીધું હતું અને ચોકમાં પાણી પણ ભરી દીધું હતું તેનાથી ઠંડો પવન આવતો હતો. ૧૭. ભવનની ઓસરીમાં મોહક-નવરંગ પલંગ ઢાળીને તેના ઉપર ગાદી તકિયા બિછાવી દીધા હતા. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ફૂલોથી મૂર્તિ છવાઈ ગઈ હતી. ૧૮. અપાર મુનિઓ ભમરાના રૂપમાં આવ્યા. પ્રેમથી શ્રીહરિએ ધારેલા ફૂલનો સુગંધ લેવા લાગ્યા. તે ભમરા એકતાર ગાન કરતા હતા અને મુખથી શ્રીહરિનાં પવિત્ર યશનું ઉચ્ચારણ કરતા હતા. ૧૯. માનો, સામવેદી ઋષિઓ ભમરાનું રૂપ

લઈને સામવેદનું ગાન કરતા હતા. બુદ્ધિમાન પાર્ષદો હાથમાં રૂમાલ લઈને ભમરાઓને ઉડાડવા લાગ્યા. ૨૦.

ત્યારે શ્રીહરિએ પાર્ષદોને રોક્યા અને તે વેળાએ પાર્ષદોને કહ્યું. તમને સારા ભોજનમાં કેવો પ્રેમ હોય છે ? તે તમે જમતા હોવ ત્યારે કોઈ આવીને રોકે તો તમારા મનમાં કેવો આનંદ રહે ? તમે ભમરાને ઉડાડો છો તે ભમરાને પણ મનમાં તેના જેવું જ થાય છે. આ ભમરાઓ કોણ છે ? તેની તમને ખબર નથી. ભમરાના રૂપમાં તો પ્રેમ ભક્તિવાળા ઋષિમુનિઓ આવી રહ્યા છે. ૨૧-૨૨. માટે કોઈ ભમરાને ઉડાડશો નહીં. તે અમને ક્યારેય કરડશે નહીં. જ્યારે શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે લાખા ખાચર ત્યાં આવ્યા. ૨૩. અમારે રસોઈમાં સાકરનો કંસાર અને શીરો કરાવવો છે. અમે બધું સીધું ઘણા ઉત્સાહથી લાવ્યા છીએ પણ વર્ણીએ આજ્ઞા લેવા મને આપની પાસે મોકલ્યો છે. ૨૪. પોતાના અત્યંત પ્રિયજન જ્યારે પોતાને ઘેર આવે ત્યારે પોતાને વહાલામાં વહાલું જે ભોજન હોય તે લોકો આદરથી જમાડતા હોય છે. ૨૫.

અમારે માટે દુનિયામાં આપનાથી વધારે કોઈ પ્રિય નથી. આપ અમારા અત્યંત પ્રિય છો, તે આપ આજ અમારે ઘેર પધાર્યા છો તો આ વેળાએ અમે શું ન કરીએ ? ૨૬. સોનાને ભારોભાર મોંઘુ ભોજન આપને માટે બનાવીએને તોએ તે અમારે મન અપાર સોંઘું છે, એવો અમે આપના યોગને સમજીએ છીએ. ૨૭. આ બ્રહ્માંડમાં જે વહાલામાં પણ વહાલી ચીજ હોય અને તે જો આપના ઉપયોગમાં ન આવે તો તે ત્યાગ કરવા યોગ્ય છે. ૨૮. અમારા ઘરમાં જે કાંઈ રહેલા સોના રૂપાનાં સાધનો, હાથી-ઘોડા વગેરે વાહનો, રાજપાટ, ગામ-ગરાસ આદિ, વસ્ત્ર, આભૂષણ કે સરસામાન, મેવા, અનંત પ્રકારના ફળ-ફૂલ ઈત્યાદિ, મકાન, મેડી કે મોટા મહેલ, બાગબગીચા વગેરે ઘરમાં કે બહાર જે કાંઈ સમૃદ્ધિ હોય તે જો આપના ઉપયોગમાં ન આવે તો તે બધું અમારે માટે ખુવાર છે-દુઃખરૂપ છે. ૨૯-૩૦.

જે પદાર્થ આપના ઉપયોગમાં ન આવે તેને અમે પાપમય જાણીએ છીએ. દરબારની આવી નિષ્કપટવાણી સાંભળીને સુખદાયક શ્રીહરિએ વર્ણીને પોતાની પાસે બોલાવ્યા. ૩૧. અને તેમને કહ્યું, દરબારનો જેવો ભાવ છે

તેવી બધી સરસ રસોઈ બનાવો. દરબારનો અતિશય ભાવ જોઈને અમે અમારું ભાવ-મંતવ્ય છોડી દીધું છે. ૩૨. પછી દરબારને કહ્યું, તમારી કહેલી આવી વાત યોગ્ય સમયે ઘણી સારી લાગે છે. પોતાના વહાલાને રાજી કરી દે એવી ચતુરાઈ તમે કોની પાસેથી શીખ્યા છો ? ૩૩. લોકોને તો એવી વાણી બોલતા આવડે છે કે, પ્રિય વ્યક્તિને પણ અપ્રિય લાગે. પરંતુ શત્રુને પણ અત્યંત ગમી જાય, આવી વાણી સાધારણ માણસને બોલતા આવડતી નથી. તમારા જેવું પ્રિય બોલનાર ઓછા હોય છે. ૩૪. કાઠીની જ્ઞાતિમાં દરબાર જીવા ખાચર સમય જોઈને ઘણું સારું યોગ્ય બોલી જાણે છે. સમયે સમજીને બોલનારા મનુષ્યો જગતમાં બહુ થોડા મળે છે. ૩૫.

સમયને સમજ્યા વિના સમય-પ્રસંગને બગાડે એવા લોકો તો દુનિયામાં ઘણા હોય છે. સમયે-ટાણે વાતને બગાડી નાખનારા માણસને જોઈને તો અમે તત્કાળ જ ત્યાંથી ચાલતા થઈએ છીએ. ૩૬. એકવાર યોગ્ય અવસરને બગાડી નાખે. પછી કરોડો ઉપાય કરે તથા અનેક યુક્તિઓ કરે, તોપણ તે અવસર પાછો આવતો નથી. ૩૭. પહેલા માથું કાપી નાખે. પછી પ્રેમ દેખાડીને તેને પૂજે, તો તે પૂજનારાના ઉપર કેવો પ્રેમ રહે ? આખા જગતની આવી રીત છે. ૩૮. ઈશ્વરોના પણ ઈશ્વર એવા ભગવાન દયા કરીને મનુષ્યતન ધારણ કરીને પ્રગટ થાય છે. ૩૯. ત્યારે ઈશ્વરને અપાર પ્રિય એવા ભક્તો પણ આ ભૂમિ ઉપર અપાર આવે છે અને ત્યારે ઈશ્વરો પણ અવતાર ધરીને આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ લાખા ખાચરના દરબારમાં ઊતર્યા અને તેમને ઘણી વાતો કહી' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર નવમું : તરંગ - ૫૦

શ્રીહરિની આગળ લાખા ખાચરે વાત કહી

દરબાર લાખા ખાચરની આગળ શ્રીહરિએ ફરીને વાત કહી. જે લોકો અમૂલ્ય અવસરને ચૂકી જાય છે તેને ફરીને તેવો અવસર આવતો નથી. ૧.

જે વાત અમૂલ્યમાં અમૂલ્ય અને પ્રિયમાં પણ અત્યંત પ્રિય હોય તેવી વાત તમે જે જાણતા હો તે કહો. ૨. ત્યારે દરબાર લાખા ખાચરે હાથ જોડ્યા અને બોલ્યા, મહારાજ ! અમે તો સંસારની વાતને જાણીએ. જે બાબતમાં જેની બુદ્ધિ દોડતી હોય તેને તેનું વિશેષ જ્ઞાન હોય છે. ૩. જેનાં ઘરમાં અશ્વ ક્યારેય રાખ્યો જ ન હોય તે અશ્વનાં મૂલ્ય બાબતમાં શું જાણે ? જે ઝવેરી ન હોય તે જો ઝવેરાતની જાતોની વાતોને કહે તો તે મૂર્ખ કહેવાય. ૪. દરબાર જીવા ખાચરને મુખે સાંભળેલી વાતોથી હું કાંઈક વાત જાણું છું. જે બોટાદના હમીર ખાચર છે તેને જીવા ખાચરની પ્રતીતિ (વિશ્વાસ) છે. ૫.

અને જીવા ખાચરને અલૈયા ખાચરની પ્રતીતિ છે કે જે કાંઈ તેમને સત્સંગની રીત જાણવી હોય તે પૂછે. અને બૂઢા ધાધલને બુદ્ધિ અપાર છે પણ તેમાં ઈર્ષ્યાનો પાર નથી. ૬. કોઈ હસતાં હસતાં ભૂલથીએ ક્યારેક લગાર પણ જો તેના માનનું ખંડન કરે, તો તેને તેઓ જડમૂળથી ઉખાડી નાખે. જેથી ફરીને કોઈ તેને છેડે નહીં, તેનું ક્યારેય કોઈ નામ જ ન લે. ૭. જીવા ખાચર બહુ બુદ્ધિમાન છે એટલે તેઓ બૂઢા ધાધલનું માન બહુ સાચવે છે. જો તેનું માન ન રાખે તો તે તરત જ જીવા ખાચરનું પણ બૂરું કરવા ચાહે. ૮. જ્યાં વધારે માન મળે ત્યાં જઈને બૂઢા ધાધલ તેના થઈને બેસે. બધા જ કાઠીઓમાં માન વધારે હોય છે. આપે અત્યારે તેમને જ સત્સંગ કરાવ્યો છે. ૯. મારી દૃષ્ટિમાં તો એવું જણાય છે, આપનાથી વિશેષ દુર્લભ કોણ કહી શકાય ? આપ અમારા સ્વભાવને જાણો છો છતાં અમને બાળક જાણીને અમારી રખવાળી કરો છો. ૧૦.

આપ અમારી જે રીતે રખવાળી કરો છો તેવી તો માતા-પિતાથી પણ ન થઈ શકે. એટલે જીવા ખાચર વારે વારે કહે છે કે આવો અવતાર ક્યારેય થયો નથી. ૧૧. **જગતમાં સંતો તો ઘણા છે પણ તે બધા ખાલી નામ જ ધારી રહ્યા છે. અત્યારે આપણા સત્સંગના જેવા સંત કોઈ નથી. આપણા સંતો યથાર્થરૂપમાં ધર્મ પાળે છે. ૧૨.** સંતોના સારામાં સારા શુદ્ધ-પવિત્ર ગુણ જેટલા છે તે બધા ગુણોને અત્યારે આપણા સત્સંગના સંતો ધારી રહ્યા છે. ૧૩. ગીતા અને ભાગવતમાં પ્રમાણ કરેલા સંતોના જે જે સદ્ગુણ કહ્યા છે

તે બધા પ્રમાણે અત્યારે આપણા સત્સંગના સંતો વર્તન કરી રહ્યા છે. તેમાં એક ગુણ પણ ઓછો નથી. ૧૪.

❋ સત્સંગની સાચી ભૂખ માનથી મુક્ત કરી દે :

કાઠી અને કોળીને વશ કરવાનું આપ શ્રીહરિને આવડે છે. તે ભલે સિંહ જેવા કે સાપ જેવા હોય પણ ગારુડી જેવા આપ તેને વશ કરી જાણો છો. ૧૫. તેમનું ભોજન માન છે. માન ન મળે તો તરત જ ખીજાઈ જાય છે. માન ન મળે તો તેઓ સત્સંગનો પક્ષ છોડી દે અને તેઓ તો માનને જ પરમપદ માને છે. ૧૬. હે શ્રીહરિ ! આપની હયાતીમાં જ જો તેમનું શરીર છૂટી જાય તો કાઠી અને કોળીનો રંગ રહી જાય. આપ સ્વધામગમન કરશો પછી જેટલા કાઠી, કોળી રહેશે તે બધા માનના વિના દુઃખી થશે. ૧૭. **માન આપીને પાર ઉતારી દે એવા આપ શ્રીહરિના જેવા હિતકારી કોણ હોય ? જેને સત્સંગનો બહુ જ ખપ હોય તેઓ જ માન છોડીને વર્તી શકે છે. ૧૮.** જ્યાં સુધી સત્સંગમાં આવા સંતો દેખાય છે, રહ્યા છે ત્યાં સુધી આવો સત્સંગ સદાય રહેશે. જો માળીને તે વૃક્ષોને ઉછેરતા આવડતું હોય તો વૃક્ષોના ઉપર જાતજાતના ફૂલ અને ફળ થાય. ૧૯. ફળ-ફૂલના અધિકારી મોટા મોટા રાજાઓ અને શાહુકારો ફળ અને ફૂલોને વાપરે છ,પણ તે ફળ-ફૂલના ઝાડ તો માળી વિના રાજાથી ઊછરે નહીં. ૨૦.

રાજાની રીતને તો તે રાજા જાણે. રાજા તો ખાવા, પીવામાં જ મોજ માને પણ જ્યારે પ્રજામાં કોઈને દંડ કરવો હોય તો તે માળીને ક્યારેય આવડે નહીં. ૨૧. માળી વૃક્ષોની સેવા કરતાં કરતાં જે ફળ કે ફૂલ થાય તે કાચાં છે કે પાકાં, તેને જુએ. ફળ, ફૂલને પાકા જોઈને લે પણ વૃક્ષનાં મૂળને ક્યારેય કાપે નહીં. ૨૨. માળી જે રીતે વૃક્ષોનાં મૂળમાં બળ આવે તેમ દિનપ્રતિદિન ઉપાય કરતો રહે છે. વરસાદનું અથવા કૂવાનું પાણી પાય ત્યારે તે વૃક્ષો સતત લીલા રહે. ૨૩. તેમ જ્યારે જ્યારે ભગવાન અવતાર ધારે છે ત્યારે ત્યારે સત્સંગ થાય છે. ભગવાન સત્સંગરૂપ બાગની રચના કરે છે. તેમાં મુમુક્ષુઓને પ્રેમ થાય છે. ૨૪.

સત્સંગરૂપી બાગમાં મુમુક્ષુઓ છે તે વિવિધ પ્રકારના વૃક્ષો છે અને સંતો તેના માળી છે. સંતોરૂપી માળી રુચિ પ્રમાણે પાણી પાઈને મુમુક્ષુરૂપી વૃક્ષોને નવપલ્લવિત કરતા રહે છે. ૨૫. જેમ જેમ તેમાં ફળ-ફૂલ આવે છે તેમ તેમ તેઓ સંતોની સેવા કરે છે અને સંતો ભગવાનની સેવા કરે છે. જે સમયે જેવી પ્રથા હોય તે પ્રમાણે બધું થાય છે. ૨૬. શ્રીહરિ મહારાજાધિરાજ છે. જ્યારે પોતાનાં અક્ષરધામ તરફ ઈચ્છા કરે છે અર્થાત્ સ્વધામ જવાની ઈચ્છા કરે છે ત્યારે તેઓ અનુપમ ધર્મની પ્રથાને બાંધે છે, જેથી મોક્ષનો પ્રવાહ ચાલુ રહે. ૨૭. જ્યારે શ્રીહરિ વિપ્રકુળમાં પ્રકટે છે ત્યારે ધર્મવંશની વૃદ્ધિ કરવા માટે પોતે અથવા ભત્રીજાઓને અદ્‌ભુત આચાર્ય કરે છે. ૨૮.

❋ શ્રીહરિનાં વચન ભક્તનું જીવન છે :

વિપ્રના જે શ્રેષ્ઠ ધર્મ હોય છે તેને જે આચાર્ય થાય તે પ્રથમ ધારણ કરે છે. તે અધિકાર જોઈને ત્યાગીના અને ગૃહસ્થોના જે ધર્મો છે તેને પળાવે છે. ૨૯. શ્રીહરિનાં વચન સર્વોપરિ છે. શ્રીહરિના વચનમાં પ્રવૃત્તિ અને વચનમાં જ નિવૃત્તિ કહેવાય છે. એમાં જે સંશય કરે તેનો ક્યારેય મોક્ષ થાય નહીં. ૩૦.

चोपाई :

हरि के वचन सर्वोपरी रहावे, निवृत्ति प्रवर्त्ति सो वचन कहावे;
यामे संशय करेउ जेहा, ताको मोक्ष कबु होत न तेहा...३०
हरि वचन कहे निवृत्ति सो धर्मा, वेद पुरान को एहि हे मर्मा;
मर्म जाने होवे मोक्ष हि ताको, मर्म न जाने सो मोक्ष न वाको...३१

શ્રીહરિનાં વચન જ નિવૃત્તિ ધર્મ છે. એમ વેદ અને પુરાણોનો માર્મિક સિદ્ધાંત છે. જે તે મર્મને સમજે તેનો મોક્ષ થાય છે અને જે મર્મને ન સમજે તેનો મોક્ષ ન થાય. ૩૧. જે જે અવતાર દ્વિજમાં થાય છે તેમની આવી પ્રથા હોય છે અને જ્યારે ક્ષત્રિયમાં અવતાર થાય છે ત્યારે તેની રીત તે પ્રમાણે તેઓ બાંધે છે. ૩૨. જે વ્યક્તિ જ્યાં સુધી રીતમાં ચાલે ત્યાં સુધી તેનો મોક્ષ થાય છે. જેમ જેમ તેઓ ભગવાને બાંધેલી રીતનો ભંગ કરે છે તેમ તેમ

તેના મોક્ષનો રંગ ઊતરતો જાય છે. ૩૩. કાષ્ઠને અગ્નિનો જેવો જોગ હોય તેવું અગ્નિમાં દૈવત રહે છે. જે મુમુક્ષુ છે તે કાષ્ઠ કહેવાય છે અને કાષ્ઠના સમાન દૈવત અગ્નિમાં રહે છે. ૩૪. ચોમાસામાં જેવો વરસાદ થાય તેવી મોલાત જમીનમાં થાય છે. ખેડુત જમીનમાં જે રીતે ખેતી કરે તે રીતે તેમાં અન્નની નીપજ આવે છે. ૩૫.

દરબાર જીવા ખાચરે આવી ઘણી વાતો આપનાં મુખ આગળ કહી તેને હું સાંભળતો હતો. તેમાંથી જેટલી વાત યાદ રહી તેટલી મેં અત્યારે આપની આગળ કહી છે. આપ તો જનસુખદાયક પરમેશ્વર છો. ૩૬. તે સમયે અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિ બોલ્યા. જેની આવી દૃઢ સમજણ હોય તે પાકો હરિભક્ત છે. ૩૭. **પ્રગટ ભગવાનને તો માને નહીં અને પરોક્ષને જઈને પૂજે અને પ્રગટનાં વચન પ્રમાણે તો વર્તે નહીં, તે તો ગળું કાપીને પગ પૂજનારા જેવો કહેવાય છે. ૩૮.** તેના ઉપર શ્રીહરિએ અગ્રદાસનું પદ ગાઈ સંભળાવ્યું. તે પદમાં ભક્તોને થતાં અપરાધોની મર્યાદા કહી છે. ૩૯. શ્રીહરિ જ્યારે વાત કહી રહ્યા ત્યારે વર્ણી થાળ તૈયાર કરીને બોલાવવા આવ્યા. શ્રીહરિના હૃદયમાં આનંદ સમાતો ન હતો. પછી શ્રીહરિ તત્પર થઈને ઉતાવળા જમવા માટે ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ આગળ લાખા ખાચરે વાત કરી.' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર નવમું : તરંગ - ૫૧

શ્રીહરિ થાળ જમ્યા તથા પોતાનું સ્વરૂપ, ધામાદિનું દિવ્યપણું કહ્યું.

સહજાનંદસ્વામી મહારાજ જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં ચાખડીઓ પહેરીને પ્રસન્ન મુખ થકા આવ્યા. ૧. શરીરે એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. આવીને ઠંડા જળથી ચરણ ધોયા. તેમની પ્રસન્નતા કહી શકાતી નથી. ૨. રૂમાલથી ચરણ લૂછ્યા. પછી આવીને

બાજોઠ ઉપર બેઠા. ત્યારે વર્ણીએ લાવીને થાળ ધરાવ્યો હતો. થાળમાં હરીસો અને બીરંજ ભર્યો હતો. ૩. પૂરી અને ભજિયાં પણ મૂક્યાં હતાં. તેમજ તાંદળજાની ભાજી પણ કરી હતી. ભક્તાધીન શ્રીહરિ તે ભોજનને ઘણા જ પ્રેમથી જમવા લાગ્યા. ૪.

❋ ભગવાનને નિર્દોષ સમજે તે નિર્દોષ થાય :

શ્રીહરિની જેટલી ક્રિયાઓ છે તે બધી પરોપકાર માટેની જ સમજે, તેમની કોઈ ક્રિયાઓમાં જે દોષ ન સમજે તે મનુષ્ય અત્યંત નિર્દોષ થઈ જાય છે. ૫. જે મનુષ્ય શ્રીહરિને જેવા નિર્દોષ સમજે છે, તે તેમના જેવો જ નિર્દોષ થઈ જાય છે. શ્રીહરિનાં જેટલાં ચરિત્ર કહેવાય છે તે બધા ભક્તોના હિતને માટેનાં જ કર્યાં હોય છે. ૬. ભગવાન શ્રીહરિ તો સદાને માટે પૂર્ણકામ છે અને સાગરના જેવા કાયમ અખૂટ રહ્યા છે. ભૂમિ ઉપરનું અને નદીઓનું પાણી અખંડ પ્રવાહના રૂપમાં સાગરમાં આવતું જ રહે છે. ૭. છતાં સમુદ્ર રંચમાત્ર પણ વધતો નથી. ભૂમિ જ્યારથી રચાઈ છે ત્યારથી તેનું પાણી સમુદ્રમાં ચાલ્યું આવે છે. છતાં રંચમાત્ર પણ સમુદ્ર વધ્યો નથી. કીડીથી લઈને હાથી પર્યંતની ભૂમિ ઉપરની જેટલી જીવ સૃષ્ટિ છે તે બધી જ રાત-દિવસ સમુદ્રનું પાણી પીવે છે છતાં તેનું પાણી અખૂટ રહે છે. અને વાયુ પણ પાણીનું શોષણ સતત કરતો રહે છે છતાં સમુદ્ર રંચમાત્ર પણ ઘટ્યો નથી. અને મોટું સરોવર હોય છતાં તેનું પાણી ખૂટતું દેખાય છે. ૮-૯.

સૂર્યના જેટલા તેજ કિરણો છે તે બધા સાગરના પાણીને ખેંચતા જ રહે છે તોપણ તે સદા અખૂટ રહે છે. રંચમાત્ર પણ તેનું પાણી ઘટતું-ખૂટતું નથી. ૧૦. **તેવી રીતે જે શ્રીહરિનો પ્રતાપ છે તે કોઈ દિવસ વધતો-ઘટતો નથી. શ્રીહરિ અક્ષરધામમાં જે રીતે રહ્યા છે અને જેવો પ્રતાપ ધારી રહ્યા છે, ૧૧. તેવોને તેવો પ્રતાપ શ્રીહરિ જ્યારે જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તેમાં હોય છે. અને ત્યારે ત્યારે ભૂમિ ઉપર અપાર પ્રતાપ પ્રકટ કરે છે, વાપરે છે. છતાં તે પ્રતાપ એક રંચમાત્ર પણ ન્યૂન થતો નથી, ન્યૂન થયો કહેવાય નહીં. ૧૨.** જે લોકો પોતાની અતિ મોટાઈ જણાવવા માટે ભગવાનના અવતારોને ન્યૂન કહે છે તેને તો આ જગતમાં લબાડ જાણવા. ૧૩. ભગવાનના અવતારો

તો અનેક છે. તેમાં કોઈ એક અવતારની ઓથ લઈને બીજા અવતારોનું ખંડન કરે છે તેને તો કશો વિવેક નથી. ૧૪.

જે સમયે જ્યાં જેવું કામ હોય તે સમયે ત્યાં તેવું શરીર ભગવાન ધારણ કરે છે અને તે ઘનશ્યામ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી અવતાર ધારે છે. તેવા શરીરમાં પણ તે પ્રભુ એકના એક જ હોય છે તે કોઈ બીજા (અવર) થઈ જાતા નથી. ૧૫. **પરમાત્મા ઘનશ્યામ સિવાય અન્ય કોઈ અવતાર હોતો નથી. જ્યાં જેવું પ્રયોજન હોય ત્યાં તરત જ તેવું રૂપ ધારણ કરે છે. ૧૬.**

ચોપાઈ :

जो जो धाम में सामर्थि जेति, घनश्याम धर रहे सो तेति;
एक एक धाम में शोभा अपारा, धर रहे ताको वार न पारा...१७

જે જે ધામમાં જેટલું ઐશ્વર્ય, પ્રતાપ કે સામર્થ્ય હોય છે તે બધાને ઘનશ્યામ જ ધારી રહ્યા છે. પ્રત્યેક ધામમાં પારાવાર શોભા રહી છે તેને પણ તે પ્રભુ જ ધારી રહ્યા છે. ૧૭. તે ધામમાં જે કાંઈ સ્થાવર કે જંગમ દિવ્ય આકૃતિઓ છે તે બધાને તેઓ જ ધારી રહ્યા છે. કૂવો, વાવ, સરોવર કે નદી, તે બધાની દિવ્ય આકૃતિઓને પણ તે મહાપ્રભુ ધારી રહ્યા છે. ૧૮. અશ્વ, હાથી, સુખપાલ, મ્યાના, રથ, ગાડી, બગી અને વિમાન વગેરે દિવ્યાકારે જણાતા બધાં વાહન વગેરેને તેઓ ધારી રહ્યા છે. ૧૯. **પશુ, પંખી, વૃક્ષ, વેલી, પર્વત, વિવિધ પ્રકારના મહેલો અને હવેલી વગેરે પણ દિવ્યાકાર અને તેજ તેજ તેજ રૂપ છે. તે બધા ઘનશ્યામ પ્રભુમાં સ્નેહ કરાવે છે. ૨૦.**

ધામમાં રહેલા જે સ્ત્રી અને પુરુષો કહેવાય છે તે તથા તેમનાં અંગ ઉપર રહેલા વસ્ત્રો અને આભૂષણો, અરે ! જે જે નજરે ચઢે છે તે બધા દિવ્યાકાર વગરના હોતા જ નથી. ૨૧. માણેક, મોતી, હીરા, પ્રવાળ વગેરે બધા અત્યંત તેજોમય રૂપવાળા છે. તે બધા શ્રીઘનશ્યામ પ્રભુની મૂર્તિનાં તેજ સમક્ષ નિસ્તેજ થઈ જાય છે. ૨૨. **સૂર્યની આગળ ચંદ્રમાનું જેવું તેજ રહ્યું હોય છે તે રીતે જ બધા તેજોમય ભક્તો પણ અતિશય શોભતા હોય છે. ધામમાં જે જે અને જેટલી વસ્તુ રહી છે તે બધી ભગવાનમાં હેત કરાવનારી હોય છે. ૨૩.**

ધામમાં રહેલા સહુનો એવો સ્વભાવ છે કે મૂર્તિના સિવાય અન્ય વસ્તુમાં કોઈનું ચિત્ત ક્ષણ પણ ટકતું-ચોંટતું જ નથી. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ દાદા ખાચરની આગળ આટલી વાત કહી હતી. ૨૪.

હવે શ્રીહરિ જે થાળ જમ્યા તે વાતને કહું છું. શ્રીહરિ એટલા પ્રેમભાવથી જમ્યા કે જે કહી શકાતું નથી. શ્રીહરિ વારંવાર રસોઈના વખાણ કરતા બો-લ્યા કે, 'આજે રસોઈ એટલી સરસ થઈ છે કે જમતાં તૃપ્તિ જ થાતી નથી. ' ૨૫-૨૬. રસોઈમાં એક એકથી ચઢિયાતી બધી જ વસ્તુ સરસ અને સુંદર બની છે. એમ કહીને પછી ભાત અને દહીં લીધું. ૨૭. દહીંમાં સાકર નાખી. અંગૂઠા પાસેની પહેલી આંગળીથી દહીં, સાકરને પ્રેમથી મેળવ્યા. તેનાથી દહીં સરસ સુગંધી થયું. ૨૮. દહીં, સાકર અને ભાતને જમતાં જમતાં શ્રીહરિએ કહ્યું, અમે જ્યારે દહીં અને સાકર જમવામાં લઈએ છીએ ત્યારે અમારું આખું શરીર ઠંડું રહે છે. ૨૯. ઉનાળાનો વધારે પડતો તાપ અમારાથી સહન થાતો નથી. અમે કોઈ વખતે કસ્તૂરી, લવિંગ અને મરચાં અપાર ખાધા હતા. ૩૦.

અમે જ્યારે સત્સંગમાં આવ્યા, તે પહેલા અમારું શરીર તપથી શૂન્ય જેવું થઈ ગયું હતું. જ્યારે અમે તપ કરવા માટે ઘર છોડ્યું. તે પછી આઠ (સાત ?) વરસ સુધી વનમાં ફરતા રહ્યા. ૩૧. અમને અનાજ તો કયારેક જ મળતું. હંમેશા ફળ, ફૂલ વગેરેને અમે જમતાં. કેટલાએ દિવસ સુધી વાયુ ભક્ષણ કરીને પણ રહ્યા હતા. ઈશ્વર ઈચ્છાથી આ શરીર બચ્યું છે. ૩૨. અમે શરીરનું ભાન છોડી દીધું હતું અને જીવવાની આશા તો રંચમાત્ર પણ રાખી ન હતી. સત્સંગરૂપ પ્રારબ્ધે કરીને અમારો આ દેહ રહ્યો છે, પડ્યો નથી. ૩૩. કોઈ પ્રકારે શરીર ન રહે એવો અમે મનમાં સંકલ્પ કર્યો હતો. વનમાં જે કોઈ જીવ જંતુઓ હતા. સિંહ, સર્પો તથા કેટલીક ભૂતાવળ પણ હતી. ૩૪. તે બધાનો અમે કયારેય ભય રાખ્યો ન હતો. કયારેય અમે કોઈથી લગારેય ડર્યા ન હતા. અમારા શરીરમાં ચેતના શૂન્ય જેવી થઈ ગઈ હતી. તે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ જોયું. ૩૫.

પછી તેમનાં ધ્યાનમાં જેવું આવ્યું તે પ્રમાણે તેમણે અમારાં શરીરની સંભાળ લીધી. અને તેમણે અમને વચનરૂપી પાંજરામાં પૂરી દીધા અને

સત્સંગમાં બાંધી દીધા. ૩૬. મને એવો જતન કરીને બાંધી દીધો કે પછી અમારું કાંઈ જ જોર ચાલ્યું નહીં. 'તેમણે આકાશને કબજે લીધો'. તેમને આવું આવડતું હતું. ૩૭. આકાશની ગતિને જે જાણતા હોય તે જ તેને બાંધી શકે છે. જે ગતિ જ ન કરે તેની આગળ બળ શું કરવું ? તે વાત આવી કહેવાય છે. ૩૮. આમ શ્રીહરિ વાત કરી રહ્યા ત્યારે લાખા ખાચરને થાળ દીધો. ત્યારે મુકુંદ વર્ણીએ આવીને જળથી હાથ ધોવડાવ્યા. ૩૯. પછી એલચી અને તજને સાફ કરીને શ્રીહરિએ મુખવાસ લીધો. ત્યારે પોતાની પાસે નિત્યાનંદસ્વામી હતા. તેને યાદ કરીને થાળની પ્રસાદી આપી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ થાળ જમ્યા તે તથા શ્રીહરિનાં સ્વરૂપનું અને ધામનું દિવ્યપણું કહ્યું' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર નવમું : તરંગ - ૫૨

બોટાદના હમીર ખાચર આદિ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા

શ્રીહરિએ બધા પાર્ષદોને ત્યાં જમવા માટે બેસાડ્યા. પછી પોતે પલંગ પર આવીને બેઠા. તે જ વખતે બોટાદના દરબાર હમીર ખાચર ત્યાં આવ્યા. ૧. તેમની સાથે સોમલા ખાચર હતા. તેમજ માતરા ધાધલ, બંને ગોદડ ધાધલ અને મેરામ ધાધલ હતા. ૨. એક મસ્તી નામે મુસલમાન સ્વભાવે ઘણા મસ્ત હતા અને સારા સત્સંગી થયા હતા. તેમના સત્સંગનો રંગ દિનપ્રતિદિન ચઢતો રહેતો. ૩. હમીર ખાચર આવીને શ્રીહરિને પગે લાગ્યા. જે લાવ્યા હતા તે ભેટ ધરી. તે રીતે જ સહુ પગે લાગ્યા. ૪. તે બધા બબ્બે શેર ઉખડી (ધાણી-દાળિયા જેવું ટીમણ) લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ભેટ ધરાવ્યા.

શ્રીહરિએ તેમને જમવા માટેનું પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, અમે ઘેર જમીને તરત જ આવ્યા છીએ. ૫. આપના સમાચાર જ્યારે સાંભળ્યા એટલે તરત જ બધા દોડતાં જલ્દી આવ્યા છીએ. કેમ જે, આપનું રોકાવાનું ક્યાંય નક્કી હોતું નથી. જ્યાં સુધી ઈચ્છા હોય ત્યાં સુધી આપ રોકાઓ છો. ૬. આપ

તો હરિભક્તોને આધીન છો. સત્સંગનાં હિતને માટે જ આપે આ શરીર કરી રાખ્યું છે. તમારું શરીર તમે પોતાને માટે તો લેશમાત્ર પણ રાખ્યું નથી. આ વખતે આટલી બધી અત્યંત દયા આપે કરી છે. ૭. આવી દયા પૂર્વે ક્યારેય કરી નથી. આ વખતે તો ઘણું અઢળક ઢળ્યા છો. અત્યારે આપનો પ્રતાપ અનંત પ્રકારે દેખાઈ રહ્યો તે કહી શકાતો નથી. ૮. સત્સંગમાં જેટલા ઘર છે ત્યાં બધે કેટલોક પ્રતાપ તો છવાઈ રહ્યો છે. આ વેળાએ એકેએક ભક્તને અપાર નવો નવો પ્રતાપ દેખાડી રહ્યા છો. ૯. માત્ર પોતાનું પેટ ભરવાને માટે જ પાખંડભર્યા મતના જે લોકો ધરી રહ્યા છે તે બધા તો આપના પ્રતાપને જોઈને મડદા જેવા થઈ ગયા છે. ૧૦.

ભૂમિ ઉપર જેટલા પાખંડી મત છે તે બધા છાની રીતે પાપ કરતા હોય છે. અત્યારે સત્સંગનો પ્રતાપ જોઈને તે પાખંડ મતનો સહજ સ્વભાવે ઉચ્છેદ થઈ ગયો છે. ૧૧. આપે જ્યારે કૃષ્ણાવતાર ધાર્યો હતો ત્યારે જન્મથી લઈને સ્વધામ પધાર્યા ત્યાં સુધીમાં અનંત દૈત્યોનો નાશ કર્યો હતો. ૧૨. છતાં ભૂમિ ઉપર અધર્મનું બીજ દટાયેલું રહી ગયું હતું. આ વખતે તો બીજે સહિત સંપૂર્ણ અધર્મનો નાશ કરી દીધો છે. ૧૩. આ સમયે તો પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધીમાં ક્યાંય તલ જેટલો પણ અધર્મ રહી ગયો હોય તો તે બતાવી દીધો છે, જેનાથી કોઈને ભ્રમ ન થાય. ૧૪. અત્યારે જે સત્સંગના નિયમો છે તેમાં ઘણું દૈવત રહ્યું છે. બુદ્ધિશાળી લોકો કહે છે કે અત્યારે સત્સંગના નિયમો સૂર્ય કરતાં પણ વધારે તેજસ્વી છે. ૧૫.

બધા હરિભક્તો અને સંતો અહીંયાં રહીને નિયમોનું પાલન કરે છે. તેનો પ્રતાપ તો પ્રત્યેક બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રતિ છવાઈ રહ્યો છે. ૧૬. વેદ, સ્મૃતિઓ, ભગવદ્ગીતા અને ભાગવત આદિ પુરાણો, એ બધા સત્સંગના નિયમોને દેખીને પુનર્જન્મ થયો હોય તેમ માનવા લાગ્યા છે. ૧૭. તે બધા શાસ્ત્રો અત્યારે વારંવાર પોકારીને કહે છે કે, જગતમાં જેટલા બ્રાહ્મણ થયા હતા તે બધાએ જ અમારો અનાદર કર્યો છે. ૧૮. મોટા મોટા ઋષિઓ બદરિકાશ્રમમાં રહેતા, કેટલાક ઋષિઓ નૈમિષારણ્યમાં રહેતા, તે રીતે જ કેટલાક મોટા મોટા ઋષિઓ દેવલોકમાં અને સત્યલોકમાં રહેતા. ૧૯. તે

બધા ઋષિઓ અત્યાર સુધી અમારું જેવું માહાત્મ્ય છે તે યથાર્થપણે જાણતા હતા. પણ તે જ ઋષિઓની શાખાના જે અત્યારે વિપ્રો રહ્યા છે તે બધા પેટ ભરવા અમને બધા ગ્રંથોને માને છે. ૨૦.

અત્યારે પણ અનંત બ્રહ્માંડોની જે સ્થિતિ રહી છે તે પણ બધા ગ્રંથોને લીધે જ છે. અત્યારે બ્રહ્માંડમાં જે લોકો શાસ્ત્ર (વર્ણ = અક્ષર, અધ્યયન) ના જ્ઞાન વિનાના છે તે બધા શાસ્ત્ર દષ્ટિરહિત થઈ જશે. (શાસ્ત્ર બાબતમાં અંધ થઈ જશે). ૨૧. અત્યારનો જેટલો વ્યવહાર કહેવાય છે, વિધિ અને નિષેધ (પ્રવૃત્તિ અને નિવૃત્તિ) તે બધાને શાસ્ત્રો જ ધારી રહ્યા છે. કોઈ વ્યવહાર શાસ્ત્રથી બહાર નથી. ૨૨. વ્યવહાર શાસ્ત્રથી બહાર છે એમ જે કહેતા હોય છે તેને શાસ્ત્રની કાંઈ ગમ જ પડતી નથી. સત્સંગથી બધી ગમ પડે છે તે અમે હવે નિશ્ચય કર્યો છે. ૨૩. ત્યારે શ્રીહરિવરે તેમને કહ્યું, તમે ધન્ય ભાગ્ય છો. સત્સંગનો યથાર્થ જે મર્મ છે તેને તમે હવે સમજી ગયા છો. ૨૪.

❋ નિત્યાનંદસ્વામીનાં સદ્‌ગુણો :

दोहा : श्रेष्ठ श्रेष्ठ सत्संग में, वात जो जेति होत;
नित्यानंद मुनि बुद्धिवंत ही, रहस्य सुनि चित्त प्रोत...२५
तामें सार हि सार ही, तत्त्व करीके लेत;
सत्संग में मूल अचल ही, ताकु वात सो केत...२६

અત્યારે સત્સંગમાં જે જે શ્રેષ્ઠ વાતો થાય છે તેને સાંભળીને મહાન બુદ્ધિશાળી નિત્યાનંદસ્વામી તેના રહસ્યને પોતાનાં અંતઃકરણમાં પરોવી દે છે. ૨૫. વાતોમાં જે સાર સાર હોય તેનું પણ તત્ત્વ કાઢીને તેઓ લઈ લે છે. સત્સંગમાં જેના સુદઢ મૂળ હોય તેને તે રહસ્ય વાતો કહે છે. ૨૬. કોઈક મનુષ્ય કપટ કરીને સત્સંગની વાતો જાણવા-લેવા આવે તો તે આવનારાને ખાઈ જાનારો મૂર્તિમાન કાળ હોય તેવા નિત્યાનંદસ્વામી દેખાય છે. ૨૭. જે નિષ્કપટપણે સત્સંગનો અપાર પક્ષ રાખે તેવો હોય તેને નિત્યાનંદસ્વામી માહાત્મ્યે સહિત હેતથી એ વાત કહે છે. ૨૮. સત્સંગ કરતા કરતાં જે યોગ્ય અધિકારી થાય તો તેના ઉપર હેત રાખીને તેને તેવું બધું જ્ઞાન વારંવાર

બતાવે છે. ૨૯. પણ તેમાં જો તે સાંભળનારો વિશ્વાસઘાત કરે, તો તેને ફરીવાર ક્યારેય તેવું રહસ્ય જ્ઞાન કહે નહીં.

શ્રીહરિ પણ શાસ્ત્રીય રહસ્યનું જે જ્ઞાન હોય તે પહેલા નિત્યાનંદસ્વામીને કહેતા. ૩૦. **કારણ કે તેઓ સમુદ્રના જેવા ગંભીર, નિર્દંભી અને નિષ્પાપ હતા. તેને શ્રીહરિ પ્રમાણ કરતા. તેઓ બધા જ સંતો અને હરિભક્તોની જે બધી રીત તેને સમજતા હતા. ૩૧.** હજારો કલ્પનો સમય વીતી ગયો. તેમાં જે યુગમાં જે અવતાર થયો હોય તેનું જ્ઞાન શ્રીહરિએ સ્વામીની બુદ્ધિમાં પ્રકાશિત કરી આપ્યું હતું. સ્વામી મનમાં જે કાંઈ ચિંતવતા તે તેમને સાક્ષાત્ દેખાતું હતું. ૩૨. છતાં નિત્યાનંદસ્વામીમાં આ બાબતનો ગર્વ કયારેય દેખાતો નહીં. પોતે પોતાની સમજણથી જ સુખી-પ્રસન્ન રહેતા. બ્રહ્મચર્ય તો બ્રહ્મ જ કહેવાય છે, તેના તો તેઓ અવતાર હતા. ૩૩. જે મોટા મોટા સિદ્ધો અને મુક્તો હતા તે પણ બ્રહ્મચર્ય વગર શોભતા નથી. એવો બ્રહ્મચર્યનો અદ્‌ભુત પ્રતાપ છે. જે સહુથી અધિક કહેવાય છે. ૩૪. જે કોઈમાં વધારે પ્રતાપ હોય તો તે જાણવું કે તેનું બ્રહ્મચર્ય સુદૃઢ હશે. ભગવાન નરનારાયણ ભારે સમર્થ છે. તેઓ બ્રહ્મચર્યરૂપ સર્વોપરિ તપને ધારી રહ્યા છે. ૩૫.

ભગવાન પુરુષોત્તમની ઉપાસના વિનાનું તપ અને બ્રહ્મચર્ય હોય તો તેનું ફળ તો તુચ્છ મળે છે. તે શું ? તો બ્રહ્માંડની અંદરનાં સુખરૂપ ફળ તેને મળે છે પરંતુ બ્રહ્માંડ બહારના ભગવદ્‌ધામાદિના અલૌકિક સુખ તેને મળતા નથી. ૩૬. તેથી કરીને ભગવાનની ઉપાસના સિવાય જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનું દુઃખ ટળતું નથી. અને વારંવાર આ બ્રહ્માંડમાં તે ભટકતો રહે છે. માટે ભગવાનના ભક્તને તેવું અજ્ઞાન શોભતું નથી. ૩૭. ભક્તોને તો એક ભગવાન જ મુખ્ય હોય છે. તે ભગવાનને લઈને અર્થાત્ તેમને પ્રસન્ન કરવા માટે જ બધા સાધન ભક્ત કરે છે. કેમ જે, જેને પરમેશ્વરના મોટા સુખનો વધારે લોભ હોય તેને ભગવાન વિના અન્ય કોઈ લોક, ભોગ આદિનું તાન રહેતું નથી. ૩૮. આ વાત મુક્તાનંદસ્વામીએ ઉત્તમ રાજા-દાદાખાચરને કહી હતી. જેને અત્યારે સત્સંગનો જોગ થયો છે. તેના ભાગ્યનો તો કોઈ પાર જ નથી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બોટાદના હમીર ખાચર વગેરે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.'એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર નવમું : તરંગ - ૫૩

શ્રીહરિ બોટાદ પધાર્યા અને ભક્તોએ સામૈયું કર્યું

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે હમીર ખાચર બે હાથ જોડીને બોલ્યા, પ્રભુ ! અમારી વિનંતીને સાંભળો. ૧. આપ અહીંયાં પધાર્યા છો તે સાંભળીને બોટાદ શહેરના બધા જ હરિભક્તોને આપનાં દર્શન કરવા અહીં આવવાનો ઘણો જ ઉત્સાહ થયો છે. ૨. બોટાદના નગરશેઠ ભાઈચંદ નામે છે. તેના એક પુત્ર ઘણા સારા સત્સંગી થયા છે. ૩. તેઓ અમારી સાથે આવતા હતા. અમે તેમને જાણીને લાવ્યા નથી. અમે હાથ જોડીને અને કોલ આપીને તેમને પાછા વાળ્યા છે. ૪. તેના પિતા ભાઈચંદ શેઠ બધા હરિભક્તોને નિત્ય બિવડાવે છે કે, જે કોઈ મારા પુત્રને પોતાની સાથે બહાર ગામ લઈ જશે તો હું તરત તેનું ઘર ભંગાવીશ. ૫. મારા પુત્રને જે લઈ જાશે તેના ગામ અને ગરાસને હું તોડાવી નાખીશ.

જો સ્વામિનારાયણ અહીંયાં આવે તો મારો પુત્ર ભલે સુખેથી જઈને તેમનાં દર્શન કરે. ૬. સારી રસોઈ કરાવીને ભલે સુખેથી જમાડે. મન ચાહે ત્યાં સુધી બોટાદમાં ભલે રાખે. ખર્ચ થાય તેનાથી હું લેશમાત્ર ડરતો નથી. ધર્મને માટે જે વાપરે તે શું ખર્ચ કહેવાય ? ૭. ધર્મમાં ઉપયોગી થાય તે જ સાચી કમાણી છે. બીજા ધનનું કામ પણ શું છે ? તે તો સાવ નકામું છે. હવે ભાઈચંદ શેઠની આવી ભાવના થઈ ગઈ છે. હવે તેઓ કયારેય સત્સંગનો દ્રોહ કરશે નહીં. ૮. અત્યારે આપને બોટાદમાં આવ્યાનો સમય છે. એટલા માટે જ અમે આપને આગ્રહ કરીને કહેવા આવ્યા છીએ. પછી તો જેવી આપની મરજી ! અમે ક્યારેય આપને રોકવાનો આગ્રહ લગારેય નહીં કરીએ. ૯. અમારી આટલી વિનંતી છે. અમને આપના દાસ જાણીને અને દિલમાં અતિ

પ્રેમ લાવીને તેને માન્ય રાખો. અત્યારે બોટાદમાં જે સત્સંગીઓનાં ઘર છે તેને આપે પોતાના જ માન્યા છે. ૧૦.

હવે તો આપ જ અમારું જીવન થયા છો, તેથી આપ બધાનાં ઘરની રખવાળી કરજો. ચંદ્રમાને ચકોર તરફ તાન નથી પણ ચકોરનું મન ચંદ્રમામાં લોભાયેલું હોય છે. ૧૧. ચકોરને જ્યાં સુધી ચંદ્રમાના દર્શન થતાં રહે છે ત્યાં સુધી તે અમૃતરસનું પાન કરતો રહે છે. ચંદ્રમાના પ્રતાપથી ચકોર અંગારાને ખાય છે છતાં જરાય તે બળતો નથી. ૧૨.

दोहा : अनल हे संसार ही, हरिजन हे चकोर;
हरि तव मूर्ति चंद ही, वृत्ति रखे तामें जोर...१३
तुमारे दरश वचन ही, सो सुधारस पान;
सिंचो दरश तव दईकर, समर्थ श्रीभगवान...१४

આ સંસાર અગ્નિ છે. હરિભક્તો ચકોર પક્ષી છે અને હે હરિ ! આપની મૂર્તિ ચંદ્રમા છે એટલે હરિભક્તો આપની મૂર્તિમાં ચિત્તવૃત્તિ જોડી રાખે છે. ૧૩. આપનાં દર્શન અને વચન, અમારે માટે અમૃતરસનું પાન છે. આપ સર્વસમર્થ ભગવાન છો માટે અમને આપના દર્શન દઈને અમૃતરસનું સિંચન કરો. ૧૪.

શ્રીહરિએ હરિભક્તોનો ભક્તિભાવ જોઈને તેને પૂરો કરવા માટે કહ્યું, તમે એક અશ્વ લાવો. અત્યારે અમારી પાસે અશ્વ નથી. ૧૫. અત્યારે અમે હરિભક્તોને સુખ આપવા માટે પગે ચાલીને જઈએ છીએ. પણ તે તમને નહીં ગમે. એટલે અશ્વ ઉપર બેસીને બોટાદ આવશું. ૧૬. આ બાજુ લાખા ખાચરે ચોપ (ઉત્સાહ) રાખીને તુરંત ભાવ પ્રમાણે પૂજા કરી. શ્રીહરિને સમઢિયાળામાં રાત રહેવાનો વિચાર હતો તે એક પલકવારમાં બદલાઈ ગયો. ૧૭.

❋ સંપ ત્યાં સુખ અને કુસંપ ત્યાં દુઃખ :

લાખા ખાચર બોલ્યા, કોઈ કારણ (હેતુ) વિના આમ કોણ કરે ! માટે જો આ સમયે હું રોકું તો તત્કાળ હેત તૂટી જાય. ૧૮. **અને કદાચ શ્રીહરિ હમીર ખાચરની સાથે બોટાદ આવે કે ન આવે પણ અમારી સાથે તો અત્યારે**

જ કુસંપ (અણબનાવ) થઈ જાય. જ્યાં કુસંપ થાય ત્યાં પ્રેમરસ રહે નહીં. એક પળવારમાં જ હેત મટી જાય. ૧૯.

चोपाई :

कुसंप करना तामें न सारा, संप में हेत सो रहत अपारा;
हेत रहे त्युं करत विचारा, एही मत हे सदा हमारा...२०
एक एक हि गासे ज्यां लगही, संप को संप रहे त्यां लगही;
एक गासे एक कबु न गासे, तब हि संप सो तर्त हि नासे...२१

પરંતુ કુસંપ કરવામાં કાંઈ સાર નથી. સંપ હોય તો અપાર હેત રહે છે. હેત રહે તેવો વિચાર કરવો જોઈએ અને તે મારો કાયમનો મત છે. ૨૦. પરસ્પર એકબીજાનો ઘસારો જ્યાં સુધી સહન કરે ત્યાં સુધી, હોય તેવોને તેવો સંપ રહે. એક ઘસારો લે અને બીજો ક્યારેય ઘસારો ન લે, તો પરસ્પરનો સંપ તરત મટી જાય. ૨૧.

આ જગતના બધા સંપ આવા છે. હું તો તેવું સમજીને કાંઈ બોલ્યો નથી. આ બોટાદના ભક્તો જેમ બોલાવવા આવ્યા છે તેમ અમે શ્રીહરિને બોલાવવા નહોતા આવ્યા. ૨૨. છતાં શ્રીહરિએ આવીને અમને દર્શન દીધાં છે. તેને અમે તેમની અમારા ઉપર અપાર કૃપા છે એમ માનીએ છીએ. અને જો અમૃત જેવી વસ્તુ હાથમાં હોય તો અમૃત જેવી વસ્તુથી કોને તૃપ્તિ થાય ? ૨૩. અમૃતનો તો સહુને ભાવ હોય છે. એવું કોણ કહેશે કે મને અમૃતનો અભાવ છે. જે અમૃતને પીવા દે તેના સમાન કોઈ બીજો હિતકારી કહેવાય નહીં. ૨૪. આ રીતે જે ગુણગ્રહણ કરે તે ઘણો સારો મિત્ર કહેવાય અને આવી બાબતમાં પણ જે તેનો ગુણ ગ્રહણ ન કરે, તે મિત્ર ગમાર છે. ૨૫.

પછી લાખા ખાચરને રાજી કરીને તત્કાળ કૃપાળુ શ્રીહરિ ગામની બહાર આવ્યા. અને બોટાદને માર્ગે અશ્વ દોડાવીને ચાલતા થયા. ૨૬. દિવસ બે ઘડી બાકી હતો ત્યારે શ્રીહરિએ અશ્વ દોડાવ્યો. અશ્વ વારકી ચાલમાં દોઢ ઘડી સુધી દોડાવ્યો. ૨૭. બોટાદની પાસે આવી ગયા. ત્યાં વિવિધ પ્રકારની સારી વાડીઓ હતી. વૃક્ષોની ઘાટી છાયા હતી ત્યાં આવીને તરત અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૨૮. ત્યાં માતરા ધાધલની સુંદર વાડી હતી. તે વાડીના કૂવાનું

સારું પાણી જોઈને શ્રીહરિ ત્યાં નાહ્યા. ૨૯. અને તે કૂવાનું પાણી પ્રેમથી પીધું. ઠંડું અને મીઠું પાણી વખાણ્યું. વસ્ત્રો પહેરીને જ્યારે તૈયાર થયા ત્યારે ગામમાંથી હરિભક્તો ત્યાં આવ્યા. ૩૦.

સહુ પહેલાં હરિભક્ત બ્રાહ્મણો આવ્યા. તેઓ શ્રીફળ અને ફૂલહાર લાવ્યા હતા. તે ફૂલહાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. ૩૧. અને શ્રીફળ ચરણોમાં ભેટ મૂક્યા. બધા પગે લાગ્યા. ગામમાં જેટલી જાતના વાજિંત્રો હતાં ઢોલ, શરણાઈ અને ભૂંગળ વગેરે, ૩૨. તે લાવ્યા. કાઠી દરબારોના જે રાવળ કહેવાતા હતા તેમના તે વાજિંત્ર હતાં તે બધાને લઈને દાહા ખાચર આવ્યા અને મશાલીઓને પણ બોલાવ્યા. ૩૩. વણિક ભગાશેઠ, બીજા જેટલા હરિભક્ત વેપારીઓ હતા તેમને સાથે લઈને આવ્યા. ચકુભાઈ, મૂળચંદ, કેશવલાલ, હીરાચંદ, કરશનજી તથા બીજા પણ શૂરવીર પારેખ ભક્તો હતા. ૩૪. અદા શેઠ, તેમના પુત્રો, એ બધા ઘણા સારા હરિભક્ત હતા, તે સહુ સાથે આવ્યા. સોની, સુતાર, લુવાર, ખેડૂત, કણબી અને કુંભાર વગેરે પણ આવ્યા. ૩૫.

સહુએ ફૂલહાર અને શ્રીફળ લીધાં હતાં. આવીને સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. સહુ પહેલા ભગાશેઠે આવીને શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. ૩૬. શ્રીફળ ચરણોમાં મૂકયાં અને થાળ ભરીને સાકર લાવ્યા હતા. તેને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ હાથમાં લીધી. ૩૭. જેઓ પૂજાનો સામાન લાવ્યા હતા તે સહુ હરિભક્તોએ પૂજા કરી. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. અત્યંત ઉત્સાહપૂર્ણ ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૩૮. અદા શેઠને શ્રીહરિના ઉપર હેત બહુ હતું. તેણે એક ફૂલબાગ કર્યો હતો તે બાગમાં શ્રીહરિને ઉતારો કરાવીને રાખ્યા. ૩૯. પહેલા ઉગમણે દરવાજે ગયા અને ત્યાંથી ગામમાં પ્રવેશ કરાવ્યો. હરિભક્તો બધા સમર્થ હતા તેથી બજારોને સારી રીતે શણગારી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ બોટાદમાં પધાર્યા અને હરિભક્તોએ સામૈયું કર્યું' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર નવમું : તરંગ - ૫૪

બોટાદમાં લોકોને દર્શન આપતા શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા.

શ્રીહરિ **બોટાદ**ની બજારમાં આવ્યા ત્યારે અપાર શોભા કરી હતી અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. આવા વાજિંત્ર કયારેય સાંભળ્યાં ન હતાં. ૧. વાજિંત્રોના શબ્દથી આખું આકાશ ગાજી રહ્યું હતું. તે સાંભળીને પુરવાસી નરનારીઓ કોઈ ઘરમાં રહી શકયા નહીં. ૨. તે બધા લોકો આવીને બજારમાં ઊભા રહ્યા. સહુ ભાવથી મૂર્તિનાં દર્શન કરતા હતા અને મસ્તક નમાવી, હાથ જોડીને પગે લાગતા હતા. ૩. ભાવિક ભક્તો ફૂલહાર પહેરાવતા અને શ્રીફળ લઈને ચરણોમાં ભેટ મૂક્તા. ૪. ત્યાંના દરજી હરિભક્તો બહુ ભાવિક હતા. તેઓ ફૂલનો ખૂંપ (પરણવા જતા વરને પહેરવાનો ફૂલનો એક શણગાર) બનાવીને લાવ્યા હતા. તેમાં ઘણી કારીગરી કરી હતી. ૫.

તે ખૂંપ શ્રીહરિનાં મસ્તક ઉપર પહેરાવ્યો. તેનાથી મૂર્તિની શોભા ઘણી વધી ગઈ. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. તેમાં મોટો કુંકુમનો ચાંદલો કર્યો. ૬. ભક્તો અપાર ગુલાલ લાવ્યા હતા. અપાર હેત જણાવીને તે ગુલાલને ઉડાડવા લાગ્યા. બધા હરિભક્તો બજારમાં ધોળ રાગના મંગળમય કીર્તન ગાતા હતા અને શ્રીહરિ ધીરે ધીરે બજારે ચાલ્યા જતા હતા. ૭. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરીને આવી હતી. તે આવો અલૌકિક અવસર જોઈને હેત કરીને મોતીથી વધાવતી હતી. ૮. **ભગવાનના સંબંધનો મહિમા સમય ગયા પછી અપાર હેત કરો કે ન કરો, તે કાંઈ શોભતું નથી. સમય ઉપર જેવું ઉપયોગમાં આવે તેવું સમય વિના ક્યારેય શોભે નહીં. ૯.**

❋ ભગવાનનાં સંબંધનો મહિમા :

શબરી યોગ્ય સમયે જો બોર લાવી હતી તો વનમાં શ્રીરામચંદ્રજીને જમાડ્યા હતા. તેથી તેનો યશ આજ સુધી ગવાઈ રહ્યો છે. સમયની વાત તો એવી છે. ૧૦. જગતમાં જે જે કવિઓ થાય છે તે બધા તેની વાત લખતા

હોય છે. વાનર તો કજાત કહેવાય. કોઈ તેનું નામ પણ ન લે. ૧૧. **પણ તે વાનરો યોગ્ય સમયે રામચંદ્રજીની સેવામાં ઉપયોગી થયા અને રામના પક્ષમાં રહીને લડ્યા. તો તે વાનરોનો યશ દિનપ્રતિદિન વધતો રહ્યો છે અને હજીએ ઘેરઘેર નરનારી તે યશને ગાય છે. ૧૨.** બરોબર સમયે ઉપયોગમાં આવેલ અણુ જેટલી વાત પણ બ્રહ્માંડ જેટલી લખાય છે અને તે અણુ જેટલી વાત કંચનનાં બ્રહ્માંડો બનાવે તોપણ તેની બરોબર ન થાય. ૧૩. ગોપીઓ અને ગોવાળો વનમાં ફરનારા હતા. તેઓ કાંઈ વિપ્ર અને રાજાના જેવા ગણાય નહીં. તેઓ ધનાઢ્યના તો લેખામાં જ નહીં, છતાં પણ તે બધા કરતા તેમનો યશ ઘણો ઉજ્જવળ થયો. ૧૪.

વેશ્યા તો અત્યંત વ્યભિચારિણી હોય છે. તેનું તો નામ લઈએ તોપણ દોષ લાગે. છતાં પિંગળાએ ભગવાનનું ભજન કર્યું તો તે મંગળરૂપ થઈ. ૧૫. અજામિલ અત્યંત અધમ હતો, તોપણ નારાયણ નામથી તેનો ઉદ્ધાર થયો હતો. સત્સંગની વાત ઘણી અગમ્ય છે. સત્સંગ થયા વિના તેનો લાભ મળતો નથી. ૧૬. તે વાત ભાગવતમાં ઠેકઠેકાણે કહેલી છે. ભગવાનનું ભજન કરનારો અંત્યજ હોય તોપણ તે હરિવિમુખ વિપ્ર કરતાં મોટો છે. અને તે ભગવદ્ભજન કરનારાને ફરીવાર ભવભટકણ રહેતું નથી. ૧૭. પશુ, પક્ષી, વૃક્ષ, તળાવ, નદી, ઘાસ, ગુચ્છ, લતા, વેલો, કૂવો, કુંડ અને વાવ એ બધા ભગવાનના યોગથી અત્યંત પવિત્ર થયા છે. ૧૮.

(यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत् प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥
अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम् ।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते ॥

૧. અર્થ : હે ભગવાન ! ક્યારેક પણ તમારા નામનું શ્રવણ-કીર્તન કરવાથી, તમારું સ્મરણ કરવાથી તથા તમોને પ્રણામ કરવાથી નીચ જ્ઞાતિનો માણસ પણ તત્કાળ યજ્ઞ કરવા જેટલો પવિત્ર થઈ જાય છે, તો તમારાં દર્શનથી પવિત્ર થાય તેમાં શું કહેવું ? આ એક આશ્ચર્યની વાત છે કે,

જેની જીભ ઉપર તમારું નામ વર્તે છે તે શ્વપચ પણ તમારા નામોચ્ચારણથી તમારી ભક્તિએ રહિત એવા બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ થાય છે. વળી જે જનોએ તમારા નામનું ઉચ્ચારણ કર્યું છે, તેમણે તપ કર્યું છે, તેમણે હોમ કર્યો છે, તેમણે તીર્થમાં સ્નાન કર્યું છે, તે સદાચારવાળા છે, તેમણે વેદનો અભ્યાસ કર્યો છે, એમ જાણવું. - *ભાગ. ૩/૩૩/૬-૭*)

કાલીયનાગ જેવા જળજંતુઓ પણ ભગવાનના સંબંધને લીધે 'ધન્ય ભાગ્ય' લખાયા છે. તો મનુષ્યનાં ભાગ્ય બાબતમાં તો શું કહેવું ? ૧૯. ભગવાનના યોગ વિના તો વિદ્વાન વિપ્રો કર્મકાંડમાં કુશળ હતા તથા જપ, તપ, વ્રત, તીર્થ અને યજ્ઞના કરનારા હતા, તોપણ મોક્ષપદ પામી શકયા નહીં. માટે ભગવાનના યોગ વિના સાધન ફળે નહીં ને મોક્ષ થાય નહીં. ૨૦. એટલા માટે વેદ અને પુરાણોનો એવો સિદ્ધાંત છે કે ભગવાનના સંબંધ સિવાય કોઈનો મોક્ષ થાતો નથી. ભગવાનના સંબંધવાળાનો સંબંધ પણ ઘણો ભારે કહેવાય છે. અને તેના સંબંધીનો પણ સંબંધ સુખકારી હોય છે. ૨૧.

हरि के सबंध प्रगट हि जानी, साधन करे जो जो जे प्रानी
सो साधन सब मोक्ष हि रूपा, प्रगट विन भटके भवकूपा...२२
प्रगट के सबंध को महिमा हे भारी, वार वार हि लिखत संभारी
पुरजन वासी जेते नरनारी, हरि के दरश करत तेहि वारी...२३

ભગવાનના સંબંધને પ્રગટ જાણીને મનુષ્ય જે જે સાધન કરે છે તે તે બધાં મોક્ષરૂપ થાય છે અને પ્રકટનો સંબંધ ન હોય તો સંસારરૂપી કૂવામાં ભટકયા કરે છે. ૨૨. પ્રગટના સંબંધનો મહિમા ઘણો ભારે છે. એટલે તેને સંભારીને વારંવાર લખું છું.

બોટાદના બધા જ પૂરવાસી નરનારીઓ વારંવાર શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૨૩. મતપંથીઓના સમાગમથી જેને પાપ લાગ્યું હતું તેઓ પણ બધા દર્શન કરીને તરત નિષ્પાપ થઈ ગયા હતા. માટે તેઓ પરસ્પર એમ બોલતા કે 'સ્વામિનારાયણ'ના સમાન બીજું કોઈ નથી. ૨૪. સત્સંગ સિવાયનાં બધાં જ મત મલિન થઈ ગયા છે. તેમાં લેશમાત્ર પણ ધર્મ રહ્યો નથી અને તેમનું

બધાનું તેજ નષ્ટ થઈ ગયું છે. ૨૫. પોતપોતાના સિદ્ધાંતના માહાત્મ્યની ઓથે નિષ્કામ આદિ નિયમોના બધા કોટ તોડી નાખ્યા છે. ૨૬. સત્સંગમાં તો દિનપ્રતિદિન શ્રીહરિએ પોતાના સામર્થ્યથી નિષ્કામધર્મને દૃઢ કર્યો છે અને તેની રક્ષા માટે નિયમોથી યુક્ત મજબૂત વજ્રકોટ બનાવ્યો છે. ૨૭.

હરેક મનુષ્યના દેહમાં વારંવાર વિઘ્ન કરનારા જેટલા અધર્મના દ્વાર છે તેને નિયમોએ કરીને કબજે કર્યા છે. ૨૮. શ્રીહરિએ તે અધર્મનાં દ્વારને કબજે કર્યા છે છતાં વારંવાર પોતાના દરેક ભક્તોનું પૂરેપૂરું ધ્યાન રાખતા રહે છે. કેમ જે, જો ધ્યાન રાખવામાં ન આવે તો તે અધર્મ દરવાજાને તોડી નાખે અને બળ કરીને નિયમની ચોકીને ઉઠાડી મૂકે છે. ૨૯. જેમને મોક્ષ મેળવવાનો ખપ નથી તેઓ તો પોતપોતાના વિષયભોગમાં જ તત્પર રહે છે. જન્મ, મરણ, મહા ઘોર જમપુરી અને લખચોરાશી એ બધાનું દુઃખ થોડું નથી. ૩૦.

ઈંદ્રિયો અને તેના વિષયો ક્યારેય કબજામાં આવે એવા નથી. તે જીવને વારંવાર દુઃખ ભોગવાવે છે. જ્યારે જીવ ઈંદ્રિયોમાં અને વિષયમાં સુખ માને છે ત્યારે તેને અનંત દુઃખ સહન કરવું પડે છે. ૩૧. જીવ જન્મ અને મરણનાં અપાર દુઃખને સહન કરે છે છતાં લગાર પણ ગમ પડતી નથી. કારણ કે આ બ્રહ્માંડમાં જેટલા પ્રાણી રહ્યા છે તે બધા દુઃખમાં જ સુખ માને છે. ૩૨. વિષયભોગને નિમિત્તે નાક, કાન અને માથું કપાવે છે તોપણ જીવ તેમાં અત્યંત સુખ માને છે. પતંગિયું અતિશય અજ્ઞાની હોવાથી તે દીવાનાં રૂપને દેખીને આંધળું થઈ જાય છે. ૩૩. તે દીવાને દેખતાની સાથે જ તેમાં પ્યાર કરીને બલાત્ સળગી જાય છે. તેમ જીવને જેમાં પતંગિયાના જેવો પ્રેમ થાય છે, તેમાં કરોડગણું દુઃખ હોય તોપણ પતંગિયાની જેમ તેમાં સુખ જ માને છે. ૩૪.

✵ સંતનો યોગ મળે તેનો ભવરોગ ટળી જાય :

તે અજ્ઞાનનો સાગર પણ જીવને માટે સુખનો સાગર થઈ જાય છે. ભગવાન અને સંતોના સિવાય બીજો કોઈ તેને યથાર્થરૂપમાં દેખતો નથી. આ બ્રહ્માંડના બધા જ વિષયસુખને કાકવિષ્ઠાના સમાન માને છે. ૩૫. એવાને વિષયમાં દુઃખ દેખાય છે. પૂરી સમજણ નહીં હોવાથી જીવ એમાં લોભાઈ રહે છે.

સાચા હરિ અને સાચા સંતો વિષયોમાં દુઃખ બતાવે છે. એમ જ્યારે સાચા હરિ, સંતનો જોગ થાય છે ત્યારે તેઓ જીવના અનંત ભવના રોગોને ટાળે છે. ૩૬.

दोहा : साचे हरि संत मिले विन, भवदुःख रोग न जात;
दिन दिन रोग अधिक ही, जोग विन जिय में भरात...३७

स्वामिनारायण दरश से, जीय में भये प्रकाश;
दोष आये तब देखने, भगवान हि साचे तास...३८

સાચા હરિ અને સાચા સંત મળ્યા વિના સંસારનો દુઃખરૂપી રોગ ટળતો નથી. સંતોના યોગ વિના તો દિનપ્રતિદિન ભવરોગ જીવમાં વધારેને વધારે ભરાતો રહે છે. ૩૭. અત્યારે સ્વામિનારાયણનાં દર્શન થયા છે. તેથી જીવાત્મામાં પ્રકાશ થયો છે, બધા દોષ દેખાવા લાગ્યા છે. માટે આ સ્વામિનારાયણ સાચા જ ભગવાન છે. ૩૮.

અત્યાર સુધી તો આપણે આપણા ગુરુઓની સેવા મન, કર્મ અને વચનથી નિત્ય કરતા જ રહ્યા છીએ. પણ તેનાથી આપણી કોઈ પણ કુટેવો ટળી નથી પણ દોષો તરફ વધારે વધારે દોડતા રહ્યા છીએ. ૩૯. ગુરુને પોતાને જન્મ-મરણનાં દુઃખની ગમ નથી. તેઓ તો આ શરીરમાં જ સુખ માની રહ્યા છે. પોતે નરકમાં ડૂબે છે અને બીજાને પણ તેમાં ડુબાડે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બોટાદમાં લોકોને દર્શન આપતાં શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા.' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર નવમું : તરંગ - ૫૫

દરબારગઢના ચોકમાં શ્રીહરિ ચબૂતરે બેઠા અને પછી જમવા પધાર્યા

શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરનારા લોકોનાં મન તેમાં ચોરાતા હતા. શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા ત્યારે હરિભક્તો મંગળમય કીર્તન ગાતા હતા. ૧. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ ચોક વચ્ચે આવ્યા ત્યારે મોટા મોટા વેપારી જે શેઠ હતા તે બધા ત્યાં ઊભા હતા. ૨.

ત્યાં જેટલી દુકાનો હતી તેને ચિત્ર વિચિત્ર રીતે શણગારી દીધી હતી અને તેના દરેક દરવાજામાં બાંધેલા મોતીનાં તોરણ શોભી રહ્યાં હતાં. ૩. મોટા મોટા શેઠિયાઓને દેખીને શ્રીહરિ બોલ્યા, તમે ધનાઢ્ય થયા છો તે તમારાં પુણ્યકર્મને લીધે પરમેશ્વરે તમને ધનાઢ્ય કર્યાં છે. ૪. જે કર્મનાં ફળને આપે છે તેને અમે પરમેશ્વર કહીએ છીએ. તે અંતર્યામી કહેવાય છે. કારણ કે તે જીવોનાં બધાં જ કર્મોને દેખે છે. ૫.

✵ હિસાબનો મહિમા :

તમે જે વેપાર કરો છો તે બધું લખી રાખો છો. તમે બધા બુદ્ધિમાન કહેવાઓ છો છતાં લખ્યા વિના ખબર પડતી નથી. ૬. બુદ્ધિમાન હોય છતાં જે લખી રાખે નહીં, તેનું રાજ્ય કે સંપત્તિ, બધું ડૂબી જાય છે. જો લખવામાં આવે તો લાભ અને નુકશાની દેખાય છે અને વગર લખ્યે વ્યવહાર ડૂબી જાય છે. ૭. કર્મફળને આપનારા પરમેશ્વરે બધી વ્યવહારની રીત બાંધી છે અમે કર્મ ત્રણ પ્રકારનાં કહીએ છીએ અને તેનું ફળ પણ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. ૮. અમે અમારે મુકામે જઈએ છીએ. તમારે અમને કાંઈ પૂછવું હોય તો ત્યાં આવજો. **કર્યા વિના કોઈ કામ સફળ થાતું નથી અને સારું કામ ન કરીએ તો ન કરવા જેવું થાય છે. ૯. તમે વેપાર કરો છો, તો તમને લાભ મળે છે. વેપાર કર્યા વિના તો નુકશાની થાય. અમે મોક્ષરૂપી મહાધનનો વેપાર કરવા આવ્યા છીએ પણ જેને ખપ ન હોય તેને તે આપતા નથી. ૧૦.**

તમારાં ધન કરતાં અમારું ધન ઘણું ભારે છે. આ મહાધનના જે અધિકારી હોય તેને અમે આપશું. તમારા ધનમાં અનંત દુઃખ રહ્યું છે. છતાં તમે તેમાં સુખ માની બેઠા છો. ૧૧. આવું બધું વિચારી જોતા તમારી કોઈ બુદ્ધિમત્તા અમારી નજરમાં આવતી નથી. પેટ ભરવા માટે તો બધા જ પ્રાણીઓ ઉદ્યમ કરે છે. તેમાં કાંઈ મોટી વાત દેખાતી નથી. ૧૨. શ્રીહરિએ ચાલતાં ચાલતાં આટલી વાત કહી અને પછી ત્યાંથી આગળ ગયા. સહુને દર્શન દેતાં દેતાં દરબારના રાજદ્વારમાં આવ્યા. ૧૩. તે રાજદ્વારમાં જે પૂર્વ અને પશ્ચિમ બારના ઘણાં ઊંચા મકાન હતાં તેમાં ધર્મકુમાર શ્રીહરિ ઊતર્યા. ૧૪. તે મકાનને બંને બાજુ ઓસરી હતી. વચ્ચે ઓરડો હતો. દરબાર હમીર

ખાચર દોડી જઈને એક સારો પલંગ ત્યાં લઈ આવ્યા. ૧૫. સોનેરી ચિત્ર કરેલો તે પલંગ પ્રેમથી ઢાળ્યો. તેના ઉપર ગાદી તકિયા વગેરે બિછાવ્યું. પછી તેના ઉપર શ્રીહરિ બેઠા. ૧૬. સુખકારી શ્રીહરિએ આગળના ચોકમાં એક મોટો ચોતરો દેખ્યો. પછી પલંગ તે ચોતરા ઉપર લેવડાવ્યો. બધા ભવનોને વિચિત્ર રીતે શણગાર્યાં હતાં. દરવાજાઓમાં મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. ૧૭. ઓસરીમાં જેટલા થાંભલા હતા. તે બધાને સોનેરી કરાવ્યા હતા. બિલોરી ઝાડ લટકાવી દીધાં હતાં. શ્રીહરિ તેને દેખતાં જ રહી ગયા. ૧૮. વિશાળ ચોક જોઈને શ્રીહરિએ કહ્યું, અમારો ઉતારો સારો કરાવ્યો છે. ગામમાં જ્યાં સાંકડી જગ્યા હોય છે ત્યાં અમને ગમતું નથી. ૧૯. અમે કયારેય સંકડાશમાં રહ્યા નથી. વધારે તો અમે વનમાં ફર્યા છીએ. જ્યારથી અમારો જન્મ થયો ત્યારથી અમારી પ્રકૃતિ જ એવી રહી છે. ૨૦.

વનમાં ફરવાની જ અમારી રુચિ રહેતી. કયારેય ઘરમાં રહેવું અમને ગમતું નહીં. વન, વૃક્ષ, સરોવર, નદી વગેરેને જોઈને અમારા મનમાં ઘણો આનંદ થાય છે. છપિયા(છપૈયા) ગામ તો અમારા માતામહ(નાના=માતાના પિતા)નું હતું અને અમારા પિતાનું ગામ તો છપૈયાથી પૂર્વમાં ઘણું દૂર હતું. તે ઈટાર નામે શહેર હતું અને ત્યાં પાંડે(પાંડેય) અટકના વિપ્રો કહેવાતા. ૨૨. શહેરના જ વતની અને સરવરિયા (સરયૂપારીણ) વિપ્રોનાં તેર ઘરોમાં ઘણાં ઊંચા ગણાતા હતા. બીજા સરવરિયા વિપ્રોમાં તેમની ઘણી ચાહના હતી. ૨૩. અમારા નાનાએ અમારા પિતા (ધર્મદેવ)ને પોતાને ઘેર રાખ્યા. એટલે અમારો ત્રણેય ભાઈઓનો જન્મ છપૈયામાં થયો છે. ૨૪. ત્યાં ભગા શેઠ આદિ ઘણા હરિભક્તો હતા, તેમાં કોઈના મનમાં શ્રીહરિનાં કુળ-કુટુંબ જ્ઞાતિ કે જન્મ બાબતમાં કાંઈ ઘાટ-સંકલ્પ થયો હશે, તેને જાણીને શ્રીહરિએ આવી બધી વાત ત્યારે કહી હતી. ૨૫.

શ્રીહરિની કહેલી વાતોને અને ચરિત્રોને બધા સંતો મોક્ષરૂપ પુરુષાર્થથી ભરેલાં માનતા હતા. ૨૬. **શ્રીહરિ જે જે ચરિત્ર કરતા તેમાં બીજાને કાંઈ ગમ પડતી નહીં. તેનાથી ચરિત્રો અગમ્ય લાગતા છતાં પણ તે ચરિત્રોને તેઓ જોયા કરતા. ૨૭.** પછી અદા શેઠ મનમાં રાજી થઈને બોલ્યા, મહારાજ !

મારાં મનની જે ઈચ્છા હતી તે દેખીને આપે અત્યારે પૂર્ણ કરી છે. અર્થાત્ તેના સંકલ્પના ઉત્તર રૂપે પોતાના વૃતાંતની વાત કરી. ૨૮. પ્રભુ આપનાં જે બાળચરિત્રો છે તેને મેં ક્યારેય સાંભળ્યા નથી. તે આપના સિવાય અમને કોણ સંભળાવે ? અને આપ સંભળાવો, એમ અમે કહી શક્તા નથી. ૨૯. તો જ્યારે આપની નજરમાં આવે ત્યારે મને બાળ ચરિત્ર કહેજો. આપનાં બધાં ચરિત્ર અમૃતરસરૂપ છે અને તે બધા જ અનુપમ મોક્ષકારક છે. ૩૦.

જે સમયે ભોજન જમવામાં આવે તે તરત જ બધી ભૂખને ટાળે છે. તેમાં જેને જેવી રુચિ હોય તેવો સંતોષ થાય. રુચિ અને રુચિકર ભોજન વિના તેવો આનંદ થતો નથી. ૩૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, જેટલા માણસ હોય છે તે બધાની રુચિ અલગ અલગ હોય છે, તેથી અનેક પ્રકારની રુચિને ધ્યાનમાં રાખીને અને તેને અનુસારે અમે બધી વાત કહીએ છીએ. ૩૨. સહેજે સહેજે જેવી વાત થાય છે તેવી વાત ધારી, વિચારીને કહીએ ત્યારે થતી નથી. એટલે જેવો સમય હોય તેવી જો વાત થાતી હોય, તો તે વાતમાં ઘણો જ સહજ રસ આવે છે. ૩૩. સ્વાભાવિક રીતે જે ફળ પાકે તેનો રસ ઘણો સ્વાદુ હોય છે અને જે ફળને પરાણે પકવવામાં આવે તેનો રસ મીઠો હોતો નથી. ૩૪.

આટલી વાત કહીને શ્રીહરિએ જે ફૂલહાર હતા તે બધાને આપ્યા અને જે સુંદર ખૂંપ હતો તે નિત્યાનંદસ્વામીને આપ્યો. ૩૫. નિત્યાનંદસ્વામીએ તે ખૂંપ મસ્તક ઉપર ચઢાવ્યો. તેમાં ફૂલોનો સુગંધ ઘણો જ આવતો હતો. પછીથી તે ખૂંપ નિર્ગુણાનંદસ્વામીને આપ્યો. તેમણે તેને ઘણો સંભાળીને રાખી લીધો. ૩૬. ત્યાં જે ફૂલોનો બાગ હતો તેમાં અપાર હાર હતા. તે અદા શેઠે એક એક કરીને બધા લઈ લીધા. ૩૭. હાર આપવામાં જે હરિભક્તો બાકી રહી ગયા હતા તેમને બોલાવીને બધા વાડીના હાર આપ્યા. તેનાથી સહુ ઘણા જ રાજી થયા. ૩૮. તે સમયે રસોઈ તૈયાર કરીને વર્ણી બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ તરત જ ચાલતા થયા. સારું પીતાંબર એક પહેરી લીધું. ૩૯. બીજું પીતાંબર માથે ઓઢી લીધું. હાથમાં રૂમાલ લીધો હતો અને ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'દરબારગઢના ચોકમાં શ્રીહરિ બેઠા અને પછી થાળ જમવા પધાર્યા.' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર નવમું : તરંગ - ૫૬

થાળ જમતી વેળાએ શિવજીની વાતનો પ્રસંગ કહ્યો

શ્રીહરિના ચરણ ધોયા અને રૂમાલથી લૂછ્યાં. પછી સોનાના બાજોઠ ઉપર આવીને ઘણા હેતથી બેઠા. ૧. સાકરનો કંસાર, સુંદર પૂરી અને સરસ તાંદળજાની ભાજી થાળમાં પીરસીને ધરાવ્યા. ૨. શ્રીહરિ જ્યારે જમવા લાગ્યા ત્યારે મોના જોષી અને વિપ્ર નરસી, વીરણવાળાનો પંખો ભીંજવીને લઈ આવ્યા. ૩. જેવી શ્રીહરિની રુચિ હતી તે પ્રમાણે બંને વિપ્ર ધીરે ધીરે પંખાથી પવન નાખવા લાગ્યા. બંને હરિભક્ત વિપ્રોને દેખીને શ્રીહરિ ઘણું ખુશી થયા. ૪.

❋ મુકુંદ બ્રહ્મચારીનાં બે મહાન સદ્‌ગુણો :

તે બંનેની ભાવના જોઈને શ્રીહરિ બોલ્યા, આવા સેવક અમને ગમે. વગર કહ્યે જેવી અમારી રુચિ છે તે પ્રમાણે સમયસરની સેવા બંને કરે છે. ૫.

समय में सेवा करनी जेता, सो सेवा अति उत्तम तेता
ता पर प्रीति दिन दिन ही होउ, करे विन भाव होवत सोउ...०६
अनुवृत्ति सेवा करना जेहा, एसे सेवक न मिलत तेहा;
मुकुंद वर्णी जो सेवक हमारे, तामें दो गुण अधिक हे भारे...०७
निष्काम सनकादिक से भारी, ब्रह्मांड में कोउ देखत न नारी;
मात बेन पुत्री कर जोउ, नारी मात्र कु देखत सोउ...०८

સમયને અનુરૂપ જે સેવા કરવી તે ઘણી ઉત્તમ કહેવાય છે. તેવા સેવક ઉપર દિન પ્રતિદિન વગર કર્યે પ્રેમભાવ થાય છે. ૬. અમારા સેવક જે મુકુંદાનંદ વર્ણી છે, એવા સેવક મળતા નથી. કેમ જે, તેમાં બે ગુણ ઘણા

ભારે છે. એક અનુવૃત્તિ સાચવીને સેવા કરે છે. ૭. અને બીજો ગુણ એ જે તેમનામાં નિષ્કામપણું તો સનકાદિકો કરતા પણ ઘણું અધિક છે. બ્રહ્માંડમાં કોઈ નારી સામે દેખતા નથી અને દેખે છે તો નારીમાત્રને 'મા, બહેન અને દીકરી' ના ભાવથી જુએ છે. ૮.

કદાચ તેમને સ્વપ્નમાં પણ જો નારી દેખાય તોપણ તેની બુદ્ધિ ફરે નહીં. અને જયાનંદ વર્ણી પણ ભારે શુદ્ધ છે. કેમ જે, સત્સંગથી જ બુદ્ધિ સારી રહે છે. ૯. સહજ સુખદાયક શ્રીહરિ હમીર ખાચર સાથે વાતો કરવા લાગ્યા. અમસ્તા પણ શ્રીહરિ જ્યારે ખૂબ જ રાજી હોય ત્યારે પોતાની રુચિ પ્રમાણેની વાતો કહેતા. ૧૦. પોતાના એકાંતિક પ્રેમી ભક્તજનની આગળ તો પોતે જ સહજ રુચિ પ્રમાણે વાતો કહેવા લાગતા. એવી વાતો જ્યાં ત્યાં કહેતા નહીં. એવી શ્રીહરિમાં ખાસ નિપુણતા હતી. ૧૧. કોઈ વખતે તો કરવાની વાત પણ કહેતા નહીં. અને તેમાં પણ કાંઈ પ્રયોજન ભર્યું હોય છે. ભગવાન જ્યારે મનુષ્યાકૃતિ ધારે છે ત્યારે પોતે પોતાની સ્વતંત્રઈચ્છા પ્રમાણે પણ વર્તતા હોય છે. ૧૨.

दोहा : अनंत कोटि ब्रह्मांड के, देव मनुष्य हि जेह;
ब्रह्मा भव इंद्र जीतने, हरि के आधीन हे तेह...१३
प्रतिमा जिमि काष्ठ की, बोलत चलत जोउ;
सूत्रधार के नियम में, एसे सब जक्त सोउ...१४

અનંત કોટી બ્રહ્માંડના દેવ, મનુષ્ય, બ્રહ્મા, ભવ અને ઈંદ્ર વગેરે જે છે તે બધા શ્રીહરિને આધીન છે. ૧૩. જેમ કાષ્ઠની પૂતળીઓ સૂત્રધાર-નટને આધીન રહીને બોલે છે કે ચાલે છે અને તેના નિયંત્રણમાં રહે છે, તેમ બધું જગત શ્રીહરિને આધીન રહે છે. ૧૪. શ્રીહરિમાં જ્યારે એવા અનંત ગુણ પ્રકટ થાય ત્યારે તેવું બોલે છે. તેના મર્મને સામાન્ય મનુષ્ય સમજી શક્તા નથી. ૧૫. ભગવાનમાં એટલો પ્રતાપ - ઐશ્વર્ય છે તે બધાને લઈને પોતે પ્રકટ થાય છે. તેનું કયારેય કોઈ માપ થઈ શક્તું નથી. તેથી તો કવિઓ તેમને અમાપ (અમેય) તરીકે કહે છે. ૧૬. કદાચ કોઈ કવિ ભગવાનના અમાપ ચરિત્ર-પ્રતાપને માપ કરીને કહે, તો ખરેખર તે પ્રતાપને જાણતો જ

નથી. ભગવાન પોતાનું એકનું એક ચરિત્ર ભિન્ન ભિન્ન લોકોને ભિન્નપણે દેખાડે છે. ૧૭.

ભગવાનનું સામર્થ્ય જોવા બ્રહ્મા વ્રજમાં આવ્યા. તેમને ભગવાનનું સામર્થ્ય માપવું હતું. તેણે વાછરડાં અને ગોપ બાળકોનું હરણ કર્યું. ૧૮. ભગવાને પોતાના યોગૈશ્વર્યથી તેવાને તેવા જ વાછરું અને બાળકો આદિ રચી દીધાં. બ્રહ્માએ જ્યારે વાછરું અને બાળકોને તેવાને તેવા જ જોયા ત્યારે પોતે પોતાની માયામાં ભૂલા પડી ગયા. ૧૯. જ્યાં બ્રહ્માએ જઈને જોયું તો ત્યાં તેવું ને તેવું બધું દેખાયું ત્યારે તેણે ભગવાનને અકળ અને અમાપ જાણ્યા અને નિશ્ચિતરૂપમાં પરમેશ્વર માન્યા. ૨૦.

ઈંદ્રને જ્યારે ઘણો ભારે ગર્વ થયો, ત્યારે ભગવાને નિહાળીને દેખ્યું. પછી તેનો ગર્વ ઉતારવા માટે ઈંદ્રયાગ બંધ કરાવ્યો. ૨૧. અને ગોવર્ધન પર્વતનું પૂજન કરાવ્યું અને ઈંદ્રનું બધું પૂજન ભાંગી નાખ્યું. ત્યારે ખીજાયેલા ઈંદ્રે પોતાનું જે સામર્થ્ય હતું તે બધું અજમાવી જોયું. ૨૨. ત્યારે તેણે ભગવાનનું સામર્થ્ય અતિશય દેખ્યું અને તેમનો પરમેશ્વરનાં રૂપમાં નિશ્ચય કર્યો. પછી તેઓ ગર્વ રહિત થઈને ભગવાનનાં ચરણોમાં પડ્યા અને ઘણાં જ વિનયના વચનથી સ્તુતિ કરી. ૨૩. ભગવાનની કૃપાથી શિવજી અપરમપાર નિષ્કામી થયા. પોતે સભામાં દિગંબર બેઠા હતા. અને તે સ્થિતિમાં જ સતીને પોતાના ખોળામાં બેસાડ્યા હતા. ૨૪. શુકદેવજી અને ચાર સનકાદિકો, બીજા બધા અપાર ઋષિઓ પણ શિવજીનું આવું વર્તન જોઈને મનમાં હાર માની ગયા હતા. ૨૫.

જે ઈશ્વરના પણ ઈશ્વર છે, તેનું સામર્થ્ય એવું છે કે પોતાનાં અંગની સાથે જ જે સતી બેઠા છે છતાં જરાએ કામ તેમને વ્યાપ્ત થાતો નથી. ૨૬. નરનારાયણ દેવ તો તે શિવજી કરતાં પણ અત્યંત સમર્થ છે. શિવજી પણ તેમની સેવા કરે છે. શિવજીમાં જે સામર્થ્ય છે તે પણ ભગવાન નરનારાયણનું આપેલું છે. ૨૭. દેવતાઓને અમૃતપાન કરાવવા માટે ભગવાને મોહિનીરૂપ લીધું હતું. જ્યારે શિવજીએ તે વાતને સાંભળી. એટલે તુરંત તેઓ ભગવાનની પાસે આવ્યા. ૨૮. તેણે બંને હાથ જોડીને ભગવાનને કહ્યું, પ્રભુ, મારી એક વિનંતી છે. આપ સાંભળો. આપના જેટલા અવતાર કહેવાય છે તે બધાનાં

દર્શન મેં કર્યાં છે. ૨૯. આપનો 'મોહિની' રૂપ જે અવતાર તેનાં દર્શન મેં ક્યારેય કર્યાં નથી. તે દર્શન કરવાનો મને ઘણો ભાવ થયો છે. તે સ્વરૂપનાં દર્શન કર્યા વિનાનો તો હું એક જ રહી ગયો છું. ૩૦.

ભગવાને શિવજીને કહ્યું, તમે તો મહાન ભારે સમર્થ છો, 'મોહિની' રૂપ તમારે જરાએ દેખ્યા જેવું નથી. તે રૂપની આગળ એક નરનારાયણ દેવ સિવાય બીજા કોઈને પણ મોહ થયા સિવાય રહે નહીં. ૩૧. મોહિનીનું રૂપ જ એવું છે કે તે નિષ્કામી પુરુષે જોવું જોઈએ નહીં. નિષ્કામી પુરુષ તેને એકવાર પણ દેખે તો તેને લગારેય ધીરજ રહે નહીં. ૩૨. મોટા મોટા જે સિદ્ધો છે તે બધા તમને નમસ્કાર કરે છે પણ પછીથી તમને તે કોઈ પગે નહીં લાગે. માટે આટલું અમારું તમે માનો. ૩૩. ત્યારે શિવજીએ કહ્યું. આપના પ્રતાપથી મેં વીર્ય સ્તંભન કરીને કામને પણ બાળી નાખ્યો છે. આપના સિવાયના રૂપમાત્રને હું મલિન માનું છું. ૩૪. ત્યારે ભગવાને કહ્યું, તે મલિન રૂપ તમને મલિન કરી દેશે. તમારે તેને જોવાનું ડહાપણ કરવું નહીં. ત્યારે શિવજીએ કહ્યું તમે આટલું બધું શું માન ખાઈ રહ્યા છો ? મોહિનીરૂપ દેખાડો, ત્યારે ખબર પડેને ! ૩૫.

તેટલી વારમાં જ ભગવાને અપાર માયા રચી. એક ફૂલબાગમાં એક સ્ત્રી ઘૂમી રહી હતી. તે સ્ત્રી એવી હતી કે, લોઢા જેવો મજબૂત માણસ હોય તે પણ તેને દેખીને ચલાયમાન થઈ જ જાય અને તે માયા કોઈના જાણ્યામાં આવી નહીં. ૩૬. શિવજીએ તેને દેખી અને તત્કાળ જ ભાન ભૂલી ગયા. એક પ્રાકૃત પશુ જેવા થઈ ગયા. તેમણે બ્રહ્માનું અપમાન કર્યું હતું. તેનું ફળ મળ્યું. ૩૭. જે વીર્યને ખાખ કરી દીધું હતું તે ફરીને સજીવ થયું. તે ઠેકઠેકાણે ખરી પડ્યું. કશી સૂધબૂધ રહી નહીં. ૩૮. જ્યાં મોટા મોટા સિદ્ધો આસન લગાવીને બેઠા હતા. ત્યાં મોહિનીરૂપ દેખાડીને શિવજીની સ્થિતિ જાહેર કરી દીધી. ૩૯. પછી શિવજીને ભાનમાં લાવીને ભગવાને મોહિનીરૂપ બદલી નાખ્યું. પછી શિવજી ભગવાનને પગે લાગ્યા અને કહ્યું, આપની માયા બળવાન છે. મને તેણે જીતી લીધો છે. (આમ, ભગવાનનું વચન ન માને તેને ભગવાનની માયા જીતી લે છે. અને આવી કામરૂપ માયાને મૂળજી બ્રહ્મચારીએ જીતી લીધી હતી.) ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ જમતી વેળાએ શિવજીની વાત કહી' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર નવમું : તરંગ - ૫૭

બોટાદમાં શ્રીહરિએ વટાળની કરેલી વાત અને પછી ગઢપુર જવા ચાલ્યા

જ્યારે શ્રીહરિ કંસાર જમી રહ્યા ત્યારે દૂધ, સાકર અને ભાત લીધો. તે પ્રેમથી જમ્યા. ૧. જ્યારે દૂધ અને ભાતને જમી રહ્યા ત્યારે પાણીથી હાથ ધોવડાવ્યા. રૂમાલથી હાથ લૂછ્યા અને મુખવાસ લીધો. ૨. શ્રીહરિ જે જમ્યા હતા તે થાળની પ્રસાદી દરબાર હમીર ખાચરને આપી. અને બે સંતના પૂરતી પ્રસાદી મૂકી રાખી, જે પછી નિત્યાનંદસ્વામીને તે આપી. ૩. પછી જે પાર્ષદો હતા તેમને જમવા બેસાડ્યા અને પોતે આવીને પ્રસન્ન મુખે પલંગ ઉપર બેઠા. ૪.

બોટાદના જે વણિક હરિભક્તો હતા તે બધા 'આપણને પ્રસાદી મળે' આવો સંકલ્પ કરીને સાકર, પેંડા, બરફી, પતાસા, દ્રાક્ષ અને ખારેક વગેરે વસ્તુઓના પોતપોતાના થાળ ભરીને લાવ્યા હતા. પછી અદાશેઠે હાથ જોડીને તત્કાળ શ્રીહરિને વિનંતી કરી કે, હે મહારાજ ! સહુને આપનો પ્રસાદ લેવાનો ભાવ થયો છે. ૫-૬. અમારે માટે અન્નની પ્રસાદી તો દુર્લભ છે. કારણ કે આપ તે પ્રસાદી કયારેય વિપ્રોને તો આપતા નથી. આપણા સત્સંગ સિવાયના જે મતપંથો છે તેમાં તો ગુરુનો પ્રસાદ મહિમાના જોરથી લે છે. ૭. તેઓ સંતો કે ગુરુનો પ્રસાદ લેવામાં કોઈ પણ પ્રકારનો વટાળ ગણતા નથી. વર્ણથી આશ્રમને ઉત્તમ કહે છે. કઈ જાતિમાં જન્મ થયો તેની વાત તો જુદી જ છે. ૮.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણના કોઈ સાધુ થયા હોય તો તેનો પ્રસાદ લેવામાં બાધ નથી, પણ તે તો

સત્ય, ત્રેતા અને દ્વાપર, એ ત્રણ યુગમાં કહ્યું છે અને કળિયુગમાં તો પ્રસાદ લેવાનો દોષ કહ્યો છે. ૯. કળિયુગમાં તો બુદ્ધિ કળિયુગના સમાન થઈ જાય છે. કારણ કે ચંડાળ સુધીના મનુષ્ય છાની રીતે ભેખમાં સાધુ થઈને પેસી જાતા હોય છે માટે પ્રસાદ લેવાનો બાધ કહ્યો છે. કેટલાક તો માનો શોખને કારણે છાના છૂપા નાગર બ્રાહ્મણની નાતમાં પણ પેસી જાય છે. ૧૦. જ્યારે તેની ખબર પડે ત્યારે તેને નાતમાંથી કાઢી મૂકે, પછી પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય છે, પણ પહેલેથી તપાસ કરીને જોતા નથી. અર્થાત્ એવાનો ખ્યાલ રાખતા નથી. ૧૧. આ કળિયુગમાં જે નીચ જાતિના લોકો છે તે વર્ણોને અને ભેખને પણ આવી-પેસીને વટલાવી દે છે, એવું ઘણી જગ્યાએ જોવામાં આવે છે કે, તે નીચ લોકો જ ધર્મને તોડી નાખે છે. ૧૨.

જે નીચ જાતિના છે તેને ધર્મના ઉપર દુઃખ-વેર છે એટલે જાતજાતના વેશ ધરીને તે વર્ણોનો ઉચ્છેદ કરે છે. ૧૩. પોતે વણિક હોવા છતાં વેપારને માટે અંત્યજ (ઢેઢ)ના ઘરમાં જાય, પછી મુસલમાનને અડીને શુદ્ધ થયો એમ માને અને ઘેર જઈને અન્ન ખાઈ લે છે. ૧૪. તે સિવાય મોટા સારા વિદ્વાન પંડિત થઈને પણ વ્યસનને લીધે શરીરને વટલાવે છે. આમ બધા લોકોનો મત એક થઈ જાય છે. ૧૫. જોવામાં ખુલ્લો વટાળ દેખાય છે છતાં તેને કોઈ ગણતા નથી. બધા લોકો એકમતના થઈને વટાળનો બાધ ટાળી દે છે. ૧૬.

❋ ગરજુને જ શ્રીહરિનાં વચન હિતકારી લાગે છે :

અત્યારે જે કોઈ બાઈ ભાઈ સત્સંગમાં આવે છે, તેમાં જેને જેટલો ખપ જણાય તે પ્રમાણે અમે તેને અમારું વચન મનાવીએ છીએ. ૧૭. જેને ખપ ન હોય તે લોકો પાસે જોર કરીને અમે અમારું વચન મનાવતા નથી. ખપ ઉપર જ અમારું જોર છે અને **જેને ખપ હોય છે તે જ સત્સંગને ધારી રાખે છે.** ૧૮. જેવું કપડું મજબૂત હોય તેવો ભાર તેમાં ભરીને બંધાય છે. બધા જ કપડાંની એક રીત નથી હોતી. બધાની એક રીત રાખીએ તો કામ પાર ન પડે. ૧૯. હિતકારી વચન પણ કઈ રીતે મનાય છે, તેની તપાસ અમે અગાઉ કરીએ છીએ. અમૃત અને ઝેર બંને વચનમાં રહ્યા છે. તે મોઢામાંથી ઉચ્ચારતા જ કળાઈ જાય છે. ૨૦. **અમૃત જેવા વચનનું પરિણામ અમૃત જેવું**

હોય છે અને ઝેર જેવાં વચનનું પરિણામ ઝેર જેવું જ આવે છે. એટલા માટે અમે અમૃત જેવા વચનોથી સત્સંગને નિર્દોષ રાખીએ છીએ. ૨૧. તેમાં પણ જો કોઈ ઝેર જેવું વચન બોલે તો તે બીજાને પણ ઝેરરૂપ જ કરી દે. અમે તો તેને અમૃતપાન કરાવીને પરાણે ઠેકાણે લાવીએ છીએ. ૨૨.

ચોપાઈ :

सत्संग में वर्तन किये हम जेते, निर्दोष शुद्ध जोईके तेते;
निर्दोष होय जन हि जेहा, ताकु प्रिय लगे अति तेहा...२३
निर्दोष जन को हे सत्संगा, दिन दिन चढत रहत तेहि रंगा;
दोष जुत नरनारी जो जेही, सत्संग में पार न पड हि तेही...२४

અમે સત્સંગમાં જેટલા વ્રતમાન-નિયમ કર્યા છે તે બધાં નિર્દોષ અને શુદ્ધ જોઈને જ કર્યા છે. જે મનુષ્ય નિર્દોષ હોય તેને તે ઘણા ગમે છે. ૨૩.

નિર્દોષ લોકોને માટે જ આ સત્સંગ છે. જે નિર્દોષ હોય તેનો રંગ દિનપ્રતિદિન ચઢતો જ રહે છે. જે કોઈ નરનારી-મનુષ્ય જો દોષ યુક્ત હોય તો તે સત્સંગમાં પાર પડતા નથી. છેવટ સુધી રહેતા નથી. ૨૪. જે અત્યંત નિર્મળ મણિ હોય, તેમાં થોડીક પણ મલિન રજ હોય, તો તે તરત જ દેખાઈ આવે છે. તે છુપાઈ રહેતી નથી. ૨૫. અમે મણિના જેવો સત્સંગને અપરમપાર નિર્મળ કર્યો છે. એટલે હવે જે નિર્મળ મનુષ્યો હશે તેવા અપાર લોકો આ સત્સંગ કરશે. ૨૬.

(અહીંથી ૩૦મી ચોપાઈ સુધી ગ્રંથકારે પ્રાસંગિક વાત કરેલ છે.)

सोरठा : लोभ मोक्ष को जोर, सेवा करत जेहि खप अति;
दोष सो देव हि तोर, अवगुण तजीके गुण लह हि...२७

જેને મોક્ષનો લોભ જોરદાર હોય છે તે જ સેવા કરે છે. અને જે સેવા કરે છે તેને જ અતિ ખપ છે અને તે જ બધા દોષોનો ત્યાગ કરી દે છે. અને એ જ બીજાના અને પોતાના સર્વે અવગુણ તજીને કેવળ ગુણોનું જ ગ્રહણ કરે છે. ૨૭. જો ગૃહસ્થ આચાર્ય થાય તો તેનું વર્તન પણ તે રીતનું જ થાય, તેમાં દોષ જોવાય નહીં, કારણ કે ગૃહસ્થને ધન અને નારી મુખ્ય

હોય છે. ૨૮. ત્યાગીના અને ગૃહસ્થના ધર્મ જુદા જુદા છે. ગૃહસ્થ આચાર્યને ગૃહસ્થના નોરમાં ચાલવું પડે. માટે ત્યાગી, ત્યાગીના ધર્મને બચાવીને તે આચાર્યની સેવા કરે. ૨૯. કઠિનમાં કઠિન વચન તો એ છે કે ત્યાગીએ ગૃહસ્થને ગુરુ કરવા. ત્યાગી પોતે ધન રાખે નહીં અને અન્ય પાસે રખાવે પણ નહીં. છતાં ગૃહસ્થ આચાર્ય-ગુરુને માટે જઈને ધન લઈ આવે, નામના પૈસા ઉઘરાવી લાવે છે. ૩૦.

ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા, ‘હવે અમે ચોક્કસ તેમજ કરશું. આપની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે અમારે પ્રેમથી ચાલવાનું હોય છે. ૩૧. શાસ્ત્ર અને લોકની જે રીત છે તે રીતે અમે આપને માન્યા છે. આપ જે વખતે જે વચન કહો તે પ્રમાણે જ અમારે કરવું છે. એવો નિર્ધાર કર્યો છે. ૩૨. જેટલા સંતો અને હરિભક્તો છે તે બધાને એવું એક જ તાન છે.’

તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. તેમને છાતીમાં ચરણ આપ્યા. ૩૩. અને બધા હરિભક્તોને પણ ચરણ આપ્યા. આવું ચરિત્ર બોટાદમાં કર્યું. પછી દયાળુ પોઢી ગયા. અને કૃપાળુ સવારે ચાલવા તૈયાર થઈ ગયા. ૩૪. હરિભક્તોને તો શ્રીહરિને રોકવાનો ઘણો જ ભાવ હતો. છતાં શ્રીહરિ તો ચાલવાના નિર્ણય ઉપર જ રહ્યા. સોમલા ખાચરને સાથે લીધા. સેવા કરવામાં કુશળ તે સોમલા ખાચર પણ તરત જ તૈયાર થઈ ગયા. ૩૫. દરબાર હમીર ખાચરની ઘોડી ગઢપુર સુધી લીધી. તેના ઉપર શ્રીહરિ સવાર થયા અને મસ્તી નામના મુસલમાનને ઘોડી સાચવવા સાથે લીધો. ૩૬. મોના જોષી અને વિપ્ર નરસિંહ બંને શ્રીહરિની સાથે તૈયાર થયા અને માતરા ધાધલને પણ તે વેળાએ બોલાવી લીધા. ૩૭.

ગામના જે હરિભક્તો હતા, તેમણે સાંભળ્યું કે, શ્રીહરિ જાય છે, એટલે બધા દોડતા આવ્યા. અમરસિંહ કંસારા આવીને પગે લાગ્યા. ૩૮. જે વણિક હરિભક્તો હતા તે પેંડા લાવ્યા અને દોશી ભગાશેઠની સાથે જે હતા તે બધા બરફી લાવ્યા. ૩૯. ઉત્તર તરફ નદી પાસેનો જે દરવાજો (હનુમાનજીવાળો) છે, ત્યાં બધા ભક્તો આવ્યા. શ્રીહરિએ રાજી થઈને બધાને ઘણા પ્રેમથી બોલાવ્યા. ૪૦. સહુ ફૂલના હાર લાવ્યા હતા, તે તે

સમયે શ્રીહરિને પહેરાવ્યા. હેતથી વારંવાર વિનંતી કરી અને બરફી તથા પેંડા અર્પણ કર્યા. ૪૧. શ્રીહરિની સાથે જે હતા તેમને શ્રીહરિએ સ્વયં પેંડા આપ્યા અને હરિભક્તોને પણ પ્રસાદી અપાવી ને પછી તરત જ ચાલતા થયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બોટાદમાં શ્રીહરિએ વટાળની કરેલી વાત અને ગઢપુર જવા ચાલ્યા' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર નવમું : તરંગ - ૫૮

શ્રીહરિએ ભગાશેઠને સત્સંગના બળની વાત કહી

શ્રીહરિએ ચાલતી વેળાએ ભગાશેઠને બધા ફૂલહાર આપ્યા અને તેમને કહ્યું, આ વખતે તો અમે તમને દર્શન દેવા જ આવ્યા છીએ. ૧. કુસંગીઓના શબ્દ સાંભળીને તમારા પિતા સત્સંગને નિમિત્તે તમને ઘણું દુઃખ દે છે. ૨.

❋ સત્સંગ અર્થે દુઃખ આવે તો સહન કરે તે શ્રેષ્ઠ :

सोरठा : सत्संग निमित्त दुःख, जो जो आवे जितनो जेहि;
हरिजन मानत हि सुख, हरिजन सो सत्संग में अधिक...०३

हरि की क्रपा अति होत, सत्संग निमित्त दुख आत तेहि;
दुल्लभ में दुल्लभ बोत, हम मानत हें वात एहि...०४

હરિભક્તને સત્સંગ રાખવાથી જેટલું દુઃખ આવે છે તેને જે હરિભક્ત સુખ માને છે તે આપણા સત્સંગમાં મોટો છે. ૩. જેના ઉપર ભગવાનની ઘણી મોટી કૃપા થાય તેને જ સત્સંગનિમિત્તે દુઃખ આવે છે. આવી બાબતને ખૂબ જ દુર્લભમાં પણ દુર્લભ અમે માનીએ છીએ. ૪. **બધી રીતે સુગમતા હોય ત્યારે તો અપાર લોકો ગામો ગામ સારો સત્સંગ રાખતા હોય છે. પરંતુ દુઃખ પડે છતાં પણ જેનો સત્સંગ રહે છે તેનો સત્સંગ પરિપક્વ છે. ૫.** દુઃખ આવ્યા વિના જે સત્સંગી થયા હોય તેઓ તેટલા પાકા કહેવાતા નથી. કુંભાર અપાર માટીના ઠામ-વાસણ બનાવે ત્યારે તેને માટેના કેટલાક સાધન તે રાખતો હોય છે. ૬.

જ્યારે જેવો સમય હોય તે જોઈને તેવા ઉપાયો કરવા પડતા હોય છે. તેમાં ઘટ બનાવવાના સાધન, તે બાબતનું જ્ઞાન અને મહેનત, આટલા ન હોય તો એક પણ વાસણ બનતું નથી. ૭. અને ઠામ પણ અગ્નિમાં પકાવ્યા વિના પૂરા થાતાં નથી. આગમાં પાકે તે જ ઠામ પૂર્ણ કહેવાય છે. તેમાં જે ફૂટી જાય તે ફૂટેલું જ રહેવાનું. તે પાણી ભરવાના કામમાં આવતું નથી. ૮. ઘડો કે ગોળો બનાવવાનું પ્રયોજન જ પાણી ભરવા માટેનું હોય છે. કુંભારની વાસણ બનાવવાની જે રીત કહી તેના જેવી જ હરિભક્ત થવાની રીત છે. ૯.

✵ સાચો ઈશક લાગે તે હરિમાં મગ્ન થઇ જાય :

चोपाई :

जा पर जाकु ईछक अति होवे, सो दुःख सामे कबु न जोवे;
दुःख सन्मुख जो जुवे जेहि, ईछक ताको पूरे नहीं तेहि...१०

જેને જેના ઉપર અતિશય ઈશક-પ્રેમ થાય તે કયારેય દુઃખની સામે જુએ નહીં. ઈશક-પ્રેમ કરતા જે દુઃખની સામું જુએ તે તેનો પૂરો ઈશ્કી-પ્રેમી નથી. ૧૦. જે ચોરીના ઉપર ઈશક-વેગ રાખતો હોય તે મરવાનો ડર રાખતો નથી. પરનારી ઉપર જેને ઈશક હોય તેને માથું કપાવાનો પણ ભય હોતો નથી. ૧૧. તેના નાક, કાન કાપે તોએ તેને શું થાય ? તેનાથી તે શરમાતો નથી. સતી સ્ત્રીને જો પતિમાં ઈશક-પ્રેમ હોય તો તે સળગતી ચિતામાં પડવાથી ડરતી નથી. ૧૨.

दोहा : ईछकवंत कु दुःख ही, ज्युं ज्युं आवे अपार;
शोभा सो मानत ताहिकु, सुख देखत अति सार...१३
मायिक पर ईछक जीतनो, तितनो मोक्ष हित होय;
ताके हरि सो पास हे, यामें फरक न कोय...१४

ઈશકવાળાને જેમ જેમ વધારે દુઃખ પડે તેમ તેમ તે દુઃખને વધારે શોભા ગણે છે અને તેને અત્યંત સારરૂપ સુખ દેખે છે. ૧૩. માયિક ભોગ્ય વસ્તુના ઉપર જેટલો ઈશક-વેગનો આવેશ હોય તેટલો જો મોક્ષ મેળવવામાં ઈશક હોય તો ભગવાન તેની પાસે જ હોય છે. તેમાં કોઈ ફરક નથી. ૧૪.

સત્સંગ સિવાયનો અપાર ઈશક અનેક લોકો પાર વગરનો કરે છે, અને તેમાં ઠેર ઠેર માર ખાય છે અને તોએ તેમાં સુખ માને છે. ૧૫. તેવો ઈશક જો કોઈ સત્સંગ માટે કરતો હોય તો તેને માટે તો સંતો, હરિભક્તો અને ખુદ ભગવાન પણ 'ધન્ય ધન્ય' એમ કહે છે. ૧૬. ભક્તરક્ષક દયાળુ શ્રીહરિ ચાલતાં ચાલતાં પણ આવી વાતો કરતા હતા. વળી કહ્યું કે ભાગવતમાં જે પ્રહ્લાદજીનું આખ્યાન છે તેને પ્રેમથી વાંચવું, સાંભળવું. ૧૭.

પ્રહ્લાદજી ત્રિલોકીના રાજકુમાર હતા. તેને ધન કે દોલતનો કોઈ પાર ન હતો. ઈંદ્ર, વરુણ અને વાયુ જેવા મોટા દેવો પણ પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુની આજ્ઞામાં રહેતા હતા. તે પ્રહ્લાદજી તો જન્મથી ભગવાનના ભક્ત થયા. લેશમાત્ર પણ પિતાનો ભય રાખતા નહીં. ૧૮-૧૯. મહાન સમર્થ શ્રીહરિવરને તેણે શિરે ધાર્યા હતા. તેમનો અપાર મહિમા દૃઢતાથી વિચારતા. ભગવાનની આગળ તેણે પોતાના પિતાનાં સામર્થ્યને લેશમાત્ર પણ ન ગણ્યું. ૨૦. સામર્થ્યની દૃષ્ટિએ ક્યાં માખી અને ક્યાં કરુડ ! ભગવાનની આગળ તેણે પિતાને માખી જેવા ગણ્યા. જ્યારે તેમને ભગવાનમાં અતિશય પ્રેમ થયો ત્યારે તેણે પોતાના દેહને તો તુચ્છ માન્યો. ૨૧. તેના પિતા દેહને દુઃખ દેતા ત્યારે પ્રહ્લાદજી દેહને ક્યારેય 'હું' કે 'પોતાનો' માનતા જ નહીં. તેઓ એવું માનતા કે દેહ માતાના રજમાંથી અને પિતાના વિર્યમાંથી બનેલો છે. માટે તે દેહ હું નથી અને મારો કોઈ કાળે નથી. ૨૨.

एसे देह अनंत मैं धारे, याको गिनत न आवत पारे;
देह धरनको अर्थ हि जोउ, हरि ओलखाये सिद्ध भये सोउ...२३

આવા દેહ તો મેં અનંત ધાર્યા છે, તેનો ગણતા પણ પાર પમાતો નથી. દેહ ધારવાનું પ્રયોજન ભગવાનને ઓળખવાનું છે. તે ઓળખાયા એટલે પ્રયોજન પૂર્ણ થયું. ૨૩. હવે તો ભગવાનની જેવી ઈચ્છા હોય તેવા દેહના સંસ્કાર થાય અર્થાત્ હરિની ઈચ્છા પ્રમાણે દેહને સુખ, દુઃખ આવે. તેમાં મને કાંઈ સુખ કે દુઃખ નથી. હું તો દેહને જુદો જ માનું છું. ૨૪.

दोहा : अपनो माने देह जब, तब होय ताको दुःख;
अपनो न जानत देह यह, परम मानत यह सुख...२५

જ્યારે દેહને પોતાનો માનીએ ત્યારે દુઃખ થાય છે. જો દેહને પોતાનો ન માનીએ તો આ આત્મા, પરમાત્મા સંબંધી સુખ શ્રેષ્ઠ મનાય છે. ૨૫. પ્રહ્લાદની રીતને જે સમજે તે પાકો હરિભક્ત છે. તેને આકાશના સમાન નિર્લેપ સમજવો. તેને ક્યારેય કોઈ વિઘ્ન નડતું નથી. ૨૬. કોઈ ક્રોધ કરીને આકાશમાં તોપના અપાર ગોળાઓને ફેંકે, પણ તેનાથી આકાશને કાંઈ વિઘ્ન થતું નથી. તેમ આવી નિર્લેપ રહેવાની સમજણ હોય તો ઘણું સુખી રહેવાય છે. માટે સમજણમાં અપાર સુખ છે. ૨૭.

सोरठा : भक्त के हरि आधार, एसे आधार कहो कुन अवर;
दृढ एसे निर्धार, करे सो हरिजन श्रेष्ठ तेहि...२८

ભક્તને માટે તો આધાર ભગવાન છે. ભગવાનના જેવો બીજો દૃઢ આધાર કોણ હોઈ શકે ? આવો જેને મજબૂત નિશ્ચય હોય તે જ શ્રેષ્ઠ હરિભક્ત છે. ૨૮. શ્રીહરિ આટલી વાત કરીને 'જય સચ્ચિદાનંદ' બોલ્યા અને ગઢપુર જવા ચાલતા થયા. ભગા શેઠે શ્રીહરિની કહેલી વાતને દિલમાં ધારી લીધી. તેનાથી તેમને જીવમાં અપાર બળ આવ્યું. ૨૯. શ્રીહરિએ તેમને જેવાં દર્શન દીધાં હતાં તેવી જ મૂર્તિ તેના અંતરમાં અખંડ દેખાતી હતી. જેને બ્રહ્મસ્થિતિ કહેવાય છે તેવા તેમનાં હૃદયની પરિપક્વ સ્થિતિ થઈ ગઈ હતી. ૩૦. જૈનોના સમાજમાં મોટા શહેરોમાં રહેતા, ઘણા શ્રીમંત અને જે મોટા મોટા શેઠ શાહુકારો કહેવાતા તે સહુએ ભગાશેઠની આવી બ્રહ્મસ્થિતિ દેખી. ૩૧. સહુ ભગા શેઠના અને સત્સંગના વખાણ કરતા હતા. કારણ કે ભગાશેઠનું ઘર ઘણું સમર્થ-સમૃદ્ધ ધનાઢ્ય હતું. છતાં તેમનામાં સહુથી અધિક અપાર નિષ્કામીપણું હતું અને ખાવામાં કે પીવામાં કોઈપણ પ્રકારનું વ્યસન ન હતું. ૩૨.

સહુ કોઈ મુમુક્ષુની જ્યારે આવી સ્થિતિ થાય છે ત્યારે તેની મુક્તિ પણ તરત જ થાય છે. તેવી સ્થિતિ સિવાય મુક્તિ ન મળે અને મુક્તિ મળ્યા સિવાય બધી સંસૃતિ ટળે નહીં. ૩૩. બોટાદના જેટલા વણિક સત્સંગી હતા તે બધા દૃઢતાથી નિષ્કામધર્મને પાળતા હતા. સ્વામિનારાયણ ભગવાનનો એવો પ્રતાપ હતો કે કોઈ પાપરૂપ અધર્મને આચરી શક્તા જ નહીં. ૩૪. જે કોઈ

વર્ણ (નાત-જાત)ના સત્સંગી થતા હતા તેનું વર્તન શુદ્ધ થઈ જતું હતું. સત્સંગ સિવાયના જે બીજા મતપંથ હતા તેમાં ધર્મનો પ્રતાપ થોડોએ રહ્યો ન હતો. ૩૫. **પ્રતાપ હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. કોઈનો પ્રતાપ ઢાંકયો ઢંકાતો નથી. જેમાં જેવો પ્રતાપ હું દેખું છું તેવો કહું છું.** ૩૬.

સૂર્યોદય થાય તે કોઈથી છુપાતો નથી. કોઈને કહેવું પડતું નથી કે 'સૂર્યોદય થયો છે.' તે તો તરત જ અંધારાને ભગાડી દે છે એટલે કે પ્રતાપ તેનાં વર્તન ઉપરથી જ દેખાય છે. ૩૭. વાદળાં, ઊડતી રજ અને ધુમાડો, તે સૂર્યને કેટલો ઢાંકી શકે ? તેનો ઢાંકયો સૂર્ય ઢંકાય નહીં. કારણ કે સૂર્ય તેવો પ્રતાપી છે. ૩૮. શ્રીહરિનો પ્રતાપ પણ એવો જ છે. જગતમાં જે બુદ્ધિશાળી હતા, સત્યરૂપ ધર્મને માનનારા હતા, તે બધા જ લોકો સત્સંગને 'સત્યધર્મ છે' એમ કહેતા હતા. ૩૯. શ્રીહરિનો આ સત્સંગ સાચો જ છે, સત્યરૂપ જ છે, એમ જે ખરા દિલથી સમજતા હતા તેમને અનુપમ સુખ પ્રાપ્ત થાતું હતું. સત્સંગને સત્ય માનનારાને કયારેય સંસૃતિનું દુઃખ રહેતું નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિએ ચાલતી વેળાએ ભગા શેઠને સત્સંગના બળની વાત કહી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર નવમું : તરંગ - ૫૯

બોટાદથી ચાલેલા શ્રીહરિ ગઢપુરની નજીક પહોંચ્યા

શ્રીહરિ બોટાદથી ચાલ્યા, **નાગલપુર** અને **જોટીંગડા** ગામ થઈને **ટાટમ** ગામ આવ્યા. ૧. ટાટમથી થોડે દૂર ચાલ્યા ત્યારે ત્યાં રસ્તાને નજીક એક કૂવા ઉપર કોશ ચાલતો હતો. ત્યાં અશ્વને પાણી પાયું. ૨. પીપળાનું ઝાડ દેખીને ત્યાં થોડીવાર ઊભા રહ્યા અને ગઢપુર આગળ હવે કેટલા ગાઉ દૂર રહ્યું, તે ગણવા લાગ્યા. ૩. તેટલીવારમાં જે પાર્ષદો ચાલતા થયા હતા તે ત્યાં આવી ગયા. ત્યાંથી આગળ ચાલ્યા. **ગોરડકા** નામે ગામ આવ્યું. નદી દેખીને અશ્વ ઉપરથી નીચા ઊતર્યા. ૪. ગામમાં એક હરિભક્ત વણિક રહેતા

હતા. તેણે ખબર સાંભળ્યા એટલે તરત જ તે ત્યાં આવ્યા. તેણે શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ ધર્યું, દર્શન કર્યાં અને ઘણો આનંદ થયો. ૫.

તેણે રસોઈ કરવા માટે વિનંતી કરી પણ શ્રીહરિએ કહ્યું અમારે ગઢપુર જાવું છે. અમે અહીંયાં સ્નાન કરવા રોકાયા છીએ. તમે જઈને અશ્વને માટે ઘાસ લઈ આવો. ૬. પછી તે વણિક ભક્ત જઈને ઘાસ લઈ આવ્યા. શ્રીહરિની સાથે હતા તે બધા નાહ્યા. શ્રીહરિએ નાહીને પૂજાવિધિ કર્યો અને સહુને ટીમણ કરવાની આજ્ઞા કરી. ૭. દેવને નૈવેદ્ય ધરાવીને સહુ પાર્ષદો ટીમણ કરવા લાગ્યા તથા શ્રીહરિ, વર્ણી અને સર્વે સંતો પણ ટીમણ કરવા લાગ્યા. ૮. જ્યારે બધા ટીમણ કરી રહ્યા ત્યારે શ્રીહરિ તરત ચાલવા તૈયાર થઈ ગયા. ગઢપુરમાં હરિભક્તોએ સાંભળ્યું કે શ્રીહરિ આવે છે. એટલે બધા જ સન્મુખ ચાલ્યા. ૯. દરબાર એભલ ખાચર અને જીવા ખાચરે પોતપોતાના અશ્વ લીધા. હાથી કે ઘોડા જે વાહનો હતાં તે બધાંને સારાં શણગારીને સાથે લીધાં. ૧૦.

ડંકા, નિશાન અને વાજિંત્રો જે હતા તે બધાને સન્મુખ લીધાં. બંને દરબારોને ઘણો જ ઉમંગ થયો. અશ્વોને ઘણા વેગથી દોડાવ્યા. ૧૧. જે પહેલા શ્રીહરિનાં દર્શન કરે તેને ઘેર શ્રીહરિનો ઉતારો થાય, આવું ઠેરાવ્યું. શ્રીહરિ ગોરડકાથી દૂર સુધી ગઢપુર તરફ આવી ગયા હતા. ત્યાં એક સારા છાયાવાળી વાડી હતી. ૧૨. વાડી ગોરડકાની હતી. તેમાં ઝાડ ઘણાં હતાં. બંને દરબારો ત્યાં આવ્યા. કોઈ પાછળ ન રહ્યા. સાથે જ હતા. ૧૩. પોતે બંને અને તેમના અશ્વો પરસેવાથી ભીંજાઈ ગયા હતા. ઘણા પરિશ્રમે શ્રીહરિનાં દર્શન થયાં, એટલે અશ્વ ઉપરથી નીચા ઊતર્યા. ૧૪. તે સમયે બંને દરબારો આવીને શ્રીહરિને પગે લાગ્યા. હૃદયમાં ઘણો જ ઉમંગ હતો, તેઓ બંને હાથ જોડીને બોલ્યા. ૧૫.

ગઢપુરના બધા હરિભક્તો હજી પાછળ ચાલ્યા આવે છે. આપ આવો છો, એમ જાણીને સહુનાં મનમાં ઘણો ઉત્સાહ વધ્યો છે. ૧૬. ઠંડા પાણીનો લોટો લઈને આવે એમ કહીને શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીને બોલાવ્યા. ત્યારે

વર્ણી સાકર નાંખેલું ઠંડું પાણી લઈને આવ્યા. કારણ કે તેઓ શ્રીહરિની રુચિને જાણતા હતા. ૧૭. ચાંદીના અબખોરામાં ઠંડું પાણી ભરીને લાવ્યા. શ્રીહરિના હાથમાં તે અબખોરો આપ્યો. થોડું પીને તે પ્રસાદીરૂપ કર્યું. ૧૮. ત્યારે સોમલા ખાચર કટોરો લાવ્યા. સાકર ઘોળેલું જળ તેમા ભર્યું હતું. શ્રીહરિએ પોતાને હાથે બંને દરબારોને તે જળ પાયું. તૃપ્તિ થાય તેટલું પિવડાવ્યું. ૧૯. ત્યારે મૂળુ ખાચર નામે જીવા ખાચરના ભાઈ આવ્યા. પુત્રોને સાથે લઈને આવ્યા હતા. સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૨૦.

દરબાર જીવા ખાચરના બંને પુત્રો આવ્યા હતા. તેઓ પણ શ્રીહરિને પગે લાગ્યા. તેઓ શ્રીફળ અને ફૂલહાર લાવ્યા હતા તે હાર પહેરાવ્યા. ૨૧. શ્રીફળ ચરણોમાં ધર્યાં. શ્રીહરિએ સહુને ઘણા જ પ્રેમથી બોલાવ્યા. દરબાર એભલ ખાચરના પુત્ર ઉત્તમ-દાદા ખાચર તો સહુની પાછળ આવ્યા. ૨૨. બંને દરબારોની જે સવારી હતી તે પણ આવી પહોંચી. દાદાખાચર શ્રીહરિને પગે લાગ્યા અને ફૂલના હાર હતા તે પહેરાવી દીધા. ૨૩. હરખભેર શ્રીફળ ચરણોમાં મૂક્યું અને બોલ્યા. આપનો ઉતારો અમારે ઘેર રાખવાનું નક્કી કરીને અમે અહીંયાં આવ્યા છીએ. ૨૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમને બંને દરબારોને અમારા ઉપર અપાર ભક્તિભાવ છે. અમે ગમે ત્યાં જઈને ઊતરીએ સહુએ એકસરખો પ્રેમભાવ રાખવો. ૨૫.

⁕ ભગવાનનો સ્વભાવ :

અમારી ખુશીમાં આવશે ત્યાં જઈને અમે ઊતરશું. અમારો એવો સ્વભાવ છે, કોઈનું માનશું નહીં. ૨૬. **અમે જે રીતે કહીએ તે રીતે જે સરળતાથી ચાલશે, તેની સાથે અમે હેત-પ્રીત રાખીએ છીએ. તેને અમે કયારેય છોડી દેતા નથી. ૨૭. સત્યરૂપ જે ધર્મ છે તેણે રાજા હરિશ્ચંદ્રને દુઃખી કર્યા હતા. ધર્મે તેની કાંઈ શરમ રાખી ન હતી. અમે તે ધર્મના પુત્ર છીએ. ૨૮.**

ચોપાઈ :

वेर वेर बिन वांक हि जाई, तावी देखे न जावे मुंझाई;
मुझावे ताको तर्त करे त्यागा, इनसे न होय कबु अनुरागा...२९

અમે વારંવાર વગર વાંકે ભક્તને તાવીએ-ચકાસીએ છીએ. તેમાં ભકતે અકળાવું જોઈએ નહીં. જો તે અકળાઈ-મુંઝાઈ જાય તો અમે તરત જ તેનો ત્યાગ કરી દઈએ છીએ એની સાથે પછી અમે કયારેય પ્રેમ રાખીએ નહીં. ૨૯. ત્યારે દરબાર જીવા ખાચર હાથ જોડીને બોલ્યા, અમારી બુદ્ધિ તો ઘણી થોડી હોય અને આપની સમજણ તો અપાર કહેવાય, બ્રહ્માદિક પણ તેના પારને પામે નહીં. ૩૦.

અમે તો વારેવારે ગભરાઈ જઈએ છીએ. આપનાં ચરિત્રનો પાર કોણ લઈ શકે ? જો અમને બાળક જાણીને નભાવશો તો જ અમે આપની સન્મુખ રહી શકશું. ૩૧. અમારો સત્સંગ તો હેત-પ્રીતનો છે. હસીને જો અમને બોલાવો તો પ્રેમ વધે. હેત-પ્રિત વિના સત્સંગ ન રહે. એવો અમારો સ્વભાવ કહેવાય. ૩૨. અમારી કાઠીની જાતિ અપાર માની હોય છે. લગારેક માન ન મળે તો તે મરી જાય. જો થોડુંએ તેમને માન આપવામાં આવે તો તે પોતાના ગામ ગરાસ સુધ્ધાં આપી દે. ૩૩. અમારે મન ગામ ગરાસ કરતાં પણ માન ભારે છે. આપ અમારી બધી રીતને જાણો જ છો. વારંવાર અમને માન દઈને રાજપૂત દરબારો અમારાં કાઠીઓના ગામને ખાય છે અને અમને ચોથો ભાગ આપે છે. માન માટે થઈને બધા ગરાસ ખોયા છે. પાછા વળીને-વિચારીને કોઈ જોતા જ નથી. ૩૪-૩૫.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યુ, અત્યારે તમે સુખી થયા છો. તમારા દુઃખમાત્ર દૂર થઈ ગયા છે. જેટલા મોટા મોટા દોષ કહેવાય છે તે બધા ગામ ગરાસમાં રહે છે. ૩૬. જેને ઘેર બધું રાજ્ય હોય અને વિઘ્નરહિત ગામ ગરાસ હોય તે સત્સંગ કરતા નથી. તેમાં આ એક મોટો દોષ છે. ૩૭. પાંડવોના જેવા કોઈ કોઈ રાજાએ જ સત્સંગ કર્યો હતો અને સંતોનો જ્યારે યોગ થયો ત્યારે પિપાજી રાજાએ સત્સંગ કર્યો હતો. ૩૮. આટલી વાત કરીને પછી તરત જ શ્રીહરિ તૈયાર થયા. એકદમ અશ્વ ઉપર સવાર થઈને તત્કાળ ત્યાંથી ચાલ્યા. ૩૯. ગઢપુરના જે હરિભક્તો આવતા હતા તે સહુ સામે મળ્યા. શ્રીહરિને દેખીને ઘણા જ પ્રેમથી બધા ચરણોમાં પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બોટાદથી ચાલેલા શ્રીહરિ ગઢપુરની નજીક પહોંચ્યા.' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર નવમું : તરંગ - ૬૦

બજારે સહુને દર્શન દેતા શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં આવ્યા

શ્રીહરિની જેવી મરજી હતી તેને દરબારોએ જાણી લીધી. પછી પ્રસન્ન મનથી અને સરળતાથી તેમની મરજી પ્રમાણે રહેવાનું કર્યું. ૧.

दोहा : सरल वर्तत अजान होई, एसे हरिजन जेह;
ताके अपराध कोटि ही, माप करत हरि तेह...०२

બિલકુલ અજાણ્યા થઈને જે હરિભક્ત સરલ વર્તતા હોય તો શ્રીહરિ તેના કરોડ અપરાધ હોય તોપણ તેને માફ કરે છે. ૨. જ્યારે શ્રીહરિ ગઢપુર ગામની પાસે આવ્યા. ત્યારે બધા પુરવાસી ભક્તો ઘણા જ ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩. સહુ ફૂલહાર લાવ્યા હતા તે પહેરાવ્યા. શ્રીફળ ચરણોમાં મૂકયા અને સહુ ભાવથી ચરણોમાં નમી પડ્યા. ૪. તે વેળાએ દરબાર જીવા ખાચરે સરળ સ્વભાવના થઈને શ્રીહરિને કહ્યું, એભલ ખાચર અને હું, બંને આપને બેસવા માટે હાથી લાવ્યા છીએ. આપ તેના ઉપર બેસો અમને ઘણો આનંદ થાશે. ૫. અમારા બંનેના જે હાથી છે તેને આપે પોતાના માનવા તેને અમે અમારા પોતાના કયારેય માનતા નથી. આપને માટે જ હાથીને હમણાં જ લાવ્યા છીએ. ૬.

આપની ઈચ્છામાં આવે તો આપ હાથી ઉપર બેસો, અમે બંને તો અપાર રાજી છીએ. કોઈ એકને દુઃખ લાગે એટલા માટે આપ હાથી ઉપર ન બેસો એમ ન કરશો. ૭. અમારા બંનેના જે દરબારગઢ છે તે આપનાં જ કરી રાખ્યા છે. જે આપનાં ધ્યાનમાં આવે ત્યાં આપ ઊતરો, તેનાથી તમારા ઉપરનું હેત જાતું નહીં રહે. ૮. **આ જગતની એક એવી રીત છે કે જેના ઉપર વધારે હેત હોય તેને આગ્રહ કરવો જોઈએ તાણાખેંચ કર્યા વિના હેત**

દેખાય નહીં, અને હેત દેખાડ્યા વિના પ્રીતિ રહે નહીં. ૯. યોગ્ય સમયે જે હેત ન દેખાડે, તો પછીનું હેત કામ લાગતું નથી. હેત કરવા માટે પણ ઉપાય કરાય છે. ઊલટું બોલીને પણ હેત જણાવાય છે. ૧૦.

જેવી વાત હોય તેવું યથાર્થ દેખાય આવે છે અને તેને લીધે જ હેતના વિભાગ થઈ જાય છે. અમે જીવની આવી બધી વાત કહીએ છીએ. પરમેશ્વરની વાત કહેતા નથી. ૧૧. પરમેશ્વર જે જે ચરિત્ર કરે તે બધાં શુભ રીતે જ શોભી ઉઠે છે. જે હરિભક્તો તે શુભ રીતને ન દેખી શકે તેટલા તે કાચા છે. ૧૨. જીવમાં અનંત દોષ ભર્યા હોય છે, તેનો કોઈ પાર નથી. આપ અત્યંત નિર્દોષ છો. અને આપમાં ગુણો તો અનંત છે અને અપાર છે. ૧૩. આપ તો ઈશ્વરોના પણ અધીશ્વર છો. આપની આગળ અમે શા લેખામાં ? આપ તો અમને સુખ આપવાને માટે અકલ્પ્ય અને અદ્‌ભુત ચરિત્ર કરો છો. ૧૪.

આપની માયા અપાર છે. અક્ષર સુધી કોઈ તેનો પાર લઈ શક્તું નથી. હવે અમારો ઉદ્ધાર કરવો તે એક આપના જ હાથમાં છે. ૧૫. આપ અમને જેટલું જ્ઞાન આપશો તેટલું અમારું અજ્ઞાનરૂપ અંધારું ટળશે. આપ ભગવાન સર્વ સમર્થ છો અને અમે બધી રીતે અસમર્થ છીએ. ૧૬. અમે અત્યંત અંધ છીએ અને અંધકાર અપાર છે. હવે અમે આપને પોતાનાં નેત્ર કર્યા છે. આપ જેમ દોરશો તેમ અમે દોરાશું. હવે આપ અમને છેલ્લે સુધી નિભાવજો. ૧૭.

શ્રીહરિ દરબાર જીવા ખાચરના વિનયભર્યા શબ્દ સાંભળીને ઘણું જ રાજી થયા અને તે જીવા ખાચરનો જે હાથી હતો તેના ઉપર બેઠા. ૧૮. દરબાર એભલ ખાચર શ્રીહરિને ચામર કરે, એટલા માટે તેમને પણ જીવા ખાચરે હાથી ઉપર બેસાડ્યા. તે જોઈને શ્રીહરિ વિશેષ રાજી થયા અને જીવા ખાચરને પણ શ્રીહરિએ તેમની સાથે બેસાડ્યા. ૧૯. બંદૂકોના અનંત અવાજ થવા લાગ્યા. આગળના ભાગમાં અનંત વાજિંત્રો વાગવાં લાગ્યાં. જેટલા ચોપદાર આવ્યા હતા તે બધા 'જય જય' 'જય જય' આવો ઊંચેથી ઉચ્ચાર કરવા લાગ્યા. ૨૦. ગઢપુરવાસી બધા ભક્તો શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત ઉત્સાહિત થઈ ગયા હતા અને 'જય જય' 'જય જય' ના ધ્વનિથી ગગનને ગજાવી રહ્યા હતા. ૨૧. બધા લોકો અબીલ અને ગુલાલ લાવ્યા હતા. તેને

ખૂબ જ ઉડાડવા લાગ્યા. બધા ધોળ રાગનાં કીર્તન બોલતા હતા. અને બધે ઉત્સવ વ્યાપી ગયો હતો. ૨૨.

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી તે વેળાએ ઝીંઝાવદરથી ગઢપુર આવ્યા. તેઓ આવીને શ્રીહરિને પગે લાગ્યા. એટલી અદ્‌ભુત શોભા બની હતી કે તેનું વર્ણન કરી શકાતું નથી. ૨૩. શ્રીહરિની અપાર પ્રસન્નતા જોઈને તે વખતે મુક્તાનંદસ્વામી નાચી ઊઠ્યા. પ્રેમાનંદસ્વામી મૃદંગ લઈ આવ્યા અને હરખભેર વગાડવા લાગ્યા. ૨૪. મુક્તાનંદસ્વામીની સાથે તે વખતે જેટલા સંતો આવ્યા હતા તે સહુને શ્રીહરિએ ઉમંગથી પ્રસાદીના ફૂલહાર આપ્યા. ૨૫. આનંદોત્સવ વ્યાપી ગયો હતો અને સહુ પુરને દરવાજે આવ્યા. દરવાજાને વિચિત્ર રીતે શણગાર્યો હતો. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૨૬. પુરના રાજમાર્ગને વિચિત્ર રીતે શણગાર્યો હતો. હાથમાં ફૂલના હાર લઈને અપાર લોકો માર્ગમાં ઊભા હતા. ૨૭.

પુરના લોકોને દર્શન દેવા માટે શ્રીહરિ પુરમાં આવ્યા. બજારમાં જેટલી દુકાનો હતી તે બધીને વિચિત્ર રીતે શણગારી હતી. ૨૮. મકાનોના અને દુકાનોના દરવાજામાં મોતીના તોરણ બાંધ્યા હતા. પુરમાં ચારે વર્ણના જે પુરુષમાત્ર હતા તે બધા ફૂલહાર લઈને આવ્યા હતા. તેઓ તેનાથી શ્રીહરિની પૂજા કરતા હતા. આખી બજાર ફૂલવાડીના જેવી પ્રફુલ્લિત થઈ હતી. તેને મહારાજાધિરાજ શ્રીહરિ દેખતા આવતા હતા. ૨૯-૩૦.

પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને લાવી હતી અને ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને મોતીથી વધાવતી હતી. સહુનાં મન અત્યંત ઉત્સાહિત હતાં. ૩૧. શ્રીહરિએ અંગ ઉપર અપાર શોભા ધારી હતી. કેસરયુક્ત સુંદર ચંદન અંગ ઉપર ચરચ્યું હતું. ગુલાબના હાર છવાઈ ગયા હતા, તેથી મૂર્તિ ફૂલોમાં ગરકાવ થઈ ગઈ હતી. ૩૨. મસ્તક ઉપર પણ ફૂલહાર હતા. ભુજાઓમાં ફૂલના બાજુબંધ ધાર્યા હતા. છટાદાર રેશમી પીતાંબર પહેર્યું હતું. તેથી અનંતશોભા છવાઈ રહી હતી. ૩૩. શ્રીહરિએ તે સમયે અનંતકોટિ બ્રહ્માંડોની શોભા ધારણ કરી લીધી હતી. દર્શન કરનારાનાં મનમાં તૃપ્તિ થાતી ન હતી. બધા જ એક દૃષ્ટિથી શ્રીહરિની સામે જોઈ રહ્યા હતા. ૩૪.

દરબાર જીવા ખાચરે તે વખતે શ્રીહરિનાં શિર ઉપર છત્ર ધારણ કર્યું હતું. સોનેરી કળશથી તે છત્ર સુંદર લાગતું હતું. છત્રનો દંડ પણ સોનેરી અને વિચિત્ર શોભતો હતો. ૩૫. હાથીને પણ સોનેરી કરીને શણગાર્યો હતો. હાથી ઘણા સારા શીલ સ્વભાવવાળો અને ગુણવાન હતો. મનમાં ચાતુર્ય ધારીને શ્રીહરિને ગમે તેવી ચાલથી તે ચાલતો હતો. ૩૬. સારું સુગંધી પાણી બજારમાં છાંટ્યું હતું અને તેના ઉપર લોકોએ પંચરંગી ગુલાલ છાંટ્યો હતો. ૩૭. શ્રીહરિ બજારમાં ધીરે ધીરે ચાલતા હતા. વાજિંત્રો ઘણાં જ ઉત્સાહથી વાગતા હતા. તેનાથી પુર અને આકાશ ગાજી ઊઠ્યું હતું. ૩૮. એભલખાચરના દરબારગઢની પશ્ચિમ તરફના ભાગમાં શ્રીહરિ ચાલ્યા હતા. પછી મોટી બજારે થઈને માણેકચોકમાં આવ્યા. ૩૯. ચારે માર્ગ ઉપર રહેલા લોકોને દર્શન દઈને શ્રીહરિ અત્યંત ખુશી થયા અને એભલ ખાચરના ભવન પ્રત્યે આવ્યા. ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'બજારે સહુને દર્શન દેતા શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં આવ્યા.' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર નવમું : તરંગ - ૬૧

શ્રીહરિનો અભયના રાજદરબારમાં નિવાસ અને સત્સંગનું હિતચિંતન

શ્રીહરિ **ગઢપુર**માં આવીને દરબાર એભલ ખાચરના દરબારગઢમાં ઊતર્યા અને મુક્તાનંદસ્વામી આદિ સંતોને દરબાર જીવા ખાચર પોતાના દરબારગઢમાં લઈ ગયા. ૧. જ્યારે શ્રીહરિ પહેલીવાર આવ્યા હતા ત્યારે જીવાખાચરે સંતોના ઉતારા માટે દરબારગઢનાં દરવાજા પાસે જગ્યા બાંધી રાખી હતી. ૨. અને શ્રીહરિને ઊતરવા માટે પણ દરબારગઢની અંદરના ભાગમાં એક સુંદર ભવન ઘણા પ્રેમથી તેમણે બનાવડાવી રાખ્યું હતું. ૩. જ્યારે શ્રીહરિ ભુજવાળા પ્રાગજીદવેની પાસે ગ્રંથ વંચાવતા હતા. કોઈને ખબર

ન પડે તે રીતે ત્યાં ગુપ્ત રીતે રહેતા હતા. ૪. તે દેખીને એભલ ખાચરે પણ પોતાના દરબારગઢમાં શ્રીહરિ એક રહે તેવું એક નાનું ભવન બનાવ્યું. ૫.

તે ભવનને પૂર્વ અને પશ્ચિમ બંને બાજુ બારણા, ઓસરી અને નાનો એવો ચોક પણ હતો. ૬. તેની આગળના ભાગમાં ઉત્તર તરફ દરબારના મોટા મોટા ભવન હતા. શ્રીહરિને રહેવાનું જે ભવન હતું તે અજાણ્યા માણસને ખબર પડે એવું એ ન હતું. ૭. જાણીતો કોઈ માણસ પણ 'શ્રીહરિ અહીં છે.' એમ વાતને જાહેર કરી શક્તો નહીં. કયારેક કોઈ માણસ તે વાતને જાહેર કરી દે, તો શ્રીહરિ ત્યાંથી તરત જ ચાલ્યા જાય એવો મનમાં ભય રહેતો. ૮. શ્રીહરિ વનમાં ઘણો સમય રહ્યા. દયાળુ એકલા જ ધ્યાનમાં બેસતા. દત્તાત્રેયને લક્ષ્યમાં જ્યારે રાખીને વર્તે ત્યારે તેમને એકલા રહેવાનું ફાવતું હતું. ૯. **અષ્ટાંગ યોગનો અભ્યાસ રાખતા. કોઈની સાથે બોલતા નહીં. ઉદાસ રહેતા. અષ્ટ આવરણમાં કયાંય પોતાની દૃષ્ટિને ક્યારેય ચોંટવા દેતા નહીં. ૧૦.**

જે પોતાના આશ્રિત હોય તેમને પણ આવો યોગ શીખવતા. પોતાનાં મનની વૃત્તિને એક ભગવાન સિવાય બીજે કયાંય ચોંટવા દેતા નહીં. ૧૧. ભગવાન સિવાયની જે કોઈ બીજી પ્રિય વસ્તુ હોય તેમાં રાત દિવસ નિત્ય દોષ દેખાડતા કે જેનાંથી તેમાં કયારેય ભાવ ન થાય. ૧૨. જે લોકો સંસારમાં સાર માનતા તેઓ જ્યારે અતિશય દુઃખી થાય ત્યારે શ્રીહરિ તેમાંથી વારંવાર વિચાર કરીને ગુણ ગ્રહણ કરતા. ૧૩. સંસાર તો અત્યંત અસાર - તુચ્છ છે અને વિષયો તો ઝેરનો સાગર છે. એટલે જે વિષયભોગનો અત્યંત અને અપાર લોભી હોય, તે જ તેમાં સુખ માને છે. ૧૪. ભગવાનમાં અમૃતના જેવું સુખ છે, એમ જો સમજાય જાય અને અસત એવા માયિક વિષયનો જેવો લોભ છે તેવો લોભ જો ભગવાનના સુખમાં થાય તો જે અસત્ય અને લોભામણું છે તે બધું જગતનું દુઃખ કાયમને માટે ટળી જાય છે. ૧૫. મનુષ્યને આ દેહ, ઈંદ્રિયો, અંતઃકરણ અને તેના દેવતાઓ જે છે તે જ બધું સંસારનું બીજ છે અને જીવને તે જ બધા આવરણ કરે છે. ૧૬.

❋ વિષયને વિષ સમાન જાણે તે મોક્ષ પામે :

જીવ તો અતિશય અને અપાર સમર્થ છે, પણ તે દેહના યોગથી આવો નકારો-નઠારો થઈ ગયો છે. દેહના જેટલા ગુણ કહેવાય છે અને ઈંદ્રિયો તથા અંતઃકરણના જે ગુણ કહેવાય છે, ૧૭. અને દુઃખરૂપ જે વિષયો છે તે બધાને જીવ પોતાનું જીવન માને છે. તેને લીધે જ જીવ દુઃખી અને હેરાન થાય છે. જીવ જે કોઈ પણ જાતના શરીરમાં પ્રવેશ કરે છે તે બધામાં સુખ માનવા લાગી જાય છે. ૧૮.

सुख जोत ताको नाम अग्याना, मनुष्यदेह विन होत न ज्ञाना;
ज्ञानी मिले जब संत हि पुरा, ताको संग करे जीव होई शुरा...१९
ज्ञान नेत्र जन पावे जबहु, मोक्ष ताको तर्त होय तबहु;
मोक्ष की रुचि करावे जेसे, प्रथम संत को संग करे तेसे...२०

તે તે શરીરમાં જે સુખ માને છે તેનું નામ જ જીવનું અજ્ઞાન કહેવાય છે. મનુષ્યનાં શરીર સિવાય બીજા શરીરમાં સાચું જ્ઞાન થાતું નથી. માનવ શરીરમાં પણ જો કોઈ પૂર્ણજ્ઞાની સાચા સંત મળી જાય ત્યારે જો જીવ શૂરો થઈને તેનો સમાગમ કરે, ૧૯. અને જો તેથી જ્ઞાનરૂપી નેત્રને પ્રાપ્ત કરે છે તો તેનો મોક્ષ તરત થાય છે. પણ એમાં મોક્ષની રુચિ કરાવે તેવા સંતનો સમાગમ પ્રથમ કરવો જોઈએ. ૨૦.

જે પ્રકારે જીવોનો મોક્ષ થાય એવા બધા વિચારોને શ્રીહરિ નિત્ય કરતા રહેતા. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી જીવના હિતનો વિચાર કરતા રહ્યા. ૨૧. સંતોના વર્તનમાં પણ જે કાંઈ પ્રકરણ ફેરવતા હતા તે પણ સહુ લોકોનું હિત કરવાને માટે જ ફેરવતા હતા. શ્રીહરિ જે જે ગામોમાં ફર્યા તે પણ લોકોનો મોક્ષ કરવા માટે જ ફર્યા હતા. ૨૨. અરે ! મહારાજાધિરાજ શ્રીહરિ જીવોનો મોક્ષ કરવા માટે જ અક્ષરધામથી ભૂમિ ઉપર આવ્યા હતા, છતાં જે અજ્ઞાની લોકો હતા તેઓ તો શ્રીહરિને દેખીને ક્રોધ કરતા હતા. ૨૩. કેટલાક તો શ્રીહરિને માટે 'મારો' 'બાંધો' એવા શબ્દો

બોલતા છતાં શ્રીહરિ તેને સાંભળીને હસી કાઢતા હતા. અને સદા નિર્માની થઈને રહેવાની વાતો કાયમ સંતોની આગળ કહેતા હતા. ૨૪.

दोहा : निरमान हरि कु गमत हे, मान न गमत लेश;
निरमान रखे जेहि अधिक ही, सो संत सब में वरेश...२५

શ્રીહરિને નિર્માનીપણું ગમતું. માન તો થોડુંએ ગમતું નહીં. 'જે સહુથી વધારે નિર્માની થઈને રહે તે સહુમાં શ્રેષ્ઠ સાધુ છે. એવું શ્રીહરિ કહેતા. ૨૫. જીવ જેવી જાતિનો હોય તેવું તે બોલે, તેમાં વાંક કોનો કાઢવો ? આવી જેને સમજણ હોય તેને અપાર બુદ્ધિમાન સંત જાણવા. ૨૬. જે ગધેડાની જાતિનો હોય, તે પોતાની જાતિનો જ શબ્દ બોલેને ! તે બીજો શબ્દ કયાંથી લાવે ? આવું જે સમજે તે સુબુદ્ધિ સંત છે. ૨૭. જે વ્યક્તિ જેવો શબ્દ બોલે તે ઉપરથી તેની જાતિનો નિર્ધાર કરી લેવો, એમ શ્રીહરિ સંતોને કહેતા. ૨૮. મનુષ્યમાત્રમાં આવા જ ભેદ રહ્યા છે. તે સારું કે ખરાબ, પોતાના બોલેલા શબ્દોમાં જ જણાવી દે છે. અથવા બોલે નહીં તોપણ માણસના હૃદયનો સદ્‌ભાવ કે દુર્ભાવ તેની આંખ જ વગર બોલે કહી દે છે. ૨૯.

જે અધર્મનો વંશ છે તે જ માણસમાં અને સત્સંગમાં દુર્ભાવના કરાવે છે. અધર્મી મનુષ્ય ધર્મવાળાને દેખીને સહેજે જ બળી મરે છે. ૩૦. બ્રહ્માના પીઠભાગમાંથી અધર્મ વંશ ઊપજ્યો હતો. અધર્મવંશ દેવોમાં પણ જ્યારે પેસે છે ત્યારે પરસ્પર વૈર કરાવે છે. ૩૧. સહુ પહેલા અધર્મવંશ બ્રહ્મામાં પેઠો. પોતાની પુત્રી સરસ્વતીને દેખીને તેઓ કામ વિહ્વળ થઈ ગયા. ૩૨. પછી સરસ્વતી મૃગલી થઈને ભાગી ત્યારે બ્રહ્મા મૃગ થઈને તેની પાછળ દોડ્યા. ત્યારે જે મોટા મોટા દેવતાઓ કહેવાતા હતા. શિવજી અને સનકાદિક વગેરે. ૩૩. તે સહુએ બ્રહ્માને રોક્યા. તેમની કાંઈ જ મર્યાદા રાખી નહીં અને એના જેવો અધર્મ કોઈ કરે નહીં તે માટે સહુ બ્રહ્માની નિંદા કરવા લાગ્યા અર્થાત્ વઢવા લાગ્યા. ૩૪. તમારા પહેલા ઘણા બ્રહ્માઓ થઈ ગયા છે પણ આવો અધર્મ અમે ક્યાંય સાંભળ્યો નથી. જ્યાં સુધી બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તમે નિંદાને પાત્ર થયા છો. ૩૫.


બ્રહ્મા જેવા દેવને પણ અધર્મે પોતાનું બળ દેખાડી દીધું. તો પછી બીજા બધા દેવ અને મનુષ્ય વગેરે તો અધર્મની આગળ ક્યાંથી ટકી શકે ? ૩૬. જ્યારે અધર્મ આક્રમણ કરે ત્યારે કોઈ ધર્મને રાખી શકે નહીં. એટલે તે જોઈ વિચારીને શ્રીહરિએ અધર્મનાં બધાં જ દ્વાર બંધ કરી દીધાં. ૩૭. બ્રહ્માએ જ્યારે પોતાની પુત્રીને આંખથી નીરખી ત્યારે તે દ્વારને અધર્મે દેખ્યું. દેખાયેલા રૂપમાંથી કામ ઊપજ્યો. અને કામથી અજ્ઞાનરૂપી અંધકાર થઈ ગયો. ૩૮. એટલે સ્ત્રી માત્ર, પછી ભલે તે મનુષ્ય, પથ્થર, કાષ્ઠ કે ચિત્રની હોય તેને દેખતાની સાથે તરત જ કામ ઉત્પન્ન થાય છે. ૩૯. દારૂ અને આગ જો સાથે રહે તો સળગ્યા વિના રહે જ નહીં. ચાહે તેવી કોઈ કરોડ રીતે કરામત-ચાતુરી કરે તોએ શું ? ૪૦.

શ્રીહરિ આવી વાતોને ભક્તો આગળ વારંવાર કહેતા હતા અને સ્ત્રીના સંસર્ગથી જે જે ઉત્પાત્ત થયા હોય તેની વાતો પણ બહુ કરતા હતા. ૪૧. અને મોક્ષમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન ન આવે એટલા માટે કાયમ પત્રો લખાવતા હતા અને આ રીતે અધર્મને પેસવાના જે જે દ્વાર દેખાય તેને પુરાવી દેતા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના નવમ પૂરમાં 'શ્રીહરિ અભયના રાજદરબારમાં રહીને સત્સંગનું હિતચિંતન કરતા હતા.' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે નવમ પૂર સંપૂર્ણ ॥૯॥



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૦

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર દસમું : તરંગ - ૧

અધિકારીને અનુસારે શ્રીહરિચરિત્ર

दोहा : श्रीसहजानंद स्वामी के, चरित्र हि वार न पार;
श्रवण सो करहिं जेहि जन, ताके भाग्य अपार...०१
थोरे पुन्य नहिं होत हे, हरिचरित्र पर भाव;
चरित्र में भये भाव जेहि, भव में तेहि न आव...०२

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિનાં ચરિત્ર અપાર છે. જે ભક્તજન તેને સાંભળે તેનું અપાર ભાગ્ય કહેવાય. ૧. થોડું પુણ્ય હોય તો શ્રીહરિનાં ચરિત્રને સાંભળવામાં આદરભાવ થાય નહિ અને જેને શ્રીહરિચરિત્રમાં ભાવ થાય તેને ફરીવાર આ સંસારમાં જન્મ-મરણ વગેરે રહેતું નથી. ૨.

જેને ભવભટકણનું દુઃખ સમુદ્રનાં જેવું અપાર જણાય તે શ્રીહરિચરિત્રોમાં અતિશય અધિક સુખ માનશે. ૩. શ્રીસહજાનંદસ્વામીનાં ચરણકમળ સુખરૂપ છે અને સંસારનાં દુઃખોથી ભરેલા કૂવામાંથી બહાર કાઢનારા છે, તે ચરણકમળને હૃદયમાં ધારીને હવે શ્રીહરિચરિત્રોને કહું છું. ૪.

જે ભક્ત શ્રીહરિનાં ચરિત્રોને કહે છે, સાંભળે છે તેને શ્રીહરિમાં સ્નેહ થાય છે. ચરિત્રને કહ્યા-સાંભળ્યા વિના શ્રીહરિમાં સ્નેહ ન થાય અને સ્નેહ થયા વિના દુઃખોનો નાશ થાય નહિ. ૫. શ્રીહરિથી વિમુખ જીવ જન્મ, મરણ અને લખચોરાશીનાં દુઃખોને વારંવાર ભોગવે છે.

હવે દસમું પૂર શરૂ થાય છે. તેમાં શ્રીહરિનાં પરમ એકાંતિક ભક્ત દરબાર શ્રીદાદા ખાચરે, ૬. સદ્ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીને ફરીને કહ્યું, મને શ્રીહરિનાં ચરિત્રો કહો. જેમ જેમ તે ચરિત્રોને હું સાંભળું છું તેમ તેમ મારું સંસાર બાબતનું દુઃખ ટળતું જાય છે. ૭. સંસારરૂપી સર્પનું ઝેર અપાર છે. જે જે જન્મ થયાં તેમાં તે સર્પદંશ થાતો રહ્યો છે. તેનું ઝેર દિન પ્રતિદિન ચઢતું જ જાય છે. તેણે શ્રીહરિસ્મરણની સ્મૃતિ ભુલાવી દીધી છે. ૮. **હવે જ્યારે શ્રીહરિનો જોગ થયો છે ત્યારે તે સંસારનું ઝેર ઊતર્યું છે. કારણ કે જ્યાં સુધી સંસારનું ઝેર હોય છે, ત્યાં સુધી શ્રીહરિમાં પ્રેમ થતો નથી. ૯. સાકર નાખેલું દૂધ ઘણું સારું અને મીઠું હોય પણ જો તેમાં થોડુંએ ઝેર પડ્યું હોય તો તે ઝેરનો સ્વભાવ જ એવો છે કે તેનાથી સાકર અને દૂધ બંને ઝેરરૂપ થઈ જાય છે. ૧૦.** ભગવાનનું ભજન કરવામાં જે રુચિ હોય તેને સાકર નાખેલું દૂધ કહેવાય અને સંસારમાં જે રુચિ હોય તેને ઝેર કહેવાય. તે અમૃતનું પાન કર્યા વિના તે ઝેર ક્યારેય ઊતરે નહિ. ૧૧. તે અમૃત તો શ્રીહરિનાં ચરિત્ર છે. તેનાં જેવું બીજું કોઈ અમૃત સાંભળ્યું નથી. તો આપે જેવાં નજરે દેખ્યાં હોય તેવાં તે ચરિત્ર મને પ્રેમથી સંભળાવો. ૧૨.

દરબાર દાદા ખાચર અર્થાત્ ઉત્તમ નૃપ; તેઓ અત્યંત ઉત્તમ છે, તેમણે મુનિવર્ય સદ્ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીને શ્રીહરિનાં ચરિત્ર પૂછ્યાં. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, દરબાર દાદા ખાચર - ઉત્તમ નૃપ ! તમને ધન્ય છે ધન્ય છે. તમે મને જે બાબત પૂછ્યું, તે શ્રીહરિનાં ચરિત્ર હવે હું કહું છું. ૧૩-૧૪. આ ગઢપુરમાં તમારા દરબારમાં શ્રીહરિએ મારાં ઉપર રાજી થઈને મને છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં અને પોતાનાં ચરિત્ર કહેવાની આજ્ઞા કરી હતી. ૧૫. વિક્રમ સંવત્ ૧૮૮૪ના આસો સુદિ-૧૦ દશેરાને દિવસ પ્રસન્ન થઈને તે આજ્ઞા કરી હતી. ૧૬. આ દરબારગઢમાં ઉગમણા

બારના ઓરડાની ઓસરીમાં પલંગ ઉપર શ્રીહરિ પ્રસન્ન થકા બેઠા હતા. એટલી સુંદર છબી હતી કે તેનું વર્ણન કરી શકાતું નથી. ત્યારે તેઓ પોતાની ઈચ્છાથી બોલ્યા હતા. ૧૭.

ત્યારે દેશે દેશના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. શ્રીહરિના જેટલા સંતો હતા તે બધા સંતો પણ દર્શન કરવા માટે આવ્યા હતા. ૧૮. ઓરડાની આગળના ભાગમાં નીચે ચોકમાં અદ્‌ભુત મંડપ બાંધ્યો હતો. બધા ધર્મવંશીઓ પણ બેઠા હતા અને આનંદ ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૧૯. તે સમયે મેં (મુક્તાનંદસ્વામીએ) કેસરયુક્ત ચંદન લાવીને ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર, બાજુબંધ, ગુચ્છ અને તોરા શ્રીહરિને ધરાવ્યા. ૨૦. સંતસભાની પૂજા કરી. 'શ્રીહરિનાં સ્વરૂપમાં નિત્ય નવો સ્નેહ રહે.' એવી પ્રાર્થના સંતોને હાથ જોડીને કરી. સંતોએ પ્રસન્ન થઈને તે વર આપ્યો. ૨૧. મુકુંદાનંદ આદિ જે જે વર્ણીઓ હતા અને દેવાનંદસ્વામી આદિ જે દંડધારી સંન્યાસીઓ હતા તે સર્વેની પૂજા પણ કરી. ૨૨. ડુંગરજી આદિ પાર્ષદો, અને મયારામ ભટ્ટ આદિક મોટા મોટા વિપ્રોની પણ પૂજા કરી. ૨૩. સોમલા ખાચર અને અલૈયા ખાચર વગેરે જે મોટા મોટા હરિભક્તો કહેવાતા હતા, તે બધાની પૂજા કરી. તે એટલા માટે કે મારા કામમાં કોઈ દેવ કે મનુષ્ય વગેરે વિઘ્ન કરે નહિ. ૨૪.

પછી મેં 'ધર્માખ્યાન' ગ્રંથ લખવાનો પ્રથમ આરંભ કર્યો. સત્સંગિજીવન ગ્રંથમાં પ્રથમ આનો પ્રારંભ કર્યો છે. ૨૫. આપણાં સત્સંગમાં-સંપ્રદાયમાં જેટલા કવિઓ છે તેમણે જેટલા ગ્રંથ કર્યા છે તે બધા જ ગ્રંથોનું જીવન-પ્રમાણભૂત આધાર સત્સંગિજીવનને ચાતુર્યથી જાણવું. ૨૬. કવિરાજ બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિની આજ્ઞા લઈને ધર્મવંશ પ્રકાશ કરનારા છંદોની રચના કરી છે. ૨૭. કવિ નિષ્કુળાનંદસ્વામીને શ્રીહરિએ બોલાવ્યા અને તેમને 'ભક્તચિંતામણિ' ગ્રંથની રચના કરવાની આજ્ઞા કરી. ૨૮. વળી શ્રીહરિએ કહ્યું, આ શુકાનંદસ્વામી સત્સંગિજીવનનાં બધાં જ માર્ગને કહેતાં, સિદ્ધાંતને બધી રીતે જાણે છે. એટલે જ્યાં જરૂર જણાય ત્યાં તેમને વારેવારે પૂછજો. ૨૯. અમે તેમને આજ્ઞા કરી છે, એટલે જ્યારે તેમને પૂછશો ત્યારે તેઓ

આવીને કહેશે. પછી મેં મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી અને હરખભેર ધર્માખ્યાન ગ્રંથની રચના કરી.૩૦

તે ધર્માખ્યાનનો ગઢપુરમાં રહીને આરંભ કર્યો અને ધીરે ધીરે તેને પૂરું કરી દીધું. સત્સંગિજીવન ગ્રંથને આધારે પ્રિય શ્રીહરિનાં ચરિત્રોને જ ખાસ કરીને લખ્યા. ૩૧. નિયમ-ધર્મ તો શ્રીહરિએ સ્વમુખે સભામાં 'સત્સંગદીપ' (સ.જી.૩/૨૨) માં કહ્યા પ્રમાણે જે આવશ્યક હતા અને ત્યાગી અને ગૃહસ્થ સુખેથી પાળી શકે એવા હતા તે લખ્યા. ૩૨. બધા જ હરિભક્તો વાંચી શકે તેવો સરળ ગ્રંથ રચ્યો. શ્રીહરિએ જન્મ ધારણ કર્યો ત્યારથી જે ચરિત્ર કર્યા તે, ૩૩. સંક્ષેપમાં તેમાં કહ્યા. તે સાંભળીને સહુ હરિભક્તો રાજી થયા. શ્રીહરિનો જે મહિમા કહેવાય છે તે બધો ગ્રંથ વાંચવાથી જાણી શકાય છે. ૩૪.

✵ હરિચરિત્રમાં સ્નેહ રાખે તે મુમુક્ષુ :

તેમાં કહેલા શ્રીહરિનાં ચરિત્ર મોક્ષભાગી જીવને માટે નૌકા જેવા છે. જે મોક્ષભાગી મુમુક્ષુ હોય છે તેને શ્રીહરિનાં ચરિત્ર વિના બીજું કાંઈ ભાવે નહિ. ૩૫. મુમુક્ષુને તે ચરિત્રરૂપી અમૃતરસ ભાવે છે. તે સિવાયના અન્ય રસ તેને ગમતા નથી. હરિચરિત્ર વિનાના બીજા રસ તો તેને હાલાહલ ઝેર જેવા જણાય છે. ૩૬.

दोहा : **मुमुक्षुजन सो जानियें, मोक्षभागी जन तेह;**
हरि के चरित्र विन ओरमें, कबु न करे सो नेह...३७

अमृत रस हरिचरित्र में, प्रीत न करे जन जेते;
विषेइ पामर सो देखना, पेटभरन हि तेते...३८

મુમુક્ષુ કોને કહેવાય ? મુમુક્ષુ જીવ એને જ જાણવો કે જે, શ્રીહરિનાં ચરિત્ર સિવાય બીજામાં હેત કરે જ નહિ અને તે જ મોક્ષભાગી થાય છે. ૩૭. અમૃતરસરૂપ શ્રીહરિચરિત્રોમાં જેને પ્રેમ ન હોય, તે તો વિષયી, પામર અને પેટભરો મનુષ્ય છે, એમ જાણવું. ૩૮.

વિષયી અને પામરજીવને માટે ક્યારેક શ્રીહરિ એવાં ચરિત્ર કરે છે કે તેને સાંભળીને તેનું ચિત્ત તે ચરિત્રમાં ચોંટી જાય અને તેને સંસારનો રસ જે

હોય તે નીરસ થઈ જાય. ૩૯. જે વિષયી મનુષ્ય હોય છે તે સંસારને જ અપાર રસ જાણે છે. તેવા વિષયીજનનો પણ સંસારથી ઉદ્ધાર કરવા માટે શ્રીહરિ તેવાં ચરિત્ર કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'અધિકારીને અનુસારે શ્રીહરિનાં ચરિત્ર કહ્યાં.' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર દસમું : તરંગ - ૨

મુક્તાનંદસ્વામીની વાત સાંભળીને ઉત્તમ નૃપ વગેરે સૌ ખુશી થયા.

શ્રીહરિએ જે જે વેળાએ જે જે ચરિત્ર કર્યાં હોય તે તે બધાં જ અમૃતરૂપ છે અને અપાર જીવોનો ઉદ્ધાર કરનારાં છે. ૧. શ્રીહરિનાં જેટલા કોઈ ચરિત્રો છે તે બધાને જે નિર્દોષ જાણે છે તેને નિષ્પાપ મનવાળા હરિભક્ત જાણવા. ૨. **જે ભગવાનનાં ચરિત્રોને શુભ અને અશુભ એવા ભાગમાં વહેંચીને કેટલાકને ગ્રાહ્ય અને કોઈને ત્યાજ્ય કહે, આવો મનુષ્ય હરિભક્ત હોય તોપણ તે વિમુખ છે એમ જાણવું. ૩. વિષયમાં ઘણો આસક્ત એવો મનુષ્ય જો પોતામાં દોષ હોય તેને સ્વીકારે પણ તે ભગવાનનાં ચરિત્રોમાં ક્યારેય દોષ ન દેખે તે મનુષ્ય શુભ મતિવાળો છે, એમ સમજવું. ૪.**

❋ ચરિત્રને નિર્દોષ જાણે તેમાં દોષ ન રહે :

હરિચરિત્રમાં દોષ જોનારાનો ક્યારેય ઉદ્ધાર થાય નહિ. ભલે તે ધર્મ પાળી પાળીને કરોડો જન્મ વિતાવે. તેણે પાળેલો ધર્મ જ તેને દોષરૂપ થયો. કારણ કે, તેને શ્રીહરિનાં ચરિત્રોમાં દોષ દેખાયો છે. ૫. **અનંત ધર્મથી શ્રેષ્ઠ ધર્મ એ જ છે કે, જે,ભગવાનનાં ચરિત્રોમાં ક્યારેય દોષ દેખે નહીં અને જે બુદ્ધિ ભગવદ્‌ચરિત્રને જોઈને વિપરીત ન થતી હોય એવી જે બુદ્ધિ છે તે અત્યંત પવિત્ર છે.** ૬. જે મનુષ્ય ભગવાનનો કોઈ અવગુણ ન લે, પણ પોતાનો જ અવગુણ લેતો હોય એવો જે ભક્ત હોય તેને ઉત્તમ ધર્મવાળો માનવો. અને જે ભગવાનને યથાર્થરૂપમાં ઓળખે છે તેનો ઉદ્ધાર ખુદ ભગવાન કરે છે. ૭.

✵ પાકો હરિભક્ત, માન ન રાખવું, સત્સંગની દુર્લભતા :

ચોપાઈ :

निरदोष होई हरि ओलखे जाई, सत्संगी हरिजन नकी ताई;
अधर्म में अधर्म अपारा, कल्पे हरि में दोष लगारा...०८

જે ભગવાનને નિર્દોષરૂપમાં ઓળખે છે તે જ પાકો હરિભક્ત છે અને જે ભગવાનમાં લગારેક પણ દોષ કલ્પે છે તો તેને માટે તે મોટામાં મોટો અધર્મ થયો કહેવાય. ૮.

ભગવાન જેનું સન્માન કરે, તેને બીજા ભકતે મદ અને માન છોડી દઈને નમવું જોઈએ. કંસની દાસી કુબ્જા હતી. તે લોકમાં નિંદિત અને કુપાત્ર હતી. ૯. છતાં તેણે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનને અનુપમ રમણીય અને પ્રિય સમજીને ચંદન ચરચ્યું. ત્યારે તેના બધા દોષ ગુણરૂપ થઈ ગયા. અને તેની કુપાત્રતા સુપાત્રતા બની ગઈ. ૧૦. તે કુબ્જા ભવ, બ્રહ્મા અને સનકાદિકોને પણ પૂજવા યોગ્ય થઈ ગઈ. અરે ! આહીરની જાતિ પણ કુપાત્ર ગણાય પણ તેને ભગવાનનો સંબંધ થયો, ૧૧. અને વાનરોને પણ ભગવાન શ્રીરામચંદ્રજીનો યોગ થયો તેનાથી તે આહિરો અને વાનરોના બધા દોષ મટી ગયા અને તેઓ એકદમ સ્વસ્થ થઈ ગયા હતા. તેથી તેઓ ભવ, બ્રહ્મા અને સનકાદિકો પણ વારંવાર ગુણ ગાય એવા પવિત્ર બની ગયા. ૧૨.

વિપ્રના સમાન કોઈ ઉત્તમ ન કહેવાય તે અપરમપાર નિર્દોષ હોય છે. આખું જગત તેમને પૂજે છે. છતાં તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને ઓળખી શકયા નહિ. ૧૩. વૈદિક વિપ્રો જ્યાં યજ્ઞ કરતા હતા ત્યાં જઈને શ્રીકૃષ્ણે “હું સાક્ષાત્ ભગવાન પ્રગટ થયો છું.” એમ કહ્યું. ગોપ બાળકોએ પણ પોકારીને કહ્યું. ૧૪. છતાં તે વિપ્રોએ જાતિ અને વિદ્યાના અભિમાનને લીધે શ્રીકૃષ્ણને ભગવાન તરીકે ઓળખ્યા નહિ. પણ તેમને ‘વનચર’ કહ્યાં. પરિણામે તે વિપ્રો જ વનચર-જંગલી રહ્યા. ૧૫. પછી તો જયારે ખ્યાલ આવ્યો ત્યારે તે વિપ્રોએ પોતાના જન્મને ધિક્કાર કહ્યો અને વ્રજનારીઓને ધન્ય ધન્ય કહી અને પોતાના યજ્ઞાદિ કર્મને, ક્રિયાની કુશળતાને અને પોતાની વિદ્યાને પણ ‘ધિક્ ધિક્’ આવા શબ્દોથી ધિક્કારી અને પોતાની સ્ત્રીઓને ધન્યવાદ કહ્યા. ૧૬.

✻ ભગવદ્‌સંબંધી કર્મોની મહત્તા :

યજ્ઞ આદિ શુભકર્મનું શુભફળ આપવાને માટે ભગવાન તે વિપ્રોની પાસે અત્યંત પ્રસન્ન થઈને ગયા, છતાં તેમાં તે યજ્ઞ આદિ શુભકર્મ જ વિઘ્નરૂપ થયું. ૧૭. સ્ત્રીઓ અત્યંત અશુચિ અને અપવિત્ર ગણાય. તેમને શુભ ક્રિયાઓમાં અધિકાર પણ ન હતો, પરંતુ તેમણે ભગવાનને ઓળખ્યા. તેથી શુભ ક્રિયાઓનું બધું ફળ તેમને મળ્યું. ૧૮. અને તે સ્ત્રીઓ દેવતાઓને માટે પણ વંદનીય બની. વિપ્રોએ કહ્યું કે યજ્ઞની શુભ ક્રિયા કરનારા અમે શ્રીકૃષ્ણને નહિ ઓળખવાથી અધમ રહ્યા અને બ્રહ્માંડ રહે ત્યાં સુધી સર્વ જગતના ધિક્કારને પાત્ર બન્યા છીએ. ૧૯. કરોડો ઉપાય કરે તોપણ એકવાર વીતી ગયેલી શુભપળ ફરીવાર ક્યારેય આવે નહિ. અને કરોડો ઉપાય કરવાથી પણ ચિંતામણિ મળતો નથી. ૨૦.

જ્યારે સ્વયં ભગવાન અપાર કૃપા કરે ત્યારે સત્સંગથી તે શુભ સમય મળી જાય છે. તે સત્સંગ સિવાય બીજા જે અનંત કર્મો કરવામાં આવે તો તેનું ફળ તો અત્યંત તુચ્છ જ મળે છે. ૨૧. ભગવાનના સંબંધ વિનાના કર્મોનું ફળ તો દેવલોકનું સુખ અપાવે છે અને તે દેવલોકનું સુખ તો ભગવાનનાં સુખ આગળ સૂર્યની આગળ પતંગિયાનાં પ્રકાશ જેવું તુચ્છ હોય છે. એમ ભગવાનના એકાંતિક ભક્તો દેખે છે. ૨૨.

ब्रह्मांड रहे त्यां लग मिले सुखा, तोहु अंत्ये तेतनो हि दुःखा;
सत्संग करी सो आत देखाई, सत्संग विन जानत न ताई...२३

हरि विन ओरमें रुचि जितना, सत्संग भंग करत सो तितना;
तेहि कर सत्संग अधिक कहावे, भव ब्रह्मा सो मागत रहावे...२४

दोहा : हरि विन रुचि न ओरमें, देखे सुने अपार;
ताको नाम सत्संग हे, सो करना वारमवार...२५

બ્રહ્માંડ રહે ત્યાં સુધી દેવલોકનું સુખ મળે. તોપણ અંતે તો તેટલું જ દુઃખ ભોગવવું પડશે. આ બધું સત્સંગથી દેખાય છે. સત્સંગ વિના તેની ખબર પડતી નથી. ૨૩. ભગવાન સિવાયના અન્ય વિષયોમાં જે રુચિ રહેતી હોય છે, સત્સંગ કરવાથી તે વિષયમાં રુચિનો નાશ થાય છે. એ કારણથી

જ સત્સંગની અધિકતા છે અને તેને ભવ-બ્રહ્માદિક પણ માગે છે. ૨૪. શ્રીહરિ સિવાય બીજું અપાર દેખવા, સાંભળવામાં આવે તોપણ તેમાં રુચિ ન થાય તેનું જ નામ સત્સંગ છે. તે સત્સંગ વારંવાર કરવો જોઈએ. ૨૫. જેને દુર્લભમાં અત્યંત દુર્લભ અને ઉત્તમમાં અતિશય ઉત્તમ કહેવાય છે. એવો સત્સંગ કરવો. કારણ કે એવો જે સત્સંગ છે તે જ પરમપદ કહેવાય છે. ૨૬. **ભગવાન સિવાયનું જે અનંત બ્રહ્માંડોનું સુખ છે તેપણ જ્યારે અસાર દેખાય ત્યારે તેના અંતઃકરણની વૃત્તિ અહોનિશ ભગવાનનાં સ્વરૂપમાં એકતાર રહે છે. ૨૭.** સત્સંગ અને અભ્યાસ કરી કરીને એક ભગવાનમાં સાર મનાય. તે સિવાયનું જે કાંઈ દેખે કે સાંભળે, તેને થોડુંએ સાચું ન મનાય અને તે બાબતમાં શૂન્ય જેવી સ્થિતિ રહે. ૨૮.

❋ સત્સંગ કરવાનું ફળ શ્રીહરિમાં સ્નેહ કરવો :

सत्संग करन को फल हे ईतनो, हरि हरिजन संग नेह होय तितनो;
हरि के जन सो कहावत तेहि, हरि विन सत्य न देखे जेहि...२९

સત્સંગ કરવાનું ખરું ફળ તો એ છે કે, ભગવાન અને ભગવાનના ભક્તોમાં અતિશય સ્નેહ થાય. ભગવાન વિના અન્ય વસ્તુ-પદાર્થને જે સત્ય ન માને તે જ ખરો હરિભક્ત કહેવાય છે. ૨૯. ભગવાન સિવાયની વસ્તુ કે વિષયમાં જેટલી સત્યતા મનાય છે તેટલી તેને સત્સંગ કરવામાં કસર કહેવાય. માટે હરિભક્તોએ સત્સંગનો અભ્યાસ કરીને તે કસરને ટાળવી. ૩૦. કેમ જે, સત્સંગ કર્યા વિના ક્યારેય વિશાળ સુખ મળવાનું નથી. માટે ક્યારેય સત્સંગનો ત્યાગ ન કરવો. કારણ કે, ફરીને આવો લાગ નહિ મળે. ૩૧. **ભગવાનનાં સુખનો લોભી મનુષ્ય જે છે તેવો લોભી તો આ દુનિયામાં દુર્લભ છે. સત્સંગ કર્યા વિના સંસારનું સુખ કરોડો જન્મે પણ દુઃખ દેખાતું નથી. સત્સંગ કરવાથી જ સંસારનું સુખ-દુઃખ મનાય છે. ૩૨.** કરોડોવાર જન્મ-મરણ થાય તોપણ આ જીવ સંસારમાં દુઃખ દેખ્યા વિના ક્યારેય ભગવાનનું ભજન કરતો નથી. કેમ જે, મનુષ્ય અજ્ઞાનમાં એવો અવરાઈ જાય છે કે તે અજ્ઞાનને પણ સુખ માનવા લાગે છે. ૩૩. સત્સંગને રાખીને જેઓ સંત રહ્યા હોય તેવા સંત માણસને અજ્ઞાનથી છોડાવી દે છે.

પછી તે બધી રીતે સંસારનો ત્યાગ કરી દે છે અને એક ભગવાનમાં પ્રેમ કરે છે. ૩૪.

પૂર્વે જેણે જેણે સત્સંગ કર્યો હતો તેની વાત ઉમંગથી કહી દેખાડે. તે મનુષ્યને જે રીતે સત્સંગમાં રુચિ ઊપજે તે રીતે હેતથી વાત કરે. ૩૫. તે સત્સંગની વાત જ્યારે સંત કરતા હોય ત્યારે તે અજ્ઞાની મનુષ્ય વગર વિચારે કાંઈ કહી નાખે ત્યારે વાત કરનારા સંત તેની સાથે ક્યારેય ક્રોધ ન કરે. ૩૬. પરંતુ તેને અજ્ઞાની માનીને હેતથી વાત કરે તેથી જેમ પાણી નાખવાથી આગ શાંત થઈ જાય છે તેમ તે માણસ સ્વયં શાંત થઈ જાય છે પરંતુ સંત જો શાંત દેખાતા હોય અર્થાત્ રહ્યા હોય તો જ સામો માણસ શાંત થઈ જાય છે. ૩૭. આ પ્રમાણે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ સત્સંગની અને સંતની વાત કહી. ત્યારે તે સાંભળીને દરબાર દાદા ખાચર મનમાં ખુશ થઈને બોલ્યા, ૩૮.

શ્રીહરિ, સંતો, હરિભક્તો અને સત્સંગ એ બધાનો મહિમા તો અનંત છે. પણ જો કાયમનો મહિમાવાળી કથા કહેવા, સાંભળવાનો અભ્યાસ ન રહે તો તે તરત જ ઘટી જાય છે. ૩૯. સંસાર ઘણો જ દુઃખરૂપ દેખાય છે છતાં તેમાં સુખ માનીને તે સંસારનાં દુઃખથી ભરેલા કૂવામાં જીવ પડે છે. કારણ કે આપે કહ્યું તે ગાઢ અજ્ઞાન તે જીવમાં ભર્યું હોય છે. ૪૦. આપે અત્યારે જે જે વાત કહી તે સંત વિના જીવને કોણ કહે ? અને તે કારણથી જ મોટા મોટા જે રાજાઓ થયા છે તે પણ સંતોના સમાગમને ચાહે છે. ૪૧. જેને હાલ સત્સંગ થયો છે તેના ભાગ્ય શું કહી શકીએ ? તમારા જેવા આવી વાત કરનારા જ્યારે મળ્યા ત્યારે મેં દૃઢ મને કરીને આ વાત જાણી છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'મુક્તમુનિનાં મુખથી વાત સાંભળીને ઉત્તમનૃપ આદિ સહુ ખુશી થયા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર દસમું : તરંગ - ૩

જીવા ખાચરે પરિવાર સાથે સત્સંગનો મહિમા વિચાર્યો

સંતો અને હરિભક્તો તથા બધા ધર્મવંશીઓ જે બેઠા હતા તે મુક્તાનંદસ્વામીનાં મુખની વાત સાંભળીને આશ્ચર્યચક્તિ થઈ ગયા. ૧. શ્રીહરિના વિયોગનું દુ:ખ તો સહુને ઉપર જેમ આકાશ તૂટી પડે તેમ અપાર થયું હતું. તે દુ:ખનું મુક્તાનંદસ્વામીએ નિવારણ કર્યું. ૨. મુક્તાનંદસ્વામીને તે સમયે બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ, તેથી શ્રીહરિનાં ચરિત્રરૂપી અમૃતની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩. શ્રીહરિનાં વિયોગનું દુ:ખ બધા હરિભક્તોને જે થયું હતું તે પુષ્કળ વરસાદ થવાથી જેમ દાવાનળ બુઝાઈ જાય છે તેમ બધું મટી ગયું. ૪. ગઢપુરના એભલ ખાચરના દરબારમાં શ્રીહરિ જેટલાં દિવસ રહ્યા અને તેના પરિવારને જે અતિશય સુખ આપ્યું હતું, ૫.

તે શ્રીહરિનું સુખ જે રીતે તેમણે લીધું, તે કહી શકાતું નથી. શ્રીહરિની સેવામાં સહુને જેવી અને જેટલી અભિલાષા હતી તેટલી અને તેવી સેવા કરીને તેમણે સુખ લીધું. ૬. માનો શ્રીહરિએ તે એભલ ખાચરના પરિવારને માટે જ અવતાર લીધો હોય તેમ તે સહુને એવું અનંતવાર સુખ આપ્યું. ધર્મકુમાર શ્રીહરિએ એભલ ખાચરના રાજ-દરબારને અને બધાં પરિવારને પોતાનો જ માન્યો હતો. ૭. અને શ્રીહરિએ જ્યાં સુધીમાં તેમનો ગામ, ગરાસ કહેવાતો હતો ત્યાં સુધી સહુમાં મમતા કરી હતી. જીવા ખાચરનો ગામ, ગરાસ જોઈને તેમને કહીને, ૮. તેમના જેટલો જ ગરાસ એભલ ખાચરને પણ કરી દીધો. વાડીઓ અને ખેતર વગેરે પણ જીવાખાચરના જેટલા જ કરી દીધાં. શ્રીહરિની આવી રીત જોઈને જીવા ખાચર પણ દિન-પ્રતિદિન વધારે પ્રેમ કરવા લાગ્યા. ૯.

શ્રીહરિનાં આવાં મનુષ્ય ચરિત્રોને દેખીને જીવા ખાચર જ્યારે વધારે હેત રાખવા માંડ્યા. ત્યારે જીવા ખાચરને આશરે રહેનારા તેના જે એવા મનુષ્યો હતા તે તેમને વારેવારે કહેવા લાગ્યા કે, આ સહજાનંદસ્વામી તમારા બધા ગરાસને કબજે કરી લેશે. એભલખાચરનો ગરાસ જેમ પોતાના

હાથમાં કરી લીધો છે. તેમ તમારો પણ લઈ લેશે અને તમને પણ તેના જેવા કરી દેશે. ૧૦-૧૧. જો તેઓ તમને પણ સાધુ કરી દેશે તો અમે ક્યાં જઈને અમારું ગુજરાન કરશું ? પરદેશીનો વધારે વિશ્વાસ કરાય નહિ. અમે હિતની વાત કહીએ છીએ તેને તમે તમારાં મનમાં માનો. ૧૨. જીવાખાચરે તે વાત સાંભળી, પણ તેમને કાંઈ કહ્યું નહિ. તે લોકોને રજા આપી દીધી અને કહ્યું કે, તમે તમારે ઘરે જઈને બેસો અને તમારું ઘર સંભાળો. ૧૩. પછી જેટલો પોતાનો પરિવાર, ભાઈ, પુત્રો વગેરે જે હતા, તેમને બોલાવ્યા અને કહ્યું, આ બાબતમાં તમારું માનવું કેવું છે ? તે બોલો. ૧૪.

એક બાજુ સત્સંગ છે અને બીજી બાજુ ગરાસ છે. તે બેમાં અધિક કોણ ? તે કહો. જેનો ક્યારેય નાશ ન થાય અને યુગો સુધી નિર્ભય રહે, તે કહો. ૧૫. પ્રહ્લાદજી, પ્રિયવ્રત, ધ્રુવ અને પાંડવો, એ બધા મોટા રાજાઓ થઈ ગયા છે. તેમની આગળ આપણો ગરાસ શું લેખામાં આવે ? ૧૬. આપણને શ્રીહરિ જે રીતે મળ્યા છે. આપણા ઉપર ઘણો પ્રેમ રાખે છે. આવા શ્રીહરિ તેમને કોઈને મળ્યા ન હતા. તે બધાને તો નારદજીનો જ યોગ થયો હતો. ૧૭. પ્રહ્લાદ આદિને ભગવાનનો યોગ થોડોક જ થયો હતો છતાં તેનો યશ કેટલો વ્યાપી ગયો છે ? પાંડવોને ભગવાનનો યોગ થયો હતો પણ તેઓ સુખથી રાજ્યને ભોગવી શક્યા નહિ. ૧૮.

❋ ભગવદ્મિલનની દુર્લભતા :

સત્સંગની આગળ ગામ, ગરાસ શું લેખામાં ? આવું આગળ-પાછળનું જોઈએ ત્યારે સમજાય છે. અનંત બ્રહ્માંડનાં રાજ્ય જેવું સુખ તો સત્સંગને રાખવાથી મળે છે. ૧૯. આપણા ગરાસ જેવા તો અનંત ગરાસ હોય તોપણ તે શ્રીહરિની દૃષ્ટિમાં આવતા નથી. જે લોકો શ્રીહરિની મોટાઈને જાણતા ન હોય તે લોકો આવીને મન ચાહી વાતો કરતા હોય છે. ૨૦. લોકો આવીને કરોડ જાતની વાતો કહે, પણ તેમને આપણા હિતેચ્છુ માનવા નહિ. તે લોકો પોતાનું હિત ચાહતા હોય છે. સહુ પોતપોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ હોય છે. ૨૧. લોકો આપણા હિતેચ્છુ કહેવાય, પણ ખરેખર તેઓ આપણા હિતશત્રુઓ છે. તેમની વાતને લગારેય સાંભળવી નહિ. હિતેચ્છુ

થઈને કહેવા આવે ત્યારે ઉપરથી 'ઠીક છે' એમ કહેવું. ૨૨. પણ મનમાં તો તે બધા લોકોને શત્રુ જેવા જાણવા અને ભગવાનની સાથે જ ઘણો સ્નેહ રાખવો. જ્યારે આપણું અપાર ભાગ્ય હોય ત્યારે જ ભગવાન શ્રીહરિ આપણને પોતાના માને. ૨૩. શ્રીહરિએ એકવાર મને કહ્યું, તમે જેવા મારા છો, તે રીતે જ બધા પરિવારે પણ મારા થઈને રહેવું. એટલે અત્યારે મારા દિલમાં જેવું તાન છે, જેવી એક નિષ્ઠા છે, તે હું તમને બધા પરિવારને ખાનગીમાં પૂછી રહ્યો છું. તો તમે સહુ કહો. ૨૪.

❋ ભગવાન મળવા દુર્લભ છે, નિર્દોષભાવ :

ત્યારે જીવા ખાચરના બધા પરિવારે તેમને કહ્યું, ગરાસ તો ઘણીવાર મળ્યો છે અને મળશે, પણ આ ભગવાન શ્રીહરિ ફરીને નહિ મળે. ૨૫.

દોહા : हरि मिले तेहि होत हे, अनंत ब्रह्मांड के भूप;
हरि मिलने दुल्लभ हे, परम सो बात अनूप...२६

જેને ભગવાન મળે તે જ અનંત બ્રહ્માંડનો ભૂપ કહેવાય, પરંતુ ભગવાન મળવા ઘણા દુર્લભ છે અને તે વાત જ સર્વ શ્રેષ્ઠ છે. ૨૬. શ્રીહરિ તો રાજાઓના પણ મહારાજા છે. તેમનાથી ઉપર કોઈ અધિપતિ નથી. એમના જેવું કોઈનું સામ્રાજ્ય નથી. એવો આ અવતાર થયો છે. ૨૭. ભગવાન અનેક પ્રકારનાં ચરિત્ર કરવા ભૂમિ ઉપર પ્રકટ થયા છે. તેઓ જ્યારે કોઈનો વિવેક હરી લે છે ત્યારે તેને જ્ઞાન રહેતું નથી. ૨૮. દેવકી અને યશોદા શ્રીકૃષ્ણ ભગવાનની માતા હતા તથા વસુદેવ અને નંદજી પિતા હતા. તેમને તુલ્ય અન્ય કોઈ ભક્ત કે મુક્તને કહેવાય નહિ. ૨૯. છતાં ભગવાને તે માતાપિતાને વારંવાર મનુષ્યભાવ અને દિવ્યભાવ બતાવ્યો હતો. વળી ભગવાને જ્યારે રામચંદ્ર અવતાર ધારણ કર્યો હતો ત્યારે તેમણે પણ અપાર મનુષ્યચરિત્ર કર્યાં હતાં. ૩૦.

તે મનુષ્યભાવમાં પણ જેને દિવ્યભાવ રહ્યો હતો તેની મોટાઈ શાસ્ત્રોમાં લખાણી છે અને જેને મનુષ્યભાવ આવી ગયો હતો તે વાત પણ લખાણી છે. ૩૧. સતીને જો ભગવાન રામમાં મનુષ્યભાવ થયો હતો, તો તેપણ

તરત લખાયો છે અને શિવજી ઘણા સમર્થ કહેવાય, ભગવાનના અનન્ય ભક્ત ગણાય, ૩૨. છતાં તેઓ બાણાસુરનો પક્ષ લઈને ભગવાનની સાથે યુદ્ધ કરવા આવ્યા. લક્ષ્મણનાં જેવું કોઈ સમર્થ નહિ, પણ તેઓ થોડીવાર રાવણની ગાદી ઉપર બેઠા. ૩૩. ત્યારે રામચંદ્રજીના ઉપર જુદી જ જાતની ભાવના થઈ ગઈ હતી. આવી વાત ઠેકઠેકાણે લખાઈ છે. ભગવાન જેની બુદ્ધિ સારી રાખે તે ઉદ્ધવના જેવા એકસરખા રહી શકે છે. ૩૪. બ્રહ્મા અને ઇંદ્ર ઘણા સમર્થ હતા, પણ શ્રીકૃષ્ણનાં ચરિત્રોને દેખીને તેમને પણ અપરમપાર મોહ થઈ ગયો હતો. તે બધું કવિએ નિર્ધાર કરીને શાસ્ત્રમાં લખ્યું છે. ૩૫.

મનુષ્ય અને દેવનું શરીર જ એવું છે કે તે રાવણની ગાદી છે. જો સત્સંગનો જોગ ન હોય તો એક જ દિવસમાં બુદ્ધિ વિપરીત થઈ જાય છે. ૩૬. **જેટલા સંતો અને હરિભક્તો છે, જેની બુદ્ધિ ક્યારેય ફરી ન હોય, તેમને વારંવાર પગે લાગવું જોઈએ. ૩૭.**

ચાહે તેવા તેઓ મનુષ્યચરિત્ર કરે તોપણ ભગવાન શ્રીહરિમાં આપણને ક્યારેય માનવભાવ ન આવે. કેમ જે, તે તો દિવ્યાકાર જ રહ્યા હોય છે. ૩૮. (આટલું પરિવારને કહ્યા પછી જીવા ખાચર શ્રીહરિને ઉદ્દેશીને કહે છે,) હે હરિ ! અમારી બુદ્ધિ તો ઘણી અલ્પ છે. આપનો જો રાજીપો ન હોય તો તેને ફરતા વાર લાગે નહિ. કારણ કે આપનો અનુગ્રહ જ સદ્‌બુદ્ધિનો અધિક રક્ષક છે. ૩૯. આ સાંભળીને દરબાર જીવા ખાચરના બધા પરિવારે એમ કહ્યું કે, હે દરબાર ! આપ વારંવાર આવી પ્રાર્થના શ્રીહરિનાં ચરણોમાં કરતા રહેજો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'જીવા ખાચરે પોતાના પરિવાર સાથે સત્સંગનો મહિમા વિચાર્યો' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર દસમું : તરંગ - ૪

જીવા ખાચર મુક્તાનંદસ્વામી પાસે શ્રીહરિચરિત્રોને સાંભળતા તે કહ્યું

શ્રીહરિ પોતાની ઈચ્છા મુજબ ગઢપુરમાં રહ્યા. પછી તરત જ બહાર જવા તૈયાર થયા. તે જાણીને દરબાર જીવા ખાચર તરત જ શ્રીહરિની પાસે આવ્યા. ૧. તેણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપ તો થોડા દિવસ પણ અહીં રહ્યા નહિ. અમારા મનોરથમાંથી આપે એકપણ પૂરો કર્યો નહિ. ૨. શ્રીહરિ પરમ દયાળુ છે. તેમણે અમૃત અને પ્રેમરસ ભર્યા નેત્રોથી તેમની દીનતા ભરી ભાવના દેખી. પછી સ્વયં શ્રીહરિ જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. ૩. જીવા ખાચરે શ્રીહરિને રહેવા લાયક સારું ભવન બનાવ્યું હતું. અતિશય મનોહર જગ્યામાં કરેલા મકાનને સુંદર ધોળ કરીને ઉજ્જ્વળ કર્યું હતું. ૪. આથમણા બારનું તે મકાન હતું. તેની આગળના ભાગમાં સુંદર લીંબડો ફેલાયેલો હતો. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો અને પ્રેમથી જાહેરમાં રહેવા લાગ્યા. ૫.

દરબાર વર્ણીની પાસે નિત્ય નવી નવી રસોઈ કરાવતા. રસોઈમાં કોઈ મીઠાઈ સાકર વિનાની કરાવવી નહિ, એવી તેમણે ટેક લીધી હતી. ૬. સવારે અને સાંજે બે વખત રસોઈ બનાવાતી. અત્યંત ભાવનાથી શ્રીહરિ જમતા. પોતે જમતા અને સાથે જીવા ખાચરને પણ જમાડતા. જમાડવાની શ્રીહરિની એવી પ્રકૃતિ હતી. ૭. જ્યાં સુધી સંતો ગઢપુરમાં રહેતા ત્યાં સુધી એ બંને દરબારો રસોઈ આપતા. ગઢપુરમાં ચારે વર્ણોના બીજા હરિભક્તો ઉત્તમ હતા. ૮. તેઓ પણ વારાફરથી રસોઈ આપતા હતા. સંતો દિવસમાં એકવાર જમતા. પોતાના રહેવાનાં સ્થળમાં જ નિત્ય રસોઈ બનાવી લેતા. ૯. રાત-દિવસ કથા અને કીર્તન કરતા અને ધ્યાન-સ્મરણ સિવાય દિવસ વિતાવતા નહિ.

શ્રીહરિ જ્યાં સુધી એભલ ખાચરના દરબારગઢમાં રહ્યા, ૧૦. ત્યાં સુધી દરબાર જીવા ખાચર મુક્તાનંદસ્વામી પાસે બેસતા અને શ્રીહરિનાં જે જન્મ વગેરે ચરિત્ર પૂછતાં. ઘરમાં રહીને શું કર્યું ? ૧૧. વન વિચરણમાં જે ચરિત્ર કર્યાં, યોગીઓને દર્શન દીધાં, શ્રીહરિ જે જે ધામમાં જઈને વિચર્યા હોય, છેલ્લે સત્સંગમાં આવીને જે રહ્યા, ૧૨. લોજમાં તેમને (મુક્તાનંદસ્વામીને)

જે રીતે મળ્યા એ બધી જ વાતો જીવા ખાચરે ઘણા જ પ્રેમથી સાંભળી. ૧૩. પીપલાણા ગામમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીને શ્રીહરિનો જે રીતે મેળાપ થયો. તે બધું તેમણે સાંભળ્યું. ૧૪. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ જે રીતે દીક્ષા આપી. પછી તેમની ગાદીએ બેસાડ્યા અને પછી સ્વામી સ્વધામ ગયા. ૧૫.

❋ બધા બ્રહ્માંડોમાં શ્રીહરિનાં ચરિત્રોનું ગાન :

પછી તો શ્રીહરિ જેટલો પોતામાં પ્રતાપ રહ્યો છે તે અધિકારી જોઈને બતાવવા લાગ્યા. ૧૬. ત્યારે પાતાળથી અક્ષરધામ સુધી તે પ્રતાપને શુકદેવજી, નારદ અને સનકાદિક જેવા બધા સિદ્ધો ઠેકઠેકાણે કહેવા લાગ્યા. ૧૭. મનમાં અત્યંત ઉત્સાહથી તે પ્રતાપને સિદ્ધો ગાવા લાગ્યા. તે સાંભળીને બધા લોકમાં રહેનારાનાં મનમાં પણ ઘણો ઉત્સાહ થયો અને વારંવાર શ્રીહરિનાં ચરિત્રોને સંભારવા લાગ્યા. ૧૮. **શ્રીહરિ ભૂમિ ઉપર જે જે ચરિત્ર કરતાં તેને સિદ્ધો અને મુનિઓ દેખતા. પછી જેટલાં બ્રહ્માંડોમાં અલગ અલગ લોક હોય ત્યાં રહેનારા મોટા મોટા દેવોની આગળ તરત જઈને ઘણા આનંદથી કહેતા અને તેના અંગમાં પ્રેમ અને ખુમારી સમાતા નહિ. ૧૯-૨૦.**

તે તે લોકના તે મોટા દેવો જ્યારે શ્રીહરિનાં ચરિત્રોને સાંભળતા ત્યારે તરત જ તેમને સમાધિ થઈ જાતી હતી. તે દેવોના અંતઃકરણમાં મુનિઓ શ્રીહરિનાં ચરિત્રોને કહેતા, ૨૧. ત્યારે તેવાં જ ચરિત્રોને શ્રીહરિ કરતાં હોય તેવું તે દેવોને દેખાતું. તેથી તે ચરિત્રોની બધી વાતને તેમણે સત્ય માની. ત્યારે ધન્ય ધન્ય કહેવા લાગ્યા અને કહે કે, આવો અવતાર કોઈએ ધાર્યો નથી. ૨૨. અનંત અવતારોનું જે સામર્થ્ય છે તે એક જ અવતારમાં અત્યારે દેખાડ્યું છે. તે શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી તે દેવતાઓને શ્રીહરિએ પોતાના ચરિત્રો ત્યાં બેઠા થકા દેખાડ્યા હતા. ૨૩. તે બધા દેવોને જેવાં ચરિત્રનાં દર્શન થાતાં તે પોતપોતાના લોકમાં જન્મથી લઈને જ્યાં સુધી શ્રીહરિ ભૂમિ ઉપર રહ્યા, તે બધાં જ અત્યાર સુધીનાં ચરિત્રોને લખી લેતાં. ૨૪. **તે દેવોએ શ્રીહરિચરિત્રામૃતસાગર, સંપૂર્ણને લખી લીધો છે અને પ્રેમરસથી દિનપ્રતિદિન તેની કથા કરે છે. ૨૫.**

ઉપર કહ્યા પ્રમાણે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી અનુપમ શ્રીહરિચરિત્રની વાત રોજ રોજ કહેતા તેને દરબાર જીવા ખાચર સાંભળતા હતા. ૨૬. પછી જીવા ખાચર જે વાત મુક્તાનંદસ્વામી પાસે જઈને સાંભળી હોય તે શ્રીહરિ પાસે જઈને કહેતા. ૨૭. ત્યારે શ્રીહરિ તેમને કહેતા કે, આ વાત બધી તમારા પરિવાર આગળ જઈને કહેજો. આ અમૂલ્ય સત્સંગ મળ્યો છે એટલે કોઈ તેને છોડી ન દે. ૨૮. જે વિમુખ લોકો કહેવાય છે તેને અમારા મહિમાની ખબર હોતી નથી. તેઓ પોતાની સમજણ પ્રમાણે અમારી બાબતમાં કલ્પના કરતા હોય છે. તેઓ તમારી પાસે અમારો મહિમા કેમ સાંભળે ! ૨૯. એટલે તેવા લોકો વિપરીત બુદ્ધિ કરાવી દે અને સત્સંગના યોગને ખોવડાવી દે - છોડાવી દે. ગમે તેવો ચતુર માણસ હોય પણ જો તે દારૂ, લીલાગરભાંગ અથવા ધતૂરાને પીવે તો તરત જ તેની બુદ્ધિ ફરી જાય છે. તેને બોલવામાં પણ કાંઈ ઠેકાણું રહે નહિ. તેમજ સ્ત્રી, ધન, ગામ, ગરાસ પણ લીલાગર ભાંગ જેવા છે તે પણ સદ્‌બુદ્ધિનો તરત જ નાશ કરે છે. ૩૦-૩૧.

પુત્ર અને પિતા, તેના સમાન કોઈ પરસ્પર હિતેચ્છુ કહેવાય નહિ. તેઓ પ્રિયમાં પ્રિય હિતેચ્છુ કહેવાય. માતા અને ભાઈ પણ એવા જ ગણાય. બધા જ એક શરીરમાં હોય તેમ રહેતા હોય છે કહેતાં, અતિ આત્મીયતાવાળા હોય છે. ૩૨. પણ તેમાં ધન અને નારીનો જ્યારે જોગ થાય છે ત્યારે તે એકે એકને જુદા પાડી દે છે. તેમાં પણ જે વધારે પડતો લોભ કરતો હોય તેનું માથું ઉડાવી દેવા માટે બીજાની બુદ્ધિ તરત જ ફરી જાય છે. ૩૩. આવા આત્મીયલોકોની પણ જો ધન, નારી અને ગરાસને કારણે મતિ ફરી જાતી હોય તો તેમાં બીજાની તો વાત જ શું કહેવી ? કેમ જે, માણસની બુદ્ધિ તરત જ ફરી જાય છે. જે જે ધન, નારી જેવું પદાર્થ કહેવાય છે તે સહુ કોઈની બુદ્ધિને વિપરીત કરી નાખે છે. ૩૪. **જ્ઞાનાકારે દૃષ્ટિ થયા વિના કોઈને ક્યારેય યથાર્થપણે વાત દેખ્યામાં આવતી નથી. અને જ્ઞાનાકારે દૃષ્ટિ જેને ન થઈ હોય એવા બધા જ પ્રાણી ઘોર અંધારામાં પડ્યા હોય**

તેમ સમજી લેવું. ૩૫. જો અમૂલ્ય જ્ઞાનરૂપી નેત્ર પ્રાપ્ત થયા હોય તો તે અંતઃકરણમાં તપાસી-દેખી શકે છે. પછી જે વિપરીત બુદ્ધિને કરનારી વસ્તુ કે બાબત છે તે બધી તેને જોવામાં આવે છે. ૩૬.

❋ શરણાગતિ અચળ રાખે તો કર્મ બળી જાય :

તેમાં પણ જેનામાં સત્વગુણ હોય તેને શુદ્ધ રીતે દેખવામાં આવે છે. પરંતુ જેનામાં રજોગુણ, તમોગુણ રહ્યા હોય તેનું અંતર ધૂંધળું રહે છે. ૩૭. જ્યાં સુધી જીવ દેહમાં એટલે કે દેહભાવમાં રહ્યો હોય છે ત્યાં સુધી દેહના ગુણ-દોષ જે જે હોય છે તે સર્વે જીવમાં કે જીવના કહેવાય છે. અને તે રીતે કહેવું એ જ સાચો આચાર કહેવાય છે. ૩૮. કેમ જે, જીવ વિનાનો દેહ તો જડ છે. ચૈતન્ય તો સદા જીવ જ રહ્યો છે. એટલા માટે જ જ્ઞાનીજનો બધો દોષ ચેતન-જીવના ઉપર નાખે છે. ૩૯. સુખરૂપ ફળને જીવ ભોગવવા ચાહે છે. એટલા માટે જ પાપનું ફળ દુઃખ જમદૂતો જીવને ભોગવાવે છે. ૪૦.

ચોપાઈ :

सुख दुःख कर्म को देह, वेर वेर जीयको रचात तेहि;
सत्संग होत जब तेह, सुख दुःख कर्म बलि जात तब...४१
ईश्वर के होत शरन, ईश्वर संत के वचन कर;
अनंत साधन में साधन, ईश्वर शरन को कहत अधिक...४२

સુખ અને દુઃખને આપનારા પુણ્ય અને પાપરૂપ કર્મને લીધે જીવને વારંવાર દેહ ધારણ કરવો પડે છે. તે જ્યારે જીવને સત્સંગથી પરમેશ્વરનો દૃઢ આશ્રય થાય છે ત્યારે તેના બધાં સુખ, દુઃખ દેનારા કર્મો બળી જાય છે. ૪૧. ભગવાન અને સંતોનાં વચનોને માનીને જીવ પરમેશ્વરને શરણે જાય છે. કારણ કે અનંત સાધનોમાં શ્રેષ્ઠ સાધન તો પરમેશ્વરનાં શરણને જ કહ્યું છે. તેથી જ્યારે પરમેશ્વરના શરણે જાય છે ત્યારે સર્વે કર્મોથી જીવ છૂટી જાય છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'જીવા ખાચર મુક્તાનંદસ્વામિ પાસે શ્રીહરિચરિત્ર સાંભળતા તે કહ્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર દસમું : તરંગ - ૫

જીવા ખાચર આગળ શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો

દરબાર જીવા ખાચરે હાથ જોડીને શ્રીહરિને પૂછ્યું, પરમેશ્વરને શરણે આવતાં મુમુક્ષુનાં લક્ષણ શું હોય ? તે આપ મને કહો. ૧. ત્યારે શ્રીહરિ બોલ્યા, બુદ્ધિમાન દરબાર, તમે સાંભળો. જે સ્પષ્ટપણે દેખાતા હોય તે શરણાગતનાં લક્ષણ હું તમને કહું છું. ૨.

✻ શરણાગતનાં લક્ષણ :

सोरठा : जग में जो जो जन, जाके शरन जो होत तेहि;
वर्तत ताके वचन, निज धारे न करत कोउ...०३
वचन में वर्तत जाहि, शरण भये जो जाके जेहि;
शरनागत जानना ताहि, वर्तन में आत देख तरत...०४

દુનિયામાં જે કોઈ પણ મનુષ્ય જેને શરણે થાય, તે જેને શરણે રહ્યો હોય તેનાં આજ્ઞાવચનમાં રહે પણ તે ક્યારેય પોતાનું ધાર્યું ન કરે. ૩. જે કોઈ મનુષ્ય જેને શરણે થયો હોય તેનાં વચનમાં તે વર્તતો હોય, એટલે વચનમાં વર્તનારો શરણાગત કહેવાય. અને તે વર્તન ઉપરથી તરત જ દેખાઈ આવે છે. ૪.

જેને વર્તનમાં જેટલો ફરક પડે તેટલી તેને શરણે થવામાં ખામી છે. દરદી જ્યારે વૈદ્યને શરણે જાય છે ત્યારે વૈદ્ય દરદ જોઈને તેને દવા આપે છે. ૫. પછી વૈદ્ય તેને ચરી બતાવે છે. જો દરદી તે પ્રમાણે ચરી રાખે તો તેનો રોગ તરત મટી જાય છે. ચરી પાળ્યા વિના રોગ મટે નહિ. ૬. દરબાર, અમે શરણાગતનું લક્ષણ જાણતા હતા તે તમને કહ્યું છે. જેણે સમુદ્ર પાર કરવો હોય તો તેણે નાવિકનું શરણ લેવું જોઈએ. ૭. તે નાવિક તેને નાવમાં બેસાડે છે. નાવિક કહે તેમ સમુદ્ર તરવા ચાહનારાએ કરવું પડે અને ત્યારે તે માણસને સમુદ્રને પાર ઉતારે છે તેમ અગાધ સાગરના પારને તે તરત જ પામે છે. ૮. દૃષ્ટિએ કરીને વિચારી જુઓ. કોઈ બાબત નિયમ વિનાની હોતી નથી. જે નિયમોનું ઉલ્લંઘન કરીને વર્તે છે દુનિયામાં તેની મોટાઈ થાતી નથી. ૯. જગતમાં જે કાંઈ સ્થાવર, જંગમ

વસ્તુ કે પ્રાણી કહેવાય છે તેને ભગવાન નિયમમાં ચલાવે છે. ભગવાનની નિયમન કરવાની જે શક્તિ છે તે અણુ અણુમાં વ્યાપીને રહી છે. ૧૦. તે પરમેશ્વરનું અંતર્યામી એવું નામ છે. તેમનાં સામર્થ્યનો તો કોઈ પાર નથી. તે પરમેશ્વર સતત એકરૂપમાં રહ્યા હોવા છતાં અનંત રૂપોને પ્રકાશિત કરે છે. ૧૧. જ્યાં જેવું કાર્ય હોય ત્યાં તેવું રૂપ ધરીને દેખાય છે. પરમેશ્વરનું જેવું મૂળરૂપ કહેવાય છે તે તેવાને તેવા જ રૂપે પ્રકટ થાય છે. ૧૨. **પરમેશ્વરનું સનાતન જે મૂળરૂપ છે તેનો તેઓ ત્યાગ કરતા નથી. જ્યાં જેવું સામર્થ્ય પ્રકટ કરવાની જરૂર જણાય ત્યાં તેવું સામર્થ્ય પ્રકટ કરે છે. ૧૩.**

અક્ષર આદિકને અને મુક્તોને પણ પરમેશ્વરનું સામર્થ્ય કળ્યામાં આવતું નથી. જેટલું તેમને જણાવે છે તેટલું તેઓ જાણે છે. ૧૪. તે પરબ્રહ્મ પુરુષોત્તમની આગળ પ્રકૃતિ પુરુષ કાંઈ ગણતરીમાં નથી, તો પ્રધાનપુરુષ તો ગણતરીમાં કયાંથી હોય ? તેમનું સામર્થ્ય એટલું બધું અલક્ષ્ય-અમેય છે કે તેને યથાર્થરૂપમાં કોઈ કહી શક્તું નથી. ૧૫. ચતુર્મુખ બ્રહ્મા અને વેદો પણ પરમાત્માને ‘નેતિ’ ‘નેતિ’ કહીને વર્ણવે છે. જો તેઓ પણ તેમના મહિમાનો પાર પામી શકતા ન હોય તો પછી બીજા સિદ્ધો કે મનુષ્ય બિચારા તેમને કહેનારા કોણ ? ૧૬.

❋ સાચી સમજણવાળા સંતની દુર્લભતા :

चोपाई :

अनंत कोटि ब्रह्मांड के सुखा, हरि के धाम आगे लगे लुखा;
एसी समझके संत हि जेहा, मिलने जन कु दुल्लभ तेहा...१७
भाग्य होय जेहि तेहि मिल जावे, ताके संग हि जिय मिलावे;
तेहि वचन जब कहे जिस रीता, सत करी लावे तामें प्रतीता...१८

અનંતકોટિ બ્રહ્માંડોનું સુખ પણ ભગવાનનાં ધામનાં સુખ આગળ લૂખું લાગે છે. આવી સમજણવાળા સંત મળવા ઘણા જ દુર્લભ છે. ૧૭. જેના ઉત્તમ ભાગ્ય હોય તેને જ તેવા સંત મળે છે અને તેની સાથે પોતાનો જીવ મેળવી શકે છે. અને તે સંતો જે વચન કહે તેને સત્ય માનીને તે તેમાં પ્રતીતિ-વિશ્વાસ લાવી શકે છે. ૧૮. સંતોનાં વચનમાં સત્યતાની પ્રતીતિ

જેવી થાય તેવો તે પ્રથમ અધિકારી થાય છે અને પછી તેણે જે નિયમ-ધર્મ પાળવાના હોય છે તે તેને અત્યંત સુગમ થઈ જાય છે. ૧૯. અનેક પ્રકારનું હિત કરનારી વાત પણ આરત (ભીડમાં આવવું) વિના ચિત્તમાં એક પણ ક્યારેય ચોંટતી નથી. તે આરત કરતા (દુઃખની સ્થિતિ બતાવતા) તો સંતને જ આવડે છે. એટલે એવા સંતનો જોગ તો ભાગ્ય વિના થઈ શક્તો નથી. ૨૦.

જ્યાં સુધી સત્સંગ નથી મળ્યો ત્યાં સુધી કાંઈ જ મળ્યું નથી. વેદો અને પુરાણોનો સાર પણ એટલો જ છે. માટે સમજી સમજીને પણ સત્સંગ કરવો જોઈએ. ૨૧. જ્યાં સુધીમાં સત્સંગ ન થયો હોય અને કદાચ અનંત બ્રહ્માંડોના રાજાધિરાજ થયા તોએ શું ? સત્સંગ વિનાના જેટલા દિવસ વીત્યા, તે દિવસ ખોવાયા જ છે. તે બધા જ દિવસ અલેખે-એળે, નકામા ગયા ગણાય. ૨૨. સત્સંગનો એટલો બધો મહિમા છે, તમે તેને જ્યાં સુધી નથી જાણતા ત્યાં સુધી તેટલી ઊણપ છે. સત્સંગ સિવાયનાં બીજા સુખની જ્યાં સુધી ચાહના રહે છે ત્યાં સુધી માનો હજી તમને મનુષ્ય દેહ મળ્યો નથી. ૨૩. ચાહે તેટલી મોટપ મળે, પણ સત્સંગના વિના તે મોટપ શબના જેવી છે. જે સત્સંગના મહિમાને જાણે છે તે જ આવી વાતને પ્રમાણિત કરી શકે છે. ૨૪. સત્સંગ વિનાનું અન્ય વસ્તુમાં જેટલું સુખ દેખાય છે, તેટલું તેના ઉપર અજ્ઞાનનું આવરણ છે, તે બાબતને સંતો જાણે છે. ૨૫.

જ્યાં સુધી સત્સંગ સિવાયની અન્ય વસ્તુમાં સુખની ભાવના રહે છે ત્યાં સુધી તેનો જન્મ છે એમ જ્ઞાની પુરુષો દેખે છે. ૨૬. સત્સંગ સિવાયના જે બીજા સુખ છે તેને જ્યારે દુઃખની ભાવનાથી વિચારે છે, ત્યારે તે ઝેરના જેવા અને લૂખા દેખાય છે. અને પછી તે વિચાર કરનારાનાં જન્મ-મરણ ટળે છે. ૨૭. જેને સત્સંગ થાય છે તેને પછી બીજા દુઃખ કદાચ અનંત પ્રકારના આવે તોપણ તે દુઃખને સુખરૂપ જે માને છે તે જ સત્સંગની સાચી સમજણવાળો છે. ૨૮. કોઈ મનુષ્ય સત્સંગ કરવા લાગે અને પછી તેને સત્સંગ વગરનું અનંત સુખ પ્રાપ્ત થાય તો તેને બુદ્ધિવાળા હરિભક્તો દુઃખ માને છે. ૨૯. જે હરિભક્તની આવી સમજણ હોય છે તેને જ પાકો હરિભક્ત સમજવો અને આવી સમજણ વિનાના જે હરિભક્ત છે તેને તો બાળબુદ્ધિ માનવા. ૩૦.

જેમ માતા બાળકને સહાય કરે છે તેમ સુખદાતા શ્રીહરિ સહાય કરે છે. સત્સંગની રીતે જો સત્સંગ કરે તો તેમાં જેટલી સમજણની કસર રહે છે તેટલી તેને સુખદાયક ભગવાન પણ સહાય કરતા રહે છે. ૩૧. સત્સંગનું સુખ તો અપરંપાર છે પણ બાળબુદ્ધિને લગારેય આવતું નથી. હરિભક્ત થયા પછી પણ જ્યાં સુધી સંસારમાં આસક્ત રહે છે ત્યાં સુધી તે ગોબરો હરિભક્ત કહેવાય. ૩૨. ગોબરા બાળકના ઉપર તેની માતા બાળક જાણીને કરુણારસ લાવીને ધોવે છે કાં બીજા પાસે ધોવડાવે છે. તે જ્યાં સુધી તેમાં બાળકપણાની કુટેવ રહે છે ત્યાં સુધી પોતે તે બાળકને ધોવે છે અને બીજા પાસે ધોવડાવે છે. ૩૩. જેટલી સત્સંગની રીત છે તે જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી તે બાળબુદ્ધિ જ કહેવાય. તેને સમજાવવા માટે માતાની જેમ તેની ઘણી સંભાળ રાખવી જોઈએ. ૩૪. **જેને પૂરી સમજણ ન આવે તેને ભગવાન બાળબુદ્ધિ સમજે છે. તે ઓછી સમજણવાળો પણ જ્યાં સુધી ભગવાનનો બાળક થઈને રહે છે ત્યાં સુધી ભગવાન તેને પળવાર પણ છોડતા નથી. ૩૫.**

દરબાર જીવા ખાચરે ઉપર કહી તે વાત સાંભળી, મનમાં અતિ આશ્ચર્ય માન્યું પછી તેમણે બે હાથ જોડ્યા અને બોલ્યા મહારાજ ! કદાચ અમે સત્સંગમાં સ્નેહભાવ તોડી નાખીએ તોપણ આપ તોડશો નહિ. ૩૬. અમારી સમજણ જુદી છે અને આપની સમજણ તો તેનાથી કાંઈ ઓર જ છે. અમે તો જગતનાં સુખના કીડા છીએ. આપ અમારો ત્યાગ કરી દેશો નહિ. ૩૭. આપનું સુખ તો અપાર છે. તે સાચું દેખાય છે. પણ તે તો જ્યાં સુધી આપ વાત કરો છો ત્યાં સુધી જ સાચું દેખાય છે, વાત બંધ થયા પછી અમારી મતિ ફરી જાય છે. ૩૮. ખોટા સુખનો અભ્યાસ ઘણા દિવસનો થઈ ગયો છે. તે અભ્યાસ તો અફીણના બંધાણ જેવો છે. તે ખોટું સુખ અફીણની જેમ ઝેર છે તોપણ તરત છૂટતું નથી. ૩૯. તે વાતને તો ઘણો સમય થઈ ગયો. હવે આપ ભગવાન મળ્યા છો. આપે આવીને અમારી બાંય પકડી છે તેથી જમપુર અને લખચોરાશીની ખાણ છૂટી ગઈ છે, ટળી ગઈ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં'જીવા ખાચરની આગળ શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર દસમું : તરંગ - ૬

માયાના સ્વરૂપનું કથન અને જીવા ખાચર તથા મૂળુ ખાચરે માગેલ વરદાન

મૂળુ ખાચર (જીવા ખાચરના ભાઈ) શ્રીહરિના ચરણોમાં મસ્તક નમાવીને પગે લાગ્યા અને બોલ્યા, આપની માયા અપાર કહેવાય છે. પણ તે દેખાતી નથી. ૧. તે અમને બતાવો, અમને તેનો ખ્યાલ આવે. માયા આપના હાથમાં છે. જો એક વાર અમે દેખી લઈએ, તો પછી તેનો સાથ છોડી દઈએ. ૨. બ્રહ્માંડમાં જે સુખ છે તે બધું આપનું જ કરેલું છે. હવે આપ તેમાં દુઃખ દેખાડો છો. ખરેખર તે બધી વાત સત્ય જ છે. ૩. આપ જેમ વાત કહો છો તેમ બીજા પણ કહે છે, બીજાને ભલે તેમાં કાંઈ સત્ય જણાતું હોય પણ અમને તેમાં કાંઈ સત્ય દેખાતું નથી. ૪.

સુખદાયક શ્રીહરિએ દરબાર મૂળુ ખાચરના પ્રશ્નની વાત સાંભળી. તેનાથી ઘણા રાજી થયા. જેવું તે દરબારે પૂછ્યું, તે રીતે જ - પ્રશ્ન પ્રમાણે જ શ્રીહરિ તેને વાત કહેવા લાગ્યા. ૫. **માયા અકળ અને અરૂપ છે. તેમાં અનંત સુખ અને દુઃખ ભર્યાં છે. માયાને સત્યરૂપ અને અસત્યરૂપ કહેવાય છે. ચિત્ અને અચિત્ હોવાથી ઘણી ગૂઢ રહી છે. ૬. માયાનું નામ જડ, દુઃખ અને મિથ્યા છે. અનંત બ્રહ્માંડો તેને વશ રહે છે. તેમાં અનંત અને અપાર આવરણ અને વિક્ષેપરૂપ શક્તિઓ ભરી પડી છે. ૭. માયાને લીધે જેવા સંકલ્પ અને વિકલ્પ થાય છે તેવું તે હિત અને અહિત, બંનેને કરાવે છે. માયામાં અહંભાવ અને મમત્વભાવ અનેક પ્રકારનો અપરંપાર ભર્યો છે. ૮.** માયા રાત-દિવસ જીવને વારંવાર હરખ અને શોક કરાવે છે. અનંત બ્રહ્માંડોમાં જે જીવ રહ્યા છે તે બધાનું ક્ષેત્ર માયા રહી છે. ૯. આત્યંતિક પ્રલય થાય ત્યાં સુધી માયા જીવને માટે ક્ષેત્ર બનીને રહી છે. તે મહાપ્રલય

થયા પછી તો પરમેશ્વર તેને અક્ષરમાં લીન કરી દે છે. ૧૦. તે વખતે માયા પોતાનો અચિત્ (જડ) ગુણ તજી દે છે અને અક્ષરમાં અનુરાગ કરનારી ચિદ્રૂપ થઈ જાય છે. અક્ષરનાં વધારે પડતા તેજને લીધે તેમાં લીન થયેલી માયા દેખાતી નથી. ૧૧. ઈશ્વરની જ્યાં સુધી ઈચ્છા હોય ત્યાં સુધી તે ઈશ્વરની સેવા કરતી રહે છે. અક્ષર અને અક્ષર મુક્તોને પણ તે કળ્યામાં આવતી નથી. ૧૨. પણ જ્યારે ઈશ્વર બ્રહ્માંડોની રચના કરવાનો સંકલ્પ કરે છે ત્યારે તે માયા સૃષ્ટિ કરવા તૈયાર દેખાય છે. ૧૩. તે વખતે મૂળપુરુષની સાથે તે માયા દેખાય છે. પછી ઈશ્વર જેવો સંકલ્પ કરે છે તેવું તે કાર્ય કરે છે. ૧૪. જગતના સંકોચનો કે વિકાસનો જેવો સંકલ્પ ઈશ્વર કરે છે તે રીતે જ તે બધું કાર્ય માયા જેમ નૃત્ય કરતી હોય તેમ કરે છે. ૧૫.

જ્યારે બ્રહ્માંડનો સંકોચ કરવો હોય ત્યારે માયા સંકુચિત થઈ જાય છે અને જ્યારે તેનો વિકાસ કરવાનો હોય ત્યારે તે વિકસિત થઈ જાય છે. ૧૬. ઈશ્વરના સંકલ્પે કરીને માયા મૂર્તિરૂપ થઈ જાય છે. જેમ કોઈ બાજીગર કાંઈ બાજી કરતો ન હોય ત્યારે કશું જ દેખાતું નથી. તેની બધી બાજી તેના સંકલ્પરૂપે રહે છે. ૧૭. પણ તે બાજીગર જે વખતે મનમાં જેવો સંકલ્પ કરે છે તેવી બાજી લોકોને દેખાડે છે. જેમ માટીમાં કાંઈ ઘાટ દેખાતો નથી પણ જ્યારે કુંભાર તેમાં ઘાટ ઘડે છે ત્યારે બધા ઘાટ દેખાય છે. ૧૮. પરસ્પર એકબીજાનાં સંબંધથી અનંત રૂપો થઈ આવે છે. જ્યારે ઉત્પત્તિનો સમય હોય ત્યારે બધું ઊપજે છે અને જ્યારે પ્રલયનો સમય હોય ત્યારે બધું નાશ પામે છે. ૧૯. પરસ્પર સંયોગ કે વિયોગ વિના ઉત્પત્તિ કે વિનાશ, કાંઈ થતું નથી. જ્યાં જેવું કાર્ય ત્યાં તેવે પ્રકારે ઈશ્વર તેવી દૃષ્ટિ-વિચાર કરે છે. ૨૦.

આ અંગેનો જ્યારે ઘણો અભ્યાસ કરવામાં આવે ત્યારે તેનો પાસ બેસે છે-ઘેડ બેસે છે. જ્યારે તેની ઘેડ બેસે ત્યારે જે જેવું હોય તે તેવું દેખાઈ આવે છે.૨૧

ચોપાઈ :

अभ्यास करे विन कोटि काला, कोउ बात न देखावे ततकाला;
अभ्यास करे विन जन कु सबहु, सब हि बात देखनी हे अबहु...२२

કરોડો વરસનો સમય વીતે તોપણ અભ્યાસ કર્યા વિના કોઈ વાત તત્કાળ દેખાતી નથી. અત્યારે તો બધા લોકોને અભ્યાસ કર્યા વિના જ બધી બાબત દેખવી છે. ૨૨. તે બધાને બધી વાત ક્યાંથી દેખાય ? જેટલો અભ્યાસ કરે તેટલી દેખાય. જે માણસને જે વસ્તુમાં જેવી રુચિ હોય તેવું તેમાં ચિત્તને પરોવે છે. ૨૩. અને તેનો અભ્યાસ કરવામાં તત્પર થઈને તેમાં લાગી જાય છે. જે અભ્યાસ અપાર કઠણ હોય પરંતુ તે જો રુચિકર હોય તો તેને બધા માણસો અતિશય કરે છે. ૨૪. કેમ જે, મનપસંદ અભ્યાસ કોઈનેય કઠણ પડતો નથી. માટે સહુ કોઈ મનપસંદ અભ્યાસ તો મરતા સુધી કર્યા જ કરે છે. તેથી એવો અભ્યાસ સહુ જનો અતિશય રુચિથી કર્યા જ કરે છે. ૨૫.

માણસમાત્રમાં વિપ્ર સહુથી શ્રેષ્ઠ કહેવાય છે પરંતુ તેમણે લોભની આસક્તિથી પોતાનો ધર્મ તજી દીધો છે. ૨૬. મોટા મોટા સારા વિદ્વાનો પણ ધર્મ કરતા ધનને અધિક માનવા લાગ્યા છે અને આત્મામાં દેહાધ્યાસ કરી બેઠા છે. ૨૭. જેટલા અનર્થ છે, જેટલો અધર્મ છે, બ્રહ્માંડનાં પાપમાત્ર, દુષ્કર્મમાત્ર, તે સર્વે ધનમાં નિવાસ કરીને રહે છે. ૨૮. પંડિતમાત્ર જાણે છે કે ધનમાં બધા જ દોષ રહ્યા છે અને ધર્મ પાળવામાં અપાર પુણ્યફળ રહ્યું છે. જેનો કોઈ અંત નથી એમ પણ જાણે છે. ૨૯. છતાં તેઓ અપાર પુણ્યફળનો લોભ તજી દઈને અત્યારે ધનમાં અનુરાગ કરીને આસક્ત થઈ ગયા છે. ધનરૂપી ફળ મળવું તે દુર્લભ છે એમ માનીને એક તાનથી-તત્પરતાથી ધન સંપાદન કરવા લાગી ગયા છે. ૩૦.

દેહાત્માભિમાનનો સતત અભ્યાસ રહેતો હોવાથી બધાની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે અને ધનને માટે થઈને ચંડાળ સુધીના લોકોની સાથે વ્યવહાર કરે છે. ૩૧. અત્યંત ગરજુ થઈને નોકરી કરે છે અને તેને દુર્લભમાં દુર્લભ માને છે. ઘણી ભારે ધનની રુચિ થવાથી તેની નજરમાં લગારેય દોષ દેખાતા નથી. ૩૨. અધર્મને ધર્મરૂપ માનવા લાગ્યા અને ધર્મને અધર્મરૂપ કૂવો માનવા લાગ્યા. સહુ પહેલા વિપ્રોની બુદ્ધિ એવી થઈ અને તે પછી બીજી પ્રજા અને રાજાની પણ બુદ્ધિ તેવી થઈ ગઈ છે. ૩૩. તેમ થવાથી

બધા દૈવતનો નાશ થઈ ગયો અને કુત્સિત ફળ મેળવવાનો અભ્યાસ કરવા લાગ્યા છે. સત્સંગ વિના માણસની બુદ્ધિ શુદ્ધ રહેતી નથી, માયાને લીધે તે વિપરીત થઈ જાય છે. ૩૪.

चोपाई :

सत्संग से मति विपरीत जेता, मूर्तिवंत माया कहत तेता;
मोक्ष के मग से विपरीत जितना, माया सो समझना ततना...३५

બુદ્ધિ જેટલી સત્સંગથી વિપરીત હોય તેને મૂર્તિમાન માયા કહેવાય છે. જે જે પ્રવૃત્તિ મોક્ષમાર્ગથી વિરુદ્ધ હોય તે બધીને માયા સમજવી. ૩૫. બ્રહ્માંડમાં જે કાંઈ સુખ દેખાય છે તે બધું ચૈતન્યને લીધે છે. અત્યારે જ્યાં જ્યાં સુખ દેખવામાં આવે છે તે સર્વે સુખ ચૈતન્યમાં જ રહ્યું છે. ૩૬. જ્ઞાની પુરુષો જાણે છે કે, ચૈતન્ય વિના કયાંય સુખ નથી. પણ અજ્ઞાની લોકો બીજી વસ્તુમાં સુખ માને છે અને તેથી જ તેઓ સંસારમાં ભટકયા કરે છે. ૩૭.

આ રીતે શ્રીહરિએ દરબાર મૂળુ ખાચર આગળ માયા અને સુખની વાત કહી. ત્યારે દરબારે તે વાત દૃઢ કરીને માની કે, સત્સંગ વિના બીજું સર્વે ખોટું છે. ૩૮. જીવા ખાચર અને મૂળુ ખાચર, એ બંને ભાઈઓ મનમાં ઘણા ખુશી થયા અને પગે લાગ્યા. પછી ઉત્સાહથી શ્રીહરિની પાસે એક વર માગ્યો. ૩૯.

सोरठा : सत्संग से हमार, मति विपरीत न होय कबु;
तुम वरचो कोटि वार, अभाव तुमारो न होय तोउ...४०

"હે મહારાજ ! અમારી બુદ્ધિ ક્યારેય સત્સંગથી વિપરીત ન થાય અને આપ કરોડવાર અમને વઢો તોપણ અમને ક્યારેય આપનો અભાવ આવે નહિ." એવો વર આપો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ મૂળુ ખાચરને માયાનું સ્વરૂપ કહ્યું અને બંને ભાઈએ વરદાન માગ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર દસમું : તરંગ - ૭

ગઢપુરમાં અખાત્રીજ કરીને શ્રીહરિ કરિયાણા આવ્યા

દરબાર જીવા ખાચર અને મૂળુ ખાચર, બંનેએ મળીને જે વર માગ્યો તે કરુણારસથી ભર્યા શ્રીહરિએ આપ્યો. ૧. પછી તે બંનેને શ્રીહરિએ કહ્યું, તમે બુદ્ધિમાન છો. જે બુદ્ધિમાન હોય છે તેને અમે વઢીએ છીએ. તે બધા સંતો જાણે છે. ૨.

सोरठा : वरचत वेर हि वेर, करत रहे जेहि प्रीत अधिक;
एसे न होत घेर घेर, हरिजन सो दुल्लभ तेहि...०३
हमार जा पर हेत, हरिजन जो नकी हे जेहि;
वरच में परख लेत, कसोटि सो अनल हे जिमि...०४

જે અમારામાં વધારે વધારે પ્રિત કરતા રહે છે તેનામાં અમને વધારે હેત હોય છે તેથી તેને અમે વારેવારે વઢીએ છીએ પણ તેવા હરિભક્ત ઘેર ઘેર હોતા નથી. તેવા તો ઘણા દુર્લભ છે. ૩. અમને જેના ઉપર હેત હોય તે હરિભક્ત પાકો થયો હોય છે. અમે તેને વઢીને પરીક્ષા કરી લઈએ છીએ. વઢવું તે પણ અગ્નિના જેવી એક કઠણ કસોટી છે. ૪.

✵ સંતોની ટોકણી જેને પ્રિય લાગે તેના દુ:સ્વભાવ મટે :

કુંભાર માટીના અપાર ઠામ-વાસણ બનાવે છે, પણ તે અગ્નિમાં જો પકાવ્યા ન હોય, તો તે કાચા ગણાય. ઠામનું હિત અગ્નિથી થાય છે. કેમ જે, અગ્નિમાં પકાવ્યા વિના તેનું કાંઈ મૂલ્ય ગણાય નહિ. ૫. કસરત કરાવવી તેને રીત પ્રમાણે દોડાવવો તે ઘોડાના હિતમાં છે. કસરત વિના ઘોડાથી શું પ્રયોજન સરવાનું ? જે ઘોડાને કસરત શીખવવાનું જાણતો ન હોય તે શું કસરત શીખવાડશે ? ૬. તેની આવડત વિના જો તે શીખવે તો તેનાથી કાંઈ કામ સિદ્ધ થવાનું નથી. ઊલટાની તે વાત તો બગડી જાય. સહુના સ્વભાવ-પ્રકૃતિ એકસરખા હોતા નથી. પહેલા તો તે જાણી લેવું તે જ ખરો વિવેક છે. ૭. **હેત-પ્રીત વિના જો કોઈના સ્વભાવ-પ્રકૃતિનું ખંડન**

કરવામાં આવે તો તેનાથી કોઈ સમાસ - ફાયદો થાતો નથી. ઊલટાનો થોડો ઘણો જે સ્નેહભાવ હોય તે પણ ટળી જાય. ૮.

બધાના સ્વભાવ-પ્રકૃતિને એકસરખા કરવા, તે તો કોઈ સમર્થ વિના ક્યારેય થાય નહિ. જેમ કોઈ મોટો સમર્થ રાજા હોય અને તે સમયે તેનું વિશાળ સામ્રાજ્ય હોય. ૯. તેણે નાના નાના રાજાઓને પોતાને કબજે કર્યા હોય તો તેઓ મોટા રાજાના ભયથી પોતાના સ્વભાવ-પ્રકૃતિને થોડા થોડા છોડે અને કાંઈક રાખે પણ ખરા. ૧૦.

ચોપાઈ :

समर्थ संत मिलत हि जबहु, हित करीके जिय संग तबहु;
अजोग्य प्रकृति स्वभाव हि जेसा, त्याग करावत बोध दे तेसा...११

અને જ્યારે કોઈ મોટા સમર્થ સંત તેમને મળી જાય ત્યારે તેઓ તે જીવોની સાથે હેત કરીને, તેને સમજાવી વશ કરે અને તેના બધા જ અયોગ્ય સ્વભાવ-પ્રકૃતિનો એવો બોધ આપીને ત્યાગ કરાવી દે. ૧૧. બીજી બધી વાતો કરતા જીવનો જે મોક્ષ થાય તે ફળ સહુથી મોટું છે. તે મોક્ષરૂપ ફળનો લોભ જીવને હૃદયમાં જ્યારે પાકો થાય છે ત્યારે, ૧૨. તેના અયોગ્ય સ્વભાવ-પ્રકૃતિ લગાર પણ રહેતા નથી. મોક્ષના લોભને લીધે એવું થાય છે તે અપાર દેખ્યામાં આવે છે. ૧૩. જીવને જે બાબતનો અતિશય લોભ થયો હોય તો તેને લીધે તેના સ્વભાવ-પ્રકૃતિ સહજ ભાવે બદલાઈ જાય છે. ૧૪.

આ વખતે કાઠીઓમાં અને કોળીઓમાં જે સત્સંગ થયો છે અને તેમણે પોતાના સ્વભાવ-પ્રકૃતિને જે છોડી દીધા છે તે પણ એક મોક્ષના લોભથી જ છે. ૧૫. તે સમયે દરબાર જીવા ખાચરે હાથ જોડ્યા અને બોલ્યા, અમને મોક્ષનો ખપ લગારેય ન હતો પણ તે આપના પ્રતાપથી ખપ થયો છે. ૧૬. શ્રીહરિ જેટલા દિવસ જીવા ખાચરના દરબારગઢમાં રહ્યા. તેટલા દિવસ રોજ સંતો, દરબારો અને હરિભક્તોને સાથે લઈને ઘેલા નદીમાં નાહવા જાતા હતા. ૧૭. નદીમાં ઘણીવાર સુધી જળક્રીડા કરતા. શ્રીહરિને નદીનું પાણી બહુ ગમતું હતું. જ્યાં પાણીના મોટા ધરા હતા ત્યાં જઈને રોજ ત્રણ કલાક નાહતા હતા. ૧૮.

વૈશાખ માસની અખાત્રીજ આવી. તે દિવસ મોટો ઉત્સવ કરાવ્યો. એભલ ખાચર અને જીવા ખાચર વગેરે જે ગઢપુરના હરિભક્તો હતા. ૧૯. તેઓ મલયાગર ચંદન ઘસીને લાવ્યા. તે શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું. અપાર ફૂલહાર પહેરાવ્યા તે સમયે ફૂલોમાં ગરકાવ મૂર્તિ ઘણી શોભતી હતી. ૨૦. જીવા ખાચરના ઓરડાની ઓસરીમાં સુંદર ફૂલનો હિંડોળો બાંધ્યો. શ્રીહરિ હરખભેર તે હિંડોળામાં બેઠા. તે સમયની અદ્‌ભૂત શોભા વર્ણવી શકાતી નથી. ૨૧. તાલ અને મૃદંગ આદિ વાજિંત્રોને વગાડીને સહુ સંતો ભેળા મળીને કીર્તન ગાતા હતા. બાઈ ભાઈ સહુએ શ્રીહરિની પૂજા કરી. જેનાં મનમાં જેવો ભાવ હતો તે પ્રમાણે સહુએ લાભ લીધો. ૨૨. દૂધ, પેંડા અને બરફીના થાળ ભરીને લાવ્યા હતા. તે સરસ રીતે શ્રીહરિને જમાડ્યા. બાઈ ભાઈ સહુને જેવો ભાવ હતો તે પ્રમાણે મેવા પણ જમાડ્યા. ૨૩.

ભક્તોના જેવા મનોરથ હતા તે પ્રમાણે શ્રીહરિ ઘણા પ્રેમ ભાવથી બધું જમ્યા. દયાળુ શ્રીહરિ વૈશાખ સુદિ ચોથને દિવસ ગઢપુરમાં રહ્યા અને પાંચમને દિવસ ચાલ્યા. ૨૪. દરબાર એભલ ખાચરના હાથીને શણગારીને ત્યાં લાવ્યા. શ્રીહરિ તેના ઉપર બેસીને સવારના પહોરમાં જ ચાલ્યા. ૨૫. એભલ ખાચર અને જીવા ખાચરે તરત જ હાથમાં ચામર લીધા અને મૂળુ ખાચરે હાથમાં છત્ર લઈને શ્રીહરિનાં મસ્તક ઉપર ધારણ કર્યું. ૨૬. બંને દરબારોની બધી સવારી તૈયાર થઈને ત્યાં આવી. ડંકા, નિશાન અને બધી જાતના વાજિંત્ર પણ ત્યાં લાવ્યા હતાં. ૨૭. જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે ગઢપુરના બધા ભક્તો દોડી આવ્યા. બધા ફૂલના હાર લઈને બજારમાં ઊભા રહ્યા. ૨૮.

જ્યારે શ્રીહરિ બજારમાં આવ્યા ત્યારે પુરના બધા લોકો દર્શન કરવા લાગ્યા. તે અપાર ભક્તજનો શ્રીહરિને ફૂલહાર ઉપરાઉપર પહેરાવવા લાગ્યા. ૨૯. બંને હાથ જોડીને પગે લાગતા અને વારે વારે માથું નમાવતા હતા અને બોલતા કે, મહારાજ ! પાછા વહેલાસર આવીને દર્શન દેજો. આપના વિના હવે અમને કયાંય ચેન પડતું નથી. ૩૦. ભક્તિભાવવાળા બધા ભક્તો આવું બોલતા હતા. આમ શ્રીહરિએ પુરજનોને દર્શન દીધાં. કેટલાક ભક્તો તો ઊંચેથી “જય જય, જય જય” એવો ધ્વનિ કરતા હતા. ૩૧. પછી શ્રીહરિ

ગઢપુરના પશ્ચિમ દરવાજેથી પુરની બહાર નીકળ્યા. વાજિંત્રોનો ધ્વનિ ઘણો થઈ રહ્યો હતો અને તે ચારેબાજુ પ્રસરી ગયો હતો. ૩૨. બધા ગઢપુરના લોકો હરખભેર પા કોશ સુધી તો પાછળ પાછળ આવ્યા. પછી શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતર્યા અને અશ્વ ઉપર બેઠા. ૩૩. હાથી અને બધી સવારી, સૌને ત્યાં ઊભા રાખ્યા. પછી બધાને પ્રસાદીરૂપ ફૂલહાર આપ્યા. તે સહુએ પ્રેમથી લઈ લીધા. ૩૪.

એભલ ખાચર અને જીવા ખાચર, બંનેને ફૂલહાર આપ્યા અને તે બંનેના બધા પરિવારને પણ ફૂલહાર આપ્યા. ૩૫. તે વખતે તે દરબારોએ શ્રીહરિને વારંવાર કહ્યું, મહારાજ ! આપ અહીં પધારીને અમને વારેવારે દર્શન આપજો. આપની જેટલી ઈચ્છા હોય તેટલું રહેજો અને અમારા હિતની જે વાત હોય તે અમને કહેજો. ૩૬. **હિતની વાત કહ્યા વિના જીવનો મોક્ષ થાય નહિ. માટે હે હરિ ! આપ અમારા ઉપર ઘણી કૃપા કરીને અમારા જીવનો મોક્ષ કરજો. ૩૭.** તે વેળાએ શ્રીહરિએ તે બંને દરબારોને કહ્યું, જેટલા મોક્ષના ખપવાળા છે તે બધા અમારા છે. ૩૮.

મોક્ષભાગી ભક્તોને માટે તો અમે સત્સંગમાં ફરીએ છીએ, દેશેદેશમાં વિચરીએ છીએ. તે સિવાય બીજું કોઈ કામ નથી. ૩૯. ભગવાન અને ભગવાનના ભક્તોના વિના આ જગતમાં કોઈ વસ્તુ સારરૂપ નથી. તેના સિવાયનું તો બધું મલિન છે. તે સત્સંગ કરીને સમજજો. ૪૦. શ્રીહરિ આટલી વાત કરીને તરત જ ઉતાવળે ચાલતા થયા અને મુક્તાનંદસ્વામી આદિ જે સંતો રહ્યા હતા તેમને કહ્યું કે, "તમે અમારી પાછળ આવજો. ૪૧. અમે કરિયાણા ગામમાં જઈને ત્યાં એક રાત રહેશું." પછી "જય સચ્ચિદાનંદ" કહીને શ્રીહરિ ચાલતા થયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરમાં અખાત્રીજ કરીને કરિયાણા આવ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર દસમું : તરંગ - ૮

શ્રીહરિ કરિયાણા ગામમાં પધાર્યા તથા સંતો-ભક્તો સહ સ્નાન

શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. જેને કહ્યું હતું તે દરબારો સાથે આવ્યા. માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, સત્સંગમાં પ્રવીણ મૂળુભાઈ, ૧. વેલા ખાચર, વિસામણ ખાચર એ બધા દરબારો શ્રીહરિની સાથે હતા. તે સિવાયના રાઠોડ ધાધલ, માતરા ધાધલ, ઘેલા ધાધલ, ૨. કાળા મકવાણા, નાજા જોગિયા, નાન ખાચર, એ બધા બખતર પેરીને હથિયાર ધારેલા-સજ્જ ઘોડેસવારો હતા. ૩. માંડવધાર થઈને વાવડી તથા કીડી થઈને સાલેમાળ પર્વતને નજીક ચાલ્યા. ૪. બંદૂકધારી દસ-બાર પાર્ષદો શ્રીહરિની સાથે રહ્યા હતા. તે ડુંગરજી, ઉમાભાઈ, અલૈયા કહર, નિષ્કામભક્ત મૂળજી, ૫.

જેહાજી, વેરાભાઈ, કમાજી, આલસી અને રાજાભાઈ વગેરે હતા. શ્રીહરિ **કરિયાણા** ગામ આવ્યા. ત્યાં કાળુભાર નદી વહે છે. ૬. તે નદીને ઉત્તર કાંઠે ઘણો સારો એક પર્વત છે. તેના ઉપર વૃક્ષ હોવાથી તે ઘણો સોહામણો લાગતો હતો. શ્રીહરિને એવી જગ્યા મનમાં ગમતી હતી. ૭. તેમાં જાતજાતનાં પશુઓ અને પંખીઓ રહેતા. તે પોતપોતાની જાતિના શબ્દોને બોલતા હતા. શ્રીહરિએ નદીમાં ઉતારો કર્યો અને તે સમયે પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા. ૮. કરિયાણાના ગામધણી દરબાર ઓઢા ખાચર હતા અને તેમના બધા ભાઈઓ સારા સત્સંગી થયા હતા. ૯. તેમનો જે બધો પરિવાર હતો, તેઓ પણ ઘણા સારા સત્સંગી હતા. શ્રીહરિ આવ્યા છે તેવી ખબર સાંભળીને સહુ હરખાઈને સન્મુખ આવ્યા. ૧૦.

તે સિવાયના પણ જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ હાથમાં ફૂલહાર અને શ્રીફળ લીધાં હતાં. ૧૧. બધા આવીને શ્રીહરિને પગે પડ્યા. દર્શન થવાથી સહુના મનમાં ઘણો જ હરખ ભરાયો હતો. શ્રીફળ ભેટ મૂકીને ફૂલહાર પહેરાવ્યા. ત્યારે શ્રીહરિએ તે સહુને ઘણા હેત ભર્યા વચનોથી બોલાવ્યા. ૧૨. કાળુભાર નદીમાં જ્યારે શ્રીહરિ નાહ્યા ત્યારે દરબારો, પાર્ષદો અને અન્ય હરિભક્તો પણ પ્રેમથી નાહ્યા. ૧૩. તે વખતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે સંતો

રથમાં બેસીને જ્યાં શ્રીહરિ નાહતા હતા ત્યાં આવ્યા. ૧૪. પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી વગેરે ગાયક સંતો તથા મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી વગેરે સહુ પણ જ્યાં શ્રીહરિ હતા ત્યાં આવ્યા. પછી સહુએ ત્યાં ઉમંગભેર સ્નાન કર્યું. ૧૫-૧૬.

શ્રીહરિએ જ્યારે નાહી રહ્યા ત્યારે શરીર કોરું કરીને એક પીતાંબર પહેર્યું તથા બીજું પીતાંબર ઓઢ્યું અને પોતાનો નિત્યપૂજાનો વિધિ કર્યો. ૧૭. તે વખતે વર્ણી ત્યાં બરફી અને પેંડાનું ટીમણ લાવ્યા. લાલજીને તેનું નૈવેદ્ય ધરાવ્યું અને પછી તેને શ્રીહરિ જમ્યા. ૧૮. જે સાથે લાવ્યા હતા તે ટીમણ સંતો, દરબારો અને પાર્ષદોને કરાવ્યું. બધા ટીમણ કરીને જ્યારે તૈયાર થઈ ગયા. ૧૯. ત્યારે કરિયાણાના દરબાર જે વિવિધ પ્રકારના વાજિંત્ર-ઢોલ, ત્રાસાં અને શરણાઈ વગેરે લાવ્યા હતા તે વાગવા લાગ્યા અને સહુની સાથે ધર્મકુમાર શ્રીહરિ ગામમાં જવા માટે ચાલતા થયા. ૨૦.

નદીથી ઉત્તર તરફ કરિયાણા ગામનો દરવાજો હતો. પુરવાસી બધા ઊભા રહીને રાહ જોતા હતા. સૌના હાથમાં ફૂલહાર હતા. તે પરમ સ્નેહથી શ્રીહરિને સહુ પહેરાવતા હતા. ૨૧. શ્રીહરિ અનુપમ અશ્વ ઉપર બેઠા હતા. જેમ કોઈ મહારાજાધિરાજ હોય તેવી મૂર્તિ શોભી રહી હતી. મસ્તક ઉપર અમૂલ્ય છત્ર ધારણ કર્યું હતું. અને તેનાં ઉપર અનુપમ સોનાનો કળશ શોભતો હતો. ૨૨. ઉનડ ખાચર અને રાણા ખાચર, બંને ભાઈ ઘણા હેતથી શ્રીહરિને ચામર કરી રહ્યા હતા. ઓઢા ખાચરે હાથમાં છત્ર ધાર્યું હતું અને સહુએ શ્રીહરિનું અદ્‌ભુત સન્માન-સામૈયું કર્યું. ૨૩. શ્રીફળોનું તોરણ બનાવીને ઊંચે દરવાજામાં બાંધ્યું હતું. શ્રીહરિએ જ્યારે પૂરમાં પ્રવેશ કર્યો ત્યારે અદ્‌ભુત વેશમાં મૂર્તિ ઘણી શોભતી હતી. ૨૪.

શ્રીહરિ આવ્યા તે વખતે બધી બજારોને શણગારી દીધી. મકાનોનાં અને દુકાનોનાં દ્વારને પણ પ્રેમથી સુંદર રીતે શણગારી દીધાં હતાં. ૨૫. હરેક દરવાજે મોતીનાં તોરણ બંધાવી દીધાં હતાં અને પુરની સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૨૬. દર્શન કરવા માટે બજારમાં એટલા બધા માણસો આવ્યા કે કયાંય જગ્યા રહી ન હતી. સહુનાં હૃદયમાં

આનંદ સમાતો ન હતો. એટલે ગામનાં 'ધન્યભાગ્ય' છે એમ બધા બોલતા હતા. ૨૭. ગામધણીએ દરબારગઢમાં શ્રીહરિને પધરાવ્યા. જે ભવનોને સુંદર રીતે શણગાર્યાં હતાં. તે સુંદર ભવનમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો. ૨૮. શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ઓસરીમાં જ્યાં પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને બેઠા. આગળના ભાગમાં ભક્તોની સભા બેઠી. ૨૯. વીરણના પંખાને ભીંજવીને બે પાર્ષદ શ્રીહરિના ઉપર પવન નાખવા લાગ્યા. ભવનની આગળનો જે ચોક હતો તેમાં પાણી છંટાવી દીધું હતું. ૩૦.

દરબાર ઓઢા ખાચર અને તેમના બધા ભાઈઓ સેવા કરવામાં ચતુર હતા. શ્રીહરિની સાથે જે સંતો વગેરે હતા તેમના પૂરતો સાકરનો શીરો બનાવ્યો. ૩૧. રસોઈ વર્ણીએ જે કરી હતી. તેમાં વિવિધ પ્રકારના પાક કર્યા હતા. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૩૨. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચરણોમાં ચિત્તને ચોરનારી ચાખડીઓ પહેરી. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. મનમાં ઘણો આનંદ છવાઈ ગયો હતો. ૩૩. સાથે સેવક હતા તેણે કર-ચરણ ધોવડાવ્યા અને વર્ણીએ રૂમાલ લઈ ઉમંગથી તેને લૂછીને કોરા કર્યા. પછી આવીને બાજોઠ ઉપર બેઠા. અને ભોજનનો ભરેલો થાળ લાવીને આગળ ધર્યો. ૩૪. વર્ણીએ જેટલાં ભોજન બનાવ્યાં હતાં તેને શ્રીહરિ જમતા રહ્યા. જે ભાવતું હતું તે ઉલ્લાસથી વધારે જમ્યા. તે સમયે દરબાર આવીને ત્યાં પાસે બેઠા. ૩૫.

શ્રીહરિ જમીને તૃપ્ત થયા ત્યારે પાણીથી હાથ ધોયા. જમેલા થાળની પ્રસાદી દરબારને આપી. પછી પોતે મુખવાસ લીધો. ૩૬. સંતો, દરબારો અને પાર્ષદોની અલગ અલગ પંગત કરાવીને જમવા બેસાડ્યા. પછી શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૩૭. જેટલું જોઈએ તેટલું એકવારમાં જ પીરસી દીધું. શ્રીહરિના અત્યંત લાડીલા તે સંતો વગેરે ઘણા ભાવથી જમ્યા. ૩૮. શ્રીહરિએ બંને હાથ ધોયા અને આવીને પલંગ ઉપર બેઠા. સંતો અને દરબારો જમીને આવ્યા તે પછી થોડીવારે પોઢી ગયા. ૩૯. શ્રીહરિ જ્યાં સુધી પોઢ્યા ત્યાં સુધી સંતો ધ્યાન કરવા બેઠા. જ્યારે શ્રીહરિ ઊઠ્યા ત્યારે સહુ સંતોને નદીએ સ્નાન કરવા જવાનું કહ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ કરિયાણા ગામ પધાર્યા તથા સંતો-ભક્તો સહ સ્નાન' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર દસમું : તરંગ - ૯

સત્સંગ, મહિમા અને નિયમોનું મહત્ત્વકથન

શ્રીહરિ કાળુભાર નદીએ સ્નાન કરવા ચાલ્યા. હરિભક્તો "ધન્ય વૃંદાવન વંશી વટ" એ કીર્તન ગાતા હતા અને હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૧. ગામની બહાર નીકળ્યા પછી પશ્ચિમ દિશા તરફ બુરજની સન્મુખ શ્રીહરિવર ચાલ્યા. ૨. બુરજથી ઉત્તર તરફ નદીમાં સરસ ઘાટ હતો. ત્યાં આવ્યા અને સ્નાન કર્યું. ૩. શ્રીહરિ ઘણીવાર સુધી ત્યાં નાહ્યા. બધા હરિભક્તો કીર્તન ગાતા હતા. તેની સાથે શ્રીહરિ પણ ગાતા હતા. તે વેળાએ અત્યંત આનંદોત્સવ થઈ રહ્યો હતો. ૪.

ખંભાળા ગામના દરબાર મોકા ખાચર ત્યાં આવ્યા. માણસિયા ખાચર નામે તેમના ભત્રીજા પણ સાથે આવ્યા હતા. ૫. બંને પાકા હરિભક્ત થયા હતા. તેમનો બધો પરિવાર પણ હરિભક્ત થયો હતો. તે બધા શ્રીહરિના પગમાં પડ્યા અને પાર નહિ એટલા બધા દંડવત્-પ્રણામ કર્યાં. ૬. તેઓ વારંવાર હાથ જોડીને નમસ્કાર કરતા અને હરિ આગળ એમ બોલતા હતા કે, મહારાજ ! મારી વિનંતી સાંભળો. આપ અમારે ગામ ખંભાળા કેમ આવ્યા નહિ ? આપનાં દર્શન માટે આખું ગામ તલસી રહ્યું છે. ૭. સહુ ગામના લોકોએ વારંવાર વિનંતી કરીને કહ્યું છે કે આ વખતે તો તમે શ્રીહરિને સાથે જ લાવજો. ત્યારે શ્રીહરિએ કહ્યું, એકવાર શું આવવું ? અમે તો વારંવાર ત્યાં આવતા રહીશું. ૮.

चोपाई :

सत्संग सम मानत न कोई, वैकुंठ गोलोक लग सोई;
बडे बडे धाम निवासी जेते, मुनि ऋषि देव कहावत तेते...१०

અમારો દેહ રહે ત્યાં સુધી સત્સંગમાં ગામોગામ અમે ફરતા જ રહીશું. દેહ છૂટ્યા પછી પણ અમારે સત્સંગમાં જ ફરવું છે. ૯. અમે ગોલોક કે વૈકુંઠ ધામને પણ સત્સંગના સમાન માનતા નથી. મોટા મોટા ધામમાં રહેનારા ઋષિઓ, મુનિઓ અને દેવતાઓ કહેવાય છે, ૧૦. તે તથા શેષ, શારદા, બ્રહ્મા અને શંકર જેવા પણ સત્સંગ કરવાનું ચાહે છે. જીવને બીજા બધાં સુખ મળે છે. પણ સત્સંગ કરવાનું ક્યારેય મળતું નથી. ૧૧. જેને ભગવાન સંબંધી સુખમાં જ અધિક તાન હોય એવા જે માણસો છે એ જ ડાહ્યા માણસો છે અને જેને સત્સંગનો પાકો રંગ લાગ્યો હોય, એવા જે શાણા સજ્જનો હોય, તે બધા સત્સંગને માગે છે. ૧૨.

તેવા ભક્તો તો સત્સંગ અને ભગવાન સિવાયનાં જેટલાં સુખ નજરે દેખાતાં હોય કે સંભળાતાં હોય તેમાં ક્યારેય લોભાતા નથી. ૧૩. સત્સંગમાં રહેલા સંતોનું કે હરિભક્તોનું, જેનું એવું વર્તન હોય તેઓ અપાર ભાગ્યશાળી છે. ૧૪.

सोरठा : सत्संग हरि विन सुख, जितनो जो कहावत जेहि;
हरिजन सो मानत दुःख, एसे हरिजन दुल्लभ कहत...१५
दुल्लभ संत हरिजन, ताको संग रहे जांहिं लग;
हम युं जानत हे मन, सत्संग विन व्यर्थ सब...१६

સત્સંગ અને ભગવાન વિનાનું જેટલું સુખ કહેવાય છે તેને જે હરિભક્ત દુઃખરૂપ માનતો હોય તો તેવો હરિભક્ત ઘણો દુર્લભ કહેવાય છે. ૧૫. દુર્લભ એવા સંતોનો અને હરિભક્તોનો સમાગમ જ્યાં સુધી રહે, ત્યાં સુધી અમે અમારાં મનમાં એવું માનીએ છીએ કે, તે સત્સંગ જ સત્ય છે. તે વિના બીજું બધું વ્યર્થ છે. ૧૬.

શ્રીહરિએ ત્યાં આટલી વાત કરી. જેવું પોતાનું વર્તન રહ્યું હતું એ પ્રમાણે શ્રીહરિ વાત કરતા હતા અને હરિભક્તોનાં વર્તનને પણ પોતાનાં જેવું કરવા ચાહતા હતા. ૧૭. કોઈ સંત કે હરિભક્ત જ્યારે પ્રેમથી ભગવાનની કથા કે કીર્તન કરતા હોય ત્યારે તેને સાંભળીને શ્રીહરિ કહેતા કે, 'આવા શબ્દો મને ખૂબ જ ગમે છે. ૧૮. જ્યાં સુધી ભગવાનની કથા અને કીર્તન થતાં હોય

છે ત્યાં સુધી અમારું ચિત્ત તેમાં ચોંટી જાય છે. અમારું મન તેમાં દીવાનું થઈ જાય છે. તેમાં ભગવાન સિવાય બીજું કાંઈ સાંભરતું જ નથી.' ૧૯.

ચોપાઈ :

हरि की स्मृति करावे जेही, श्रीहरि सत्संग कहत तेही;
हरि की स्मृति न करावे जेहु, कुसंग तिनकु कहत हे तेहु...२०

જે ભગવાનનું સ્મરણ કરાવી દે, તેને શ્રીહરિ સત્સંગ કહેતા અને જે ભગવાનની સ્મૃતિ ન કરાવે, તેને કુસંગ કહેતા. ૨૦. **સંત અને હરિભક્ત થઈને જેટલી ક્ષણ ભગવાનને લગારેક પણ ભૂલી જાય છે તેટલો સમય કુસંગ થયો છે, એમ જાણવું અને એ રીતે હરિભક્તને ઓળખવા અર્થાત્ એક ક્ષણ પણ ભગવાનને ન ભૂલવા, એ જ ભક્તનું ભક્તપણું છે. ૨૧.**

જેટલા સંતો અને હરિભક્તો હોય તે બધાને પોતાના કરતા અધિક માનવા-સમજવા, એવો સંતોના અને હરિભક્તોના દાસ થવાનો અભ્યાસ કાયમ રાખવો. ૨૨. હંમેશા સંતોના અને હરિભક્તોના ગરજુ થઈને રહેવું. તેમની સાથે ક્યારેય બખેડો-ટંટો કરવો નહિ. સંતો અને હરિભક્તોની સાથે જે જેટલો વિરોધ રાખે છે તેટલો તેના સત્સંગમાં ફેર છે. ૨૩. જીવમાં જેવો સત્સંગ હોય તે વર્તનમાં તરત જ દેખાઈ આવે છે. સત્સંગ તો મહાન સૂર્યના જેવો છે. તે જેવો હોય તેવો વર્તનમાં દેખાય છે. ૨૪. હૃદયમાં જે ફરક હોય તે ઉપરથી દેખાય નહિ પણ સૂર્ય જેવા સત્સંગનાં પ્રતાપે વર્તનમાં દેખાય આવે છે. ૨૫.

જેવું વર્તન હોય તેવું પરસ્પર હેત રહે, શુભ વર્તન હોય તો હેત વધે અને અશુભ વર્તન હોય તો હેત તૂટી જાય છે. ૨૬. સત્સંગના નિયમોને જે આદરભાવથી પાળતા હોય, તે સંત કે હરિભક્તનું સત્સંગનું અંગ દિનપ્રતિદિન સારું થતું જાય છે. ૨૭. નિયમ બહારની કોઈ વાત કહે, ભલે તે ઉપરથી સાંભળવામાં સારી લાગતી હોય, પણ તે કોઈ વખતે વિનાશ કરે છે. તેની મૃત્યુ થાય ત્યારે ગમ પડે છે. ૨૮. અત્યારે સત્સંગમાં કોઈ પણ બાબત નિયમ વિનાની નથી. માટે જે નિયમ છે તે સંતોની તથા હરિભક્તોની પાકી સુંદર છાપ છે. ૨૯. નિયમ પાળવામાં કાંઈ ખોટ-ખામી હોય તે તરત જ દેખાઈ આવે છે.

માનવદેહના જે અવયવો છે તે બધાં જ સંપૂર્ણ હોય તે દેખાય છે. ૩૦. પણ તે દેહમાં જે કાંઈ ખોટ-ખામી હોય તે તરત જ જણાઈ આવે છે. જે ખામી હોય તે દેખાય જ. તે છુપાવવાથી પણ છુપાય નહિ. ૩૧. સંતોએ અને હરિભક્તોએ પાળવાના જે નિયમો છે. તે ઉપરના ઘરેણાં કરતાં કરોડગણાં શોભાસ્પદ છે. નિયમો દેહને અને જીવને બંનેને શોભાડે છે. નિયમરૂપી ભૂષણ એકદમ નિર્ભય છે. ૩૨.

नियमरूप भूषण धरेउ जेहु, तिन करी शोभा लहत अति तेहु;
अनंत ब्रह्मांड के भूषण जोउ, नियम सम भूषण नहि हे कोउ...३३
नियम की आगे भूषण ओरा, कलंकरूप दुःखरूप हे जोरा;
नियमरूप भूषण सुख अपारा, तामें दुःख कबहु न लगारा...३४

નિયમરૂપી આભૂષણ જેણે ધાર્યા હોય તેની શોભા અત્યંત ચમકે છે. અનંત બ્રહ્માંડોમાં જેટલા આભૂષણો છે તેમાં કોઈ પણ આભૂષણ નિયમોનાં જેવું નથી. (શીલં પરં ભૂષણમ્) ૩૩. નિયમોની સરખામણીમાં બીજા આભૂષણો તો ઘણા કલંકરૂપ અને દુઃખમય હોય છે. નિયમરૂપી આભૂષણોમાં અપાર સુખ રહ્યું છે તેમાં કોઈ પણ જાતનું થોડુંએ દુઃખ ક્યારેય નથી હોતું. ૩૪. નિયમોથી વિરુદ્ધ કોઈ વસ્ત્ર પહેરે, કે હીરામોતી જડેલા સોનાનાં ભારે ઘરેણાં પહેરે, તો તે લાંછનરૂપ કહેવાય અને તે નિયમ વિરુદ્ધ હોવાથી પાપરૂપ અને દુઃખદાયક ગણાય. ૩૫.

નિયમરૂપી વસ્ત્રો અને આભૂષણો સહુથી અમૂલ્ય છે. બીજા કોઈ વસ્ત્ર કે ભૂષણ નિયમોની બરાબરી કરી શકતા નથી. નિયમોને અમૂલ્ય વસ્ત્રાભૂષણરૂપ જોઈને સંતો તથા હરિભક્તો ધારી રહ્યા છે. ૩૬. **નિયમો સંતોને અને હરિભક્તોને આ લોકમાં અને પરલોકમાં પણ ખરેખર શોભાડે છે. ૩૭.**

નિયમરૂપી વસ્ત્ર અને ઘરેણાં સંતોને અને હરિભક્તોને દિનપ્રતિદિન શોભાડે છે અને નિયમ વિનાનાં વસ્ત્ર અને ઘરેણાં કોઈને ક્યારેય શોભાડતા નથી. ૩૮. સત્સંગમાં અને ભગવાનમાં વધારેમાં વધારે હેત થાય, એવી રીતને તો નિયમવાળો જાણે છે. તેના સિવાયનો કોઈ જાણી શક્તો નથી. ૩૯.

શ્રીહરિ ત્યાં આટલી વાત કહીને પછી દરબારગઢમાં આવ્યા. શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા અને હરિભક્તો કીર્તન ગાતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'સત્સંગ, મહિમા અને નિયમોનું મહત્ત્વકથન' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર દસમું : તરંગ - ૧૦

શ્રીહરિએ મેઘપુરમાં ચોરાશી કરવા અંગેનો પત્ર મયારામ ભટ્ટ ઉપર મોકલ્યો

શ્રીહરિ પલંગ ઉપર બેઠા ત્યારે ત્યાં જે સંતો અને હરિભક્તો હતા તે બધા અત્યંત હરખભેર આવીને સભામાં બેસી ગયા. ૧. સંધ્યા સમય જોઈને શ્રીહરિ તે વખતે બોલ્યા; દોકડ, સરોદ અને સિતાર જેવા વાજિંત્રો લઈને બજાવો. ૨. ત્યારે જે મુનિ શ્રેષ્ઠ કુશળ ગાયક હતા, તેઓ બધા વાજિંત્રો લઈ આવ્યા અને તે સમયે અત્યંત ઉમંગ સાથે ગાન કરવા લાગ્યા. ૩. જેમાં અત્યંત ભક્તિરસ ભર્યો હોય અને શ્રીહરિનો મહિમા વધારે હોય, એવા પૂરવ રાગના પદો સહુ પહેલા ગાયા. ૪. તે પછી જેમાં સંતો, હરિભક્તો અને સત્સંગનો મહિમા ઘણો કહેવાયો હોય તેવા પૂરવ રાગમાં ગોડીના પદ સંતોએ ગાયા. ૫.

ભગવાન, સંતો, હરિભક્તો અને સત્સંગનો મહિમા જેમાં વધારે કહ્યો હોય, શિક્ષાપત્રી પ્રમાણેના સંત-હરિભક્તોનાં નિયમો જેમાં કહેવાયા હોય. ૬. અને વર્ણાશ્રમના બધા નિયમ-ધર્મ પણ જેમાં કહ્યા હોય તેવા કીર્તન ગવાતા હતા. જે કારણે ભગવાન અવતાર ધારણ કરે છે તે પણ સર્વ પ્રકારે પદોમાં ગાયું. ૭. **વેદોમાં અને પુરાણોમાં જે ભગવાનના અવતાર તથા તેમનાં ચરિત્રો કહેવાયા હોય અને તેમાં જે પ્રસિદ્ધ ચરિત્ર હોય, તેને પ્રકટ શ્રીહરિનાં ચરિત્રોની સાથે એક કરીને પદોમાં ગાયાં, જેનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. જે ભગવાનનાં પરમ એકાંતિક હરિભક્ત હોય, તેઓ તેનાં યથાર્થ રહસ્યને સમજી શકતા હોય છે. ૮-૯.** જે ભક્તો આ પદોનું રહસ્ય

જાણે તેને ભગવાનમાં ઘણો પ્રેમ થાય. રહસ્યને સમજ્યા વિના તો માત્ર રાગ સાંભળવામાં મોહ થાય છે.

અને તે કીર્તન-ભક્તિ થઈ રહ્યા પછી જ્યારે આરતી ગવાવા લાગી ત્યારે મશાલોનો પ્રકાશ થઈ ગયો હતો. ૧૦. જ્યારે આરતી પૂરી થઈ તે પછી શ્રીહરિ ઊભા થઈને 'નારાયણ ધૂન' બોલવા લાગ્યા. તેથી સંતો અને હરિભક્તો સહુ ઊભા થઈ ગયા અને ધૂન ઝીલવા લાગ્યા. ૧૧. ભગવાનના અવતારોનાં જે રામ, કૃષ્ણ, ગોવિંદ, નારાયણ, હરે, વાસુદેવ, વગેરે પ્રસિદ્ધ નામ છે તે તે નામોને શ્રીહરિ ધૂનમાં બોલતાં હતાં. ૧૨. હરે, વૃંદાવન ચંદ્ર, જય રાધે ગોવિંદ, માધવ, મુકુંદ, આનંદકંદ, પૂતપદારવિંદ, એવા નામો પણ ધૂનમાં બોલતા હતા. ૧૩. રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) ગઈ ત્યાં સુધી ધૂન કરી. સર્વે ભગવાનનાં સ્વરૂપમાં એકતાન થઈને ધૂન બોલતા હતા. તેથી શરીરનું ભાન પણ ભૂલી ગયા હતા. ૧૪.

ત્યારે મુકુંદાનંદ વર્ણીએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! ધૂન કરતાં આપ થાકતા નથી પણ બધા હરિભક્તો થાકી ગયા છે. ૧૫. ત્યારે વર્ણીની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ ભક્તજનોને વિશ્રાંતિ આપવા માટે ધૂન સમાપ્ત કરી. ૧૬. કરિયાણાના ગામધણી દરબાર ઓઢા ખાચરે વર્ણી પાસે ઘણા જ ઉત્સાહથી રસોઈ કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે આવીને વર્ણીએ શ્રીહરિને જમવા આવવાનું કહ્યું. ૧૭. દરબારનો ઘણો જ ભક્તિભાવ હતો તે જોઈને તે સમયે શ્રીહરિ જમવા ઊઠ્યા. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ૧૮. ચરણોમાં ચાખડીઓને ચાતુર્યથી પહેરી, હાથમાં નવો રૂમાલ રાખ્યો હતો. પાણીથી ચરણકમળ ધોયા અને વર્ણીએ પોતાના રૂમાલથી ચરણોને લૂછ્યા. ૧૯. પછી શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. વર્ણીએ ભાતથી ભરેલો થાળ આગળ ધર્યો, દૂધ અને સાકરના ભરેલા કટોરા પણ ત્યાં શ્રીહરિની આગળ મૂક્યાં. ૨૦.

રસનિપુણતા બતાવતા શ્રીહરિ પ્રેમથી દૂધ અને ભાત જમ્યા. તે સમયે દરબાર ઓઢા ખાચરે શ્રીહરિની આગળ કહ્યું. ૨૧. મહારાજ ! બધા સંતોને બોલાવો અને તેમને દૂધ તથા ભાત જમાડો. અમારા દિલની એવી

ભાવના છે. તો પ્રભુ, અત્યારે તે ભાવનાને પૂરી કરો. ૨૨. હે હરે ! વારે વારે આવો અવસર આવે નહિ. આપનાં દર્શન પણ ઘણાં દુર્લભ છે. પછી દરબારનો ભાવ પૂરો કરવા માટે શ્રીહરિએ સંતોને પોતાની પાસે બોલાવ્યા. ૨૩. અને કહ્યું, જેને જેવી રુચિ હોય તે પ્રમાણે સહુ સંતો દૂધ અને ભાતને જમો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, જેવો આપનો ભાવ હોય તેમ કરીએ. અમારે તો જમવાનો લગારેય ભાવ નથી. ૨૪.

શ્રીહરિ કહે, સંતોની રીત તો એવી જ હોવી જોઈએ અને એવા જે સંત હોય તેના ઉપર અમને ઘણો પ્રેમ થાય છે. ૨૫. સંતોનું આવું જે વર્તન છે તે પરમેશ્વરને પ્રસન્ન કરનારું છે અને એવા જે સંત હોય છે તે આપણા સત્સંગમાં શિરોમણિ છે. ૨૬. શ્રીહરિએ ભાત જમ્યા પછી હાથ અને મુખને ધોઈને જેટલા દૂધ અને સાકર વધ્યા હતા તે ખંભાળાના મોકા ખાચરને અને માણસિયા ખાચરને આપ્યા. તેમનો બધો પરિવાર પણ હતો એટલે પ્રસાદીના રૂપમાં બધું આપ્યું. ૨૭-૨૮. પછી શ્રીહરિની સાથે જે સંતો અને પાર્ષદો વગેરે આવ્યા હતા, તે સહુને બોલાવીને જમવા બેસાડ્યા. બધાને વર્ણીએ ભાત પીરસ્યો ત્યારે શ્રીહરિ મુખવાસ જમતાં જમતાં ત્યાં આવ્યા અને શ્રીહરિએ જેને જેટલા જોઈએ તેટલા દૂધ અને સાકર પીરસ્યા અને વર્ણીને જેટલું જોઈએ એટલું દૂધ, સાકર વગેરે શ્રીહરિએ પહેલાં જ આપી દીધું હતું. ૨૯-૩૦.

સંતો અને પાર્ષદોએ જમી લીધું. પછી જે દૂધ અને સાકર વધ્યા હતા, તેને જ્યાં દરબારો જમવા ગયા હતા ત્યાં પહોંચાડ્યા. ૩૧. પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. પાછળથી બધા સંતો પણ જમી પરવારીને ત્યાં આવીને શ્રીહરિની આગળ બેઠા. સોરઠમાં ગિરનાર પર્વતની પાસે જુનાગઢ શહેર છે, ૩૨. ત્યાંથી પશ્ચિમ દિશામાં પાંચ કોશ દૂર મેઘપુર નામે ગામ છે. ત્યાં વિપ્રોની ચોરાશી કરવાને માટે શ્રીહરિએ પત્ર લખાવ્યો. ૩૩. તે પત્રમાં મયારામ ભટ્ટ ઉપર બધી ભલામણ લખી, "તે દેશમાં જેટલા બ્રાહ્મણો રહે છે તે બધા છ માસ સુધી જમી શકે તેટલા ગોળ અને ઘી વગેરે જે સીધું સામાન જોઈએ તે બધું ભેળું કરાવજો." અને તે દેશમાં રહેતા પર્વતભાઈ આદિ હરિભક્તો ઉપર પણ પત્ર લખાવ્યો અને દરબાર ઝીણાભાઈ ઉપર

પણ પત્ર લખાવ્યો. મયારામ ભટ્ટના ભાઈ ગોવિંદરામ ભટ્ટ સામેથી કરિયાણા આવ્યા હતા. ૩૪-૩૬.

શ્રીહરિએ તેને સવારમાં ઉઠાડીને બધા પત્ર આપ્યા અને તેમને ઘોડા ઉપર બેસાડીને આગળ ચાલતા કરી દીધા. ૩૭. ગોવિંદરામ બે દિવસમાં સોરઠમાં પહોંચ્યા અને મયારામ ભટ્ટને તે પત્ર આપ્યો. ભટ્ટ તે પત્રને લઈને પર્વતભાઈની પાસે આવ્યા. ૩૮. પછી ભટ્ટ અને પર્વતભાઈ બંને મળીને દરબાર ઝીણાભાઈ પાસે આવ્યા. જાળિયાથી હીરાભાઈને પણ ત્યાં બોલાવ્યા. ૩૯. તે બધા ભેળા મળીને પછી મેઘપુર આવ્યા અને શ્રીહરિનો પત્ર અમરસિંહ ભાટને આપ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં ' શ્રીહરિએ મેઘપુરમાં ચોરાશી કરવા અંગેનો પત્ર મયારામ ભટ્ટ ઉપર મોકલ્યો' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર દસમું : તરંગ - ૧૧

મેઘપુર જવા નીકળેલા શ્રીહરિને મયારામ ભટ્ટ બંધિયામાં મળ્યા

અમરસિંહ બારોટ મેઘપુરના રહેવાશી હતા. શ્રીહરિનો પત્ર વાંચીને તેણે મસ્તકે ચઢાવ્યો. ૧. અને બોલ્યા, અમારા ધન્યભાગ્ય છે કે અમારા ગામમાં બ્રાહ્મણો જમશે. અમે હેતભાવ રાખીને સેવા કરશું. ૨. શ્રીહરિ અહીં પધારીને જ્યાં સુધી બ્રાહ્મણોને જમાડશે ત્યાં સુધી અમે રસોઈ બનાવવા માટેનું બધું બળતણ પૂરું પાડશું. ૩. દેશવાસી બીજા હરિભક્તોએ પણ અહીં સેવામાં જોડાવું પડશે. કારણ કે ઝાઝા દિવસો સુધી આ એક જ ગામના લોકોથી સેવા થઈ શકે નહિ. ૪. જેને સેવા કરવાની ભાવના હોય તે હરિભક્તો તો પ્રતિદિન સેવામાં રહેશે પણ જે હરિભક્ત સિવાયના બીજા લોકો હોય તે તો આ પ્રસંગમાં એકવાર સેવામાં આવે, કાયમ સેવા કરે નહિ. ૫. કુસંગીઓને મનમાં ભાવ ન હોય, તેઓને હરિભક્તોનો અને

સંતોનો મનમાં અભાવ હોય છે કેમ જે, સંતો અને હરિભક્તોનું વર્તન તો અધર્મીઓના (કુસંગીઓના) મૂળિયાઓને ઉખાડનારું હોય છે. ૬.

❋ ધર્મ-નિયમની મહત્તા :

અધર્મીઓનાં મૂળ કાપવા માટે તો શ્રીહરિએ નિયમરૂપ શસ્ત્ર રચ્યાં છે. તે નિયમરૂપ શસ્ત્રો સંતો-હરિભક્તો માટે નથી. કારણ કે બધા સંતો અને હરિભક્તો તો નિયમરૂપ જ હોય છે. ૭.

हरिजन संत के नियम हे जेता, अधर्मि मूल खनन हे तेता;
हरिजन संत को वरतन जोई, अधर्मि सहज जरि जावत सोई...०८

श्रीहरि कु आवे रीत हि एसे, अनल विन पापि जरे हि तेसे;
अधर्मि विन नहिं जरत ताहि, संत हरिजन देखि हरख रहाहि...०९

श्रीहरि जेते नियम हि कियेउ, दैवत विन नहिं एक हि रहेउ;
श्रीहरि करत चरित्र इस रीता, हरिजन संत कु शांति करीता...१०

સંત-હરિભક્તોનાં જે નિયમ છે તે તો અધર્મીઓનાં મૂળને ઉખેડી નાખનારા છે. એટલે અધર્મી લોકો હરિભક્તોનાં અને સંતોના વર્તનને દેખીને સહેજે બળી મરે છે. ૮. શ્રીહરિને એવી રીત આવડે છે કે પાપી માણસ વગર અગ્નિએ બળી મરે. જે અધર્મી નથી તેને કાંઈ બળતરા થતી નથી. તેઓ તો સંતોને અને હરિભક્તોને દેખીને રાજી થાય છે. ૯. શ્રીહરિએ જે જે નિયમ કર્યાં છે તેમાં કોઈ એક પણ નિયમ દૈવત વગરનો નથી. શ્રીહરિ એવી રીતે ચરિત્ર કરે છે કે તે સંતોને અને હરિભક્તોને શાંતિ આપે છે. ૧૦.

શ્રીહરિનાં એ ચરિત્ર અધર્મી લોકોના દિલમાં દિનપ્રતિદિન બળતરા કરાવે છે. સદ્‌બુદ્ધિવાળા સહુ કોઈને પણ દેખાય છે કે પરમેશ્વર સિવાય આવો પ્રતાપ અન્યમાં હોઈ શકે નહિ. ૧૧. તે દુર્બુદ્ધિવાળા લોકો તો પોતાની કુબુદ્ધિમાં જેવું દેખાય તેવું બોલે કે, સહજાનંદસ્વામીએ તો કોઈ બાબરો ભૂત અને પ્રેત વશ કર્યા છે અને તેણે કરીને જ તેઓ લોકોને વશ કરે છે. ૧૨. તેણે મહાન કોઈ અઘોર વિદ્યા સાધી છે, તેને કારણે મનુષ્યો તેને વશ થઈ જાય છે. જેની જેવી સમજણ હોય તેવું તેઓ ઘણું ઘણું બોલે છે. ૧૩. શ્રીહરિએ ભૂમિ ઉપર અસુરોની ધર્મથી વિપરીત રીત દેખી. તેમાં

ખાસ કરીને અમુક વેરાગીઓ ધન અને સ્ત્રીના યારી હતા. વ્યસનોના ગુલામ હતા અને અસુરોમાં પણ મોટા અસુર હતા. તેમને દેખ્યા પછી શ્રીહરિએ સનાતન સંતોની રીતને હવે પ્રકટ કરી છે. ૧૪-૧૫. **શ્રીહરિએ અસુરોનું બળ દેખ્યું. પછી તેમણે એવા નિયમો કર્યા કે તેનાથી પાતાળથી સ્વર્ગ સુધીના અસુરોના બધા ગઢોને તોડી નાખ્યા. ૧૬.**

અમરસિંહ ભાટને શ્રીહરિનો પત્ર વંચાવ્યો ત્યારે તેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ અને ઉપર કહ્યા પ્રમાણે તેઓ બોલ્યા. ૧૭. અમરસિંહ ભાટની મરજી જોઈને મયારામ ભટ્ટ અને પર્વતભાઈ વગેરે ઘણા ખુશી થયા અને સીધું સામાન રાખવા માટે પ્રથમ કોઈ સારી જગ્યા તૈયાર કરી. ૧૮. રસોઈ કરવા માટે રોજ પુષ્કળ પાણીની જરૂર પડે, તેનો પ્રથમ વિચાર કર્યો. પછી જ્યાં રસોઈ બનાવવાનું ઠેરાવ્યું હતું ત્યાં તત્કાળ કૂવો ખોદાવ્યો. ૧૯. રસોઈમાં રોજ જે બળતણની જરૂર પડે તે મગાવીને તેના મોટા ડુંગરા ખડકાવી દીધા. માટીના જે કોરા ઠામ-વાસણ જોઈએ તેનો પણ બીજો મોટો ડુંગર કરાવી દીધો. ૨૦.

જેટલા ગોળ અને ઘીની જરૂર જણાઈ, તેટલા તે મગાવીને તેના કોઠાર ભરાવી દીધા. ઘઉંનો લોટ, અડદ તથા મગની દાળ અને તે રીતે ચોખા પણ મગાવી લીધા. ૨૧. બધું સીધું-સામાન ભેળું કર્યા પછી શ્રીહરિને પત્ર લખ્યો અને હરિભક્તોના ગામોમાં પણ પત્ર લખ્યા. તેમાં આગેવાન સર્વે હરિભક્તોના નામ લખ્યા. ૨૨. તે પછી વિપ્ર મયારામ ભટ્ટ તે પત્ર લઈને ચાલ્યા. શ્રીહરિનાં જે ગામના સમાચાર મળ્યા તે ગામ આવીને મળ્યા. ૨૩. શ્રીહરિ **કરિયાણા**થી નીકળીને **કોટડા** ગામ આવ્યા. તે ગામ ‘વાળા’ દરબારોનું કહેવાય. બધા જ દરબારો સત્સંગી થયા હતા. ૨૪. કરુણાનિધિ અને સુખધામ એવા ઘનશ્યામ શ્રીહરિ ત્યાં દરબારગઢમાં બે ત્રણ દિવસ રહ્યા. ૨૫.

શ્રીહરિ જે કોઈ ગામમાં પધારતા ત્યાં હરિભક્તોને ભાવ ખૂબ જ વધતો હતો. સહુનો પ્રેમભાવ વધારીને જ્યારે ચાલતા ત્યારે સહુ ઘણા જ ઉત્સાહી જણાતા હતા. ૨૬. જે ભક્તોને જેવો પ્રેમભાવ હોય તેમને તેવું સુખ આપતા. ભક્તો પણ શ્રીહરિની પાછળ પાછળ ચાલતા થતા અને વારંવાર

યાદ કરતા રહેતા. ૨૭. પછી શ્રીહરિ તૈયાર થઈને કોટડા ગામથી ચાલ્યા અને **પીપળિયા** ગામમાં લક્ષ્મણ ઠક્કરને ઘેર રોકાયા. ૨૮. તેણે રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. ત્યાં એક રાત રોકાયા. હરિભક્તોના ભક્તિભાવને સંતોષીને ત્યાંથી ચાલતા થયા. ૨૯. અંતર્યામી શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ પ્રભુ **બંધિયા** ગામ આવ્યા. શ્રીહરિ આવ્યા છે, એવા સમાચાર સાંભળીને ગામના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ૩૦.

વણિક ડોસાભાઈ શેઠ આદિ બધા હરિભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. સહુ ફૂલહાર લાવ્યા હતા તે તે વખતે પહેરાવ્યા. ૩૧. તે વખતે ઢોલ વગેરે વાજિંત્રવાળા પણ આવીને સારી રીતે વગાડવા લાગ્યા. પછી શ્રીહરિ ગામમાં પધાર્યા. ગામના અપાર લોકો દર્શન માટે બજારમાં આવીને ઊભા રહ્યા. ૩૨. તેઓ બધા ખૂબ જ હેતથી દર્શન કરતા હતા. શ્રીહરિની શોભા પણ અત્યંત અદ્‌ભુત બની હતી. શ્રીહરિ જ્યારે જ્યારે બંધિયા ગામમાં આવતા ત્યારે ત્યારે ત્યાંના દરબાર મૂળુભાઈ શ્રીહરિનાં સ્વાગતમાં અપાર શોભા કરતા હતા. ૩૩. એવી શોભા બીજે થતી નહિ. જો કે ગામમાં હરિભક્તો તો થોડા હતા પણ બધા જ અપાર હેત રાખતા હતા. તેમના જેવું હેત બીજે કયાંય સંભળાતું નહિ. ૩૪. જેની જેટલી શક્તિ હોય તે પ્રમાણે તેઓ સર્વે શ્રીહરિનું સ્વાગત-સન્માન કરતા હતા. નિજજનને સુખ દેનારા શ્રીહરિ વણિક ડોસાભાઈને ઘેર આવીને ઊતર્યા. ૩૫.

શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તે બધા દરબાર મૂળુભાઈના દરબારમાં ઊતર્યા. ગામના જે હરિભક્ત દરબારો હતા તે બધા જાડેજા ક્ષત્રિય હતા. ૩૬. શ્રીહરિ તે ગામમાં રહ્યા ત્યારે નિત્ય નવા ઉત્સવ થાતા. કથા-વાર્તા, કીર્તન વગેરે થતા અને બધા હરિભક્તો ઘણા જ હરખભર્યા રહેતા. ૩૭. માણાવદરવાળા વિપ્ર મયારામ ભટ્ટ બંધિયા ગામમાં આવીને શ્રીહરિને મળ્યા. હરખભર્યે હૈયે શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને બધા પત્ર પણ આપ્યા. ૩૮. શ્રીહરિએ પહેલા મૌખિક જે જે વાત પૂછી તે બધી ભટ્ટજીએ કહી, ત્યારે શ્રીહરિ બોલ્યા, હવે જ્યારે તમે કહો ત્યારે આપણે અહીંથી ચાલીએ. ૩૯. ત્યારે ભટ્ટજીએ કહ્યું, આપણે સવારે અહીંથી ચાલીએ અને આગળ

જેતપુર જઈને ત્યાં એક રાત રોકાશું. પછી ત્યાંથી તૈયાર થઈને ચાલશું તે ભાડેર ગામ જઈને ત્યાં રોકાશું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'મેઘપુરમાં વિપ્રોને જમાડવા નીકળેલા શ્રીહરિને મયારામ ભટ્ટ બંધિયામાં મળ્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર દસમું : તરંગ - ૧૨

શ્રીહરિ બંધિયાથી જેતપુરમાં આવીને ધામધૂમથી ઊનડવાળાને ભવન પધાર્યા

સર્વ કર્તા શ્રીહરિ બંધિયા ગામથી સવારમાં ચાલ્યા તે આગળ જાતા **જેતપુર** શહેરમાં પધાર્યા. અને પ્રથમ ભાદર નદી ઊતર્યા. ૧. સદ્‌ગુરુ રામાનંદસ્વામી નદીમાં જે સ્થળે સ્નાન કરતા હતા ત્યાં આવ્યા અને ત્યાં સંતો, દરબારો અને પાર્ષદોએ સહિત નાહ્યા. ૨. જેતપુર ગામના દરબાર ઊનડ ખુમાણ, દરબાર મૂળુવાળા અને બીજા હરિભક્તો શ્રીહરિની સન્મુખ ત્યાં આવ્યા. ૩. સહુના હાથમાં ફૂલહાર અને શ્રીફળ લીધેલાં હતાં. શ્રીહરિનાં ઉપર અપાર હેત હતું. આવીને સહુ ચરણોમાં નમી પડ્યા. ૪. બધાએ ફૂલહાર પહેરાવ્યા અને જે શ્રીફળ લાવ્યા હતા તે ચરણોમાં ભેટ મૂક્યાં. પછી શ્રીહરિએ ઘણો જ પ્રેમ દર્શાવીને સહુને બોલાવ્યા અને સારી રીતે કુશળ-ક્ષેમ પૂછ્યાં. ૫.

શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમને સહુને મૂળુવાળા ભેટ્યા, સંતોને અને વર્ણીઓને પગે લાગ્યા તથા પાર્ષદોને જયનારાયણ કહ્યા. ૬. પછી તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપે આ અમારા દેશ ઉપરનું હેત તોડી નાખ્યું લાગે છે. ઘણા દિવસે આપ આ દેશમાં આવ્યા છો અમે તો હંમેશા આપના ખબર પૂછતાં જ રહીએ છીએ. ૭. આપ કચ્છ, ઝાલાવાડ અને ગુજરાત પ્રદેશોમાં વિચરણ કરી રહ્યા છો એવું અમે વારંવાર સાંભળતા. આપે સિદ્ધપુરમાં મોટો સમૈયો કર્યો. ત્યાં ઘણા જ નરનારી હરિભક્તો ભેળા થયા હતા. ૮. ત્યાં આપે જેટલા હતા તે બધા વિપ્રોને જમાડ્યા અને અશ્વ

આદિનાં બહુ પ્રકારના દાન પણ આપ્યાં. સદ્ગુરુ રામાનંદસ્વામીની આવી વાત ન હતી. આપનો પ્રતાપ તો ઘણો જ સંભળાય છે. ૯. આત્માનંદ સ્વામીને દેખ્યા હતા. તેઓ ક્યારેક ચમત્કાર જણાવતા. તે તો કોઈક લોકો જ જાણતા. બધાને તેની ખબર ન હતી. ૧૦.

❋ આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની સમજણનો ભેદ :

સ્વામી તો રાત દિવસ આત્મસ્વરૂપનું ધ્યાન ધરતા. ષટ્ચક્રોનાં સ્થાનમાં જ તેઓ વિચરતા અને તે રીતે જ સમય વિતાવતા. ૧૧. તેનાથી તેઓ અંતરમાં અપાર સુખી રહેતા. તેમને લૌકિક ભોગ-વૈભવનો કાંઈ ભાર ન રહેતો. કોઈ માને કે ન માને, તેની તેઓ કાંઈ પરવા ન રાખતા. ૧૨.

दोहा : आत्मा में सुख अपार हे, ओर में सुख नहिं लेश;
ओर में सुब रहे जांहिं लग, त्यां लग ताकु कलेश...१३
आत्मा विन सबहि कलेश हे, कलेश में सुख कहा होय;
कलेश में मानत सुख जो, सो जन सुखि न होय...१४

આત્મામાં અપાર સુખ રહ્યું છે. બીજામાં સુખનો લેશ પણ નથી. અન્યમાં જ્યાં સુધી સુખ મનાય છે ત્યાં સુધી તેને કલેશ રહે છે. ૧૩. આત્મા વિના બધું કલેશથી ભર્યું છે. કલેશમાં સુખ કયાંથી હોય ? અને જે કલેશમાં સુખ માને છે તે ક્યારેય સુખી હોય નહિ. ૧૪. **સુખ અને દુઃખ આદિ અનેક પ્રકારના ભાવ પણ જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી બધા દેખાય છે અને જ્યારે આત્માનો વિવેક થાય છે. આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે તેને કોઈ સુખ કે દુઃખ થાતા નથી. ૧૫.** તે આત્માનંદસ્વામી દેહની ક્રિયા કરતા થકા જેટલી વાર વર્તતા હતા તેટલો સમય દુઃખ મટાડે તેવી વાત કરતા અને જે અધિકારી હોય તેને તેનો ઉપદેશ લાગતો હતો. ૧૬.

સદ્ગુરુ રામાનંદસ્વામીનાં જીવનમાં તો તેથી કાંઈ ફરક હતો. તેઓ ભગવાનના માહાત્મ્યજ્ઞાનને તથા ભગવાનની ભક્તિને આ બંનેને મુખ્ય માનતા. કેમ જે, તેમણે માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિથી મોક્ષ માન્યો હતો પણ કેવળ આત્મજ્ઞાનથી મોક્ષ માનતા નહિ. ૧૭. પરમાત્માને લીધે જ જીવ છે. પરમાત્માને છોડી દઈએ તો બધું શૂન્ય જ દેખાય એમ રામાનંદસ્વામી માનતા હતા.

વાસ્તવમાં બંને સદ્‌ગુરુઓ મોટા સિદ્ધપુરુષ હતા પણ બંનેની સમજણ-રુચિ ભિન્ન ભિન્ન હતી. ૧૮. તેઓ બંને શરીરને અસત્ય કહેતા. પોતપોતાની સમજણમાં મસ્ત રહેતા. એક ચંદ્રમાના જેવા હતા તો બીજા સૂર્યના સમાન હતા. અમને તે સદ્‌ગુરુઓ સંબંધી આટલું જ્ઞાન થયું છે. ૧૯. આપે તો તે ચંદ્ર અને સૂર્યના પ્રતાપને ઢાંકી દીધો છે અને અપાર પ્રતાપશાળી દેખાઓ છો. અમને આપનો એવો પ્રતાપ દેખાય છે અને જેને આપનો આવો પ્રતાપ નથી દેખાતો. તેઓ તો ગમાર પુરુષ કહેવાય. ૨૦. જે આપના સમાન પ્રતાપી પુરુષને ઊલટી રીતે કહે છે તે વિપરીત રીતના લોકો દેહથી દુઃખી થવાના. આપ પરમેશ્વરની રીત તો અલૌકિક છે, અમારી નજરમાં તો આવું દેખ્યામાં આવે છે. ૨૧.

આટલી વાત જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીહરિ સ્નાન કરીને તરત તૈયાર થઈ ગયા. જેતપુરના દરબારની બધી સવારી પુરથી બહાર આવી ગઈ. ૨૨. ડંકા, નિશાન અને ચોપદાર વગેરે બધા આવીને શ્રીહરિની આગળ ઊભા રહ્યા. તેમાં બધા જ સોનેરી સાજથી શણગારેલો એક મોટો હાથી પણ લાવ્યા હતા. ૨૩. પછી જે જેતપુરના દરબાર હતા તેમણે કહ્યું, મહારાજ ! જે આપની સેવામાં ઉપયોગી ન થયું તેને તેના જીવનનું ફળ મળ્યું નથી. ૨૪. **જેના પૂર્વના અપાર પુણ્ય હોય તેને જ આપનો જોગ પ્રાપ્ત થાય છે અને અત્યારે જે આપના યોગમાં આવ્યા છે તેનો સંસારના દુઃખરૂપી રોગ મટી ગયો છે. ૨૫.** મનુષ્ય, પશુ, પંખી, વૃક્ષ, પર્વત, સરોવર, નદી, કૂવો, વાવ, અનેક પ્રકારનાં અન્ન વગેરે આ બધાને તારવા માટે આપ અત્યારે પ્રકટ થયા છો. ૨૬.

અત્યારે આપણા સત્સંગમાં સંતો અને હરિભક્તો નિરંતર વાત કરે છે તે અમને ક્યારેક સાંભળવા મળે છે અને તેનાથી અમારાં હૃદયમાં આપ પ્રત્યે ભક્તિભાવ ઊપજ્યો છે. ૨૭. પરંતુ બીજું કાંઈ ભજન, સ્મરણ, નિયમ કે વ્રત વગેરે અમારાથી કાંઈ થઈ શકતું નથી. અમને તો એક આપ અને આપનો સત્સંગ, એ બે જ સત્ય જણાય છે. ૨૮. સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ દરબારની સુમતિ દેખી, તેથી દયા કરીને હાથી ઉપર બેઠા. ત્યારે

દરબાર હરખભેર શ્રીહરિને ચામર કરવા પાછળ આવીને બેઠા. ૨૯. તે હાથીના ઉપર અંબાડી હતી. શ્રીહરિના બેસવાથી અદ્‌ભુત શોભા છવાઈ ગઈ. વિવિધ પ્રકારના વાજાં વાગવા લાગ્યા અને ચોપદાર ઊંચેથી "જય જય" "જય જય" એમ બોલતા હતા. ૩૦.

વાજિંત્રોના અપાર ધ્વનિને સાંભળીને બધા પુરવાસી લોકો બહાર નીકળી આવ્યા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને ફૂલહાર પહેરાવ્યા. ૩૧. સહુનાં મનમાં અત્યંત ઉત્સાહ ભર્યો હતો તેથી તેઓ વારંવાર શ્રીહરિને પગે લાગતા હતા. જ્યારે શ્રીહરિ પુરને દરવાજે આવ્યા ત્યારે અનેક પ્રકારની બંદૂકો એક સામટી ફૂટવા લાગી. ૩૨. ભાવિક ભક્તો ગુલાલ લાવ્યા હતા. હરખભર્યે હૈયે તેઓ ગુલાલ ઉડાડતા હતા. શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો. બધી જ બજારો શણગારેલી હતી. કોઈ પણ પ્રકારની તેમાં ખામી રહી ન હતી. ૩૩. દુકાનોના ઉપર જેટલા માળ હતા તે બધા માળ ઉપર માણસો ભરાઈને ઊભા હતા. સહુના હાથમાં ફૂલહાર હતા, તેથી તે બજાર જાણે ફૂલોથી ખીલેલો બાગ ન હોય, તેમ શોભતી હતી. ૩૪. લોકો ઉલ્લાસથી શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. હરખને લીધે કોઈને શરીરનું ભાન પણ રહ્યું ન હતું. જ્યારે બધા લોકો "જય જય" "જય જય" આવો શબ્દ ઉચ્ચારતા હતા ત્યારે એમ લાગતું કે આવી શોભા તો ક્યારેય આપણે દેખી નથી. ૩૫.

નગરની જેટલી નારીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને અત્યંત ભક્તિભાવ સાથે શ્રીહરિને વધાવવા લાગી અને તેઓ બોલતી કે અમને ઘણો સારો અને દુર્લભ અવસર પ્રાપ્ત થયો છે. ૩૬. દુકાનોનાં અને મકાનોનાં જેટલાં દ્વાર હતા ત્યાં બધે ઠેકઠેકાણે ઘણા જ હેતથી મોતીનાં તોરણ બાંધી દીધા હતાં. ૩૭. પુરજનોને દર્શન દેતાં દેતાં જગદાધાર શ્રીહરિ રાજદરબારમાં દરબાર ઊનડ ખુમાણને ભવન પધાર્યા. ૩૮. ત્યાં પહોંચીને હાથી ઉપરથી નીચે ઊતર્યા. બધી સવારીને પછી વિદાય આપી અને એકે એકને સંભારીને પ્રસાદીના ફૂલહાર આપ્યા. ૩૯. ભવનની ઓસરીમાં પલંગ બિછાવી દીધો. ગાદલા ઉપર ઓછાડ ખેંચીને પાથર્યો ત્યારે શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ બંધિયાથી નીકળીને જેતપુરમાં ધામધૂમથી પધાર્યા' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર દસમું : તરંગ - ૧૩

જેતપુરમાં ગોંડલ નરેશ હઠીભાઈએ શ્રીહરિની અને સંતોની પૂજા કરી

દરબાર ઊનડ ખુમાણે અતિશય હેતથી રસોઈ કરાવી. શ્રીહરિ તે જમવા માટે ઊઠ્યા અને પીતાંબર પહેર્યું. ૧. માથા ઉપર રૂમાલ ઓઢ્યો. ચરણોમાં ચાખડીઓ પહેરી. ત્યાં આવીને પાણીથી ચરણ ધોયા. અને પછી આવીને બાજોઠ ઉપર બેઠા. ૨. વર્ણીએ સાકરનો કંસાર અને બીજા વિવિધ પ્રકારનાં જે ભોજન કર્યાં હતાં તે થાળમાં પીરસીને તે થાળ શ્રીહરિ આગળ લાવીને ધર્યો. ૩. શ્રીહરિ અત્યંત ભાવથી તે જમવા લાગ્યા. જે વસ્તુ બનાવીને લાવ્યા હતા તે બધું જમ્યા. ૪. શ્રીહરિ જમી રહ્યા પછી તે પ્રસાદિનો થાળ ઊનડ ખુમાણને આપ્યો. હાથ મુખ ધોઈને મુખવાસ લીધો અને તે પછી સંતો અને પાર્ષદોની જમવા માટેની પંગત કરાવી. ૫.

જેટલા દરબારો હતા તે બધા આવીને પંગતમાં બેઠા અને મૂળુવાળાને પણ પંગતમાં બોલાવી લીધા. પહેલા સહુ સંતોને પીરસ્યું અને તે પછી પાર્ષદોની પંગતમાં પીરસ્યું. ૬. અને તે પછી ઘણા જ હેતથી દરબારોને પણ જેની જેવી રુચિ હતી તે પ્રમાણે પીરસ્યું. શ્રીહરિ જે દહીં અને સાકર ભાત સાથે જમ્યા હતા તેના પાત્ર હજી ભર્યાં હતાં. ૭. દરબારો જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે શ્રીહરિ દહીં પીરસવા આવ્યા. પહેલા સંતોની પંગતમાં દહીં પીરસ્યું અને પછી દરબારોની પંગતમાં, તે દહીં પીરસીને કીચડ મચાવી દીધો. ૮. શ્રીહરિની તે પીરસવાની લીલાને દેખીને દરબાર મૂળુવાળાને આનંદ વધારે થયો અને તેઓ હાથ જોડીને બોલ્યા, મહારાજ ! અમને આજ અલૌકિક લાભ મળ્યો છે. ૯. મારો

જન્મ થયો ત્યારથી ક્યારેય આજના જેવો લાભ લીધો નથી. મારે માટે તો આજનો દિવસ અલૌકિક આવ્યો ગણાય, કારણ કે આજ આપે અમને હાથો હાથ જમાડ્યા છે. ૧૦.

શ્રીહરિએ દરબારોને જમાડીને તેમને ખૂબ રાજી કર્યા. પછી પોતે પલંગ ઉપર આવીને બેઠા. બે ઘડીવાર પોઢી ગયા. ચોકમાં પાણી છાંટ્યું હતું. ૧૧. ચતુર પાર્ષદો વીરણવાળાના ભીંજવેલા બે પંખા લઈને પવન ઢોળતા હતા. સંતોએ થોડીવાર ધ્યાન કર્યું અને પછી સ્નાન કરવા ગામ બહાર ગયા. ૧૨. શ્રીહરિ ભાદર નદીમાં જ્યાં નાહ્યા હતા ત્યાં જઈને બધા સંતો ઘણા હેત-પ્રેમથી નાહ્યા. ૧૩. કેમ જે, આત્માનંદસ્વામી, સદ્‌ગુરુ રામાનંદસ્વામી અને શ્રીહરિ ત્યાં નાહ્યા હતા. અને તેથી એવું એ સર્વોપરિ તીર્થ થયું કે જેનો મહિમા મુખે વર્ણવી શકાતો નથી. ૧૪.

સંતો સ્નાન કરીને શ્રીહરિની પાસે જ્યારે આવ્યા ત્યારે બધી તૈયારી કરાવીને શ્રીહરિએ સભા કરાવી. ૧૫. ગાયક સંતો દોકડ અને સરોદ લઈ આવ્યા. વાજિંત્ર સાથે કીર્તન ગવાય, તે વાતો કરતા પણ સરસ છે અને ભગવાનમાં પ્રેમ કરવાનું પ્રથમ દ્વાર છે. ૧૬. સર્પના સમાન કોઈ ક્રોધી ન કહેવાય, એને જે છંછેડે તેને તે તરત જ કરડે. સર્પ એ ક્રોધની સીમા છે. સર્પના જેવો ક્રોધ અન્ય કોઈમાં નથી રહેતો. ૧૭. છતાં તે સર્પ જો બંસીના શબ્દને સાંભળે, તો તરત જ પાતાળ (જમીન)માંથી બહાર નીકળે છે. (એવો વાદ્યનો પ્રભાવ છે. માટે વાદ્ય વગાડી સંગીતરસ સાથે હરિગુણ ગાવાથી ભગવાનમાં પ્રિત થાય છે. અને તેથી ભગવાન રાજી થાય છે.) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોના રસમાં આખું બ્રહ્માંડ બંધાયેલું છે. ૧૮. તે પંચવિષયોમાં (૧) ખારાં, (૨) ખાટાં, (૩) કડવાં, (૪) તીખાં, (૫) તમતમતાં, (૬) ઝેરરૂપ, (૭) ગમતાં, (૮) અણગમતાં, એવા બધા જ રસ રહ્યા છે. તે સમય આવે દેખાય છે. ૧૯. તે પંચવિષયનો રસ (માયા કે શ્રીહરિના સંબંધને લઈને) કડવો હોય તે મીઠો થઈ જાય છે અને મીઠો હોય તે કડવો થઈ જાય છે. દેશ અને કાળ જેવા શુભ કે અશુભ હોય, તે પ્રમાણે માણસની મતિને ફેરવી નાખે છે. ૨૦.

✵ જે દિલથી અભ્યાસ કરે, તે સિદ્ધિ પામે :

ઉપર જે પંચવિષયનો રસ આઠ પ્રકારનો કહ્યો, તે અભ્યાસ વિના કોઈને દેખાતો નથી. અભ્યાસ કર્યા સિવાય કરોડવાર વાત કરવામાં આવે તોપણ તે એકવાર પણ અનુભવાતો નથી. ૨૧. **જે કોઈ પણ બાબત હોય તે અભ્યાસ કર્યા સિવાય ક્યારેય સિદ્ધ થાતી નથી. જે દોકડ અને સરોદ વગેરે વાજિંત્રને વગાડે છે, તેને પણ શીખવા પડે છે-તેનો અભ્યાસ કરવો પડે છે.** ૨૨. જો તે વાદ્યોનો અભ્યાસ કરવામાં ન આવે તો તેને વગાડી શકાતા નથી. જે કોઈ પણ બાબત હોય તે રોજના અભ્યાસથી આગળ વધતી રહે છે. ૨૩.

चोपाई :

जीय को मोक्ष होवे जिस रीता, सत्संगी अभ्यास करत तिस रीता;
तब निश्चे मोक्ष होत हे ताको, यामें नहिं हे फेर कबु वाको...२४

दोहा : आज जेसो अवतार हे, सत्संग हे तेसी रीत
संत हरिजन हे तिस विध, तिनकरी भोमि शोभीत

આપણા જીવનો મોક્ષ જે રીતે થાય છે તેનો અભ્યાસ સત્સંગી વ્યવસ્થિત રીતે જો કરે છે. તો તેનો મોક્ષ ચોક્કસરૂપમાં થાય છે. તેમાં ક્યારેય કોઈ પણ જાતનો ફેર પડતો નથી. ૨૪. આજે જેવો અવતાર થયો છે તેવો જ આપણો સર્વોપરિ સત્સંગ છે અને સંતો તથા હરિભક્તો પણ તેવા ઉચ્ચ કોટિના છે કે જેને લીધે આ ભૂમિ શોભી રહી છે. ૨૫. ધર્મની બળવાન રીતને દેખીને અધર્મ ઝંખવાઈ ગયો છે. વારંવાર સત્સંગનો અભ્યાસ રાખવાથી (અતિ બળિયા ધર્મનિષ્ઠ હરિભક્તો થયા તેથી) અધર્મની એવી સ્થિતિ થઈ છે. ૨૬.

શ્રીહરિએ જ્યારે આવી વાત કહી ત્યારે સંતો વાજિંત્ર લઈ આવ્યા હતા. ઘણા જ ઉલ્લાસથી તે વાજિંત્ર વગાડીને તે વેળાએ રાગ 'નટ' ગાવા લાગ્યા. ૨૭. તે વખતે મૂળુવાળા તે કીર્તન ગાન સાંભળવા માટે તરત જ આવ્યા અને શ્રીહરિની પાસે બેઠા. કીર્તન ગાન સાંભળીને મનમાં ઘણા જ ખુશી થયા. ૨૮. ગોંડળના રાજા હઠીભાઈએ ઘનશ્યામ શ્રીહરિ જેતપુર પધાર્યા છે. એવું સાંભળ્યું. એટલે તરત જ પોતાની બધી સવારી લઈને ત્યાં

આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૯. તેઓ ફૂલહાર, શ્રીફળ અને વિવિધ પ્રકારના મેવાને થાળમાં ભરીને લાવ્યા હતા. તે હાર શ્રીહરિને પહેરાવ્યા અને શ્રીફળ તથા મેવાના થાળ તેમની આગળ ભેટ મૂકયા. ૩૦. તેઓ ફૂલની પાઘ અને ચમેલીના ફૂલની ચાદર પણ લાવ્યા હતા. સંધ્યા સમય થવા આવ્યો હતો તેથી સભા ચોક વચ્ચે કરી હતી. ૩૧. પાટના ઉપર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. કેસરી મલયાગર ચંદનમાં સુગંધી અત્તર મેળવ્યું હતું. ૩૨.

ૐ મૂર્તિ વર્ણન :

નરેશ હઠીભાઈએ તે અનુપમ ચંદન લઈને શ્રીહરિની મૂર્તિને નખથી શિખા પર્યંત ચરચ્યું અને જેટલા ગુલાબના હાર લાવ્યા હતા તે પણ બધા પહેરાવ્યા. ૩૩. ગુલાબના બાજુબંધ અને પહોંચીઓ પણ ભુજાઓ અને પહોંચાઓ ઉપર બાંધી. ફૂલોની પાઘ મસ્તક ઉપર બાંધી અને તેમાં ગુલાબના તોરા લટકાવ્યા. ૩૪. બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા, તેનાથી મૂર્તિ ત્રિલોકીમાં ચિત્તાકર્ષક બની. ફૂલોની ચાદર પણ ઓઢાડી. આ રીતે શ્રીહરિની સંપૂર્ણ મૂર્તિ ફૂલોથી છવાઈ ગઈ હતી. ૩૫. દરબાર શ્રીહઠીભાઈએ ચરણકમળ ઉપર ચંદન ચરચીને તેને પોતાની છાતીમાં ઘણાં હેતથી ચાંપ્યા. તે પછી કપૂરની આરતી પ્રકટાવીને ઘણા જ પ્રેમભાવથી આરતી ઉતારી. ૩૬.

નખશિખ મનોહર જણાતી મૂર્તિને વારંવાર નીરખીને અત્યંત દીન આધીન આર્ત મનોભાવવાળા થઈને તેમણે વારંવાર આરતી ઉતારી. ૩૭. જ્યારે આરતી ઉતારી લીધી તે પછી સ્તુતિ અને પ્રાર્થના કરતા કહ્યું, ક્યારેય ભૂલથી પણ આપની આ મૂર્તિ અમારી આંખોથી દૂર ન થાય. ૩૮. **વળી બંને હાથ જોડીને તેમણે કહ્યું, "હે મહારાજ ! મૂર્તિ સિવાયનો ચાહે તેવો કોઈ પણ પદાર્થ હોય, તે મને આ મૂર્તિ કરતાં અધિક ન મનાય." આપ મને એવું વરદાન આપો. ૩૯.** આ રીતની સ્તુતિ અને પ્રાર્થના કર્યા પછી સંતોને અને વર્ણીઓને અત્યંત પૂજ્યભાવથી ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવીને તેમની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'જેતપુરમાં ગોંડળ નરેશ હઠીભાઈએ શ્રીહરિ અને સંતોની પૂજા કરી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર દસમું : તરંગ - ૧૪

ગાયક સંતોના ગુણ, મૂર્તિનો પ્રભાવ અને મૂળુવાળાના પ્રશ્ન

ગોંડળના નરેશ હઠીભાઈએ સંતોની અને વર્ણીઓની પૂજા કરી. તે પછી શ્રીહરિની સાથે રહેનારા બધા દરબારોની પણ પૂજા કરી. ૧. ચંદન ચરચી, ફૂલના હાર પહેરાવીને બધા પાર્ષદોની પૂજા પણ કરી. પછી તેઓ શ્રીહરિની પાસે આવીને બેઠા. ૨. પછી તેમણે બંને હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપ અમારે ગામ ગોંડળ ન આવ્યા. મારાથી એવો કયો અપરાધ થઈ ગયો છે કે જે અત્યારે આપને ગોંડળ આવવામાં અંતરાયરૂપ થયો ? ૩. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમારો કોઈ અપરાધ નથી. અમે તો હરિભક્તોને માટે જ બધા સત્સંગમાં ફરતા રહીએ છીએ. ૪.

અમારે તો અત્યારે ચોપ રાખીને જલ્દીથી મેઘપુર ગામ જવાનું છે. ત્યાં બ્રાહ્મણોની ચોરાશી કરવી છે. સોરઠના બધા હરિભક્તો અમને ત્યાં ચોપથી-જલ્દીથી બોલાવે છે. ૫. અમે પાંચ દિવસ સુધી બંધિયા ગામમાં રહ્યા. ત્યારે ગામ ગોંડળ આવવાનું પણ વિચાર્યું હતું. મયારામ ભટ્ટ ત્યાં આવ્યા. અમે તેમની રાહ જોઈ રહ્યા હતા. ૬. તેઓ પછીથી ગોંડળ આવ્યા અમને જલ્દીથી મળી શકયા નહિ. અમે તમને જાણીને ખબર આપ્યા નથી. એટલે તે અંગે દુઃખ લગાડશો નહિ. ૭.

ત્યારે રાજાએ કહ્યું, મહારાજ, દુઃખ લગાડવાનું મારું અંગ નથી. મને આપના તરફથી ક્યારેય દુઃખ લાગે નહિ. અક્ષર અને પ્રકૃતિ, પુરુષ અને પ્રધાન, ભવ, બ્રહ્મા અને શેષ. ૮. એવા મોટા મોટા દેવો અને કાળ કર્માદિક અપાર છે કે, જે આપની નજરમાં પણ આવતા નથી. તો પછી અમારા જેવાની તો શી ગણતી ? ૯. આપ અમારી સામે કૃપાદૃષ્ટિ કરો છો

અને અમને પ્રેમથી બોલાવો છો, એટલે અમે તો ઘણા ભાગ્યશાળી છીએ. જ્યારે દરબાર હઠીભાઈ આટલી વાત કરી રહ્યા ત્યારે સંતો પ્રેમથી કીર્તન ગાન કરવા લાગ્યા. ૧૦.

ગાયક સંતોમાં ચાર કવિ હતા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એકસરખા હતા. તેમાં પણ મુક્તાનંદસ્વામીનાં પદોમાં કોઈ પણ એક પદ મર્યાદાથી બહાર ન હોય. ૧૧. તેઓ શ્રીહરિનાં જે ચરિત્રોને ગાતા તેમાં કૃષ્ણાવતારના ચરિત્રોને પણ લઈ લેતા, ભગવાનના અવતારના બધા ચરિત્રોને ગાતા પણ છેવટે પ્રકટ શ્રીહરિનાં ચરિત્રોમાં મેળવી દેવાનું તાન રાખતા. ૧૨.

दोहा : अवतार धरे हरि अनंत ही, जिहाँ जब जेसो काम;
चरित्र किये तिस विध तिहाँ, सब पर यह घनश्याम...१३

જ્યાં જેવું કાર્ય હોય તે પ્રમાણે ભગવાન અનંત અવતારોને ધારે છે અને તે પ્રમાણે જ ભગવાને ચરિત્ર કર્યાં હોય છે, પણ સહુથી પર તો આ ઘનશ્યામ શ્રીહરિ જ છે, એવા કીર્તન કરતા. ૧૩. બ્રહ્માનંદસ્વામીને સખાભાવ હતો, એટલે જ્યાં જેવાં ચરિત્ર કર્યાં હોય તેવો ભાવ લઈને તેમણે અત્યંત મહાન પરમ પવિત્ર કીર્તન ગાયા. ૧૪. પ્રેમાનંદસ્વામીએ તો જેનાથી શ્રીહરિમાં હેત વધે એવાં પદ ગાયાં. તે સાંભળીને શ્રીહરિવર સૌના ઉપર રાજી થયા. ૧૫.

જેટલા સંતો કવિ હતા તેમના ઉપર જ્યારે શ્રીહરિ રીઝે ત્યારે તેમને મોજના રૂપમાં વસ્ત્ર, થાળની પ્રસાદી અને ફૂલહાર વગેરે આપતા. ૧૬. જ્ઞાનાનંદસ્વામી પણ કવિ હતા. તેઓ પોતાની બુદ્ધિ પ્રમાણે તુલસીદાસના પદોને કંઠસ્થ કરી રાખતા અને તે ગાતા. ૧૭. તે સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ઘણી વાર રાજી થાતા. વારંવાર તેમને મોજ આપતા અને દેવાનંદસ્વામી ઘણા મોટા ગાયક હતા. તેમને પણ શ્રીહરિએ ઘણી વાર મોજ આપી હતી. ૧૮.

કીર્તન કરતા સંધ્યા સમય થઈ ગયો ત્યારે મશાલો પ્રકટી. પછી આરતી કરીને જ્યારે ધૂન બોલાવી ત્યારે તેનાથી આખું ગામ ગજવી દીધું. ૧૯.

જ્યારે ઊભા થઈને સહુ તાળી પાડતા હતા ત્યારે તેના પડઘાથી આકાશ ગાજતું હતું. સહુને પહેરાવેલા ફૂલના હારથી બધી સભા છવાઈ ગઈ હતી. ૨૦. જાણે ફૂલબાગ પહેલેથી ખીલેલો હોય, એવી અજોડ શોભા બની હતી. જ્યાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન હોય ત્યાં આવી દિવ્ય શોભા સ્વાભાવિક રીતે જ રહેતી હોય છે. ૨૧.

શ્રીહરિની મૂર્તિમાં સહજભાવે એવી શોભા રહી હતી કે તે અનંત બ્રહ્માંડોને શોભાડે તેવી હતી પણ કુતર્ક કરનારો મનુષ્ય શ્રીહરિની પાસે આવે તોપણ તે કુતર્કને લીધે તે શોભા તેને દેખાતી નહિ. ૨૨. કુતર્કરૂપ વાદળાં તેની આંખોને ઢાંકી દેતાં હતાં. તેથી તેને કયાંય ચેન પડતું નહિ. તે કુતર્કી લોકોને કુતર્કરૂપ પાપ છૂટ્યા વિના સત્સંગના ઉપર સહજ સ્વભાવે વૈરભાવ રહેતો હતો. ૨૩. શ્રીહરિમાં જે અનંત સામર્થ્ય રહ્યું છે તેને તેઓ 'એ પાખંડ છે' એમ ગણાવતા. શાસ્ત્રોમાં જે અનંત પ્રકારનાં પાપ કહ્યાં છે કે જેનો ગણતા ગણતા પાર આવે તેમ નથી, ૨૪.

✵ સત્સંગમાં ઉત્તાપ કરે તે જ મોટું પાપ :

दोहा : अधिक में अधिक पाप यह, सत्संग की अरुचि जेह;
कोट विप्र कोट गउ हनन, तिनसे अधिक हे तेह...२५

પણ તે બધી જાતના પાપો કરતા વધારે પડતું પાપ સત્સંગની અરુચિ છે એ જ છે. કેમ જે, કરોડો બ્રહ્મહત્યા અને કરોડો ગોહત્યા કરતા પણ તે પાપ વધારે છે. ૨૫. જે સત્યને અસત્ય કહે અને અસત્યને સત્ય કહે, તે કરોડો ગુરુસ્ત્રીના સંગ કરતા પણ કરોડગણું વધારે પાપ છે. ૨૬.

ડાહ્યા માણસે કોઈ બાબતને વગર સમજે તે સાચું છે કે ખોટું એમ બોલવું જોઈએ નહિ. જે સજ્જન સત્સંગનો ગુણ લે છે તેના કરોડો પ્રકારના પાપ બળીને ખાખ થઈ જાય છે. ૨૭. કોઈ મનુષ્ય પોતે કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરોડ વાર કરે તોપણ તેને વારંવાર જન્મ-મરણરૂપ લખચોરાશીનો ફેરો તે તો થયા જ કરવાનો, પણ તે મનુષ્ય જો વારેવારે સત્સંગનો ગુણગ્રહણ કરે તો તેને ચોરાશીના ફેરા મટી જાય છે અને વારંવારના જન્મ-મરણમાં થતા દુઃખ પણ ટળી જાય છે. તેમજ પરમ

સુખ પ્રાપ્ત થાય છે. ૨૮-૨૯. વન, પર્વત કે નદી સરોવરમાં, જ્યાં જ્યાં શ્રીહરિએ વિચરણ કર્યું તેમની મૂર્તિનો એવો પ્રતાપ છે કે તે બધું જ સહજ સ્વભાવે અત્યંત સોહામણું લાગતું હતું. ૩૦.

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુને 'જય સ્વામિનારાયણ !!!!' કહ્યા. પછી પોતે પલંગ ઉપર બેસી ગયા. તે વખતે બધા સંત હરિભક્તોની સભા પણ બેસી ગઈ. ૩૧. તે વખતે શ્રીહરિએ જેટલા ફૂલહાર પહેર્યા હતા તે બધા દરબાર હઠીભાઈને આપ્યા. પછી મૂળુવાળાને પણ હાર આપ્યા. તેણે તે હારને મસ્તકે ચઢાવીને લીધા. ૩૨. દરબાર ઊનડ ખુમાણને ફૂલહાર આપ્યા અને તેમના ભાઈને પણ બીજા હાર તે વેળાએ આપ્યા. પછી શ્રીહરિએ દરબારોને કહ્યું, તમે કોઈ પ્રશ્ન પૂછો. તેને આધારે અમે વાત કરીએ. ૩૩. શ્રીહરિએ સ્વમુખે જ્યારે આવું કહ્યું ત્યારે દરબાર મૂળુવાળા બોલ્યા, મનમાં અપાર સંકલ્પો ઊઠ્યા કરે છે. તેનો કોઈ પાર આવતો નથી. ૩૪. તેમાંથી એક પણ સંકલ્પ કામમાં આવતો નથી. છતાં મનનો એવો સહજ સ્વભાવ છે કે તે કેટલીએ સૃષ્ટિ કરી નાખે છે અને કેટલોએ વિનાશ સંકલ્પથી કરી દે છે. ૩૫.

જે કોઈ જીવ પ્રાણીમાત્ર છે તે કોઈ પોતાના જીવના મોક્ષનો સંકલ્પ પણ કરતા નથી. પણ શું કરીએ તો તે જીવ મોક્ષનો સંકલ્પ કરે ? જો તેનાં મનમાં મોક્ષનો ખપ ન હોય તો તે ખપ કઈ રીતે થાય ? ૩૬. **એક વાર મનુષ્ય દેહ મળ્યો તે ગયા પછી ફરીવાર મનુષ્યનો દેહ મળતો નથી. અને કદાચ કાળાંતરમાં મનુષ્ય દેહ મળે તોપણ કલ્યાણનો તો ખપ રહેતો નથી, હોતો નથી.** ૩૭. **તેથી તે લખચોરાશીમાં ભટકતા સર્વે જીવોને કર્મફળપ્રદાતા ઈશ્વર જેનું જેવું કર્મ હોય તેવું ફળ આપે છે. એમ સર્વે સંતો અને શાસ્ત્રો કહે છે.** ૩૮. **અને બધાં શાસ્ત્ર એમ પણ કહે છે કે, જીવ તો સ્વતંત્ર નથી અને પરમેશ્વરની સહાય વિના કાંઈ કર્મ કરી શકતો નથી.** ૩૯.

सोरठा : ईश्वर न भजत जन जेह, मनुष्य तनकु पाईकर;
जमपुर जावत तेह, चोरासी दुःख भुक्तत तेहि...४०

મનુષ્યનાં શરીરને પામ્યા પછી પણ જે જીવ પરમેશ્વરનું ભજન નથી કરતો. તો તે જમપુરીમાં જાય છે અને પછીથી લખચોરાશીના દુ:ખોને તે ભોગવે છે. ૪૦. **શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જો જીવ ન વર્તે તો તેને તેવાં સુખ, દુ:ખ ભોગવવા પડે છે. તેમાં કાંઈ જ ફેર પડતો નથી.** ૪૧. **આવું પોકારી પોકારીને શાસ્ત્ર કહે છે. અને તે શાસ્ત્રોને વિપ્રો ભણ્યા હોય છે છતાં તેઓ લગારેય પરમેશ્વરનું ભજન કરતા નથી. તો તેમને તે શાસ્ત્ર શું કામમાં આવ્યા ?** ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ગાયક સંતોના ગુણ, મૂર્તિનો પ્રભાવ અને મૂળુવાળાના પ્રશ્ન' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર દસમું : તરંગ - ૧૫

દરબાર મૂળુવાળાના પ્રશ્નોના ઉત્તર શ્રીહરિએ કર્યા

પછી શ્રીહરિએ જેતપુરના દરબાર મૂળુવાળાને કહ્યું, અમે જે સમજીએ છીએ તે હવે તમને કહીએ છીએ. ૧. આ ભૂમિ પચાસ કોટિ યોજન વિસ્તારવાળી છે. કાંટા વાગવાના ભયથી કોઈ એક મનુષ્ય તે ભૂમિને ચામડાથી ક્યારેય મઢી શકે નહિ. ૨. પછી કાંટાના ભયનો વિચાર કરીને સુજ્ઞ મનુષ્યોએ મનમાં નિર્ધાર કર્યો કે આપણે આખી ભૂમિને ચામડાથી મઢી દેવી છે. ૩. પચાસ કોટિ યોજન વિસ્તારવાળી ભૂમિ ઉપર જેટલા મનુષ્ય રહેતા હતા તે બધાએ પોતપોતાના પગમાં મામૂલી કિંમતનાં પગરખાં પહેરી લીધાં. ૪.

✵ દુ:ખથી વૈરાગ્ય થાય ત્યારે હરિમાં અનુરાગ થાય :

પછી તો મનુષ્ય જ્યાં જ્યાં પગ મૂકે ત્યાં ત્યાં બધે મઢ્યા વગરની ભૂમિ રહી જ નહિ. ભૂમિના ઉપર કાંઈ ઢાંકણ થયું નહિ અને મઢ્યા વિનાનું એક પણ ઠેકાણું રહ્યું નહિ. ૫. **તે રીતે મનુષ્યના મોક્ષની વાત છે. તે વગર સમજ્યે માન્યામાં આવતી નથી. કરોડો માણસનું જ્યારે નિરીક્ષણ કરવામાં આવે ત્યારે મોક્ષભાગી જીવ તો કોઈ એકાદ જ મળી આવે છે.** ૬. તેવા મોક્ષભાગી જીવને માટે મોટાપુરુષોએ સમજી વિચારીને શાસ્ત્રની રચના કરી

છે. તે શાસ્ત્રમાં ધર્મ, અર્થ અને કામની વાત પહેલા લખી, પણ પછી તેમાં દોષ દેખાડ્યા. ૭. છેલ્લે મોક્ષરૂપી ફળને સત્ય કહ્યું અને બીજાં બધાં ફળોને ખાટા કહ્યાં. મોક્ષભાગી જીવ મોક્ષને મનમાં ધારી લે અને બીજી વાતો ખોટી વિચારે. ૮. **આ સંસારમાં કુટાતાં ભટકતાં જીવને જ્યારે ત્યાં બહુ દુઃખ પડે ત્યારે તેને દુઃખને કારણે સંસારમાંથી વૈરાગ્ય ઊપજે છે અને જ્યારે વૈરાગ્ય થાય છે ત્યારે તે મોક્ષમાર્ગને ખોળવા લાગે છે. ૯.**

એવા વૈરાગ્યવાનને જ્યારે કોઈ સાચા સંત મળી જાય ત્યારે તે તરત જ સત્સંગ કરવા લાગે છે અને જે ધર્મ, અર્થ અને કામના પ્યાસી હોય છે તેઓ તો જ્યાં સુધી આ દુનિયામાં સુખ મળતું હોય ત્યાં સુધી ક્યારેય મોક્ષમાર્ગમાં પગલું ભરતા નથી. જ્યારે સુખી અવસ્થામાં તેઓ અધર્મ કરવા લાગે છે ત્યારે તે પાપથી તેને જમપુરીમાં જવું પડે છે અને ત્યાં વારંવાર જમનો માર ખાવો પડે છે. ૧૦-૧૧. અધર્મનું ફળ તો ઘોર જમપુરી છે, તેને ચાહે તેવો કોઈ બળવાન હોય તોપણ રોકી શક્તો નથી. આ જગતમાં તો સમાજની મર્યાદા અને રાજાનો ભય રહે છે. કોઈ પણ મનુષ્ય જો વધારે પડતો ધર્મને લોપે તો તેને તરત જ આ લોકમાં જ તેના પ્રમાણમાં દંડ થાય છે. જો કોઈ ધર્મવાળો યોગ્ય સશક્ત રાજા હોય તો તે બીજા અધર્મી રાજાને પણ દંડ કરી શકે છે. ૧૨-૧૩. જ્યાં સુધી આ ભૂમિ ઉપર તેવા યોગ્ય સશક્ત રાજા હોય છે અને તેવા યોગ્ય સંત હોય છે ત્યાં સુધી જે કોઈ અધર્મ કરે તેને દંડ કરે છે. ૧૪.તેવો શક્તિશાળી રાજા અધર્મી પ્રજાને દંડ દે છે અને યોગ્ય ગુરુ અધર્મી શિષ્યને દંડ દે છે. ૧૫. પણ જ્યાં પ્રજા અને શિષ્યના ઉપર આવા દંડની કોઈ જોગવાઈ જ ન હોય ત્યાં અધર્મ પોતાનાં કુટુંબ પરિવારે સહિત છૂટથી નિવાસ કરીને રહે છે. ૧૬.

❋ ધર્મ સત્સંગથી રહે :

જ્યાં અધર્મ નિવાસ કરીને રહેતો હોય છે ત્યાં ધર્મનો વાસ રહેતો નથી. એટલે જે લોકોમાં ધર્મ નથી હોતો, તે લોકોનો ધર્મને અભાવે મોક્ષ પણ થાતો નથી. ૧૭. કોણ ત્યાગી ? કે કોણ ગૃહસ્થ ? ધર્મના વિના તેમને ક્યારેય મોક્ષ મળે નહિ. અને સત્સંગ વિના ક્યારેય ધર્મ રહે નહીં. અમે

વિચાર કરીને આખું બ્રહ્માંડ જોઈ લીધું છે. ૧૮. ત્યારે દરબાર મૂળુવાળાએ કહ્યું, પ્રભુ ! સર્વ શ્રેષ્ઠ અને અનુપમ સત્સંગનું સ્વરૂપ શું છે ? તે મને બતાવો. પછી શ્રીહરિવર તેની આગળ સત્સંગનું યથાર્થ સ્વરૂપ સમજાવવા લાગ્યા. ૧૯. ધર્મેયુક્ત એકાંતિકી ભક્તિ કરવી, એક હરિ સિવાય સર્વેમાં વૈરાગ્ય રાખવો અને જ્ઞાન સંબંધી બધી સમજણ, એ બધાની સન્માર્ગને અનુરૂપ અને નિંદાસ્પદ ન હોય એવી જે યોગ્ય વાત કહેવી તેને સત્સંગ કહેવાય છે. ૨૦.

ચોપાઈ :

प्रत्यक्ष हरि जानी अवतारा, ताको भजन करे करी प्यारा;
जोग्य हि क्रिया करे जितना, हरि कु पास समझीके तितना...२१

પ્રગટ થયેલા શ્રીહરિના અવતારને ઓળખીને તેનું પ્રેમથી ભજન કરવું. શ્રીહરિને પોતાની પાસે જ સમજીને જેટલી ક્રિયા યોગ્ય હોય એટલી જ કરે. ૨૧. જે જે ધર્મ સંબંધી આચરણ કરે તે પોતાના મોક્ષને માટે કરે પણ લોકમાં દેખાડવા માટે ન કરે. આવું માનતો સુજ્ઞ મનુષ્ય મોક્ષરૂપ ધર્મનું પાલન કરે. ૨૨.

જે મનુષ્ય લોકોને દેખાડવા ખાતર સત્સંગ કરે છે તેનો શાશ્વત મોક્ષ ક્યારેય થાતો નથી. તે ચાહે તેવો ધર્મનો દેખાવ કરે પણ અંતે તો તેની હરિ વિમુખના જેવી ગતિ થાય છે. ૨૩. તેવા દેખાવ કરનારાને ભગવાન સહાય કરતા નથી. તે મનુષ્યને તો વિમુખ કરતાં પણ વધારે દુઃખ થાય છે. સત્સંગમાં જે જે વાત કહે તે બધી પોતાનો મોક્ષ કરનારી વાત છે, એમ માનીને જ કહે. ૨૪. કેમ જે, નિર્દંભ થઈને જે વાત કરે તેનું જ નામ સત્સંગ કહેવાય. અને જે દંભ કરીને વાત કરે તેનું નામ કુસંગ કહેવાય છે. ૨૫. ભગવાનનાં જેટલાં આજ્ઞા વચન ગ્રહણ કરવા યોગ્ય હોય તેને નિર્દંભપણે પાળે. તે વચનોથી વિરુદ્ધ રીતે ન વર્તે. ૨૬. સત્સંગના જોગથી સત્સંગ ઓળખાય છે અને સત્સંગના યોગ વિના ક્યારેય ખરો સત્સંગ ઓળખાતો નથી. ૨૭.

જે માણસો ધર્મની બાબતમાં સમજતા હોય છે એ જ સારમાં સાર વાત સમજ્યા કહેવાય અને એવા માણસો જ સત્સંગને ચાહે છે. ને એવા

સત્સંગીઓ ધર્મભંગ ક્યારેય કરે નહીં. ૨૮. પરંતુ જે માણસો લોકોને દેખાડવા માટે ધર્મનું બાહ્ય પ્રદર્શન ઘણું કરે પણ તેને જો અંતરમાં અપાર કુકર્મો ભર્યા હોય તો એવા લોકો સત્સંગ ક્યારેય કરે નહિ. પછી ભલે તે ઘણા બુદ્ધિ માન હોય અને ઘણા શાસ્ત્રોને ભણેલા હોય, ૨૯. જે લોકોને ઠગવા માટે ધાર્મિકવેશ રાખતા હોય પણ હૃદયમાં ધર્મના ઉપર દ્વેષ હોય તેવા માણસ મરીને જમપુરીમાં જાય છે, છતાં તેઓ સત્સંગ સ્વીકારતા નથી. ૩૦. જે પોતાને પાપી સમજે અને સત્સંગને સત્ય-કલ્યાણકારી માને, જે બુદ્ધિમાન મનુષ્ય નિર્દંભપણે સત્સંગના વખાણ વારંવાર કરે, ૩૧. સત્સંગનું જે કાંઈ કામ હોય તેને ઘણું હેત રાખીને કરે, એવો કોઈ રાજા હોય, કોઈ ધનાઢ્ય હોય કે કોઈ ગુરુ હોય કે જગતના ભેખધારી હોય, ૩૨. તે બધાનો દેહને અંતે ઉદ્ધાર થવાનો. તેમાં લગારેય ફેર નથી. અમે અમારા મનમાં નિશ્ચય કરીને તમને આ સાક્ષાત્ વાત કહી છે. ૩૩.

પછી દરબાર મૂળુવાળા અંતરના ઉત્સાહથી શ્રીહરિના પગમાં નમી પડ્યા. અને પછી બોલ્યા, હે હરિ ! અમારાથી જેવું પાળી શકાય તેવી વાત આપે કહી છે. ૩૪. અમે આપણા સત્સંગના સમાન બીજા કોઈને ઉત્તમ માનતા નથી. આપ પાળવાની જેવી આજ્ઞા કરો છો તે રીતે અમે ધર્મ પાળીએ છીએ. અમે સમજીએ છીએ કે ધર્મને નહિ પાળીએ તો દેહને અંતે અનંત પ્રકારનું દુઃખ નક્કી આવવાનું જ છે. અને ધર્મને પાળે છે તેટલું ફળ તો તેને જરૂર મળે જ છે. ૩૫. ધર્મરાજાની આગળ કોઈ મોટો નથી. જે ધર્મને પાળે છે તે જ મોટો છે. જે ધર્મને પાળે છે, તેને ધર્મ સ્વયં પાળે છે અને જે ધર્મને ન પાળે તેને ધર્મરાજાના દૂતો તત્કાળ જ પકડે છે. ૩૬. મહાન વિકરાળ અને ભયંકર ચૌદ કરોડ જમદૂતો છે, તે મનુષ્ય જ્યાં જ્યાં પાપકર્મ કરતો હોય છે ત્યાં ત્યાં ફરતા હોય છે. ૩૭.

મનુષ્ય દેહને પામીને જીવ જે જે પાપમય કર્મોને કરે છે તેને તે જમદૂતો નજર કરીને બધું દેખે છે. તે જાણ્યા વિના રહેતા નથી. ૩૮. **એવા યમદૂતોના સ્વામી ધર્મરાજા પણ આપનાં વચનને પ્રમાણરૂપ માને છે. એવા આપ અમને સાક્ષાત્ ભગવાન મળ્યા છો. આપનાં ચરણોને અમે મસ્તકે**

ધાર્યાં છે. ૩૯. અને આપની નજરમાં અમે આવી ગયા છીએ. એટલે કે આપની કૃપાદૃષ્ટિ અમારા ઉપર છે અને બધું આપનું જ ધાર્યું થાય છે. અમારું ચાહે તેવું કર્મફળ રહ્યું હોય તે બધું આપની દૃષ્ટિમાં તો હોય જ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'દરબાર મૂળુવાળાના પ્રશ્નોના ઉત્તર શ્રીહરિએ આપ્યા' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર દસમું : તરંગ - ૧૬

શ્રીહરિએ મૂળુવાળાને શાસ્ત્ર ઉપર ચક્રવર્તી રાજાના પ્રભાવની વાત કહી

શ્રીહરિએ મૂળુવાળાને કહ્યું, તમે જમપુરીને અને જમને સાચા માનો છો અને પાપોને ખોટાં નથી માનતા. ૧. લખચોરાશીને ખરી માનો છો. જન્મ-મરણ તો નજરે દેખાય જ છે છતાં પણ જે પાપી રાજાઓ થઈ ગયા તેને જોઈને પાપને માર્ગે ચલાય છે. ૨. ધર્મ પાળનારા રાજાઓ અપાર થયા છે. જેમ કે, પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, સ્વાયંભૂ, મનુ, પૃથુ અને યાદવોમાં શ્રેષ્ઠ ઉદ્ધવજી વગેરે. ૩. જેઓ મોક્ષપદને પામી ગયા છે, તેમની રીતને કોઈ સ્વીકારતા નથી. પણ તેથી ઊલટું વર્તન કરીને જમપુરીમાં જાય છે. જેમાં દુઃખનો કોઈ પાર આવતો નથી. ૪. જેનાથી અપરંપાર દુઃખ મળે તેવી રીતે આખું જગત ચાલી રહ્યું છે અને તેને લીધે જ મનુષ્યો જમપુરી તથા લખચોરાશીનાં ઘણાં જ દુઃખ સહન કરે છે. ૫.

વિપ્ર, ગુરુ અને ભેખધારી બધા નરનારીઓ અજ્ઞાનને કારણે પાપકર્મ કરે છે. તે સિવાય બીજા જે જે અજ્ઞાની પ્રાણીઓ છે તેપણ પોતાની મોટાઈ માનીને પાપ કરતા હોય છે. ૬. તે પાપથી અપાર દુઃખી થાય છે છતાં તેની કોઈને ગમ પડતી નથી. સુખ માનીને બધા લોકો પાપમયકર્મ કરે છે, તે બાબતને તો જે પુરુષ વિચક્ષણ હોય તે જ પોતાના મનમાં સમજી શકે છે. ૭. નિષ્પાપ માર્ગમાં જો કોઈ જન એને ચલાવે તો તેને જોઈને પાપી માણસ તેની મશ્કરી કરે છે. અને તે અધર્મી લોકો મશ્કરીમાં આવું બોલે છે,

'અનાજ ખાવાથી જ શું મનુષ્ય થવાય છે ? તે તો ઋષિઓનું જીવન છે. ૮. અન્ન ખાવું તે તો ઋષિઓનો ખોરાક છે, મનુષ્યનો નથી. ઋષિઓનાં જેવું જીવન રાખનારાએ જ દારૂ અને માંસ ન ખવાય. અમારે તો ખવાય. ૯. ઋષિજીવન જીવનારાથી તો કોઈ ફેલ-પાપ થઈ શકતા નથી. તેથી તેઓ અમને દુઃખના ડરથી અતિ ડરાવે છે. પરંતુ દુઃખ કોઈનેય પીડ્યા વિના છોડતું નથી. એને માટે તો ઋષિ હોય કે પછી પાપી હોય, બધા એકસરખા છે. ૧૦.

જ્યાં નજરે દેખીએ ત્યાં એવું દેખાય આવે છે કે, પાપી કરતાં પણ ઋષિ વધારે દુઃખી થાય છે. પુલસ્ત્ય ઋષિના પુત્ર રાવણ અને કુંભકર્ણ ઘણા બળવાન અને અત્યંત ઘોર થયા હતા. ૧૧. વિપ્રોમાં પુલસ્ત્યના કુળના જે બ્રાહ્મણો છે તે સહુથી ઉત્તમ કહેવાય છે અને ક્ષત્રિયોમાં પણ જે સર્વે મોટા મોટા રાજાઓ કહેવાતા હતા, ૧૨. તેમાં હિરણ્યાક્ષ સહુથી બળવાન થયો. તેના જેવો બીજો કોઈ ક્ષત્રિય ન હતો. જેટલા પાપના માર્ગ છે તે બધા તેણે ચલાવ્યા. ૧૩. બ્રાહ્મણની જાતિમાં રાવણ મહાન બળવાન થયો. તેણે ઠેકઠેકાણે દારૂ અને માંસનું જ પ્રતિપાદન કર્યું. ૧૪. બધા વેદોમાં, પુરાણોમાં અને સ્મૃતિમાત્રમાં તે કુપાત્ર રાવણ જેવાએ હિંસારૂપ પાપનું પ્રતિપાદન કર્યું. ૧૫.

આજ પણ જે જે ગ્રંથોમાં દારૂ અને માંસનું પ્રતિપાદન કરેલું દેખાય છે. તે બધું તે રાવણ જેવા અધર્મીઓએ અંદર મેળવી દીધેલું હોય છે. ૧૬. પીપલાણા ગામનો વાલજી નામે એક વિપ્ર હતો તેને વેદના સિદ્ધાંત બાબતે પૂછવા માટે બ્રહ્માની પાસે મોકલ્યો હતો. ૧૭. તે ઘણા જ ઉલ્લાસથી ધ્યાનમાં બેઠો અને સમાધિ કરીને બ્રહ્માની પાસે ગયો. ત્યાં મોટા મોટા ઋષિઓ પણ બેઠા હતા. તેણે વેદોની બાબતમાં, ૧૮. અમે જેવા પ્રશ્ન શીખવ્યા હતા તે રીતે તેણે પૂછ્યા, 'હિંસા અને દારૂનું પ્રતિપાદન શાસ્ત્રમાં છે. એવું વિદ્વાનો પણ કહે છે તેનું શું સમજવું ? ૧૯. મને શ્રીહરિએ આજ્ઞા કરીને આપની આગળ તે બાબતને પૂછવા માટે મોકલ્યો છે એટલે હું આવ્યો છું. તે સમયે બ્રહ્માની પાસે જ શંકર બેઠા હતા. એટલે બ્રહ્માએ શંકરની સામે જોયું. ૨૦.

ત્યારે શંકર બોલ્યા, તે વિદ્વાનોની બાબતમાં હું કાંઈ જાણતો નથી પણ એ કહું છું કે દારૂ અને માંસનું ભક્ષણ વગેરે તો અસુરોનું લક્ષણ છે.

અસુરોનો સ્વભાવ દેખાડવાને માટે તે બધા પાપનો સાજ-સામાન રચ્યો છે. ૨૧. હિંસા કરીને તેઓ અસુરનો સ્વભાવ દેખાડે છે. દેવોનો સ્વભાવ તો અસુરોની પાસે જાતો જ નથી. જગતમાં જે લોકો દેવના જેવા સ્વભાવવાળા હોય છે, તે તેમની ભોજન સામગ્રી ઉપરથી સ્પષ્ટ રીતે જુદા દેખાઈ આવે છે. ૨૨. દૈત્યો દેવો કરતા મોટા છે. દૈત્યો પણ યજ્ઞ કરવાના સ્વભાવવાળા છે. દૈત્યોએ વિપ્રને પોતાના ગુરુપદે સ્થાપ્યા. દૈત્યોએ મળીને ગુરુને અધિકાર આપ્યો. ૨૩. કાળ અને રુદ્રને સર્વોત્તમ દેવ માનીને તેમણે હિંસામય યજ્ઞને શાસ્ત્ર પ્રમાણવાળા જાહેર કર્યા. તે દૈત્યોના પિતૃસંબંધી શ્રાદ્ધ આદિ બધાં જ કર્મ હિંસામય કર્યા. હિંસા વિનાનું એક પણ કર્મ રહેવા દીધું નહીં. ૨૪. જેટલા દેવ અને મનુષ્ય કહેવાય છે તેમને માટે હિંસામય કર્મોનો પ્રતિબંધ ચાલુ રહ્યો. કોઈ પણ દેવ દારૂનો સ્પર્શ ન કરે, અને ગંધ પણ ન લે. ૨૫.

કાળે કરીને જ્યારે ત્રિલોકીમાં દૈત્યોનું રાજ્ય થયું ત્યારે તેમણે વેદોમાં ફેરફાર કરીને દેવો અને દૈત્યોનું જે કર્મ વિધાન અલગ હતું તે એક કરી દીધું, એટલે પછી તેને અકાર્ય-ન કરવા જેવું કોણ કહે ? ૨૬. તે પછી તો દેવ, દૈત્ય, અસુર કે મનુષ્ય જે જે ચક્રવર્તી રાજા થયા, તે બધાએ પોતપોતાની રુચિ પ્રમાણે વેદોને અને પુરાણોને ફેરવી નાખ્યા. ૨૭. વેદ અને પુરાણ આદિ બધાં શાસ્ત્ર, ચક્રવર્તી રાજાને આધીન રહ્યા. કોઈનો કોઈ વિરોધ કરતા નહિ. જે વ્યક્તિ જેવું કર્મ કરે, તેને અનુસારે તે કર્મનું ફળ પરમેશ્વર તેને આપે. ૨૮. કર્મફળપ્રદાતા પરમેશ્વર જેના ઉપર નારાજ થાય તેને તેનું ફળ કાંઈ તરત જ આપતા નથી. આ બધું જ જગત કર્મફળપ્રદાતા પરમેશ્વર અને કાળનાં મુખમાં જ પડેલું છે. ૨૯. અત્યંત દારુણ દુઃખ સહન કરીને કોઈ જ્યારે અતિશય કઠોર તપ કરે, અને તે તપ કરતાં ઘણો જ સમય પસાર થઈ જાય છે ત્યારે તેને અત્યંત મહાન થવાની મોહજાળ પેદા થાય છે. ૩૦.

ચોપાઈ :

तप वल्लभ हि ईश्वर जोउ, बोत जुग तप करत होत सोउ;
तब ताकु तेहि सामृथ देवे, बहुत अनीति करे तब हर लेवे...३१

પરમેશ્વરને તપ ગમે છે અને ઘણા યુગ સુધી તેને તપ કરતો દેખે

છે ત્યારે તેને તેવું અપાર સામર્થ્ય આપે છે, પણ તે જ્યારે વધારે પડતી અનીતિ કરે છે ત્યારે તે સામર્થ્યને ખેંચી લે છે. ૩૧.

અંગ રાજાને વેન નામે પુત્ર થયો. તે જ્યારે વધારે પડતી અનીતિ કરવા લાગ્યો ત્યારે તે સમયમાં જે આગ જેવા પ્રતાપી ઋષિઓ હતા, તે બધાને તે વેન રાજાએ બોલાવ્યા. ૩૨. તેણે ઋષિઓને કહ્યું, તમે જે કાંઈ યજ્ઞ-યાગાદિક કર્મ કરો છો તે બધું મને આરાધ્ય દેવ માનીને મારે નામે કરો. જે કોઈ મારે નામે યજ્ઞાદિ ન કરે તેણે મારા રાજ્યમાં રહેવું નહિ. ૩૩. મારા નામ વિનાનું જે કાંઈ કર્મ તમે કરશો તે તમારું વર્તન વ્યભિચારીનાં જેવું ગણાશે. આવો વધારે પડતો વેનનો દુરાગ્રહ જ્યારે દેખાયો ત્યારે ઋષિઓએ તેને તરત જ ખતમ કરી દીધો. ૩૪.

પરમેશ્વર જેને કાંઈ સામર્થ્ય આપે છે તેને કાંઈક નિયમ બાંધીને તે આપે છે. તે જ્યાં સુધી નિયમનું પાલન કરીને ચાલે છે ત્યાં સુધી તેને પરમેશ્વર કાંઈ પજવતા નથી. ૩૫. તે જેટલો અપરાધ કરે તેને પરમેશ્વર સહન કરે છે. પણ જ્યારે તે બાંધેલા નિયમનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેઓ તરત જ તેનો વિનાશ કરે છે. ૩૬. મોટાની દૃષ્ટિ વિશાળ હોય છે. નાનાની નજર તુચ્છ હોય છે. જ્યારે તેની બુદ્ધિ તુચ્છ થઈ જાય છે ત્યારે માનો તે પોતે જ પોતાનું અહિત ઈચ્છતો જણાય છે. ૩૭. છતાં પરમેશ્વર તેનું ભૂંડું કરતા નથી. તે સો અપરાધ કરે ત્યાં સુધી શિશુપાલના અપરાધની રીતે ઘણી ધીરજ રાખે છે. ૩૮. તે સો કરતાં પણ વધારે અપરાધ કરવા લાગે. છતાં તેનું હિત ચાહતા પરમેશ્વર તેને ન ગણે, ત્યારે તે અપરાધી વધારે વધારે આગળ ચાલે છે. ૩૯. ત્યારે પરમેશ્વરનું તે સુદર્શન ચક્ર તેના અપરાધોને સહન કરી શક્તું નથી અને તે અપરાધીનો શિરચ્છેદ કરી નાખે છે. આ રીતે તે પાપી પોતાના પાપથી જ મરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ મૂળુવાળાને શાસ્ત્ર અને ધર્મ ઉપર ચક્રવર્તી રાજાના પ્રભાવની વાત કહી' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર દસમું : તરંગ - ૧૭

વૈદિક વિચારની અને મૂર્તિનાં સુખની વાત કરી શ્રીહરિ થાળ જમવા બેઠા

તે સમયે શંકરના મુખથી વાત સાંભળીને પીપલાણાના વિપ્ર વાલજીને બ્રહ્માએ કહ્યું, વેદો સદાને માટે નિર્દોષ છે અને તે શ્રીહરિ સાક્ષાત્ જાણે છે. ૧. વેદોમાં જે કાંઈ ખામી દેખાય છે તે તો આધુનિક લોકોએ તેમાં ભરી દીધી છે, જેવો ફેરફાર કર્યો હોય તેવું તેનું પાપ તો તે ફેરફાર કરનારાને લાગે છે. એવો શાસ્ત્રોએ નિર્ણય કર્યો છે. ૨. અસુરો સિવાય બીજા કોઈ વેદોનાં વચનને અશુદ્ધ કરે નહિ. દૈવી લોકો તો વેદોને શુદ્ધ જ રાખે છે એટલે જે જેવું કર્મ કરે છે તેને તેવું ફળ મળે છે. ૩. અત્યારે શ્રીહરિએ ભૂમિ ઉપર અવતાર ધાર્યો છે અને સનાતન વેદો પણ તેમનાં જ વચન છે. પોતે તો અતિશય મહાન છે, છતાં તેઓ મને પૂછાવે છે. ૪.

મારી આગળ શંકરે જે વેદોની વાત કહી, તેને તમે સાંભળી છે. તે બધી વાત તમે જઈને શ્રીહરિને કહેજો. પોતે તો બધું સાક્ષાત જાણે જ છે. ૫. મારા અને શંકરના શ્રીહરિને પ્રણામ કહેજો. અને કહેજો કે, તમે બધા સુખકારી વિધિને જાણો જ છો. છતાં આપની કોઈ એવી રીતિ છે કે તેની કોઈને કાંઈ ખબર પડતી નથી. ૬. પોતે સર્વશક્તિમાન હોવા છતાં અજાણ્યા થઈને રહેવું. તે સામર્થ્ય પરમેશ્વર સિવાય કોઈથી થઈ શકે નહિ. તે શ્રીહરિ ત્યાં પૃથ્વીલોકમાં જે જે ચરિત્રોને કરે છે તેને હું અને શંકર અહીં અમારા લોકમાં ગાતા રહીએ છીએ. ૭. અને અત્યારે પૃથ્વી ઉપર પ્રગટ થઈને જે ચરિત્ર શ્રીહરિ કરે છે તે તો પહેલાના કરતાં ઘણા અધિક રહ્યા છે. હે વિપ્ર ! તમે શ્રીહરિની પાસે જાઓ. પહેલા તેમની સંમતિ લઈને બધી વાત સભા વચ્ચે કહેજો. ૮. પછી તે વાલજી વિપ્ર અમારી પાસે આવ્યો અને અમને વેદસંબંધી બધી વાત તેણે ઉલ્લાસથી કહી. ત્યારે દરબાર મૂળુવાળા બોલ્યા, મહારાજ ! આપે અત્યારે અમારી પાસે જે વાત કહી કે કહેવડાવી તેને આપ સંપૂર્ણપણે જાણો છો. ૯. **અત્યારે આ જગતમાં જેટલો અધર્મ કહેવાય છે તે બધો મોટાઓમાં જ રહ્યો છે. તે મોટા લોકો તેવા અધર્મને પણ પોતાની મોટાઈ-મોભ્ભો કરીને રાખે છે. અધર્મને જ ધર્મ તરીકે પ્રમાણ**

કરીને માને છે. ૧૦. આ દુનિયામાં પોતાનું જે રીતે સારું દેખાય, તેવું જ તે બધા મોટા માણસો વિચારે છે. આગળનું તો કોણે જઈને જોયું છે ? આવી જ સમજણ બધાએ ઠસાવી દીધી છે. ૧૧. આ અજ્ઞાનીની સમજણ છે. બધા જ નાના માણસો તેને જ સત્ય કહે છે. કારણ કે જગત બધું અજ્ઞાની રહ્યું છે. તેથી તે અસત્ય વાતને સત્ય તરીકે માની લીધી છે. ૧૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, જ્ઞાની વિવેકી પુરુષે અજ્ઞાનીને માર્ગે ચાલવું નહિ. ભગવાનનું અવિનાશી સુખ છોડી દઈને શા માટે કુમાર્ગે ચાલવું ? ૧૩. જેટલાં શાસ્ત્ર છે તે બધાં આ લૌકિક ભોગ-વૈભવોને અસત્ય કહે છે. ૧૪. જેને શાસ્ત્રોમાં વિશ્વાસ છે એવા જ્ઞાની પુરુષ આ લોક તથા સર્વ ભોગોને અનિત્ય માને છે અને તેથી તેઓ ક્યારેય તેમાં બંધાતા નથી. ૧૫. જેટલા જ્ઞાની પુરુષો છે તે બધા અહીંના લૌકિક પંચવિષય સંબંધી જે જે રસ છે તે સર્વને નીરસ સમજે છે. ૧૬.

❋ જે હરિરસ પામે, તે સદા સુખી થઈ જાય :

જે મોટા મોટા જ્ઞાનીજન છે તેઓ તો ભગવાનના સંબંધ વગરના માયિક સુખોને તો જમપુરીનાં ઘોર દુઃખ જેવા માને છે અને તેઓ ભગવાનનાં સ્વરૂપમાં ચિત્તને અખંડ જોડી રાખે છે. ૧૭. અજ્ઞાની અલ્પમતિ જન તો અત્યંત તુચ્છ એવા પંચવિષયોમાં જ સુખ માનીને રાત દિવસ તેમાં ડૂબ્યા રહે છે. અરે ! ભગવાનને તુલ્ય બીજી કઈ ચીજ કહેવાય ? તેમને તુલ્ય તો કોઈ જ નથી. ૧૮.

चोपाई :

जथार्थ रस हरि को जे पाये, मूर्ति में रहत लगन लगाये;
हरि को रस न आये ज्यां लगही, अवर में मन दोरत त्यां लगही...१९

मूर्त्ति में रस लगत हे जबहु, खानो पीनो न गमत तबहु;
हरि में एसो रस अपारा, अवर रस होई जावत खारा...२०

मूर्ति में रस आवे जे प्रकारा, जन कोउ एसो न करत विचारा;
अवर रस में जिहाँ लग सुखा, मूर्ति तिहाँ लग लगत हि लुखा...२१

मूर्ति सो अति शुद्ध अपारा, शुद्ध चित्त विन आवे न धारा;
देह ब्रह्मांड के भाव जितना, अभ्यास करीके छोड दे तितना...२२

मूर्ति विन छोड दे भाव हि ओरा, मूर्ति विन चित्त न रखे कोउ ठोरा;
जो जो क्रिया करे सो जितनी, मूर्ति विन एक न समझे तितनी...२३

જે ભગવાનનાં સ્વરૂપનો યથાર્થ રસ પામ્યા છે, તેઓ તો તેમની મૂર્તિમાં તલ્લીન થઈ રહે છે. જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપનું સુખ આવ્યું નથી અર્થાત્ જાણ્યું નથી ત્યાં સુધી મન બીજા વિષયમાં ભટક્યા કરે છે. ૧૯. જ્યારે ભગવાનની મૂર્તિમાં રસ અનુભવાય છે ત્યારે તેને ખાવા પીવાનું પણ ગમતું નથી. ભગવાનમાં એવો અપાર સુખરૂપ રસ રહ્યો છે તેની તુલનામાં બીજા બધા રસ ખારા થઈ જાય છે. ૨૦.

ભગવાનની મૂર્તિમાંથી જે પ્રકારે રસ આવે એવો વિચાર કોઈ મનુષ્ય કરતા જ નથી. જ્યાં સુધી બીજા વિષયોમાં સુખ મનાય છે ત્યાં સુધી મૂર્તિ લૂખી લાગે છે. ૨૧. મૂર્તિ તો અતિ અપાર શુદ્ધ છે. તે શુદ્ધ ચિત્ત વિના ધાર્યામાં આવતી નથી. દેહના જે ભાવો અને બ્રહ્માંડના જે ભાવો તેને અભ્યાસ કરીને છોડી દેવા જોઈએ. ૨૨. મૂર્તિ સિવાયના બીજા ભાવોને છોડી દે અને મૂર્તિ સિવાય અન્ય કોઈ ઠેકાણે ચિત્તને રાખે નહિ. સાધક જે જે ક્રિયા કરે તેમાં એક પણ ક્રિયાને મૂર્તિ વિનાની ન સમજે. ૨૩.

અણુ-પરમાણુના કરોડ ભાગ કરો, તેમાં એક પણ ભાગ આકાશ સિવાયનો નથી, તે રીતે સમજીને મૂર્તિને ચિત્તમાં ધારે અને મૂર્તિ વિના અન્યનો જ્ઞાન વડે પ્રલય કરી નાખે. ૨૪.

दोहा : ज्ञानप्रले कर सब को, मूर्ति धारे एक;
मूर्ति में चित्त दे चोटायके, तब चित्त न होय अनेक...२५

मूर्ति में सुख अपार हे, अभ्यास करत जन जेह;
ताकु आवत हि देखने, एसो न सुख ओर केह...२६

સમગ્ર વસ્તુ-પદાર્થ માત્રનો જ્ઞાન પ્રલય કરીને એક મૂર્તિનું જ ધ્યાન કરે, પછી મૂર્તિમાં ચિત્તને ચોંટાડી દે, તો તે પછી ચિત્તની વૃત્તિ એકાગ્ર

રહે. ૨૫. ભગવાનની મૂર્તિમાં અપાર સુખ રહ્યું છે, જે ભક્ત અભ્યાસ કરે તેને તે અનુભવાય છે. તેના જેવું બીજું કોઈ સુખ નથી. ૨૬.

જે કોઈ પણ જાતનું સુખ કહેવાતું હોય તે સહુથી મૂર્તિનું સુખ ઓર અને અતિશય છે. તે સુખને આ જગતમાં કોઈ પણ જાતના સુખની ઉપમા આપી શકાય નહિ. ૨૭. આ જગતમાં કોઈ માણસ અત્યંત ગરીબ હોય, જેને સમયસર અન્ન-વસ્ત્ર પણ ક્યારેય મળતાં ન હોય, તેને રાત દિવસ અન્ન અને વસ્ત્રની તૃષ્ણા રહ્યા કરતી હોય. ૨૮. તેમાં તેને અચાનક આખા બ્રહ્માંડનું રાજ્ય મળી જાય તો પછી તેનાં મનમાં કેવું સુખ થાય ! અને તે સુખને કેવી આશ્ચર્ય ભરી નજરે દેખે ! ૨૯. તેના કરતાં કરોડગણું વધારે સુખ ભક્તને મૂર્તિમાં મળે છે. ભગવાનની મૂર્તિમાં એટલું બધું સુખ રહ્યું છે કે, તે આ આંખે જોઇ-જીરવી શકાતું નથી. ૩૦.

ભક્ત સમજણરૂપ નેત્ર દ્વારા મૂર્તિને અંતઃકરણમાં ધારે છે ત્યારે બાહ્ય દૃષ્ટિથી બહારની મૂર્તિને જેમ દેખે છે તેમજ અંતરમાં સમજણરૂપ નેત્ર દ્વારા મૂર્તિને સાક્ષાત્ દેખે છે. ૩૧. બહારની અને અંતરની મૂર્તિ એક જ આકારની હોય છે, આકારમાં લગારેય ફરક હોતો નથી. મૂર્તિ ગ્રહણ કરવાની-ધારવાની રીત અલગ અલગ છે. એક સ્થૂળ છે અને બીજી સૂક્ષ્મ છે. ૩૨. સૂક્ષ્મ અંતરદૃષ્ટિમાં તે સૂક્ષ્મ સ્વરૂપે રહે અને સ્થૂળ બાહ્યદૃષ્ટિમાં તે સ્થૂળ સ્વરૂપે રહે, સૂક્ષ્મ અને સ્થૂળ દૃષ્ટિનો વ્યવહાર અલગ અલગ છે. ક્યારેય તે વ્યવહાર એક ન કહેવાય. ૩૩. વગર સમજણે બંનેમાં એક સમાન વ્યવહાર કરે અથવા વિવેક વિનાની સમજણ લઈને આ માર્ગે ચાલે અને પોતાની સમજણ પ્રમાણે જ્યારે દેખાય નહીં ત્યારે અંતરમાં અતિ મૂંઝારો થાય ખરો ! ૩૪. **સમજીને મોટાપુરુષનો વિશ્વાસ જે રાખે તેના સમાન બીજો કોઈ દાસ નથી.**

શ્રીહરિએ જ્યારે આવી વાત કરી ત્યારે ત્યાં સભામાં બેઠેલા સહુ સંત હરિભક્તો રાજી થયા. ૩૫. દરબાર મૂળુવાળા પોતાને ઘેર ગયા અને શ્રીહરિ વાળુ કરવા ચાલ્યા. દરબાર હઠીભાઈને પોતાની સાથે લીધા. મનમાં ઘણો ઉમંગ હતો. ૩૬. પરમ ચતુર શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી હતી.

એક પીતાંબર પહેરીને બીજું માથે ઓઢી લીધું હતું. ૩૭. અંગ ઉપર ચંદન ચરચ્યું હતું. જઈને બાજોઠ ઉપર બેઠા. ઠંડા જળથી સ્નાન કર્યું. તેનાથી બધું ચંદન ધોવાઈ ગયું. ૩૮. રૂમાલથી શરીર કોરું કર્યું. બીજું પીતાંબર પહેર્યું. દયાળુએ ચાખડીઓ પહેરી અને જ્યાં રસોઈ તૈયાર કરી હતી ત્યાં આવ્યા. ૩૯. આવીને બાજોઠ ઉપર બેઠા. વર્ણીએ બધાં ભોજન પીરસીને થાળ આગળ ધર્યો. પછી શ્રીહરિ તે જમવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'વૈદિક વિચારની અને મૂર્તિની વાત કરીને શ્રીહરિ થાળ જમવા બેઠા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર દસમું : તરંગ - ૧૮

શ્રીહરિ જેતપુરથી નીકળ્યા, ધોરાજી થઈને ભાડેર ગામ પધાર્યા

ભાણા કાપડિયા નામે એક કણબી હરિભક્ત હતા. તેની માતા, પિતા, ભાઈ અને પુત્ર વગેરે પણ બધા સારા હરિભક્ત હતા. તેણે શ્રીહરિને માટે થાળ કરાવ્યો. ૧. દૂધપાક, પૂરી, ભજિયાં, વડાં અને ભાત વગેરે બનાવડાવ્યાં હતાં. થોડી તાંદળજાની ભાજી પણ કરાવી હતી. ૨. શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ જ્યાં ઊતર્યા હતા ત્યાં તે બધી રસોઈ ઘણા હેતથી કરાવી હતી. ૩. ધર્મકુમાર શ્રીહરિ ઘણા જ પ્રેમ ભાવથી બધાં ભોજન જ્યારે જમી રહ્યા ત્યારે તે પ્રસાદીનો થાળ હઠીભાઈને આપ્યો. ૪. પરમ પ્રવીણ શ્રીહરિએ હાથ મુખ ધોઈને મુખવાસ લીધો અને તે પછી આવીને પલંગ ઉપર બેઠા.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક, ૫. ગાયક સંતોની પાસે શ્રીહરિએ કીર્તન ગાન કરાવ્યું. જ્યારે અધરાત થવા આવી ત્યારે તેની તે જ જગ્યાએ પલંગ ઉપર પોઢી ગયા અને સંતો ધ્યાન કરવા બેસી ગયા. ૬. જ્યારે રાત બે ઘડી(૪૮ મિનિટ) બાકી રહી ત્યારે સહુ સંતો ઊઠીને નારાયણ ધૂન કરવા લાગ્યા. પ્રાણઆધાર શ્રીહરિએ તે વખતે ધૂન સાંભળી અને તરત જ જાગ્યા. ૭. તે પછી તરત ચાલવાની

તૈયારી કરી. અને તરત જ અશ્વ ઉપર બેઠા. ત્યારે શ્રીહરિની પાસે દરબાર મૂળુવાળા આવ્યા. પગે લાગ્યા અને મનમાં ઉદાસ થઈ ગયા. ૮. શ્રીહરિને તેમણે કહ્યું, મહારાજ, આપ તો તરત જ ચાલ્યા. અમને પહેલા ખબર પણ કરી નહિ. હે સ્વામી, આપને અહીંયાં પંદર દિવસ રાખવા હતા. અમારા કોઈ મનોરથ સફળ થયા નહિ. ૯. અમારાં મનમાં ઘણો જ ભક્તિભાવ છે. હે પ્યારા હરિ, હવે આપ તેને ક્યારે પૂરા કરશો ?

ત્યારે શ્રીહરિએ હેતભાવથી દરબારને કહ્યું, અમે તમારે માટે જ અહીંયાં આવ્યા હતા. ૧૦. તમે અમારી બધી રીતને જાણો જ છો, જ્યાં જેવું ઘટે ત્યાં તેટલું વિચારીને અમે રહીએ છીએ. રામાનંદસ્વામી અમને જેમ પ્રેરણા કરે છે તેમ અમે સત્સંગમાં ફરીએ છીએ. ૧૧.

ત્યારે દરબારે હાથ જોડીને કહ્યું, મહારાજ ! સહુની દોરી આપના હાથમાં છે. અમારા ઉપર જેવી કૃપા રાખો છો તેવીને તેવી કૃપા હજી આગળ પણ નિરંતર રાખજો. ૧૨. જેટલા ધર્મનિષ્ઠ મનુષ્યો છે તેના આપ નાથ છો અને અધર્મી માણસોને તો હું ઓળખું છું. તેઓ તો આપને મસ્તક પણ નમાવતા નથી. ૧૩. અધર્મી લોકો તો આપની પાસે આવતા બળે છે. આપની એવી મૂર્તિ છે કે જો તે આવીને આપનાં ચરણોને શિર ઉપર ધારે તો તેનો ઉદ્ધાર થઈ જાય. ૧૪.

મૂળુવાળા પાસે આવીને શ્રીહરિને પગે લાગ્યા. પછી શ્રીહરિ ચાલ્યા અને ગામ બહાર આવ્યા. ૧૫. રાજા હઠીભાઈ પણ તૈયાર થઈને ત્યાં આવી ગયા હતા. શ્રીહરિએ તેમને ગોંડળ જવાની રજા આપી અને બીજા હરિભક્તોને સહુને ત્યાં જ ઊભા રાખ્યા. ૧૬. પછી શ્રીઘનશ્યામ શ્રીહરિએ સહુને "જય સચ્ચિદાનંદ" કહ્યા અને અશ્વને વેગથી આગળ દોડાવ્યો અને સાથેના સંતો પાછળ ચાલતા થયા. ૧૭. શ્રીહરિ ધોરાજીને માર્ગે ચાલ્યા. ઘણા દૂર ગયા છતાં જ્યાં સુધી દેખાયા ત્યાં સુધી હરિભક્તો ઊભા રહ્યા. ૧૮. જ્યારે દેખતાં બંધ થયા ત્યારે બધા હરિભક્તોએ તે દિશા તરફ દંડવત્-પ્રણામ કર્યા. તે વખતે કણબી ભાણા કાપડિયા પ્રેમથી સંતોને માટે બળદગાડી જોડી લાવ્યા. ૧૯. સંતો વારાફરતી તે ગાડીમાં બેસીને ચાલ્યા. આગળ ગયેલા

શ્રીહરિ **ધોરાજી**ની પાસે પહોંચ્યા. ત્યાં નદીમાં અશ્વને પાણી પાયું. ૨૦. ત્યાં વાડીમાં એક મોટો વડ હતો ત્યાં ઉતારો કર્યો. દાતણ કરીને કૂવો હતો ત્યાં નાહ્યા. શરીરે પીતાંબર પહેર્યું. ૨૧. રંગલહેરીએ ચરણોમાં ચાખડીઓ પહેરી અને પછી વડની હેઠે આવ્યા. વર્ણીએ રેશમી વસ્ત્રનું આસન પાથર્યું, તેના ઉપર આવીને પ્રસન્ન થઈને બેઠા. ૨૨. કેસરી ચંદનનું તિલક કર્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ગામમાં ક્ષત્રિયો અને બીજા પણ જે હરિભક્તો હતા. ૨૩. તે બધા બાઈ ભાઈ અપાર ત્યાં આવ્યા. સહુએ હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધા હતા. જે લાવ્યા હતા તે બધા ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. ૨૪. અને જે શ્રીફળ લાવ્યા હતા તેપણ આગળ ભેટ મૂકયાં પછી શ્રીહરિએ બાલમુકુંદ અને વિષ્ણુની પૂજા કરી. ૨૫. વિષ્ણુને ચંદન ચઢાવીને ફૂલનો હાર પહેરાવ્યો. નૈવેદ્યમાં શ્રીફળ અને બીજી સાકર પણ ધરાવી. ૨૬.

પછી મયારામ ભટ્ટ ગામમાં ગયા હતા તે બરફી, પેંડા અને બીજું કાંઈ ચવાણું વગેરે ટીમણ લઈ આવ્યા. ૨૭. ધોરાજી ગામના હરિભક્તોએ રોકાવા માટે ઘણી તાણ કરી પણ શ્રીહરિ તો ટીમણ કરીને અશ્વ ઉપર બેઠા અને ચાલતા થયા. ૨૮. સુખકારી શ્રીહરિ ધોરાજી ગામ વચ્ચે ચાલ્યા. અંગ ઉપર બધાં જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. સોનાનાં અપાર આભૂષણ ધાર્યાં હતાં અને અશ્વને પણ બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. ૨૯. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. છાતી ઉપર ફૂલહાર પહેર્યા હતા. શોભાનો કોઈ પાર ન હતો. આ રીતે દર્શન આપતાં આપતાં રાજમાર્ગ ઉપર ચાલ્યા. ૩૦.

✵ કબીરપંથના પતનનો હેતુ :

તે દેખીને લોકો પૂછતા કે આ રાજા ક્યાંના છે ? અને આપણાં ગામમાં શું કામે આવ્યા હશે ? ત્યારે સ્થાનિક હરિભક્તો કહેતા કે આ તો અમારા ગુરુ સ્વામિનારાયણ છે. ૩૧. જે સદ્‌ગુરુ રામાનંદસ્વામી હતા, તેમણે પોતાની ગાદી ઉપર આમને બેસાડ્યા છે. આ તો રામાનંદસ્વામી કરતાં પણ ઘણા પ્રતાપી છે. ૩૨. આખા દેશમાં જે ચારે વર્ણના મનુષ્યો છે તે બધા જ ઘણા ભાવથી આમને નમસ્કાર કરે છે અને દિન પ્રતિદિન પ્રતાપ ઘણો જ વધતો જાય છે. ૩૩. ત્યાં રસ્તામાં એક કબીરપંથની જગ્યા

હતી. રામાનંદસ્વામીના ઉપર તેને ઘણી દ્રોહ બુદ્ધિ હતી. તે રામાનંદસ્વામીનું નામ સાંભળીને પણ બળી મરતો હતો. ૩૪.

તે શ્રીહરિનો દ્રોહ કરતો હતો છતાં લેશમાત્ર પણ ધર્મ પાળતો નહિ અને રામકૃષ્ણ આદિ અવતારોનો પણ પાકો દ્રોહી હતો. ૩૫. તે કોઈ દેવ પ્રતિમાને માનતો નહિ અને વેદોને તથા પુરાણોને મિથ્યા કહેતો. તે પાકો ઠગ અને ચોર એવો હતો કે કબીરની વાણી સિવાય બીજા કોઈ ગ્રંથને પ્રામાણિક માનતો નહિ. ૩૬. તે ત્યાગી અને ગૃહસ્થોના બ્રહ્મચર્ય આદિ કોઈપણ નિયમને પાળતો નહિ અને ભગવાનના અવતારોને પણ માનતો નહિ. ૩૭. રામ અને કૃષ્ણ આદિ જે અવતારો થયા છે તેને કબીર અને કબીરના ગુરુ વારંવાર માનતા હતા. ૩૮. વેદ, પુરાણો અને અવતારોને જે ન માને તેને તો કબીર સાક્ષાત્ કળિયુગનો મળ જાણતા અને તેને ધર્મભ્રષ્ટ કહેતા. ૩૯. કબીરની મૂળભૂત જે વાણી હતી તેને તો પછીના ધર્મભ્રષ્ટ કબીરિયાઓએ છુપાવી દીધી અને કબીરની નિશાની લઈને પાખંડ ભરી બીજી કબીરવાણી રચી નાખી છે. ૪૦.

આમ તો સાડા બાર કબીર થઈ ગયા છે. તેમાં દાસ કબીર તો તે સહુથી જુદા જ છે. તે કાશીના નિવાસી હતા અને સંતોના તો અનન્ય દાસ હતા. ૪૧. તે કાંઈ ઉદ્યમ કરીને ઘરમાં જે કમાણી કરતા હતા. તે બધું સંતોને ખવડાવી દેતા હતા. પોતાની જાતિનો આચાર પાળીને નિર્વિકાર ભાવે સંતોની સેવા કરતા હતા. ૪૨. તેની જ્ઞાતિના લોકોએ તેને ઘણું દુઃખ દીધું હતું. તે અવતારોને માનતા હતા તેથી તેને હાથીને પગે બાંધીને ઢસડ્યા હતા. છતાં તેણે લાજ-શરમ મૂકીને રામ અને કૃષ્ણનું ભજન કર્યું હતું. ૪૩. તે સિવાય પણ જે ગમાર લોકો હતા તેમણે દાસ કબીરને અપાર દુઃખ દીધું હતું પણ દાસ કબીર તો અવતારોનું ભજન કરીને ભગવાનનાં ધામને પામ્યા હતા. ૪૪. દાસ કબીરે દિન રાત તીર્થ અને વ્રત ઘણાં કર્યાં, તેનાથી દુનિયામાં તેની ઘણી ખ્યાતિ થઈ.

પણ તે પછીના જે બીજા દૈત્ય કબીર થયા તે બધા કબીર પંથમાં ચાલ્યા ખરા, ૪૫. તેમણે અવતાર, તીર્થો અને મૂર્તિપૂજા વગેરેનું ખંડન કર્યું.

માળા ફેરવવી, ભજન કરવું અને ધર્મ પાળવો ઈત્યાદિ બધાનાં મૂળ ઉખેડી નાખ્યાં. ૪૬. તેમાંએ જે ગઢમંડળનો કબીર થયો તે તો સહુથી મોટો દૈત્ય થયો. મનુષ્યને નરકમાં નાખવા કુમાર્ગની ઘણી જ વાણી રચી કાઢી. ૪૭. આ દુનિયામાં જેટલા આસુરી લોકો થયા તે બધા તે અસુરના મતને અનુસરી ગયા હતા. આ બાજુ શ્રીહરિ દરબારોને તે અસુર દેખાડવા માટે ગામની વચ્ચે થઈને ચાલ્યા. ૪૮.

શ્રીહરિ તે અસુરની જગ્યા પાસે આવ્યા. તે વખતે સત્સંગનો પ્રતાપ દેખીને તે અસુર મનમાં બળી મર્યો. ૪૯. તેને મનમાં તો ઘણી બળતરા થઈ પણ તેનું કાંઈ બળ ચાલ્યું નહિ. શ્રીહરિ ગામની બહાર આવી ગયા પછી પાછળથી કાંઈ ભસતો રહ્યો. ૫૦. પછી શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલ્યા. **ભાડેર** ગામ આવ્યા. સમાચાર સાંભળીને તરત જ ગામના બધા જ હરિભક્તો સન્મુખ આવ્યા. ૫૧. હાથમાં ફૂલહાર લઈને આવ્યા અને શ્રીહરિને તે પહેરાવ્યા. સહુ પગે લાગ્યા ત્યારે શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને કુશળ પૂછ્યાં. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ જેતપુરથી નીકળી ધોરાજી થઈને ભાડેર ગામ પધાર્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર દસમું : તરંગ - ૧૯

ચોરાશી અંગેનો વિચાર કર્યો, થાળ જમ્યા અને સહુને જમાડ્યા

ભાડેરના રાજા ક્ષત્રિય વાઘજીભાઈ સારા હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ આવ્યા અને ચરણમાં પડ્યા. ૧. ગોકુળદાસ નામે વેરાગી પણ સારા હરિભક્ત હતા. તેને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. તેણે પણ શ્રીહરિનાં દર્શન કરીને ફૂલનો હાર પહેરાવ્યો. ૨. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. પુરજનો પણ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને બજારમાં ઊભા હતા. ૩. સહુ શ્રીહરિને પગે લાગતા. શ્રીફળની ભેટ મૂકતા અને ઘણાં ઊંચા ભાવથી ફૂલના હાર પહેરાવતા હતા. ૪.

ગામધણી દરબારે અત્યંત ભક્તિભાવથી શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા. અને જે સારાં નવાં મકાન કરાવી રાખ્યાં હતાં તેમાં ઉતારો કરાવ્યો. ૫.જ્યાં ઉતારો હતો ત્યાં સુંદર નવરંગ પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. બીજા સહુ સંત-હરિભક્તોને પણ યથાયોગ્ય ઉતારો આપ્યો. ૬. ભવનની આગળના સુંદર ચોકમાં પાણી છંટાવી દીધું. તેમાં સંતો અને દરબારોની સભા થઈ. પાર્ષદોએ ભીંજવેલા વીરણના પંખા લીધા. ૭. કારણ કે શ્રીહરિને તાપ બહુ લાગતો હતો. એટલે તે પંખાના પવનથી થોડી શાંતિ થાતી હતી. દરબાર વાઘજીભાઈ શ્રીહરિની પાસે બેઠા. આજ મનમાં ઘણો જ ઉમંગ હતો. ૮. તેમણે જ્યાં જ્યાં સત્સંગમાં ફર્યા તે અંગેના બધા સમાચાર શ્રીહરિને પૂછ્યાં. એ સમયે મેઘપુરથી અમરસિંહ ભાટ ત્યાં આવ્યા. ૯. તેઓ બધા હરિભક્તોને સાથે લઈને આવ્યા હતા. કારણ કે શ્રીહરિને ઉત્સાહથી મેઘપુર લઈ જવાના હતા. તેઓ આવીને શ્રીહરિના પગમાં પડ્યા અને જે શ્રીફળ લાવ્યાં હતાં તે આગળ ભેટ મૂક્યાં. ૧૦.

મેઘપુરના હરિભક્તોને શ્રીહરિએ પોતાની પાસે બેસાડ્યા અને તેમની સંમતિ પૂછી. આ વેળાએ તમારાં ગામમાં બ્રાહ્મણોને જમાડવાનું અમે વિચાર્યું છે. ૧૧. તમારાં દિલમાં જે ભાવના હોય તે ખરેખર બોલી જાઓ. એટલે અમને ખબર પડે. કાંઈ ઉપાધિ થાય એવું હોય તોપણ અમને અત્યારે પહેલા જ કહી દો. ૧૨. હું જે બ્રહ્મભોજન કરાવું છું તે અસુરોથી સહન થાતું નથી. પુણ્યને માટે તો વિપ્રોને જમાડીએ છીએ. અને તેઓ તો પુણ્યકાર્યનો પણ નાશ કરે છે. ૧૩. અમે સાધુ છીએ. અમારાથી અસુરોનો કાંઈ પ્રતિકાર થાય નહિ. એટલે ઉપાધિથી ડરીએ છીએ. જ્યાં થોડી એવી પણ ઉપાધિ થાય, એવું કામ અમે કરવા ચાહતા નથી. ૧૪. **કરોડવાર પૂછીને અમે કોઈ કામ આરંભીએ છીએ પણ તે પુણ્યકાર્યમાં કોઈ ઉપાધિ કરે તે અમને ઝેર જેવું વસમું લાગે છે. ૧૫.** વિપ્રો અને વેરાગીઓથી અમો વધારે ડરીએ છીએ. તેઓ એટલા બધા નિરંકુશ હોય છે કે જેનું ખાતા હોય તેનું જ ભૂંડું કરે. ૧૬. જેટલા વિપ્રો અને વેરાગીઓ છે તે બધા બારોટથી ડરતા હોય છે.

આવું વિચારીને અમે તમારાં ગામમાં વિપ્રોને જમાડવાનું ધાર્યું છે. ૧૭. કોઈ વિપ્ર ઉપાધિ કરે તો તમારે તેના ઉપર અંકુશ રાખવો. કદાચ કોઈ પરસ્પર લડીને મરે, તો તે અમારાથી સહન થઈ શકે નહિ. ૧૮. દક્ષ પ્રજાપતિ ભારે શક્તિશાળી હતા. સારી રીતે વિચારીને તેણે યજ્ઞ શરૂ કર્યો. તે યજ્ઞના ઉત્સવમાં દક્ષપુત્રી સતી અત્યંત ઉમંગ ભર્યા ત્યાં આવ્યા. ૧૯. સતી પિયરમાં હેતથી આવ્યા હતા પણ ભયંકર દુઃખદ સ્થિતિ સરજાણી અને તત્કાળ જ અગ્નિમાં બળી મર્યા. શિવગણ અને ભૃગુના પક્ષને પરસ્પર લડાઈ થઈ. ૨૦.

બ્રાહ્મણો તો તેવાને તેવા જ છે. જમતાં જમતાં પણ લડી ઊઠે. બ્રાહ્મણોને જમાડીએ છીએ સારા યશ માટે અને તેમાં જો કાંઈ અણઘટતું થઈ જાય, ૨૧. તે બાબતનો અમને ભારે ડર લાગે છે. તમારે વિપ્રોને ઝઘડાથી રોકી રાખવા. તેઓ કાંઈ ઉપાધિ ન કરે એ રીતે તેમને આપણે હંમેશા જમાડવા છે. ૨૨. છ માસ સુધી આપણે બ્રહ્મભોજન કરાવવું છે, તેમાં કાંઈ પાછીપાની રાખવી નથી. જે વિપ્રો જમવા આવે તે કોઈ પણ રીતે ઉપાધિ ન કરે, એવો પ્રબંધ તમારે અગાઉથી જ કરવાનો છે. ૨૩. કોઈ વિપ્ર થોડી પણ ઉપાધિ કરવા ચાહે, તો તેને તરત જ ત્યાંથી શીખ (વિદાય) આપી દેવી. તમે આટલી જવાબદારી માથે રાખો તો અમે તેટલા દિવસ વિપ્રોને જમાડીએ. ૨૪.

શાકમાં લસણ અને હિંગ નાખવા દેશું નહિ, તે સિવાયની જે કોઈપણ વસ્તુ મોઢે માગી આપો. ૨૫. ગાળ્યા વગરનું પાણી કે ઘી રસોઈમાં ન વાપરે. રસોઈમાં એકસરખું જ મિષ્ટાન્ન પીરસાશે. જેને જેમ યોગ્ય હોય તેમ જમવા બેસાડાય અર્થાત્ પંક્તિભેદ નહીં કરાય. ૨૬. જે નાગર બ્રાહ્મણ હોય, તેનો પાક અલગ થાશે અને તેની બધી વ્યવસ્થા મયારામ ભટ્ટ સંભળાશે. ૨૭. શ્રીહરિએ જેમ કહ્યું, તેમ અમરસિંહે અને મયારામ ભટ્ટે પ્રેમથી 'હા' કહી, તેથી ઘનશ્યામ શ્રીહરિ રાજી થયા. ૨૮. જ્યારે વર્ણી રસોઈ કરી રહ્યા ત્યારે શ્રીહરિને બોલાવવા આવ્યા. ત્યારે દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને એક પીતાંબર પહેર્યું. ૨૯. તથા બીજું પીતાંબર માથે ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ ચતુરતાથી પહેરી અને જ્યાં રસોઈ કરી હતી

ત્યાં પહોંચ્યા. બંને ચરણકમળ ધોયા. ૩૦. રૂમાલથી ચરણોને લુછાવીને પછી બાજોઠ ઉપર બેઠા. અને વર્ણીએ જે જે ભોજન કર્યાં હતાં તે બધાં થાળમાં પીરસીને લાવ્યા. ૩૧.

થાળ શ્રીહરિની આગળ ધરાવ્યો. તેઓ પ્રસન્ન ભાવે જમવા લાગ્યા. સાકર નાખીને શીરો કર્યો હતો તથા પૂરી, વડાં અને ભજિયાં પણ કર્યાં હતાં. ૩૨. તાંદળજાની ભાજી કરી હતી. રંગભીના શ્યામસુંદર તે જમવા લાગ્યા. વર્ણીએ જે ભોજન ધરાવ્યાં હતાં તેમાંથી જે જેટલું જોઈતું હતું તેટલું તે વખતે લીધું અને જમ્યા. ૩૩. પછી હરિભક્ત વિપ્રે દહીં, ભાત અને સાકર ધર્યું તે શ્રીહરિ જમ્યા. તે હરિભક્ત વિપ્ર તો સંતોને અને વર્ણીઓને થઈ રહે તેટલું દહીં લાવ્યા હતા. ૩૪.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જળથી હાથ ધોયા. હાથ કોરા કરીને મુખવાસ લીધો અને તે પછી સંતોને જમાડી દીધા. ૩૫. તે પછી શ્રીહરિએ દરબારો અને પાર્ષદોને જમાડ્યા. થાળની પ્રસાદી ત્યાંના દરબારોને આપી અને અમરસિંહ ભાટને બોલાવ્યા. પોતે પાસે બેસીને તેમને જમાડ્યા. ૩૬. દહીં અને સાકર તો શ્રીહરિએ પોતાને હાથે પીરસ્યાં. અમરસિંહ ભાટની સાથે જે બીજા લોકો આવ્યા હતા તેમને પણ ત્યાં જમાડ્યા. ૩૭. વેરાગી ગોકુલદાસને સંતોની સાથે જમાડ્યા હતા. પર્વતભાઈ અને હીરાભાઈ ઠક્કરને તો વર્ણીએ પીરસીને જમાડી દીધા હતા. ૩૮.

તે પછી દરબાર ઝીણાભાઈ, પર્વતભાઈ, હીરાભાઈ ઠક્કર, જીવરાજ શેઠ અને ભાટ અમરસિંહ એ બધા સાથે મળીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૩૯. સહુને આ રીતે જમાડીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. તેઓ સૌના ઉપર આનંદ વરસાવી રહ્યા હતા. અને બોલ્યા, જ્યારે તમે સહુ કહો ત્યારે અહીંથી આપણે સહુ ચાલીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ચોરાશી અંગેનો વિચાર કર્યો, થાળ જમ્યા અને સહુને જમાડ્યા' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર દસમું : તરંગ - ૨૦

મેઘપુરમાં છ માસ સુધી વિપ્રોને જમાડ્યા

જ્યારે દિવસ બે ઘડી (૪૮ મિનિટ) બાકી હતો ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તૈયાર થયા. વૈશાખ વદિ પડવાને દિવસ ભાડેરથી ચાલ્યા. ૧. દરબાર વાઘજીભાઈ અને વેરાગી ગોકુલદાસ બંને શ્રીહરિની સાથે ચાલ્યા. જ્યારે સહુ મેઘપુર આવ્યા ત્યારે ગામવાસી લોકોને ઘણો જ આનંદ થયો. ૨. ગામના લોકો હાથમાં ફૂલહાર અને શ્રીફળ લઈને સામે આવ્યા. બધા ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. ૩. સહુ આવીને પગમાં પડ્યા. શ્રીફળની ચરણોમાં ભેટ ધરી. ઢોલ, ત્રાંસા વગેરે વાજિંત્ર મંગાવ્યા હતા એટલે તેઓ ઉમંગભેર વગાડવા લાગ્યા. ૪. ગામમાં જે વેરાગીઓ રહેતા હતા, તેઓ ‘શ્રીહરિ આવે છે એવી ખબર સાંભળીને તત્કાળ બહારગામ ભાગી ગયા. તેમના મનમાં અભાવની જ્વાળા સળગતી હતી. ૫. બીજા જે ગરીબ વેરાગીઓ હતા તેઓ તો ભગવાનનાં મંદિરમાં જ રહ્યા અને તેઓ શ્રીહરિની સન્મુખ આવીને ચરણકમળમાં નમી પડ્યા. ૬.

શ્રીહરિ જ્યારે **મેઘપુર** ગામમાં આવ્યા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. મશાલો કરીને અજવાળું કર્યું હતું. અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. ૭. સોનેરી વસ્ત્ર અને આભૂષણોથી મનોહર મૂર્તિ શોભી રહી હતી. અશ્વ પણ સોનેરી સાજ-શણગારથી ભરાઈ ગયો હતો. દર્શન કરનારાનું ચિત્ત તેમાં લોભાઈ જાતું હતું. ૮. દર્શન કરનારા લોકો આશ્ચર્યથી ચકિત્ત થઈ જાતા હતા. ભૂમિ ઉપર આવા કોઈ સમર્થ પ્રતાપી નથી. ચકોર ચંદ્રમાને જુએ તેમ મૂર્તિ સામે જોઈ રહેનારા લોકો પરસ્પર એવું બોલતા હતા. ૯. ગામના ભાવિક હરિભક્તો ગુલાલ લઈ આવ્યા અને તે પરસ્પર ઉડાડવા લાગ્યા. એમ અપાર ગુલાલ-રંગ ઉડાડીને ધૂમ મચાવી દીધી. પછી શ્રીહરિ જ્યાં ઉતારો તૈયાર કર્યો હતો ત્યાં આવ્યા. ૧૦.

મેઘપુરમાં રામાનંદસ્વામીની જગ્યા હતી. શ્રીઘનશ્યામે ત્યાં આવીને ઉતારો કર્યો. દરબારોને ઊતરવાની જગ્યા નક્કી કરી હતી ત્યાં તેઓ ઊતર્યા

અને પ્રસન્ન થયા. ૧૧. પરજિયા સોની નારાયણભાઈએ રસોઈ કરાવીને સુખધામ શ્રીહરિને જમાડ્યા. વિપ્રો માટે જે સીધું-સામાન એકઠો કર્યો હતો તે ત્યાં જઈને મહારાજાધિરાજ શ્રીહરિએ જોયો. ૧૨. બધા સીધા સામાનને જોઈને શ્રીહરિ બોલ્યા, સામાન ક્યારેય ખૂટશે નહિ. જોઈએ તેટલો સંપૂર્ણપણે ભરી રાખ્યો છે. ૧૩. અમે તો ધન વગરના સાધુ છીએ. અમારી પાસે ધન નથી. ધનાઢ્ય તો કુબેરભંડારી છે. તે બધું કામ પૂરું કરશે. ૧૪. જે કુબેર ભંડારી છે તે આવીને ધન આપી જાશે. તેની ચિંતા અમે કરતા નથી. ચિંતા તો તે ધનાઢ્યને છે. ૧૫. ત્યારે પર્વતભાઈએ શ્રીહરિને કહ્યું, લક્ષ્મીજી પ્રસન્ન મનથી આપનાં ચરણ સમીપે નિવાસ કરી રહ્યા છે. ૧૬.

चोपाई :

रिद्धि सिद्धि कहावत जेते, चरण तुमारे सेवत तेते;
तुम न देखत नजर कर ताहि, एसे अनंत चरण तव चाहि...१७
अनंत ब्रह्मांड के अधिपति जेता, भव ब्रह्मादिक देव हि तेता;
तुमकु प्रसन्न करन दिन राति, मनोरथ करत विविध हि भाँति...१८

જે કાંઈ રિદ્ધિ અને સિદ્ધિ કહેવાય છે તે સહુ આપનાં ચરણોની સેવામાં જ રહે છે. આપ તેના તરફ નજર કરીને દેખતાએ નથી. એવા તો અનંત છે કે જે આપનાં ચરણોની સેવાને ચાહે છે. ૧૭. અનંત બ્રહ્માંડોના અધિપતિ એવા ભવ-બ્રહ્માદિક ઈશ્વરો પણ આપને રાજી કરવા માટે રાત દિવસ વિવિધ પ્રકારનાં સંકલ્પો કરતા હોય છે. ૧૮. દેવોની જે સંપત્તિ કહેવાય છે તેપણ આપની સેવામાં કોઈવાર પણ ઉપયોગી થાય એવો વિચાર તેઓ રાત દિવસ કરતા હોય છે. ૧૯. દેવોને આપની સેવા કરવાનો યોગ મળતો નથી અને તેથી જ તે દેવો પણ મનમાં મૂંઝાય છે. તેના સન્મુખ આપ જો દૃષ્ટિ કરો, તો દેવો પણ મનમાં ઘણું ખુશી થાય છે. ૨૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું, દેવોનું જે ધન છે તે અમારે ખપમાં ન આવે. અમે જો લગારેક પણ ઈચ્છા કરીએ તો ધનનો કોઈ પાર રહે નહિ. ૨૧. અમારે જ્યારે ધનની જરૂર પડે છે ત્યારે તે ધનનો પાર રહેતો નથી. અરે, અમે વનમાં કે પહાડમાં જઈને બેસીએ તો ત્યાં આવીને પણ ધનની વૃષ્ટિ થાય. ૨૨.

તેને અમે ઠીક માનતા નથી. ધનની મોટપને અમે ક્યારેય લગાર પણ ગણતા નથી. રાંકથી લઈને બ્રહ્મા સુધીના જેટલા પ્રાણી કહેવાય છે, તે બધાને ધન તરફ જેટલી દોડ છે તેટલી દોડ ધનપતિ તરફ નથી. એવાને અમે રાંક કરતા પણ અધિક રાંક જાણીએ છીએ. ૨૩-૨૪. ધનપતિ તો પરમેશ્વર છે, તેના તરફ જેને અપાર તાન હોય છે તે તો ધનને ધૂળ સમાન માને છે. તેનાં મનમાં ધનના પ્રત્યે લગારેક પણ ભાવ હોતો નથી. ૨૫.

सोरठा : ईश्वर पर भाव अपार, दिन दिन रहे अधिक अधिक;
ईश्वर विन देखे न सार, असार में भाव न करे कबु...२६

संसृति जो जो कहात, छूट गये सो सब हि तेहि;
भव में सो कबु न आत, ईश्वर विन रहे न भाव जेहि...२७

અને દિનપ્રતિદિન વધારે ને વધારે પરમેશ્વરમાં જ અપાર ભાવ થતો રહે છે. અને પરમેશ્વર વિના એને ક્યાંય સાર મનાતો નથી. એટલે શ્રીહરિના તાનવાળા તેઓ ક્યારેય અસાર વસ્તુમાં ભાવ કરતા નથી. ૨૬. જેને એક પરમેશ્વર સિવાય અન્ય વસ્તુમાં ભાવ ન હોય તે બધી સંસૃતિથી મુક્ત થઈ ગયા છે, તેને ક્યારેય સંસારમાં ભટકવાનું રહેતું નથી. ૨૭. ચિંતામણિના સમાન કોઈ વિશેષ નથી. હા, કલ્પવૃક્ષ તેવો કહી શકાય, પણ કલ્પવૃક્ષને કયાંય લેવાય નહિ. તે તો એકની એક જ જગ્યાએ રહે. ૨૮. ચિંતામણિને કયાંય સાથે લેવાય ખરો, છતાં તેપણ મૃત્યુ પછી તો કાંઈ કામમાં આવતો નથી. કારણ કે તે ચિંતામણિમાં મોક્ષપદ રહ્યું નથી અને તે ચિંતામણિ પણ ભગવાનને ભજવામાં તો વિઘ્નરૂપ થાય જ છે. ૨૯. **અમે જ્યારે પરમેશ્વરનાં સામર્થ્યનો વિચાર કરીએ છીએ ત્યારે તેમના સિવાયનું બધું જ નિર્જીવ દેખાય છે. એટલે અમારી સમજણ તો એવી છે કે એક પરમેશ્વર સિવાય બીજે કયાંય લગારેક પણ ચોંટવું નહિ. ૩૦.** અમે ઉપર ઉપરથી તો જગતના જેવો બધો વ્યવહાર કરીએ છીએ. પણ અમારાં હૃદયમાં તો 'એક પરમેશ્વર જ સત્ય છે.' એવો નિર્ધાર કર્યો છે.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી ત્યારે પર્વતભાઈ ધ્યાનમાં ઊતરી ગયા. અર્થાત્ તેમને સમાધિ થઈ ગઈ. ૩૧. શ્રીહરિએ તેમને જગાડ્યા,

છતાં તેઓ જાગ્યા નહિ. તેઓ મૂર્તિમાં પ્રેમથી સંલગ્ન થઈ ગયા. ચોંટી ગયા. ૩૨. પછી શ્રીહરિએ “આજ આનંદ ન ઉર સમાય” એ કીર્તન ગવડાવ્યું. કીર્તનમાં એવી જોરદાર ભાવના કહી હતી કે તેમાં મૂર્તિ સિવાય બીજો કોઈ ભાવ જ ન હતો. ૩૩. જ્યારે મધરાત થવા આવી ત્યારે શ્રીહરિવર પોઢી ગયા અને સંતો ધ્યાનમાં બેસી ગયા. તેમને ધ્યાન કરતાં સવાર થઈ ગયું. ૩૪. ત્યારે સહુ સંતોએ નારાયણ ધૂન કરી અને તે પછી તરત જ સહુ સ્નાન કરી આવ્યા. તત્કાળ જ સંતોએ દેવ સેવા-પૂજા પાઠ વગેરે કર્યું, તેટલીવારમાં તો વિપ્રોનો વિશાળ સમુદાય આવવા લાગ્યો. ૩૫.

બધા વિપ્રો ઉતારો કરીને શ્રીહરિનાં દર્શન કરવા આવતા. તે વખતે અપાર શોભાને ધારણ કરીને શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા. ૩૬. જેટલા વિપ્રો આવતા તેમના ગામનાં નામ અને પોતાનાં નામ ઘનશ્યામ પુરુષોત્તમ શ્રીહરિ પૂછતાં અને પછી લખાવતાં. ૩૭. જેટલા વિપ્રો આવતા તેમને તેટલું સીધું અપાવતાં. તેઓ લાડુ બનાવીને જમતા. એ રીતે છ માસ સુધી પછીથી વિપ્રોને જમાડતા રહ્યા. ૩૮. સંતો આવતા-જાતા રહેતા અને પ્રદેશોમાં ફરતા રહેતા. તે રીતે જ હરિભક્તો પણ આવતા-જાતા રહેતા. આ પ્રમાણે છ માસ સુધી ચાલ્યું. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં ‘મેઘપુરમાં છ માસ પર્યંત વિપ્રોને જમાડ્યા’ એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર દસમું : તરંગ - ૨૧

પ્રદેશોમાંથી સંતો-હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા મેઘપુર આવ્યા

શ્રીહરિએ મેઘપુરમાં ભીમ એકાદશી કરી. એમાં અપાર કેરી મંગાવી વિપ્રોને આપી. સહુને ફરાળ કરાવ્યું. તેમાં ઘી અને ખાંડ પાર વિનાના આપ્યા. ૧. અષાઢ માસ આવ્યો ત્યાં સુધી શ્રીહરિ બધા વિપ્રોને બોલાવીને જણ દીઠ પાંચ પાંચ પાકી કેરી આપતા હતા. ૨. સાક્ષાત્ શ્રીહરિ બધા વિપ્રોની આગળ તેમના યથાર્થ ધર્મની વાત કહેતા અને જે યુગમાં જેવા

ધર્મ-નિયમ હતા તેપણ રોજ રોજ બતાવતા હતા. ૩. શ્રીમદ્ભાગવત પુરાણ, ભગવદ્ગીતા, વિદુરનીતિ, વાસુદેવમાહાત્મ્ય અને યાજ્ઞવલ્કયસ્મૃતિ, ૪. એ બધા ગ્રંથોને શ્રીહરિ ભુજના પ્રાગજી દવે પાસે કથામાં નિત્ય વંચાવતા હતા અને જ્યારે બે ઘડી દિવસ બાકી રહે ત્યારે સંતોની પાસે કીર્તન ગાન તથા ઉત્સવ કરાવતા હતા. ૫.

જ્યારે ઉત્સવનો દિવસ હોય ત્યારે સંતો ક્યારેક ઝાંઝ અને મૃદંગ બજાવતા. તે સિવાયના દિવસે સરોદ અને દોકડ વગાડીને કીર્તન ગાતા. સિતાર, તંબૂર અને મોરચંગ પણ વગાડતા હતા. ૬. રાત બે ઘડી જાય ત્યાં સુધી બધા સંતો કીર્તન ગાતા. તે પછી શ્રીહરિ પ્રશ્ન ઉત્તર કરતા. અધરાત સુધી આ રીતે સત્સંગની ધૂમ મચી રહેતી હતી. ૭. તે પછી શ્રીહરિ પોઢી જાતા અને બધા સંતો બેસીને ધ્યાન લગાવતા હતા. નારાયણ ધૂન બે વાર કરતા અને આરતી તો સાંજે એક જ વાર બોલતા હતા. ૮. સંતો પ્રભાત સમયે પ્રભાતનાં પદ ગાતા. શ્રીહરિને રિઝવવાનું જ એક તાન સૌને રહેતું હતું. દેવપોઢણી અષાઢ સુદિ એકાદશી અને જન્માષ્ટમી પણ મેઘપુરમાં જ કરી. ૯. તે સમયમાં વડોદરાથી નાથભક્ત અને વનમાળીભાઈ આદિ હરિભક્તો મોટા સુખાનંદસ્વામીની સાથે આવ્યા. તેમની વાતોથી બધા સત્સંગી થયા હતા. ૧૦.

વડોદરામાં ખુશાલભાઈ અને તેના પિતા પુરુષોત્તમભાઈ કાછિયા જ્ઞાતિના હતા. સુખાનંદસ્વામીએ સહુ પહેલા તેમને સત્સંગી કર્યા હતા. અને તેમની વાડીમાં જ સંતોને ઉતાર્યા હતા. ૧૧. મોટા વનમાળીભાઈ જે કણબી હતા, તે હરિઇચ્છાથી ત્યાં વાડીએ આવી ચડ્યા. ત્યાં મશરૂ (રેશમના મિશ્રણવાળું કપડું) ધોવા માટે કૂવે આવ્યા હતા. તે સંતોને દેખીને તેમની પાસે બેઠા. ૧૨. મોટા સુખાનંદસ્વામીએ તેની આગળ લખચોરાશી અને જમપુરીના દુઃખની વાત કહી. આ રીતે તેઓ સત્સંગની વાત સાંભળતા રહ્યા. ૧૩. તે વનમાળીભાઈ નાથભક્તને સંતોની પાસે લાવ્યા. તેથી તેમને પણ સત્સંગ થયો. તે પછી બીજા વનમાળીભાઈને પણ સત્સંગ કરાવ્યો. ૧૪. પ્રભુદાસનામે વનમાળીભાઈના ભાઈ હતા. તેઓ પણ સત્સંગી થયા અને તે પ્રભુદાસે બીજાને સત્સંગ કરાવ્યો. ૧૫.

સંતોએ વડોદરામાં બાળમુકુંદ લાલજીની ધાતુની બે મૂર્તિ કરાવી હતી. તે મૂર્તિઓને સાથે લઈને સહુ ચાલ્યા હતા. ૧૬. વનમાળી, નાથભક્ત અને ત્રીજા પ્રભુદાસ અમદાવાદ જાવાનું બાનું દઈને શ્રીહરિનાં દર્શન કરવા સંતોની પાછળ ચાલતા થયા. ૧૭. સંતોની સાથે સહુ બોચાસણ આવ્યા. ત્યાં કાશીદાસભાઈ સારા સત્સંગી હતા. વડતાલના રણછોડદાસ બોચાસણ આવ્યા હતા તે ભેળા મળી ગયા. ૧૮. દોરા ગામના વિપ્ર કાશીરામભાઈ ઘણા વિવેકી સત્સંગી હતા તે અને આમોદ ગામના લક્ષ્મીરામ વિપ્ર, બંને ભેળા થઈને ત્યાં આવ્યા. ૧૯. ત્યાંથી આગળ મોરજના ગઢવી ગોકુળદાસ કે જેઓ ઘણા જ ઉત્સાહથી સત્સંગી થયા હતા. અને ઊંટવાડાના ઘણા પાકા હરિભક્ત જોઈતા પગી (સાથે ભળી ગયા.) ૨૦.

જેણે ઘણા જ હેતથી સત્સંગ સ્વીકાર્યો હતો તેવા બુધેજના દરબાર ખોડાભાઈ, પરિપક્વ નિશ્ચયવાળા ગોરાડ ગામના દરબાર કાંધાજી (સાથે જોડાયા). ૨૧. અને ગુડેલના હરિભક્ત દરબાર જીભાઈ, ઉપર કહ્યા તે બધા હરિભક્તો સંતોની સાથે મળીને ચાલ્યા, ભાલમાં પીપળી ગામ આવ્યા. ત્યાં દાદાભાઈ નામે દરબાર સર્વોત્તમ હરિભક્ત હતા. ત્યાં દાદાભાઈ નામે બીજા એક ગઢવી સારા સત્સંગી હતા. એ બધા ભેળામળીને સંતોની સાથે મેઘપુર ગામ આવ્યા. ૨૨-૨૩. સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. તેના આનંદથી બધો થાક ઊતરી ગયો. શ્રીહરિએ તેમને ઉતારો કરાવ્યો અને પછી બોલાવીને સહુને જમાડ્યા. ૨૪.

તે સિવાય શ્રીનગર-અમદાવાદના ચોકસી હીરાચંદભાઈ, ઈચ્છારામભાઈ, કણબી દામોદરદાસ, જેતલપુરના ગંગાબા, આશજીભાઈ, જીવણદાસ, હરિજીવનભાઈ વગેરે પાટીદાર બધા ભેળામળીને મેઘપુર આવ્યા. ૨૫-૨૬. દંઢાવ્ય (ઉત્તર ગુજરાત) દેશના હરિભક્ત વિપ્ર નાનાભાઈ સંઘ લઈને આવ્યા. તથા ગુજરાત, ઝાલાવાડ દેશના હરિભક્તોનો સંઘ આવ્યો. ૨૭. સુંદરજી સુતાર અને ગંગારામ મલ્લ વગેરે કચ્છના અપાર હરિભક્તો ભેળામળીને સંઘનારૂપમાં ત્યાં આવ્યા. ૨૮. કાઠિયાવાડ અને વાળાક પ્રદેશના હરિભક્તોનો બધો સંઘ ત્યાં આવ્યો. હાલાર દેશ અને

સોરઠ પ્રદેશના બધા હરિભક્ત બાઈ-ભાઈનો સંઘ ત્યાં મેઘપુરમાં આવ્યો અને સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. વળી ગોહિલવાડના હરિભક્તોએ આવીને પણ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૯-૩૦.

કાનમ, વાકળ, ચરોતર, બારા, ભાલ, નળકાંઠા, વાગડ અને વઢિયાર વગેરે પ્રદેશોમાં બધા અપાર હરિભક્તો પોતપોતાનો સંઘ લઈને મેઘપુર આવ્યા. ૩૧. સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિએ તે સહુને ઉતારા કરાવ્યા. ગોવિંદભાઈ, ભાઈચંદભાઈ, લક્ષ્મીચંદભાઈ એ બધા વણિક હરિભક્તો અને ગિરધરભાઈ વગેરે કણબી હરિભક્તો અને ખત્રી ભગવાનદાસ, આદિ બધા સુરત બંદરના હરિભક્તો ભેળામળી સંઘ લઈને મેઘપુર આવ્યા. ૩૨-૩૩. એ બધા પગ વાટે આવ્યા હતા. સાથે સંતો પણ હતા. સહુએ શ્રીહરિવરનાં દર્શન કરીને અલૌકિક લાભ લીધો. ૩૪. લક્ષ્મીચંદભાઈ આદિ દિવબંદરના બધા હરિભક્તો પણ આવ્યા અને તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને બધાએ પરમ અલૌકિક લાભ લીધો. ૩૫.

જેટલા સંતો દેશ-પરદેશમાં ફરતા હતા તે બધા પણ આવ્યા. જ્યારે તે આવતા એટલે તરત જ શ્રીહરિ તેમને ઘણા હેતથી મળતા. ૩૬. સંતોને પાસે બેસાડીને તે દેશની વાત પૂછતા. જ્યારે સંતો તે વાત કહેતા ત્યારે શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મંદમંદ હસતા હતા. ૩૭. જ્યારે શ્રીહરિ મંદમંદ હસતા ત્યારે લલાટમાં તિલકને આકારે બે ઊભી રેખાઓ ઊપસી આવતી હતી અને નેત્ર એકદમ પ્રફુલ્લિત થઈ જતા હતા. ૩૮. જે જે દેશમાં જે જે મતને અનુસરીને રહેનારા લોકો આપણા સત્સંગની બાબતમાં ગુણ કે દોષ, જે બોલતા તે બધું પૂછતા. ૩૯. જે મતમાં જેટલો બગાડ હોય, તે અને ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકોનાં વર્તનની બાબતમાં પણ પૂછતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'દેશ-પ્રદેશોમાંથી સંતો અને સત્સંગીઓ શ્રીહરિનાં દર્શન કરવા મેઘપુર આવ્યા' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર દસમું : તરંગ - ૨૨

ધારણા અને ધ્યાનમાં અભ્યાસની આવશ્યકતા

શ્રીહરિ સોરઠમાં આવીને જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી ધ્યાનનું પ્રકરણ વિશેષ રાખ્યું હતું. ૧. સ્વયં શ્રીહરિ ધ્યાનમાં બેસીને સહુને ધ્યાનની રીત શીખવતા અને સંતો-હરિભક્તોના ઉપર રાત-દિવસ અધિક અધિક પ્રેમ રાખતા. ૨. ધર્મકુમાર શ્રીહરિ સંતોના અને હરિભક્તોના ઉપર જેમ જેમ વધારે પ્રેમ રાખતા હતા તેમ તેમ તે સહુ પ્રેમથી તેમનામાં અધિકપણે ચોંટી જાતા હતા. ૩. શ્રીહરિ પ્રીત કરાવવાની રીતને જાણતા હતા. તેથી સહુને વધારે હેત-પ્રીત વધે તેવી શ્રીહરિ રોજ વાતો કરતા હતા. અને શ્રીહરિની નખશિખ મૂર્તિ પણ એવી જ હતી કે, રોજ રોજ વધુ હેત થાતું હતું. ૪. પોતે જેટલા વરસ વનમાં અને પર્વતમાં ફર્યા ત્યારે પણ જ્યાં ધ્યાન કરવા બેસતા હતા તે વખતે તે વનમાં જે પશુઓ અને પંખીઓ રહેતા હોય તે બધાં ત્યાં આવીને તેમને ચારેતરફ ઘેરીને બેસતાં હતાં. ૫.

સત્સંગમાં જે વ્રજાનંદસ્વામી કહેવાતા તેમનું પૂર્વનું નામ મોહનદાસ હતું. તે વિચક્ષણ સંત પૂર્વદેશ (ઉ.પ્ર.માં પૂર્વ ભાગ) ના હતા. તેઓ શ્રીહરિની સાથે વનવિચરણ દરમ્યાન ઘણા દિવસ રહેલા. ૬. શ્રીહરિ જ્યારે સત્સંગમાં આવીને રહ્યા તે પછી તેઓ પણ સત્સંગમાં આવ્યા. તેમણે જે શ્રીહરિનો પ્રતાપ પહેલા જોયો હતો તે બધો સત્સંગમાં આવ્યા પછી કહેતા. ૭. શ્રીહરિ જે દેશમાં વિચરતા હોય તેથી જુદા દેશમાં પણ દર્શન દેતા. શ્રીહરિની મૂર્તિમાં એવો પ્રતાપ રહ્યો હતો. તેને કેટલાક ભક્તો જ જાણતા હતા. ૮. શ્રીહરિ સ્વયં પોતાનાં મુખથી પોતામાં રહેલા પ્રતાપની વાત ક્યારેય કરતા નહિ. જે ભક્તને ધ્યાનમાં બેસાડતા, તે ભક્તને શ્રીહરિનો પ્રતાપ જોવામાં આવતો હતો. ૯. જેવું તેને દેખાતું તેવી વાત ભક્ત કરતા અને ત્યારે તે વાત સાચી મનાતી હતી. કદાચ કોઈ પોતાનાં મુખથી પોતાનાં વખાણ કરે તો તે પ્રમાણરૂપ ન મનાય. ૧૦.

જેમાં જેટલો પ્રતાપ રહ્યો હોય તે પ્રતાપ જ પોતે પોતાનું સ્વરૂપ બીજાને કહી દે છે. જેમ સૂર્યોદય છુપાવ્યો રહેતો નથી તેમ પરમેશ્વરના ગુણ પણ સહુને ઓળખાઈ જાય છે. ૧૧. જેમાં જે ગુણ ભર્યા હોય તે સહજ રીતે બીજાને દેખાય જ છે. કાગળમાં અક્ષરોથી કરેલું લખાણ સાચું જ હોય તોપણ તેને અભણ માણસ દેખે, તો તેને માટે તે લખાણ કાચું કહેવાય. ૧૨. કોઈ મનુષ્ય ઘણો ચતુર હોય, પણ જો તે અભણ હોય, તો તે લખેલા અક્ષર સામે ભલેને જોઈ રહે, અક્ષરજ્ઞાન વિનાની તેની ચતુરતા તે લખાણ સમજવામાં કાંઈ કામ લાગતી નથી. ૧૩. **કેટલીક બાબતનું જ્ઞાન અભ્યાસ કરવાથી થાતું હોય છે. કરોડો વરસ વીતી જાય તોપણ અભ્યાસ કર્યા વિના અજ્ઞાન ટળતું નથી. ૧૪.**

सोरठा : करत हि मोक्षाभ्यास, मोक्ष उदे होत तेहि कर;
संतसंग करी निवास, हरिजन जन होत तेहि...१५
खप विन ज्ञान न होउ, खप हे मोक्ष को द्वार मुख्य;
ज्ञानी कहत जन जोउ, देखे में आत प्रत्यक्ष तेहु...१६

મોક્ષ માટેનો અભ્યાસ કોઈ કરે, તો તેનો મોક્ષ થાય જ છે. કોઈ સંતોનો સમાગમ કરે તો તે હરિભક્ત થાય જ છે. ૧૫. ખપ ન હોય તો જ્ઞાન ન થાય. માટે મોક્ષનું મુખ્ય દ્વાર ખપ છે, એમ જ્ઞાની પુરુષ કહે છે, પ્રત્યક્ષ પણ તેમજ દેખાય છે. ૧૬. શ્રીહરિ ધ્યાન કરવા બેસતા ત્યારે સંતોને અને હરિભક્તોને પણ ધ્યાનમાં બેસાડતા. કેટલાકને તો ધ્યાનમાં અપાર આશ્ચર્ય દેખાતું હતું. જ્યારે તે ધ્યાનમાંથી બહાર આવે, ૧૭. ત્યારે જેને જેવું આશ્ચર્ય દેખાયું હોય, તે તેની પાસે વાત કહેવડાવતા અને કેટલાક ધ્યાનમાં બેસતા છતાં તેમને કાંઈ આશ્ચર્ય દેખાતું નહિ. ૧૮. જેને સંકલ્પોનો વેગ બહુ હોય તે કુંભારના ચાકડાની જેમ ફરતા જ રહે છે. તે ફરતા ચાકડાની ઉપર ધીરે રહીને કોઈ બારીક કણ મૂકવામાં આવે તો તે તરત જ પડી જાય છે એક કણ પણ તે ચાકડા ઉપર સ્થિર થાતો નથી. ૧૯. પણ ચાકડા ઉપર જેટલી ચીકાશ લઈને ચોંટાડવામાં આવે તો તરત જ તે કણ તેના ઉપર

ચોંટી જાય છે, તેમ જેનાં અંતઃકરણનો-ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય તો તે તરત જ ધ્યાનમાં ચોંટી જતા હતા. ૨૦.

કોઈ કડક વજનદાર વસ્તુ હોય તે પાણીમાં પડતાની સાથે ડૂબી જાય છે પણ હલકી વસ્તુ જે હોય છે તે નીરમાં ક્યારેય ડૂબતી નથી. ૨૧. પરસ્પર એકબીજાનો જ્યારે યોગ થાય ત્યારે જેનું જોર હોય તે તેને ત્યાં ખેંચી જાય છે અને વ્યક્તિએ વ્યક્તિએ અંતઃકરણની વૃત્તિઓ અનેક પ્રકારની છે, તે બધાની વૃત્તિઓ એકસરખી નથી. ૨૨. **માટે જેના અંતઃકરણની વૃત્તિ જેવી હોય તેને તેવી રીતનું ધ્યાન થાય છે. ભગવાનની મૂર્તિ સિવાયનું પિંડ-બ્રહ્માંડ વગેરે જે કાંઈ છે, ૨૩.**

ચોપાઈ :

आतंतिक प्रलय करे जब ताको, मूर्ति में जीय चोटे तब वाको;
प्रलय सिखे विन ध्यान न होवे, भजनस्मरण करी सो दिन खोवे...२४

दोहा : स्वास उसास भजनही, करे मूर्ति कु धारी;
ताको नाम समाधि हे, संकल्प दिये निवारी...२५

चित्त करे चिंतन मूर्ति को, जेहि प्रकार हि जेहि;
ताको नाम समाधि हे, तेसे करना तेहि...२६

તેનો સમજણથી આત્યંતિક પ્રલય કરી નાખવામાં આવે, ત્યારે તેનો આત્મા મૂર્તિમાં ચોંટે છે. તે આત્યંતિક પ્રલયની રીત શીખ્યા વિના ધ્યાન થઈ શકતું નથી. તેથી તે ભજન-સ્મરણ કરીને દિન વિતાવે છે. ૨૪. મૂર્તિને ધારીને જ્યારે શ્વાસોશ્વાસ ભજન કરવામાં આવે, ત્યારે બધા સંકલ્પનું નિવારણ કરી દે, ખરેખર તેનું જ નામ સમાધિ છે. ૨૫. ભગવાનની જેવી મૂર્તિ છે તેવું તેનું ચિંતન જીવ જ્યારે કરે છે, ત્યારે તેને સમાધિ કહી શકાય છે. એટલે તેવું ચિત્તમાં ચિંતન કરવું જોઈએ. ૨૬.

અને સર્વોત્તમ સમાધિ તો તે છે કે, જીવે ક્યારેય મનનું કહ્યું કરવું નહિ અને જિંદગી ભર અડગ રહીને સત્સંગ કરતા રહેવું. ૨૭. જે ઝાડ ઘણાં મોટાં હોય તેને વાવાઝોડાનો ભય રહે ખરો. પાતાળ સુધી મૂળ ઊંડા હોય તોપણ જ્યારે વાઝડી લાગે ત્યારે તે ઝાડ ડગી જાય છે. ૨૮.

❋ સમાધિ કરાવવાનું કારણ :

અને નાના મોટા જે પર્વતો છે તેનાં મૂળ વાવાઝોડાથી કે વાઝડીથી ક્યારેય ડગે નહિ. વળી તેને ઊધઈ કે અગ્નિનો ભય પણ લાગતો નથી. એટલે પર્વતના સમાન અવિચળ સુદૃઢ સત્સંગ કરવો. ૨૯. માણસને સમાધિ કરાવવાનો સાચો ઉદ્દેશ તો એ જ છે કે, તેનાં મૂળ સત્સંગમાં ઊંડા અને અડગ રહે. તેને ક્યારેય વિષમ દેશકાળ લાગે નહિ. ૩૦.

સમાધિ થયા પછી પણ જો તેને દેશકાળની અસર થાતી હોય તો તે માણસને અમે બાળક માનીએ છીએ. જગતમાં જે બાળબુદ્ધિ હોય છે તે તો બોરના બદલામાં સોનામહોર આપી દે છે. તેને બોરમાં રસ છે. સોનામહોરની કિંમત તેને નથી. ૩૧. બાળકના હાથમાં ચિંતામણિ આપવામાં આવે તો તે તેને તરત ફેંકી દે છે, બાળબુદ્ધિને હિસાબે તેનાં મનમાં ચિંતામણિનું કાંઈ મૂલ્ય નથી. ૩૨. સત્સંગની જે વાત છે તે તો ચિંતામણિ કરતા મૂલ્યવાન છે. જેને મોક્ષનો ખપ હોય, તેનું જ્ઞાન હોય તેને તે દેખ્યામાં આવે છે. ૩૩. માણસને જ્યારે સમાધિ થાય છે તેટલીવાર જ તેને તેનું અપાર આશ્ચર્ય કે અહો અહોપણું રહે છે, પણ તે જ્યારે પાછો દેહમાં આવે છે ત્યારે પહેલાની જેમ દેહાકારે થઈ જાય છે. ૩૪. આશ્ચર્યના અનુભવ વખતે જેવી બુદ્ધિ રહે છે તેવી બુદ્ધિ દેહમાં આવ્યા પછી રહેતી નથી.

વ્રજના ગોવાળ અને ગોપીઓને શ્રીકૃષ્ણભગવાને પોતાનાં સ્વરૂપમાં અનેક આશ્ચર્ય જણાવ્યાં હતાં. ૩૫. શ્રીકૃષ્ણે તેમને જેવા આશ્ચર્ય દેખાડ્યાં તેવી મતિ તેમને કૃષ્ણમાં રહી નહિ. પણ નારદજીએ જે દિવસથી ભગવાનનાં સ્વરૂપમાં આશ્ચર્ય દેખ્યું. ત્યારથી તેમને તે અધિક પ્રતાપનો મહિમા તેવોને તેવો ટકયો હતો. ૩૬. ઉદ્ધવજીને પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન જ્યારથી થયું ત્યારથી તેમનો પ્રતાપ દેખાય કે ન દેખાય, તોપણ તેમને પ્રતાપનો મહિમા અખંડ રહેતો હતો. ૩૭. ઉદ્ધવજી આદિ ભક્તોની આગળ બીજા કેટલાએ શ્રીકૃષ્ણના સમાન પ્રતાપ દેખાડવા આવ્યા પણ તેમને બધાને માયાવી જાણ્યા, પણ તેનો ભાર લગાર પણ આવ્યો નહિ. ૩૮.

અક્રૂરજી ભક્ત સારા હતા. તેમને સમાધિ અપાર થઈ હતી, પણ દેશકાળને લીધે તેને મોહ ઊપજ્યો અને બુદ્ધિ અતિ વિપરીત થઈ ગઈ. ૩૯. **પૂર્વે થયેલી સમાધિ અક્રૂરને કામ લાગી નહિ, એવી સમાધિ કોઈએ કરવી નહિ. માટે મુમુક્ષુ એ ભગવાનના નિષ્કામભક્ત થાવું. તે જ સર્વોત્તમ સમાધિ છે એમ જાણવું. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ ધારણા અને ધ્યાનમાં અભ્યાસની આવશ્યકતા કહી' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર દસમું : તરંગ - ૨૩

ક્ષમાનું સમર્થન અને વિપ્રકૃત શ્રીહરિનું યશોગાન

શ્રીહરિએ મેઘપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઘણો સારો કર્યો. સહુ હરિભક્તોએ તે દિવસ શ્રીહરિની પૂજા કરીને ઘણો લાભ લીધો. ૧. જેના મનમાં જેવી ભાવના હતી તેવો લાભ તેમણે લીધો અને અપાર પ્રેમથી શ્રીહરિને ઘણા મેવા અને મીઠાઈ વગેરે જમાડ્યા. ૨. હરિભક્તો જેટલા દિવસ ત્યાં મેઘપુરમાં રહ્યા તેટલા દિવસ રોજ અપાર વસ્ત્ર, આભૂષણ, ચંદન અને ફૂલહાર લઈને ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૩. સોરઠ પ્રદેશમાં જેટલા વેરાગીઓ અધર્મી હતા, તે બધાએ જ્યારે શ્રીહરિનો આવો અદ્ભુત પ્રતાપ દેખ્યો ત્યારે તેમનાં મનમાં ઈર્ષ્યાની આગ લાગી. ૪. શ્રીહરિ રોજ સંતોને અને હરિભક્તોને પોતાની પાસે બોલાવીને હેતથી વાત સમજાવતા હતા.

શ્રીહરિ કહેતા કે જે અજ્ઞાની મનુષ્યો છે તેઓ સત્સંગનો આવો અદ્ભુત પ્રતાપ દેખીને, ૫. મનમાં રાત-દિવસ અપાર બળી રહ્યા છે પણ અહીંયાં આપણી પાસે આવીને કાંઈ બોલી શકતા નથી. માટે કદાચ તે અજ્ઞાની લોકો કોઈને મારે કે ગાળો દે, તોપણ મન પ્રસન્ન રાખીને બધું સહન કરવું. ૬. વસંતના ઉત્સવમાં અને વિવાહ પ્રસંગમાં લોકો ગાળો બોલે

છે, પરસ્પર મારામારી કરે છે. હોળી (ફૂલદોલ)ના દિવસોમાં કેટલાક મરે પણ છે, છતાં તેનું મનમાં એટલું બધું વૈર રાખતા નથી. ૭.

चोपाई :

हरिजन संत निरवैर हि रे'ना, हमारे वचन कर सब कु से'ना;
विवा में पुत्र निमित्त जन सबही, गारी सहन बहु करत तबही...०८

विवा में गारी न देवत जोउ, खुसी न होवत सुत तात हि सोउ;
अज्ञान कर केतो सहत हे तेहा, द्वेष न रखत मन में एहा...०९

वसंत विवा की रीति जोउ, हरिजन कु समझना सदा सोउ;
सहन करे वचन से हमारा, दुःख न पावे कोउ दिन लगारा...१०

जन्म मरन चोरासी दुःखा, जमपुरी दुःख तरी जावे सुखा;
मनुष्य देह को दुःख को न लेखा, जन्मादिक हे दुःख अलेखा...११

હરિભક્તોએ અને સંતોએ નિર્વેરભાવે રહેવું. અમારાં વચનને ખાતર બધું સહન કરવું. માણસ વિવાહ પ્રસંગમાં દીકરાને માટે થઈને હજારો ગાળો-ફટાણા સહન કરે છે. ૮. લગ્ન પ્રસંગમાં બાપ દીકરો પરસ્પર ગાળો ન બોલે તો તે ખુશી થાતા નથી. તેઓ બધા અજ્ઞાને કરીને બધું સહન કરે છે અને મનમાં કોઈ થોડોએ દ્વેષભાવ રાખતા નથી. ૯. હરિભક્તોએ વસંતની કે વિવાહની એવી રીત મનમાં કાયમ સમજી રાખવી. અમારાં વચનથી જે સહનશીલતા રાખશે તે કોઈને ક્યારેય લગારેય દુઃખ નહિ આવે. ૧૦. અમારું વચન જે માનશે તે જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખોને સહેજે તરી જાશે. મનુષ્યદેહમાં પણ અગણિત દુઃખ રહ્યાં છે અને તે પછી પણ જન્માદિનાં દુઃખ પણ અકલ્પ્ય છે. ૧૧. પ્રાણીઓ અજ્ઞાનનાં અંધારાને લીધે કાંઈ દેખી શકતા નથી. તે અજ્ઞાની લોકો આંધળાની જેમ જીવન વિતાવે છે. જેટલા સત્સંગ કરીને હરિભક્ત થયા છે તે બધા આ જગતમાં ઘણા ઊંચા થઈ ગયા છે, જગતથી ન્યારા થઈ ગયા છે. ૧૨. અમારા આશ્રિત હરિભક્તોએ જે એક એકથી અધિક એવા બહુ મોટા માણસ હોય તેની રીતનો વિચાર કરવો. ૧૩. તેવા મોટા મનુષ્ય ક્યારેય પોતાનાં મુખથી ગાળ બોલે નહિ. વાતવાતમાં તેઓ હું અને મારું આવું બોલે નહિ.

મોટા માણસોનો એ શિષ્ટાચાર છે. ૧૪. જે જે મોટા છે તેમાં આ ભૂમિ સમાન અન્ય કોઈ મોટું દેખાતું નથી. દુનિયામાં તો લોકો અપરંપાર પાપમય કર્મ કરે છે, છતાં હરેક મનુષ્યને ભૂમિ અન્ન અને વસ્ત્ર આદિ આપતી રહે છે અને તેનાં પ્રારબ્ધ પ્રમાણે ઘર અને વાહન પણ આપે છે. ૧૫-૧૬.

આ ભૂમિ ઉપર રહેતા મનુષ્યમાત્ર અસંખ્ય અપરાધ કરતાં જ રહે છે છતાં ભૂમિ તેને સહન કરે છે, તેના અપરાધોને માફ કરી દે છે. ૧૭. પૃથ્વી પરમેશ્વરે જે આજ્ઞા કરી છે તેને માથે ચઢાવીને તે આજ્ઞા પ્રમાણે જ રહે છે. તે રીતે જ બીજા ચાર-જળ, અગ્નિ, વાયુ અને આકાશ-ભૂતો પણ પરમેશ્વરની મરજી-આજ્ઞા પ્રમાણે વર્તે છે. ૧૮. અને જે મનુષ્ય પરમેશ્વર પરાયણ થઈને તેનું ભજન કરતા હોય છે. તેઓ તો ઉપર કહેલા પાંચ ભૂતો કરતાં પણ અધિક ગૌરવવાળા છે. તે પાંચ ભૂત કોઈનો મોક્ષ કરતા નથી. તેઓ તો માત્ર પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તે છે. ૧૯. અને હરિભક્તો તો જે મનુષ્ય તેનું વચન માને, તેનો મોક્ષ કરે છે. એટલે હરિભક્તમાં જેટલી મોટાઈની અધિકતા છે તે પાંચ ભૂતોમાં હોવી જોઈએ. પણ તેમાં તે મોટાઈ નથી. ૨૦.

ક્ષમામાં મોટાઈ અપાર રહી છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. જે જેટલો નિર્દંભ છે તે તેટલી મોટાઈને પામે છે અને જે દંભી છે તે તો દિન પ્રતિદિન ઘટી જાય છે. ૨૧. ઉપલક સાધુતાથી કામ ન થાય. જેવી બહારથી સાધુતા હોય તેવી અંદર પણ હોવી જોઈએ. સાધુતા બાહ્ય અને આભ્યંતર, બંને રીતે જોઈએ અને તે વિના તો કોઈ મોક્ષને પામતું નથી. ૨૨. મોક્ષનો નિર્દંભ માર્ગ શોભે છે. જે દંભ કરે છે તે અધોગતિને પામે છે. દુનિયાનાં જેટલા મળ છે તે બધાં જ સત્સંગથી શુદ્ધ થઈ જાય છે. ૨૩. **સત્સંગ કરવા છતાં પણ જો મેલ રહેતો હોય તો તેમાં તેટલો કુસંગ છે એમ જાણવું. જેટલો કુસંગ હોય તેટલું દુઃખ તેને આવે જ છે, તેને તેટલો વ્યાધિથી યુક્ત જાણવો. ૨૪.**

કુસંગરૂપી રોગથી ઘેરાયેલા મનુષ્યને દેખીને તેની સેવા કરવી. જે રીતે તેનો કુસંગરૂપી રોગ મટી જાય તેવી દવા તેને આપવી. ૨૫. જે રીતે દવા પેટમાં ટકી રહે એવી રોગીને માફક આવે તેવી દવા આપવી. અને એ

રીતે જ ઊંધું ન પડે એમ કુસંગના રોગીને રેચ પણ આપવો. ૨૬. રોગને ઓળખ્યા વિના ઘણી સેવા કરવાથી પણ શું થાય ? તે રોગ મટે નહિ. રોગને જાણ્યા વિના વૈદ્ય થાવું નહિ. ૨૭. હરિભક્તો કાયમ મેઘપુરમાં આવતા અને જાતા રહેતા હતા. જળઝીલણી એકાદશી ત્યાં કરી. આ રીતે શ્રીહરિ ત્યાં રહેતા થકા રોજ કલ્યાણકારી સત્સંગની વાતો કહેતા. એમ કરતાં દશેરા અને માણેકઠારી-શરદ પૂનમ પણ ત્યાં જ કરી. ૨૮. એમ જ દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ પણ ત્યાં કરીને સંતોને અને હરિભક્તોને બહુ સુખ આપ્યું. આવી રીતે પ્રબોધની એકાદશી સુધી શ્રીહરિ મેઘપુર ગામમાં રહ્યા. ૨૯. જે વિપ્રો રજા લઈને ઘેર જાતા હતા તેમને શ્રીહરિ દાન આપીને વિદાય આપતા હતા. ઘેર ગયેલા બધા વિપ્રો વખાણ કરતા કે, “આ રીતે વિપ્રોને કોઈ બીજાએ જમાડ્યા નથી. ૩૦.

પરમેશ્વર વિના કોઈ બીજામાં આટલું સામર્થ્ય ન હોઈ શકે, તે અમે ચોક્કસ જાણી લીધું છે. ગોળ અને ઘી ચાહે તેટલું વાપરો એમ કહીને છ માસ સુધી સીધું-સામાન આપતા જ રહ્યા છે. ૩૧. દિનપ્રતિદિન વિપ્રોના ઉપર વધારે વધારે ભાવ રહે એવું નિત્ય કરતા રહ્યા છે. વિપ્રો જ્યારે જમી જમીને પૂરી રીતે તૃપ્ત થઈ ગયા - ધરાઈ ગયા ત્યારે તેઓ બધા રજા લઈને ઘેર જવા લાગ્યા. ૩૨. તોપણ એ સહજાનંદસ્વામી રજા આપતા નહિ અને બોલતા કે તમે રોકાઓ ગોળ અને ઘીની કાંઈ ખામી-તૂટ નથી. અમે જ્યારે ગોળ અને ઘીને ન ખૂટે એટલા દેખ્યા ત્યારે મનમાં અત્યંત અકળાયા. ૩૩. અમે ગોળ અને ઘી કયાંય બહારથી આવતા હોય એવું દેખ્યું નથી. તેમની વાત તો અમારે શું કહેવી ? તેમના બધા સાધુ અને હરિભક્તોની રીતને અમે અલૌકિક દેખી છે. ૩૪. રાત-દિવસ ભાગવતગીતા અને ધર્મશાસ્ત્રોને વાંચ્યા વંચાવ્યા કરે છે. સંધ્યા સમયે કીર્તનોમાં ઉત્સવ થાતો હોય છે. આખો દિવસ પ્રશ્ન અને ઉત્તર ચાલ્યા જ કરતા હોય છે. ૩૫.

ભગવાન સિવાય બીજી કોઈ વાત જ તેમનાં મુખથી નીકળતી નથી. નવા નવા ભક્તો સતત આવતા અને જતા હોય તેમ ચાલુ રહે છે. કોઈનામાં કાંઈ વ્યસન જેવું અપલખણ લેશમાત્ર પણ દેખાયું નહિ. રાત-દિવસ સહુ

સદુપદેશ સાંભળતા રહે છે. ૩૬. જગતમાં જે બીજે રહ્યો છે તેવો અનાચાર તો તેમનામાં લેશમાત્ર પણ નથી. સહુ વર્ણાશ્રમના ધર્મને યથાર્થ રીતે પાળે છે. ૩૭. સહુ શાસ્ત્રનાં મત પ્રમાણે ધર્મને અને નિયમોને પાળે છે. કોઈ શુદ્ધ દેવની તેઓ નિંદા કરતા નથી. અને આચારશુદ્ધિ રાખે છે." ૩૮. મેઘપુરની ચોરાશીમાં જે જે વિપ્રો આવ્યા હતા તે બધા શ્રીહરિના સત્સંગની પરમ પવિત્ર રીતને દેખીને શ્રીહરિનું યશોગાન કરતા હતા. તેને દૈવી લોકો સાચું માનતા હતા. ૩૯. અને જે આસુરી લોકો હતા તેઓ શ્રીહરિની કીર્તિ સાંભળીને તપી જતા હતા. અને બીજા મતમાં પણ જે લોકો આસુરી હતા તેપણ મનમાં અતિ બળી ઊઠતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રમૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિકૃત ક્ષમાનું સમર્થન અને વિપ્રોએ કરેલું સત્સંગનું યશોગાન' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર દસમું : તરંગ - ૨૪

શ્રીહરિ સોરઠમાંથી રાજકોટ આવ્યા અને ત્યાંથી પણ નીકળી ગયા

શ્રીહરિએ પ્રબોધની એકાદશી મેઘપુરમાં કરી. પછી સંતમંડળને સાથે લઈને હરિભક્તોના ગામોમાં ફર્યા. ૧. ઘનશ્યામ શ્રીહરિ **માણાવદર, પીપલાણા, આખા** અને **અગત્રાઈ** થઈને **કાલવાણી** ગામ પધાર્યા. ૨. **જાળિયા** આવીને કાંઈક રહ્યા. પછી **માંગરોળ** બંદર આવ્યા અને ત્યાંથી **લોજ** ગામ આવ્યા અને ત્યાં અપાર ચરિત્રો કર્યાં. ૩. ત્યાં એકેએક સંતના તુંબડું, પુસ્તક અને વસ્ત્ર આદિને અદલી બદલી કરીને એકબીજાને રોજ આપતા હતા. ૪. પૂર્વ દેશના (પૂર્વ ઉત્તર પ્રદેશના) જે સંતો હતા તેમને એવા કાંઈક ગુણ શીખવતા હતા. શ્રીહરિ નિત્ય એવી કાંઈક વાત કરતા કે કોઈને પરસ્પર લેશમાત્ર પણ દ્વેષ થાય નહિ. ૫.

શ્રીહરિ જે જે પ્રકરણ જેવી જેવી રીતે ફેરવતા તે સહુને ઘણું જ ગમી જાતું હતું. તેમાં જે દૈવી જીવો હતા તેઓ તો ઉત્સાહિત થાતા, પણ આસુરી

જીવો તો હૃદયમાં બળી મરતા હતા. ૬. એક વરસમાં અલગ અલગ બે-ચાર પ્રકરણ ફેરવતા હતા. શ્રીહરિ લોજમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ સંતોને ધ્યાન શીખવતા હતા. ૭. રાતે કથા કીર્તન કર્યા પછી હરખભેર ધ્યાન કરવા બેસતા. તે વખતે બબ્બે સંતો સામસામે આસનવાળીને બેસતા. ૮. ધ્યાન કરતા કોઈ સંતને ઊંઘ આવે તો તેની પાસે કાચા ચાર શેર અનાજ દળાવવું આવો નિયમ શ્રીહરિએ કર્યો હતો. ૯. **સંતોમાં જો કોઈ પરસ્પર ક્રોધ કરે તો બધા સંતો ભેળા મળતા. ક્રોધને શ્વાનને સમાન માનીને તેને બધા 'હડ' 'હડ' એમ હેતથી બોલીને હડકારતા-દૂર કરતા. ૧૦.** પછી જેણે ક્રોધ કર્યો હોય તેપણ તે હડકારવાનો 'હડ' 'હડ' આવો શબ્દ બોલવા લાગતા અને ક્રોધને જીતતા હતા. આમ, કેટલાક દિવસ લોજમાં રહ્યા અને પછી ત્યાંથી **પંચાળા** ગામ આવ્યા. ૧૧. ત્યાં દરબાર ઝીણાભાઈ અને ગગાભાઈ બે ભાઈ સત્સંગી હતા. તેઓ ઘણા જ હેતથી શ્રીહરિની સેવા કરતા હતા. તેઓ પૂર્વ દેશના ક્ષત્રિય હતા અને પંચાળા તેમનું ગામ હતું. ૧૨. તે ગામમાં કેટલાક બીજા હરિભક્તો પણ હતા. તેઓ પણ મનના ભાવ પ્રમાણે શ્રીહરિની સેવા કરતા હતા. ૧૩. પછી ત્યાંથી શ્રીહરિ માણાવદર ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોએ અત્યંત હેતથી શ્રીહરિની સેવા કરી. ૧૪.

ત્યાંથી શ્રીહરિ **ગણોદ** આવ્યા અને ત્યાંથી **જાળિયા** આવ્યા. તે ગામના જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘણી જ સેવા કરી. ૧૫. પછી ત્યાંથી **ઉપલેટા** ગામ આવીને રહ્યા. અને ત્યાંથી ઘનશ્યામ ચાલ્યા અને **ફરેણી** ગામ આવ્યા. ૧૬. પછી ત્યાંથી **ગોંડળ** શહેરમાં આવ્યા. ત્યાંના રાજા હઠીભાઈને સમાચાર કહેવડાવ્યા. તેઓ ઘણા જ પૂજ્યભાવથી સન્મુખ આવ્યા. ઘણું સન્માન કર્યું. ૧૭. હરિભક્તોનાં ગામમાં જ્યારે શ્રીહરિ પધારતા ત્યારે તે હરિભક્તો સન્મુખ આવતા હતા અને પ્રત્યક્ષ ભગવાન પધાર્યા છે. એમ જાણીને ખૂબ જ સન્માન કરતા હતા. ૧૮. જ્યારે શ્રીહરિ પોતાને ગામ પધારતા ત્યારે ભક્તો ઘણો જ દિવ્ય લાભ લેતા. એ બધી વાત તો મેરુ પર્વત જેવી મહાન છે. મેં તો તે અહીં મારી બુદ્ધિ પ્રમાણે એક કાંકરા જેટલી કહી છે. ૧૯. **બ્રહ્માંડ અનંત કહેવાય છે. તે કીડીનાં મુખમાં**

ક્યાંથી સમાય ? જો શ્રીહરિ કૃપા કરે તો અણુ જેવી વસ્તુ પણ અંતરહિત બ્રહ્માંડને પાર કરી શકે છે. ૨૦.

ગોંડળના હરિભક્તોને અપાર સુખ દઈને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **રાજકોટ** શહેરમાં આવ્યા. હરિભક્તોએ મનભાવ્યા શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૧. લાખો કે કરોડો નરનારી લોકો બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ વિવિધ પ્રકારે પૂજા કરી અને લોકોએ "જય જયકાર"નો ઊંચેથી ધ્વનિ કર્યો. ૨૨. જેને શ્રીહરિમાં જેવો સ્નેહભાવ હતો તેણે તે પ્રમાણે પૂજા કરી. ત્યાં એક દિવસ રહ્યા અને બીજે દિવસ ત્યાંથી જમીને ચાલતા થયા. ૨૩. સહુ લોકો જાણે તે રીતે ત્યાં ભદ્રાવતી ? (આજી) નદીમાં સ્નાન કર્યું. હરિભક્તોને અપાર સુખ આપ્યું અને પછી ત્યાંથી ચતુરાઈથી આગળ ચાલ્યા. ૨૪.

દયાળુ શ્રીહરિ હરિભક્તોને ગામેગામ જઈને દર્શન દેતા. જેની જેવી ભાવના હોય તેને પૂરી કરતા. ૨૫. આ વેળાએ શ્રીહરિએ હરિભક્તોને અપાર સુખ આપ્યું. ભગવાનના અવતાર તો અનંત થયા છે પણ આવું સુખ આપ્યું હોય તેવું ક્યાંય સાંભળ્યું નથી. ૨૬. હરિભક્તોના એકેએક ગામ જઈને તેમને અપાર સુખ આપ્યું. એવું ઠેકઠેકાણે સંભળાય છે. જે શ્રીહરિ આ રીતે ચારે ધામમાં વિચર્યા છે. ૨૭. એવી નવતમ વેશભૂષાને ધારણ કરતા કે તેનું વર્ણન ક્યારેય કરી શકાય તેમ નથી. હું તો અહીં તેનું લેશમાત્ર વર્ણન કરું છું કે જે સંતોને અને હરિભક્તોને માટે નિધિ સમાન છે. ૨૮. શ્રીહરિ જે દેશ અને ગામમાં પધાર્યા, તેમાંથી જેટલું યાદ આવ્યું તેટલું લખ્યું છે થોડું અને બાકી રહી ગયું છે ઝાઝું. કારણ કે અપારનો કોઈ પાર આવતો નથી. ૨૯. આપણા સત્સંગમાં સંતો અને હરિભક્તો અનંત છે. બાઈ-ભાઈનો કોઈ પાર નથી. દરેકને અલગ અલગ ચરિત્ર યાદ છે. ૩૦.

એટલા બધા સંતો-હરિભક્તો જ્યારે ભેળા મળે ત્યારે અથથી ઈતિ સુધીનાં બધાં ચરિત્રો કહી શકાય, પણ એટલાને ભેળા થવાના સંજોગો જ નથી. તેથી બધાં જ ચરિત્રોને કોઈ લખી શકે તેમ લાગતું નથી. ૩૧. એકેએક સંતને અને હરિભક્તને ત્રીસ વરસ સુધી શ્રીહરિનો સતત જોગ રહ્યો હતો અને તે સહુને શ્રીહરિનાં અનંત ચરિત્ર દેખવાં-સાંભળવામાં આવ્યા છે. ૩૨.

શ્રીહરિનાં જેવાં ચરિત્ર જેણે દેખ્યાં છે, તેણે તે ચરિત્રોની એક એવી માળા બનાવી રાખી છે અને તે સંતો અને હરિભક્તો હરખભર્યે હૈયે તેનો જપ કરતા રહે છે. ૩૩. શ્રીહરિનાં ચરિત્ર સત્સંગમાં સહુને અત્યંત પ્યારાં લાગતા. એક પળવાર પણ તેને અલગ છોડતાં ન હતા. શ્રીહરિનાં ચરિત્ર સિવાયનું અન્ય જે કાંઈ છે તે બધું હલાહલ ઝેર જેવું જાણતા. ૩૪. સહુ હરિભક્તો અને સંતો એવા છે કે તેમને શ્રીહરિનાં ચરિત્રોમાં મનોભાવ છવાઈ ગયો છે.

હરિભક્તોની અને વિમુખોની રુચિ અલગ અલગ હોય છે. ૩૫. વિમુખ અને ભક્તની રુચિ તો સ્પષ્ટપણે દેખાય જ છે. વિમુખની રુચિ તો કાંઈ ઓર જ હોય છે. તે ક્યારેય ભગવાનનાં ચરણોમાં ચિત્તને જોડતા નથી. ૩૬. વિમુખ જીવને કાંઈ નુકશાન થાય કે રોગ થાય ત્યારે તેને ટાળવા માટે તેઓ અનેક ઉપાય કરતા હોય છે. તેને શરીર ઉપર બહુ પ્યાર હોય છે. ૩૭. **હરિભક્તને તો ભગવાન ઉપર અતિશય પ્યાર હોય છે. સુખ અને દુઃખ તો અનંત આવતા હોય છે. તેઓ ભગવાનનાં ચરણ સિવાય બીજે કયાંય ક્યારેય સુખ માનતા નથી.** ૩૮.

सोरठा : हरि से मानत सुख, ओर से न मानत सुख कबु;
आवे अनंत हि दुःख, हरिजन मानत न दुःख तेहि...३९
देह ब्रह्मांड हि जेह, तामें देखात जो सुख जेहि;
यत्कंचित हि तेह, तामें नहिं देखत सुख कबु...४०

તેઓ ભગવાન તરફથી જ સુખ માને છે. બીજા કોઈ તરફથી ક્યારેય સુખ માનતા નથી. કદાચ અનંત પ્રકારનાં દુઃખ આવી પડે, તોપણ તેઓ સમજણવાળા છે તેથી તેને દુઃખ માનતા નથી. ૩૯. આ પિંડમાં અને બ્રહ્માંડમાં જે કાંઈ સુખ દેખાય છે તેમાં હરિભક્તો ક્યારેય સુખને જરા પણ દેખતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ સોરઠમાંથી રાજકોટ આવ્યા અને ત્યાંથી પણ નીકળી ગયા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર દસમું : તરંગ - ૨૫

શ્રીહરિ મોડા પધાર્યા અને કવિએ સત્સંગની દુર્લભતા કહી

રાજકોટથી નીકળેલા શ્રીહરિ હાલારમાં **મોડા** ગામ આવ્યા. બધા હરિભક્તો સન્મુખ આવ્યા અને વાજિંત્ર વગડાવીને ઘણા જ પ્રેમથી ગામમાં પધરાવ્યા. ૧. વિવિધ પ્રકારના સુંદર રસાળ ભોજન બનાવડાવી જમાડ્યા. વિવિધ રીતે પૂજા કરીને મોતીના થાળ ભરીભરીને તેનાથી વધાવ્યા. ૨. હરિભક્તો પણ દેશ અને કાળને અનુસારે ધર્મકુંવર શ્રીહરિને ઘણા જ પ્રેમથી માનતા-પૂજતા હતા. ૩. જે ભક્તજન દેશ-કાળને સમજતા હતા તેમને ગામ શ્રીહરિ મનમાં પ્રસન્ન થઈને વારંવાર ઉમંગભેર જતા હતા. ૪.

જે વખતે શ્રીહરિની જેવી મરજી હોય તેને જે ભક્તજન તરત જ સમજી જાતા હોય, અને તે વખતે જે જરૂરી સેવા કરતા હોય, તેવા ભક્તના ઉપર ભક્તપ્રતિપાલક શ્રીહરિ ખૂબ જ રીઝતા હતા. ૫. અને તરત જ તેને વસ્ત્ર, આભૂષણ, ફૂલહાર, ફળ, ફૂલ કે મેવા, જેવો સમય હોય તેવી મોજ આપતા હતા. તેને કોઈ રોકી શકતું નહિ. ૬.

શ્રીહરિએ કોટાનકોટી મોજ આપી છે. વર્ણન કરતાં તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. જેને જેને શ્રીહરિનો જોગ થયો હોય એવા જે કોઈ પણ બાઈ, ભાઈ કે સંત, ૭. તથા સત્સંગ સિવાયના બીજા લોકોને પણ જેનો ગણતા પાર આવે તેમ નથી. તેઓને બધાને શ્રીહરિએ અપાર મોજ આપી છે. લખતાં લખતાં તેનો પાર આવતો નથી. ૮. શ્રીહરિએ રીઝીને જેને મોજ આપી, તેઓ તો સંભારવાને લાયક થઈ ગયા. અને તે મોજ જેને જેને આપી તેમાં કાંઈ યોગ્ય અયોગ્યનો વિચાર કર્યો ન હતો. ૯. વરસાદ જ્યારે વરસે છે ત્યારે તે કાંઈ સારું નરસું દેખતો નથી. જ્યારે તે પોતાની મોટાઈને દેખે છે ત્યારે તે પોતાને તુલ્ય બીજાને દેખતા નથી. ૧૦.

એ પરમેશ્વર તો જીવ-પ્રાણીમાત્રનાં જીવનરૂપ છે. તેમની તુલનામાં તો કોઈ આવતું જ નથી. ભવ, બ્રહ્મા અને ઈંદ્ર આદિ દેવો પણ શ્રીહરિને આધીન વર્તે છે. ૧૧.

ચોપાઈ :

अक्षरमुक्त हि आदिक जेता, प्रकृति पुरुष प्रधान हि तेता;
बडे बडे जेते धाम निवासी, ताके जीवन हे हरि अविनासी...१२

दोहा : सबसे समर्थ होई हरि, वरतत होई अजान;
एसे गुन एक ताहिमें, तेहि कर सो भगवान...१३

અક્ષરધામના મુક્ત વગેરે જે હોય, પ્રકૃતિ, પુરુષ અને પ્રધાન તથા મોટા મોટા ધામના નિવાસી જે કોઈ પણ મુક્તો હોય, તે સહુનાં જીવનરૂપ તો અવિનાશી શ્રીહરિ છે. ૧૨. શ્રીહરિ સહુથી સમર્થ હોવા છતાં અજાણ્યાના જેવું વર્તે છે. તે ગુણ તો તેમનામાં એકમાં જ છે અને તેથી જ તેમને ભગવાન કહેવાય છે. ૧૩.

ચિંતમણિમાં બધી જ વસ્તુઓ રહી છે. જે ચિંતવવામાં આવે તે તરત જ દેખાય છે, દેખવામાં તે પથ્થર જેવો પથ્થર છે, પણ તે તેના પ્રતાપને કારણે પથ્થરથી વિજાતિય છે. ૧૪. **શ્રીહરિનાં સદ્‌ગુણો તો ચિંતામણિ કરતાં અનંતગણા વધારે છે. તે જે ભક્તજન હોય તેમને જ દેખાય છે, ભક્ત સિવાયનાને તો તે દેખાતા પણ નથી. ૧૫. જે લોકો ભગવાનનાં વચનોને આધીન નથી રહેતા. તેઓ તો જ્યાં જ્યાં જન્મ ધરે છે ત્યાં ત્યાં પરાધીન જ રહે છે અને તેને દુઃખનો કોઈ પાર રહેતો નથી. ૧૬.**

✷ પ્રગટ સંતની સેવાનું ફળ :

प्रोक्ष हरि हित करे जेहि जितनो, तीर्थ व्रत दान पुन्य तितनो;
साचे संत की सेवा बनी आई, तितनो ताकु सुख आत देखाई...१७

પરોક્ષ ભગવાનને પ્રસન્ન કરવા જે કાંઈ તીર્થ, વ્રત, દાન અને પુણ્ય કરવામાં આવે છે અને તેનાં ફળરૂપે જીવને જે સુખ મળે છે તેટલું સુખ તો પ્રત્યક્ષ સાચા સંતની સેવા કરે છે, તેનાથી મળી જાય છે. ૧૭.

જે મનુષ્ય ભગવાનને ભજે નહિ, હંમેશા પાપ કરતો રહે, તીર્થ અને વ્રત આદિમાં જે અતિ દ્વેષ રાખે અને સાચા સંતની સેવા પણ ન કરી શકયો હોય, તો તેને તેટલું દુઃખ અવશ્ય ભોગવવું જ પડે છે. ૧૮. તે તરફ નજર

કરવામાં આવે, તો બધું જ દેખી શકાય છે, છતાં જીવને તે મનાતું નથી અને તેણે સાચી વાતને નજરે દેખી હોય તોપણ તે એક પલક વારમાં જ ભૂલી જાય. ૧૯. **જે લોકો ભગવાનથી વિમુખ છે તે બધા ભગવાન સિવાય અન્યમાં સુખ માને છે અને જેટલું ભગવાનની વાતમાં જીવ ધ્યાન નથી દેતો તેને તેટલું દુઃખ વારંવાર આવ્યા જ કરે છે. ૨૦.**

અન્ય પદાર્થમાં જ્યાં સુધી જીવ સુખ માને ત્યાં સુધી તેને ભગવાનથી વિમુખ માનવો. અને ત્યાં સુધી તેને વારંવાર જન્મ-મરણ થયા કરશે અને અપાર દુઃખ પણ ભોગવવું પડશે. ૨૧. તેને લખચોરાશીમાં ભટકવું પડશે. તેમજ યમદૂતોનો ત્રાસ તો તેને માથેથી ક્યારેય મટશે નહિ. તે દુઃખ તો એટલું અનંત છે કે તે કહી શકાતું નથી. તેને સત્સંગ સિવાય અન્ય કોઈ દેખાડી શકતું નથી. ૨૨.

આપણા સત્સંગ સિવાયના જેટલા લોકો છે તે બધા દુઃખમાં જ સુખ માની રહ્યા છે. અનેક પ્રકારનાં પાપ કરવાને કારણે તેનું ચિત્ત રાત-દિવસ વિપરીત જ રહે છે. ૨૩. તે વિપરીત રહેતું ચિત્ત સત્સંગના વિના ક્યારેય સ્વસ્થ-શુદ્ધ થાતું નથી, એમ સહુ મોટા સંતો કહે છે, સત્સંગ વિના ઊલટા વિપરીત રહેતા ચિત્તને મિત્રના સમાન હિતકારી સત્સંગ દેખાતો નથી. ૨૪.

दोहा : सत्संग विन देव मनुष्य ही, दैत बडे बडे जोउ;
अधिपति भये त्रिलोकि के, चोरासी भटकत सोउ...२५

દેવો, મનુષ્યો અને મોટા મોટા દૈત્યો ભલે ત્રિલોકીના અધિપતિ બન્યા હોય, પણ સત્સંગ વિના તેઓ બધા લખચોરાશીમાં ભટકયા કરે છે. ૨૫. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ગોવાળો અને નિષ્કામભક્ત પાંડવો, એ જેણે જેણે સત્સંગ કર્યો હતો તે બધા ભગવાનનાં ધામમાં ગયા છે. ૨૬. જેને લેશમાત્ર સત્સંગ ન હોય, અને જે નિયમ-ધર્મને લેશમાત્ર પણ પાળતો ન હોય, કેવળ પેટ ભરવા માટે જ જે સત્સંગનો વેશ ધારણ કરતો હોય, ૨૭. આવા હોય છતાં લોકો તેને સત્સંગની ઓથે માને-પૂજે છે. સાચા સત્સંગની વાત શું કરવી ? ૨૮.

સાચો સત્સંગ તો મોટા ભાગ્યશાળી પુરુષને જ મળે છે. જેમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય હોય, પ્રકટ ભગવાનનાં સ્વરૂપનો અંતઃકરણમાં નિશ્ચય હોય, ભગવાન સિવાય બીજે કયાંય હેત ન હોય, આવો સત્સંગ દુર્લભ છે. ૨૯. ભગવાન સિવાય અન્યમાં જેટલી આસક્તિ રહે છે તેટલી તેને સત્સંગમાં કસર-ખામી છે. માટે ભગવાનના ભકતે ઘણા જ ઉત્સાહથી દિનપ્રતિદિન ઉત્તમ સત્સંગ માટે અભ્યાસ કરવો જોઈએ. ૩૦. શાસ્ત્રમાં કે મોટા પુરુષોએ આટલો સમય સત્સંગ કરવો એવો કોઈ અવધિ કહ્યો નથી. સત્સંગમાં તો અનંત સુખ રહ્યું છે. જેને સત્સંગમાં સુખ અનુભવાય નહિ, તેને સત્સંગ કરવો ગમતો નથી. ૩૧.

સત્સંગ સિવાય બીજામાં જ્યારે દુઃખ દેખાય ત્યારે જ તેનો સત્સંગ અત્યંત દૃઢ થાય છે અને જ્યાં સુધી સંસારનાં સુખમાં રસ દેખાય છે ત્યાં સુધી મનુષ્ય સત્સંગ કરે નહિ. ૩૨. સંસારમાં જેટલો રસ મનાય છે તેટલો જ જ્યારે સંસારનો અભાવ આવે, આવી બધી બાબતનો જ્યારે જોગ થાય ત્યારે જ મનુષ્ય સત્સંગમાં ચિત્તને પરોવે છે. ૩૩. સંસારમાં જેને પ્રેમ ન હોય એવા સંત જ્યારે મુમુક્ષુને મળે છે અને તેનાં મુખથી તે વાત જ્યારે સાંભળે છે ત્યારે તરત જ તેને સત્ય વાત મનાય છે. ૩૪. સંસારમાં અપાર પ્રેમ રહ્યો છે, એમ માનીને બધા સંસારી લોકો ખુવાર થઈ જાય છે. તે મૂઢ મનુષ્યોને સંસારમાં જે દુઃખ રહ્યું છે તે પૂરું દેખાતું નથી. ૩૫.

અપાર દુઃખ આવતું હોય છે તેની સામે સંસારી જીવ દષ્ટિ કરતો નથી. પણ થોડાં એવાં એ સુખની સામે તે તાકી રહે છે અને સંસારમાં જે જીવ ભગવાનથી વિમુખ છે તે લવ-ક્ષણ જેટલાં સુખને માટે અતિશય દુઃખને સહન કરે છે. ૩૬. સુખનાં લાલચું અનેક લોકો સંસારનાં સુખને માટે તો ભૂત-પ્રેતની યોનિને પામીને લખચોરાશીમાં ભટકતા ફરે છે. ૩૭. જમપુરીનું દુઃખ તો મહાન ભયંકર છે. તે રીતે જ જન્મ-મરણનું દુઃખ પણ વિકરાળ છે. છતાં ક્ષણિક સુખને માટે થઈને જીવ પ્રેમથી મહાન દુઃખને સહન કરે છે. ૩૮. જેને જેમાં જેટલી વાસના હોય તેમાં આવતા દુઃખને તે

જીવ લેશમાત્ર પણ દેખતો નથી. તે ન મળે તો ઉદાસ થઈ જાય છે. માયા જીવને આવું બંધન કરે છે. ૩૯. **મુમુક્ષુ જીવ સંતોની વાતને સાંભળ્યા પછી માયાના સ્વરૂપને જો વિચારે તો તેની અનુપમ સ્થિતિ થઈ જાય છે અને પછીથી તે અતિશય ભાવથી સત્સંગ કરે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ મોડા પધાર્યા અને કવિએ સત્સંગની દુર્લભતા કહી' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર દસમું : તરંગ - ૨૬

શેખપાટ અને ભાદરામાં શ્રીહરિનો પ્રતાપ કહ્યો

મોડા ગામમાં શ્રીહરિ એક રાત રહ્યા. સવારમાં ત્યાંથી ચાલતા થયા. **અલૈયા** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તો રોજ શ્રીહરિને ચાહતા હતા. ૧. ત્યાં હરિભક્તોએ ઘણા જ પ્રેમથી પૂજા કરી. શ્રીહરિ ત્યાં થાળ જમ્યા અને તે પછી ત્યાંથી આગળ ચાલ્યા. ૨. **શેખપાટ** ગામ આવ્યા. ત્યાં પંદર દિવસ રોકાયા. ત્યાં લાલજી સુતાર નામે એક સારા હરિભક્ત રહેતા હતા. ૩. શ્રીહરિ ત્યાં આવ્યા તે પહેલા લાલજીભક્ત લાકડું લઈને તેને ઘડવાનું કામ કરતા હતા. કામ કરતાં કરતાં તેમને માથામાં કુહાડો વાગ્યો. બેભાન થઈ ગયા અને પ્રાણ ચાલ્યા ગયા. ૪.

❋ લાલજી સુતારની રક્ષા :

લાલજીભક્તની માતા ઘણા ઉત્તમ હરિભક્ત હતા. તેને આ એક જ પુત્ર હતા. જ્યારે પુત્રનું નિષ્પ્રાણ શરીર દેખ્યું ત્યારે તે માતાએ ઘણા જ પ્રેમથી શ્રીહરિને સંભાર્યા. ૫. સંભારતાની સાથે જ તત્કાળ શ્રીહરિ પધાર્યા. ભક્તવત્સલ અને પરમ દયાળુ શ્રીહરિએ લાલજીભક્તને જોયા. ત્યારે પોતે અત્યંત ઉદાસ થઈ ગયા. ૬. તે ગામના બધા મોટા મોટા માણસો લાલજીભક્તની ખબર કાઢવા આવ્યા. સહુએ બંને હાથ જોડીને શ્રીહરિને

કહ્યું, મહારાજ ! આપ આજ આ લાલજીને જિવાડો. ૭. **આ બ્રહ્માંડમાં જેટલા જીવ કહેવાય છે તે બધાની જીવનદોરી આપના હાથમાં છે.**

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું. અમે કોઈને મારનારા નથી. ૮. મરેલાને જિવાડવાનું અમને આવડતું નથી. અને તે અમારી ખરી રીત છે. અમારા અંતર્યામી ગુરુ રામાનંદસ્વામી હતા. તેઓએ પણ આવા માનવદેહનો ત્યાગ કરી દીધો હતો. ૯. મરેલાને જિવાડવાનું જો અમને આવડતું હોય તો પહેલા અમે અમારા ગુરુને જિવાડીએને ! જેને જિવાડ્યા પછી તે ક્યારેય ફરીને મરે નહિ, તેને જ અમે ખરેખર જિવાડ્યા માનીએ છીએ. ૧૦. મરેલાને ફરીવાર જીવતા કરવું, તેને પણ અમે મરેલા જ માનીએ છીએ. આ ભૌતિક શરીરનું મરણ થવું, તે તેનો સ્વાભાવિક ગુણધર્મ છે. શરીરનું મરવું તે કાંઈ અતિ આશ્ચર્યકારી ઘટના નથી. ૧૧. જેમ શરીર મરે છે તેમ ફરીને અનંત ઉત્પન્ન પણ થાય છે. જીવ ક્યારેય મરતો નથી. સમજણની વાત જુદી જ છે. માયિક લોકો તેને જાણી શકતા નથી. ૧૨.

આટલું કહીને શ્રીહરિ ફરીવાર બોલ્યા, આ લાલજીભક્ત મર્યા નથી. તેને ઘણી ભારે મૂર્છા આવી ગઈ છે. તેમાં કાંઈ ડરવાનું નથી. ૧૩. જેનાં શરીરનું જેટલું આયુષ હોય તે જ્યારે પૂરું થાય ત્યારે તે શરીરનો ત્યાગ કરે છે. ૧૪. તે વેળાએ આવું કહીને સર્વ જગતના સ્રષ્ટા પોતે શ્રીહરિએ લાલજીભક્તને માથે પાટો બાંધ્યો. અને તેનો જીવ જ્યાં ચાલ્યો ગયો હતો ત્યાંથી તેને બોલાવ્યો. ૧૫.

ભક્તપતિ ભગવાને તેની માતાની પાસે તે વખતે શીરો બનાવડાવ્યો અને તેને પોતાના હાથે ખવડાવ્યો. ત્યારે બધા લોકોને આશ્ચર્ય થયું. ૧૬. તેમને કુહાડાનો ઘા ઘણો ભારે વાગ્યો હતો. માથું ચિરાઈ ગયું હતું. તેને સારું થવામાં ઘણો સમય લાગે તેમ હતું. પણ તે પાટો શ્રીહરિએ બાંધ્યો હતો તેથી થોડા જ દિવસોમાં લાલજીભક્ત સારા-સાજા થઈ ગયા. ૧૭. **છ મહિને પણ સારું ન થાય એવો ઘા તેમને લાગ્યો હતો. તે પંદર દિવસમાં જ શ્રીહરિએ રુઝાવી દીધો. પછી તેમને ગરમ પાણીથી નવડાવ્યા. ૧૮.**

❋ ભાદરાના ભક્તોની વિશેષતા :

તે પછી દયાળુ ચાલ્યા અને **ભાદરા** ગામ આવ્યા. ત્યાં શ્રીહરિ જેટલા દિવસ રહ્યા, હરિભક્તોને રોજ સમાધિ કરાવતા હતા. ૧૯. ભાદરા ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધાને શ્રીહરિએ સમાધિનિષ્ઠ કરી દીધા. તેઓ જે કાંઈ પણ ઘરનું કામકાજ કરતા હોય તો પણ ક્યારેય શ્રીહરિની મૂર્તિને ભૂલતા નહિ. ૨૦. **બધા બાઈ-ભાઈ હરિભક્તો અને સંતો જે જે સત્સંગ કરતા હતા, તેમાં તેઓને ભગવાનની મૂર્તિ દેખાતી અને સહુની વૃત્તિઓ તે મૂર્તિમાં ચોંટી જાતી હતી. ૨૧. ધર્મના લાલ શ્રીહરિની મૂર્તિ તે સહુને વૃત્તિઓ દ્વારા તેમના જીવમાં ચોંટી ગઈ. કેવી રીતે ? તો જેની વૃત્તિમાં તીવ્ર હેત હતું તેના અંતઃકરણમાં તે મૂર્તિ ચોંટી ગઈ. ને ત્યાંથી જીવમાં ઉતરી ગઈ. ૨૨.** વૃત્તિઓનાં જે અને જેટલાં દ્વાર (કાન, નાક આદિ) છે તે બધામાં તેટલી મૂર્તિ દેખાવા લાગી. તે અંતઃકરણ (મન, બુદ્ધિ આદિ) પર્યંત કોઈ પણ વૃત્તિ મૂર્તિ વિનાની ન હતી. ૨૩.

જેને શ્રીહરિનો આવો યોગ થયો, તે યોગ સમગ્ર યોગમાં શ્રેષ્ઠ હતો. શ્રીહરિનાં આવા યોગને સમાન બીજો કોઈ યોગ નથી. બીજા યોગમાં તો સામર્થ્ય થોડું હોય છે. ૨૪. અન્ય યોગમાં તો સાધનોનો કોઈ પાર નથી રહેતો. અને તે સાધન કરવામાં કષ્ટ પણ ઘણું સહેવું પડે છે. તેનું ફળ તુચ્છ હોય છે અને તેપણ એક જ વાર મળે છે. ૨૫. છેલ્લે જે માયિક સુખ હોય છે તે બધાં સમાપ્ત થઈ જાય છે. એ જે ભગવાનના યોગનું અમાયિક સુખ હોય છે તેની સમાપ્તિ ક્યારેય થાતી નથી. ૨૬.

❋ શ્રીહરિના શરણ સિવાય બધે દુઃખ છે :

सोरठा : ब्रह्मांड में जितनो सुख, पाताल से पुरुष प्रकृति लग;
तिनसे अनंत हि दुख, होवत हरि को न शरण जेहि...२७

अपार सुख हि जोउ, हरि के शरण कु मिलत तेहि;
अमायिक हि सोउ, नाश न होवत कबु तेहु...२८

જો ભગવાન શ્રીહરિનું શરણ ન સ્વીકાર્યું હોય તો, પાતાળથી લઈને પ્રકૃતિ-પુરુષના લોક સુધીનું જે સુખ છે, તેનાથી અનંતગણું દુઃખ થાય

છે. ૨૭. શ્રીહરિનાં શરણનું જે અપાર સુખ મળે છે તે અમાયિક-દિવ્ય હોય છે, અને તેનો ક્યારેય નાશ થતો નથી. ૨૮.

✵ જ્યારે માયામાં દુ:ખ દેખે ત્યારે સત્સંગનું સુખ પામે :

જેટલું માયિક સુખ કહેવાય છે, તેને જ્યાં સુધી જીવ સુખદાઈ માને છે ત્યાં સુધી તેને સત્સંગ થાતો નથી અને અનંત જન્મ સુધી તે ભગવદ્ વિમુખ જ રહે છે અને અનેક જન્મોને ખુએ છે. ૨૯. જ્યારે જીવ માયિક સુખને દુઃખરૂપ દેખે છે ત્યારે તે સત્સંગ કરે છે અને ભગવદ્‌વિમુખ રહેતો નથી અને બ્રહ્માંડમાં જેટલાં સુખ છે તે બધાને તે અત્યંત દુઃખદાયક સમજે છે. ૩૦. મુમુક્ષુ જીવને એવા સંતનો જોગ જો થઈ જાય તો તે તરત જ સત્સંગી થાય અને તે સંતને આ સંસારની જેવી અરુચિ હોય છે તેવી તે મુમુક્ષુ જીવને પણ કરાવી દે છે. ૩૧. તે મુમુક્ષુઓમાં પણ જેવો જે અધિકારી હોય, તેની આગળ સંતો તેવી વાત કરે છે. યોગ્ય અધિકારી સિવાયનાને જેટલી કરેલી હિતની વાત હોય તેમાંથી એક પણ વાત કાંઈ સમાસ કરતી નથી. ૩૨.

જ્યાં સુધી વાસણ ફૂટેલું હોય ત્યાં સુધી તેમાં દૂધ કે પાણી રહેતું નથી. જો કોઈ સ્થૂળ પદાર્થ હોય તો તે ફૂટેલા પાત્રમાં રહે છે. જેવું પાત્ર હોય તેવું તે કામમાં લઈ શકાય છે. ૩૩. લાકડું, પથ્થર, લોઢું, ચાંદી, સોનું, વગેરેમાં પણ કારીગર સિવાય ઘાટ બની શકે નહિ, દુનિયામાં કારીગરી અનંત પ્રકારની છે અને તે બધાના ગુરુ પણ ભિન્ન ભિન્ન હોય છે. ૩૪. તે રીતે જ મોક્ષ કરનારા ગુરુ પણ ચાર પ્રકારના છે એમ વિચારવું. જેમ કે, એક શ્રીહરિ, બીજા ધર્મનિષ્ઠ આચાર્ય, ત્રીજા ધર્મનિષ્ઠ સંત અને ચોથા દૃઢ ધર્મનિષ્ઠ હરિભક્ત છે. ૩૫. એટલાનો યોગ થવાથી સત્સંગ થાય છે, અને તેથી જીવનમાં કુસંગ અને માયિકભાવ રહેતો નથી. જ્યારે ભગવાન સિવાય બીજું કાંઈ સુખદાયક જેને ન મનાય ત્યારે તેનો સત્સંગ દૃઢ થયો કહેવાય. ૩૬. આ વેળાએ જે હરિભક્તોએ દૃઢ સત્સંગ કર્યો છે તેઓ ભગવાન સિવાયની અન્ય માયિક વસ્તુને ભગવાનથી અધિક માનતા નથી. ૩૭. આ માયિક મનુષ્ય દેહ સિવાય બીજા કોઈ દેહમાં પ્રગટ ભગવાનનો યોગ થાતો નથી. અને માયિક પદાર્થોથી જ સર્વ ભગવાનને પૂજે છે અને બધા પાપોને ધોઈ નાખે છે. ૩૮.

सोरठा : अमायिक हरि के जोग, मायिक जो जो वस्तु सब;
अमायिक होत निरोग, प्रताप हरि को न जात कहेउ...३९
मायिक अमायिक होत, अमायिक के जोगकर;
मायिक भाव हि खोत, अमायिक को हे प्रताप अति...४०

અમાયિક એવા ભગવાનના યોગથી બધી જ માયિક વસ્તુઓ અમાયિક થઈ જાય છે, નિર્દોષ થઈ જાય છે. આવો ભગવાનનો પ્રતાપ વર્ણવી શકાતો નથી. ૩૯. અમાયિક ભગવાનના યોગથી માયિક પદાર્થ પણ અમાયિક થઈ જાય છે. કારણ કે દિવ્ય પરમેશ્વરનો પ્રતાપ અત્યંત મહાન છે કે તેનાથી તે માયિક પદાર્થનો માયિકભાવ નાશ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દસમ પૂરમાં 'શેખપાટ અને ભાદરામાં શ્રીહરિનો પ્રતાપ કહ્યો' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર દસમું : તરંગ - ૨૭

શ્રીહરિએ માંડવી બંદરથી નિયમોની પ્રધાનતાનો પત્ર લખ્યો

શ્રીહરિ ભાદરા ગામથી ચાલ્યા. **જોડિયા** બંદર આવ્યા. ગામમાં જેટલા હતા તેટલા બધા હરિભક્તો શ્રીહરિની સામે લેવા આવ્યા. ૧. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. પછી ગામમાં લઈ ગયા. પોતાનાં મકાનમાં ઉતારા આપ્યા અને રસોઈ તૈયાર કરાવી. ૨. શ્રીહરિ પ્રેમભાવથી જમ્યા. એક રાત ત્યાં રોકાયા. બીજે દિવસ સવારમાં બંદરે જઈને વહાણમાં બેઠા. ૩. સમુદ્રની ખાડી ઊતરીને **માંડવી** બંદર આવ્યા. ત્યાં માંડવી ગામમાં મેઘજી નામે એક સુતાર હરિભક્ત રહેતા હતા. ૪. બીજા એક હરિભક્ત ખત્રી દેવસીભાઈ નામે હતા. તે સિવાયના બીજા હરિભક્તો અપાર હતા. તેમના નામ લખ્યે પાર આવે તેમ નથી. ૫.

માંડવીમાં જેટલા બાઈ-ભાઈ હરિભક્તો હતા તેઓ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ હરખથી ફૂલહાર પહેરાવ્યા. ચરણોમાં પડ્યા અને

પછી બોલ્યા. ૬. મહારાજ ! કચ્છના જે બાઈ-ભાઈ હરિભક્તો છે તેઓ બધા આપની આવવાની ઘણા સમયથી વાટ જોઈ રહ્યા છે. આપ પ્રાણઆધારે અમને દર્શન દીધાં છે તો આપ ભલે પધાર્યા. ૭. દેશેદેશમાં જે સત્સંગ થયો છે તે આપનો અમૂલ્ય બાગ છે. તેમાં હરિભક્તો કલ્પવૃક્ષ જેવા છે. તેઓ હેતરૂપી અનેક પ્રકારનાં ફળોને ધારી રહ્યા છે. ૮.

હરિભક્તોના સમાન બીજો કોઈ બાગ નથી. જો કે જગતમાં બધે બીજા મતપંથ તો છવાઈ ગયા છે. તેમાં અનુયાયી મનુષ્યરૂપી જે વૃક્ષ છે તેઓ તો આકડા, ધતૂરા અને અફીણના ઝાડ જેવા છે. ૯. તેના ઉપર વિષયરૂપી ઝેરનાં ફળ લાગેલાં રહે છે. તેને જે ખાય તેના તરત જ પ્રાણ જાય છે. ભમરા જેવા જે બધા મુમુક્ષુ જીવો છે તેઓ તો તેનો દૂરથી જ ત્યાગ કરી દે છે. ૧૦. વિષયરૂપી ઝેરી ફળના રસમાં જેને આનંદ આવતો હોય તેઓ તે મતપંથમાં રહીને પોતાને મહાન ભાગ્યશાળી માને છે પણ તેનું ફળ તો ઘોર જમપુરી છે. કારણ કે ધર્મનો ત્યાગ કરનારા શ્રીહરિના ચોર થાય છે. ૧૧. તેઓ જન્મ-મરણ અને લખચોરાશીને પામે છે. તેમાં એટલું દુઃખ ભોગવવું પડે છે કે જે કહી શકાતું નથી. જે લોકો સત્સંગને તજીને વરતે છે તે લોકોને ઉપર કહ્યું તે દુઃખરૂપ ફળ મળે છે. ૧૨.

માણસ જ્યાં સુધી પંચવિષયમાં સુખ માને છે ત્યાં સુધી તેને જન્મ-મરણ અને ચોરાશીમાં ભટકવું જ પડે છે. ૧૩. અને તેને વારંવાર જમપુરીનું દુઃખ ભોગવવું પડે છે. પછી જ્યારે તે સત્સંગ કરે છે ત્યારે બધી જાતનાં પાપ અને દુઃખોથી છૂટી જાય છે. ૧૪.

✵ સત્સંગની દુર્લભતા :

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે સહુ હરિભક્તો સાંભળો, તમારાં મહાનભાગ્ય છે તે તમે સત્સંગી થયા છો. ૧૫. ભવ અને બ્રહ્માના સમાન કોઈ બીજા દેવ કે મનુષ્ય નથી. આખું જગત તેમને વંદન કરે છે. તે ભવ અને બ્રહ્મા પણ આ સત્સંગને ચાહે છે. ૧૬.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड ही जेहा, प्रधान पुरुष सो कारण तेहा;
पुरुष प्रकृति कारण हे तेहु, प्रधान पुरुष कहे जो एहु...१७
ताकी आगे भव ब्रह्मा जेसा, सूर्य आगे पतंग हि तेसा;
अक्षरब्रह्म कहावत जाहि, पुरुष प्रकृति के कारण ताहि...१८
एसे कहे सब बडे जेते, एक एक के हे कारण तेते;
सो सब हि चाहत सत्संगा, मागत हे अहोनिश उमंगा...१९

આવા અનંત કોટિ બ્રહ્માંડોનું કારણ પ્રધાન અને પુરુષ છે અને તે પ્રધાન-પુરુષનું કારણ પ્રકૃતિ અને પુરુષ છે. ૧૭. તે પ્રકૃતિ-પુરુષની આગળ ભવ, બ્રહ્માદિક જેવા દેવો તો સૂર્યની આગળ આગિયા જેવા છે અને જે અક્ષરબ્રહ્મ છે તે પ્રકૃતિ-પુરુષનું પણ કારણ છે. ૧૮. એવા જે મોટા કહ્યા તે બધા એક એકનું કારણ છે તે બધા સત્સંગને ચાહે છે અને અહોનિશ ઉમંગથી સત્સંગને માગે છે. ૧૯.

આપણા સત્સંગની તો એવી મોટાઈ છે કે તે ઉપર કહેલા મોટા મોટાઓને પણ તે મળવો દુર્લભ છે. નારદ, શુકદેવજી અને સનકાદિક જેવા પણ આ સત્સંગને રાત-દિવસ ચાહે છે. ૨૦. **આવા સત્સંગ ઉપર જેને ભાવ ન હોય તે ઘણો ડાહ્યો હોય તોપણ નુકશાનીને માર્ગે છે. તેને સત્સંગ કરવાની કાંઈ ગમ નથી એટલે તેના જેવો બીજો કોઈ અંધ અને બહેરો નથી. ૨૧.** જે લોકો સત્સંગ તરફ આંધળા અને બહેરા છે તેઓ વારંવાર સત્સંગની મશ્કરી કરતા હોય છે પણ જે સમજુ હરિભક્તો છે તેઓ તેની બાબતનો વારંવાર શોક કરતા હોય છે (કારણ કે તેનો મનુષ્ય જન્મ નિરર્થક થતો હોય છે.) ૨૨. જે લોકો આવો મનુષ્ય દેહ મળ્યો છતાં સત્સંગ બાબતે આંધળા અને બહેરા જ રહે તે લોકો પછીનો દેહ તમોગુણ પ્રધાન જ પામશે. અત્યારે જેને સત્સંગ થયો છે તેના સમાન તો બીજો કોઈ મહાન ભાગ્યશાળી નથી. ૨૩. તેઓ તો અક્ષરધામના અધિકારી થઈ ગયા છે અને તે સત્સંગી નર-નારીઓ સંપૂર્ણ જગતમાં વંદનીય થયા છે. અત્યારે આપણા સત્સંગના જે નિયમ છે. તે બધાં ધર્મનાં અંગો છે. ૨૪.

સત્સંગના જે નાના મોટા નિયમ હોય, તે આપણા પરમ ઘરેણાંરૂપ છે એટલે તે નિયમોને હરિભક્તોએ અવશ્ય પાળવા. ૨૫. બીજા આભૂષણો તો અનેક હોય છે. કરોડો રૂપિયાની કિમંતના હોય છે. પણ સત્સંગના નિયમરૂપ જે આભૂષણ છે તે સહુને શોભાડે છે. ૨૬.

નિયમરૂપ જે આભૂષણ છે તે બીજા બધા આભૂષણોનો આત્મા છે અને અત્યધિક શોભારૂપ છે, માટે સહુ હરિભક્તો તેને હેતથી ધારણ કરે છે. ૨૭. જે જે હરિભક્તો છે તેમને આ લોક-પરલોકમાં આ નિયમ-ધર્મ અતિ હિતકારી છે માટે અખંડ નિયમમાં વર્તવું. ૨૮. જે કોઈ લોકો જેટલું નિયમ વિના વર્તશે તેને તેટલું દુઃખ અવશ્ય આવશે. જે મનુષ્ય નિયમનાં બંધનથી રહિત થઈને પોતાના સામર્થ્યથી ઉપરવટ જઈને વેગમાં ચાલતો હોય અર્થાત્ શક્તિનો રોફ બતાવતો હોય, ૨૯. તેને તેનું ફળ તરત જ અહીંયાં મળે છે. તેવું કેટલીક જગ્યાએ દેખાય છે. માટે હરિભક્તે ઘણો વિવેક રાખવો અને ટેકધારી થઈને નિયમ પાળવા પણ નિયમનાં બંધન રહિત ન થાવું. ૩૦.

જે નિયમનાં બંધનથી રહિત હોય તે હરિભક્ત કહેવાય નહિ. ભલેને તે ઉપરછલો વેશ બનાવતો હોય ! તે વેશ તો લોકોને ઠગવા માટેનો હોય છે, એટલા માટે સાચા હરિભક્તે તેનો સંગ રાખવો નહિ. ૩૧. ગામેગામ જે કોઈ હરિભક્ત બાઈ-ભાઈ સહુ હોય તેમણે તથા બાઈયુએ બાઈયુમાં ખાસ ધ્યાન રાખવું કે તે હરિભક્ત પાકો છે કે ઠગ છે ? તેની પરીક્ષા કરવી. ૩૨. અને પુરુષોએ પુરુષોમાં ધ્યાન રાખવું, કોઈ હરિભક્ત ઠગ નીકળે તો તેને દૂર કાઢી મૂકવો. નિયમભંગ થાય એવી કોઈ વાત કહેનાર કોઈ બાઈ કે ભાઈ જણાઈ આવે તો, ૩૩. મોક્ષભાગી હરિભક્તે તેનો સંગ ક્યારેય રાખવો નહિ. કેમ જે, જે હરિભક્તો નિયમોને દૃઢપણે પાળશે તે જ બ્રહ્મમહોલમાં જાશે. ૩૪.

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ **માંડવી** બંદર આવ્યા અને જમ્યા. પછી દેશેદેશમાં રહેતા બધા જ હરિભક્તોના ઉપર એક પત્ર લખાવ્યો. ૩૫. જે હરિભક્ત થઈને નિયમ ન રાખે, નિયમ ન પાળે તે તો તરત જ દેખાઈ

આવે. સત્સંગીને તે દેખાય અને બિનસત્સંગીને પણ તે દેખાય. સહુને તે ખબર પડી જાય છે. ૩૬. એક જ છાપના રૂપિયા બધા એકસરખા ઊજળા હોય છે પણ જે બુદ્ધિશાળી મનુષ્ય છે તે તેની પરીક્ષા કર્યા સિવાય તેમાં વિશ્વાસ કરતો નથી. ૩૭. પાંચ જણ પાસે તે પરખાવીને લેવા-દેવાનો વ્યવહાર કરે છે. એક જણના કહેવા ઉપર તે બુદ્ધિમાન વિશ્વાસ કરતો નથી. ૩૮.

જેનાં હૃદયમાં સત્સંગ પાકો હોય તે નિયમોને દૃઢપણે પાળે છે અને સત્સંગની જે પ્રથા હોય તેની પણ વાતો કરતો રહે છે. ૩૯. પાકા હરિભક્તની રીત-વર્તન તે છે કે તે સંતોને વર્તવાની રીતને અને હરિભક્તોને વર્તવાની રીતને પ્રેમથી કહેતો-સાંભળતો રહે. ૪૦. અને અમારો પ્રતાપ જે દેખ્યો હોય, જે સાંભળ્યો હોય, તેની વાત પણ બીજાને ભાવના વધે તે રીતે કહેતો રહે. ૪૧. શ્રીહરિએ આવી રીતનો પત્ર લખાવીને દેશેદેશમાં મોકલ્યો. તે પત્રને વાંચી-સાંભળીને જે સત્સંગ કરતા હોય તે હરિભક્તોને સારા-પાકા સિદ્ધ કરવા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ માંડવીથી નિયમની પ્રધાનતાવાળો પત્ર લખ્યો' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર દસમું : તરંગ - ૨૮

શ્રીહરિનું કચ્છમાં વિચરણ અને નીતિમાન રાજાનું કથન

કચ્છ દેશમાં જેટલા હરિભક્તોના ગામ છે તે પ્રત્યેક ગામ શ્રીહરિ દર્શન આપવા ગયા અને ત્યાં એકેક દિવસ રોકાયા. ૧. જે ગામમાં શ્રીહરિ જાતા, ત્યાંના હરિભક્તોને તેમનાં વર્તનની બાબતમાં ઘણા પ્રેમથી પૂછતા હતા. ૨. સત્સંગની જે પ્રથા છે, તેનાથી કોઈ ઓછું કે વધું વર્તતા હોય તો તેમને સત્સંગના વર્તનથી વિરુદ્ધ વર્તન જાણી રોકતા અને સત્સંગની પ્રથા પ્રમાણે ચલાવતા. ૩. એક વાર કે બે વાર તેને કહેતા-ટોકતા. છતાં જે નિયમ પ્રમાણે ન ચાલે તો તેને ફરી કહેતા નહીં અને તેને સત્સંગથી અલગ કરી દેતા. ૪.

સંતો જો સંતોની મર્યાદામાં ચાલે તો તેને દેખીને રાજી થાતા અને બ્રહ્મચારી જો પોતાની રીતિ-પ્રથા પ્રમાણે રહે તો તેના ઉપર બહુ જ હેત કરતા હતા. ૫. સંન્યાસી સંન્યાસીની રીતમાં રહેતા હોય તો શ્રીહરિ તેને હેતે કરીને બોલાવતા અને પાર્ષદો જો પાર્ષદની રીત પ્રમાણે ચાલતા હોય તો તેના ઉપર અત્યંત પ્રેમ રાખતા હતા. ૬. અને ગૃહસ્થ હરિભક્તો જેવો પોતાનો વર્ણ હોય તે પ્રમાણે વિચારીને ગૃહસ્થના ધર્મ પ્રમાણે ચાલતા. તેઓ સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મને પાળીને નિયમિત સત્સંગ કરતા હતા. ૭. સત્સંગી નિયમ-વર્તનમાં જે દૃઢ થાતા હતા તે તેની વર્તણૂંક ઉપરથી દેખાઈ આવતું હતું. અને જે સંતો તથા બ્રહ્મચારીઓ હતા તેમને શ્રીહરિ દેશેદેશમાં સત્સંગ કરાવવા મોકલતા હતા. ૮. તે સત્સંગની વાતો કરવા મોકલતા. હરિભક્તો જેમ જેમ વાતો સાંભળતા તેમ તેમ સત્સંગમાં આગળ વધતા. હરિભક્તોના ચાર નિયમ - દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી અને અવેરી-વ્યભિચાર ન કરવો. તેને દેખીને મતપંથી ગુરુઓ અને તેના શિષ્યો કે જેઓ નિયમમાં વર્તતા નહોતા, એવા ચારે વર્ણના અને ચારે આશ્રમના બધા ખુવાર થઈ ગયા હોય તેવું દેખાયું. ૯-૧૦.

શ્રીહરિએ સત્સંગની પ્રથા નક્કી કરી અને તે પ્રમાણે સહુને નિયમમાં વર્તાવ્યા. અને જે ધર્મના નિયમ પ્રમાણે ન વર્તે તે બધા મતપંથીઓ કહેવાયા. ૧૧. તે મતપંથીઓ ગુપ્ત રીતે પાપ કરતા, તોપણ તે બહાર પ્રગટ થઈ જાતું હતું. સૂર્યના અજવાળા જેવો ધર્મ પ્રસિદ્ધ પ્રકટ હોવા છતાં તે નઠારા લોકો પાપ કરતા રહેતા હતા, પાપને છોડતા નહિ. ૧૨. જ્યારે પાપી લોકો સૂર્ય દેવની પણ મર્યાદા ન રાખે ત્યારે ભગવાન પ્રકટ થઈને બધા નિયમ-ધર્મને પ્રવર્તાવે છે. ૧૩. **શ્રીહરિએ કરેલા પ્રત્યેક નિયમમાં સૂર્યના કરતા પણ અનંત ગણો પ્રતાપ રહ્યો છે. સ્વયં શ્રીહરિએ આવા અપાર નિયમ પ્રકટ કર્યા છે. ૧૪.** લોકોને આપણો સત્સંગ જેમ જેમ રુચતો થયો તેમ તેમ શ્રીહરિએ પ્રતિવર્ષ એક એક નિયમને વિશેષપણે પ્રકટ કર્યો. ૧૫.

શ્રીહરિએ કળિયુગનું અપાર બળ દેખ્યું. પછી અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે તેમણે અપાર કરુણા કરી છે. ૧૬. સત્સંગની પ્રથાને-નિયમોને

જે દિનપ્રતિદિન વધારે પ્રવર્તાવે, એવા રાજાને શ્રીહરિએ પ્રકટ કર્યા અને બેકેદ-નિર્મર્યાદ વર્તતા હતા તેવા અધર્મી રાજાઓને તેણે જીતી લીધા. ૧૭. જે રાજાઓ ભગવાને કહેલા ધર્મના નિયમોને પાળતા નહિ, એવા બાંકા-ફાફડા અને કરોડોની સેનાવાળા તે રાજાઓને નીતિકુશળ એવા તેણે ધીરે ધીરે પોતાને કબજે કરી લીધા. ૧૮. તે રાજા અધર્મ કરીને કોઈનો વિનાશ ક્યારેય કરતા નહિ. કોઈ પણ બાબત હોય, તેમાં તે કરોડવાર તપાસ કરતા અને કોઈની બૂરી બાબતમાં તે પગલું ભરતા નહિ. ૧૯. તે કોઈ પણ નીતિ વગર કરતા નહિ. નીતિને દેખીને આગળ પગલું માંડતા. નીતિ છોડીને તે એક પણ વાક્ય બોલતા નહિ. નીતિને અનુસારે જ બધું દેખતા અને સાંભળતા. ૨૦.

ખાવું, પીવું, ઊઠવું, બેસવું વગેરે નીતિ પ્રમાણે કરતા હતા. અને તેઓ જે જે ક્રિયા કરતા તેમાં દેશ અને કાળની પૂરી તપાસ કરતા હતા. ૨૧. તેઓ નીતિને છોડીને ક્યારેય ચાલતા-વર્તન કરતા નહિ. ક્યારેય તપી જતા-ક્રોધ કરતા નહિ. અને ક્યારેય કડવું વેણ બોલતા નહિ. તેમજ પ્રજામાં પણ જે મનુષ્યો નીતિ પ્રમાણે ચાલતા તેમના ઉપર દિન પ્રતિદિન દયા રાખતા હતા. ૨૨. અનીતિના ઉપર તેની ક્રૂર દૃષ્ટિ રહેતી, રાત-દિવસ નીતિ સ્થાપનનો જ વિચાર કરતા હતા અને અનીતિને જડમૂળમાંથી ઉખાડી નાખવામાં તેનો આગ્રહ રહેતો હતો. ૨૩. વધારે પડતા ધનથી તેઓ મોટાઈ માનતા નહિ, તેઓ નીતિ સમાન કોઈ ધનને જાણતા નહીં અર્થાત્ નીતિને જ સર્વોત્તમ ધન જાણતા. જેટલો જે નીતિમાન હોય તેટલો તેને તેઓ બુદ્ધિમાન માનતા હતા. ૨૪.

મનુષ્ય ઘણો બુદ્ધિમાન હોય કે તેની પાસે અનંત ધનનો ભંડાર હોય, પણ જો તેમાં નીતિ નહિ હોય તો તે અનેક પ્રકારના ફેલ કરશે અને વ્યસન કરશે, એટલે તેઓ નીતિ રહિતને ગમાર કહેતા. ૨૫. નીતિની સાથે જેટલી તેમાં બુદ્ધિ હોય તેટલું તેમનું સન્માન તેઓ ઘણું જ હેત દેખાડીને કરતા. એવા તે રાજા બુદ્ધિમાન હતા. ૨૬. તે રાજાનો એક ક્ષણ જેટલો સમય પણ નીતિ વિના વીતતો નહિ. તેણે નીતિની અચળ ટેક રાખી હતી. તેથી દિનપ્રતિદિન તેનો પ્રતાપ વધતો રહેતો. ૨૭. **સંતો નીતિવાળા હતા.**

હરિભક્તો પણ નીતિવાળા જ હતા. જગતમાં બીજા પણ જે નીતિમાન હતા તે સહુની શોભા તેનાં રાજ્યમાં વિશેષ જણાતી હતી. ૨૮.

✵ નીતિ-અનીતિની ઓળખ :

તે બુદ્ધિમાન રાજા નીતિને ભગવાનનું સર્વોચ્ચ સ્વરૂપ માનતા. કારણ કે, જે નીતિમાન હોય છે તેને ખાન-પાન વગેરે દેવોના સમાન મળતું હોય છે. ૨૯. નીતિમાને કહેલા વચનને આખું જગત પ્રમાણરૂપ માને છે. નીતિનું સામર્થ્ય અપાર છે. તેને જે નીતિમાન હોય તે જાણી શકે છે. ૩૦. જે ગબડગંડ હોય તે તો આંધળાના જેવો છે. તે તો નીતિના માર્ગને તજી દઈને અનુમાનથી ચાલતો હોય છે. જેવી રીતે માર્ગ છોડીને ચાલનારો દુઃખ પામે છે તેવી જ રીતે નીતિ તજીને ચાલનારો દુઃખ પામે છે. ૩૧. દુનિયામાં જેટલાં દુઃખ કહેવાય છે તે બધાં નીતિનો ત્યાગ કરનારને આવે છે. અનીતિ અને અધર્મને એક સમજવા. તેમજ નીતિને અને ધર્મને એક સમજવા. ૩૨.

અનીતિ અને પાપ બંને એક છે અને નીતિ તથા પુણ્ય, એ બંને પણ એક જ છે. અનીતિને અસત્ માર્ગ કહેવાય છે અને નીતિને સન્માર્ગ કહેવાય છે. ૩૩. અનીતિ એ જ પૂરેપૂરું દુઃખ છે. જે દુઃખમાં ચાલે તેને સુખ ક્યાંથી મળે ? ઝેર ખાઈને જેવું સુખ માણે તેવું સુખ નીતિ વિના માનવું. ૩૪.

ભગવાન જેનો હાથ પકડે છે, તે નીતિને સાથે રાખે છે. નીતિમાન મનુષ્ય ભગવાનની નજીક છે એમ માનવું અને અનીતિવાળાનું ઠામ-ઠેકાણું જમપુરી છે એમ સમજવું. ૩૫. જેના ઉપર ભગવાનની કૃપા થઈ હોય તેને બંને બાબત સ્પષ્ટ દેખાય છે. શાસ્ત્ર અને સંતો કહે છે કે ભગવાનની કૃપા વિના નીતિ અને અનીતિનું સ્વરૂપ અને તેનું ફળ વગેરે દેખાતું નથી. ૩૬. શાસ્ત્ર અને સંતો માણસને નીતિમાર્ગ દેખાડે છે છતાં તે દેખતો નથી તો પછી તેને સુખ ક્યાંથી મળે ? અને જે સુખને માર્ગે ચાલે નહિ તેને તો નિરંતર દુઃખ જ રહેવાનું છે. ૩૭.

दोहा : समझ में हे सुख अति, दुःख कबु आवे नाहिं;
समझ विन दुःख अनंत हे, सो मुख कहे न जाहि...३८

सोरठा : समझ को हे सत्संग, समझ आवे सुख की जो जेहि;
दिन दिन चढे तेहि रंग, सुख हे हरि के स्वरुप महिं...३९
हरि के स्वरुप विन सुख, अनंतकोटि ब्रह्मांडहु को;
सब ही मानत दुःख, एसे भये हरिजन संत अब...४०

સમજણમાં અતિ સુખ રહ્યું છે. સમજણવાળાને ક્યારેય દુઃખ આવે નહિ. સમજણ વિના તો અનંત પ્રકારના દુઃખ છે. જેનો કહ્યે પાર આવતો નથી. ૩૮. સત્સંગ સમજણનો છે. જો સુખની સમજણ આવે તો દિન પ્રતિદિન સત્સંગનો રંગ ચઢતો રહે. અને તે સુખ ભગવાનનાં સ્વરૂપમાં છે. ૩૯. આજના સમયમાં સંતો અને હરિભક્તો એવા થયા છે કે, તેઓ ભગવાનનાં સ્વરૂપનાં સુખની તુલનામાં અનંત કોટી બ્રહ્માંડોનાં સર્વે સુખને પણ ભયંકર દુઃખરૂપ માને છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિનું કચ્છમાં વિચરણ અને નીતિમાન રાજાનું કથન' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર દસમું : તરંગ - ૨૯

શ્રીહરિનું કચ્છમાં વિચરણ અને ભચાઉમાં પ્રતાપ જણાવ્યો

મુક્તાનંદસ્વામી કહે છે : કચ્છના કાળાતળાવ ગામમાં ભીમજીભાઈ નામે સુતાર સારા સત્સંગી હતા. શ્રીહરિ તેના ઉપર અપાર દયા કરીને તેના ઘેર વારંવાર આવીને રહેતા હતા. ૧. જેના ઉપર શ્રીહરિ કૃપા કરે છે તેનાં ભાગ્યનો કોઈ પાર નથી. હે ઉત્તમનૃપ ! તમારા ભાગ્યનો પણ અત્યારે કોઈ પાર લઈ શકે તેમ નથી. ૨. તમારું બધું કુટુંબ અત્યારે ધન્ય ભાગ્યશાળી થયું છે અને તમારા પુત્રો તથા બીજો બધો પરિવાર પણ આખા બ્રહ્માંડમાં "ધન્ય ધન્ય" થઈ રહ્યો છે. ૩. કરોડો બ્રહ્માંડમાં રહેનારા દેવો અને નરનારીઓ બધા એકેએક લોકમાં તમારી મહાકીર્તિને ગાતા ક્યારેય થાકતા નથી. ૪.

✵ શ્રીહરિએ જે સુખ આપ્યું તે પ્રવીણ ભક્તો જાણે :

હે ઉત્તમનૃપ ! તમે, તમારાં કુટુંબીઓ અને બીજા બધા સત્સંગી બાઈ-ભાઈ જે હોય તે બધા આ વેળાએ અત્યંત ધન્ય ધન્ય બની ગયા છો. મુખથી કહી કહીને ઘણું કેટલુંક કહેવું ? ૫. તમારાં અપાર ભાગ્યનું વર્ણન કરતાં પાર આવતો નથી. અને જો વર્ણન ન કરીએ, તો તે દેખાય પણ કેમ ? પૂર્વે જે જે અવતાર જેવા થયા છે તેમનો પ્રતાપ પણ તેવાં રૂપમાં લખાયો છે. ૬. તેમના ભક્તોનાં ભાગ્ય જ્યારે લખ્યાં છે ત્યારે તે બધા જગતમાં સહુ તેને જાણે છેને ? જે લોકો તે ભક્તોની વાત કાનથી સાંભળે છે ત્યારે તેમને તે પ્રભુનાં ચરણોમાં હેત થાય છે. ૭. હરિભક્તોને ભગવાનનાં ચરણોમાં જો હેત થાય તો તેમને આવાગમન-જન્મમરણનું બધું જ દુઃખ નષ્ટ થઈ જાય છે. તેનું વર્ણન કરવાનો એવો લાભ છે કે તેનાથી અતિશય અલભ્ય સુખ મળે છે. ૮.

શ્રીહરિ પણ ભક્તોને અલભ્ય લાભ આપવાને માટે જે આજે સત્સંગમાં વિચરણ કરી રહ્યા છે. આજે જે સુખ હરિભક્તોને આપે છે, અગાઉ કોઈ ભક્તને આવું સુખ મળ્યું નથી. ૯. સુખકારી ભગવાને પૂર્વે અનંત અવતારો ધાર્યા છે અને જેટલા દિવસ ભૂમિ ઉપર ચરિત્ર કર્યા-વિચર્યા. તે સમયે તે અવતારોએ પોતપોતાના ભક્તોને જે સુખ આપ્યું અને જે કાંઈ સામર્થ્ય ધાર્યું, ૧૦. તે બધાની તુલના આ અવતારનાં એક જ દિવસના સુખ અને ચરિત્રોની સરખામણીમાં કરીએ તો તે બધાં સુખ, ચરિત્ર અને સામર્થ્ય ફિક્કા જેવા લાગે છે. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી દિન પ્રતિદિન નવાં નવાં સુખ આપ્યાં છે. ૧૧. આટલાં બધાં ચરિત્ર લખવાવાળો કોણ છે ? બ્રહ્માંડમાં કરોડો વર્ષનું આયુષ્ય ધારીને કોઈ ચરિત્રોને લખે તોપણ તેનો પાર આવે તેમ નથી. આ વેળાએ એટલાં બધાં અનંત ચરિત્ર કર્યાં છે. ૧૨.

શ્રીહરિ કાળાતળાવથી હરિભક્તોને દર્શન દેવા માટે **તેરા** બંદર આવ્યા. ત્યાં જે સુતાર હરિભક્ત હતા તેને ઘેર ઊતર્યા. ૧૩. તેના મનોરથ પૂરા કરીને શ્રીહરિ **અંજાર** ગામ આવ્યા. ત્યાં પણ હરિભક્ત સુતાર હતા તેના ઉપર

શ્રીહરિએ બહુ કરુણા કરી. ૧૪. તેણે શ્રીહરિની ઘણી સેવા કરી. પછી ત્યાંથી ચાલ્યા. જેમનાં રહસ્યને કોઈ ઓળખી શકે નહિ એવા પ્રભુ **માનકૂવા** ગામ આવ્યા. ૧૫. ત્યાં દરબાર અદાભાઈ નામે પોતાના અપાર પ્રેમી હરિભક્ત હતા. શ્રીહરિ પછી તેને ઘેર રહ્યા. ૧૬. શ્રીહરિ જ્યાં જ્યાં જેટલા દિવસ રહેતા ત્યાં ત્યાં ત્યાંના ભક્તોને તેટલું સુખ આપતા હતા. અતિશય ભાવ વધતો રહે એ રીતે સુખ આપતા. અને જે ગામમાં જેટલા ભક્તો હોય, ૧૭. તે પ્રમાણે શ્રીહરિ તે ગામોમાં ફરતા અને રોકાતા હતા અને ત્યાં ગામેગામ રોજ રોજ હરિભક્તોને ધારણા, ધ્યાન અને સમાધિ કરાવતા. ૧૮.

પોતાનું જેટલું ઐશ્વર્ય હતું તે બધું ભક્તોને ધ્યાનમાં દેખાડતા. જે માયાના આવરણના દરવાજા બંધ હતા, તે બધાને આ વખતે ખોલી નાખ્યા હતા. ૧૯. નાના મોટા જે કોઈ હરિભક્તો હતા તે બધા ભગવાનનાં ધામમાં જાતા અને તેઓ જે જે ધામમાં જતાં હતા ત્યાંના ત્યાંના જે જે આશ્ચર્યો હતા તેને દેખતા હતા. ૨૦. તે બધા પાછા જ્યારે દેહમાં આવે ત્યારે જેવું દેખ્યું હોય તેવું બધું સાક્ષાત્ કહી બતાવતા. જેણે તે ધામ જોયા ન હોય તે લોકો સાંભળીને ઘણું આશ્ચર્ય પામતા હતા. ૨૧. પણ જેણે ધામ દેખ્યું હોય તેને આશ્ચર્ય થાતું નહિ. કારણ કે તેમણે નિરંતર નવાં નવાં આશ્ચર્ય દેખ્યાં હોય છે. અને ત્યાર પછી પ્યારા શ્રીહરિ માનકૂવાથી નીકળીને **ભુજ નગર** પધાર્યા. ૨૨. ગંગારામ મલ્લને ઘેર ઊતર્યા. સહુ ભક્તોને મનોવાંછિત સુખ આપ્યા. ભક્તો અત્યંત ઉમંગથી શ્રીહરિનાં અંગ ઉપર કેસરયુક્ત ચંદન ચરચતા અને ફૂલના હાર લાવીને, ૨૩. અતિ પ્રેમથી પહેરાવતા. અને ભાવના પ્રમાણે સરસ ભોજન કરાવીને વારંવાર જમાડતા તથા અપાર મેવા અને મીઠાઈ પણ તેવી રીતે જમાડતા. ૨૪.

અનેક પ્રકારનાં ફળ થાળમાં ભરી ભરીને લાવતા અને કરુણારસથી ભરેલા કૃપાળુ પ્રભુ તે બધું જમતા હતા. ૨૫. ભુજમાં હરિભક્તોને ઘણા સુખ આપ્યા. પછી ત્યાંથી મહારાજ ચાલ્યા અને **આધોઈ** થઈને સંત સમાજ સાથે **ધમડકા** ગામ આવ્યા. ૨૬. ત્યાંના દરબાર લાધાજીનાં અતિશય ભવ્ય ભવન હતાં તેમાં ઊતર્યા. દરબારે પણ તેમને પૂર્ણપુરુષોત્તમ સમજીને ઘણા

પ્યારથી ઉતારો કરાવ્યો હતો. ૨૭. ધમડકામાં ઘણા જ ભાવિક અને બધી રીતે નિપુણ તે દરબારને જોઈને ત્યાં શ્રીહરિ ઘણા દિવસ રહ્યા. કેમ જે, વિચક્ષણ હરિભક્ત શ્રીહરિને હંમેશા ગમતા હતા. ૨૮.

ચોપાઈ :

हरि की मरजी जेहि प्रकारा, तेसे सेवा करे तेहि वारा;
तेसे हरिजन जो जो जेहा, ता संग हरि रखत हे नेहा...२९

हरि की मरजी विन सेवा अपारा, कोटि करे तोउ गमे न लगारा;
मरजी ओर करे सेवा ओरा, ताके भुवन हरि रेहेवत थोरा...३०

શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે તે દરબારો સમાયાનુસારે સેવા કરતા અને એવા જે જે હરિભક્ત હોય તેમની સાથે શ્રીહરિ ઘણું હેત રાખતા. ૨૯. તેમની મરજી વિના કોઈ અપાર સેવા કરોડો રીતે કરે, તોપણ તે લગારેય ગમતી નહિ, કારણ કે મરજી કાંઈ હોય અને સેવા કાંઈ જુદી જ કરે. તેવા ભક્તોને ઘેર શ્રીહરિ થોડું રોકાતા. ૩૦.

✵ લુહાર ભક્તો શ્રીહરિની સર્વોપરીતા સમજ્યા :

ધમડકામાં ભક્તોના ભાવોને પૂરા કરીને શ્રીહરિ ત્યાંથી હરખભર્યે હૈયે ચાલ્યા, **ભચાઉ** ગામ આવ્યા. ત્યાં હરિભક્ત લુહાર હતા. ૩૧. તેને ઘેર જઈને ઊતર્યા. તે હરિભક્ત ઘણા જ નિર્મળ મનનાં હતા. તેઓ તુલસીદાસકૃત રામાયણ-રામચરિતમાનસને સારી રીતે ભણેલા હતા. ૩૨ શ્રીહરિ તે લુહાર હરિભક્તની પાસે શ્રીરામચરિત્ર વંચાવવા લાગ્યા. બધા હરિભક્તોને તે વખતે શ્રીહરિનાં સ્વરૂપમાં રામચંદ્રના અનુપમ દર્શન થવાં લાગ્યાં. ૩૩. માનો શ્રીરામરૂપ શ્રીહરિએ હાથમાં ધનુષ અને બાણ ધારણ કર્યાં છે. કળિયુગ અને કામરૂપી હરણને મારવા માટે તેઓ ખોળી રહ્યા છે. અસુરોએ હરણનું રૂપ લીધું છે કે જેનાં ઉપર ભગવાનને ઘણો જ દ્વેષ છે. ૩૪. સાથે ઊજળા રૂપાળા લક્ષ્મણજી અને સીતાજી દેખાયા. થોડું નાનું રૂપ લઈને સેવકના રૂપમાં હનુમાનજી પણ રહ્યા હતા.

સહુને જ્યારે એવાં દર્શન થયાં ત્યારે સ્નેહાકુળ થયેલા એવા સહુની આંખોમાંથી આંસુઓની ધાર થવા લાગી. ૩૫. ગળું ભરાઈ ગયું. મુખથી

બોલાતું બંધ થઈ ગયું. શરીરનું ભાન રહ્યું નહિ, અચેતન થઈ ગયું. આવું થોડીવાર રહ્યા પછી શ્રીહરિએ તે રામસ્વરૂપ વગેરે અદૃશ્ય કર્યું. વળી સહુને અક્ષરધામમાં સ્થિત મૂર્તિના દર્શન કરાવ્યાં. ૩૬.

दोहा : अवतार अनंत तेहि धाम में, हरि के देखे हजूर
ताके देखे सब भक्त ही, आनंद मये अति ऊर...३७
देखाये घडी चार ही, भये श्रीहरि में लीन
सब कारण अवतार यह, जानत भये प्रवीन...३८

અક્ષરધામમાં અનંત અવતારોને શ્રીહરિની હજૂરમાં દેખ્યા અને એના ભક્તો પણ ત્યાં તેવી રીતે દેખ્યા. તેથી સહુના મનમાં ઘણો જ આનંદ થયો. ૩૭. તેવાં અક્ષરધામનાં દર્શન ચાર ઘડી (૧.૩૬ કલાક) થયા. પછી તે અવતારો વગેરે શ્રીહરિનાં સ્વરૂપમાં લીન થઈ ગયા. તે દર્શન કર્યા પછી વિચક્ષણ એવા બધા ભક્તોએ શ્રીહરિને સર્વ અવતારોનું કારણ માન્યા. ૩૮.

હું ભગવાન પ્રકટ થયો છું. આવી વાત શ્રીહરિ ક્યારેય કહેતા નહિ. જેને પોતાનો પ્રતાપ દેખાડતા હતા. તે દેખનારા તરત જ પ્રતાપની વાતો કરતા હતા. ૩૯. **શ્રીહરિના ઘણા જ પ્રતાપને જોયા પછી લોકો તેમને ભગવાન કહેતા હતા. તે વાતને પણ જો સ્વયં પોતાને કાને સાંભળતા ત્યારે પોતે તેમ બોલનારાને નિવારતા-રોકતા હતા. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિનું કચ્છમાં વિચરણ અને ભચાઉમાં પ્રતાપ જણાવ્યો' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર દસમું : તરંગ - ૩૦

વસંતપંચમી ઉપર સૌને પત્ર લખીને ભુજ બોલાવ્યા અને પ્રતાપ દર્શાવ્યો

ભચાઉમાં શ્રીહરિએ ભક્તોને અપાર સુખ આપ્યું. પછી ત્યાંથી ચાલ્યા. તે ફરીવાર **ભુજ** આવ્યા. ત્યાં હરિભક્તો ઘણા હતા. ૧. સ્વયં પૂર્ણકામ અને ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા ઘનશ્યામ શ્રીહરિ અત્યંત ભાવિક

ભક્ત સુંદરજીભાઈ સુતારને ઘેર ઊતર્યા. ૨. ત્યાં વસંતપંચમીના પહેલા પાંચ દિવસે આવ્યા હતા. ઘણા જ પ્રેમથી ત્યાં રહ્યા. રોજ હરિભક્તો પૂજા કરતા હતા. ૩. શ્રીહરિ ઘણા પ્રસન્ન હતા તે જોઈ અને બધા હરિભક્તોની ઈચ્છા જાણીને સુંદરજીભાઈ સુતાર શ્રીહરિની આગળ બોલ્યા, ૪.

પહેલા બે હાથ જોડ્યા. ચરણોમાં મસ્તક નમાવ્યું. પછી બોલ્યા, હે સુખદાયક હરે ! ભુજ શહેરના બધા હરિભક્ત બાઈ-ભાઈ સહુ કહે છે. ૫. વસંતપંચમી નજીક આવી ગઈ છે. હરિભક્તો હરખથી આપની પાસે માગણી કરે છે કે આપ અહીંયાં રહીને વસંતપંચમીનો ઉત્સવ કરો. ૬. કચ્છ દેશના જે હરિભક્તો છે તે બધાને આપણે અહીંયાં બોલાવીએ. આવો સમય ફરી ફરીને નહિ આવે. એટલા માટે જ અમે આપને કહીએ છીએ. ૭. શ્રીહરિએ હરિભક્તોનો અપાર ભાવ જોયો. તે વેળાએ રાજી થઈને વસંતપંચમીનો ઉત્સવ ભુજમાં કરવાનું નક્કી ઠેરાવ્યું. તે સાંભળીને સહુ ભક્તો ખૂબ જ રાજી થયા. ૮.

પછી કચ્છ દેશના ગામેગામ જ્યાં જ્યાં હરિભક્તો રહેતા હતા, તેમના ઉપર પત્ર લખ્યા. ભુજના હરિભક્તો વસંતપંચમીનો ઉત્સવ ભુજમાં કરાવે છે. આ દેશમાં જે સંતો અને વર્ણીઓ ફરે છે તે બધા પણ ઉત્સવમાં આવશે. ૯-૧૦. આવા ઉત્સવનાં દર્શન દુર્લભ છે એમ માનીને સહુ હરિભક્તો ભુજ આવજો. જ્યારે જીવનો અંતસમય આવે છે ત્યારે જીવને અતિશય સંકટ થાય છે. ૧૧. સંતો અને હરિભક્તોની સભા વચ્ચે અમે બેઠા હોઈએ, એવી સ્મૃતિ જો જીવને અંતકાળે થઈ આવે તો તેનાં અનંત સંકટ-કષ્ટો ટળી જાય છે. ૧૨.

અનંતકાળનાં આવાં કષ્ટોને ટાળવા માટે અમે સમયે સમયે ઉત્સવો કરીએ છીએ. આમ સમજીને સહુ હરિભક્તો વસંતોત્સવમાં આવજો. ૧૩. જેને ઘરમાં કાંઈ ઉપાધિ હોય તો તેણે બધો વિચાર કરીને આવવું. કારણ કે, વગર વિચારે આવો તો ઘણું દુઃખ થાય અને લગારેક પણ સુખ રહે નહિ. ૧૪. તીર્થ કરવા જવું, પુણ્ય-દાન કરવાં, સાધુ-બ્રાહ્મણને ભાવથી

જમાડવાં, વગેરે જો ઘરમાં ક્લેશ કરીને કરવામાં આવે તો તેનાથી માણસ નુકશાન માને છે. ૧૫. જે મનુષ્ય તીર્થ, પુણ્ય, દાનાદિમાં ક્લેશ કરે છે તેને અંતકાળે મહાન વિકરાળ જમદૂત આવીને જમપુરીમાં લઈ જાય છે અને તેને ત્યાં અત્યંત દુઃખ દે છે. ૧૬.

❋ હરિધામમાં સંતો સદ્ય પહોંચાડે :

तीर्थ पुन्य दान करत हे जेहा, संत विप्र जो जेंवावत तेहा;
इतने की जो करत सहाई, अति प्रसन्न होत करत ताई...१७
तेहि पुन्य को भाग हि आवे, अंत समे जम दूर नसावे;
पुन्य वारे के पुन्य करीके, मनुष्य तन पावत फरीके...१८

કોઈ તીર્થ, પુણ્ય, દાન કરતો હોય અને સાધુ બ્રાહ્મણને જમાડતો હોય તેને જે મદદ કરે છે તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય છે. ૧૭. અને તે સત્કર્મના પુણ્યનો ભાગ પણ તેને મળે છે, તેથી તેના અંતકાળે જમદૂત તેનાથી દૂર ભાગે છે અને તે પુણ્યવાળાના પુણ્યને લીધે તેને ફરીને મનુષ્ય જન્મ મળે છે. ૧૮.

પછી તે સંતોનો સમાગમ કરીને સારો સત્સંગી થાય છે અને છેલ્લે અત્યંત દુર્લભ એવું ભગવાનનું ધામ તેને તત્કાળ પ્રાપ્ત થાય છે. ૧૯. **સકામ મનુષ્યને સત્સંગ વિના ક્યારેય ભગવાનનાં ધામની પ્રાપ્તિ થતી નથી. તીર્થ, દાન અને કરોડો પ્રકારના પુણ્ય કરે છતાં જે સકામ હોય છે તે આ સંસારમાં જ ભટક્યા કરે છે. ૨૦.**

કરોડો યજ્ઞ કરીને શરીરનો અંત કરી નાખે છતાં સત્સંગ વિના જીવનો મોક્ષ થાતો નથી. ધર્મ, ભક્તિ વૈરાગ્ય અને જ્ઞાનરૂપ એકાંતિક ધર્મથી પ્રગટ હરિને ચોક્કસ નિકટ જાણે છે. ૨૧. જેમાં ઉપર કહ્યો તેવો એકાંતિકધર્મ હોય, વળી કોઈ પણ વાત જેમાં નિયમ વગરની ન હોય, જ્યાં બધી જાતનાં વ્યસન અને ફેલનો ત્યાગ કરાયો હોય, જ્યાં ભાંડ કે ભવાઈમાં આસક્તિ ન હોય, ૨૨. અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય વ્રત સંતો રાખતા હોય, જેમને ભગવાન

સિવાય ચૌદ લોકમાં કયાંય પ્રેમ ન હોય આવા જે હોય તેનો સત્સંગ મોક્ષ સાથેનો છે એમ જાણવું. ૨૩. જ્યાં ઉપર કહેલી વાત ન હોય તેને સત્સંગ કે મોક્ષ એકેય કહેવાય નહિ. આવો પત્ર શ્રીહરિએ લખાવ્યો. તેને વાંચી-સાંભળીને લોકો આશ્ચર્યચક્તિ થઈ ગયા. ૨૪.

ભગવાન શ્રીહરિ, સંતો, વર્ણીઓ અને હરિભક્તો, એ સર્વ ખરેખર સત્ય છે. કારણ કે તેમાં એકાંતિકધર્મ રહ્યો છે. અને દુનિયામાં જ્યાં જ્યાં બીજા મતપંથો છે ત્યાં તો મોટા ભાગ્યે ધર્મનો લોપ થઈ ગયો છે. ૨૫. પ્રાયઃ મોટા ધામોમાં પણ ધર્મનો લોપ થઈ ગયો હતો. જ્યાં શ્રીહરિ રહ્યા છે ત્યાં જ ધર્મ છે અને મોક્ષ પણ ત્યાં જ છે. ૨૬. **જ્યાં ભગવાન સિવાય અન્ય પદાર્થોમાં રહેલા પ્રેમનાં મૂળ નિરંતર રાત-દિવસ નાશ પામતા હોય, ત્યાં જ અમૂલ્ય મોક્ષ રહ્યો હોય છે. ભૂમિનું ધારેલું નિશાન જેમ ફેલ થાતું નથી તેમ ત્યાંથી મોક્ષ ચલિત થાતો નથી. ૨૭. જ્યાં સુધી ભગવાન સિવાયની અન્ય વસ્તુમાં પ્રીતિ રહેતી હશે ત્યાં સુધી મનમાં સમજી રાખવું કે જન્મ મરણ અને લખચોરાશીનું દુઃખ ટળ્યું નથી. ૨૮.** શ્રીહરિનો પત્ર સાંભળતાની સાથે જ જે થોડાક પણ મોક્ષભાગી જીવ હતા તેમને એવી રીતનું જ્ઞાન થયું જેથી કરીને તે પત્ર સાંભળતા જ તેમની છાતી ઠરી અર્થાત્ તેનાં દિલમાં શાંતિ થઈ. ૨૯.

વસંતપંચમીને દિવસ અપાર હરિભક્તો આવ્યા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને તેનાથી સહુને અત્યંત આનંદ થયો. ૩૦. પ્યારા હરિભક્તો બધા ફૂલહાર લાવ્યા હતા અને શ્રીહરિને ઘણા જ પ્રેમથી પહેરાવતા હતા. તે દિવસે શ્રીહરિએ વાસંતી વસ્ત્ર પહેર્યા અને આવીને પાટ ઉપર બેસી ગયા હતા. ૩૧. શ્રીહરિની સુંદર ઘનશ્યામ મૂર્તિ સોહામણી લાગતી હતી. મૂર્તિ દર્શન કરનારા નરનારીઓનાં ચિત્તને ચોરતી હતી. દશમ સ્કંધમાં કહ્યા પ્રમાણે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન વ્રજમાં જેવા પ્રકટ થયા હતા, ૩૨. તે સમયે ભગવાનની જેવી મૂર્તિ દિવ્ય જણાઈ હતી તેવી ને તેવી જ આ મૂર્તિ અત્યારે દિવ્ય જણાય છે. એમ લોકો પરસ્પર વાતો કરતા હતા. શ્રીહરિના પ્રતાપને દેખતાની સાથે જ લોકોને તેમનાં ભગવાનપણાનો નિશ્ચય થઈ જાતો

હતો. ૩૩. શ્રીહરિનો પ્રતાપ સહેજે જ અલૌકિક હતો. કોઈનાં કહ્યાં વિના જ પ્રતાપ દેખતાની સાથે દિલમાં ભગવાનપણાનો નિશ્ચય થઈ જાતો અને અનંત જન્મનાં અજ્ઞાનનો નાશ થઈ જાતો હતો. ૩૪.

चोपाई :

हरि के नखशिख अंग जेता, चमत्कार महिं भरे अति तेता
रोम अंग में जेते कहावे, अनंत तेज एक एक में देखावे...३५
एक एक हरि रोम में तेहु, कोटि कोटि ब्रह्मांड हि एहु
भरे हें धाम अवतार सहिता, कहत लीन होय कोटि कविता...३६

શ્રીહરિની મૂર્તિનાં નખશિખ એક એક અવયવમાં અતિશય મહાન ચમત્કારો ભર્યા હતા. અંગ ઉપરના એક એક રોમમાં અનંત સૂર્યાદિના કરતા વધારે તેજ દેખાતું હતું. ૩૫. શ્રીહરિની મૂર્તિનાં એક એક રોમમાં કરોડો બ્રહ્માંડો રહ્યા છે, અવતારો સહિતના બધાં ધામ પણ રહ્યા છે. તેનું વર્ણન કરતા કરોડો કાવ્યો પણ સમાપ્ત થઈ જાય છે. ટૂંકા પડે છે. ૩૬. કવિ જનની બુદ્ધિના માપમાં આવે તેટલું તે વર્ણવે છે, પરંતુ શ્રીહરિ તો કવિની કલ્પનામાં પણ ન આવે એવા અપાર છે. ૩૭. તે દિવ્ય આકારને પછી પ્રભુ સંકેલી લે છે અને ફરી મનુષ્યરૂપે દેખાય છે. જ્યાં જેવા ભક્ત હોય ત્યાં તેવા જણાય છે. તેવું સ્વરૂપ ધારણ કરે છે. ૩૮.

તે વખતે જેવા ભક્ત હોય તેવી મૂર્તિને શ્રીહરિ ધારે છે. નાનું-મોટું, સાંકડું-પહોળું, જેવું પાત્ર હોય તેવો આકાશ થાય છે તેમ ભક્તને પ્રેમ થાય, સંતોષ થાય, તેવું તેના ભાવ પ્રમાણે શ્રીહરિ સ્વરૂપ ધારે છે. ૩૯. બાહ્ય નેત્ર સ્થૂળ છે એટલે તેનાંથી સ્થૂળરૂપ દેખાય છે અને આંતરિક દૃષ્ટિ તો અમૂલ્ય છે, તેનાથી બધું જ દિવ્ય દેખાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ભુજમાં વસંતપંચમી ઉપર પત્ર લખીને સૌને બોલાવ્યા અને પ્રતાપ દર્શાવ્યો' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર દસમું : તરંગ - ૩૧

શ્રીહરિએ વસંતપંચમી નિમિત્તે ભૂજમાં રંગોત્સવ કર્યો

શ્રીહરિનાં દર્શન કરવા માટે જે જે હરિભક્તો ભુજ આવ્યા. તે સહુને યથાયોગ્ય ઉતારા અપાવ્યા. ૧. જે નાત-જાતના ભક્તો હતા, તેમના જેવી જ નાત-જાતના ભક્તોને ઘેર જેમ ઘટે તેમ તરત ઉતારા અપાવ્યા. ૨. સહુ ભક્તો ઉતારો કરીને જ્યાં બેસીને શ્રીહરિ દર્શન દેતાં હતાં ત્યાં આવ્યા. એ વખતે ત્યાં ચિત્ર વિચિત્ર રીતે સુંદર શણગારેલો અદ્‌ભુત મંડપ કર્યો હતો. ૩. શ્રીહરિની આગળના ભાગમાં આઠ પાંખડીવાળા કમળને આકારે સુંદર એક વેદિકા કરી હતી. ક્યારેય ન દેખી હોય તેવી તેની શોભા કરી હતી. તેના ઉપર એક સુંદર સુવર્ણ કળશ મૂક્યો હતો. ૪. કળશના મુખ ઉપર શ્રીફળ મૂક્યું. તે સિવાય ધરો (દુર્વા), ઘઉંની ડૂંડી, આંબાનો મોર, પાંદડા વગેરે મૂકીને વિચિત્ર રીતે તેને સજાવ્યો હતો. વિપ્રોએ વસંતપૂજા નિમિત્ત વૈદિક મંત્ર ઉચ્ચાર્યા. ૫. ફગવામાં ધાણી વગેરે, ખજૂર અને ખારેક મૂકયા હતા. ગુલાલ અને અબીરના થાળ ભરીને મૂક્યા હતા. બીજા ભક્તો પણ થાળ ભરી ભરીને અબીર, ગુલાલ લાવ્યા હતા. સંતો વસંતોત્સવનાં પદ ગાતા હતા. ૬.

ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંતવધાઈના પદ બોલાતા અને ઉત્સવ કરવા લાગ્યા. તે સમયની શોભા અદ્‌ભુત અને અપાર હતી. ૭. કેસર અને પતંગનો રંગ કરીને તેના મોટા ગોળા અને માટલાં ભરી રાખ્યાં હતાં. સોનાની સારી બે પીચકારી શ્રીહરિ આગળ મૂકી દીધી. ૮. બીજા બધા ભક્તો પણ રંગથી પીચકારીઓ ભરી તૈયાર થઈને ઊભા રહ્યા. વસંતની પૂજા કરી લીધા પછી શ્રીહરિની પૂજા કરી. ૯. જ્યારે કપૂરથી આરતી ઉતારી ત્યારે "જય જય, જય જય" નો ઉચ્ચાર કરવા લાગ્યા. તેમાં સહુ પહેલા સ્વામી રામદાસજીએ શ્રીહરિનાં ઉપર રંગની પીચકારી ચલાવીને રંગ નાખ્યો. ૧૦.

જેટલા હરિભક્ત પુરુષો હતા, તેમણે એક એક પીચકારી રંગ શ્રીહરિનાં ઉપર નાખીને શ્રીહરિનાં પહેરેલાં બધાં વસ્ત્ર ભીંજવી દીધાં. ૧૧. તેમજ ગુલાલ પણ પોશ ભરી ભરીને શ્રીહરિનાં ઉપર જ્યારે ઘણા હેતથી નાખવા

લાગ્યા ત્યારે ઘનશ્યામ શ્રીહરિએ સહુ હરિભક્તોને કહ્યું, તમે અમારે માટે રંગના ઠામ ભર્યાં છે. ૧૨. રંગ અને ગુલાલ લાવીને અમારી આગળ જે તમે મૂક્યો છે તેમાં અમારે માટે કેટલો છે અને તમારા સહુને માટે કેટલો છે ? ૧૩. ત્યારે હરિભક્તો બોલ્યા, મહારાજ ! આપ સાંભળો. આ બધો રંગ અને બીજો સામાન, આપને માટે જ છે. ૧૪. સહુ સંતો અને હરિભક્તો આપની પ્રસાદીનો રંગ લેવા માટે જ આવ્યા છે. એટલે હવે આપ રંગની ધૂમ મચાવી દો. ૧૫.

પછી શ્રીહરિએ કસીને કમર બાંધી દીધી. પીતાંબર લપેટી દીધું. આ રંગક્રીડાનાં દર્શન કરવા દેવતાઓ આવ્યા. આકાશમાં વિમાનોની ઠઠ જામી ગઈ. ૧૬. શ્રીહરિ પીચકારીમાં રંગ ભરી ભરીને ઘણા જ ઉમંગથી હરિભક્તોના ઉપર છાંટવા લાગ્યા. તે રંગ વિના એક પણ નર-નારી હરિભક્ત રહ્યા નહિ. ૧૭. શ્રીહરિએ હરિભક્ત બાઈ-ભાઈની સભા અલગ અલગ કરાવી. જેટલી જાતનાં વાજિંત્રો વાગતાં હતાં તે ધ્વનિ અત્યંત સોહામણો લાગતો હતો. ૧૮. જે લોકો નર્તક હતા તેઓ નૃત્યની સાથે ગાન કરવા લાગ્યા. મોટા મોટા ભવનો અને આકાશ તે ધ્વનિથી ભરાઈ જતા હતા. ૧૯. જેમાં શ્રીહરિનો મહિમા હોય, સદ્‌ગુણોની અપાર કીર્તિ હોય, એવા વસંત અને હોરીનાં પદોને ગુણીજનો વારંવાર ગાતા હતા. ૨૦.

શ્રીહરિએ સત્સંગમાં એવું વર્તન કરાવ્યું હતું કે તેનાથી મતપંથમાં પણ શ્રીહરિની કીર્તિ છવાઈ ગઈ હતી. બધા સરસ શુભ વર્તનમાં સુખ માનતા અને ખરાબ વર્તનમાં દુઃખ રહ્યું છે એમ જાણતા હતા. ૨૧. જેટલી સત્સંગની વાત હતી તે બધી સર્વોપરિ હતી. જે માણસને નીતિ ઉપર રુચિ હોય, તેને સત્સંગ તરત જ ગમી જાતો હતો. ૨૨. પણ જેને નીતિ ઉપર રુચિ ન હોય તેને સત્સંગ ગમતો નહિ. જે લોકો અસુર વંશના હતા તેમને નીતિ અને ધર્મવાળા ગમતા નહિ. ૨૩. નીતિ અને ધર્મવાળા લોકો દૈવી કહેવાય છે કે જેઓ નીતિને સ્થાપવાનો આગ્રહ રાખતા હોય છે. જે સર્વોપરિ છત્રપતિ જેવા હોય તે નીતિ અને ધર્મનું સ્થાપન કરે છે. ૨૪. સર્વોપરિ ગુરુની રુચિ પ્રમાણે મતપંથને હઠાવીને નીતિ અને ધર્મનું સ્થાપન કરે છે, તે વર્તન

ઉપરથી દેખાય છે. ૨૫. રાજા અને ગુરુ, દૈવી છે કે આસુરી છે? તે તો તેનું વર્તન જ બતાવી દે છે. મનુષ્યનું વર્તન નિર્મળ દર્પણના જેવું છે. તે કોઈ બાબતને ઢાંકતું નથી, ચોખ્ખું બતાવી દે છે. ૨૬.

શ્રીહરિએ આ વખતે જે રંગક્રીડા કરી તેને દેખીને કેટલાએ દૈવી મનુષ્યોએ વ્યસન અને ફેલ છોડી દીધાં અને તે લોકો અનેક રીતે શુદ્ધ થઈ ગયા. ૨૭. કેસર, કેસુડાં અને પતંગના રંગના જે ઠામ ભર્યાં હતાં તે બધાં શ્રીહરિએ ભક્તોનાં ઉપર છાંટી દીધાં અને પછી ગુલાલ તથા અબીર લીધાં. ૨૮. ગુલાલ અને અબીરને જોળીમાં ભરીને તેને ઉડાડીને ધૂમ મચાવી દીધી. ભૂમિ અને આકાશ, બધું ગુલાલમય અને સોહામણું થઈ ગયું. આખી ત્રિલોકીમાં છવાઈ જાય એટલો બધો ગુલાલ શ્રીહરિએ ઉડાડ્યો હતો. ૨૯. **શ્રીહરિએ છાંટેલો રંગ જેનાં શરીર ઉપર પડ્યો તે બધા જીવોનાં તમોગુણ પ્રધાન અને પાપ પ્રધાન દેહનાં મૂળભૂત કર્મોનો નાશ થઈ ગયો. અને તેમાં જ્ઞાન સ્વરૂપ તેજસ્વી શરીર થઈ ગયા. ૩૦.**

શ્રીહરિ આ રીતે રંગ ઉડાડી રહ્યા, પછી હમીર સરોવરે નાહવા ગયા. સંતો અને બધા હરિભક્તોની સાથે નાહ્યા એટલે તે સરોવરનું બધું પાણી રંગરંગ થઈ ગયું. ૩૧. તે સમયે હરિભક્તોની સાથે શ્રીહરિએ ઘણા ઉમંગથી જળક્રીડા કરી. હરિભક્તોને રોજ ચિંતવવા માટે શ્રીહરિ આવાં વિવિધ પ્રકારનાં ચરિત્ર પ્રેમથી કરતા હતા. ૩૨. બાગ-બગીચાઓમાં પણ અવિનાશી શ્રીહરિ વારંવાર જાતા હતા અને ભક્તોને પોતાના યોગ અભ્યાસની બધી ક્રિયાઓ બતાવતા હતા અને વન વિચરણ સમયે જે કરતા હતા. તે પણ બતાવતા હતા. ૩૩. અષ્ટાંગ યોગનાં જે અંગ કહેવાય છે તે પણ બતાવતા હતા. નેતિ, ધોતી, નોળી, બે પ્રકારની જળબસ્તિ બતાવતા. ૩૪. ગજ કરણી, કુંજરક્રિયા, શંખપ્રક્ષાલન ક્રિયા આદિ નાડી શોધનની ક્રિયાઓ કરતા. પૂરક, રેચક, શૂન્યક અને કુંભક આદિ જે પ્રાણાયામ કહેવાય છે, ૩૫. તે બધાને અલગ અલગ વિગત પાડીને કરી બતાવતા. તેનાથી જોનારા લોકોને આશ્ચર્ય થાતું હતું. યોગના ચોરાશી પ્રકારના આસન પણ સહજ ભાવે કરી બતાવતા હતા. ૩૬.

મૂલાધાર આદિ છ ચક્રોની વાત કહેતા તેમજ તેની સાથે રહેલી કમળની દાંડીની ક્રિયાઓ તેને પણ ઊલટ સૂલટ કરી બતાવતા હતા. ૩૭. ભુજમાં શ્રીહરિ જ્યાં જ્યાં જાતા હતા ત્યાં ત્યાં સુંદરજીભાઈ સુતાર અને ગંગારામ મલ્લ નિરંતર સાથે જ રહેતા હતા. ૩૮. શ્રીહરિ સરોવરમાં નાહ્યા. સારાં નવાં વસ્ત્ર પહેર્યાં. હરિભક્તો બધા સાથે હતા અને વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. ૩૯. સરોવરથી પુરમાં આવ્યા. બધા હરિભક્તો કીર્તન ગાતા હતા. ન કહી શકાય એટલી અદ્‌ભુત શોભા બની હતી અને શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ વસંતપંચમી નિમિત્તે ભૂજમાં રંગોત્સવ કર્યો' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર દસમું : તરંગ - ૩૨

ભુજના ભક્તોએ શ્રીહરિ અને સંતોને પૂજીને ભાવથી સહુને જમાડ્યા

જે જે હરિભક્તો આવ્યા હતા તેમને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા અને પોશ ભરી ભરીને તેમને ફગવા આપ્યા. ૧. શ્રીહરિએ ફૂલહાર પહેર્યા હતા તથા મસ્તકે પાઘ બાંધી હતી, તેમાં તોરા લટકતા હતા. કાન ઉપર ગુલાબના ગુચ્છ હતા અને અથાગ શોભા બની હતી. ૨. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સ્વયં જમવા પધાર્યા. ચરણોમાં ચાખડીઓ પહેરી અને હાથમાં સુંદર રૂમાલ ધારણ કર્યો હતો. ૩. વર્ણીએ જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં પ્રેમથી આવ્યા. પાણીથી ચરણ ધોયા અને પછી આવીને બાજોઠ ઉપર બેઠા. ૪.

જેટલી જાતનાં ભોજન બનાવ્યાં હતાં તે બધા તે સમયે થાળમાં પીરસ્યાં હતાં. તેમાં કેટલાક ભોજન તો વગર ઓળખ્યા-અજાણ્યાં હતાં. તેને કોઈ ઓળખતા ન હતા. ૫. કેટલીક ભાતના મેવા અને મીઠાઈ પણ હતી, તેને હરખથી જમવા લાગ્યા. તે સમયે એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. ૬. ચારેબાજુ રહેલા હરિભક્તો દર્શન કરતા હતા અને

ભગવાન શ્રીહરિ નાના નાના ગ્રાસ લઈને જમતા હતા. અબખોરાથી પાણી પીને ક્યારેક પેટ ઉપર હાથ ફેરવતા હતા. ૭. શ્રીહરિ જ્યારે જમતા ત્યારે ડાબો હાથ પેટ ઉપર ફેરવતા હતા અને એક-બે ઓડકાર ખાતા હતા. શ્રીહરિ આમ જમતા હતા ત્યારે મુકુંદવર્ણી હાથમાં રૂમાલ લઈને માખીઓને ઉડાડતા હતા. ૮. જ્યારે ભોજન પૂરું કર્યું ત્યારે વર્ણીએ હાથ ધોવડાવ્યા. જ્યારે હાથ અને મુખ ધોઈ લીધાં ત્યારે રૂમાલથી હાથ કોરા કર્યા. ૯. શ્રીહરિએ ઉત્સાહથી તજ અને એલચીનો મુખવાસ લીધો. પછી જેટલા સંતો આવ્યા હતા તે બધાની પંગત કરાવી. ૧૦.

ડુંગરજી અને ઉમાભાઈ આદિ જેટલા પાર્ષદ શ્રીહરિની સાથે હતા. તેમણે તે વખતે ત્યાં વિચિત્ર પ્રકારનો મંડપ કર્યો હતો. તેમાં જાતજાતના રંગ લઈને રંગોળી પૂરી હતી. ૧૧. કેળના સ્તંભ રોપીને તેમાં બાગ બનાવ્યો હતો અને ફૂલના ગમલા રાખ્યા હતા. હરિભક્તોના મનનો બધો ભાવ તે મંડપમાં પૂરો કર્યો. ૧૨. તે મંડપમાં ખંડે ખંડે બાજોઠ મૂક્યા હતા. તેના ઉપર રામદાસસ્વામી અને મુક્તાનંદસ્વામી આદિ સંતો આવીને બેઠા. ૧૩. તે મંડપની વચ્ચે સુંદર પાટ મૂકી હતી. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા હતા. રેશમી કોરનો રૂમાલ મસ્તકે બાંધ્યો હતો. ૧૪. રૂમાલની કોર લાલ હતી. વિચિત્ર રીતે તે બનાવ્યો હતો. જોવા માત્રથી જ તે ભક્તનાં ચિત્તને ચોરી લેતો હતો. છબી અત્યંત છટાદાર લાગતી હતી. ૧૫. સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ યોગ્ય સમયને વિચારીને ત્યાં આવ્યા. પૂજાપાનો થાળ ભરીને તેઓ લાવ્યા હતા. ૧૬.

તે બંને ઘણા વિચક્ષણ હતા. મોટા મોટા રાજાઓના પણ યોગ્ય સમયને જાણી લેતા. એટલે તેઓ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. બધા અંગ ઉપર કેસરયુક્ત ચંદન લગાડ્યું. ૧૭. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. મોટા અને અપાર ફૂલહાર પહેરાવ્યા. ગુલાબ, ચમેલી અને મોગરાના ફૂલહારનો અપાર સુગંધ ફેલાઈ ગયો હતો. ૧૮. ચંદનમાં કસ્તૂરી અને અત્તર પણ ભેળવ્યાં હતાં તેથી તેનો સુગંધ મતવાલો આહ્લાદક જણાતો હતો. બીજી પણ જે સુગંધી વસ્તુઓ હતી તે બધી ચંદનમાં મેળવી હતી. ૧૯. ભૂમિ ઉપર જે

જે સારાં મંગળમય દ્રવ્ય ગણાતાં તે તે બધા શ્રીહરિના ઉપયોગમાં આવતાં હતાં. તે ઉપયોગમાં આવેલા પદાર્થો તથા હાથી, અશ્વ, રથ અને સુખપાલ વગેરેને પણ હરિભક્તો મંગળમય જાણતા હતા. ૨૦.

એ બધાં વાહન, ભારે માંહ્યલા આભૂષણ, વસ્ત્ર, મહેલાતો, બાગ, ફૂલવાડી, કૂવા, વાવ, સરોવર અને નદીઓ શ્રીહરિના ઉપયોગમાં આવેલા એ બધાને "ધન્ય ધન્ય" માનવામાં આવતા હતા. ૨૧. તે સમયે શ્રીહરિની ભુજાઓ ઉપર ફૂલોના બાજુબંધ અને પહોંચીઓ બાંધી તોરાએ સહિત ફૂલોની ટોપી ઘણા પ્રેમથી મસ્તક ઉપર પહેરાવી. ૨૨. ચરણોમાં ફૂલોના નૂપુર બાંધ્યા. પછી કપૂરથી આરતી ઉતારી. ભક્તજનો જેટલો "જય જય" "જય જય" આવો ધ્વનિ કરતા હતા, તેટલો જ બીજી બાજુ વાજિંત્રોનો ધ્વનિ પણ થાતો હતો. ૨૩. તે સમયે સુગંધી અગરબત્તીનો ધૂપ કર્યો. મંડપની બહાર ઊભા રહીને સહુ ભક્તોએ સ્તુતિ કરી. ૨૪. તે પછી ઘણા આદરભર્યા પ્રેમભાવથી સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદનથી કપાળમાં તેની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૨૫.

જાતજાતનાં ફૂલોથી ગૂંથેલા બાજુબંધ સંતોને બાંધી દીધા. સહુને કુંકુમનો ચાંદલો કર્યો. તેનાથી અદ્‌ભુત શોભા થઈ હતી. ૨૬. તેમને ઘટે તે રીતે પાર્ષદોની પૂજા પણ કરી. તે પછી સંતોની પંગતમાં પીરસવાને માટે શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને સર્વે સંતને પીરસ્યું. ૨૭. તે દિવસ ઘેબરની રસોઈ હતી. તેની સાથે સૂતરફેણી અને બરફી પણ કરી હતી. બધાનાં ઉપર સોનાનો વરખ લગાડ્યો હતો. પણ તેની કોઈને ખબર પડે તેમ ન હતું. ૨૮. ભજિયાં, વડાં અને જેટલા શાક તથા પાપડ, અથાણાં વગેરે જે હતાં તે બધાને પીરસી રહ્યા તેટલી વાર શ્રીહરિ પંગતમાં ફર્યા. બધાં ભોજન પીરસાઈ રહ્યાં ત્યારે વાસુદેવ હરે ! જય !!!! એમ જય ધ્વનિ કર્યો. ૨૯. જે સંતો દેશમાં ફરતા હતા તે બધાને પણ પંગતમાં જમતા જોયા. બીજા ધામના જે મુક્તમુનિવરો હતા, તે પણ પંગતમાં આવીને જમવા બેઠા. ૩૦.

શ્રીહરિએ તે વેળાએ બધાં પાક-ભોજન અખૂટ કરી દીધાં. મુક્તોને પણ ખૂબ જ જમવાની આજ્ઞા કરી. ધામમાંથી જે બધા પાર્ષદો આવ્યા હતા

તે પાર્ષદોની પંગતમાં બેસી ગયા હતા. ૩૧. શ્રીહરિના હાથનો પ્રસાદ અને તેનો સ્વાદ સહુ દુર્લભ માનતા હતા. આનાથી અધિક કોઈનામાં વિશેષ સ્વાદ ન હતો. આ પ્રસાદનો સ્વાદ સર્વોપરિ હતો. ૩૨. કરોડો યુગ સુધી મુનિવરો દેહને દમે છે છતાં આવો પ્રસાદ વારેવારે મળતો નથી. બધા જ ધામના મુક્તો જમીને તૃપ્ત થઈ ગયા. તોએ તે ભોજન ખૂટ્યું નહિ. ૩૩. જેનો મહિમા અથાગ કહેવાય છે તે શ્રીહરિની શક્તિનો પાર કોણ લઈ શકે ? જ્યારે સહુ સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ બંને હાથ ધોઈ નાખ્યા. ૩૪. પછી ચરણ ધોયા અને પલંગ ઉપર આવીને બેઠા. પછી બે ઘડી સુધી પોઢી ગયા અને બધા સંતો ધ્યાન કરવા બેઠા. સહુ શ્રીહરિનું ચિંતન કરતા જ રહેતા. ૩૫.

પછી શ્રીહરિની આજ્ઞા લઈને શહેરના હરિભક્તોએ બીજા હરિભક્તોને જમવા માટે બેસાડ્યા. તેમની આજ્ઞા વિના કોઈ જમવા બેસતા નહિ. ૩૬. જેટલી આજ્ઞા પાળવામાં આવે તેટલો તે પાકો હરિભક્ત ગણાય અને આજ્ઞા પાળવામાં જેટલી કચાશ હોય તેટલો તે ન્યૂન દેખાય છે. ૩૭. **આજ્ઞા પાળવારૂપ દૈવત જેમાં જેટલું વધારે હોય તેટલો તે સત્સંગમાં અધિક છે. હરિભક્તો તેને તે પ્રકારે જ અધિક જોતા હતા. બીજો બધો વ્યવહાર તો લોકની રીતે ચાલતો હોય છે. ૩૮. પોતાના ઘરની અને બીજાના ઘરની રીત તો અનાદિ યુગથી જુદી જુદી હોય છે. તેમાં જે મોક્ષભાગી જીવ હોય છે તે જેમ યોગ્ય જણાય તેમ વર્તતો હોય છે. ૩૯.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ભુજના ભક્તોએ શ્રીહરિ અને સંતોને પૂજીને સહુને ભાવથી જમાડ્યા' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર દસમું : તરંગ - ૩૩

હિંડોળે બેસીને શ્રીહરિએ સત્સંગની યોગ્ય રીતની વાત કહી

બપોર પછી સંતો જ્યારે સ્નાન કરીને પાછા આવ્યા ત્યારે રંગ ગુલાલવાળા મંડપને સ્વચ્છ કર્યો અને બધાં બિછાના બિછાવી દીધાં. ૧.

મંડપની વચ્ચે અમૂલ્ય હિંડોળો બાંધી દીધો. જાળી, ઝરૂખા અને ગોખમાં બધે ફૂલ બંધાવી દીધાં. ૨. વિવિધ પ્રકારના બિલોરી ઝાડ અને જાતજાતની હાંડીઓ બાંધીને હરિભક્તોને જેવો ભાવ હતો તેવી અપાર શોભા કરી દીધી. ૩. સંતો મંડપમાં આવ્યા. પ્રથમ સભા ભરાણી. હરિભક્તો બધા ભરાઈને બેસી ગયા ત્યારે મુક્તાનંદસ્વામી સત્સંગની વાત કરવા લાગ્યા. ૪.

શ્રીહરિની આજ્ઞાથી તે સ્વામીએ વાત કરી કે, તમે જે ગામેગામના હરિભક્તો છો, તેમણે સત્સંગના નિયમો અને ધર્મને દઢતાથી પાળવો. ૫. નિયમ અને ધર્મ પાળવામાં જેટલી કાચપ હોય તેટલા તે હરિભક્ત કાચા ગણાય. જેને ચાર નિયમ-વર્તમાન જેવા કે, (૧) દારૂ ન પીવો, (૨) માંસ ન ખાવું, (૩) ચોરી ન કરવી અને (૪) વ્યભિચાર ન કરવો - આ નિયમોમાં ફેર પડે છે તેને જીવ વિનાનાં મડદાં જેવો સમજવો. ૬. અત્યંત સંબંધવાળો હોય કે અપાર હેતવાળો મિત્ર હોય, જો તેનાં શરીરમાંથી જીવ નીકળી જાય તો પછી તે દેહમાં લગારેય હેત રહેતું નથી. જીવવાળા શરીરમાં દુનિયાને હેત હોય છે. તેના પ્રેતને દેખીને તો કુહેત-ઘૃણા થઈ જાય છે. ૭. અને રાજપાટ અને અપાર ધન-દોલત, એ બધું પુત્ર ન હોય તો ખારું-અરુચતું લાગે છે. ઘણા પુત્રને માટે તો અણઘટતું, વધારે પડતું મહત્ત્વ રાખે છે અને તેને માટે તન, ધન અને પ્રાણ સુધ્ધાં પણ અર્પણ કરે છે. ૮. અસત્પુરુષ ભારે દંભ કરતા હોય છે. (કે મારા સલાહ-આશીર્વાદથી તમને દીકરો થાશે.) સ્વાર્થથી પીડાતો મનુષ્ય વિચારીને દેખતો જ નથી. પુત્રના લોભથી હરેક નરનારી, અપાર ધનાઢ્યો અને રાજા-મહારાજાઓ પણ, ૯. ન કરવાનું કામ બધું જ કરે છે. આવું બધું કર્યાં પછી કદાચ તેને એકાદ પુત્ર થાય. ૧૦.

તે સાત ખોટના પુત્રમાં તેના મા-બાપ પોતાના પ્રાણ અર્પે છે. જેવા કે પોતાના દેહમાં પ્રાણ ફરતા હોય છે. પુત્રને જેટલું દુઃખ પડે તેટલું તેના માતા-પિતા પોતાનું દુઃખ માને છે. ૧૧. પુત્ર તો મળ્યો પણ દુઃખ ટળ્યું નહિ. દિન પ્રતિદિન વધારે પડતું દુઃખનું બંધન થતું ગયું. એમ કરતાં કદાચ પુત્રનું મરણ થઈ જાય તો બારેમાસ દુઃખનું દુઃખ રહે છે. ૧૨. પુત્રનો દેહ અત્યંત દુર્લભ હતો, પણ જ્યારે તેનો પ્રાણ નાશ થયો ત્યારે તે દેહ ઘરમાં રાખ્યા

લાયક ન રહ્યો. તે તો સ્મશાનને યોગ્ય જ કહેવાય. ૧૩. શુભ બુદ્ધિથી જો વિચારીએ તો જણાશે કે રાજા ઘણા મળે, ધનવાન ઘણા મળે, પણ એકાંતિક હરિભક્ત મળવો અતિશય દુર્લભ છે. ૧૪. તેવો હરિભક્ત દુર્લભ છે કે, જે સત્સંગના ધર્મ-નિયમોમાં કાંઈ કસર રાખતો ન હોય. આવો જે હરિભક્ત મળે તે જ સહુથી વધારે સુખ છે; પુત્ર, ધન, સત્તા આદિ નહીં. ૧૫.

सोरठा : देह को सुख दुःख जेह, संसार को सुख दुःख जेतो जेहि;
हरिजन मानत न तेह, हरिवचन सुख माने जोउ...१६

चोपाई :

संसार देह कर मानत सुखा, हरि के नियम में मानत दुःखा;
हरिजन की एसी समझ जेहा, विमुख की समझ जानना तेहा...१७

ભગવાનનાં વચનમાં સુખ માનનારો ભગવાનનો ભક્ત છે તે દેહના સુખ-દુઃખને તથા સંસારના સુખ-દુઃખને દિલમાં ધારતો જ નથી. ૧૬. સંસારમાં સુખ છે અને દેહમાં પણ સુખ છે, ભગવાનના નિયમોમાં દુઃખ છે એવું જે સમજતો હોય છે, તો તે સમજણ હરિભક્તની નથી પણ તે તો વિમુખ જીવની છે, એમ જાણવુ. ૧૭.

રાતમાં અને દિવસમાં જેટલો ફેર છે તેટલો જ ફેર હરિભક્તની સમજણમાં અને વિમુખ જીવની સમજણમાં છે એમ માનવું. મુક્તાનંદસ્વામી આટલી વાત કહી રહ્યા ત્યારે શ્રીહરિ સ્નાન કરીને ત્યાં સભામાં આવ્યા. ૧૮.

બધા સંતો અને હરિભક્તો ઊભા થઈ ગયા. શ્રીહરિ હિંડોળામાં બેઠા. પછી જેનો જ્યાં અધિકાર હતો તે પ્રમાણે બધી સભા બેસી ગઈ. ૧૯. સંતો, વર્ણીઓ અને પાર્ષદો સહુ સહુના વર્ગમાં યોગ્ય રીતે બેઠા. બાઈઓમાં બાઈઓ બેઠી. ૨૦. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના હરિભક્તો પણ પોતપોતાના વર્ણમાં જોઈ-વિચારીને યોગ્ય રીતે બેઠા. સભાની આવી રીત જોઈને સુખધામ ઘનશ્યામ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. ૨૧-૨૨. પછી શ્રીહરિ બોલ્યા, ઉત્સવ સમૈયામાં ઠેકઠેકાણે જે સભા થાય તે આજની સભાની જેમ વ્યવસ્થિત કરવી. પદ્ધતિ વિના જે અવ્યવસ્થિત રીતે સભા થાય તે તે સમયે શોભતી નથી. ૨૩. હરિભક્ત હોય તેણે એક

રીત રાખવી. રીત બહાર પગ મૂકવો નહિ. સત્સંગની જે રીત કહેવાય છે તે શીખ્યા વગર એકપણ આવડતી નથી. ૨૪. **રોજ રોજ રીત શીખવી, તેનું નામ જ ખરો સત્સંગ છે અને અનીતિને તજી દેવી, તેનાથી સત્સંગનું અંગ વૃદ્ધિ પામે છે. ૨૫. જે રોજે રોજ વારંવાર સત્સંગની રીતને શીખે છે, તો તેની પ્રતિદિન સત્સંગમાં વૃદ્ધિ થાય છે અને સત્સંગમાં હેત પણ અપાર થાય છે. ૨૬.**

જેને સત્સંગ રુચતો નથી તેનો સત્સંગ ઘટી જાય છે માટે સત્સંગની રીત શીખવી જોઈએ, તે શીખ્યા વિના સત્સંગ વધતો નથી. ૨૭. ભક્ત જ્યાં સુધી સત્સંગની રીતને શીખતો રહે છે ત્યાં સુધી સત્સંગ વધતો રહે છે. સત્સંગ શીખવામાં જ્યારે પ્રેમ નથી રહેતો, ત્યારે તેલ વગરની મશાલની જેમ તેનો સત્સંગ બુઝાઈ જાય છે. ૨૮. પ્રકટ અગ્નિ ઘણો સળગ્યો હોય પણ પછી તેને બળતણનો યોગ જો ન રહે તો છેવટે તે ઓલવાઈ જાય છે, લગાર પણ અગ્નિ રહેતો નથી અને ચોમાસામાં વરસાદનો યોગ જો રહેતો હોય તો બધાં સરોવરો પાણીથી છલકાઈ જાય છે, તે આ યોગની વિશેષતા છે. ૨૯. જો ચોમાસામાં વરસાદ ન થયો હોય તો જે સરોવરનું પાણી અખૂટ હોય, તેપણ ખૂટી જાય છે. જે સરોવરમાં મૂળ તળિયાનું પાણી ન હોય તેનું પાણી ચોમાસાના વરસાદ વિના અવશ્ય ખૂટી જાય છે. ૩૦.

મશાલ, અગ્નિ, સરોવર જેવા સર્વે હરિભક્તને જાણવા. તેલ, બળતણ અને મેઘ સમાન સંતોને જાણવા. જેમ મશાલને તેલનો જોગ, અગ્નિને બળતણનો જોગ અને સરોવરને વરસાદના પાણીનો જોગ અનિવાર્ય છે તેમ હરિભક્તોને સત્સંગ માટે સંતોનો જોગ આવશ્યક છે. એટલે જરૂરી જોગ રહેવો જોઈએ. ૩૧. સંતોનો વધારે પડતો વિયોગ રહે અથવા વધારે પડતો સંસારી લોકોને યોગ રહે તો સત્સંગ કરનાર હરિભક્તના સત્સંગનું કાંઈ ઠેકાણું રહે નહિ. અર્થાત્ ભક્તજનને સંતોનો જેવો યોગ અથવા વિયોગ રહે તેવો તેનો સત્સંગ રહે છે. ૩૨.

बहुत विजोग बहु जोग न होउ, सत्संग दिन दिन वृद्धि होय तोउ;
बहुत जोग कर रेहेवे न भावा, यह लोक को एसे सहज स्वभावा...३३

बहुत जोग कर भाव रहे जाहि, मुक्त समझना जीय हि ताहि;
अलौकिक बुद्धि संत में रहावे, तिहाँ लग संत को अभाव न आवे...३४

જેને સંતોનો ઝાઝો વિયોગ કે ઝાઝો સંયોગ ન હોય તેનો સત્સંગ દિનપ્રતિદિન વધતો રહે છે. વધારે પડતો સંયોગ રહેવાથી ભાવ ન રહે, આ જગતનો સહજ સ્વભાવ જ એવો છે. ૩૩. **કાયમનો વધારે પડતો જોગ હોવા છતાં જેને ભાવના રહેતી હોય તે જીવને કોઈ પૂર્વનો મુક્ત સમજવો. જ્યાં સુધી સંતોમાં અલૌકિક બુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમનો અભાવ આવતો નથી.** ૩૪. જ્યારે કોઈ સંતમાં લૌકિક વર્તન દેખાય ત્યારે લૌકિક હરિભક્તને તે સંતનો અભાવ આવે છે. માટે તેવા લૌકિક હરિભક્તના હિત માટે થઈને પણ સંતોએ અલૌકિક રીતે વર્તવું. ૩૫.

આ સત્સંગ તો શુભવર્તનનો છે એટલે જેટલા સંતો અને હરિભક્તો છે તેમાં જ્યાં સુધી શુભવર્તન રહે ત્યાં સુધી કોઈને પણ કોઈનો અભાવ આવે નહિ. ૩૬. નારદજી તો ભગવાનનું મન કહેવાતા અને તે વાત ત્રિલોકીમાં પ્રસિદ્ધ છે. પણ તેઓ જો લૌકિક રીત કરવા ગયા તો તેમનું મુખ માકડાંનાં જેવું થયું હતું. ૩૭. શ્રીહરિનાં જે આજ્ઞાવચન હોય તે પ્રમાણે વર્તવાનું તાન રાખવું. આ બધી રીત અલૌકિક છે, તેને જે બુદ્ધિમાન હોય તે સમજી શકે છે. ૩૮. **મોટા સિદ્ધ હોવા છતાં પણ જેઓ મનનાં કહ્યા પ્રમાણે ચાલ્યા, તો ભગવાનથી વિપરીત ચાલ્યા અને તેઓ સિદ્ધ હતા તોપણ અસિદ્ધ થઈ ગયા. ૩૯. ભગવાનનાં આજ્ઞાવચન પ્રમાણે જે વર્તે તેઓ ખરા સિદ્ધનાય સિદ્ધ છે. ભગવાન તો અત્યારે પરોક્ષ છે એવું જ્યારે જણાય ત્યારે તેમનાં આજ્ઞા વચનને જ પ્રકટ હરિ જાણવા. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ હિંડોળે બેસીને સત્સંગની યોગ્ય રીતની વાત કહી' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત થયો ॥૩૩॥



પૂર દસમું : તરંગ - ૩૪

શ્રીહરિ અને સંતોનું પૂજન તથા સત્સંગનો મહિમા

ભુજ નગરના બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. સહુના હાથમાં પૂજાપાના થાળ લીધેલા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૧. તે વેળાએ બધા મંગળમય વાજિંત્ર વાગતાં હતાં અને સમગ્ર નરનારી ભક્તો વસંત અને ધુમારના પદ ગાતા હતા. ૨. જેનાં હૃદયમાં જેવો ભક્તિભાવ હતો તે પ્રમાણે તેઓ પૂજા કરતા. કેસરયુક્ત ચંદન લઈને ઘણી ચતુરાઈથી તેઓ ચર્ચતા હતા. ૩.

સહુ પહેલા ભગવાનજી સુતારે પૂજા કરી. તેણે ઘણા જ હેતથી ફૂલના હાર અપાર પહેરાવ્યા. ૪. તે સમયે તેમણે મસ્તક ઉપર ફૂલોનો ખૂંપ (પરણવા જતાં વરને પહેરવાનો ફૂલનો એક શણગાર) પહેરાવ્યો. કપાળમાં કુંકુમનો સારો ગમે તેવો ચાંદલો કર્યો. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા અને કાંડાથી નીચે ફૂલની પહોંચીઓ પણ ધરાવી. મૂર્તિ ફૂલોમાં ગરકાવ થઈ ગઈ. ૫.

પછી તેમણે કપૂરની આરતી પ્રકટાવી અને ઘણા જ હરખથી તે આરતી ઉતારી. જરિયાની સુરવાળ, જામો અને જરીમય પાઘ આગળના ભાગમાં મૂકી. ૬. સોનાનાં કડાં બંને હાથમાં પહેરાવી દીધાં. એવી અદ્‌ભુત છબી બની કે જેનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. તેમના બધા પુત્ર અને પરિવાર સહુ આવીને શ્રીહરિને પગે લાગ્યા. ૭. તેમણે હાથ જોડીને સ્તુતિ કરી અને માગ્યું કે,

'હે હરિ ! આપ અમને આપનાં ચરણોની સમીપે નિવાસ આપજો. માયાના ગુણોનો જોગ રહે છે, એટલે માગીએ છીએ કે અમને આપના ભક્તોનો અભાવ ન આવે. ૮. માયાના ગુણ તો લીલાગર ભાંગના જેવા છે. તે ગુણ એવા છે કે સત્સંગું ભાન ભુલાવી દે છે. ઘડીવાર સત્સંગ રહે છે તો ફરીને ઘડીવાર કુસંગ પણ રહે છે. ૯. અમારાં મનમાં કુસંગનો ઘણો અભાવ-અણગમો રહે છે તોપણ થોડો કુસંગ થઈ જાય છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું જેનો અણગમો હોય તેનો નાશ થઈ જ ગયો છે, એમ જાણવું. ૧૦.

❋ સ્નેહથી સત્સંગ કરે તે દિવ્યાકાર બને :

મનુષ્યનું મન ભૂત-પ્રેતના જેવું છે. તે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને આધીન વર્તે છે. ભકતે તો પોતાનાં તન, મન ભગવાનને અર્પણ કરી દેવા અને ભગવાનને આધીન જ રહેવું-ચાલવું. ૧૧. જે ભગવાનનો ભક્ત હોય તેણે તો પોતાનાં મનનું કહ્યું ક્યારેય માનવું જ નહિ. મન તો કરોડો ચરિત્ર કરી બતાવે તેવું છે, કારણ કે તેનો સ્વભાવ જ એવો વિચિત્ર છે. ૧૨.

दोहा : सत्संग भये जा दिन से, हरिजन भये दिव्याकार;
मायिक गुन हि जितना, सो न रहे लगार...१३
देह संग रहे त्यां लगही, माया के गुन हि जेह;
भ्रांति रूप सत्य देखात हे, दग्ध रज्जु ज्युं तेह...१४

જે દિવસથી સત્સંગી થયા હોઈએ છીએ તે દિવસથી જ સત્સંગી તો દિવ્યાકાર બની ગયા હોય છે. એટલે તેમાં માયા સંબંધી એકેય ગુણ હોતો નથી. ૧૩. જીવને જ્યાં સુધી દેહનો સંગ રહે છે ત્યાં સુધી માયિક દેહને લીધે માયાના ગુણ ભ્રાંતિના સ્વરૂપે સત્ય હોય તેવા, દોરડી બળી ગયા પછી પણ રાખમાં તેનો આકાર દેખાય છે તેમ, દેખાય છે. ૧૪.

ભગવાન અને આ સત્સંગ તો અત્યંત દિવ્ય છે. તેથી માયિક પદાર્થોનો સંગ સત્સંગને લોપી શકે તેમ નથી. ૧૫. **ભગવાનનો પ્રતાપ દેખીને માયા તો હંમેશા આધીન રહે છે. જે ભગવાનને શરણે થયા છે તેની આગળ માયાનાં શા લેખાં ? ૧૬.** જેને ભગવાનનું શરણ નથી એવા જીવોનો તો માયા પરાભવ કરે છે. આ લોકમાં જે કોઈ અનીતિ, અધર્મ નથી કરતા તેનો પરાભવ તો કોઈ કરી શકતા નથી. ૧૭. અનીતિમાં ન ચાલીએ તો મન આપણને શું કરવાનું છે ? ભક્ત તો નીતિરૂપ હમેલ (ભગવાનના સેવક હોવાની તકતીવાળો પટ્ટો) ને ખભાથી લટકાવીને છાતી ઉપર ધારે છે. કાળ, કર્મ, માયા અને યમદૂતો નીતિરૂપ હમેલનો સ્પર્શ પણ કરી શકતા નથી. ૧૮. ભગવાન શ્રીહરિ અનંત બ્રહ્માંડોના મહારાજાધિરાજ છે. નીતિરૂપ તેમની અનુપમ હમેલ છે. જેટલા સત્સંગના આશ્રિત સત્સંગી હોય તેઓ તો ભગવાનનાં આજ્ઞા-વચનરૂપી નિયમમાં વર્તતા જ હોય છે. ૧૯.

એવા ભક્તજનના કર્મફળોના નિયંતા પણ પ્રકટ ભગવાન જ હોય છે અને પ્રકટ ભગવાનના જે સંતો હોય તે પણ સંતો માટે કરેલા નિયમમાં વર્તતા હોય છે. ૨૦.

આપણા સત્સંગમાં રહેલા હરિભક્તોના સત્સંગનું પોષણ તો તે સંતો જ કરે છે. સંત સમાગમરૂપ પોષણના વિના કદાચ કોઈ બ્રહ્મા જેવો મોટો હોય તોપણ તે મનસ્વી રીતે વર્તવા લાગે છે. ૨૧. તો પછી બીજા દેવ કે મનુષ્ય તે શું લેખામાં ? નિયમરૂપ પોષણના અભાવે તેનો કાંઈ ઠા રહે નહિ. જે સ્વયં સાક્ષાત્ મોક્ષને માર્ગે ચાલતો હોય તો તેને તે વાત સાક્ષાત્ દેખ્યામાં આવે છે. ૨૨.

સત્સંગ વિનાનો કોઈ મનુષ્ય કદાચ બ્રહ્મા જેવો હોય તોપણ તેને સત્ય-અસત્યની ગમ પડતી નથી. અઢાર પુરાણો, વેદ, સ્મૃતિ-ધર્મશાસ્ત્ર અને રાજનીતિ શાસ્ત્રને કોઈ ભણ્યો હોય. ૨૩. લાખ અધ્યાયનાં જ્યોતિષ શાસ્ત્રને કોઈ ભણે, શિલ્પ શાસ્ત્રમાં કુશળતા મેળવે, વૈદકના અનંત ગ્રંથોને ભણીને રોગીને દેખતાની સાથે જ રોગનું નિદાન કરી લે. ૨૪.

આવું અનંત પ્રકારનું ચાતુર્ય મેળવ્યું હોય પણ જો તેને સત્સંગ ન હોય, તો છેવટે તેની ફજેતી થાય છે અને આ ભવાટવીમાં વારંવાર તેને ભટકવું પડે છે. ૨૫. ઉપર જે કુશળપણું કહ્યું, તે બધું શ્રીહરિ જોઈને કહેતાં કે, 'સુખી થાવું હોય તો એક સત્સંગ કરવો.' સત્સંગ વિનાની બધી હોંશિયારી તો કુસંગ કરાવે છે. ૨૬.

જપ, તપ, તીર્થ, વ્રત, પુણ્ય, દાન, યોગ એ બધાંનું ફળ ધર્મ-નિયમમાં રહેવું તે છે અને સત્સંગ કરવો તે છે. ૨૭. કરોડો બ્રહ્માનાં જેવું સુખ મળે તોપણ સત્સંગ વગર તો અંતે ફજેતી છે અને બધો સુખનો સામાન તો નરકે જવાનો સામાન છે અને તે જમપુરીના દુઃખ ભોગવીને અંતે ભવાટવીમાં ભટકી મરવાનું છે. ૨૮. શ્રીહરિ હરિભક્તોનો પ્રેમ જોઈને તે પ્રમાણે વાતો કહેતા. શ્રીહરિ સિવાય બીજો કોણ આવી વાતને જાણતો હોય ? શ્રીહરિની વાતમાં બધા જ શાસ્ત્રોનું રહસ્ય ભર્યું હોય છે. ૨૯. આવી વાત સાંભળીને

બધા હરિભક્તો ખૂબ જ રાજી થયા અને તે પછી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. એક જણ પૂજા કરી લે, તેની પાછળ બીજો ભક્તજન પૂજા કરવા આવતો. ૩૦.

બધા ભક્તજનો ઘણા ધીરજવાળા હતા. એક બીજાને ધક્કો મારતા નહિ. એક પછી એક, એમ અનુક્રમની જેમ બરાબર તપાસીને સહુ પૂજા કરતા હતા. ૩૧. ભક્તજનો માંહોમાંહી સંપર્ક કરીને જે જે ભક્ત એક ગામના હોય તે ભેળા મળતા અને તે બધા અનુક્રમે કરીને તેનાં તેનાં નામ લખી લેતા હતા. ૩૨. પછી ગંગારામ મલ્લ લખેલા નામ જોઈને જેને બોલાવે તે આવતા. જે ભક્તને જેવો ભાવ હોય તે પ્રમાણે પૂજા કરીને લહાવો લેતા હતા. ૩૩. ભક્તો પૂજા કરીને શ્રીહરિનાં ચરણોને શિર ઉપર અને છાતી ઉપર ચાંપતા હતા. પૂજાના નક્કી કરેલા સમય-નિયમ સિવાય કોઈ પૂજા કરનારો ભક્ત પોતાના મનધાર્યા પ્રમાણે વચ્ચે આવતો નહિ. ૩૪. અત્યંત હેતવાળા તે ભક્તો વિવિધ પ્રકારના વસ્ત્ર અને ઘરેણાં શ્રીહરિને પહેરાવતા અને તે ભક્તો સંતોને ચંદનથી પૂજીને પછી ફૂલના હાર પ્રેમથી પહેરાવતા હતા. ૩૫.

જે ભક્તોને અતિશય ભાવ હોય તે યોગ્ય વસ્ત્ર લાવીને સંતોને ઓઢાડતા. હરિભક્તોનાં મનમાં જેવો પ્રેમ હોય તે પ્રમાણે વર્ણીઓને પણ તેઓ સંતોની રીતે પૂજતા હતા. ૩૬. દાસત્વ ભક્તિવાળા જે હરિભક્તો હતા તેઓ શ્રીહરિની સેવામાં રહેનારા જે પાર્ષદો ઘરથી વિરક્ત હોવાથી ઘરની આશા રાખતા નહિ, તેમની પૂજા સંતોની જેમ જ કરતા હતા. ૩૭. હરિભક્તો પોતાની સંપત્તિ અને શ્રદ્ધા હોય એટલા વસ્ત્ર ઓઢાડતા. તેમાં પણ જે સંતનાં ઉપર વધારે ભાવ હોય તે સંતને વસ્ત્ર ઓઢાડવા ચાહતા અને પ્રેમથી ઓઢાડતા. ૩૮. કોઈ એવા પણ સંત હોય કે જેને કોઈ એક પણ વસ્ત્ર ન ઓઢાડે, છતાં તે સંત મનમાં સંકોચ અનુભવતા નહિ. કારણ કે બધા સંત સમજણથી સહુ એક જ શરીરમાં રહેતા હોય તેમ માનતા હતા. ૩૯. જે સંત સમૂહરૂપ એક શરીર ન સમજે, તો તેઓ સંત થયા પણ તેમાં સંતના ગુણ ન આવ્યા. તેથી તેઓ મનમાં ક્લેશ પામે અને તેથી તેને સત્સંગનું સુખ આવે નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ભક્તોએ શ્રીહરિ અને સંતોનું પૂજન કર્યું અને શ્રીહરિએ સત્સંગનું મહત્ત્વ કહ્યું' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર દસમું : તરંગ - ૩૫

સંતોનું ગાન, સમાધિ અને સમાધિની રીતનું કથન

હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. પ્રકટાવેલી મશાલો ત્યાં આવી અને ભક્તજનો સહુ ઊભા થયા. ૧. બિલોરી ઝાડમાં અને કાચની હાંડીઓમાં તત્કાળ જ સર્વ દીવાઓ પ્રકટાવ્યા. તેની શોભા ચોતરફ છવાઈ ગઈ. ૨. હરિભક્તો અને સંતો સહુ સાથે મળીને સંધ્યા આરતી બોલવા લાગ્યા. "જય જય જય આધાર ! પુરુષોત્તમ ! જય અક્ષરપતિ !" આ રીતે બોલ્યા પછી અત્યંત પ્રેમરસમાં તરબોળ થઈ હાથની તાળીઓ પાડીને નારાયણ ધૂન કરવા લાગ્યા. ૩-૪.

❋ સ્વામિનારાયણ મહામંત્રની ગરિમા :

શ્રીહરિ હિંડોળામાં ઊભા થઈ ગયા. સ્વયં ધૂન કરવા લાગ્યા. બે ઘડી (૪૮ મિનિટ) સુધી ધૂન કરી. તેનો ધ્વનિ ત્રણેય લોકમાં બધે વ્યાપી ગયો. ૫. અનુપમ એવું સ્વામિનારાયણ નામ સાંભળીને દેવરાજ ઇંદ્ર આશ્ચર્યચકિત થઈ ગયો. અને ભગવાનનાં નામ તો અનંત છે. તે નામો એક એકથી સરસ છે. ૬.

चोपाई :

जेसो समय तिहाँ तेसे नामा, श्रीहरि प्रगट करे सुखधामा;
स्वामिनारायण नाम विख्याता, जामें रहे सब नाम अब आता...०७

एक नाम तेहि जपत हि वारा, कोउ नाम नहिं रेहेवत बारा;
एसो प्रताप जानत जन जेहा, स्वामिनारायण उचरत तेहा...०८

ओर नाम में प्रताप हि ताके, सब के प्रताप न आवत वाके;
एसो प्रताप न जानत जेहु, ओर नाम अधिक मानत तेहु...०९

સુખધામ શ્રીહરિ જેવો સમય તેવા નામોને પ્રકટ કરતા હતા. સ્વામિનારાયણ નામ પ્રસિદ્ધ હતું. જેમાં હવે બીજા બધા જ નામો આવી રહ્યા હતા. ૭. માટે તે એક નામનો જ જ્યારે જપ કરવામાં આવે ત્યારે બીજા કોઈ નામ તેનાથી બહાર રહેતા નથી. જે ભક્તો એવો પ્રતાપ જાણતા હતા તેઓ તો સ્વામિનારાયણ મંત્રને જ બોલતા હતા. ૮. બીજા નામોમાં સ્વામિનારાયણ નામનો અને બીજા બધા નામોનો પ્રતાપ આવતો નહિ. જેને આવું જ્ઞાન ન હતું તેઓ બીજા નામોને અધિક માનતા હતા. ૯. જેને જે અવતારનો જોગ થયો હોય, તેમાં તેમને પ્રેમરસ થયો હોય, ભલે બધાં નામ એકના એક જ હોય, તોપણ જેને જેમાં પ્રેમરસ લાગ્યો હોય તેને તે સિવાયના બીજા નામોમાં તેવો રસ આવતો નથી. ૧૦.

બધા ભક્તો એકના એક નામનું રટણ કરતા રહે તો પરમાત્માએ હાલ અવતાર ધર્યો છે તેની ખબર કેમ પડે ? એટલે દરેક ભક્તોનો એવો મત છે કે, હું જે મતને હાલ માનું છું તે કાંઈ નવીન મત હવે લેશમાત્ર પણ નથી. ૧૧. **કેમ જે, જે મનુષ્યોને આવી સમજણ નથી તેને પ્રકટ શ્રીહરિનાં ભગવાનપણાનો નિશ્ચય જ હોતો નથી. તેમાં કેટલાકને તો પ્રકટ વિરાજતા શ્રીહરિનું સ્વામિનારાયણ એવું નામ લેતા પણ અત્યંત શરમ આવે છે. ૧૨.**

दोहा : प्रगट हरि मिले जाहिकु, नाम जो लेवत तेह;
दिनदिन होत आनंद अति, सो सुख जानत एह...१३

જેને પ્રકટ શ્રીહરિ મળ્યા છે અને તેમનું જે 'સ્વામિનારાયણ' એવું નામ લે છે તેને દિનપ્રતિદિન અત્યંત આનંદ થાય છે. તે સુખને તો તે અનુભવ કરનારા જ જાણતા હોય છે. ૧૩. પ્રગટ વિરાજતા શ્રીહરિનાં સ્વરૂપનો નિશ્ચય જેને થયો ન હોય એવા જે હોય તેઓ બીજી બધી રીતે હોશિયાર હોવા છતાં મોક્ષની બાબતમાં અંધ ગણાય છે. ૧૪.

જ્યારે શ્રીહરિ નારાયણ ધૂન કરી રહ્યા ત્યારે સહુ સભા કરીને બેઠા. પરસ્પર એકબીજાને પગે લાગ્યા. ૧૫. તે વેળાએ શ્રીહરિ સંતોની સન્મુખ જોઈને બોલ્યા, હવે સહુ સંતો દોકડ અને સરોદ વગેરે વાજિંત્રો લઈને ગાન કરો. ૧૬. તે સાંભળીને સંતો વાજિંત્ર લઈ આવ્યા. મુક્તાનંદસ્વામી

અને બ્રહ્માનંદસ્વામી એ બંનેએ વગાડવા માટે સરોદ લીધા. બ્રહ્માનંદસ્વામી સરોદ વગાડવાનું મુક્તાનંદસ્વામી પાસે શીખ્યા હતા. ૧૭. પ્રેમાનંદસ્વામીએ દોકડ વગાડવા લીધાં. દેવાનંદસ્વામીને ગાવાનું ફાવતું હતું. બીજા સંતો દેવાનંદસ્વામી પાસે ગાન શીખ્યા હતા. કારણ કે તેમને પૂર્વનો અભ્યાસ રહ્યો હતો. ૧૮. જ્ઞાનાનંદમુનિ સિતાર વગાડતા અને સુંદરી (શરણાઈના જેવું એક વાજિંત્ર) પણ સરસ વગાડનારા અને રસજ્ઞ હતા. સુખાનંદસ્વામી મોરચંગ વગાડતા અને સિતારને પણ ઉમંગથી વગાડતા હતા. ૧૯. સંગીતના મર્મજ્ઞ દેવાનંદસ્વામી તંબૂર લઈને ગાન કરતા. નિર્વિકારાનંદમુનિ અને હર્યાનંદ મુનિને તાલ વગાડવામાં મજા આવતી હતી. ૨૦.

તેમાં મુક્તાનંદસ્વામીએ સહુના પહેલા હોરીનાં પદ ગાયાં. પછી બ્રહ્માનંદસ્વામીએ પણ હોરીનાં પદ ગાયાં. બંને મુનિઓ પોતે રચેલાં હોરીના પદ ગાયાં હતાં. ૨૧. તેમના પછી પ્રેમાનંદસ્વામીએ હોરીનાં પગ ગાયાં, તેમાં જ્ઞાનાનંદસ્વામીને પણ પછીથી જોડી દીધા. બધા સંતો હોરીનાં પદ ગાતા હતા. ત્યાં બધે અલૌકિક આનંદ વ્યાપી ગયો હતો. ૨૨. શ્રીહરિ પણ મુનિઓની સાથે તાલ મેળાવીને તેમને અત્યંત ઉત્સાહિત કરી દેતા હતા. જે સમાધિવાળા સંતો હતા, તેઓ તો આ બધું દેખીને ખૂબ જ ખુશ થાતા હતા. ૨૩. તેઓ બધા મૂર્તિમાં લીન થઈ ગયા અને કોઈને પોતાનાં શરીરનું ભાન રહ્યું નહિ. મૂર્તિમાં જે પ્રતાપ હતો તેને અંતરમુખી થઈ તેઓ દેખતા-અનુભવતા હતા. ૨૪.

જેનું અંતઃકરણરૂપી દ્વાર અત્યંત સ્વચ્છ હોય અને નિરાવરણ હોય, તેઓ જ્યારે અંતર સન્મુખ જુએ છે ત્યારે તેમને પ્રથમ તો અપાર પ્રકાશ દેખાય છે. ૨૫. જીવની બધી વૃત્તિઓ જ્યારે એક થઈ જાય છે ત્યારે મૂર્તિનું ધ્યાન કરતાની સાથે જ અંતરમાં પ્રકાશ દેખાવા લાગે છે. ૨૬. આમ, અંતરવૃત્તિથી મૂર્તિનો અને જીવનો તે પ્રકાશ દેખાવા લાગે છે. પછી પાંચ ભૂતોનાં ગાઢ અંધકારરૂપ આવરણોનો નાશ થઈ જાય છે. ૨૭. જેમ આ ભૌતિક શરીરમાં રહેલો જીવ શરીરમાં તદાકાર અને એકરસ થઈ ગયો હોય છે તેમ જ તે સમયે મૂર્તિમાં પણ મૂર્તિ આકારે થઈને જીવ એકરસ થઈ જાય

છે. અર્થાત્ આને આ દેહે જીવ મૂર્તિરૂપ થઈ જાય છે. ૨૮. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓમાં જીવ સહેજે જ એકરૂપ થઈને વર્તતો રહે છે. જાગ્રત અવસ્થામાં જાગ્રતના ભોગોને ચાહે છે. સ્વપ્ન અવસ્થામાં સ્વપ્નના ભોગોને ભોગવે છે. ૨૯. અને સુષુપ્તિ અવસ્થામાં સુષુપ્તિની રીતે એકરસ થઈને પ્રેમથી ભોગોને ભોગવે છે. એક એકથી બીજી બીજી અવસ્થામાં સામર્થ્ય અને સુખ અધિક અધિક તેને દેખાય છે. ૩૦.

અંતરમાં સુખ મનાય છે અને આવી જે વાત તે ઠીક લાગે છે અર્થાત્ સાચી લાગે છે. પણ જાગ્રત અવસ્થાના જે ભોગ-સુખ માનવા તે અતિશય દુર્ઘટ છે. અર્થાત્ અતિ અયોગ્ય છે. ૩૧. કારણ કે જાગ્રત અવસ્થાના જે ભોગ-સુખ છે તે તો સ્થૂળ દેહના ભોગ છે. અને સ્વપ્ન અવસ્થાના વિષય-ભોગ-સુખ સૂક્ષ્મ દેહના છે. અને તે જાગ્રત અવસ્થાના ભોગ-સુખ કરતાં ઘણાં વધારે હોય છે.૩૨. અને તે સ્વપ્ન અવસ્થાના ભોગ-સુખ કરતાં પણ સુષુપ્તિના ભોગ-સુખ અપાર વધારે અનુભવાય છે. કારણ કે સુષુપ્તિ અવસ્થાના સુખમાં તો બીજી કોઈ લગાર પણ ખબર રહેતી નથી. અને સુષુપ્તિ સુધીના જેટલા ભોગ-સુખ છે તેને સર્વને તો સહુએ અજ્ઞાનમય જ કહ્યા છે. ૩૩. તે અજ્ઞાન અંતર્જ્ઞાનના અભ્યાસ દ્વારા તરત જ નાશ થઈ જાય છે. તેમાં કાંઈ વાર લાગતી નથી. અને તે જ્ઞાનદ્વાર સત્સંગના વિના ક્યારેય ખૂલતું નથી. જ્યારે જીવ સત્સંગનો અભ્યાસ કરે ત્યારે જ ખુલે છે. ૩૪. તેમાં પણ ભગવાનની ઈચ્છા પ્રમાણે અંતઃકરણમાં તેવો પ્રકાશ થાય છે. પ્રથમ જ્ઞાને કરીને તે અપાર પ્રકાશ થાય છે. ૩૫.

તેમાં અંતઃકરણની વૃત્તિ જ્યારે વસે છે ત્યારે તે વૃત્તિમાં પ્રકાશ દેખાય છે. શરૂઆતમાં શુકલ પક્ષમાં પડવાના ચંદ્રમા જેવો કિંચિતમાત્ર પ્રકાશ દેખાય છે, પછી બીજના જેવો દેખાય છે અને તે પછી તો ક્રમશઃ વધતા વધતા પૂર્ણિમાના ચંદ્રમાના જેવો વૃત્તિમાં જે પ્રકાશ થાય છે તેને તે ભક્તજન દેખે છે. ૩૬-૩૭. તે પછી એક સૂર્યના જેવો પ્રકાશ, બે સૂર્યના જેવો, ત્રણ-ચાર, પાંચ સૂર્યના જેવો અધિક અધિક વધતો પ્રકાશ દેખાય છે. ૩૮. **પછી તો હજાર, કરોડ અને અનંત સૂર્ય અને ચંદ્રના પ્રકાશના જેવો પ્રકાશ ભક્તને**

દેખાય છે છતાં તે મૂર્તિને છોડતો નથી. ૩૯. મૂર્તિના એક જ રોમનો આ બધો પ્રકાશ છે. એમ જાણીને અર્થાત્ મૂર્તિનો જ મહિમા સમજીને મૂર્તિની જ એક ટેક રાખીને મૂર્તિમાં જ લાગ્યો રહે છે પણ મૂર્તિ સિવાય અન્ય કોઈને અધિક જાણે નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'સંતોનું ગાન, સમાધિ અને સમાધિની રીતનું કથન' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર દસમું : તરંગ - ૩૬

સત્સંગમાં અંગ પ્રમાણે વાત કરવી, એમ સંતોને ભલામણ

અરધી રાત થઈ ત્યાં સુધી શ્રીહરિએ સંતો પાસે કીર્તન ગાન કરાવ્યું. પછી ગામેગામના હરિભક્તોને સહુને ઘેર જવા માટે રજા આપી. ૧. શ્રીહરિ બીજે જ દિવસ ચાલવા માટે તૈયાર થયા. ત્યારે ગંગારામ મલ્લ આવ્યા અને તેણે શ્રીહરિની અપાર પ્રાર્થના કરી. ૨. મહારાજ ! હુતાશની નજીક આવી રહી છે. બધા હરિભક્તોને ઘણો જ ભાવ છે. હવે દોઢ માસ જ બાકી છે, તેમાં પણ પાંચ દિવસ તો જતા રહ્યા છે. ૩. તેટલીવારમાં સુંદરજીભાઈના મોટા ભાઈ સુતાર હીરજીભાઈ આવ્યા. તેણે માથેથી પાઘડી ઉતારી અને પ્રાર્થના કરવા લાગ્યા. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમારે દસ દિવસ માનકૂવા ગામમાં રહેવું છે, ત્યારે માનકૂવાના જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા રાજી થયા. ૫. શ્રીહરિ કહે પછી દસ દિવસ તેરા ગામમાં રહેવું છે. ત્યાંના હરિભક્તો બહુ અમને ચાહે છે અને તે પછી કાળાતળાવ ગામ જઈને રહેવું છે. ૬. તે પછી હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ અહીંયાં આવીને કરશું. ત્યારે બધા હરિભક્તો ઘણા ખુશી થયા અને સહુએ રાજી થઈને શ્રીહરિને વિદાય આપી. ૭. તે પછી શ્રીહરિ **માનકૂવા** આવ્યા. ત્યાંના હરિભક્તો સાથે જ હતા. ગામધણી દરબાર અદાભાઈ પરમ એકાંતિક હરિભક્ત હતા. ૮. શ્રીહરિને

ગમે તેવા ભવનમાં ઉતારો કરાવ્યો. તે ઉતારાનું ભવન જોઈને શ્રીહરિ રાજી થયા. ત્યાં દસ દિવસ રહ્યા. ૯. ભુજનગરથી જે સંતો સાથે હતા તે સહુને પણ શ્રીહરિએ વિદાય આપી. અને કહ્યું કે, જે ત્રણ ગામ અમે જવાના છીએ તે સિવાયના ગામોમાં જઈને તમે સહુ ફરો - સત્સંગ કરાવો. ૧૦.

અને રામદાસજીસ્વામી ભુજમાં રહે. સહુ હરિભક્તોને દર્શન આપે. જેવી આપણા સત્સંગની પ્રથા છે તે પ્રમાણે સહુ સંત-હરિભક્તોએ રહેવું. ૧૧. સંતોએ નિત્ય વાત પણ તેવી-સત્સંગની પ્રથા પ્રમાણે વર્તવાની જ કરવી. વાતો કર્યા વિના સત્સંગ લગારેય રહે નહિ. હરિભક્ત થયા હોવા છતાં જીવની સાથે શરીરમાં અને અંતઃકરણમાં કુસંગ અખંડ રહ્યો જ છે. ૧૨. બહારનો અને અંદરનો જે કુસંગ રહ્યો છે તેને સારી રીતે સહુ ઓળખે, એવી વાતો સંતોએ ઘણા જ હેતથી નિત્ય કરવી. ૧૩. સત્ય અને અસત્ય, બંને માર્ગ અલગ છે. પણ જે ગમાર હોય છે તે બંનેને એકસરખા ગણીને કહે છે. કારણ કે ગમાર તેમાં લાભ માને છે. તેનાથી તેને લગાર પણ ધર્મ પાળવો પડે નહિ. ૧૪.

સત્ય અને અસત્યની વિગત પાડીને જે રોજ વાત કહેવી અને સાંભળવી, તેનું નામ જ સત્સંગ કહેવાય છે. જે વાતોને ન કહે કે ન સાંભળે તેનું નામ કુસંગ કહેવાય છે. ૧૫. ગ્રામ્ય (માયિક પંચવિષય સંબંધી) વાતો કરવાનો જીવનો અનાદિકાળથી સ્વભાવ છે. તેથી નુકશાની થાય તેવી ગ્રામ્ય વાતોમાં મહાલાભ માને છે. તેવી વાતો જન્મ અને મરણરૂપ સંસારનું બીજ ગણાય છે. ૧૬. વિમુખ જીવને ગ્રામ્ય વિષયની વાતોથી જ જમપુરીનું અને લખચોરાશીનું દુઃખ ભોગવવું પડે છે. ગ્રામ્ય વાતોથી દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણ કુમાર્ગે ચઢી જાય છે. ૧૭. જે ભગવાનના ભક્ત હોય તેણે તે ખોટા માર્ગે જેટલું ચલાય તેટલો કુસંગ સમજવો. જેમ જેમ હરિભક્ત થાતો જાય તેમ તેમ નિત્ય સત્સંગ કરતો રહે છે. ૧૮.

✵ સત્સંગની ગરજ રાખવી તે બધાની ફરજ છે :

કેમ જે, જે એમ કહે કે અમે તો સત્સંગ કરી લીધો છે, અમારે બાકી નથી, તો તેને જીવ વિનાના મડદાં જેવો સમજવો. સત્સંગ તો અહોનિશ

કરતા રહેવાનું કહ્યું છે. સત્સંગને તો જીવની સાથે એક અંગભૂત જાણવો અર્થાત્ જીવન જાણવો. ૧૯. **જે દિન-પ્રતિદિન સત્સંગ કરવાનું ચાહે છે એવો હરિભક્ત દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. માટે જે હરિભક્ત હોય અને સાધુ હોય તેમણે રોજે રોજ સત્સંગ કરતા રહેવું. ૨૦.**

चोपाई :

सत्संग के रेना भूखे सदाई, सत्संग न करना त्रप्ति कदाई;
सत्संग को जेतो जेहि भूखा, ताके सत्संग न पडे लूखा...२१

सत्संग कर त्रप्ति होत जितना, झाँखे अंग होई जावत तितना;
अन्नजल विन ज्युं होवत देहा, पूर्ण सत्संग करी होवत एहा...२२

ભક્તજનોએ તો સત્સંગના સદાય ભૂખ્યા રહેવું. ક્યારેય સત્સંગથી ધરાઈ ન જવું. જે ભક્ત જેટલો સત્સંગનો ભૂખ્યો રહે છે તેનો સત્સંગ ક્યારેય લૂખો પડતો નથી. ૨૧. સત્સંગ કરતા જે જેટલો તૃપ્ત થાય છે તેટલા તેના કલ્યાણકારી અંગ ઝાંખા પડી જાય છે. અન્ન-જળ વિનાનો દેહ જેમ ઢીલો થઈ જાય છે, તેમ જે સત્સંગને પૂર્ણ કર્યો માની લે છે તેનું આધ્યાત્મિક અંગ ઢીલું પડી જાય છે. ૨૨. ખરો અને પૂરો સત્સંગ તેનું નામ છે કે જેનો સત્સંગ આઠે પહોર અધૂરો રહેતો હોય, આવો અર્થ કરે તે જ સાર્થક ખરો અર્થ છે. લોકો વગર સમજે તેનો અર્થ ઊલટો લગાવે છે. ૨૩. શિવજી, સનકાદિકો, નારદજી, શુકદેવજી આદિક મુનિવરો ઘણા સમય સુધી સત્સંગ કરતા, પણ જ્યારે તૃપ્ત ન થયા ત્યારે તેમાં વિશાળ ગુણો વધ્યા છે. ૨૪. સત્સંગનો અવધિ તો તે છે કે સત્સંગમાં દિન-પ્રતિદિન ભાવ અધિક થતો જાય. શુભમતિ ભક્તનો એવો ઠરાવ હોય છે કે, દિન-પ્રતિદિન ભાવ વધતો રહે એ સત્સંગનો અવધિ છે. ૨૫.

એક સમજણ નિર્જીવ છે અને બીજી સજીવ છે. સજીવ સમજણ રોજ રોજ વધતી રહે છે અને નિર્જીવ સમજણ ઘટતી જાય છે અર્થાત્ ભાવવાળી સમજણ જીવવાળી હોય નિશદિન વધતી રહે છે. ૨૬. જે કૂવામાં પાણી પાતાળ સુધીનું આવતું હોય તેને કરોડો કોશથી ઉલેચે તોપણ તે કૂવો અખૂટ રહે, તેવી જ રીતે સત્સંગ કરવો, ધરાવું નહીં પણ ભાવ વધારતા

જ જાવું. ૨૭. **મહાદિવ્ય શરીર ધારીને અક્ષરધામમાં આવીને વસે, તોપણ સત્સંગ તેના કરતાંય અધિક જણાય તો મૂર્તિમાં અધિક ભાવ રહે છે. ૨૮.**

ચોપાઈ :

भाव विन सत्संग जितनो जेहा, पत्र फल विन तरु जानना तेहा;
मूल में उधेई को जानना संगा, तेहिकर रस तेहि भये सब भंगा...२९

ભાવના વિનાનો જે સત્સંગ છે તે તો પાંદડા અને ફળ વિનાના વૃક્ષના જેવો છે અને વળી તેનાં મૂળમાં ઊધઈ લાગી જવાથી તેનો બધો રસ સૂકાઈ ગયો હોય છે. ૨૯. તેમાં જો એકાદ મૂળ ઊધઈ વિનાનું રહી ગયું હોય તો તે વૃક્ષ તેટલું લીલું રહે છે. જે હરિભક્તનો જેવો સત્સંગ હોય તેનાં મૂળની તપાસ કરવી જોઈએ. ૩૦.

જે હરિભક્તની જેવી રીતની રુચિ હોય તેને સમજી-વિચારીને પછી તેને અનુરૂપ વાત પ્રેમથી કરવી. સત્સંગના અપાર અંગ છે. તે બધાં શુદ્ધ અને ભિન્ન ભિન્ન છે. ૩૧. તેમાંય કોઈ એક અંગને ધારીને તે અંગને અનુસારે વાત કરવી. મનમાં એક એવું વિચારી રાખવું. તે એ કે કોઈ અંગનું છેદન-ભેદન થવું જોઈએ નહિ. ૩૨. સમય અને અંગને વિચાર્યા વિના જે વાત થાય, તે વાત સુખરૂપ હોય તોપણ દુઃખદાયી બને. કોઈનાં મરણ વખતે કોઈ નાચનારો આવે, વાજિંત્ર વગાડીને નાચવા માંડે, તો તે કેવું લાગે ? ૩૩. વિવાહના શુભ પ્રસંગમાં બાઈઓ ભેળીમળીને છાતી કૂટે તથા રડવા માંડે તો તે કેવું લાગે ? આવી તો અનંત વાતો છે, જે કહ્યે પાર આવે તેમ નથી. ૩૪. સામાના અંગનો વિચાર અને સમયને જાણ્યા વિના વિપરીત અંગની જે વાત કહેવી તે તો શરીરને શોભાડનારા નાક અને કાન વગેરેને કાપી નાખીને વિરૂપ કર્યા જેવું ગણાય. ૩૫.

જેટલા પ્રમાણમાં સર્વ સંતો-હરિભક્તોને શુદ્ધ કહે તેટલો તેને સત્સંગ જાણવો પણ પોતાની રુચિ પ્રમાણે હા એ હા કહીને ચાલનાર કોઈ એકનો જ અપાર સત્કાર કર્યા કરે તેને સત્સંગ સમજવો નહીં. ૩૬. જેઓ પરમ વિવેકી અને બુદ્ધિમાન હોય છે તેઓ તો એવા વિવેકહીન મનુષ્યની વાતોને અત્યંત અજ્ઞાન-અવિવેક સમજે છે. ૩૭. સ્વાર્થથી બંધાયેલા લોકો તો

અવિવેકને પણ અપાર વિવેક કહે છે. જો રાજકુમાર વિચિત્ર ફેલ કરતો હોય, તો તેને આ ગમાર છે એમ કોણ કહે ? ૩૮. ભલે કોઈ પ્રારબ્ધને લઈને તેને સત્તા-પદવી મળી હોય પણ એવા બુદ્ધિહીન માણસનો અત્યંત મોટા માણસના જેવો વધારે પડતો સત્કાર જે કરવો તે તો બુદ્ધિહિનને દારૂ પાયા જેવું કામ છે. તેને નિર્મળ બુદ્ધિના પુરુષો પારખી લે છે. ૩૯. તમે (રામદાસજીએ) આત્માનંદસ્વામીની અને રામાનંદસ્વામીની સેવા કરી છે એટલે વિશુદ્ધ બુદ્ધિવાળા છો તો જોઈ વિચારીને વાત કરજો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગના અંગની વાત કરવાની સંતોને ભલામણ કરી' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર દસમું : તરંગ - ૩૭

દંભી બ્રહ્મજ્ઞાનીઓની વાત કહીને શ્રીહરિએ સંતોને વિદાય આપી

ઘણા સંતો અને હરિભક્તો શ્રીહરિને વળાવવા આવ્યા હતા. તેમણે શ્રીહરિનાં મુખની વાત સાંભળી તેથી સહુનાં મનમાં અત્યંત આશ્ચર્ય થયું. ૧. આકાશમાં પાણીનું એક ટીપું પણ દેખાતું ન હોય અને જ્યારે વરસાદી પવન ફૂંકાય ત્યારે આકાશમાં વાદળાં સમાય નહિ એટલાં બધાં થઈ આવે છે. ૨. પછી ગાજવીજની સાથે આખી ભૂમિ ઉપર વરસાદ વરસે છે. પાણી વિનાની ખાલી કોઈ જગ્યા રહે નહિ. એકસરખી રીતથી તે સાગરમાં પણ વરસાદ થાય છે. ૩. સંતો સાગરરૂપ છે. હરિભક્તો ભૂમિરૂપ છે. શ્રીઘનશ્યામ શ્રીહરિ વાદળ-મેઘરૂપ છે. એમની વાતરૂપ વરસાદ જળ છે. ૪.

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને શ્રીહરિએ ધમડકાં અને આધોઈ જવાની આજ્ઞા હરખથી કરી. અને બીજા ગવૈયા સંતોને પોતાની સાથે રાખ્યા. ૫. તે વેળાએ બીજા બધા સંતોને માંડવી સુધીના ફરવા માટેના હરિભક્તોના ગામ ચીંધી દીધાં. સંતોએ જઈને માંડવી બંદર સુધી ફરવું અને દંભી બ્રહ્મજ્ઞાનીઓને હઠાવી દેવા. ૬. ત્યારે ભાઈ આત્માનંદસ્વામીએ હાથ

જોડીને કહ્યું, અમને દંભી બ્રહ્મજ્ઞાની બતાવી દો. આપનાં વચનનાં પ્રતાપથી દંભી બ્રહ્મજ્ઞાનીઓને અમે ઉખાડી નાખશું. ૭. અમે વેદ કે શાસ્ત્ર, એક પણ ભણ્યા નથી. છતાં તેમાં કહેલા ધર્મને દૃઢ ટેક રાખીને પાળીએ છીએ. ત્યારે શ્રીહરિએ કહ્યું, ભણવાનું ફળ એટલું જ છે કે દૃઢ ટેક રાખીને ધર્મ પળાય. ૮.

અરે, અપાર વેદશાસ્ત્રને ભણેલા વિદ્વાન લગારેય ધર્મને પાળતા નથી. ધર્મ ન પાળે તો તેના ભણવાનું ફળ તો લખચોરાશીના ફેરા ફરવાનું જ થયું. ૯. ધર્મ અને ભગવાનથી વિમુખ જીવો તો જન્મ-મરણ અને ઘોર જમપુરીનું કઠોર દુઃખ પામે છે અને બ્રહ્મજ્ઞાન તો બ્રહ્મને સમાન છે, આનંદમય છે અને અત્યંત શ્રેષ્ઠ રહ્યું છે. ૧૦. **તે શીખવાનું ફળ એ છે કે બ્રહ્મ (પરમેશ્વર) સિવાય અન્ય કોઈમાં હેત (વાસના) ન રહે. અને જેને બ્રહ્મદશા પ્રાપ્ત થાય છે તેમાં શુકદેવજીના જેવા બધા સદ્‌ગુણ આવે છે. ૧૧. બ્રહ્મરૂપ થયા વિના જે જે વિષય કહેવાય છે તે સર્વે સર્વોપરી જણાય છે પરંતુ જ્યારે વૈરાગ્ય થાય છે ત્યારે બ્રહ્મ સિવાયના બીજા સર્વોત્તમ વિષય પણ કાકવિષ્ઠા જેવા જણાય છે. ૧૨.**

જેટલા રમણીય વિષયભોગ હોય તે બધા ઝેર, અગ્નિ અને સર્પના સમાન જણાય છે. એટલે તે બધા વિષયોનો જ્યારે ત્યાગ કરે ત્યારે અમૂલ્ય બ્રહ્મનિષ્ઠની સ્થિતિને પામે છે. ૧૩. સ્ત્રી અને ધનનો દૂરથી જ ત્યાગ કરે. કોઈ પણ પ્રકારનો નશો લગાર પણ ન કરે, તેને આ રીતે કેફ એક બ્રહ્મજ્ઞાનનો જ રહે કે જે સહુથી સરસ અને સહુમાં સારરૂપ હોય છે. ૧૪. એક ભગવાનમાં અને ભગવદ્‌ભક્તમાં જ પ્રીતિ રાખે. બીજા કોઈની સાથે હેત રાખે નહિ. ખરેખર સાચી રીતનું તો એક બ્રહ્મજ્ઞાન જ છે. એટલે હંસરૂપ-આત્મનિષ્ઠ થઈને વિચરણ કરે. ૧૫.

જે બ્રહ્મજ્ઞાની દંભી છે, તેનું સ્વરૂપ હું વિસ્તારથી હવે કહું છું. તો તે અનુપમ સમજણને તમે ધ્યાન દઈને સાંભળો. ૧૬. આ જગતમા જે દંભી બ્રહ્મજ્ઞાની છે તેનું સ્વરૂપ તો એકદમ નિરાળું જ હોય છે. મહાત્મા શુકદેવજી અને જનકરાજાનું જે વર્તન હતું તેનો તમે વિચાર કરશો તો તરત જ તે દંભી બ્રહ્મજ્ઞાનીનું સ્વરૂપ તમને દેખાઈ આવશે. ૧૭. જેમાં સદાચારમય

ધર્મનું વર્તન ન હોય તેને દંભી બ્રહ્મજ્ઞાની જોવા-માનવા. વેદનાં વચનો છે તે સત્યરૂપ બ્રહ્મ છે. વ્યાસમુનિનાં કરેલા ગ્રંથ પણ સત્યરૂપ બ્રહ્મ છે. ૧૮. તે સનાતન શ્રુતિ અને સ્મૃતિએ સદાચારમય ધર્મનાં વચનોનું સ્થાપન કર્યું છે. તે ધર્મમાં જે વર્તે છે તે નિર્દંભ જ્ઞાની છે અને જે ધર્મનો લોપ કરે છે તે દંભી જ્ઞાની છે, એમ સમજવું. ૧૯. જેટલી હિંસા કહેવાય છે તેનો ત્રાસ જેનાં હૃદયમાં નથી હોતો. બ્રહ્મજ્ઞાનની ઓથ લઈને જે પાપ કરે, શાસ્ત્રે કહેલા વિધિનું અને નિષેધનું જે ઉત્થાપન કરે તે દંભી બ્રહ્મજ્ઞાની છે. ૨૦.

સુખમાં અને દુઃખમાં જેનાં ચિત્તમાં સમભાવના ન રહે, સનાતન ધર્મથી ઊલટું વર્તન કરે, પોતે બ્રહ્મરૂપનો દંભ કરીને ન કરવાની વાતો કરે. ૨૧. બ્રહ્મની દેશી કરીને એવું બોલે કે, અમને બ્રહ્મ વિના બીજું લેશમાત્ર પણ દેખાતું નથી. આવું કહીને વિશ્વાસ રાખનારા બધા નરનારીઓને ઘોર નરકમાં ડુબાવનારા દંભી બ્રહ્મજ્ઞાની, ૨૨. બ્રહ્મરૂપ હોય એવા ડોળભર્યું વર્તે અને બોલે કે અમને કોઈપણ પ્રકારનું પાપ અડતું જ નથી. કેવળ પાપ કરવા પૂરતો જ માનો બ્રહ્મનો વેશ ધારણ કર્યો હોય, તેમ વિશ્વાસી લોકોમાં ઉપદેશની વાતો કહે. ૨૩. બ્રહ્મજ્ઞાનનું મૂળ શ્રીકૃષ્ણ સ્વરૂપ છે, પરમ અને અનુપમ તેજોમય છે. છતાં તે બ્રહ્મજ્ઞાનીઓ કેવળ તેજને માને છે પણ મૂર્તિને માનતા નથી. તે દંભી બ્રહ્મજ્ઞાની આવા રહ્યા હોય છે ૨૪. ભગવાનના બધા જ અવતારો પૂર્ણ બ્રહ્મ છે છતાં તેને દંભી બ્રહ્મજ્ઞાનીઓ માયિક કહે છે. ૨૫.

પોતે અલ્પ અને તુચ્છ જીવ છે, ભગવાનની મૂર્તિ દિવ્યરૂપ છે, છતાં તે જીવ ભગવાનની મૂર્તિનું ખંડન કરે છે અને તે પાપથી દંભી બ્રહ્મજ્ઞાની સંસારરૂપી કૂવામાં ભટકયા કરે છે. ૨૬. ને દંભી બ્રહ્મજ્ઞાનીને લોઢાના જેવો કઠોર દેહ મળે છે અને અત્યંત અજ્ઞાની થાય છે. લોઢાને જેમ વારંવાર આગમાં તપાવે છે તેમ તેને પણ અનેક પ્રકારે વિકટ અને સંતાપ ભરી પરિસ્થિતિમાં દુઃખોથી તપાવે છે. ૨૭. તે દંભી જ્ઞાનીઓ નિર્દંભીની વાતને તો માનતા નથી. એટલે તેને પાપમાત્રનાં પરિણામરૂપે અત્યંત ભારે અને વિવિધ પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. ૨૮. લોઢાની જાતિમાં પણ જે અત્યંત અધમ લોઢું હોય, તેના જેવા તે દંભી જ્ઞાની ભગવાનનો દ્રોહ કરે છે.

બીજી બાજુ જે શુદ્ધ જ્ઞાની છે તે પ્રભુથી અધિક-વિશેષ કોઈને કહેતા નથી. ૨૯. એવા શુદ્ધ જ્ઞાનીનો જે સમાગમ કરે છે અને તેમનું જે વચન માને છે તેનું બાહ્ય અને આભ્યંતર અંગ શુદ્ધ થઈ જાય છે. બ્રહ્મહત્યાદિક જે ઘોરમાં પણ અતિઘોર મહાપાપો કહેવાય છે, ૩૦. તે બધા જ પાપોનો નાશ પણ થઈ જાય છે. શુદ્ધ જ્ઞાનીનો એવો પ્રતાપ છે.

સંતો, તમે અત્યારે તેવા શુદ્ધ જ્ઞાની છો. તે દંભી જ્ઞાનીઓ તમને ક્યારેય જીતી શકશે નહિ. ૩૧. તમે બધા તલવાર જેવા છો અને દંભીજ્ઞાનીઓ ખાલી મ્યાન જેવા છે. તે કામ પડ્યા વિના ક્યારેય જણાય નહિ. અધર્મની સેના અપાર છે. તેનો કહ્યે પાર આવે તેમ નથી. ૩૨. તે સેના લડવા તૈયાર થઈ છે પણ તેના હાથમાં દંભરૂપ મ્યાન છે. ધર્મની નિર્દંભ સેનાએ નિર્દંભ ધર્મરૂપી ખરી તલવાર ધારી છે. ૩૩. ધર્મની સેનાને હઠાવવા માટે અધર્મની સેના વારંવાર સજી ધજીને તૈયાર થાય છે, પણ ધર્મની સેના આગળ તે અધર્મની સેનાનો સહેજે જ એક પળવારમાં નાશ થઈ જાય છે. ૩૪. અગ્નિને બૂઝવવા-ઓલવવા કરોડો પતંગિયા જોરથી ઘસારો કરે છે, પણ તેનાથી અગ્નિને કાંઈ થાતું નથી. પણ તે પતંગિયાઓનો જ અગ્નિમાં વિનાશ થાય છે. ૩૫. તે રીતે જ પાખંડી, દંભી, મિથ્યાજ્ઞાની અને નાસ્તિક કે જેમાં ધર્મસર્ગ લેશમાત્ર પણ નથી તેવા દંભી જ્ઞાનીનો સહજ ભાવે વિનાશ થઈ જાય છે. ૩૬.

શ્રીહરિએ આવી વાત કહીને સંતોને બધી સૂચના કરી દીધી. તેને સંતોએ માથે ચઢાવી. પછી સહુ સંતોને વિદાય દીધી. ભૂજથી વળાવ્યા. ૩૭. શ્રીહરિએ જેને જ્યાં જવાનું ચીંધ્યું હતું તે સંતો ત્યાં હરખભેર ગયા અને શ્રીહરિનાં જે જે ચરિત્ર દેખ્યાં હતાં તેને નિત્ય સંભારતા હતા. ૩૮.

सोरठा : संत परस्पर जेह, बेठत हे जब मिलकर;
हरि के चरित्र हि तेह, कहत सो संभार तेहि...३९

गद्‌गद कंठ हि होत, नेना सो भरी आत केहि;
हरि मूर्ति जब जोत, नेन आगे प्रगट जबे...४०

તે બધા સંતો પરસ્પર મળીને જ્યારે બેસતા હતા ત્યારે શ્રીહરિનાં ચરિત્રોને સંભારીને અન્યોન્યને કહેતા હતા. તે ચરિત્રોનું કીર્તન શ્રવણ કરતાં કોઈ સંતોની દૃષ્ટિ આગળ શ્રીહરિની મૂર્તિ જ્યારે સાક્ષાત્ દેખાતી, ત્યારે તેઓ ગદ્ગદ કંઠ થઈ જતા અને આંખોમાંથી પ્રેમાશ્રુઓ ભરાઈ આવતાં હતાં. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'દંભી જ્ઞાનીઓની વાત કહીને શ્રીહરિએ સંતોને વિદાય આપી' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર દસમું : તરંગ - ૩૮

મુક્તાનંદસ્વામીએ ગઢપુરમાં વિશાળ સભા મળી તે વાત કહી

સદ્ગુરુ મુક્તાનંદસ્વામીએ દરબાર દાદાખાચરને કહ્યું, ગઢપુરમાં એક વખત ઘણી સારી સભા થઈ હતી. જે કોઈ ભક્ત આ વાતને કાનથી સાંભળે તો તેને પ્રભુ શ્રીહરિનાં સ્વરૂપમાં હેત થાય. ૧. તે સભામાં શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિનાં દત્તપુત્ર બંને, જે બંનેને અનંત જીવોના મોક્ષને માટે ગાદીએ બેસાડ્યા હતા તે મોટા અયોધ્યાપ્રસાદજી અને નાના રઘુવીરજી હાજર હતા. બધા સંતો અને હરિભક્તો જેને દિનપ્રતિદિન અધિક હેત રાખીને પૂજે છે. ૨-૩. જે હરિભક્તો ત્યાં બેઠા હતા. ત્યાં આવીને ધર્મવંશીઓ પણ બેઠા, બાઈ-ભાઈઓની અલગ અલગ સભા ભરાણી હતી. ૪. સંતો વર્ણીઓ અને સંન્યાસીઓ, શ્રીહરિનાં જે બધા પાર્ષદો કહેવાતા હતા, ખાચર, વાળા અને ખુમાણ, એ બધા મોટા મોટા કાઠી દરબારો પણ સભામાં બેઠા હતા. ૫.

પૂંજાભાઈ, કાયાભાઈ, વરહાભાઈ, ભોજાભાઈ વગેરે ધોલેરા બંદરના બધા રાજપૂત રાજાઓ ઘણા જ ઉમંગથી બેઠા હતા. ૬. પીપળીના અનુપમ દરબાર દાદાભાઈ અને ગાંફના દરબાર અજુભાઈ, જેઓ તેમના ભાઈઓમાં મોટેરા હતા, તે સભામાં બેઠા. ૭. કમિયાળાના દેહાભાઈ, સિસા વણાર, હઠીભાઈ, તેના પિતા દાદા વણાર સહુ સભામાં બેઠા હતા. ૮. દેવજાતિના ગઢવી જેટલા હરિભક્તો હતા તે સભામાં હતા. ચૂડાસમા દરબારો અપાર

હતા. તેમાં જે સારા હરિભક્ત ગણાતા હતા તેઓ સભામાં હતા. ૯. સભામાં એટલા બધા હરિભક્તો બેઠા હતા. તેનો લખતા પાર આવતો નથી. કરોડો કવિજન લખે તોપણ થાકી જાય તેમ છે. ૧૦. ઝાલા દરબારોમાં જે ઘણા હરિભક્ત થયા હતા તે સભામાં તે બધા જ હાજર હતા. વાઘેલા અને જાડેજા દરબારોનો તો કોઈ પાર જ ન હતો. બધા ઘણા ભવ્ય અને ઉદાર દેખાવના હતા. ૧૧. ગગાભાઈ અને દાદાભાઈ નામે દરબાર હરિભક્ત પણ સભામાં બેઠા હતા. જેણે પોતાની માલિકીની જગ્યામાં એક ઘણું મોટું શ્રીરણછોડજીનું મંદિર દીર્ઘ દૃષ્ટિથી વિચારીને જુનાગઢમાં કરાવ્યું હતું. ૧૨. જેટલા પરમાર દરબારો સત્સંગી થયા હતા, તે સભામાં બેઠા હતા. જેમણે મૂળીમાં મંદિર કરાવ્યું. ૧૩. પૂંજાભાઈ અને તેમના બધા ભાઈઓએ ધોલેરા બંદરમાં શ્રીમદનમોહન મહારાજનું મંદિર કરાવ્યું હતું. ૧૪. ભુજનગરમાં ભુજના રાજાએ (સંમતિ આપીને) શ્રીનરનારાયણ દેવનું મોટું મંદિર કરાવ્યું. ૧૫.

આ ગઢપુરમાં દરબાર દાદાખાચરે પોતાના દરબારગઢમાં શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવ્યું. ૧૬. ચરોતરનાં મધ્યમાં વડતાલ ગામમાં ઘનશ્યામ શ્રીહરિએ મોટા મોટા ઉત્સવ સમૈયાઓ કર્યા. ફૂલદોલ, રામનવમી, ભીમ એકાદશી, જન્માષ્ટમી, અન્નકોટ, દેવદિવાળી આદિક ઉત્તમ તિથિઓએ વારંવાર સમૈયા કર્યા. વડતાલના બધા જ પાટીદારો હરિભક્ત હતા. ૧૭-૧૮. જોબન પગી, સુંદર પગી બંને ભાઈ અને તેમનું બધું કુટુંબ-પરિવાર સહુ સારા હરિભક્ત હતા. ૧૯. એક નારાયણ ગિરિ નામે ગોસાઈ સારા હરિભક્ત હતા. તે બધાએ એક વિચારના થઈને શ્રીહરિને વિનંતી કરી. ૨૦.

વડતાલમાં ત્રણ શિખરવાળું મંદિર કરાવ્યું. શ્રીહરિ પછીથી ગોમતી લાવ્યા હતા. વૈકુંઠવાસી ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ તે મંદિરના નિવાસી થયા. ૨૧. દ્વારકાથી શ્રીરણછોડની છાપો (તપ્તમુદ્રા) અને પોતાનો બધો પરિવાર લઈને તે મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની સાથે વસીને રહ્યા. દ્વારકા અણગમતો વાસ હોવાથી છોડી દીધું. ૨૨. તે દ્વારકાના મંદિરમાં રહેતા પૂજારીઓએ નિષ્કામવ્રત છોડી દીધું હતું. તેઓ પારાવાર ધનલોભી થઈ ગયા.

લોકોને બહુ ડરાવવા લાગ્યા. ૨૩. તેવા સમયમાં શ્રીહરિના કુટુંબીજનો દર્શન કરવા ગયા. જેનો પ્રભાવશાળી પ્રતાપ ત્યાં છવાઈ ગયો. (એવા સાથે ગયેલા સચ્ચિદાનંદસ્વામીનું ત્યાંના) પૂજારીઓએ અપમાન કર્યું. સ્વયં દ્વારકાનાથથી તે સહન થયું નહિ. ૨૪. તે અપરાધથી રણછોડજી અત્યંત ઉદાસ થઈ ગયા અને એંસીના (૧૮૮૬ ?) વરસમાં તેમણે આવીને વડતાલમાં નિવાસ કર્યો. ૨૫.

ધર્મવંશી વિપ્રોનું દઢ નિષ્કામીપણું દેખ્યું. તેમની સેવા દેખીને તેમનાં હૃદયમાં શાંતિ થઈ. ૨૬. ભગવાન સ્વધામ પધાર્યા પછી ઘણો સમય ગયો. તે પછી ધીમે ધીમે મંદિરનું કાંઈ ઠામ ઠેકાણું (વ્યવસ્થાના રૂપમાં) રહ્યું નહિ. નિવાસ સ્થાન તો બેટ દ્વારકા રહ્યું. ૨૭. વિ. સંવત્ ૧૮૭૪ના વરસમાં એરણ સાહેબે હરખથી અમદાવાદના શાસનના સૂત્રને સંભાળ્યું. ૨૮. તેને શ્રીહરિ ઉપર ઘણો જ પૂજ્યભાવ હતો. તત્કાળ પત્ર લખીને શ્રીહરિને અમદાવાદ બોલાવ્યા અને ઘણા જ વિનમ્ર ભાવથી સન્માન કર્યું. ૨૯. જ્યાં તેમનું રાજદ્વારી શાસન કેન્દ્ર હતું. ત્યાં ઘણી જ ભાવનાથી શ્રીહરિની પધરામણી કરી. આદર ભાવથી સામે આવ્યા. માથાની ટોપી ઉતારીને પગે લાગ્યા. ૩૦.

શ્રીહરિએ તેમનો હાથ પકડ્યો અને તેની ટોપી તેને માથે મૂકી. પછી બાથમાં લઈને તેમને ભેટ્યા. સાહેબે શ્રીહરિને હાથ પકડીને ઘણા જ હેતથી સારા આસન ઉપર બેસાડ્યા. ૩૧. સુખશાંતિ પૂર્ણ કુશળ સમાચાર પરસ્પર પૂછ્યા. અને બીજી ઘણી વાતો કરી. ૧૮૬૭ના વરસમાં પ્રથમ ખેડામાં મળ્યા હતા. ૩૨. જે રીતે ત્યાં મળ્યા હતા તે બધી વાત કહી. એરણ સાહેબ બોલતા હતા અને શ્રીહરિ તેને સાંભળતા હતા. ૩૩. તેણે શ્રીહરિને કહ્યું, હવે આપ અહીં અમદાવાદમાં રહો, મનમાં કોઈ પ્રકારનો ભય-ઉદ્વેગ લાવશો નહિ. જગતમાં જે ન્યાય-નીતિનું પાલન કરે-કરાવે છે તે અમને બહુ ગમે છે. ૩૪. જે અનીતિ કરે છે તેને અમે ખતમ કરીએ છીએ. કોઈ ધનવાનની કે રાજાની અમે પરવા રાખતા નથી. આપની નજરમાં જે સ્થાન ઠીક લાગે-ગમે, તે જગ્યા અમે આપીએ અને ત્યાં તમે મુકામ બંધાવો. ૩૫. આવું કહી-વિચારીને પછી નવાવાસની પાસે ઉમંગથી જમીન આપી. પછી તેણે શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિવરે તેને અચળપદ આપ્યું. ૩૬.

તે પછીના સમયમાં દુલાપ (ડન્લોપ) સાહેબ જ્યારે અધિકારી થઈને અમદાવાદ આવ્યા ત્યારે તેમણે શિખરબંધ મંદિર બાંધવાની રજા આપી. ૩૭. પછી ૧૮૭૮માં ફા.સુ. ત્રીજ ના રોજ શ્રીસ્વામિનારાયણ ભગવાને આવીને તુરંત શ્રીનરનારાયણ દેવને પધરાવ્યા. ૩૮. સહુ પહેલા મંદિર શ્રીનગર-અમદાવાદમાં કર્યું. ભુજનગરનું મંદિર પછી હરિભક્તોએ કર્યું અને વડતાલમાં તો પછી ઘણું મોટું અનુપમ મંદિર કરાવ્યું. પૂંજાભાઈએ ધોલેરામાં હરખથી મંદિર કરાવ્યું. અને જુનાગઢનું મનોહર અમૂલ્ય મંદિર પછી કર્યું. તે પછી રંગભીના-ઘનશ્યામ નવલ રંગીલા શ્રીહરિએ સ્વયં ગઢપુરમાં મંદિર કરાવ્યું. ૩૯-૪૧.

ગઢપુરનું મંદિર તો બધા મંદિરોમાં અનુપમ, મસ્તક જેવું સારભૂત અને બે માળનું વિમાન આકારે કરાવ્યું. શ્રીહરિને મનમાં ગમે તેવી કારીગરી કારીગરોએ કરી. ૪૨. આ ગઢડાનું મંદિર અને બીજા બધા જે મંદિર કરાવ્યા તે શ્રીહરિએ પોતાની ઈચ્છાથી કરાવ્યા. તે મંદિર તૈયાર થઈ ગયા પછી પોતે ત્યાં આવ્યા અને બધી મૂર્તિઓ પધરાવી. ૪૩. તે પ્રસંગે વિપ્રોને, હરિભક્તોને અને બીજા માણસોને પાક કરાવીને લાખો અને કરોડોની સંખ્યામાં જમાડ્યા હતા. તે જમવામાં સંતો, વર્ણીઓ, બીજા અતિથિ અભ્યાગતો અને બીજા મતના લોકો પણ આવ્યા હતા, તેનો કોઈ પાર જ રહ્યો ન હતો. ૪૪. મ્લેચ્છ અને અંત્યજ સુધીની કોઈપણ માનવજાતિ હોય તેમને સારી રીતે જમાડ્યા. વિપ્રોને વારંવાર દાન આપતા. આવી વાત તો શ્રીહરિએ તે પ્રસંગે ઘણી ઘણી કરી હતી. ૪૫. જે જે વાતનો પ્રસંગ આવે-યાદ આવે તે પ્રકરણ લઈને કહું છું. શ્રીહરિની વાત કહેવાનું એક જ તાન રહે છે. આગળ-પાછળનું કાંઈ ધ્યાન (પ્રમાણ) રહેતું નથી. ૪૬.

❋ આ ગ્રંથની મહત્તા :

આગળ કે પાછળ, શ્રીહરિની વાત કહેવી તે એક સિદ્ધાંત નક્કી કરી રાખ્યો છે. જે કોઈ સમયે અમૃતનું પાન કરાવો. જો ભૂખ્યો મનુષ્ય હશે તો તેને મીઠું લાગશે. ૪૭. **ભૂખ ન હોય અને અમૃત જેવું સરસ પાન કરાવીએ તોપણ તેને સારું નહિ લાગે. જેને શ્રીહરિની વાત સાંભળવાની ભૂખ ન હોય તેને આ ગ્રંથ ગમશે નહિ. ૪૮.** જે શ્રીહરિની વાતના ભૂખ્યા

હોય, જેને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની સમજણ પ્રાપ્ત કરવાની મનમાં ઈચ્છા હોય તેને માટે તો આ ગ્રંથ પરમ જીવનરૂપ છે અને શ્રેષ્ઠ દૈવતરૂપ છે. આના સમાન બીજો કોઈ ગ્રંથ નથી. આ તો સર્વ શ્રેષ્ઠ અને અનુપમ ગ્રંથ છે. ૪૯-૫૦.

હવે જે બાકી છે તે બધો વિચાર કહું છું. જે વખતે હૃદયમાં જેવી સ્ફુરણા થાય છે તેવી રીતે તે હું કહું છું. ૫૧. શ્રીહરિની જેટલી વાત છે તે બધી જ વાતો એક એક ચિંતામણિ, પારસમણિ અને કલ્પવૃક્ષ છે. ૫૨.

सोरठा : जान अजान हि जन, जो जो करे श्रवन यह;
हरि वस हि तेहि मन, सत्संग पर होव हि भाव अति...५३

जमदुत महाघोर, श्रवन कर हि जेहि भावकर;
ताके देख हि न ओर, सत्संग होव हि जन्म तिहाँ...५४

કોઈ મનુષ્ય જાણીને કે અજાણતા આનું શ્રવણ કરશે તો શ્રીહરિ તેનાં મનમાં વસશે અને સત્સંગના ઉપર અત્યંત હેતભાવ થશે. ૫૩. જે ભાવનાથી આ ગ્રંથને સાંભળે, તેના તરફ મહાન ઘોર-વિકરાળ જમદૂતો તો દેખશે પણ નહિ અને બીજો જન્મ જ્યાં આવશે ત્યાં સારો સત્સંગ થાશે. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'મુક્તાનંદસ્વામીએ ગઢપુરમાં વિશાળ સભા થઈ તે વાત કહી' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર દસમું : તરંગ - ૩૯

શ્રીહરિની વાત કરવાની રીત કહી

મુક્તાનંદસ્વામીએ દરબાર દાદા ખાચરને જે કહ્યું, હવે તે કહું છું. શ્રીહરિ **માનકૂવા** ગામમાં જે દસ દિવસ રહ્યા. ત્યાં સુધી પ્રાગજી દવેની પાસે પહેલેથી શ્રીમદ્‌ભાગવત પુરાણ વંચાવ્યું અને તે અવિનાશી શ્રીહરિએ સ્વયં તે સાંભળ્યું. ૧-૨. ભાગવતમાં જેટલા અવતાર અને તેમનાં ચરિત્રોની જે વાત આવે છે તેનો સાર સાર બધા પુરાણ પ્રમાણે કહ્યો. ૩. વ્યાસમુનિએ

શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોને મુખ્ય રાખીને બીજા અવતારોનાં ચરિત્ર સાધારણપણે કહ્યાં છે. ૪.

એકથી ચાર સ્કંધ સુધીની કથા માનકૂવામાં વંચાણી. હરિભક્તો દિવસે પોતાનું ઘરનું ખેતીનું કામ કરતા. વિશ્રાંતિ કરતા નહિ. ૫. રાતે બધા હરિભક્તો ઘણા જ ઉત્સાહથી શ્રીહરિની પાસે આવીને બેસતા અને શ્રીહરિ તેમનું જેવું અંગ હોય તેવી વાતો કહેતા હતા. ૬. સત્સંગના જેટલા ધર્મ-નિયમ છે તેને શ્રીહરિ રોજ ચેતવતા રહેતા અને સમજાવતા અને કર્મયોગી જે બધા હરિભક્ત હોય તેના બધા ધર્મ-નિયમોને અલગ અલગ ગણીને તે કર્મયોગીને સમજાવીને કહેતા-શીખવતા અને સાંખ્યયોગીના જે ધર્મ-નિયમો હોય તે પણ તેને સમજાવીને કહેતા-શીખવતા હતા. ૭-૮.

વર્ણીના ધર્મ વર્ણીને શીખવતા. રોજ ન શીખવાડે તો ભૂલી જાય. પોતાનું પેટ ભરવાનો જે ઉદ્યમ ધંધો હોય તેમાં બધા જ લોકો તત્પર થઈને લાગ્યા રહે છે. ૯. તેઓ રોજ ઉદ્યમ કરે છે ત્યારે પેટ ભરાય છે. જીવોની જાતિ અનંત પ્રકારની છે, તેનાથી આખું બ્રહ્માંડ ભરાયેલું છે, તેનો કોઈ પાર નથી. ૧૦. રાત-દિવસ પેટ માટેનો ઉદ્યમ સહુ કરે છે, તેમાં કોઈને મોતની તો શંકાએ થાતી નથી. રાત-દિવસ પેટ માટેનો જ વિચાર હોય છે, તેને માટે અપાર હાયવોય કરતા રહે છે. ૧૧. આ મનુષ્ય શરીર ભગવાને આપ્યું છે. અન્ન-વસ્ત્ર પણ તેઓ જ આપે છે. છતાં પ્રાણી તે ભગવાનને સંભારતો નથી અને તેથી જ તે દુઃખી તથા હેરાન થાય છે. ૧૨.

✵ મનુષ્ય શરીરની દુર્લભતા :

અત્યારે જેટલા હરિભક્ત થયા છે તેનાં ભાગ્યનો તો કોઈ પાર નથી. પણ તે વિનાના જેટલા બાકી રહી ગયા છે તે ઘણા અભાગિયા છે. ૧૩.

दोहा : जन्म मरण चोरासी दुःख, जमपुरी दुःख न पार;
अनंत दुःख शिर मेटने, हरि तन दीन यह सार...१४

सोरठा : मनुष्य तन में आय, हरि न भजत जन जेते तेहि;
अपार धन ही पाय, दुःखी रहे नहिं पार कछु...१५

भोमि मिले सब राज, त्रिलोकी मिले राज सब;
सो सब हि हे अकाज, सत्संग न भये जांहिं लग...१६

જન્મ-મરણનું દુઃખ, લખચોરાશીનું દુઃખ અને જમપુરીનું દુઃખ એ બધા અનંત દુઃખ જે માથે રહ્યા છે તેને ટાળવા માટે તો ભગવાને આ સર્વોત્તમ મનુષ્ય શરીર આપ્યું છે. ૧૪. મનુષ્ય શરીરમાં આવ્યા પછી પણ જે માણસ ભગવાનનું ભજન નથી કરતો તે તો અપાર ધન મળ્યા પછી પણ દુઃખી રહે છે. તેનો કાંઈ પાર આવતો નથી. ૧૫. આખી પૃથ્વીનું રાજ્ય મળે, અરે, ત્રિલોકીનું પણ રાજ્ય મળે તોપણ તે બધું ખોટું છે, અકાજ છે કે જ્યાં સુધી આપણે સત્સંગ સ્વીકાર્યો નથી. ૧૬.

આ રીતે શ્રીહરિ રોજ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી ઘણા ભાવથી ભક્તજનોની આગળ વાત કહેતા રહેતા હતા. તે સાંભળીને લોકોને તૃપ્તિ થાતી નહિ. ૧૭. આમ નિયમ-ધર્મની વાત કર્યા પછી કીર્તન ગવાતા રહેતા. જે સમયે શ્રીહરિ જેવી વાતો કહેતા તેને અનુરૂપ તેવાં જ કીર્તન ત્યારે ગવડાવતા હતા. ૧૮.

જ્યારે શ્રીહરિ ઉપદેશની વાતો કરતા ત્યારે સંતો પાસે ઉપદેશના પદ ગવડાવતા હતા અને જ્યારે જ્ઞાનની વાત કરતા ત્યારે સારા જ્ઞાનનાં પદ ગવડાવતા હતા. ૧૯. વાતનું જેવું પ્રકરણ ચાલતું હોય તેવા પદ ગવાતા રહેતા. ખેતી કરનારા જે હરિભક્તો હોય તેની રીતની આ વાત કહેવાય. ૨૦. લોકભાષાના ગ્રંથોને ભણેલા લોકો આવે અથવા મતપંથના પણ ઘણા લોકો જ્યારે આવે ત્યારે તેને પ્રિય લાગે તેવી વાત શ્રીહરિ તેની સન્મુખ કહેતા. ૨૧. અનંત પ્રકારના વિષયસુખ કહેવાય છે, તેમાં આખા સંસારના લોકો ખૂંતેલા છે. સત્સંગ સિવાયના લોકો જેટલી જ્ઞાનની વાત કરતા હોય, ગ્રંથ વાંચતા હોય, પદ બોલતા હોય, ૨૨. અને અપાર સાખી અને શબ્દ બોલતા હોય પણ દોડ તો સર્વની એકધારી વિષય તરફ જ હોય છે. પણ તે મતપંથમાં પૂર્વે ઘણા મહાપુરુષો મોટા મોટા થઈ ગયા છે, તે તો ઘણા સમર્થ હતા. ૨૩. તે મોટા પુરુષોએ જે ગ્રંથ લખ્યા, જેટલી સાખી, પદ કે ચોપાઈ કહી તે બધામાં વિષયોના બંધન તોડવાનું જ એક તાન દેખાય

છે, તે માટે જ તેઓએ આ બધું લખ્યું છે અને તેને લીધે જ વિવિધ મતો રહ્યા છે. ૨૪. **લોકો અનંત પ્રકારનાં દુઃખોને સહન કરે છે. તેનો કહ્યે પાર આવે તેમ નથી. તે બધાં જ દુઃખોનું મૂળ વિષય છે. જો વિષયોને છોડવામાં આવે તો લગારેય દુઃખ રહે નહિ. ૨૫. જ્યાં સુધી અંતરમાં જેને જેટલો વિષયનો રાગ છે ત્યાં સુધી તેટલાં તેને જન્મ અને મરણ ચાલુ રહેવાના, તે સ્પષ્ટ રીતે આંખો આગળ દેખાય છે. ૨૬. મનુષ્ય શરીરને પામીને પણ જે વિષયભોગમાં ડૂબ્યા રહે છે તેને માથે લખચોરાશીમાં જન્મ લેવાનું નક્કી થઈ ચૂકયું છે, એમ કહી શકાય છે. ૨૭.**

શ્રીહરિની પાસે કોઈ સંસ્કૃત ભણેલો વિદ્વાન, પંડિત કે પુરાણી આવે ત્યારે તેને આદરભાવથી બોલાવતા. ૨૮. શ્રીહરિ શાસ્ત્રની રીતે પુરાણના શ્લોક બોલીને તેને પ્રેમથી પ્રશ્ન પૂછતા. વેદો અને પુરાણોના જીવનપ્રાણ એવા સ્વયં શ્રીહરિ પોતે પ્રકટ થયા છે. ૨૯. તેથી વેદોમાં જે જે સ્થળે જેટલા વાતના પ્રકરણ હોય તે સર્વે કહેતા. તથા અઢાર પુરાણ તથા સર્વે સ્મૃતિમાં જ્યાં જે સ્થળે જે બાબતની વાત હોય તે સર્વે કહેતા. ૩૦.

જે મુખ્ય અઢાર પુરાણ છે, તેમાં હરેક પ્રકરણના પ્રત્યેક સ્થળની વાત શ્રીહરિને કંઠસ્થ હતી. તે સાંભળીને પંડિતોને ઘણું ભારે આશ્ચર્ય થાતું. ૩૧. શ્રીહરિનાં મુખનું શુદ્ધ ઉચ્ચારણ સાંભળીને તેમની બુદ્ધિ તો લીન થઈ જતી હતી. તેઓ મુખથી એક વેણ પણ બોલી શકતા નહિ અને શબ્દ ઉચ્ચારવાની ચેતના પણ તેમાં રહેતી નહિ. ૩૨. ત્યારે પંડિતો શ્રીહરિને હાથ જોડીને કહેતા કે અમે તો અમારું મન માયામાં જોડી રાખ્યું છે. અમે જગતના પંડિતો કાશી સુધીના જે છીએ, તે અમે અમારાં ભણતરનું ફળ માયાને માન્યું છે અને મોક્ષરૂપ ફળ આપે માન્યું છે. કોઈ પ્રાણીને માયાથી આગળ દેખાતું જ નથી. અત્યંત ત્યાગી દેખાતા હોય તેપણ છાની રીતે માયાને રાખે છે. ૩૩-૩૪. કેટલાક ખાખી નાગા રહેતા, અતિશય સ્ત્રીના ત્યાગી કહેવાતા, માથા ઉપર જટા સિવાય કાંઈ રાખતા નહિ. છતાં તેઓ રોજ લીલાગર ભાંગ અને ગાંજો પીતા હતા. ૩૫.

કામનું મૂળ રસના ઈંદ્રિય છે, તેને તેઓ ખૂબ જ તૃપ્ત કરતા હતા. લોકો અંદરની વાતને જાણતા નહિ. ઉપરનો ત્યાગ દેખીને સંતોષ માનતા. ૩૬.જિહ્વા એક ઈંદ્રિયથી બધી જ ઈંદ્રિયોને પોષણ મળે છે. તે પ્રત્યક્ષ રીતે દેખાય છે. ૩૭. નારીને સાથે રાખે નહિ, પણ ધનને સાથે રાખે. ઈંદ્રિય, જટા અને ભભૂતીમાં શરીર ઉપરનો ત્યાગ દેખાડે છે. ૩૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમારા જે કોઈપણ સંતો છે તે બધા ઈંદ્રિયરૂપી બધા દ્વારોને નિયમમાં રાખીને ચાલે છે. ૩૯. શાસ્ત્રોમાં જેવી રીતે લખ્યું છે તેવી જ રીતે અમારા બધા જ સંતો ત્યાગીની જેટલી રીત હોય અને જે જે રીતે ત્યાગ કરવાનું કહ્યું હોય તે પ્રમાણે જ આ કળિયુગમાં પણ ચાલે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિચરિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિની વાત કરવાની રીત કહી' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર દસમું : તરંગ - ૪૦

સત્સંગમાં શ્રીહરિની અને સંતોની વાત કહેવાની રીત કહી

શ્રીહરિની વાત સાંભળીને તે પંડિતો વિસ્મિત થાતા અને બંને હાથ જોડીને ચરણોમાં નમસ્કાર કરતા હતા. ૧. અને તે પંડિતો હાથ જોડીને બોલતા કે, આપ સાક્ષાત્ પરમેશ્વર છો. નહિ તો આટલો પ્રતાપ પ્રસિદ્ધ રીતે કોણ બતાવી શકે ? ૨. અમે ઘણાં શાસ્ત્રોને ભણ્યા છીએ પણ તે જીવન નિર્વાહનું સાધન માનીને ભણ્યા છીએ. અમે ઉત્તમકુળ અને વિદ્યાના ભારે મદથી ભરેલા છીએ. તેથી અમે કોઈનો ભાર માનતા નથી. ૩. પણ હવે કરોડો સૂર્યના જેવો આપનો પ્રતાપ અમે દેખ્યો ત્યારે અત્યંત શ્રેષ્ઠ અને અનુપમ એવા આપનાં દર્શન થતા જ અમને તે (તમારા પ્રતાપની અને અમારામાં રહેલા મિથ્યા ઘમંડની) ખબર પડી છે. ૪.

જે પંડિતો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા તેઓ ગર્વ કરીને આવતા, પણ શ્રીહરિનાં મુખની વાતો સાંભળવાથી તેમનો ગર્વ ગળી

જતો હતો. ૫. સંસારની વાત સાંભળીને જે લોકો ભુરાયા-રઘવાયા થઈ જાતા, તેઓ શ્રીહરિની વાતને સાંભળીને શાંત થઈ જાતા, પાણીના જોગથી જેમ આગ બુઝાઈ જાય છે તેમ શ્રીહરિના જોગથી પંડિતો બાહ્ય અને આભ્યંતર રીતે શીતળ થઈ જાતા હતા. ૬. જેનાં મનમાં જેવી ભાવના હોય તેવો ઉત્તર શ્રીહરિ વાતમાં જ કરી દેતા. તે ઉત્તર કરવામાં એવું ભારે સામર્થ્ય જોઈને પંડિતો તરત જ હાથ જોડી દેતા હતા. ૭. જેને ધર્મ ઉપર રુચિ હોય એવા દૈવી પંડિતોની વાત કરી અને જે આસુરી પંડિત આવતા તેની આગળ પણ જે વાત કરતા તે અહીં કહી બતાવું છું. ૮. આસુરી જીવો જે પુરાણ ગ્રંથોને ભણે છે તે કેવળ અધર્મને માર્ગે ચાલવાને માટે જ ભણે છે. જે ચાર વર્ણ અને ચાર આશ્રમ છે તેમાં પણ દૈવી અને આસુરી બંને પ્રકારના જીવ હોય છે. ૯.

તેમાં દૈવી મનુષ્યોને ધર્મયુક્ત જેટલી વાતો હોય છે તેટલી ગમે છે. અને ધર્મને માર્ગે જેટલાને ચાલતા દેખે તેટલું તેને અમૃતના જેવું રુચિકર લાગે છે. ૧૦. **જેટલો અધર્મનો ઉત્થાપ થાય તેટલું તેને વધારે ગમે. તે જ્યારે અધર્મનો ઉત્થાપ સાંભળે ત્યારે તેનું નિષ્પાપ મુખ ખીલી ઊઠે છે. ૧૧.** આસુરી જીવને અધર્મ સારો લાગે છે અને ધર્મવાળાને દેખીને તે સહેજે જ તપી જાય છે. તે આસુરી ધર્મ પાળનારાને અધર્મીના રૂપમાં દેખે છે અને અધર્મ કરનારાને ધર્મવાળો માને છે. જો તે અધર્મને પાપ માને તો તે આસુરીજીવ પાપ કરી શકે નહિ. ૧૨. જેટલા અસુરો છે તે બધા પાપમય કર્મને પણ ધર્મ માનીને અને તેમાં પોતાનો મોક્ષ માનીને નિત્ય અપાર પાપો કરે છે. ૧૩. માણસો જેટલી પાપની વાત કરે છે તે છાની રીતે કરે છે અને ધર્મની વાત કહે છે તે પ્રસિદ્ધ રીતે કરે છે. ૧૪.

વેશ્યાને સમાન બીજી કોઈ નારી પાપી નથી એમ સહુ જગત જાણે છે. છતાં તે વેશ્યા પણ છાની રીતે જ પાપ કરે છે. ૧૫. કુસંગી લોકો જે જે કાંઈ પાપ કરે છે તે બધાં છાની રીતે જ કરે છે. ભલે તે સહુથી મોટો પાપી થયો હોય પણ છાની રીતે કરે છે તેટલો તેમાં ધર્મ રહ્યો છે. ૧૬. જેનું દિલ અધર્મને પાપ માને છે, તે પાપને છાની રીતે કરે છે અને જેટલા લોકો

ડરતાં ડરતાં પાપ કરે છે એટલાનો ક્યારેક મોક્ષ થવાનો સંભવ છે. ૧૭. પાપ કરતા જેટલો ડર રહે છે તેટલો તેમાં ધર્મ રહ્યો છે. અને જેને પાપનો કાંઈ ડર ન હોય તે અધમ છે. તેમ છતાં પણ જો તે ડરે છે તો તેના ઉપર પણ ક્યારેક ભગવાન દયા કરે છે. ૧૮. મોક્ષમાર્ગે જો થોડુંએ ચલાયું હોય તો એવી પશુ જાતિનો પણ મોક્ષ થાય છે. પિંગલા વેશ્યા જેવી બીજી કોઈ પાપિણી નહિ હોય, છતાં તેના ઉપર દત્તાત્રેયની નજર પડી તો તેનો ઉદ્ધાર થયો. ૧૯. દત્તાત્રેય તો મહાન સમર્થ હતા. વિષયને તો તેઓ નરકથી પણ બદતર જાણતા હતા. નારીને તો ભારે ઝેરી નાગણી જાણતા હતા. તે નારી આંખથી પણ દંશ દે તો તરત તેનું ઝેર ચઢે, તેમાં વાર લાગે નહિ. ૨૦.

જે કોઈ પુરુષ એવો સમર્થ હોય કે તેનું હૃદય પથ્થરના જેવું કે વજ્રના જેવું દૃઢ હોય, તે હૃદયમાં પણ જો નારીનાં નયન કટાક્ષની આગ જરીક પણ જો પેસી જાય તો પથ્થર અને વજ્રનાં જેવું મક્કમ હૃદય પણ તરત જ પાણી પાણી થઈ જાય છે. બ્રહ્મા અને શંકરના સમાન અન્ય કોઈ સમર્થ ન કહેવાય, છતાં તેમનાં હૃદય પણ નારીનાં નયન કટાક્ષથી પાણી પાણી થઈ ગયાં હતાં. ૨૧-૨૨. તેમની આગળ બીજા જોગી તો કાંઈ લેખામાં ન આવે કે જે નારીને દેખીને ચલાયમાન થાય નહિ. આ જગતની સૃષ્ટિ થઈ ત્યારથી આરંભીને આજ સુધી નર અને નારીનાં હૃદય સદા એકરસ થઈને રહ્યા છે. માત્ર શરીરથી જ જુદાઈ દેખાય છે. જે એકરસ થઈને રહ્યા છે તે હૃદયને જુદા કરવા. કેમ જે, જુદા પાડ્યા સિવાય ક્યારેય સંસારનો પાર આવવાનો નથી. ૨૩-૨૪. તે નર અને નારીનાં હૃદયને જુદા પાડવા માટે તો ભગવાને વર્ણ અને આશ્રમના ધર્મ પ્રેમથી બાંધી આપ્યા છે. ૨૫.

જે મનુષ્ય વર્ણના અને આશ્રમના ધર્મને લગારેય લોપે છે તો તેને વિવિધ પ્રકારના દંડ કરવામાં આવે છે. ૨૬. જે વર્ણનો મનુષ્ય તેના વર્ણના ધર્મને, નીતિને કે માર્ગને જો લોપે તો તેના વર્ણનાં જ અગ્રણી તે ધર્મનો લોપ કરનારાને યોગ્ય રીતે વિચારીને તે તેવો દંડ કરે. ૨૭. જે મનુષ્ય પોતાની નાતજાતના બંધારણને કે ધર્મના નિયમોને પણ ન માને અને બેકેદ-અનિયંત્રિત રીતે વર્તતો હોય તો તેને રાજા હોય તે તેના વર્ણના ધર્મને

જોઈને યોગ્ય રીતે દંડ કરે. ૨૮. જો સ્વયં રાજા થઈને રાજધર્મનું ઉલ્લંઘન કરે અને મનમાની રીતે અનીતિ કરે તો તેને કોઈ વર્ણ કે આશ્રમવાળા કાંઈ કહી શકે નહિ. ૨૯. હુકમ કરવાનું જેના હાથમાં સ્વતંત્રપણે હોય તે તો પોતાનાં મનમાં જેમ ઠીક લાગે તેમ વર્તે છે. તેને દંડ દેવાને માટે તો જમપુરીમાં ધર્મરાજાને પરમેશ્વરે રાખ્યા છે. ૩૦.

જે સ્વયં રાજા થઈને અન્યાય કરે છે તેને તે યમરાજા અત્યંત દંડ દે છે. જ્યારે રાજા સ્વતંત્રતા પામે છે ત્યારે તેની સદ્‌બુદ્ધિ અને કુબુદ્ધિ દેખાઈ આવે છે. ૩૧. **જે રાજા સુમતિ-સદ્‌બુદ્ધિવાળો હોય તે સ્વયં વર્ણના અને આશ્રમના ધર્મોને યથાર્થ રીતે જોઈને બધી પ્રજાને તે ધર્મ પ્રમાણે ઘણા પ્રેમથી ચલાવે. ૩૨.** પરમેશ્વરને અંતર્યામી સમજીને તે મહાપ્રભુની નીતિને મહાન માનીને રાત-દિવસ નીતિનું સન્માન કરે અને પોતે પણ તે નીતિને જોઈ-જાણીને તે અનુસારે જ ચાલે. ૩૩. આવા રાજાનો યશ આ જગતમાં બ્રહ્માંડ રહે ત્યાં સુધી અખંડ રહે છે અને તેને મૃત્યુ પછી અનંત સુખ મળે છે. માટે આ જગતમાં મનુષ્ય શરીરને પામીને શુભ યશ મળે તેવું વર્તન કરવું જોઈએ. ૩૪. સદ્‌બુદ્ધિવાળા રાજાના આવા વિચારો હોય છે અને કુબુદ્ધિ રાજાના વિચારો તો સુમતિના કરતા એકદમ ઊલટા હોય છે. કુબુદ્ધિ રાજા અંતર્યામી પરમેશ્વરને જ ન માને. પોતાની બુદ્ધિ-સમજણને જ સર્વોત્તમ ગણે. ૩૫. બીજા અનંત મનુષ્યોને જે ઘણી બુદ્ધિ મળી હોય અને તેઓ જો મનમાં ચાહે તેમ અનિયંત્રિત જીવન જીવે તો તેના મૃત્યુ પછી તેને પણ ફરીને આવો મનુષ્યનો જન્મ મળે નહિ. ૩૬.

શ્રીભગવાને તો આવા નિયમો બાંધ્યા છે. એવી પરમેશ્વરની વાતો તો અપાર છે. માનો પરમેશ્વર જ્યારે બિલકુલ દયાદૃષ્ટિ કરે જ નહિ ત્યારે માનવની બુદ્ધિ કાંઈ કામ કરતી નથી. ૩૭. જ્યારે રાજા સ્વતંત્ર થાય ત્યારે જો તે સુમતિ હોય તો સદ્‌વિચાર કરીને સન્માર્ગે ચાલે છે અને જો તે કુમતિ હોય તો મનફાવે તેમ વર્તે છે અને તેનાથી તે ખુવાર થઈ જાય છે. ૩૮. શ્રીહરિ અત્યંત સૂક્ષ્મ અણુમાં અણું જેવું રૂપ લઈને નિરંતર જીવની સામું જોઈ રહે છે. ભગવાનને જ્યાં સુધી જીવનો જેટલો ન્યાય દેખ્યામાં આવે ત્યાં

સુધી (તેટલા પ્રસન્ન રહી દયાદૃષ્ટિ રાખે છે.) બાકી તો તે જીવના શુભ કે અશુભ જેવા કર્મ કરે કે કરેલા હોય તે પ્રમાણે તે બધાને સુખ-દુઃખ આપતા રહે છે. ૩૯-૪૦. તે તે ગામોમાં શ્રીહરિ અને સંતો ઉપર કહી તેવી વાતો મુમુક્ષુ જીવોની આગળ કહેતા હતા. તે સાંભળીને સુમતિ જનો રાજી થાતા અને કુમતિ લોકો અવગુણ લેતા હતા. ૪૧. જેમ વરસાદ આવે ત્યારે બધી જ વનસ્પતિ હરીભરી થઈને ખીલી ઊઠે છે પણ જવાસો નામનો છોડ હોય તે તો મૂળમાંથી સુકાઈ જાય છે, તેવું સુમતિ અને કુમતિ માનવના સ્વભાવનું લક્ષણ દેખાય છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ અને સંતોની સત્સંગની વાત કરવાની રીત કહી' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર દસમું : તરંગ - ૪૧

તીર્થયાત્રીઓની આગળ શ્રીહરિએ નિયમ પાળવાની વાત કહી.

માનકૂવા ગામમાં અપાર હરિભક્તો હતા તેમને સુખ આપીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ૧. શ્રીહરિ **તેરા** ગામ આવ્યા. બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ફૂલહાર પહેરાવીને સહુ ચરણોમાં પડ્યા. ૨. ત્યાં દરબાર દેવાજી હતા. તેના પુત્ર દાજીભાઈ હતા. તેઓ સત્સંગી થયા હતા એટલે તેઓ પણ સન્મુખ આવ્યા હતા. ૩. બંને શ્રીહરિનાં ચરણકમળમાં પગે લાગ્યા અને ઘણા જ ભાવથી તાજા ફૂલના હાર પહેરાવ્યા. ૪.

ઘનશ્યામ શ્રીહરિએ તેમનું નામ પૂછ્યું અને પોતાની પાસે બેસાડ્યા. પછી દરબારે ઘણી પ્રાર્થના કરીને જગદાધાર શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૫. ઢોલ, ત્રાસા વગેરે વાજિંત્ર વગડાવ્યા. ગામની બજારોને સ્વચ્છ કરાવી. વાજિંત્રોનો ધ્વનિ સાંભળીને ગામના લોકો જે હતા તે બધા, ૬. બજારમાં આવીને ઊભા રહ્યા. હાથમાં ફૂલના હાર રાખ્યા હતા. શ્રીહરિને સર્વેશ્વર જાણીને તે લોકો ફૂલહાર પહેરાવતા હતા. ૭. ગામની સ્ત્રીઓ તરત મોતીના

થાળ ભરીને આવી હતી. તે શ્રીહરિનાં દર્શન કરીને મોતીથી વધાવવા લાગી. શ્રીહરિ પુરજનોને દર્શન આપતા આવતા હતા તેની ઘણી શોભા બની હતી. ૮.

શ્રીહરિ સુતાર માવજીભાઈને ઘેર પ્રેમભાવથી આવ્યા. તે સિવાય ધનજીભાઈ અને ખેતાભાઈ નામે બે સુતાર પાકા હરિભક્ત હતા. ૯. પ્રાગજી દવે પણ આ ગામમાં જ રહેતા હતા. અને બીજા હરિભક્તો પણ ઘણા તે ગામમાં રહેતા હતા. બાઈ-ભાઈ સત્સંગીનો કોઈ પાર નહતો. તે બધા આ વખતે જ સત્સંગી થયા હતા. ૧૦. શ્રીહરિને રુચે તેવું મકાન જોઈને તેમાં ઉતારો કરાવ્યો. ચિત્તચોર શ્રીહરિ ભક્તજનોને સુખ આપવા માટે તેરા ગામમાં દસ દિવસ રહ્યા. ૧૧. હરિભક્તો ઘરનું કામકાજ કરતા, પણ પોતાનાં મનને શ્રીહરિની મૂર્તિમાં ઠેરાવી રાખતા હતા. ભાગવતના વચલા ચાર સ્કંધ ૫-૬-૭ અને ૮ને શ્રીહરિએ ત્યાં તેરા ગામમાં વંચાવ્યા. ૧૨

તેરા ગામ નારાયણસર તીર્થના રસ્તાનું ગામ હતું. મતમતાંતરના અનેક લોકો, જેમાં ઘણા તો અતિશય ક્રૂર પણ હોય, તે ગામમાં આવતા. ૧૩. કેટલાક કુબુદ્ધિવાળા લોકો ધર્મ-નિયમોને પણ તોડી નાખતા હતા. તેવા લોકો શ્રીહરિનું નામ સાંભળીને તેરા ગામમાં આવતા. ૧૪. કેટલાક તો સદ્‌બુદ્ધિવાળા લોકો પણ ત્યાં રોજ આવતા. તેઓ શ્રીહરિને દેખીને અતિશય ભાવથી ચરણોમાં નમસ્કાર કરતા. ૧૫. તે લોકો શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ દેખતા એટલે મનમાં શ્રીહરિનો ગુણ લઈને બોલતા કે, જગતમાં આવો ધર્મ કયાંય સાંભળ્યો નથી. ૧૬.

✵ પ્રગટમાં પ્યાર થાય તે બધા તીર્થોનું સાર :

અહીંયાં આપનાં દર્શન થયાં તેથી અમને અનંત તીર્થોનું ફળ મળી ગયું છે. તીર્થ કરવાનું ખરું ફળ જ એ છે કે, આપના સમાન કોઈ મહાપુરુષનો મેળાપ થાય. ૧૭. આપના સમાન કોઈ મહાપુરુષ ન મળે તો જેટલું તીર્થ કર્યું તેટલું જ ફળ મળે અને તેમાંય તે તીર્થના ઉપર જેવો ભાવ હોય છે તેવું ફળ મળે છે. ૧૮. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. તેમાં પણ જેને જેમાં વધારે પ્રેમભાવ હોય તેને મનમાં ધારીને નરનારીઓ તીર્થ

કરવા નીકળે છે. ૧૯. પણ જ્યારે સ્ત્રી એકલી જ તીર્થયાત્રા કરવા નીકળે છે, ત્યારે તે પોતાનો ધર્મ સાચવી શક્તી નથી. એકોતેર પેઢીને ડુબાડી દે એવું ફળ તે એકલી યાત્રા કરનારી સ્ત્રીને મળે છે. ૨૦.

ત્યારે શ્રીહરિએ તે સહુ લોકોને કહ્યું, તમે સદ્‌બુદ્ધિવાળા બધા લોકો સાંભળો. શુદ્ધ બુદ્ધિવાળી સ્ત્રીની એવી રીત છે કે, તેણે પોતાનાં ઘરમાં રહીને ધર્મ પાળવો. ૨૧. જે સ્ત્રી ઘરમાં રહીને પોતાના ધર્મનું પાલન કરે છે તે ક્યારેય ધર્મભ્રષ્ટ થાતી નથી. અને પાળેલા ધર્મનું તે ફળ છે. તે પોતાની એકોતેર પેઢીનો ઉદ્ધાર કરે છે. ૨૨. આવું જાણીને શુભ બુદ્ધિવાળી સ્ત્રીએ એકલા જ તીર્થ કરવાના ચક્રમાં પડવું જોઈએ નહિ. નારી સધવા હોય કે વિધવા હોય, તેણે સ્વતંત્ર રીતે ક્યારેય ફરવું નહિ. ૨૩. જ્યારે સ્ત્રી સ્વતંત્ર થઈ જાય છે ત્યારે તે ક્યારેક મર્યાદા તોડીને પણ વર્તવા લાગે છે. છેવટે તે જરૂર ધર્મભ્રષ્ટ થઈ જાય છે. એટલા માટે સ્ત્રીએ પૂરેપૂરું મર્યાદામાં રહેવું. ૨૪. તીર્થના જે માર્ગ હોય ત્યાં અને તીર્થમાં સ્ત્રીને પોતાનો ધર્મ રાખવો અતિશય કઠણ છે. કારણ કે તેમાં વેરાગીનો પ્રસંગ થાય છે. ૨૫.

વેરાગીઓ અને વિપ્રોમાં જે કાંઈક ભણેલા હોય છે તે નારીનાં કોમળ હૃદયને જોઈને તેને ભરમાવી દે છે. ૨૬. જેટલા પુરુષો નારી વગરના હોય છે તેમાં કેટલાક તો નારીના ભૂખ્યા હોય છે. તે બધા નારીને મેળવવાના સંજોગોને રોજ ખોળ્યા કરતા હોય છે. ૨૭. તેવા પુરુષો નારીનું સુખ મેળવવાનું મનમાં ધારીને દામ વિનાના નારીના દાસ થઈ જાય છે. અને નિત્ય તેને કામકાજ પૂછ્યા કરે છે. ૨૮. આવા વિપ્રો અને વેરાગીઓ વગર પૈસે જ્યારે ગૃહસ્થનું કે બાઈઓનું અપાર કામ કરવા લાગી જાય છે ત્યારે તે સહુ લોકોને ગમી જાય છે. તે એવા દાસ થઈને વર્તે છે કે, બધાને તેનો ઘણો વિશ્વાસ બેસી જાય છે. ૨૯. એવાને કદાચ કોઈ મારે કે ગાળો દે, છતાં તે કોઈનો અવગુણ લે નહિ. પરિણામે તે લોકો તે કામ કરનારા એકલા પુરુષને પોતાનાં જે ઘરબાર કે જે વસ્તુ હોય તે બધું સોંપી દે છે. ૩૦.

ઘરમાં ધન કે જે કાંઈ માલસામાન હોય તે બધું પણ વિશ્વાસ રાખીને તેને સોંપી દે છે. સગા પુત્ર, ભાઈ કે પિતાનો પણ જેટલો વિશ્વાસ ન કરે

તેટલો તેનો વિશ્વાસ કરી બેસે છે. ૩૧. પછી સમય જાતા તે છાની રીતે ઘરમાં મનમાં આવે તેમ વર્તવા લાગે છે. છાની રીતે ધનને અને નારીને પણ ભોગવવા લાગી જાય છે. એમ કરતાં બીજા કોઈ ડાહ્યા માણસ તે જાણી જાય, ૩૨. અને તે ઘરધણીને કહે કે, આ તમે ઘરમાં રાખ્યો છે તે તમારો માણસ તમારાં ઘરમાં ઘણો બગાડ કરે છે. તોપણ તેઓ અભાવ આવે નહીં. અને અમારા જેવા એને કહે તોપણ તેને તે માણસનો અભાવ આવતો નથી. ૩૩. અમને ભલે તે પરમેશ્વર માનતો હોય તોપણ તે અમને કહી દે કે, તે માણસની બાબતમાં ફરીવાર મને કાંઈ કહેશો નહિ. એવા મનુષ્યનાં ઘરને અમે છોડી દઈએ છીએ. ભલે તેને અમારા ઉપર ઘણું હેત પણ હોય ! ૩૪. હવે બીજા જગતના લોકોની વાત અમારે શું કહેવી ? ખરેખર ધર્મ રાખવો અતિશય કઠણ છે અમને ધર્મ પળાવવામાં ઘણું તાન છે. એટલા માટે વારેવારે પ્રકરણ ફેરવતા રહીએ છીએ. ૩૫.

અધર્મનું કામ જ એ છે કે, તે ધર્મનું રૂપ લઈને અંદર પેસી જાય છે. અમારા સિવાય તેને કોણ બતાવે ? અને દેખાડીએ તોય મનાય નહિ. ૩૬. **અમારા કહેલા નિયમોમાં જે વર્તે છે તેને અમે સત્સંગી કહીએ છીએ અને જે નિયમોમાં વર્તતા નથી તેને કુસંગી કહીએ છીએ. ૩૭. કુસંગી લોકો સ્વચ્છંદી થઈને વર્તે છે. એક પણ ધર્મ-નિયમને પાળતા નથી. જેટલા નિયમ વિનાના વર્તે છે તેટલા તે અવિવેકી છે. ૩૮.**

નિયમોનું નામ જ વેદ છે, જેને નિયમ નથી તે વેદોની બહાર છે. જેને મનમુખી થઈને ચાલવું હોય તે તો રાજાના દંડને યોગ્ય બને છે. ૩૯. જે રાજા કે ધર્મગુરુને નિયમ પાળવા-પળાવવામાં તાન હોય છે, તેઓનું માન તે નિયમોને લીધે દિનપ્રતિદિન વધતું જાય છે. ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'તેરામાં આવેલા તીર્થવાસીઓને નિયમની વાત કહી' એ નામે એક્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર દસમું : તરંગ - ૪૨

સુમતિ ભોકા ખાચર આગળ મુક્તાનંદસ્વામીએ વાત કરી

ગઢપુરના દરબાર જીવાખાચરને ભોકા ખાચર તથા દાહા ખાચર, આ બે પુત્ર હતા. તેમાં ભોકા ખાચર સારા સમજણા હતા. તેમણે સદ્‌વિચાર કરી બે હાથ જોડીને મુક્તાનંદસ્વામીને પૂછ્યું. ૧. આપ જેટલી સત્સંગની વાત કરો છો. તે સાંભળતા તૃપ્તિ થાતી નથી. તો તેવી વાત અવશ્ય આપ કરો. ૨. જગતમાં સત્સંગ સિવાયની જેટલી વાતો લોકો કરે છે તે સાંભળવાથી તો મનમાં ઘણો ઉત્પાત થાય છે, તેવી વાતોમાં નિયમ કે ધર્મ એક પણ હોતા નથી. ૩. અત્યારે ધર્મગુરુ અને રાજા તે તો નામમાત્રના જ રહ્યા છે. બંનેએ પોતાનો ધર્મ તજી દીધો છે. ભવસાગરરૂપી મોટા કૂવામાં તેઓ પોતે બૂડી રહ્યા છે અને બીજાઓને પણ બુડાડે છે. ૪. આજે તો વર્તનમાં એવું દેખાય છે કે મૂર્તિમાન ચાર વેદ, ચાર વર્ણ અને ચાર આશ્રમ બધાનો વિનાશ થઈ ગયો છે. ૫.

અત્યારે સત્સંગ સિવાયના ગુરુઓ અને રાજાઓ શાસ્ત્રની મર્યાદા રહિત થઈ ગયા છે, મનમુખી થઈને તેઓ વર્તે છે. અને જે સંતો તથા હરિભક્તો શાસ્ત્રોની મર્યાદામાં રહે છે તેનો તે ધર્માચાર્યો અને રાજાઓ દ્રોહ કરે છે. ૬. છતાં શ્રીહરિ તે ધર્માચાર્યોનું અને રાજાઓનું કોઈનું કાંઈ બૂરું કેમ કરતાં નથી ? તે બધી વાતો આપ મને કહો. ત્યારે મુક્તાનંદસ્વામી શ્રીહરિનાં મુખથી જે વાત સાંભળી હતી તે કહેવા લાગ્યા. ૭. નારદમુનિ ભગવાનનું મન કહેવાય છે તેઓ ક્યારેય મને કરીને ભગવાનથી દૂર રહેતા નથી. જે સમયે ભગવાનની જેવી મરજી હોય તે વાતને તેઓ તેવા રૂપમાં તરત જ જાણી લેતા હતા ૮. મુક્તાનંદસ્વામી પણ નારદજીની માફક જાણીને સુમતિ ભોકા ખાચરને વાત કહે છે કે શ્રીહરિ બધા જ જીવ-પ્રાણીમાત્રનું સુખ ચાહે છે. તેઓ કોઈનું ક્યારેય બૂરું ચાહતા નથી અને ત્યારે જ બધા લોકો તેમનું ભજન કરે છે. ૯. જીવને જેવો સંગ થાય છે તેવા તે સુખ અને દુઃખને રાત-દિવસ પામે છે. મહાન કલ્યાણકારી ગુણ સંપન્ન શ્રીહરિ, તેવા જીવનો પણ ક્યારેક ઉદ્ધાર કરે છે. ૧૦.

શુભગુણવાળા તો એક ભગવાન જ કહેવાય છે. તેમના ગુણ જીવમાં ક્યારેય આવે નહિ. અમસ્તાં પણ જીવમાં ગુણ અને દોષ આવતા-જાતા દેખાય જ છે. ૧૧. જીવમાં રજોગુણ અને તમોગુણ અપરમપાર ભર્યા છે તે ચોમાસાના વાદળાં જેમ સૂર્યને ઢાંકી દે છે. ૧૨. સૂર્યના સમાન કોઈ સમર્થ-પ્રકાશમાન નથી છતાં વાદળાં તેને ઢાંકી દે છે. જે સૂર્યને વાદળાં ઢાંકી દે છે તે ચોમાસાનો ગુણ છે. ૧૩. જ્યારે શિયાળો આવે છે ત્યારે ઠંડીના ગુણ દેખાય છે. અને જ્યારે ઉનાળો આવે છે ત્યારે તેનો ગુણ ગરમી દેખાય છે. ૧૪. એક વરસમાં વરસાદ, ઠંડી અને ગરમી એ ત્રણ ગુણ ચાર ચાર માસ વારાફરતી રહે છે તે રીતે જ જીવમાં પણ સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણ વારાફરતી ભાસે છે. ૧૫.

જ્ઞાનઘન એવા એક આકારના જીવ અનંત છે - અપાર છે. તેઓ અનંત દેહોને ધારે છે તેમાં તેનો કોઈ એકસમાન નિર્ધાર નથી. ૧૬. જીવે જેવું કર્મ કર્યું હોય તે પ્રમાણે પરમેશ્વર તેનું ફળ આપે છે. કારણ કે, તેઓ બધું જાણતા જ હોય છે. એટલે તેને અનુરૂપ દેહ આપે છે. ૧૭.

✵ જ્યારે અહં હટે, ત્યારે બધા દુ:ખ મટે :

જેટલાં બ્રહ્માંડો છે અને જેટલા શરીરો છે અને વળી જેટલી કાંઈ ઉપાધિ કહેવાય છે તે સર્વે જીવમાં બીજના રૂપમાં સૂક્ષ્મપણે અનાદિકાળથી અરૂપે રહી છે. ૧૮. માટે બહારથી જે જીવને જેનો યોગ જ્યારે થાય ત્યારે તેને તેવું અભિમાન થાય છે. અર્થાત્ જીવ તેવું અભિમાન-અહં ધારણ કરે છે. જેટલો તે તે ઉપાધિનો જોગ મટી જાય છે તેટલો તે જીવને તેનો તેનો થયેલો અભિમાનરૂપ રોગ મટી જાય છે. ૧૯.

ચોપાઈ :

उपाधि को अभिमान हि जितना, जिय में रोग देखात हे तितना;
ज्ञानाकार विद्या पढे जबहि, देहाकार को नास होय तबहि...२०
देहाकार रहे समझ ज्यां लगही, जन्ममरण रोग रहत त्यां लगही;
चोरासी जमपुरी को दुःखा, भुक्तत वेर वेर हरि विमुखा...२१

તે તે દેહરૂપી ઉપાધિનું જેટલું જીવને અભિમાન હોય છે તેટલો

જીવમાં સંસારના અહંનો રોગ દેખાય છે. જ્યારે જ્ઞાનાકાર વિદ્યાનું (હું જ્ઞાનરૂપ આત્મા છું, દેહ નહીં. એવું) અધ્યયન કરવામાં આવે છે ત્યારે દેહાકાર (દેહભાવરૂપ) અજ્ઞાનનો નાશ થઈ જાય છે. ૨૦. જીવને જ્યાં સુધી દેહાકારનું ભાન થયા કરે છે ત્યાં સુધી તેને જન્મ-મરણરૂપ સંસારનો રોગ રહે છે. અને લખચોરાશી તથા જમપુરીનું દુઃખ તે ભગવદ્‌વિમુખને વારેવારે ભોગવવું પડે છે. ૨૧.

જ્યાં સુધી જીવ સત્સંગ વિનાનો રહે છે ત્યાં સુધી તેને દેવ, મનુષ્ય આદિના દેહને ધારવા પડે છે. તે વખતે વેદો અને અપાર પુરાણોને ભણે છે છતાં લગાર પણ પશુબુદ્ધિ મટતી નથી. ૨૨. વેદો અને પુરાણો જે કહેવાય છે તેનો સાચો ઉપયોગ તો ભગવાનના ભક્ત કરે છે. વેદ, પુરાણ વગેરેને ભણે પણ તે જો ભગવાનને ભજે નહિ તો તે બધું ભણતર દેહનિર્વાહનું - પેટ ભરવાનું માત્ર સાધન બને છે. ૨૩. જીવને જ્યાં સુધી વિષયમાં રાગ હોય છે ત્યાં સુધી તે વિષયોનો ત્યાગ કરતો નથી. **પ્રાણી જ્યારે સાચા અર્થમાં સત્સંગ કરે છે ત્યારે તેને વિષયમાત્રની વાસના તૂટે છે. ૨૪. સત્સંગના જોગ વિના વિષયવાસના ન જાય અને વિષયવાસના ગયા વિના મોક્ષ ન થાય. વિષયોમાં સમજણથી જે દોષને દેખાડે છે, તેવા સંતોનો સમાગમ કરવો જોઈએ. ૨૫.**

दोहा : संत को करे संग जब, छलकपट करी त्याग;
दिन प्रतिदिन तब होत हे, प्रभुपद एक हि राग...२६
मोटप हरि की जितनी, देखे में जब आत;
अनंत ब्रह्मांड के सुख ही, नर्क तुल्य देखात...२७

જ્યારે છળ અને કપટનો ત્યાગ કરીને સંતોનો સમાગમ કરવામાં આવે છે ત્યારે દિનપ્રતિદિન એક ભગવાનનાં ચરણોમાં જ પ્રેમ વધતો જાય છે. ૨૬. ભગવાનની જે મોટાઈ છે તે જ્યારે જાણવામાં આવે છે ત્યારે અનંત બ્રહ્માંડનાં સુખ નરકનાં સમાન દેખાય છે. ૨૭.

પછી દેવો કે મનુષ્યો જે ઘણા મોટા કહેવાતા હોય તે બધા પણ ભગવાનની મોટાઈની આગળ એને અણુ કરતા પણ અલ્પ દેખાય છે. ૨૮. જે દેવ, મનુષ્ય આદિ વેદાદિ શાસ્ત્રે કહેલા નિયમ પ્રમાણે વર્તે છે તે જ દેવ

અને મનુષ્ય છે. બાકીના દેવો અને મનુષ્યો બધા પશુ સમાન છે. ૨૯. ચાર વર્ણ અને ચાર આશ્રમના મનુષ્યોમાં જે પોતપોતાના ધર્મ-નિયમ પ્રમાણે રહે છે તે જ વર્ણ અને આશ્રમવાળા છે, બીજા બધા તો પશુના જેવા છે. ૩૦.

પશુનો જેવો મોક્ષ થાય તેવો ધર્મહીનનો મોક્ષ થાય. પશુ હોવા છતાં તેને જો ભગવાનનાં વચન પ્રમાણે રાખે છે-ચલાવે છે તો ભગવાનનાં વચનનો એટલો વિશાળ પ્રતાપ છે કે, તેણે કરીને જે પશુ હોય છે તે તત્કાળ મનુષ્યનાં જન્મને પામે છે. પ્રકટ શ્રીહરિનાં વચનમાં પ્રેમ રાખે, બધી જ અનીતિને તજી દઈને જે પવિત્ર જીવન રાખે, ૩૧-૩૨. તો તેનો મોક્ષ તત્કાળ થઈ જાય છે અને અનંતકાળ સુધીનાં લખચોરાશીનાં તેનાં દુઃખોનો નાશ થઈ જાય છે. ભગવાનનો પ્રતાપ જ એવો અનંત અને અપાર છે કે તેને જે જાણે-સમજે છે તેમાં લગારેય દોષ રહેતા નથી. ૩૩.

चोपाई :

देह रहत अभिमान ज्यां लगही, टकत नहिं प्रताप त्यां लगही;
देह को मान जब रहे न लेशा, तब तेहि अंतर रहे न क्लेशा...३४

सत्संग करे को फल हे इतना, देहाभिमान न रहे तितना;
सत्संग करे रहे देह अभिमाना, सत्संग करेमें कसर रहाना...३५

જ્યાં સુધી દેહાભિમાન રહે છે ત્યાં સુધી હૃદયમાં ભગવાનના પ્રતાપનું બળ રહેતું નથી. જ્યારે દેહાભિમાનનો લેશ પણ ન રહે ત્યારે તેના અંતરમાં કાંઈ જ ક્લેશ રહેતો નથી. ૩૪. **સત્સંગ કરવાનું ખરું ફળ એ છે કે દેહાભિમાન બિલકુલ રહે નહિ.** અને સત્સંગ કરવા છતાં જો દેહાભિમાન રહેતું હોય તો તેના સત્સંગમાં તેટલી કસર છે એમ સમજવું. ૩૫.

સત્સંગ કરવા છતાં જેમાં કસર રહી હતી તેના બધા ગુણ અને દોષ લખ્યા છે. ભવ, બ્રહ્મા, ઈંદ્ર આદિ દેવો, નારદ અને પરાશર ઋષિ, ૩૬. અક્રૂર અને ભીષ્મ, એ બધામાં જે ગુણો અને દોષ હતા તે બધા પુરાણોમાં વ્યાસજીએ લખ્યા છે. સમર્થ વિના મોટાના ગુણ-દોષને કોણ લખે ? અને નાનો માણસ લખે તો બીજા વિદ્વાનો તેને ક્યારેય માન્ય રાખે નહિ. ૩૭. જે કવિ પ્રથમ પોતાના ગુણ અને દોષને લખે અને પછી બીજાના લખે તે

કવિમાં અપાર ગુણ હોય છે, તે મહાન કહેવાય છે. ૩૮. જે જે મોટા સંતો, ઋષિઓ અને હરિભક્તો પૂર્વે થઈ ગયા છે તેમણે ઠેકઠેકાણે પોતાના ગુણ-દોષોને લખ્યા છે. ૩૯. પોતામાં જેટલા દોષો હોય તેને જે પાખંડી હોય છે તે દબાવી દે છે. કોઈ કાગડા જેવો ચતુર તેના દોષોને લખે તો તેના ઉપર તેને ક્રોધ આવે છે. ૪૦. **જ્યાં સુધી હરિભક્ત થયા ન હોય ત્યાં સુધી મનુષ્યમાત્રમાં દોષ ભર્યા હોય છે. તે બધું સત્સંગ થયા પછી સમજાય છે. ૪૧.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવરિચત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'સુમતિ ભોકા ખાચર આગળ મુક્તાનંદસ્વામીએ વાત કહી' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર દસમું : તરંગ - ૪૩

નિયમોનું પ્રાધાન્ય કહીને શ્રીહરિ માનકૂવાથી ભુજ પધાર્યા

ધર્મકુમાર શ્રીહરિએ તેરા ગામના હરિભક્તોને અપાર સુખ આપ્યું. પછી ત્યાંથી **કાળાતળાવ** ગામ આવ્યા. ૧. ભીમજીભાઈ સુતાર તે ગામમાં હરિભક્ત હતા તેનો બધો પરિવાર પણ અત્યંત નિષ્કામ હરિભક્ત હતો. ૨. વિક્રમ સંવત્ ૧૮૫૯ પછી દસ વરસ સુધી શ્રીહરિ કચ્છમાં વિચરણ કરતા રહ્યા. ૩. કોઈ વરસ એક માસ, કોઈ વરસમાં બે માસ, કોઈકમાં ત્રણ માસ રહેતા. ૪. ક્યારેક વરસ દિવસમાં ચાર માસ, ક્યારેક પાંચ અથવા છ માસ કે સાત માસ સુધી વિચરણ કરતા હતા. ૫. ક્યારેક આઠ માસ તો ક્યારેક નવ માસ સુધી એક વરસમાં શ્રીહરિ કચ્છમાં વિચરતા હતા. ગામેગામ સુતાર હરિભક્તો હતા તેમને ઘનશ્યામ શ્રીહરિએ બહુ સુખ આપ્યું હતું. ૬.

શ્રીહરિ, સંતો અને વર્ણીઓ જે હતા તે બધા કચ્છમાં સુતારના જ કહેવાતા. સુતારના ગુરુ કહીને બોલાવતા. કચ્છમાં માનો તે પ્રસિદ્ધ છાપ થઈ ગઈ હતી. ૭.

(કચ્છમાં લોકો શ્રીહરિને સુતારોના ભગવાન કેમ કહેતા ? તે ઈતિહાસ જાણવા જેવો છે. ઈ.સ.૧૭૫૦ની આસપાસ ભુજમાં રાવ ભારમલજી રાજ

કરતા હતા. તે વખતે કચ્છના રાજકુટુંબના રાજકુંવર રાવ ખેંગારજી અંદર અંદરની રાજકીય ખટપટને કારણે ભુજ છોડીને નાસી ગયા. મોરબી તાલુકાના દહીંસરા આવીને ત્યાંના તળાવની પાળ ઉપર તે સૂતા હતા.

તે વખતે સવારના પહોરમાં એક સંન્યાસી ત્યાં આવ્યા. તેણે રાજકુંવરના પગમાં રાજ્ય ચિહ્નો જોયા. તેથી સંન્યાસીએ તેને જગાડ્યો અને કહ્યું, **'ભવિષ્યમાં તમે રાજવી થશો.'** ત્યારે રાજકુંવર કહે, 'તેનું પ્રમાણ શું ?' પ્રમાણ આપતા સંન્યાસી કહે, **'જો આ દહીંસરા ગામમાં તમને આજ દહીં, જારની રાબ અને ઘોડો મળે તો મારું વચન સાચું માનજો.'** એમ કહીને સંન્યાસી ત્યાંથી ચાલતા થયા. રાજકુંવર આ ભવિષ્ય સાંભળી વિચારમાં પડી ગયા.

તે સમયે ભુજની એક સુથાર બહેનને કચ્છના મોરબી તાલુકામાં દહીંસરા ગામમાં પરણાવવામાં આવી હતી. તે સુથાર બહેન ત્યાં પાણી ભરવા આવી. તે બહેન આ કચ્છના કુંવરને તરત જ ઓળખી ગઈ અને તેને પૂછ્યું, 'કુંવર સાહેબ ! તમે અહીં ? એકલા અટૂલા..!!' કુંવરે તે બાઈને પૂછ્યું, 'બહેન ! તમે કોણ છો ?' તે બહેને કહ્યું, 'ભૂજમાં મારું પિયર છે અને અહીં મારું સાસરું છે.' કુંવરને આ સાંભળી વિશ્વાસ આવ્યો. તેણે બધી હકીકત કહી. તે સાંભળી તે બહેને કહ્યું, 'કુંવર સાહેબ ! અહીં ન બેસી રહેવાય, મારે ઘેર ચાલો.'

પછી તે બહેન કુંવર ખેંગારજીને પોતાને ઘેર લઈ ગઈ. ઘેર આવ્યા પછી તે બહેને રાજકુંવરને દહીં અને જારની રાબ જમવા માટે આપ્યાં. કુંવર આ જોઈ આશ્ચર્ય પામ્યો. તેમને સંન્યાસીની વાત ફળતી હોય તેમ લાગ્યું. તે જમી રહ્યો એટલે તેણે કહ્યું, 'બહેન ! કચ્છ રાજ્યની વાર મારી પાછળ પડી છે હું ભાગ્યો છું, એટલે મને શોધી પકડવા માટે તેઓ ફરે છે.'

તે સાંભળી બહેને કહ્યું, **'કુંવર સાહેબ ! મૂંઝાશો નહિ. આ અમારો રોઝો ઘોડો લ્યો અને અહીંથી જ્યાં જવું હોય ત્યાં જલ્દી સાબદા થઈ ભાગી જાઓ.'** એમ કહી પોતાનો રોઝો ઘોડો આપ્યો. કુંવરને હવે વિશ્વાસ આવી ગયો કે, કચ્છનું રાજ્ય પ્રાપ્ત કરવું તે મારે હવે હાથવેંતમાં છે.

પછી તે કુંવર ત્યાંથી અમદાવાદ ગયો. આ સમયે અમદાવાદમાં મોમીનખાન નવાબને ઉથલાવી રાઘોબા અને દામોરાવજીએ ઈ.સ.૧૭૫૩માં

પેશ્વા સરકાર સ્થાપી હતી. તે પેશ્વાના સુબા રાઘોબા વગેરેની મદદ લઈ તેણે કચ્છ ઉપર ચડાઈ કરી કચ્છનું રાજ્ય મેળવ્યું અને **કુંવર રાવ ખેંગારજી બીજા કચ્છના રાજા થયા.**

ખેંગારજી ગાદી ઉપર આવ્યા અને થોડા સમય તેણે દહીંસરાની સુથાર બહેન યાદ આવી. તેણે દહીંસરા માણસો મોકલ્યા અને સંદેશો મોકલ્યો કે, 'તું તો મારી ધરમની બહેન છો, તારી મદદથી મને કચ્છનું રાજ્ય મળ્યું છે. માટે તમે બધા પરિવાર સાથે ભૂજમાં આવી જાઓ. તમોને અમારા રાજ્ય આશ્રિત તરીકે અમારે પોષવા છે.' પછી તેઓ ભુજમાં આવ્યા. ત્યારથી તે સુથાર બહેનના વંશજો જ કચ્છ રાજ્યના કારભારી નિમાતા.

રાવ ખેંગારજીના રાયધણજી પહેલા થયા. તેમના રાવ દેસળજી થયા અને તેમના રાવ લખપતજી થયા. તેમણે ભુજમાં સૌપ્રથમવાર વ્રજભાષાની કવિતા માટે પીંગળ પાઠશાળા શરૂ કરી હતી. તે પોતે કવિ અને કવિઓના આશ્રયદાતા હતા. **લાડુદાનજી ઉર્ફે બ્રહ્માનંદસ્વામી આ પાઠશાળામાં ભણ્યા હતા.** આ લખપતજીએ તેને લાખ પશાવી (સવાલાખની પહેરામણી) આપી હતી. આ જ પાઠશાળામાં કવિશ્વર દલપતરામ પણ ભણ્યા હતા. તેમણે જ તુણા અને લખપત બંદર વિકસાવ્યા હતા. તેમના સરસેનાપતિ ફતેહમહમદ હતા અને મુખ્ય કારભારી તે બહેનના વંશમાં સુંદરજીભાઈ તથા હીરજીભાઈ સુથાર હતા. તેથી તેઓ કચ્છ રાજ્યના અંગત કામો કરતા.

રાજ્યનો કોઈપણ પ્રસંગ હોય ત્યારે રાજ્યને તેઓ તેમની સેવા આપતા અને તે પ્રમાણે રાજ્ય પણ તેમના ઘેર પ્રસંગ હોય ત્યારે પડખે ઉભું રહેતું. સુંદરજીભાઈનો પ્રભાવ રાજ્ય ઉપર ઘણો જ હતો. સુતારોની મદદથી રાજ્ય મળ્યું હોવાથી કચ્છ-ભુજમાં સુતારોનું ઘણું માન હતું. અને આ સુતારોને સદ્.શ્રીરામાનંદસ્વામીના સમયથી સારો સત્સંગ થયો હતો. એટલે સૌ પ્રથમ આ પ્રતિષ્ઠિત સુથારો જ રાજશાહી સન્માન સાથે શ્રીહરિને કચ્છ-ભુજમાં લઈ ગયા હતા. આ રીતે પ્રથમ સુતારોને સત્સંગ થયો હતો અને સુતારો જ શ્રીહરિને ત્યાં લઈ ગયા. આ બે કારણે લોકો શ્રીહરિને **'આ સુતારના ભગવાન છે'** એમ કહેતા.)

કચ્છમાં સહુ પહેલા ગુર્જર સુતાર હરિભક્ત થયા હતા. પછી તો જાતેજાતના અપાર હરિભક્ત થયા. ૮. તેમાં ઉચ્ચકુળના બ્રાહ્મણો કે જેને દારૂ અને માંસની રુચિ ન હતી, તે બધા હરિભક્ત થયા હતા. ૯. મોટા મોટા ક્ષત્રિય રાજાઓ-દરબારો પણ મદ્ય અને માંસને તજી દઈને મહાન ભાગ્યશાળી હરિભક્ત થયા હતા. જે પવિત્ર વૈશ્યો, વાણિયા અને કણબી આદિ કહેવાતા હતા. ૧૦. તે બધા નરનારી સારા હરિભક્ત થયા અને જગતમાં ભારે યશસ્વી બન્યા. તેમનો તો અવધિ જ રહ્યો નહિ. તેઓ સહુથી વધારે શ્રદ્ધાળુ થયા. ૧૧. જે શ્રદ્ધા કહેવાય છે તે બધી વૈશ્યોમાં આવીને રહી છે અને શૂદ્રોમાં શ્રદ્ધા પોણી રહી છે. તે સેવા કરે ત્યારે જણાઈ આવે છે. ૧૨.

ચારે વર્ણોમાં જેની જેટલી શ્રદ્ધા હોય તે જ્યારે તેઓ સેવા કરે છે ત્યારે દેખાઈ આવે છે. ૧૩. જેની જેવી સેવા હોય તેનું તેવું ફળ મળે છે. તે ફળ સેવાને બતાવી દે છે. સેવા ક્યારેય છુપાવી છુપાતી નથી. ૧૪. શ્રીહરિવર અને સંતોની સેવા કરવા માટે હવે તો ચાર વર્ણના હરિભક્ત ઘણા બળવાન થઈ ગયા છે. ૧૫. જેને જેવું ઘટે તેવું વસ્ત્ર અને અન્ન આપે છે. શ્રીહરિને માટે તો કેટલાક ઘરેણાં આપે છે, ધન અને વિવિધ પ્રકારનાં વાહન પણ આપે છે. ૧૬.

✵ અભ્યાસમાં પ્યાર રાખે તે સંત નિરધાર બને :

આજે તો શ્રીહરિને અને સંતોને રહેવા માટે મોટા મોટા મંદિરો કરાવ્યા છે (પહેલા નો'તા.) અને તે મંદિરોમાં પણ શ્રીહરિ અને સંતો રહે તેવી જગ્યા-ધર્મશાળાઓ પણ કરે છે. ૧૭. **શ્રીહરિએ સંતોની પાસે જેમજેમ વધારે ત્યાગ પળાવ્યો તેમ તેમ હરિભક્તોને સંતો ઉપર અધિક પ્રેમ થયો. બ્રહ્માંડમાં સંતોના જેવા કોઈ ત્યાગી નથી, શ્રીહરિએ સંતો પાસે એવો ત્યાગ રખાવ્યો હતો. ૧૮. સંતો દૃષ્ટિ માંડીને નીખરવાપૂર્વક નારીને દેખે નહિ. કદાચ અજાણતા નીરખાઈ જાય તો એક ઉપવાસ કરે. શ્રીહરિએ ત્યાગીના અપાર નિયમો બાંધ્યા છે, તેને સંતો ક્યારેય લગાર પણ ચૂકતા નથી. ૧૯.** તેમાં પાંચ નિયમ - નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ અને નિઃસ્વાદ મુખ્ય કહેવાય છે. તેમાં અવાંતર નિયમો તો અનંત છે. જે સંતો રોજબરોજ તેનો અભ્યાસ રાખે છે તે પાકા સંત બને છે. ૨૦.

અભ્યાસ કર્યા વિનાના સંત કાચા રહે છે. તે વિષય જાળમાંથી ક્યારેય બચી શકતા નથી. ઋષ્યશૃંગ વનમાં જાળમાં ફસાઈ ગયા. અભ્યાસ કર્યા વગરના હતા તેથી બેહાલ થઈ ગયા. ૨૧. જે ઋષિને સ્ત્રી કે પુરુષનું જ્ઞાન લેશમાત્ર નહતું, તેને વેશ્યાએ બંધનમાં લીધા. તે વિષયનાં જ્ઞાન વિનાના ત્યાગી ઋષ્યશૃંગઋષિ, માનો તે બાબતમાં અંધ હતા છતાં, તેઓ વિષયનાં બંધનમાં જરૂર આવી ગયા. ૨૨.જ્ઞાન વિના એકપણ નિયમ રહેતો નથી. એમ ખરા વિવેકી સંતો સમજે છે. એટલા માટે આ સંસારના ભયથી સંતો વારંવાર તે નિયમોનો અભ્યાસ કરતા રહે છે. ૨૩. એક વાતનો નિશ્ચય કરીને તેને નક્કી કરી રાખવી, જો નિયમ ન રાખીએ તો સંસૃતિમાં ભટકવું પડે છે. ભગવાન સિવાયના અન્ય પદાર્થ જે સાંભરી આવે છે તેને મોટા સંતો સંસૃતિ કહે છે. ૨૪. મોક્ષની અનુપમ રીતનું જ્ઞાન સત્સંગ વિના થાતું નથી. મોક્ષ સિવાયના બીજા જે ભાવો છે, તેને લીધે જ સંસારરૂપી કૂવામાં જીવ પડ્યો રહે છે. ૨૫. ભવ-સંસારમાં અપાર દુઃખ રહ્યું છે તેને જીવ દેખતો નથી. સત્સંગ વિના માણસ તે દુઃખને પણ સુખ કરી માનવા લાગે છે. ૨૬.

सोरठा : दुःख में मानत सुख, अज्ञान तम रहे जांहिं लग;
त्यां लग हि रहत विमुख, सत्संग विन तम मिटे न कबु...२७

જ્યાં સુધી અજ્ઞાનરૂપી અંધારું રહે છે ત્યાં સુધી જીવ દુઃખમાં પણ સુખ માનતો રહે છે અને ત્યાં સુધી ભગવાનથી વિમુખ રહે છે. તે અજ્ઞાનનું અંધારું સત્સંગ વિના ક્યારેય ટળે નહિ. ૨૭. **ભગવાન સિવાય અન્ય પદાર્થોમાં જીવને જે જે ભાવના રહે છે. સત્સંગ નહિ હોવાથી તે બધી પાપરૂપ ભાવનાઓ જીવના ઉપર છવાઈ જાય છે અને તેની ખબર પણ, જીવને સત્સંગથી જ પડે છે. ૨૮.** શ્રીહરિએ કાળાતળાવ ગામમાં નવમસ્કંધથી લઈને આગળનું બધું જ ભાગવત વંચાવીને પૂરું કરાવ્યું અને બીજી બાજું હુતાશનીના દિવસ નજીક આવી રહ્યા હતા. ૨૯. જેની મૂર્તિ પરમ આનંદમય છે, અત્યંત ઉત્સાહી અને અવિનાશી છે, આવા ધર્મકુમાર શ્રીહરિ કાળાતળાવ ગામના હરિભક્તોને અપાર સુખ આપીને ત્યાંથી ચાલતા થયા અને **માનકૂવા** ગામ આવ્યા. ૩૦

ત્યાં બે દિવસ રહ્યા. ભુજના સેવાભાવી હરિભક્તો શ્રીહરિના સમાચાર સાંભળીને ત્યાં આવ્યા અને ફૂલહાર લેતા આવ્યા હતા. ૩૧. પ્રેમમાં તરબોળ અને પરમ ચતુર ભક્તોએ ફૂલહાર પહેરાવ્યા અને જે મેવા લાવ્યા હતા તે આગળ મૂક્યા. શ્રીફળ, દાડમ, તાજી દ્રાક્ષ અને લીલી ખારેક વગેરે અનેક વસ્તુઓ લાવ્યા હતા. ૩૨. તે બધું થાળમાં ભરીને શ્રીહરિની આગળ ધર્યું. દયાળુ તે બધું તરત જ જમવા લાગ્યા. હરિભક્તો જે મેવા લાવ્યા હતા તે બધાને પણ અલગ અલગ રીતે જમ્યા. ૩૩. સુખધામ શ્રીહરિ તે મેવા વગેરેને જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે ભક્તોને પ્રેમથી પ્રસાદી આપી. સુંદરજીભાઈ સુતાર અને ગંગારામ મલ્લને પણ પ્રસાદી આપી. ૩૪. બીજા જે કોઈપણ ત્યાં હાજર હતા તે બધાને પણ રાજી થઈને પ્રસાદી આપી. પછી સુંદરજીભાઈએ બંને હાથ જોડ્યા. ચરણોમાં મસ્તક નમાવ્યું. અને શબ્દો બોલ્યા, ૩૫.

ભુજના હરિભક્તો બાઈ-ભાઈ જે છે તે બધાએ આપની પ્રાર્થના કરીને વારંવાર ઘણા કરીને જય નારાયણ કહ્યા છે. ૩૬. હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ આપે ભુજ આવીને કરવાનો છે તેથી બધા હરિભક્તો પાણી વિનાના માછલાંની જેમ આપની રાત-દિવસ વાટ જુએ છે. ૩૭. ચકોરની વૃત્તિ જેમ ચંદ્રમાં રહે છે તેમ બધા ભક્તોની મનોવૃત્તિ આપમાં રહી છે. સૌનાં અંતઃકરણની વાતને તો આપ અંતર્યામી જાણો જ છો તેને અમે અહીંયાં શું કહીએ ? ૩૮. કરુણારસના ભંડાર શ્રીહરિએ ભુજના હરિભક્તોની અતિશય ભાવના દેખી તેથી તરત જ તૈયાર થયા. અને પછી ત્યાંથી **ભુજ** આવ્યા. ૩૯. બધા હરિભક્તોને ખબર પડી એટલે તે વખતે તે બધા જ હરિભક્તો તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા. કોઈ ભક્ત પાછળ ન રહ્યા. બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દસમાં પૂરમાં 'નિયમોનું પ્રાધાન્ય કહીને શ્રીહરિ માનકૂવાથી ભુજ પધાર્યા' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ||૪૩||



પૂર દસમું : તરંગ - ૪૪

શ્રીહરિ સુંદરજીભાઈને ઘેર અને સંતો પુરની બહાર ઊતર્યા

ભુજમાં શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. અપાર શોભા ધારી હતી. સોનેરી સાજથી અશ્વને શોભાડ્યો હતો અને ધર્મકુમાર શ્રીહરિએ પણ સોનેરી વસ્ત્ર અલંકાર ધાર્યા હતા. ૧. હુતાશની પહેલા બે દિવસે શ્રીહરિ ભુજ આવ્યા. સાંજનો સમય હતો. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ૨. તે સમયે અપાર મશાલો પ્રકટાવી હતી. પુરની બજારોને શણગારી હતી. બધી દુકાનોને સુંદર કરી હતી. ૩ તે સમયે કેળાની લૂમ સાથેના કેળના સ્તંભ બજારમાં રોપાવ્યા હતા અને તે સ્તંભને કુંકુમથી રંગાવી દીધા હતા. ૪. વિવિધ પ્રકારના સોપારીના અને શ્રીફળના ઝાડ પણ રોપાવ્યાં હતાં. દાડમના ઝાડ પણ રોપાવ્યાં હતાં. તે બધાજ ઝાડ ફળ અને ફૂલો સાથેના લગાવ્યાં હતાં, તે સોહામણાં લાગતાં હતા. ૫.

પ્રેમના રસથી તરબોળ રહેતા પ્રેમી ભક્તોએ કેરી સાથેના આંબાના ઝાડ પણ ત્યાં રોપ્યા હતા, તેમજ ગુલાબ અને ગુલદાવદીના ગમલા મૂકયા હતા. તેનાથી બજાર અત્યંત ઓપી રહી હતી. ૬. તે બજાર અનુપમ બાગના જેવી શોભતી હતી. શ્રીહરિએ દૃષ્ટિ કરીને બધું જોયું હતું. પુરના બધા ભાવિક લોકો તે બજારમાં આવીને ઊભા હતા ૭. ભુજનગર વાસી બધા નરનારીઓ સારાં સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરીને આવ્યા હતા. બધા પુરુષો ફૂલહાર લાવ્યા હતા. તેઓ ઘણા હરખથી શ્રીહરિને તે હાર પહેરાવતા હતા. ૮. શ્રીહરિ ફૂલોના હાર વચ્ચે છવાઈ ગયા હતા. તેની અપાર શોભા હતી તે વર્ણવી શકાતી નથી. જેટલી જાતિના વાજિંત્રો કહેવાય છે તે બધા જ વાજિંત્રો તે સમયે આગળ વાગી રહ્યાં હતાં. ૯. તે સમયે બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. એમ જ્યારે શ્રીહરિ નગરમાં પધાર્યા ત્યારે બધી સ્ત્રીઓ મંગળમય ગીત ગાતી હતી. ૧૦.

સંતો ઝાંઝ અને મૃદંગ બજાવીને ધુમારના પદ ગાતા. તે રીતે જ કાફી, હોરી અને દીપચંદ રાગના પદ ગાતા હતા. તેની એટલી બધી શોભા બની

હતી કે તે કહી જાતી નથી. ૧૧. હરિભક્તો અબીર અને ગુલાલ ઉડાડતા હતા. તેનાથી ભૂમિ અને ગગનતળ સુધ્ધાં શોભતા હતા. શ્રીહરિની સાથે નિત્ય રહેનારા બધા પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા. ૧૨. ચોપદારો હાથમાં સોનેરી છડી લઈને શ્રીહરિની સાથે ચાલતા અને અતિ ઉમંગ ભર્યા ઊંચે અવાજે "જય જય, જય જય" નો જયઘોષ કરતા હતા. ૧૩. દુકાનોમાં જેટલા દરવાજા હતા ત્યાં વિવિધ પ્રકારના મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. તેની અપાર શોભા દેખાતી હતી. ૧૪. બજાર ઉપર જેટલી દુકાનો હતી, તેમાં બિલોરીના ઝાડ લટકાવીને તેમાં હરખભેર વિવિધ પ્રકારના દીવાઓને પ્રકટાવ્યા હતા. ૧૫. બજાર કાંઠે ત્રણ-ચાર માળના જે મકાનો હતા તેનાં ઝરુખામાં, રવેશોમાં અને અગાશીઓમાં ઘણા મનુષ્યો ઊભા રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧૬.

સહુ ઘણા જ ભાવથી શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા. છતાં તેટલાથી તેમને તૃપ્તિ થાતી ન હતી. બધાની આંખોની પલકો બંધ થઈ ગઈ હોવાથી તે નર અને નારીઓ ચિત્રમાં આળેખ્યા હોય તેવા દેખાતા હતા. ૧૭. સુંદરજીભાઈ સુતાર એક ભારે ચિત્રકાર પણ હતા. શ્રીહરિની મૂર્તિને બરાબર નીરખીને મનમાં ચિત્રીને ધારી લીધી. શ્રીહરિ પધારતા હતા ત્યારની જે શોભા બની હતી, તેને તેણે પ્રેમથી અંતરમાં લખી લીધી હતી. ૧૮. અંતકાળે તે શોભાને જે યાદ કરે છે તે ક્યારેય જમપુરીમાં જાતા નથી. તેઓ જન્મ, મૃત્યુ અને લખચોરાશીના દુઃખોનો નાશ કરીને મૂર્તિનું અતિશય સુખ પામે છે. ૧૯. ભુજના નાગરિકોને શ્રીહરિએ વારંવાર દર્શન દઈને એવા તૃપ્ત કર્યા હતા કે તેનો કોઈ પાર નથી. શ્રીહરિ સુંદરજીભાઈને ઘેર આવ્યા અને ત્યાં જ ઉતારો કર્યો. ૨૦.

સંતોને તો નગરની બહાર ઉતારો કરાવ્યો હતો. જ્યાં પાણીની સગવડ હતી અને ઘાટી છાંયાવાળાં ઘણાં ઝાડ હતા. સ્ત્રી અને ધનનાં ત્યાગી આ સંતો ક્યારેય નગરમાં રહેતા નહિ. ૨૧. સ્ત્રી અને ધનનાં ત્યાગી જો મોટા નગરમાં રહે તો છેવટે તેમાં અનુરાગી-આસક્ત થઈ શકે છે. પણ સંતો તો શ્રીહરિનાં આજ્ઞાવચનરૂપી નગરમાં રહેતા. તેથી ધન તથા નારી તેમને ક્યારેય દગો દઈ શકતા નહિ. ૨૨.

❋ જ્યારે મહિમા અપાર સમજે, ત્યારે નિયમોમાં પ્યાર થાય :

ચોપાઈ :

हरिवचन में हे दैवत भारी, नजीक न आवे कबहु धन नारी;
हरिवचन विन संकल्प जेता, करे जो त्यागी होईके तेता...२३

ताको निवारण करे न जेहा, तितनो बंधन होवे तेहा;
हरि विन चिंतवन रहे ज्यां लगही, त्यागी न कहावे त्यां लगही...२४

શ્રીહરિનાં આજ્ઞાવચનમાં ભારે દૈવત રહ્યું છે. તેથી તેમાં ક્યારેય ધન અને નારી નજીક આવી શકતા નથી. ત્યાગી થયા છે એટલે શ્રીહરિનાં વચન વિનાના બધા જ સંકલ્પોને તજી દીધા છે. ૨૩. અન્ય સંકલ્પોનું જો નિવારણ કરવામાં ન આવે, તો તેટલું બંધન થાય. જ્યાં સુધી ભગવાન સિવાયનું બીજું યાદ આવે છે ત્યાં સુધી તે પૂરો ત્યાગી કહેવાય નહિ. ૨૪.

અંતરનો ત્યાગ અલગ છે અને દેહનો ત્યાગ પણ અલગ છે. તે ત્યાગમાં જેટલો ફરક પડે છે તેટલો તે મનુષ્ય પરમેશ્વરનો ચોર છે. ૨૫. બધાં જ છળ તથા કપટને તજી દઈને જ્યારે ભગવાનને તન અને મન અર્પણ કરી દેવાય છે ત્યારે તે ભગવાનનો ચોર મટે છે અને તે બડભાગી હરિભક્ત થાય છે. ૨૬. **સુજ્ઞ હરિભક્તો અને સંતો જ્યારે ભગવાનને પ્રકટ પ્રમાણ અંતર્યામી જાણે છે ત્યારે બીજા હરિભક્તો અને સંતો તેને માર્ગે ચાલે છે. ૨૭. જે સાક્ષાત્ શ્રીહરિનાં સંતો અને હરિભક્તો છે તેઓ તો શ્રીહરિને પોતાની પાસે જ દેખે છે અને તે પ્રકટ શ્રીહરિના પ્રતાપથી તેમના કોઈપણ નિયમનો ભંગ થાતો નથી. ૨૮.**

प्रगट हरि न जानत पासा, एसे संत जो हरिजन दासा;
निज पास हरि जाने विन जेहा, नियम जथार्थ रहे न तेहा...२९

पास हरि विन नियम न रेहेवे, एसे सबुद्धि संत हि केहेवे;
सबुद्धि संत को सिद्धांत हे एहा, पास हरि कु जानत तेहा...३०

જો સંતો અને હરિભક્તો પ્રકટ શ્રીહરિને પોતાની પાસે રહ્યા છે એમ ન જાણે તો તેમના નિયમો યથાર્થરૂપમાં રહી શકતા નથી. ૨૯. કેમ જે, સુબુદ્ધિ સંતોનું એમ કહેવું છે કે, શ્રીહરિનાં સાંનિધ્ય સિવાય નિયમ અખંડ

ન રહી શકે. માટે તે સુબુદ્ધિ સંતોનો એવો સિદ્ધાંત છે કે, તેઓ શ્રીહરિને નિરંતર પોતાની પાસે પ્રગટ જ માને છે-જાણે છે. ૩૦.

જેટલો સાર કહેવાય છે તે બધો એક શ્રીહરિનાં સ્વરૂપમાં જ સમજતા. તેઓ બીજા બધા રસોને તો અત્યંત નીરસ જાણતા. તેથી તે સંતો તેમાં ક્યારેય લોભાતા નથી. ૩૧. જે રસની ઊલટી થઈ હોય કે તેનો મળ થઈ જાય, કે જે રૂપ નિર્જીવ-મડદું થઈ ગયું હોય, તેમાં તો પશુ અથવા શ્વાન જ લોભાય છે, તે સિવાયનો મનુષ્ય તો તેના તરફ દૃષ્ટિ પણ કરતો નથી. ૩૨.

સંતો આવી રીતે દૃઢ સમજણ રાખે છે છતાં તેઓ ક્યારેય માયિક તનનું જ્યાં સુધી ભાન છે ત્યાં સુધી ઈન્દ્રિય, અંતઃકરણનો વિશ્વાસ કરતા નથી. કારણ કે, દેહ, ઈંદ્રિય, મન-અંતઃકરણ એ બધાં માયાનું સર્જન છે. ૩૩. એટલે સંતો તેનો વિશ્વાસ કરતા નથી. તેને ચોર જાણે છે. જો વિશ્વાસ રાખે તો તે નિયમોને તોડી નાખે છે. ભવ અને બ્રહ્મા અત્યંત સમર્થ કહેવાય. બીજા દેવો અને ઋષિઓ તો તેના દાસ કહેવાય. ૩૪. તેઓએ પણ જો મનનો વિશ્વાસ કર્યો, તો તેમની નિર્મળ કીર્તિનો નાશ થઈ ગયો. પ્રકૃતિ-પુરુષ સુધીનું બધું માયિક જાણવું. ત્યાં સુધીમાં કયાંય મનનો વિશ્વાસ કરવો નહિ. ૩૫. માયિક મનના કરેલા નિર્ણયમાં જે ચાલે છે તે ભગવાનનાં ધામ સુધી પહોંચતા નથી. કદાચ તેને ભગવાન પોતાનાં ધામમાં લઈ જાય તોપણ તે મનનો અનુયાયી જીવ છેવટે ધામમાં ટકી શકે નહિ. ૩૬.

વિષયોમાં અતિશય દુઃખ રહ્યું છે એમ જાણીને જે નિષ્કામ બને છે તે સંત તથા હરિભક્ત ભગવાનનાં ધામનું સુખ અખંડ રીતે ભોગવે છે. ૩૭. જ્યારે બધા સંતો ભેળા મળતા ત્યારે આવી વાતો કરતા અને શ્રીહરિનાં અમૃતમય વચનોને રાત-દિવસ સંભારતા રહેતા. ૩૮. **શ્રીહરિનાં જેટલાં વચન તથા શ્રીહરિએ કરેલાં જેટલાં ચરિત્ર છે તે બધાંને જ્યારે સહુથી સારરૂપ જાણવામાં આવે ત્યારે તે સંસારથી જીવનો ઉદ્ધાર કરે છે. ૩૯. જીવ જેને વધારે પડતો સાર માને છે તેમાં તે ચોંટી જાય છે અને પછી તેને શરીર પણ તેવું જ મળે છે. કારણ કે, તે જ તેનો બીજરૂપ ભાવ હતો. માટે તે ભાવ, વાસના કે સંસ્કાર પ્રમાણે શરીર મળે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ સુંદરજીભાઈને ઘેર અને સંતો પુર બહાર ઊતર્યા' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર દસમું : તરંગ - ૪૫

શ્રીહરિનો પ્રતાપ અને સંત-હરિભક્તોના હેત અંગે કથન

શ્રીહરિ ભુજનગરમાં આવી ગયા છે એવી વાત સાંભળીને ચારેબાજુના ગામના હરિભક્તો તથા ત્યાં રહેલા સંતો હરખથી ભુજ આવવા લાગ્યા. ૧. ગાજવીજની સાથે જ્યારે અષાઢી મેઘ વરસતો હોય છે ત્યારે દેડકાં, મોર અને કોયલને અપાર આનંદ થાતો હોય છે. ૨. સરોવરમાં અને નદીઓમાં પાણી ભરાઈ જાય છે. ભૂમિ ઉપર કયાંય પાણી માતું નથી. ભૂમિમાં જેટલા બીજ પડ્યાં હોય છે તે બધાં આતુરતાપૂર્વક ઊગી નિકળે છે. ૩. તે રીતે જ જ્યારે સંતોને અને હરિભક્તોને શ્રીહરિ આવ્યાના સમાચાર મળ્યા ત્યારે એટલો બધો આનંદ થયો કે તે ભુજ જવા ચાલતા થયા. ત્યારે પોતાનું શરીર ચાલે છે કે નહિ ? તેનું પણ ભાન રહ્યું નહિ. ૪. જેના માતા-પિતા, ભાઈ, ભત્રીજા, નારી કુસંગી હતા તેમના રોક્યા હરિભક્તો રોકાતા નહીં. કેમ જે, શ્રીહરિના ઉપર તેમને અપાર હેત હતું. ૫.

જેને હેતમાં કચાશ હોય તે રોક્યા રોકાય. જે લોકલાજમાં અવરાઈ ગયા હોય તેઓ ઘરમાં ખૂંત્યા રહે. ૬. બીજાની લાજ-શરમ જ્યાં સુધી રોકી રાખે છે ત્યાં સુધી ભગવત્પ્રેમમાં એટલી ન્યૂનતા કહેવાય. હરિભક્તમાં જે અધિક-ન્યુનતા હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. ૭. સગા-સંબંધીમાં કોઈનું મરણ થાય તે આવરણ આવ્યું કહેવાય, છતાં પાકો હરિભક્ત રોકાય નહિ. તેનાથી કોઈ મોટું આવરણ કહેવાય નહિ, છતાં ભક્ત તે વિઘ્નનું નિવારણ કરી લે છે. ૮. ખરો શૂરવીર ભક્ત છુપાતો નથી. તે કસોટીના સમય વિના દેખાય નહિ. બધા હરિભક્તોની સમજણ એકસરખી હોતી નથી. તેને પરમ વિવેકી ભક્ત જાણે છે. ૯. સંસારનો જેને જેટલો અભાવ હોય, તે જ્યારે

કામ પડે ત્યારે દેખાય છે. કોઈ વિષમ દેશકાળના યોગથી પણ હરિભક્તનું વર્તન એકસરખું રહી શક્તું નથી. ૧૦

શૂરવીર હોય તે કાયર થઈ જાય છે અને જે કાયર હોય તેમાં શૂરવીરતા આવી જાય છે અને ભક્તપણાંનું જે અતિશય અભિમાન રાખે છે તે ભગવાનને ગમતું નથી. ૧૧. ધર્મ, ભક્તિ, ત્યાગ રૂપ વૈરાગ્ય અને જ્ઞાન એ ચારને તો ભાગ્યશાળી જ પામે છે. જેનાં અનંત જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તે જ તે ચાર અંગને પામી શકે છે. ૧૨. ઉપર કહેલા ચારે અંગ મળ્યા પછી પણ જે ભક્ત દુર્બળ હરિભક્તને કે દુર્બળ સંતને અનેક રીતે દબાવતો હોય તે શ્રીહરિને ગમતું નથી. ૧૩. આપણા સત્સંગમાં જેનું કોઈ સ્થળે કોઈ બાબતમાં કાંઈ ચલણ ન હોય, જેને કોઈ પણ અધિકાર ન હોય, તેવા સંત કે તેવા હરિભક્તને દુર્બળ કહેવાય છે. ૧૪.

બળિયા બળિયા બધા એક થઈને જેને આગળ પાછળ કોઈ સહાયક ન હોય તેવા તે દુર્બળ સંત-હરિભક્તને કુટિલ કહે છે ત્યારે દુર્બળના સહાયક એક ભગવાન રહે છે. ૧૫. અને તે શ્રીહરિએ જ જેમ ગર્ભવાસમાં સહાય કરી હતી તેમ જ તે દુર્બળ સંત-હરિભક્તની સહાય કરે છે. અને તે બળિયાને ભગવાન જે કષ્ટ દે છે, તે બીજા કોઈ ભાળતા નથી, એવી રીતે તેને કષ્ટ આપે છે. ૧૬. જે બળિયા સંત-હરિભક્ત દુર્બળ સંત-હરિભક્તનો જેવો દ્રોહ કરે છે, જેવું તેને દુઃખ આપે છે તેવું જ દુઃખ તે માથાભારે મોટા માથાઓને પણ આવે છે, પામે છે. હરિભક્ત હોય કે ભલે હરિભક્ત ન હોય, પણ તેને જે વગર વાંકે જાણી જોઈને પીડે છે, દુઃખ દે છે, તેને પંચમહાપાપના જેવું પાપ લાગે છે, એમ શ્રીહરિએ પોતે વારેવારે કહ્યું છે. પણ બળિયા માથાભારે માણસને સમય હોય ત્યારે વિચાર રહેતો નથી. અને તે મોટામાથા પોતાના મનમાં જેવો સંકલ્પ થાય તેવું ધાર્યું કરે છે. ૧૭-૧૮. જેમ કે, નહુષ રાજાને સ્વર્ગસત્તા પામવારૂપ સારો સમય આવ્યો કે તરત જ મનમાં ઈન્દ્રાણીને પરણવાનો સંકલ્પ થયો. જેવો સંકલ્પ થયો કે તરત જ તે તે પ્રમાણે કરવા ગયો. તેમાં દુર્બળ ઋષિઓનું રથે જોડીને અપમાન કર્યું. તેનાથી તેને વિકરાળ મોટો સર્પ થાવું પડ્યું. ૧૯.

એવી તો અનંત અને અપાર વાતો છે, લખતાં લખતાં તેનો પાર આવતો નથી. સત્તા-અધિકાર, સામર્થી પ્રાપ્ત થયા પછી મદ કોને ન આવે ? તે બાબત તો શ્રીહરિ સિવાય કોઈ કાંઈ બતાવી શકે નહિ. ૨૦. જેમ રાત-દિ' ભગવાનનો ડર રાખે છે. ક્ષણેક્ષણ કોઈ રીતે તે ભૂલી જાતા નથી. તે રીતે જ દુર્બળનો પણ સતત ભય રાખવો જોઈએ. અને તેમ કરે તો જ સબળને કોઈપણ પ્રકારનું દુઃખ ન આવે. ૨૧. વર્તમાન સમયે અંગ્રેજો ઘણો મોટો અધિકાર પામીને પણ નીતિમાં પૂરેપૂરા કુશળ છે. નીતિને તેઓ સાક્ષાત્ પોતાના પ્રત્યક્ષ ઈષ્ટદેવ સમજે છે. ૨૨. કોઈ દુર્બળ હોય, ગરીબ હોય, અનાથ હોય તો તેની વારંવાર તે મદદ કરે છે. તે રાજ્ય કરવાનું ફળ એટલું જ માને છે કે, આપણાથી ગરીબની રક્ષા થાય છેને ? ૨૩. ગરીબોની રક્ષા કરવા માટે તે અનેક પ્રકારના હુન્નર-ઉદ્યોગને કરતા રહે છે અને ધનને તો ધૂળના સમાન ગણે છે. તે ધનમાં એક રતીભાર પણ આસક્તિ રાખતા નથી. ૨૪.

અંતર્યામી પરમેશ્વર માનો તેની અંદર રહ્યા છે. તે કોઈ પણ જાતના બંધન વિના રાજ્ય કરે છે. માનો કે અંગ્રેજોના રૂપમાં નિરન્ન મુક્ત આવ્યા નહોય ! ૨૫. તેઓને મરવાનો ડર નથી. હા, અનીતિનો ડર રાખે છે. નીતિરૂપ ઈશ્વર તેનાં અંતરમાં ઘર કરીને રહ્યા છે. ૨૬. આ ભૂમિ ઉપર જ્યાં સુધી શ્રીહરિ વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી તે નિત્યપ્રતિ નીતિને સંપાદન કરતા જ રહ્યા છે. ૨૭. ભૂમિ ઉપર બીજા રાજાઓ ઠેકઠેકાણે છે પણ તેમને નીતિભંગ થવાનો ડર રહેતો નથી. આથી તેઓ બુદ્ધિમાન હોવા છતાં તેમાં વિવેકબુદ્ધિ રહી નથી. ૨૮.

નીતિ સિવાય દેહનો બધો સાજ-સામાન પણ યોગ્ય સમયે ઉપયોગી થાતો નથી. નીતિ જીવની જીવનદોરી છે. ભાગ્યહીન લોકો તે જીવનદોરીરૂપ નીતિને તોડી નાખે છે. ૨૯. નીતિ ગયા પછી તો અનીતિ જ રહે છે. અનીતિને ઘેર રાજ્ય રહેતું નથી. નીતિ વિના પણ જેનું રાજ્ય ચાલતું હશે ત્યાં તો તેણે પૂર્વ જન્મમાં નીતિરૂપ તપ કર્યું હશે એટલે તે ચાલતું હશે. ૩૦

નાવિક વગરનું મોટું વહાણ મહાસાગરમાં ચાલ્યું જાય પછી તેની દશા કેવી થાય ? નીતિવગરના રાજ્યની સ્થિતિ પણ તેવી જ થાય છે. ૩૧. ખેતીની રક્ષા માટે ખેડૂત ખેતરમાં કેટલાક ઓડા મૂકે છે. પણ તે ઓડા યોગ્ય સમયે બિલકુલ ઉપયોગમાં આવતા નથી. ૩૨. જે રાજાઓ નીતિથી વિહીન છે તેઓ ક્યારેય પ્રજાનાં સુખમાં કામ લાગતા નથી. ઊલટાનું પ્રજાને દુઃખ જ દે છે. પ્રજાને મારીને તેને લૂંટી લે છે. ૩૩. જ્યારે રાજાઓ આ રીતે પ્રજાને પીડવા લાગ્યા ત્યારે તે દુઃખ ભગવાનથી સહન થયું નહિ. પ્રભુ હરેકમાં નીતિરૂપે રહ્યા અને જે અનીતિ કરતા હતા તેને ઉખાડી નાખ્યા. ૩૪.

વગર અપરાધે પ્રહ્લાદને તેનો પિતા હિરણ્યકશિપુ જ્યારે બહુ દુઃખ દેવા માંડ્યો ત્યારે પ્રહ્લાદે દેહની રક્ષા ભગવાન પાસે માગી નહિ, પણ ભગવાનનાં ચરણમાં પ્રેમભક્તિ કરી. ૩૫. ભગવાને જ્યારે પ્રહ્લાદની અત્યંત દૃઢતાને દેખી ત્યારે ભગવાન હિરણ્યકશિપુના અપરાધને સહન કરી શક્યા નહિ. તેથી પરમાત્મા સ્થંભમાંથી નૃસિંહરૂપે પ્રગટ થયા અને ભગવાને તેની અત્યંત અનીતિને જોઈને તેને મારી નાખ્યો અને પ્રહ્લાદની રક્ષા કરી. તેની અત્યંત અનીતિને જોઈને ભગવાને તેના ઉપર દયા રાખી નહિ. ૩૬-૩૭. અત્યંત અનીતિ કરનારા ઉપર ભગવાનને દયા આવતી નથી. એવું શાસ્ત્રોમાં ઠેકઠેકાણે લખ્યું છે અને તેથી તે પ્રત્યક્ષ પણ દેખાય છે. ૩૮.

सोरठा : हरिवर अब अवतार, धरे साधुता प्रगट करन;
शरनागत करत उद्धार, चरण नमत जेहि आईकर...३९
साधुता रखी अपार, कारज करत अद्भुत अब;
अनेक जन भवपार, किन लिखे न आत तेहि...४०

આ વખતે તો હરિવરે સાધુતાને પ્રકટ કરવા માટે સ્વામિનારાયણ નામે અવતાર ધાર્યો છે. તેથી જે આવીને ચરણોમાં નમે અને શરણે આવે તેનો પ્રભુ ઉદ્ધાર કરે છે. ૩૯. શ્રીહરિએ અપાર સાધુતા રાખી છે. અને તેઓ હાલ અત્યંત અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે અને અનેક અધમોનો સંસારથી ઉદ્ધાર કરે છે. તે બધું લખી શકાતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિનો પ્રતાપ અને સંત-હરિભક્તોના હેત અંગે કથન' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર દસમું : તરંગ - ૪૬

શ્રીહરિનો અલૌકિક પ્રતાપ અને ભક્તોની ભાવના કહી

સંતો અને હરિભક્તોની વિશાળ સભા કરવા માટે ભુજના બધા હરિભક્તોએ મળીને એક સારો અને નવો મંડપ લાવીને બાંધી આપ્યો. ૧. અને જ્યાં સંતો ઊતર્યા હતા ત્યાં પણ અનુપમ મંડપ કર્યો. તેમાં કેળના સ્તંભ રોપાવીને અદ્ભુત રચના કરી હતી. ૨. વિવિધ પ્રકારનાં ફૂલના ગમલા મૂકીને વિચિત્ર રચના કરી અને અપાર શોભા કરી. તેની વચ્ચે સુંદર ફૂલનો હિંડોળો બનાવ્યો. ૩. હુતાશનીને દિવસ શ્રીહરિ મંડપમાં આવ્યા. પોતાનાં અંગ ઉપર નવાં કેસરિયા વસ્ત્ર પહેરી લીધાં હતાં. ૪.

❊ હરિધ્યાન :

મસ્તક ઉપર ફૂલનો વિચિત્ર ખૂંપ (પરણવા જતાં વરને માટેનો એક ફૂલનો શણગાર) ધારણ કરી લીધો જેની શોભા કહી શકાતી નથી. છાતી ઉપર અપાર ફૂલહાર ધાર્યા હતા, તેમજ વિવિધ પ્રકારના બાજુબંધ પણ ધાર્યા હતા. ૫. નખથી શિખાપર્યંત કેસરી ચંદન ચરચ્યું હતું. ગુલાબનો ગુચ્છ હાથમાં હતો અને બીજા હાથમાં ગુલાબના ફૂલથી બનાવેલી છડી લીધી હતી. પછી અશ્વ ઉપર સવારી કરી. ૬. અશ્વને પણ સંપૂર્ણપણે ફૂલોથી શણગાર્યો હતો. માનો અશ્વ ઘણા ફૂલોનો જ બન્યો નહોય ? એક મોટું છત્ર ફૂલોનું બનાવ્યું હતું. તે તે વેળાએ શ્રીહરિનાં મસ્તક ઉપર ધાર્યું હતું. ૭. શ્રીહરિને બંને પડખે ફૂલોના બે પંખા લઈને બે હરિભક્ત ઉમંગથી પવન ઢોળતા હતા. આ પ્રમાણે શ્રીહરિ ભુજની બજારે ચાલ્યા, હજારો લોકો દર્શન કરવા ત્યાં કિનારે ઊભા હતા. ૮. છત્રીશ પ્રકારના વાજિંત્ર વાગવાં લાગ્યાં. એટલી અદ્ભુત શોભા બની કે જે વર્ણન કરી શકાતી નથી. મને વિધિએ ભાગ્યમાં

બુદ્ધિ જ થોડી આપી છે એટલે જેવું વર્ણવવું જોઈએ તેવું વર્ણન થઈ શક્તું નથી. ૯. કીડીનાં મુખમાં બ્રહ્માંડ સમાય નહિ. શ્રીહરિનાં એક એક રોમમાં અનંત બ્રહ્માંડો રહ્યા છે તેવી અધિક શોભા શ્રીહરિનાં સ્વરૂપમાં છે. ૧૦.

એ બધી શોભાનું જ્યારે વર્ણન થાય ત્યારે તે પૂરું વર્ણવ્યું કહેવાય. માનવના દેહમાં રહેલાને જે બુદ્ધિ હોય તે પ્રમાણે શોભાનું વર્ણન કરું છું. ૧૧. શ્રીહરિની શોભાનું વર્ણન ચાહે તેટલું વધારે કરીએ, તોપણ કેટલીક શોભા તો અમાપ જ રહેવાની. જેટલા ઘણા સારા વિદ્વાન કવિઓ થયા છે તેમણે વનસ્પતિને અઢાર ભાર કહી છે. ૧૨. કદાચ કોઈ કવિ તેનાં પાંદડાને ગણે, વરસતા વરસાદના બિંદુઓને કોઈ ગણે, ભૂમિના રજકણોને કોઈ ગણે, તે બધા અનંત છે, અપાર શોભા છે. તેમ શ્રીહરિની શોભા પણ અપાર જ છે. ૧૩. હું જેટલું વર્ણન કરું છું અને શ્રીહરિનાં જે ચરિત્ર લખું છું, તેને બુદ્ધિમાન સહુ હરિભક્તો માપજો તો ખરા ! ૧૪. ભુજ નગરના જેટલા રાજમાર્ગો, જેટલી દુકાનો, એ બધાને નગરવાસીઓએ ઘણા જ હેતથી શણગાર્યા હતા. ૧૫. તેમાં સારા સુગંધી ફૂલોથી બજારને વિવિધ રીતે શણગારી હતી. કારણ કે આ અવસર સર્વોત્તમ હતો. આવો અવસર ફરીને મળે તેમ ન હતો. ૧૬.

✵ નિર્દોષભાવ રાખશે તે દિવ્યગતિ પામશે :

બીજા અવસરો તો વારંવાર આવી શકે છે પણ પ્રકટ શ્રીહરિ આ ભૂમિ ઉપર ન હોય. માટે આ સમય દુર્લભમાં પણ અત્યંત દુર્લભ છે. આ સમય ગયા પછી ફરીને આવવાનો નથી. ૧૭. સંભવ છે કે ક્યારેક આખા બ્રહ્માંડ જેટલું ધન મળે, પણ ભગવાન શ્રીહરિના યોગ વિનાનું તે બધું વ્યર્થ ગણાય. આ ભૂમિ ઉપર જેટલી શુભ-સારી વસ્તુઓ છે તે બધી ક્યારેક મળી જાય પણ જેટલું ભગવાનનાં ઉપયોગમાં ન આવે, ૧૮. તે બધું વ્યર્થ જ કહેવાય. સ્થાનિક હરિભક્તોની એવી સમજણ હતી. બીજું એક, જ્યાં સુધી આવી સમજણ ન આવી હોય ત્યાં સુધી હરિભક્તપણમાં કસર-ખામી રહી ગણાય. ૧૯. હરિભક્તો શ્રીહરિની સેવા કરવાના મનોરથ રાત-દિવસ કર્યા કરતા હતા. મનમાં જે સંકલ્પો થાતા હતા તે પ્રમાણે તરત જ તે ભક્તો કરતા હતા. ૨૦.

हरिजन को एही स्वभावा, हरि सेव विन एक पल न रहावा;
हरि सेव विन पल हि जावे, अंतर में अति दाह होई आवे...२१
हरि की सेव विन दाह न होवे, इतनो काल तेहि व्यर्थ हि खोवे;
सुखमात्र कहावत जितनो, हरि से अधिक न समझत तितनो...२२

હરિભક્તોનો સ્વભાવ જ એવો હતો કે, શ્રીહરિની સેવા વિના એક પળવાર પણ રહેતા નહિ. જો ભગવાનની સેવા વિનાનો એક પળ જેટલોએ સમય જાય તો તે ભક્તોના અંતરમાં અત્યંત બળતરા થાતી હતી. ૨૧. 'ભગવાનની સેવા ન થઈ તે નિમિત્તે જો સંતાપ ન થાય તો તેટલો સમય વ્યર્થ ખોયો છે' એમ જાણવું. જે સુખમાત્ર કહેવાય છે, તેને ભગવાનથી અધિક સમજવા નહિ. ૨૨.

ભક્ત જે કાંઈ દેખે કે સાંભળે તેને ભગવાનથી અધિક ન સમજે અને તેને સ્વપ્નમાં પણ યાદ રાખે, તે બાબતને ભૂલી જવાય નહિ. આવું જો સતત દૃઢ રહે તો તેને યથાર્થ હરિજ્ઞાન કહેવાય. ૨૩. દુર્ભાગ્ય વશ કદાચ ક્યારેક ચિત્તભ્રમ થઈ જાય, શરીરની સ્થિતિ એકસમાન ન રહે, શરીરમાં કદાચ અનેક દીર્ઘ રોગ થાય, તોપણ ભગવાનનાં સ્વરૂપની સમજણમાં કાંઈ ફરક પડે નહિ. તે જ્ઞાન નાશ પામે નહિ. ૨૪. આ શરીર તો પ્રારબ્ધકર્મને આધીન છે. કોઈ એકસરખો નિર્ધાર નથી. સત્સંગનો જોગ ક્યારેક રહે કે ન રહે, પણ ભગવાનની ટેક (નિશ્ચય) તજી દે નહિ. ૨૫. ધર્મવંશે સહિત શ્રીહરિને પોતાના જીવમાં જોડી દેવા. હરિભક્તો અને સંતોના ચોક્કસ પાકા દાસ થઈને રહેવું. ૨૬.

હરિભક્તો કે સંત ક્યારેક વગર વાંકે અપમાન કરે તો સંભવ છે ધીરજ ન રહે. છતાં સમજુ ભક્તે તે વખતે ધીરજ રાખવી. ૨૭. શુદ્ધ સત્સંગ રાખવામાં તો અનેક વિઘ્ન આવી શકે છે. ૨૮. **તેથી બાળબુદ્ધિથી સત્સંગ ટકે નહિ. ભગવાનના મોટા સંતો આવી વાતો કહેતા. સત્સંગ કલ્પતરુ અને ચિંતામણિ કરતા પણ વધારે મૂલ્યવાન છે. ૨૯.** કદાચ કલ્પતરુ અને ચિંતામણિ મળી જાય તો તેનાથી જીવનો મોક્ષ નથી થવાનો, જન્મ-મરણ છૂટવાના નથી. સ્થાવર અને જંગમ સૃષ્ટિનાં જે બીજ છે તે જ ચાર ખાણ કહેવાય છે. ૩૦.

હરેક જીવમાં તે બીજ અવ્યક્ત રીતે ભરેલાં જ છે. તેનો કોઈ પાર નથી. જે દિવ્યદૃષ્ટિવાળા સંતો છે તે જીવમાં રહેલા બીજને દેખે છે. ૩૧. જે બીજને જેવો જોગ મળી જાય તે પ્રમાણે તે બીજ તરત જ જીવને તેવું શરીર ધારણ કરાવે છે. ભગવાન અને સંતો સિવાય બીજા કોઈ તે બીજને દેખતા નથી અને સતત જ્ઞાનયજ્ઞ કર્યા સિવાય તે બીજ બળતાં પણ નથી. ૩૨. શ્રીહરિએ જે રીતે જે જે ચરિત્ર કર્યાં હોય, તેને રાત-દિવસ સાંભળવા. સંભવ છે કે, શ્રીહરિનાં ચરિત્ર ક્યારેક સામાન્ય મનુષ્ય કરતા પણ મામૂલી હોય તેમ દેખાય કે સંભળાય. ૩૩. તોપણ હરિચરિત્ર બ્રહ્મઅગ્નિ છે. તેનાથી ચાહે તેવા છૂપા વાસનાના બીજ હોય તોપણ તે બળી જાય છે. તે ચરિત્રના બ્રહ્માગ્નિ સિવાય ચાહે તેવા મોટા મોટા અગ્નિ હોય તોપણ કરોડો કલ્પેય તે વાસનાના બીજ થોડાએ બળે નહિ. ૩૪. તે ચાર ખાણના વાસનાત્મક બીજનો એવો સ્વભાવ છે કે, તેનો જીવમાં ક્યાંય ડાઘ પડતો નથી. જ્યારે આપણો આ સત્સંગ છે તે શ્રીહરિનો દેહ-મૂર્તિ છે. એટલે શ્રીહરિ ક્યારેય સત્સંગરૂપ દેહનો ત્યાગ કરતા નથી. ૩૫. શ્રીહરિ વ્યક્ત-પ્રકટ અને અવ્યક્ત-અપ્રકટ ઈચ્છારૂપ એમ અનુપમ બે સ્વરૂપ રાખે છે. તેમાં લેશમાત્ર પણ માયિકભાવ નથી. કાયમને માટે એકસરખું તે દિવ્યસ્વરૂપ છે. ૩૬.

ભગવાનનાં અમાયિક સ્વરૂપના જોગથી અનેક માયિક જીવ અમાયિક-દિવ્ય થઈ જાય છે, એવું અનેક પ્રસંગમાં દેખાય છે. ૩૭. શ્રીહરિ, સત્સંગ, સંતો, હરિભક્તો, શ્રીહરિની પ્રતિમા, તેમનું ધામ, તેમનાં ચરિત્ર અને વચન, ૩૮. શ્રીહરિનાં તીર્થસ્થાન, વૃક્ષ, પશુ, પથ્થર, પક્ષી અને ગરુડ વગેરે એ બધાને અમાયિક-દિવ્ય સમજવા. ૩૯. વસ્ત્ર, ઘરેણાં, કેસરયુક્ત ચંદન, પુષ્પ, ભોજન, પાન (પીવાનું જળ), પત્ર, ફળ, કંદ, મૂળ, ૪૦. બીજી તો એવી અનેક વસ્તુઓ છે જેનો લખતા પાર પમાતો નથી. જે જે શુભ અને સારરૂપ વસ્તુઓ છે તે બધી શ્રીહરિનાં સંબંધથી અમાયિક-દિવ્ય જાણવી. ૪૧. શુભ શાસ્ત્રોમાં-સચ્છાસ્ત્રોમાં ઠેકઠેકાણે તે વચન લખ્યાં છે. અને તેને કોઈ અસત્ય કહે તો ભલે તે હરિભક્ત હોય છતાં તેઓ નાસ્તિક છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિનો અલૌકિક પ્રતાપ અને ભક્તોની ભાવના કહી' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર દસમું : તરંગ - ૪૭

હુતાશનીને દિવસ શ્રીહરિ પુર બહાર નીકળ્યા. જમ્યા, જમાડ્યા અને સભા કરી

ભુજ નગરના નાગરિકોને દર્શન આપતા શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. નરનારી બધા જ પુરજનો દર્શન કરવા બજારે એક તારમાં ઊભા હતા. ૧. દુકાનોના જેટલા માળ હતા તેમાં ભરાઈને લોકો ઊભા હતા. તે ફૂલના હારની વૃષ્ટિ કરતા હતા અને "જય જય, જય જય" આવું જે બોલતા હતા તે જયઘોષ ચોતરફ છવાઈ ગયો હતો. ૨. શ્રીહરિની સાથે ચાલતા સંતો, વર્ણીઓ, પાર્ષદો, સવારી અને બીજા બાઈ-ભાઈ જે કોઈ હરિભક્તો હતા તે બધા ફૂલોથી ઢંકાઈ ગયા હતા. ૩. અબીર અને ગુલાલ પણ ઊડતો હતો. તેનાથી બધી બજાર શોભતી હતી. તેને દેખીને બધા દેવતાઓ પણ વિસ્મિત થયા હતા. ૪.

શ્રીહરિ આ રીતે પુરની બહાર આવ્યા. વારંવાર બંદૂકોના અવાજ થાતા હતા. જ્યાં સુંદરજીભાઈનો બાગ હતો ત્યાં જનોના ચિત્તને ચોરનારા શ્રીહરિ પધાર્યા. ૫. ત્યાં ભારે અદ્‌ભુત મંડપ કર્યો હતો. સુખકારી શ્રીહરિ તેની આગળ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. મંડપની વચ્ચે જે ફૂલનો હિંડોળો હતો ત્યાં આવીને તેના ઉપર બેઠા. ૬. સંતો હોરી, વસંત અને ધુમાર ગાતા હતા. પ્રેમથી ઝાંઝ તથા મૃદંગ વગાડતા હતા. ત્યાં દિવ્ય રંગ જામ્યો. શોભાનો તો કોઈ પાર રહ્યો નહિ. ૭. અનંત ધામના જે મુક્તો હતા તે પોતાના ધામમાં સ્થિર રહી શક્યા નહિ. તેઓ ધામનાં બધાં સુખોને તજી દઈને અત્યંત પ્રેમથી અહીંયાં આવી ગયા. ૮. શ્રીહરિની સભા અને સર્વે ધામ પરસ્પર એકાકારે થઈ ગયા. ભૂમાપુરુષ અને શેષનું જે ધામ, ત્યાંના

મુક્તો પણ આ સ્થાને આવી ગયા હતા. ૯. ભવ, બ્રહ્મા અને ઇંદ્રાદિક બધા દેવો પોતપોતાનાં ધામથી અહીં તત્કાળ પૂજાનો સામાન લઈને પૂજા કરવાને માટે આવ્યા હતા. ૧૦.

તેઓ વિચિત્ર પ્રકારના વિમાનમાં બેઠા હતા અને પોતાની સાથે જાતજાતના રંગ લાવ્યા હતા. અત્તરનાં સુગંધવાળા રંગના અલગ અલગ મોટાં ઠામ ભરીને લાવ્યા હતાં. ૧૧. ઉપરનું બધું આકાશ વિમાનોથી છવાઈ ગયું હતું. વિમાનમાં રહેલી અપ્સરાઓ નૃત્ય કરતી હતી અને શ્રીહરિને રિઝવવા માટે ગાન પણ કરતી હતી. ૧૨. આકાશમાં જેટલા વિમાન આવ્યાં હતાં, શ્રીહરિએ તેટલાં રૂપ ધારણ કર્યાં. પછી જેની જેવી ભાવના હતી તેવું તેમને સુખ આપ્યું. ૧૩. પોતપોતાના વિમાનમાં વિવિધ પ્રકારનાં ભોજન બનાવીને તેઓ લાવ્યા હતા. શ્રીહરિને ભાવથી જમાડ્યા અને અલૌકિક લાભ લીધો. ૧૪. તે સમયે જેની જેવી ભાવના હતી તેણે તેવી પૂજા કરી અને તે દેવોએ મનના ઘણા જ ઉમંગથી આરતી કરી. ૧૫.

પછી તે સહુએ સ્તુતિ કરી કે, "અનંત અવતારોના મૂળ અવતારી આપે અદ્‌ભુત પ્રતાપ પ્રકટ કરવાની ઇચ્છાથી મનુષ્યરૂપ ધાર્યું છે. ૧૬. આપ સૂર્યના સમાન એક છો અને અનેક અવતારોના પ્રેરક છો." ભવ અને બ્રહ્મા આદિક બધા દેવો, શારદા અને શેષજી જે આવ્યા હતા, ૧૭. તે સહુ ત્યારે કર જોડી જેવો પ્રતાપ દેખ્યો તે પ્રમાણે બોલતા હતા. ભુજના જે સહુ હરિભક્તો હતા તેમણે ભેળા મળીને, ૧૮. શ્રીહરિ તથા સંતો વગેરેને માટે રસોઈ કરાવી હતી. એટલે તે હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે ભાવથી તે ભોજન જમ્યા. મેંદાની (પરસૂલીની) સેવ બનાવી હતી. ૧૯. તેમાં મનમાન્યું ઘી અને સાકર પીરસી હતી. ભગવાન શ્રીહરિ ભાવથી જમ્યા. બધું ભોજન જ્યારે જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. ૨૦. પછી મુખવાસ લીધો. સંતોને બોલાવ્યાં. મંડપનો ચોક કરીને રંગોળી પુરાવી હતી. શ્રીહરિની સાથે જેટલા સંતો હતા તેટલા બાજોઠ લાવીને મૂકયા. ૨૧. બધા સંતો આવીને તેના ઉપર બેઠા. મુખથી નારાયણ ધૂન બોલી રહ્યા હતા. તે સમયે સુંદરજીભાઈ અને ગંગારામભાઈ કેસરયુક્ત ચંદન ભરેલું ઠામ લઈને

આવ્યા. ૨૨. સહજાનંદસ્વામી શ્રીહરિ જમ્યા પછી હરખથી હિંડોળે બેઠા હતા. પ્રથમ શ્રીહરિની પૂજા કરી. જે કેસરચંદન લાવ્યા હતા તે ચરચ્યું. ૨૩. અપાર સુગંધથી ભરપૂર અત્તર હતું. તેનાંથી આખો મંડપ છવાઈ ગયો હતો. તે સમયે વિવિધ પ્રકારના અપાર ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. ૨૪. મસ્તક ઉપર ફૂલની પાઘ હેતથી બંધાવી હતી. તેમાં મોગરાના ફૂલ અપાર હતા અને કાંઈક ગુલાબ પણ હતા. ૨૫.

ફૂલના તોરા મસ્તકે ધાર્યા હતા. બાજુબંધ અને પહોંચીઓ ફૂલની કરી હતી અને કાન ઉપર સુંદર ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. ૨૬. અગરબત્તીનો ધૂપ કરીને થાળીમાં કપૂર લીધું. તેની અનુપમ આરતી કરી. તે વેળાએ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૨૭. તે સમયે સંતો અને હરિભક્તોએ “જય જય” આવું બોલીને ઊંચેથી જયઘોષ કર્યો. પછી બે હાથ જોડીને “જય જય ધર્મકુમાર” એ બોલીને સ્તુતિ કરી. ૨૮. તે સમયે જ કેસરયુક્ત ચંદન લઈને સંતોના આખા કપાળમાં ચંદન ચરચ્યું. ફૂલના હાર પહેરાવ્યા. અને અગરબત્તીનો ધૂપ કર્યો. ૨૯. તે પછી શ્રીહરિ સેવ પીરસવા લાગ્યા અને તેમની પાછળ સાકર અને ઘી પીરસાવ્યા. જેટલા પાર્ષદો હતા અને જે ઘોડેસવારો હતા તે બધાને યાદ કરીને પીરસ્યું. ૩૦.

વર્ણીઓ અને વિપ્રો જે આવ્યા હતા તેઓ પણ બધા રસોઈ બનાવીને જમતા હતા. ગામે ગામના જે હરિભક્તો આવ્યા હતા. ભૂજના સ્થાનિક જે ભક્તો હતા. ૩૧. તે બધાને સંતોના જમ્યા પછી ત્યાં જમવા બેસાડ્યા અને બીજા પણ જે મહેમાનો (અભ્યાગતો) આવ્યા હતા તેમને સહુને પણ જમાડ્યા. ૩૨. જે કોઈ પણ અન્નના ભૂખ્યા ત્યાં આવ્યા હતા તેમાં કોઈ જમ્યા વગરના ન રહ્યા. આટલા બધા જમ્યા તેમાં અપાર મુક્તો આવીને જમી ગયા. તે કોઈને લગાર પણ ખબર પડી નહિ. ૩૩. દિવસને પાછલે પહોરે શ્રીહરિએ સભા કરાવી, તેની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. બહુનામી સુખદાયક શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. ૩૪. આગળ ચોતરફ સંતોની અને હરિભક્તોની મોટી સભા ભરાણી. સહુ શ્રીહરિની મૂર્તિમાં મનને ધારી રહ્યા હતા. સંતો ઝાંઝ અને મૃદંગ

વગાડતા હતા અને અનુપમ હોરીનાં પદ ગાતા હતા. ૩૫. સત્સંગમાં સહુ પ્રથમ સર્વોત્તમ કીર્તનોની રચના મુક્તાનંદસ્વામી કરવા લાગ્યા. તે પછી બ્રહ્માનંદસ્વામીએ પણ સારા પુનિત પદોની રચના શરૂ કરી. ૩૬. તે પછી નિષ્કુળાનંદસ્વામી પણ હેતથી પદ રચવા લાગ્યા. તેમનાં હૃદયમાં વૈરાગ્ય વ્યાપેલો રહેતો તેથી તેમને એક પણ વાજિંત્ર વગાડતાં આવડતું નહિ. ૩૭. તેમણે જિંદગીભર વૈરાગ્ય અને સદાચારમય ધર્મને તાજો ને તાજો રાખ્યો. ભક્તિ, જ્ઞાન અને વિષયો તરફ ઉદાસીનતા હોય એવું તેમનું અંગ સદા દેખાતું હતું. ૩૮. જેના જીવમાં જેવું અંગ બળવાન હોય તે તેમના રચેલા ગ્રંથ વગેરેમાં દર્પણની જેમ દેખાય છે. ૩૯. અનેક જીવોનો ઉદ્ધાર કરવા જે જે અવતાર થયા છે અને જે જે સત્પુરુષ થયા છે. તે તેમના ગ્રંથો ઉપરથી દેખાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'હુતાશનીને દિવસ શ્રીહરિ પૂરથી બહાર નીકળ્યા ત્યાં જમ્યા-જમાડ્યા અને સભા કરી' એ નામે સુતડાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર દસમું : તરંગ - ૪૮

શ્રીહરિ સત્સંગમાં અપાર પ્રતાપ દેખાડતા તે કથન

સંધ્યા સમય થયો ત્યાં સુધી સંતો શ્રીહરિની આગળ ઉત્સવ કરતા રહ્યા. બધે આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૧. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દસ-બાર મશાલો થઈ. ત્યારે "જય જય" શબ્દનો ઉચ્ચાર કરી સંતો આરતી બોલવા લાગ્યા. ૨. આરતી બોલી રહ્યા પછી નારાયણ ધૂન કરવા લાગ્યા. હાથથી તાળીઓ પાડતા હતા તેનો ધ્વનિ વન અને આકાશમાં ગરજી રહ્યો હતો. ૩. તે ધૂન સમાપ્ત કર્યા પછી શ્રીહરિ ફરીને ધૂનના રસમાં અતિ લીન થઈને ધૂન કરવા લાગ્યા. તે ધૂન સમગ્ર ધામોમાં વ્યાપ્ત થઈ ગઈ. ૪. જેટલાં ભગવાનનાં ધામ છે તેમાં બધે આ સભા દેખાતી. બાઈ-ભાઈ કોઈપણ ભક્તજનને સમાધિ થાતી હતી અને તેઓ

જે જે સમાધિ કરીને જે જે ધામમાં જાતા હતા ત્યારે શ્રીહરિએ અહીંયાં જે સભા કરી હતી તે સભા તેમને ત્યાં ત્યાં દેખાતી હતી. ૫-૬. સમાધિમાં હરિભક્ત જે જે ધામમાં જાતા હતા ત્યાં શ્રીહરિ સિવાય અન્ય અવતારનાં દર્શન થાતાં ન હતાં. મોટા મોટા જે દેવતાઓનાં સ્થાન, તે દેહની અંદર હોય કે બહાર હોય, ૭. સમાધિ કરીને હરિભક્ત ત્યાં જાતા હતા ત્યારે ત્યાં શ્રીહરિની મરજી વિના પોતાના સ્વરૂપનાં દર્શન થાતા નહિ. જો શ્રીહરિની મરજી હોય તો તે આશ્ચર્યકારી વાતને તે રીતે જ દેખતા હતા. ૮.

કોઈ હરિભક્તનાં હેતવાળા સંબંધીનું મૃત્યુ થયા પછી જો તેની દુર્ગતિ થઈ હોય અને તે હરિભક્ત તેને જો દુર્ગતિથી છોડાવવા હાથ જોડીને શ્રીહરિને કહે, મહારાજ ! મારો સંબંધી આજ મને દેખાયો. અરેરે!! તે વિમુખની ગતિ કેવી થઈ ? મને તો તેનાથી ઘણો જ સંતાપ થાય છે. ૯-૧૦. ત્યારે શ્રીહરિ કહેતા, જો આપણો સંબંધી હોય તો તે આપણને તજીને જાવો જોઈએ નહિ. **જે આપણને તજીને જતા રહે છે તેને સંબંધી જાણવા નહિ.** ૧૧. દેહના જે સંબંધી છે તે ખરા સંબંધી નથી, એમ સંતો કહે છે. હરિભક્તની અને જગતની સમજણ જુદી જ છે. એટલે હરિભક્ત સંબંધી સાથેનું હેત તોડી નાખે છે. ૧૨. તે સંબંધી જીવતો હોય ત્યાં સુધીમાં જ તેને હરિભક્ત કરવો જોઈએ. મૃત્યુ થયા પછી મનુષ્ય શરીરને ધાર્યા સિવાય અન્ય શરીરથી મોક્ષ થાતો નથી. ૧૩. કેટલાંક સંબંધીઓ તો જમપુરીનો માર ખાય છે. કેટલાક તો ભૂતપ્રેત થયા હોય છે અને કેટલાક સર્પનાં શરીરને પામ્યા હોય છે. ૧૪.

✵ સ્વામિનારાયણ જપ મહિમા :

કેટલાક પશુ-પંખી થયા હોય છે, તો કેટલાક વૃક્ષ, વેલી કે ખડ-ઘાસ થયા હોય છે. જેને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તે હરિભક્ત તેને નીજ આંખે દેખી શકે છે. ૧૫. માટે તમે જઈને તે જે દેહમાં હોય ત્યાં દર્શન દો. જો તેને તમારાં ઉપર હેત હશે તો તે તત્કાળ તે શરીરને તજી દેશે. ૧૬.

ચોપાઈ :

स्वामिनारायण नाम हमारा, उचार तुम जो करो यह वारा;
श्रवण कर हि जो हित यह नामा, सब पर मोई जानी सुखधामा...१७

विकट जोनि पाये जन जेहा, छूट जाव हि नहिं संदेहा;
हित विन जन न छूटे दुःखा, जो जन रहे सत्संग से विमुखा...१८

તે વખતે તમારે અમારું 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારવું. મને સર્વોપરિ સુખધામ જાણીને, જો તે હેતથી અમારાં આ નામને સાંભળશે, ૧૭. તો તે ઘણી વિકટ યોનિને પામ્યો હશે તોપણ તેનાથી નિઃસંદેહ તત્કાળ છૂટી જાશે. તમારાં ઉપર જો હેત નહિ હોય તો તે જીવ તે દુઃખથી છૂટશે નહિ. કારણ કે તે જીવ સત્સંગથી વિમુખ રહ્યો છે. ૧૮.

અમારો પ્રતાપ જેનાં દિલમાં જેટલો મનાયો હોય તેટલો તે બીજા જીવનો મોક્ષ કરશે. આમ કહીને પછી શ્રીહરિએ તેને ધ્યાનમાં બેસાડ્યો. ધ્યાન કરતાં જ તેના નાડી-પ્રાણ લીન થઈ ગયા. ૧૯. પછી તે ભક્ત પોતાનો સંબંધી જે યોનિમાં જન્મ પામ્યો હતો ત્યાં ગયો, તેને દેખીને તેવો સંકલ્પ કરીને 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચાર્યું. તે નામ સાંભળતાની સાથે તરત જ તે સંબંધીને તે યોનિથી છોડાવી લીધો. ૨૦. કદાચ ભક્તનો સંબંધી નરકમાં પડ્યો હોય, ત્યારે તે ભક્ત ત્યાં જઈને તેનું નામ બોલે છે. તે નામ સાંભળીને સામે નારકી જીવ, જે ભક્તને પોતાનો સંબંધી માને છે તે બોલે છે. ૨૧. નરકનું અપાર દુઃખ જોઈને તે નારકી જીવ હરિભક્તના ઉપર હેત દેખાડે છે. ત્યારે તે હરિભક્તને દેખીને જમદૂત તેને હાથ જોડીને કહે છે કે, ૨૨. ધર્મરાજાનો હુકમ આપ લાવો. અમે તો ધર્મરાજાના ચાકર છીએ. તેમના હુકમ વિના અમે પાપી જીવને છોડીએ નહિ. કારણ કે, આ જીવ કરોડો પ્રકારનાં પાપ કરીને અહીં આવ્યો છે. ૨૩. આમ કહે છે ત્યારે જમદૂત અને હરિભક્ત, બંને ધર્મરાજાની પાસે આવે છે. ધર્મરાજાએ હરિભક્તને જોયા ત્યારે તેમને વિનયના શબ્દ કહીને બોલાવ્યા. ૨૪.

જે જે હરિભક્ત ધર્મરાજાની પાસે આવે છે ત્યારે ધર્મરાજા તેનો અત્યંત આદર કરે છે. અને વિનયથી વચન કહે છે. ૨૫. તે હરિભક્તનો સંબંધી ભલે હરિભક્ત ન હતો, છતાં હરિભક્તના સંબંધને લીધે તેને નરકયાતનામાંથી છોડી દે છે. ૨૬. **કોઈ મનુષ્ય હરિભક્તનો સંબંધી હોય, તે મૃત્યુ પછી જે જે યોનિમાં કર્મફળ ભોગવવા ગયો હોય, તોપણ પોતાના હરિભક્તના**

સંબંધને લીધે તેને ત્યાંથી છોડાવીને શ્રીહરિ સત્સંગમાં જન્મ આપતા. ૨૭. આપણા સત્સંગમાં હરિભક્તોની આવી વાતો તો અપાર છે. શ્રીહરિએ તેમાં એટલું બધું સામર્થ્ય દેખાડ્યું છે કે તેનો લખતાંએ પાર આવતો નથી. ૨૮. હરિભક્ત જે કોઈ પણ દેશમાં અને જે ગામમાં રહેતા હોય ત્યાં શ્રીહરિ ગામેગામ જતા હતા અને પોતાનો અનંત પ્રતાપ દેખાડતા હતા. ૨૯. જેને સત્સંગ ન હોય એવા કેટલાએ લોકોએ શ્રીહરિનો ઘણો પ્રતાપ દેખ્યો હોય, પણ મોક્ષનો ખપ નહિ હોવાથી તે વિમુખ રહ્યા હોય. પછી છેવટે તો તેઓ અનંત અને અપાર દુઃખને પામ્યા હોય છે. ૩૦.

પકવાન ખાધા સિવાય ભૂખ્યા માણસની ભૂખ જાય નહિ. ભલેને તે આંખોથી સો વરસ સુધી પકવાનને દેખતો જ રહે. ભગવાનને કે મોટા પુરુષને વારેવારે દેખ્યા-સાંભળ્યા હોય, તેનું ફળ તો કાળાંતરમાં ક્યારેક મળે. ૩૧. શ્રીહરિની મૂર્તિ ક્યારેય દેખે નહીં અને શ્રીહરિના ચરિત્રને ક્યારેય સંભળાવે નહીં અને જે શ્રીહરિનાં ચરિત્રો ક્યારેય સાંભળે નહિ તો તે મનુષ્યનાં પૂરા પાપ જાણવા. ૩૨. ભગવાનની બાબતમાં જો બિલકુલ ચિત્ત ન દીધું તો પછી મનુષ્યનું શરીર મળ્યું, તેપણ ન મળ્યાં જેવું જ કહેવાય. મનુષ્યનાં શરીરની સફળતા એટલામાં જ છે કે, કાનથી ભગવાનની કથા સાંભળવી. ૩૩. કેટલાક જીવને વિષયમાં અત્યંત આસક્તિ હોય, રાત-દિવસ વિષય ભોગવવાં છતાં તેને તૃપ્તિ થાતી ન હોય, આવો વિષયી જીવ હોવા છતાં જો તે સત્સંગને રસની ખાણ જાણીને સત્સંગ કરે છે તો તેનું કાળાંતરમાં શ્રેય થાય છે. ૩૪.

બીજો એક જીવ છે તે નિર્વિષયી છે પણ તે શ્રીહરિનો ભક્ત નથી. તો ભક્તિ વિનાનો નિર્વિષયી જીવ તો પથ્થર જેવો કે નપુંસક જેવો કહેવાય. કારણ કે તેને ભગવાન અને સંતોને દેખવા છતાં ભાવના થાતી નથી. ૩૫. કોઈ જીવ અત્યંત વિષયી હોવા છતાં તે જો સત્સંગમાં ચિત્તને પરોવે છે. તો તેને લીધે તે છેવટે અત્યંત નિર્વિષયી થઈ જાય છે. કારણ કે સત્સંગનો એવો મહાપ્રતાપ છે. ૩૬. બાકી તો જેવો એ વિષયી જીવ તેવો તેનો સત્સંગ. એવા વિષયી માણસના સત્સંગને તો જે તેની સાથે રહેતા હોય એ જ જાણે. ૩૭.

दोहा : विषय हे अनंत प्रकार के, जीय के बंधनरूप;
जीय कु छोडावे बंधन से, सो विषय ही अनूप...३८

વિષય તો અનંત પ્રકારના છે કે જે જીવને બંધન કરનારા છે પણ જે જીવને બંધનથી છોડાવે, તે વિષય અનુપમ છે. ૩૮. **સારમાં સાર વિષય આ સત્સંગ છે. તે સત્સંગરૂપ વિષય દુર્લભમાં પણ અત્યંત દુર્લભ છે. પ્રહ્લાદજી તે સત્સંગના વિષયી થયા હતા. ૩૯.** પ્રિયવ્રત, જનક અને ચિત્રકેતુ પણ તેના પ્રબળ વિષયી થયા હતા. બલિરાજા પણ તેવા મોટા વિષયી થયા કે જેણે ભગવાન સિવાય બીજા કોઈને રાખ્યા નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિ સત્સંગમાં અપાર પ્રતાપ દેખાડતા તેનું કથન' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર દસમું : તરંગ - ૪૯

શ્રીહરિએ ભક્તોને સાચા અને ખોટા ગુરુની વાત સમજાવી.

શ્રીહરિ નારાયણ ધૂન કરતા રહ્યા તે અધરાત થઈ ગઈ. પછી ભક્તોના ઉપર દયા લાવીને બેઠા અને વાત કરવા લાગ્યા. ૧. શ્રીહરિએ કહ્યું, માણસને જેમાં વધારે અને વધારે લાભ મનાય છે તે કામ કરવું તેને કઠણ પડતું નથી પણ તે ઘણું સુલભ લાગે છે. ૨.

જે કામ કરવું હોય તેમાં જો લાભ ન મનાય તો તે કામ ક્યારેય થાય નહિ. તે કામ સુગમ હોવા છતાં ઘણું કઠણ લાગે છે. ૩. જે આપણા હરિભક્તો છે તે જો મોક્ષમાં લાભ માને છે તો તેને સત્સંગ સુગમ લાગે છે પણ બીજાને તો સત્સંગ ઘણો વિકટ લાગે છે. ૪. સુખદાયક શ્રીહરિ આટલી વાત કહીને પછી પોઢી ગયા. હરિભક્તો અને સહુ સંતો પણ સૂઈ ગયા. પ્રભાત સમયે સહુ ઊઠ્યા. ૫.

ભાઈ રામદાસસ્વામીએ આનંદાનંદસ્વામીની પાસે કેસર અને કેસુડાંનો રંગ કરાવ્યો. બધો સામાન પુરના હરિભક્તો લઈ આવ્યા હતા. ૬.

કસ્તૂરી અને કુંકુમનો રંગ પણ કર્યો. તેનાં મોટાં મોટાં ઠામ ભરાવી દીધાં. સવાર સુધી સહુ રંગ બનાવતા રહ્યા. તેનો કોઈ પાર ન રહ્યો. ૭. બહાર દેશોમાંથી જે હરિભક્તો આવ્યા હતા તેમણે પકવાનની રસોઈ કરાવી. જેટલા હરિભક્ત સેવક હતા તેમણે તે રસોઈ બ્રાહ્મણોની પાસે કરાવી હતી. ૮. હરિભક્તોએ શ્રીહરિને માટે અને સંતોને માટે જે કાંઈ કરવાનું હોય તે બધું ભાઈ રામદાસજીસ્વામી પાસે આવીને પૂછતા હતા અને સ્વામી જેમ કહે તેમ તે હરિભક્તો કરતા હતા. ૯. હરિભક્તોનો ભાવ કાયમ ટકી રહે તે રીતે રામદાસજીસ્વામી તેમને પ્રેમથી કહેતા હતા. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા અને નારાયણ ધૂન કરવા લાગ્યા. ૧૦.

સંતો તત્કાળ ધૂન કરી રહ્યા ત્યારે દયાળુ શ્રીહરિએ સંતોને કહ્યું, ચાલો, તળાવમાં જઈને સ્નાન કરીએ. ત્યાંથી આવ્યા પછી રંગે રમશું. ૧૧. આવુ કહીને શ્રીહરિ સંતોની સાથે ચાલ્યા. હરિભક્તો પણ બધા સાથે જ હતા. સરોવરે આવીને દાતણ કર્યું. શૌચક્રિયા તો અગાઉ કરી લીધી હતી. ૧૨. ઘનશ્યામ શ્રીહરિ દાતણ કરીને પાણીમાં નાહવા આવ્યા. સંતો કીર્તન ગાતા હતા અને સહુમાં ઉત્સાહ ઘણો જ છવાઈ ગયો હતો. ૧૩. ગામનું પાણી તળાવમાં આવતું નહિ તેમજ મેલા કપડાં પણ તળાવમાં ધોવાતા નહિ, પાણીની નિર્મળતા પૂછીને શ્રીહરિ તેમાં નાહ્વાની ઈચ્છા કરતા. ૧૪. સંતો, વર્ણીઓ, પાર્ષદો, સવારો અને હરિભક્તો એ બધા શ્રીહરિની સાથે આવ્યા હતા તે સહુ તળાવમાં સાથે નાહ્યા. ૧૫. આ હમીર સરોવરમાં તો શ્રીહરિ આવીને વારેવારે નાહ્યા છે જેનો ગણવાથી પાર આવે તેમ નથી. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ ત્યાં નહાતા હતા. ૧૬.

સ્નાન કરીને શ્રીહરિ પાણીમાંથી બહાર આવ્યા. અંગ લૂછીને વસ્ત્ર પહેર્યાં. ચરણોમાં ચાખડીઓ પહેરી અને ઘનશ્યામ શ્રીહરિ ઉતારે આવ્યા. ૧૭. શ્રીહરિએ અને સંતોએ નિત્યવિધિ-પૂજા વગેરે કરી લીધું. પછી રંગનો બધો સામાન ભેળો કર્યો. રંગમંડપ અદ્‌ભુત બનાવ્યો હતો. તેમાં રંગના હોજ ભર્યા હતા. ૧૮. હરિભક્ત સ્ત્રીઓને માટે રંગમંડપ અલગ કરાવ્યો હતો. તેમાં રંગ ભરવાના બે હોજ બનાવ્યા હતા. શ્રીહરિએ ત્યાં જઈને તેમાં

સ્નાન કર્યું. ૧૯. સ્ત્રી ભક્તોનો તાજો ઉત્સાહ જોઈને બધો રંગ પ્રસાદીરૂપ કરી દીધો. શ્રીહરિએ કહ્યું જે વિધવા હોય, તેણે રંગે રમવું નહિ. ૨૦.

સધવા સ્ત્રીઓએ પણ પોતાનો બે જૂથના રૂપમાં વિભાગ કરવો. એક જૂથ રાધાને નામે અને બીજું જૂથ શ્રીકૃષ્ણને નામે રાખવું. સહુએ ભગવાનને સંભારીને રંગે રમવું. ૨૧. આજનો રંગોત્સવ ભગવાનનો કહેવાય. હરિભક્તોએ રંગે રમીને ભગવાનને રીઝવવા. જેને ભગવાનને રીઝવવાનું તાન ન હોય અને કેવળ મનોવિનોદ માટે જે રંગથી રમે છે, ૨૨. તેને અંતકાળે જમદૂત આવે છે. અને તેને ઘણો જ માર મારે છે. હરિભક્તોએ આવા ઉત્સવમાં અપશબ્દ બોલવા નહિ. પરંતુ કીર્તન ગાઈને ભગવાનને સંભારવા. ૨૩.

ચોપાઈ :

श्रीहरि कु संभारने हीता, वेर वेर उछव करे जन प्रीता;
उछव करने को फल हे एतो, हरि के चरित्र संभारना तेतो...२४

ભગવાનને સંભારવાને માટે તો ભક્તજને વારંવાર પ્રેમથી ઉત્સવ કરવાના હોય છે અને ઉત્સવ કરવાનું ફળ પણ એટલું છે કે, ભગવાનનાં ચરિત્રોને યાદ કરવા. ૨૪ બીજા લોકો તો વિવાહમાં અને હોળીને રમવામાં લોકલાજને છોડી દે છે. નિર્મર્યાદ થઈને ફાવે તેવું મુખથી બોલે છે અને તેમાં હેત જાણે-માને છે. ૨૫.

જે ભગવાનના ભક્ત નથી, તેની મનોભાવના જે દબાયેલી હોય છે તે આ હોળી જેવા પ્રસંગોએ દેખાઈ આવે છે. ૨૬. ભાંડ-ભવાઈમાં, વિવાહ અને હોળીના દિવસોમાં વિમુખ લોકો દારૂ પીવે છે અને ડાહ્યા કહેવાતા હોય, તોપણ પશુ જેવું વર્તન કરે છે. ૨૭. જે ભગવાનને શરણે ગયા ન હોય એવા વિમુખ, પછી તે નર હોય કે નારી, કોઈપણ વર્ણના હોય કે કોઈ આશ્રમના હોય, તે મનુષ્યની બુદ્ધિને કાળ હરી લે છે. ૨૮. જ્યાં ભાંડ અને ભવાઈ રમાતી હોય ત્યાં ભગવાનનાં ભક્ત બાઈ-ભાઈ કોઈપણ હોય, તેમણે પગ મૂકવો નથી. ૨૯. ઉપર કહેલા ભાંડ-ભવાઈ વગેરેમાં હરિભક્ત થઈને હાજરી આપે છે તેને ક્યારેય હરિભક્ત કહેવો જ નહિ. આ દુનિયામાં અપાર અને અનેક કેફ-નશા ભર્યા છે તેનો ગણતા પાર આવે તેમ નથી. ૩૦.

તે ભાંડ-ભવાઈ કે હોળી આદિની તે હીન રમતનો હરિભક્તે દૂરથી જ ત્યાગ કરવો. અને તે તો જ સાચો ભાગ્યશાળી હરિભક્ત કહેવાય. જેટલી અસાર વસ્તુઓ છે તે વિમુખ જીવને પ્રિય લાગે છે. ૩૧. જેનાં હૃદયમાં દોષ ભર્યા હોય છે તે લોકોને જ દૂષિત વસ્તુ ગમે છે. જે હરિભક્ત હોય તેણે તો તે બધી દૂષિત વસ્તુનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ. ૩૨. જે જે ક્રિયા નિંદિત હોય છે તે તે બધી ક્રિયાઓને હરિભક્તે તજી દેવી જોઈએ અને હરિભક્ત થઈને જો તેવી નિંદિત ક્રિયાને કરે તો તેને ક્યારેય હરિભક્ત જાણવો નહિ. ૩૩. કેટલાક લોકો તો ધન, નારી અને પુત્રને હરી લેવાને માટે કેટલાએ પાખંડ રચે છે. તે તીવ્ર ત્યાગ પાળીને ધન અને નારીની એટલી બધી નિંદા કરે છે કે, તેઓ વાત કરીને બીજાના મોહને ટાળી દે છે. ૩૪. જગતમાં જેટલી વસ્તુ અર્થની-ઉપયોગની એટલે કે ભોગની હોય છે તેમાં મનુષ્યને સ્વાભાવિક રીતે જ મોહ થતો દેખાય છે. ૩૫. જે મનુષ્યને જે બાબતમાં ભરપૂર મોહ રહેતો હોય તેનું આચરણ જ ડાહ્યા મનુષ્યના ઉરમાં તે જણાવી દે છે. ૩૬.

☀ મોક્ષ જ મહાન નિધિ છે :

જેમાં જે બાબતનો વધારે પડતો ત્યાગ લોકોને દેખાય ત્યારે તે દેખનારાને ત્યાગ કરનારા ઉપર હેત થાય અને પછી તે ત્યાગીને ધન, નારી અને પુત્ર સુધ્ધાં આપે છે. ૩૭. મોક્ષ એક પુરુષાર્થ છે તે બધા જ પુરુષાર્થોમાં વધારે શ્રેષ્ઠ છે. તેમાં જેને મોક્ષનો ખપ હોય તે જ મોક્ષરૂપ પુરુષાર્થને ચાહે છે. ૩૮.

मोक्ष अर्थरूप निधि जेहा, चिंतामनि से अधिक हे तेहा;
दुल्लभ में दुल्लभ हरि के धामा, इन करी सो पाव हि ठामा...३९
रिधि सिद्धि ओर कहत अपारा, मोक्षनिधि विन सबहि नकारा;
शुभ पुन्य को उदे होय जाकु, मोक्षनिधि प्राप्त होय ताकु...४०

મોક્ષ પુરુષાર્થ એક મોટો નિધિ(ખજાનો) છે તે ચિંતામણિ કરતાં પણ વધારે મહત્ત્વનો છે. દુર્લભમાં દુર્લભ તો ભગવાનનું ધામ છે. તે મોક્ષ થાય ત્યારે તે ધામમાં નિવાસ મળે છે. ૩૯. બીજી બધી રિદ્ધિ-સિદ્ધિઓ અપાર કહેવાય છે પણ તે મોક્ષ વિના બધું નકારું છે. જેના શુભ પુણ્ય-ભાગ્ય ઉદય

થયા હોય તેને જ મોક્ષરૂપી નિધિ પ્રાપ્ત થાય છે. ૪૦. **પાતાળથી લઈને પ્રકૃતિ-પુરુષના લોક સુધીના જેટલા સુખ કહેવાય છે તે બધાં મોક્ષરૂપ નિધિની તુલનામાં ફિક્કાં લાગે છે. ૪૧. કૂચામાં અને રસમાં જેટલો ફરક છે તેટલો ફરક બીજા સુખમાં અને મોક્ષમાં છે. મોક્ષ સિવાયના બીજા સુખને જે ચાહે છે, માનો તે નિર્ભય સુખનો માર્ગ જ ભૂલી ગયો છે. ૪૨.** સત્સંગના વિના સવેળા મોક્ષનો માર્ગ કોણ બતાવે ? ધર્મ કે અધર્મની બાબતમાં કાંઈ જ્ઞાન ન હોવા છતાં સહુ પોતપોતાના મતમાં મોક્ષ માની રહ્યા હોય છે. ૪૩. અત્યારે આપણાં સત્સંગ સિવાય મોટેભાગે બીજા મતોમાં કોઈ ઠેકાણે શુદ્ધ મોક્ષને લગભગ કોઈ પામતા નથી. શુદ્ધ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રીહરિમાં પ્રેમરૂપ શુદ્ધ ભક્તિ, ૪૪. તે બધા શુદ્ધ સત્સંગ વિના તો કેવળ કહેવા-બોલવા માત્રમાં જ રહ્યા છે અને પેટ ભરવાનાં-ગુજરાન ચલાવવાનાં સાધનમાત્ર જ છે. તે મિથ્યા મતોમાં તો એવી વાતો કહેતા હોય છે કે, ભગવાનની શરણાગતિ સ્વીકારી લીધી તે પછી લેશમાત્ર પણ કોઈનો ભય રહેતો નથી. ૪૫.

જે દેશમાં જે રાજાનું રાજ્ય હોય તે રાજાની મહોર-છાપ મળી ગઈ. પછી ભય શાનો રહે ? જે નાકેદાર લૂંટારા જેવા હોય છે તેપણ તે મહોર-છાપને જોઈને કોઈ રોકતા નથી. ૪૬. જો સાચા રાજાની મહોર-છાપ હોય તો તેના દેશમાં તે ચાલે, પણ ખોટાની મહોર-છાપ હોય તો તો વધારે દુઃખ પડે છે. ૪૭. જેમાં લેશમાત્ર ધર્મ ન હોય, ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન પણ ન હોય, જેમાં વૈરાગ્ય કે ભક્તિનો છાંટોએ ન હોય એવા જે ગુરુ હોય, તે તો ખોટા રાજા જેવા ગણાય. ૪૮. જે પુષ્કળ વ્યસન રાખે, જાતજાતનો નશો કરે, એવા ગુરુ તો ખોટા છે. તેને દૂરથી જ તજી દેવાય. ૪૯. જે કોઈપણ મતમાં ગુરુ નિયમ રહિત હોય તો જેને મોક્ષનો ખપ હોય, એવા મુમુક્ષુએ તે ગુરુનો ત્યાગ કરી દેવો જોઈએ. ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'શ્રીહરિએ ભક્તોને સત્ય તથા અસત્ય ગુરુની વાત કરી' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર દસમું : તરંગ - ૫૦

ભુજમાં શ્રીહરિએ સંતો-ભક્તોની સાથે રંગોત્સવ કર્યો

શ્રીહરિ ઉપર કહ્યા પ્રમાણેની હરિભક્તો આગળ વાતો કહીને રંગ મંડપમાં આવ્યા અને હિંડોળામાં બેઠા. ૧. રંગે રમવા તૈયાર થયા. કમર અને પાઘડી બરાબર કસીને બાંધ્યા. નટવરના સમાન વેશ કર્યો અને છેલ છબિલી શોભા કરી. ૨. ઘણા જ ઉમંગથી વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. એકસમાન તારથી શરણાઈ વાગતી હતી. તુરાઈ અને રણસીંગી પણ વાગી રહી હતી. ૩. ઉત્સાહ વધારનારા ભેરી અને ભૂંગળ વગેરે વાદ્યો પણ વાગવા લાગ્યા. તાસાં, નોબત, ઢોલ, ચોઘડિયા અને પડઘમ પણ વાગવા લાગ્યા. ૪. ભુજના ગંગારામ મલ્લ, સંઘજી અને વાલજી આદિ બીજા પણ મલ્લો, શહેરના અને કચ્છ દેશના બધા હરિભક્તો. ૫. એ બધાએ મલ્લના જેવો વેશ બનાવ્યો હતો. અંગ ઉપર વિચિત્ર પ્રકારના રંગ કર્યા હતા. સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. ભુજાઓ ઉપર હથેળીના તાલ ઠોકીને શ્રીહરિને પગે લાગ્યા. ૬.

જેટલા ગૃહસ્થ હરિભક્તો હતા તે બધાને શ્રીહરિએ પોતાની કોર રાખ્યા અને જેટલા સાંખ્યયોગી હરિભક્તો હતો તે બધાને સંતોની કોર રાખ્યા. ૭. બધા વર્ણીઓને અને પાર્ષદોને પણ સંતોની તરફ રાખ્યા. રંગનો ભરેલો એક હોજ શ્રીહરિએ પોતાના પક્ષમાં રાખ્યો. ૮. બીજો હોજ સંતોને આપ્યો. બંને હોજમાં રંગ બરાબર કરી લીધો. સરખે ભાગે રંગનાં ઠામ પણ કરી લીધા. તે સહુ સહુના ભાગમાં અલગ કરી દીધાં. ૯. ભુજના હરિભક્તો અપાર પિચકારીઓ કરી લાવ્યા હતા. તેને શ્રીહરિએ હરિભક્તોને અને સંતોને વિભાગ કરીને વહેંચી દીધી. ૧૦.

અબીર અને ગુલાલ પુષ્કળ પ્રમાણમાં પુરના હરિભક્તો તત્કાળ લાવ્યા હતા. નગરના બીજા પણ જે ભાવિક લોકો હતા તેઓ પણ અબીર અને ગુલાલ લાવ્યા હતા. ૧૧. તે ગુલાલ અને અબીર શ્રીહરિનાં ચરણકમળ આગળ મૂકયા. રાજી થઈને શ્રીહરિએ તેમને બોલાવ્યા અને તેમનાં નામ પૂછ્યાં. સારું કર્યું યોગ્ય સમયે ગુલાલ લાવ્યા છો. એમ કહીને તે ગ્રહણ કર્યુ.૧૨.

યોગ્ય સમયે જે જે વસ્તુને કોઈ લાવતા હોય ત્યારે પ્રભુ શ્રીસહજાનંદસ્વામી તેના ઉપર ઘણું પ્રસન્ન થતા હતા. ૧૩. સંતોને અને હરિભક્તોને શ્રીહરિએ પ્રેમભાવથી કહ્યું, આપણે પહેલાં રંગ ઉડાડીને રમીએ અને પછીથી ગુલાલ ઉડાડીને રમશું. ૧૪.

સંતો કે હરિભક્તોએ હોળીનો દિવસ જોઈને કોઈએ મસ્તી કરવી નહિ અને જે મસ્તી કરે તે અમારો હરિભક્ત નથી. ૧૫. હોળીની રમતમાં લોકો કોઈની લાજ-મર્યાદા રાખતા નથી અને કુબુદ્ધિ થઈ જાય છે એટલે તે હરિભક્ત હોવા છતાં ત્યારે વિમુખ દેખાય છે. ૧૬. હોળીનો દિવસ એટલે તોફાનીનો દિવસ. તે જ દિવસે બધા તોફાનીઓ નજરે ચડે છે. માણસનું અંદરનું વર્તન જેવું હોય તે હોળીને દિવસ દેખાઈ આવે છે. ૧૭. હોળી પાકા હરિભક્તની કિંમત આંકી દે છે. તેવા સમય વિના તો સૌ બરાબર જ દેખાતા હોય છે. હરિભક્તો તો હરિનાં રંગના ભીના થઈ જાય છે અને નિરંતર તાજાને તાજા આનંદમાં ગરકાવ રહે છે. ૧૮. જે હરિભક્તો છે તેઓ તો ભગવાનનાં ચરિત્ર સિવાયના બધા જ શબ્દોને તજી દે છે. વર્તન ઉપરથી અંતરનો ભાવ દેખાઈ આવે છે. તે છુપાવ્યો છુપાતો નથી. ૧૯. સદ્‌બુદ્ધિવાળા સંતો અને હરિભક્તો તો તરત જ પરીક્ષા કરી લે છે. હરિભક્તો હરિભક્તની રીતને ન છોડે, તે જ શોભાસ્પદ કહેવાય છે. ૨૦.

આટલી વાત કહીને બહુનામી શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ રંગે રમવા આવ્યા. કેસરિયા રંગની પિચકારી ભરીને પ્યારાએ હરખભેર સંતોના ઉપર રંગ નાખ્યો. ૨૧. મતવાલા સંતો “હોરી હે !!!! હોરી હે !!!!” એવું ઉચ્ચારીને રંગભરેલી પિચકારીઓ શ્રીહરિ અને હરિભક્તોના ઉપર એકસાથે છોડતા હતા અને સંતોના નાથ શ્રીહરિ પણ “હોરી હે !!! હોરી હે !!!” એવું બોલીને સંતોના ઉપર પિચકારીથી રંગ નાખતા હતા. ૨૨. સામ સામે પિચકારીઓથી રંગની ઝડી મચાવી દીધી. સહુનાં વસ્ત્ર રંગથી ભીંજાઈ ગયાં. માનો, વસંત મૂર્તિમાન થઈને આવ્યો હોય ! તેવું લાગતું હતું. તે સમયની શ્રીહરિની શોભાને દેખીને ભક્તોનાં મનમાં ધીરજ રહેતી ન હતી. ૨૩. સંવત્સરી વસંતનો જે ગણ હતો તેપણ પોતાનો બધો સાજ લઈને વસંતની

સાથે આવ્યો. અને શ્રીહરિની સાથે રંગે ખેલવા લાગ્યો. તે વસંતની શોભાનો કોઈ પાર રહ્યો નહિ. ૨૪.

બધા સંતોએ તથા હરિભક્તોએ શ્રીહરિને રીઝવવાને માટે મહાન રંગખેલ મચાવી દીધો. તે દેખીને દેવતાઓ પણ પોતાનાં મનમાં ચકિત થઈ ગયા. ૨૫. શ્રીહરિની સાથે રંગખેલ કરવાનો જેને જેવો ભાવ હતો, તે બધા તેવી રીતે રંગે રમવા લાગ્યા. આજ સહુને અલૌકિક રંગખેલનો લ્હાવો મળ્યો હતો. ૨૬. નગરવાસી લોકો શહેરમાં જે રંગ ખેલતા હતા, તેઓ શ્રીહરિના રંગખેલને સાંભળીને શહેર બહાર નીકળી આવ્યા. ૨૭. શ્રીહરિની રંગલીલાને દેખીને તે લોકોને પોતાનાં શરીરનું ભાન ન રહ્યું. બધા આનંદના રંગમાં રંગાઈ ગયા અને બોલ્યા કે આવી રંગક્રીડા ક્યારેય અમે દેખી નથી. ૨૮.

✲ દેવતાઓ કરતાં પણ ભક્તોની મહત્તા અધિક છે :

બધી હરિભક્ત બાઈઓ જે હતી તેઓ બાઈઓમાં જ રંગે રમતી હતી. તેમણે 'રાધા' અને 'રમા' એવા નામથી બે જૂથ કર્યાં હતાં. તેઓ રંગથી એ રીતે રમતી હતી કે સહુનાં દિલમાં આનંદ થાતો હતો. ૨૯. સહુ સ્ત્રીઓએ લાજ-મર્યાદામાં રહીને વસ્ત્ર આભૂષણ પહેર્યાં હતાં અને મુખથી શ્રીહરિનાં ચરિત્રોને ગાતી હતી. તે વિના મુખથી બીજો એકપણ શબ્દ બોલતી ન હતી. બધી જ સત્સંગી બાઈઓ એવી શાણી હતી. ૩૦. **તેત્રીશ કોટિ દેવોની પત્નીઓ બધી ત્યાં આવી. હરિભક્તોના રંગમાં તે બધી આળોટી અને બોલી કે તમે બધાએ મનુષ્યદેહને પામીને શ્રીહરિને રાજી કર્યા છે. તમને સર્વોત્તમ આ લાભ મળ્યો છે. ૩૧. અમે તમારી પાસે પ્રેમથી માગીએ છીએ. અમને પણ તમારા જેવો દિવ્ય લાભ પ્રાપ્ત થાય. સર્વોપરિ ભગવાન શ્રીહરિ આજે તમારા સહુના ઉપર રીઝ્યા છે તે અમારા ઉપર પણ રીઝે. ૩૨. તમારા પ્રતાપે કરીને જ અત્યારે અમને શ્રીહરિનાં દર્શન થયાં છે. આપ જ સૌ બોલો, અમે આપને શું આપીએ ? અમે તો આપનાં ચરણોમાં અમારું મસ્તક ધરી દઈએ છીએ. ૩૩. વ્યક્તિને મસ્તકથી અધિક કોઈ વસ્તુ પ્રિય હોતી નથી. એમ સમજીને અમે અમારું મસ્તક નમાવીએ**

છીએ. શ્રીહરિ અને સંતો જે રંગક્રીડા કરે છે તે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે કરે છે. ૩૪.

જે કોઈ પણ મનુષ્ય શ્રીહરિનાં આ રંગક્રીડાનાં ચરિત્રોને સ્નેહથી યાદ કરશે તો તેને આ ભવાટવીમાં ભટકવાનું નહિ રહે અને જમદૂત તો ક્યારેય તેની નજરે જ નહિ ચઢે. ૩૫. આવું સમજીને જ રસિલા ધર્મપુત્ર ઘનશ્યામ શ્રીહરિ રંગલીલા કરે છે. મૂર્તિમાન બારે મેઘ જેમ ખાંગા થયા હોય તેમ શ્રીહરિએ રંગની ઝડી ભારે મચાવી દીધી. ૩૬. જમીન ઉપર રંગથી તો કીચડ થઈ ગયો. હોજ અને બીજાં બધાં રંગથી ભરેલાં ઠામ-વાસણ જ્યારે ખાલી થઈ ગયા. ત્યારે શ્રીહરિએ અને સહુએ ગુલાલ ઉઠાવ્યો. ૩૭.

જ્યારે ગુલાલ ઉડાડવા માંડ્યા ત્યારે બ્રહ્માના લોક સુધીનું બધું આકાશ ગુલાલથી ભરાઈ ગયું. ૩૮. ભૂમિ ઉપરના વૃક્ષ, પર્વત, પશુ, પંખી અને મનુષ્ય વગેરે તથા સરોવર અને નદીઓ પણ ગુલાલથી રંગાઈ ગયા હતા. ૩૯. પોતાના અંગો ઉપર ગુલાલ પડવાથી બધી ભૂમિ પણ આનંદથી ગુલતાન થઈ ગઈ. આ રીતે શ્રીહરિએ રંગક્રીડાનો ઉત્સવ કર્યો અને દેવો તથા મનુષ્યોએ ‘જય જય’ ‘જય જય’ એમ બોલીને જયઘોષ કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં ‘સંતો-ભક્તોની સાથે શ્રીહરિએ ભૂજમાં રંગોત્સવ કર્યો’ એ નામે પચાસમો તરંગ સમાપ્ત ||૫૦||



પૂર દસમું : તરંગ - ૫૧

સ્નાન કરીને શ્રીહરિ વસ્ત્રાલંકાર ધારીને તૈયાર થયા

શ્રીહરિ જ્યારે રંગક્રીડા કરી રહ્યા ત્યારે તેનાં દર્શન કરીને દેવો ખૂબ જ ખુશી થયા હતા. તેઓ દુંદુભિ નામના વાજિંત્ર વગાડીને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૧. તેઓ કેસરયુક્ત ચંદનની વૃષ્ટિ કરીને ‘જય જયકાર’ કરવા લાગ્યા અને આવીને શ્રીહરિનાં ચરણકમળોમાં વારંવાર નમસ્કાર કરવા લાગ્યા. ૨. શ્રીહરિએ જ્યાં રંગખેલ કર્યો ત્યાં ઘણો જ રંગનો કીચડ થયો

હતો, બધા દેવો તે કીચડને વિમાનમાં ભરીને લઈ ગયા. ૩. પછી શ્રીહરિ સંતોને સાથે લઈને નાહવા માટે સરોવરે આવ્યા. સંતો રસ્તામાં ઝાંઝ તથા મૃદંગ વગાડીને વસંતના પદ ગાતાં હતાં. ૪. રંગથી રસબસ ભર્યા શ્રીહરિ સરોવરમાં નાહ્યા. સહુ સંતો અને હરિભક્તો સાથે હતા. શ્રીહરિએ ત્યાં ધ્યાન કરનારાને માટે ઘણી સુખકારી આવી ભારે જળક્રીડા કરી. ૫.

ચોમાસામાં જેવી હેલી જામી હોય તે રીતે સરોવરમાં એકબીજાના ઉપર પાણી છંટાવ્યું અને જેણે એ સરોવર કરાવ્યું હતું તેને મોક્ષપદ આપ્યું. ૬. કચ્છ દેશના બધા હરિભક્તો ખૂબ જ પ્રેમભાવવાળા હતા. એટલે જેને શ્રીહરિનાં ઉપર વધારે ભાવ હતો તેના ગામ શ્રીહરિ વારંવાર જાતા હતા. ૭. ત્યાં હરિભક્તોને મનમાં જેમ સંતોષ થાય તે રીતે તેમને શ્રીહરિ સુખ આપતા હતા. કોઈ આદરભાવ ન દેખાડે તો ત્યાંથી ઉદાસ થઈને તરત નીકળી જાતા હતા. ૮. જે સ્થળે નર કે નારી આદરભાવ વગરના હોય તેઓ તો જીવ વિનાનાં શરીરની ઉપમાને પામે છે. ૯. શરીરમાં જ્યાં સુધી જીવ રહ્યો હોય છે ત્યાં સુધી મનુષ્યને તેમાં પ્રેમ રહે છે. શરીરમાંથી જીવ નીકળી જાય એટલે તેમાં લેશમાત્ર પણ પ્રેમ રહેતો નથી. તેમ આદર આપો ત્યાં સુધી પ્રીત રહે છે. આદર હૃદયમાંથી જાય એટલે પ્રીત ટળી જાય છે. અને જેમ ફળ ન આવે એવા આંબાને તો કાપીને લોકો બળતણ કરે છે તેમ આદરવિહિન મનુષ્યને માણસ સાચવતા નથી, તજી દે છે. ૧૦. ફળ આવે એવા જે જે વૃક્ષ કે વેલાના નામ કહેવાય છે, તેમાં જેમાં જેવાં સારાં ફળ આવે છે તેવો તેના ઉપર લોકોને પ્રેમ રહે છે. એ જ રીતે જેના જીવનમાં આદર, વિવેક, પ્રેમરૂપ સારા ગુણોરૂપી ફળ હોય તેના ઉપર સહુ લોકો પ્રેમ કરે છે. ૧૧.

❋ ચરિત્ર શ્રવણથી મોક્ષ :

મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે એટલે શ્રીહરિ પણ તે રીતે જ વર્તે છે. ભગવાન મનુષ્યદેહ ધારે છે ત્યારે મનુષ્યની રીતે પ્રેમથી તેવાં ચરિત્રોને કરે છે. ૧૨. દેવોમાં દેવોની રીતે, પશુઓમાં પશુઓની રીતે અને દિવ્યધામમાં દિવ્ય રીતે શ્રીહરિ પ્રેમથી ચરિત્રોને કરે છે. ૧૩. દેવ, મનુષ્ય કે પશુ એમાં

શ્રીહરિ જ્યાં હોય ત્યાં જે ચરિત્રો કરે છે તે દિવ્ય જ હોય છે. જે જન તેને પ્રેમથી સંભારે તેનો સર્વેનો તે ચરિત્રો મોક્ષ કરનારા છે. ૧૪.

જે જે સારી વસ્તુ હોય તેને નજરે દેખ્યા વિના કે કાને સાંભળ્યા વિના તેમાં હેત થાતું નથી. માટે તે તે વસ્તુને દેખવી અને સાંભળવી તે યોગ્ય છે. ૧૫. કેટલીક વસ્તુ ઝેર જેવી છે અને કેટલીક અમૃત જેવી. જેને મોક્ષનો ખપ હોય તેણે ઝેરની દિશામાં ચાલવું નહિ. ૧૬. જે કરવાથી અપાર કીર્તિ વધે, જે શુભ હોય, જેમાં લગારેય દોષ ન હોય, આવી જે વસ્તુઓ હોય તેની બાબતમાં વિચાર કરવો. ૧૭. આવી સારી વસ્તુનો રાત-દિવસ સંઘરો કરવો. તો તેની પ્રસિદ્ધિ અતિશય થાય છે. જે વસ્તુ દોષ વગરની નિર્દોષ હોય તેને અમૃતરૂપ જાણવી. ૧૮. જેટલા શબ્દ દોષવાળા હોય તે કદાચ સંભળાયા હોય, તોપણ તેને ન સાંભળ્યા બરાબર કરી દેવા. જે રૂપ અતિશય દોષભર્યું હોય તે તરફ ક્યારેય આંખોને ચોંટાડવી નહિ. ૧૯. જે ગંધ દોષપૂર્ણ હોય તેને નાકથી ક્યારેય સૂંઘવો નહિ. જે કોઈ પણ રસ જેટલો દોષમય હોય તેને ક્યારેય મુખમાં મૂકવો નહિ. ૨૦.

જે સ્પર્શ દોષોથી ભર્યો છે તે તો નાક અને કાન એ બંને કપાવે છે. જો તે દૂરથી જ છોડી દે, તો તેને ક્યારેય અપયશ લાગે નહિ. ૨૧. આમ, પાંચવિષયના જે પાંચ જ્ઞાનેન્દ્રિયોરૂપ દ્વાર છે તે જાણવા જોઈએ. વગર જાણે તો તે ખુવાર કરી દે છે. જો દ્વારમાં શત્રુ પ્રવેશ કરી જાય છે તો નગરજનોને દુઃખી કરી નાખે છે. ૨૨. શરીરરૂપી નગરમાં જીવ રાજાને ઠેકાણે છે, અંતઃકરણરૂપ જીવના પ્રધાનો છે. દસ ઈંદ્રિયો અને તેના દેવતા પ્રજાને ઠેકાણે છે. તે અંદર પ્રવેશી ગયેલા શત્રુઓ તે બધાનું ખરાબ કરી નાંખે છે. ૨૩. તે રાજા શુભ અને અશુભ સંકલ્પરૂપી અપાર પ્રવૃત્તિને રાત-દિવસ કરતો રહે છે. તેને જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં નિવૃત્તિ મળતી જ નથી. તે સતત શુભ અને અશુભ મનોરથોને કરતો જ રહે છે. ૨૪. **પણ તે જીવરાજાનું મન મોક્ષ માટેનો લેશમાત્ર સંકલ્પ કરતું નથી. રાત-દિવસ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારનાં તાપમાં દુઃખ પામ્યા કરે છે. ૨૫.** આધ્યાત્મિક આદિ ત્રણ તાપ, પુણ્ય, પાપ

અને તે બંનેથી સંયુક્ત એવાં ત્રણ કર્મ, સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ, એ બધાનું જ્ઞાન સત્સંગથી થાય છે અને તેના ગુણ-દોષ પણ સત્સંગથી જ ઓળખાય છે. (માટે જીવરાજાએ સત્સંગ કરવો જોઈએ.) ૨૬.

કેમ જે, જેને મોક્ષનો ખપ હોય છે તેને, જેમાં જે ગુણ હોય છે અને જે દોષ હોય છે, તે બધું સત્સંગથી દેખાય છે. ૨૭. મુક્તાનંદસ્વામીએ આવી રીતની દરબાર દાદા ખાચરને ઘણી વાતો કરી છે. તે હું અહીં બધી કહી શકું તેમ નથી. કારણ કે, મારે જે શ્રીહરિનાં ચરિત્ર કહેવા છે તે બાકી રહી જાય છે. ૨૮. બીજી એક વાત એ છે કે બધા હરિભક્તોની રુચિ એકસરખી હોતી નથી. તે ભિન્ન ભિન્ન અને અનેક પ્રકારની દેખાય છે. રુચિને અનુકૂળ વાત કહેવામાં આવે તો તે વાત સહુનાં મનને ભાવે છે. ૨૯. **તેટલા માટે તો હું જે ચરિત્ર કહું છું. તેમાં મળતી જે વાત આવે છે તે વચ્ચે કહેતો જાઉં છું. જે વાત સત્સંગની પુષ્ટિ કરે તેવી હોય છે તેને પણ કહું છું. ૩૦.**

હરિચરિત્રનું મૂળ પણ સત્સંગની પુષ્ટિ જ છે. મૂળ વિનાનું વૃક્ષ શોભતું નથી. ઈમારતને પાયો ન લીધો હોય, ગમે તેવી તેને વિશાળ બાંધવામાં આવે, ચિત્ર-વિચિત્ર અને સોનેરી બનાવવામાં આવે. ૩૧. પણ તેને વરસાદની ઝડી જ્યાં સુધી લાગે નહિ, ઝંઝાવાત જ્યાં સુધી લાગે નહિ, ત્યાં સુધી તે ઈમારત ઘણી શોભે છે, પણ વિષમ કાળ આવે તો તે થોડીવાર પણ ટકી શકે નહિ. ૩૨. જે જે કાર્ય સાધવું હોય તેમાં અનેક સાધનની જરૂર પડે. સાધન વિના તે થાય નહિ. તેમ ઉપકરણરૂપ વાત પણ અનંત પ્રકારની છે. ૩૩.

જીવ વિનાનો દેહ ક્યારેય શોભતો નથી અને દેહ વિનાનો જીવ દેખાતો નથી. તેઓ બંને પરસ્પર સંયુક્ત રહે તો તેમાં બંનેની અપાર શોભા રહેલી છે. ૩૪. તેમાં જીવને ઠેકાણે શ્રીહરિ છે. શ્રીહરિને લીધે જ હરિભક્તોનો અપાર મહિમા છે અને હરિભક્તોના વિના પણ શ્રીહરિનું સામર્થ્ય તો અપાર જ રહે છે. ચિંતામણિ કદાચ જમીનમાં દટાઈ જાય તો તેની કિંમત કાંઈ ઘટતી નથી. ૩૫. શ્રીહરિનાં લખ્યા વિનાના ચરિત્ર બ્રહ્માંડમાં સમાઈ નહીં એટલા છે. દટાયેલો ચિંતામણિ જેમ અદૃશ્ય રહે છે તેમ લખ્યા વિનાનાં ચરિત્ર પણ તેવાં જ સમજવાં. ૩૬. જેવી રીતે મારા હૃદયમાં યાદ આવી તેવી રીતે ચાલુ

પ્રસંગની વચ્ચે મેં આટલી વાત કહી દીધી. હવે પ્રેમથી ચાલું પ્રસંગની વાત કહું છું. શ્રીહરિ સ્નાન કરીને પાણી બહાર નીકળ્યા. ૩૭. રૂમાલથી શરીર કોરું કરીને બધા જરિયાની વસ્ત્ર પહેર્યાં. મસ્તક ઉપર મોતીના તોરા ધારણ કર્યાં અને છાતી ઉપર હાર પણ મોતીનાં પહેર્યાં. ૩૮. મોતીનાં બાજુબંધ અને કાંડામાં મોતીનાં કડાં પહેર્યાં. અત્તરનો અપાર સુગંધ આખી મૂર્તિ ઉપર વ્યાપી ગયો હતો. ૩૯. શ્રીહરિએ મોતીની જડાવ છડી હાથમાં લીધી હતી. મોતી ભરેલી ચાખડીઓ પણ ચરણોમાં પહેરી લીધી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'સરોવરમાં સ્નાન કરીને શ્રીહરિ જરીમય વસ્ત્ર અને અલંકાર પહેરીને તૈયાર થયા' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર દસમું : તરંગ - ૫૨

હરિભક્તો ફગવા લાવ્યા અને મોહનાં સ્વરૂપનું કથન

શ્રીહરિ ગજગતિથી ચાલ્યા. ઉતારે આવ્યા. અનેક પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. બધે આનંદ વ્યાપી ગયો હતો. ૧. જે સંતો અને હરિભક્તો હતા તેઓ મનમાં ઘણા જ ખુશ થઈને અત્યંત પ્રેમથી શ્રીહરિનો યશ ગાતા હતા. તેનું વર્ણન કરી શકાતું નથી. ૨. રંગમંડપ રમણીય હતો અને તેની વચ્ચે ફૂલનો હિંડોળો બાંધ્યો હતો. ફૂલથી શણગારેલો મંડપ રૂપાળો લાગતો હતો. તેમાં આવીને શ્રીહરિ હિંડોળામાં બેઠા. ૩. સંતો પણ બધા આવીને બેઠા. ઝાંઝ અને મૃદંગ વાગતા હતા. હરિભક્તો પણ આવીને બેઠા. ઘણી વિશાળ સભા થઈ. તેનો પાર રહ્યો નહિ. ૪.

ઉદાર મનનાં પ્રેમવાળા જે હરિભક્તો હતા તેઓ આવો અલૌકિક સમય જાણીને થાળ ભરી ભરીને ફગવા લાવ્યા. ત્યારે શ્રીહરિએ તેને તરત જ લઈ લીધા. ૫. હરિભક્તો જે ફગવા લાવતા હતા તેને શ્રીહરિ એક કપડામાં ભેળાં કરાવતાં હતાં. હરિભક્તો ખજૂર, ખારેક અને શ્રીફળ બહુ લાવ્યા. કેટલાકે તો સાકરના હારડા કરાવ્યા હતા. ૬. તે સાકરના હારડા લાવીને શ્રીહરિને

પહેરાવતા. તે હારડા બશેર બશેર વજનનાં હતા. હરિભક્તોને પ્રેમ વધે એટલા માટે શ્રીહરિ તે સાકરના હારને છાતી ઉપર ધારણ કરતા હતા. ૭. શ્રીહરિ સવારથી અરધી રાત સુધી કે પોઢી રહે ત્યાં સુધી જે જે ક્રિયાઓ કરતા. તે બધી જ ક્રિયાઓ રોજબરોજ હરિભક્તોને પ્રીતિ વધારવા માટે કરતા હતા. ૮.

चोपाई :

जेते प्रकार करीके जोउ, चित्त में चोटे मूर्ति सोउ;
मूर्ति विन चित्त में लगे ओर पासा, ताके करने सिद्धांत हि नाशा...०९

हरि के सिद्धांत न जाने जेहू, चरित्र देखी मोह होवत तेहू;
मोह होवे ज्यां लग चित्तमांहिं, सत्संग करने में कसर हे ताहि...१०

જે કોઈ પણ રીતે ભક્તોના ચિત્તમાં મૂર્તિ ચોંટે-સ્થિર થાય, ચિત્તમાં મૂર્તિ સિવાય બીજો કોઈ પાશ લાગે તેનો નાશ કરવો એ જ શ્રીહરિનો સિદ્ધાંત છે. અને એને માટે જ સર્વ લીલા-ક્રિયા કરતા હતા. ૯. શ્રીહરિના આવા ચોક્કસ સિદ્ધાંત (આશય)ને જે જાણતા ન હતા, તેઓને શ્રીહરિના ચરિત્રોને દેખીને મોહ પેદા થાતો. જ્યાં સુધી ચિત્તમાં આવો મોહ રહે, ત્યાં સુધી જાણવું કે સત્સંગ કરવામાં કાંઈક કસર રહી ગઈ છે. ૧૦. લોકોનો મોહ ટાળવા માટે તો વ્યાસમુનિએ અઢાર પુરાણોની રચના કરી છતાં અમુક લોકોમાં મોહ ભરપૂર રહ્યો છે. એક તલભાર પણ તે હજી સુધી દૂર થયો નથી. ૧૧. કરવાની અનેક વાતો વેદોનો વિભાગ કરીને વ્યાસ ભગવાને વિવિધ પ્રકારે દેખાડી. છતાં મોહનું આવરણ ગયું નહિ. ત્યારે વ્યાસ અતિશય મુંઝાઈ રહ્યા. પછી (વિચાર કરીને) ચાર પ્રકારના પ્રલયની વાત કહી તથા જમપુરીનાં અતિ વિકટ દુઃખ દેખાડ્યાં. ૧૨. ઠેકઠેકાણે લખચોરાશીના અપાર દુઃખ દેખાડ્યા. (છતાં અમુક જીવોનો મોહ દૂર થયો નહીં.) ત્યારે એવા મોહને તોડવા માટે હાલ શ્રીહરિએ તૈયાર કરેલા નિર્મોહી સંતો બ્રહ્માંડમાં ફરે છે. ૧૩.

જીવ સ્થાવર અને જંગમ અનેક યોનિઓમાં રખડે છે. અનેક શરીરને ધારે છે અને છોડે છે અને તેમાં કેટલાએ દુઃખોને ભોગવે છે. ૧૪. છતાં જીવને અલ્પ એવા વિષયનાં સુખનો મોહ ટળતો નથી. શ્રીહરિ ઘણા જ પ્રેમથી

આવી રોજ વાતો કહેતા હતા. ૧૫. જીવને જ્યાં સુધી તીવ્ર ઊંધા ફેર ચડી ગયા છે અને ઘેર ઘેર ઊંધમતિયા ગુરુ મળી ગયા હોય છે. એટલે તે પણ તેને ઊંધા ફેર જ ચઢાવતા રહે છે. ૧૬. વળી જીવને અધોગતિના નીચા ઢાળ તરફ જવાની સહજ અવ્યક્ત ગતિ હોય છે, તેથી અનાદિકાળથી તેને અધિક અધિક મોહ વધતો જ રહ્યો છે. (માટે એવા મોહને તોડવા શ્રીહરિ નિત નિત વાતો કરતા. ને સંતો પાસે વિચરણ કરાવી વાતો કરાવતા.) ૧૭.

✵ સંત-અસંતની રીત :

सत्संग जोग विन मोह न जावे, सत्संग तिहाँ हरिकथा रहावे;
हरिकी कथा हे मोह की घाता, दिन दिन जेहि श्रवन कराता...१८

मोह न उर एसे संत जेहा, हरि विन वदे न अधिक हि तेहा;
अनंत हि बात करे संत तामें, हरि कु अधिक देखावे यामें...१९

કેમ જે, સાચા સાધુના યોગ વિના જીવને મોહ ટળતો નથી અને જ્યાં સત્સંગ હોય છે ત્યાં ભગવાનની કથા પણ રહેતી હોય છે અને જો મુમુક્ષુ રોજબરોજ કથા સાંભળતો હોય તો તે ભગવાનની કથા મોહનો નાશ કરે છે. ૧૮. નિર્મોહી સંતો તો ભગવાન વિના બીજા કોઈને અધિક કહે નહિ. તે સંતો અનંત પ્રકારની વાતો કહે છે પણ તેમાં છેવટે તો તેઓ ભગવાનને જ અધિક સર્વોપરિ કહે છે, દેખાડે છે. ૧૯.

જેનાં મતે ભગવાન સિવાય કાંઈ બીજું અધિક-મહત્ત્વશાળી હોય, તો સમજવું કે તેમાં તેટલો મોહ ભર્યો છે. ભગવાને જે કાંઈ ચરિત્ર, આચરણ કર્યા હોય તે વારંવાર સંભારવા. અને જે કોઈને ભગવાનનો સંબંધ થયો હોય તેમાં કેટલાક યોગ્ય હોય (સાચા સંતો-ભક્તો), અને કેટલાક અયોગ્ય હોય (રઘુનાથ, રોળાનંદ વગેરે) માટે તે જાણી રાખવું. જ્યાં સુધી દિવ્યગતિ ન પામ્યા હોય અને મનુષ્ય શરીર ધારી રહ્યા હોય ત્યાં સુધી, ૨૦-૨૧. સંતોએ સંતોના ધર્મ પ્રમાણે રહેવું અને ગૃહસ્થના ધર્મ પ્રમાણે ગૃહસ્થોએ રહેવું. બાઈઓના ધર્મમાં બાઈઓએ રહેવું. આવું જો દૃઢપણે કરવામાં આવે તો કોઈ પણ પ્રકારનું વિઘ્ન આવે નહિ. પણ માહાત્મ્ય, ભક્તિ કે જ્ઞાનની ઓથે ધર્મ મૂકી દે તો વિઘ્ન આવે ખરું. ૨૨.

કોઈ સદાચારમય ધર્મ વિનાની ભક્તિ કરતો હોય તો ભક્તિને મોહથી મિશ્રિત જાણવી. ધર્મ રહિત જ્ઞાન અને વૈરાગ્ય ઘણા હોય. તેને અપારરૂપમાં કહી પણ દેખાડતો હોય તોપણ તે જ્ઞાન અને વૈરાગ્યને એક પ્રકારનો મોહ જ કહેવાય છે. અજ્ઞાની મનુષ્ય તો પતંગિયા જેવો છે, તે મોહરૂપ અગ્નિને જોઈને વિશાળ બુદ્ધિ હોય તોપણ તે અગ્નિમાં તત્કાળ પડે છે. ૨૩-૨૪. જેને સત્સંગ ન હોય કે ધર્મનું આચરણ ન હોય, તે જો અનેક તીર્થોને કરે કે અનેક વ્રતોને કરે, તે બધો વધારાનો મોહ જ છે. ૨૫.

મોહનું નામ સંસાર છે અને સંસારનું નામ છે સ્ત્રી, પણ તે બધાનું બીજ ધન છે. સાચા સંતોએ તે સંસાર, સ્ત્રી અને ધનને હરામ કર્યું છે. (માટે રઘુનાથદાસ કે રોળાનંદ જેવા ભલે ભગવાનને મળેલા હોય તોપણ ધર્મહિણા જાણી તજવા યોગ્ય છે.) ૨૬. સાચા સંત ધન રાખતા નથી અને બીજા પાસે રખાવતા નથી. તેમજ ધનને માટે કાંઈ ઉદ્યમ પણ કરતા નથી. અને પોતાને માટે તે ધનની વાત પણ ક્યારેય કરતા નથી. ૨૭. સોના, ચાંદીના તારવાળા જરિયાની વસ્ત્રને ક્યારેય સંત પહેરતા નથી. સોના, ચાંદીના ઘરેણાને (ભગવાનના સંબંધ વિના) અડતા પણ નથી. શસ્ત્ર, વાહન અને પશુ પોતાના કરીને રાખતા નથી. ૨૮. પોતાને માટે પોતે જગ્યા સુંદર પ્રકારે ક્યારેય કરાવતા નથી. જેણે મોહ તજી દીધો છે એવા સંતો પોતાને માટે ખેતી-વાડી કે બાગ-બગીચા કરાવતા નથી. ૨૯. અનેક લોકોનું કલ્યાણ થાય-સારું થાય એવું વર્તન રાખવાનું સાચા સંતો તાન રાખે છે અને પોતાનું માન વધારવાને ખાતર ક્યારેય તેવું વચન પણ ઉચ્ચારતા નથી. ૩૦. પોતાના માન-મોટપને પોતાનો જ ભયંકર શત્રુ માનીને સંતો પોતે નિર્દયપણે તેને ખોદી કાઢે છે અને પોતે શરીરથી આત્માને જુદો જાણીને જ વર્તન કરે છે. ૩૧.

ઉપર કહ્યા પ્રમાણે સાચા સંતની રીતે જે ન વર્તતા હોય તેવા ખોટા સંતો તો ક્યારેય પોતાના શરીરની નિંદા ન કરે, તેને નિંદે-ખોદે નહિ, પોતે પોતાનું ઘણું માહાત્મ્ય જણાવે અને પોતામાં જે જે દોષ રહ્યા હોય તેને બીજા આગળ ગુણનાં રૂપમાં ઓળખાવે. ૩૨. બીજા સંતમાં શ્રીહરિનાં સાંનિધ્યમાં ઘણું રહેવારૂપ અપાર ગુણ હોય, શ્રીહરિની સાથે રહીને રાત-દિવસ અનેક

પ્રકારની સતત સાંનિધ્યની સેવા કરી હોય, તે બધાના અવગુણ ગાય. ૩૩. પોતે ઘણા વરસ સુધી અન્ન ખાય નહિ, અનેક યુગ સુધી અષ્ટાંગ યોગને સાધે, તપે કરીને શરીરને રાફડો કરી નાખે, શરીરમાં એકમાત્ર હાડકાં જ રહે એવું કરી નાંખે, ૩૪. છતાં તેને પ્રકટ શ્રીહરિની સેવા મળતી નથી. શ્રીહરિનું સાંનિધ્ય એવું અતિશય દુર્લભ કહેવાય છે. સાંનિધ્ય સેવાના ગુણ તો એવા અપાર છે, કોટી જન્મો સુધી કહીએ તોપણ તેનો પાર આવતો નથી. ૩૫. પણ જે દંભી સંત છે તે દંભને માટે જ અનંત ગુણ અને ધર્મ રાખે છે. સાચા સંતોને પાછા પાડવા માટે રોજ અગણિત આગ્રહભર્યા ઉપાય કરે છે. ૩૬.

સાચા સંતોમાં જે અનંત અને અપાર ગુણ રહ્યા હોય તેને ઢાંકી દઈને તેમના કાંઈ દોષ દેખીને તેને ખુલ્લા જાહેર કરે છે. ૩૭. જેટલા દંભી સંતો છે તે શ્રીહરિની વાતનો પ્રસંગ લઈને શ્રીહરિની જે રાત-દિવસ સેવા કરતા હોય છે તેવા સાચા સંતોનું યુક્તિએ કરીને ઘાત કરતા હોય છે, અર્થાત્ તેમની નિંદા કરતા હોય છે. ૩૮. જે શ્રીહરિની સેવા કર્યા પછી પણ દંભીના દાસ થઈ જાય તો દંભી સંતો તેને ખૂબ માને-વખાણે અને તે દંભી સંત પોતાની સેવા કરનારાને હરિભક્તોમાં શિરોમણિ જાહેર કરી દે છે. ૩૯. જે પાકા અને મોટા ઠગ-ચોર હોય છે તે શાહુકારને પણ ઠગીને ઠગ પોતે શાહુકાર થઈ જાય છે અને ઘેર ઘેર પૂજાતા ફરે છે. તેમ ખોટા સાચાને ખોટા કરી નાંખે છે અને પોતે સાચા સિદ્ધ થઈને પૂજાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'હરિભક્તો ફગવા લાવ્યા અને મોહના સ્વરૂપનું કથન' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર દસમું : તરંગ - ૫૩

ફગવા વહેંચીને શ્રીહરિ થાળ જમ્યા અને સંતોની પંગતમાં આવ્યા

જ્યારે હરિભક્તો ફગવા લાવી રહ્યા, ત્યારે શ્રીહરિ બોલ્યા, મેં તો વિચાર કર્યો કે આ ફગવા સંતોને અને હરિભક્તોને વહેંચી દઉં. ૧. આવું કહીને

બે હાથે ખોબો ભરીને ફગવા આપવા લાગ્યા. સ્વામી રામદાસજીએ આગળ કપડું ધર્યું તેમાં સહુ પ્રથમ એક ખોબો ફગવા આપ્યા. ૨. શ્રીહરિએ સંતોને ફગવા પહેલા દીધાં. વર્ણી અને પાર્ષદોને પણ બોલાવીને દયા કરીને ફગવા આપ્યા અને તે પછી હરિભક્તોને પણ આપ્યા. ૩. જે હરિભક્ત બાઈઓ હતી, તેમને પણ તેટલા ખોબા ભરીને ફગવા બે પુરુષો પાસે અપાવડાવ્યા. ૪.

હીરજીભાઈ અને ગંગારામ મલ્લ જ્યાં બાઈઓ હતી ત્યાં ફગવા આપવા ગયા. તેમણે પોતાની જે સંબંધી બાઈઓ હતી તેમને બોલાવીને તેમના દ્વારા ફગવાં અપાવ્યાં. ૫. બાઈઓના સમાજમાં તે ફગવા બાઈઓએ જ ખોબો ખોબો વહેંચી દીધાં. બધી હરિભક્ત બાઈઓ ધર્મમાં દૃઢપણે રહેતી હતી. ૬. ધર્મને દૃઢ રાખવા માટે તો સત્સંગ કરતા હતા. ધર્મને દૃઢ કરવાના હેતુ સિવાય બીજા કોઈ હેતુથી સત્સંગ નહોતા કરતા. બધા જ હરિભક્તોમાં રોજબરોજ ધર્મને દૃઢ રાખવાનું તાન રહેતું હતું. ૭. બધી સત્સંગી બાઈઓ એવી શાણી હતી કે, તે ધર્મ જાય તેને મોટી હાનિ માનતી હતી અને ધર્મને દૃઢ કરીને જે રાખવો તેટલો જ મોટામાં મોટો લાભ તેઓ માનતી હતી. ૮.

જેને જે રીતે નિયમ પાળવાના હોય તેની એક પ્રથા નક્કી કરી દીધી હતી. શ્રીહરિએ તે નિયમો માટેની તો શિક્ષાપત્રી લઈને સહુના અલગ અલગ ધર્મ-નિયમ લખી આપ્યા છે. ૯. ભૂમિ ઉપર જેટલા સચ્છાસ્ત્ર છે તેને જોઈને તેનું હાર્દ કાઢીને જેણે સત્સંગ કર્યો છે એવા ચાર વર્ણ અને ચાર આશ્રમના ભક્તોને માટે અલગ-અલગ શિક્ષાપત્રીમાં લખી આપ્યો છે. ૧૦. શિક્ષાપત્રીનો પાઠ રોજ કરવો. ઉપેક્ષા કરીને તે ક્યારેય ભૂલવો નહિ. આખા દિવસમાં જો શિક્ષાપત્રીનો પાઠ ન થઈ શકે તો બીજે દિવસ ઉપવાસ કરવો. ૧૧. જેને પાળવાના જે નિયમ કહ્યા છે તેમાં જો ભૂલચૂક થાય તો તરત તેનું પ્રાયશ્ચિત્ત કરવું. જેમ મેલું થયેલું કપડું તરત ધોઈ નાખીએ છીએ તેમ તે કરવું. ૧૨. જ્યાં સુધી તે કપડું ધોવાય નહિ ત્યાં સુધી તે મેલું-ગંદુ કહેવાય છે. ધોવાથી તેનો ડાઘ જ્યારે જાતો રહે ત્યારે તે ચોખ્ખું દેખાય છે. ૧૩. તે કપડાંને ધોવા છતાં પણ જો તેનો જેટલો ડાઘ જાય નહિ તેટલો ભાગ કાપીને કાઢી નાખવામાં આવે અને ત્યાં સારું બીજું કપડું લગાડી સાંધી દેવામાં આવે

તો તે કપડું ડાઘરહિત થઈ શકે છે. ૧૪. સંપૂર્ણ કપડું ડાઘાવાળું થઈ જાય અને ધોવાથી પણ તે ડાઘાઓ નીકળે નહિ તો પછી તે કપડું કાયમને માટે ઉપયોગમાંથી દૂર કરવું જોઈએ. ૧૫. ડાઘમાં ડાઘ દેખાતો નથી. ડાઘવાળું કપડું તો ડાઘમાં ભળે એને માટે યોગ્ય કહેવાય. માટે સંપૂર્ણ જેઓ આજ્ઞા લોપીને બગડી ગયા હોય તેમને એવા બગડેલાઓ ભેળા જ ફાવે. આવી તો અનંત વાતો છે. જેવો રોગ તેવું ઔષધ થવું જોઈએ. ૧૬.

રોગને પૂરો તપાસીને ઔષધ આપવામાં આવે તો આરોગ્ય પ્રાપ્ત થાય. પછી ત્યાં રોગ કયાંથી રહે ? જેને રોગ અસાધ્ય કક્ષાએ પહોંચ્યો હોય અને મૃત્યુ થાય તો તેનો કોઈ ઉપાય મળે નહિ. ૧૭. અસાધ્ય રોગનું લક્ષણ તો એ છે કે, જે મિત્રને શત્રુનાં રૂપમાં દેખે અને શત્રુને પરમ મિત્ર જાણે તેમજ ખરા મિત્રને ક્યારેય મિત્રનાં રૂપમાં માને નહિ. ૧૮. સત્સંગ કરતા જેને અભાવરૂપી રોગ થાય તેની ભૂલ કહેવાય, તેણે અપરાધ કર્યો હોય છતાં તે પ્રાયશ્ચિત્ત કરે નહિ એ જ ખરો રોગી કહેવાય. દેહનો રોગ તે ખરેખર રોગ નથી કારણ કે, દેહ તો પરાધીન ગણાય છે. ૧૯. સત્સંગ કરતા થકાં પણ જેનું અંતઃકરણ અકળાઈ જાય, એક દિવસ પણ શાંતિ ન રહે, વગર કારણે માણસથી કોઈકનો અપરાધ થઈ જાય, ૨૦. અને તેનાથી અંતઃકરણમાં દુઃખ થાય. જે સત્સંગ કરે છે તેને સુખ મળે છે. પણ જેને સત્સંગમાં જઈને પણ શાંતિ ન મળે ત્યારે તેને કુસંગમાં તો શાંતિ ક્યાંથી મળે ? ૨૧.

બધા જ અપરાધોની એક રીત નથી હોતી. તેની રીત ભિન્ન-ભિન્ન હોય છે અને અનેક હોય છે. કેટલાક અપરાધ એવા હોય છે કે જેમાં દેહે કરીને દુઃખ થયું હોય છે. ૨૨. સત્સંગમાંથી જે બહાર કઢાવી નાંખે તે સહુથી અધિક અપરાધ કહેવાય, એ જ અભાવરૂપી મહારોગ છે. અને વળી, જે સત્સંગમાં બેગરજૂ-બેપરવાઈથી રહે, સત્સંગની બિલકુલ તમા રાખે નહીં, ૨૩.

दोहा : अपराध करे हरि माप तब, हरिजन को होवे दास;
आपकी समझ करे दूरही, एसो करे अभ्यास...२५

सत्संग की समझ ग्रहन करे, अपनी समझ करे त्याग;
अपनी समझ रखे जितनी, तितनो रहे बेराग...२६

અને મનમુખી થઈને જ જીવન જીવે તો પછી એવાનો સત્સંગ રહે જ નહિ. આવું થાય ત્યારે તેના ઉપર શ્રીહરિનો કોપ થયો છે એમ જાણવું. જે કોપ બહારથી દેખાતો નથી. ૨૪. જ્યારે તે અપરાધી-રોગી બધા જ હરિભક્તોનો દાસ થઈને રહે ત્યારે તેના બધા જ અપરાધને શ્રીહરિ માફ કરે છે. અને તે પોતાનાં મનની બધી જ માન્યતાઓ તજી દે અને તેવો જ અભ્યાસ ચાલુ રાખે, ૨૫. અને સત્સંગની સમજણ ગ્રહણ કરે અને પોતાની સમજણ-મનનું ધાર્યું છોડી દે. જેટલું પોતાનું ધાર્યું કરવાનો આગ્રહ રહે તેટલું જીવન કઢંગું રહે. ૨૬.

દુનિયામાં જ્યાં સુધી કોઈ પણ બાબત પદ્ધતિસર-રીતસર ન ચાલે ત્યાં સુધી કોઈને સુખ ન રહે, એટલે જ લોકમાં કહેવાય છે કે, 'કાં સેંથો કાં ટાલ' એક સાથે બે ન બને, માથામાં સારી રીતે વાળ ઓળીને સેંથામાં સિંદૂર પૂરો અથવા માથું મુંડાવી નાખો. ૨૭. જો સત્સંગ રાખવો હોય તો સત્સંગની રીતમાં રહેવું જોઈએ. જો રીત પ્રમાણે ચાલે તો મનમાં શાંતિ રહે. રીત વિના શાંતિ મળે નહિ. ૨૮. ભુજ સિવાયના જે કચ્છના હરિભક્તો હતા તેમણે સારા પકવાનની રસોઈ કરાવી. તે વર્ણીઓ અને વિપ્રોએ સાથે મળીને બનાવી. ૨૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ધર્મકુમાર શ્રીહરિ જમવા માટે ચાલ્યા. જે જરિયાની વસ્ત્ર પહેર્યાં હતા તેને ઉતારીને પીતાંબર પહેર્યું. ૩૦. બીજું એક પીતાંબર ઓઢી લીધું અને ચરણોમાં નવી ચાખડીઓ પહેરી. હાથમાં રૂમાલ લીધો અને ધર્મના લાલ શ્રીહરિ 'ચટાક ચટાક' આવો ચાખડીઓનો અવાજ કરતા ચાલ્યા. ૩૧.

જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા અને બાજોઠ ઉપર ઊભા રહીને ચરણ ધોવડાવ્યા. પછી આવીને બીજા બાજોઠ ઉપર બેઠા. જે ભોજન બનાવ્યાં હતાં તે પીરસીને ધરાવ્યાં. ૩૨. ઘેબર, મોતીચૂર, બરફી, જલેબી અને બિરંજ વગેરે બનાવ્યાં હતાં તેનાથી થાળ ભરી દીધો. પેંડા, પતાસા અને સૂતરફેણી વગેરેને પણ સુખદાયક શ્રીહરિ જમ્યા. ૩૩. રતાળુ અને સૂરણનું શાક કર્યું હતું, સાથે તાંદળજાની ભાજી પણ કરી હતી. મેંદાની પૂરી, પાપડ

અને કેરીનું અથાણું વગેરે લાવીને ધરાવ્યું. ૩૪. વડાં અને કેળાના ભજિયાં કર્યાં હતાં તેને શ્રીહરિ ઘણા હેતભાવથી જમ્યા. હરિભક્તોનો જેવો નિર્મળ ભાવ હતો તે રીતે જ શ્રીહરિ બધું જમ્યા. જેવા ભાવથી ભોજન તૈયાર થયાં હતાં તેવાં જ પ્રેમથી શ્રીહરિ જમ્યા. છેલ્લે દહીં, ભાત અને સાકર જમ્યા. કોઈ વસ્તુ જમ્યા સિવાયની બાકી ન રહી. ૩૬.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. સોનેરી લોટો પાણીથી ભર્યો હતો. તેમાંથી નાના કટોરામાં લઈને પાણી પીધું. ૩૭. રૂમાલથી હાથ અને મુખ લૂછ્યાં. પછી મુખવાસ લીધો. પછી ઘણા ઉમંગથી મંડપમાં જ સંતોની પંગત કરાવી. ૩૮. રંગોળી પૂરીને ખંડે ખંડે બાજોઠ મૂકયા હતા ત્યાં આવીને સંતો બાજોઠ ઉપર બેઠા અને નારાયણ ધૂન કરવા લાગ્યા. ૩૯. તે ધૂન સાંભળીને શ્રીહરિ મંડપમાં આવ્યા. આખા સ્વરૂપ ઉપર ચંદન ચરચ્યું હતું અને તે ફૂલમાં ગરકાવ બન્યું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ફગવા વહેંચીને શ્રીહરિ થાળ જમ્યા અને સંતોની પંગતમાં આવ્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર દસમું : તરંગ - ૫૪

ફૂલદોલને દિવસ શ્રીહરિ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા

હરિભક્તોએ ઘણા જ હેતથી કેસર-ચંદનાદિકે કરીને શ્રીહરિની પૂજા કરી હતી. તે પછી તે સહુએ સંતોની પૂજા કરી. ૧. સંતોને ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા ત્યાં સુધી ધર્મકુમાર શ્રીહરિ ફૂલદોલ ઉપર બેઠા. ૨. બધા સંતોની પૂજા કરીને પાર્ષદોની પણ પૂજા કરી. કારણ કે, તે પાર્ષદો સેવક બનીને કાયમ શ્રીહરિની સેવા કરતા હતા. ૩. સહુની પૂજા થઈ રહી ત્યારે શ્રીહરિએ રૂમાલથી કસીને કમર બાંધી. પીરસવા તત્પર થયા અને તે સમયે બધું ભોજન પીરસવા લાગ્યા. ૪. ભોજનમાં જેટલા પકવાન હતાં તેને શ્રીહરિ ભાવથી પીરસતા હતા. શ્રીહરિને સંતોના ઉપર ઘણો જ

પ્રેમભાવ હતો અને તેથી જ શ્રીહરિ વારંવાર સંતોને પીરસતા હતા. ૫. જ્યારે સહુને બધું ભોજન પીરસાઈ રહ્યું ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા અને પોતે "વાસુદેવ ! હરે !!!!!" એમ બોલીને સંતોને જમવાની આજ્ઞા કરી. ૬. શ્રીહરિનો રાજીપો જોઈને સંતો હરખભેર જમવા લાગ્યા. જે પ્રેમી સંતો હતા તેઓ તો મૂર્તિને દેખીને શરીરનું ભાન ભૂલી જતા હતા. ૭. જમતાં જમતાં પણ મૂર્તિમાં તાન રહેતું. મૂર્તિને જોઈને ગુલતાન થઈ જતાં. જે જે ધામમાં મુક્તો હતા તેઓ અત્યંત દારુણ તપ કરતા હતા, ૮. તે બધા તપનો ત્યાગ કરીને અહીંયાં પંગતમાં આવી ગયા. શ્રીહરિનો ઘણો ભારે રાજીપો જોઈને સંતોમાં છુપાઈને બેસી ગયા. ૯.

☸ શ્રીહરિના પ્રસાદનો મહિમા :

चोपाई :

एक एक संत के जीय में आई, अनंत मुक्त जेंवत रहाई;
हरि रहे भोमि पर ज्यां लगहि, संत कु पिरसत भये त्यां लगहि...१०
अनंतधाम के मुक्त हि जेता, आवत भये समय जोई तेता;
धाम तप से सुख जो अनंता, इहाँ सब हि मानत रहंता...११

એક એક સંતના અંતરાત્મામાં પ્રવેશીને તે અનંત મુક્તો જમવા લાગ્યા. જ્યાં સુધી શ્રીહરિ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી સંતોને પીરસીને જમાડતાં. ૧૦. તે સંતોને જમવાનો સમય જોઈને અનંત ધામોના મુક્તો પંગતમાં આવતાં. તે તે ધામ તથા તપના કરતાં પણ અહીંયાં અનંતગણું વધારે સુખ તેઓ માનતા હતા. ૧૧.

અહીંયાંનો અપાર મહિમા કહેતા અને શ્રીહરિની મરજી હોય તેટલી વાર રહેતા. શ્રીહરિની મરજીને લોપતા નહિ. મરજીમાં જ તેઓ રાજીપો માનતા. ૧૨. જ્યાં સુધી સંતો જમતા, ત્યાં સુધી શ્રીહરિ તેમને પીરસતા રહેતા. ત્યાં અનંત મુક્તો આવીને જમતા છતાં ભોજન ક્યારેય ખૂટતું નહિ. ૧૩. લક્ષ્મીજી અદૃશ્યરૂપે આવીને ભોજનના જથ્થા ઉપર બેસી જતા. તેથી તે ભોજન અખૂટ રહેતું. શ્રીહરિ તે વાતને છુપાવી રાખતા. ૧૪. આવી તો અનંત વાતો છે.

તેની કોઈને ખબર પડતી નહિ. તે પાત્ર વિના કોઈને કહેવાય નહિ. છતાં જો લખીએ નહિ તો તે ક્યારેય જાહેર થાય નહિ અને લુપ્ત થઈ જાય. ૧૫.

दोहा : हरि से अधिक न कोई, सामृथ जाने नहिं कोईमें;
प्रगट हरि जेहि सोई, धर्मदेव घर प्रगट भयेउ...१६

અને શ્રીહરિથી અધિક કોઈ નથી માટે તેથી વધારે સામર્થ્ય કોઈમાંય જાણવું નહીં. આ તો સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીહરિ ધર્મદેવને ઘેર પ્રકટ થયા છે. માટે તેમનું સામર્થ્ય હું લખું છું. ૧૬. સહુને પ્રકટ શ્રીહરિનાં ઉપર અપાર મહિમાપૂર્ણ ભક્તિભાવ છે. તેમાં કોઈ લગાર પણ સંશય કરતા નથી. ક્યારેક વિષમ દેશકાળને લીધે જીવનું મન ફરી જાય, વિચાર બદલાઈ જાય ! ૧૭. કેમ જે, વાત પ્રકોપને લીધે ચિત્ત ક્યારેક ભ્રમી જાય ત્યારે શરીરનું ભાન પણ રહે નહીં. ત્યારે વર્ણ, આશ્રમનો વિવેક પણ રહે નહીં. એવે સમયે બધા જ વર્ણ એકસમાન લાગે. ૧૮. પછી તો તે પોતાની જાતિ સિવાયનું જેનું તેનું ખાવા લાગે. ક્યારેક કપડાં પહેરે કે ન પહેરે, ઠેકાણું રહે નહિ, જેમ તેમ બોલવા માંડે. ૧૯.

બધા જ લોકોને તે વિપરીત રીતે જુએ-બોલાવે. કોઈ પણ રીતે તેની બુદ્ધિ એવી ફરી જાય કે તે ક્યારેક ખાય અને ક્યારેક ન ખાય, મળ ત્યાગ કરીને પાણી પણ ન લે, ૨૦. ખાતાં-ખાતાં મળત્યાગ કરે, કોઈ જગ્યાની શુદ્ધિ અશુદ્ધિનું પણ ધ્યાન ન દે, પોતાની માતાને પત્નીની જેમ બોલાવે અને પત્નીને માતા કે બહેનની જેમ કહે, ૨૧. પિતાને પુત્ર અને પુત્રને પિતા કહીને બોલાવે, તેની બુદ્ધિ આટલી બધી વિપરીત થઈ જાય, છતાં જે હૃદયમાં ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય થયો હોય તે ક્યારેય જાય નહિ. ૨૨. જાગ્રત અવસ્થામાં જેવો ભગવાનનો નિશ્ચય હોય તેવો જ નિશ્ચય સ્વપ્ન અવસ્થામાં પણ રહે. શરીરમાં કોઈ દીર્ઘ અસાધ્ય રોગ થાય અને તેની પીડાથી રાત-દિવસ કદાચ તે રડતો હોય. ૨૩. આવું હોવા છતાં તે કોઈ અજાણ્યું ઓષધ ક્યારેય ખાય નહિ. એક ઘડીવારમાં જ મોત થાય એવું દુઃખ પડે છતાં તે કોઈ મલિનમંત્રનો જપ કરાવે નહિ અને કોઈના મંત્રેલા દોરાને શરીર ઉપર બાંધે નહિ. ૨૪.

❋ વિપત્તિ આવે ત્યારે પરીક્ષા થાય :

કોઈ ભુવાનો કે મલિન દેવોનો તે ક્યારેય વિશ્વાસ કરે નહિ, સત્સંગ રાખતા કદાચ નુકશાન થાય તોપણ તે પાછો પડે નહિ, પણ સત્સંગમાં આગળ વધે. ૨૫. જેનો જેવો નિશ્ચય હોય તે તો કામ પડે ત્યારે દેખાય છે. સોનાનું મૂલ્ય તો અગ્નિમાં તેને તપાવે ત્યારે દેખાય છે. ૨૬. **હરિભક્તને કોઈ મોટી વિપત્તિ આવી પડે અથવા જે સંપત્તિ હોય તેનો નાશ થઈ જાય ત્યારે તે કસોટીમાં તેના નિશ્ચયની ખબર પડે છે. ૨૭. અગ્નિમાં તપાવ્યા વિના સોનાની ખરી પરીક્ષા થાતી નથી. પરીક્ષા કરનારો ચાહે તેવો કુશળ હોય તોપણ તેમાં ભૂલ થઈ શકે છે. ૨૮. હરિભક્ત સોના જેવો ગણાય તે વિપત્તિરૂપી કસોટી વિના પરખાતો નથી. અગાઉ ઘણા ભક્તો થઈ ગયા છે તેને કહેતા કહેતા પાર આવતો નથી. ૨૯.**

પ્રહ્લાદ, બલિ, ધ્રુવ, મયૂરધ્વજ, હરિશ્ચંદ્ર, દધીચિ, રામચન્દ્રજી, સીતાજી, લક્ષ્મણ, પાંડવો, કુંતાજી અને રાણી દ્રૌપદી, ૩૦. ગોવાળો, ગોપીઓ, નંદજી, યશોદાજી, હેરાન થયેલા વસુદેવ અને દેવકીજી, વિદુરજીને તો સત્સંગનો પક્ષ રાખતા ઘણું દુઃખ વેઠવું પડ્યું હતું. ૩૧. ઉપર કહ્યા તે અને તે સિવાયના બીજા પણ કેટલાક સત્સંગનો પક્ષ રાખતા અગાઉ અનંત દુઃખોને પામ્યા હતા. જ્યારે અનંત સુખની આશા રાખતા હોઈએ ત્યારે પ્રથમ અનંત દુઃખ આવે ખરું પણ તેને સહેવું પડે. ૩૨. જ્યારે માટીમાં અને ધાતુમાં ઘાટ કરવા હોય ત્યારે અનેક રીતે તેને પકવવા પડે છે. તે પરિપક્વતા અગ્નિ વિના તો થઈ શકે નહિ. આ બાબતને જ્ઞાની પુરુષે અનેકવિધ દૃષ્ટિથી જોવી જોઈએ. ૩૩. **જ્ઞાની પુરુષ એવા અનંતનું વર્તન જોયા પછી પોતાનો નિશ્ચય દૃઢ કરે છે. અને શ્રીહરિનાં સ્વરૂપના નિશ્ચયરૂપી ગર્ભની દિનપ્રતિદિન વૃદ્ધિ કરતો રહે છે. ૩૪. તેમાં જેમ જેમ કરોડો વિઘ્ન આવે તેમ તેમ તેનો નિશ્ચય અધિક પક્વ થતો જાય છે. જીવ ભગવાનને માટે થઈને જેટલું કષ્ટ સહે છે તે બધું કાંઈ ભગવાનથી અજાણ્યું રહેતું નથી. ૩૫.**

दोहा : अल्प इहाँ को सुख हे, ब्रह्मांड को जेतो कहात;
दुःखमय कहत ताहिकु, दुःख विन नाहिं पमात...३७

સત્સંગ રાખતા ભક્ત જેટલું કષ્ટ સહન કરે છે તેનાથી કરોડગણું વધારે સુખ ભગવાન પ્રસન્ન થઈને તેને આપે છે. અને તે પછી તેને કોઈપણ વિઘ્ન કરતું નથી. ૩૬. આ લોકનું સુખ તો થોડું છે પણ બ્રહ્માંડનું એ જે ઝાઝું સુખ કહેવાય છે, તે પણ દુઃખમય જ છે. તે સુખ પણ દુઃખ સહન કર્યા વિના પમાતું નથી. ૩૭. **જેટલું જેમાં સુખ છે તેટલું તેમાં દુઃખ રહ્યું જ છે. આ જગતમાં ક્યારેય દુઃખ વિનાનું સુખ પમાતું નથી.** તેને હરિવિમુખ જીવ જાણતો નથી. ૩૮. શ્રીહરિએ ભુજ નગરમાં વારે વારે આવીને હરિભક્તોના હરેક ઘેર ઘણા જ ભાવથી સંતોને જમાડ્યા છે. ૩૯. સ્વયં શ્રીહરિ પણ હરિભક્તોને હરેક ઘેર જમ્યા છે, હરિભક્તોએ ચંદનથી પૂજ્યા છે અને અમાપ ફૂલહાર વગેરે પહેરાવ્યા પણ છે, તે બધી વાત કહી શકાતી નથી. ૪૦.


ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દશમ પૂરમાં 'ફૂલદોલને દિવસ શ્રીહરિ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



।। संवत् १९१६ ना वैशाख वदी पांचम (ता.१०/५/१८६०) गुरुवारे श्रीवडताल मध्ये दशम प्रकरण संपूर्ण ।।

॥ સંવત્ ૧૯૧૬ના વૈશાખ વદ પાંચમ (તા.૧૦/૫/૧૮૬૦) ગુરુવારે શ્રીવડતાલ મધ્યે દશમું પૂર સંપૂર્ણ ॥

ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે દશમ પૂર સંપૂર્ણ ॥૧૦॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૧

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર અગિયારમું : તરંગ - ૧

શ્રીહરિ ચરિત્રનો ઉપોદ્‌ઘાત અને અયોધ્યાપ્રસાદજીનો પ્રશ્ન

दोहा : श्रीपुरुषोत्तम कृष्ण हरि, हरिकृष्ण घनश्याम;
वार वार वंदन करू, पुरण मनोरथ काम...०१
अग्यार में यह पूर में, लिखत चरित्र तुमार;
तव बल हरि धरी उर में, ओर बल नहि लगार...०२

જે ભગવાન પુરુષોત્તમ, કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ અને ઘનશ્યામ એવે નામે પ્રસિદ્ધ છે અને ભક્તજનોના મનોરથોને, કામનાઓને ઈચ્છાઓને પરિપૂર્ણ કરે છે, તે શ્રીહરિને હું સિદ્ધાનંદમુનિ વારંવાર વંદન કરું છું. ૧. આપના સિવાય મારામાં બીજું કાંઈ બળ નથી. અને મારે બીજા કોઈનું પણ બળ નથી. એટલે એક આપનાં બળને હૃદયમાં ધારીને, તેને આધારે જ હે હરિ ! અગિયારમા પૂરમાં હું આપનાં ચરિત્રોને લખું છું. ૨. વારંવાર અને પળે પળે અનેક વિઘ્ન આવે છે, છતાં આપ સાક્ષાત્ હોવ તેમ પાસે રહીને તે વિઘ્નોનું નિવારણ કરી દો છો. ૩. આપ સદા મારી પાસે રહ્યા છો, મને

બળ આપતાં જ રહો છો. એટલે આપનાં ચરણોમાં ચિત્તને પરોવીને આપનાં બળથી જ હું લખી રહ્યો છું. ૪. **હે હરિ ! જે જે તમારા ચરિત્રોને હું મારા હૃદયમાં ચિંતવન કરુ છું કે તરત જ જાણે તમે અત્યારે મારી દૃષ્ટિ સામે ચરિત્ર કરતાં હો એમ જ તે ચરિત્ર મારા હૃદયમાં પ્રગટ કરો છે. ૫. જે રીતે આપ મનમાં વિચારો છો તે પ્રમાણે જ હાલ આ બધું (ગ્રંથલેખન કાર્ય) થાય છે. કારણ કે, બધી રિદ્ધિ અને સિદ્ધિઓ આપને આધીન છે. બીજાને તો તે ક્યારેય સ્વપ્નમાં પણ આવતી નથી. ૬.**

આગળના પૂરોમાં ઘણી વાતો કહી. ગ્રંથની અત્યંત સુખદાયક પીઠિકા-ભૂમિકા પણ કહી છે. શ્રીહરિ ગઢપુરમાં રહે છે, એવું સાંભળીને બધાં ધર્મવંશીઓ છપૈયાથી ગઢપુર આવ્યા. ૭. ધર્મવંશીઓને ત્રીશ વર્ષના વિયોગી જાણીને તેમને ઘણું માન આપીને પોતાની પાસે રાખ્યા. સત્સંગનો અત્યંત અભ્યુદય કરવાને માટે પછી જે તે સમયમાં ધર્મવંશમાં આચાર્ય પદ આપ્યું. ૮. ઘનશ્યામ શ્રીહરિએ બે ભાઈના બે પુત્ર, અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી નામે જે હતા, તેમને દત્તપુત્રનાં રૂપમાં લીધા અને તેમને આચાર્ય પદ આપ્યું. ૯. સંતો, વર્ણી, પાર્ષદો, બાઈ-ભાઈ બધા હરિભક્તો જે હતા તેમને દેશ વિભાગ કરીને શ્રીહરિએ પ્રસન્નતાની સાથે વહેંચી દીધા. ૧૦.

સુખકારી ઘનશ્યામે બંને દેશમાં શિખરબદ્ધ મોટા મંદિર કરાવ્યાં. અને તેમાં પોતે પોતાના હાથે રાધાકૃષ્ણ ભગવાની પ્રતિમાઓ પધરાવી. ૧૧. તે તે સ્થળે અને તે તે સમયે મોટા મોટા વિષ્ણુયાગ કર્યાં. સ્વયં યજ્ઞમૂર્તિનાં રૂપમાં ત્યાં વિરાજમાન જ હતા છતાં ચતુરાઈથી તે યજ્ઞોમાં સ્વયં યજમાનનાં રૂપમાં બેઠા. ૧૨. તેમ છતાં આપે યજ્ઞમૂર્તિ પરમેશ્વરને અત્યંત પ્રસન્ન કર્યાં. બ્રહ્મા, ભવ અને ઈંદ્રાદિક અપાર દેવતાઓ યજ્ઞમાં આવ્યા. ૧૩. તેત્રીસ કોટિ દેવો બધા આવ્યા. તેમણે પુષ્પોની અને ચંદનની વૃષ્ટિ કરી. પ્રવૃત્તિમાર્ગમાં રહેલા અને નિવૃત્તિમાર્ગમાં રહેલા વ્યાસમુનિ અને સનકાદિક મુનિઓ પણ આવ્યા. ૧૪. બૃહસ્પતિ અને ભૃગુ આદિ બધા ઋષિઓ આવ્યા. ગણપતિ તેમાં મુખ્ય હતા. પ્રહ્લાદ અને બલિરાજા વગેરે રાજાઓ પણ પોતાની સેના લઈને ત્યાં આવ્યા. ૧૫.

ઉપર જે કહ્યા તે બધા યજ્ઞની સંભાળ રાખતા હતા. તેઓએ મોટા મોટા શસ્ત્ર ધારણ કર્યાં હતાં. યજ્ઞોને માટે જેટલા મંડપ કર્યા હતા તે બધા કાંચનમય અને સુંદર હતા. ૧૬. સમગ્ર ઋષિ પત્નીઓ, દેવાંગનાઓ અને દેવીઓ આવીને યજ્ઞમંડપમાં ખૂબ જ સ્નેહ અને હરખથી મંગળમય ગીત ગાતી હતી. ૧૭. બધી યજ્ઞવેદીઓ, સમગ્ર સાધન-સામગ્રી અને પીઠો એ બધું સોનાનું હતું. તે પીઠોના ઉપર ઋષિઓનો સમાજ બેઠો હતો. ૧૮. મૂર્તિમાન ચારે વેદો, તેના ચાર આચાર્ય - સુમંતુ, પૈલ, વૈશંપાયન અને જૈમિનિ - મૂર્તિમાન આવ્યા અને વેદોની શાખાઓ તથા અનંત પ્રશાખાઓ પણ આવી. ૧૯. સામવેદી ઋષિને યજ્ઞમાં મુખ્ય રાખ્યા. સંપૂર્ણ વિશ્વનું મંગળ કરવાને માટે તેઓ સહુ આહુતિઓને આપતા હતા. ૨૦.

મંડપના ઉપર એકેક હજાર સુવર્ણ કળશ ચઢાવ્યા હતા. મોટા ભારે સુવર્ણના સ્તંભ ઊભા કરીને તેમાં વિચિત્ર રીતે વિવિધ પ્રકારની શોભા રચી હતી. ૨૧. જાતજાતનાં બિલોરી ઝાડ વિચિત્ર પ્રકારનાં હતાં, તે બધાં બાંધી દીધાં હતાં. મોટા ચાર દરવાજાઓને વિચિત્રતા ભર્યા સજાવ્યા હતા અને તેમાં મોતીનાં અપાર તોરણો બાંધ્યાં હતાં. ૨૨. બધી પતાકાઓ જરિયાની શોભતી હતી. મંડપના ઉપર મોટાં મોટાં નિશાન હતાં. ચોઘડિયાં, વાજાં વિવિધ પ્રકારે વાગતાં હતાં. બધું આકાશ ગાજી ઊઠ્યું હતું. ૨૩. શરણાઈ, શંખ, ભેરી, તુરાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં અને ઘડિયાળો તથા ઘંટાઓ પણ ઘણાં જ ગાજતા હતા. રોજે જે વિપ્રો આવતા હતા તે બધા નવા નવા સાકરના પકવાન જમતા હતા. ૨૪.

જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ કરી ત્યારે બધા વિપ્રોને સારાં દાન આપ્યાં. વસ્ત્ર, ઘરેણાં અપાર આપ્યાં. ગાયો, વાહન અને તેનાં શણગાર પણ ઘણા જ દીધાં. ૨૫. યજ્ઞમાં વિપ્રોએ "જય જય" બોલીને મહાન જયઘોષ કર્યો. યજ્ઞ સહુને સુખરૂપ અને સર્વોપરિ થયો. પૂર્વે પ્રજાપતિ દક્ષ અને ઉપરિચરવસુ આદિકે ઘણા યજ્ઞો કર્યા હતા. ૨૬. પણ તેમાં ઘણાં મોટાં વિઘ્નો આવ્યાં હતાં તેમ પુરાણ અને વેદની કથાઓ કહે છે. આગળના સમયમાં મોટા રાજાઓએ

ભારે રાજસૂયયજ્ઞ કર્યા હતા. ૨૭. તેમાં અશ્વને છૂટો મૂકીને બધા રાજાઓને જીતી લીધા એવા કેટલાએ સમર્થ રાજાઓ થઈ ગયા. પણ આ યજ્ઞમાં દેવો પ્રસન્ન થઈને એમ બોલતા હતા કે, પૂર્વે થયેલા યજ્ઞો કરતાં આ વિષ્ણુયાગ કરોડગણો વધારે યશઃપૂર્ણ થયો છે. ૨૮. પ્રસન્ન થયેલા બધા દેવો યશના વાજિંત્ર વગાડીને બધા કીર્તિ ગાતા ગાતા ચાલતા થયા ત્યારે આકાશ ગજવી રહ્યા હતા. ૨૯. શ્રીહરિ આ રીતે ધર્મનું સ્થાપન કરવા માટે ભૂમિ ઉપર આવ્યા અને તે પોતાનું કાર્ય પૂર્ણ કરીને સ્વધામ પધાર્યા. ૩૦.

તે પછી મુક્તાનંદસ્વામી જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી શ્રીહરિનાં જન્મથી લઈને છેવટ સુધીનાં ચરિત્રોને કહેતા રહ્યા. ૩૧. સુજ્ઞ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી, તે શ્રીહરિએ દત્તક લીધેલા પુત્ર હતા અને તેમના ઉપર સ્વામીને ઘણું હેત હતું. ૩૨. આપણા સત્સંગમાં અપાર હરિભક્તો છે, તે સહુનું મૂળ શ્રીહરિચરિત્ર છે. તેથી તે સર્વે ચરિત્રોને હું કહું છું. ૩૩. અત્યારના સત્સંગમાં જે હરિભક્તો છે, તેમને શ્રીહરિનો જોગ થયો છે અને તેમણે શ્રીહરિની ઘણી જ સેવા કરી છે. તે કહ્યા વિના તેનો સાર જણાય નહિ. ૩૪. કહ્યા કરતાં પણ જો લખવામાં આવે તો તે વાત યુગો સુધી નવીને નવી રહે, આવું સમજીને લખવાનો આદર કર્યો છે. આયુષ્યનો તો કાંઈ નિર્ધાર નથી. ૩૫.

લખતાં લખતાં જેટલે પહોંચાય તેટલાને પૂરું માનવું. શ્રીહરિની જેવી મરજી હશે, તેટલી વાતો તેઓ લખાવશે. ૩૬. વક્તા અને શ્રોતાનો જોગ પણ શ્રીહરિની મરજી પ્રમાણે જ રહે. જ્યારે બધાની સાનુકૂળતા હોય ત્યારે ગ્રંથ પૂરો થાય. ૩૭. દસ પૂર સુધીની ચરિત્ર કથા તો દરબાર દાદા ખાચર સાંભળતા રહ્યા છે. બધા સંતો અને હરિભક્તો જે છે તે અને ધર્મવંશી જે બધા અહીં હાજર છે, ૩૮. તેઓ બધા હરખભેર ચરિત્રકથાને સાંભળે છે. દિવસ અને રાતે કથાને સાંભળતા સમય પસાર થયો તેની કોઈને ખબર પણ રહી નહિ. માનો ચરિત્રકથાને સાંભળતા હજી એક દિવસ પણ પૂરો થયો નથી ! ચરિત્રકથા સાંભળવામાં હૃદયમાં એટલો બધો હરખ રહે છે. ૩૯.

જેમાં જેને જેટલું હેત હોય તે કાર્ય તેટલું તેને સુગમ અને સુખદાયક લાગે છે. જેમ કે, શેષનારાયણ હેતથી આખા બ્રહ્માંડને ધારી રહ્યા છે તો તેમને તેનું વજન સરસવના દાણા જેટલું લાગે છે. ૪૦. **ભગવાન જેના હૃદયમાં સામર્થ્ય આપે તો તે પાંગળો માણસ પણ મેરુ પર્વતને ઉલ્લંઘી જાય. ભક્તજનો તો એવું પોતાનાં દિલમાં વિચારે છે, ભગવાનની મદદથી શું ન થાય ? ૪૧. સાગર અતિ અગાધ છે પણ જો માણસ હિંમત રાખે તો ભગવાનના સામર્થ્યથી તે સાગર વાછડાંના પગલાં જેટલો સ્વલ્પ થઈ જાય છે. ૪૨.**

सोरठा : हिमत जन से हजुर हरि, फोसि जन से अति दूर;
हिमत ग्रहि विचारी युँ, श्रीहरि धरी मम उर...४३

कायर से हरि करोर, गावु रेहेवत दूर सदा;
हिमत ढिग आत दोर, शुद्ध जोईकर भाव तेहि...४४

"હિંમતવાળાને હરિ હજૂરા અને ફોસી જનથી હરિ અતિ દૂર." આવું વિચારીને શ્રીહરિને હૃદયમાં ધારીને મેં હિંમત ગ્રહી છે. ૪૩. શ્રીહરિ કાયર માણસથી તો કાયમ કરોડ ગાઉં દૂર રહે છે અને હિંમતવાળો ભક્ત હોય તો તેની શુદ્ધ ભાવનાને દેખીને શ્રીહરિ તેની પાસે દોડતા આવે છે. ૪૪.

આ પછી અયોધ્યાપ્રસાદજીએ મુક્તાનંદસ્વામીને કહ્યું, 'હે મુનિવર ! આપ શ્રીહરિનાં ચરિત્ર કહો છો તે બહુ મીઠા લાગે છે. ૪૫. હવે અમે પૂછીએ છીએ કે, જેટલા ચરિત્રો બાકી છે તે આપ અમને કહો. સર્વના પરમપિતા એવા શ્રીહરિ અમારા ઘરના પિતા છે. ૪૬. તેમના એક સંબંધને લીધે જ અમે આ દેશમાં આવ્યા છીએ. તેમના સિવાય તો અમે અંધ છીએ. હવે તો હરિચરિત્ર જ અમારો આધાર છે.' ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિચરિત્ર લખવાનો ઉપોદ્‌ઘાત અને અયોધ્યાપ્રસાદજીનો પ્રશ્ન' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર અગિયારમું : તરંગ - ૨

કથાનો ઉપોદ્ઘાત, ચૈત્રી પૂનમનો સમૈયો જૂનાગઢ કરવાનો નિર્ધાર કર્યો

અયોધ્યાપ્રસાદજીના પ્રશ્નને સાંભળીને સંતો અને હરિભક્તો અત્યંત રાજી થયા. બધા તેના વખાણ કરવા લાગ્યા. ૧. શ્રોતાઓમાં દાદા ખાચર તો ઘણા ઉત્તમ શ્રોતા છે જ, પણ તેમના કરતા પણ ઉત્તમ શ્રોતા આપ છો, એમ હું સમજું છું. આવું મુક્તાનંદસ્વામી બોલ્યા. ૨. તમારે શ્રીહરિની સાથે જે સંબંધ છે તે અમારા સંબંધ કરતાં અધિક છે, તે કયારેય છૂટે તેવો નથી. કારણ કે, તમારા તન, મન અને જીવ એક થઈને રહ્યા છે. ૩. **ભક્તજનને તો મોક્ષનો ખપ જ્યાં સુધી હોય ત્યાં સુધીનો તે સંબંધ અધિક વધતો જ રહે છે.** ૪.

તમારે તો દેહના સંબંધને લીધે અપાર હેત રહ્યું છે. જ્યાં સુધી ધર્મવંશનો સંબંધ છે ત્યાં સુધી તે હેત કયારેય નાશ પામે નહિ. ૫. સંબંધના સહજ હેતમાં એક વધુ હેત છે કે, તમારા ઘરમાં શ્રીહરિ પ્રકટ થયા. તેમાંય તેમના સ્વરૂપનું દઢ જ્ઞાન થયું છે અને તે ભગવાન તમને મળ્યા છે. ૬. શ્રીહરિની મોક્ષની ગાદી બધા સંતોને અને હરિભક્તોને પૂજ્ય છે. જગતમાં જે મોક્ષભાગી જીવ છે તે બધા આવીને તે મોક્ષની ગાદીને નમસ્કાર કરે છે. ૭. જે ભક્ત શ્રીહરિની ગાદીને આવીને નમે છે તેને લખચોરાશી અને જમપુરી રહેતા નથી. **જે શ્રીહરિનો આશ્રિત થાય છે તેના જન્મ-મરણના દુઃખનો નાશ થઈ જાય છે.** ૮.

✵ ધર્મ રાખે સારધાર, એને ગાદીનો અધિકાર :

શ્રીહરિએ એક ગાદી હતી તેમાંથી બે ગાદી કરી. શ્રીજીમહારાજે અનંત લોકોનો મોક્ષ કરવા માટે અલૌકિક રીત પ્રકટાવી છે. ૯. વિવિધ પ્રકારના ધર્મ અને નિયમો બંને ગાદીમાં એકસરખા જ માન્ય છે. ગાદીવાળા બંને આચાર્યોની રીત-મર્યાદા પણ બાંધી દીધી છે. ૧૦.

ચોપાઈ :

रीति को लोप न करे ज्यां लगही, मानना हरि कहे त्यां लगही;
रीति को करे लोप जेहि वारा, उनमत्त होईके चले निजधारा...११

तब दो देश के संत हि जेता, संत के धर्म में कुशल तेता;
धर्मजुत वर्णी पदाति जितना, धर्मजुत रहे हरिजन तितना...१२

दोहा : भेगे होई कर जोरीके, एकांत में धर्म कि रीत;
केना हित विचारीके, जितनो जो चले विपरीत...१३

શ્રીહરિએ કહ્યું છે કે, તે આચાર્ય જ્યાં સુધી એ રીતનો ભંગ ન કરે ત્યાં સુધી તેમને માનવા, પણ જે સમયે તે રીતનો તે ભંગ કરે અને ઉન્મત્ત થઈને વર્તે અને પોતાનું ધાર્યું જ કરે ત્યારે, ૧૧. બંને દેશના પોતપોતાના ધર્મ-નિયમમાં કુશળ સંતો, ધર્મવાળા વર્ણીઓ, પાર્ષદો અને હરિભક્તોએ ભેળા થઈ હાથ જોડીને એકાંતમાં આચાર્યોને ધર્મની રીત કહેવી. અને જે આચાર્યો જેટલું વિપરીત વર્તતા-ચાલતા હોય તેમને સર્વે સત્સંગનું હિત વિચારીને સહુએ કહેવું. ૧૨-૧૩.અને આ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તો મારા સંબંધને પામ્યા છે અને મને રાજી કરવા માટે બંનેને મમત્વ રહે છે. (તે બંને તો ધર્મલોપ નહીં જ કરે.) ૧૪.

જેને સહુથી વધારે મને રાજી કરવાનું તાન હોય તે ધર્મ નહિ લોપે. કારણ કે, ધર્મમાં જ બધા અર્થ-પુરુષાર્થ-પ્રયોજનો રહ્યા છે. ૧૫. જ્યાં સુધી આચાર્યો સાવધાનીથી જતન કરીને અનુપમ ધર્મને રાખશે-પાળશે ત્યાં સુધી મોટા મોટા રાજાધિરાજો પણ આવીને તેમને નમશે. ૧૬. ધર્મના પ્રભાવથી ગામેગામ અને ઠેકઠેકાણે, મોટી હવેલીઓ, મેડી, મંદિરો અને અપાર ખેતીવાડી વગેરે થશે. અન્ન અને ધનનો પાર નહિ રહે. ૧૭. ધર્મ પાળવામાં આવશે તો હાથી, ઘોડા, દુર્લભ નહિ રહે, મ્યાના અને પાલખીનો કોઈ પાર નહિ હોય, વિચિત્ર પ્રકારના રથ અને ગાડીઓ મળશે. જાતજાતની સંપત્તિ મળશે. ૧૮. મનમાં જેવું જેવું ચિંતવવામાં આવશે તેવા વિવિધ પદાર્થો પ્રાપ્ત થાશે. બધું સહેજે પગમાં આવીને પડશે. સોનાનો અને રૂપાનો કોઈ પાર નહિ રહે. ૧૯.

ભૂમિ ઉપર જે જે યોગ્ય પદાર્થ હશે તે બધા મળવા દુર્લભ નહિ રહે. જ્યાં ધર્મ દેખાશે ત્યાં કરોડોની સંપત્તિ દોડીને આવશે. ૨૦. સંપત્તિમાત્રને

ધર્મ ખેંચીને લાવશે. એટલા માટે જ જે જે બાઈ-ભાઈ ધર્મવંશી કહેવાતા હોય તેમણે ધર્મને રાખવો. ૨૧. ધર્મ પ્રમાણે જ શરીર ઉપર વસ્ત્ર અને આભૂષણો પહેરવાં. ધર્મ પ્રમાણે કથા અને કીર્તન બોલવાં. ખાવું-પીવું વગેરે વ્યવહાર ધર્મ પ્રમાણે જ કરવો. એક પળવાર પણ ધર્મને ક્યારેય ભૂલવો નહિ. ૨૨. ધર્મના પરિવારના બધા ગુણ-નિયમો વગેરે શાસ્ત્રોમાં લખેલા છે. ધર્મના પરિવારના જે કોઈ હોય તેમણે તે બધું શીખી રાખવું. ૨૩. ધર્મદેવને બાર પત્નીઓ હતી. ધર્મવંશીઓએ તેનાં નામ શીખી રાખવા. તે બારેના જે સદ્‌ગુણ છે તેને જુદા જુદા કહ્યા છે તે પણ શીખવા. ૨૪.

બંને ગાદીની ધર્મવંશી જે બાઈઓ હોય તેમણે ધર્મની બધી રીત શીખી લેવી અને તેવી રીતે જ ચાલવું. ૨૫. જેવી રીતે જે ધર્મવંશી ચાલશે તેને તેવું સન્માન મળશે. જેવી કિંમતનું જે સોનું હોય તેવું તેનું સારું મૂલ્યાંકન થાશે, વખાણ થાશે. ૨૬. જેવા જે ધર્મવંશી આચાર્યોમાં ગુણ હશે તે ગુણો જ તેમને તેવા કહેશે. જો ન્યૂન હશે તો ન્યૂન કહેશે અને જો વધારે હશે તો વધારે કહેશે. ૨૭. જે ધર્મને રાખશે તેને સહુ ધર્મવાળા કહેશે અને જે અધર્મમાં ચાલશે તેને સહુ અધાર્મિક (અધર્મરત) કહેશે. ૨૮.

ધર્મ વિનાની અપાર સંપત્તિ; જેમ કે, વસ્ત્ર, ઘરેણાં, અપાર વાહન, ગામ, ગરાસ, અખૂટ ધન દેખાય, તે રીતે જ સારાં ખાન-પાન, વિવિધ પ્રકારની સોનેરી મહેલાતો હોય તો તે બધી શ્વપચના-ચંડાળના જેવી ત્યાજ્ય છે અને જેનું આચરણ બધું ધર્મયુક્ત હોય પછી ભલે તેની પાસે સંપત્તિ સામાન્ય હોય, ૨૯-૩૦. તોપણ તે ધર્મને લીધે અનંત રીતે સોહામણી લાગે છે. સર્વોપરિ આકાશ જેમ શોભે છે તેમ તે સંપત્તિ ઘણી શોભે છે. શુદ્ધ આકાશ સહુનો આધાર છે તે સહુની અંદર અને બહાર રહ્યો છે. ૩૧. તેમ જ જે જે ધર્મવાળા લોકો છે તે ભલે બહારથી દુઃખી જેવા દેખાતા હોય, ખાન-પાનાદિક તેમને ઉત્તમ ન હોય, સાધારણ રીતે તેઓ ગુજરાન કરતા હોય, ૩૨. પણ જેનાં વર્તનમાં ધર્મ હોય, જેને ભગવાનમાં સ્નેહરૂપ ભક્તિ હોય, તો તે ઉત્તમમાં પણ ઉત્તમ સર્વોપરિ આકાશની જેમ સર્વના આધાર કહેવાય છે. કારણ કે, જેની ધર્માચરણમાં દૃઢ સમજણ છે તેની તે જ સર્વોપરિ સંપત્તિ છે. ૩૩.

હવે હું શ્રીહરિનાં ચરિત્રોને કહું છું, તમે મને ઘણો મોટો પ્રશ્ન પૂછ્યો છે. આમ કહીને શ્રીહરિનાં ચરણોમાં અનુરાગ-પ્રેમવાળા મુનિવર મુક્તાનંદસ્વામી હરિચરિત્રની કથા કહેવા લાગ્યા. ૩૪. ભુજમાં રહેલા શ્રીહરિએ સ્વયં વિચાર કર્યો કે, મારે હાલાર પ્રદેશના જેટલા હરિભક્તો છે તે સર્વને હવે દર્શન દેવા જાવું છે. ૩૫. પછી સોરઠ દેશના હરિભક્તોને દર્શન દેવા જાવું છે અને રામનવમીનો ઉત્સવ ફરેણી ગામમાં કરવો છે. ૩૬. મનમાં આવો વિચાર કરીને શ્રીહરિએ આનંદાનંદસ્વામીને સોરઠ પ્રદેશમાં જવા માટે તૈયાર કર્યા. ૩૭.

ચૈત્રી પૂનમનો અદ્‌ભુત સમૈયો જૂનાગઢમાં કરવો છે. એમ મનમાં નિર્ધાર્યું અને પછી તે બાબતનાં પત્રો દેશદેશના હરિભક્તોના પ્રતિ લખ્યાં. ૩૮. આનંદાનંદસ્વામીને પોતાની પાસે બોલાવ્યા. સોરઠ દેશના બધાં પત્ર આપ્યાં. પરમ ઉત્સાહથી તેમને ભેટ્યા અને જમાડીને ફૂલહાર પહેરાવ્યો. ૩૯. આનંદાનંદસ્વામીએ ઉજાસાનંદસ્વામીને સાથે લીધા. શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કરીને અતિ સત્વરે ત્યાંથી ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં ‘કથાનો ઉપોદ્‌ઘાત અને જૂનાગઢમાં ચૈત્રી પૂનમના સમૈયાનો નિર્ધાર’ એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર અગિયારમું : તરંગ - ૩

માંડવીમાં શ્રીહરિએ વેદાંતવિષયક પ્રશ્નોત્તર કર્યા

જે જે દેશમાં જે ગામના હરિભક્તો હોય તેમણે સહુએ ચૈત્ર સુદિ પૂનમે જૂનાગઢ આવવું. ૧. ઘરમાં કાંઈ ઉપાધિ થાય એવું કોઈએ કરવું નહિ. રસ્તામાં ઘણો જ ભય રહ્યો હોય છે, એટલા માટે સહુએ સાવધાન થઈને ચાલવું. ૨. સંગ-સોબત વિના ચાલવું નહિ, તેમજ કાંઈ હથિયાર વિના પણ ચાલવું નહિ. અમારાં આજ્ઞા-વચનનો ભંગ કરવો નહિ. માટે જોઈ વિચારીને ચાલજો. ૩. હરિભક્ત બાઈઓએ પોતાના સંબંધીના વિના એકલા આવવું નહિ. સંબંધીની

સાથે આવવું અને એક બાઈ અને એક ભાઈએ સાથે ચાલવું નહિ. ૪. મા, બહેન, દીકરી, કાકી, મામી, ભાભી, ઈત્યાદિ કોઈપણ નારીની સાથે એકલા પુરુષે ચોક્કસ રૂપમાં ચાલવું નહિ. ૫.

આ જગતમાં અપાર મતપંથ છે તે બધા ધર્મના વિના ખુવાર થઈ રહ્યા છે અને તેને લીધે તે બધા જમપુરીમાં જાય છે અને ત્યાં જમના હાથનો અપાર માર ખાય છે. ૬. અધર્મી ગુરુઓ અને અધર્મી શિષ્યોને માટે જમ ઘણો ભયાનક સાજ સજી રહ્યા છે. દુનિયાની બધી પ્રજા રાજાને આધીન રહે છે. ૭. પણ જે રાજા તે પ્રજાને ધર્મમાં નથી રાખતો. તે રાજા જમપુરીમાં નરકના કૂવામાં પડે છે અને શાસ્ત્રની જે રીત છે તે અમે શિષ્યોને શીખવીએ છીએ. ૮. અમે જેમ કહીએ તેમ જે પ્રાણી વર્તે છે તેનાં બધાં જ પાપોનો નાશ થઈ જાય છે. પાપનો નાશ કરવા માટે તો અમે વારંવાર પત્ર લખીએ છીએ. ૯. જે અમારા લખેલા પત્રને વાંચીને તે પ્રમાણે વર્તે છે, તેની સામે જમ પણ કયારેય દેખતા નથી.

પ્યારા શ્રીહરિ ભક્તોને દર્શન દેતાં દેતાં ભુજ નગરથી ચાલી નીકળ્યા. ૧૦. બહુનામી સ્વામી શ્રીહરિ કરુણા કરીને **માંડવી** બંદર આવ્યા. શ્રીહરિ જે ગામ આવતા ત્યાંના હરિભક્તો તત્કાળ જ શ્રીહરિની સન્મુખ આવતા હતા. ૧૧. હરિભક્તોનો ભાવ ઘણો વિશુદ્ધ હતો. વર્ણન કરતા મુખે કહી શકાતો નથી. કયાંક હરિભક્તોનો ભાવ પૂરો કરતા હતા અને કયાંક ભાવ અધૂરો રહી જાતો હતો. ૧૨. કચ્છ દેશના હરિભક્તો ઘણા ભાગ્યશાળી હતા. કારણ કે, શ્રીહરિ વરસ દિવસમાં એકવાર તો કચ્છમાં આવતા જ હતા. ૧૩. માંડવીના હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧૪. માંડવીમાં શ્રીહરિ માવજી સુતારને ઘેર ઊતર્યા હતા અને સંતો ગામની બહાર એક સુંદર વાડી જોઈને ત્યાં ઊતર્યા હતા. ૧૫.

ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા ઘનશ્યામ શ્રીહરિ સાંજે સંધ્યા સમ પુરમાં આવ્યા અને શ્રીહરિના આવવાથી હરિભક્તો ખૂબ જ રાજી થયા. ૧૬. એક સુંદર નવરંગ પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ બેઠા. ઠેકઠેકાણે દીવાઓ કરી દીધા અને પુરના ભક્તો દર્શન કરવા માટે દોડાદોડ

આવવા લાગ્યા. ૧૭. જે બાઈ-ભાઈ ભાવિક ભક્તો હતા, તેઓ ફૂલના હાર લાવતા હતા અને અપાર પ્રેમથી તે હાર પહેરાવતા હતા. ફૂલના બાજુબંધ અને તોરાઓને પણ અપાર લાવતા હતા. ૧૮. બધી ભક્ત સ્ત્રીઓ મેવા અને મીઠાઈઓ લાવી હતી. શ્રીહરિ હરખથી તેનાં નામ પૂછતા હતા. તે સમયે આરતી અને 'નારાયણ' ધૂન કરી. પુરજનોને ત્યાં અતિશય આનંદ આપ્યો. ૧૯. માંડવીના બધા હરિભક્તોએ મળીને સાકરનો કંસાર કરાવ્યો હતો. વર્ણીએ તત્કાળ તે રસોઈ કરી. તૈયાર થયા પછી પરમ દયાળુ શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૨૦.

પીતાંબર પહેરીને શ્રીહરિ જમ્યા. ઉપરથી દૂધ, ભાત અને સાકર પણ જમ્યા. પછી પ્યારા અને ધર્મના દુલારા શ્રીહરિએ હાથ-મુખ ધોઈને જળપાન કર્યું અને મુખવાસ લીધો. ૨૧. તે પછી શ્રીજીમહારાજે ત્યાં બધા સંતોને જમવા માટે બેસાડ્યા. સ્વયં સંતોને પીરસ્યું. જેને જેટલું જોઈએ તેટલું આપ્યું. ૨૨. પછીથી દૂધ, ભાત અને સાકર પણ પોતે જ પીરસ્યું. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે બંને હાથ ભેળા કરીને ધોયા. ૨૩. ચરણ ધોઈને રૂમાલથી કોરા કર્યા. તે પછી આવીને પલંગના ઉપર સૂતા. પાર્ષદો પાસે શરીર દબાવડાવ્યું. હરિભક્તો પાસે આવીને બેઠા. ૨૪.

તે પછી ફરીવાર પુરના મોટામોટા બુદ્ધિમાન માણસો આવ્યા. શ્રીહરિ પલંગ ઉપર બેઠા થયા અને સહુની સાથે વાતો કરવા લાગ્યા. ૨૫. તેમણે વેદાંત વિષયક કઠિન પ્રશ્ન પૂછ્યા. શ્રીહરિએ તે બધા પ્રશ્નોના ઉત્તર આપ્યા. ત્યારે તે સહુએ તે પ્રત્યુત્તરોને માથે ચઢાવ્યા અર્થાત્ સ્વીકારી લીધા. ૨૬. પછી શ્રીહરિએ તેમને વેદાંતના ગૂઢ રહસ્યનો એક પ્રશ્ન પૂછ્યો. તે સાંભળતાની સાથે તેમની બુદ્ધિ શૂન્ય થઈ ગઈ. ૨૭. તેમને ઉત્તર આપવાની દિશા જ સૂઝી નહિ. પછી બે હાથ જોડીને શ્રીહરિને તેમણે કહ્યું, આપ યોગેશ્વર છો, પરમેશ્વર છો, આપની બુદ્ધિ નિરાવરણ છે. ૨૮. અમે તો વિષયાસક્ત ગૃહસ્થ કહેવાઈએ. બ્રહ્મની વાતો તો અમે ખાલી મોઢે કરી રાખી હતી. તે બધી વાતો તો એક રમૂજ કરવાની છે. વિષયી માણસને તો બ્રહ્મની દિશા પણ સૂઝે નહિ. ૨૯.

❋ બધી વાતોનું મૂળ સત્સંગ :

ત્યારે તે સહુને શ્રીહરિવરે કહ્યું, તમે સત્સંગ કરો તો બધી વાત બને, સુધરે, સત્સંગ કર્યા વિનાનું જે બધું જ્ઞાન કહે છે તેને તો અમે મિથ્યા જ્ઞાન કહીએ છીએ. ૩૦. આગળના સમયમાં જે ગૃહસ્થો અને ત્યાગીઓ થઈ ગયા છે તે બધા બ્રહ્મસ્થિતિને પામેલા હતા. તે સહુનું મૂળ સત્સંગ છે. સત્સંગરૂપી મૂળ વિના અમૂલ્ય જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય ? ૩૧.

ચોપાઈ :

जन मात्र जो कहावत जेते, ब्रह्मरूप गुरु मिले विन तेते;
अज्ञान तम नहिं जावत देखे, सब बात कु एक कर लेखे...३२

બ્રહ્મસ્થિતિને પામ્યા હોય એવા ગુરુ મળ્યા વિના કોઈને અજ્ઞાનરૂપ અંધારું ટળતું નથી. અને અજ્ઞાન ટળ્યા સિવાય તે બધી જ બાબતને એક સમજી બેસે છે. ૩૨. જ્યાં સુધી પરમ વિવેક જ્ઞાન થતું નથી ત્યાં સુધી તેઓ ગોળ અને ખોળને એક જ સમજે છે. ગોળને ગોળ તરીકે સમજવો હોય તો તેને મૂળથી જ જાણવો જોઈએ. ૩૩. ખોળને પણ ખોળના રૂપમાં જો જાણવો હોય તો તેને પણ મૂળથી જ સમજવો જોઈએ. મૂળને જાણ્યા વિના ભ્રાંતિ ટળતી નથી અને ભ્રાંતિ ગયા વિના જ્ઞાનની દૃઢતા થાતી નથી. ૩૪.

तीन देह ब्रह्मांड ही जोउ, ज्यां लग सत मनात हे सोउ;
ताके भोग कहावत जितने, सत्य बुद्धि रहि तामें तितने...३५

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ અને આ બ્રહ્માંડ જ્યાં સુધી સાચા મનાય છે અને તેના બધા ભોગોમાં જ્યાં સુધી સત્યતાની બુદ્ધિ કરે છે, ૩૫. ત્યાં સુધી તેને જીવ કહેવો. બ્રહ્મ કહેવા માત્રથી બ્રહ્મ થવાતું નથી. પહેલાં તો પરબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપનું પાકું જ્ઞાન થવું જોઈએ. ૩૬.

दोहा : ताके दास हि होई कर, ब्रह्मांड देह से पर;
वर्ते जन यह जब हि तब, ब्रह्म होवत हि वर...३७

તે પછી તે શ્રીકૃષ્ણના દાસ થઈને પિંડ અને બ્રહ્માંડથી પર જ્યારે વર્તવા લાગે ત્યારે તે ઉત્તમ બ્રહ્મ સ્થિતિને પામે છે. ૩૭. જીવાત્મા, પરમાત્મા,

તેમના જે ભક્તો અને ભગવાનનું દિવ્ય એવું ધામ, તે બધાને સત્ય જાણે. ૩૮. **તે સિવાયના બધા જે આકાર દેખાય કે કાનથી સંભળાય, તેને લગાર પણ સત્ય માને નહિ. અને તેનો નાશ થાય તો શોક પણ કરે નહિ. ૩૯. મનુષ્ય જ્યાં સુધી નાશવંત પદાર્થનો શોક કરે છે, ત્યાં સુધી તેનું બધું જ્ઞાન ફોક છે, નિષ્ફળ છે. ભલેને તે વિવિધ પ્રકારે કહેતા હોય. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'માંડવીમાં શ્રીહરિએ વેદાંતવિષયક પ્રશ્નોત્તર કર્યા' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર અગિયારમું : તરંગ - ૪

વેદાંતવિષયક ચર્ચા પ્રસંગે શ્રીહરિએ વેદોની પ્રધાનતા કહી

શ્રીહરિએ વેદાંતવિષયક નિર્દોષ વાત કરી, તેને સાંભળીને બધા વેદાંતીઓ હરખથી શ્રીહરિનાં ચરણોમાં પડયા. ૧. અને તેઓ કહેવા લાગ્યા કે, આપ સાક્ષાત્ પરબ્રહ્મ છો, અમારો ઉદ્ધાર કરવા માટે અહીં માંડવીમાં આવીને રાત રોકાયા છો. ૨. જન્મ, મૃત્યુ, યમયાતના અને લખચોરાશીને અમે ધૂળ જેવું સમજતા હતા. તેને અત્યારે આપે સાચું કરી દીધું છે. ૩. અમારા પિતા, પિતામહ વગેરે ઉપરની અતીત પિતૃપરંપરા પોતાને અકર્તા માનતી હતી અને તેને લીધે તેમણે અનેક પ્રકારના પાપ કર્યા છે. ૪.

❊ ધર્મનિષ્ઠ તથા અધર્મી ગુરુના લક્ષાણ :

શ્રીહરિએ કહ્યું, ગીતા ભણેલા વિદ્વાનો જેવો ભાવાર્થ કહે છે તે પ્રમાણે જગતમાં ગુરુઓ બે પ્રકારના છે. એક પ્રકાર જેને ધર્મ પ્રિય હોય તે અને બીજો પ્રકાર જે ગુરુને અધર્મ પ્રિય હોય તે. ૫. **ધર્મપ્રિય-ધર્મવાળા ગુરુ ગીતાને ભણીને સ્વયં વ્યવસ્થિતપણે ધર્મમાં રહે છે અને તેમના જે શિષ્યો છે તેમને પણ ધાર્મિક ગુરુ દૃઢતાથી ધર્મમાં ચલાવે છે. ૬.** તેમને પાપનું ફળ દુઃખ છે, એમ દેખાડે છે અને ધર્મનું ફળ સુખ છે એમ દેખાડે છે. જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ, ૭. હરેક દેહમાં આવતા અપાર રોગ,

એટલા બતાવે છે કે તેનો કોઈ પાર નથી. પાતાલથી બ્રહ્માના લોક સુધીમાં કોઈ નીરોગી તો જોવા મળતા જ નથી. ૮. **ભગવાનનાં ધામ સિવાયના જેટલા કહેવાય છે તે બધાને દુઃખરૂપ રોગ દેખાડે છે. જે ભગવાનને ભજ્યા હોય તેને થયેલું અનંત સુખ દેખાડે છે અને જે સુખી થયા હોય તેમના નામ કહી સંભળાવે છે. ૯.** માટે ક્યારેય મન, કર્મ અને વચનથી અધર્મને માર્ગે ચાલે નહીં. જે ગીતાને વાંચી-જાણીને ધાર્મિક ગુરુ સમજણ લે છે તે ઉપર કહી તેવી છે. ૧૦.

હવે જે અધર્મી ગુરુઓ કહેવાય છે તેઓ ગીતાને વાંચી-ભણીને એવો અર્થ કરે છે કે, અધર્મ કરવામાં જે પાપ લાગતું હોય તેને તેઓ ધર્મ તરીકે દેખાડે છે. ૧૧. સામાન્યરૂપમાં મનુષ્યમાત્રની અધર્મમાં રુચિ રહેતી હોય છે. જો વેદ અને પુરાણો ન હોત, તો વર્ણ અને આશ્રમની વ્યવસ્થા પણ ન હોત. ૧૨. બધા લોકો પશુના માર્ગે ચાલતા હોત, કોઈ જાતિ જ કહેવાતી ન હોત. માત્ર પશુ, પંખી, કીડા, વેલી, વૃક્ષ, ખડ-ઘાસ સુધીની જ જાતિઓ દેખવામાં આવત. ૧૩. કાંકરાં, પથ્થરની પણ બધી જાતિઓ, અન્ન, વસ્ત્ર, અપાર ધાતુઓ જે જે અપાર પદાર્થો ન ગણી શકાય તેવી તે બધાની જાતિઓ કહેવાત. ૧૪. એક જ નામથી અનેક વ્યક્તિનો બોધ થતો હોત, એક જ જાતિથી અનેક વ્યક્તિ-વસ્તુઓનો બોધ કે વ્યવહાર થતો હોત, એવી અનેક વસ્તુઓનો વ્યવહાર-વિવેક મોટા સમર્થ પુરુષોએ કર્યો છે. તેવા વિવેક વિના વસ્તુનું જ્ઞાન ક્યારેય થાય નહિ. ૧૫.

જેને વર્ણ કે આશ્રમ કાંઈ નથી તે લોકો વર્ણાશ્રમનો ઉચ્છેદ-ખંડન કરે છે અને તેવા લોકોને વેદ મનુષ્ય નથી કહેતા, તે લોકો તો વનચર વાનરની જાતિ કહેવાય છે. ૧૬. જેનું જેવું વર્તન હોય; વર્તન અને ગુણ એક જ કહેવાય. ગુણોની સમાનતાથી તેનું તેવું જાતિનામ કહેવાય છે પણ તેમાંએ અલગ અલગ વિરુદ્ધ ભેદ ઘણા રહ્યા છે. ૧૭. જીવનું સ્વરૂપ અછેદ્ય, અભેદ્ય, અજર, અનુપમ, અમર, અખંડ, દિવ્ય, પ્રકાશક, આવા શબ્દોથી એકસરખું જ કહેવાય છે. તે જીવનું સ્વરૂપ માયાના પાસ-સંસર્ગ સોબતથી ઢંકાઈ જાય છે. ૧૮. **માયાનું સ્વરૂપ અંધકાર-અજ્ઞાનમય છે આવરણ અને વિક્ષેપથી**

દુઃખ આકારે છે. ચિત્ અને અચિતથી મિશ્ર અને ત્રિગુણી છે, તે અનાદિ છે અને ભગવાન તેનાથી બધી ભૂતભૌતિક રચનાઓને કરે છે. ૧૯. તે સ્થાવર અને જંગમ વિચિત્રરૂપને ધારે છે. છતાં બાજીગર જેમ બાજીથી ન્યારો રહે છે, તેમ માયા પણ કાર્યજગતથી ભિન્ન છે અને અનેક નામોને ધારી રહી છે. કસબી-કારીગર એક હોવા છતાં તેનો કસબ-કારીગરીનું કાર્ય જેમ અનેક હોય છે તેમ તે માયાનું કાર્યજગત પણ અનેક પ્રકારનું હોય છે. ૨૦.

જેમ ભૂમિ, સ્વરૂપથી એક હોવા છતાં ઘડો અને કૂંડું એવા ઘાટથી અનેકરૂપે થઈ છે. જ્યારે ભૂમિની દષ્ટિ (ધારણા)થી જોઈએ ત્યારે એકલી ભૂમિ જ દેખાય છે બીજી કોઈ વસ્તુ દેખાતી નથી. ૨૧. જ્યારે જળની દષ્ટિ (ધારણા) કરીએ ત્યારે જળ સિવાય બીજું કાંઈ દેખાતું નથી તેમજ તેજની ધારણા કરીએ ત્યારે તેજ સિવાય અન્ય કાંઈ ભાસતું નથી. ૨૨. વાયુની ધારણા કરીએ ત્યારે એકલો વાયુ જ દેખાય છે તે સિવાય બીજું કાંઈ દેખાતું નથી અને આકાશની ધારણા કરીએ ત્યારે એકલો આકાશ જ દેખાય છે તે વિના બીજું કાંઈ દેખાતું નથી. ૨૩. અહંકારની ધારણામાં અહંકાર સિવાય અન્ય કાંઈ દેખાતું નથી. તેમજ મહત્તત્ત્વની ધારણામાં પણ મહત્તત્વ વિના બીજું કાંઈ જણાતું નથી. ૨૪.

❋ જ્ઞાનપ્રલયની મીમાંસા અને તેનું લક્ષણ :

અને જ્યારે માયાનો વિચાર કરીએ છીએ ત્યારે એકલી માયા દેખાય છે અને જ્યારે પુરુષનો વિચાર કરીએ છીએ ત્યારે એકલો પુરુષ જ દેખાય છે બીજું કાંઈ દેખાતું નથી. ૨૫. અને જ્યારે પ્રકૃતિનો વિચાર કરીએ ત્યારે એકલી પ્રકૃતિ જ રહી દેખાય છે તેમજ જ્યારે મૂળપુરુષનો વિચાર કરીએ ત્યારે એકલો મૂળપુરુષ જ જણાય છે. ૨૬. **જ્યારે અક્ષરના સ્વરૂપનો વિચાર કરીએ ત્યારે એકલું અક્ષર જ દેખાય છે અને જ્યારે પુરુષોત્તમનો વિચાર કરીએ ત્યારે એક પુરુષોત્તમ જ જણાય છે. ૨૭. જ્યારે ભક્તને પુરુષોત્તમથી પર કાંઈ બીજું દેખાય નહિ, તેને જ્ઞાનપ્રલય કહેવાય છે. ભગવાન પુરુષોત્તમથી અધિક કાંઈ રહેતું જ નથી. ૨૮.**

ચોપાઈ :

अक्षर आदिक कहे जो जेता, हरि से अधिक न देखावे तेता;
एसे ज्ञान जब साचे होवे, पुरुषोत्तम पर तब कोउ न जोवे...२९

पुरुषोत्तम पर अधिक कहे जेता, कल्पित मत जानना तेता;
एक एक से अधिक जे केवे, कल्पित मत की रीत सो रेवे...३०

જે અક્ષર આદિ તત્ત્વો છે તે ભગવાન પુરુષોત્તમથી અધિક દેખાતા નથી. આવું જ્ઞાન જ્યારે યથાર્થરૂપમાં થાય છે ત્યારે પુરુષોત્તમથી પર કાંઈ જ જણાતું નથી. ૨૯. અને જે પુરુષોત્તમથી પણ પર કોઈ અધિક તત્ત્વને કહે ત્યારે તે મતને કલ્પિત માનવો. એક એકથી અધિક વધારે વધારે કહેવું તે કલ્પિત મતની રીત છે. ૩૦. જેટલા મોટા કલ્પિત મતો છે તે વેદને અને પુરાણોને માનતા નથી. તે મત વેદથી અને પુરાણોથી બહાર છે, બધા વારે વારે કહેવાયેલા મોટા મતો કલ્પિત છે. ૩૧. જેવી તેમની કલ્પિત સમજણ હોય તેવો તે મત આગળ ચલાવે છે અને મત પ્રમાણે તેઓ મોક્ષને માને છે પણ સુજ્ઞ-શાણા પુરુષો તેવાં મોક્ષને માનતા નથી. ૩૨. જે કલ્પિત મોક્ષનું પ્રતિપાદન કરવું તે બધા જ પાપોમાં અધિક પાપ છે. જેને આ મોક્ષ કલ્પિત છે એવું ભાન નથી તેવા લોકો તેને માને છે. ૩૩.

કલ્પિત જ્ઞાન કહેનારા અને સાંભળનારા ગુરુ અને શિષ્ય બંને ઘોર નરકમાં પડે છે. કેટલાએ યુગોથી ચાલ્યા આવતા વેદ અને પુરાણો કલ્પિત ન હોઈ શકે. ૩૪. જે લોકો વેદોને અને પુરાણોને કલ્પિત કહે છે તેઓ ઘોર નરકને પામે છે. ૩૫. ભગવાને જન્મ અને મરણના ધર્મ બે પ્રકારે નિર્ધારિત કર્યા છે તેમાં મનુષ્ય અને પશુ-પંખી વગેરે અનેક યોનિઓ કરી છે અને તે પ્રમાણે તેનો આકાર કર્યો છે. ૩૬. તેનાથી વિપરીત રીતે પણ આપ બળથી કાંઈ કરે તો તેવા ગુરુને કલ્પિત ન કહેવાય. જેમ કે, પૃથ્વી અને પાણીના વિના પણ કોઈ પોતાના સામર્થ્યથી અન્નને ઉપજાવે. ૩૭.

પ્રિયવ્રત રાજાએ સૂર્યથી એકદમ ઊલટી દિશામાં તેની પાછળ પોતાનો રથ હાંકીને રાતનો નાશ કર્યો હતો અને રાતે દિવસ બતાવ્યો હતો. છતાં તેઓ

વેદોને આધીન રહ્યા હતા. ૩૮.અગસ્ત્યે સમુદ્રનું પાન કર્યું હતું. વિશ્વામિત્રે વૃક્ષ ઉપર માનવશરીર કરવાની તૈયારી કરી હતી, છતાં તેઓ વેદને અનુસર્યા હતા. ૩૯. **ભગવાને જે રીત પ્રવર્તાવી, તેવું દેવો અને મનુષ્યથી બની શકે નહિ. ત્રિલોકીને જીતનારા પણ વેદોને માનતા હતા. ૪૦.** જે વેદોનો ઉચ્છેદ કરે તેને વેદો અસુર કહે છે. જેણે બીજા અનેકને બંધનમાં રાખ્યા તેઓ કયારેય દેવ કહેવાય નહિ. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ વેદાંતની ચર્ચા પ્રસંગે વૈદિક મતની પ્રધાનતા કહી' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર અગિયારમું : તરંગ - ૫

અંજારમાં શ્રીહરિએ લોકોને મોહમદિરાની વાત કહી

શ્રીહરિએ ઘણી બળવાળી અને અગાધ જ્ઞાનપૂર્ણ જે વાત કહી તેને સાંભળીને બધા વેદાંતીઓ આશ્ચર્ય પામ્યા. ૧. તેમણે બંને હાથ જોડીને મસ્તક નમાવ્યું. અને શ્રીહરિને કહ્યું, પ્રભુ ! અમને આપ આપના શરણે લો, આપની પાસે અમે તે માગીએ છીએ. ૨. ત્યારે શ્રીહરિએ જળ મગાવ્યું, પોતાના હાથથી તેમનો હાથ પકડ્યો. પછી તરત જ વ્રતમાન-નિયમ ધરાવ્યાં અને તેમનાં અનંત જન્મનાં પોપોનો નાશ કર્યો. ૩. તેમને સ્વામિનારાયણ નામનું ભજન કરવાની રીત બતાવી. તેમના અંતકાળે આવીને અમે પોતાના અક્ષરધામમાં લઈ જાશું, ૪. આવો કોલ આપીને શ્રીહરિએ તેમને રજા આપી. અધરાત ઉપર થોડો સમય થયો ત્યાં સુધી શ્રીહરિએ વાતો કરી હતી. પછી રંગભીના ઘનશ્યામ પોઢી ગયા. ૫. જ્યારે અરુણોદય થયો ત્યારે શ્રીહરિ સ્નાનાદિ નિત્યકર્મ કરીને તરત જ તૈયાર થઈ ગયા. સાથે જે સંતો, વર્ણીઓ અને પાર્ષદો હતા તેઓ બધા પણ નાહીને તૈયાર થઈ ગયા. ૬.

પછી શ્રીહરિ **અંજાર** ગામ આવ્યા. બધા હરિભક્તો દોડીને સન્મુખ આવ્યા. વિપ્ર છગનભાઈ જોષી, અને ખેતાભાઈ સુતાર. ૭. એ આદિક જે

હરિભક્તો હતા તે આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ઢોલ આદિક વાજિંત્ર વગડાવી શ્રીહરિને પુરમાં પધરાવ્યા. ૮. શ્રીહરિ અંજાર પુરમાં આવ્યા ત્યારે બજારની શોભા અદ્‍ભુત કરી હતી. બજારમાં અપાર પુરજનો ઊભા હતા. સહુના હાથમાં ફૂલહાર લીધેલા હતા. ૯. શ્રીહરિ એક સારા સુંદર અશ્વ ઉપર બેઠા હતા. અને સુખકારી જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. અશ્વને પણ જરિયાની શણગારથી સજાવ્યો હતો. શ્રીહરિ ત્યારે અદ્‍ભુત શોભાને ધારી રહ્યા હતા. ૧૦.

જરીદાર છત્ર મસ્તક ઉપર શોભતું હતું. દેખનારા બધા લોકોનું મન તેમાં લોભાતું હતું. બધા નરનારીઓ ફૂલહાર પહેરાવતા અને દર્શન કરવા છતાં તેમની આંખોને તૃપ્તિ થાતી ન હતી. ૧૧. બધા જ લોકો ‘જય જય’ ‘જય જય’ નો જયઘોષ કરતા હતા. મૂર્તિનાં દર્શન કરતાં મટકું પણ મારતા નહિ. આમ દર્શન આપતાં બહુનામી શ્રીહરિ છગન જોષીને ઘેર આવ્યા. ૧૨. છગનભાઈએ એક નવરંગ પલંગ ઢાળીને તેના ઉપર તેવા જ ગાદી તકિયા બીછાવી દીધા. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. તેની શોભા અનંત બની હતી. ૧૩. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણીઓ અને પાર્ષદો આવ્યા હતા તે સહુને ઉતારા આપ્યા. તે પછી રસોઈ કરાવી. ૧૪.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીવા કરાવ્યા. ગામના અપાર લોકો આવ્યા અને સંતો આરતી બોલવા લાગ્યા. ૧૫. તે પછી તેમણે ‘નારાયણ ધૂન’ કરી. તેનો મહાન ધ્વનિ થયો. બધું આકાશ ગાજી ઊઠ્યું. ૧૬. જ્યારે તે ‘નારાયણ ધૂન’ પૂરી થઈ ત્યારે ‘જય...’ ધ્વનિ મુખથી કર્યો. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા ઊઠ્યા. ૧૭. ક્રિયાકુશળ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ચાખડીઓ પહેરી અને જ્યાં રસોઈ તૈયાર કરી હતી ત્યાં આવ્યા. જળથી બંને ચરણ ધોવડાવ્યા. ૧૮. પછી આવીને બાજોઠ ઉપર બેઠા અને ભોજનોનો પીરસેલો થાળ લાવીને આગળ ધર્યો. સાકર નાખીને કંસાર કર્યો હતો અને તેની સાથે રોટલી પણ ધરાવી હતી. ૧૯. પાપડ અને શાક પણ ઘણા ભાવથી ધરાવ્યાં હતાં. શ્રીહરિ તેને જમવા લાગ્યા. જ્યારે પ્રભુ કંસાર જમી રહ્યા ત્યારે ભાત અને દૂધ લીધું. ૨૦.

દૂધમાં સાકર નાખી હતી. જેટલી રુચિ હતી તેટલું પ્યારા શ્રીહરિ જમ્યા. જ્યારે જમતા હોય ત્યારે વચ્ચે બે-ત્રણ વાર પાણી પીતા. ૨૧. એક પાશેર પાણી ભરાય તેવડો ચાંદીનો અબખોરો હતો. તેને ચાંદીના લોટા ઉપર જ મૂકતા અને તેનાં ઉપર પાણી ગાળવાનું ગળણું મૂકતા હતા. ૨૨. શ્રીહરિને જમતી વેળાએ પાણી પીવાનું હોય ત્યારે તરત વર્ણીની સામે જોતાં. તેઓ શ્રીહરિની મરજી જાણતા હતા એટલે તરત જ વર્ણી હાથમાં પાણીનો અબખોરો આપતા હતા. ૨૩. શ્રીહરિ જમી રહ્યા છે એમ જાણીને વર્ણીએ હેતથી હાથ અને મુખ ધોવડાવ્યા. રૂમાલથી તેને લુછાવ્યા. પછી શ્રીહરિએ હેતથી મુખવાસ લીધો. ૨૪. પછી ભક્તજનોના આધારરૂપ શ્રીહરિએ તે સમયે સંતોને અને પાર્ષદોને જમાડ્યા. પોતે જ ઘણા હેતથી તે ભોજન પંગતમાં પીરસ્યું. ૨૫.

બધા સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. આવીને પલંગ ઉપર બેઠા. પછી સહુની સભા થઈ. ૨૬. પછી સંતોએ સારા ઉપદેશ ભરેલા કીર્તન ગાયા. પુરના બધા લોકો બેઠા હતા તેમને તે કીર્તન ઘણા ગમી ગયા. ૨૭. સંતો કીર્તન ગાઈ રહ્યા ત્યારે જે લોકો આવ્યા હતા તે બધાનું અત્યંત હિત વિચારીને શ્રીહરિ વાતો કરવા લાગ્યા. ૨૮.

❋ જે મોહ હટાવશે તે મહાસુખ પામશે :

શ્રીહરિ ઘણું હેત લાવીને બોલ્યા, તમે બધાએ અહીં આવીને સંતોનાં કીર્તન સાંભળ્યાં. તે કીર્તનોનો જે ભાવાર્થ છે તે બધાને કદાચ ન સમજાયો હોય. ૨૯. તે કીર્તનોનો અર્થ અમે જે સમજીએ છીએ તે તમને હવે અમે કહીએ છીએ. તમે જે કાંઈ ઉદ્યમ ધંધો કરો છો, તેમાં ફળનો વિચાર કર્યા વિના કયારેય કાંઈ કરતા નથી. ૩૦. તેનું ફળ વિચાર્યા વિના જો ઉદ્યમ કરતા હોવ તો તેનું એક પણ પ્રયોજન કાંઈ હાથમાં આવતું નથી. તેમાં પણ જો પાપ અને બંધન થાય એવો ઉદ્યમ હોય તો તે પાપનું બંધન જીવને અવશ્ય થાય છે. ૩૧. પાપથી રહિત થઈ જવાય એવો ઉદ્યમ જો કોઈ કરે તો તેનાંથી બધા પાપ છૂટી જાય છે. જે કરવાથી જીવને પાપરૂપ બંધન થાતું હોય તેનો વિચાર તો પ્રથમ જ કરવો જોઈએ. ૩૨. આગ, સાપ અને સિંહને

કોઈ હાથથી અડતા નથી. જે જે ઝેર કહેવાય છે તેનો સ્વાદ જાણીને કોઈ તેને ખાતા નથી. ૩૩.

❋ આજ્ઞા લોપે તો દુઃખ થાય, મોહનું સ્વરૂપ :

એટલે જે ક્રિયા કરવાની ન હોય તેનો લોકમાં અને શાસ્ત્રમાં નિષેધ કર્યો હોય છે. તે નિષેધ કર્યો હોવા છતાં, જો કોઈ તે ક્રિયાને કરતા હોય છે તો તે ક્રિયા કરનારો આ લોકમાં અને પરલોકમાં દુઃખી થાય છે. ૩૪. નજરે દુઃખ દેખાતું જ હોય છતાં, તે દુઃખ થાય એવી ક્રિયાને જે કરે છે તેનું જ નામ મોહ કહેવાય છે અને મોહે કરીને માણસો દુઃખી રહે છે. ૩૫. પીવાતી મદિરા કરતાં પણ મોહરૂપ મદિરા વધારે ખતરનાક છે, તે મોહની મદિરા દરેક નર-નારીને ઉન્મત્ત કરી દે છે અને તેથી તે નર-નારી જે સત્સંગ કરનારા છે તેનું પણ અપમાન કરતા રહે છે. ૩૬. જે હરિભક્ત છે તેઓ તો નિયમ પાળવારૂપી વિવિધ પ્રકારના વસ્ત્ર પહેરે છે, પણ જે વિમુખ છે તેઓ તો તે નિયમરૂપી વસ્ત્રોને ફેંકી દે છે. ૩૭.

મોહરૂપી મદિરાનું પાન કરીને લોકો આંધળા થઈ જાય છે. તે મોહિલા લોકો માયિક પંચવિષયોમાં સુખ માને છે અને તેના બંધાણી થઈ જાય છે. ૩૮. અજ્ઞાની માણસ જેમાં સુખ માનતો હોય તેમાં જો કોઈ સમજુ માણસ દુઃખ દેખાડે, તો તરત જ તેને શત્રુ માને છે. આ આખા જગતની રીત જ આવી છે. ૩૯. માણસ જેમાં હેત માનતો હોય તેને તે આધીન થઈ જાય છે. જ્યારે તે હેતે કરીને અંધ થઈ જાય છે ત્યારપછી તેને તેનો અભાવ આવતો જ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'અંજારમાં શ્રીહરિએ લોકોને મોહમદિરાની વાત કહી' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર અગિયારમું : તરંગ - ૬

શ્રીહરિ કચ્છમાંથી નીકળી વહાણમાં બેસીને જોડિયા બંદર આવ્યા

અંજારમાં શ્રીહરિએ લોકો આગળ ઉપર કહી ગયા તેવી વાત કરી ત્યારે તે બધાએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ૧. હે સ્વામિનારાયણ ! આપે જે જે વાત કહી, તે પ્રમાણે આ દુનિયામાં કોણ શિષ્ય અને કોણ ગુરુ વર્તે છે ? ૨. જેને જેવા ગુરુ આવીને મળી ગયા, તેઓ તે પ્રમાણે વર્તે છે, ચાલે છે, અને ગુરુ પણ લોકોની જેવી રુચિ હોય તેવો બોધ-ઉપદેશ આપે છે. ૩. રોગીની રુચિ જોઈ-વિચારીને વૈદ્ય તેને દવા આપે છે. જ્યારે તેમની પ્રકૃતિ-રુચિ મળી જાય છે ત્યારે બધા લોકો તેને માને છે. ૪. **પ્રકૃતિ મળ્યા સિવાય કોઈ મોટો વૈદ્ય હોય તોપણ તેને કોઈ નર-નારી માનતા નથી. જેમ રુચિ-પ્રકૃતિ મળે ત્યારે વૈદ્યને માને છે તેમ ગુરુને પણ દેવ જેવા ગણીને માને-પૂજે છે. ૫.**

વૈદ્ય શરીરના રોગને મટાડે છે. તે કાંઈ જીવને નિરોગી કરતો નથી. જીવને ભવસાગરનો અપાર રોગ થયો છે. ગુરુના સિવાય તે રોગને કોણ દેખાડે ? ૬. આપના સિવાયના જેટલા ગુરુઓ કહેવાય છે તે તો અમને જણાય છે કે, બધા ભવસાગરમાં ડૂબેલા જ છે. અત્યારે જ્યારે અમને આપનાં દર્શન થયાં ત્યારે એ બધું સમજાયું-દેખાયું છે. ૭. સ્વામી, અમે મનમાં નિર્ધાર કર્યો છે કે, હવે જેમ આપ કહો તેમ અમારે કરવું છે. જે કોઈ પણ મનુષ્ય આપનાં વચનરૂપી દવાને પ્રેમથી લેશે, ૮. તેનો ભવરૂપી રોગ બધો જ મટી જાશે. કેમ જે, તમારા વચન એવાં છે. બીજા ગુરુઓનાં જે વચન હોય છે, તે તો ઘોર નરકમાં નાખે તેવાં હોય છે.' ૯. આવું બોલીને તે સહુ લોકોએ શ્રીહરિની પાસે વ્રતમાન-નિયમ ધાર્યાં અને તે મતવાલા સારા હરિભક્ત થયા.

તેમણે જે અગિયાર નિયમ કહેવાય છે તેનાં નામ શીખી લીધાં. ૧૦. ૧. દારૂ ન પીવો, ૨. માંસ ન ખાવું, ૩. ચોરી ન કરવી, ૪. વ્યભિચાર ન કરવો, ૫. વટલવું-વટલાવવું નહીં, ૬. વિધવાના સ્પર્શથી બચીને ચાલવું, ૭. કોઈ દેવની નિંદા ન કરવી, ૮. આત્મઘાત ન કરવો, ૯. અણગળ પાણી કે દૂધ પીવું નહિ, ૧૦. હરિવિમુખનાં મુખની વાત ન સાંભળવી, ૧૧.

કોઈને માથે મિથ્યા અપવાદ ન મૂકવો. ધીર હરિભક્તે તે અગિયાર નિયમ ધારી રાખવાં અર્થાત્ તેને પાળવાં. ૧૧-૧૩. શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે મધ્યરાત્રિ થઈ ગઈ હતી. પછી સ્વયં શ્રીહરિ પોઢી ગયા અને તે બધા પોતાને ઘેર ગયા. ૧૪.

જ્યારે અરુણોદય થયો ત્યારે શ્રીહરિએ ઊઠીને સ્નાન કર્યું. ત્યારે બધા સંતો અને પાર્ષદો પણ સ્નાન કરવા ગયા. ૧૫. બધા નાહીને તરત પાછા આવ્યા. શ્રીહરિ તૈયાર થયા. પછી સંતો પણ પૂજા કરીને ત્યારે તરત ચાલવાની તૈયારી કરી. ૧૬. શ્રીહરિ જ્યારે ચાલતા થયા ત્યારે બધા હરિભક્તો ગામ બહાર આવ્યા. પા કોશ જેટલું દૂર સહુ પાછળ આવ્યા ત્યારે શ્રીહરિએ હરિભક્તોને પાછા વાળ્યા. ૧૭. બધા હરિભક્તો તમે અહીંયાં ઊભા રહો, શ્રીહરિએ એમ જ્યારે કહ્યું, ત્યારે સહુ પગે લાગ્યા. શ્રીહરિ અનુપમ-અજોડ અશ્વ ઉપર બેઠા. શ્રીહરિની મૂર્તિ અત્યંત તેજસ્વી અને ઘણી જ રૂપાળી હતી. ૧૮. ખૂબ જ ઉતાવળથી ચાલ્યા. **'તુણા'** ગામમાં આવીને ઉતારો કર્યો. ત્યાં રાત રહ્યા. રસોઈ બનાવડાવી. શ્રીહરિ પોતે જમ્યા અને સંતોને પણ જમાડ્યા. ૧૯. બધા પાર્ષદો પણ સાથે જમ્યા. સહુનાં હૃદયમાં ઘણો ઉમંગ ભર્યો હતો. રાતે વહાણ તૈયાર કરાવી રાખ્યું હતું. સહુ જઈને તેમાં બેઠા. ૨૦.

જ્યારે વહાણને ઊપડવાનો સમય થયો ત્યારે તે ચાલ્યું અને પહોર (૩ કલાક) દિવસ ચઢ્યો ત્યારે **જોડિયા** બંદર ઊતર્યા અને **જોડિયા** ગામ આવ્યા. ૨૧. શ્રીહરિને આવ્યા સાંભળીને સહુ હરિભક્તો સન્મુખ આવ્યા. બધાએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાં આગળ ભદ્રાવતી નદી છે, તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૨૨. સાથે જે સંતો અને પાર્ષદો હતા તે બધા નદીમાં નાહ્યા. ત્યાં નદીમાં જ સહુએ પૂજા અને તિલક વગેરે કર્યું અને તે પછી જોડિયા ગામમાં આવ્યા. ૨૩. સોનેરી સાજ-સામાનથી શણગારેલા અશ્વ ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ બેઠા. પોતે પણ વસ્ત્ર અને અલંકાર આદિ બધો સાજ સોનેરી ધાર્યો હતો. મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. બધી અદ્‌ભુત શોભા ધારણ કરી હતી. ૨૪. ઢોલ અને ત્રાંસા જેવા વાજિંત્ર વાગતા હતા. રાજમાર્ગ ઉપર સંતો અને હરિભક્તો કીર્તન ગાતા ચાલ્યા આવતા હતા. ૨૫.

આદરભાવવાળા ગામના લોકો બજારે ઊભા હતા. અપાર નર-નારીઓએ હાથમાં ફૂલહાર લીધા હતા. ૨૬. પ્રભુને જગદાધાર સમજીને પ્રેમથી ભર્યા ભક્તો અપાર ફૂલહાર પહેરાવતા હતા અને પાસે આવીને ચરણોમાં નમસ્કાર કરતા હતા. ૨૭. આમ લોકોને દર્શન દેતા શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. તે પછી સંતો અને હરિભક્તોની સાથે સહુ હરિભક્તોને ઘેર આવ્યા. ૨૮. જોડિયા ગામમાં નારાયણભાઈ નામે એક સુતાર સત્સંગી રહેતા હતા. શ્રીહરિ તેના ઘેર ઊતર્યા અને તેણે શ્રીહરિને માટે એક નવરંગ પલંગ બિછાવી દીધો. ૨૯. બહુનામી શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. શ્રીહરિની મૂર્તિ ફૂલહારથી ઢંકાઈ ગઈ હતી. પછી તેમણે ઘણા જ પ્યારથી તે ફૂલહાર સંતોને અને હરિભક્તોને આપ્યા. ૩૦. વર્ણી અને પાર્ષદો સહુને પ્રસાદીના ફૂલહાર આપ્યા. ફૂલહારોથી બધી સભા અદ્‌ભુત શોભવા લાગી.

પછી જોડિયા ગામના બધા હરિભક્તોએ મળીને રસોઈ કરવાની શરૂઆત કરાવી. ૩૧. તેઓ શુદ્ધ પાણી ભરી લાવ્યા. વર્ણી તરત રસોઈ બનાવવા લાગ્યા. પૂરી અને સાકરનો શીરો બનાવ્યો. ભજિયાં અને વડાં પણ તરત કર્યાં. ૩૨. બીજાં શાક પણ વિવિધ પ્રકારના કરાવ્યાં. ત્યાં ધર્મકુમાર શ્રીહરિ જમવા આવ્યા. બે પીતાંબર હતાં તેમાં એક પહેર્યું અને બીજું ઓઢ્યું. ૩૩. હાથ અને ચરણ ધોઈને બાજોઠ ઉપર બેઠા. જે રસોઈ બનાવી હતી તે પીરસીને શ્રીહરિને થાળ ધરાવ્યો. શ્રીહરિ તે જમવા લાગ્યા. જમવામાં કાંઈ કસર રાખી નહિ. ૩૪. છેવટે દહીં, ભાત અને સાકર ઘણાં પ્રેમથી જમ્યા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે વિશ્વના આધાર શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. ૩૫. રૂમાલથી મુખ લૂછીને મુખવાસ લીધો. તે પછી તરત પાસે જ સંતોની પંગત કરાવી. ત્યાં પાર્ષદો પણ આવીને જમવા બેઠા. તે સહુને શ્રીહરિ હરખભેર પીરસવા લાગ્યા. ૩૬.

સહુ સંતો શીરો અને પૂરી જમીને જ્યારે તૃપ્ત થયા તે પછી શ્રીહરિએ ઘણા હરખથી દહીં, ભાત અને સાકર પીરસ્યાં. ૩૭. તે પછી શ્રીહરિ કરચરણ આદિ ધોઈને આવ્યા અને પલંગ ઉપર બેઠા. પછી જમીને સંતો

પણ હરખતે હૈયે શ્રીહરિની પાસે આવ્યા. ૩૮. શ્રીહરિએ સહુને કહ્યું, હવે આપણે હાલાર દેશમાં આવી ગયા છીએ. દેશેદેશમાં અત્યારે હરિભક્તોનો સમાજ સરસ થયો છે. ૩૯. જેવો દેશ હોય તેવો લોકોનો પહેરવેશ છે અને તેમની ભાષા પણ દેશાનુસારે છે. તેમાં લવલેશમાત્ર પણ ફરક નથી. અરે, બળદગાડીઓ પણ તે તે દેશોને અનુસારે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ કચ્છમાંથી નીકળીને વહાણમાં બેસીને જોડિયા આવ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર અગિયારમું : તરંગ - ૭

જોડિયામાં હરિભક્તોને વાત કરી, જમ્યા અને ભાદરા જવા ચાલ્યા

જોડિયા ગામના હરિભક્તોએ શ્રીહરિને કહ્યું, મહારાજ ! આપ આ વખતે કચ્છ દેશમાં બહુ ટકી ગયા. ૧. હાલાર, સોરઠ, કાઠિયાવાડ, ઝાલાવાડ અને ગુજરાત એ બધા દેશો કરતાં આપને કચ્છ પ્રદેશ ઘણો ગમી ગયો. ૨. આપ બીજા દેશમાં કયાંય ટકતા નથી અને કચ્છમાં ઘણું રહ્યા, તેનું શું કારણ છે ? બીજા દેશમાં રહેનારા હરિભક્તો પણ આવું જ કહે છે. ૩. બીજા દેશો કરતાં આપે કચ્છ દેશને પુણ્યશાળી કરી દીધો છે. બીજા જે જે દેશમાં હરિભક્તો રહે છે તે આપનું રટણ કરતા રહે છે. ૪.

ત્યારે શ્રીહરિએ તે ભક્તોને કહ્યું, સાંભળો, કચ્છ દેશમાં પ્રજાને બીજો કાંઈ ઉપદ્રવ નથી. બીજા દેશોમાં તો ભારે ઉપદ્રવ થયા કરે છે. વારંવાર લશ્કર ચઢી આવે છે. ૫. લશ્કરને લીધે પ્રજાને કે રાજાને, કોઈને સુખ-શાંતિ નથી. એક એકને પકડીને મારે છે. જે કાઠીઓ સત્સંગી નથી થયા તેઓ બધા મેલીકાર કરે છે. ધાડુ પાડે છે. ૬. ગામે ગામના માણસોને મારે છે. લૂંટી લે છે. લગારેય દયા રાખતા નથી. વારંવાર ગાયો, ભેંસો અને બળદોને લઈ જાય છે. ૭. બીજા દેશોમાં તો એક પલકવાર પણ શાંતિ નથી. રાત અને દિવસ ક્લેશ જ હોય છે એવું અમે દેખીએ છીએ. જ્યાં ક્લેશ હોય ત્યાં અમે

કઈ રીતે રહીએ ? અમે તો જ્યાં ક્લેશ હોય ત્યાં પગ પણ મૂકીએ નહિ. ૮. ક્લેશને લીધે તો અમે અમારો દેશ છોડીને વનમાં રહ્યા હતા. સાત વર્ષ વનમાં રહ્યા અને ફળ ખાઈને તપ કર્યું. ૯. ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભારતમાં જે મોટા મોટા તીર્થ કહેવાય છે, તે તીર્થોને કરીને અમે પશ્ચિમ ભારતમાં આવ્યા અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શન કર્યાં. ૧૦.

સ્વામીની અલૌકિક રીત અમે દેખી. અમારી અને તેમની રુચિ એક થઈ ગઈ. અમારી અને તેમની રુચિ જ્યારે મળી ગઈ ત્યારે અમે અહીંયાં ટકી ગયા છીએ. ૧૧. એમનામાં જે સામર્થ્ય હતું તે તેમણે અમને દેખાડ્યું. અમારામાં જે કાંઈ પ્રતાપ હતો તે બધો તેમણે પારખી લીધો. ૧૨. પોતે તો નિરાવરણ દૃષ્ટિવાળા હતા. તેઓ મનમાં જે સંકલ્પ કરતા તે વસ્તુને પાસે જ દેખતા હતા. જેનામાં જે સામર્થ્ય હોય તેને તેઓ જાણી લેતા હતા. અધિકારી વિના કોઈને કહેતા નહિ. મોટા પુરુષની જે આવી રીત હોય છે તેને સુજ્ઞ મનુષ્યો સમજી લેતા હોય છે. ૧૩-૧૪.

પૂર્વે જે જે અવતારો થઈ ગયા છે તેમણે અપાર સામર્થ્ય દેખાડ્યું છે. એક એકથી અધિક પ્રતાપ દેખીને તેઓને ઈશ્વર કહ્યા છે. ૧૫. મોટાના પ્રતાપને દેખીને લોકો તેમને 'આ પરમેશ્વર છે' એમ કહે છે. તેઓ છુપાવ્યા છુપાતા નથી. જેમ સૂર્ય ઉદય થાય ત્યારે કાંઈ ઘાટું અંધારું રહેતું નથી. ૧૬.

❋ મહાપુરુષના લક્ષણ :

જે મોટા પુરુષો હોય છે તે કયાંય બળ વાપરતા નથી. જોર કરીને પોતાનું સામર્થ્ય દેખાડતા નથી અને બળ કરીને જે સામર્થ્ય દેખાડે છે તે તો તુચ્છ માણસોનું કામ છે. ૧૭. જ્યારે કીડી આખા બ્રહ્માંડને લઈને ચાલે ત્યારે તેને કીડી માનવી નહિ. સુજ્ઞ માણસે વિચારવું જોઈએ કે બ્રહ્માંડને ઉઠાવવાનું સામર્થ્ય કીડીમાં હોય નહિ. ૧૮.

ચોપાઈ :

श्रीहरि समर्थ एसे कहावे, किडी से ब्रह्मांड को काम चलावे;
श्रीहरि के संकल्प में जोउ, अनंत सामृथ रहे हें सोउ...१९

ભગવાન એવા સમર્થ કહેવાય છે કે, તે કીડીદ્વારા બ્રહ્માંડનું કામ કરાવે છે. ભગવાનનાં સંકલ્પોમાં જ એવું અનંત સામર્થ્ય રહ્યું છે. ૧૯. જેમ રૂપિયામાં બહારથી કાંઈ દેખાતું નથી. તેમાં કડવો કે ગળ્યો કોઈ સ્વાદ નથી પણ ભૂમિ ઉપરના જે જે પદાર્થ છે તે બધા તે રૂપિયામાં જ ભર્યા છે. ૨૦. રૂપિયા જ માથું કપાવે અને માથાને બચાવે છે. અપાર ગુણો અને દોષો તેમાં રહ્યા છે. જે મનુષ્ય જેવું ફળ લેવા મનમાં ધારે છે તે જો આવડે તો તે રૂપિયા તેવું ફળ આપે છે. ૨૧. અને જે રીતે મનુષ્ય સમર્થ દેખાય તે રીતે તેમાં અનંત સામર્થ્ય ભર્યું હોય છે. અને વળી મનુષ્યને જેવા જ્ઞાનીનો ભેટો થાય છે તેવું તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨૨. જ્ઞાની મનુષ્યનો જોગ થયા વિના માણસને જ્ઞાન થાતું નથી. તેવા જોગ વિના ખોટી રીતે મનુષ્યશરીરને ખુએ છે. એક તો મનુષ્યજન્મ વૃથા જાય અને ઉપરથી તે આત્મઘાતી કહેવાય છે. ૨૩.

અજ્ઞાની મનુષ્યોને જ્ઞાન આપવાને માટે જ સંતપુરુષો આજે ભૂમિ ઉપર ફરતા હોય છે. આજે જેને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે તેના જેવો બીજો કોઈ મોટો ભાગ્યશાળી જાણવો નહિ. ૨૪.

दोहा : अवतार कहावत जितने, ताको सामर्थ जेतो;
आज के जो अवतार में, सहज हि वर्तत तेतो...२५

अवतार के अब ज्ञान ही, संपूरण जेहि होत;
सामृथ जानत सहज सो, सत्संग चित्त जो प्रोत...२६

જેટલા પૂર્વે અવતાર થઈ ગયા હતા અને તે બધાનું જે સામર્થ્ય હતું તેટલું સામર્થ્ય તો અત્યારના અવતારમાં સહજભાવે રહ્યું છે. ૨૫. હાલ જેને આ અવતારનું સંપૂર્ણ જ્ઞાન થાય છે અને જે સત્સંગમાં ચિત્તને પરોવે છે તે અવતારોનાં સામર્થ્યને સહજભાવે જાણી શકે છે. ૨૬.

જે મનુષ્ય સત્સંગનો કાયમ જોગ રાખતો હોય છે અથવા જે સત્સંગને સાંભળતો હોય છે, તેને જન્મ-મરણ અને જમપુરી, તે રૂપ ભવરોગ મટી જાય છે. ૨૭. જે કોઈ મનુષ્ય વગેરે જે તે પ્રકારે સત્સંગમાં ઉપયોગી થયા હોય, તેઓ તો ભવપારને પામી ગયા છે. કારણ કે, સત્સંગમાં એવું મહાન

સામર્થ્ય રહ્યું છે. ૨૮. સત્સંગનું અપાર સામર્થ્ય દેખીને પણ તેમાં જે પ્રેમ નથી કરતા, તેના જેવો તો બીજો કોઈ અભાગિયો નથી. તે તો ભવસાગરમાં ભટકયા કરશે. ૨૯.

જે કોઈ પણ મનુષ્ય જ્યારે સત્સંગ કરશે ત્યારે તે ધર્મવંશી કહેવાશે. હજાર, લાખ કે કરોડ વરસે પણ આવો સત્સંગ ઉમંગથી કરશે. અરે, બ્રહ્માંડ રહે ત્યાં સુધીમાં પણ આવો સત્સંગ જે કરશે તે ધર્મવંશી કહેવાશે. ૩૦. નિયમ-ધર્મોને અદ્દલ રીતે જે પાળશે, તત્પર થઈને તેને જે રાખશે તે ધર્મવંશી કહેવાશે. જે 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારશે, ધર્મવંશીની સેવા કરશે તે ધર્મવંશી કહેવાશે. ૩૧. ધર્મવંશીના આશ્રિત જે સંતો અને વર્ણીઓ જે કહેવાય છે અને ચારે વર્ણના જે કોઈ પણ લોકો ધર્મકુળના આશ્રિત છે, ૩૨. ધર્મકુળની સેવા કરે-કરાવે છે, એ બધા જ ધર્મવંશી કહેવાય. (તે બધા ભવસાગરને તરી જાશે.) જે શિષ્ય હોય તેણે ગુરુ પાસે સેવા કયારેય કરાવવી નહિ. ૩૩.

શિષ્યના આવા બધા ધર્મ છે તેને સહુ હરિભક્તોએ જાણવા. બાલમુકુંદ અને શાલિગ્રામ સ્વરૂપને જે ભક્ત પૂજતો હોય તેણે ઘસેલું ચંદન તે સ્વરૂપને અર્પણ કરવું, તેનાથી પૂજવા તે વિવેક કહેવાય છે. પૂજેલા દેવ તેના ઉપર ઘણા રીઝે છે. તે પૂજેલા દેવ પાપને નાશ કરનારા પ્રકટ ભગવાનને મેળવી દે છે. ૩૪-૩૫. પરંતુ શાલિગ્રામના ઉપર જ ચંદન ઘસીને જે તેમને ચંદન ચઢાવે છે તેના ઉપર તે દેવ કયારેય રીઝતા નથી. તે તો પ્રકટ દેખાય જ છે. ૩૬. પોતાના ગુરુનાં જે અન્ન-જળ હોય, તથા દેવની જે કોઈ વસ્તુ હોય તેને પોતાના ઉપયોગમાં વાપરવા યોગ્ય નથી. એવું ધર્મશાસ્ત્રનું વચન છે. ૩૭.

શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે એક પહોર (૩ કલાક) દિવસ બાકી રહ્યો હતો અને તૈયારી કરીને જોડિયાથી ચાલ્યા. તે **ભાદરા** ગામને રસ્તે આવ્યા. ૩૮. હરિભક્તોએ રોકવા માટે ઘણી તાણ કરી તોપણ શ્રીહરિ ચાલતા થયા. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. મસ્તક ઉપર છત્ર શોભી રહ્યું હતું. ૩૯. ભક્તોને ઘણો જ ભાવ હતો. બધા શ્રીહરિની પાસે દોડતા આવ્યા. મસ્તક નમાવીને પગે લાગ્યા અને હાથ જોડીને વિનંતી કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'જોડિયામાં હરિભક્તોને વાત કરી, જમ્યા અને ભાદરા જવા ચાલ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર અગિયારમું : તરંગ - ૮

ભાદરામાં મરજી પ્રમાણેની સેવાની વિશેષતા કહી

જોડિયાના ભક્તોને દર્શન આપતાં શ્રીહરિ રાજબજારે નીકળ્યા. અપાર હરિભક્તો સાથે હતા અને ગામ બહાર આવ્યા. ૧. ગામથી થોડા દૂર આવ્યા હશે ત્યારે તે ગામના જે હરિભક્તો હતા તેમને હવે પાછા વળો એમ કહીને બધાને ત્યાં ઊભા રાખ્યા. ૨. શ્રીહરિને પગે લાગ્યા અને હરિભક્તો ઊભા રહ્યા. શ્રીહરિ ભાદર નદીને કિનારે ચાલતા થયા. ૩. ભાદરા ગામની પાસે ભાદર નદીમાં શ્રીહરિએ સ્નાન કર્યું. ત્યાં ભાદરા ગામમાં જે હરિભક્તો રહેતા હતા તે બધા નદીને કિનારે શ્રીહરિની પાસે આવ્યા. ૪. હરિભક્તોના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. તેઓ શ્રીહરિને અને સંતોને પગે લાગ્યા. સૌ શ્રીફળ અને ફૂલના હાર લાવ્યા હતા. ઘણા જ પ્યારથી શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. ૫. જે શ્રીફળ શ્રીહરિની આગળ ધર્યાં હતાં પછી તે જેનાં હતાં તેને શ્રીહરિએ 'લો, આ પ્રસાદીનાં થયાં.' એમ કહીને પાછા આપ્યાં. ભક્તોએ પ્રેમથી તે લઈ લીધાં. ૬.

સંતો, વર્ણીઓ અને પાર્ષદો જે હતા, તે બધાએ સ્નાન કરી લીધું. પછી તૈયાર થઈને ભગવાન શ્રીહરિ ગામમાં જવા ચાલ્યા. શ્રેષ્ઠ સુજાણ એવા શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૭. શ્રીહરિએ પોતાનાં અંગો ઉપર બધાં વસ્ત્ર અને અલંકાર સોનેરી ધારણ કર્યાં હતાં. અશ્વને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. તેની શોભા ગરુડના જેવી લાગતી હતી. ૮. જેનાં ઉપર વિચિત્ર અને ભારે સોનાનો કળશ હતો, એવું છત્ર સુખકારી શ્રીહરિએ મસ્તક ઉપર ધારણ કર્યું હતું. મહારાજાધિરાજ શ્રીહરિએ ભક્તોને દર્શન દેવા માટે અદ્‌ભુત વેષ અને ભૂષણ ધારણ કર્યાં હતાં. ૯. લલાટમાં કેસરી તિલક અને વચ્ચે કુંકુમનો

ભવ્ય ચાંદલો કર્યો હતો. તેનાથી ઊપડતું વિશાળ કપાળ સોહામણું લાગતું હતું. તે સમયે શ્રીહરિએ સુંદર શોભાદાર મોતી ભરેલી છડી હાથમાં લીધી હતી. ૧૦.

હરિભક્તો જે વાજિંત્ર લાવ્યા હતા. તે આગળ આગળ વાગતાં ચાલતાં હતાં. શ્રીહરિની સાથે જે હરિભક્તો અને સંતો હતા તે બધા ઉમંગથી કીર્તન ગાતા હતા. ૧૧. જે ભક્તો ભાવથી શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા તેમના હૃદયમાં આનંદ સમાતો ન હતો. તેમના પ્રાણ મૂર્તિમાં લીન થઈ ગયા અને શરીરનું કાંઈ ભાન રહ્યું નહિ. ૧૨. તે ભક્તો ચિત્રવત્-ભાનરહિત હોય એવા થઈને શ્રીહરિની સાથે ચાલતા હતા. શ્રીહરિ જ્યારે ગામમાં આવ્યા ત્યારે દર્શન કરીને લોકો પ્રસન્ન થયા. ૧૩. શ્રીહરિ જ્યારે રાજબજારે નીકળ્યા. ત્યારે ત્યાં એવી અપાર શોભા કરી હતી કે, તેનું વર્ણન મુખથી કરી શકાતું નથી. ૧૪. શ્રીહરિ આવ્યા છે એવું સાંભળીને ગામના બધા લોકો દોડી આવ્યા. બજારમાં ઊભા રહ્યા અને ભાવથી દર્શન કરવા લાગ્યા. ૧૫. ભાવિક લોકોએ ફૂલહાર લીધા હતા. હરખભેર તે પહેરાવતા હતા. લોકો એકતાર પંક્તિમાં ઊભા હતા. ફૂલોથી બજાર ખીલી ઊઠી હતી. ૧૬.

શ્રીહરિ વિશ્રામ સુતારને ઘેર આવ્યા અને અશ્વ ઉપરથી તરત નીચે ઊતર્યા. હરિભક્તોએ લાવીને પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૧૭. શ્રીહરિની સાથે જે સંતો અને પાર્ષદો હતા તે બધાને પણ પ્રેમે સહિત ઉતારા આપ્યા. વિશ્રામ સુતારના ઘરમાં જેટલા જણ હતા તે બધા સારા સત્સંગી હતા. ૧૮. તે સિવાયના કણબી અને વિપ્રો ઘણા સારા હરિભક્ત હતા. તે વેળાએ તે સહુ સેવા કરવા લાગ્યા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીવાઓ કર્યા અને અજવાળું થયું. ૧૯. તેમણે વર્ણીની પાસે રસોઈ કરાવી. તેઓ ઘી અને સાકર વગેરે ખૂબ જ લાવ્યા હતા. જેટલું મળ્યું તેટલું દૂધ લાવ્યા. ગામમાં એકે એકને અત્યંત હરખ હતો. ૨૦.

જે જે વસ્તુ ઉત્તમ ગણાતી હોય અને તે જો શ્રીહરિના ઉપયોગમાં ન આવી તો હરિભક્તો તેને માટે એમ કહેતા કે, "તે વસ્તુ વ્યર્થ છે. ઘરમાં પડી છે પણ કાંઈ સારી લાગતી નથી." ૨૧. એમ કહીને જેનાં ઘરમાં જે

વસ્તુ ઉપયોગી હોય તે તરત લઈ આવતા હતા. જે ભક્તોને શેરડીના વાઢ હતા તેઓ કાપીને મન ભાવતી શેરડી લાવ્યા હતા. ૨૨. શ્રીહરિ અને સંતો વગેરેએ આરતી તથા ધૂન કરી. બધા ભજનમાં તલ્લીન થઈ ગયા. તાળીઓ પાડીને આકાશ ગજવતા હતા અને હૃદયમાં અતિશય આનંદ છવાઈ જાતો હતો. ૨૩. વનમાળી શ્રીહરિ વારેવારે તાળી વગાડતા. ધીમી અને ઉતાવળી ગતિથી વગાડતા. તાળી પાડવામાં એવા એકતાન થઈ જાતા કે, શરીર અને મસ્તક ઉપર ઓઢેલાં વસ્ત્રનું પણ ભાન રહેતું નહિ. ૨૪.

જ્યારે સંતો અને હરિભક્તો થાક્યા ત્યારે તેમના ઉપર દયા લાવીને ધૂન સમાપ્ત કરી અને 'જય' ધ્વનિ બધે છવાઈ ગયો. ૨૫. પરસેવાના શ્વેત અનંત બિંદુઓ બધા અંગો ઉપર એવા ભરાઈ આવ્યા હતા કે, માનો મોતીનું કવચ પહેર્યું હોય, તેવી શોભા બની હતી. ૨૬. બે પાર્ષદો શ્રીહરિની અનુમતિ લઈને વીરણવાળાના બે પંખાને ભીંજવીને બંને બાજુએથી પવન નાખવા લાગ્યા. ૨૭.

सोरठा : मरजी विन करे सेव, होत न प्रसन्न ताहि पर;
देवन के हरि देव, मरजी में चलत देव सब...२८

શ્રીહરિ દેવોના પણ અધિદેવ છે. બધા દેવો તેમની મરજી પ્રમાણે રહે છે. સેવક પણ મરજી વિના જો સેવા કરે, તો શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થાતા નહિ. ૨૮.

❋ હરિની મરજીમાં પ્રીત રાખે એની જીત થાય :

चोपाई :

हरि की मरजी जोई चलत जेहा, प्रसन्न होत ता पर अति तेहा;
मरजी विन करे तप अपारा, हरि न रिझत ता पर लगारा...२९

अपार दान पुन्य जज्ञ करावे, तीर्थरटन करी मरी जावे;
कोटि वर्ष लग करे हरिध्याना, प्रसन्न होत नहिं तोहु भगवाना...३०

જે સેવક-ભક્ત શ્રીહરિની મરજી જોઈને તે પ્રમાણે ચાલે છે તો તેના ઉપર તેઓ ખૂબ જ પ્રસન્ન થાય છે. મરજી વિના કોઈ અપાર તપ કરે તોપણ

તેના ઉપર શ્રીહરિ લગારેય પ્રસન્ન થાતાં નથી. ૨૯. તેમની મરજી વિના કોઈ અપાર દાન, પુણ્ય કે યજ્ઞ કરાવે, તીર્થ અને મંત્ર રટી રટીને કોઈ મરી જાય, કરોડો વરસ સુધી ભગવાનનું ધ્યાન કરે, તોપણ ભગવાન તેના ઉપર પ્રસન્ન થાતા નથી. ૩૦. બહુનામી શ્રીહરિ સહુના અંતર્યામી છે તેથી સૌના અંતરની વાતને જાણી લે છે. આ ભક્ત અંતરમાં શુદ્ધ છે કે મલિન છે, તેને તેઓ તરત જ જાણી લે છે. ૩૧.

✽ ઈર્ષ્યા કે વ્દેષ રાખનાર પર હરિનો કુરાજીપો :

એક મનુષ્ય બીજા મનુષ્ય ઉપર ઈર્ષ્યા-દ્વેષ રાખીને મરી જાય એટલી મહેનત કરીને પણ જે સર્વોપરિ વર્તતો હોય, તે બીજા ઉપર ઈર્ષ્યા-દ્વેષથી ખેદભર્યો જેટલો વર્તે છે તેના ઉપર ભગવાન તેટલું રીઝતા નથી. ૩૨.

ज्युं ज्युं करे साधन तेहि भारी, मन में जन पर खेद हि धारी;
खेदरूप अनल सो करीके, अनंत साधन तेहि जात जरीके...३३

કોઈની ઉપર માન-ઈર્ષ્યાને કારણે મનમાં દ્વેષ રાખીને જે જે શ્રેષ્ઠ સાધનો કરે છે, તે તેના અનંત સાધનો ઈર્ષ્યા-દ્વેષરૂપ અગ્નિથી બળી જાય છે. ૩૩. સાકર નાખેલા દૂધ જેવો બીજો કોઈમાં મીઠો સ્વાદ નથી. તે ભોજનમાં સર્વ શ્રેષ્ઠ ગણાય છે. તેમાં જો થોડું જ ઝેર પડ્યું હોય, તો તે બધું તરત નકામું થઈ જાય છે. ૩૪. બધાં સાધન દૂધ અને સાકરનાં જેવાં છે. ઈર્ષ્યા-દ્વેષનો ખેદ તેમાં ઝેરનાં સમાન છે. કોઈએ ઈર્ષ્યા-દ્વેષયુક્ત કરોડો પ્રકારનાં સાધન કર્યા હોય તોપણ, ૩૫. તે સાધનોને ભગવાન અંગીકાર કરતા નથી. તે બધાં સાધનોને ઝેરનાં જેવાં જ ગણે છે. ઉપર કહેલાં રાગ-દ્વેષ, માન-ઈર્ષ્યા સંબંધી ખેદ વગરના હરિભક્તને શ્રીહરિ શુદ્ધ દૂધ, સાકરના સમાન માને છે. ૩૬.

दोहा : अल्प गुन जो हरिजन में, सो देखत मेरु समान;
अनंत दोष दिये ढाँककर, जेसे यह देह बंधान...३७

नखशिख देह मलिन हे, भींतर बाहिर जेहु;
अनु सम हि जीव करीके, शुद्ध देखावत तेहु...३८

હરિભક્તમાં ઈર્ષ્યા, દ્વેષ વિનાનો થોડો એવો પણ જો શુદ્ધ ગુણ હોય તો તેને ભગવાન મેરુના સમાન માને છે અને તેના અનંત દોષોને ઢાંકી દે છે. જેમ કે, આ શરીરનું બંધારણ. ૩૭. આ મનુષ્યદેહ નખથી શિખાપર્યંત અત્યંત મલિન છે. તેને બહાર કે અંદર બધી રીતે જુઓ છતાં તે દેહમાં એક અણુ જેવો શુદ્ધ જીવ પ્રવેશે છે, તો તેનાથી આ મલિન દેહ પણ શુદ્ધ દેખાય છે. ૩૮.

सोरठा : हरिजन भये हि जेह, एक एक के वरते दास होई;
अधिक न माने तेह, एक एक से निज मनकर...३९

एक एक से जोउ, अधिक माने आप जेहि;
कुसंग समजना सोउ, अधिक से अधिक तेहि...४०

જે હરિભક્ત થયા હોય તેમણે પરસ્પર એકબીજાના દાસ થઈને વર્તવું. પોતાની જાણે પોતે એકબીજાથી અધિક માનવા નહિ. ૩૯. જે હરિભક્ત પોતાને બીજા એકેએક હરિભક્તથી અધિક માનવા લાગે ત્યારે માનવું કે, તેમાં મોટામાં મોટો અને વધારેમાં વધારે કુસંગ પ્રવેશ્યો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ભાદરામાં મરજી પ્રમાણેની સેવાની વિશેષતા કહી' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર અગિયારમું : તરંગ - ૯

ભાદરામાં શ્રીહરિએ જમ્યા પછી જ્ઞાની અને અજ્ઞાનીની વાત કહી

શ્રીહરિ ધૂન કરીને જ્યારે શાંત થયા તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. તેથી મનમાં ઈચ્છા કરીને જમવા માટે ઊઠ્યા. ૧. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ પહેરી. ત્યાં પહોંચીને જળથી ચરણ ધોયા અને આવીને બાજોઠ ઉપર બેઠા. ૨. ઘી અને સાકર મેળવેલો ભાત થાળમાં ભરીને પીરસ્યો અને સરસ અડદની દાળ કરી હતી. તે પણ થાળમાં

ધરાવી. ૩. પાપડ લાવીને પણ ધર્યાં. શ્રીહરિ જમવા લાગ્યા. જેટલી રુચિ હતી તેટલો ભાત જમ્યા. ૪. ઘી વગરના ભાત અને દૂધ લીધું. પ્રવીણ શ્રીહરિએ તેમાં સાકર લીધી. હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિ જમ્યા. ૫. જમીને તૃપ્ત થયા તે વેળાએ હાથ અને મુખ ધોયાં. પછીથી મુખવાસ લીધો અને બધા સંતોને જમાડવા માટેની પંક્તિ કરાવી. ૬.

બધા પાર્ષદો પણ આવીને પંગતમાં બેસી ગયા. તેમને શ્રીહરિએ ભાત અને સાકર પીરસ્યાં. પછીથી જેને જેવી રુચિ હતી તે પ્રમાણે ભાતમાં ઘી આપ્યું. ૭. ઘી અને સાકર સાથેનો ભાત જ્યારે જમી રહ્યા તે પછી ઘી વગરનો ભાત આપ્યો અને તેમાં દૂધ અને સાકર શ્રીહરિએ સ્વયં પ્રેમથી પીરસ્યાં. ૮. જ્યારે બધાને પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ અને ચરણ ધોયા. પછી ત્યાંથી આવીને પલંગ ઉપર બેઠા. ત્યારે ત્યાં સંતો અને હરિભક્તોની સભા ભરાઈ ગઈ. ૯. જે કીર્તનોમાં મૂર્તિની શોભાનું વર્ણન હતું, સંતો એવા કીર્તન ગાઈને કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. શ્રીહરિની મૂર્તિની યથાર્થ જે શોભા છે તેને કીર્તન અને કથામાં દર્શાવતા હતા. ૧૦.

તે ઉપર શ્રીહરિ આગળ વાત ચલાવતા. તે વાત અતિશય મીઠી લાગતી. અને સમય વિના કરાયેલા કીર્તન, વાતો અને કોઈ કથા કહે, તે અમૃત સમાન સુખદાયક હોવા છતાં, ૧૧. અને ભલે તે રમણીય કહેવાતા હોય તોપણ તે બધાના મનને શાંતિ કરતા નથી. અને જેટલી શાંતિ માટે મહેનત કરવા જાય તેટલો તે પ્રસંગ ઉલટો અતિ દુઃખદાયક લાગે છે. ૧૨. અત્યંત આકરો જોરદાર તાવ આવ્યો હોય ત્યારે ખાવાની રુચિ થાતી નથી. હવે તે વખતે કોઈ તેને સાકરનો શીરો કરીને ખાવા આપે, તો તે આપનારો તેને શત્રુ જેવો દેખાય છે. ૧૩. તાવ ઊતરી ગયા પછી અન્ન ખાવાની ઘણી રુચિ થાય છે અને પછી અન્ન ખાવાના ભાવથી જો ખાવાનું માગે છે તો તેને લગાર પણ જો અન્ન આપતા નથી તો તે સુખદાયક નહીં બલ્કિ દુઃખદાઈ થાય છે. ૧૪. ચોમાસામાં સારો વરસાદ વરસે તેટલો તે સોહામણો લાગે છે પણ તે અતિવૃષ્ટિ થાય કે અનાવૃષ્ટિરૂપ થાય તો તે કોઈને રુચતો નથી. તેમ કથા-વાર્તા, કીર્તનાદિનું પણ જાણવું. ૧૫.

ઝેર જો અલ્પ હોય તોપણ તે કોઈને સુખદાયક લાગતું નથી. પણ વિષમ-અત્યંત દુઃખદાયક સમયમાં તે ઝેર કોઈને અતિશય સુખદાયક લાગતું હોય છે. ૧૬. કોઈ દરદ ઉપર ડામ જેટલા દે તેટલો તેને મિત્ર માનવામાં આવે છે. જે અંગમાં રાત અને દિવસ અત્યંત પીડા થયા કરતી હોય છે, ૧૭. તેને જો કાપ્યા વિના કયારેય શાંતિ થાય તેમ ન હોય, તો પછી તે અંગને આનંદથી કપાવે છે. જગતમાં નાક અને કાનને કપાવવા તે ઘણું કલંક ગણાય છે, ૧૮. પણ ઘરેણાં પહેરવા માટે તે નાક અને કાનને કપાવે (કાંણા પાડે) છે અને તેને ઘણું સુખદાયક માનવામાં આવે છે. જેને જેમાં ગુણ મનાય, તે તરત જ તેને હરખથી કરવા લાગે છે. ૧૯.

દક્ષિણી અને નાગર, એ વિપ્રો ઉત્તમમાં પણ ઉત્તમ કહેવાય છે. તેમના જેવા બીજા કોઈ કર્મકાંડી નહિ. પૂજા વખતે તેઓ કોઈનો સ્પર્શ કરતા નથી. ૨૦. છતાં જો તેમને ધન મળતું હોય તો તેઓ અત્યંત નીચની પણ સેવા, સેવક થઈને કરવા લાગી જાય છે. અને તેમને નીચની સેવા કરવામાં લાજ-શરમ પણ આવતી નથી. તેઓ હંમેશા ધનને જ ઊંચુ માને છે. તેમ જેને ભગવાનમાં જ લાભ મનાયો હોય તેનાથી ભગવાન માટે જે કરવું હોય તે થઈ શકે. ૨૧. સહુથી વધારે નીચો અને ભારે પાપ ભર્યો વેશ્યાનો ધંધો નારી કરે છે. આ લોકમાં કે પરલોકમાં કોઈ પણ તે ધંધાને વખાણતા નથી. ૨૨. પણ તે વેશ્યાને ધનમાં માલ મનાયો છે એટલે તેને તેનો અભાવ આવતો નથી. જો તેવો માલ ભગવાનમાં મનાયો હોય તો તે કોઈના છોડાવ્યા છૂટે નહિ. ૨૩. જે અજ્ઞાનરૂપી અંધારાથી ઘેરાઈ ગયા છે તેને ભગવાનનો ખપ ધનના જેટલો નથી. કયાં ધન અને કયાં ભગવાન ? કાચ અને ચિંતામણિ જેટલો તફાવત છે. ૨૪.

❋ જે જ્ઞાનરૂપી ધન પામે તે બુદ્ધિમાન :

પ્રહ્લાદજી અને બલિરાજા ત્રિલોકીના મહાન સમ્રાટ હતા. તેમને જ્યારે જ્ઞાન થયું ત્યારે તેઓ ભગવાનના ભક્ત થયા. ૨૫. **જેને જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન નથી, એવા મનુષ્ય, દેવો તથા દૈત્યો સુધીના બધા જ ચિંતામણિને તજી દઈને કાચમાં જ રાજી રહે છે. ૨૬. જેને ભગવાનનાં**

સ્વરૂપનું જ યથાર્થ અને સુદૃઢ જ્ઞાન થયું છે તે જ મનુષ્ય બુદ્ધિમાન અને જ્ઞાની છે. બાકીના બીજા બધા જ્ઞાન તો અજ્ઞાન જ છે. ૨૭. વેદોનું અને પુરાણોનું અધ્યયન, વર્ણ અને આશ્રમનો ધર્મ પાળવો, વિવિધ પ્રકારનું દાન કરવું, જપ, તપ, વ્રત અને તીર્થાટન, ૨૮.

ચોપાઈ :

सब करने को फल हे एहा, भगवान को ज्ञान होवे तेहा;
साधन करी इच्छे विविध भोगा, त्यां लग रहत संसृति रोगा...२९

એ બધું કરવાનું ખરું ફળ તો એ છે કે, ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય. પણ સાધનો કરીને વિવિધ પ્રકારના ભોગોને જે ઈચ્છે છે, ત્યાં સુધી તેને આ સંસારરૂપી રોગ રહેવાનો છે. ૨૯. જેમ રેંટનો બળદ સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરે છે, પણ જ્યારે તેને છોડવામાં આવે છે ત્યારે તે તેની તે જ જગ્યાએ ઊભો હોય છે. તેને કોઈ બીજું ગામ આવ્યું હોતું નથી. ૩૦.

જ્યાં સુધી ભગવાન સિવાયના અન્ય ભોગોની ઈચ્છા રહ્યા કરતી હોય ત્યાં સુધી તેને જેટલાં શુભ સાધન છે તે કરવાના રહે છે. ૩૧. ઠેકઠેકાણે અપાર આત્મજ્ઞાનીઓ મળી રહે છે પણ તેનાથી આ ભવસાગરનો પાર આવતો નથી. હા, આત્મજ્ઞાનનું તો એટલું ફળ મળે છે કે, સુખ-દુઃખના સમયમાં નિર્ભય રહી શકે છે. ૩૨.

देहिक दुःख हे नदी समाना, ताकु तरी जावे बुद्धिमाना;
मृत्यु समय को दुःख हे जोउ, अपार हि सिंधु सम जो सोउ...३३
बडे जहाँज विन तरे न जावे, आत्म साधन सो तुंबे कहावे;
भगवान के शरणवान रहाई, तिनकरी मृत्यु सिंधु तरी जाई...३४

શરીર સંબંધી દુઃખ તો નદીના જેવું છે તેને જે બુદ્ધિમાન હોય તે તરી શકે છે. પણ અંતકાળનું દુઃખ તો અપાર સાગરનાં જેવું છે. ૩૩. તેમાં તો મોટા જહાજ સિવાય તરી શકાય નહિ. આત્મજ્ઞાન જેવું સાધન તો તુંબડા કહેવાય. ભગવાનનું શરણ જ મોટું જહાજ છે. તેનો શરણાગત જ મૃત્યુરૂપી સાગરને તરી જાય છે. ૩૪.

જ્યારે શ્રીહરિએ આવી વાત કરી ત્યારે ત્યાં ઘણાં લોકોએ નિયમ ધાર્યા. આમ, શ્રીહરિ જ્યારે આવી વાતો કરતા ત્યારે હજારો લોકો સત્સંગના વ્રતમાન-નિયમને ધારણ કરતા હતા. ૩૫. **જેના હાથમાં આખા બ્રહ્માંડની નાડી રહી છે એવા શ્રીહરિની વાતમાં ભારે દૈવત-શક્તિ રહેલી છે. તેઓ જે રીતે જે સંકલ્પ કરે છે તે બ્રહ્માંડનું કાર્ય પણ તેવી રીતે થાય છે. ૩૬**

સહુથી વધારે સમર્થ હોવા છતાં શ્રીહરિ મનુષ્યની રીતે ચાલે છે - રહે છે અને તેથી શ્રીહરિમાં રહેલું બધું સામર્થ્ય વધારે શોભે છે. ૩૭. ભગવાન સિવાય બીજા જીવમાં જે લગારેક પણ સામર્થ્ય આવ્યું હોય છે તે તો ભગવાનની સેવાથી આવ્યું છે એમ માનવું અને બીજા દંભને ટાળી નાખવા. ૩૮. જેમ કોઈ મોટા ઉદ્યોગપતિ શેઠનો ગુમાસ્તો-મહેતો કૃતજ્ઞ હોય અને તે પછીનાં જીવનમાં કરોડોની કમાણી કરે, તોપણ તે બધું શેઠનું જ સર્વસ્વ છે એમ જાણે છે. ૩૯. તેના કુટુંબ પરિવારની આગળ પણ તે ગુમાસ્તો એવું કહે કે આપણાં ઘરમાં જે કાંઈ પણ છે, એક તલભાર પણ વસ્તુ છે તે બધી શેઠની સેવા કર્યાનું ફળ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ભાદરામાં શ્રીહરિ સાંજે જમ્યા, સૌને જમાડ્યા અને જ્ઞાની તથા અજ્ઞાનીની વાત કહી' એ નામે નવમો તરંગ સમાપ્ત ||૯||



પૂર અગિયારમું : તરંગ - ૧૦

અયોધ્યાપ્રસાદજીનો પ્રશ્ન અને મુક્તમુનિનો પ્રત્યુત્તર

મુક્તાનંદસ્વામીએ કહેલી હરિચરિત્રની વાતને સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને ફરીવાર પૂછવાની ઈચ્છા થઈ. ૧. પછી તેમણે કહ્યું, હે મુનિ ! આપે જે શ્રીહરિની વાત કહી, તેમાં શ્રીહરિએ ભક્તોના પ્રતિ જે વાત કહી તે તો અત્યંત અગાધ છે અને સાંભળનારાને ઘણી જ પ્રિય લાગી છે. ૨. જે વાત પ્રિય લાગે તે અગાધ અને અમૃતરૂપ કહેવાય છે. આવી વાત કોઈ દેવ કે મનુષ્યને કહેતા ન આવડે.

કારણ કે, તેઓમાં માયાના ત્રણ ગુણ ભર્યા હોય છે. ૩. જેનામાં જેવો ગુણ વર્તતો હોય તે તેવી જ બધી વાતો કરે છે. તેથી તે વાતથી કોઈને શાંતિ થાતી નથી, ઉલ્ટાની તે દાવાનળની જેમ ઉત્તાપ કરે છે. ૪. **હરિચરિત્ર અને શ્રીહરિની વાતો અમૃતના સમાન અત્યંત સુખ આપનારી હોય છે. ચરિત્રો અને વાતો તો એકસમાન જ હોય છે પણ જેવું પાત્ર હોય તેવું તેમાં દેખાય છે. ૫.**

હરિચરિત્ર અને શ્રીહરિની વાતો, બંને નિર્ગુણ છે. ગુણીના સંપર્કથી તે ગુણી બને છે અર્થાત્ જેવો સાંભળનારો હોય તેમાં તેવી બને છે. સાકર, ઘી અને દૂધ અમૃત કહેવાય છે પણ તેને જેનો સંસર્ગ થાય છે તેવા તે થઈ જાય છે. ૬. સ્વાતિ નક્ષત્રમાં વરસેલા વરસાદનાં બિંદુમાં કોઈ ભેદ નથી. તેમાં ગુણ અમૂલ્ય રહ્યો છે. પણ તે જળબિંદુ જેવા પાત્રના સંપર્કમાં આવે, તેવું તે થઈ જાય છે અર્થાત્ દરિયામાં પડે તો ખારું પાણી થઈ જાય અને માછલી ગળી જાય તો તેનું મોતી પાકે છે. શ્રીહરિની વાત પણ તેવી જ છે. ૭. જે ભક્તમાં જેવા ગુણ-સ્વભાવ હોય તેવી તે વાતો કરે છે. જેવી ગુણયુક્ત વાતો કરે છે તેવાં સુખ અને શાંતિ શ્રોતાને પ્રાપ્ત થાય છે. (રજોગુણી-તમોગુણી ભક્ત વાત કરે તો તેવું સુખ થાય અને સત્વગુણી ભક્ત વાત કરે તો તેવા સુખ, શાંતિ થાય.) ૮.

હે મુનિવર મુક્તાનંદસ્વામી ! ચરિત્રમાં કે વાતોમાં પોતાનો ગુણ લેશ પણ ભેળવતા ન હોય તેવા તો આપ એક જ છો. હા, ગોપાળાનંદસ્વામી પણ એક તેવા જ છે અને ભાઈ રામદાસજીસ્વામીમાં પણ પોતાનો ગુણ ભેળવતા હોય તેવું દેખાતું નથી. ૯. પોતાનો ગુણ ભેળવીને વાતો કરનારા આ જગતમાં પ્રસિદ્ધ દેખ્યામાં આવે છે. જેમ ઘી અનેક પ્રકારનું છે, તેનો સુગંધ પણ ભિન્ન ભિન્ન હોય છે. ૧૦. ભેંશના ઘી જેવું બીજું કોઈ ઘી નહિ. બીજા ઘી ઘણા પ્રકારના છે પણ તેમાં આખાપાનડ વિસ્તારની ભેંસોનું ઘી સર્વોત્તમ કહેવાય છે. (આખા અને પાનડ આ બંને ગામ છે. તે વિસ્તારની ભેંસોને આખાપાનડની ભેંસો કહેવાય છે.) ૧૧. તે રીતે જ તેના દૂધ અને દહીં પણ ઘણા સારા હોય છે, તે બાબતે એક વખત શ્રીહરિએ કહ્યું હતું. એક ઘીમાં બીજું ભેળવી દેવામાં આવે ત્યારે બધું ઘી એકસરખું દેખાય છે.

(તેમ ઉત્તમ ઘીરૂપ શ્રીહરિની વાતમાં વાત કરનારો પોતાનો ગુણ-સ્વભાવ ભેળવી દે છે ત્યારે અજ્ઞાનીને તે બધું એકસરખું જ લાગે છે.) ૧૨. પણ જેને આખાપાનડની ભેંસના ઘીનું જ્ઞાન હોય છે તે બીજા ઘીને દેખીને તેને ઉત્તમ કોટિનું છે એવું પ્રમાણ ન કરે. (અર્થાત્ જેને શ્રીહરિની ભેળા રહીને અથવા શ્રીહરિના પરીપૂર્ણ જ્ઞાનને કારણે યથાર્થ વાતની ખબર હોય છે તેઓ તે આધુનિકની ગુણ-સ્વભાવ ભેળવેલી વાતને પ્રમાણ ન કરે, પણ બીજા તો તેને સાચી જ માની લે છે.) ૧૩.

આ જગતમાં દગાબાજ જેટલા વાણિયા વેપારી છે તે બધા દગો-વિશ્વાસઘાત કરીને લખપતિ થઈ જાય છે. (તેમ સત્સંગમાં જે એવા હોય છે તે સત્તા અને સમૃદ્ધિમાં લેવાઈને મોટી મોટી વાતો કરી મોટા થઈ પડે છે અને લોકો તેને માની પણ લે છે.) ૧૪. જે કાઠી અને કોળી હરિભક્ત નથી થયા તેઓ તો જાહેરમાં લોકોને લૂંટી લે છે અને તેઓ જાહેર ચોર દેખાય છે. ૧૫. પણ જે મોટા શાહુકાર હોય છે તે રાજા સુધ્ધાંને લૂંટી લે છે, તેની કોઈને ખબર પડતી નથી. અને તેઓ તો શાહુકારના શાહુકાર જ રહે છે. (તેમ સત્સંગમાં એવા જે હોય છે તે ચોર હોવા છતાં શાહુકાર જ દેખાય છે. અને અજ્ઞાની માણસો એને એવા માને છે પણ ખરા !)૧૬. ઉલ્ટાનું રાજાઓ તે શાહુકારોને પોતાના રાજ્યનો સારો અધિકાર આપે છે. (સંપ્રદાયમાં પણ એમ જ છે.) કસબ-કળા-કુશળતાનું કામ જ કોઈ એવું હોય છે કે, તેમાં રાજા સુધીનાને પણ કાંઈ ખબર પડતી નથી. ૧૭. કોઈ માણસ જો શાહુકારને ચોર કહે, તો તે શાહુકાર તે કહેનારાને તોપને નાળચે બંધાવી દે છે અને પોતે તો અલગ રહીને નિર્વૈર જ રહે છે. (આ બધું પડદા પાછળ રહીને બીજાની પાસે કરાવે છે.) તે શાહુકારને એવું વર્તતા આવડે છે. (સંપ્રદાય-સત્સંગમાં પણ આવું બધું જોવા મળે છે.) ૧૮.

જગતમાં કસબ-કળા-હુન્નર અપરંપાર છે. તેમાંએ બુદ્ધિની કળા તો સહુથી ઉચ્ચ છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ કર્મના અપાર ભેદ છે અને તે કર્મ પ્રમાણે જ બુદ્ધિ મળે છે તેમ કહેવાય છે. માટે દરેક માણસની બુદ્ધિ અલગ-અલગ હોય છે. પરંતુ ભગવાનને ભજવાની જે બુદ્ધિ છે તે સર્વોત્તમ બુદ્ધિ છે. ૧૯-૨૦.

ચોપાઈ :

देव से उत्तम सो बुद्धि कहावु, निष्कपट होई जो वरतावु;
निष्कपट के हरि सत्संगा, कपट की देवत मोटप भंगा...२१

તેમાંય નિષ્કપટ થઈને ભગવાનને ભજવા અને વર્તવું તે બુદ્ધિ તો દેવો કરતાં પણ ઉત્તમ બુદ્ધિ કહેવાય છે. વળી, ભગવાન અને સત્સંગ નિષ્કપટી માણસના જ છે અર્થાત્ ભગવાન નિષ્કપટી માણસને જ સાથ આપે છે. શ્રીહરિ અને સત્સંગ કપટીની મોટપને તોડી નાંખે છે. ૨૧.

કપટીની મોટપ ગયા પછી જે તેની મોટપ સાચવવી, તે તો શબતુલ્ય શોભે છે. સહુથી શ્રેષ્ઠ ગણાતો મોટો શાહુકાર હોય પણ તેનું કાંઈ કપટ ઉઘાડું થઈ જાય, ૨૨. ત્યારે તે જો માનવાળો માણસ હોય તો તત્કાળ જ મરી જાય છે. મૃત્યુ સિવાય તેનો બીજો કાંઈ નિકાલ જ નથી. મોટાનું માન જ્યારે વધારે પડતું જાય ત્યારે તે દુનિયામાં મોઢુ શું દેખાડે ? ૨૩. સત્સંગમાં જેનું જેવું વર્તન હોય તે તો સહુને તરત જ દેખાય છે. જેને પોતાની મોટપ વધારવાનું તાન નથી અને જે પોતાનું માન વધારવા ક્યારેય ચાહતો જ નથી તે પણ સહુને સ્પષ્ટ દેખાય આવે છે. ૨૪.

અને જે નિયમ-ધર્મ, કથા-વાર્તા, ધ્યાન-સ્મરણ વગેરે બધી વાતમાં સહુથી અધિક સારું વર્તન રાખે, ૨૫. જગતમાં વધારે ખર્ચ કરે, વાહન પણ વધારે રાખે, મોટી ખેતી કરે અને એને જ શ્રેષ્ઠ કહે અથવા વધારે પડતી (મોટપની યા પોતાનું માન વધે એવી) વાતો કર્યા કરે, ૨૬. આવી રીતે (સંપ્રદાયમાં કે સંસારમાં) જે જે વધારેમાં વધારે મોટો ઉદ્યોગ-ધંધો ચલાવતો હોય, તેને જગતમાં લોકો વધારે મોટો કહે છે. કેમ જે, આખી દુનિયાની આવી રીત છે. ૨૭. જેને મોટાઈની સહુથી વધારે અભિલાષા હોય તેણે સહુથી વધારે સારું વર્તન રાખવું પડે અને તેને અધિક (માન, મોટાઈ વધે એવી) વાતો કહેવી પડે. ૨૮. પણ જેને ભગવાનનાં સંબંધની જ મોટપ હોય, તેને બીજા સાધનથી ક્યારેય મોટપ ન હોય. અર્થાત્ તેને એવી મોટપની કાંઈ જરૂર જ હોતી નથી. સાધનોથી જે વધારે મોટાઈ આવે છે તે ભગવાનનો સંબંધ નહિ રહેવાથી શોભતી નથી. ૨૯.

પણ જેને ભગવાનની પ્રસાદીના ઝાઝા થાળ વારંવાર મળ્યા હોય, ભગવાનની પ્રસાદીના વસ્ત્રોનો સંબંધ પણ જીવનભર રહ્યો હોય. ૩૦. ભગવાનની સેવા-પૂજા કરોડો વાર કરી હોય, કરોડો વાર ભગવાન બાથમાં ઘાલીને મળ્યા હોય અને ભગવાને વારંવાર ખૂબ જ બોલાવ્યા હોય, ૩૧. **ભગવાનના યોગરૂપી ભારે સાગરમાં મૂર્તિને ધારીને જે ડૂબતા રહ્યા હોય અને મૂર્તિનાં અતિ અધિક સુખને લીધે જે આનંદમાં મગ્ન રહેતા હોય, એમાં જ ડૂબીને ખોવાયેલા રહેતા હોય, (આવા હોય એને કોણ ઓળખે ?) ૩૨. પણ તે મૂર્તિનું ભારે બળ લઈને પડકારીને લોકોને વાત કરતા હોય તો સર્વને સમાસ કરે અને જો વાત કરતા હોય તો બધાને ખ્યાલ આવે. પણ વાત કર્યા વિના પાસે ચિંતામણિ હોય તોપણ તે ચિંતવ્યા વિના જેમ સમાસ ન કરે તેમ બીજાને ક્યારેય સમાસ કરે નહીં. ૩૩.**

વાત કર્યા વિના કોઈને સાચી ખબર પડતી નથી. અને તેથી તે આધુનિક (બનાવટી)ને વધારે માને છે. (કેમ જે, તેઓ તો પોતાનું માન વધારવા પોતાનો ગુણ-સ્વભાવ ભેળવીને પડકારી પડકારીને મિથ્યા બળભરી વાત કરતા હોય છે.) અને તે આધુનિક લોકો જે જે વાત કરે છે તે અજ્ઞાની લોકોને માન્યામાં આવે છે. ૩૪. લોકો જેને જેવા જાણે છે તેને તેવા માને છે. બેમાં કોની મોટાઈ માનવી ? હરિને મળેલાની કે આધુનિકોની ? કેમ જે, જગતમાં તો આધુનિકોની જ મોટાઈ દેખાય છે ! (અને સાચા પ્રભુપરાયણ ડૂબીને જીવતા નિર્દંભ સંત-ભક્તની મોટાઈ કોઈ જાણતું નથી, તે દેખાતી નથી. અને જેની દેખાય છે તેની લોકો માને છે. હરિને મળેલા સાચા જ્ઞાની જો ડૂબીને ભજન કરતાં હોય તો તેની મોટપ કોઈ જાણી શક્તું નથી.) ૩૫.

આવા પ્રશ્નની વિગત કરીને જ્યારે તેથી બહાર નીકળ્યા અર્થાત્ અયોધ્યાપ્રસાદજી આવો પ્રશ્ન પૂછી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, લોકોની રુચિ ભિન્ન ભિન્ન હોય છે. કયારેય એકસમાન રુચિ નહિ મળે. ૩૬. શિવ, સનકાદિકો, શુકદેવજી, નવ યોગેશ્વરો, નારદજી, દત્તાત્રેય, કપિલજી આ બધા મોટા યોગીઓ કહેવાય છે. ૩૭. ભગવાન તો યોગીઓના પણ યોગી છે.

સહુથી અધિક છે અને અપાર છે. તે ભગવાનનો જેને વધારે જોગ થયો હોય તેવા સંત-ભક્તના પારને કોણ પામી શકે છે ? (પરંતુ આધુનિકો અને એના ચાહકોને આ વાત સમજવી કઠણ છે. કેમ જે, એ તો તૈયાર, જામેલા, સમૃદ્ધિ અને સત્તાપ્રાપ્ત સંપ્રદાયમાં આળોટે છે.) ૩૮. માનવનું શરીર તમોગુણરૂપ છે. તેમાં પણ રજોગુણ મુખ્ય રહ્યો છે. ભલે, અનુપમ ભગવાન મળ્યા હોય તોપણ માણસ (અજ્ઞાનને કારણે) ગુણપ્રધાન રહે છે. ૩૯.

सोरठा : विप्रीत हे लोक एह, विप्रीत हे मनुष्य हि तन;
तिन करीके जो तेह, भगवान प्रगट मनात नहि...४०

આ દુનિયા જ વિપરીત છે, મનુષ્યશરીર વિપરીત છે. તેથી કરીને પ્રકટ ભગવાન મનાતા નથી અર્થાત્ પ્રગટ સતત સ્વીકારવા કઠણ છે. (અને પ્રગટ સત્તા, સંપત્તિ તરત જ અસર કરે છે, પકડાઈ જાય છે અને જીવ એને ભોગવવા લલચાય છે, ભોગવે છે અને તેથી એમાં બંધાઈ જાય છે. પછી ડૂબીને ભજન કરતાં સાચા સંતો-ભક્તોનું તેને માહાત્મ્ય, વજન રહેતું નથી.) ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'અયોધ્યાપ્રસાદજીનો પ્રશ્ન અને મુક્તમુનિનો ઉત્તર' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર અગિયારમું : તરંગ - ૧૧

શેખપાટથી અલૈયા થઈને શ્રીહરિ 'મોડા' ગામ આવ્યા

ધર્મે રહિત જેટલા આધુનિક મત છે તેને ધર્મવાળા લોકો કયારેય માનતા નથી. ૧. **જેણે સત્સંગ રાખ્યો છે એવા બધા સંતો વર્ણીઓ અને હરિભક્તો આધુનિક નથી અને તે આજ્ઞાવચનનો લોપ કરતા નથી.** ૨. શ્રીહરિનાં જે વચન છે તે મોક્ષમાર્ગનાં પગથિયાં છે. તે મળવા ઘણાં દુર્લભ છે પણ જે અભાગિયા જીવ છે તેઓ તે વચનને પાળતા નથી. ૩. મુક્તાનંદસ્વામીએ આટલી વાત કહીને પછી શ્રીહરિની આગળની વાત કહેવા લાગ્યા. શ્રીહરિ ભાદરા ગામમાં એક રાત રહીને પછી ત્યાંથી ચાલતા થયા. ૪. અને **શેખપાટ**

ગામ આવ્યા. ત્યાં ભક્ત લાલજી સુતાર રહેતા હતા. તે લાલજીભક્ત સન્મુખ આવ્યા અને દર્શન કરીને ઘણા જ આનંદિત થયા. ૫. તેઓ તત્કાળ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને બોલ્યા, હે કૃપાળુ ! આપે બહુ દયા કરી સામે ચાલી ઘેર આવીને દર્શન દીધાં. પછી બે હાથ જોડી અપાર વિનતિ કરીને તે વખતે શ્રીહરિને ગામમાં લઈ ચાલ્યા. ૬.

શ્રીહરિ જ્યારે ગામમાં આવ્યા. ત્યારે ગામના બધા લોકો સન્મુખ આવ્યા. બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને બોલ્યા, સુખદાયક આપ અમારાં ગામમાં ભલે પધાર્યા. ૭. સહુએ જ્યારે આવા વિનયભર્યાં વચન કહ્યાં ત્યારે શ્રીહરિ બજારમાં આવતા હતા. અવિનાશી અને સુખરાશિ આવા શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને બધા વસ્ત્ર, અલંકાર વગેરે સોનેરી પહેર્યાં હતાં. ૮. મસ્તક ઉપર સોનેરી છત્ર વિરાજતું હતું. આગળના ભાગમાં ઢોલ અને શરણાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. શ્રીહરિની સાથે જેટલા સંતો હતા તે બધા કીર્તન ગાતા હતા. ૯. શ્રીહરિ લાલજીભક્તને ઘેર પધાર્યા. તેનો ઘણો જ પ્રેમભાવ હતો, તે જોઈને બહુનામી શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને આવીને પલંગ ઉપર બેઠા.૧૦.

ગામના લોકો ત્યાં આવીને શ્રીહરિ પાસે બેઠા. તેમને ભાવિકજન જાણીને અવિનાશી શ્રીહરિ જીવનો જે રીતે મોક્ષ થાય એવી પુનિત વાત કરવા લાગ્યા. ૧૧. શ્રીહરિનું ઘણું ભારે સામર્થ્ય જોઈને ઘણા જ નર-નારી મુમુક્ષુઓએ સત્સંગના વ્રતમાન-નિયમ ધારણ કર્યાં. અને તે સહુ લોકોએ ચરણમાં શ્રીફળ ભેટ ધર્યાં. ત્યારે શ્રીહરિએ રાજી થઈને પ્રસાદીનાં રૂપમાં તેઓને શ્રીફળ પાછા આપ્યા. ૧૨. શ્રીહરિની સાથે જેટલા વર્ણીઓ હતા તેમણે બધી રસોઈ તૈયાર કરી, ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા અને ચરણોમાં ચાખડીઓ પહેરી ભોજનસ્થળે આવ્યા. ૧૩. ત્યાં જઈને ઠંડા જળથી સ્નાન કર્યું. શરીર કોરું કર્યું. ધર્મકુમાર શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ૧૪.

બાજોઠ ઉપર બેઠા. થાળ પીરસીને લાવ્યા અને ધરાવ્યો. સુખદાયક પ્રભુ તે જમવા લાગ્યા. ઘણો સરસ કંસાર કર્યો હતો. ૧૫. શ્રીહરિ કંસાર જમ્યા. તેની સાથે રોટલી અને શાક પણ લીધું હતું. છેલ્લે ભાત જમવા લીધો

અને તેમાં દૂધ અને સાકર પણ લીધાં હતાં. ૧૬. જ્યારે દૂધ અને સાકર જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. પછી તજ અને એલચીનો મુખવાસ લીધો અને સંતોને જમાડવા માટેની પંગત કરાવી. ૧૭. સંતોને શ્રીહરિએ પીરસીને જમાડ્યા. કંસાર રોટલી અને શાક આપ્યાં. જ્યારે સંતો કંસાર જમી રહ્યા, ત્યારે તેમને દૂધ, ભાત અને સાકર આપ્યાં. ૧૮. શ્રીહરિની સાથે જે પાર્ષદો રહેતા હતા તેમને પણ જમાડ્યા. સંતો અને પાર્ષદો હવે જમી રહ્યા છે એમ જાણીને સુખદાયક શ્રીહરિએ કરચરણ ધોયાં. ૧૯.

જ્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા ત્યારે લાલજીભક્તે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. ઉમંગથી કેસરયુક્ત ચંદન અંગો ઉપર ચરચ્યું અને કુંકુમનો ચાંદલો કર્યો. ૨૦. ફૂલના હાર અને બાજુબંધ લાવીને શ્રીહરિનાં અંગો ઉપર તે ધરાવ્યા. પાઘમાં તોરા મૂક્યા અને કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. પછી તે બુદ્ધિમાન લાલજીભક્તે કપૂરથી આરતી કરી. ૨૧. ચરણો ઉપર ચંદન ચરચીને પછી તેને પોતાની છાતી ઉપર અને મસ્તકે ધારણ કર્યાં. તેમના મા અને પુત્ર, જે ઘેર હતા તેમણે પણ સહુએ પૂજા કરી. ૨૨. લાલજીભક્તે સંતો, વર્ણીઓ અને પાર્ષદોની પણ પૂજા કરી. તે પૂજા કરી રહ્યા પછી શ્રીહરિએ લગભગ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી અપાર હેતથી સહુને દર્શન દીધાં. ૨૩. પાછલો એક પહોર દિવસ રહ્યો ત્યારે શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. લાલજીભક્તે રોકવા માટે ઘણી જ વિનંતી કરી પણ તેને શ્રીહરિએ સાંભળી નહિ. ૨૪.

ગામના બધા લોકોએ આવીને પણ રોકાવા ઘણી વિનંતી કરી પણ પ્રભુ અશ્વ ઉપર બેસીને ચાલ્યા કોઈના રોકયા રોકાયા નહિ. ૨૫. શેખપાટ ગામની બહાર નીકળ્યા, ગામના બધા ભક્તોને પાછા વાળ્યા. અશ્વને ઘણો ઉતાવળો ચલાવ્યો. તે રીતે જ સંતો પણ ઉતાવળા ચાલ્યા. ૨૬. **અલૈયા** ગામ આવ્યા. ત્યાં સુતાર હરિભક્તો હતા. તેમને ગામની બહાર બોલાવ્યા અને ઘનશ્યામ શ્રીહરિએ તેમને દર્શન આપ્યાં. ૨૭. હરિભક્તો દોડીને આવ્યા. ઘણા જ પ્રેમથી ચરણોમાં નમી પડ્યા. ગદ્ગદ કંઠ થઈ ગયા અને ત્યાં રોકાવાની ઘણી જ વિનંતી કરી. ૨૮. શ્રીહરિએ તેમને કહ્યું, અમારે મોડા ગામ જઈને રાત

રહેવાની ઈચ્છા છે. આમ કહીને પછી તરત જ અલૈયાથી ચાલતા થયા. તે **મોડા** ગામ આવ્યા. ૨૯. શ્રીહરિ આવ્યા છે એમ સાંભળીને ક્ષત્રિય રણમલજી વગેરે અપાર હરિભક્તો ગામ બહાર દોડી આવ્યા. બધા તેમના ચરણોમાં પડ્યા અને સહુએ લાવીને શ્રીફળ આગળ ધર્યાં. ૩૦.

સૂર્યાસ્ત થયો એટલે મશાલો કરાવી. તેનું અજવાળું ઘણું સુંદર થયું. ત્યાં તે વખતે ઢોલ અને શરણાઈ વગેરે વાજિંત્ર વાગવાં લાગ્યાં. ૩૧. સંતો અને હરિભક્તો કીર્તન ગાવા લાગ્યા. સહુના હૃદયમાં અત્યંત આનંદ થયો હતો. શ્રીહરિએ ગામમાં પ્રવેશ કર્યો. અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો. ૩૨. શ્રીહરિએ પણ સોનેરી વસ્ત્ર અને સુવર્ણનાં આભૂષણો શરીર ઉપર ધારણ કર્યાં હતાં. ભક્તો મનમાં ખુશી થઈને દર્શન કરતા હતા. આ રીતે શ્રીહરિ મોડા ગામની બજારમાં ચાલ્યા આવતા હતા. ૩૩. રંગભીના શ્રીહરિ દરબાર રણમલજીને ભવન આવ્યા. અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. પલંગ બિછાવી દીધો હતો એટલે આવીને તેના ઉપર બેઠા. ૩૪. સંતોને અને વર્ણીઓને ઉતારો કરાવ્યો. પછી તેમની પાસે રસોઈ કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ધર્મકુમાર શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૩૫.

પીતાંબર પહેર્યું, ચરણ ધોયા, પછી રૂમાલથી તેને લૂછ્યા. આવીને બાજોઠ ઉપર બેઠા. થાળમાં ભાત પીરસીને આગળ ધરાવ્યો. ૩૬. ભાતમાં ઘી અને સાકર મેળવીને જમ્યા અને તે પછી ભાત, દૂધ અને સાકર જમ્યા. ૩૭. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે હાથ અને મુખ ધોયાં. પછી મુખવાસ લીધો અને સંતોને જમવા માટે બોલાવ્યા. ૩૮. સંતો અને પાર્ષદો આવ્યા અને તરત જ પંગતમાં જમવા બેઠા. પછી શ્રીહરિએ તેમને ભાત, ઘી અને સાકર પીરસ્યા. ૩૯. જેને દૂધ, ભાત અને સાકર લેવાની રુચિ થઈ તેને જેટલું જોઈએ તેટલું તે પીરસ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શેખપાટથી અલૈયા થઈને શ્રીહરિ મોડા ગામ આવ્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર અગિયારમું : તરંગ - ૧૨

મોડા ગામથી નીકળેલા શ્રીહરિ મૂળેલ ગામ આવ્યા

શ્રીહરિએ સંતોને જમાડ્યા પછી હાથ ધોયા. પ્રસન્ન મુખમુદ્રામાં આવીને પલંગ ઉપર બેઠા. ૧. સંતો જમીને જ્યારે આવ્યા ત્યારે શ્રીહરિની પાસે બેઠા. સંતો પ્રેમથી કીર્તન બોલ્યા. તેથી બધાનો થાક ઊતરી ગયો. ૨. ગામના લોકોનો ભાવ જોઈને શ્રીહરિએ વાત કરી. તે વાત પણ લોકોને ગમે તેવી રીતે કરી હતી. ૩. સંત અને હરિભક્તોનાં સદ્‌વર્તનની બધી વાત કહી અને પછી કુપંથ બતાવી દીધો. વળી, સદ્‌વર્તન અને કુપંથ બંનેનાં ફળ પણ બતાવી દીધાં. ૪. જે નર-નારી માનવો ભગવાનું ભજન ન કરતા હોય, તેમની પણ બધી ગતિ, જમપુરી અને લખચોરાશી બતાવી દીધી. ૫.

કુમાર્ગી-મતપંથોની જેવી ગતિ થઈ શકે છે, તેવી વાત કરીને બધું બતાવી દીધું. તે સમયે શ્રીહરિ જે વાત કરતા હતા તેવું શ્રોતાઓના હૃદયમાં બધું પ્રકટ દેખાતું હતું. ૬. તે સાંભળીને અપાર લોકોએ વ્રતમાન-નિયમ ધારણ કર્યાં. આ વખતે જો નિયમ પાળીને ભગવાનનું ભજન કરાશે તો જીવાત્માનો મોક્ષ ચોક્કસ થાશે. અને જે નિયમોનું ઉલ્લંઘન કરીને તેનાંથી બહાર વર્તશે તો તેને માટે લખચોરાશીનું ભટકણ ટળવાનું નથી. ૭. **જેણે શ્રીહરિની પાસે વ્રતમાન-નિયમ ધાર્યા નથી તેઓ જમપુરીમાં જમનો માર ખાશે. જે લોકો મોક્ષને માર્ગે ચાલતા નથી તેને યમરાજ ઓળખે છે. ૮.** માણસ અહીંયાં જે ગુપ્ત રીતે પાપ કરે છે તેને યમરાજા બધું દેખે છે. ત્યાં ગુરુ કે રાજાને કોઈ ગણતું નથી. ત્યાં તો જે ધર્મ પાળનારા છે તેવાને જ ગુરુ અને રાજાનું માન મળે છે. ૯. જેટલા અધર્મને માર્ગે ચાલે છે તેટલા બધાને જમપુરીમાં લઈ જાય છે. અહીંયાં તો ગુરુ અને રાજાને અધર્મથી કોણ રોકે છે ? જો કોઈ તેમને રોકવાની કોશિશ કરે, તો તેઓ તેને તરત મારે છે. ૧૦.

ગુરુનું અને રાજાનું ચલણ તો આ લોકમાં છે. તેઓ જેમ મનમાં ચાહે તેમ કરે છે. તેમનું પૂર્વનું ભારે તપ હશે તેથી તેમને અહીંયાં કોઈ રોકી શક્તું નથી. ૧૧. તેના કરતા જો વધારે કોઈએ તપ કર્યું હોય તો તેઓ

કદાચ તેમને રોકી શકે છે. તપ વિનાનો માણસ જો તેને રોકવા પ્રયત્ન કરે, તો તે ક્યારેય તેનું માને નહિ. ૧૨. ભગવાન ઉતાવળા થઈને કોઈના ઉપર ક્યારેય કોપ કરતા નથી. તેઓ પોતાની વડાઈ (મહત્ત્વ) દેખે-વિચારે છે. ભગવાનની આગળ વિરાટ્ જેવા પણ તુચ્છ છે. તેમને પણ તેઓ એક રૂવાંડા જેવા ગણે છે. ૧૩. પાંચ મહાભૂતો બળવાન છે. તેઓ જીવની અંદર અને બહાર રહ્યા છે. જીવો અનંત અને અપાર છે. તે બધા તેના જીવાડ્યાં જીવે છે. તે પંચભૂત પણ પરમેશ્વર આગળ અતિ તુચ્છ છે. ૧૪. જે સમર્થ હોય છે તેઓ બધાને બાજીગરના ખેલની જેમ જાણે છે તેમ પરમાત્મા બધાને યથાર્થ જાણે છે જે, 'અંતે તો સર્વ જીવને એકલા જ જવાનું છેને ! તેના ઉપર કોપ શું કરવો ?' ૧૫. કોઈનું પોતાનું બળ નથી. તેથી પાતાળથી લઈને બ્રહ્માંડ સુધી સૌ કાળને આધીન થઈને રહ્યા છે. જેમ કાળ નચાવે તેમ સૌ નાચે છે. (તેવો કાળ પણ શ્રીહરિ આગળ થરથર ધ્રૂજે છે.) ૧૬.

✵ હરિભજનમાં પ્યાર રાખે એનો ઉદ્ધાર થાય :

चोपाई :

हरि भजत नहीं ज्यां लग जेहा, काल भमावत तां लग तेहा;
स्थावर जंगम विविध हि देहा, जीय तन धरत रहत हे एहा...१७

જે કોઈ પણ જ્યાં સુધી ભગવાનનું ભજન કરતા નથી, તેને ત્યાં સુધી કાળ ભટકાવ્યાં કરે છે. જીવો સ્થાવર અને જંગમ વિવિધ પ્રકારના દેહોને ધારણ કર્યા કરે છે. ૧૭.

આ ભારત ભૂમિમાં મનુષ્યનું શરીર પામીને જે જીવ શુભ-અશુભ કર્મને કરે છે તે તે જીવને માટેનું ભાતું છે. અને તે ભાતું જીવને લખચોરાશીમાં અને જમપુરીમાં ખાવાનું રહે છે. ૧૮. કર્મફળપ્રદાતા પરમેશ્વર છે તે અંતર્યામીનાં રૂપમાં જીવની સાથે જ રહે છે. તેઓ જીવનાં કર્મને અનુસારે તેને વારંવાર સુખ-દુઃખ ભોગવાવે છે. ૧૯. સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ રીતે કર્મ ત્રણ પ્રકારનાં છે તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ આવાં ભેદો બધામાં રહ્યાં છે. ૨૦. જીવાત્મા તેવાં કર્મોને લીધે જ વિચિત્ર પ્રકારના અને ભાત

ભાતના દેહોને ધારણ કરે છે. કર્મોનું બંધન ઘણું ગહન છે અને તેને લીધે તે ઊંચ, નીચ અને મધ્યમ એવા શરીરને પામે છે. ૨૧.

मोक्षदाता हरि के विन जोगा, कर्म को जीय कु मिटत न रोगा;
स्वामिनारायण नाम हि जोई, कर्म बलन अनल हे सोई...२२

कर्म बले विन मायिक देहा, नाहीं मिटत उपाय केहा;
इतनी बात करी हरि रहेउ, पुरजन कु पीछे सीख दियेउ...२३

મોક્ષદાતા પરમેશ્વરનો જોગ થયા વિના જીવનો આ કર્મનો રોગ ટળતો નથી. જે 'સ્વામિનારાયણ' એવું નામ છે તે કર્મોને બાળવા માટેનો અગ્નિ છે. ૨૨. કર્મોનાં બળ્યાં સિવાય આ માયિક દેહ બીજા કોઈ ઉપાયથી મટતો નથી. શ્રીહરિએ આટલી વાત કહીને ગામના લોકોને ઘેર જવા રજા આપી. ૨૩. પછી તો જ્યાં પલંગ હતો ત્યાં જ ઘનશ્યામ પ્રભુ પોઢી રહ્યા. સંતો, વર્ણીઓ અને જે પાર્ષદો હતા તે બધા પણ ત્યાં જ સૂઈ ગયા. ૨૪. જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો ઊઠ્યા અને પરમ સ્નેહભાવથી 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૨૫. શ્રીહરિએ ધૂન સાંભળી ઊંઘમાંથી ઊઠ્યા. સવારના ઠંડા પહોરનો લાગ જોઈને તત્કાળ જ મોડા ગામથી ચાલવા તૈયાર થયા. ૨૬.

હરિભક્તોએ શ્રીહરિને રોકવા માટે પ્રેમભરી ઘણી જ વિનંતી કરી, પણ શ્રીહરિ તો અશ્વ ઉપર સવાર થઈ ગયા અને એકદમ ઉતાવળા ચાલતા થયા. ૨૭. બધા હરિભક્તો શ્રીહરિની સાથે ગામ બહાર આવી ગયા. કેમ જે, શ્રીહરિએ વાતો કરીને તેમને આવો સત્સંગનો રંગ ચઢાવી દીધો હતો. ૨૮. સત્સંગની વાતનો પટ-રંગ શ્રીહરિ અને સંતોના સિવાય બીજો કોણ ચઢાવે ? હરિભક્તોને સત્સંગનો પટ કહેતાં, રંગ ચડાવવા જ ગામડે સંતો આવે છે. સંતોનો જેને જેટલો જોગ રહે તેટલો તેને સત્સંગનો રંગ ચડે છે. ૨૯. નિર્લોભ, નિષ્કામ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ ઈત્યાદિક સંતોના મહાન ગુણો કહ્યા છે. તે મોક્ષ માટેનાં અમૂલ્ય આભૂષણો છે. ૩૦. એ ગુણો તો ભવ અને બ્રહ્મા આદિને પણ દુર્લભ છે, તેમને પણ તે ગુણો કોઈ ઉપાયે

મળતા નથી. તે આભૂષણ જેનાં અંગ ઉપર દેખાય છે, તેને તેનો રંગ લાગી જાય છે. ૩૧.

મોક્ષની જેટલી વાત કહેવાય છે તે અભ્યાસ કર્યા વિના ટકતી નથી. જેને જેટલો ખપ હોય તે તેનો તેટલો અભ્યાસ કરે છે. ૩૨. ખપનો અંકુર જે રીતે ઊપજે તેવી વાત કરતા સંતોને આવડે છે. કેટલાક બીજના અંકુર તો ઘણે લાંબે સમયે ઊપજતા હોય છે. ૩૩. સંતોની વાતરૂપી બીજ જેના કાનમાં પડે છે, એ જાણે અજાણે પણ તે સંતોનાં દર્શન કરે છે. ૩૪. **દર્શનરૂપી બીજ નેત્ર દ્વારાએ જેનાં હૃદયમાં પડે છે અને રહે છે, એ રીતે સત્સંગના સંસ્કારરૂપ બીજ દૃષ્ટિ દ્વારા અને કાન દ્વારા બે પ્રકારે અંતરમાં પડતા હોય છે. તે બીજ જ મોક્ષનો અંકુર ઉત્પન્ન કરવાવાળા છે. ૩૫.**

અને તે બીજનો નાશ તો કાળરૂપી પક્ષી પણ ક્યારેય કરી શકતું નથી. એટલા માટે ભગવાનનાં દર્શન અને તેમના ઉપદેશ-શ્રવણનું માહાત્મ્ય ઘણું જ કહ્યું છે. ૩૬. ગામથી દૂર સુધી આવીને શ્રીહરિએ આવી વાત જે હરિભક્તો આવ્યા હતા તેની આગળ કરી. કારણ કે, યોગ્ય સારો સમય ગયા પછી તેવો સમય ફરીને આવતો નથી. ૩૭. આગળ ચાલતાં વન જેવું આવ્યું ત્યાં શ્રીહરિએ બધા ભક્તોને રોકી દીધા. સહુ હરિભક્તો ચરણોમાં પડ્યા અને આજ્ઞા વચનથી બંધાઈ રહ્યા. ૩૮. ધર્મકુમાર શ્રીહરિ આગળ ચાલતા થયા. આઠ કોશ (લગભગ ૨૪ કિ.મી.) જેટલે આવીને સ્નાન અને પૂજા આદિ નિત્યકર્મ કરીને ટીમણ કર્યું. ૩૯. શ્રીહરિએ સ્વયં નાસ્તો કર્યો. સંતો અને પાર્ષદોને પણ નાસ્તો કરાવ્યો. પછી નિષ્પાપભાવે આગળ ચાલ્યા. તે **મૂળેલ ગામ** આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'મોડાથી નીકળેલા શ્રીહરિ મૂળેલ ગામ આવ્યા' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર અગિયારમું : તરંગ - ૧૩

મૂળેલથી ચાલેલા શ્રીહરિ સાંજે ફરેણી ગામ પહોંચ્યા

શ્રીહરિ જે મૂળેલ ગામ આવ્યા ત્યાં ગરાસદાર ક્ષત્રિય બાઈઓમાં સત્સંગ હતો. તેમણે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. ૧. એક સુંદર પલંગ બિછાવી દીધો. આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા. ત્યાં સંધ્યા આરતી કરી અને નારાયણ ધૂન પણ કરી. ૨. સંતો જઈને ચોરામાં ઊતર્યા. તે પછી શ્રીહરિ પણ ચોરે આવ્યા. વર્ણીએ રસોઈ બનાવી એટલે શ્રીહરિ ઘણાભાવથી જમ્યા. ૩. પહેલા ભાત, ઘી અને સાકર જમ્યા અને તે પછી દૂધ, ભાત અને સાકર જમ્યા. ૪. શ્રીહરિએ સંતોને પણ તે રીતે જ જમાડ્યા અને સાથે જે પાર્ષદો હતા તેમને પણ જમાડ્યા. જ્યારે સંતો અને પાર્ષદો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પાછા આવીને પલંગ ઉપર બેઠા. ૫.

સંતો બધા જમીને આવ્યા અને શ્રીહરિની પાસે બેઠા. જ્યારે સહુ મળીને કીર્તન ભક્તિ કરવા લાગ્યા ત્યારે ગામના લોકો આવીને ત્યાં બેઠા. ૬.

ઘણીવાર સુધી સંતો કીર્તન બોલ્યા. તેમાં અપાર ઉપદેશ ભર્યો હતો. પછી જ્યારે શ્રીહરિએ વાત કરવાનો આરંભ કર્યો ત્યારે બધા લોકો ત્યાંથી તરત ઊઠવા લાગ્યા. ૭. જેટલા આવ્યા હતા તે બધા ઊઠી ગયા. વાત સાંભળવા એક પણ માણસ બેઠો નહિ. ત્યારે શ્રીહરિ સંતોની સાથે વાતો કરવા લાગ્યા કે, તમારું સહુનું મહાનભાગ્ય છે જે કહી શકાતું નથી. ૮.

※ સત્સંગના સુખની સર્વોપરિતા :

ચોપાઈ :

सर्वोपरी सत्संग कहावे, अल्प पुन्य नहीं इनकु पावे;
सत्संग में सुख रहे हे जेता, अनंत ब्रह्मांड में नहिं हे तेता...०९

सर्वोपरी सुख के लोभी जेहा, सत्संग सो करत हे तेहा;
सुलट समज की दश जब आवे, उलट समज तब दूर करावे...१०

સત્સંગ સર્વોપરિ કહેવાય છે. થોડાં પુણ્યે સત્સંગ મળતો નથી. સત્સંગમાં જે સુખ છે તે અનંત બ્રહ્માંડોમાં પણ નથી. ૯. સર્વોપરિ સુખના

જે લોભી હોય છે તે જ સત્સંગ કરી શકે છે. જ્યારે સવળી સમજણની દિશા સૂઝે ત્યારે અવળી સમજણ દૂર થઈ જાય છે. ૧૦.

મનુષ્યમાં જ્યાં સુધી અવળી સમજણ હોય છે ત્યાં સુધી તે સત્સંગ કરી શક્તો નથી. પહેલા તે નક્કી કરી રાખવું જોઈએ કે, સત્સંગ કર્યા વિના ભવનો પાર આવવાનો નથી. ૧૧. પૂર્વે પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવાએ પણ સત્સંગ કર્યો હતો. તેમની જેવી સમજણ હતી તેને અત્યારે પણ ગ્રહણ કરવી જોઈએ. ૧૨. પ્રહ્લાદને સત્સંગ છોડાવવાને માટે તેના પિતાએ જ કેટલા બધા પ્રલોભન આપ્યા ? છતાં તેઓ કોઈ રીતે ડગ્યા નહિ. ૧૩. પ્રહ્લાદને તેના પિતાએ જે જે પ્રલોભન આપ્યાં તેમાં તેને એક પણ સ્થિર ન દેખાયું. તેઓ અનંત બ્રહ્માંડનાં સુખને વિચારવા લાગ્યા ત્યારે તેમાં અસ્થિરતાનું તેવું જ વિવેકજ્ઞાન થયું. ૧૪.

સત્સંગનું જે સુખ છે તેનો તો કાળ પણ નાશ કરી શક્તો નથી. તેણે પોતાના આત્મામાં આવું દઢ કર્યું અને દેહનાં બધા સુખને નાશવંત જાણ્યાં. ૧૫. પિંડ અને બ્રહ્માંડનાં જે જે ભોગ સુખ રહ્યા છે તે બધાને શબના જેવા નાશવંત જાણ્યા. શબને માટે કોઈ પ્રયત્ન કરતા નથી. ૧૬. પિતાએ પુત્રને બહુ શિખામણ આપી, સત્સંગ છોડાવવા માટે ઘણી માયા રચી. જેટલી રાજનીતિ કહેવાય છે તે બધી પ્રહ્લાદજીને ભણાવી હતી. ૧૭. છતાં પ્રહ્લાદજીને સત્સંગ સિવાય કયાંય સાર ન સમજાયો. તેઓ સત્સંગ કરીને ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ-ભક્તિ કરવા લાગ્યા. તેના પિતા બધા ઉપાય કરીને થાક્યા પણ પ્રહ્લાદ તો પાકા અડગ ભક્ત થયા. ૧૮. તેણે પોતાના દેહ સુદ્ધામાં મમત્વ છોડી દીધું. જીવ સિવાય કયાંય મમતા રહી નહિ. હિરણ્યકશિપુએ પુત્રને જ્યારે નિર્મમ દેખ્યો ત્યારે તેને તે અપાર દુઃખ દેવા લાગ્યા. ૧૯. દુઃખી કરવાના જે જે ઉપાય કહેવાય છે; જેવા કે, આગ, પાણી, ઝેર, સર્પ, સિંહ, શસ્ત્ર અને હાથી વગેરે દ્વારા દુઃખ દેવામાં આવ્યા; છતાં પ્રહ્લાદનો નાશ તો ન કરી શક્યા પણ દુઃખી પણ ન કરી શક્યા. કેમ જે, પ્રહ્લાદજી તો પ્રસન્ન જ રહ્યા. ૨૦.

❋ પ્રભુ મિલન માટે દુ:ખની ઉપયોગિતા :

પ્રહ્લાદે ભગવાનનાં સુખને દુર્લભ માન્યું અને ભગવાનને માટે થઈને ઘણું બધું દુ:ખ સહન કરવાનું કબૂલ રાખ્યું. ભગવાનને માટે થઈને જેટલું દુ:ખ પામ્યા તે બધાને તેણે સુખ જ માન્યું. ૨૧. ભગવાનને માટે થઈને કદાચ કોઈ નાક, કાન કાપે તોપણ તે ભક્તને માટે પરમ મંગળરૂપ છે. કુરૂપ બનાવીને તેને કોઈ ગધેડા ઉપર બેસાડે તોપણ તે ભક્ત તેને સર્વોત્તમ મંગળ કાર્ય માને છે. ૨૨.

चोपाई :

हरि के सुख अधिक जेहि जाने, ज्युं दुःख परे तेहि सुख कु माने;
ज्युं ज्युं दुःख ईहाँ सहे अपारा, त्युं त्युं सुख तेहि रहत न पारा...२३
अति दुल्लभ सुख हरि को कहावे, अति दुःख विन कहाँ से पावे;
ईहाँ के सुख कहावत जेता, राज समृद्धि आदिक तेता...२४

ભગવાનનાં સુખને જ તેણે સર્વોત્તમ માન્યું અને જેમ જેમ દુ:ખ પડે તેમ તેમ તેને પણ સુખરૂપ જ ગણ્યું. કેમ જે, ભક્તને આ લોકમાં જેમ જેમ વધારે દુ:ખ સહન કરવાનું થાય, તેમ તેમ તેને ભગવાનની કૃપાથી પછી સુખનો પાર રહેતો નથી. ૨૩. ભગવાનનું સુખ અત્યંત દુર્લભ છે. અત્યંત દુ:ખ વેઠ્યા વિના તે સુખ ક્યાંથી પમાય ? અહીંયાંના રાજ્ય કે સમૃદ્ધિ વગેરે જે જે સુખ કહેવાય છે, ૨૪.

તે જેટલાં સુખ છે, તે એકેય દુ:ખ વિનાનું નથી. જીવને સુખની વધારે પડતી તમન્ના હોય છે, તેથી તેને તે દુ:ખ દેખાતું નથી. ૨૫. ભગવાન ભજતા જેટલું દુ:ખ દેખાય છે. તેટલો તેની ભાવનામાં ફરક છે. જ્યારે દુ:ખ આવે છતાં તેમાં જે સુખ માને છે ત્યારે તેને ભગવાનમાં અપાર હેત છે; એમ માનવું. ૨૬. જેમાં જેને જેવો ભાવ હોય છે તેને પરમેશ્વર તેવું ફળ આપે છે અને તેના ભક્તિભાવના અચળ ઠેરાવ જોઈને તે પ્રમાણે ભગવાન તેને સુખ આપે છે. ૨૭. ખેતરમાં જેવું વાવે તેવું ફળ તેને મળે છે. વગર મહેનતે કાંઈ મળતું નથી. માટે ભગવાન રાજી થાય તેમ કરવું જોઈએ. ૨૮. સર્વ

જીવોને સુખદાયક શ્રીહરિ આટલી વાત કરીને પોઢી ગયા. સહુ સંતો ધ્યાન કરીને સૂઈ ગયા અને પાર્ષદો બધા ચોકી કરતા રહ્યા. ૨૯.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ ઊઠીને નારાયણ ધૂન કરી. તે સાંભળીને શ્રીહરિ તરત જાગી ગયા. તરત જ ચાલવા માટેનો ભાવ જણાવ્યો. ૩૦. શ્રીહરિ તૈયાર થઈને અશ્વ ઉપર બેઠા. બધા સંતો પણ પ્રસન્ન મનથી ચાલતા થયા. મૂળેલથી આગળ ચાલતા મધ્યાહન સુધીમાં ત્રણ-ચાર ગામ આવ્યા. ૩૧. જ્યારે આગળ પાંચમું ગામ આવ્યું ત્યાં બપોર થવા આવ્યા હતા. એક સરોવર હતું, સરસ છાયા હતી. સહુ ત્યાં નાહ્યા અને ત્યાં પૂજા કરી. ૩૨. સહુએ તિલક કર્યા, ધ્યાન કર્યું અને પછી જે સાથે ટીમણ હતું તે ત્યાં જ બેસીને સૌ જમ્યા. સાકર નાખીને દૂધના પેંડા કર્યા હતા, તે વર્ણીએ શ્રીહરિને માટે ઘણા હેતથી રાખ્યા હતા. ૩૩. જ્યારે રસ્તામાં ક્યાંય રસોઈ બનાવવાની અનુકૂળતા ન હોય ત્યારે વર્ણી તે પેંડા શ્રીહરિને જમવા માટે આપતા હતા. એટલે તે પેંડા શ્રીહરિ અહીંયાં જમ્યા અને તેમાંથી એક એક પેંડો જે સાથે હતા તે સહુને આપ્યો. ૩૪.

તે એક પેંડો પાશેરનો હતો. તે સહુને આપ્યા વિના શ્રીહરિ ક્યારેય એકલા જમતા નહિ. હરિભક્તો શ્રીહરિને માટે કયારેક કોઈ નવો મેવો લાવે, ૩૫. તેને પણ શ્રીહરિ એકલા જમતા નહિ. સહુને આપતા. કોઈ કાંઈ થોડું લાવ્યા હોય તોપણ એવી જ રીત રાખતા. સુખડીના લાડુ તો સહુની પાસે હતા જ. એટલે જેવી રુચિ હોય તે પ્રમાણે તેઓ સહુ જમતા હતા. ૩૬. દિવસનો પાછલો પહોર એક બાકી રહ્યો ત્યારે ધર્મકુમાર શ્રીહરિ ચાલ્યા તે જ્યારે સંધ્યા સમય થયો ત્યારે સાંજે **ફરેણી** ગામ પહોંચ્યા. ૩૭. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ પગમાં પડ્યા અને ફૂલહાર પહેરાવ્યા. ૩૮. રામાનંદસ્વામીના સમયથી ત્યાં આપણી જગ્યા કરેલી હતી. તેમાં સંતો કાયમ રહેતા. તેઓ બધા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૩૯. સહુ શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. તેમાં રામશરણદાસ નામે એક જૂના સાધુ ત્યાં રહેતા હતા તેમને શ્રીહરિ ભેટ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'મૂળેલથી ચાલેલા શ્રીહરિ સાંજે ફરેણી પહોંચ્યા' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર અગિયારમું : તરંગ - ૧૪

શ્રીહરિ ફરેણીમાં દર્શન દેતાં દેતાં પોતાની જગ્યામાં આવ્યા

શ્રીહરિ ફરેણી ગામમાં સંધ્યા સમયે પહોંચ્યા. પોતાના અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૧. સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર બેઠા હતા. તેની શોભા અવર્ણનીય હતી. તેમનો એવો પ્રતાપ જણાતો હતો કે આખી ત્રિલોકી તેમાં લીન થઈ ગઈ હતી. ૨. આખા બ્રહ્માંડમાં જે કાંઈ યત્કિંચિત્ શોભા રહી છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણોનું ઉત્કૃષ્ટપણું રહ્યું છે, તે બધું શ્રીહરિમાં દાસભાવે સેવા કરવા રહ્યું હતું. પોતે સૌંદર્ય કે ગુણોનો અનાદર કરે છતાં તેઓ શ્રીહરિને છોડીને બીજે જાતા નહિ. ૩-૪. તે લૌકિક ગુણોનો જેમ જેમ અનાદર કરતા તેમ તેમ તે વધારે હેત કરીને સ્થિર રહેતા હતા. શ્રીહરિનાં જેવું કોઈ આશ્રય સ્થાન નથી એમ જાણીને તે સૌ મૂર્તિમાં અખંડ રહેતા હતા. ૫. બ્રહ્માંડમાં જે કાંઈ શોભા દેખાય છે તે તો ખરી શોભાનો મળ છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકપર્યંત જે કોઈ પણ દેવ, મનુષ્ય, દૈત્ય અને દાનવ છે, જે અનંત ગણાય છે, ૬.

તે બધા પરસ્પર તે સૌંદર્ય સુખને માટે લડી મરે છે. તેને લાજ-શરમ પણ આવતી નથી અને તે સુખને માટે જ રાહુએ પોતાનું માથું કપાવ્યું હતું. ૭. હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, રાવણ, શિશુપાલ, દંતવક્ર અને કંસ ઈત્યાદિ અસુરોનો ગણતા પાર આવતો નથી. ૮. ભવ, બ્રહ્મા અને દક્ષ એ બધા દેવોના પણ દેવ કહેવાય છે. ઈંદ્ર, ચંદ્ર અને બૃહસ્પતિ ઈત્યાદિ પણ એવા જ અપાર દેવો છે. ૯. **શ્રીહરિનાં સ્વરૂપની શોભાની આગળ તો એ બધાની શોભા મળના સમાન લાગે છે. શ્રીહરિનાં સ્વરૂપની શોભાનો જેને અનુભવ**

હોય તેને બીજી બધી શોભા તો મળના સમાન દેખાય છે. ૧૦. જેને ગોળ અને ખોળનો વિવેક ન હોય તેને તો બધું એકસમાન જ દેખાતું હોય છે અને નાણામાં પણ ખરા-ખોટાની જેને ખબર નથી તેને બધું અનુભવ વિના સરખું જ લાગે છે. ૧૧. તેમ જ શ્રીહરિ, સંતો અને હરિભક્તોનો જેને અનુભવ નથી ત્યાં સુધી તે એકસરખા બીજા મનુષ્ય જેવા જ લાગે જ છે. અને શ્રીહરિ, સંતો તથા હરિભક્તો જ્યાં સુધી મનુષ્ય જેવા લાગે છે ત્યાં સુધી તેને સંપૂર્ણ સત્સંગ ન થયો કહેવાય. ૧૨.

હવે હું શ્રીહરિની વાત કહું છું. શ્રીહરિ ફરેણી ગામમાં આવ્યા. મશાલોનું અજવાળું ઘણું કર્યું હતું. અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૧૩. બજારોને સુંદર રીતે શણગારી હતી. ઠેરઠેર દીવાઓ કર્યા હતા. ગામમાં જેટલા નર-નારીઓ હતા તે બધા બજારની બંને બાજુએ ઊભા હતા. ૧૪. સહુએ હાથમાં ફૂલહાર અને શ્રીફળ લીધાં હતાં. બજાર તો ફૂલવાડી હોય તેવી વિવિધ પ્રકારે શોભી રહી હતી. ૧૫. જેટલી સ્ત્રીઓ હતી તેણે હાથમાં મોતીના ભરેલા થાળ અને ફૂલહાર લીધા હતા. શ્રીહરિને તે ફૂલહાર પહેરાવીને પ્રેમથી મોતીથી વધાવતી હતી. ૧૬. ફરેણી ગામના બધા જ નર-નારીઓને શ્રીહરિના ઉપર ખૂબ જ પૂજ્યભાવ અને પ્રેમભાવ હતો. શ્રીહરિનાં દર્શન કરીને બધા ગુલતાન થઈ ગયા. ઘરનું અને શરીરનું પણ ભાન ભૂલી ગયા હતા. ૧૭.

ઘનશ્યામ શ્રીહરિએ સહુને અલૌકિક દર્શન દીધાં. શ્રીહરિ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની સાથે આ ગામમાં આવીને રહ્યા હતા. તેથી ત્યાંના નિવાસી નર-નારી જે કોઈ હતા તે બધાને નામ સહિત ઓળખતા હતા. ૧૮. શ્રીહરિએ ઘણા જ પ્રેમભાવથી કરુણાદૃષ્ટિ કરીને સહુને જોયા અને દર્શન દીધાં. લોકો હાથ જોડીને બોલતા કે, આપે બાળપણનું બધું હેત છોડી દીધું છે. ૧૯. અમે તો આપનું રટણ રાત-દિવસ વારંવાર કરતા રહીએ છીએ. અમે આશ્રમમાં સંતોની પાસે આવીને આપના સમાચાર પૂછતા રહીએ છીએ. ૨૦. ત્યારે શ્રીહરિએ તે ફરેણીવાસી ગ્રામજનોને કહ્યું, તમારે અમારાં ઉપર જેવો ભાવ છે તેવોને તેવો ભાવ હવે અમારા ઉપર દેશેદેશના ભક્તોને થયો છે. ૨૧.

તે હરિભક્તો અમને ઠેકઠેકાણે ખેંચીને લઈ જાય છે. એક એક રાત રોકાઈએ તોય પાર આવતો નથી. ત્યારે તે ભક્તોએ કહ્યું, મહારાજ ! ભક્તોને માટે તો આપ પ્રકટ થયા છો. ૨૨.

❋ બહુ જીવના મોક્ષ માટે શ્રીજીમહારાજ પ્રગટયા :

જીવોનો મોક્ષ કરવા માટે તો આપ પધાર્યા છો અને તે સિવાયનું બીજું કામ જ આપને કયાં છે ? ઉત્તમમાં પણ ઉત્તમ કામ જીવોનો મોક્ષ કરવો તે જ છે. તે જીવોનો ઉદ્ધાર અન્ય દેવો કે મનુષ્ય કોઈથી થવાનો નથી. ૨૩. જે આપનાથી કામ થાય છે તે કામ દેવ કે મનુષ્યના તર્કમાં પણ આવતું નથી. આપનું કામ તો આપ એકથી જ થવાનું, તે બાબત અમે ચોક્કસ કહીએ છીએ. ૨૪. જે મોટા સિદ્ધો કે સમર્થ દેવો કહેવાય છે તેમાં પણ આપનો પ્રતાપ રહ્યો છે, એમ અમે દેખીએ છીએ. ૨૫. **આ બ્રહ્માંડમાં જેટલું આશ્ચર્યપૂર્ણ સામર્થ્ય દેખાય છે તે બધું સામર્થ્ય આપનું જ છે એમ અમે જાણીએ છીએ. ૨૬.** આ જગતમાં બીજામાં જે જે સામર્થ્ય દેખાય છે, તે સામર્થ્ય તેનું નથી પણ નિશ્ચિતરૂપમાં અમે કહીએ છીએ કે તે સામર્થ્ય આપનાં સ્વરૂપનું જ છે. ૨૭.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

सोरठा : जो जो भये अवतार, सामृथ तुमारे लई कर;
एसे किये निरधार, वार वार विचार करी...२८

चोपाई :

तुम कहो अरु संत कहो सबहु, तोहु हम नहीं माने कबहु;
आहिर की हम जाति जेति, मूढ में मूढ कहावे तेति...२९

અમે વારંવાર વિચાર કરીને મનમાં એવો નિર્ધાર કર્યો છે કે, પૂર્વે જે જે અવતારો થયા છે તે બધાએ આપની પાસેથી જ સામર્થ્ય મેળવ્યું છે. ૨૮. અમે તો આવું ચોક્કસ માનીએ છીએ. હવે આપ ખુદ કહો કે સહુ સંતો કહે, અમે તેમાં ક્યારેય ફેરફાર કરીએ નહિ. અમે જે આહીરની જાતિ છીએ તે અત્યંત મૂઢ કહેવાઈએ બીજાનું માનીએ નહિ. ૨૯. અમે આંખે

દેખ્યા વિના ક્યારેય માનીએ નહિ અને પાખંડની વાતને કાને સાંભળીએ જ નહિ. આપની મૂર્તિને અને અનંત અવતારોને અમે અમારાં અંતરમાં દેખતા જ રહીએ છીએ. ૩૦.

सूर्य मशाल में फेर हे जितना, तुम अवतार में फेर हे तितना;
सूर्य में प्रताप रहे हें जेसा, सबके देखे में आवत तेसा...३१

સૂર્ય અને મશાલમાં જેટલો ફરક છે તેટલો આપમાં અને અવતારોમાં ફરક છે. સૂર્યમાં જેવો પ્રતાપ રહ્યો છે તે બધો સહુને દેખાય જ છે. ૩૧. હુતાશનીનો ચાહે તેવો અગ્નિ હોય તોપણ તે સૂર્ય સુધી પહોંચે નહિ, પ્રકાશથી સૂર્યને ઢાંકી શકે નહિ. સૂર્યની આગળ તો ગિરનાર જેટલો અગ્નિ હોય તોપણ તે સૂર્યમાં લીન થઈ જાય. પણ તે પોતાના પ્રકાશથી કોઈ દિવસ સૂર્યને ઢાંકી શકે નહિ. માટે હે હરિ ! આપની મૂર્તિ તો સૂર્યના સમાન છે. તેના જેવો પ્રકાશ કોઈનામાં રહ્યો નથી, પણ ૩૨-૩૩. તે આપની મૂર્તિનો પ્રકાશ કહેવાતો નથી. એવું તે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. સૂર્ય સિવાયના અનંત તારાઓ રહ્યા છે અને તે બધામાં ચંદ્રમા સહુથી મોટો કહેવાય છે. ૩૪. તે ચંદ્રમા રાતે દેખાતો હોય છે પણ જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તે ચંદ્રમા તેમાં લીન થઈ જાય છે. પરંતુ ચંદ્રમાનો અને તારાઓનો જે પ્રકાશ છે તે સૂર્યનો જ છે, એમ અમને દેખાય છે. ૩૫.

અગ્નિમાં જે પ્રકાશ, તેજ છે તે પણ સૂર્યનું જ છે. તે કાષ્ઠમાં અને પથ્થરમાં દેખાય છે. તે રીતે જ જ્યાં અવતારાદિકમાં જ્યાં જ્યાં પ્રકાશ-પ્રતાપ દેખાય છે તે હે હરિ ! તે આપનો જ પ્રતાપ છે. એવો તમારો પ્રતાપ મહાન છે કે જે મુખથી ક્યારેય બહાર કહી શકાતો નથી. ૩૬. અમારી આહિરની બુદ્ધિ કહેવાય. તે બુદ્ધિ પ્રમાણે આપનો પ્રતાપ કહ્યો. અરે..! આપના પ્રતાપને વેદો સતત કહેતા રહે છે, તોપણ તે પ્રતાપ અમાપ જ રહે છે. ૩૭. ત્યારે શ્રીહરિએ ફરેણીના ભક્તોને કહ્યું, જેમાં જેટલો પ્રતાપ હોય છે તે હરિભક્તોની આગળ છુપાતો નથી. જેમ કે, કસ્તૂરીનો ગંધ. ૩૮. ગંધ અનંત પ્રકારનો છે. કનિષ્ઠ, મધ્યમ કે ઉત્તમ, જેવો ગંધ હોય તેને તરત જ વાયુ જાહેર કરી

દે છે. તે રીતે જ પ્રતાપની વાત પણ જણાય છે. ૩૯. આમ વાતો કરતાં કરતાં શ્રીહરિ પોતાની જગ્યામાં આવ્યા. રાત બે ઘડી (૪૮ મિનિટ) ગઈ હતી ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ ફરેણી વાસીઓને દર્શન દેતાં દેતાં પોતાની જગ્યામાં આવ્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર અગિયારમું : તરંગ - ૧૫

ફરેણીમાં સંતો-હરિભક્તોનું આગમન અને મંડપની રચના

શ્રીહરિ પલંગ ઉપર બેઠા. બધા સંતો પણ તેમની પાસે આવીને બેઠા. સહુએ ઉતારો કરી દીધો હતો અને મનમાં અત્યંત આનંદ છવાઈ ગયો હતો. ૧. શ્રીહરિ ચૈત્ર સુદી છઠને દિવસ ફરેણી આવ્યા. **વિક્રમ સંવત્ અઢારસો ને ત્રેસઠના ચૈત્ર સુદી નોમ-હરિજયંતી, રામનવમીનો ઉત્સવ ત્યાં કર્યો.** ૨. સોરઠ પ્રદેશના નજીકના જે હરિભક્તો હતા તેઓ બધા ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા માટે આઠમને દિવસ આવી ગયા. ૩. રામનવમીને દિવસ શ્રીહરિનો પ્રાદુર્ભાવ છે, તેમ બધા નિપુણ હરિભક્તો જાણતા હતા એટલે વિશેષપણે તેનો ઉત્સવ માનતા હતા.૪.

બાઈ, ભાઈ અને હરિભક્તો જે આવ્યા હતા, તેઓ શ્રીહરિનાં દર્શન કરતા હતા. કોઈને તકલીફ ન પડે તેવી સંતોની જગ્યાની પાસે જ શ્રીહરિએ બેઠક કરાવી હતી. ૫. જે જે હરિભક્તો આવતા તેનાં ગામનાં નામ શ્રીહરિ પૂછતાં. જે વર્ણના ભક્ત હોય તેને અનુરૂપ ઉતારો તે સમયે શ્રીહરિ તેમને અપાવતા હતા. ૬. સંતોની જગ્યામાં મંડપ કરાવ્યો હતો. જે સંતો આવ્યા હતા, તેમને તેમાં ઉતારો કરાવ્યો. જે સંતો બહાર પ્રદેશોમાં રહ્યા હતા તે બધા ફરેણીમાં આવીને મળ્યા. ૭. જે કોઈ સંતો આવતા હતા તે બધાને તરત જ શ્રીહરિ મળતા હતા. શ્રીહરિ સંતોના ઉપર બહુ હેત રાખતા હતા. એટલે જે સંતો આવે તેને પ્રેમરસથી બોલાવતા. ૮.

✵ પ્રસન્નતાનું મહત્ત્વ અને સંતના લક્ષણ :

ફૂલના હાર, તોરા, બાજુબંધ તરત જ સંતોને આપતા. સંતોને આપવા લાયક કોઈ વસ્તુ જણાય તો તે તરત જ શ્રીહરિ તેમને આપી દેતા. ૯. **શ્રીહરિને કોઈ પ્રિય વસ્તુ હોય, તેપણ સંતથી અધિક પ્રિય કરી રાખતા નહિ. શ્રીહરિ બધા સંતોને પોતાનાં શરીર કરતાં પણ વધારે પ્રિય માનતા હતા. ૧૦.** શ્રીહરિને સંતોને વર્તાવવાની જેવી મરજી હતી તેવી જ રીતે સંતો વર્તતા હતા. કેમ જે, સંતોને શ્રીહરિને પ્રસન્ન કરવાની ઈચ્છા રહેતી. તેથી સર્વે સંત તે રીતે જ વર્તતા હતા. ૧૧.

ચોપાઈ :

प्रसन्नता मानत संत फल भारी, अक्षरधाम से अधिक विचारी;
उत्तम में उत्तम फल हे एता, हरि की मरजी त्युं वरतना तेता...१२

दोहा : एसे संत को तान सब, सब की मति रहे एक;
एक एककु अति प्रीत हि, छलकपट दिये छेक...१३

एक एक को हित चात अति, एक एक कि मोटप गात;
निजमुख निज को वखान हि, कबहु न करने चात...१४

શ્રીહરિનો રાજીપો અક્ષરધામ કરતા પણ મહત્ત્વપૂર્ણ છે તેમ વિચારી સંતો શ્રીહરિની પ્રસન્નતાને બહુ ભારે ફળ માનતા. ઉત્તમમાં ઉત્તમ ફળ તો એ જ છે કે, જેમ શ્રીહરિની મરજી હોય તેમ વર્તન રાખવું. ૧૨.

બધા સંતોને શ્રીહરિને પ્રસન્ન કરવાનું જ એક તાન રહેતું. સહુ એકસરખી સમજણવાળા હતા. પરસ્પર પ્રેમ ઘણો હતો અને સંતોએ છળ અને કપટનો ત્યાગ કરી દીધો હતો. ૧૩. સંતો એકબીજાનું હિત ચાહતા હતા, એકબીજાની મોટપ ગાતા હતા અને આ સંતો ક્યારેય પોતાનાં મુખથી પોતાનાં વખાણ કરવાનું ચાહતા નહિ. ૧૪.

सोरठा : ओर करे जो वखान, सुनी सो फुलात नहीं;
कोउ करे अपमान, ता पर द्वेष न करत कबु...१५

સોરઠા : आपे रहे निर्मान, अपमान ओरको करत नहिं;
भोमि को गुन जान, गुणातीत वरतत रहत...१६

કદાચ બીજા કોઈ વખાણ કરે તો તે સાંભળીને મનમાં ફુલાતા નહિ. કદાચ કોઈ અપમાન કરે, તોપણ તેના ઉપર ક્યારેય દ્વેષ રાખતા નહિ. ૧૫. સંતો સ્વયં નિર્માની રહીને બીજાનું અપમાન કરતા નહીં. ભૂમિનો ક્ષમા ગુણ રાખીને કાયમ ગુણાતીત સ્થિતિમાં રહેતા હતા. ૧૬. જેટલી બ્રહ્મવિદ્યાઓ કહેવાય છે તે બધી જીવને શાંતિ મેળવવા માટેની છે. પિંડ અને બ્રહ્માંડથી પોતાને અલગ સમજવા-અનુભવવવા તે જ બ્રહ્મવિદ્યાનું દ્વાર છે. અર્થાત્ આત્મજ્ઞાન જ બ્રહ્મવિદ્યામાં પ્રવેશવાનું દ્વાર છે. ૧૭. **લોકોને દેખાડવાને માટે જે જ્ઞાન શીખે છે તેનાથી પોતાનું અજ્ઞાન ટળતું નથી અને અંતર્યામી પરમેશ્વર તો જીવનાં મનની બધી વાતોને રાત-દિવસ જાણતા જ હોય છે. ૧૮.**

સંતો આવી બધી બાબતોને સમજતા હતા અને હરખતે હૈયે નિર્દંભ વર્તન રાખતા હતા. બીજું નિષ્કામપણું ઈત્યાદિક જે જે મોટા ગુણો કહેવાય છે, ૧૯. તે બ્રહ્માદિકને પણ દુર્લભ ગુણ છે. તે બધા સદ્‌ગુણોને શ્રીહરિએ સંતોમાં સ્થાપ્યા અને સંતોને દેવથી દુર્લભ કરી દીધા, તે ગુણો દ્વારા ઓળખાઈ આવે છે. ૨૦. **નિષ્કામપણું ઈત્યાદિક સદ્‌ગુણોને રાખવાની એવી શોભા છે કે, બ્રહ્માંડમાં તેની તુલના કરે તેવી કોઈ પણ શોભા નથી. તે નિષ્કામ આદિક ગુણો તો ગુણાતીત કહેવાય છે; જે સામાન્ય નાના માણસમાં એવો ગુણ કયારેય આવે નહિ. ૨૧.** નિષ્કામપણું ઈત્યાદિક સદ્‌ગુણ જેમાં હોય તેને તો ચૌદલોક પણ વશ વર્તે છે. નિષ્કામપણું ઈત્યાદિ ગુણોને પામ્યા પછી પણ માયિક પદાર્થની તૃષ્ણા તેને કયારેક રહેતી હોય છે. ૨૨.

જેને માયિક પદાર્થની જેટલી તૃષ્ણા રહે છે તેટલી તેની સાધુતામાં ખામી રહે છે. સહેજે જે મળે તેનાથી ગુજરાન ચલાવનારા સંતો સહુથી પર છે, મહાન છે. ૨૩. શ્રીહરિ સંતો આગળ નિત્ય એવી વાતો કરતા કે, જેનાથી કોઈને માયાનો લેશ પણ પાશ લાગતો નહિ. માયાનો પાશ લાગવાના જેટલા દ્વાર હતા તે બધાને આ વખતે શ્રીહરિએ બંધ કરી દીધાં હતાં. ૨૪. માયિક પંચવિષયનાં દ્વાર તો પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેમાં અનંત દોષ રહ્યા છે. એટલે

નિયમો દ્વારા તે દ્વારને બંધ કરાવી દીધાં. ૨૫. રમણીય વિષયો એટલા બધા છે કે તેનો ગણ્યે પાર આવતો નથી. તે જીવમાં પણ બીજનાં રૂપમાં (વાસનાનાં રૂપમાં) રહ્યા છે. શ્રીહરિએ તે વાસનાનો નાશ કરાવી દીધો. ૨૬.

શ્રીહરિ તે બાબતને જાણતા હતા કે, બીજ ટળ્યા વિના કરોડો ઉપાય કરે તોપણ વિષયની ઈચ્છા ટળતી નથી. ૨૭. જે માયિક વિષયનાં સુખ છે તે જ્યારે ભગવાનથી અધિક ન મનાય ત્યારે માનવું કે, વાસનાનો નાશ થયો અને તે પછી ક્રોધનો અંકુર પણ રહેતો નથી. ૨૮. જ્યાં સુધી વિષયનું બીજ રહે છે ત્યાં સુધી તેમાંથી અધર્મનો વંશ જતો નથી. તે અધર્મના વંશમાં કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, માન, મત્સર, અસૂયા, કપટ, અનેક રીતનું છળ, ૨૯. દંભ, હિંસા, અભક્ષ્યનું ભક્ષણ, અપેય વસ્તુનું પાન, નશો કરવાની રુચિ એ આદિક મુખ્ય છે. ૩૦. સંતોમાં તે અધર્મવંશ કયારેય આવે નહિ, તેથી તેમને ગુણાતીત કહેવાય છે અને જેને પ્રકટ ભગવાનનો સંબંધ રહ્યો છે તેથી પણ તેઓ ગુણાતીત કહેવાય છે. ૩૧.

શ્રીહરિનાં સંબંધથી તો બધા હરિભક્તોને પણ ગુણાતીત કહ્યા છે. શ્રીહરિનાં દર્શન કરવા માટે હરિભક્તો સંઘના રૂપમાં ભેળા મળીને આવતા હતા. ૩૨. તેઓ રથ અને ઘણી જાતના અશ્વોને લઈને આવ્યા હતા. સુંદર પ્રકારની ઘણી શોભા, શણગાર કરીને આવ્યા હતા. જ્યારે તે બધાનો સમાવેશ ગામમાં ન થયો ત્યારે ગામની બહાર તે સહુના ઉતારા કરાવ્યા. ૩૩. ગામનો દરવાજો વાયુ દિશામાં હતો. ઘણા કૂવાઓ અને વાડીઓ બહાર હતી. એટલે દયાળુ શ્રીહરિએ સુંદર વિશાળ જગ્યા જોઈને તેમાં હરિભક્તોના ઉતારા કરાવ્યા. ૩૪. અને હરિભક્તોને બધી સાનુકૂળતા રહે તેટલા માટે શ્રીહરિએ એક મંડપ પણ ત્યાં જ કરાવ્યો. રામદાસજીસ્વામી હાથની કારીગરીમાં ઘણા ચતુર હતા. ૩૫. તે પ્રદેશના સુતાર જે હરિભક્ત થયા હતા તે બધા મંડપ કરવા લાગ્યા.

શ્રીહરિની જન્મતીથિ-જયંતી સમજીને ખુદ વિશ્વકર્મા પણ ત્યાં ઘણા હેતભાવથી આવ્યા. ૩૬. તેઓ દેવલોકમાંથી સર્વોત્તમ બધો વિવિધ પ્રકારનો સાજ-સામાન પણ સાથે લાવ્યા હતા. એટલે તેનાથી મંડપ કરવા લાગ્યા. ૩૭. મંડપના સ્તંભ ઘણા ઊંચા હતા. મંડપ અપાર વિચિત્ર પ્રકારે કર્યો હતો.

ચારેબાજુએ દરવાજા રાખ્યા હતા અને શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૩૮. સુંદર અને કાંચનમય બિલોરી ઝાડ તેમાં લટકાવી દીધાં હતાં. સારા બિછાના પાથર્યા હતા અને બધે મોતીનાં તોરણ બંધાવી દીધાં હતાં. ૩૯. મંડપનાં ઉપર ચોતરફ સુવર્ણ કળશ હતા અને મોટી જોરદાર ધજાઓ અને પતાકાઓ ચારેબાજુએ ફરકી રહી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ફરેણીમાં સંતો-હરિભક્તો ઘણા આવ્યા અને ગામ બહાર મંડપ કર્યો' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર અગિયારમું : તરંગ - ૧૬

ફરેણીમાં રામનવમી-શ્રીહરિજયંતીનો ઉત્સવ કર્યો

તે સોનેરી મંડપમાં એક સોનેરી હિંડોળો કર્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને વિરાજ્યા. હવે તે વાત કહું છું. ૧. રામનવમીનો દિવસ શ્રીહરિની જન્મતીથિ છે. એમ સમજીને હૃદયનાં ઘણાં જ હેતથી સહુ હરિભક્તોએ ઉપવાસ કર્યો. ૨. વિવિધ દેશમાં અનેક ગામમાં રહેતા બધા નર-નારી હરિભક્તોએ મનનાં ઘણાં જ હરખથી તે દિવસે ઉપવાસ કર્યો. ૩. તે દિવસે હરિભક્તોએ પોતાનું કામકાજ છોડી દીધું. ગામમાં જે હરિભક્તો હતા તે બધા ભેળા બેઠા અને સ્ત્રીઓ સ્ત્રીઓમાં તથા પુરુષો પુરુષોમાં એમ બધા અલગ અલગ સભાનાં રૂપમાં બેઠા. ૪.

બધી સ્ત્રીઓ આવીને સ્ત્રીઓની સાથે બેઠી. સ્ત્રીઓનો વિભાગ અલગ હતો. જ્યાં પુરુષ બેઠા હોય તે સ્થળે સ્ત્રીઓ અજાણમાં આવીને બેસતી નહિ. ૫. અને જ્યાં સ્ત્રીઓ બેસતી હોય ત્યાં પુરુષ બેસતા નહિ. આ પ્રમાણેની કાયમની રીત નક્કી કરી દીધી હતી. મતપંથોમાં અપાર બગાડ દેખાય છે. જ્યાં નારી અને નર ભેળા બેસતા હોય છે તે બંને ખુવાર થઈ જાય છે. ૬. નર અને નારી બંને મોક્ષની ઓથે પરસ્પર વ્યભિચારી થઈ જતા હોય છે. જે મતમાં નારી અને નર બંને ભેળા મળીને બેસતા હોય છે, ૭. તેઓ મોક્ષના

ઓથે વ્યભિચાર કરે છે અને તેનાથી અપાર અધર્મ થાય છે. જે શિષ્યની પત્નીઓ હોય છે તે ગુરુની સાથે ખુવાર-ચારિત્રભ્રષ્ટ થઈ જાય છે. ૮.

તે ગુરુઓ શિષ્યોને એવો ઉપદેશ કરતા હોય છે કે, "ગુરુનો લેશમાત્ર પણ દોષ દેખવો નહિ. ભક્તમાળમાં જે વાત કહી છે તે હું તમને સ્પષ્ટ રીતે કહું છું. ૯. જેનાં પુણ્ય ઓછા હોય એવી સ્ત્રીને ભક્તમાળનો જોગ જ ન થાય. જો એકવાર પણ ભક્તમાળને કોઈ સાંભળે તો પછી તેને કોઈ તીર્થ કરવાના બાકી રહેતા નથી." તેમ તે લોકો કહે છે. ૧૦. મતપંથીઓ એવો મહિમા ગાય છે કે, યજ્ઞ, તપ, વ્રત, જપ અને દાન એ બધા જ શુભકર્મ ભક્તમાળમાં આવી જાય છે. ભગવાનના જે અવતાર છે તે પણ ભક્તોને આધીન રહે છે. ૧૧. ભગવાનના બાંધેલાને ભક્તો છોડાવે છે અને ભક્તોએ બાંધેલા જે હોય છે તેને ભગવાન પણ છોડાવી શક્તા નથી. ૧૨. તે વાતને ભાગવત નવમ સ્કંધમાં ભગવાન વૈકુંઠનાથે મહર્ષિ દુર્વાસાની પાછળ ચક્ર પડ્યું ત્યારે તેમને કહી છે. ૧૩. શિવજીએ સતીની આગળ ગુરુગીતા કહી છે. તેમાં સાક્ષાત્ ભગવાન વિષ્ણુએ ગુરુનો અપાર મહિમા કહ્યો છે. ૧૪.

વળી ભગવાન વૈકુંઠનાથે પોતાના પાર્ષદ જય-વિજય આગળ પણ કહ્યું છે, હું ભક્તોને આધીન છું અને ભક્તોને માટે હું વારેવારે મનુષ્ય શરીર ધારણ કરું છું. ૧૫. મારા ધામનું સુખ તો અમાપ કહેવાય છે પણ મારા ભક્તને જ્યારે દુઃખ પડે છે ત્યારે હું નૃસિંહ આદિ સ્વરૂપને ધારણ કરું છું. ૧૬. આવું બોલી મહિમાની ઓથે પાપ કરનારા કપટી ધર્મગુરુઓ અને કપટી સંતોને લીધે જગતમાં એવા અનંત પંથ ચાલ્યા છે. જગત તો આખું તેવા ગુરુને માને-પૂજે છે પણ શ્રીહરિ તો તેને અધર્મ જાણે છે. ૧૭. તે બધા અધર્મનો વિનાશ કરવા માટે અવિનાશી શ્રીહરિએ વિવિધ નિયમો કર્યા છે. જે મતમાં જેવો અધર્મ હોય તેને તપાસ કરીને તેવા રૂપમાં દેખે છે. ૧૮.

પહેલા તે મતમાં શિષ્ય થઈને રહ્યા હોય, અને પછી તેને છોડીને આપણા સત્સંગમાં જે આવ્યા હોય, તેઓ તે બધી વાતો કહેતા અને જે રીતે અધર્મ કરતા હોય તેને પણ કહેતા. ૧૯. મતપંથીઓ જે રીતે અધર્મ

કરતા, તે અધર્મ અટકી જાય તેવા નિયમોને શ્રીહરિ બાંધતા હતા. તે મતમાં જે અધર્મ પેસવાના દરવાજા હતા તેને શ્રીહરિએ આ વખતે નિયમો કરીને પૂરી દીધા છે. ૨૦. **શ્રીહરિએ પોતાનાં મત-સત્સંગમાં નિયમો પ્રવર્તાવ્યા. હરિભક્તોને નિયમમાં વર્તાવ્યા. ચારે ધામમાં હરિભક્તો થયા. સંપ્રદાયના અનુયાયી બાઈ-ભાઈનો કોઈ પાર ન રહ્યો. ૨૧. જ્યાં જ્યાં હરિભક્તો રહેતા, તે તે ગામમાં સંતો જાતા હતા. સત્સંગમાં જેનાં જેવાં નિયમ હોય તે રીતે તે સંતો વાતો કરતા.૨૨.** સધવા અને વિધવા એવી જે હરિભક્ત બાઈઓ હોય, તેમનાં ધર્મ-નિયમને સંતો પુરુષોની આગળ કહેતા અને તેના સંબંધી પુરુષો બાઈઓને જઈને તે ધર્મ-નિયમ કહેતા હતા. ૨૩.

જે સ્ત્રીઓ સત્સંગી થાતી હતી તે બધી સત્સંગના નિયમ પ્રમાણે રહેતી હતી. સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે પતિત નારીઓ હતી તે હરિભક્ત સ્ત્રીઓથી દૂર ભાગતી હતી. ૨૪. અને હરિભક્ત બાઈઓ પોતાના નિયમોને દૃઢતાથી પાળીને ભગવાનનું ભજન કરતી હતી. તેઓ કુલટા નારીનો ક્યારેય તન-મનથીએ પ્રસંગ રાખવાનું ચાહતી નહિ. ૨૫. હરિભક્ત સ્ત્રીઓ તો નિયમ વિનાની તે નારીઓને કૂતરી, ભૂંડણી કે ગધેડીના જેવી માનીને તેનો કોઈ પણ રીતે સંસર્ગ રાખતી નહિ. ૨૬. આ સમયે સંતો, વર્ણીઓ તથા ધર્મવંશી ગુરુ નિયમયુક્ત વર્તે છે તથા સર્વે સત્સંગીઓ પણ નિયમો રાખે છે. તેથી જે નિયમ રહિત સંપ્રદાયો છે તે નીરસ થઈ ગયા છે. ૨૭. વિમુખ લોકો જેની જેટલી ઓથ લઈને તે પાપ કરતા હતા, તે પાપોના વજ્ર સમાન કોટને શ્રીહરિએ નિયમની તોપો મારીને તોડી નાખ્યો. ૨૮.

શ્રીહરિનાં દર્શન કરવા જે સંતો અને હરિભક્તો આવ્યા હતા તેમનો તો કોઈ પાર જ ન હતો. શ્રીહરિની જન્મતીથિનો તે દિવસ છે એમ વિચારીને તે સહુ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨૯. તે અનંત ભક્તો કેસરયુક્ત ચંદન, ફૂલોના હાર, તોરા, બાજુબંધ, ગુચ્છ અને છડી વગેરેને વિવિધ પ્રકારના ફૂલથી ગૂંથીને લાવ્યા હતા. ૩૦. મંડપની અંદર અને બહાર તે બધા ભક્તોની ઘણી ભીડ થઈ. નર-નારી બધાં જ "જય...જય..." શબ્દ બોલીને ઊંચેથી જયઘોષ કરતા હતા અને વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં

હતાં. ૩૧. બધે ભક્તિરસ છવાઈ ગયો હતો. અનંત બ્રહ્માંડોની શોભા પ્રકટ થઈ હતી. એનાથી કોઈ શોભા બહાર કે બાકી રહી ન હતી. એવી સર્વોત્તમ શોભા ત્યાં થઈ હતી. ૩૨.

અનંત બ્રહ્માંડોનાં જે મોટા દેવ, ભવ, બ્રહ્મા અને ઇંદ્રાદિક હતા તે બધા વિમાનોમાં બેસીને ત્યાં આવ્યા. તેનાથી બધું આકાશ ભરાઈ ગયું. ૩૩. વિમાનો ઉપરાઉપરી છવાઈ ગયાં હતાં. કેસરી ચંદનનો વરસાદ થયો. શ્રીહરિનાં દર્શન કરીને બધા જ દેવો ખૂબ જ ખુશી થયા. જે ખુશીનો પાર ન રહ્યો. ૩૪. તે દેવોએ પોતપોતાના બ્રહ્માંડના પુષ્પો લાવીને તેની વૃષ્ટિ કરી. જે ફૂલનો કોઈ પાર રહ્યો નહિ. તે પ્રત્યેક બ્રહ્માંડના દેવો વાજિંત્રોને વગાડીને નાચવા લાગ્યા હતા. ૩૫. સહુને એક શ્રીહરિને રીઝવવાનું જ તાન હતું. તેથી તે દેવો માન અને ગર્વનો ત્યાગ કરીને બધા ગાન કરતા હતા. જ્યારે મધ્યાહ્નને શ્રીરામજન્મનો ઉત્સવ થયો ત્યારે શ્રીહરિએ રામચંદ્રનું રૂપ ધારણ કર્યું હતું. ૩૬. રામજન્મોત્સવ પ્રથમ થયો. જેવો તે અવતાર થયો હતો તેને અનુસારે જ બધા નર-નારી ભક્તોએ તેમની પૂજા કરી. ૩૭.

આમ ઉત્સવ કરતાં કરતાં તો આખો દિવસ પૂરો થઈ ગયો. આ રીતે નવમીની રાતની દસ ઘડીનો સમય થઈ ગયો. ૩૮. તે સમયે પુષ્ય નક્ષત્ર હતું અને વૃશ્ચિક લગ્ન હતું. ત્યારે શ્રીહરિનો જન્મોત્સવ થયો અને બધા દેવો પૂજન કરવા લાગ્યા. ૩૯. બધા દેવોએ એક એકથી વધારે ભાવ રાખીને શ્રીહરિનું પૂજન કર્યું અને શ્રીહરિની સેવા કરીને તેમણે જે પહેલા રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેને પુનઃ શ્રીચરણોમાં સમર્પિત કરી દીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ફરેણીમાં શ્રીહરિએ રામનવમી-હરિજયંતીનો ઉત્સવ કર્યો-કરાવ્યો' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર અગિયારમું : તરંગ - ૧૭

વિવેક-અવિવેકનું સ્વરૂપ તથા અવતારની રીત

શ્રીહરિનાં જન્મોત્સવ સમયે દેવો આવ્યા હતા તેમણે હરખથી કેસરી ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ૧. તેમજ દહીં, દૂધ, ઘી, મધ અને સાકર એ પંચામૃતથી શ્રીહરિને સ્નાન કરાવીને જળથી અભિષેક કર્યો. ૨. બ્રહ્માએ સામવેદના મંત્ર ઉચ્ચાર્યા. ધૂપ અને દીપ કર્યા. અનેક પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. ૩. પંચાજીરી બનાવી. તેમાં સૂંઠ, ધાણા, સૂવા, અજમો, જીરૂ, ખસખસ, ટોપરું, ખાંડ અને ઘી એટલી વસ્તુઓ નાખી હતી. ૪. તે પંચાજીરી નૈવેદ્યના રૂપમાં શ્રીહરિને ધરાવી. ત્યારે મંદમંદ હસતા શ્રીહરિએ પંચાજીરી થોડી મુખમાં મૂકી.

શ્રીહરિએ કહ્યું, જે હરિભક્તો, સંતો અને વર્ણીઓ આવ્યા છે તે સહુને પંચાજીરી આપજો. ૫. આ અજવાળી પૂનમ આવે ત્યારે આપણે ગિરનારમાં મોટો ઉત્સવ કરવો છે. તેમાં હરિભક્તો કરોડો આવશે. સંતો અને વર્ણીઓ વગેરે પણ બધા દોડીને આવશે. ૬. તે સહુને પંચાજીરી આપવાની છે. તેની પ્રસાદી આપવાથી સહુના મનમાં આનંદ છવાયેલો રહે. મયારામ ભટ્ટે હરિભક્તોને પ્રસાદી આપી અને બીજી શ્રીહરિના કહેવા પ્રમાણે રાખી મૂકી. ૭. ફરેણી ગામમાં ચારે વર્ણનાં જે માણસો હતા તેને ઘેર જઈને મયારામ ભટ્ટે પંજરીની પ્રસાદી પહોંચાડી હતી. ૮. ગામના બધા લોકો ઘણું જ રાજી થયા. પછી સહુ શ્રીહરિની પાસે આવ્યા. જેની જેવી ઘર, સંપત્તિ હતી તે પ્રમાણે તેમણે શ્રીહરિનાં ચરણોમાં પૂજા અર્પણ કરી. ૯. જે ભક્તો પોતાની સંપત્તિ પ્રમાણે સેવા કરે છે તેઓને સત્સંગમાં પ્રેમ વધે છે અને જે સંપત્તિ ઉપરાંત સેવા કરે છે તે જિંદગીભર નભી શકતા નથી. ૧૦.

ભક્તજનોની શ્રદ્ધા જે રીતે વધે તે રીતની સેવા શ્રીહરિ કરાવતા હતા. ભક્તોની શ્રદ્ધા રોજબરોજ વધે તે રીતની શ્રીહરિ ખબર રાખતા હતા. ૧૧. જે અને જેટલી સેવા કરાવતા તેટલું તેમાં શ્રદ્ધા વધારવાનું તાન રહેતું હતું. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ ચારને વધારવાનું પણ નિત્ય તાન રાખતા

હતા. ૧૨. **એક તાન (ધૂન) લાગ્યા સિવાય શ્રદ્ધા આદિક શુભ ગુણ વધતા નથી અને શુભ ગુણ આવ્યા વિના કયારેય અવગુણ ટળતા નથી. ૧૩. જ્યારે શુભ ગુણ આવે છે ત્યારે અવગુણોનો નાશ થાય છે. જેમ સૂર્યનો ઉદય થાય છે ત્યારે રાતનો વિનાશ થાય છે. ૧૪.** દૂધને જમાવ્યા વિના દહીં થાતુ નથી અને દહીંને મથ્યા વિના માખણ થાતું નથી. તે માખણ વિના ઘી પણ થાતું નથી. ૧૫. તે રીતે જ જ્ઞાન થયા સિવાય દોષોનો નાશ થાતો નથી. કારણ કે, જો બુદ્ધિ મલિન રહે તો તેના ઉપર કોઈને હેત-પ્રીત થાતા નથી. ૧૬. સંતો, વર્ણીઓ અને હરિભક્તો જે શ્રીહરિના આશ્રિત થયા હતા, તેમનામાં કોઈ નાનો એવો પણ દોષ આવે તો શ્રીહરિ તેમને તે દોષ તરત જ દેખાડતા હતા. ૧૭.

શ્રીહરિનું જે કોઈ અને જેવું પણ વચન હોય તે નિર્મળ દર્પણનાં જેવું રહેતું હતું. જેને વિવેકના અજવાળારૂપ નેત્ર હોય તેને દોષ તરત જ દેખ્યામાં આવતા હતા. ૧૮. દોષને લીધે જેનાં વિવેકરૂપી નેત્રોનો નાશ થયો હોય તો આરસીરૂપ સૂર્ય શું બતાવશે ? પ્રકાશ કરશે ? જયાં સુધી વિવેકરૂપી નેત્ર રહેશે ત્યાં સુધી જ મોક્ષનો અંકુર રહેશે. ૧૯. જેટલો વિવેક છે તેટલું જ જીવનું જીવન છે. વિવેક વગરનું જીવનું જીવન ન હોઈ શકે. જેને મતે શ્વપચ-ચંડાળ અને વિપ્ર એકસમાન હોય તેને જ્ઞાન કઈ રીતે કહી શકાય. ૨૦. વિવેકહીન મનુષ્ય તો મા, બહેન, દીકરી અને પત્નીને સમાન દષ્ટિથી દેખે છે અને બોલે છે કે પાપ અને પુણ્ય કોણે દેખ્યા છે ? આવા શબ્દ બોલીને તેઓ ભલા માણસોને ભરમાવે છે. ૨૧. પથ્થર અને મૂર્તિમાં શો તફાવત છે ? મૂર્તિમાં કાંઈ ચમત્કાર તો દેખાતો નથી. વિવેકહીન માણસો આવા અનંત પ્રકારની લાંબી લાંબી વાતો કરે છે. ૨૨.

વિવેક વગરના જે મનુષ્યો છે તેમના એવા તો કેટલાએ મત છે. તેમને પાપ કરતાં ત્રાસ થાતો નથી. તેનાં તો જીવનો પણ નાશ થઈ ગયો હોય છે. ૨૩. જેના જીવનો નાશ થઈ ગયો હોય તેવા લોકો દાન કે પુણ્યકર્મને કરતા નથી અને તીર્થ કે વ્રત કરવાથી શું સિદ્ધ થવાનું છે ? એવી વિરુદ્ધ નાસ્તિકતા ભરી વાતો બોલે છે. ૨૪. જગતમાં 'પાપ પાપ' એમ બોલાય છે પણ પાપમય તો તે નાસ્તિકોનો દેહ જ છે. જેને યમયાતના, લખચોરાશી આદિ

કોઈ બાબતનો ભય ન હોય તેને જ મનમાં પાપી સમજી લેવો. ૨૫. આવા પાપી જીવ પણ કયારેક ડરીને ચાલતા હોય છે તેપણ અંતર્યામી ભગવાનનો જ પ્રતાપ છે. ૨૬.

❋ ભગવદ્‌મહિમા :

ભગવાનથી શું ન થાય ? તેઓ એક જળનાં બિંદુમાંથી વિવિધ પ્રકારનાં પશુ, પંખી, મનુષ્ય અને જળજંતુ વગેરેનાં શરીરોની રચના કરે છે. ૨૭. બીજમાં કોઈ આકાર દેખાતો નથી. છતાં તેમાંથી વૃક્ષ, વેલી અને અનેક પ્રકારના ઘાસ થાય છે, વિવિધ પ્રકારના અનાજ પણ થાય છે. તેમજ ફૂલ, ફળ તથા અનેક જાતનાં મેવા પણ થાય છે. ૨૮. આકાશમાં કાંઈ દેખાતું નહિ હોવા છતાં પણ યોગ્ય સમયે મેઘ વરસાદ કરે છે. બીજ કે ઝાડમાં કાંઈ રસ દેખાતો નથી પણ તેના ફળમાં વિવિધ પ્રકારનો રસ દેખાય છે. ૨૯. મધમાખી મધ કેમ કરે છે ? તે કોઈને દેખાતું નથી. ફૂલ-ઝાડની જેવી જાતિ હોય તેવા પ્રકારના ફૂલ આવે જ છે. ૩૦. આવી તો આશ્ચર્યકારી વાતો અપાર છે, તેનો ગણતા પાર આવતો નથી. જે વિવેકભરી દૃષ્ટિથી રાત-દિવસ જુએ છે તેને તેવાં આશ્ચર્ય દેખાય છે. ૩૧.

हरि विन आश्चर्य न होवे, एसी बात जन अंतर जोवे;
ताकु कोईक दिन हरि को ज्ञाना, प्रगट होवे अडग हि माना...३२

ભગવાન સિવાય આવું આશ્ચર્ય અન્ય કોઈમાં હોય નહિ. આવા વિચારો જ્યારે અંતઃકરણમાં આવે ત્યારે તેને કોઈ દિવસ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન પ્રગટ થાય છે અને પછી અડગપણે માને છે. ૩૨. **તેને જ્યારે ભગવાનનાં સ્વરૂપનું આવું જ્ઞાન થાય છે ત્યારે તેને તેમાં વિશ્વાસ પણ બેસે છે. પછી અનુમાનથી તથા પ્રત્યક્ષ પ્રમાણથી પણ ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય તેને થાય છે. ૩૩.** ભગવાનનો પ્રતાપ અપાર રહ્યો છે પણ તે બહારથી કાંઈ દેખાતું નથી પણ અનુમાને કરીને જ તે નિશ્ચય થાય છે. તે જે બુદ્ધિમાન હોય તેને સમજાય છે. ૩૪. **જેમ કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે, અગ્નિ વિનાનું કાષ્ઠ હોઈ શકે નહિ. એ રીતે જ ભગવાન સહુનો આધાર છે અને આધાર હોવા છતાં**

પણ તેઓ સહુથી ન્યારા રહ્યા છે. ૩૫. ભગવાનનું સ્વરૂપ બે પ્રકારનું છે. એક સામાન્ય અને બીજું વિશેષ. તે બંને સ્વરૂપ પરમ અનુપમ છે. ભૂમિ ઉપર ભગવાનના જે જે અવતાર થાય છે અને તે અવતારો જે જે ચરિત્રોને કરે છે. ૩૬. તે બધા જ અવતારોના ચરિત્રો પ્રત્યક્ષ કહેવાય છે. જેનો કાળે કરીને પણ કયારેય નાશ થાતો નથી. ૩૭. ભગવાન જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે આગળનો પ્રતાપ પોતાની મૂર્તિમાં ખેંચી લઈને તેનાથી વિશેષ પોતાના પ્રતાપને સ્થાપે છે. ૩૮. જ્યારે જેવું પ્રયોજન હોય ત્યારે તેવો અવતાર લે છે. પરમેશ્વરનું ઘનશ્યામ સ્વરૂપ અકળ હોય છે. તેમનું કોઈ સામર્થ્ય કળી શકાતું નથી. ૩૯. જે ભક્તને જે સ્વરૂપ મળ્યું હોય તે જ તેને માટે સર્વોપરિ અવતાર છે. એમ ભગવાનનો એકાંતિકભક્ત મનમાં નિર્ધાર કરી રાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'વિવેક અને અવિવેકનું સ્વરૂપ તથા અવતારની રીત કહી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર અગિયારમું : તરંગ - ૧૮

ફરેણીમાં રામનવમીનો સમૈયો કરીને ધોરાજીને માર્ગે ચાલતા થયા

રામનવમીની રાતે બધા પ્રેમીભક્તોએ આખી રાત જાગરણ કર્યું. કારણ કે, શ્રીહરિનાં જન્મોત્સવની બાબતને તે ભક્તો સર્વોપરિ સમજતા હતા. ૧. **કેટલાક ભક્તો શ્રીહરિને સર્વોપરિ કહે છે. પણ તેમને દેહાભિમાન પર વધારે તાન હોય છે, તેવા ભક્તોનું સર્વોપરિપણાનું જ્ઞાન તો કથનમાત્ર જ છે; તેને બુદ્ધિમાન હોય તે માને નહીં. ૨.** ભગવાનનો અપાર નિશ્ચય લોકોને વાતવાતમાં દંભે કરીને બતાવે તેનું તો એટલું જ ફળ મળે છે કે, 'તેના પર લોકો વધારે પ્યાર રાખે.' ૩. તે જે જે વાત કરે તે પિંડ અને બ્રહ્માંડથી પરની જ કરતો હોય, પણ અંતરમાં તો દેહાભિમાનને લીધે સન્માનને ચાહતો હોય છે. અને માન મળે એટલું જ ફળ તે માને છે. ૪.

❋ અનુભવી સંતની સમજણ :

चोपाई :

सर्वोपरी श्रीहरि कु जानी, साचे जो जो संत विज्ञानी;
निज तन गिनत त्रण तेहि जेसा, राग द्वेष न कोई से लेशा...०५
ईर्ष्या असुया जन पर त्यागे, पदपंकज हरि के अनुरागे;
अपमान करे कोउ दुःख न ताको, समझ बल अगाध हि वाको...०६
तन ब्रह्मांड से वरते बारा, कबु तेहि दुःख न आवे लगारा;
मायिक जनको व्यवहार हि जेता, बालकखेल सम समझे तेता...०७

જે જે સાચા વિજ્ઞાની સંત હોય છે તેઓ શ્રીહરિને જ સર્વોપરિ જાણતા હોય છે અને તેથી તેઓ પોતાનાં શરીરને તરણા જેવું તુચ્છ ગણે છે. તેમજ કોઈની સાથે લેશમાત્ર પણ રાગ-દ્વેષ રાખતા નથી.૫. તેવા વિજ્ઞાની સંતો કોઈના ઉપર ઈર્ષ્યા કે અસૂયા રાખતા નથી. કેવળ ભગવાનનાં ચરણકમળમાં જ પ્રેમ રાખે છે. કોઈ અપમાન કરે તોપણ તેનું દુઃખ માનતા નથી. કેમ જે, તેમના જીવનમાં સમજણનું અગાધ બળ હોય છે. ૬. તેઓ સાચા અર્થમાં પિંડ અને બ્રહ્માંડથી પર વર્તતા હોય છે તેથી તેમને ક્યારેય લગાર પણ દુઃખ આવે નહીં, સ્પર્શે નહીં. દુનિયાના માયિક લોકોનાં બધા વ્યવહારને તો તેઓ બાળકની રમતના જેવો માને છે. ૭. આ સમયના આ સંતો તો અપાર બુદ્ધિમાન છે. આવા સંતો પૂર્વે કયારેય થયા નથી. વર્ણી અને હરિભક્તો પણ અપાર સમજણને પામ્યા છે. ૮.

જેમ જેમ શરીરમાં વધારે દુઃખ આવે તેમ તેમ વધારે સુખ માનતા થયા છે. દુઃખમાં પણ ભગવાનનો અપાર ગુણ ગ્રહણ કરે છે; એવા સર્વોત્તમ વિચારને તેઓ પામ્યા છે. ૯. તેઓ પીંડ અને બ્રહ્માંડથી અલગ વર્તે છે. આવી સમજણ હજારો લોકોની થઈ છે. શ્રીહરિએ સમજણરૂપ સુખનો સાગર પોતાના આશ્રિતજનોને બતાવ્યો છે. ૧૦. ભક્તજન સમજણે કરીને પ્રસન્ન રહે છે. ભગવાન સિવાયના કોઈ અન્ય પદાર્થમાં લોભાતા નથી. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષના લોક સુધી જે જે સુખ કહેવાય છે, ૧૧. **તે અધિકથી અધિક**

સુખોને અધિક અધિક વિષરૂપ સમજવા. એવી સમજણ શ્રીહરિએ પોતાના આશ્રિતોને આપી છે, જેથી તે ભક્તો માયિક સુખોમાં કયાંય લોભાય નહિ. ૧૨.

તે માયિક સુખને સ્વપ્નમાં પણ સાચા ગણે નહિ. પણ તે સુખભોગોને તો અસત્ય જ ગણે. જેમ સુજ્ઞ મનુષ્ય સાપ, અગ્નિ અને ઝેરને જાણી જોઈને અડતા નથી તેમ તે માયિક સુખનો સંપર્ક રાખે નહિ. ૧૩. **શ્રીહરિનાં આજ્ઞાવચન, મૂર્તિ, શ્રીહરિ ચરિત્ર અને પ્રસાદીનાં વસ્ત્ર- આભૂષણ આદિ જે છે તે બધાં જીવને બંધન છોડાવનારા છે અર્થાત્ મોક્ષ કરનારા છે. ૧૪.** પિંડ અને બ્રહ્માંડમાં રહેલા પંચવિષયનું સુખ દેનારા સર્વે માયિક પદાર્થમાં જીવ કાયમને માટે વ્યાપી જાય છે. અર્થાત્ જીવ દેહરૂપ થઈ વિષયમાં બંધાઈ જાય છે. ૧૫. પણ તે જીવ જો મન, કર્મ, વચને પોતાને શરણે આવ્યો હોય તો શ્રીહરિ જ્યાં જ્યાં જીવ વ્યાપી બંધાઈ ગયો હોય છે ત્યાંથી ત્યાંથી તેને છોડાવી લે છે. ૧૬.

ફરેણીમાં હરિજયંતી નિમિત્તે જાગરણ કરતા હતા અને જ્યારે સવાર થઈ ગયું ત્યારે હરિભક્તો, સંતો અને શ્રીહરિ સ્નાન કરવા માટે ચાલ્યા. ભદ્રાવતી (ભાદર) ગંગા ત્યાં નજીકમાં જ વહે છે. જ્યાં શ્રીરામાનંદજીસ્વામી નિવાસ કરીને રહ્યા છે, ૧૭. તે નદી (ગંગા) ને કિનારે અમૂલ્ય ઘાટ છે. ત્યાં સ્નાન કરનારા સહુ કિનારા તરફ તરતા રહ્યા. આ તો મનુષ્યલીલાનું સિદ્ધચરિત્ર કહેવાય. તે સામાન્ય મનુષ્યના સમજ્યામાં ક્યારેય આવે નહિ. ૧૮. જે સિદ્ધપુરુષ હોય તે જ સિદ્ધની કળાને સમજી શકે છે. બીજા તો કોઈ તે અલૌકિક રીતને સમજી શકે નહિ. રામાનંદસ્વામીએ દેહ ત્યાગ કર્યો છે એવું પહેલા દેખાયું. તે દેહને સળગતી ચિતામાં મૂકયો હતો. ૧૯. લોકો ભૌતિક શરીરને આગમાં પડેલું દેખતા હતા ત્યારે જ બધા દેખે તેમ એવા ને એવા ઊભા થઈને સ્વામી ચાલતા થયા. સ્વયં મહાન અકળ સિદ્ધ હતા, તેથી તેમણે તે શરીર થોડું નાનું ધરી લીધું હતું. ૨૦.

આ બધી વાતને શ્રીહરિ જાણતા હતા. યોગ્ય પાત્ર વિના કયારેય બીજાને કહેતા નહિ. એક કે બે જણાને સ્વામી વનમાં દેખાયા હતા. તેમણે નાનું એવું સિદ્ધનું રૂપ લીધેલું હતું. ૨૧. તે મનુષ્યે આગળ જઈને બીજાને

કહ્યું ત્યારે તે વાત પ્રકટ દેખાણી. એવા સિદ્ધપુરુષનો તે કિનારો છે, એમ સમજીને તે કિનારે સહુએ સ્નાન કર્યું. ૨૨. ઉપર કહ્યા પ્રમાણે સહુને કહીને પછી સહુ પહેલા શ્રીહરિ ત્યાં નાહ્યા અને તે પછી બધા સંત-હરિભક્તો નાહ્યા. શ્રીહરિ તો તે સ્થળે ઘણીવાર નાહ્યા છે અને રામાનંદસ્વામીની વાત કહી દેખાડી હતી. ૨૩. આ વાત સાંભળીને સહુ રાજી થયા અને પોતાનાં જન્મને ધન્ય ધન્ય કરી માન્યો. સ્નાન કર્યા પછી શ્રીહરિએ પોતાનાં અંગો ઉપર સોનેરી વસ્ત્ર અને આભૂષણોને ધારણ કર્યાં. ૨૪. પાઘમાં મોતીનાં તોરા મૂકયા અને છાતી ઉપર પણ મોતીના હાર ધારણ કર્યા. તેમજ બંને ભુજાઓ ઉપર મોતીના બાજુબંધ બાંધ્યાં. ૨૫.

અશ્વને પણ બધા સોનેરી સાજથી શણગાર્યો. તે માનો, હાથી, ગરુડ કે વિમાનના જેવો સર્વોપરિ સોહામણો લાગતો હતો. તેના ઉપર ભગવાન શ્રીહરિ સવાર થયા. ૨૬. અપાર વાજિંત્રો વાગતાં હતાં. જરિયાની નિશાન પવનથી ફરકતા હતાં. લોકો ઊંચે સ્વરે બોલીને 'જયનાદ' કરતા હતા. આ રીતે શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. ૨૭. વર્ણીએ રસોઈ બનાવી ત્યાં આવીને શ્રીહરિ જમ્યા. ત્યાં અનુપમ બાજોઠ મૂકયો હતો. તેના ઉપર શ્રીહરિ પ્રસન્નમનથી બેઠા. ૨૮. પ્રદેશોમાંથી જે હરિભક્તો આવ્યા હતા. તે સહુએ ભેળા મળીને રસોઈમાં લાડુ કર્યા હતા. તેને શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. ૨૯. દહીં અને દૂધ ઘણું ભેળું કરાવ્યું હતું. તેમાં સાકર પણ ઘણી નખાવી હતી. જેવી પોતાને રુચિ હતી તે પ્રમાણે શ્રીહરિ દૂધ, દહીં ને ભાતમાં જમ્યા. ૩૦.

શ્રીહરિ જમી રહ્યા પછી સંતોને જમવા બોલાવ્યા. મંડપમાં જ તેમની પંગત કરી. પછી શ્રીહરિએ તે બધા સંતોને ઘણા જ હેત-ભાવથી પીરસીને જમાડ્યા. ૩૧. જે પાર્ષદો આવીને પંગતમાં બેઠા હતા તેમને પણ સુખદાયક ઘનશ્યામ શ્રીહરિએ પીરસી દીધું. જ્યારે બધાને પીરસાઈ રહ્યું ત્યારે 'વાસુદેવ હરે !' આવો ઉચ્ચાર ઊંચેથી કર્યો. ૩૨. જ્યાં સુધી સંત લાડુ જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ફરતા રહ્યા. લાડુ જમ્યા પછી સંતોએ જ્યારે ભાત લીધો ત્યારે શ્રીહરિએ દહીં અને દૂધ બધાને પીરસ્યું. ૩૩. **આ રીતે પંગતમાં સંતોને પીરસતા ધર્મકુમાર શ્રીહરિનાં દર્શન કરવા માટે અપાર ભક્તજનો**

ઊભા હતા. સહુ શ્રીહરિ અને સંતોનું આવું ધ્યાન કરતાં હતા. આવું ધ્યાન કરવાનું કોઈ અન્ય લોકો માનતા નથી. ૩૪. શ્રીહરિનાં સંબંધવાળું જે ધ્યાન છે તે સર્વોપરિ ધ્યાન કહેવાય છે. ભગવાનના સંબંધ વિનાનું જે ધ્યાન છે તે તો લખચોરાશીમાં ભટકાવનારું છે. ૩૫.

આવું સમજીને જે ભગવાનના ભક્તો છે તે બીજું કાંઈ ચિંતવન કરતા નથી. તે પછી બધા ભક્તજનોએ કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને ઘણા જ પ્યારથી શ્રીહરિની અને સંતોની અર્ચા કરી. ૩૬. કેસરી ચંદન અને ફૂલોના હારનો સુગંધ બધે સારી રીતે છવાઈ ગયો હતો. તેથી ભમરાનાં ટોળે ટોળાં આવીને ગુંજારવ કરતા હતા. ૩૭. અનંત ધામના મુનિવરો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા અને તેઓ અનંત પ્રકારનાં રૂપ ધારીને મનમાં ઘણું હરખાતા હતા. ૩૮. શ્રીહરિ સંતોને જમાડીને હિંડોળા ઉપર આવીને બેઠા. એક પહોર (૩ કલાક) દિવસ રહ્યો હતો. ત્યારે શ્રીહરિ તૈયાર થઈને ચાલતા થયા. ૩૯. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ધોરાજીના માર્ગ તરફ તે સંઘની શોભા અદ્‌ભુત બની હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ફરેણીમાં રામનવમીનો સમૈયો કરીને ધોરાજીને રસ્તે ચાલ્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર અગિયારમું : તરંગ - ૧૯

દેશદેશના બધા હરિભક્તો આવ્યા અને શ્રીહરિ ધોરાજીમાં પ્રવેશ્યા

બધા સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિજી મહારાજ બેઠા હતા. તેમનાં પોતાનાં અંગો ઉપર પણ સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાં ધારણ કર્યાં હતાં. ૧. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર 'જય જય !!! જન સુખદાયક હરિ, !!!' એમ ઊંચેથી બોલતો હતો. ૨. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. સવારીની વચ્ચે જરિયાની નિશાન ફરકતાં હતાં. ૩. ગોંડળ નરેશ ઠાકોર હઠીભાઈ પોતાના

હાથી, ઘોડા, રથ અને મ્યાના વગેરેની સવારી લઈને આવ્યા હતા. ૪. શ્રીહરિ ધોરાજીને નજીક આવ્યા. ચૈત્ર સુદિ દશમનો દિવસ હતો. ત્યારે કાઠિયાવાડના જે કાઠી દરબારો સત્સંગી થયા હતા, ૫.

તે સહુ પોતપોતાની સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. તે દરબારોને શ્રીહરિનાં ઉપર અપાર હેત હતું. તેમણે પોતાનાં તન, મન અને ઘરબાર સુધ્ધાં શ્રીહરિને અર્પણ કરી દીધાં હતાં. ૬. આવીને સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. હરખથી ભાવવિભોર થઈને ગદ્‌ગદ કંઠ થઈ ગયા. તેઓ ફૂલહાર લાવ્યા હતા તે શ્રીહરિને સહુએ પહેરાવ્યા. ૭. સુખદાતા શ્રીહરિએ ઘણું હેત દેખાડ્યું અને સહુની કુશળતા પૂછી. તેઓમાં એભલ ખાચર અને જીવા ખાચર મુખ્ય હતા. તેમના નામ લઈ લઈને બોલાવ્યા. તેઓ પુત્ર અને પરિવારને સાથે લઈને આવ્યા હતા. ૮. કરિયાણા, ખંભાળા તથા ગુંદાળા ગામના બધા સત્સંગી દરબારો તેમાં આવ્યા હતા. ૯. બોટાદ, નાગડકા, સારંગપુર, કોટડા, કુંડળ, ઝીંઝાવદર, નસીતપુર, વાવડી અને ગઢાળીના બધા ઉત્સાહી અનુપમ દરબારો તે સહુની સાથે હતા. તેમાં ગઢપુરના દરબારો મુખ્ય હતા અને બીજા બધા તેમની સાથે હતા. ૧૦-૧૧.

કોટડાના જે વાળા દરબારો હરિભક્ત થયા હતા તે બધા આવ્યા હતા. કચ્છ દેશના જે હરિભક્તો હતા તેઓ પણ સન્મુખ આવ્યા. ૧૨. હાલાર, વાગડ અને ઝાલાવાડના બધા ભક્તો સહુ જે આવ્યા હતા તે સન્મુખ આવ્યા. ૧૩. વઢિયાર અને ઉત્તર ગુજરાતના હરિભક્તોની સાથે ચરોતરના હરિભક્તો જે મોટા અમીનો હતા, તેઓ બધા આવ્યા. ૧૪. વાકળ પ્રદેશમાં વડોદરા મુખ્ય શહેર છે. ગુજરાત દેશમાં અમદાવાદ મુખ્ય શહેર છે. ત્યાંના હરિભક્ત સંઘના રૂપમાં ભેળા થઈને આવ્યા. અને કાનમ વગેરે પ્રદેશના સુરત સુધીના બધા હરિભક્તો સંઘ કરીને ત્યાં આવ્યા હતા. ૧૫-૧૬.

બારાના બધા હરિભક્તો અને ભાલના બધા હરિભક્તો આવ્યા તથા બીજા દરબારો પણ આવ્યા. ચતુર્મુખ બ્રહ્મા કહેવા લાગે તોપણ પાર ન આવે તેટલા હરિભક્તો આવ્યા. ૧૭. ગોહિલવાડ, વાળાક, સોરઠ તે માંગરોળ સુધી અને દ્વારકા સુધીના બધા હરિભક્તો આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં.

સહુ ફૂલહાર લાવ્યા હતા. તે શ્રીહરિને અને સંતોને પહેરાવ્યા. ૧૮-૧૯. શ્રીહરિ બધા જ ફૂલહાર પહેરી લેતા હતા. પણ જ્યારે શરીર ઉપર અતિ વધારે ભાર થઈ જાય ત્યારે તે બધા સંતોને અને હરિભક્તોને આપી દેતા. **બે-ત્રણ મણ જેટલા ફૂલહારને તો પોતાના અંગ ઉપર રાખતા, ૨૦. પણ તેનાથી વધારે જ્યારે ભાર થઈ જાય ત્યારે સંતોને, વર્ણીઓને, પાર્ષદોને તો બોલાવીને બધાને હાર આપતા** અને હરિભક્તોને અગણિત ફૂલહાર આપ્યા છે. એમ તેવા હાર આપવાનો કોઈ પાર રહેતો નહિ. ૨૧.

જે હરિભક્તો સન્મુખ આવ્યા હતા તે બધા ફૂલોના બાગના જેવા શોભતા હતા. બધા સવારો અને પદાતિઓ જે હતા તે બધા ફૂલોથી ઢંકાઈ ગયા હતા. ૨૨. ચોતરફનું બધું વન ફૂલથી પ્રફુલ્લિત થઈ રહ્યું હતું. અમાપ સુગંધ આકાશમાં અને ભૂમિ ઉપર વ્યાપી ગયો હતો. હું મારા મુખથી તે શોભાને કેટલી હદ સુધી કહી શકું ? ૨૩. બે-ત્રણ કોશ સુધીના વિસ્તારમાં બધા દર્શનાર્થીઓ ભરાઈ ગયા હતા. એક વખત તો શ્રીહરિનાં સારી રીતે દર્શન કરવાના છે, દર્શનને માટે માનો ભક્તો અકળાઈ ગયા હોય તેમ દરબાર હઠીબાઈએ શ્રીહરિને આવીને કહ્યું, ૨૪.

હે મહારાજ ! આપ સહુને દર્શન દેવા માટે તો પધાર્યા છો. પણ સહુને પૂરતાં દર્શન થાતા નથી. એટલા માટે હું આપને વિનંતી કરું છું કે, ૨૫. આપને માટે જ હું હાથી લાવ્યો છું. આપ આવીને તેના ઉપર બેસો. આપ તો ભક્તોને સુખદાયક છો, તો હાથી ઉપર બેસવાથી સહુને આપનાં દર્શન થાશે. ૨૬. ગોંડળ નરેશનો અત્યંત પ્રેમભાવ જોઈને શ્રીહરિ હાથી ઉપર બેઠા. હાથીના ઉપર મોતીની જડાઉ અંબાડી હતી. અંબાડી ઉપર સુવર્ણનો કળશ હતો. ૨૭. દરબાર હઠીભાઈ પણ ચામર કરવા માટે હાથી ઉપર બેઠા. ગિરનાર પર્વતના જેવો દેખાતો તે મદઝરતો ગજરાજ પણ બધા જ સોનેરી સાજ-શણગારોથી શોભાડ્યો હતો. ૨૮.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

શ્રીહરિની સાથે અને ગોંડળ મહારાજાની સાથે જે ચોપદારો હતા, તેમના હાથમાં સોનાની છડી લીધેલી હતી અને તેઓ "જય જય મહારાજાધિરાજ!!!

અનંત બ્રહ્માંડોના અધિપતિ શ્રીજીમહારાજને ઘણી ખમ્મા !!!" એમ ઊંચે અવાજે છડી બોલતા હતા. ૨૯. **આ બ્રહ્માંડના અધીશ્વર ભવ અને બ્રહ્મા વગેરે છે. ઈંદ્રાદિક અપાર દેવેશ્વરો તેમને રાત-દિવસ મસ્તક નમાવતા રહે છે. તે ભવ, બ્રહ્માદિક પણ વારંવાર આવીને શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કરતા હતા.** ૩૦. પ્રકૃતિ, પુરુષ, કાળ અને અક્ષર જેવા, રાત-દિવસ જેની સેવા કરતા હોય છે, તેમની સન્મુખ પણ જે શ્રીહરિ કયારેક જ જુએ છે તે પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ ત્યારે ભક્તોની સાથે વિચરતા હતા. ૩૧. એવા ભગવાન શ્રીહરિનાં દર્શન કરનારા તે બધા ભક્તજનોનાં સદ્‌ભાગ્યને તો અનેકવાર ધન્યવાદ છે. તેના સદ્‌ભાગ્યનાં ગૌરવનું વર્ણન જ મને આવડતું નથી. માનો ચારે વેદ ચોપદારના રૂપમાં આવીને મંત્રો બોલીને શ્રીહરિનાં મહિમાનું ગાન કરતા હોય, તેમ જણાતું હતું. ૩૨.

ચોપાઈ :

अवतार हरि के भयेउ अनंता, गिनत गिनत कोउ वार न लहंता;
सर्वोपरी सब चरित्र हि गाये, याके एक रोम में अब आये...३३

अवतार के ज्ञान भये जेसे, अधिक अधिक सो कहे तेसे;
महिमा कहिये हरि के जितना, अनु मात्र ही कहावत तितना...३४

ભગવાનના અવતારો અનંત થયા છે. તેનો ગણવાથી કોઈ પાર આવતો નથી. તેમનાં જે સર્વોપરિ ચરિત્ર ગાયા છે, તે બધા ચરિત્રો તો આ શ્રીહરિનાં એક રોમમાં અત્યારે આવી ગયા છે. ૩૩. અવતારનાં સ્વરૂપનું જ્ઞાન જેમ જેમ થાતું ગયું તેમ તેમ તેનો મહિમા અધિક રૂપમાં કહ્યો. પણ આ શ્રીહરિના મહિમાની તુલનામાં તો તે મહિમા માત્ર અણુ જેટલો જ થાય છે. ૩૪. ચોમાસામાં જ્યારે ઈન્દ્ર પુષ્કળ પ્રમાણમાં વરસાદ કરીને લોકોની પ્યાસની પીડા દૂર કરે છે. ત્યારે ભૂમિ ઉપરનું અમાપ પાણી અનંત નદીઓ દ્વારા સમુદ્રમાં જાય છે. પરંતુ સમુદ્રમાં તે લેશમાત્ર દેખાતું નથી. ૩૫. આવું અમાપ પાણી સમુદ્રમાં આવે છે છતાં તે અગાધ રહે છે. સમુદ્ર કયારેય છલકાતો નથી. તે સમુદ્ર કરતાં તો કરોડોગણો પરમાત્મા શ્રીહરિનો મહિમા અગાધ રહ્યો છે. ૩૬.

શ્રીહરિ પધારે છે. એમ જાણીને ધોરાજીના લોકો નર-નારી બધા જ ગામથી બહાર આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરવાથી તેમના શોક-સંતાપ ટળી ગયા અને પરમ સુખી થયા. ૩૭. શ્રીહરિનાં પધારવાથી પુરના બધા રાજમાર્ગને વિચિત્ર રીતે શણગારી દીધા અને તેમાં અપાર શોભા કરી દીધી. ૩૮. શ્રીહરિ ધોરાજીમાં સંધ્યા સમયે પ્રવેશ્યા. ઘણી જ મશાલો કરી હતી તેનાથી દિવસનાં જેવું અજવાળું થયું હતું. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'દેશ દેશના બધા હરિભક્તો આવ્યા અને શ્રીહરિ ધોરાજીમાં પ્રવેશ્યા' એ નામે ઓગણીશનો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર અગિયારમું : તરંગ - ૨૦

ધોરાજીમાં લોકવાર્તાનું કથન અને શ્રીહરિનું લાલવડે આગમન

શ્રીહરિ જ્યારે ધોરાજીમાં આવ્યા ત્યારે બધા પુરવાસી જનો હરખભર્યે હૈયે આવીને બજારમાં ઊભા હતા. ૧. બધી સ્ત્રીઓએ સારાં વસ્ત્ર અને અલંકાર પહેર્યાં હતાં. અપાર મોતીથી ભરેલા સોનાના થાળ હાથમાં લીધા હતા. ૨. તે રીતે જ સોના-રૂપાનાં ફૂલ, શ્રીફળ અને ફૂલના હાર સહુએ લીધાં હતાં. અમાપ શોભા બની હતી. અને તે સ્ત્રીઓ શ્રીહરિને ઘણા જ પ્રેમથી વધાવતી હતી. ૩. જેટલા પુરુષો હતા તેઓએ શરીર ઉપર ઘરેણાં પહેર્યાં હતાં. હાથમાં ફૂલહાર લઈને તેઓ ઘણા બધા બજારમાં ઊભા હતા. ૪.

ખીલેલા ફૂલવાળી બજાર કોઈ ફૂલબાગ જેવી જણાતી હતી. ત્યાં સ્ત્રીઓ ભેળી સ્ત્રીઓ અને પુરુષો ભેળા પુરુષ ઊભા હતા. ૫. સહુ શ્રીહરિને હાર પહેરાવતા હતા ત્યારે શ્રીહરિ સામેથી તેમને પ્રસાદીના હાર આપતા હતા. શ્રીહરિની આગળ જે જરિયાની નિશાન હતાં તે અત્યંત સોહામણાં લાગતાં હતાં. ૬. ડંકા, નોબત અને વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં અને હર્ષ વધારતાં હતાં. મોટા મોટા ભાઈ રામદાસજી આદિક સંતોને તેમના વૃદ્ધત્વને અને વિદ્યાને આદર આપીને રથમાં તથા મ્યાનામાં બેસાડ્યા હતા. સત્સંગનો

ધર્મ અને વિવેક તે બંનેને દેખીને પુરવાસી લોકો કહેતા કે, સાચી મોક્ષની રીતિ તો અહીંયાં જ દેખાય છે. ૭-૮.

❋ સંતના લક્ષણ :

આ સંતો જ સર્વોપરી ધર્મને ધારી રહ્યા છે. તેઓ ધન અને સ્ત્રીને ક્યારેય અડતા પણ નથી. અનંત કોટી બ્રહ્માંડોમાં જુઓ. આમના જેવા સંત ક્યાંય સાંભળ્યા નથી. ૯. આ સંતોને કદાચ સ્વપ્નમાં પણ જો સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો જાગ્રત અવસ્થામાં તરત જ તેનું પ્રાયશ્ચિત કરે છે. જેમ સ્વપ્નમાં ક્યારેક સિંહ અને સર્પ આવે ત્યારે તેનાથી જેવા ડરે છે, ૧૦. તેમ સ્વપ્નમાં સ્ત્રીને જોઈને આ સંતો ડરીને ભાગવા લાગે છે. જગતમાં આવો ધર્મ ક્યાંય નથી. મોટા સિદ્ધો કરતાં પણ આ સંતો વિશેષ સિદ્ધ છે. ૧૧. જગતમાં એવા સિદ્ધો પણ છે કે જેઓ અગ્નિમાં અથવા પાણીમાં પ્રવેશી જાય છે. પણ એવું તો ઘણા બાજીગરો પણ કરે છે. તેનો લગાર પણ ભાર નથી પડતો. ૧૨. જે સંતો ધનના અને નારીના ત્યાગી હોય તેઓ ઈશ્વર જેવા કહેવાય છે. એવા સમર્થ આ સંતો છે. જેની બીજા કોઈને ખબર નથી. ૧૩.

જે માયાના જીવો છે તે આ સંતોને પોતાના સમાન ગણે છે, તેણે કરીને તેમનો મોક્ષ તો થાતો નથી પણ તેઓ નરકમાં પડે છે. ૧૪. વેદો તથા શાસ્ત્રો વારંવાર મુખે પોકારીને જે સંતોને મોક્ષનું દ્વાર કહે છે તેવા આ સુબુદ્ધિ સંતો છે. ૧૫. **આ સંતોએ ભગવાન સિવાયનું જગતના લોકો જેને સાર માને છે તેવું બીજું કાંઈ સારપણે રાખ્યું નથી. આવા સંતો જ મુમુક્ષુઓનો ઉદ્ધાર કરી શકે છે. તે સિવાયના બીજા તો જમપુરીના દ્વાર છે. ૧૬.** આ સંતોના ગુરુ ભારે સમર્થ છે. અત્યારે હાથી ઉપર બેસીને આવ્યા છે. આ નિર્દોષ ગુરુમાં જે ગુણો રહ્યા છે તે ભવ અને બ્રહ્માને પણ અતિશય દુર્લભ છે. ૧૭.

આ નિર્દોષ ગુરુમાં જે સદ્‌ગુણો છે તે બધા તેમણે પોતાના શિષ્ય આ સંતોને આપ્યા છે. બ્રહ્માંડના કરોડો યુગ સુધી અન્ન ખાધા સિવાય કોઈ તપ કરે તોપણ તેમાં આવા ગુણો આવતા નથી. આ સંતોના હૃદયમાં ભગવાન સિવાય બીજું કાંઈ જ નથી. જ્યાં સુધી ભગવાન

સિવાયનું બીજું બધું મનમાં ભર્યું હોય ત્યાં સુધી દુઃખના મૂળ ટળતા નથી. ૧૮-૧૯.

ચોપાઈ :

हरि विन ओर में देखे जब दुःखा, तब ताकु होवे अति सुखा;
सत्संग विन ओरकु न देखावे, दुःख में ओर सब सुख बतावे...२०

सत्संग विन ब्रह्मांड में सबहु, जो जो देव मनुष्य रहे अबहु;
दुःख में सुख कर माने अपारा, दुःख नजर न आवत लगारा...२१

विषय करी शुभ मति भये नासा, संत के कबु जन आवत न पासा;
ज्यां लग जन संत पास न आवे, त्यां लग सुख शांति न लहावे...२२

જ્યારે ભગવાન સિવાયની અન્ય વસ્તુમાં દુઃખ દેખે છે ત્યારે તેને ઘણું સુખ થાય છે. તે સત્સંગ સિવાય બીજાને દેખાતું નથી. બીજા સહુ તો દુઃખમાં પણ સુખ બતાવે છે. ૨૦. સત્સંગ સિવાયના આખા બ્રહ્માંડમાં જે બધા દેવો અને મનુષ્યો આદિ રહે છે તે બધા દુઃખમાં પણ અપાર સુખ માનીને રહ્યા છે અને તેમની નજરમાં લગાર પણ દુઃખ દેખ્યામાં આવતું નથી. ૨૧. જે જીવને વિષય વાસનાથી સદ્‌બુદ્ધિનો નાશ થઈ ગયો હોય, એ જીવ સંતોની પાસે કયારેય આવતો નથી, પણ માણસ જ્યાં સુધી સંતોની પાસે આવતો નથી, ત્યાં સુધી તેને સુખ કે શાંતિ મળતી નથી. ૨૨.

સંત થઈને જે નારી અને ધનનો જોગ રાખે છે તેને બુદ્ધિમાન લોકો સંત કહેતા નથી. સંતોની બધી રીતને જાણતા હોય તેવા નિપુણ માણસો આ જગતમાં દુર્લભ હોય છે. ૨૩. એવા નિપુણ બુદ્ધિમાન લોકો પરસ્પર વાતો કરીને સંતોના સદ્‌ગુણોને જોઈને તેને પ્રસિદ્ધ કરે છે. જેમાં દુર્ગુણ હોય તે અસંત કહેવાય છે. જેમાં જેવા ગુણ હોય છે તેને તેવા કહેવાય છે. ૨૪. જેમ નકટાને નાક વિનાનો અને આંધળાને આંખ વિનાનો કહેવાય છે. તેમ સંતનું નામ અને અસંતનું નામ તો તેમાં રહેલા ગુણ જ કહી દે છે. ૨૫. સંત થઈને અંદર અને બહાર ધનને અને નારીને રાખે છે, નશો કરે છે, બીજા વ્યસન રાખે છે અને અભક્ષ્ય વસ્તુને જે ખાય છે તે સંતોનો ચોર છે, એમ સમજવું. ૨૬.

જે સ્વયં સંતોનો ચોર હોય અને પછી બીજા સંતને ચોર કહે છે, તેમાં થોડુંએ દૈવત રહેતું નથી. દિનપ્રતિદિન તે ઘટતો જાય છે. ૨૭. સંતોના જે કલ્યાણકારી ગુણ છે તે અસંતમાં કયારેય આવે નહિ. પછી તો તે દિવેલ વિનાના દીવાની જેમ એકદમ ન્યૂન થઈ જાય છે, ઘટી જાય છે. ૨૮. વંડી ઉપરના છજામાં ઊગેલો છોડ પહેલા તો બળથી વધતો દેખાય છે પણ છેવટે વરસાદ જાય ત્યારે તે નિર્બળ થઈ જાય છે અને તેને કોઈ બચાવી શકે નહિ. ૨૯. બધા લોકોમાં જે આવું જ્ઞાન હોય, આવી વાતો કરતા હોય, તેનાથી કાંઈ કોઈનો કોઠાર ભરાય નહિ. જ્યારે અસંતનું-અસત્પુરુષનું સ્વરૂપ ઓળખાઈ જાય છે ત્યારે તેનાં અજ્ઞાનનું અંધારું નાશ પામી જાય છે. ત્યારે સાચા સંત મળતા કલ્યાણનો કોઠાર ભરાય છે. ૩૦.

લોકો શ્રીહરિ અને સત્સંગ બાબતમાં આવી વાતો કરતા હતા ત્યારે શ્રીહરિ દર્શન દેતાં બજારે આવતા હતા. બજારમાં જે દુકાનો, ગોખ અને અટારીઓ હતી તેને સુંદર રીતે શોભાડી હતી. મકાનોના જેટલા માળ હતા તેમાં દર્શન કરવા માટે નર-નારી બધા લોકો ભરાઈને ઊભા હતા. હરેક દુકાનનાં બારણાંમાં મોતીના તોરણ બાંધ્યાં હતાં. ૩૧-૩૨. બધી રાજબજારોમાં બિલોરી ઝાડ બાંધી દીધાં હતાં. ધોરાજી ગામ દરબાર હઠીભાઈના ગોંડળ રાજ્યનું હતું. તેને લીધે લોકોને શ્રીહરિનાં ઉપર બહુ હેત હતું. ૩૩. દરેક દુકાને ફળ સહિત કેળનાં સ્તંભ રોપાવી દીધાં હતાં. સોપારીના અને શ્રીફળના વૃક્ષ પણ રોપાવ્યા હતા. કારણ કે રાજાને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. ૩૪.

શ્રીહરિ જ્યારે પુરમાં પ્રવેશ્યા ત્યારે તોપના અવાજ ઘણા જ કર્યા હતા. તેનાથી આકાશ બધું ગર્જી રહ્યું હતું અને શ્રીહરિની આગળ બંદૂકો ફૂટી રહી હતી. ૩૫. જેમાં શ્રીહરિનો મહિમા વર્ણવ્યો હોય એવા મંગળમય કીર્તન સંતો અને હરિભક્તો ગાતા હતા. તે વેળાએ બધા પુરવાસી લોકો ઊભી બજારે ગુલાલ ઉડાડતા હતા. ૩૬. શ્રીહરિ ધોરાજી પુરમાં પશ્ચિમ દરવાજેથી પ્રવેશ્યા હતા અને પૂર્વ દરવાજે આવી ગયા. તે સમયની શોભા તો સર્વશ્રેષ્ઠ બની હતી. ૩૭. પૂર્વ દરવાજે આવ્યા ત્યારે ત્યાં એક નાની નદી છે તે

નદીને ઊતરીને શ્રીહરિ લાલવડે પધાર્યા. ૩૮. લાલવડ વાડીની વચ્ચે જ હતો. શ્રીહરિ ત્યાં ઊતર્યા અને આવીને સિંહાસન ઉપર બેઠા. ૩૯. જેટલા રાજાઓ આવ્યા હતા તેમણે પોતપોતાના તંબુ ખેંચાવી દીધા હતા. તેમાં દીવા કર્યા હતા અને સહુ પોતપોતાના તંબુમાં ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ધોરાજીમાં જનવાર્તાનું કથન અને શ્રીહરિનું લાલવડે આગમન' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર અગિયારમું : તરંગ - ૨૧

ધોરાજીમાં શ્રીહરિ જમ્યા અને સહુને પોતે પીરસીને જમાડ્યા

જ્યારે રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) ગઈ ત્યારે શ્રીહરિ ઉતારે આવ્યા અને સિંહાસન ઉપર બેઠા તે સમયે શોભા અત્યંત છવાઈ ગઈ હતી. ૧. ધોરાજીના હરિભક્ત સિવાયના જે લોકો આવ્યા હતા તે બધાને દરબારી કર્મચારીઓએ કેટલીક સૂચના આપી. ૨. જેટલા વિસ્તારમાં બધા સંઘે મુકામ કર્યો હતો ત્યાં બધે ચોકી કરવાની વ્યવસ્થા માટે દરબાર હઠીભાઈએ માણસો રાખ્યા હતા. ૩. શ્રીહરિ જે રીતે સગવડતા કરવાનું કહેતા તે પ્રમાણે જ દરબાર હઠીભાઈ પ્રેમથી કરતા. કારણ કે, તેઓ આ સેવાને ઘણી દુર્લભ માનતા હતા. ૪.

ધોરાજીના હરિભક્તો, જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો હતા, તેમજ હરિભક્તોના જેવા જ કેટલાક ભાવિક લોકો જે ધોરાજીમાં રહેતા હતા, ૫. તે સહુએ મળીને તે દિવસ રસોઈ આપી. સાકરનો કંસાર કર્યો હતો. વર્ણીઓ અને વિપ્રોએ મળીને રસોઈ બનાવી હતી. શ્રીહરિને ત્યાં જમવા માટે બોલાવ્યા. ૬. જ્યારે જમવા ચાલ્યા ત્યારે શ્રીહરિએ પીતાંબર પહેરી લીધું. ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. 'ચટાક્ ચટાક્' એવા અવાજ સાથે શ્રીહરિ મનોહર ચાલથી ચાલ્યા. ૭. કાળાભાઈ વાળંદે મશાલ લીધી હતી. જ્યાં રસોઈ કરી હતી ત્યાં પરમ ચતુર શ્રીહરિ આવ્યા. તે વખતે મુકુંદાનંદ

વર્ણી પાણી લાવ્યા અને શ્રીહરિના કરચરણ ધોવડાવ્યા. ૮. જ્યારે પીતાંબર પહેર્યું તે વખતે શ્રીહરિએ સ્નાન કર્યું હતું એટલે ફરીને અહીંયાં તે વાત કરી નહિ. સોનાના રત્નજડિત બાજોઠ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૯. ભોજનનો થાળ જે ભરીને પીરસ્યો હતો તેને લાવ્યા. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ તે જમવા લાગ્યા. કંસાર, રોટલી, પાપડ અને શાક વગેરે જે પીરસ્યું હતું તેને શ્રીહરિ જમ્યા. ૧૦.

તે વખતે મયારામ ભટ્ટ શ્રીહરિની પાસે બેઠા હતા. શ્રીહરિ તેની સામે જોઈને બોલ્યા, એકાદશી કયે દિવસ આવે છે ? ૧૧. ત્યારે ભટ્ટજી બોલ્યા, ચૈત્ર સુદી એકાદશી તો આવતીકાલે જ છે. તે એકાદશીનું નામ વિમલા અને કામદા છે કે જે બધા જ મનોરથોને પૂર્ણ કરે છે. ૧૨. ભટ્ટજીએ આટલી વાત કહી. તે સાંભળીને સુખધામ ઘનશ્યામ શ્રીહરિ પ્રસન્ન થયા. પછી જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોઈ નાખ્યા. ૧૩. શ્રીહરિ જે જમ્યા તે થાળની પ્રસાદી દરબાર હઠીભાઈને પ્રસન્ન થઈને આપી અને પછી પોતે મુખવાસ લીધો. ૧૪. પછી સંતોને, પાર્ષદોને અને દરબાર એભલ ખાચર તથા જીવાખાચર વગેરે દરબારો જે આવ્યા હતા તેમને તેમના પુત્ર સાથે જમવા માટે બોલાવ્યા. ૧૫. સહુને જમવા પંગતમાં બેસાડ્યા. સ્વયં શ્રીહરિ પીરસવા લાગ્યા. પ્રથમ સંતોમાં પીરસવા ગયા અને ઘણા જ હેતભાવથી પંગતમાં પીરસવા ફર્યા. ૧૬.

❋ પીરસવાનો વિવેક :

સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ પછીથી પાર્ષદો અને દરબારોમાં પીરસવા આવ્યા. બીજા કોઈ ભોજન પીરસતા હોય તો શ્રીહરિનું મન માનતું નહિ. ૧૭. **હરેકની રુચિ જે પ્રકારની હોય તેને શ્રીહરિ તે પ્રકારે બરાબર જાણતા હતા. કેટલાક પીરસતા હોય ત્યારે લો, લો, એમ બોલે પણ લગારેય આપે નહિ. વારેવારે બીજો ખોટો ઘોંઘાટ કર્યા કરે, ૧૮. કોઈ માગે, તો પૂરું સાંભળે નહિ, વગર સમજે વારેવારે ખીજાય, જ્યાં આપે ત્યાં ખૂબ જ આપે અને ન આપે તેને કાંઈ ન આપે. ૧૯.** પીરસવામાં પોતાના શરીરને એકદમ ભેળવે - ચલાવે નહિ, ઉતાવળે નહિ પણ ધીરે ધીરે ફરે, પીરસવામાં પંક્તિભેદ કરે.

ઉપેક્ષા કે વૈરાગ્ય રાખીને બરાબર પીરસે નહિ. ૨૦. પીરસવામાં જેનો એવો સ્વભાવ હોય, તે જ્યારે શ્રીહરિનાં દેખવામાં આવતો તો ફરીને તેને પંગતમાં પીરસવા ન દેતા. તેના હાથમાંથી પીરસવાનું ભોજન ખેંચીને લઈ લેતા. ૨૧.

જેની મતિ પીરસવામાં નિર્દોષ હોય, જેનામાં 'મારું' 'તારું' એવી ભેદબુદ્ધિ ન દેખાય, કોઈને વધારે કે ઓછું ન આપે, પીરસતા જે કોઈને ફજેત ન કરતા હોય, ૨૨. શ્રીહરિ તેની પાસે ક્યારેક પીરસાવતા. છતાં પોતે પીરસવા ફરતા હોય તેટલો મનમાં સંતોષ ન રહેતો. જ્યારે કોઈ હરિભક્ત રસોઈ આપતા ત્યારે તો શ્રીહરિ જ પીરસવા ફરતા. ૨૩. તેનાંથી રસોઈ આપનારાનાં મનમાં ઘણો ભારે હરખ રહેતો. તેના ધ્યાનમાં શ્રીહરિની પીરસણ લીલા વારેવારે આવતી અને વારંવાર તેને સંભારતા. તેથી રસોઈના ખરચને મનમાં લગારેય ગણતા નહિ. ૨૪. જે જન આ શ્રીહરિની પીરસણલીલાની વાતને સાંભળે અને અંત સમયે તેનાં હૃદયમાં સાક્ષાત્ તેવી સાંભરી આવે તો તેને ગમે તેવાં મહાપાપ લાગ્યાં હોય તોપણ તે બધાં ભસ્મ થઈ જાય છે. (ચોપાઈમાં **'અંતકાળે'** એવું નથી. પરંતુ મૂળ ગ્રંથમાં પ્રથમ સ્વામીએ એવું લખ્યું છે. પછી ચોપાઈમાં સમાણું નહીં એટલે 'અંતકાળ' શબ્દ સ્વામીને કાઢવો પડ્યો છે.) ૨૫.

चोपाई :

प्रगट हरि पर कोउ न जाने, सबके कारन प्रगट कु माने;
तन धन प्रगट हित करे त्यागा, प्रगट पर बहु रखे अनुरागा...२६

दोहा : प्रगट श्रीहरि ताहि को, रखे नकि विश्वास;
संत हरिजन कु नमत रहे, आवे न जम तेहि पास...२७
जो जो महिमा कहत हे, प्रगट हरि पर न कोउ;
जो जो साधन कहत हे, वर्णाश्रम पर हे सोउ...२८

જે ભક્તજન પ્રકટ શ્રીહરિથી કોઈને પર ન જાણે અને પ્રકટ શ્રીહરિને જ સર્વનું કારણ માને. પ્રકટ શ્રીહરિને માટે થઈને તન, ધન વગેરેનો પણ ત્યાગ કરે અને પ્રકટ શ્રીહરિમાં ખૂબ જ અનુરાગ રાખે. ૨૬. પ્રકટ શ્રીહરિનાં

સ્વરૂપમાં સુદૃઢ વિશ્વાસ રાખે, અને સંતોને તથા હરિભક્તોને જે નમતો રહે છે, તેની પાસે ક્યારેય જમ આવતા નથી. ૨૭. જે જે મહિમા કહેવાય છે તે કોઈ પ્રગટ શ્રીહરિથી પર નથી અર્થાત્ વધારે શ્રેષ્ઠ નથી. અને જે જે સાધન કહેવાય છે તે વર્ણાશ્રમથી પર છે અર્થાત્ કલ્યાણ માટે યાને કે પ્રગટ હરિ માટે કરાતા સર્વે સાધન વર્ણ અને આશ્રમથી પર છે. ૨૮.

જે હરિભક્ત હોય તે પ્રગટ શ્રીહરિનો જેવો ભાવ (મરજી) હોય તે પ્રમાણે કરે અને ક્યારેય અભાવ લે નહીં. જેમ શ્રીહરિની આજ્ઞા હોય તેમ જ કરતો રહે. ૨૯. પોતાનાં સ્વરૂપમાં અડગ નિશ્ચય કરાવવાને માટે શ્રીહરિ વારંવાર આજ્ઞા-પ્રકરણ ફેરવતા રહે છતાં નિષ્ઠાવાન હરિભક્ત શ્રીહરિ જે જે માર્ગ બતાવે તેના ઉપર ચાલે પણ અટકે નહિ. ૩૦.

(આ તરંગમાં ત્રીશ જ ચોપાઈ છે તેનું કારણ એવું છે કે, સ્વામીને ૧૯ નો અંક લખ્યા પછી સીધો ૩૦ નો અંક લખાઈ ગયો છે. એટલે મૂળ ગ્રંથમાં ચાલીશ અંક થાતા સ્વામીએ તરંગ પૂરો કર્યો છે. પણ લખાણી છે ચોપાઈ ત્રીશ જ. કોઈ કોઈ તરંગમાં ચાલીશ ચોપાઈઓ ન થતાં જે વધ-ઘટ જણાય છે તેનું મોટે ભાગે ઉપરોક્ત કારણ હોય છે. તે સહુની જાણ માટે.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ ધોરાજીમાં સ્વયં જમ્યા અને સંતો-પાર્ષદો તથા દરબારોને જમાડ્યા' એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર અગિયારમું : તરંગ - ૨૨

શ્રીહરિનો મહિમા, જ્ઞાન-ધ્યાન અને ધામની વાત કહી

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિએ સંતોને અને દરબારો વગેરેને જમાડ્યા. પછી આવીને સિંહાસન ઉપર બેઠા. મનમાં આજ ઘણો આનંદ હતો. ૧. બધા સંતો જમ્યા પછી ત્યાં આવ્યા. અનુપમ સભા થઈ. તારાઓની વચ્ચે ચંદ્રમાની જેમ સુખરૂપ ઘનશ્યામ શ્રીહરિ શોભતા હતા. ૨. ધર્મકુમાર

શ્રીહરિએ દોકડ, સરોદ, સિતાર, તંબૂર અને તાલ આદિ વાજિંત્ર મગાવ્યા. સંતો તે વાજિંત્રોને વગાડવા લાગ્યા. ૩. તે વેળાએ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી તે બંને મહાન ગુણવાન હતા. તેઓ ત્યારે સરોદ વગાડવા લાગ્યા. ૪. પ્રેમાનંદસ્વામીએ દોકડ લીધા. તેઓ પણ સરસ રીતે તેને વગાડવા લાગ્યા. જ્ઞાનાનંદસ્વામી અને સુખાનંદસ્વામી ઘણા હરખથી સિતાર વગાડવા લાગ્યા. ૫.

દેવાનંદસ્વામી બહુ ભારે ગાયક હતા. તેમણે તંબૂર લઈને આલાપ કર્યો. નિર્વિકારાનંદ અને હર્ષાનંદ બંને તાલ વગાડતા હતા. ૬.મોરચંગ લઈને વગાડતા સંત પણ જેવી ચાલ હતી તે પ્રમાણે વગાડવા લાગ્યા. તેમણે રાગ કલ્યાણની ચાલ વગાડીને કલ્યાણના પદ ગાયાં. ૭. કીર્તનગાન સાંભળીને બધા દરબારો આવ્યા. શ્રીહરિની પાસે સહુ બેઠા. તે વેળાની સભા દેવોની સુધર્માસભા કરતા પણ વિશેષ શોભી રહી હતી. ૮. આ સંગીતને સાંભળવા માટે ભવ, બ્રહ્માદિક દેવો વિમાનમાં બેસીને આવ્યા. આકાશમાં વિમાનોની ઠઠ જામી ગઈ. દેવગાયકો ગંધર્વો, રંભા, ઉર્વશી આદિ અપ્સરાઓ, ૯. હૂહૂ અને ચિત્રરથ આદિક મોટા મોટા દેવગાયકો, ભવ અને બ્રહ્માની સભામાં જ ગાતા અને ઈંદ્રની સભામાં તો કયારેક જ ગાતા. ૧૦. એવા બધા ગાંધર્વોને તે કીર્તનગાન સાંભળીને સમાધિ થઈ ગઈ. ભવ અને બ્રહ્માને પણ સમાધિ થઈ. અપ્સરાઓ તો ચિત્રમાં આલેખેલી જણાતી હતી. ૧૧.

✵ સમાધિમાં દેખેલા મહાન સુખનું વર્ણન :

વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં રહેનારા મુક્તો જે આનંદ ઉલ્લાસને માણે છે, તે સુખ આ સમાધિમાં ગયેલાએ અનુભવ્યું. તે સુખની તુલના કોઈની સાથે કરી શકાય નહિ. ૧૨. અક્ષરધામમાં જે અપાર સુખ છે તેને મેળવવા માટે શ્વેતદ્વીપના મુક્તો પણ હજી તપ કરી રહ્યા છે. ૧૩. પરમ સુધીર એવા સર્વોત્તમ બદ્રીકાશ્રમમાં રહેનારા ઋષિવરો પણ અક્ષરધામનું સુખ પ્રાપ્ત કરવા માટે જોરદાર તપ કરે છે. ૧૪. એવા અક્ષરધામના મુક્તો અહીંયાં કીર્તન ગાન સાંભળવા માટે આવ્યા. જે મુક્તો અહીં શ્રીહરિવરની પાસે નિત્ય સેવા કરવા અને રહેવા માટે ચાહે છે. ૧૫.

જો કે વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ, શ્વેતદ્વીપ અને બદ્રીકાશ્રમ એ બધા ધામોમાં ભગવાન શ્રીહરિ અખંડ વિરાજમાન તો છે જ.૧૬. છતાં અનેક અધમ જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીહરિજી મહારાજે જે આ વખતે અવતાર ધારણ કર્યો છે. તેમનું સામર્થ્ય તો અપાર કહેવાય છે. તેથી જ અનેક જીવોને ભવ-સંસારથી ઉદ્ધાર કરી રહ્યા છે. ૧૭. અનેક યુગ વીતી ગયા છે અને હજી પણ અનેક યુગ વીતશે. યુગે યુગે ભગવાન અવતાર ધરે છે અને ધારશે. અપાર ચરિત્ર કરે છે અને કરશે. તેનો ગણે પાર ન આવે. ૧૮. તે બધા અવતારોને અને ચરિત્રોને યથાર્થરૂપમાં લખી શકાતા નથી. જેની જેવી બુદ્ધિ હોય તે તેમ લખે છે. અપાર ચરિત્ર કરી ગયા છે અને અત્યારે શ્રીહરિ અપાર ચરિત્રો કરે છે. પણ જેની જેવી બુદ્ધિ હશે, તે તેવું કહેશે. ૧૯.

❋ શ્રીહરિનો સર્વોત્તમ મહિમા :

चोपाई :

अब हरि विचरे जेसी भाँति, चरित्र किये जो अनेक हि जाति;;
एसे सुने नहिं सुन हि कबही, एसे न देखे देख हि न अबही...२०

भव ब्रह्मादिक देव हि जेते, शारद शेष नारद मुनि तेते;
सब हि कहत सो वारमवारा, सब पर यह अवतार हि धारा...२१

अनंत भक्त के हित हि काजा, अनंत धाम किने महाराजा;
अक्षर में सो रहे हे सबही, अक्षर से पृथक नहिं कबही...२२

अक्षर से पृथक कहे हरिधामा, मोक्ष के सो नहिं पावत ठामा;
अक्षर से पृथक कहे ज्यां लगही, चोरासी सो फरहि त्यां लगही...२३

यह हरि में रहे महिमा जेतो, आपे देखाये सब तेतो;
ओरके कहे में कहाँसे आवे, नेति नेति कर वेद हि गावे...२४

પરંતુ આ સમયે શ્રીહરિ જે રીતે વિચર્યા છે. અનેક પ્રકારે ચરિત્ર કર્યાં છે, આવું કયારેય સાંભળ્યું નથી અને હવે કયારેય સાંભળશું પણ નહિ. આવું કયારેય દેખ્યું નથી અને હવે કયારેય દેખશું પણ નહિ. ૨૦. ભવ, બ્રહ્માદિક જે દેવો છે, શારદા, શેષ અને નારદ આદિ જે મુનિઓ છે, તે

બધા વારંવાર એમ કહે છે કે શ્રીહરિએ આ અવતાર સર્વોપરિ ધાર્યો છે. ૨૧. રાજાધિરાજ શ્રીહરિએ અનંત ભક્તોનું હિત કરવાને માટે અનંત ધામ કર્યાં છે. તે બધાં ધામ અક્ષરમાં રહ્યાં છે. તે કયારેય અક્ષરથી પૃથક્-ભિન્ન નથી. ૨૨. ભગવાનનાં ધામોને અક્ષરથી પૃથક્ કોઈ કહેશે તો તેને મોક્ષનું સ્થાન પ્રાપ્ત નહિ થાય. તે ધામોને જ્યાં સુધી અક્ષરથી પૃથક્-ભિન્ન કહેતા રહેશે ત્યાં સુધી તે લખચોરાશીમાં ફરતા રહેશે. ૨૩. આ પ્રગટ શ્રીહરિમાં જે મહિમા રહે છે તે બધાને સ્વયં પોતે જ દેખાડે છે, બીજાથી તો તે મહિમા કઈ રીતે કહી શકાય ? તેમના મહિમાને તો વેદો પણ 'નેતિ' 'નેતિ' કહીને ગાય છે. યથાર્થરૂપમાં તે વેદો પણ કહી શક્તા નથી. ૨૪.

જે અક્ષરનો આત્મા છે અને જે અક્ષરથી અતિશય પર છે તે જગતના આધારરૂપ આ ધર્મકુમારે વેદની ચારેય મૂર્તિઓ ધારી છે. ૨૫. તે વેદોમાં જેટલા મોક્ષપરક વચન છે તે સ્વયં શ્રીહરિ પોતે છે. અર્થાત્ શ્રીહરિની મૂર્તિ છે અને ધર્મ, અર્થ અને કામપરક જે જે વચન છે તે પોતાની મૂર્તિ સ્થાપવા માટે છે. ૨૬. વિરાટ સ્વરૂપ જેવું શ્રીહરિનું જ એક રૂપ છે. તે રીતે જ આ વેદો પણ શ્રીહરિનું સ્વરૂપ છે. જ્યાં જેવું પ્રયોજન હોય ત્યાં તેવે રૂપે તેઓ રહે છે. ૨૭. પરબ્રહ્મ પુરુષોત્તમને સમજવા માટે બ્રહ્માની બુદ્ધિ જો અલ્પ દેખાતી હોય તો ત્યાં માનવીની બુદ્ધિ શું લેખામાં ? માનવ તો કરોડો કલ્પ સુધી તે પરબ્રહ્મ શ્રીહરિને સમજવા પ્રયત્ન કરે, તોપણ યથાર્થ સમજી શક્તો નથી. ૨૮. જો અક્ષરધામમાં જવાનું હોય તો સત્સંગનો જોગ જ્યાં જાવ ત્યાં સર્વત્ર રાખવો. જેમ જેમ સત્સંગ કરવામાં આવે તેમ તેમ તે સંશયરૂપ રોગને હરે છે. ૨૯.

✵ ભગવાનનો મહિમા જાણે તો જ તેમાં પ્રેમ થાય :

એ રીતે શ્રીહરિનો અપાર મહિમા સમજીને શિવજી હાથ જોડીને વારંવાર કહે છે અને વર માગે છે કે, મને સદાને માટે સત્સંગ પ્રાપ્ત થાય. ૩૦. **જેમ જેમ સત્સંગનો જોગ રહે તેમ તેમ સંશયરૂપ રોગ ટળે. સંશય એક અપાર અને મહાન રોગ છે. તે સત્સંગ વિના લગાર પણ ટળતો નથી. ૩૧. જેમ જેમ અપાર મહિમા સમજાય છે તેમ તેમ હેત વધારે થાય**

છે. માટે ભગવાન શ્રીહરિ, તેમના આશ્રિતો અને તેમના જે ધામ, તેનો મહિમા સમજવો. ૩૨.

ચોપાઈ :

यह लोक के अरु अक्षरधामा, एक कर समझे दोउ ठामा;
तब तेहि हेत को वधे प्रवाहा, दिन दिन सो प्रति ही अथाहा...३३

આ લોકના સ્થાન અને અક્ષરધામનાં સ્થાન આ બંનેને મહિમાની દૃષ્ટિએ એક કરીને સમજવા. અને તેમ સમજાય ત્યારે જ હેતનો પ્રવાહ વધે છે. પછી દિનપ્રતિદિન તે પ્રવાહ અથાગ થતો જાય છે. ૩૩. **આવી રીતની સમજણ કેળવ્યા વિના તો ચાહે તેટલી અપાર જ્ઞાનની વાતોને કરે, ચાહે તેવું ધ્યાન-જ્ઞાન નક્કી કરે, તે બધું દિવસે દિવસે લૂખું થઈ જાય છે. ૩૪. જો ઉપર કહ્યા પ્રમાણેનું માહાત્મ્ય ન હોય તો મનમાં સંશયરોગ વધતો જાય છે. ચાહે તેવો સંતનો જોગ રાખે તોપણ મહિમા વિના તે આગળ વધે નહિ. પછી તે જ્ઞાની અતિ મનમુખી થઈ જાય છે. તેથી આગળ વધવાની રીત ટળી-બળી જાય છે. ૩૫.** પછી તો તે પોતાના જ્ઞાનને અને ધ્યાનને જ સર્વશ્રેષ્ઠ માને અને બીજાના જ્ઞાન, ધ્યાન કે વાતોનું ખંડન કરવા લાગે છે. ૩૬.

જ્યારે શ્રીહરિ અંતર્ધાન થાય ત્યારે તો સહુએ એક મતનાં થઈને રહેવું જોઈએ. સાથે રહેવા છતાં અંતર જૂદું રહે તો સમુદાય પ્રસન્નમનથી એક રીતે ન રહી શકે. ૩૭. જો એક મનના ન રહે તો સહુ પોતપોતાની રુચિ પ્રમાણે જ્ઞાન કહેતા રહે અને ધ્યાન કરતા રહે. પછી તો તે ભક્તો એકબીજાથી પોતાની સમજણને અધિક માનવા લાગે. ૩૮. ત્યારે તો જેની જેવી રુચિ હોય તે પ્રમાણે શ્રીહરિને કહેવાનું તેને તાન-આગ્રહ રહે. અને આવું સમજીને પોતાની સમજણમાં તે ભક્તજન ગુલતાન રહે છે. ૩૯.

सोरठा : संत रु हरिजन जेह, परस्पर रखे प्रीत जेहि;
देह से अधिक तेह, एक एक कु माने सत्य तेहि...४०
हरि संत पर न प्रीत, हरिजन पर न प्रीत जेहि;
शब तुल्य सो विपरीत, ज्ञान ध्यान करे कोटि जुग...४१

જે સંતો છે, જે હરિભક્તો છે તેમણે પોતાનાં શરીર કરતાં પણ પરસ્પર પ્રેમ વધારે રાખવો જોઈએ. પરસ્પર એકબીજાની વાતને સત્ય-આદરની દૃષ્ટિએ જોવી જોઈએ. ૪૦. જેને શ્રીહરિના ઉપર, સંતો તથા હરિભક્તોના ઉપર પ્રીતિ-હેત ન હોય તે ભલે કરોડો યુગ સુધી જ્ઞાન, ધ્યાન કરતો રહે પણ વિરુદ્ધ મતિવાળો તો મડદાં જેવો છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિનો મહિમા, જ્ઞાન-ધ્યાન અને ધામની વાત કહી' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર અગિયારમું : તરંગ - ૨૩

પ્રસંગથી ધામનાં સંતો તથા દંભીઓની વાતનું કથન

શ્રીહરિ કીર્તન ગવડાવતા હતા અને મધરાત થઈ ગઈ. પછી પોતાના તંબુમાં જઈને પલંગ ઉપર પોઢી ગયા. ૧. શ્રીહરિનાં ચરણકમળને જોતા થકા સંતો ધ્યાનમાં બેસી ગયા. સોળે ચિહ્નોએ સહિત શ્રીહરિના ચરણારવિંદને પોતાના અંતઃકરણમાં પરોવતા રહ્યા. ૨. પોતાની મૂર્તિનું ચિંતવન કરનારા સંતોને શ્રીહરિ ઊંઘ કરતા પણ ઘણું વધારે સુખ આપતા હતા. તેથી તે સંતોને ઊંઘ ઝેર જેવી થઈ ગઈ હતી. ૩.

सोरठा : हरि के चिंतवन वीन, जावत जितनो काल जेहि;
वृथा जानत प्रवीन, संत हरिजन धाम के जोउ...०४

જે સંતો અને હરિભક્તો ધામના હતા, અર્થાત્ ધામમાંથી આવ્યા હતા, તેવા નિપુણ સંતો અને હરિભક્તો શ્રીહરિની મૂર્તિનાં ચિંતવન સિવાયના સમયને નિરર્થક જાણતા હતા. ૪. કેટલાક આધુનિક જે જે સંતો અને હરિભક્તો હતા, તેઓ ધામના સંત-હરિભક્તોના કરતા પણ વધારે આગ્રહ રાખીને ધ્યાન કરવા ગયા. ૫. તેમાં તેમના અંતરમાં જે ધામના સંતો અને હરિભક્તો ગણાય છે તેને ન્યૂન (હલકા, પાછા) પાડવાનો આગ્રહ હતો. ઉપરથી શીખીને સરળ સ્વભાવવાળા લાગે પણ તેઓ દેહદમનનો આગ્રહ

અધિક રાખે છે. ૬. ફાટેલા-તૂટેલા અને મેલાં કપડાંને પહેરે તેમજ લોકોને દેખાડવા માટે આહાર ઓછો કરે. ધામના સંતો-હરિભક્તો કે જેણે તેમને સત્સંગ કરાવ્યો હતો, ૭. આધુનિકોએ તેમની સેવાને અને મહિમાને તજી દીધા અને પોતે જ તેમના કરતા અધિક ચતુર થઈ ગયા. પોતે વધારે સારું વર્તન દેખાડીને ધામના સંતોને ઢાંકી દીધા. ૮. સાધનોનું ઘણું ભારે બળ લઈને સ્વયં પોતે જ પૂજ્ય અને યોગ્ય-અધિકારી થઈ ગયા.

શ્રીહરિ હતા ત્યાં સુધી આવું કાંઈ હતું નહિ, પણ તેમનાં અન્તર્ધાન થયા પછી આવા બધા ઉત્પાત્ત થયા છે. ૯. તે આધુનિકો જેવા ઉત્પાત્ત કરે છે તે બધાને મુખથી કહેવાતા નથી. શ્રીહરિના ધામના જે સંતો હતા તે તેમને જાણતા અને તેમને વિમુખ જ માનતા. ૧૦. તેઓ જે જે વચનને બોલે તેને ધામના સંતો વિમુખમાં ખપાવી દેતા અને તે પછી જે તે દંભીઓના સમાજમાં ભળી ગયા, તેમને માન ઘણું જ મળ્યું. ૧૧. તેમને ખાવા--પીવાની કાંઈ ખોટ રહી નહિ અને મ્યાના, હાથી અને રથ પણ મળવા લાગ્યા. તેમને હજારો સારાં વસ્ત્ર મળવાં લાગ્યાં અને તેમનો તેવો ત્યાગ જોઈને લોકોને તેઓ પ્યારા લાગવા માંડ્યા. તેથી ઉપરોક્ત ખાન-પાન વગેરે પદાર્થો આપવા લાગ્યા. ૧૨.

ગાદીપતિની જેઓ સેવા કરતા હતા અને શરીરના સુખનો ત્યાગ રાખતા હતા; તેઓ સમય જતા શ્રેષ્ઠ સાબિત થયા. કેમ જે, તેમને તે વિના બીજી કોઈ માનાદિકની આસક્તિ ન હતી. ૧૩. શ્રીહરિના પછી જે રહ્યા તેમાં એક સત્સંગની એવી પ્રથા પડી ગઈ કે જેની જેવી સમજણ હતી તે પ્રમાણે તેઓ ચાલવા લાગ્યા. ૧૪. જે શ્રીહરિનાં ધામનાં સંત-હરિભક્તો છે તેઓ તો શ્રીહરિનાં ચરિત્રોના અલભ્ય નિધિને આધારે આનંદ માણતા રહ્યા. ૧૫. દંભીઓનું મન જ્યારે અતિ બળવાન થઈ જતું હતું ત્યારે તેઓ ઇંદ્રિયોને વશ થઈ જતા. પછી મહાસિદ્ધ તરીકે પ્રસિદ્ધિ પામીને પાછા અદૃશ્ય થઈ જતા. અર્થાત્ તે દંભ કરનારાઓનું માથું કાઢી ગયેલું મન ઇન્દ્રિયોની સાથે ભળીને વ્રતમાન લોપાવે તેથી દંભે કરીને પ્રાપ્ત કરેલી મોટપ અંતે અદૃશ્ય થઈ જતી. જે સાચા મોટા હતા તે જ અંતે મોટા રહી શક્યા. ૧૬.

❋ દ્રોહની ભયંકરતા તેમજ દાસત્વની મહત્તા :

ધામના સંતો તો રાત-દિવસ ધર્મામૃતનો પાઠ કરે, તેમાં કહ્યાં પ્રમાણે વર્તન રાખે. નિષ્કામશુદ્ધિ અને મહાન ભારે વચનામૃતોના તત્ત્વની વાતને કંઠસ્થ કરી રાખે. ૧૭. એવા જે સંતો હોય તથા જે એવા સત્સંગી બાઈ-ભાઈ કહેવાતા હોય તેના ઉપર સર્વે અતિશય પ્રેમ કરે છે. કેમ જે, આવા સાચા સંતો-ભક્તો સર્વ સત્સંગીને ઊંચી રીતોને સમજાવે છે. ૧૮.

તેવા સંતોની ઉપર જે ઈર્ષ્યા રાખે, તેઓ તો નિશ્ચિતપણે ઘોર નરકમાં પડે છે. **જે લોકો નિષ્પાપ સંતોને પાપબુદ્ધિથી જુએ છે તેનો મોક્ષ ક્યારેય થાય નહિ.** ૧૯. સત્યમાં જે પાપબુદ્ધિ લાવવી તેનું નામ કુસંગ કહેવાય છે. સત્સંગ કરે નહીં અને જે સત્યનો દ્રોહ કરે છે તેને પાપરૂપ મોહ સમજવો. ૨૦. સાચા સત્સંગી અને સાચા સાધુનો જે અજાણતા પણ દ્રોહ કરે છે,તો તેના મરણ પછી તે ફરીને ક્યારેય મનુષ્યનાં શરીરને પામતો નથી. પશુ પંખીનાં જન્મને પામે છે અને તેને શરીરની પીડા ભોગવવી પડે છે. ૨૧. સ્વયં હરિભક્ત થઈને પણ જે જાણી જોઈને હરિભક્તનો કે કોઈ સંતનો દ્રોહ કરે છે તે વારેવારે વૃક્ષનાં જન્મને પામે છે પણ તેને ક્યારેય મનુષ્યનું શરીર મળતું નથી. ૨૨.

પોતે સંત થઈને પણ સંતને કે હરિભક્તને જેમ ઘટે તેમ જે નિત્ય નમસ્કાર નથી કરતો અને નમસ્કાર કરે તેમાં પણ ત્યાગભાગ રાખે, પોતાને નજરમાં આવે તેવા સંતો-ભક્તોની સાથે હેત રાખે, ૨૩. રસોઈમાં કે વસ્ત્રમાં જે કાંઈ આઘું-પાછું કરે, યોગ્ય વિવેક ન રાખે તેને અનંત દેહ ધરવા પડે છે અને મહાન રોગો થાય છે. જેની રસોઈ હોય કે વસ્ત્રો હોય તે પોતાની નજરમાં આવે, તેને તે આપે, ૨૪. તેમાં કોઈ બાધ કે પાપ લેશમાત્ર નથી. તેમાં કોઈને અંતરમાં ક્લેશ ન થવો જોઈએ. અને કોઈની અંદરની ગુપ્ત બાબત હોય તેને જો કોઈ જાહેર કરી દે છે તો તે ગુપ્ત વાતને બહાર પાડનારો મહારૌરવ નામના નરકમાં પડે છે. તેમાં કોઈ ઉપર ગુપ્ત વાત બહાર પાડ્યાનું મિથ્યા કલંક આવ્યું હોય તો તેને તેનું ક્યારેય પાપ લાગતું નથી. ૨૫. સમજ્યા વગર જે કહી દે છે તેને અત્યંત પાપ લાગે છે. હરિભક્ત થાવું તે કાંઈ સુગમ નથી. તે તો અગ્નિ કરતા પણ વધારે આકરું-દાહક છે. ૨૬.

સમજ્યા વિના કોઈના ગુણ કે દોષોને થોડાએ કહેવાય જાય તોપણ તેને તેટલું પાપ લાગે છે અને તેનું દુઃખ પણ ઘણું થાય છે. ભલે તે પછી અતિશય મોટો શ્રેષ્ઠ માણસ હોય ! ૨૭.

આવું સમજીને કોઈ સમજુ માણસ દોષ ગ્રહણ કરતા નથી. કેમ જે, જ્યારે તેનો બાધ આવે ત્યારે થોડુંએ પ્રમાણ આપી શકાય નહિ. ૨૮. સ્વયં ત્યાગી થઈને રસોઈ કે વસ્ત્ર બાબતમાં કોઈ હરિભક્તનો વિશ્વાસઘાત કરવો નહિ. જો વિશ્વાસઘાત કરે, તો તે ત્યાગીને હરિભક્તનું ઘણું પાપ લાગે છે. ૨૯. ત્યાગી થઈને જો વારંવાર લોકોના વિશ્વાસઘાત કરે છે તો તેનું આને આ દેહે ભૂંડી રીતે મોત થાય છે. ૩૦. તેને રૂંવાડે રૂંવાડે કરોડો વીંછીની વેદના થાય છે. તેને એટલું દુઃખ થાય છે કે જે લખી શકાતું નથી અને મરણ પછી તો દુઃખનો કોઈ પાર રહેતો નથી. તેવા પાપીનાં દુઃખોનું નિવારણ કોણ કરે ? ૩૧. માટે મનમાં બીક રાખીને ધર્મમાં ચાલવું. **જેટલા શ્રીહરિનો ભય રાખી ધર્મ પ્રમાણે જ જીવે છે તેને શ્રીહરિ પોતાના માને છે.** એવા સંતોનો અને હરિભક્તોનો ભય રાખવો અને તે સહુની આગળ દીન થઈને દાસ ભાવે વર્તવું. ૩૨. એક ભક્તનો દાસ થઈને બીજા ભક્તનો જે દ્રોહ કરે છે, તે તો સંતોનો અને હરિભક્તોનો ચોર છે. ગોપાળાનંદસ્વામી આવી વાતો કહેતા હતા અને તેથી તેઓ પરમ સંત તરીકે આખાય સત્સંગમાં પ્રસિદ્ધ થયા છે. ૩૩.

❋ ગોપાળાનંદસ્વામીના ગુણો :

ચોપાઈ :

हरि की मरजी जानत ताई, संत उपर अति हेत रहाई;
निष्कपट आपे सरल स्वभावा, अंतर तेसे बाहिर रहावा...३४
संकल्प करत मन में जेसा, सत्संग निमित्त जो जो तेसा;
श्रीहरि मन के द्वार हि तेहि, पूरे करत जो चितवत एहि...३५
जीवे त्यां लग इनके द्वारा, श्रीहरि सामृथ वावरे अपारा;
सब हि संत पर एक हि रीता, आपे वरते परम हि प्रीता...३६

संत तेहि जानत समृथ भारी, आपे वरते अति विचारी;
संत हरिजन के दास हि होई, दिन दिन वरते आपे सोई...३७

ગોપાળાનંદસ્વામી શ્રીહરિની મરજી જાણતા હતા. અને તેમને સંતોના ઉપર અત્યંત હેત હતું. પોતે નિષ્કપટ અને સરલ સ્વભાવવાળા હતા. જેવું અંદર તેવું જ બહારનું વર્તન રાખતા. ૩૪. તે ગોપાળાનંદસ્વામી સત્સંગને નિમિત્તે જે જે શુભ સંકલ્પ મનમાં કરતા તે સર્વ સંકલ્પોને શ્રીહરિ પૂરા કરતા. શ્રીહરિ મન દ્વારા જ ગોપાળાનંદસ્વામી જે જે ચિંતવતા હતા તેને જાણીને તરત જ તે સંકલ્પોને પૂર્ણ કરતા. ૩૫.

ગોપાળાનંદસ્વામી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી શ્રીહરિએ તેમના દ્વારા પોતાનું અપાર સામર્થ્ય વાપર્યું છે. ગોપાળાનંદસ્વામી પોતે પરમ પ્રેમથી બધા જ સંતોની ઉપર એક રીતથી (રાગ-દ્વેષ રહિત થઈને) વર્તતા હતા. ૩૬. સર્વે સંત ગોપાળાનંદસ્વામીનું ઘણું જ ભારે સામર્થ્ય જાણતા હતા. સ્વામી પોતે અત્યંત વિચારીને વર્તતા હતા. તેઓ સ્વયં રોજબરોજ સંતોના અને હરિભક્તોના દાસ થઈને નિર્માનીપણે વર્તતા હતા. ૩૭. સ્વામી જેઓ અંદરથી અને બહારથી દંભ કરીને દાંભિક વર્તન રાખતા હોય એવા ત્યાગી અને ગૃહસ્થને તથા સત્સંગથી જેનો સ્વભાવ વિરુદ્ધ દેખાય, તેવા ત્યાગી-ગૃહીને ખાનગીમાં બેસાડીને સારી શિખામણનાં વચન કહેતા. ૩૮. ગોપાળાનંદસ્વામી પોતે જે રીતે રહેતા-વર્તતા હતા, તે રીતે જ બીજા સંતોને શ્રીહરિનાં વચન પ્રમાણે સર્વોત્તમ પ્રેમે કરીને વર્તાવતા હતા. કેમ જે, શ્રીહરિની એ પ્રમાણે ગોપાળાનંદસ્વામીને આજ્ઞા હતી. ૩૯.

હવે જે ચાલુ પ્રસંગ છે તેની વાત કહું છું. એક વાતમાં બીજી વાત મળી ગઈ હોવાથી વચ્ચે બીજી વાતો કહી દીધી. ૪૦. સંતો ધ્યાન કરતા હતા અને અરુણોદય થઈ ગયો. એટલે સહુ તરત જ ધ્યાનમાંથી ઊઠ્યા અને સહુ 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૪૧. તેને સાંભળીને આકાશ, વૃક્ષ અને વન બધું જ ગર્જી ઊઠ્યું. તે સાંભળીને શ્રીહરિ ઘણું જ પ્રસન્ન થયા. સહુએ ધૂનનો મહાપ્રતાપ દેખ્યો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'પ્રસંગોપાત ધામના સંતો અને દંભીઓની વાતનું કથન' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર અગિયારમું : તરંગ - ૨૪

શ્રીહરિ એકાદશીની ઉત્પત્તિ વગેરે વાતને કહેવા લાગ્યા

સમગ્ર સંતોએ ઊઠીને પરસ્પર વંદન, ધ્યાન-ચિંતન કર્યું. પછી સ્નાન કરીને પાછા આવ્યા. તિલક કરીને અત્યંત પ્રેમથી માનસીપૂજા કરી. ૧. જે ઉપચાર મળ્યા તેનાથી શાલિગ્રામ વિષ્ણુ અને બાલમુકુંદની પૂજા કરી, સ્તોત્રપાઠ કર્યા અને પરસ્પર સહુને વંદન કર્યા. ૨. શ્રીહરિએ સ્નાન કર્યું. બધો નિત્યવિધિ પણ કરી લીધો. આજ તો એકાદશી છે એવું અમૃત સમાન વચન શ્રીહરિએ કહ્યું. ૩. ઘણો મોટો જોરદાર મંડપ બનાવ્યો. તેમાં એક હજાર તો સ્તંભ હતા. તેમાં મહાન અને અમૂલ્ય મોતીનાં તોરણ ચોતરફ બાંધ્યાં. ૪. તે મંડપમાં વિવિધ પ્રકારના અને સર્વોત્તમ બિલોરી ઝાડ બાંધી દીધાં અને કેળના સ્તંભ પણ રોપાવી દીધા અને તેની વચ્ચે હિંડોળો બંધાવી દીધો. ૫.

ધોરાજી ઉત્સવમાં આવેલા બધા હરિભક્તોએ પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તે હિંડોળા પર આવીને બેઠા. બધા સંતો અને હરિભક્તોની ત્યાં સભા ભરાઈ. પુરમાંથી પણ ઘણા મોટા મોટા માણસો આવીને બેઠા. ૬. શ્રીહરિ અને સંતોને પગે લાગીને બધા દરબારો પણ આવીને બેઠા. ખૂબ જ વ્યવસ્થિત રીતે તે ઘણી મોટી સભા થઈ. તે સભામાં ઘણી જ અદ્ભુત શોભા અપરંપાર કરી હતી. ૭. ત્યાં આગળના ભાગમાં ત્રાંસા, ઢોલ, પડઘમ, ભેરી, તુરાઈ, રણસીંગી, શરણાઈ, ચોઘડિયા અને નોબત-નગારા વગેરે અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતા હતા. ૮. તે સમયે સંતો પણ ઝાંઝ અને મૃદંગ લઈને ઉત્સવનાં પદ બોલવા લાગ્યા. ૯. બધા ભક્તજનો કેસરયુક્ત ચંદન અને ફૂલહારના મોટા થાળ ભરી ભરી, શ્રીહરિની મરજી લઈને પૂજા કરવા માટે આવ્યા હતા. ૧૦.

તે ભક્તોની સાથે મયારામ ભટ્ટ આવ્યા હતા. તેમણે ઉમંગ ભર્યે અવાજે શ્રીહરિને કહ્યું, 'એક વરસમાં ચોવીશ એકાદશી આવે છે અને તે બધી જ એકાદશી કહેવાય છે. ૧૧. તેની ઉત્પત્તિ કયાંથી થઈ ? અમે તે વાતને જાણતા નથી. એક જ એકાદશી ચોવીશરૂપે કેમ થઈ ? અને જો તે બધી એકાદશીઓ અલગ અલગ હોય તો તે બધાના જુદા જુદા નામ કહો. ૧૨. હે પ્રભુ ! બંને પખવાડિયાની એકાદશીઓ, તેના દેવ, તેનો પૂજાવિધિ, તેનું જુદું જુદું ફળ, એ બધું આપ કહો. ૧૩. અમે સંતો અને હરિભક્તો બધા એકાદશીનું વ્રત કરીએ છીએ. પણ તે હરેક પખવાડિયાની એકાદશીની વિગતને અમે જાણતા નથી. ૧૪. આપની મૂર્તિનો જે પૂજાવિધિ હોય તે કહો, આપનાથી કોઈ અધિક નથી, માટે આપ નિ:સંશય થઈને તે વિધિને કહો.' ૧૫. શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિએ કહ્યું, 'એકાદશીની બધી વિગત અને રીત પદ્મપુરાણમાં કહી છે. તે પ્રમાણે હું તમને પ્રેમથી કહું છું.' ૧૬.

✵ એકાદશીની વિધિ અને મહિમા :

જે સંતો ઉત્સવ કરતા હતા, વાજિંત્ર વગાડતા હતા તે બધા શ્રીહરિ જે વાત કહે છે તેને સાંભળવા માટે તત્પર થઈ ગયા. ૧૭. આપણા સત્સંગના મુખ્ય આચાર્ય તો સદ્‌ગુરુ રામાનંદસ્વામી છે. જેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના પ્રિય સખા કર્યા હતા, તે ઉદ્ધવજીએ જ રામાનંદસ્વામીરૂપે અવતાર ધર્યો હતો. ૧૮. અનંત જીવોનો ઉદ્ધાર કરનારા અમારા ગુરુ રામાનંદસ્વામી હતા. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવા માટે ઉત્સાહ અને હરખથી એકાદશીનું વ્રત કરતા હતા. ૧૯. ઘણા જ સુજ્ઞ તે સ્વામીએ એકાદશીનું વ્રત મુખ્ય માન્યું હતું અને પોતાના શિષ્યો પાસે પણ તે વ્રત કરાવ્યું હતું. શાસ્ત્રોમાં તો ભગવાનને પ્રસન્ન કરવાનાં અપાર સાધન કહ્યાં છે, તેનો તો કોઈ પાર પામતું નથી. ૨૦.

અપાર સાધનોનું જે ફળ બતાવવામાં આવ્યું છે તે બધું એક એકાદશીનાં વ્રતમાં જ આવી જાય છે. એવો તે એકાદશી વ્રતનો પ્રતાપ છે. ૨૧. એકાદશીનો તો એવો મહિમા છે કે, પ્રત્યેક વરસમાં આવતી ચોવીશ એકાદશીનું વ્રત જે કરે છે તેને તે વ્રત ભગવાનનાં ધામમાં પહોંચાડી દે છે. ૨૨. કોઈ કરોડો યજ્ઞ કરે, કોઈ નિત્ય કરોડો ગૌદાન કરે, કોઈ રોજ એક ભાર

(૨૪ મણ) વજનનું સોનું દાનમાં આપે, તે બધાનાં પુણ્ય કરતાં એકાદશીનું પુણ્ય વધારે થાય છે. ૨૩. મોટાં મોટાં તપ્તકૃચ્છ્ર આદિ ભારે વ્રતોને કોઈ કોટિકલ્પ સુધી કરે, તોપણ તે એકાદશીનાં એક વ્રતને બરાબર પણ થાતાં નથી, તેમ ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ કહ્યું છે. ૨૪. એક જ એકાદશીનાં વ્રતમાં તીર્થમાત્રની યાત્રાનું ફળ આવી જાય છે, પણ તે એકાદશીનું વ્રત વિધિએ સહિત કરે તો જે તેનું ફળ કહ્યું છે તે મળે છે. ૨૫.

❋ એકાદશીની ઉત્પત્તિ :

હવે હું એકાદશીની ઉત્પત્તિની વાત કહું છું, તો સહુ હરિભક્તો તે સાંભળો. પૂર્વે સત્યયુગમાં અત્યંત દુષ્ટ મનવાળો મુરદાનવ નામે અસુર થયો હતો. ૨૬. તે નાડીજંઘનો પુત્ર હતો અને ચંદ્રાવતી નગરીમાં તે રહેતો હતો. તેણે અદ્‌ભુત તપ કરીને બ્રહ્માની આરાધના કરી. ૨૭. તેનું અત્યંત ઉગ્ર તપ જોઈને બ્રહ્મા તેના ઉપર પ્રસન્ન થયા. તેને અવધ્ય-કોઈ મારી ન શકે એવો વર બ્રહ્માએ આપ્યો. તેથી તેણે બધા દેવો અને દાનવોને જીતી લીધા. ૨૮. પછી તેણે તત્કાળ ઇંદ્રાસન જીતી લીધું. બેહાલ થઈને દેવો ભૂમિ ઉપર રહેવા લાગ્યા. જ્યારે દેવોને અત્યંત દુઃખ પડ્યું ત્યારે તેઓ બ્રહ્માને શરણે ગયા. ૨૯. અત્યંત દીનપણાથી તેમને વંદન કર્યાં. પોતાને જે દુઃખ આવ્યું હતું તે સંભળાવ્યું. એ રીતે જ શિવજીને પણ વંદન કર્યાં. તેથી શિવજી પ્રેમથી દેવો ઉપર પ્રસન્ન થયા. ૩૦.

તે પછી શિવજી, બ્રહ્મા અને દેવોનો સમુદાય બધા ગોલોકમાં ગયા. ત્યાં રાધા અને લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણોમાં સહુએ નમસ્કાર કર્યા. ૩૧. કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા. દયાળુએ આદરભાવ દેખાડીને સહુ દેવોને આસન આપ્યા. સહુને સુખ, શાંતિ અને કુશળતાના સમાચાર પૂછ્યા. ત્યારે દેવોએ આવેલાં દુઃખની સર્વે વાત કરી. ૩૨. દૈત્યપતિએ અપાર દુઃખ દીધું છે, એમ કહ્યું. ત્યારે જગતના આધાર એવા ભગવાને તે સાંભળ્યું અને તત્કાળ પ્રસન્ન થયા. ભગવાને દેવોને અભયદાન આપ્યું. ૩૩. તે દૈત્ય મુરદાનવને મારવાનું મનમાં વિચારીને દેવોની સાથે ચાલ્યા. દૈત્યની રાજધાની તે ચંદ્રાવતી નગરી ઉપર ચઢાઈ કરીને પાંચજન્ય શંખ વગાડ્યો. ૩૪.

માનો, તેનાથી સૂતેલો કાળો નાગ જગાડ્યો હોય, તેમ તે શંખનાદ સાંભળીને તત્કાળ લડવા દોડ્યો. તે મહાન વિકરાળ મુરદાનવે ભગવાન ગોપાલકૃષ્ણને તરણાતુલ ગણીને ગર્જના કરી. ૩૫. પોતાની સન્મુખ આવેલાને દેવ સમજીને તેણે ઘણું ભારે યુદ્ધ કર્યું. તે કહી શકાતું નથી. વિચારી તો જુઓ, પરસ્પર જોરદાર યુદ્ધ થયું. ઘણાં અસ્ત્ર અને શસ્ત્ર ચાલવા લાગ્યા. ૩૬. વજ્રના જેવી ગદાના પ્રહારો થયા. વીજળીના જેવા અનેક કડાકા થયા. પહાડો, સાગર અને ભૂમિ પણ કંપી ગયા. ત્યારે દેવો અને ઈંદ્ર યુદ્ધમાંથી ભાગ્યા. ૩૭. શ્યામસુંદર ભગવાને સુદર્શન ચક્ર ઉઠાવ્યું. દારુણ સંગ્રામ કર્યો. આવું યુદ્ધ કરતાં ત્યાં એક હજાર વરસ વીતી ગયા. ૩૮. કરોડો ઉપાય કર્યા છતાં તે અસુરનો વધ થયો નહિ. જો કે તેને મારવામાં ભગવાનને તો કાંઈ વાર ન લાગે, પણ બ્રહ્માના વરદાનનું માન રાખવાનું હતું. ૩૯. અનંત કળાના સ્વામી અને અંતર્યામી ભગવાન મનમાં વિચારવાં લાગ્યાં કે, બ્રહ્માએ આપેલો વર રહે અને તે અસુર મરે તે રીતે તેનો વધ કેમ થાય ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ એકાદશીની ઉત્પત્તિ વગેરેની વાત કહેવા લાગ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર અગિયારમું : તરંગ - ૨૫

શ્રીહરિએ એકાદશીની ઉત્પત્તિ કહી

શ્રીહરિજી મહારાજે કહ્યું, 'સહુ સંતો-હરિભક્તો સાંભળો. હું રાજી થઈને એકાદશીની વાત કહું છું. ૧. મુરદાનવની સાથે યુદ્ધ કરતા શ્રીકૃષ્ણ ભગવાનને આળસ થઈ, માનો તેઓ થાકી ગયા. પછી બદરિકાશ્રમની સિંહવતી ગુફામાં આવ્યા. ૨. તે ગુફા બાર યોજન વિશાળ હતી, તેનું પ્રવેશદ્વાર એક જ હતું. ભગવાન મુરના ભયથી ત્યાં આવ્યા હતા. ૩. બધા જ રાગ અને દ્વેષને દૂર કરીને ભગવાન તે ગુફામાં પોઢી ગયા. દસ ઈંદ્રિયોને અને મનને સ્વસ્વરૂપમાં લીન કરી દીધાં. ૪. સર્વના આધાર એવા ભગવાને

એક ક્ષણવાર યોગનિદ્રા સ્વીકારી. ત્યાં તો તરત જ પાછળ પાછળ તે અસુર આવ્યો. તે મુરદાનવ દુર્જેય કહેવાતો હતો. ૫.

દૈત્યને આવતો દેખીને મુરારિ ભગવાને તેના ઉપર ઘણો ક્રોધ કર્યો. તે વેળાએ ભગવાનનાં દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન, તેમાંથી અતિશય તેજ ઉત્પન્ન થયું. ૬. તે તેજમાંથી સુંદર શરીરને ધારી રહેલી 'એકાદશી' નામે મહાન નારી ઉત્પન્ન થઈ. તેણે અત્યંત દિવ્ય સોળે શણગાર ધાર્યા હતા. કરોડો કામને લજાવે તેવું તેનું રૂપ હતું. ૭. અમૂલ્ય વસ્ત્ર અને આભૂષણો પહેર્યાં હતાં. ચંદ્ર અને સૂર્યનાં તેજ કરતાં પણ અમાપ તેજ હતું. હાથમાં વિકરાળ હથિયાર ધાર્યાં હતાં. તે એકાદશી માનો અસુરોનો કાળ હતી. ૮. તે દિવ્ય નારીને જોઈને મંદબુદ્ધિનો, અતિ કઠોર, મહાભયંકર તે અસુરપતિ દાનવ મોહ પામ્યો અને તે નારીના સુંદર નેણ જોઈને અસુર અતિશય વિહ્વળ થઈને બોલ્યો, 'તું શું કામે આવી છો ? ૯. તેં મનમાં શું કરવાનું ધાર્યું છે ? શરમાયા વિના જે કામ હોય તે બોલ. ભાગ્યશાળી નારી તું અહીંયાં ક્યાંથી આવી ગઈ ? તું તો મને વરવાને યોગ્ય હો એમ મને લાગે છે. ૧૦. હે નારી ! તું જેમ કહે તેમ હું કરું. સુખનાં ધામ જેવી તું મને વર. તે અસુર નારીનું રૂપ દેખીને આંધળો થઈ ગયો અને મોહરૂપ દોરીથી બંધાઈ ગયો. ૧૧.

અતિશય રૂપવતી તે કન્યાએ મુરદાનવને કહ્યું, 'મારો વર તો, તેવો હોઈ શકે કે જે મહાન શૂરવીર અને રાજા હોય. જે મારી સાથે યુદ્ધ કરે અને મને જીતે, તે મારો પતિ થઈ શકે.' ૧૨. ત્યારે કાળને વશ થયેલો તે અભિમાની અસુર બોલ્યો. 'હે તરુણી નારી ! હું તને જીતી લઉં છું. તું લડવા તૈયાર થા.' ૧૩. પછી તે બંનેને પરસ્પર ઘણું યુદ્ધ થયું. તેમાં તે મુરનો કન્યાએ શિરચ્છેદ કર્યો. તે મહાન અસુર મર્યો. ત્યારે દુઃખથી છૂટેલા દેવોએ જયનાદ કર્યો. ૧૪. પછી ઘનશ્યામ ભગવાન ઊઠ્યા. અમૃતમય દૃષ્ટિથી જોયું તો પોતાને સન્મુખ અત્યંત સૌંદર્ય સંપન્ન એક તરુણી નારી ઊભી હતી. ૧૫. તેના હાથમાં અસ્ત્ર અને શસ્ત્ર હતાં. તેની શોભા અને શીલ અજોડ હતા. રૂપ-સૌંદર્ય તો મુખે કહી શકાતું નથી. પછી બંને હાથ જોડીને તે નારી ભગવાનની પાસે ઊભી રહી. ૧૬.

દેવ, મનુષ્ય અને મુનિઓના કાળ જેવા અને અતિ વિકરાળ અસુરને મરેલો જોયો. ભૂમિના ભારરૂપ અસુરને મરેલો જાણીને સર્વના આધાર એવા ભગવાન પ્રસન્ન થયા. ૧૭. તે બધું જોઈ-જાણીને દેવો અને મુનિજનોના સ્વામી એવા અંતર્યામી ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, 'અત્યંત સુંદરતા અને રૂપ સંપન્ન એવી નારી તું કોણ છો ? તારા હાથમાં આયુધ લીધેલાં છે. ૧૮. તું કયા નગરથી અને કયાંથી અહીં આવી છો ? તારું નામ શું છે? મને પ્રસન્ન-સ્વચ્છ મનથી કહે. તારી માતા અને પિતા કોણ છે ? તું તો મારું કામ કરવા આવી છો. ૧૯. આ અસુરને કોણે માર્યો છે ? હે અબલા ! તું કહે, તારાં વેણ સુંદર જણાય છે.' ભક્તોના મનોરથને પૂર્ણ કરનારા, સુખધામ અવિનાશી એવા ભગવાન જાણે અજાણ્યા હોય તેમ બોલ્યા. ૨૦.

ત્યારે તે નારી બે હાથ જોડીને બોલી કે, હે અંતર્યામી ! આપ મારી વિનતિ સાંભળો. પ્રભુ ! હું આપની સદાકાળથી દાસી છું. હે સુખકારી ! હું આપને શરણે આવી છું. ૨૧. હે રંગની છોળુંને ઉડાડનારા રંગરેલ ! હે અલબેલા ! સર્વજ્ઞ હોવા છતાં આપ અજાણ્યાની જેમ પૂછો છો. આપની દસ ઈંદ્રિયો અને અગિયારમું મન, તેનાં તેજથી હું અત્યારે ઉત્પન્ન થઈ છું. ૨૨. મારું નામ એકાદશી છે. હવે આપ મારા ઉપર કૃપા કરો. દૈત્ય તો તેના પાપથી જ મર્યો છે અને તે પણ આપનો જ પ્રતાપ છે.' ૨૩.

એકાદશીનું વચન સાંભળીને જગતના નાથ ભગવાન પ્રસન્ન થઈને બોલ્યા, 'માગ, માગ, વર માગ.' એવું અતિ સુખસાગર પરમેશ્વર અતિ અમૂલ્ય વચન બોલ્યા. ૨૪. વળી, કહ્યું, 'તું જે જે વર માગીશ તે વરને હું આપીશ. અત્યારે તું મને ઘણી હિતકારી જણાઈ છો, હે નારી ! હું સત્ય કહું છું. ૨૫. તે મારું મોટું કામ કર્યું છે. હવે હું તારું શું કામ કરું ? હું તો તારો ઓશિયાળો થઈ ગયો છું.' ૨૬. "અત્યારે અમે હાર્યા દોર્યા તારા છીએ. તે મારું અતિશય હિત કર્યું છે, તે ક્યારેય ભુલાવ્યું પણ ભૂલાશે નહિ." એવું અનુપમ વચન ભક્તાધીન ભગવાન જ્યારે બોલ્યા, ૨૭. ત્યારે ઘનશ્યામ એવા તે ભગવાનને પ્રસન્ન દેખીને એકાદશીએ કહ્યું, હે સુખધામ ! હું વર માગું છું. તે આપ પ્રસન્ન થઈને વરદાન આપો. ૨૮.

જેનાંથી ભક્તજનોના બધા જ મનોરથ પૂર્ણ થાય, એટલા માટે અને હું આપના ચરણોની દાસી છું. એટલા માટે, હે અવિનાશી ! હું જે વર માગું, તેને આપ આપો. ૨૯. "આપની નખથી શિખાપર્યંતની જે મૂર્તિ છે, તેનાં અત્યંત દુર્લભ ધામ-તેજમાંથી હું ઊપજી છું. તો આપ જ્યાં ચાહો ત્યાં મને આપનાં કોઈ અંગમાં નિવાસ આપો." એ વરદાન હું આપની પાસે માગું છું. ૩૦. મારા નામ અને રૂપ ચોવીશ છે, તો સુખદાયક શ્યામસુંદર આપ પણ ચોવીશ નામ અને રૂપોને ધારણ કરીને મને વરો કહેતાં, મારો સ્વીકાર કરો. અને મને તેવાં રૂપમાં ત્રિલોકીમાં જાહેર કરો. ૩૧. મારાં ઘણાં વ્રતોને અને ઉત્સવોને ત્રિલોકીમાં રહેલા ભક્તોમાં વિસ્તારો. ત્યારે ભગવાને હસીને તે એકાદશીને કહ્યું, હું તને મારાં કયા અંગમાં નિવાસ આપું ? ૩૨. મારા વક્ષઃસ્થલમાં લક્ષ્મી રહ્યા છે. તુલસી મારા ચરણકમળમાં રહ્યા છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચારે આયુધો ચારે હાથમાં રહ્યા છે. ૩૩.

પછી પોતાના બધાં અંગોને નિહાળીને બોલ્યા, 'હે પ્યારી એકાદશી ! તું મારા નેત્રોમાં રહે.' આમ કહીને તેને નેત્રોમાં નિવાસ આપ્યો અને ભગવાન પુરુષોત્તમે એકાદશીની આશાને પૂર્ણ કરી. ૩૪. પછી ભગવાન કુંજવિહારીએ પ્રસન્ન થઈને એકાદશીને કહ્યું, તું મને વહાલી છો, અતિશય પ્યારી છો. હું ચોવીશરૂપ ધારણ કરીશ અને ઘણા જ પ્રેમથી તને વરીશ. ૩૫. હવે હું તારું વ્રત અને ઉત્સવોને વિધિ પ્રમાણે કરીને ત્રિલોકીમાં તને પ્રવર્તાવીશ. એ વાતને ચોક્કસ જાણ.' ૩૬. જેનું શ્રીકૃષ્ણ એવું નામ છે તે ઘનશ્યામ પ્રભુ આ રીતે એકાદશીને વરદાન આપીને પોતાના ધામમાં પધાર્યા. ૩૭.

માગશર મહિનાનાં પહેલા પખવાડિયાને અગિયારમે દિવસે એકાદશી પ્રકટ થઈ હતી. ત્યારે ભવ એ બ્રહ્મા આદિકે તેની પૂજા કરી. ૩૮. માગશર સુદિ એકાદશીનું નામ 'મોક્ષદા' છે. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને 'કેશવ' એવું નામ ધાર્યું અને ત્રિલોકીનું મંગળ કરવા માટે સુંદર સ્વરૂપે તેને વર્યા. ૩૯. તે દિવસ બધા દેવોએ અને મનુષ્યોએ વિધિ પ્રમાણે વ્રત, પૂજા અને ઉત્સવ કર્યો. હવે હું તેનો બધો વિધિ કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ એકાદશીની ઉત્પત્તિ કહી' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર અગિયારમું : તરંગ - ૨૬

મયારામ ભટ્ટને શ્રીહરિ એકાદશીનો વ્રતવિધિ કહે છે

શ્રીસહજાનંદસ્વામી હરિભક્તોનાં હિતને માટે હવે મયારામ ભટ્ટની આગળ એકાદશી વ્રતનો વિધિ કહે છે. ૧. **માગશર સુદિ એકાદશી 'મોક્ષદ'** છે તેના અધિપતિ ભગવાન **'કેશવ'** છે. તેમને જાયના ફૂલથી પૂજીને નારંગીનું ફળ અર્ઘ્યમાં આપવું પછી તે દેવની આરતી કરવી. ૨. ચૂરમાના તળ્યા લાડુનો થાળ જમાડવો. સાત પ્રકારના ધાન્યોનું દક્ષિણા દાન આપવું. તે ઈચ્છિત ફળને આપનારું છે. ૩.

અંધારિયા પક્ષની **માગશર વદિ એકાદશીનું નામ 'સફલા'** છે. તેના અધિપતિ શ્રીકૃષ્ણએ **'સંકર્ષણ'** નામ ધર્યું છે. ૪. તેના સફલા અને સુનંદા એવા બે નામ છે. તેમના સ્વામી સંકર્ષણ છે. દેવોએ, મનુષ્યોએ વ્રત અને ઉત્સવ કરીને તેમની પૂજા કરવી. ૫. પૂજામાં જાયફળ અર્ઘ્યમાં આપવું. અગથિયાના ફૂલનો હાર પહેરાવવો. લાખણસી (મોતૈયો) લાડુ નૈવેદ્યમાં આપવા અને સુંદર સોનાનું દાન દેવું. ૬. આ રીતે જે પૂજન કરે છે તે ભક્તને મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે.

પોષ માસની સુદી એકાદશીનું શુભ નામ 'નંદા' છે તેના અધિપતિ સુખધામ **'નારાયણ'** છે. જ્યારે એકાદશી નંદા હોય ત્યારે તેના અધિપતિ શ્રીકૃષ્ણનારાયણ હોય છે. ૭-૮. દેવો અને મનુષ્યોએ તે નારાયણને કમળાની સાથે પૂજવા, કમળનો હાર પહેરાવવો અને તે વખતે ફળમાં દાડમ આપવું. ૯. ચુરમાના લાડુનો થાળ ભરી તત્કાળ ભગવાનને જમાડવો. ઘી ભરેલું પાત્ર દાનમાં આપવું. આ રીતની વિધિ સાથે વ્રત અને ઉત્સવ કરવા. ૧૦. વિધિ

પ્રમાણે પૂજન કરવામાં આવે તો મનોવાંછિત ફળ વ્રત કરનારાને મળે છે. જે કોઈ પણ તે પ્રમાણે પૂજા કરે છે તો તેને મનચાહ્યું અપાર ફળ મળે છે. ૧૧.

પોષ માસની વદિ એકાદશીનું નામ 'તિલદા-ષટ્તિલા' છે. તેના અધિદેવ સર્વ મનોરથોને પૂર્ણ કરનારા ભગવાન **'વાસુદેવ'** છે. ૧૨. તે વ્રતને દિવસે દેવો તથા મનુષ્યો, સહુ મળીને વાસુદેવ ભગવાનને ગુલાબના હાર પહેરાવે, ફળમાં રસદાર દ્રાક્ષ લાવે અને ભગવાનને પૂજે, ૧૩. ઘેબરનો થાળ ભરીને પ્રેમથી નૈવેદ્ય ધરાવે, અમૂલ્ય વસ્ત્રોનું દાન કરે અને શુભ રીતે વ્રત અને ઉત્સવ કરે. ૧૪.

મહા માસની સુદિ એકાદશીનું નામ 'જયા' છે. સહુનું પ્રતિપાલન કરનારા શ્રીકૃષ્ણ નામથી કહેવાતા **'માધવ'** પ્રભુ તેના અધિપતિ છે. ૧૫. જયા અને નિત્યા એ બંને એક જ છે. રુક્મિણી સ્વરૂપ છે, સર્વ દેવો અને મનુષ્યોએ તેમને માધવની સાથે પૂજવા. ૧૬. અંગો ઉપર કેસરચંદન ચરચવું, બોરસળીનાં ફૂલહાર ઉમંગથી પહેરાવવા. બીજોરાનું ફળ અર્ઘ્યનાં રૂપમાં આપવું. પૂજા કરીને આરતી કરવી. ૧૭. ઘીમાં બોળેલા માંડા (કણિકના એક પ્રકારના મોટા લાડુ) થાળમાં જમાડવા. તલનું દાન કરવું. ભલી રીતે વ્રત અને ઉત્સવ કરવો. તેનાથી મનોવાંછિત ફળ મળે છે. ૧૮.

મહા વદિ એકાદશીનું નામ 'વિજયા' છે. તે અંધારિયા પક્ષમાં આવે છે શ્રીકૃષ્ણરૂપ ભગવાન **'પ્રદ્યુમ્ન'** તેના અધિદેવતા છે. વિજયા રુક્મિણીરૂપ છે. તેની સાથે પ્રદ્યુમ્નને પૂજવા. ૧૯. તુલસીપત્રનો હાર પહેરાવવો. કેસરયુક્ત ચંદન અંગ ઉપર ચરચવું. વિવિધ પ્રકારના ફૂલહાર ધરાવવા. અર્ઘ્યમાં ઘણા લીંબુના ફળ આપવા. ૨૦. વિવિધ પ્રકારના વસ્ત્ર અને ઘરેણાં પ્રેમથી ભગવાનને પહેરાવવા. શ્રીફળ અર્પણ કરીને સહુએ પગે લાગવું. સુંવાળી-પૂરી અને બિરંજ ઘણા ભાવથી થાળમાં જમાડવા. ૨૧. મુખવાસમાં પાનબીડું આપવું. અને મોટા મનથી પગરખાનું દાન આપવું. અપાર ભાવથી વ્રત અને ઉત્સવ કરવો. તેનાથી વ્રત કરનારને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. ૨૨.

ફાગણ સુદિ એકાદશી 'ધાત્રી' નામે કહેવાય છે. તેના અધિપતિ શ્રીકૃષ્ણ **'ગોવિંદ'** નામે છે. ૨૩. ધાત્રીનું બીજું નામ **'ચંદ્રવતી'** છે. સુખરૂપ

તે ધાત્રી રુક્મિણીરૂપ છે. ભગવાન ગોવિંદની સાથે ધાત્રીનું પૂજન કરવું. મુકુટમાં ફૂલ ભરાવી તેને શિર પર ધરાવવો. ૨૪. ગુલાબના હાર પહેરાવીને રંગ તથા ગુલાલ ઉડાડવો. ઝાંઝ મૃદંગ વગાડીને મહાન વિશાળ ઉત્સવ કરવો. ૨૫. અર્ઘ્યમાં બદામ અને અખરોટ આપવા. કેસરયુક્ત ચંદન ચરચવું. ઘણા જ પ્રેમભાવથી નૈવેદ્યમાં કંસાર જમાડવો. ૨૬. તલનું ભરેલું પાત્ર શ્રદ્ધાભાવથી દાનમાં આપવું. પ્રેમથી વ્રત અને ઉત્સવ કરવો. તેનાથી મનોવાંછિત ફળ મળે છે. ૨૭.

ફાગણ વદિ એકાદશી 'પાપમોચિની' નામે છે. તે એકાદશીનું સુખરૂપ બીજું નામ **'સુશીલા'** છે. ૨૮. રુક્મિણીરૂપ તે પાપમોચિનીના અધિપતિ શ્રીકૃષ્ણ **'અનિરુદ્ધ'** નામે છે. દેવો અને મનુષ્યોએ તે બંનેનું પૂજન કરવું. ૨૯. કેસરચંદન શરીરે ચરચવું. તેથી બળવીર નટવરવેશે સોહામણા લાગે. તેને સુંદર મોતીના હાર તથા સુગંધી ડોલરના હાર ધરાવવા. ૩૦. અર્ઘ્યમાં કાકડીરૂપ ફળ ઘણા જ હેતથી અર્પણ કરવું. નૈવેદ્યમાં સુંદર બનાવેલી સેવ ધરાવવી. તલનું અને ગાયનું દાન કરવું. ૩૧. સારી રીતે વ્રત અને ઉત્સવ કરવો, તે ઉત્સવની શોભા થાય તે કહી શકાય નહિ. તે વ્રત કરવાથી મનોવાંછિત ફળ મળે છે. તે વાત ભક્તોને કહીએ છીએ. ૩૨.

ચૈત્ર સુદિ શુભ એકાદશી 'વિમલા' નામે છે તેનું બીજું નામ **'કામદા'** છે. આજે તે એકાદશી નિમિત્તે ઉપવાસ અને ઉત્સવ કરવાનો છે. ૩૩. સુખધામ શ્રીકૃષ્ણ વૈકુંઠનાથ **'વિષ્ણુ'** ભગવાન તેના અધિપતિ છે. સોળે ઉપચારોથી દેવો તથા મનુષ્યોએ તેમની પૂજા કરવી અને તેમની સેવા બહુ કરવી. ૩૪. અર્ઘ્યમાં ફળ ચીભડું આપવું. આંબાના મોરથી પૂજા કરવી. નૈવેદ્યમાં દળના લાડુ કરીને જમાડવા. ઘીમાં પકાવેલાં અન્નનું દાન આપવું. ૩૫. ઘણા જ આનંદની સાથે વ્રત અને ઉપવાસ કરવો. તો ભગવાન વ્રત કરનારાને અભીષ્ટ ફળ આપે છે. આજે ચૈત્ર સુદિ એકાદશી છે આજના વ્રતથી ચોવીશ એકાદશીનાં વ્રતનું ફળ તમને મળશે. ૩૬.

दोहा : संत वर्णी संन्यासी जो, हरिजन बाई रु भाई;
श्रेष्ठ श्रेष्ठ सब धाम के, श्रेष्ठ मिले हे आई...३७

સંતો, વર્ણીઓ, સંન્યાસીઓ, બધા બાઈ-ભાઈ હરિભક્તો અને સર્વે ધામના શ્રેષ્ઠ શ્રેષ્ઠ મુક્તો આવીને આજે અહીં ભેળા થયા છે. ૩૭. તેમાં પણ સદ્‌ગુરુ રામાનંદસ્વામી આ સ્થાનમાં ઘણું વિચર્યા છે. આવું સ્થાન બ્રહ્માંડમાં ક્યાંય નથી. ૩૮. **બીજા જોગ તો કયારેક કાંઈક થાય, પણ આવો અમારો જોગ કયારેય થાય નહિ; એમ તમે સમજો. અને તેથી જ આજની એકાદશી સહુથી વધારે મહત્ત્વપૂર્ણ છે. ૩૯. આવો જોગ જે એકવાર થયો છે, તે ફરી ફરીને કયારેય થાય નહિ. એવું અમે જોઈ રહ્યા છીએ, આ સત્સંગનો જોગ મહાન દુર્લભ છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ મયારામ વિપ્રને એકાદશીનો વ્રતવિધિ કહે છે' એ નામે છવ્વીશનો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર અગિયારમું : તરંગ - ૨૭

શ્રીહરિએ મયારામભટ્ટને એકાદશીનો વ્રતવિધિ કહે છે

શ્રીહરિ પ્રેમથી મયારામ ભટ્ટને એકાદશીનો વ્રતવિધિ કહેતા શુભ ચૈત્ર વદિ એકાદશીનો વિધિ કહે છે. ૧.

ચૈત્ર વદિ એકાદશીનું નામ 'વરુથીની' છે. કળિયુગનાં પાપોનો નાશ કરનારી તે એકાદશીનું બીજું નામ **'નંદા'** પણ છે અને તે રુક્મિણીરૂપ છે. તેના અધિપતિ ભગવાન **'પુરુષોત્તમ'** છે. ૨. દેવો અને મનુષ્યો સહુ આનંદભેર કેસરયુક્ત ચંદન લાવીને ભગવાન પુરુષોત્તમનાં સર્વે અંગ ઉપર ચરચે, ચંપાના પુષ્પના હાર પહેરાવે. ૩. અને બધા અલંકાર પહેરાવે. અર્ઘ્યમાં જાયફળ આપવું. થાળમાં વડાં કરીને ભગવાનને જમાડવા અને ત્યારે મુખવાસમાં એલચી આપવી. ૪. પછી આરતી કરવી અને ભૂમિનું દાન કરવું. સુજ્ઞ ભક્તે આ રીતે પ્રેમથી પુરુષોત્તમ ભગવાનની પૂજા કરવી. વિધિને અનુસારે વ્રત અને ઉત્સવ કરવો તેનાથી તેને મનચાહ્યું ફળ મળે છે. ૫.

વૈશાખ સુદિ એકાદશી 'મોહિની' કહેવાય છે. તેના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણ **'મધુસૂદન'** નામે કહેવાય છે. ૬. મોહિનીનું બીજું નામ **'માધવી'** પણ છે. તેનું મધુસૂદનની સાથે પૂજન કરવું. અતિશય શ્રદ્ધાભાવથી દેવો તથા મનુષ્યોએ પૂજા કરવી. કેસરયુક્ત ચંદન ચરચવું. ૭. ડોલરના પુષ્પના ઘણા જ હાર પહેરાવવા. અર્ઘ્યમાં ફણસનું ફળ આપવું. દૂધપાક, પૂરીનો થાળ કરીને ભગવાનને જમાડવા અને સુંદર નવી શય્યાનું દાન કરવું. ૮. આ પ્રમાણે વ્રત-ઉત્સવ કરીને પૂજા કરવી. આ રીતે જે હરિભક્ત પૂજા કરે છે તેને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. ૯.

વૈશાખ વદિ એકાદશી 'અપરા' કહેવાય છે. સુખધામ તે અપરાનું બીજું નામ **'ત્રયી'** પણ છે. તેના અધિપતિ ભગવાન **'અધોક્ષજ'** છે. ૧૦. દેવો અને મનુષ્યોએ મનમાં ઘણો જ હરખ રાખીને તેમની પૂજા કરવી. સુગંધી કેસરચંદન ભગવાનનાં અંગ ઉપર ઘણા પ્રેમથી ચરચવા. ૧૧. પછી કેતકીના પુષ્પ ચડાવવા અને અર્ઘ્યમાં બહુફળી-કારેલાં આપવા. નૈવેદ્યમાં દૂધ, ભાત અને સાકર અર્પણ કરવા. વાછરડાંવાળી ગાયનું દાન કરવું. ૧૨. ધૂપ અને દીપ વગેરે કરીને વ્રત અને ઉત્સવ અદ્‌ભુત રીતે કરવો. તો તેનાથી ઈષ્ટદેવ પ્રસન્ન થઈને મનોવાંછિત ફળ આપે છે. ૧૩.

જેઠ સુદિ એકાદશી 'નિર્જળા' કહેવાય છે તે જગતને પાવન કરનારી છે. તેના અધિપતિ દેવ સુખધામ ભગવાન **'ત્રિવિક્રમ'** છે. ૧૪. વિશુદ્ધ સુવર્ણના સિંહાસન ઉપર પ્રેમથી પદ્માક્ષી-નિર્જળાની સાથે ત્રિવિક્રમ ભગવાનને પૂજવા. ૧૫. પદ્માક્ષી રુક્મિણીરૂપ છે, ત્રિવિક્રમ સુખદાયક શ્રીકૃષ્ણરૂપ છે. તેને ઘણા જ પ્રેમથી વિવિધ ઉપચારો વડે પૂજવા. ૧૬. શીતળતાના ગુણવાળું કેસરચંદન લઈને સુખદાયક ભગવાન ત્રિવિક્રમને પૂજવા. જૂઈના ફૂલથી ગૂંથેલો હાર પહેરાવવો અને થાળ ભરીને મોતીથી તેમને વધાવવા. ૧૭. અર્ઘ્યમાં સારી કેરી આપવી અને નૈવેદ્યમાં સારું દહીં અને ભાત ઘણા હેતથી ધરાવવા. મુખવાસમાં પાનબીડું આપવું. કુંભ-માટલું, પંખો અને છત્રીનું દાન આપવું. ૧૮. વ્રત અને ઉત્સવમાં આરતી કરવી. ઉત્સાહવર્ધક ધૂપ અને દીપ કરવો. વારંવાર આવું પૂજન કરવાથી તેના અધિષ્ઠાતા દેવ અભીષ્ટ ફળ આપે છે. ૧૯.

જેઠ વદિ એકાદશી 'યોગિની' છે. ભક્તોને માટે સુખનું ધામ છે. ભગવાન **'નૃસિંહજી'** તેના અધિપતિ દેવ છે. પ્યારા તે દેવને ઘણા પ્રેમથી પૂજવા. ૨૦. ક્ષેમકરી જે તેની શક્તિ છે તે રુક્મિણીરૂપ છે. નૃસિંહરૂપ શ્રીકૃષ્ણ ભગવાન ભક્તોને ઘણું સુખ કરનારા છે. ૨૧. ભક્તોના જે વૈરી હોય છે તે બધા નૃસિંહ ભગવાનની પૂજાથી શમી જાય છે, શાંત થઈ જાય છે. ભૂત, પ્રેત, મંત્ર, જંત્ર, કાળજ્વર, સર્પ, વીંછી આદિક અનિષ્ટ તત્ત્વો અને વીર તથા વિવિધ પ્રકારની કૃત્યાઓ અને નઠારી ડાકીની, શાકીની વગેરે ઉપદ્રવી તત્ત્વોનો આ દિવસે વિધિવત્ નૃસિંહજીની પૂજા કરવાથી વિનાશ થાય છે. ૨૨-૨૩.

બધા દેવો પણ ઉપચારો એકઠા કરીને વિધિ પ્રમાણે વારેવારે નૃસિંહજીની પૂજા કરે છે. માટે સુગંધી કેસરીચંદન લઈને પ્રેમભાવમાં તરબોળ થઈને તેમની પૂજા કરવી. ૨૪. ભાંગરાના પુષ્પોનો હાર પ્રેમથી પહેરાવવો અને મનને પ્રફુલ્લિત રાખીને અર્ઘ્યમાં જાંબુ આપવા. ૨૫. નૈવેદ્યમાં પેંડાનો થાળ હેતથી ધરાવવો. વસ્ત્ર અને આભૂષણોએ સહિત જળધેનુનું દાન કરવું. ૨૬. સારી રીતે વ્રત ઉત્સવ કરીને આરતી કરવી. તેમાં હરિભક્તોનું પણ પૂજન કરવું. જે વાંછિત ફળને આપનારું છે. ૨૭.

અષાઢ સુદિ એકાદશી 'દેવશયની' નામે કહેવાય છે. તે નિર્મળ કીર્તિરૂપ છે. બધા દેવો હેતથી તેને પૂજે છે. ૨૮. **'વામનરૂપ'** શ્રીકૃષ્ણ ભગવાનને કમળાએ સહિત ઘણા પ્રેમથી પૂજવા. બધાં અંગો ઉપર કેસરચંદન ચરચવું. જેનાથી બધાં અંગો ઉપર સુગંધ છવાઈ જાય. ૨૯. અંધેડાના સારા ફૂલથી અનુપમ હાર બનાવીને વામન ભગવાનને પહેરાવવો. અર્ઘ્યમાં શ્રીફળ આપવું. ૩૦. પૂરી અને વ્યંજન (સારાં મશાલેદાર શાકભાજી અને ફરસાણ) વગેરેનો થાળ નૈવેદ્યમાં દયાળુ વામન ભગવાનને જમાડવો. જમી રહ્યા પછી સારા સોનેરી શણગારોથી શણગારેલી ગાય દાનમાં આપવી. ૩૧. આ રીતે વ્રત સાથે ભારે ઉત્સવ કરવામાં આવે તો અપાર મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે. જ્યારે પૂજા કરવાનો અપાર ભાવ હોય ત્યારે ભક્તોએ આ રીતે પૂજન કરવું. ૩૨.

ચોપાઈ :

भाव विन करत हे जो जेहा, कछु फल नहीं होवत तेहा;
अन्न देखी उलक करे जेहि, जेंवाये प्रीत कबु करे न तेहि...३३
तेसे भाव विन फल जानो, भाव से अगनित फल प्रमानो;
भाव विन अंतःकरण एसा, जेसे क्षार भोमि रहे तेसा...३४

જે જે વસ્તુ ભાવ વિના થાય છે તેનું ફળ કાંઈ જ મળતું નથી. જેમ અન્નને દેખીને જે ઊલટી થાતી હોય તેને ભોજન ઉપર ક્યારેય પ્રીતિ થાતી જ નથી. ૩૩. તે રીતે જ ભાવ વિનાની બાબતમાં ફળ સમજવું. અને ભાવ હોય તો તેનું ફળ અગણિત પ્રમાણમાં થાય છે. ભાવના વિનાનુ અંતઃકરણ તો ખારી ભૂમિ જેવું છે. ૩૪.

જે કોઈ બાબત કહેવાતી હોય તેમાં જો ભાવ ન હોય તો તે નિર્જીવ થઈ જાય છે. જેટલો ખપ હોય તેટલી તેમાં ભાવના થાય છે અને જો ખપ ન હોય તો તેમાં ભાવ ટકતો નથી. ૩૫. ખપરૂપી અંકુરનું કાળજી રાખીને રક્ષણ કરવું જોઈએ. અંકુર વિનાનું કોઈ બીજ ક્યારેય ફળિભૂત થાતું નથી. ૩૬.

दोहा : सत्संगरूप बीज ही, सर्वोपर बीज एह;
ताकी जत्न करन हित, हम विचरत हे तेह...३७

दोहा : लिखावत वचन अनेक हि, उच्छव करत अनेक;
सत्संग की वृद्धि करन हित, जानत जन जो विवेक...३८

સત્સંગરૂપી બીજ છે તે સર્વોપરિ બીજ છે. તેનું રક્ષણ-જતન કરવા માટે અમે વિચરણ કરી રહ્યા છીએ. ૩૭.અનેક કલ્યાણકારી વચન લખાવીએ છીએ. અનેક ઉત્સવ-સમૈયા કરીએ છીએ. એ બધું સત્સંગની વૃદ્ધિ કરવા કરીએ છીએ. તેને જે વિવેકી લોકો છે તે સમજે છે. ૩૮. હરિભક્તો અને સંતોનાં હિતને માટે અમે વારેવારે પ્રકરણ ફેરવીએ છીએ. સહુને સત્સંગનો ફેર-રંગ ચઢી જાવો જોઈએ. તે રંગ એવો ચઢે કે ક્યારેય મંદ પડી ન જાય. ૩૯.

સત્સંગની વૃદ્ધિ થવાની રીતને સમજ્યા વિના અમારી દેખાદેખી જે કરશે તે ફજેત થાશે. સત્સંગની વૃદ્ધિ કરવી તે ઘણી કઠણ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ મયારામ ભટ્ટને એકાદશીનો વ્રતવિધિ કહે છે' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર અગિયારમું : તરંગ - ૨૮

શ્રીહરિ મયારામભટ્ટને એકાદશીનો અવશિષ્ટ વિધિ કહ્યો

શ્રીહરિ મયારામ ભટ્ટની આગળ જે એકાદશીની વાત બાકી રહી હતી તે ફરીને કહેવા લાગ્યા. ૧.

અષાઢ વદિ શુભ એકાદશીનું નામ 'કામિકા' છે. તેના અધિપતિ ભગવાન **'અચ્યુત'** છે. ૨. વિજયાને રુક્મિણીનું અને અચ્યુતને શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજીને સહુ દેવો અને મનુષ્યો ભાવથી પૂજે છે. ૩. ઘણા જ પ્રેમથી, કેસરચંદન બધાં અંગો ઉપર ચરચવું, પ્રેમાધીન થઈને પારિજાતના પુષ્પહાર ઉમંગથી પહેરાવવા. ૪. અર્ઘ્યમાં બીલાનું ફળ આપવું. નૈવેદ્યમાં ખાજાને થાળમાં ધરાવીને ભગવાનને પ્રસન્ન કરવા. દંપતીનાં નવાં વસ્ત્ર દાનમાં આપવાં. ૫. ઘણું હેત રાખીને વ્રત અને ઉત્સવ કરવો તો તેનું ઈચ્છિત ફળ મળે છે. જે હરિભક્ત આ રીતે વ્રત અને પૂજન વગેરે કરે છે તેને મનોવાંછિત ફળ મળે છે. ૬.

શ્રાવણ સુદિ એકાદશી 'પુત્રદા' નામે કહેવાય છે તેના અધિપતિ દેવ **'શ્રીધર'** છે તે શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે. ૭. કાંતિમતી તેમની શક્તિ છે એમ સમજીને દિવ્યભાવે તેની પૂજા કરવી. કાંતિમતી તે રુક્મિણી રૂપ જ છે અને તે ભગવાન શ્રીધરને પ્રિય છે. ૮. તેમને કેસરયુક્ત ચંદન ચરચીને કમળના હાર પહેરાવવા અને બીજા પણ વિવિધ પ્રકારના સોનાના તથા બીજા સુંદર શણગારો ધરાવવા. ૯. અર્ઘ્યમાં પાકું સીતાફળ લઈને પ્રસન્ન મનથી અર્પણ કરવું. નૈવેદ્યમાં માલપૂડાનો થાળ ભરીને ભગવાનને જમાડવા. નવી

ચાખડીઓ દાનમાં આપવી. ૧૦. શ્રીધર ભગવાનને ઘણા જ પ્યારથી વિવિધ પ્રકારનાં પવિત્રા પહેરાવવાં. આ રીતે વ્રત અને ઉત્સવ કરવામાં આવે તો તેનું મનોવાંછિત ફળ મળે છે. ૧૧.

શ્રાવણ વદિ એકાદશી 'અજા' એવા નામથી કહેવાય છે. તેના અધિપતિ ભગવાન **'જનાર્દન'**ને તે એકાદશી પ્રિય છે. તેને સુખકારી જાણીને દેવો પૂજે છે. ૧૨. કેસરચંદન ચરચીને સિણવીના ફૂલના હાર પહેરાવવા અને તે વખતે સુંદર કસુંબલ વસ્ત્ર ભગવાનને ધરાવવા. ૧૩. નૈવેદ્યમાં ગોળના લાડુ થાળમાં જમાડવા. વાંકડી જાતની સોપારી લઈને અર્ઘ્યમાં અર્પણ કરવી. ભગવાનને ચાખડીઓ પહેરાવવી. ૧૪. ભગવાન જનાર્દનને દૂધ માટે દૂઝણી ભેંશ આપવી. આ રીતે જે વ્રત ઉત્સવ કરે છે તેને મનચાહ્યું ફળ મળે છે. ૧૫.

ભાદરવા સુદિ એકાદશી 'પદ્મા' નામે કહેવાય છે. તેના અધિપતિ ભગવાન **'ઋષિકેશ'** છે. તેની દેવતાઓ ઘણા જ ભાવથી પૂજા કરે છે. ૧૬. અપરાજિતા શક્તિની સાથે ઋષીકેશ ભગવાનને હૃદયનાં ઘણા જ પ્રેમભાવથી કેસરયુક્ત ચંદન ઇત્યાદિથી પૂજવા. ૧૭. પ્રેમથી કાશના પુષ્પ લાવવા અને તેનો હાર ગૂંથીને પહેરાવવો. સરસ રીતે તલસાંકળી બનાવી અને નૈવેદ્યના રૂપમાં ખૂબ જ પ્રેમભાવથી ઋષિકેશ ભગવાનને જમાડવા. ૧૮. અર્ઘ્યના રૂપમાં કોળુ (કાશીફળ) આપવું. કારણ કે તે ઋષિકેશ ભગવાનને ભાવે છે. દક્ષિણામાં બ્રહ્મપુરી કહેતાં, બ્રાહ્મણવાસમાં જગ્યા આપવી. એમ વ્રત અને ઉત્સવ કરવો. ૧૯. તેનાથી મનોવાંછિત અપાર ફળ મળે છે, વિશાળ દુઃખોનો પણ વિનાશ થઈ જાય છે. આ પ્રમાણે જે એકાદશીને પૂજે છે તેને લગાર પણ દુઃખ રહેતું નથી. ૨૦.

ભાદરવા વદિ એકાદશી 'ઈંદિરા' નામે કહેવાય છે તેના અધિપતિ ભગવાન **'ઉપેંદ્ર'** છે. તેની જે પૂજા કરે છે તે અભીષ્ટ ફળને પામે છે. ૨૧. સુભગા-ઈન્દિરા સાથે ભગવાન ઉપેન્દ્રની પૂજા બધા દેવોએ કરી હતી. સુગંધિમાન કેસરયુક્ત ચંદન ઉપેન્દ્ર ભગવાનને અપાર હેતથી ચરચવું. ૨૨. ધરો-દુર્વા લાવીને તેમની પૂજા કરવી. પુષ્પોના હાર પહેરાવવા. નેવૈદ્યમાં ઘણા જ ભાવથી જલેબી જમાડવી. અર્ઘ્યના રૂપમાં આમળુ ઉત્સાહથી આપવું. ૨૩.

તેમાં કન્યાદાન કરવું તે ઉત્તમ છે. ઉપેન્દ્રને ઘણા રાજી કરવા. આ પ્રમાણે જે વ્રત અને ઉત્સવ કરે તેને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. ૨૪.

આસો સુદી એકાદશીનું નામ 'પાશાંકુશા' છે. તેના અધિપતિ ભગવાન **'પદ્મનાભ'** છે. તેમને જે પૂજે તેને આરામ-સુખશાંતિ પ્રાપ્ત થાય છે. ૨૫. પદ્માવતીની સાથે ભગવાન પદ્મનાભ દેવને પૂજવા. અંગો ઉપર કેસરચંદન ચરચીને તેમને ફૂલહાર પહેરાવવા. ૨૬. સુખદ પદ્મનાભની શમીપત્ર કહેતાં,ખીજડાના પાંદડાથી પૂજા કરવી. અર્ઘ્યમાં મીંઢળ લાવીને હરખથી આપવું. ૨૭. નૈવેદ્યમાં હરીસો આપવો. સોનાના કટોરામાં સાકર નાખેલું દૂધ પ્રેમથી પીવા માટે આપવું. તે પછી મુખવાસમાં પાનબીડું આપવું. ૨૮. સુંદર લાડુ બનાવીને દાનમાં આપવા. આમ વ્રત ઉત્સવ કરીને ભગવાનને પૂજવા. જે મનમાં ધારવામાં આવે તેવું ફળ આપનારી આ એકાદશી કહેવાય છે. ૨૯.

આસો વદિ એકાદશીનું નામ 'રમા' છે. બધા દેવોએ આવીને હરખપૂર્વક કેસરચંદન ચરચીને તેના અધિષ્ઠાતા દેવ **'શ્રીહરિ'**ની પૂજા કરી હતી. ૩૦. હિરણ્યા નામે શક્તિએ સહિત એકાદશીના અધિદેવ ભગવાન શ્રીહરિનું પૂજન કરવું. મોગરાના પુષ્પોના હાર પહેરાવવા. અર્ઘ્યમાં કેળાં આપવાં. ૩૧. નૈવેદ્યમાં ઘી, સાકર સાથે કેળાં આપવા. તેની સાથે તરત ઘી ભરેલાં ઘડાંનું દાન આપવું. જે દેખીને ભગવાન પ્રસન્ન થાય. ૩૨.

કાર્તિક સુદિ એકાદશીનું નામ 'પ્રબોધિની' કહેવાય છે. તેના અધિદેવ ભગવાન **'દામોદર'** છે. તેમના પ્રિય શક્તિ રાધિકાજી કહેવાય છે. ૩૩. કેસરયુક્ત ચંદનથી તરત તે દેવોને પૂજવા. કુંભીફૂલના હાર પહેરાવવા. નૈવેદ્યમાં મોતીચૂરના લાડુનો થાળ જમાડવો. ૩૪. મુખવાસમાં પાનબીડું આપવું. અર્ઘ્યમાં કમળકાકડી આપવી. દાનમાં રંગેલો પલંગ આપવો. તેનાથી ભગવાન ઘનશ્યામ પ્રસન્ન થાય છે. ૩૫.

કાર્તિક વદિ એકાદશી 'અભયા' કહેવાય છે. સુલક્ષણા નામે શક્તિએ સહિત તેના અધિપતિ **'શ્રીકૃષ્ણ'** ભગવાનને ઘણી પ્રેમપૂર્ણ ભાવનાથી પૂજવા. ૩૬. કેસરયુક્ત ચંદન ચરચવું અને તલના ફૂલનો હાર શ્રીકૃષ્ણ ભગવાનને

પહેરાવવો. અને સરસ બિરંજ નૈવેદ્યના રૂપમાં જમવા આપવો. ૩૭. મુખવાસમાં પાનબીડું આપવું અને અર્ઘ્યમાં સદાફળ (જે ઝાડ ઉપર કાયમ ફળ રહેતું હોય તે શ્રીફળ, ઉંબરાનું ફળ) આપવું. અને બળદનું દાન કરવું તેનાથી નિપુણ એવા શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થાય છે. ૩૮.

અધિક માસમાં બંને એકાદશી 'કમળા' કહેવાય છે તેના અધિદેવ ભગવાન **'પુરુષોત્તમ'** છે. કેસરયુક્ત ચંદનથી પુરુષોત્તમ ભગવાનનાં અંગ ઉપર અરચા કરવી. અપાર ભાવનાથી વિવિધ પ્રકારના પુષ્પોના હાર પહેરાવવા. ૪૦. વિવિધ પ્રકારના શાકભાજી અને જાતજાતના પકવાન કરીને થાળ ભરીને નૈવેદ્ય ધરાવવું. અર્ઘ્યમાં પ્રેમથી શ્રીફળ આપવું. ૪૧. દાનમાં વાછડીવાળી ગાય આપવી. જે શ્રદ્ધાભાવથી આવું વ્રત, પૂજા વગેરે કરે છે તેને મનોવાંછિત ફળ મળે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ મયારામ ભટ્ટને એકાદશીનો અવશિષ્ટ વિધિ કહ્યો' એ નામે અઠ્ઠાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર અગિયારમું : તરંગ - ૨૯

સંતોએ શ્રીહરિની અને હરિભક્તોએ શ્રીહરિ તથા સંતોની પૂજા કરી

બધા સંતો ચૈત્ર સુદિ એકાદશીના પવિત્ર દિવસે કેસરયુક્ત ચંદન અને ફૂલહાર વગેરે ઉપચારો લઈને શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. ૧. પ્રત્યેક મંડળના સંતોએ શ્રીહરિને ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને તે રીતે પૂજા કરી. ૨. ભાઈ રામદાસજીસ્વામી સહુ સંતોમાં મોટા હતા. સહુ પહેલા તેમણે શ્રીહરિની પૂજા કરી. ૩.

❋ ભાઈ રામદાસજીસ્વામીનાં સદ્‌ગુણ :

તેઓ આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામી બંનેની સાથે રહેલા હતા. તેમનું સેવા કરવારૂપ ઉત્તમ અંગ હતું અને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય જેવા ગુણોથી પણ તેઓ મહાન હતા. ૪.

चोपाई :

हरिमूर्ति को निशदिन ध्याना, पलक न विसरत परम सुजाना;
हरि के चरित्र हरि ध्यान मांहिं, निशदिन गुलतान अपार रहाहिं...०५
कीर्तन कथा विन व्यर्थ हि काला, कबहु न जावे एसे तेहि ढाला;
आपे रहे मूर्ति में जेसे, संग रहे ताकुं रखावे तेसे...०६
संत से उदास होय एसी, कबहु न बात सो करे तेसी;
संत में होवे परस्पर हीता, बात में एसे रहे रस प्रीता...०७
प्रकृति स्वभाव वर्तन एसा, संत हरिजन प्रीत करे तेसा;
संत हरिजन रोग करी कोउ, दुःखी होवे निज नजर पर जोउ...०८

ઘણા સુજ્ઞ-શાણા તે સ્વામી, રાત-દિવસ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતા, એક પલકવાર પણ ભૂલતા નહિ. શ્રીહરિનાં ચરિત્ર અને શ્રીહરિનું ધ્યાન, એ બેમાં જ પોતે રાત-દિવસ મશગૂલ રહેતા. ૫. તેમનાં જીવનનો એવો ઢાળ હતો કે, તેઓ કથા અને કીર્તન વિનાનો વ્યર્થકાળ ક્યારેય ગુમાવતા નહિ. પોતે જે રીતે મૂર્તિમાં રહેતા હતા તે રીતે તેમની સાથે રહેનારાને પણ મૂર્તિમાં જોડી રાખતા હતા. ૬. સંતોથી તથા સંતમંડળથી ઉદાસ થઈ જવાય એવી તેઓ ક્યારેય વાત જ કરતા નહિ. તેમની વાતમાં એવો પ્રેમરસ રહેતો કે, જેનાથી સંતોમાં પરસ્પર હેત થાય. ૭. તેમનાં સ્વભાવ, પ્રકૃતિ અને વર્તન એવું હતું કે, સહુ સંતો અને હરિભક્તોને તેમના ઉપર પ્રેમ થાતો. કોઈ સંત કે હરિભક્ત કોઈ રોગથી હેરાન થતા હોય અને તે સ્વામીની નજરમાં જો આવી જાય તો તરત જ તેઓ તેમની વિશેષ અધિક સંભાળ રાખતા. ક્યારેય તે બાબતને ભૂલતા નહિ. તેઓ બધી જ ક્રિયાઓમાં નિપુણ હતા અને શ્રીહરિનાં ઉપર તેમને અતિશય હેત હતું. ૮-૯.

કોઈ શ્રીહરિનાં ચરિત્રની વાત કહેતાં હોય, તો તે સાંભળીને પોતે ગદ્‌ગદ કંઠ થઈ જાતા. શ્રીહરિ રાજી થાય એવા જે જે શ્રીહરિએ કહેલા ધર્મ-નિયમ હોય તે તો તેમના જીવનમાં મૂર્તિમાન રહેતા હતા, એવા તેઓ પ્રતાપી સંત હતા. તેઓ મનમાં જેવું ચિંતવન કરતા તેવું શ્રીહરિ પૂર્ણ કરી

દેતા. ૧૦-૧૧. **સંતોનું અને હરિભક્તોનું હિત જેમાં રહ્યું હોય, એવું જ ચિંતવન તેઓ કરતા રહેતા. તેમને કોઈને દુઃખ થાય એવો વિચાર પણ ક્યારેય કરતા નહિ. ૧૨.** તેમણે જ્યારે શ્રીહરિની પૂજા કરી લીધી, તે સમયે જ શ્રીહરિએ તેમને ઘણા જ હેતથી તેમનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યા. ૧૩. તે પછી મુક્તાનંદસ્વામી પૂજા કરવા આવ્યા. કેસરચંદન લીધું હતું અને પોતાનું સંતમંડળ પણ સાથે હતું. ૧૪. તેમણે ઘણા પ્રેમથી શ્રીહરિનાં સ્વરૂપને નખથી શિખાપર્યંત ચંદન ચરચ્યું. અને ઘણા જ ઉમંગથી સુંદર ફૂલહાર પણ પહેરાવ્યા. ૧૫. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીના હાથમાંથી તે ચંદનનું પાત્ર પોતાના હાથમાં લઈ લીધું. ભાઈ રામદાસજીસ્વામીને વૃદ્ધ સંત જાણીને તે ચંદન ચરચ્યું તથા ફૂલના હાર પહેરાવ્યા. ૧૬.

સ્વામી રામદાસજીએ જે રીતે અપાર પ્રેમથી શ્રીહરિને પૂજ્યા, તે જ રીતે શ્રીહરિએ પણ તેમને અપાર પ્રેમથી પૂજ્યા. એકબીજાને ઘણું જ હેત હતું. ૧૭. તેઓ પરસ્પર એકબીજાનાં વચનનું અધિક પ્રતિપાદન કરતા અને તે બંનેમાં ભારે સામર્થ્ય હતું, તેને સહુ નર-નારી હરિભક્તો જાણતા હતા. ૧૮. શ્રીહરિ જ્યારે પોતાનાં હૃદયની વાત કહેતા ત્યારે સ્વામી રામદાસજી તે વાતને તેવા રૂપમાં જ જાણતા. જે રીતે શેષજી બળદેવજી કહેવાતા હતા તેવું જ કેટલુંક સામર્થ્ય લોકોએ તેમનામાં દેખ્યું હતું. ૧૯.

जेसो सामृथ तामें रहेउ, दास होई तेसे वरते तेउ;
समर्थ होई अनंत अपारा, ताके गर्व न आये लगारा...२०

दास के दास होई रहे सदाई, मन क्रम वचन करीके ताई;
ता उपर हरि रिझे अपारा, हेत रखे कोउ वार न पारा...२१

જેવું સ્વામીમાં સામર્થ્ય હતું તેવું જ તેમનામાં દાસ થઈને વર્તવાનું નિર્માનીપણું પણ હતું. સ્વયં અનંત અને અપાર સમર્થ હતા, છતાં ક્યારેય તે બાબતનો ગર્વ લગાર પણ આવ્યો નહિ. ૨૦. તેઓ સદાય મન, કર્મ અને વચનથી દાસના દાસ થઈને રહેતા. તેમના ઉપર શ્રીહરિ અપાર રાજી થયા હતા અને અપાર હેત રાખતા. ૨૧.

ધામનું જેવું સુખ છે તેવું બધું સુખ સ્વામીને અહીંયાં આપ્યું હતું. ભાઈ રામદાસજીસ્વામી એવા સંત હતા કે, તેઓ સાધુતાના ગુણોની સર્વોત્તમ સીમારૂપ હતા. ૨૨. **સાધુતાના જે ગુણ કહેવાય છે, તેના તો તેઓ સાગર હતા. શુક, સનકાદિકો અને શિવજી, જેવા પણ તેમની પાસેથી બધા સદ્‌ગુણો શીખતા હતા. ૨૩.**

સ્વામીને આવા મહાન સમજીને શ્રીહરિએ તેમની પૂજા કરી અને તેમને સમર્થ જાણીને ઘણું માન આપ્યું. પોતાની પાસે જે જાતનાં વસ્ત્ર હતાં, તે ઘરેણાં સિવાયનાં બધા જ વસ્ત્ર, ૨૪. ભાઈ રામદાસસ્વામીને પહેરવા માટે આપ્યાં. તે બધા વસ્ત્ર કસુંબી રંગનાં, સોનેરી તારવાળા અને સુંદર સુશોભિત હતાં. ૨૫. **સંતો અને હરિભક્તો તે જોઈને અપાર ખુશી થયા. મનમાં કોઈને કાંઈ ઈર્ષ્યા-દ્વેષ જેવું થયું નહિ. શ્રીહરિએ તે બધું મનમાં સમજી લીધું. ૨૬.**

જે જે સંતો મંડળની સાથે શ્રીહરિની પૂજા કરવા આવતા હતા, તેઓ શ્રીહરિની પૂજા કર્યા પછી ઘણાં જ પ્રેમભાવથી રામદાસજીસ્વામીની પૂજા કરતા હતા. ૨૭. તે જ રીતે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને મોટા જાણીને ભાવથી પૂજા કરી. ૨૮.

તે મંડળધારી સંતો નીચે પ્રમાણે હતા. આનંદાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, સુખાનંદસ્વામી, ૨૯. સદાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, આત્માનંદસ્વામી, યોગાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, ૩૦. શ્રીગુરુચરણરતાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, વિષ્ણવાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, ૩૧. જિજ્ઞાસાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, પરમચૈત્યાનંદસ્વામી, અરૂપાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, ૩૨.

નિર્વિકારાનંદસ્વામી, આધારાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, પરમહંસાનંદ સ્વામી, ચિન્મયાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, ગોપાલાનંદસ્વામી, ગોવિંદાનંદ સ્વામી, ૩૩. નિર્માનાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, વ્રજાનંદસ્વામી,

પ્રભૂતાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી, શંકરાનંદસ્વામી, કૌશિકાનંદસ્વામી, વિશ્વચૈતન્યાનંદસ્વામી, ૩૪. વિશ્વરૂપાનંદસ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, સાંખ્યાનંદસ્વામી, અષ્ટાવક્રાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, ધર્માનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, ગોતીતાનંદસ્વામી, ૩૫. નિવૃત્તાનંદસ્વામી, વિશ્વેશ્વરાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી, શિવાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, ભાવાનંદસ્વામી, ૩૬. ઉપર કહ્યા તે અપાર સંતો હતા. વાસ્તવમાં તો બધા નામ લખી શકાતા નથી. તે સહુ પૂજા કરી રહ્યા, તે પછી હરિભક્તો પૂજા કરવા માટે આવ્યા. ૩૭.

જેટલા દરબારો હતા તે બધાએ ઘણા જ નવા હેતથી અલગ અલગ રીતે શ્રીહરિની પૂજા કરી. ૩૮. બીજા પણ ગામેગામથી જે હરિભક્તો આવ્યા હતા તે બધા પૂજા કરવા ઊઠ્યા, કેસરયુક્ત ચંદન આદિ લઈને તેમણે શ્રીહરિની અને બધા સંતોની પૂજા કરી. ૩૯. આ પ્રમાણે ત્રણ પહોર સુધી સહુ પૂજા કરતા રહ્યા. તોપણ પૂજાનો પાર આવ્યો નહિ. પછી પૂજા બંધ કરાવી. કારણ કે શ્રીહરિ અને સંતો કોઈ ફરાળ કર્યા નહતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સંતોએ શ્રીહરિની અને હરિભક્તોએ શ્રીહરિ અને સંતોની પૂજા કરી' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર અગિયારમું : તરંગ - ૩૦

એકાદશીના ફરાળ પછી સાંજે આરતી અને ધૂન કરી

સોરઠ પ્રદેશના દરબાર ઝીણાભાઈ વગેરે હરિભક્તો ફરાળ કરવા માટે વિવિધ પ્રકારની ફરાળી વસ્તુઓ લાવ્યા હતા. ૧. કોઈ પેંડા લાવ્યા તો કોઈ બરફી લાવ્યા. કોઈ હરિભક્ત કેળાં લાવ્યા. કેટલાક તો ચીભડા તોડી લઈ આવ્યા. ૨. કેટલાક હરિભક્તો, જે નજીકના ગામમાં રહેતા હતા. તેઓ હરખભર્યે હૈયે જમાવેલું દહીં લઈ આવ્યા. ૩. શ્રીહરિએ પ્રથમ હેતથી તે ફરાળ પોતે કર્યું અને પછી સંતોને બોલાવી ફરાળ કરવા

બેસાડ્યા. ૪. શ્રીહરિ જ્યારે ફરાળ કરી રહ્યા ત્યારે સંતોને પીરસવા માટે આવ્યા. હરિભક્તો જેટલા પ્રકારનું ફરાળ લાવ્યા હતા તે સર્વેને શ્રીહરિ પોતે સંતોની પંગતમાં ફેરવતા હતા. ૫.

તે દેખીને હરિભક્તો ખૂબ જ રાજી થયા. અને કહેવા લાગ્યા કે, અહો ! આવો સમય ક્યારે આવે ? અનંત યુગો સુધી તપ કરવામાં આવે છતાં આવો અવસર ક્યાંથી આવે ? ૬. અનેક યુગ સુધી રખડતા રહ્યા, ત્યારે આવો અવસર આવ્યો છે. અમારા ભાગ્યને ધન્ય છે ! ધન્ય છે ! તેનું વર્ણન થઈ શક્તું નથી. હરિભક્તો પરસ્પર આવી વાતો કરતા હતા. કારણ કે તેમને સંતોના ઉપર અત્યંત સ્નેહભાવ હતો. ૭.

⁕ જેવા વક્તા હોય તેવા શ્રોતા થાય :

चोपाई :

भाव होय जिहाँ लग ही जाहि, क्रिया अलोकिक देखे ताहि;
वक्ता में वरते जुग हि जेसा, श्रोता में आवे भाव हि तेसा...०८

श्रोता जो कहावे जेता, वक्ता के आधीन हे तेता;
भाव कुभाव अंतर में आवे, वक्ता ताकु जेसे सुनावे...०९

श्रोता हे वक्ता के आधीना, यह बात निश्चे कर लीना;
सोवरन को घाट कहावत जेतो, सोनार के सो हाथ हे तेतो...१०

જેના ઉપર જ્યાં સુધી ભાવ હોય ત્યાં સુધી તેની બધી ક્રિયાઓ અલૌકિક દેખાય છે. વક્તામાં જેવો યુગ વર્તતો હોય તેવો શ્રોતામાં ભાવ આવે છે. ૮. જે શ્રોતાઓ છે તે તો વક્તાને આધીન હોય છે. વક્તા જેવું સંભળાવે તેવો ભાવ કે કુભાવ શ્રોતાના અંતરમાં આવે છે. ૯. એક વાત નિશ્ચિત કરી લેવી કે, શ્રોતા વક્તાને આધીન હોય છે. સોનાના જેટલા ઘાટ છે તે બધા સોનીના હાથમાં હોય છે. ૧૦.

અને લોખંડનો જેટલો ઘાટ છે તે પણ લુહારના હાથમાં હોય છે. જે જે કારીગરી કલા કહેવાય છે તે બધી કારીગર - કલાકારના હાથમાં હોય છે. ૧૧. **તે રીતે જ આ દુનિયામાં જે સામાન્ય મનુષ્યો છે તે જ્ઞાની પુરુષોના**

હાથમાં રહ્યા હોય છે. જ્ઞાની પુરુષની જેવી રુચિ હોય, તેવી તે સામાન્ય મનુષ્યોની રુચિને કરી દે છે. ૧૨.

જગતમાં જે સામાન્ય માણસો છે તેઓ તો પોતાનાં કામકાજમાં જ રચ્યાં પચ્યાં રહેતા હોય છે. પોતાનું પેટ ભરવા જે ઉદ્યમ કરવાનો હોય છે તેમાં જ તે પ્રવીણ હોય છે. પણ બીજી ખબર પડતી નથી. તેથી જ્ઞાની વક્તા તેને જેવા ઘડે તેવા તે તૈયાર થાય છે. ૧૩.

અને જેને જેટલી સંપત્તિ હોય તેટલી તેનાથી અન્ન-વસ્ત્રાદિકે કરીને સંતોની સેવા થાય છે. અર્થાત્ તેઓ શક્તિ પ્રમાણે સેવા કરતા જ હોય છે. ૧૪. જે કોઈ જન પોતાની સંપત્તિ જોયા વિના અધિક સેવા કરે તો પછી તે ફરીવાર ક્યારેય સેવા કરી શક્તો નથી. અથવા કોઈ તેની પાસેથી તેની સંપત્તિને જોયા-જાણ્યા વિના આગ્રહથી વધારે સેવા કરાવે તો તે વટકેલી ગાયની જેમ ફરીથી ક્યારેય આપે નહીં. ૧૫. ગાય પોતાના આંચળમાં જેટલું દૂધ હોય તેટલું તે નિત્ય સહેજે આપે છે. પરંતુ પછી વધારે આંચળ તાણીને દૂધ લેવાનું કરે ત્યારે ગાય પછી પાટુ મારવાની સેવા કરે છે. પરંતુ દૂધ દેવાની નહીં. ૧૬.

❋ લોભની દુષ્ટતા :

રુચિ વિના જે વધારે જ્ઞાન કરે-કરાવે, તેમજ વધારે ભજન, સ્મરણ કે ધ્યાન કરે-કરાવે, તો અંત્યે તેનો અભાવ થઈ જાય છે અને પછી તેમાંથી પાકા નાસ્તિક થઈ જવાય છે. ૧૭. **જેઓ અતિ લોભી હોય છે તેઓ જ્ઞાની હોવા છતાં પોતાનો દોષ લેતા નથી અર્થાત્ લોભીને પોતાનું જ્ઞાન કામ લાગતું નથી. તેથી તેને પોતાના દોષ સુઝતા નથી. તેમ જ જે ત્યાગી થઈને લોભ કરે છે તે પણ પોતાના દોષોને જાણતા-દેખતા નથી. ૧૮.** આવા લોભી ત્યાગીઓ વાતવાતમાં પારકા દોષ દેખાડે અને તેમાં ઘણી જાતનો ન્યાય બતાવે અને તેમાં વચ્ચે કોઈ કાંઈ કહે તો તરત જ તેને વિમુખ કહે. ૧૯.

भगवान प्रगट होय ज्यां लगही, एसो ज्ञान न होवे त्यां लगही;
भगवान अदृश होवे हि जबहु, लोभ ज्ञानरूप होय तबहु...२०

ज्ञान ओट लई लोभ करे जितनो, ज्ञानरूप होई जावे तितनो;
काम क्रोध त्यागी में आवे, प्रगट देखावे नहि छिपावे...२१
लोभ परमार्थ रूप हि होई, त्यागी में आवे जाने न कोई;
गुरु देव हित त्यागी जेते, माया भेगे करत हे केते...२२

જ્યાં સુધી ભગવાન પ્રકટ હોય ત્યાં સુધી એવું કોઈ જ્ઞાન આવી ન શકે. પણ જ્યારે ભગવાન અંતર્ધાન થાય છે ત્યાર પછી લોભ જ્ઞાનરૂપે થઈ જાય છે. ૨૦. જ્ઞાનની ઓથ લઈ જેટલો લોભ કરવામાં આવે છે તે જ્ઞાનરૂપ થઈ જાય છે અને ત્યાગીમાં જો કામ કે ક્રોધ આવે તો તે પ્રકટ દેખાય છે. તે છુપાવ્યા છુપાતા નથી. ૨૧. પરંતુ ત્યાગીમાં તો ખરેખર લોભ હોય તોપણ તે કોઈનાં ઓળખ્યામાં આવતો નથી. કેમ જે, તે લોભ પરમાર્થના રૂપમાં આવ્યો હોય છે. તેથી પરના ભલા માટે છે એવું દેખાય છે માટે ઓળખાતો નથી. કેટલાક ત્યાગી છે તે ગુરુને માટે અને દેવ-દેવમંદિરને માટે ધન-સંપત્તિરૂપ માયા ભેગી કર્યા કરે છે, ૨૨.

પણ જ્યાં માયા હોય છે ત્યાં હૃદયશુદ્ધિ રહેતી નથી. તેથી પરસ્પર સુહૃદપણું રહેતું નથી. પછી તો એકબીજાના દોષ જ લે છે. જેને માયા ઉપર તાન હોય તેઓ એમ કહે છે કે, આમાં જ ભગવાનની પ્રસન્નતા છે. અર્થાત્ ખૂબ મહિમાની વાત કરી દેવ-મંદિર અને ગુરુને અર્થે ધન-સંપત્તિની સેવા કરાવવી, તેમાં જ પરમાત્માનો રાજીપો છે. એમ તેઓ માને છે. ૨૩. ત્યાગીઓ પોતે માયામાં અપાર દોષ દેખાડે. સહુને કહે કે માયા નઠારી છે, માયા નકામી-મિથ્યા છે, પણ જ્યારે ગૃહસ્થ તે જ માયા ધર્મગુરુને માટે આપે કે દેવ-મંદિરને માટે આપે ત્યારે તે માયાનો કાંઈ દોષ લેતા નથી. ૨૪. જેટલા લોભી ત્યાગીઓ છે તેઓ તો લોકોનો (માન-સન્માનાદિક દ્વારા) પ્રેમ સંપાદન કરીને છેવટે ગુરુ માટે અને દેવને માટે માયા લે છે. ૨૫. જગતના જે સાધુ છે, તેઓ તો એમ કહે છે કે જો ધનનો ખર્ચ નહિ કરો, તો તમારો મોક્ષ ક્યારેય નહીં થાય. ૨૬.

બધા ધર્મ-નિયમોને અદલ-બરાબર પાળે પણ ધનનો ખર્ચ ન કરે તો તેને તે લોકો નામરદ કહે છે અને કહે છે કે આ તો માયામાં સાપ થઈને

રહેશે. ૨૭. જે માયાનો-ધનનો ખર્ચ ન કરે, તે ભક્ત નથી. તેને માયામાં જ હેત છે. માયાને ખર્ચ્યા વિના મોક્ષ ક્યાંથી થાશે ? એવું કહે છે. ૨૮.

श्रीहरि प्रगट न होवे जबही, माया पर तान तोडे सब तबही;
ध्यान ज्ञान करे गुप्त करोरी, ग्रंथ वांचे मनवृत्ति जोरी...२९

જ્યારે પ્રકટ ભગવાન વિરાજમાન ન હોય ત્યારે બધા માયા ઉપર જ તાન તોડે છે. એકાંતમાં બેસીને લોકો ખૂબ જ ધ્યાન કરે, જ્ઞાનવાર્તા કરે, એકાગ્ર મનથી શાસ્ત્ર વાંચે, માયાની અપાર નિંદા કરે, શબ્દે શબ્દે વારંવાર પિંડ અને બ્રહ્માંડનો ઉચ્છેદ કરી નાખે, અત્યંત તુચ્છ બતાવે, પણ જો વિચારવામાં આવે તો તે બધાનાં હૃદયમાં માયા મેળવવાની ઉમેદ-તૃષ્ણા હોય છે. ૨૯-૩૦.

ગૃહસ્થની સાથે કરોડો પ્રકારના ક્લેશ કરે, પણ તે માયા ત્યાગીના ઉપયોગમાં લેશમાત્ર પણ આવે નહિ.' શ્રીહરિ રોજ આવી રીતની વાતો કહેતા. કેમ જે, શ્રીહરિને સંતોના ઉપર ઘણું જ હેત રહેતું હતું. ૩૧. જ્યારે દિવસ ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી રહ્યો ત્યારે હરિભક્તો ફરાળ કરી રહ્યા. તે સમયે આવીને શ્રીહરિએ સભા કરી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૩૨. લાલવડની છાયા જોઈને શ્રીહરિએ ખુલ્લા મેદાનમાં સભા કરાવી. જીવુબાઈની અનુપમ ગાડી હતી તેના ઉપર ઘનશ્યામ શ્રીહરિ બેઠા. ૩૩. ભુજના હરિભક્ત સુતાર ભગવાનજીભાઈ સારા જરિયાની વસ્ત્ર લઈને ત્યાં આવ્યા અને શ્રીહરિને તે બધાં વસ્ત્ર પહેરાવ્યાં. ૩૪.

તેમને શ્રીહરિના ઉપર બહુ જ પ્રેમ હતો એટલે તેમણે ખૂબ જ સ્નેહથી તરબોળ થઈને શ્રીહરિની પૂજા કરી. દેશદેશના બધા હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા. ૩૫. ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. અપાર મશાલો પ્રકટી ચૂકી હતી. સંતો ગોડી બોલ્યા અને પછી સહુએ આરતી કરી અને ઉમંગથી ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. ૩૬. આનંદાનંદસ્વામીએ સોનાના મનોહર મોટા થાળમાં વાટો મૂકીને પ્રકટાવી અને પછી શ્રીહરિની આરતી કરી. ૩૭. અગરબત્તીનો સુંદર ધૂપ કર્યો. બધે અપાર સુગંધ પ્રસરી ગયો. લોકો 'જય

જય' 'જય જય' બોલીને આરતીનો જયઘોષ કરતા હતા. ૩૮. શ્રીહરિ અને સ્વામી રામદાસજી, બંને જોડે ઊભા હતા. પછી બંને મળીને સાથે ધૂન કરવા લાગ્યા. ૩૯. તેમના પછી બધા સંતો અને હરિભક્તો ધૂન બોલવા લાગ્યા. સહુના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. બધા એક તાલથી તાળીઓ પાડતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'એકાદશીના ફરાળ પછી સાંજે આરતી અને ધૂન કરી' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર અગિયારમું : તરંગ - ૩૧

ધોરાજીનાં લાલવડે શ્રીહરિએ ચોરાશી કરવા વિપ્રોને સીધું અપાવ્યું

જ્યારે શ્રીહરિ ધૂન કરી રહ્યા ત્યારે બધા સંતો ઊભા રહીને વેદસ્તુતિને બોલ્યા. ૧. વેદસ્તુતિ પૂરી થઈ ગયા પછી સંતો જય સ્વામિનારાયણ બોલ્યા. સંતોને 'જય સ્વામિનારાયણ' બોલવામાં અપાર હેત હતું અને તેનું ગૌરવ સમજતા હતા. ૨. બધા સંતો પ્રથમ શ્રીહરિને પગે લાગ્યા. તે પછી સંતો પણ પરસ્પર પગે લાગીને હરખથી 'જય સ્વામિનારાયણ' બોલ્યા. ૩. જે દરબારો આવ્યા હતા, તેઓ સહુ શ્રીહરિને પગે લાગ્યા. તેમના હૈયામાં હરખ છવાઈ ગયો હતો. તેઓ પછીથી સહુ સંતોને પગે લાગ્યા. ૪. તે પ્રદેશના જે મોટા મોટા હરિભક્તો પર્વતભાઈ વગેરે હતા તેઓ જ્યાં બેઠા હતા ત્યાંથી જ 'જય સ્વામિનારાયણ' કહીને પગે લાગ્યા. ૫.

જે પોતપોતાના દેશમાંથી આવેલી સત્સંગી મોટી મોટી બાઈઓ હતી તેઓ જેની જે રીતે મર્યાદા જળવાઈ રહે તે રીતે શ્રીહરિને અને સભાને પગે લાગી, ૬. આપણા સત્સંગની જે મર્યાદા છે તેને તે બધી બાઈઓ બરાબર પાળતી હતી. જેની જેવી રીત હોય તે પ્રમાણે તત્પરતાથી તેઓ સહુ રહેતા હતા. ૭. સંતોની રીત પ્રમાણે સંતો રહેતા. ભૂલથી પણ કયારેય વર્તનમાં ખામી આવવા દેતા નહિ. જેટલા બ્રાહ્મણ હરિભક્ત બાઈ-ભાઈ હતા તે

બધા પોતાની રીત પ્રમાણે એકધારા મર્યાદામાં ચાલતા હતા. ક્ષત્રિય ભક્તો ક્ષત્રિયોની રીતમાં રહેતા. જેઓ ક્યારેય અભક્ષ્ય વસ્તુને ખાતા નહિ. ૮-૯. વૈશ્ય હરિભક્તો વૈશ્યની રીતમાં ચાલતા. ક્યારેય નિયમ-ધર્મમાં ફરક પાડતા નહિ. અને શૂદ્ર ભક્તો પણ તેમની રીતે રહેતા હતા. બધા જ હરિભક્તો ઘણા નિપુણ કહેવાતા હતા. ૧૦.

ચોપાઈ :

सब पर जब जाने हरि तेहा, तब हरि में भये अति नेहा;
नेह वश होई करना जेतो, करने सो कठिन परत न तेतो...११

જ્યારે શ્રીહરિને સહુથી પર સમજવામાં આવે ત્યારે શ્રીહરિમાં અપાર હેત થાય છે અને સ્નેહને વશ થઈને જેટલું કરવું પડતું હોય છે તે ક્યારેય કઠણ પડતું નથી. ૧૧. **લોકમાં તો એવું દેખાય છે કે, સ્નેહને લીધે માણસ પોતાનો દેહ અર્પણ કરી દે છે અને તેમાં કાંઈ કઠણ પડતું નથી, પણ સત્સંગની રીત તો અલૌકિક દેખાય છે. ૧૨.**

दोहा : अलोकिक रीत देखे विन, नेह कबु नहीं होय;
नेह भये विन धर्म हि, पालि शकत नहि कोय...१३

કેમ જે, અલૌકિક રીતને દેખ્યા સિવાય તેમાં ક્યારેય હેત થતું નથી. અને હેત થયા સિવાય કોઈ ધર્મ પાળી શકતું નથી. ૧૩. મોક્ષ થવાની રીત તો ભગવાન અને સત્પુરુષે શાસ્ત્રોમાં સ્પષ્ટ લખી છે. તેને બુદ્ધિમાન મનુષ્ય જાણે છે ખરા, છતાં તે માર્ગે ચાલતા નથી. ૧૪. માણસ અનેક પ્રકારનાં રાજકાજ વગેરે અનેક કામોને કરે છે. કારણ કે તેમાં લાભ દેખાય છે. પણ એવો વિવેક શીખતો નથી કે મોક્ષનો લાભ સૌથી મોટો છે. ૧૫. **મોક્ષસુખ આગળ અનંતકોટિ બ્રહ્માંડોના સુખ પણ અત્યંત ફિક્કા લાગે છે. લોકસુખ અને મોક્ષસુખ વચ્ચે તો કાચ અને ચિંતામણિ જેટલો ફરક છે. ૧૬.**

❋ સત્પુરુષની મહત્તા અને લક્ષણો :

सत्पुरुष आई मिले जबहु, मोक्ष को खप उदे करे तबहु;
ता विन मोक्ष शास्त्र में जोई, कबहु न उदे होवे सोई...१७

જ્યારે સત્પુરુષનો જોગ થાય છે ત્યારે તેઓ જીવમાં મોક્ષનો ખપ ઉત્પન્ન કરે છે. ખપ વિના માત્ર શાસ્ત્રમાં જોઈને કોઈનો મોક્ષ થયો નથી. ૧૭. શાસ્ત્રમાં જોયું-વાંચ્યું તો, સત્પુરુષના યોગ વિના કોઈનો મોક્ષ થયો હોય એવું અમે ક્યાંય સાંભળ્યું નથી. તે સત્પુરુષો ભગવાન વિના કોઈનેય અધિક કહેતા નથી. જે અનંતકોટિ બ્રહ્માંડોના વૈભવો છે, ૧૮.

हरि के धाम विन वैभव जेता, मलवत देखे सब जो तेता;
मलवत जानी भोगवे जितना, सत्पुरुष सो जानना तितना...१९

તેમાં એક ભગવાનનાં ધામ સિવાયના બધા જ વૈભવોને જે મળના સમાન સમજતા હોય અને તે ભોગોને ભોગવે છતાં તેને મળના જેવા અત્યંત હીન સમજતા હોય તેને સત્પુરુષ જાણવા. ૧૯. **આ પિંડમાં કે બ્રહ્માંડમાં જે ભૂલે ચૂકે પણ કયારેય સુખને ન દેખે, એવું જેના જીવમાંથી વર્તન હોય તેને સત્પુરુષ જાણવા. ૨૦.**

❋ અસત્પુરુષનાં લક્ષણો :

લોકોને દેખાડવા માટે ધનાદિકને અસત્ય કહે પણ પોતે પોતાનું જ્ઞાન દ્રવ્ય માટે જ કરી રાખ્યું હોય. અર્થાત્ જ્ઞાનની વાતો કહીને છેવટે ધન અને અન્ય વસ્તુ-પદાર્થ મેળવવાની ઈચ્છા હોય, એવાનું સર્વે જ્ઞાન દ્રવ્યને માટે જ હોય છે એમ જાણવું. એવા જે હોય તેને અસત્પુરુષ જાણવા. ૨૧. જેને મોક્ષનો ખપ ન હોય અને ઘર સંસારમાં જ જે પડ્યા-પાથર્યા રહેતા હોય, એવા નર-નારીઓ તો સાચા કે ખોટા બધા જ સંતોને એકસમાન જ માને છે. ૨૨. જેને સમુદ્રને પાર કરવો જ નથી. એવા લોકો તો સારા દૃઢ વહાણને અને ફૂટલા વહાણને એકસરખા જ માને છે. ખપ વિના તે બે પ્રકારના વહાણમાં કાંઈ હાનિ કે લાભને દેખે નહિ. ૨૩.

જ્યારે સમુદ્રને પાર કરવા વહાણની જરૂર પડે ત્યારે તેને ફૂટલા વહાણમાં ડૂબવાનો ભય લાગે. તેમાં જો કોઈ બુદ્ધિમાન મળી જાય તો તે સારા મજબૂત વહાણની સમજ આપે છે, તેમાં બેસવાની સલાહ આપે છે. ૨૪. ત્યારે જે બુદ્ધિમાન હોય છે તે આપેલી સલાહને તરત જ માની લે છે

અને તેને સમુદ્રમાં ડૂબવાનું દુઃખ આવતું નથી. પણ બુદ્ધિહીન માણસ ગમે તે વહાણમાં બેસી જાય છે અને છેવટે તે અત્યંત દુઃખી થાય છે. ૨૫.

અત્યારે જેને સત્સંગ થયો છે તે હરિભક્તોના ભાગ્યનો કોઈ પાર નથી. તેમને સાચા સંતો અને પ્રકટ ભગવાન શ્રીહરિ નિશ્ચિતપણે મળી ગયા છે. ૨૬. પ્રહ્લાદજી અને બલિ રાજા જેવા નિપુણ ભગવદ્‌ભક્તો પણ કહે છે કે, સામાન્ય મનુષ્યોને તો આવો શુભ પ્રસંગ કયારેય આવ્યો નથી. ૨૭. પ્રિયવ્રત, ધ્રુવ, વિભીષણ, ઉદ્ધવજી અને પાંડવો તે સહુ કહે છે કે આવો કોઈ અવતાર થયો નથી. ૨૮.

सोरठा : अवतार भये अपार, होव हि जो अपार अब;
सब से यह अवतार, ताके भक्त सो अधिक कहत...२९

અનેક અવતાર થઈ ગયા છે અને હજી પણ અનેક અવતારો થાશે. પણ આ અવતાર અને તેના બધા ભક્તો તો સહુથી અધિક છે અર્થાત્ સર્વોપરિ છે. એમ પ્રિયવ્રતાદિક સર્વે ભક્તો કહે છે. ૨૯.

ધોરાજી ગામના બધા વિપ્રો તે સભામાં આવીને બેઠા હતા. જયારે બધી સભા સ્થિર અને વ્યવસ્થિત થઈ ગઈ ત્યારે શ્રીહરિએ તે વિપ્રોને કહ્યું, ૩૦. ધોરાજીમાં જે ચોરાશી નાત-જાતના વિપ્રો રહેતા હોય, તેમની ઘણી સરસ ચોરાશી (સમૂહ બ્રહ્મભોજન) કરીને અમારે સહુ વિપ્રોને પ્રેમથી જમાડવા છે. ૩૧. અહીંયાં આવીને જો રસોઈ બનાવો તો અમે બધું મગાવી દઈએ. અર્થાત્ ચતુર વિપ્રો રાતમાં રસોઈ બનાવે અને બારશને દિવસ સવારે સહુ ચોરાશી જમે. ૩૨. સાકર નાખીને તળ્યા ચૂરમાના લાડુ બનાવો. બધા વાસણ અમે મગાવી દઈએ. તમારી પાસે જે વાસણ હોય તે પણ લાવો. આવો લહાવો ફરીને નહિ મળે. ૩૩.

ત્યારે બધા વિપ્રો મસ્તક નમાવી-પ્રણામ કરીને ઊઠ્યા અને બોલ્યા, ‘સહજાનંદસ્વામી, આપને ધન્ય છે !! આપને ધન્ય છે !!’ ખરી એકાદશી તો આપે જ કરી છે ! કેમ જે, આપ વિપ્રોને જમાડવાનું માહાત્મ્ય સમજો છો. ૩૪. એકાદશીનું વ્રત કરીને જે વિપ્રને ન જમાડે, તો તેણે એકાદશી કરી ન કહેવાય.

ભગવાન સિવાય આવી વાતને કોણ જાણે ? આપ જ ખરેખર સાક્ષાત્ ભગવાન છો. ૩૫. આવું કહીને સહુ વિપ્રોએ "જય જય, જય જય" ની વાણી ઉચ્ચારી. પાત્ર મગાવીને સહુ પાણી ભરવા લાગ્યા. મયારામ ભટ્ટે કહ્યું હતું, તેથી કોઈ ગાળ્યા વિનાનું પાણી ભરતા નહિ. ૩૬. "લસણ અને હીંગ વિના જ દાળ, શાક અને તેનો વઘાર કરવો. એક દિવસ સત્સંગની રીતને અનુસરવું." એમ હાથ જોડીને વિપ્રોને કહ્યું. ત્યારે બધા વિપ્રોએ તે વાતને સ્વીકારી લીધી. ૩૭.

તે વખતે વિપ્રોના જે ચોકા થયા, તે અને તેમાં જમનારા વિપ્રો, બધાની ગણતરી કરીને તેને અનુસારે સહુને સીધું આપવામાં આવ્યું. ૩૮. વિપ્રોએ ઘી અને સાકર જેણે જેટલા માગ્યા, તે પ્રમાણે તેને તરત આપ્યા. તેથી બધા ખૂબ જ રાજી થયા. ૩૯. વિપ્રોના તે પ્રત્યેક ચોકા ઉપર એક એક સત્સંગી વિપ્રને સેવામાં ઊભા રાખ્યા. તે એટલા માટે કે, જે વસ્તુ ખૂટે તે તેમને તરત જ અધિક આપવા. ૪૦. સહુને લોટ ચાળીને આપ્યો અને ઘી પણ ગાળીને આપ્યું. ઘણા સારા ધાણા, જીરૂ અને ખાંડેલું મરચું વગેરે મશાલા આપ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ધોરાજીમાં લાલવડે શ્રીહરિએ વિપ્રોની ચોરાશી કરવા સીધું અપાવ્યું' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર અગિયારમું : તરંગ - ૩૨

શ્રીહરિ વિપ્રોના ચોકામાં ફર્યા અને તેમને વાત કહી

શ્રીહરિની આજ્ઞા શિરોધાર્ય કરીને બધા સંઘના અને ધોરાજી ગામના વિપ્રોએ મોટાં કડાયાં ચૂલોનાં ઉપર ચઢાવી દીધાં. ૧. મધરાત પછી ચૂરમું તળવા લાગ્યા. ચંદ્રમાનું અજવાળું તો ઘણું હતું. ઘીમાં તળાતાં ચૂરમાનો સુગંધ ચોતરફ વ્યાપી ગયો. ૨. જે હરિભક્ત બાઈઓ હતી તેઓ પ્રેમરસમાં તરબોળ થઈને ધોળ રાગનાં કીર્તન ગાવા લાગી. માનો, કોઈ મોટો યજ્ઞ શરૂ થયો નહોય ? ૩. વેદ ભણેલા જે વિપ્રો હતા, તેમાં જેનો જે વેદ હોય, તેના પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ મંત્રોને તેઓ પ્રેમથી ગાવા લાગ્યા. ૪.

✵ જ્યાં ભગવાન રહે, ત્યાં મહાન શોભા બને :

ભૂમિ ઉપર ભગવાનના જે જે અવતાર થયા હોય તેનાં ચરિત્રો વેદમાં જે ભિન્ન ભિન્ન રીતે કહ્યા હોય, ૫. તે મંત્રોનું વિપ્રો ગાન કરવા લાગ્યા. બીજી બાજુ ચોઘડિયા અખંડ વાગી રહ્યાં હતાં. એવી શોભા થઈ હતી કે તે વર્ણવી શકાતી નથી. જ્યાં શ્રીહરિ વિરાજતાં હોય ત્યાં આવું જ અદ્‌ભુત વાતાવરણ હોય છે. ૬.

ચોપાઈ :

अनंत ब्रह्मांड की शोभा जितनी, श्रीहरि पीछे फीरत तितनी;
तेहि सन्मुख हरि देखत नाहिं, तोहु पीछे की पीछे लग आहिं...०७

અનંત બ્રહ્માંડની જે શોભા હોય છે તે બધી શ્રીહરિની પાછળ ફરતી હોય છે, ભલે શ્રીહરિ તેની સામે પણ દેખે નહિ, છતાં તે પાછળ ને પાછળ લાગી રહી હોય છે. ૭. **કદાચ શ્રીહરિ વનમાં જઈને બેસે, તો ત્યાં પણ આવી ને આવી શોભા વ્યાપી જાય. મૂર્તિનો સહજ પ્રભાવ જ એવો છે કે, વગર ચાહે શોભા આપોઆપ શ્રીહરિની પાસે છવાયેલી રહે. ૮. જે જે શોભા અથવા સમૃદ્ધિ કહેવાય છે તે બધી શ્રીહરિની પ્રસન્નતાને ચાહે છે. જે જે શોભા અને સમૃદ્ધિ કહેવાય છે તે સહુ શ્રીહરિની આગળ કંગાળ જેવી રહે છે. ૯.** શ્રીહરિમાં સામર્થ્ય અને પ્રતાપ એટલો અમાપ છે કે, શેષ અને બ્રહ્મા પણ તેનો પાર પામતા નથી. તો પછી માયાના કીડા જેવા સામાન્ય મનુષ્ય તો તેને કઈ રીતે જાણી - સમજી શકે ? ૧૦.

हरि के दास भये विन कबहु, हरि को सामृथ न देखे सबहु;
सामृथ देखे विन भाव न होवे, पास बेठि कोटि वेर जोवे...११

ભગવાનના દાસ થયા વિના ક્યારેય તેમનું યથાર્થ સામર્થ્ય દેખાય નહિ, ભલેને પાસે બેસીને કરોડવાર જુએ અને તે સામર્થ્ય દેખ્યા વિના મહિમાએ સહિત ભક્તિભાવ થાતો નથી. ૧૧. વિપ્રોના જેટલા ચોકા હતા, ત્યાં બધે જઈને શ્રીહરિએ બધું જોયું, શ્રીહરિએ વિપ્રોને કહ્યું, રસોઈ બનાવવામાં કાંઈ કસર રાખશો નહિ. ૧૨. કહેવાય છે કે, મોટા મોટા અઠ્યાસી હજાર ઋષિઓ

વિપ્રોનાં મુખમાં આવીને જમે છે. ૧૩. તમે જે અગ્નિના ઉપર રસોઈ પકાવો છો તે જ અગ્નિ યજ્ઞમાં હોય છે અને તે યજ્ઞના અગ્નિ દ્વારા તેત્રીશ કરોડ દેવતાઓ પોતાનું ભોજન-હવ્ય સ્વીકારે છે. ૧૪. અમે જે આ વાત કહી તેને મોટા મોટા સંતો અને હરિભક્તો સમાધિ દ્વારા પ્રત્યક્ષ દેખતા રહે છે. ૧૫.

આ સત્સંગ એવો છે કે, જે પૂર્વે અવતારો થઈ ગયા છે, તે હંમેશા ઉમંગથી અહીં આવે છે અને તેને જે દિવ્યદૃષ્ટિવાળા છે તે દેખે છે. ૧૬. જ્યાં સત્સંગ છે, શુદ્ધ વર્તન છે, ત્યાં કથા અને કીર્તનભક્તિ થાય છે. ભક્તોનો શુદ્ધ ભાવ દેખીને ત્યાં ઘણા અવતારો આવે છે. ૧૭. જ્યાં જેવો શુદ્ધભાવ દેખાય છે ત્યાં તેવા બધા અવતારો આવે છે. પ્રકટ અવતાર કે પરોક્ષ અવતાર ભિન્ન ભિન્ન હોવા છતાં એકના એક જ છે. ૧૮. ભગવાનના મનુષ્યરૂપ જે અવતારો છે તેને જગતના અજ્ઞાની મનુષ્યો મનુષ્યના જેવા જ માને છે. તેને કોઈ મોટો અવતાર સમજતા નથી. ૧૯. તે ભ્રાંતિને અને મોહને ટાળવા-હરવા માટે વારેવારે અવતારો આવે છે. પૂર્વે જે અવતારો થઈ ગયા છે તેનાથી પ્રગટ ભગવાનનો નિશ્ચય થાય છે. ૨૦.

प्रगट के निश्चे करना जोउ, सबसे बात कठीन हे सोउ;
प्रगट हरि कु आवे सो बाता, जिय की दोरी जेहि हाथ रहाता...२१

जिय कु दोरी हाथ न जाके, निश्चे करावन आवे न वाके;
भगवान वस्तु साचे विन जेहा, निश्चे कबहु न होवे तेहा...२२

પ્રકટ ભગવાનનો નિશ્ચય કરવો તે સહુથી કઠિન વાત છે. તે વાત પ્રકટ ભગવાનને આવડે છે કે જેના હાથમાં જીવની દોરી રહી છે. ૨૧. જેના હાથમાં જીવની દોરી નથી તેને નિશ્ચય કરાવતા આવડે નહિ. વસ્તુતાએ ભગવાન સત્ય ન હોય તો તેનો નિશ્ચય ક્યારેય થાય નહિ. ૨૨.

જે મનુષ્ય કપટ કરીને ભગવાન બની જાય છે તે તો જગતમાં કુબુદ્ધિવાળો ગણાય છે અને જે તેના જેવો કુબુદ્ધિવાળો હોય તે જ તેને માને છે. સારો મુમુક્ષુ તે પાખંડને તરત જ ઓળખી જાય છે. ૨૩. જે બહુનામી અને સમર્થ હરિકૃષ્ણ અંતર્યામીપણે હૃદયમાં રહ્યા છે, તે સાચા મુમુક્ષુજનને તે

પાખંડીમાં અનંત દોષ દેખીને તેમાં ઠરવા દેતા નથી અને પોતાને શરણે લઈ લે છે. ૨૪. જ્યાં પાખંડ હોય ત્યાં વિવિધ પ્રપંચ વિનાની કોઈ વાત હોય નહિ. તેવા લોકો સભામાં કાંઈ જુદી જ વાત કરે અને એકાંતમાં તેનાથી કાંઈ જુદું જ વર્તે છે. ૨૫.

તે પાખંડી લોકો એકાંતમાં તો ચાહે તે રીતે કુકર્મોને કરે છે અને જે તેનો દોષ ન લે, તેના ઉપર વધારે ને વધારે પ્રેમ કરે છે. ૨૬. અને જે દોષ ન લેતો હોય તેને નિષ્પાપ કહે અને તે પાખંડીઓ કહે કે, ‘હવે આ સેવા કરવાને લાયક થયો છે. હવે આને પાપ નહીં લાગે; દોષ જુએ ત્યાં સુધી જ પાપ લાગે છે. ૨૭. કરોડો સાધન કરવા કરતાં પણ નિર્દોષબુદ્ધિ રાખી વર્તવું શ્રેષ્ઠ છે. જે નિર્દોષબુદ્ધિવાળા હોય તેને ક્યારેય દોષ લાગે નહીં.’ ૨૮. ગીતાના જેવો કોઈ ગ્રંથ નથી. શ્રીકૃષ્ણ ગીતારૂપે પ્રગટ રહ્યા છે. વેદ, પુરાણોનું જે સાર તત્ત્વ છે તે ગીતાના અંતમાં કહ્યું છે, **“सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज”** (૧૮/૬૬) ૨૯. આ એક જ શ્લોકમાં જીવન લાવીને કહ્યું છે. છતાં પાપી જીવને તે મનાતું નથી. ધર્મ શબ્દનો જે રીતનો અર્થ છે તેને પાખંડી ગમાર લોકો જાણતા-સમજતા નથી. ૩૦.

સાચા ભગવાનની ભક્તિ કરવી, બીજા બધાની આરાધના તજી દેવી. જેમાં અપાર છળ અને કપટ હોય, કામ, ક્રોધ અને લોભનો તો કોઈ પાર જ ન હોય, ૩૧. જેમાં દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર જેવાં મોટા અધર્મનાં દ્વાર રહ્યા હોય, તેને પાખંડીઓ મોક્ષનું ધામ માનતા હોય છે. માટે એવા અધર્મરૂપ કહેવાતા ધર્મને હરામ કરવો. ૩૨. ગીતા, ભાગવત પુરાણ, વેદ, અપાર ધર્મશાસ્ત્રો એ બધાનો એક જ સિદ્ધાંત છે કે, “ભગવાન સિવાયના જે જે સંકલ્પ મનમાં ઊઠતા હોય, ૩૩. તે બધાનો તરત જ ત્યાગ કરતા રહેવું અને શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપમાં માહાત્મ્યજ્ઞાને સહિત સ્નેહરૂપ ભક્તિ કરવી.” આ અનંત શાસ્ત્રોનું રહસ્ય છે એમ અમે સિદ્ધાંત કર્યો છે તે કહ્યો. ૩૪. તે મોટા મોટા વિદ્વાન વિપ્રોએ શ્રીહરિનાં સ્નેહરસની ખાણ જેવા વચન સાંભળ્યા. શ્રીહરિએ જે સિદ્ધાંતરૂપ વચન કહ્યાં તેમને તે વિપ્રોએ સત્ય માની સ્વીકાર્યાં. ૩૫.

પછી તે વિપ્રોએ શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું, અમે ભણ્યા તો છીએ, પણ અમારે બુદ્ધિ થોડી છે. મનુષ્ય દેહ ધરીને જે કરવું જોઈએ તે અમારાથી થઈ શકતું નથી. ૩૬. જ્યાં મોક્ષ હોય ત્યાં આવીને પણ અમારાથી મોક્ષની વાત થઈ શકી નથી. હવે જમપુરી અને લખચોરાશીના દુઃખ તો આગળ સાક્ષાત્ ઊભા છે. ૩૭. અમે વારંવાર તમારા દર્શન કર્યા છે, અમારાથી સાધનોમાં મોટું સાધન એટલું જ થયું છે. બીજાં સાધન તો અમે તજી દીધાં છે. ૩૮.

ત્યારે શ્રીહરિએ તે વિપ્રોને કહ્યું, તમારે અમારા ઉપર જેવી ભાવના છે તેવું તમારું શ્રેયસરૂપ કાર્ય થશે, તેમાં કાંઈ સંદેહ નથી. ૩૯. જેવી રસોઈ બનાવશો તેવો સ્વાદ જમવામાં આવશે, તેમ તમારાં દિલમાં જેવી ભાવના હશે, તેવું તેનું ફળ મળશે. જેમ રસોઈના સામાનમાં ફેર નથી, રસોઈ બનાવનારામાં ફેર છે. તેમ સાધનોમાં કોઈ ફેરફાર નથી, ભાવનામાં ફેરફાર છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ વિપ્રોના ચોકાઓમાં ફર્યા અને તેમને વાત કહી' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર અગિયારમું : તરંગ - ૩૩

સભાના ધ્યાનનો મહિમા, શ્રીહરિ જમ્યા અને વિપ્રોને જમવા બેસાડ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આખી સભા બેઠી હતી, તેની આગળ શ્રીહરિનાં ચરિત્રોની વાતોને કહેતા રહેતા. ૧. શ્રીહરિએ જે જે ગામમાં આવીને જેવી રીતે નવાં નવાં ચરિત્રો કર્યા હતા તેને ઘણાં પ્રેમથી સ્વામી કહેવા લાગ્યા. ૨. શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે વિપ્રોને ચોકે ચોકે ફરીને તેમને દર્શન દીધાં. તે પછી આવીને પલંગના ઉપર પોઢી ગયા. ૩. જ્યારે રાતનો પાછલો પહોર એક જ બાકી હતો ત્યારે શ્રીહરિ પોઢ્યા હતા. શ્રીહરિનાં અંગો ઉપર ચંદનનો લેપ જે કર્યો હતો તે એમનો એમ રહ્યો હતો અને પોઢી ગયા હતા. ૪. જ્યારે સહુ સંતો ધ્યાન કરવા બેઠા ત્યારે મૂર્તિમાં તલ્લીન થઈ

ગયા. દરબારો અને બીજા હરિભક્તો પણ પોતાને સ્થાને ગયા અને બધા જ શ્રીહરિનું ધ્યાન કરવા બેસી ગયા. ૫.

કોઈને પોતાનાં શરીરનું ભાન રહ્યું નહિ. તરત જ સવાર થઈ ગયું. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ 'નારાયણ ધૂન' કરી. ૬. જ્યારે સંતો 'નારાયણ ધૂન' કરી રહ્યા ત્યારે સ્નાન કરવા ગયા. મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને ઉતારે જ સ્નાન કરાવી દીધું. ૭. સ્નાન કર્યા પહેલાની બધી દેહની ક્રિયાઓ વિધિ પ્રમાણે કરાવી. સંતો જ્યારે નાહીને આવ્યા ત્યારે શ્રીહરિ પૂજાવિધિ કરી રહ્યા. ૮. ત્યાં એક સુંદર અને અદ્‌ભુત મંડપ તૈયાર કર્યો હતો. તેની વચ્ચે શ્રીહરિ આવ્યા અને તેમાં સારું સિંહાસન કર્યું હતું, તેના ઉપર શ્રીહરિ બેઠા. મૂર્તિની અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. ૯. સંતો જ્યારે દેવસેવા-પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિની પાસે આવીને બેઠા. દરબારો અને બીજા હરિભક્તો, બધા સ્નાન કરીને આવ્યા. સહુએ તિલક કર્યાં હતાં. ૧૦. તિલકને કારણે તે સહુ સંતોની અને હરિભક્તોની મંગળકારી વિશાળ સભા ઘણી શોભી રહી હતી. સહુનાં એકસરખાં તિલકને શ્રીહરિએ પ્રેમભાવથી જોયા. ૧૧.

❋ અવતારાદિ બધા જ આ સભાનું ધ્યાન કરે છે :

પછી શ્રીહરિએ બધા દરબારોને કહ્યું, અત્યારની આપણી આ સભા રાજહંસોની સભા જેવી દેખાય છે. કોઈ જીવને અંતસમયે જો આવી સભા દેખાય તો તેનું ચાહે તેવું પ્રારબ્ધ હોય, તે બધું જ નાશ પામી જાય છે. ૧૨. જેમાં અમે વચ્ચે બેઠા હોઈએ તેવી આ સભાનું હૃદયમાં ધ્યાન કરવું. એવું ધ્યાન ક્યાંય કોઈ બ્રહ્માંડમાં નથી. ૧૩.

दोहा : अवतार करत यह ध्यान हि, हम करत यह ध्यान;
मुक्त करत यह ध्यान सब, एसी यह सभा रहान...१४

सोरठा : देखात मनुष्य कि रीत, नहिं हे यह मनुष्य कोउ;
कहत हे हम कर प्रीत, कहे विन जान न परत कब...१५

हम रखत जीह्वा दबाय, देखात हे तेसे कहत नहिं;
जितनो सबकु मनाय, तितनी बात करत हम...१६

અવતારો આવી સભાનું ધ્યાન કરે છે અને અમે તથા બધા મુક્તો પણ આવી સભાનું ધ્યાન કરીએ છીએ. આવી આ દિવ્ય સભા છે. ૧૪. ઉપલી નજરથી તો મનુષ્યની રીત દેખાય છે, પણ આ સભામાં કોઈ મનુષ્ય નથી. આ વાત અમે ઘણા હેતથી કહીએ છીએ. કારણ કે કહ્યા વિના કોઈને ક્યારેય ખબર પડે નહિ. ૧૫. અમે અમારી જીભને દબાવીને રાખીએ છીએ. તેથી જેવું દેખાય છે તેવું કહેતા નથી અને જેટલું સહુને મનાય તેટલી જ વાત અમે કરીએ છીએ. ૧૬. સત્સંગની વાત તો અપાર છે. અમે તેમાંથી તલભાર વાત જ કહીએ છીએ. જે વિમુખ જીવ છે તેને આ તલ જેટલી વાત પણ મેરુના સમાન દેખાય છે. ૧૭.

જે ઉદ્ધવજીના જેવા પાકા ભક્ત હોય છે. તેઓ તો સત્સંગ સંબંધી જે કોઈ પણ વાત દિવ્ય હોય કે પ્રાકૃત હોય, તે બધી વાતને દિવ્ય જ માને છે. ૧૮. જે મનુષ્યને ભગવાનનો સંબંધ થયો હોય, ભલે તે ચાંડાળ પર્યંત નિમ્ન હોય, તોપણ શાસ્ત્રો તો તે ભગવત્સંબંધને પામેલા ચાંડાળ જેવાને પણ દિવ્ય આત્મા જ કહે છે. આ અંગે એક તલભાર પણ સંદેહ નથી. ૧૯.

❋ બધા શાસ્ત્ર પ્રગટને આધીન છે તથા સજ્જનનું લક્ષણ :

છતાં પણ દેહનો જે લૌકિક વ્યવહાર હોય તેનાથી બહાર ક્યારેય ચાલવું નહિ. મોટાપુરુષોએ સમજી-વિચારીને આ દુનિયાની જે સ્થિતિ-વ્યવસ્થા નક્કી કરી છે, તે વ્યવસ્થામાં રહીને તેમાં દિવ્યભાવ રાખવો. મોટાપુરુષોએ બાંધેલી જે સ્થિતિ-વ્યવસ્થા કે મર્યાદાને જે જેટલી તોડીને વર્તે છે તે તેટલો આધુનિક છે એમ જાણવું. પ્રાચીન નહિ. ૨૦-૨૧.

જેટલા શાસ્ત્ર કહેવાય છે તે બધા પરમેશ્વરને આધીન છે. પરમેશ્વરની જ્યારે જેવી મરજી હોય ત્યારે તેવું શાસ્ત્રો પ્રતિપાદન કરે છે. ૨૨. કેટલાક અસુરો એવો ધર્મ માને છે કે, "થોડું પાપ હોય તે ક્યારેય લાગતું નથી. વગર વાંકે મનુષ્યની હત્યા કરવાનું પાપ વધારે છે." ૨૩. સૃષ્ટિ બે પ્રકારની છે. એક સ્થાવર અને બીજી જંગમ. સ્થાવર સૃષ્ટિને આધારે જ જંગમ સૃષ્ટિ જીવે છે. કારણ કે, ભગવાને જંગમ સૃષ્ટિને જીવાડવા માટે જ સ્થાવર સૃષ્ટિ

રચી છે. ૨૪. પરંતુ, **અનંત બ્રહ્માંડોના કર્તા એવા જે પરમેશ્વર છે, તેઓ જેને પાપ કહે છે તે પાપ છે, અને તે બધા પાપ સત્ય છે.** ૨૫. કેટલાક ઋષિઓએ યુગ પ્રમાણે અને દેશના આચાર પ્રમાણે ધર્મ મર્યાદાઓને બાંધી હોય છે. કેમ જે, તે ધર્મ વિના બધું એકાકાર થઈ જાય છે. ૨૬.

જે જે અયોગ્ય બાબત હોય, જે કાંઈ જેણે જે કરવાનું હોય તેમાં સાધુ પુરુષોને જે અયોગ્ય જણાય તેને બધા અધર્મ કહે છે. ૨૭. સાધુ પુરુષોમાં સાત્ત્વિક ગુણ અખંડ નિવાસ કરીને રહેતો હોય છે. તે રજોગુણ કે તમોગુણના વાવાઝોડાથી ક્યારેય સત્ત્વગુણ ઘટતો નથી. ૨૮. **તે સાધુપુરુષો છે તે મનુષ્ય માત્રને પોતાના મિત્રના સમાન દેખે છે. કોઈ તેમની સેવા કરે કે ન કરે, તેને પોતાના પુત્રના સમાન જાણે.** ૨૯.

ચોપાઈ :

भगवान के सुखकर सुखि जेहा, वरतन में देखावे तेहा;
पदार्थ हित मन क्षोभ न होवे, हरि विन सब दुःखरूप हि जोवे...३०

તે સત્પુરુષો ભગવાનનાં સુખથી જ સુખી રહેતા હોય છે. તે તેમના વર્તનમાં દેખાય આવે છે. કોઈ પદાર્થ માટે તેમનું મન ખળભળે નહિ અને ભગવાન સિવાયનું બધું જ દુઃખરૂપ દેખે છે. ૩૦. તેઓને રાત-દિવસ એવી જ સમજણ રહે છે કે, દુઃખ ભોગવીને સુખ કેમ પમાય ? ખાવાનું-પીવાનું કે વસ્ત્ર આદિ અનાયાસે જે કાંઈ પદાર્થ મળે, ૩૧. તેને ધર્મને અનુસરીને ભોગવે. ધર્મનો ત્યાગ કરીને લગારેય ભોગવે નહિ. કેમ જે, **ધર્મને તજીને જે કાંઈ સાધન કરવામાં આવે, તેમાંથી એક પણ સફળ થાય નહિ.** ૩૨. કોઈ જ્યારે ભગવાનની આગળ 'ધર્મ સત્ય છે' એમ કહે ત્યારે ભગવાન તેના ઉપર પ્રસન્ન થાય છે. ધર્મ મનુષ્યમાત્રનું હિત કરનાર છે. અરે, ધર્મ તો મનુષ્યને આગથી પણ ઉગારી લે છે. ૩૩. જો ધર્મ સહાયતા કરે તો કોઈ માણસને સર્પ કરડ્યો હોય તોપણ તે મરે નહીં. મહાસાગરમાં વહાણ ડૂબી જાય છે ત્યારે તેમાં અપાર લોકો મરી જાય છે, ૩૪.

પણ ત્યાં ધર્મ આવીને કેટલાકની રક્ષા કરીને બચાવી લે છે અને મનુષ્યને દુઃખરૂપ કોઈ સંકટ જે આવે છે તે અધર્મનું ફળ હોય છે એમ માનવું. ૩૫.

સંકટ સમયે પણ જેટલું સુખ થાય અને દુઃખનો નાશ થાય તે ધર્મનું ફળ છે એમ માનવું. જેટલું ચોરીનું કર્મ કહેવાય છે, તે બધાને અધર્મનો માર્ગ કહેવાય છે. ૩૬. જે મનુષ્ય અધર્મી છે, આસુરી છે, તે કરોડો વાર દુઃખ પામે છે છતાં તે કયારેય અધર્મને છોડતો નથી અને તેના ઉપર જમ પણ દયા લાવતા નથી. ૩૭. જે માણસ જેવો અધર્મ કરે છે તેને તેવું દુઃખ આવે જ છે. અને જે ધર્મ પાળનારા સમજુ લોકો હોય છે તે કયારેય અધર્મની સામે પણ જોતા નથી. ૩૮. શ્રીહરિએ જયારે આટલી વાત કરી ત્યારે વિપ્રોએ રસોઈ તૈયાર કરી દીધી. તેઓ પ્રથમ શ્રીહરિને જમાડવાની ઈચ્છાથી બોલાવવા માટે આવ્યા. ૩૯. શ્રીહરિ તત્કાળ ત્યાંથી ઊઠ્યા. પીતાંબર પહેરીને તુરંત જમી લીધું અને પછી બધા વિપ્રોને જમવા માટે બેસાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગ સભાનું માહાત્મ્ય કહ્યું, પોતે જમ્યા અને વિપ્રોને જમવા બેસાડ્યા' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ।।૩૩।।



પૂર અગિયારમું : તરંગ - ૩૪

સંઘને જૂનાગઢને માર્ગે રવાના કરીને શ્રીહરિ ધોરાજી પુરમાં પધાર્યા

શ્રીહરિ થાળ જમીને તરત જ જયાં વિપ્રો જમતાં હતાં ત્યાં આવ્યા. ત્યારે વિપ્રોએ શ્રીહરિને કહ્યું, આવાં સરસ લાડુ કોઈએ કયારેય કરાવ્યા નથી. ૧. અમે લાડુ થીણું ઘી નાખીને વાળ્યા છે. જમવામાં એવું લાગે છે કે, માનો એકલું ઘી અને સાકર જ ખાતા નહોઈએ ? આવું તો સમર્થ વિના કોઈથી ન થાય. ૨. ત્યારે શ્રીહરિએ કહ્યું, ઘી મંગાવજો. હવે ઘીની તાણ રાખશો નહિ. જેટલું ભાવે એટલું ઘી જમજો. જે જમે તેના ઉપર અમે પ્રસન્ન છીએ. ૩. વિપ્રોએ કહ્યું, ઘીનાં ઠામ તો ઘણાં ભર્યાં છે. ખુટવાડ્યા લગાર પણ ખૂટે એમ નથી. ઘી ખુટવાડવા અમે અમારી બધી કળા કરી ચૂક્યા છીએ. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમારું ઘી વધવું ન જોઈએ. જેટલું ભાવે તેટલું ઘી પીવો. તમે જેટલું ઘી પીશો તેટલું મોટા ઋષિઓ તૃપ્ત થાશે. ૫. અને

જ્યારે ઋષિઓ તૃપ્ત થાશે ત્યારે મોટા દેવો પણ અપાર તૃપ્ત થાશે. આ રીતે વિપ્રોને પ્રસન્ન કરીને શ્રીહરિએ પ્રેમથી બધા વિપ્રોને જમાડ્યા. ૬. જ્યારે બધા વિપ્રો જમી રહ્યા ત્યારે તેમને ધન અને દક્ષિણા પણ ઘણી જ આપી. ત્યારે વિપ્રોએ 'જય જય' 'જય જય' એમ બોલીને શ્રીહરિનો જયઘોષ કર્યો. અને કહેવા લાગ્યા, 'હે વિપ્રવલ્લભ! આપની કીર્તિ વ્યાપક થાઓ. ૭. આપ તો સદાને માટે સંતવલ્લભ છો. આપ તો ભક્તવલ્લભ છો. જે લોકો જેવી આપની અપકીર્તિ કરશે તેવી જ તેમની અપકીર્તિ થશે. ૮. જેનાં ઘણાં ભારે ભાગ્ય ઉદય થયાં હોય તે નર-નારીઓ જ આપની પૂજા કરી શકે છે. આ ભૂમિ ઉપર જે લોકો આપને જેટલા પૂજશે, તેટલાં તે કીર્તિવાળા થાશે.' ૯.

આમ કહીને વિપ્રો પુરમાં ગયા. શ્રીહરિએ સંતોની પંગત પછી કરાવી હતી. તે સમયે જે સંન્યાસીઓ અને વર્ણીઓ સાથે હતા તેમને વિપ્રો કરતાં પહેલા જમાડી દીધા હતા. ૧૦. સહુથી પહેલા શ્રીહરિને જમાડ્યા હતા. બધા ભક્તસમાજમાં આવો વિવેક રહ્યો હતો. જ્યારે સંતો જમવા બેઠા ત્યારે દરબારોને અને પાર્ષદોને પણ જમવા બેસાડી દીધાં. ૧૧. શ્રીહરિએ સાકરના સુંદર લાડુ જે ઘણા સારા હતા તે સહુને પીરસીને જમાડ્યા. જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી પંગતમાં પીરસવા ફરતા રહ્યા હતા. ૧૨. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ પોતાના હાથ ધોયા. બીજી બાજુ ગામના હરિભક્તો શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. ૧૩. શ્રીહરિએ આખા સંઘને કહ્યું કે, બધો સંઘ તૈયાર થઈ જૂનાગઢને રસ્તે ચાલો. અમે તમારી પાછળ આવીએ છીએ. ૧૪.

આજ આવતીરાત **વડાળ** ગામમાં રહેવી છે. વિપ્ર નાનાભાઈને બોલાવીને તેમને સંઘમાં મુખ્ય કર્યા. ૧૫. પાર્ષદ ડુંગરજી જે હતા. તેઓ પાર્ષદોમાં મુખ્ય હતા. ભક્તોનાં સંઘની ચોકી કરવા તેમને સહુની સાથે મોકલ્યા. ૧૬. જે વૃદ્ધ સંતો હતા તેમને સંઘની આગળ ચાલતા કરી દીધા. સત્સંગના નાથ શ્રીહરિએ કહ્યું વડાળ ગામમાં રહેવાનું છે માટે સંતો અને સંન્યાસીઓએ સાથે ચાલવું. ૧૭. **જે ત્યાગીમાત્ર હોય તેમણે સંઘ સાથે ચાલવું નહિ. જો સંઘની સાથે ત્યાગી ચાલે તો તેમને ચાલવાનું સુખ ન આવે.** ૧૮.

સંઘમાં જે બાઈઓ હોય તે સંતોને દેખીને દુઃખી થઈ જાય. માટે બાઈઓ, ભાઈઓ અને સંતો કોઈએ પણ વિવેક વિના ચાલવું નહિ. ૧૯. બાઈઓના સમુદાયમાં બાઈઓ ચાલે અને ભાઈઓના સમૂહમાં ભાઈઓ ચાલે, તો કોઈ દુઃખી ન થાય. અમે તો સહુના સુખ માટે કહીએ છીએ. કેમ જે, એમાં કોઈનું અકાર્ય થાય નહિ. ૨૦. **સહુ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપી કાર્ય સુધારવા માટે આવ્યા હોય છે. એટલે તે કાર્ય સુધરી જાય એવું અમે દેખાડી દઈએ છીએ. અમારો સહુને વિશ્વાસ છે, તેથી તેવી રીતે તરત બતાવીએ છીએ અને જાહેર કરીએ છીએ.** ૨૧. આમ કહીને સહુને શિખામણ આપી. તે સાંભળીને સહુ ચતુર સંતો રાજી થયા. સંતોએ જેવું મનમાં ધાર્યું હતું, તેવું જ શ્રીહરિએ સહુને કહ્યું. ૨૨. આવી તો અનંત અને અપાર વાતો હોય છે. અંતરની વાતોને તો શ્રીહરિ જ જાણતા હોય છે. તેથી ભક્તોનાં અંતરમાં જેવું રહ્યું હોય તે યોગ્ય સમયે બધાથી પહેલા જ કહી દેતા. ૨૩.

એક વ્યવસ્થા પ્રમાણે જ્યારે સંઘ માર્ગમાં ચાલતો થયો ત્યારે પાર્ષદો સંઘની આગળ અને પાછળ ચાલતા. એવી રીતે સહુ ચાલતા થયા. ૨૪. સંઘમાં જે ભક્તો હતા તેઓ જ્યારે બધા આગળ ચાલતા થયા ત્યારે ધર્મકુમાર ધોરાજી પુરમાં ચાલ્યા અને હાથી ઉપર બેઠા. ૨૫. હાથીને બધાં સોનાનાં આભૂષણ પહેરાવ્યાં હતાં. તેના ઉપર મોતીથી જડાઉ સોનાની અંબાડી હતી. ૨૬. અંબાડીના ઉપરના ભાગમાં ઘણી ભવ્ય ઘૂમટી હતી, તેને જોઈને ભક્તો આશ્ચર્યથી વિહ્વળ થઈ જાતા. તેમને ધીરજ રહેતી નહિ. તેના ઉપર સુંદર સુવર્ણ કળશ હતો. ૨૭. શ્રીહરિનાં બધાં અંગોની ઉપર સોનેરી વસ્ત્રો અને સોનાનાં આભૂષણો ધારણ કર્યાં હતાં. મૂર્તિ મનોહર (નવરંગ) બની હતી. ગોંડળ નરેશ હઠીભાઈ ચામર કરવા બેઠા હતા. ૨૮.

ગઢપુરના દરબાર એભલ ખાચરે ઘણા જ હેતથી ભાઈ રામદાસજીસ્વામી, મુક્તાનંદસ્વામી અને ત્રીજા નિત્યાનંદસ્વામીને પોતાના હાથી ઉપર બેસાડ્યા હતા. ૨૯. બ્રહ્માનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી અને આત્માનંદસ્વામી, એ ચાર સંતોને દરબાર જીવા ખાચરે પોતાના હાથી ઉપર બેસાડ્યા. કારણ કે, જીવા ખાચરને સંતોના ઉપર બહુ હેત હતું. ૩૦.

બોટાદના દરબાર હમીર ખાચર તો રાજા હરિશ્ચંદ્રના જેવા નિષ્ઠાવાન હતા, તેમણે આનંદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી અને ગોવિંદાનંદસ્વામી, એ ચાર સંતોને પોતાના હાથી ઉપર બેસાડ્યા હતા. તેમને પણ સંતોની સાથે પરમ સ્નેહ હતો. દરબાર સોમલા ખાચર સત્યવ્રત રાજા જેવા હતા. તેમને પણ શ્રીહરિ તથા સંતોના ઉપર અનુપમ હેત હતું. ૩૧-૩૨. તેમણે પણ સદાનંદસ્વામી, મોટા સુખાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી અને પ્રભૂતાનંદસ્વામી, એ ચાર સંતોને આનંદથી હાથી ઉપર બેસાડ્યા હતા. ૩૩.

તે સિવાયના પણ જે જે દરબારો હાથી લાવ્યા હતા. તેમણે સહુએ પણ પોતાના હાથીના ઉપર ચાર ચાર સંતોને બેસાડ્યા હતા. બીજા જે જે કાઠી દરબારો આવ્યા હતા તેઓ સો સો જેટલા અશ્વોને સાથે લાવ્યા હતા. ૩૪. કાઠીઓને અશ્વના ઉપર બહુ હેત-ભાવ રહેતો. તેની તુલનામાં હાથી ઉપર લેશમાત્ર પણ હેત ન રહેતું. જગતમાં બીજા બધા લોકો હાથીના વાહનને સર્વોપરિ જાણતા હતા. ૩૫. સર્વોપરિ વાહન છે એમ જાણીને જ રાજાઓ હાથીને વાહનનાં રૂપમાં રાખતા હતા. કાઠી તો હાથીને રાખે અને કયારેક ન પણ રાખે, એવી તેમની રીત હતી. ૩૬.

શ્રીહરિને હાથી ઉપર બેસાડવા અને તેમનું સુખ લેવા માટે જ્યાં સુધી શ્રીહરિની રુચિ હોય ત્યાં સુધી કાઠીઓ હાથીને રાખતા પણ તેમને દિલથી હાથી રાખવામાં પ્રેમ ન હતો. ૩૭. તે સિવાય દરબારોના જેટલા રથ અને મ્યાના હતા તે બધા ઉપર જે મોટા મોટા સંતો હતા તેમને બેસાડ્યા. ૩૮. કેટલાક સંતો તો શ્રીહરિની આગળ ચાલીને દર્શન કરતા હતા. અને તે સહુ અત્યંત પ્રેમમગ્ન થઈને કીર્તન ગાતા હતા. ૩૯. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને અશ્વોના ઉપર ડંકા વાગતા હતા. તેના ધ્વનિથી આકાશ ગુંજી રહ્યું હતું અને આકાશમાં જરિયાની નિશાન ફરકી રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સંઘને જૂનાગઢને માર્ગે રવાના કરીને શ્રીહરિ ધોરાજી પુરમાં આવ્યા' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર અગિયારમું : તરંગ - ૩૫

ધોરાજીમાં પધરામણીએ જઈને નવાબને પત્ર લખ્યો તથા વડાળ આવ્યા

શ્રીહરિ ધોરાજી પુરમાં પધાર્યા. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર છડી બોલતા હતા કે, "જય જય જગતના નાથ !! ૧. 'જય જય !! દેવાધિદેવ !!" "જય જય !! જગન્નિવાસ !! "જય જય !! બ્રહ્માંડોનાં અધીશ !!" "જય જય !! ભક્તોના સંકટોનો વિનાશ કરનારા !!" ૨.

ગામના લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં ઊભા હતા. હાથમાં ફૂલના હાર હતા અને પ્રેમભાવથી શ્રીહરિને સહુ પૂજતા હતા. ૩. શ્રીહરિએ અવિદ્યાનું માથું એવું કચરી નાખ્યું હતું કે તે ફરીને કયારેય પોતાનું બળ બતાવે નહિ. આવો પ્રતાપ શ્રીહરિએ બતાવ્યો હતો. ૪. પુરની સ્ત્રીઓ મોતીથી ભરેલા થાળ હાથમાં લઈને બજારમાં ઊભી હતી. શ્રીહરિ પાસે આવતા ત્યારે ઘણા જ પ્રેમરસથી તરબોળ થઈને ઉત્સાહપૂર્વક મોતીથી વધાવતી હતી. ૫. શ્રીહરિ ધોરાજી ગામની બધી જ બજારોમાં વિચર્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણના હરિભક્તોના ઘર ગામમાં હતાં. ૬. તે સહુ ભક્તોએ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા અને ઘણા જ પ્રેમથી સભર થઈને સહુએ પૂજા કરી. જે ભક્તોના જેવા મનોરથ હતા તેને શ્રીહરિએ તેવાં રૂપમાં પૂર્ણ કર્યાં. ૭.

હરિભક્ત સિવાયના પણ બીજા લોકો જે ભાવિક હતા તેમણે સહુએ પણ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને એમ બોલતા કે, ફરીને આવો અવસર કયાંથી આવે ? અને દેહનાં આયુષ્યનો કાંઈ નિર્ધાર નથી ! ૮. સહુએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. ધોરાજી ગામ દરબાર હઠીભાઈનું હતું. તેમણે પુરવાસીઓને અગાઉ સૂચના આપી દીધી હતી કે આવો અવસર કોઈ દહાડે આવશે નહિ. ૯. ધન અને તન વારંવાર મળી શકે છે પણ આવો શ્રીહરિનો જોગ ફરીવાર નહિ આવે. પણ અભાગિયા લોકોના ગુરુઓ અને તેવા જ તેના અભાગિયા શિષ્યો, પરસ્પર મળી ગયા. ૧૦.

પ્રકટ વિરાજમાન શ્રીહરિમાં દોષ દેખાડીને તે ગુરુઓએ શિષ્યોને પોતાના મતમાં બાંધી દીધા હતા. તેથી તે અભાગિયાઓને કયારેય શ્રીહરિની

સેવાનો લેશ પણ લાભ મળ્યો નહિ. ૧૧. આવા જે ગુરુઓ અને તેના શિષ્યો હતા, તે બધા શ્રીહરિનો અપરાધ કરીને, તે પોતાનાં જ પાપથી ઘોર નરકમાં પડ્યા. પણ પછીથી તો તેઓને ઘણો જ પશ્ચાત્તાપ થયો હતો. ૧૨. મોક્ષનો આટલો સારો યોગ, તેને તો તેઓ ચૂકી ગયા. ફરીવાર આવો યોગ ક્યાંથી મળે ? એટલે તેમનાં મનમાં ઘણું જ દુઃખ થતું રહ્યું કે જે મુખથી કહી શકાતું નથી. ૧૩. પણ પોતાના રાજા હઠીભાઈની સૂચનાને જેણે જેણે દિલથી માની લીધી, તે લોકો તો અંતે શ્રીહરિનાં ધામને પામ્યા. અને ત્યાંનું અનંત સુખ તેમને પ્રાપ્ત થયું. ૧૪.

શ્રીહરિવર ધોરાજી-પુરવાસીઓને આવું અપાર સુખ આપીને પછી પુરની બહાર આવ્યા અને 'જયજયકાર' કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૫. રસ્તામાં વિનોદ કરતા શ્રીહરિ **'વડાળ'** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોના હૃદયમાં આનંદ સમાતો ન હતો, સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૬. હરિભક્તો બધા ગુર્જર સુતાર હતા. તેમને શ્રીહરિના ઉપર બહુ હેત હતું. આવીને ચરણકમળમાં નમી પડ્યા અને જે ફૂલહાર હતા તે પહેરાવી દીધા. ૧૭. શ્રીહરિનાં દર્શન કરીને સહુ ગુલતાન થઈ ગયા. સહુને અપાર શોભાયુક્ત સ્વરૂપનાં દર્શન થયાં. જ્યાં બધો સંઘ ઊતર્યો હતો તે સ્થળે સહુ ઉમંગભર્યા આવ્યા. ૧૮.

શ્રીહરિને માટે જ્યાં તંબુ તૈયાર કરાવ્યો હતો, તેને જોઈને પછી તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. હરિભક્તોએ તેમાં એક પલંગ બિછાવી દીધો. સુખદાયક શ્રીહરિ તેના ઉપર બેઠા. ૧૯. બધા દરબારોએ પણ ઉતારો કર્યો. પછી બિછાના બિછાવ્યાં હતાં તેના ઉપર આવીને બેઠા. સંતો, સંન્યાસીઓ અને વર્ણીઓ આદિ સહુ ત્યાગીઓ પણ ત્યાં આવીને બેઠા. ૨૦. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે પ્રકટાવેલી બહુ મશાલો ત્યાં આવી. આવનારા સહુ શ્રીહરિને પગે લાગતા અને ત્યાં સતત વાજિંત્ર વાગતાં રહેતાં હતાં. ૨૧. જ્યારે સંતો આરતી બોલી રહ્યા ત્યારે શ્રીહરિએ ધૂન ઉઠાવી. ધૂનનો અવાજ ઘણો ભારે થતો હતો. તેનાથી પર્વત અને ઝાડી બધું ગાજી ઊઠ્યું હતું. ૨૨.

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે તેમણે સહુ સંતોને નમસ્કાર કર્યાં. શ્રીહરિની આગળ સંતો પણ ઘણી વાર સુધી 'જય જય' 'જય જય' નો શબ્દ ઉચ્ચારી રહ્યા હતા. ૨૩. વારંવાર બંદૂકો ફૂટતી હતી. તેનો ધ્વનિ ઘણો જ થાતો હતો. મેઘના કડાકાની જેમ વારંવાર પર્વત અને ગામ, તેનાં પડઘાથી ગાજતું હતું. ૨૪. જૂનાગઢના લોકો પરસ્પર એમ કહેતા હતા કે આવા અવાજો ક્યારેય સાંભળ્યા નથી. આટલો બધો આ ધ્વનિ ક્યાં થઈ રહ્યો છે ? આશ્ચર્ય થાય છે કે આવા અવાજો ક્યાં થાય છે ? ૨૫. શ્રીહરિએ ધોરાજીથી જ બે ઘોડેસવારોને એક પત્ર આપીને જૂનાગઢના નવાબને ખબર આપવા મોકલ્યા હતા. ૨૬.

દરબાર હઠીભાઈએ નવાબ હેમદખાનને પત્ર લખ્યો હતો. "મારા ગુરુ સ્વામિનારાયણ આ તરફના બધા દેશમાં ફરે છે અને હવે તમારા નગર જૂનાગઢમાં આવે છે. ૨૭. હું તેમની સાથે છું અને બીજા કાઠી દરબારો છે. કોઈ કાંઈ ઉપાધિ કરે એવા નથી. મોટા શાહુકાર કરતાં પણ કરોડ ગણા સારા છે. ૨૮. તેમના સંઘના જે માણસો છે તેમની પાસેથી કોઈ પણ જાતનો કર લેવાનો નથી. તેઓ કોઈ પણ જાતનો કર લેવાને લાયક નથી. તે વાત હું નિઃસંદેહપણે કહું છું. ૨૯. જો તમે નાગરોનું કહ્યું માનશો તો તેઓ કરોડ જાતના ઉત્પાત કરાવશે. જગતમાં જે જે ઉત્પાત થાય છે તે બધાનાં મૂળમાં મોટે ભાગે જે ખરાબ નાગરો હોય છે તે જ રહ્યા હોય છે. ૩૦. તે બંને બાજુથી ધન લે, કોઈને ક્યારેય ખબર પડવા દે નહિ. તેઓ ખરેખર ધનના લૂંટારા છે પણ અદલ શાહુકાર બની બેઠા છે. ૩૧. જેટલા રાજાઓ કહેવાય છે તે બધાને તે લૂંટી ખાય છે. વફાદાર અને હિતકારી ચાકર થઈને નામું લખે. નામું લખવામાં લગારેય ફેર આવવા ન દે. ૩૨. બધી વાતને સચોટ દેખાડી દે. એવી તો તેમાં ચતુરાઈ રહી છે." ઘોડેસવાર નવાબની પાસે ગયા. ઉમંગથી તેમને પત્ર આપ્યો. ૩૩.

નવાબે તે પત્ર વાંચ્યો. મનમાં ખૂબ રાજી થયા. નવાબે તરત પરવાનગીનો પત્ર લખી આપ્યો. આપ ચાહે તેટલા માણસો લઈને ખુશીથી જૂનાગઢમાં આવો. તેમાં કાંઈ સંદેહ-શંકા રાખશો નહિ. દરબાર

હઠીભાઈએ અમારા ઉપર જે પત્ર લખ્યો છે તેનાથી અમે બધી વિગત જાણી છે. ૩૪-૩૫. જો ખબર ન હોય તો શંકાથી ઉત્પાત થઈ શકે છે. રાજાઓની આવી રીત હોય છે. આપ તો બધી રીતને જાણો જ છો. હું વધારે શું લખું ? ૩૬. નવાબ હેમદખાને રામજી મહેતા અને બીજા અંબારામ, તેમને પત્ર આપ્યો અને શ્રીહરિની પાસે તે બંનેને મોકલ્યા. તેઓ વડાળ ગામ આવ્યા. ૩૭.

તે બંને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને નવાબનો પત્ર આપ્યો. તે વાંચીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા અને બોલ્યા કે આપણું કામ સિદ્ધ થઈ ગયું. ૩૮. પછી તો "જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. તેઓ કાઠીઓને સાથે લઈને જૂનાગઢ આવે છે." એવી ખબર નાગરોને પડી. ૩૯. બધા નાગર ભેળા થયા અને પછી નવાબ સાહેબ પાસે સહુ ગયા અને તેમને જેવી ચાનક ચડી તેવી વાત ત્યાં જાહેર કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ધોરાજીમાં પધરામણીએ જઈને વડાળ આવ્યા અને નવાબને પત્ર મોકલ્યો' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર અગિયારમું : તરંગ - ૩૬

સહનશીલતા અને નિર્માનીપણું ઇત્યાદિની શ્રીહરિએ વાત કહી

શ્રીહરિવરે સહુ સંતોને સભામાં બોલાવ્યા અને સહુને કહ્યું, વિમુખ લોકો ચાહે તેવું બોલે પણ આપણે રાજીપે તેને સહન કરવું. ૧.

✵ સંતોના મુખ્ય ગુણો :

જેનામાં જેટલી સહનશક્તિ હોય તે તેની સહુથી વધારે મોટપ કહેવાય છે. માટે શુકદેવજી અને સનકાદિકોની સહન કરવાની રીતને સહુએ ગ્રહણ કરવી. ૨.

सोरठा : निरमान मुख्य हे धर्म, संसार किये त्याग जेहि;
निरमान विन त्याग शर्म, गीता में प्रथम कहे यह...०३

सोरठा : निरमान संत हि जेह, दुल्लभ में दुल्लभ कहेउ;
भगवान कु प्रिय तेह, रमा प्रिय न तेहि सम...०४

જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેનો મુખ્ય ધર્મ તો નિર્માનીપણું છે. નિર્માનીપણાં વિનાનો ત્યાગ તો શરમજનક છે. ગીતામાં સંતોનો પ્રથમ ગુણ નિર્માનીપણું કહ્યો છે. ૩. જે નિર્માની સંત હોય તે તો અતિ દુર્લભમાં દુર્લભ છે. નિર્માની સંત ભગવાનને એટલા બધા વહાલા છે કે, તેના જેટલા તો લક્ષ્મીજી પણ ભગવાનને વહાલા નથી. ૪.

❋ વાણીવિવેક :

चोपाई :

निरमान में मोटप हे अपारा, ताकी मोटप को न आवे पारा;
पर कु क्रोध चढे ततकाला, जेहिकर जनकु उपजे काला...०५
एसे वचन जेते कहावे, संतजन कबु सो मुख न लावे;
शास्त्र की रीत से करना बाता, मुखे कोई को न बोलना घसाता...०६

નિર્માનીપણામાં અપાર મોટપ છે. નિર્માનીપણારૂપ મોટપનો કોઈ પાર આવતો નથી. જે વચન સાંભળવાથી બીજાને તત્કાળ ક્રોધ ચઢે અને જેનાથી મનુષ્યનું તરત જ મોત નીપજે એવા વચનો સંતો ક્યારેય મુખમાં ન લાવે. જે વાત કરવી તે શાસ્ત્રની રીતે મર્યાદામાં રહીને જ કરવી. મુખથી કોઈનું ઘસાતું કયારેય બોલવું નહિ. ૫-૬.

શુકદેવજી અને સનકાદિકો કેવું બોલે છે ? સહુએ તેવું બોલતા શીખવું જોઈએ. શીખ્યા વિના બોલતા આવડે નહિ. વાત કરીને તો લોકો કરોડોનું ધન ભોગવે છે. ૭. **વાત તો એક વશીકરણ મંત્ર કહેવાય છે. વ્યવહાર કરતાં મોક્ષની વાત વધારે મહત્ત્વપૂર્ણ છે. શીખ્યા સિવાય કયારેય કંઈ આવડે નહિ. પછી તે લૌકિક વ્યવહાર હોય કે મોક્ષની રીત હોય પણ તે તો બધી શીખવી જ પડે. ૮.** પોપટ અને મેના પક્ષી ગણાય છે. તેઓ પણ બોલતા શીખે છે, ત્યારે કેવી સુંદર બોલી બોલી શકે છે ? એટલે બધી જ બાબત શીખ્યા જેવી છે. ૯. વ્યવસ્થિત રીતે શિક્ષણ લીધા વિનાનો મનુષ્ય હોય તોએ શું ? તેની

કોઈ કિંમત કરતું નથી. અર્થાત્ તેનો આદર થાતો નથી. તે મનુષ્ય ઘડ્યા વગરના પથ્થર જેવો છે તેથી મનુષ્ય હોવા છતાં તે શોભતો નથી. ૧૦.

આ જગતમાં જે કાંઈ દેખાય છે તે બધું જ સુધાર્યા વિના કાંઈ સુધરતું નથી. આ જગતની રીત જ એવી છે કે જો કોઈ વ્યક્તિ કે વસ્તુ સુધારી ન હોય તો તેમાં કોઈ હેત કરતું નથી. ૧૧. આખું જગત જેમ વ્યવહારને સુધારવામાં મંડ્યું છે, **તેમ સત્સંગને સુધારવા માટે સંતોએ તત્પર રહેવું જોઈએ. ૧૨. તમે બધા સુધરવા માટે આવ્યા છો તેથી જ અમે આવી બધી વાત કહીએ છીએ. ખપ વિના વાત થઈ શક્તી નથી. એવું પ્રત્યક્ષ દેખાય છે. ૧૩.**

सोरठा : आपे सुधरे जोउ, सत्संग सो सुधार रहेउ;
एसी रीत हे सोउ, दरपन मुख देखाई देत...१४

જો આપણે પોતે સુધરી જઈએ તો સત્સંગને આપણે સુધારી જ રહ્યા છીએ. જેમ દર્પણમાં મુખ જેવું હોય તેવું દેખાય છે. એવી રીતની આ વાત છે. ૧૪. **સત્સંગ અને સત્સંગની વાત દર્પણના જેવી છે. જે જેવું વર્તતો હોય, તેવું તેનું વર્તન દેખાડી દે છે. ૧૫.નિર્માનીપણાનો ગુણ શીખ્યા વિના જેટલી કસર-ખામી રહી ગઈ હોય તે તરત જ અહીં દેખાઈ આવે છે. તેમાં કોઈ પણ પ્રકારનો દંભ ઢાક્યો રહેતો નથી. ૧૬. વિવિધ પ્રકારના રસ જ્યારે ભોગવવા મળે ત્યારે તેમાં નિઃસ્વાદીપણું ઢાંકયું પણ ઢંકાય રહે નહિ. તેમ કોઈ પોતાને વારંવાર જાણી જોઈને ખરાબ શબ્દ કહે ત્યારે નિર્માનીપણું કેવું છે ? તે દેખાઈ આવે. જેના ઉપર મનમાં વધારે પડતું હેત હોય તેનો જ્યારે જોગ થાય ત્યારે નિઃસ્નેહપણું દેખાય છે. જોગ થયા વિના ક્યારેય ખબર પડે નહિ. ધનનો જ્યારે જોગ થાય ત્યારે ખબર પડે કે નિર્લોભપણું કેવું છે. ૧૭-૧૯.**

એકાંત સ્થળમાં સ્ત્રીનો જોગ થઈ આવે અને તે સમયે પણ તે સ્ત્રીમાં 'માતા' જેવી શુદ્ધ ભાવના રહે, ત્યારે તે ખરું દૃઢ નિષ્કામવ્રત કહેવાય છે. પ્રસંગ પડ્યા સિવાય ક્યારેય ખબર પડે નહિ. ૨૦. રાત-દિવસ નિયમરૂપ કિલ્લામાં રહેવું. અને નિશ-દિન આવી વાતો શીખતા રહેવું. અને અષ્ટાંગયોગ તો ઘણો કઠણ છે. તે ત્યાગી સિવાય તેનો નિભાવ થાય નહિ, તે ટકી શકે નહિ.

૨૧. જેને શરીરનો અતિશય અભાવ હોય તેનાથી જ અષ્ટાંગયોગ સાધી શકાય છે. એવા સંત માયિક સુખ-દુઃખોના પ્રસંગમાં દુઃખી થઈ જતા નથી, ૨૨. અને હર્ષ-શોકમાં લેવાઈ જતા નથી. એટલો અષ્ટાંગયોગનો લાભ કહેવાય છે. જેટલા શરીર સંબંધી દુઃખ કહેવાય છે, તે અષ્ટાંગયોગથી તરી જવાય છે. ૨૩. અષ્ટાંગયોગ તો તુંબડાની કોટિનો ગણાય. તુંબડાથી નાની નદી તરી શકાય, તેમ અષ્ટાંગયોગથી તુચ્છ સુખ-દુઃખાદિકને પાર કરી શકાય છે. ૨૪.

મૃત્યુનો સમય, તે તો મહાસાગર જેવો છે. તે વહાણ વગર તરી શકાતો નથી. સત્સંગરૂપ વહાણ દ્વારા જ મૃત્યુના મહા દુઃખને પણ તરી શકાય છે. ૨૫. માટે અષ્ટાંગ યોગ કરતા પણ સત્સંગને અધિક કહ્યો છે. સત્સંગરૂપ વહાણને આશરે ચંડાળ સુધીના અનંત નરનારીઓ સંસાર સાગરને તરી જાય છે. ૨૬. જેને ભગવાનનો જોગ થયો હોય છે તેવા ત્યાગીની તો વાત શું કહેવી ? તેના મહિમાને મુખથી કહી શકાતો નથી. ભવ, બ્રહ્મા પણ તેમનાં દર્શન ચાહે છે. ૨૭. શ્રીહરિએ આટલી વાત ત્યાં કહી. **શ્રીહરિ ખપ જોઈને અતિ હેતથી વાત કહેતા.** જ્યારે જેટલી વાતની જરૂર હોય ત્યારે શ્રીહરિ તેટલી વાત કરતા. ૨૮.**ખપ જોઈને થોડી પણ વાત કરવામાં આવે તો તેના ઉપર અપાર હેત વધે છે. શ્રીહરિને જેવું વાત કરતાં આવડતું તેવું બીજા કોઈને ક્યારેય આવડે નહિ.** ૨૯.

જેનાં હાથમાં જે કળા હોય તેવું તે કામ કરી શકે છે. બીજો માણસ શીખીને પણ તે કામ કરવા પ્રયત્ન કરે, તોપણ મૂળ કસબી-કળાકાર હોય તેવું કામ તે શિખાઉથી થાય નહિ. ૩૦. કસબ-કળા અને વિદ્યા એક જ કહેવાય છે. પણ શબ્દે કરીને અલગ અલગ કહેવાય છે. જ્યારે શ્રીહરિએ સંતોને આવી વાત કહી ત્યારે બધા સંતો ખુશ થઈ ગયા. ૩૧. **પછી સહુ સંતોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અમે અમારો આ દેહ આપને અર્પણ કરી દીધો છે. હવે અમારે આપનાં વચનરૂપી દોરડા ઉપર ચાલીને ખેલ કરવો છે. ૩૨.** અત્યાર સુધી ઘણા કાળથી મનનાં કહ્યાં પ્રમાણેનાં દોરડાં ઉપર ખેલ ખેલ્યા છીએ. અને તેને પરિણામે જ લખચોરાશીના ફેરા ફર્યા છીએ અને જમપુરીમાં અનેક નરક કુંડોનાં દુઃખો વારેવારે ભોગવતા રહ્યા છીએ. ૩૩.

પ્રહ્લાદ, પ્રિયવ્રત વગેરે જેમણે જેમણે આપનાં વચનનાં દોરડાં ઉપર ખેલ ખેલ્યા છે, તે બધાં શુકદેવજી, સનકાદિક અને નારદજી જેવા અનંત મુક્ત થઈ ગયા છે. ૩૪. તે બધાને અક્ષરધામનું સુખ મળ્યું છે. ફરીને તેમને કયારેય દુઃખ વેઠવું પડ્યું નથી. અમે અમારા કાનથી તેમનાં સુખને સાંભળ્યું. તે પછી અમારું મન સત્સંગમાં લોભાયું છે. ૩૫.

શ્રીહરિએ સંતોનાં આવાં પ્રેમરસભર્યાં વચન સાંભળ્યાં. સ્વયં ભક્તવત્સલ અને ભક્તપ્રતિપાલક છે, તેઓ તે વચન સાંભળીને ખૂબ જ ખુશી થયા. ૩૬. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને કહ્યું, તમારે કોઈએ કોઈ રાજપુરુષ, શસ્ત્રધારી કે પંડિતની સાથે વાદવિવાદ કરવો નહિ. ૩૭. જાણી જોઈને કોઈ સ્ત્રી સાથે પણ વાદ-વિવાદ કરવો નહિ. કેમ જે, સંભવ છે તેનાથી કોઈ મિથ્યા અપવાદ નાખે અને તેનાથી મરણ પણ થાય. ૩૮. શ્રીહરિ ભક્તોને જે જે આજ્ઞાવચન કહેતા હતા તેને સહુ બરાબર પૂરી રીતે માનતા. તેનાંથી શ્રીહરિ તેમના ઉપર ઘણું પ્રસન્ન થયા. સત્સંગની તો વાત જ શું કહેવી ? ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સહનશીલતા અને નિર્માનીપણું આદિ પંચવ્રતમાનની વાત કહી' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર અગિયારમું : તરંગ - ૩૭

શ્રીહરિ જૂનાગઢ પધાર્યા અને નવાબે સામૈયું લઈને દીવાનને મોકલ્યા

શ્રીહરિ સંતોને અને હરિભક્તોને શિખામણ જ્યારે કહી રહ્યા તે જ વખતે રસોઈ તૈયાર કરીને મુકુંદવર્ણી બોલાવવા આવ્યા. ૧. શ્રીહરિએ પીતાંબર પહેર્યું, ચરણોમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ લીધો અને લટકાળો રંગલહેરી પ્રભુ જમવા ચાલ્યા. ૨. ત્યાં કર-ચરણ ધોયા, રૂમાલથી લૂછ્યા. આવીને બાજોઠ ઉપર બેઠા. તે સમયે વર્ણી ભોજનનો પીરસેલો થાળ લઈ આવ્યા. ૩. થાળમાં સાકરનો કંસાર અને સરસ રોટલી પીરસી હતી.

તેને શ્રીઘનશ્યામ શ્રીહરિ જમવા લાગ્યા. ૪. જ્યારે કંસાર અને રોટલી જમી રહ્યા ત્યારે દૂધ, ભાત અને સાકર જમવા માટે લીધાં. દૂધ, ભાત અને સાકર પણ જ્યારે જમી રહ્યા ત્યારે પ્યારા શ્રીહરિએ તરત હાથ અને મુખ ધોયાં. ૫. શ્રીહરિએ મુખવાસ લઈને સંતોને જમાડ્યા. પછી જે દરબારો હતા તેમને અને બધા પાર્ષદોને પણ પંગતમાં બેસાડ્યા. તે વખતે સહુને શ્રીહરિએ પીરસ્યું. ૬.

શ્રીહરિ જે જમ્યા તે થાળની પ્રસાદી હઠીભાઈને આપી તેમજ ગઢપુરના દરબાર એભલ ખાચર અને જીવા ખાચરને પણ કૃપાળુ શ્રીહરિ સંભારીને રાજી થઈને પ્રતિદિન પ્રસાદીનો થાળ આપતા હતા. કયારેય ભૂલતા નહિ. વળી એક થાળ રોજ સંતો વચ્ચે આપતાં. તે પ્રસાદને રામદાસજીસ્વામી જમતા. ૭-૮. એક થાળ રોજ સત્સંગી બાઈઓ માટે મોટીબા લેતા હતા. આ રીતે શ્રીહરિએ સંતોને અને દરબારો વગેરેને જમાડીને હાથ-પગ ધોયા અને પછી આવીને પલંગ ઉપર બેઠા. ૯. જ્યારે સંતો જમીને આવ્યા ત્યારે તેમની પાસે વાજિંત્ર મગાવીને કીર્તન ગવડાવ્યા. કીર્તન ગાતા ગાતા જ્યારે મધ્યરાત્રિ થઈ ત્યારે શ્રીહરિવર તે પલંગ ઉપર પોઢી ગયા. ૧૦.

બધા સંતો ધ્યાનમાં બેસી ગયા ત્યારે પાર્ષદો ચોકી કરવા લાગ્યા. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ધૂન કરવા લાગ્યા. ૧૧. સંતો જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ તરત તૈયાર થઈ ગયા. તે વખતે બધો સંઘ પણ તૈયાર જ હતો અને શ્રીહરિ સહુની સાથે વડાળથી ચાલતા થયા. ૧૨. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. **જૂનાગઢ**ની નજીક આવી ગયા. ચારેબાજુ ઘાટાં ઝાડ ઘણાં હતાં. તેમાં સાગના ઝાડ ઘણા હતા. ૧૩. આંબા અને રાયણો પણ ઘણી હતી. કૂવાઓનો તો કોઈ પાર જ ન હતો. બે ઘડી દિવસ ચઢતા તો શ્રીહરિ જૂનાગઢને ઉત્તર મજેવડી દરવાજે આવી ગયા. ૧૪. બધા સંતો અને હરિભક્તો પણ ત્યાં આવી ગયા. સહુએ ત્યાં સ્નાન કર્યું. શ્રીહરિ પણ ત્યાં નાહ્યા. દેવપૂજા વગેરે બધો નિત્યવિધિ કર્યો. ૧૫. સહુએ કપાળમાં તિલક કર્યાં. વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. તિલક અને ચાંદલાની શોભા એટલી ભવ્ય હતી કે તેનાથી બધા મતપંથીઓ ઢંકાઈ ગયા. ૧૬.

જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તેના પ્રતાપથી બધા તારાઓ ઢંકાઈ જાય છે. તેમ જ્યારે સત્સંગનો અભ્યુદય થયો ત્યારે તેના પ્રભાવથી બધા મતપંથો ઢંકાઈ ગયા. ૧૭. પહાડ જેવા મોટાં મોટાં વાદળાં આવીને સૂર્યને ઢાંકી દેવા નજીકમાં આવે ત્યારે મહા બળવાન વાયુ તે વાદળાઓને વીંખી નાખે ત્યારે વાદળાંનું ક્યાંય ઠેકાણું રહેતું નથી, ૧૮. તેમ સત્સંગ સૂર્યના સમાન છે. તેમાં મતપંથો વાદળાંના જેવા છે. સત્સંગના પ્રતાપરૂપી ભારે પવન, તે મતપંથરૂપી વાદળોને વીંખી નાખતો હતો. ૧૯.

✵ હરિ ઇચ્છા બલીયસી :

ચોપાઈ :

हरि की इच्छा बलवंत अपारा, काल वरतत तेहि आधारा;
हरि की इच्छा आगे काल हि जेहा, थर थर ध्रुजत निशदिन तेहा...२०

वैराट अनंत एक रोम में जोउ, उडत फिरत देखात न सोउ;
एसे श्रीहरि समर्थ जेहु, सत्संग में अखंड विचरत तेहु...२१

શ્રીહરિની ઈચ્છા અપાર બળવાન છે, તેથી કાળ પણ તેને આધારે જ વર્તે છે. શ્રીહરિની ઈચ્છા આગળ તો કાળ પણ રાત દિવસ થરથર ધ્રૂજતો રહે છે. ૨૦. જેનાં એક રોમ કૂપમાં અનંત વૈરાટ કહેતાં, બ્રહ્માંડો અણુની જેમ ઊડતા ફરતા હોય છે. જે દેખાતા પણ નથી. આવા મહાન સમર્થ શ્રીહરિ સત્સંગમાં અખંડ વિચરે છે. ૨૧.

જૂનાગઢના નાગર હરિભક્તો ઘણા સમર્થ હતા. તે રીતે જ પૂરબિયા ક્ષત્રિયો પણ ઘણા સમર્થ હતા. જે જૂનાગઢ નવાબના સામંત (પટાવત) ગણાતા હતા. ૨૨. તેમનો સત્સંગ ઘણો બળવાન હતો. તેમાં દાદાભાઈ અને ઝીણાભાઈ મુખ્ય હતા. ઝીણાભાઈ અને ગગાભાઈ બંને ભાઈઓ હતા. તેમનું બધું કુટુંબ સત્સંગી થયું હતું. ૨૩. જૂનાગઢના હરેક બાઈ ભાઈ સત્સંગી એક એકથી શૂરવીર કહેવાતા હતા. નાગરોમાં પણ બધી સત્સંગી બાઈઓ સિંહણના જેવી શૂરવીર હતી. ૨૪. તે વેળાએ નાગર જ્ઞાતિમાં જે સત્સંગી પુરુષો હતા તેના નામ કહું છું. સહુ પ્રેમથી તેને સાંભળો. ૨૫.

રામજી, ભીમજી, કુંવરજી, અંબારામ, વૃંદાવન, માણેકલાલ અને રૂપશંકરભાઈ વગેરે. ૨૬. તેમના બધા પુત્રો અને પરિવાર બધા જ સત્સંગી થયા હતાં. જે નાગર હરિભક્તો થયા હતા તેનો ગણતા પાર આવતો નથી. ૨૭. વૃંદાવનભાઈની મા પાંચીબાઈ નામે હતા, તેઓ બાઈઓ જે પ્રમાણે સત્સંગી થાય તે પ્રમાણે સત્સંગની વાતો કરતા હતા અને તેને લીધે બાઈઓમાં ઘણો સત્સંગ થયો હતો. ૨૮. શ્રીહરિ પધારે છે એવા સમાચાર જ્યારે મળ્યા ત્યારે બધા હરિભક્તો ભેળા થયા અને શહેરની બહાર આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા. અને જે ફૂલના હાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવી દીધા. ૨૯. શ્રીફળ લાવ્યા હતા તે ચરણોમાં ભેટ મૂકયા. હરખના ઊભરાથી સહુ ગદ્ગદ કંઠ થઈ ગયા. જે હરિભક્તો સન્મુખ આવ્યા હતા તેમને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા. ૩૦.

દરવાજાની સમીપમાં એક બાગ હતો. અને તેમાં એક સરસ વાવ હતી. તે વાવ ઉપર આવીને શ્રીહરિ ઊતર્યા. ત્યાં ગાદી તકિયા બિછાવી દીધા. ૩૧. જ્યારે શ્રીહરિ મજેવડી દરવાજે આવ્યા ત્યારે નવાબને સમાચાર કહેવડાવ્યા. તે સમયે નવાબે પોતાની વિશાળ ચતુરંગિણી સેના હતી તેને તૈયાર કરાવી. ૩૨. હાથી, ઘોડા, રથ અને પાયદળ બધાને સોનેરી સાજથી વિચિત્ર રીતે શણગાર્યા હતા. ડંકા, નોબત, દુંદુભિ અને જરિયાની નેજા તથા નિશાન તૈયાર કરાવ્યા. ૩૩. ત્રાસા, ઢોલ, પડઘમ અને ભેરી વગેરે વિચિત્ર રીતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. સોનાની છડી લઈને ચોપદારો ચાલતા હતા. એ બધું રણછોડભાઈ નામે એક નાગર દીવાન હતા તેને સૈન્ય વગેરે સોંપીને મોકલ્યા. ૩૪.

નવાબના જેટલા નાગર કર્મચારી હતા તે બધાને નવાબે બોલાવ્યા અને કહ્યું, દીવાનની સાથે સહુ સહુના અશ્વ ઉપર બેસીને સાથે જાઓ. ૩૫. અને પોતપોતાના નોકર ચાકરને સાથે લઈ લો. અને સારાં સારાં વસ્ત્ર તથા અલંકારોને પહેરીને જજો. એમ નવાબે જે રીતે કહ્યું તે પ્રમાણે જ બધા તૈયાર થઈને આવ્યા. ૩૬. નવાબે સેનાને પોતાની નજર સમક્ષ દેખી, તેનો બધો

સામાન પણ જોયો અને બધું સરસ છે એમ પ્રશંસા કરીને સહુને મોકલ્યા. ૩૭. બધાં વાજિંત્રો વાગતાં હતાં. તેની સાથે બધી સેના જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા ત્યાં આવી. તેની શોભા ઘણી જ સજાવેલી હતી. ૩૮. રણછોડ નામે દીવાન ઘણા નાગરોથી વીંટળાઈને શ્રીહરિની પાસે આવ્યા અને ચરણોમાં નમી પડ્યા. શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળની ભેટ મૂકી. ૩૯. તેઓ ફૂલહાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યા અને બીજા નાગરો પણ ફૂલહાર લાવ્યા હતા તે સહુએ શ્રીહરિને એક એક હાર પહેરાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ જૂનાગઢ આવ્યા અને નવાબે સામૈયા સાથે દીવાનને મોકલ્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર અગિયારમું : તરંગ - ૩૮

નવાબના દીવાનને શ્રીહરિએ સત્સંગના મહત્વની વાત કહી

શ્રીહરિની પાસે ગોંડળ નરેશ હઠીભાઈ બેઠા હતા, દીવાન રણછોડ નાગર તેમને મળ્યા અને તેમણે સત્સંગને અજોડ જાણ્યો. ૧. તે સિવાય લગભગ પચીશેક કાઠી દરબારો પણ શ્રીહરિની સાથે રહ્યા હતા. દીવાન તે બધાને પણ મળ્યા. તેનાં મનમાં ઉમંગ અતિશય ભર્યો હતો. ૨. તે સમયે દીવાને બે હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું, આપનો પ્રતાપ દિનપ્રતિદિન વધતો જ જાય છે. ૩. આપની પાસે કોઈ ગામ કે કાંઈ ગરાસ નથી. અને આપ માયાથી તો અત્યંત વિરક્ત રહો છો. કાંઈ માયા-ધન પોતાની પાસે આપ રાખતા નથી અને અન્ય કોઈની પાસે તે માયા-ધનને રખાવતા પણ નથી. ૪.

✹ શ્રીહરિની સાધુતા :

ચોપાઈ :

तोहु माया ब्रह्मांड की जेति, तुमारे चरण सहज परत तेति;
तुम नहीं इच्छत ताकु कबही, जोराये तोहु आवत तबही...०५

છતાં પણ આખા બ્રહ્માંડની જેટલી માયા છે તે આપનાં ચરણોમાં સહેજે જ આવીને પડે છે. તેને આપ ક્યારેય ચાહતા નથી છતાં તે માયા પરાણે આવે છે. ૫.

વસ્ત્ર, ઘરેણાં, ખાન-પાન જે જે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કહેવાતું હોય છે તે બધું આપને મળે છે અને અશ્વ આદિ સર્વોત્તમ વાહન પણ આપને જ આવીને મળે છે. ૬. છતાં તમે તે બધી સંપત્તિ કે ચીજવસ્તુઓને ખુશીથી ભોગવતા નથી. આવું બધું જોઈને અમને તો અત્યંત આશ્ચર્ય થાય છે. મતપંથીઓ તો તે માયાને માટે રાત દિવસ કેટલોએ ક્લેશ-કજિયો કરતા હોય છે. ૭.

અમુક સંપ્રદાયના આચાર્ય અને એમના લાલજી તો તે માયાને માટે અનેક પ્રકારના ઢોંગ કરે છે. મ્યાના, સુખપાલ અને હાથીને રખાવે છે. એક પણ સેવક પૈસા લીધા વિના તેમની સેવા કરવા રહેતો નથી. ૮. કોઈ રાજાએ તેમને દાનમાં ગામ આપ્યું હોવા છતાં તેનો પ્રતાપ ક્ષીણ થતો જાય છે. ઘણા તો મોટા રાજા કરતાં પણ વધારે ફેલ કરતા હોય છે અને તેઓ એક એકથી વધારે વ્યસન રાખતા હોય છે. ૯. જે લાલજી વધારે ફેલ-ફિતૂર કરે તે તેનો વધારે ચમત્કાર ગણાય છે. મોર જ્યારે કળા દેખાડે છે ત્યારે તે જેવો આગળથી શોભતો હોય છે તેવો પાછળથી નથી શોભતો. ૧૦.

જે જે સદાચારમય ધર્મ કહેવાય છે તે બધો તેણે તજી દીધો છે. ધર્મથી રહિત ભક્તિના શૃંગાર દિનપ્રતિદિન અધિક કરે છે. ૧૧. વિધવા સુહાગણના જેવું જીવન રાખે તે તેને કેવું સારું લાગે ? તેને કોઈ મોઢે કહે નહિ, પાછળથી સહુ તેને વ્યભિચારી કહે. ૧૨. જે મોટા કહેવાતા હોય તેની વાત કોઈ મોઢે ન કહે, પણ જેવો જેનો ગંધ ચાલે તેવા તેને કહે છે. અર્થાત્ જેના વર્તનની જેવી ગંધ આવે તેવું સૌ કોઈ તેનું બોલતા હોય છે. ૧૩. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને વિચારીને કહ્યું છે કે, કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે. ૧૪. તે ત્રણનો જે ત્યાગ રાખે, તે અનુપમ મોક્ષભાગી ગણાય. તે વિભાગ કરીને પ્રસિદ્ધપણે કહ્યું છે. પરંતુ જે મદને લઈને અંધ થયા હોય તેઓ તેને જોતા નથી. ૧૫. જેટલા ખોટા મતપંથ કહેવાય છે તેઓ ભવસાગરને તરવા માટે કામ, ક્રોધ અને લોભને પ્રધાન રાખે છે. ૧૬.

ત્યારે શ્રીહરિએ દીવાનને કહ્યું, તેઓ તો ઘણા ભારે સમર્થ છે તેમને શત્રુનો લગારેક પણ ભય લાગતો નથી. અમે તો તે કામ, ક્રોધ અને લોભનો થોડોએ વિશ્વાસ કરતા નથી. ૧૭. **અમારા જે સંતો અને હરિભક્તો છે તે બધા ધર્મરૂપ સદ્‌ગુણોના આશ્રિત છે. ધર્મસર્ગની રીત જ એવી છે કે તે કયારેય અધર્મકુળમાં હેત કરે નહિ. ૧૮.** કદાચ તે કામાદિ અધર્મનું કુળ ભૂમિનું સામ્રાજ્ય આપે, તોપણ તે હરિભક્તો તેને નરકનો જ - જમપુરીનો જ સાજ-સામાન માને છે. અધર્મથી કદાચ અપાર સુખ થાય તોપણ તે કેટલા દિવસ સુધી ટકવાનું છે ? ૧૯.

અધર્મ કરીને જેટલું સુખ ભોગવે છે તેના કરતા અનંતગણું દુ:ખ તેને ભોગવવું પડે છે. તેમાં જરાયે ખોટું નથી. અમે વિચારીને તેને પ્રસિદ્ધ રીતે દેખીએ છીએ. ૨૦. આ મર્ત્યલોકના જેટલાં સુખ-દુ:ખ છે તે બધાં ચોક્કસ આગમાપાયી કહેતાં, આવતા-જતા રહેનારા છે. જે માયિક પંચવિષયનાં સુખ છે તે મનુષ્યની બુદ્ધિને ફેરવી નાખે છે. ૨૧. **જેની મતિ ભગવાનનાં ધામનાં સુખમાં દઢપણે ચોંટી ગઈ હોય તે રાત-દિવસ ધામનાં જ શાશ્વત સુખનો વિચાર કરે છે. અને અહીંનાં લૌકિક સુખ -દુ:ખનો વિચાર કરીને, ૨૨. પછી અહીંનાં જેટલાં સુખ દેખ્યાં હોય કે સાંભળ્યાં હોય તે બધાં પ્રકૃતિ પુરુષના લોક સુધીનાં સુખોને કાળનો કોળિયો દેખે છે, અસ્થિર દેખે છે. આવી જેની દઢ મતિ થઈ હોય, ૨૩.**

हरिशरण विन देखे न सूखा, इहाँके सुख देखे सब लूखा;
समाधि से कोटि समाधि एहु, समझ की समाधि सम नहिं केहु...२४

તે તો ભગવાનનાં એક શરણ વિના ક્યાંય સુખ દેખે નહિ. અને અહીંનાં બધા લૌકિક સુખોને તો સારરહિત લૂખાં દેખે. આવી સમજણ તે તો કરોડો સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ સમાધિ છે. આવી સમજણરૂપ સમાધિ જેવી બીજી કોઈ સમાધિ નથી. ૨૪.

સમાધિ કોઈ કઠિન બાબત નથી. તે તો સ્વપ્ન જેવી છે. કદાચ સ્વપ્નમાં કોઈને રાજ્ય સુખ મળે, પણ જાગે ત્યારે તે તેનો તે જ રહે છે. ૨૫. તેમ

કદાચ કરોડવાર સમાધિ થાય પણ જો મતિ વિશુદ્ધ ન થઈ હોય તો સમાધિ વ્યર્થ છે. કપડાને સાબુથી ધોવામાં આવે છે છતાં તે ફરી મેલુ થઈ જાય છે. જો મેલ નીકળ્યો ન હોય તો તે અશુદ્ધ જ રહે છે. ૨૬. હાથીને અને ગધેડાંને કરોડવાર પાણીમાં નવડાવો પણ તે શુદ્ધ ન રહે. તે પાણીની બહાર નીકળે ત્યારે તે તેવો ને તેવો મેલ ભરેલો રહેવાનો. ૨૭. દીવાનાં રૂપને જોઈને મોહ પામેલું પતંગિયું જેમ બળી મરે છે, તેમ **જગતનાં પંચવિષયનાં સુખને દેખીને જ્યાં સુધી લોભાય જવાતું હોય ત્યાં સુધી બધું વ્યર્થ ગયું કહેવાય.** અને વિષયની વાસનાવાળાએ શીખેલો બધો અષ્ટાંગયોગ પણ નિષ્ફળ છે. ૨૮.

सत्संग करने को फल हे ईतना, मल विन मति को करना तितना;
मल में जिय ज्यां लग रहे लपटाई, सत्संग करे सो न करे ताई...२९
प्रगट हरि के जोग हे भारी, जोग रखी जे मरे नरनारी;
जरुर तेहि जावत हरिधामा, बिच में अटकत नहिं कोउ ठामा...३०

સત્સંગ કરવાનું ફળ એટલું જ છે કે, પોતાની મતિને નિર્મળ-નિર્વાસનિક કરવી. જ્યાં સુધી જીવ મળથી-વિષય વાસનાથી ખરડાયેલો રહે છે ત્યાં સુધી સત્સંગ કર્યો હોય, તે પણ ન કર્યા બરોબર છે. ૨૯. પ્રકટ ભગવાનનો જોગ બહુ જ ભારે છે. પ્રગટ ભગવાનનો જોગ રાખીને જે નરનારી મૃત્યુ પામે, તે જરૂર ભગવાનનાં ધામમાં જાય છે. તેઓ વચ્ચે કોઈ ઠેકાણે અટકતા નથી. ૩૦.

ભગવાનનાં સ્વરૂપનો જોગ આગના જેવો છે, તે મળરૂપી બધા જ રોગોનો નાશ કરી દે છે. સૂકાં, લીલાં કે દુર્ગંધવાળા કોઈપણ પ્રકારના દોષ હોય, તેને એક પળવારમાં જ તે શુદ્ધ કરી દે છે. ૩૧. જેને પ્રકટ ભગવાનનો જોગ નથી તેનાં મળ કયારેય છૂટવાના નથી. ત્યારે તે દીવાન રણછોડ નાગરે કહ્યું, મહારાજ ! આપનાં વચન સત્ય છે. તેમાં થોડોએ ફરક નથી. ૩૨.

જ્યાં સુધી અમારી મતિ લૌકિક છે ત્યાં સુધી આપનાં આવાં જે જે વચન છે તે અમારા જીવમાં પ્રવેશ કરશે નહીં અને જીવ અને મનમાં લેશમાત્ર પણ થડકો લાગશે નહિ. ૩૩. મરી તો જવાનું જ છે, અહીં સ્થિર વાસ શક્ય

નથી. દોષ નહિ ટળે તો જમપુરમાં જ નિવાસ થવાનો છે. આ દેહે કરીને જે જે શુભ-અશુભ કર્મ કર્યા હશે, ૩૪. તેને અનુસારે યમરાજા લગારે લગાર ભોગવાવશે. તે કર્મફળ પરાધીન થઈને ભોગવવું પડશે. પણ તે વાત આજે કોઈને મનાય નહીં. ૩૫. આ લોકમાં જેવા જેવા કર્મ કર્યા હશે, તેવા દુઃખો જીવને જમપુરીમાં ભોગવવા પડશે. તેથી નિત્ય સત્કર્મ કરવા જોઈએ. તેનાથી જ જીવનો કાંઈક નિસ્તાર-ઉદ્ધાર થશે. ૩૬. જે લોકો સત્સંગ રાખતા નથી તેને માથે દુઃખ આવે છે તે વાત તો સાચી છે. પણ જેઓ સત્સંગ કરે છે છતાં તેમને જે દુઃખ ભોગવવું પડે છે તે વાત આશ્ચર્યકારી છે. ૩૭.

ત્યારે શ્રીહરિએ કહ્યું, પ્રહ્લાદના જેવા કોઈ નિર્દોષ અને ઉત્તમ ન કહેવાય. તેઓ અતિ સમર્થ હોવા છતાં તેમણે સત્સંગને માટે અત્યંત કષ્ટ સહન કર્યું હતું. ૩૮.

રાજા હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, સીતાજી, લક્ષ્મણજી અને ભગવાન રામચંદ્રજી એ સહુને પરલોક-દિવ્યધામનાં સુખમાં જ્યારે દૃષ્ટિ પહોંચી ત્યારે આ જગતનાં સુખોને તજી દીધા હતા. ૩૯. સત્સંગથી છેવટે અપાર સુખ મળે છે, એવી સુદૃઢ મતિ જ્યારે થાય છે ત્યારે જ એવો સત્સંગ કરી શકાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામીશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'નવાબના દીવાનને શ્રીહરિએ સત્સંગનાં મહત્વની વાત કહી' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર અગિયારમું : તરંગ - ૩૯

શ્રીહરિ જૂનાગઢ શહેરમાં પ્રવેશ્યા

નવાબના દીવાન રણછોડ નાગરે શ્રીહરિનાં યથાર્થ અને નિર્બાધ વચન સાંભળ્યાં. દીવાન ઘણા રાજી થયા અને તેનાં મનની બધી પીડા મટી ગઈ. ૧. દીવાને બંને હાથ જોડીને શ્રીહરિવરને કહ્યું, મહારાજ, આપ હવે પુરમાં પધારો અને સહુ પુરવાસીઓને દર્શન આપો. ૨.

કોઈ જાણીને કે અજાણતાં અમૃતનું પાન કરે તો તે અમર થઈ જાય છે, તેમ આપનાં દર્શન પણ તેવાં છે અને આપના દર્શન તો કલ્પવૃક્ષનાં જેવા અભીષ્ટ ફળ આપનારાં છે. ૩. જૂનાગઢવાસી જનતાનાં આજે ધન્યભાગ્ય છે અને જૂનાગઢ નગરનાં પણ ધન્યભાગ્ય છે. આવો સુયોગ કયાંથી મળે ? ચિંતામણિ ગમે તેટલા ઉપાય કરે તોપણ ક્યારેય મળે નહીં. પણ અમને તો આપ ચિંતામણિના જેવા મળી ગયા છો. ૪. દસ-વીશ જેટલા હાથી ભેગા થઈ ગયા હતા, પણ દરબાર હઠીભાઈના હાથી જેવા બીજા કોઈ હાથી ન હતા. એટલે શ્રીહરિ તે હાથી ઉપર બેઠા અને બીજા હાથીઓના ઉપર સંતો બેઠા. ૫.

❋ આજ્ઞાપાલનની આવશ્યકતા :

શ્રીહરિ જે રીતની આજ્ઞા કરતાં તે પ્રમાણે જ સંતો કરતા. હાથી ઉપર બેસવાને યોગ્ય જે રામદાસજીસ્વામી આદિ સંતો હતા. ૬. તે હાથી ઉપર બેઠા. તેમનાં દર્શન કરીને બધા હરિભક્તો ઘણા રાજી થયા. જે સંતો મ્યાનામાં બેસવાને લાયક હતા તેઓ મ્યાનમાં બેઠા. ૭. સુખપાલમાં બેસવાને યોગ્ય હતા તે સંતો સુખપાલમાં બેઠા. રથમાં બેસવાને યોગ્ય જે સંતો હતા તેઓ તત્કાળ રથમાં બેઠા. બગીમાં બેસવાને લાયક જે હતા તે બગીમાં બેઠા. પરંતુ બધાની રુચિ તો ચાલવાની જ હતી. ૮.

❋ સંતોની મરજીપ્રધાનતા :

સહુ સંતો ચાલવામાં સુખ માનતા હતા. પણ તેમને વાહનમાં બેસવામાં કયારેય સુખ દેખાતું નહિ, છતાં શ્રીહરિની જે રીતની આજ્ઞા થતી તે રીતે તે સંતો તે વાહનોને ભોગવી છૂટતા હતા. ૯.

चोपाई :

पत्र रहे ज्युं पवन आधारा, संत वरतत सब तेहि अनुसारा;
हरि अग्या में संत हि जेते, अधिक सुख मानत सबसे तेते...१०
अग्या विन अतिशय सुख जेता, अतिशय दुःखकर मानत तेता;
हरि अग्या में अति दुःख होवे, दुःख न गिनत सुख करी सो जोवे...११

एक एक से समझ अधिकाई, समझ में वरतत अति सुख लाई;
समझ को बल होत जब नाशा, तब ताकी कोउ करत न आशा...१२

પાંદડું જેમ પવનને આધારે ફરકે છે તેમ સંતો સતત શ્રીહરિની ઈચ્છાને અનુસારે રહેતા હતા. તે બધા જ સંતો શ્રીહરિની આજ્ઞામાં જ સહુથી અધિક સુખ માનતા હતા. ૧૦. શ્રીહરિની આજ્ઞા સિવાયનાં જેટલા અતિશય સુખ હોય છે તેને સંતો અતિશય દુઃખકર માનતા. અને શ્રીહરિની આજ્ઞા પાળતા કદાચ અતિ દુઃખ થાય તોપણ તેમાં દુઃખ નહિ ગણીને તેને સુખનાં રૂપમાં તેઓ જોતા હતા. ૧૧. સંતોની સમજણ એક એકથી અધિક હતી. તેઓ સમજણમાં અતિ સુખ માનીને વર્તતા હતા અર્થાત્ સમજણથી જ વિશેષ સુખી રહેતા હતા. જ્યારે સમજણનું બળ નાશ પામી જાય ત્યારે તેની પાસેથી કોઈ સારી આશા કરે નહિ. ૧૨

જ્યારે સમજણ ન રહે ત્યારે તે મનમુખી થઈ જાય છે. ભલે સંતો તેને સારી રીતે સમજાવતા હોય છતાં પણ સંતો જે જે વચન કહે તેને તે વિપરીત જ લાગે છે. ૧૩. જેનું અંતઃકરણ ફરી જાય તે સર્વ સંતોને શત્રુની દૃષ્ટિથી દેખે છે. પછી તેઓ હિતકારી વાત કહે તોપણ તેને અતિ દુઃખકારી માને. ૧૪. જેને કોઈ અંગ ઉપર ઘા લાગી ગયો હોય અને તેમાં પાક થયો હોય, પછી તે પાકના ઉપર મલમ લગાડવામાં આવે છતાં તે વધારેને વધારે પાકતો જાય છે. ૧૫.

રોગ બે પ્રકારના હોય છે. એક સાધ્ય અને બીજો અસાધ્ય. મલમ પણ બે પ્રકારના હોય છે એક પકાવી દેનારો અને બીજો રુઝાવનારો હોય છે. ૧૬. રુઝાવનારો મલમ સાધ્ય રોગ પર લગાડવામાં આવે તો પાકેલા ગુમડાને રુઝાતા વાર લાગે નહિ. અને અસાધ્ય રોગના ઉપર પકાવવાનો મલમ લગાવવામાં આવે તો, ૧૭. તેનાથી રોગ અધિક વધી જાય છે. કારણ કે તે અસાધ્યના ઉપર પકવવાનો મલમ લગાડ્યો છે. તેથી જે રોગ અસાધ્ય દેખાતો હોય તેનાં ઉપર તો રુઝાવવાનો મલમ લગાવવો જોઈએ. ૧૮. પાકને રુઝાવવા મલમ લગાવતા કદાચ રોગી મરી જાય તોપણ તે વૈદ્યનો દોષ કોઈ લેતું નથી. બીજા મનુષ્યો પણ કોઈ વૈદ્યનો દોષ કહેતા નથી. ૧૯.

તેમ સંતો નિર્દોષ વૈદ્યના જેવા કહેવાય છે. અને તેથી જ તેઓ દિન-પ્રતિદિન મોટાઈને પામે છે. મતપંથમાં જે ગુરુઓ અને શિષ્યો છે તે અસાધ્ય રોગથી ઘેરાઈ ગયા છે. ૨૦. **જેઓ નિયમ-ધર્મને તજી દઈને તેથી વિરુદ્ધ વર્તતા હોય, પ્રકટ ભગવાનને લગારેય ભજતા ન હોય, એવા જે લોકો છે તેઓ અસાધ્ય રોગથી યુક્ત કહેવાય છે. ૨૧.**

सत्संग में संत हरिजन जितना, धर्मकुल कहावत हे तितना;
नियम धर्म जिनके जिस रीता, शिक्षापत्री में कहे तिस रीता...२२

આપણા સત્સંગમાં જે સંતો અને હરિભક્તો કહેવાય છે તે બધા ધર્મકુળ કહેવાય છે. જેનાં જે ધર્મ-નિયમો હોવા જોઈએ તે બધા શિક્ષાપત્રીમાં લખ્યા છે. ૨૨. ધર્મદેવને ઘેર શ્રીહરિ પ્રકટ થયા અને વસુદેવને ઘેર શ્રીકૃષ્ણ થયા. તે શ્રીહરિકૃષ્ણને સદાય પ્રકટ જાણીને સંતો અને હરિભક્તો ઘણાં જ હેતથી તેમનું ભજન કરે છે. ૨૩. જ્યાં જેવું કાર્ય હોય તે માટે ત્યાં એના એ એક જ મહારાજાધિરાજ શ્રીહરિ પ્રકટે છે. આવી રીતની જેની સમજણ ન હોય, તો તેને અસાધ્યરોગ થયો છે એમ સમજવું. ૨૪.

दोहा : प्रोक्ष प्रगट हरि एक हि, प्रगट करी भजत जाहि;
पतिव्रत दृढ हे ताहि के, प्रोक्ष व्यभिचारी ताहि...२५

ભગવાનનું પરોક્ષ સ્વરૂપ એટલે કે ધામમાં રહેલું સ્વરૂપ અને પ્રગટ સ્વરૂપ એટલે કે મનુષ્યાકારે પ્રગટ થયેલું સ્વરૂપ તે બંને એક જ છે. તે ભગવાનને પ્રગટ માનીને જે ભજે છે તેની ભક્તિ પતિવ્રતાના જેવી દઢ છે અને પ્રકટને તજીને જે પરોક્ષને ભજે છે તેની ભક્તિ વ્યભિચારિણીના જેવી છે. ૨૫.

જેટલા સંતો અને હરિભક્તો છે તથા જે ધર્મકુળ છે, તે બધાની સમજણ એકસરખી છે. તેમના કોઈ ભિન્ન ભિન્ન મત નથી. ૨૬. **શિક્ષાપત્રીથી જેની સમજણ વિરુદ્ધ હોય તેને શિક્ષાપત્રીને જાણનારા કોઈ માનતા નથી. ૨૭. જે સંતો તથા હરિભક્તો શિક્ષાપત્રીની રીતે ધર્મ-નિયમમાં**

રહે છે તેઓ દિનપ્રતિદિન શોભે છે અને તેનાથી જ ધર્મકુળ પણ અધિક શોભે છે. ૨૮. હવે શ્રીહરિની સવારીની વાત કહું છું કે જેમાં શ્રીહરિનાં ચરિત્ર રહ્યા છે. શ્રીહરિનાં ચરિત્ર સિવાયની જે બીજી વાતો છે તે બહુ સોહામણી લાગતી નથી. ૨૯. છતાં જે પ્રસંગે વાત આવે છે તે કહું છું. કેમ જે, જો ન કહું તો તે વાત કાયમને માટે કહ્યા વિનાની રહી જાય. રહી ગયેલી વાત ફરીને કયારેય આવે નહિ, એમ સમજીને પણ સાથે સાથે વાત કહી દઉં છું. ૩૦. લખાયેલી વાત અચળ રહે છે. અને ન લખી હોય તે વાતનો નાશ થઈ જાય છે. શ્રીહરિનાં ચરિત્રોની વાતો તો બ્રહ્માંડ ભરાઈ જાય એટલી બધી ઝાઝી છે. ૩૧.

છતાં તેમાંથી માત્ર બીજ બીજ-સાર સાર જે વાત હોય તેટલી જ લખું છું અને તે બીજરૂપ વાતોમાં તેનો વિસ્તાર રહ્યો છે. જેને અંતરદષ્ટિ હોય તેને આ વાત નજરમાં આવે છે. ૩૨. અંતરદષ્ટિ થયા વિના તો વિસ્તારથી લખાયેલી વાત કરોડવાર વાંચે છતાં લગાર પણ સમજાય નહિ. જેટલી વાત લખવામાં આવી છે તે બધી વાતને એ જ ગ્રહણ કરે છે કે, જેના અંતરમાં અસૂયા ન હોય. ૩૩.

અને જે અસૂયાવાળા લોકો હોય તેઓ તો એકપણ વાત પ્રમાણ કરે નહિ. અસૂયામાં અપાર પાપ રહ્યું છે. તેથી તેને બીજાની એકપણ વાત સારી લાગતી નથી. ૩૪. અસૂયા અંતઃકરણમાં છાની રહી શક્તી નથી. કેમ જે, જ્યારે તે અસૂયાવાળો બોલે છે ત્યારે તેને સુજ્ઞ સભાસદ ઓળખી લે છે. અસૂયાવાળા મનુષ્યો પોતાના આંતરિક જેટલો ભાવ-કુભાવ હોય તેટલો યુક્તિથી બોલવામાં લાવે છે, પ્રકટ કરી દે છે. ૩૫.

શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યા છે તે તો એક અમૃતનો સાગર છે. અને અસૂયામાં હલાહલ ઝેર છે. તેને પરખી લેવા માટે જ આ વાત અહીંયાં લખી છે. ૩૬. શ્રીહરિ જૂનાગઢના ઉત્તર દરવાજામાં જ્યારે પ્રવેશ્યા ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૩૭. શ્રીહરિ જે હાથી ઉપર બેઠા હતા, તે હાથી સોનેરી શણગારોથી છવાઈ ગયો હતો. તેનાથી તો માનો ગિરનાર પર્વત પણ ઢંકાઈ ગયો હોય !

એવો તે હાથી બન્યો હતો. ૩૮. પુરની રાજબજારોમાં, જે ભાવિક લોકો હતા તેમણે આ સર્વોત્તમ અવસર છે એમ સમજીને મોતીથી ચોક પૂર્યા હતા. ૩૯. સુગંધવાળા પાણીથી બધી બજારોને તે વખતે છાંટી દીધી હતી. અને કેસરી ચંદનથી તો તે બજારમાં કીચડ મચાવી દીધો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ જૂનાગઢ શહેરમાં પ્રવેશ્યા' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર અગિયારમું : તરંગ - ૪૦

જૂનાગઢ શહેરમાં શ્રીહરિ ધામધૂમથી પ્રવેશ્યા

અત્યંત સુશોભિત હાથીની અંબાડીમાં શ્રીહરિ બેઠા હતા અને દરબાર હઠીભાઈ અપાર પ્રેમથી ચામર કરી રહ્યા હતા. ૧. જૂનાગઢવાસી બધા ભક્તો અંગોઅંગમાં સારા શણગાર પહેરી હાથમાં પૂજા લઈને આવ્યા હતા. અને પુરુષોએ હાથમાં ફૂલહાર લીધા હતા. ૨. બધી સ્ત્રીઓ હતી તેમણે તે વેળાએ મોતીથી ભરેલા થાળ હાથમાં લીધા હતા. તેઓ કેસરયુક્ત ચંદનથી શ્રીહરિને પૂજીને મોતીથી વધાવતી હતી. ૩. કોઈ સ્ત્રીઓ તો સોના-રૂપાના ફૂલ લાવી હતી. તો કેટલીક સ્ત્રીઓ સાચા સુગંધી ઋતુના ફૂલ લાવી હતી. અનુપમ રીતે શ્રીહરિને તેનાથી વધાવતી હતી. તે સમયની અદ્ભુત શોભા કહી શકાતી નથી. ૪.

બજારે બધી દુકાનો ચાર-પાંચ માળવાળા મકાનોમાં હતી. તે સુશોભિત મકાનોમાં સોનેરી ચિત્રો કર્યા હતાં. તે ચિત્રોમાં બાગ-બગીચા રચ્યા હતા. ૫. વનમાં જેટલી જાતના પંખીઓ કહેવાતા હોય, તે બધાને ચિત્રમાં આલેખેલા હતા. મોર, પોપટ, હંસ, મેના, કબૂતર, હોલા, કોયલ, ૬. અનેક પ્રકારના ચકલાઓ, તે બધાને ચિત્રોમાં આલેખેલા હતા. જે ગણવાથી પણ તેનો પાર આવતો ન હતો. તે ચિત્રમાં રહેલા પંખીઓ સાચા પંખીઓની ભ્રાંતિ કરાવી દેતા હતા, એવા તે કાંતિમાન આબેહૂબ હતા. ૭. સિંહ, હરણ,

અનેક પ્રકારના વાનર, હાથી અને ઘોડાઓ તો ઘણા દોર્યા હતા. લંકા ઉપર ચઢાઈ કરવા નીકળેલી શ્રીરામચંદ્રજીની સેના જેવી તે ચિત્રમાં આલેખેલી ચિત્રાવળી જણાતી હતી. ૮. દરેક ચિત્રની નીચે નામ વિગત પાડીને લખ્યાં હતાં. તે સ્પષ્ટપણે પ્રત્યક્ષ દેખાતાં હતાં. તે એક ચિત્રની નીચે લખ્યું હતું કે, રામ અને સીતાનો વિવાહ ૯. હનુમાનજી દ્રોણાચળ પર્વતને ઉઠાવી લાવ્યા હતા, તે ચિત્રની નીચે તેનો બધો ભાવાર્થ લખેલો દેખાતો હતો. વળી, એક મત્સ્યાવતારનું ચિત્ર હતું, તેની નીચે જે રીતે મત્સ્યાવતાર થયો હતો તે બધું લખ્યું હતું. ૧૦.

કોઈ મકાનની દીવાલ ઉપર દેવોએ અને દૈત્યોએ કરેલા સમુદ્રમંથનનું ચિત્ર હતું. તેની નીચે તે વાતને લખી હતી. મંદ્રાચળને ધારનારા કચ્છાવતારનું ચિત્ર દોરી તેનો ભાવાર્થ પણ નીચે લખ્યો હતો. ૧૧. ભગવાને વરાહરૂપે થઈને હિરણ્યાક્ષ નામના દૈત્યને માર્યો અને ભૂમિનો ઉદ્ધાર કર્યો, તેનું ચિત્ર પણ હતું. નૃસિંહરૂપે થઈને મહાવિકરાળ અને કાળ જેવા બળવાન હિરણ્યકશિપુ નામના દૈત્યને માર્યો હતો. ૧૨. આ રીતે ભગવાને દસ અવતાર ધારીને જે જે પરાક્રમ કર્યાં હતાં, તે બધું ચિત્રમાં દેખાડ્યું હતું અને અલગ અલગ લખ્યું હતું. ૧૩. શ્રીકૃષ્ણ અવતાર ધારીને ગોકુળમાં વિચરીને જેવાં ચરિત્રો કર્યાં હતાં તેના ચિત્ર બનાવીને જુદાં જુદાં બધા નામ લખ્યાં હતાં. ૧૪. ભગવાને મથુરામાં આવીને જે રીતે કંસને માર્યો અને દ્વારકામાં આવીને જેવા ચરિત્ર કર્યાં તે બધાને જુદાં જુદાં ચિત્રમાં આલેખ્યાં અને તેની નીચે બધી વિગત લખી હતી. ૧૫.

રુક્મિણી આદિ આઠ પટરાણીઓને શ્રીકૃષ્ણ ભગવાન જેમ પરણ્યા અને યુદ્ધમાં ભૌમાસુરને મારીને સોળ હજાર કન્યાઓને લાવીને તેમને પરણ્યા, તે ચિત્ર દીવાલ ઉપર હતાં. ૧૬. દીવાલ ઉપર ચિત્રમાં જેવી સેના હતી તેવી જ શ્રીહરિની સવારી બજારમાં હતી. તે બંનેને જોઈને લોકો બોલતા કે જે સેના ચિત્રમાં છે તે જ સેના અત્યારે પ્રત્યક્ષ દર્શન દઈ રહી છે. ૧૭. લોકો પુષ્કળ ગુલાલ લાવ્યા હતાં. તેને સવારીના ઉપર પ્રેમથી નાખતા હતા. વારંવાર બંદૂકોના અપાર અવાજ થાતા હતા અને ચોપદાર “જય જય” “જય જય”નાં

ઉચ્ચારો કરતા હતા. ૧૮. સંતો ઝાંઝ અને મૃદંગ બજાવીને ઉત્સવનાં કીર્તન બોલતા હતા. હરિભક્તો વધામણાંના કીર્તન ગાતા હતા અને હરિભક્તોને જે આનંદ થયો તે હૃદયમાં સમાતો નહિ. ૧૯.

જે હરિભક્ત બાઈઓ હતી તેઓ સરસ ધોળ રાગના કીર્તન બોલતી હતી. સહુનું મન શ્રીહરિની મૂર્તિમાં જ લોભાઈ ગયું હતું. મૂર્તિ વિના અન્ય કોઈ પણ વસ્તુ તેમને સુખદાયક દેખાતી ન હતી. ૨૦. શ્રીહરિની મૂર્તિ સિવાયનું જે કાંઈ વચ્ચે દેખાતું હતું તેને તે બાઈઓ વિઘ્નરૂપ માનતી હતી. ફળવાળા કેળના સ્તંભ લાવીને બજારમાં શોભે તે રીતે રોપી દીધા હતા. ૨૧. સુશોભિત ધજાઓ અને પતાકાઓ બાંધી હતી, તેનું વર્ણન થઈ શક્તું નથી. કેટલીક ધજાઓ રૂપેરી હતી, જેમાં હનુમાનજી અને ગરુડજીના ચિહ્ન કરેલા હતા. ૨૨. દુકાનોના જેટલા માળ હતા, અને તેના જે બારણાંઓ હતાં. તેમાં મોતીનાં તોરણ બાંધ્યા હતાં, તે અત્યંત ઝગમગાટ કરતા હતા. ૨૩. ઊંચા કુળની અર્થાત્ મોટા ઘરની જે સ્ત્રીઓ હતી તે બધી દુકાનોના ઉપરને માળે ઊભી હતી. તેઓ મોતીના થાળ ભરી ભરીને તે વખતે શ્રીહરિને તત્કાળ વધાવવા લાગી. ૨૪.

શ્રીહરિએ જ્યારે જૂનાગઢ શહેરમાં પ્રવેશ કર્યો ત્યારે દેવતાઓને તેની ખબર પડી. એટલે તેઓ બધા પ્રેમથી ત્યાં આવ્યા. ૨૫. ભવ, બ્રહ્મા અને સુરરાજ ઇંદ્ર વગેરે દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તેમણે ઘણા જ પ્રેમભાવથી કેસરી ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ૨૬. તે સમયે બ્રહ્માએ વેદોના મંત્રોનો ઉચ્ચાર કર્યો અને ઉદાર સ્વભાવના ઉમાપતિ શિવજી તાંડવ નૃત્ય કરવા લાગ્યા. ૨૭. દેવોના ગાંધર્વો ચિત્રરથ વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રોને વગાડીને ગાન કરવા લાગ્યા. ૨૮. દેવોની ઉર્વશી અને રંભા વગેરે બધી અપ્સરાઓ શ્રીહરિની આગળ નાચ કરવા લાગી. નૃત્યમાં તે નૃત્યને અનુરૂપ પગમાં બાંધેલા ઝાંઝરોને પ્રેમભાવથી બજાવતી હતી. ૨૯. માતા ઉમા સાથે (સાંબ) ગણપતિ અને કાર્તિકસ્વામી શિવજીની પાસે સોહામણા લાગતા હતા. વરુણ અને કુબેર, તેમજ આઠ દિગ્પાળો, તે સહુ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. ૩૦.

આ બધા દેવો પોતાના આત્માનું શ્રેય થાય એવા આશયથી શ્રીહરિની પૂજા કરવા માટે બધો સાજ-સામાન લાવ્યા હતા. તે સમયે સમાધિવાળા ઘણા હરિભક્તો ત્યાં હતા. તેઓ આ બધું દેખતા હતા. ૩૧. મોટા મોટા જે સંતો હતા, તેઓ પણ આ બધું દેખતા હતા. તે સમયે આકાશમાં રહેલા દેવરાજ ઈંદ્ર તોપના અવાજ કરતા હતા. ૩૨. તેનાથી પહાડ, વૃક્ષો અને આકાશ, એ બધું હરખથી ગાજવા લાગ્યું. ભૂમિ અને જૂનાગઢ શહેર ધમધમી ઊઠ્યું અને તેનાથી અધર્મી મતપંથીઓ ડરી ગયા. ૩૩. અધર્મીઓ જ્યાં ત્યાં છુપાઈ ગયા અને થર થર ધ્રૂજવા લાગ્યા. ગિરનારમાં સિદ્ધ તરીકે કહેવાતા તથા પાખંડ રચીને જે પૂજાતા હતા, ૩૪. અને પોતાની હજાર હજાર વરસની ઉંમર કહેતા હતા તે બધા ત્યાંથી ભાગી ગયા અને તેનાં ઠામ ઠેકાણાં ખાલી થઈ ગયા. શ્રીહરિનો જોરદાર પ્રતાપ તેમણે જોયો અને ચોર જેવા તે લોકો શ્રીહરિનો તાપ સહન કરી શકયા નહિ. ૩૫. તે બધા નિર્દંભ થઈને સહજભાવે-સાદાઈથી ગિરનારમાં ચુપચાપ બેસી રહ્યા. શ્રીહરિ જૂનાગઢ પુરમાં આવ્યા ત્યારે ગિરનાર પર્વત ઘણો ખુશી થયો. ૩૬.

તે ગિરનારમાં જેટલાં વૃક્ષ હતા તે પણ અપાર પ્રસન્ન થયા. શ્રીહરિ પધાર્યા એટલે તેમણે પોતાના જન્મને સુફળ માન્યો. ૩૭.

જે સિદ્ધો નિષ્કપટ મુમુક્ષુ હતા તે વૃક્ષનાં શરીરમાં રહીને ગિરનાર પર્વતમાં તપ કરતા હતા. ૩૮. તેવા સિદ્ધોનો મોક્ષ કરવા માટે અને દર્શન દેવા માટે તો શ્રીહરિ અહીંયાં આવ્યા હતા. તેમનાં તપનું ફળ ઉદય પામ્યું ત્યારે તો આવો સારો જોગ બની આવ્યો હતો. ૩૯. શ્રીહરિ શહેરની બજારે ધીરે ધીરે ચાલ્યા આવતા હતા. બજારમાં બંને બાજુએ અપાર પુરજનો ઊભા હતા. તે શ્રીહરિનાં ઉપર ફૂલોને વરસાવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'જૂનાગઢ શહેરમાં શ્રીહરિ ધામધૂમથી પ્રવેશ્યા' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર અગિયારમું : તરંગ - ૪૧

જૂનાગઢની સવારીમાં દાસપણાની મહત્તા કહી

જૂનાગઢ શહેરના નાગર સ્ત્રી-પુરુષો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને બજારે ઊભા હતા. ૧. જે ભાવિક લોકો હતા તે બધા શ્રીહરિને અને સંતોને બંને હાથ જોડી, મસ્તક નમાવીને પગે લાગતા હતા. ૨. પુરવાસી લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે ઘરથી બહાર નીકળીને બજારે આવ્યા હતા. કેટલાય બાળકો અને વૃદ્ધોએ પણ નજર ભરીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩. **શ્રીહરિએ સહુનાં હૃદયમાં મોક્ષનું બીજ સ્થાપિત કરી દીધું. તેમના નાના એવા નજર ભરીને ભાવથી દર્શન કરવારૂપ સત્કર્મને દેખીને મોટા એવા શ્રીજીમહારાજ રીજી ગયા. ૪.**

જ્યારે વરસાદ વરસે છે ત્યારે તે શુદ્ધ કે અશુદ્ધ સ્થળને દેખતો નથી. સર્વત્ર એક જ રીતે વૃષ્ટિ કરીને નાના મોટા બધા જ તળાવોને ભરી દે છે. ૫. જ્યાં જમીન નીચી હોય, પાણી સંગ્રહના ટાંકા હોય, ઘાસચારાની જમીન હોય કે ખેતીની જમીન હોય, વરસાદથી તે બધું ભરાઈ જાય, પછીનું વધારાનું પાણી નદીઓ દ્વારા, ૬. સમુદ્રમાં જઈને સ્થિર રહે છે પછી તે જળને સાગર મીઠું કરીને અને અતિ પરમ હરખ સાથે વન, વૃક્ષો અને વેલીઓને જોઈએ તેટલું પાણી વરસાદ દ્વારા આપે છે. ૭.

❋ જેવી ભાવના તેવા ફળની પ્રાપ્તિ :

ચોપાઈ :

श्रीहरि की सो रीत हे एसी, जेसे भाव मुक्ति करे तेसी;
सरीता सर कूप ही जेसे, संत शास्त्र की रीत हे तेसे...०८
सर सरीता कूप पर आई, लेवे नीर तितनो देवे ताई;
संत शास्त्र के वचन माने जितनो, ताके मोक्ष होवे हि तितनो...०९
पुरजन हरि की असवारी जोई, केतेक कु समाधि हो गये सोई;
सुने देखे न एसी असवारी, घर की स्मृति भूले नरनारी...१०

શ્રીહરિની રીત પણ એવી જ છે, જેને જેવો ભાવ હોય તેની તેવી મુક્તિ કરે છે. સંતો અને શાસ્ત્રની રીત તો નદી, સરોવર કે કૂવાના જેવી છે. ૮. નદી, સરોવર અને કૂવા છે તે તો જે ત્યાં જાય તેને જેટલું જોઈએ તેટલું પાણી આપે છે, તેમ સંતો અને શાસ્ત્રોનો સંગ રાખે અને તેનાં વચનોને જે જેટલાં માને તેટલો તેનો મોક્ષ થાય છે. ૯. પુરજનોએ જ્યારે શ્રીહરિની સવારી જોઈ ત્યારે કેટલાકને તો સમાધિ થઈ ગઈ. આવી સવારી તો કોઈએ કયારેય દેખી કે સાંભળી પણ ન હતી. બધા નરનારીઓ પોતાના ઘરની સ્મૃતિ પણ ભૂલી ગયા. ૧૦.

खान पान भूल गये हि सबहु, हरि में वृत्ति चोट गये जबहु;
श्रीहरि विन ओर न संभारे, वेर वेर मूर्ति उर धारे...११

वृत्ति तुटत मूर्ति से जबही, अति दुःख अंतर होवत तबही;
ओर जन वचन बोलत जेहा, हलाहल विष सम लागत तेहा...१२

જ્યારે શ્રીહરિની મૂર્તિમાં મનની વૃત્તિ ચોંટી ગઈ ત્યારે બધા ખાવા-પીવાનું પણ ભૂલી ગયા. શ્રીહરિના સિવાય બીજું કાંઈ સંભારતા નહિ, વારંવાર એક મૂર્તિને જ હૃદયમાં ધાર્યા કરતા. ૧૧. જ્યારે મૂર્તિમાંથી વૃત્તિ તૂટી જાતી ત્યારે અંતરમાં ઘણું જ દુઃખ થાતું હતું. મૂર્તિનું ચિંતવન ચાલું હોય ત્યારે વચ્ચે બીજા કોઈ કાંઈ બોલે તો તે હળાહળ ઝેર જેવું લાગતું હતું. ૧૨. આવું બધું જોઈને નાગરો તો વિસ્મિત થઈ ગયા. તેઓ કહેવા લાગ્યા, 'આવી સવારીની રીત કયાંય દેખી કે સાંભળી નથી.' તેમનું ચિત્ત આશ્ચર્યચક્તિ થઈ ગયું. ૧૩.

કાઠી સવારો તો દેવો કરતાં પણ ચઢિયાતા દેખાયા અને તેમના બધા અશ્વોને વિમાન જેવા દેખ્યા. જેને જેને આવા દર્શન ન થયા તેઓ પોતાને ધિક્કારવા લાગ્યા. ૧૪. બધી સવારી એકકોશ સુધીની લંબાઈમાં વ્યવસ્થિત ચાલી રહી હતી. બધે કેવળ 'જય જય' 'જય જય'નો જ ઉદ્‌ઘોષ થાતો હતો. તે સિવાયનો બીજો કોઈ શબ્દ સંભળાતો ન હતો. ૧૫. જ્યાં નવાબને રહેવાનો રાજમહેલ હતો ત્યાં સવારી સાથે શ્રીહરિ શહેરની વચ્ચે આવ્યા. રાજમહેલના ગોખમાં બેઠેલા નવાબે બધી સવારીને દેખી. ૧૬. સવારીમાં સહુથી આગળ

ડંકા, નિશાન અને વાજિંત્રવાળા ચાલતા હતા. તેની પાછળ હરિભક્તો કીર્તન બોલતા બોલતા ચાલ્યા જતા હતા.૧૭. અને તેની પાછળ સંતો ઝાંઝ તથા મૃદંગ બજાવીને ઉત્સાહથી ઉત્સવના પદ ગાતા ચાલતા હતા. કેટલાક સંતો અને વર્ણીઓ વિવિધ સ્તોત્રના શ્લોક બોલતા હતા. ૧૮. **સહુનાં નેત્રો એક શ્રીહરિના સિવાય શહેર કે બજારોને, કોઈને દેખતા ન હતા. વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણોને પહેરીને અનેક સ્ત્રીઓ અને પુરુષો બજારમાં ઊભા હતા. ૧૯.**

❋ સંતોની અલૌકિક રીત :

તે બધા અનેક રીતે રૂપાળા હતા છતાં સંતો તેમના તરફ ભૂલથી પણ નજર કરતા નહિ. શ્રીહરિની મૂર્તિ સિવાયનાં જે રૂપ હતાં તેને સંતો ભયાનક ઝેરનાં સમાન સમજતા હતાં. ૨૦. કેમ જે, તેમણે ભગવાન સિવાય બીજું કાંઈ પણ સારપણે રાખ્યું ન હતું. તેઓ પંચવિષયોમાં અત્યંત દુઃખ દેખતા હતા. સંતો રાત-દિવસ વારંવાર પંચવિષયનાં મૂળને ઉખેડી નાખતા હતા. ૨૧.

પંચવિષયનાં મૂળ તો પાતાળથી લઈને પ્રકૃતિપુરુષના લોક સુધી છે. તેથી જ્યાં સુધી પ્રકૃતિથી પર વર્તે ત્યાં સુધી તેમને પંચવિષય લોપી શકે નહીં. ૨૨. ભગવાનના સંબંધવાળી જે જે ક્રિયાઓ છે તે બધી પ્રકૃતિથી પર છે એમ જાણવું. ભગવાનનો અને સત્સંગનો સંબંધ એક જ છે, એમ જે પરમ વિવેકી છે તે જાણે છે. ૨૩. ગુરુ, સંતો અને હરિભક્તોમાં બધું જ આવી જાય છે. જે મોક્ષપણાની બુદ્ધિ રાખીને તેમની સેવા કરે તો તેની બુદ્ધિ ક્યારેય દૂષિત થાય નહિ. ૨૪. **જ્યાં સુધી જીવમાં ભગવાન, સંતો અને હરિભક્તો પ્રત્યે પરમ અલૌકિક ભાવ રહે છે ત્યાં સુધી તેની મતિ શુદ્ધ રહે છે. ૨૫. જ્યાં સુધી શુદ્ધમતિ રહે છે ત્યાં સુધી નિશ્ચિત મોક્ષ થાય છે. તેમાં કયારેય ફેર પડે નહિ. એવું દૃઢપણે હૃદયમાં જાણવું. ૨૬.** જ્યાં સુધી શુદ્ધમતિ રહે છે ત્યાં સુધી રોજબરોજ હરિભક્ત સત્સંગમાં આગળ વધતો જાય છે. પણ જો મતિ દૂષિત થઈ જાય તો તે સત્સંગમાં ઘટી જાય છે. ૨૭.

માણસમાં ભલે પાત્રતા ન હોય, પણ જ્યારે તેને સત્સંગનો જોગ થાય છે ત્યારે તેને સત્સંગ થાય છે અને પછી તે સત્સંગના ગુણોને પણ શીખે છે. ૨૮.

संत हरिजन निर्मल हि जेते, अति खप हि सत्संग के तेते;
सत्संग के ज्युं तेहि गुन सिखावे, दिन दिन अति कोमलता आवे...२९

ज्युं ज्युं कोमलता आवे ताई, संत हरिजन के दास रहाई;
सत्संग करनको फल हे एहा, हरिजन के दास होई रेना तेहा...३०

दासपन गुन न आये ज्यां लगहि, सत्संग करनेकी कसर त्यां लगहि;
दासपनेमें न आवत माना, मान सब गुन के करत अपमाना...३१

ध्यान धारणा सम नहिं कोई, मूर्ति में रे'ना चित्त कु प्रोई;
हरिजन के भये जो न दासा, मान रहे उर गुन भये नाशा...३२

જે સંતો અને હરિભક્તો નિર્દોષ સ્વભાવના હોય તેને સત્સંગનો ખપ અતિશય રહે છે. તેઓ જેમ જેમ સત્સંગના ગુણોને શીખે છે તેમ તેમ તેમાં અત્યંત કોમળતા આવતી જાય છે. ૨૯.

જેમ જેમ કોમળતા આવે છે તેમ તેમ તે સંત અને હરિભક્તોનો દાસ થઈને રહે છે. સત્સંગ કરવાનું સાચું ફળ તો એટલું જ છે કે, હરિભક્તોના દાસ થઈને રહેવું. ૩૦. જ્યાં સુધી દાસપણાનો ગુણ ન આવે ત્યાં સુધી સત્સંગ કરવામાં કસર છે. જો દાસપણું હોય તો તેમાં માન આવતું નથી. માન છે તે તો બધા જ ગુણોનું અપમાન કરી નાખે છે. ૩૧. મૂર્તિમાં ચિત્તને પરોવીને રહેવું તથા ધ્યાન, ધારણા જેવું કોઈ સાધન ન કહેવાય પણ જો હરિભક્તના દાસ ન થવાય તો હૃદયમાં માન આવે, અને તેનાથી બીજા બધા ગુણોનો નાશ થઈ જાય છે. ૩૨.

પ્રગટ ભગવાનની સેવા કરવી અને રાત-દિવસ ભગવાનની પ્રસાદી જમવી, એ તો સર્વે સાધનોનું ફળ કહેવાય છે. પણ જ્યાં સુધી તે ભગવાનના ભક્તનો દાસ ન થયો હોય, ત્યાં સુધી તેનામાં રહેલા ગુણો તેને જરાય શોભાડતા નથી. દાસપણામાં અનંત ગુણ રહ્યા છે. કોઈમાં અંતર્યામીપણાનો ગુણ આવી જાય તો આખું બ્રહ્માંડ તેની આગળ આવીને માથું ઝુકાવે છે, ૩૩-૩૪. પણ હરિભક્તોનું દાસપણું ન આવ્યું તો તેનામાં રહેલા બીજા બધા ગુણો પાપરૂપ છે. નિષ્કામપણું ઇત્યાદિ સંતોના શ્રેષ્ઠ બત્રીશ ગુણો કહ્યા છે,

તે ગુણો તો ભવ, બ્રહ્મા જેવાને માટે પણ દુર્લભ છે. નારદજી પણ તે ગુણોને સર્વોત્તમ માને છે. જે સત્સંગ કરે છે તેમાં તો તે સાધુતાના ગુણો સહેજે જ આવે છે. ૩૫-૩૬.

दोहा : अति बडे गुन आईके, दासपन जो भये नाश;
गुन आये न आये तेहि, जिव विन देह ज्युं तास...३७

કદાચ કોઈમાં અતિશય મોટા ગુણો આવે પણ તેને લીધે જો દાસપણું નાશ થઈ જાય તો બીજા ગુણ આવ્યા તે ન આવ્યા બરાબર જ છે. દાસપણાં વિનાના બીજા ગુણ તો જીવ વિનાના દેહ જેવા છે. ૩૭.

જય અને વિજય જેવા ભગવાનના પાર્ષદો, રાધિકાજી અને શ્રીદામા, તથા શુકદેવજી અને સનકાદિક જેવા સિદ્ધો એ બધા રાત-દિવસ દાસપણાનું જ રટણ કરતા રહે છે. ૩૮. તેઓ દાસના પણ દાસ થઈને રહેવાના ગુણનું રાત-દિવસ પ્રેમથી ગુણગાન કરતા રહે છે. જો તેઓ દાસપણાંના ગુણને ન્યૂન જાણે તો તે મુક્ત થયા હોય તોપણ ન્યૂન થઈ ગયા, એમ જાણવું. ૩૯. સત્સંગ તો મહાન સાગરના જેવો છે. જે જે મહાન શુભ ગુણો કહેવાય છે તે બધા તેમાં ભર્યા છે, પણ જો દાસપણું ન હોય તો તે ગુણો કાયમ ટકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'જૂનાગઢની સવારીમાં દાસપણાની મહત્તા કહી' એ નામે એક્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર અગિયારમું : તરંગ - ૪૨

નવાબે નાગર દીવાનને હાથે શ્રીહરિની પૂજા કરાવી

✻ સંતોના લક્ષણો :

શ્રીહરિની સાથે રહેલા જેટલા સંતો હતા તે સહુ નિર્માનીપણાના ગુણને લીધે સૂર્યના સમાન શોભતા હતા. તેમને જોઈને લોકો પણ વખાણ કરતા હતા. ૧. સંતો સ્ત્રીઓની સામે પણ દેખતા નહીં. સહુએ પોતાની દૃષ્ટિને કાબુમાં કરી હતી. કદાચ કોઈ અજ્ઞાની મનુષ્ય સંતોને કડવું વચન કહી નાખે,

તોપણ તેનો મનમાં ખેદ કરતા નહીં. ૨. સંતો સાધુતાના ગુણોને સંભારીને મનમાં પ્રસન્ન રહે છે. સદ્‌ગુણોનું કવચ બનાવીને જગતમાં વિચરણ કરતા રહે છે. ૩. આવા સંતોને દેખીને નવાબ ખૂબ જ રાજી થયા. ભૂમિ ઉપર આવા સંતો ક્યાંય નથી કે, જેણે ધન અને નારીનો ઊલટીના અન્નની જેમ ત્યાગ કરી દીધો હોય. ૪.

જે ત્યાગી થયા હોય તેને પણ મોટામાં મોટું બંધન ધન અને નારી છે. જે સંસારસાગર કહેવાય છે, તે આખો ધન અને નારીમાં જ રહ્યો છે. ૫.

ધન અને નારીરૂપ મહાસાગર તો પાતાળથી પ્રકૃતિ સુધી રહ્યો છે. દુનિયામાં જે જંગમ જાતિ છે તેને ધન અને નારીએ ડુબાડી દીધી છે. ૬. જ્યારે ભગવાન પ્રકટ થાય છે ત્યારે તેઓ પોતાના પ્રતાપથી ધન અને નારીમાં દોષ દેખાડે છે અને લોકોને તેનો અભાવ કરાવે છે. ૭. જ્યાં સુધી ધન અને નારીમાં જેને પ્રીતિ રહે છે ત્યાં સુધી તેને સંસાર જીતાયો નથી. ઉપરથી ત્યાગ હોય પણ અંદરથી જો રાગ ભર્યો હોય તો કોઈક દિવસ તે કલંક લગાડે છે. ૮. જે અંદરથી અને બહારથી બંને રીતે ત્યાગી હોય તે જ ખરા ત્યાગી કહેવાય છે. જે અંદરથી ત્યાગ ન કરે તેનો અંતે તો ફજેતો થાય છે. ૯. શ્રીહરિ જેટલાને ત્યાગી કરે છે તે બધાને અંદરથી જ ત્યાગ કરાવે છે અને જે અંતરથી ત્યાગી થયા હોય તેઓ ક્યારેય સત્સંગનો ત્યાગ કરતા નથી. ૧૦.

❋ સત્સંગની રીત :

चोपाई :

सत्संग में सत्संगी होई, जन को करे अपमान कोई;
अपमान को करे सहन जेही, सत्संग में शिरोमणि तेही...११
हरिजन होई हरिजन को जेहु, करे अपमान वेर वेर तेहु;
नीच में नीच हरिजन तेउ, कालनिमि जिमि संत बने एउ...१२

दोहा : हरिजन होई अजान में, अपराध कछु भये कोइ;
कर जोरी केना ताहिकु, हरिजन की रीत सोइ...१३

આ સત્સંગમાં સત્સંગી હોવા છતાં જો તે બીજા કોઈ સત્સંગીનું અપમાન કરે ત્યારે જે અપમાનને સહન કરી લે છે તે જ સત્સંગમાં શિરોમણિ કહેવાય છે. ૧૧. જે પોતે હરિભક્ત થઈને જો બીજા કોઈ હરિભક્તનું વારંવાર અપમાન કરે, તો તે અપમાન કરનારો હરિભક્ત નીચમાં પણ નીચ કહેવાય છે. જેમ કાળનેમિ અસુર સંત થયો હતો તેવો તેને જાણવો. ૧૨. હરિભક્ત થઈને અજાણમાં જો પોતાથી બીજા કોઈ ભક્તનો કાંઈક અપરાધ થઈ જાય તો હાથ જોડીને ક્ષમા માગવી જોઈએ. આ હરિભક્તની રીત છે. ૧૩.

જેનો અપરાધ થઈ ગયો હોય તેને હાથ જોડીને જ્યારે માફી માગી સારી રીતે વિનયના વચન કહેવામાં આવે ત્યારે અપરાધ કરનારો હરિભક્ત નિરઅપરાધી થઈ જાય છે. ૧૪. અવિનયથી અને ક્રોધે કરીને કોઈ હરિભક્તને કાંઈ કહી દેવાથી અત્યંત અપરાધ થાય છે. આમ અવિનયયુક્ત વર્તવું તે સાચા સત્સંગની રીત નથી. ૧૫. જે સંત અને હરિભક્તને કથનમાત્ર સત્સંગ હોય, તેનું તો એવું અંગ હોય છે કે, મનફાવે તેમ વચન બોલે, છતાં તેને મનમાં કાંઈ શંકા થાય નહિ, પણ તે ઠીક કહેવાય નહિ. ૧૬.

हरिजन संत सो दिव्य कहावे, स्वामिनारायण मुख जो गावे;
अवतार भये अनंत अपारा, इन से कोउ न देखे न्यारा...१७
सबको सामृथ कहावत जेतो, इनमें सब ही समझे तेतो;
इनसे न्यारे न देखे एका, न्यारे कहे ताकु न विवेका...१८

જે મુખથી 'સ્વામિનારાયણ' બોલતા હોય, તે બધા સંતો-ભક્તો દિવ્ય જ કહેવાય. અનંત અને અપાર અવતારો થયા છે, તે કોઈને ભગવાન સ્વામિનારાયણથી સ્વતંત્રપણે અલગ ન જોવા. ૧૭. બધા અવતારોનું જે સામર્થ્ય છે તે બધું જ શ્રીહરિમાં રહ્યું છે, એમ સમજવું. શ્રીહરિથી કોઈને પણ ભિન્ન સમજવા નહિ. અને જે અલગ કહે છે તેને વિવેક-સમજણ નથી. ૧૮.

જ્યાં સુધી અવતારોનો દ્રોહ કરે છે ત્યાં સુધી સત્સંગ કરવામાં કસર છે, તેમ જાણવું. જેટલો અવતારોનો દ્રોહ કરે છે તેટલી તેમાં અસુરબુદ્ધિ કહેવાય છે. ૧૯. જેટલા અવતારો છે તેનો દ્રોહ કરવો તજીને જે પ્રગટ શ્રીહરિમાં

જ તાન તોડતા હોય અર્થાત્ પ્રગટ શ્રીહરિમાં ગુલતાન રહેતા હોય. અને જે અવતારોનો દ્રોહ ન થાય તે રીતે ઘણા જ હેતથી વાત કરતા હોય, તેમને સાધુતાની બુદ્ધિવાળા કહેવાય. અને તેમની સમજણ જ સર્વોપરિ ગણાય છે. તે રીતે જ બીજા અવતારોના જે ભક્ત થઈ ગયા છે કે હોય તેમનામાં પણ દિવ્યભાવની સમજણ રાખવી જોઈએ. ૨૦-૨૧.

જે જે જ્ઞાનના અંગવાળા જ્ઞાની સંતો હતા, તેઓ આવી રીતે બજારમાં ચાલતા ચાલતા પરસ્પર પરમ વિવેકભરી સમજણની વાતો કરતા હતા. વળી, તે જ્ઞાની સંતો વાતો કરતા હતા કે, "વિવેક વગરની વાત શોભતી નથી. ૨૨. ગ્રંથમાં જેટલી વાત લખી હોય છે તે નિર્બાધ જોઈને જ લખી હોય છે. કેટલાક બાધ-નિર્બાધની રીતને જાણ્યા વગર પોતાની કલ્પિત વાતોને અધિક કરીને માને છે. ૨૩. કલ્પિત મત-વાતને કદાચ કોઈ કરોડો રીતે ચલાવે પણ સુજ્ઞજનોની સભામાં તે વાતો ફીકી પડી જાય છે. કેટલાક મૂઢમતિ લોકો એવા હોય છે કે તેમને શાસ્ત્રની વાત ગમે જ નહિ. ૨૪. તે મૂઢ લોકો પોતાની કલ્પિત વાતોમાં જ આનંદ માને છે. અને તે મુઢ મતિમંદો એવું બોલે છે કે સત્યના નિર્ણયમાં વ્યાસ અને શુકજી પણ ભૂલા પડી ગયા છે. ૨૫. પરંતુ સ્મૃતિ-ધર્મશાસ્ત્રોને લખનારા અઢાર ઋષિઓ થયા છે, મહારાજ મનુ થયા છે અને વેદોના નિધિ બ્રહ્માજી પણ થયા છે. તેમના બધાં વચન અનુપમ છે. ૨૬.

પૃથ્વી ઉપરનો ભાર ઉતારવા માટે ભગવાનના સાચા અવતારો જે થાય છે તે પણ સહુ પહેલા શાસ્ત્રોને પ્રમાણરૂપ માને છે. ૨૭. આ ભૂમિ ઉપર જે જે ચક્રવર્તી રાજાઓ થઈ ગયા તેઓ બધા શાસ્ત્રમાં જોતા-અનુસરતા. આ રીત બ્રહ્માંડ થયું ત્યારથી ચાલી આવે છે. ૨૮. તે ચક્રવર્તી રાજા શાસ્ત્રોમાં યુગને અનુસારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ બધાના ધર્મોને જોઈને તેમની જે પ્રથા હોય તે પ્રમાણે સહુને ચલાવે છે. ૨૯. શાસ્ત્રોમાં ચારે આશ્રમોની જેવી રીત હોય તે પ્રમાણે બધા આશ્રમીઓને પ્રેમથી ચલાવે છે. તે સમ્રાટોના જે વચન શાસ્ત્રાનુસાર હોય છે તેને બધી પ્રજા પ્રેમભાવથી માને છે. ૩૦.

જે લોકો પોતાની મનોકલ્પિત વાતોને મનાવે છે, તેમાં તો અનંત જાતના ક્લેશ થઈ આવે છે." બજારમાં ચાલી રહેલા જ્ઞાની સંતો આવી વાતો

પરસ્પર કહેતા હતા અને કેટલાક સંતો તો કીર્તન ગાતા ચાલ્યા જતા હતા. ૩૧. નવાબ સંતોના મુખનો નિર્મળ અને નિશ્છળ ભાવ-દેખાવ જોઈને મનમાં ખૂબ જ રાજી થયા અને બોલ્યા કે, જેના શિષ્ય સંતો આવા વિશુદ્ધ હોય તો તેમના ગુરુ તો કેવા હશે ? ૩૨. જ્યારે આવી વાત નવાબ કરી રહ્યા હતા ત્યારે શ્રીહરિ તેની નજીક પહોંચ્યા. તે વખતે નવાબે પોતાના દીવાન જે નાગર હતા. તેને શ્રીહરિની પૂજા કરવા માટે આજ્ઞા કરી. ૩૩.

દીવાન સોનાના થાળમાં મોતી ભરીને લાવ્યા. તેમાંથી પ્રથમ કેસર યુક્ત ચંદનની અર્ચા શ્રીહરિને કરી અને ગુલાબનો ઘણો મોટો હાર પહેરાવ્યો. નવાબનો માળી હરિભક્ત હતો, ૩૪.

તેણે ફૂલોના બાજુબંધ અને પહોંચી, બનાવી હતી તે ધરાવી. તેમજ ફૂલની કલંગી મસ્તકે ધરાવી. ભારે ફૂલનો ખૂંપ પણ મસ્તકે ધરાવ્યો અને ફૂલનો પંખો પણ તે સમયે આપ્યો. ૩૫. ફૂલોની છડી અને ગુચ્છ હાથમાં આપ્યા. એટલે શ્રીહરિએ તે બધું પ્રેમથી લીધું. પછી નવાબે ઉત્સાહભર્યા દિલથી દીવાનની પાસે જરિયાની શાલ ઓઢાડાવી. ૩૬. વિવિધ પ્રકારનાં મેવાઓથી છાબો ભરી ભરીને શ્રીહરિની પાસે મૂકી. નવાબની મતિ નિર્મળ હતી. ૩૭. સહુ મનુષ્ય અને પ્રાણીમાત્રની જીવનદોરી તો શ્રીહરિનાં હાથમાં છે. ભક્તપતિ ભગવાન એવા સમર્થ છે કે, તેઓ જેવો સંકલ્પ કરે તેમજ થાય છે. ૩૮. શ્રીહરિએ એક પાનબીડાનો થાળ પ્રસાદીના રૂપમાં નવાબને અપાવ્યો. નવાબે પણ તે પાનનો પ્રસાદ ઘણા જ આદરની સાથે તરત જ લઈ લીધો. ૩૯. **વારંવાર તે શ્રીહરિની સન્મુખ વંદન કરવા લાગ્યા. અને બોલ્યા કે ,આપ તો વિશ્વંભર છો. મને આપનાં દર્શન થયાં તે મારા કોઈ અનંત પુણ્યનું શુભ ફળ મળ્યું છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'નવાબે નાગર દીવાનને હાથે શ્રીહરિની પૂજા કરાવી' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર અગિયારમું : તરંગ - ૪૩

શ્રીહરિએ સહુને ઉતારા આપ્યા અને ચંદણીની નીચે આવીને બેઠા

ઘનશ્યામ શ્રીહરિ જૂનાગઢમાં નવાબનું શ્રેય:કાર્ય કરીને આગળ ચાલ્યા. જ્યાં બધા નાગરો ભેગા થયા હતા, ત્યાં શ્રીહરિ આવ્યા. ૧. જેનાં દિલમાં જેવી ભાવના હતી તે પ્રમાણે નાગરોએ શ્રીહરિને મહાન સમર્થ અને અજેય જાણીને કેસર ચંદનાદિથી સારી રીતે પૂજા કરી. ૨. શ્રીહરિનો અત્યંત પ્રતાપ જોઈને નાગરો ફૂલહાર પહેરાવતા હતા. નાગરોની સ્ત્રીઓ પણ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિની પૂજા કરતી હતી. ૩. દરબાર દાદાભાઈનો શહેર વચ્ચે એક ઘણો વિશાળ બાગ હતો. સુંદર જગ્યા જોઈને તે બાગમાં સંઘનો ઉતારો કરાવ્યો. ૪. તે બાગમાં એક વાવ હતી. તેથી દક્ષિણ તરફ સંતોને ઉતારો કરાવ્યો. જ્યાં સુંદર આસોપાલવના વૃક્ષો હતા ત્યાં અદ્‌ભુત મંડપ કરાવ્યો. ૫.

શ્રીહરિની સાથે જે સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ હતા, તે બધાને મંડપમાં ઉતાર્યા. શ્રીહરિની સાથેના જેટલા દરબારો હતા તેમને બધાને માટે તેટલા તંબુઓ તણાવી દીધા. ૬. શ્રીહરિવર માટે એક તંબુ તણાવ્યો. તેમાં આવીને શ્રીહરિએ ઉતારો કર્યો. તંબુની આગળ એક મોટી સુંદર ચંદની બંધાવી. તેના સ્તંભ ઘણા સોહામણા લાગતા હતા. ૭. તેના સ્તંભ ઘણા ઊંચા હતા અને ચંદનીને ચારેકોર દરવાજા મૂકયા હતા. તેમાં આવીને જેટલા લોકો બેસતા તે બધા જ ભક્તો સમાઈ જતા. ૮. પૂર્વ અને દક્ષિણ તરફ શહેરનો કોટ હતો, તેમજ પૂર્વ તરફ નજીકમાં જ પહાડ હતો. તે પહાડ અને તેની ઉપરના વિવિધ પ્રકારના અપાર વૃક્ષો ખૂબ જ શોભતા હતા. ૯. બધા ભક્તજનો જાણે પહાડમાં જ ઊતર્યા હોય તેમ સંઘની રચના કરી હતી. હાથી, ઘોડા અને બળદ એ બધાને કોટની નજીક રાખવાની વ્યવસ્થા કરી હતી. ૧૦.

દરબાર દાદાભાઈ અને ઝીણાભાઈએ તે બધા પશુઓના ઉપર પણ છાયા કરાવી દીધી હતી. સોરઠ દેશના બધા કણબી હરિભક્તો ૧૧. પોતપોતાને ગામથી બુંગણ (મોદિયાં) લાવ્યા હતા. તે બધાને બાંધીને છાંયા કરાવી દીધી. પર્વતભાઈ આદિક હરિભક્તો સંઘની સેવામાં રહ્યા હતા. ૧૨.

શ્રીહરિએ જાતે જઈને દેશેદેશના બધા હરિભક્તોને ઉતારા કરાવી દીધા. ૧૩. શ્રીહરિવર સિવાય બીજા કોઈથી ઉતારા આપી શકાય તેમ ન હતું. ઉતારા માટે એકેએક વિવાદ કરતા હતા. બધા સારી જગ્યાને ચાહતા હતા. ૧૪. પણ જ્યારે શ્રીહરિવર પોતે જ જઈને જેને જ્યાં ઉતારો આપતા ત્યાં તેઓ મનને પ્રફુલ્લિત રાખીને તરત જ ઉતારો કરી લેતા હતા. ૧૫.

सोरठा : प्रताप हरि को जोइ, वाद विवाद न करत कोउ;
पक्ष न जानत कोइ, मगन मगन मन रहत सब...१६

શ્રીહરિનો પ્રતાપ જોઈને કોઈ વાદ-વિવાદ કરતા નહિ. તેઓ કોઈનો પક્ષપાત પણ માનતા નહિ અને સહુ પ્રસન્ન મનથી રહેતા હતા. ૧૬. હરિભક્તોના જેટલા ઉતારા હતા ત્યાં શ્રીહરિ નિત્ય આવતા અને દિવસમાં એકવાર સહુની સંભાળ લેતા. જેને જે વસ્તુની જરૂર હોય તે તરત જ અપાવતા હતા. ૧૭. કેમ જે, બધા હરિભક્તો એકસરખા નથી હોતા. કેટલાક તો ઘણા જ ગરીબ હોય છે. વળી, કેટલાક તો ખરચી અને ભાતા વિના પણ આવ્યા હોય, ઘરમાં બધાને સત્સંગ ન હોય તેથી ભાતુ કરી આપે નહીં, લેવા પણ દે નહીં. ૧૮. કેટલાક તો વગર પૂછે ઘરેથી છાની રીતે આવ્યા હોય, તેથી તેની પાસે કાંઈ ભાતું ન હોય. એવા ભક્તોને શ્રીહરિ પોતાના આશ્રિત-દાસ જાણીને તેની સંભાળ રાખતા. ૧૯.

શ્રીહરિને જેવી રીત આવડતી તેવી રીત બીજા શીખે તોપણ આવડે નહીં. તે ચંદનીની વચ્ચે એક સિંહાસન કર્યું હતું. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર બેઠા. ૨૦. પુરમાંથી જેટલી સવારી આવી હતી તેમાં સહુની સંભાળ લઈને જેને જે રીતે પ્રસાદી આપવી ઘટે તે બધું જોઈ-વિચારી તે પ્રમાણે અપાવ્યું. ૨૧. શ્રીહરિનો અતિ ઉદાર સ્વભાવ જોઈને સહુ લોકો ખૂબ જ પ્રસન્ન થયા. જ્યારે તે લોકો નવાબ પાસે ગયા ત્યારે તે બધા શ્રીહરિનો યશ ગાવા લાગ્યા. ૨૨. અહીંયાં ઘણા મોટા મોટા મતવાદીઓ આવે છે, તેઓ ધનવાન હોય છે. તેમને ઘણા ગામ અને અપાર ગરાસ પણ હોય છે અને તેમને મોટા મોટા સરદારો પણ માનતા-પૂજતા હોય છે. ૨૩. કરોડપતિ શાહુકારો પણ તેમને માનતા હોય છે. તે ઉપરાંત પોતાને માટે હાથી, ઘોડા,

રથ, મ્યાના અને પદાતિ બધું જ રાખતા-રખાવતા હોય છે. ૨૪. તેઓ ઘણો જ આડંબર કરીને ચાલતા હોય છે પણ તેમાં કાંઈ તેજ હોતું નથી. તેઓ બધા જ સ્ત્રીઓના દાસ થઈ ગયા હોય છે. ૨૫.

બીજા બધા મતપંથો સ્ત્રી અને ધનને માટે જ હોય છે. તેમાં ધર્મ કે નિયમ એકપણ હોતા નથી. અને ધન કમાવા માટે શાસ્ત્રો ભણતા હોય છે. ૨૬. જગતમાં જેટલા ફેલ છે તે બધા મોટે ભાગે એકેએક મતમાં રહ્યા છે. તેમાં ઘણા તો પોતાનું મકાન અને ધન લૂંટાવીને પણ વ્યભિચાર તથા વ્યસન કરતા રહે છે. ૨૭. તે બધા વ્યભિચારને અને વ્યસનને જ મોક્ષ માને છે અને પોતાનું પેટ ભરવું, તેને તેઓ તીર્થ અને વ્રતોનું ફળ કહે છે. ૨૮. બધા સાધનોનું ફળ ચાર પુરુષાર્થ મળે એ કહ્યું છે. તે ચારમાંથી જે જેટલું મળે, તે બધો તેટલો મોક્ષનો માર્ગ છે, એવું તેઓ બોલે છે. ૨૯. આ રીતે તે બધા મતપંથીઓ વાત કરે છે અને પોતાનો પેટનો નિર્વાહ કરવો તે જ મોક્ષ બતાવે છે. જેને અહીંયાં સુખ છે તેને આગળ પણ સુખ છે અને જેને અહીંયાં દુઃખ છે તેને આગળ દુઃખ જ છે, એમ બોલે છે. ૩૦.

ઈશ્વર ઈચ્છાએ દુઃખ આવશે તો તેને પણ પરમ સુખ માનશું. ઈશ્વર જમપુરીમાં લઈ જાશે તો ત્યાં શુદ્ધ કરીને પાછા અહીંયાં લાવશે. ૩૧. જમપુરી તો જીવ-પ્રાણીમાત્રને શુદ્ધ કરવા માટે કરી છે. એટલે પરમેશ્વરે જીવોને શુદ્ધ કરવા માટે ઘણા જ હેતથી જમપુરી બનાવી છે. ૩૨. જેના ઉપર પરમેશ્વરની કૃપા હોય તે જ જમપુરીમાં જાય. પરમેશ્વર એવા મહાસમર્થ છે કે, તેઓ જીવને સહજ ભાવે શુદ્ધ કરી દે છે. ૩૩. તે બધા મતવાદીઓ આવી વાતો કરીને મનુષ્યમાત્રને ભરમાવતા ફરે છે. મનુષ્યમાત્ર ગુરુ કરવા જોઈએ એટલું જ જાણે છે અને તે ગુરુ કરવા માત્રથી જ પોતાનો મોક્ષ માને છે. ૩૪. ગુરુનાં લક્ષણ કેવા હોવા જોઈએ, એ વાતને કોઈ જાણતું જ નથી. સંતોની રીત કેવી હોવી જોઈએ એ વાતને પણ તેમણે ક્યારેય સાંભળી હોતી નથી. ૩૫.

કળિયુગના લોકોનો ઉદ્ધાર કરવા માટે ભક્તમાળને મોટું જહાજ માને છે. કેટલાક મતમાં તો દેહને સમર્પણ કરી દેવો તે જ ઉદ્ધારનું સાધન માને છે. ૩૬. તેવા લોકો તો ડૂબવું કે તરવું તેની વાતને લગાર પણ જાણતા

નથી. જેઓ એવા કલ્પિત મતોમાં ઘૂંસી ગયા છે તેઓ તે મતને સહુથી પર સારરૂપ માને છે. ૩૭. આવા ગમ વિનાના-અજ્ઞાની લોકોને દેખીને જીવોના જીવનપ્રાણરૂપ અને જેને પુરુષોત્તમ કહેવાય છે, તે ભગવાન અત્યારે સ્વામિનારાયણના રૂપમાં પ્રકટ્યા છે. ૩૮. જ્યારે બધાં જ મતમાં અધર્મ વ્યાપી ગયો અને બધા જ એકાકાર થઈ ગયા, હવે આ લોકોની શી ગતિ થાશે ? એવી ચિંતા કરીને ભગવાને દુર્વાસાને પ્રેરણા કરી. ૩૯. પછી તત્કાળ આવીને દુર્વાસાએ ધર્મદેવ આદિકને શાપ દીધો કે, તમે બધા ઋષિ-મુનિઓ ભરતખંડમાં જઈને મનુષ્ય દેહને પામો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ સહુને ઉતારા આપ્યા અને ચંદનીમાં આવીને બેઠા' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર અગિયારમું : તરંગ - ૪૪

જૂનાગઢમાં શ્રીહરિ થાળ જમ્યા

જૂનાગઢના નવાબે તે પોતાના માણસોને કહ્યું, "જ્યાં ધર્મ છે ત્યાં જ નીતિ રહે છે અને ભગવાન પણ ત્યાં જ રહે છે. એ વાત સાચી છે. ૧. **કોઈ ધર્મનિષ્ઠ સત્પુરુષ એમ નથી કહેતા કે, કામ અને રામ સાથે રહે છે. કરોડો યુક્તિઓથી કોઈ વાત કહે પણ રવિ અને રજની, સૂર્ય અને રાત બંને કયારેય એક જ સમયે સાથે રહેતા નથી.** ૨. જેને મોક્ષની બાબતની કશી જ ગમ ન હોય એવા કામી ગુરુઓને તેવા લોકોની સાથે ફાવે છે અને તેમની પાસેથી ધન અને સ્ત્રીને લેતા રહે છે. ૩. કરોડો સૂર્યના સમાન તેજસ્વી એવા સ્વામિનારાયણને મેં દેખ્યા છે. ગુરુઓ કામી થઈ ગયા છે એમ સમજીને તેના દંભને તોડવા માટે પોતે પ્રકટ થયા છે. ૪.

નવાબની પાસે જે કોઈ માણસ આવે તેની આગળ ઉપર કહ્યા પ્રમાણેની વાત નવાબ કરતા. રાજાને કોણ આવીને નિવારે ? અને વળી વ્યવસ્થિત રીત-ભાતથી તે જ્યારે વાત કહેતા હોય ત્યારે તેને કોણ રોકે ? ૫. જેને

વાત કહેવાની રીત આવડતી હોય, તેની આગળ તો ભવ અને બ્રહ્મા પણ માથું ઝુકાવી દે છે. જો રામનું બાણ પાછું ફરતું હોય તો સત્યવાત પાછી પડે, પણ તેમ થાય નહિ. ૬. સત્પુરુષનું વર્તન જ એવું હોય છે જે અસત્પુરુષને માર કરે, તેને દબાવે. જ્યારે સિંહ એકલો જ આવ્યો હોય ત્યારે તે કોઈ મનુષ્યને મારે નહિ. ૭. પણ સિંહને દેખીને કોઈના દિલમાં સુખ-શાંતિ ન રહે, તેને દેખતાંની સાથે જ બધા ભયભીત-દુઃખિયા થઈ જાય છે. હાથીનાં જેવું બળવાન પ્રાણી હોય તે પણ સિંહને જોતાની સાથે બકરી જેવું ગરીબ થઈ જાય છે. ૮. બીજાની તો વાત જ શી કહેવી ? સહેજે જ સિંહને પણ ભય-સંતાપ કરાવનારો બંદૂકધારી માણસ ઘણો ભારે જોરદાર હોય છે તોપણ તે સિંહને કાળરૂપ દેખે છે. ૯. ચાહે તેવો કામી પુરુષ હોય પણ જો તે સિંહને ખુલ્લો દેખી જાય તો તેના કામના બધા ઘાટ-સંકલ્પ નાશ પામે છે અને બધો આનંદ લુપ્ત થઈ જાય છે. ૧૦.

चोपाई :

फेल व्यसन कहावत जेता, अधर्म मात्र जो जो तेता;
सुख में सो रहे हे आई, प्रसिद्ध नेन आवत देखाई...११

ફેલ, વ્યસન કે જે જે પ્રકારના અધર્મ કહેવાતા હોય છે તે બધા સુખ-સગવડતામાં આવીને રહે છે, એવું આંખોથી સ્પષ્ટ રીતે દેખાય છે. ૧૧. કામ અને ભોગ આદિકમાં સુખ માનનારા જે અધર્મી અનંત ગુરુ-શિષ્યો છે, હવે તેનો અંત આ 'સ્વામિનારાયણ'ના રૂપમાં આવ્યો છે. ૧૨. શ્રીહરિ જૂનાગઢમાં જેટલા દિવસ રહ્યા, તેટલા દિવસ નવાબ શ્રીહરિની વાત ઉલ્લાસથી કહેતા હતા. ૧૩. નવાબે જે રીતે વાતો કહી હતી તે અહીંયાં કહી.

હવે હું પરમ પ્રેમથી શ્રીહરિનાં ચરિત્રની વાત કહું છું. ૧૪. દરબાર દાદાભાઈ અને ઝીણાભાઈની પહેલે દિવસ રસોઈ હતી. સારાં ઘી અને સાકર લાવીને શીરો અને પૂરી વગેરે વસ્તુઓ રસોઈમાં કરાવી હતી. ૧૫. **સંતોને મન, કર્મ અને વચનથી મિષ્ટાન્નની લેશ પણ રુચિ ન હતી, છતાં રોજ વિવિધ પ્રકારની પાકી રસોઈ થાતી હતી. ૧૬.** જ્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી

ત્યારે શ્રીહરિ ત્યાં જમવા પધાર્યા. જમવા માટેનો પણ ભારે વિશાળ મંડપ કરાવ્યો હતો. તેના દરવાજે મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. ૧૭.

ચારે દરવાજાને સુંદર રીતે શણગાર્યા હતા અને ઉપર સોનાના કળશ મૂક્યા હતા અને તેના ઉપર ધજા તથા પતાકા રાખેલી હતી, તેમજ મંડપમાં પણ અપાર શોભા કરી હતી. ૧૮. મંડપના જેટલા સ્તંભ હતા તેને સોનાનો વરખ લગાડેલો હતો. ફળોની સાથેના કેળના સ્તંભ રોપાવ્યા હતા. તેમાં ગમલા મૂકીને ફૂલોનો બાગ બનાવ્યો હતો. ૧૯. અનંત પ્રકારના બિલોરી ઝાડ મંડપમાં લટકાવી દીધા હતા. ચોકને લીંપાવીને રંગોળી પૂરાવી હતી. જેના મનમાં જેવી ભાવના હતી તે પ્રમાણે બધું કર્યું હતું. ૨૦.

❋ સુખી થવાય એવા કાર્ય કરી લેવા :

એકવાર અવસર નીકળી જાય, પછી તે ફરીવાર આવતો નથી. પછીથી તો મનમાં પસ્તાવો કરવાનો જ રહે છે. કરોડો વરસ વીતે છતાં સુયોગ આવતો નથી. શુભકાર્યમાં બહુ વિઘ્નો અને રોગ આવે છે. ૨૧. શ્રીરામચંદ્રજી તો ભગવાન હતા. વિઘ્નમાત્રના તો તેઓ શત્રુ હતા. છતાં તેમને વનવાસ કરવો પડ્યો હતો અને રાજપાટના સુખની આશા છોડી હતી. ૨૨. તેમને વનમાં પણ કેટલાક વિઘ્ન આવ્યાં. તે બધાં તેમણે સહન કર્યા હતાં. સીતાજીને કેટલાએ દુઃખ આવી પડ્યા. કહેવા ચાહીએ તોપણ મુખથી વર્ણવી શકાતા નથી. ૨૩. તે જ રામચંદ્રજી શ્રીકૃષ્ણરૂપે પ્રકટ્યા. જન્મ લીધો ત્યારથી તેઓ ક્યાંય સુખેથી બેઠા નથી. તેમને વારંવાર જોરદાર વિઘ્ન આવતા જ રહ્યા. ૨૪. બીજાની તો હવે વાત જ શી કહેવી ? સુખી થવાને માટે જેટલું કામ કરી લીધું, તે જગત જીતી ગયા કહેવાય. ૨૫.

શ્રીહરિ દાદાભાઈ અને ઝીણાભાઈનો ભક્તિભાવ દેખીને મંડપમાં આવ્યા અને સોનાના બાજોઠ ઉપર બેઠા. નાહીને પીતાંબર પહેર્યું. ૨૬. જે શીરો અને પૂરી કર્યાં હતાં તેનાથી સોનાનો થાળ પીરસ્યો. પછી તરત જ વર્ણી તે થાળ લાવ્યા અને શ્રીહરિની આગળ ધરાવ્યો. ૨૭. ભજિયાં અને વડાં કર્યાં હતાં. તેમજ બરફી અને પેંડા પણ ઘણાં કર્યાં હતાં. તેનાંથી થાળ ભરી દીધો અને

બીજા વિવિધ પ્રકારનાં શાકભાજી પણ કર્યાં હતાં. ૨૮. બધા થાળ અન્નકોટની જેમ ભર્યા હતાં. બધા અતિ રસદાર અને ઉજ્જ્વળ હતા. તે બધું ઘણાભાવથી શ્રીહરિ જમ્યા. કારણ કે, પ્રભુ તો ભાવનાના ભૂખ્યા કહેવાય છે. ૨૯.

भाव विन भोजन करे कोटी, ताकु मुख नहिं जोवे बोटी;
पक्वान के हरि भुखे न कदाई, भाव के भुखे हे जो सदाई...३०

भाव से जेंवावे जेति वेरी, भुखे होई जेंवे तेति वेरी;
हरि यह बात करे बहुवारा, हरिजन तबके जाननहारा...३१

ભાવના ન હોય અને કરોડો ભોજન કર્યાં હોય, તો એ શું ? તેને ભગવાન મુખથી ચાખતા પણ નથી. ભગવાન શ્રીહરિ ક્યારેય પકવાનના ભૂખ્યા નથી. તેઓ તો હંમેશા ભાવના જ ભૂખ્યા છે. ૩૦. હૃદયના શુદ્ધ ભાવથી જેટલીવાર ભગવાનને જમાડે, તેટલીવાર તે ભૂખ્યા થઈને જમે છે. શ્રીહરિ આવી વાત ઘણીવાર કહેતા, તેથી તે વખતના બધા ભક્તો તેને જાણતા હતા. ૩૧. આ બ્રહ્માંડમાં પાતાળથી લઈને પ્રકૃતિના લોક સુધીમાં જેટલા રસ છે, તેમાં દેવો અને મનુષ્યો તલ્લીન રહે છે અને અત્યંત દીન થઈને તેને ભોગવે છે. ૩૨. **પોતે શ્રીહરિ તો તે બધા રસને ઝેર જેવા માને છે. છતાં ભક્તો માટે તેના પ્રેમભાવ પ્રમાણે તે રસને સ્વીકારે છે. શ્રીહરિને બંધન કરે તેવો રસ આ બ્રહ્માંડમાં કોઈ નથી.** ૩૩.

જેમ બધાં બાળક ભેળા થાય. પછી તેઓ માટી-ગારાના ઘર બનાવે. માટીના જ હાથી, ઘોડા, રથ અને વેલ કરે, ૩૪. પકવાન પણ તે માટીના જ કરે, પણ તેમાંથી તે કોઈ એકને પણ સાચું માનતા નથી. શ્રીહરિની પણ આ એવી જ લીલા છે. તે સામાન્ય મનુષ્યના કળ્યામાં આવતી નથી. ૩૫. શ્રીહરિ સાધારણ ભક્તજનો માટે ત્યાગ અને વૈરાગ્યને દેખાડે છે. તેને દેખીને તે ભક્તો તે રીતે ત્યાગ અને વૈરાગ્ય રાખે છે. શ્રીહરિએ જે જે ચરિત્રો જે જે રીતે કર્યાં હોય, તે બધાં જ, ૩૬. **ચરિત્રો મોક્ષ કરનારા છે. જો ચિત્તમાં તે ચિંતવવામાં આવે તો તે બધા ચરિત્રો મોક્ષ કરનારા છે. એટલા માટે જ શ્રીહરિ પ્રેમથી વારંવાર જે જે ચરિત્રો કરે છે તે બધાં ધ્યાન-ચિંતવન કરવા**

માટે જ કરતા હોય છે. ૩૭. શ્રીહરિ જ્યારે થાળ જમવા બેઠા ત્યારે ત્યાં જેટલા ભક્તજનો હતા તે બધા હૃદયમાં ઘણો જ ભક્તિભાવ લાવીને ત્યાં દર્શન કરવા આવ્યા ૩૮.

सोरठा : हरि जेंवत चतुराइ, एसी न जन कु आवे कोउ;
देव देखत नित आइ, देखि के आश्चर्य होत अति...३९

શ્રીહરિ જેવી ચતુરાઈથી જમતા હતા તેવી ચતુરાઈ કોઈ પણ મનુષ્યને આવડે નહિ. દેવતાઓ રોજ આવીને તે દેખતા હતા. તેમને પણ તે દેખીને અત્યંત આશ્ચર્ય થાતું હતું. ૩૯. **શ્રીહરિના હાથમાં કોળિયો હોય તેવું કોઈને દેખાતું નહિ. કેમ જે, એક તો કોળિયો નાનો એમાંય તરત મુખમાં મેલી દેતા અને ગ્રાસ ઝાઝીવાર મુખમાં પણ ટકતો-દેખાતો નહિ. કારણ કે, પ્રભુ વધારે સમય સુધી ચાવવામાં વિલંબ કરતા નહિ. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'જૂનાગઢમાં શ્રીહરિ થાળ જમ્યા' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર અગિયારમું : તરંગ - ૪૫

સંતોને જમાડ્યા, ગાન કરાવ્યું અને બંને દરબારો પૂજા કરવા આવ્યા

શ્રીહરિ જ્યારે ભોજન જમતા હતા ત્યારે મુખે મંદ મંદ હસતા હતા. શ્રીહરિ આવા દર્શન આપી જે ભક્ત સામું જોતા તેને શ્રીહરિ ઉપર અધિક પ્રેમ થતો. ૧. ગામેગામના હરિભક્તો વર્ણીની પાસે અનંત પ્રકારનાં ભોજન કરાવીને શ્રીહરિને વારંવાર થાળ જમાડતા હતા. ૨. કેટલાક પ્રેમી હરિભક્તોએ આ વખતે બહુ લાભ લીધો. જે ગાફલ રહ્યા તેમને તો પછી પસ્તાવાનું જ રહ્યું. ૩. થાળમાં અનંત અને અપાર ભોજન હોવા છતાં શ્રીહરિ તે જમવામાં વાર લગાડતા નહિ. શ્રીહરિની ક્રિયા જ એવી ઉતાવળી હતી કે ,તેમને ઊઠતા કે બેસતા વાર લાગતી જ નહિ. શ્રીહરિના જેવી શીઘ્રતા બીજા કોઈમાં હોય નહિ. ૪.

દાદાભાઈ અને ઝીણાભાઈનો થાળ શ્રીહરિએ તત્કાળ જમી લીધો. હાથ અને મુખ ધોઈને મુખવાસ લીધો. પછી તરત જ સંતોની પંગત કરાવી. ૫. દરબારો અને પાર્ષદોને પણ તે સમયે બોલાવીને સહુની પંગત કરાવી. પ્રેમરસથી તરબોળ શ્રીહરિ ઘણા હેતથી પહેલા સંતોને પીરસવા લાગ્યા. ૬. જ્યારે સંતોમાં પીરસી રહ્યા ત્યારે દરબારોમાં પીરસવા આવ્યા અને તે પછી પાર્ષદોમાં પણ પીરસી દીધું. તે પછી જય બોલાવી. ૭. બધી પંગત જમવા લાગી અને શ્રીહરિ તેમને પીરસતા રહ્યા. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ ભોજન પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. ૮. તે પછી શ્રીહરિએ હાથ અને પગ ધોયા અને તંબુમાં આવ્યા. સંઘના બધા હરિભક્તો તો રસોઈ બનાવવા માટે ગયા હતા. ૯. જમ્યા પછી સંતોએ ધ્યાન કર્યું અને તે પછી બધા સ્નાન કરવા ગયા. જ્યારે સંતો સ્નાન કરીને આવ્યા ત્યારે દિવસ ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી રહ્યો હતો. ૧૦.

શ્રીહરિ પણ નાહ્યા અને પછી આવીને સિંહાસન ઉપર બેઠા અને સભા કરી. બધા સંતો તિલક-ચાંદલો કરીને સભામાં આવીને બેઠા. ૧૧. જે જે દેશમાંથી હરિભક્તો આવ્યા હતા, તે બધા એક એક ફૂલહાર લાવ્યા હતા. તેથી શ્રીહરિને તે હાર પહેરાવવા માટેની મોટી કતાર થઈ. ૧૨. **હરિભક્તોને સુખ આપવા માટે શ્રીહરિએ ઘણી કૃપા કરી હતી. અને તેથી સવારે અને સાંજે બે વખત સુખકારી સભા થાતી હતી. ૧૩.** સંતો વિવિધ પ્રકારનાં વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા. સમગ્ર કલાઓના જાણકાર શ્રીહરિ સંતોની સાથે કીર્તન પણ ગાતા હતા. ૧૪.

શ્રીહરિ જે રીતે ગાતા તેવું કોઈને ગાતા આવડતું નહિ. જ્યારે હાથથી તાલ આપતા ત્યારે ભક્તોને ઘણો પ્રેમ ઊપજતો હતો. ૧૫. સાત સ્વર, ત્રણ ગ્રામ, એકવીશ મૂર્છના, છ રાગ અને છત્રીસ રાગિણી- જે રાગની પત્નીઓ કહેવાય છે. ૧૬. એક એક રાગિણીને છ-છ પુત્ર છે અને તે એક એક રાગિણીના પુત્રને છ-છ પત્નીઓ છે. તે રાગ અને રાગિણીની ભેળી થયેલી પ્રજા અપાર છે અને 'રાગમાલા' નામે ગ્રંથમાં તે બધાની વિગત વિસ્તારથી

કહી છે. ૧૭. ઘનશ્યામ શ્રીહરિ તે પ્રત્યેકનાં નામને જાણતા અને તેને અલગ અલગ રીતે ગાતા હતા.

જ્યારે કોઈ મોટા ગાયક આવતા ત્યારે શ્રીહરિ પોતાની ગાનકળા જણાવી તેમનો કાન પકડાવતા હતા. ૧૮. તે પછી તે ગાયકને મોજ (પુરસ્કાર-સન્માન) આપતા. શ્રીહરિ એવા મહાસમર્થ હતા. તાલની જેટલી ગતિ કહેવાય, તેને અલગ અલગ રીતે જાણતા હતા. ૧૯.રાતમાં અને દિવસે ગવાતા જે રાગ અને રાગિણી, તેનો સમય અને વિભાગને પણ જાણતા. શ્રીહરિ ગાતા હતા તે વેળાની પ્રસન્નતા જોઈને દરબાર દાદાભાઈ અને ઝીણાભાઈ પૂજા કરવાનો સામાન બંને હાથમાં લઈને આવ્યા. બંને શ્રીહરિની સન્મુખ હાથ જોડીને ઊભા રહ્યા. પણ મુખથી કોઈ કાંઈ બોલ્યા નહિ. ૨૦-૨૧.

❋ મરજીમાં મજા :

चोपाई :

राजद्वार की जो रीति जेती, दोउ सो जानत रहे तेती;
मरजि विन काम होय करोरी, बोलाय न कबु मरजि तोरी...२२

બંને જણ રાજદ્વારની રીતિને બરાબર જાણતા હતા. કરોડ કામ હોય તોપણ મરજી વિરુદ્ધ કોઈથી કાંઈ બોલાય નહિ. ૨૨. જો કોઈ મરજી વિરુદ્ધ કાંઈ બોલે તો તરત જ તેના વિવેક વિનયની કિંમત થઈ જાય. પછી તેનું ધાર્યું કામ તો થાય નહિ, પણ તેની મૂર્ખતા ખુલ્લી થઈ જાય. ૨૩.

मरजि देखि के वरते जेते, अपनो काम सुधारे तेते;
मरजि रखे बडे की जेहा, बडे सो जाने तरत हि तेहा...२४

જે મનુષ્ય મરજી દેખીને વર્તન કરે, તે પોતાનું કામ સુધારી લે છે. જે મનુષ્ય મોટાની મરજીને અનુસરે છે, તો જે મોટા હોય છે તે તેને તરત જ જાણી-ઓળખી લે છે. ૨૪. કોઈ વ્યક્તિ મોટાની ખૂબ જ મરજીમાં રહે ,પણ જો તે મોટા તેને ક્યારેય પારખે-ઓળખે નહીં, અને પોતાના મનમાં હું ઘણો મોટો છું એમ માને. તેવાને સુજ્ઞ લોકો અંધ-મૂર્ખ જેવો દેખે છે. ૨૫. બીજા કોઈ લોકો મનમાં તેની મોટાઈને રાખતા નથી. તેઓ પ્રારબ્ધે કરીને ભેગા

રહે પણ ખરેખર તેને મડદા જેવો ગણે છે. ૨૬. શ્રીહરિ તો નીતિપ્રવીણ છે. નીતિના અકળ સાગર છે. ભક્તવત્સલ અને ભક્તોને માટે સુખદ છે.

જ્યારે શ્રીહરિએ બંને દરબારો પૂજા લાવ્યા છે એવું જોયું, ૨૭.ત્યારે ગાન બંધ કરાવી દીધું અને તેમને પૂજા કરવા માટે બોલાવ્યા. તેથી તે બંને પૂજાનો અપાર સામાન લઈને આવ્યા. ૨૮. જ્યારે તેઓ પૂજા કરવા આવ્યા ત્યારે ઘણાં સારાં વાજિંત્રો વગડાવ્યાં. ઢોલ, ત્રાંસા અને ચોઘડિયા સરસ રીતે વાગવા લાગ્યા. ૨૯. પડઘમ, તુરાઈ, ભેરી, શરણાઈ અને વિવિધ પ્રકારનાં વિલાયતી વાજિંત્રો એ બધાં મંગળકારી પ્રસંગને અનુરૂપ વાગવાં લાગ્યાં. તેની અપાર શોભા બની હતી. ૩૦.

દેશ પ્રદેશમાંથી હરિભક્તો આવ્યા હતા, તેમાં કેટલાક દરબારો હતા. તે બધા તે સમયની પૂજા જોવા માટે આવીને બેઠા. કારણ કે, દાદાભાઈ અને ઝીણાભાઈ એ બંને સોરઠના ગરાસદાર દરબાર હતા. ૩૧. ભાડેરના દરબાર વાઘેલા સારા સત્સંગી હતા. તે પ્રમાણે જ ગોંડળના રાજા હઠીભાઈ, એ સહુ શ્રીહરિની જે અનુપમ પૂજા થતી હતી તેને જોવા આવ્યા હતા. ૩૨. નવાબના દીવાન આદિક જે નાગર હતા, તે પણ ત્યાં પૂજાનાં દર્શન કરવા માટે બેઠા હતા. જે નાગર હતા તે બધા નાગરના સમુદાયમાં પોતાના અધિકારીની રૂએ બેઠા. ૩૩. જે જે લોકો સભામાં આવતા તે બધાં શ્રીહરિનાં ચરણોમાં નમસ્કાર કરતા હતા. ભગવાન શ્રીહરિ દ્વિજકુળમાં પ્રકટ્યા હતા. એટલે જે જે દ્વિજ હતા, ૩૪. તે બધાને પોતાની દ્વિજ જાતિના ગૌરવને લીધે મનમાં ઘણો જ ઉત્સાહ રહેતો હતો. આ સમયે ભગવાન બ્રાહ્મણ જાતિમાં પ્રકટ્યા છે એટલે તેઓ બધા પોતાને ધન્યભાગી માનતા હતા. ૩૫.

જે બાઈઓ બ્રાહ્મણ હતી તેમને શ્રીહરિ ઉપર ઘણો નિર્મળ ભક્તિભાવ થયો હતો. તે બધી બાઈઓ શ્રીહરિને પોતાના કુળ-ઘરના માનતી, પણ શ્રીહરિ ક્યારેય તેમની સામે દેખતા પણ નહિ. ૩૬. શ્રીહરિ જો કોઈ સ્ત્રીની સામે દેખે, તો પછી તે સ્ત્રી પોતાનાં ઘરસંસારમાં રહી શકે નહિ. એમ સમજીને શ્રીહરિ ક્યારેય કોઈ સ્ત્રીની સન્મુખ દેખતા નહિ. ૩૭. જેટલા અબૂજ મનુષ્ય છે તે શ્રીહરિને સત્ય કહેતા નથી. શ્રીહરિનો પ્રતાપ તો ચમકના જેવો છે, બધા

માણસોને તેની ગમ હોતી નથી. ૩૮. ચમક, ચિંતામણિ અને પારસમણિ એ બધા તો પથ્થર છે, પણ શ્રીહરિમાં તો ત્રણે કરતાં અનંતગણો વધારે પ્રતાપ છે. ૩૯. કલ્પવૃક્ષ એક પ્રકારનું વૃક્ષ જ છે. પણ ગુણે કરીને બીજું કોઈ વૃક્ષ તેને સમાન થઈ શકે જ નહિ. તે રીતે જ શ્રીહરિ તો બધી રીતે અગમ્ય છે પણ જેને કાંઈ ગમ ન હોય. તે જેવું સાંભળે તેવું ગમ વિના બોલે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સંતોને જમાડ્યા, ગાન કરાવ્યું અને બંને દરબારો પૂજા કરવા આવ્યા' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર અગિયારમું : તરંગ - ૪૬

ઝીણાભાઈએ શ્રીહરિની પૂજા કરી અને સોરઠના સત્સંગની શ્રેષ્ઠતા

દરબાર ઝીણાભાઈ ઘણા ચતુર હતા. પૂજા કરવામાં તો અતિશય નિપુણ હતા. તેમણે તે વખતે તત્કાળ શ્રીહરિનાં ચરણોને દૂધથી ધોયા. ૧. ઝીણાભાઈને શ્રીહરિનાં સિવાય બીજા કોઈનો તાપ-ભાર લાગતો નહિ. એટલે તેઓ પોતાના ધન્યભાગ્ય સમજીને નિર્ભયતાથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨. દૂધથી ચરણ ધોયા પછી, તેને ફરીને જળથી ધોયાં. હૃદયમાં અત્યંત વિશુદ્ધ ભાવ હતો. તેથી કેસરયુક્ત ચંદન પ્રેમભાવથી લીધું. ૩. તે પ્રથમ કપાળમાં ચર્ચ્યું. તેનો સુગંધ બધે છવાઈ ગયો. કપાળમાં કુંકુમનો લાલ ચાંદલો કર્યો. પછી ભુજાઓ અને બીજા બધાં અંગો ઉપર ચંદન ચર્ચ્યું. ૪. જેમાં સોળ ચિહ્ન હતા તે બંને ચરણકમળ ઉપર ચંદન ચર્ચ્યું. ઘુંટણ સુધી ચંદન જ્યારે ચર્ચ્યું ત્યારે શ્રીહરિ કહે, 'જીણાભાઈ ! હવે તેટલું રાખો.' ૫.

તે પછી તરત જ ચંદનવાળા બંને ચરણકમળ દરબાર ઝીણાભાઈએ છાતીમાં ચાંપ્યા. શ્રીહરિના ચરણમાં રહેલા સોળે ચિહ્ન તેમની છાતીમાં ઊપસી આવ્યા. ૬. બધા નાગરોએ તે જોયું ત્યારે તે ઘણી આશ્ચર્યની બાબત માની, પરંતુ હરિભક્તોને તેમાં કાંઈ આશ્ચર્ય મનાયું નહિ. કેમ જે, તેઓ તો શ્રીહરિની મૂર્તિને જોઈ આનંદમાં જ રહેતા. ૭.

ચોપાઈ :

मनुष्य की रीत कहावत जेति, श्रीहरि सब हि देखावत तेति;
तोहु रहत अलोकीक भावा, जेते जो हरिजन हि रहावा...०८

ओर देखत अलोकिक रीता, तोहु एक ठा नहि रहत चित्ता;
स्वात बिंदु जो अहि मुख जावे, मोति होय ताके विष बनि आवे...०९

મનુષ્યની જેટલી રીત કહેવાય છે તે બધી શ્રીહરિ દેખાડતા. છતાં જે હરિભક્તો હતા તેમને તો તે ચરિત્રોમાં હંમેશા અલૌકિકભાવ જ રહેતો હતો. ૮. સત્સંગી સિવાયના બીજા લોકો શ્રીહરિનાં અલૌકિક ચરિત્રો અને અલૌકિક રીતને દેખતા તો હતા જ, તોપણ તેમનાં મનનો એક ઠા રહેતો નહિ. એટલે સ્વાતિ નક્ષત્રમાં વરસેલું વૃષ્ટિ બિંદુ તે મોતી થવાનું હતું તે સર્પનાં મોઢામાં પડતાં ઝેર થઈ જાય; એવું થઈ ગયું. ૯. ભગવાનના કેટલાક અંશાવતાર, કળાવતાર વગેરે અવતારો થયા છે. તેને બ્રહ્મજ્ઞાની, નાસ્તિક અને યવનો ભગવાન તરીકે નથી માનતા. તે સિવાયના બધા લોકો તે અવતારોને ભગવાન તરીકે માને છે, ૧૦. પરંતુ ઉપર કહ્યા એ ત્રણમાં જેટલા દૈવી જીવ હોય છે, તે અવતારોને ભગવાન કહે છે. જે કોઈ પણ દૈવી હોય છે તે પરોક્ષ કે પ્રત્યક્ષ ભગવાનનું ભજન કરતા હોય છે. ૧૧. જે આસુરી જીવ હોય છે તે પોતાને ભગવાનની જાતિ માને છે અને ભગવાનની સાથે જ વૈર કરતા રહે છે. તો પછી ભક્તોની સાથે વૈરભાવ રાખે તેમાં કાંઈ આશ્ચર્યવાત કહેવાય નહિ. ૧૨.

❋ હરિધ્યાન :

દરબાર ઝીણાભાઈએ ચંદન ચરચી લીધું, ત્યારપછી ઘણા જ હેતથી અપાર ફૂલના હાર પહેરાવ્યા. ૧૩. મસ્તક ઉપર ફૂલોની પાઘ બંધાવી અને ફૂલના તોરા લટકાવી દીધા. બંને કાનના ઉપર ગુચ્છ ખોસ્યા અને ભુજાઓ ઉપર બાજુબંધ બંધાવ્યા. ૧૪. હાથમાં પહોંચી પહેરાવી અને ફૂલછડી હાથમાં આપી. ફૂલની ચાદર ઓઢાડીને પવન ખાવા માટે ફૂલના પંખા પણ ધરાવ્યા. ૧૫. સોનાનાં આભૂષણ, સોનેરી વસ્ત્ર અને મોતીની માળાઓ, એ બધું શ્રીહરિની આગળ ધરી દીધું. ૧૬.

દરબાર ઝીણાભાઈના ભાઈનું નામ ગગાભાઈ હતું. તે ઝીણાભાઈના જેવા જ હરિભક્ત હતા. તેમણે પણ ઝીણાભાઈની ભેળી જ શ્રીહરિની પૂજા કરી. ૧૭. તેઓ ઝીણાભાઈથી નાના હતા. બંને ભાઈએ પોતાનું ઘર શ્રીહરિને અર્થે કરી રાખ્યું હતું. ઘરમાં રહેલી જે કાંઈ માલ-મિલક્ત હોય, તે બધું તે બંનેએ શ્રીહરિને અર્પણ કરી દીધું હતું. ૧૮. બંનેએ શ્રીહરિને કહ્યું, હવે અમે જે અન્ન, વસ્ત્ર આદિ વાપરીએ-ભોગવીએ છીએ તે બધું આપનું જ છે. ગામ અને ગરાસ ભોગવીએ છીએ તેપણ આપનાં જ છે. અમે તે કાંઈ અમારું માનતા નથી. ૧૯. આવું કહીને બંને ભાઈઓએ સંતોની પૂજા કરી. કેસરી ચંદન ચરચ્યું, એકેક ફૂલહાર પહેરાવ્યો અને એકેક ચાદર પણ ઓઢાડી. ૨૦.

તે પછી શ્રીહરિની આરતી ઉતારી અને મુખથી 'જય જય' 'જય જય'નો જયઘોષ કર્યો. દરબાર દાદાભાઈએ પણ શ્રીહરિની પૂજા ઝીણાભાઈની રીતે જ કરી. પરંતુ તેમને તો સત્સંગમાં અને સંસારમાં એકસમાન પ્રીતિ હતી. ૨૧. તેઓ જગતના વ્યવહારમાં અપાર ખર્ચ કરતા અને સત્સંગ માટે તો ક્યારેક ખર્ચ કરતા. ઝીણાભાઈને જગતના વ્યવહારમાં ખર્ચ કરવામાં ક્યારેય ઉત્સાહ થતો નહીં ઉલ્ટાનું મર્યા જેવું લાગતું. ૨૨. તેઓ શ્રીહરિ, સંતો અને હરિભક્તોને માટે ખર્ચ કરવાનું થાય, તેમાં ક્યારેય પાછીપાની રાખતા નહિ. જ્યાં એક રૂપિયાનો ખર્ચ કરવાનો હોય, ત્યાં દસ, કે વીશ રૂપિયા ખર્ચી નાખતાં. ૨૩. જેટલું સત્સંગને માટે ઉપયોગી થાય તેટલું તેઓ પોતાનું ધન્યભાગ્ય સમજતા હતા. જેવી શ્રીહરિની મૂર્તિ દેખી હોય તેવી ને તેવી મૂર્તિની સ્મૃતિ તેમને રાત-દિવસ રહેતી. એક પળવાર પણ ભૂલતા નહિ. ૨૪.

❊ સોરઠી ભક્તોના ગુણ :

સોરઠમાં ઝીણાભાઈના જેવા અપાર હરિભક્તો હતા. પર્વતભાઈ તો સહુથી વિશેષ હતા. રાજાભાઈ અને ભીમભાઈ સારા હરિભક્ત હતા. ૨૫. જેઠા મેર, ગોરધનભાઈ શેઠ અને હીરા ઠક્કર એ બધા પણ તેવા જ શ્રીહરિમાં અવિચળ પ્રેમવાળા ભક્ત હતા. ૨૬. માણાવદરમાં જેટલા કણબી હરિભક્ત હતા તેઓ તો બધા સત્સંગની મૂર્તિ જેવા હતા અર્થાત્ મૂર્તિમાન સત્સંગ હતા. ૨૭.

सोरठा : संसार को करे काम, सत्संग मुख्य रखिके तेहि;
स्वामिनारायण नाम, भुलत न क्रिया में कोउ...२८

તેઓ બધા સત્સંગને મુખ્ય રાખીને સંસારનું કામ કરતા હતા. કામકાજ કરતા હોય ત્યારે પણ સ્વામિનારાયણ નામને કોઈ ક્રિયામાં ભૂલતા નહિ. ૨૮. સોરઠના સત્સંગી જેટલા બાઈ-ભાઈ હતા તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી તે બધા સત્સંગના સ્તંભરૂપ બની રહ્યા હતા. તેઓ ક્યારેય કોઈના કળ્યામાં આવતા નહિ. ૨૯. શ્રીહરિ જે રીતે આજ્ઞાવચન કહે તે રીતે તેઓ બધા પ્રેમથી રહેતા. બાઈ-ભાઈ બધા જ ભક્તો નિષ્કામવ્રત પાળવામાં તો વજ્રના સમાન દૃઢ હતા. ૩૦.

गृहि के नियम कहे हे जेसे, ततपर होई पालत तेसे;
घर में हान वरध होय कबही, शोक हर्ष करत नहि तबही...३१

घर में रहत मिजमान हि होई, विजोग भये सो गिनत न कोई;
हरि सत्संग के सबंध रखेउ, देहिक सबंध सब दूर करेउ...३२

गृहि होई सब जोगी रहेउ, ध्यान धारणा विन नहि केउ;
बाई भाई मूर्ति में रही, कामकाज जो घर को करही...३३

ગૃહસ્થના જે રીતે ધર્મ-નિયમ કહ્યા છે તેને તત્પરતાથી પાળતા હતા. ઘર-વ્યવહારમાં ચાહે તેવી હાણ-વૃદ્ધિ થાય પણ તેનો મનમાં ક્યારેય હરખ-શોક કરતા નહિ. ૩૧. તે ઘર-સંસારમાં પણ મહેમાન થઈને રહેતા અને કદાચ કોઈનો વિયોગ થાય, તોપણ તેને તેઓ ગણકારતા નહિ. શ્રીહરિનો અને સત્સંગનો સંબંધ રાખતા. તમામ દૈહિક સંબંધો તેમણે દૂર કર્યા હતા. ૩૨. **તેઓ બધા ગૃહસ્થાશ્રમી હતા, છતાં યોગી થઈને રહેતા હતા. ધ્યાન અને ધારણા વગરના કોઈ ન હતા. બાઈ-ભાઈ બધા જ હરિભક્તો મૂર્તિમાં રહીને જ બધું ઘરનું કામકાજ કરતા હતા.** ૩૩.

કોઈ ગાળ દે કે મારે, એવું વચન મુખથી ક્યારેય બોલતા નહિ. કોઈની સાથે વિરોધ થાય કે વૈર બંધાય એવી ક્રિયામાં ક્યારેય ચિત્ત પરોવતા નહિ. ૩૪. **તેમણે ખાન-પાન નિમિત્તના બધા ક્લેશોને તજી દીધા હતા અને**

સત્સંગમાં જ હેત કર્યું હતું. તેમણે તન, મન અને ધન સત્સંગને માટે જ અર્પણ કરી રાખ્યાં હતાં. પશુ, વાહન કે ખેતીમાં તેમને આસક્તિ (સંગ) ન હતી. ૩૫. જે પદાર્થ સત્સંગના ઉપયોગમાં ન આવે તે પદાર્થને તેઓ કુસંગ સમજતા. એટલે જે અન્ન, વસ્ત્ર કે આભૂષણ વગેરે કોઈપણ પદાર્થ કુસંગરૂપ થાય તો તેને તે ભક્તો ભોગવતા-વાપરતા નહિ. ૩૬.

❋ સત્સંગ વધારવાની રીત :

એવા જે સોરઠ દેશના હરિભક્તો હતા, તેમનાં દર્શન કરાવવા માટે બીજા દેશના બધા હરિભક્તોને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા હતા. ૩૭. શ્રીહરિ એમ કહેતા કે, દેશદેશના બધા જ હરિભક્તોએ વરસમાં એકવાર તો ભેળા થાવું જ જોઈએ. તેનાથી સત્સંગની ઘણી વૃદ્ધિ થાય છે. ૩૮. **જ્યારે બધા ભક્તો ભેળા થાય ત્યારે એકબીજાના સત્સંગને વધુ કે ઓછો દેખે, પછી જેનો સત્સંગ ન્યૂન હોય તે અધિક સત્સંગવાળાના સંગે રહે તેથી તેમને પણ સત્સંગનો રંગ ચઢે છે. ભેળા થયા વિના પોતાની ન્યૂનતા દેખાય નહિ. ૩૯.** જેવી ખેતી કરે તેવો પાક થાય આવું જ્યારે મનમાં સમજાય ત્યારે સત્સંગની વૃદ્ધિ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ઝીણાભાઈએ શ્રીહરિની કરેલી પૂજા અને સોરઠના સત્સંગની શ્રેષ્ઠતા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર અગિયારમું : તરંગ - ૪૭

શ્રીહરિ પાટ ઉપર જમવા બેઠા ત્યારે નાગરો પૂજા કરવા આવ્યા

જૂનાગઢમાં જેટલા નાગર હરિભક્તો હતા તેમણે ચૈત્ર સુદિ ચૌદશને દિવસ અનુપમ રસોઈ કરાવી. બધાં ભોજનોને ભિન્ન ભિન્ન ધરાવ્યા. ૧. નાગર રામજીભાઈ, ભીમજીભાઈ, અંબાશંકર, વૃંદાવન, રૂપશંકર અને માણેકલાલ, ૨. એ આદિક જે નાગરો હરિભક્ત થયા હતા. તેમણે સારી રસોઈ કરાવી. તેમાં છપ્પન ભોગ અને છત્રીશ પ્રકારના વ્યંજન કરાવ્યા હતા. ૩. જેટલા

ભોજન બનાવ્યા તેટલા સોનાના થાળ ભરાવ્યા અને વ્યંજન-શાકભાજી તથા ફરસાણ વગેરેના થાળ પણ તૈયાર કરીને લાવ્યા. ૪. પ્રથમ મંડપ લીંપાવીને તેમાં રંગોળી પૂરાવી. પછી સોનાની મોટી પાટ લાવ્યા. બધાં ભોજન સમાઈ રહે, એવી બીજી પાટો લાવ્યા. બાજોઠ લાવીને ભોજન ધરાવ્યું. ૫.

શ્રીહરિની સાથે જેટલા સંત હતા તેટલા પાટલાં મંડપમાં મૂકયા. સવારના પહોરમાં શ્રીહરિ અને સંતો નાહ્યા. પૂજા અને તિલક વગેરે બધું કરી લીધું. ૬. પછી બધા સભામંડપમાં આવીને બેઠા. શ્રીહરિ તે સહુની વચ્ચે બેઠા હતા. ત્યારે લોકો આવીને જેવો પ્રશ્ન પૂછતા, શ્રીહરિ તેનો તેવો ઉત્તર તરત જ કરી આપતા હતા. ૭. પછી જ્યારે શ્રીહરિ તેમને પ્રશ્ન પૂછતા, ત્યારે તેનો ઉત્તર કોઈથી થઈ શક્તો નહિ. જે જે મતના જેટલા લોકો હતા તે બધા ત્યાં શ્રીહરિની પાસે આવ્યા હતા. ૮. કોઈપણ મનુષ્ય પ્રશ્ન પૂછ્યા વિના રહેતો નહિ. જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે પ્રશ્ન કરતા અને જ્યારે તે પ્રશ્નનો ઉત્તર શ્રીહરિ કરતાં, ત્યારે તે સાંભળીને તેના અંતરમાં પ્રકાશ થતો હતો. ૯. જે મતના જે લોકો આવતા તેને શ્રીહરિ પ્રશ્ન પૂછતા. પરસ્પર વિવાદ ન થાય, એ રીતે પૂછતા અને સહુનાં મતમાં જે ખામી દેખાતી હતી તે તેમને કહી દેતા હતા. ૧૦.

જે મતમાં જેટલી ખામી હોય તે તેના મુખે જ કબૂલ કરાવતા. સત્સંગ સિવાયના જે બીજા ખોટખામીવાળા મત હતા તે બધામાં શ્રીહરિએ ખામી-ખોટ બતાવી. ૧૧. મતવાદીઓએ પોતાના મતમાં અપાર ખોટ-ખામી દેખી. ત્યારે તેઓ બોલ્યા, આપનો મત ખરેખર સાચો છે પણ તે અમારે કામનો નથી. ૧૨. જે મતમાં સ્ત્રી અને ધન મળે તે મત જ સહુથી ઉત્તમ-સાર ગણાય. અમારા બધાનો તો આ મત છે કે ધન વિના ઉદ્ધાર નથી. ૧૩. આપ તો સ્ત્રી અને ધનનો અપાર ત્યાગ રખાવો છો. તે તો આપનું સામર્થ્ય છે. જીવનું જરાપણ નથી. ૧૪.

બંધન અને મોક્ષ, બંને આપનાં વચનમાં રહ્યા છે. અર્થાત્ આપનું વચન માને તેનો મોક્ષ થાય છે અને ન માને તેને બંધન થાય છે. જીવનું સ્વરૂપ તો એકસમાન જ છે. જેવા શબ્દને તે સાંભળે-વિચારે છે તેવો તે થઈ જાય છે

અને મતપંથવાળા તો બંધનના શબ્દો સંભળાવીને જીવને વચન દ્વારા આંધળા કરી દે છે. જ્યારે બરાબર તપાસીએ છીએ ત્યારે તે દેખાય છે. તપાસ્યા વિના ક્યારેય દેખાય નહિ. ૧૫-૧૬. મુમુક્ષુ માનવનો જે પ્રકારે મોક્ષ થાય તેમ આપ અપાર વિચાર કરો છો. અમારામાં એવા કોઈ નથી રહ્યા કે જેનાં વચનથી મોક્ષ થાય. ૧૭. **આપ જ્યાં સુધી છો ત્યાં સુધી આપનો સત્સંગ પ્રફુલ્લિત રહેશે. આપના પછી તો ગાદીપતિમાં જેવું દૈવત હોય તેવો સત્સંગ પ્રફુલ્લિત રહેશે. ૧૮. સૂર્ય વિના જેવી રાત શોભે છે, સત્સંગ આપના વિના તેવો રહેશે. આપના જે વચનો છે તે દિવેલને ઠેકાણે છે. ૧૯.**

દીવામાં અને મશાલમાં જ્યાં સુધી દિવેલ પુરાતું રહે છે ત્યાં સુધી તેવો પ્રકાશ કરે છે. (જ્યારે દિવેલ ખૂટી જાય ત્યારે તે ઓલાઈ જાય છે, તેમ આપના વચન જ્યારે પળાતા બંધ થશે એટલે આપનો સત્સંગ પણ બૂઝાયેલા દીવા જેવો થઈ જશે.) કેમ જે, દિવેલરૂપ વચન જ્યાં સુધી પળાતા હોય ત્યાં સુધી સત્સંગરૂપ પ્રકાશ ફેલાયેલો રહે છે. ૨૦. મતપંથીઓનું વચન સાંભળીને પરમ દયાળુ શ્રીહરિ તત્કાળ બોલ્યા, અમારા સંતો અને હરિભક્તો તમે માનો છો તેવા નથી. ૨૧.

हमारे जो जो वचन कहावे, हम तुल्य गनि सब हि रहावे;
कबहु गये नहिं देखत हमकु, सत्य बात हम कहत तुमकु...२२

અમારાં જે જે વચન હોય છે તેને આ બધા અમારે તુલ્ય ગણીને તે પ્રમાણે રહે છે. આ બધા ભક્તો અમને આ સત્સંગમાંથી ક્યારેય ગયા છીએ એમ દેખશે નહીં. આ વાત હું તમને સાચી જ કહું છું. ૨૨. આ જગતની આવી સમજણ છે કે, જે અવતારો આવે છે અને પાછા જાય છે તેને ક્યારેય પૂર્ણ ન કહેવાય. તથા પૂર્ણ કે અપૂર્ણ જેઓ કહે છે તે તો જગતની રીત છે. ૨૩. સમજણનો અને ભગવાનનાં ચરિત્રોનો માર્ગ જ અલગ છે. તેની થોડી બુદ્ધિવાળાને ખબર પડતી નથી. જેટલા જ્ઞાની ભક્તો છે તેને જ ભગવાનનાં ચરિત્રો શા માટે હોય છે ? તેને ચરિત્રો શા માટે કહેવાય છે ? તેની ખબર પડે છે. ૨૪.

જ્યારે ભગવાન ધરતી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે જેવું કાર્ય કરવું હોય તે પ્રમાણે વિચરે છે. ૨૫. ભગવાન દેવરૂપે પ્રકટે છે ત્યારે દેવોમાં દેવની રીતે અપાર ચરિત્ર કરે છે અને જ્યારે મનુષ્યરૂપે પ્રકટે છે ત્યારે મનુષ્યની રીતે વિશુદ્ધ ચરિત્રો કરે છે. ૨૬. ભગવાને પશુ જાતિમાં પશુની રીતે વારેવારે ચરિત્ર કર્યાં છે, તે જેણે ચિત્તમાં ચિંતવ્યા છે તે બધાને ભગવાને દિવ્યગતિ આપી છે. ૨૭. **જે અવતારનાં જે ચરિત્ર હોય તેને દિવ્ય સમજીને જેણે ગાન કર્યાં છે તે બધાં દિવ્યગતિને પામ્યા છે. ૨૮.**

ભગવાન વ્યાસરૂપે થયા હતા. તેમાં કોઈ સંદેહ નથી. ભગવાનના અવતારનાં બધાં ચરિત્રોને તેમણે પુરાણોમાં લખ્યા છે. ૨૯. તે ચરિત્ર લૌકિક છે અને અલૌકિક પણ છે. તે ચરિત્રોને બધા બુદ્ધિમાન સાંભળે છે છતાં તેમને મોક્ષનો ખપ થાતો નથી તેથી આ સુંદર અમૂલ્ય મનુષ્ય જન્મને ખુવે છે. ૩૦. વિષયભોગમાં અપાર દુઃખ રહ્યું છે, તે વારંવાર નજરે દેખાય છે. વિષય ભોગવનારાને જમપુરીનું અપાર દુઃખ વેઠવું પડે છે તેમ શાસ્ત્રોમાં પણ લખ્યું છે. વિમુખજીવો તેવું વારંવાર સાંભળે પણ છે. ૩૧. લખચોરાશીના દુઃખ લખ્યા છે. ચાર પ્રકારના પ્રલયની વાત પણ કહી છે અને જીવને ભવાટવીનું જે દુઃખ ભોગવવું પડે છે તેપણ ભાગવતના પંચમ સ્કંધમાં લખ્યું છે. ૩૨. માનસિક પીડા (આધિ) અને દૈહિક પીડા (વ્યાધિ-રોગ) જીવનમાં કેટલીએ આવે છે. તે બધી મુખથી કહી શકાતી નથી. છતાં અત્યંત આશ્ચર્યની વાત તો એ છે કે, જીવને વિષયમાંથી વૈરાગ્ય થાતો જ નથી. ૩૩.

જીવને વિષયથી છોડાવવા માટે ભગવાન અને ભગવાનના સંતો પ્રકટ રૂપમાં ભૂમિ ઉપર વિચરે છે. તેઓ મોક્ષની વાત કહે છે છતાં કોઈ અભાગિયા જીવને મોક્ષનો ખપ થાતો નથી. ૩૪. જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે તેને દૂધ પીવાની પણ ખબર હોતી નથી. બાળકની માતાને ભૂખનું જ્ઞાન હોય છે. તેથી તે પુત્રને દૂધપાન કરાવે છે. ૩૫. બાળક જેમ જેમ દૂધ પીવે છે તેમ તેમ તે બાળકને દૂધની રુચિ ઘણી થાય છે. પછી જ્યારે તેને ભૂખ લાગે છે ત્યારે તે રડીને પણ દૂધ માગે છે. ૩૬. દૂધ પિવડાવવા છતાં બાળક જો ન પીવે તો તેનું મરણ થઈ જાય છે. તેમાં તેની માતાનો કાંઈ દોષ નથી. તે બાળકનું પ્રારબ્ધ

કર્મ જ તેવું હશે તેમ માનવું પડે છે. તેમ પ્રગટ ભગવાન કે પ્રગટ સંત અજ્ઞાની જીવને મોક્ષના જ્ઞાનરૂપ દૂધને પીવડાવે છે છતાં જે તે ન પીવે તો તેનો મોક્ષ થતો નથી. તેમાં શ્રીહરિ અને સંતનો કંઈ દોષ નથી. તેમ માનવું રહ્યું. ૩૭.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે સાંભળનારા બધા ભક્તો ગુલતાન થઈ ગયા. બધી રસોઈ તૈયાર થયાના સમાચાર જાણીને ભગવાન શ્રીહરિ તરત જ ઊઠ્યા. ૩૮. જળથી સ્નાન કર્યું, એક પીતાંબર પહેર્યું અને બીજું મસ્તક ઉપર ઓઢી લીધું પછી જળથી ધોયેલી ચાખડીઓ પહેરી લીધી. ૩૯. પછી શ્રીહરિ ઉત્તર મુખે એક પાટ ઉપર બેઠા. ત્યારે બધા નાગરો શ્રીહરિની પૂજા કરવાને માટે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિ વિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ પાટ ઉપર જમવા બેઠા ત્યારે નાગરો પૂજા કરવા આવ્યા' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર અગિયારમું : તરંગ - ૪૮

નાગર ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને જમાડ્યા

જૂનાગઢમાં નાગર અનુપમ હરિભક્ત હતા. તેમણે શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિનાં સુખરૂપ ચરણકમળોને દૂધથી ધોયા. ૧. પંચામૃતથી પૂજા કરી. તેની સાથે પૂજામાં સોળ ઉપચારો લીધા. પછી તેમણે ત્યારે લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું. ૨. શ્રીહરિના બધાં અંગો ઉપર ચંદન લગાવીને સુંદર કુંકુમ લઈને ચાંદલો કપાળમાં કર્યો. પછી ફૂલના હાર પહેરાવ્યા. ૩. ફૂલના તોરા સાથેની ફૂલની ટોપી બનાવી હતી તે મસ્તક ઉપર પહેરાવી દીધી. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા. ૪. ફૂલોની પહોંચી અને બાજુ બંને હાથે બાંધ્યા. ફૂલની છડી અને ગુચ્છ હાથમાં આપ્યા. પવન નાખવા માટે ફૂલના પંખા પણ આપ્યા. ૫.

ધૂપ અને દીપ કર્યા પછી આરતી કરીને મહાન અલૌકિક લાભ લીધો. ઘંટા, ઘડિયાળ (ઝાલર) અને શંખ વગાડ્યા. ઢોલ અને ત્રાસાને વગાડવાનો તો કોઈ અવધિ જ ન રહ્યો. ૬. બંને હાથ જોડીને સ્તુતિ કરતા તેઓ બોલ્યા,

પ્રભુ ! આપે અમારી બાંય પકડી છે તે હવે છોડી દેશો નહિ. અમારી જ્ઞાતિ સહુથી વધારે ખળ કહેવાય. આ વખતે આપે અમને સત્સંગ કરાવ્યો છે. ૭. અમારામાં એક નરસિંહ મહેતા ભક્ત થયા હતા. પણ અમારા લોકોએ તેની ઘણી જ નિંદા કરી હતી. તેને નાત બહાર મૂક્યા. તેઓ ભક્ત થયા એટલે તેમને નઠારા માન્યા હતા. ૮. અમારામાં જેની છાપ 'ભગત' એવી પડે, તો સહુમળીને તેને ખૂબ જ ડરાવે છે અને તેને લીધે જ કોઈ નાગર સત્સંગી થાતા નથી. અને ભગવાનથી વિમુખ રહીને જ બધા મરે છે. ૯. બધા શિવની ભક્તિ કરતાં હોય, તેઓ કયારેય કૃષ્ણનું નામ જ લેતા નથી. કોઈ પણ વિષ્ણુના અવતારનું નામ લેતા નથી. આવી જ્ઞાતિ સહુથી નકામી છે. ૧૦.

તેઓ શિવથી કોઈને પર-મહાન માનતા નથી. તેઓ શિવજીને બ્રહ્મરૂપ માને છે. લીલાગર ભાંગને શિવની પ્રસાદી માનીને બાઈ-ભાઈ સહુ હેતથી પીવે છે. ૧૧. તેમાં પણ જે શક્તિપંથી હોય તે તો શિવજીના સેવક કરતાં પણ આગળ વધી ગયેલા હોય છે અને જે શિવજીના સેવક કહેવાય છે તેઓ પણ શક્તિપંથને નમે છે. ૧૨. શક્તિપંથીઓના જેટલા જપ હોય છે તે બધા વિધિ સિવાયના ન હોય. તેઓ જ્યારે શક્તિનું પૂજન કરે છે ત્યારે અનેકને ભેળા કરતા હોય છે. ૧૩.

અને ભગવાન વિષ્ણુની ઉપાસના કરનારા જે વૈષ્ણવ ભક્તો છે, તે તો દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારનો સદંતર ત્યાગ કરતા હોય છે અને ભગવાનના ચરણોમાં પ્રેમ કરે છે. ૧૪. જ્યાં વિષ્ણુની પૂજા થતી હોય ત્યાં જે વસ્તુ ઉત્તમ હોય અને પવિત્રમાં પણ પવિત્ર હોય તે જ વસ્તુ વપરાતી હોય છે. ૧૫. ધૂપ, દીપ, ઉત્તમ નૈવેદ્ય, ફળ, તાજા તુલસી, શાંતિદાયક કેસરી ચંદન વગેરેથી વિષ્ણુની પૂજા થાય છે. ૧૬.

✵ મંત્રજાપની મહત્તા :

चोपाई :

श्रीहरि के अनंत ही नामा, जो जो जपे सबे सुखधामा;
अनंत जन्म के पाप अपारा, नाम जपत होवत निस्तारा...१७

जन्म मरण चोराशी दूःखा, नाम जपत होवत अति सूखा;
नाम नामि दोउ एक हि जानी, हरि के नाम लेवत हे ज्ञानी...१८

नाम नामि दोउ एक हि जाने, श्रेष्ठ भक्त सुर ज्ञानी सो माने;
अब तुम प्रगट भये तेहि करीके, मोक्ष बात आये देखीके...१९

ભગવાનનાં નામ અનંત હોય છે. જે કોઈ પણ નામનો જપ કરી શકાય, બધા જ નામ સુખધામ છે. ભગવાનનાં નામનો જપ કરવાથી અનંત જન્મોનાં અપાર પાપ હોય તોપણ તેનો વિનાશ થઈ જાય છે. ૧૭. જન્મ-મરણ અને લખચોરાશી દુઃખરૂપ છે. છતાં પણ જો હરિનામનો જપ કરવામાં આવે તો તે દુઃખ ટળીને અતિશય સુખ થાય છે. નામ અને નામી, એ બંનેને એકરૂપ જાણીને જ્ઞાની પુરુષો ભગવાનનું નામ જપે છે. ૧૮. નામ અને નામી એ બંનેને જે એક સમજે છે તેને દેવો અને જ્ઞાની પુરુષો શ્રેષ્ઠ ભક્ત માને છે. હવે આપ પ્રકટ થયા છો. આપે મોક્ષની વાત સ્પષ્ટ કરી છે. તે દેખીને અમે આપને શરણે આવ્યા છીએ. ૧૯. **આપે અનંત અવતારો લીધા છે. તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. તેમાં એક એકથી વિશેષ ભારે પ્રતાપી ચરિત્ર કર્યાં છે અને અનંત નર-નારીઓનો ઉદ્ધાર કર્યો છે. ૨૦.**

મુમુક્ષુઓનો મોક્ષ કરવા માટે વ્યાસમુનિએ જે પુરાણો કર્યાં છે તેમાં મોક્ષની વાત કોઈ પ્રકટ-સ્પષ્ટ દેખાડી નથી. તે બાબત પુરાણોમાં ગુપ્તની ગુપ્ત જ રાખી છે. ૨૧. દેવ, મનુષ્ય, અસુર અને રાજા એ બધાની જેવી જેવી રુચિ હતી તેને અનુસારે વાતોનું સ્થાપન કર્યું છે. ૨૨. માણસોની જેવી જેવી રુચિ હોય, તેની પુષ્ટિ તેવા રૂપમાં કરી દેવામાં આવી હોય તેવું સ્થાપન પુરાણોમાં કર્યું હોય તેમ જણાય છે અને મોક્ષમાર્ગની રક્ષા માટે તો બીજા માર્ગોને વિસ્તારથી કહ્યા છે. ૨૩. જેમ ભૂમિ ઉપર જે જાતિના જેવા જીવ હોય તેમની તેવી આજીવિકા કરી છે. તેમ જેવી રુચિ તેવું પુરાણોમાં લખ્યું છે. જે જીવનાં જેવાં કર્મ હોય તેને જોઈને પરમેશ્વર ભોગવાવે છે. ૨૪. તે કર્મો ભોગવાવવામાં પરમેશ્વરને કોઈ દોષ લાગતો નથી. પરમેશ્વર તો કર્મનાં ફળોને આપનારાં છે. જે મનુષ્ય જેવું કર્મ કરે છે તેને તેવું ફળ

પરમેશ્વર આપે છે. ૨૫. અમારાં ઘણાં જ ધન્યભાગ્ય છે કે, આજે અમે આપની પૂજા કરી છે. જે બાબત દુર્લભમાં અત્યંત દુર્લભ છે તે લાભ આજે આપે અમને આપેલ છે. ૨૬.

નાગરોએ ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી. તે પછી કેસરયુક્ત ચંદન નિપુણતાથી શ્રીહરિનાં ચરણોમાં ચરચ્યું. પછી તે ચરણોને સહુએ પોતપોતાની છાતી ઉપર ચાંપ્યા. ૨૭. પછી ભોજન જે બનાવ્યાં હતાં તે બધાને લઈ આવ્યા. અને શ્રીહરિને ત્યાં ધરાવ્યાં. પછી ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિ તે બધાં ભોજનોને જમ્યા. ૨૮. નાગરોનાં તે ભોજનમાં શ્રેષ્ઠ-શ્રેષ્ઠ પકવાન હતાં તે બધા તાજા ઘીથી બનાવ્યાં હતાં અને નવી-નવી વસ્તુઓથી તે બનાવ્યાં હતાં. ૨૯. બધાં જ ભોજન સાકર, ઘી, દૂધથી બનાવ્યાં હતાં. તે ભોજન ઊજળાં, તેજ, સુગંધવાળા અને ઘણાં જ સુકોમળ હતાં. તેનો કહ્યે પાર આવતો નથી. ૩૦.

અમુક નાગરો જે ધન કમાતા તેને ખાવા-પીવામાં ઉડાવતા. ભગવાનને માટે કાંઈ ખર્ચ કરતા નહિ, પણ નાત-જાત માટે તો બધું ખર્ચી નાખતા. ૩૧. એકબીજાથી તે ખર્ચ ઘણો ભારે કરતા, મર્યા પછી ભલે તેઓ જમપુરીને દરવાજે પહોંચે. પાપથી જેટલું ધન કમાતા હતા તે બધું પાપમાં જ ખર્ચી નાખતા હતા. ૩૨. તેથી તે ધન ભગવાનને અને સંતોને માટે ઉપયોગી થાતું ન હતું. કેવળ કીર્તિ માટે જ ખર્ચી દેવાતું હતું. પરંતુ જગતની કીર્તિનું ક્યાંય નામ રહેતું નથી. અને તેથી જ તેઓ જે ધન ખર્ચતા તે સર્વે નિષ્ફળ થઈ જાય છે અર્થાત્ તેમ કરવાથી તેનું કલ્યાણરૂપ કાર્ય સિદ્ધ થાતું નથી. ૩૩. જે નાગર હરિભક્તો હતા તે બધા ઉપરની વાતને બરાબર સમજીને શ્રીહરિને માટે હેતથી ખર્ચ કરવા લાગ્યા. શ્રીહરિ અને સંતો તે નાગરોનું હેત જોઈને રાજી થયા અને બોલ્યા કે, આવું કોઈ કરી શકે નહિ. ૩૪.

આ વખતે પ્રત્યક્ષ શ્રીહરિની સેવાનો લાભ નાગર હરિભક્તોએ ઘણો જ લીધો હતો. જે નરસિંહ મહેતા કહેવાતા હતા તેઓ તો પરોક્ષ ભગવાનના ભક્ત હતા. ૩૫. તેને પ્રકટ ભગવાનનો જોગ થયો ન હતો. છતાં તેમણે ઘણા હેતથી પ્રકટના જેવી ભક્તિ કરી હતી. બીજા નાગરોએ તેમને ઘણું જ

દુઃખ દીધું હતું, પણ નરસિંહ મહેતાએ તેને લગાર પણ ગણ્યા વિના બધું સહન કર્યું. ૩૬. તેની ધીરજ દેખીને ભગવાન તેના ઉપર ઘણું પ્રસન્ન થયા. અને પછી તેના ઘર-પરિવારે સહિત બધાનો મોક્ષ કર્યો. ૩૭. તેમણે ભજનનાં જેટલાં પદ કર્યાં તે જે પ્રકારે ભગવાન રાજી થાય તે રીતે રચ્યા છે. ભગવાન તે પદ સાંભળીને તેમનો વિશુદ્ધ પ્રેમ જોઈને રાજી થયા હતા. ૩૮.

શુદ્ધ પ્રેમ વિના ભગવાન કોઈના ઉપર રીઝતા નથી. ભગવાન જેનાં અંતરને મલિન દેખે છે તેનો તરત જ ત્યાગ કરી દે છે. ૩૯. જૂનાગઢમાં જે નાગરો હરિભક્ત થયા હતા તે સર્વે ઘણા જ વિશુદ્ધ ભાવવાળા થયા હતા. તેમણે જે શુદ્ધભાવથી ભોજન કરાવ્યાં હતાં તેને શ્રીહરિ પ્રેમભાવથી જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'નાગર ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને જમાડ્યા' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર અગિયારમું : તરંગ - ૪૯

સંતોની જમવાની રીત વગેરેથી નાગરો પ્રભાવિત થયા.

હરિભક્ત નાગરોએ શ્રીહરિને માટે જે ભોજન તૈયાર કર્યાં હતાં, તેને શ્રીહરિ તે ભક્તોને પ્રેમ વધે એટલા માટે જમ્યા. ૧. જે ભોજન કર્યાં હતાં તે બધાને શ્રીહરિ જમી રહ્યા, પછી તરત હાથ અને મુખ ધોયાં અને પછી મુખવાસ લીધો. ૨. શ્રીહરિ જે થાળ જમ્યા, તેની પ્રસાદી બધા દરબારોને આપી. પછી ઘણા હેતથી બધા સંતોને બોલાવીને તત્કાળ તેમની પંક્તિ કરાવી. ૩. બધા નાગર હરિભક્તોએ ઘણા જ હેતથી કેસરી ચંદન લઈને સંતોની પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૪. બધા સંતોને પાટલા ઉપર બેસાડ્યા. પ્રત્યેક સંતની પાસે અગરબત્તીનો ધૂપ કર્યો. તે વખતે શ્રીહરિ પીરસવા આવ્યા. ૫.

પંગતમાં બેઠેલા સંતો મુખથી 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. આ 'નારાયણ ધૂન' સામવેદના ધ્વનિના જેવી શોભતી હતી. ૬. જૂનાગઢમાં જે બીજા નાગર હતા તે બધા સંતોને જોવા માટે આવ્યા. રસોઈમાં છપ્પન પ્રકારનાં

ભોજન બનાવ્યા હતા. શ્રીહરિએ સંતોને કહ્યું, જે પીરસાય તે ભોજનપાત્રમાં અલગ અલગ રાખીને જ જમવું, બધું મેળવી દેવું નહિ. ૭. જ્યારે બધાં જ ભોજન પીરસાઈ રહ્યા ત્યારે શ્રીહરિ 'વાસુદેવ હરે' બોલ્યા. સંતોએ બધાં ભોજન મેળવી દીધાં. બધા નાગર ભક્તો 'હાં, હાં' એમ બોલતા રહ્યા. ૮. તેમાં જળ છાંટીને બધું એક કરી દીધું. નાગરોએ આવી રીત કોઈ દિવસ દેખી ન હતી. કોઈ પણ ભોજનનો આકાર રહ્યો નહિ. બધું જ એકરસ કરી દીધું. ૯.

બધા સંતો કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ' એવું ભગવાનનું નામ બોલતા. 'સ્વામિનારાયણ' એવું નામ બોલ્યા સિવાય એક કોળિયો પણ કોઈ અન્ન જમતા નહિ. ૧૦. સંતોની આવી અલૌકિક રીતને દેખીને નાગરોને ઘણો જ વિસ્મય થયો. કરોડ પ્રકારની મોટી મોટી વાતો કોઈ ભલે કરે, પણ સ્વાદ વિનાનું સુખકારી ભોજન પણ ઝેર જેવું લાગે છે. ૧૧. 'અમૃત' જેવા ભોજનને ઝેર જેવું કરીને ખાવું આવી વાત તો ક્યારેય કાને સાંભળી ન હતી. વર્ણીઓ, પરમહંસો અને સંન્યાસીઓ કાશી જેવા તીર્થોનું સેવન કરીને અહીંયાં આવે છે. ૧૨. તેઓ ઘેર ઘેર આવીને રહે, ખાસ કરીને ચાતુર્માસમાં વિશેષ રહે, બધા જ મનચાહ્યું ભોજન કરે અને તેને માટે તો ઘણો ક્લેશ પણ કરે. ૧૩.

તેઓ જ્ઞાનની વાતો અપાર કહે છે, પણ કોઈ ભેળું કરીને જમતા નથી, જ્યારે કોઈ નારી જમાડે ત્યારે જમે. જો નારી જમાડનારી ન હોય તો લગારેય મજા ન આવે. ૧૪. ત્રીશ વરસથી ઓછી ઉંમરની નારી જ્યાં ભોજન બનાવતી હોય, તે ઘેર ભોજન કરવા ચાહે. પૂરા આદરભાવ વિના તેઓ જમે નહિ. ૧૫. જે રહસ્યનું જ્ઞાન હોય તે નારીની આગળ ભાવથી કહે. અને પુરુષ આગળ તો ધ્યાન કરવા બેસી જાય. બોલાવે તોપણ બોલે નહિ. ૧૬. તેથી બધા પુરુષો તે ત્યાગીને વૈરાગ્યની મૂર્તિ કહે. અને તેને પોતાનાં ઘરમાં રાખે અને દિનપ્રતિદિન વધારે વધારે સેવા કરવા લાગે. ૧૭.

પછી તો તે ધર્મની મૂર્તિ કહેવાવા લાગે. તેવા ત્યાગી બે દિવસ જો ઘરમાં રહે તો તેમની આગળ વાત કહે કે, વેદોનું અને પુરાણોનું આ એક રહસ્ય છે. જે કોઈ પણ ત્યાગી-સાધુ સંન્યાસી થાય, ૧૮. તેમને આકાશના જેવા

નિર્લેપ જાણવા. આવું જ્ઞાન છે તે સર્વોપરિ જ્ઞાન છે. જેનાં અનંત જન્મનાં પુણ્ય ઉદય થાય તેને આવી સમજણ આવે છે. ૧૯. એવી સમજણવાળાને પૂરો જ્ઞાની માનવો. ઘેર ઘેર આવા જ્ઞાની પુરુષ હોતા નથી. ચતુર કાગડો ચાંદુ જોઈને તેને ખોતરે છે. એમ કેટલાક તો તે કાગડાના જેવા બીજાનું ખોતરવામાં ચતુર હોય છે. ૨૦. વળી તેઓ એવી વાતો કરે છે કે, આકાશમાં કોઈ ચાંદુ હોતું નથી, છતાં કાગડો તેમાં જોવા પ્રયત્ન કરે છે. જડ અને ચેતન, બંને અલગ અલગ રહ્યા છે, પણ અજ્ઞાની લોકો તેને ભેળા જ દેખે છે. ૨૧. વેદોના અને શાસ્ત્રોના બધા શબ્દ અજ્ઞાનરૂપ અંધારાને ટાળનારા છે. જ્યાં સુધી કોઈ ત્યાગીમાં દોષ દેખાય છે ત્યાં સુધી તેમાં અજ્ઞાનનું અંધારું ભર્યું છે એમ જાણવું. આ રીતે તે પાખંડીઓ સમજાવતા હતા. ૨૨.

પરંતુ હકિકતે તો અજ્ઞાનરૂપ અંધારાનો નાશ કરવા માટે તો અનંત પ્રકારનાં શાસ્ત્રો રચાયાં છે. જેનું અજ્ઞાનરૂપ અંધારું જેવી રીતે નાશ થયું, તેને ગ્રંથમાં તે રૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. ૨૩. રોગ તો અનંત પ્રકારનાં કહેવાય છે. તેને મટાડવાના ઉપાય પણ ભિન્ન ભિન્ન હોય છે. જેવો રોગ હોય તેવો જ જો ઉપાય હાથ આવી જાય તો ગમે તેવો રોગ હોય, તે મટી જાય છે. ૨૪. રોગના બે પ્રકાર છે; એક સાધ્ય અને બીજો અસાધ્ય. તે બંનેને રોગીની નાડી કહી દે છે. જેને નાડીની પરખ-નાડી પરીક્ષાનું જ્ઞાન ન હોય, તે તો રોગ વધે એવું કરતો હોય છે. ૨૫. **જ્યાં સુધી દેહદર્શી રહે છે ત્યાં સુધી ભવદુઃખરૂપ રોગ રહે છે.** પણ જ્યારે તે આત્મદર્શી થાય છે ત્યારે તે પૂરો નિરોગી થઈ જાય છે. ૨૬. કેટલાક ચતુર નાગરો હતા તેમણે સત્સંગની વાત હૃદયમાં વિચારી ત્યારે સત્સંગ સિવાયના બીજા જ્ઞાનને મિથ્યા દેખ્યું અને તેમને ખ્યાલ આવ્યો કે, સત્સંગ સિવાય લગભગ બધે ખરાબી છે. ૨૭. આવી સમજણ જેને પ્રાપ્ત થઈ હતી તેવા નાગરો કે જેઓ ધર્મના ખરા જાણકાર હતા, તે બધા શ્રીહરિ જેટલા દિવસ જૂનાગઢમાં રહ્યા, તેટલા દિવસ શ્રીહરિ પાસે રોજ આવતાં હતા. તેથી તેમણે સત્સંગ સ્વીકાર્યો. ૨૮.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ હાથ ધોયા. પછી તંબુમાં જ્યાં પલંગ હતો તેના ઉપર આવીને પોઢી ગયા. ૨૯. જમ્યા પછી

સહુ સંતો પોતાને આસને આવ્યા અને ધ્યાન કરવા લાગ્યા. આમ ધ્યાન પછી સ્નાન કરીને સંતો પાછા આવ્યા ત્યારે શ્રીહરિએ સભા કરાવી. ૩૦. સભા ચંદનીની નીચે થઈ. શ્રીહરિ આવીને સિંહાસન ઉપર બેઠા. જ્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં ત્યારે બધા ભક્તો દર્શન કરવા માટે ત્યાં આવ્યા. ૩૧. દિવસ ચાર ઘડી બાકી હતો. સહુ સંતોએ કીર્તન ગાયાં. ગિરનારમાં જે વૃક્ષ હતા, તે બધા કીર્તનનાં પડઘાનાં રૂપમાં સામેથી બોલતા હોય તેમ લાગતું. ૩૨.

ભક્તપતિ શ્રીહરિ પણ એમ બોલ્યા કે માનો, વૃક્ષો સંતોની સાથે ગાતા હોય તેમ જણાય છે. જ્યારે હરિભક્તો કીર્તન બોલતા હોય ત્યારે માનો, પર્વત અને બધા વૃક્ષો પણ સાથે જ કીર્તન બોલતા હોય, એવું જણાતું હતું. ૩૩. બીજે દિવસ ચૈત્ર સુદિ પુનમ આવી. તે જાણીને શ્રીહરિ બોલ્યા, અમે જ્યાં તીર્થોમાં જઈએ છીએ ત્યાં એક ચોરાશી-બ્રહ્મભોજન કરાવીએ છીએ. ૩૪. અમને વિપ્રોના ઉપર આદરભાવ છે, અમે વિપ્રકુળમાં જન્મ ધર્યો છે. અમારી જન્મભૂમિ અયોધ્યાને નજીક છે. ૩૫. સરયૂ નદીને સામે પાર છપૈયા ગામ છે તે અમારું જન્મનું સ્થાન છે. અમે સરવરિયા પાંડે (સરયૂપારીણ પાંડેય) છીએ. અમે અહીં પરદેશમાં આવી ગયા છીએ. તેને તમે જાણતા ન હોવ. ૩૬.

શ્રીહરિએ જૂનાગઢના વિપ્રોને ખાનગી વાત કરી. તે વાતને વિપ્રો જાણતા ન હતા. તેથી તેની આગળ અવિનાશી શ્રીહરિએ પોતાના જન્મ અને ગોત્રની વાત કહી દીધી. ૩૭. અને વળી કહ્યું, અમારા ગુરુ રામાનંદસ્વામી હતા તેઓ અયોધ્યાપુરીમાં રહેનારા વિશુદ્ધ વિપ્ર હતા. ૩૮. તેમણે શ્રીરામાનુજાચાર્યને પોતાના ગુરુ કર્યા એટલે તેઓ તોતાદ્રિવાળા શ્રીવૈષ્ણવ થયા. ૩૯. તેઓ પંચતીર્થી કરતાં કરતાં અહીં ગિરનાર પર્વત આવ્યા. તે વખતે તેમની સાથે રામદાસજી નામે એક શિષ્ય સાધુ હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સંતોની જમવાની રીત વગેરેથી નાગરો પ્રભાવિત થયા' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર અગિયારમું : તરંગ - ૫૦

શ્રીહરિએ ચોરાશી પ્રસંગે આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની વાત કહી

શ્રીહરિએ તે સર્વે વિપ્રોની આગળ ફરીને વાત કહી. રામાનંદસ્વામીને અહીં ગિરનારમાં એક સિદ્ધ મળ્યા. ૧. તે સિદ્ધનું નામ આત્માનંદસ્વામી હતું. ઉદાર સ્વભાવના તેઓ દરિયાકાંઠે આવેલા ગોપનાથ નામનાં સ્થાનમાં રહેતા હતા. ૨. તેઓ ચાતુર્વેદી મોઢ જ્ઞાતિના વિપ્ર હતા. તેઓ પોતાની સાથે કોઈ સેવક કે માણસ રાખતા નહિ. પોતે એકાકી જ ફરતા રહેતા. ૩. તેમનું પ્રથમનું નામ વિશ્વંભર ભટ્ટ હતું. પછીથી તેઓ આત્માનંદમુનિ થયા. તેને ગોપીભટ્ટ નામે એક પુત્ર હતો. અને તેમને ત્રણ પુત્ર હતા, તે ઘણા સારા, સહુને સુખરૂપ થાય એવા હરિભક્ત થયા હતા. ૪. રઘુનાથ, લાલજી અને જીવરામ એવા તે ત્રણ પૌત્રોના નામ હતાં. ગોપીભટ્ટને એક પુત્રી હતી. તેને ઘણો સારો સત્સંગ થયો હતો. ૫.

ગોપીભટ્ટની પુત્રીનો પુત્ર ઘણો ભારે હરિભક્ત હતો. તેનું નામ મોનજી હતું. તે સારો, દૃઢ સત્સંગવાળો અને ઘણો શાંત સ્વભાવનો ગુણવાન હતો. ૬. ગોપીભટ્ટને બીજી દીકરી હતી. તેને પણ સત્સંગ ઘણો સારો હતો. તે બીજી દીકરીના જે દીકરાઓ થયા. તે પણ ઘણા સારા સત્સંગી હતા. ૭. તેમાં એકનું નામ દયાળજી હતું. તે પાકા હરિભક્ત હતા અને દામનગર ગામમાં તે રહેતા હતા. તે સહુમાં પ્રસિદ્ધ હરિભક્ત હતા. ૮. ગોપીભટ્ટનું બીજું બધું કુટુંબ પણ ઘણું સારું અને સત્સંગી હતું. વિશ્વંભર ભટ્ટ તો જન્મથી જ કોઈ અતિ મોટા સિદ્ધ હતા. ૯. તેઓ મનમાં જેવું ધારતા તેવું જ પ્રકટ કાર્ય સામે દેખાતું. શુકદેવજી કરતાં પણ ચઢિયાતા સિદ્ધ હતા. ઘણું કરીને તેઓ કોઈ ઓળખે નહિ તે માટે ગુપ્તપણે રહીને ઘણું વિચરતા. ૧૦.

પોતાનો જે પ્રતાપ હતો તેમને તેઓ ગુપચુપ દબાવી રાખતા. કોઈ તેમના પ્રતાપને જાણી ન જાય, એ રીતે તેઓ વર્તતા હતા. ૧૧. ક્યારેક કંઈક પ્રતાપ જણાવી દેતા. પોતે મહાન સમર્થ હતા. તેમના જે શિષ્યો થયા

તેમને પણ ગોરખનાથના જેવા કરી દીધા હતા. ૧૨. તેમનાં શિષ્યો જે બીજા ચારે વર્ણના બાઈ-ભાઈ થતાં તે બધાને ષટ્ચક્રની ધારણા શીખવતા હતા. ૧૩. અષ્ટાંગયોગ સાધ્યા વિના જ ધારણા શીખવી દેતા. તેમની વાતને જે ગુપચુપ છુપાવી રાખતા તેમના ઉપર તેઓ ઘણા રાજી રહેતા હતા. ૧૪. કોઈ શિષ્ય જો લોકોમાં દેખાવ કરે તો તેઓ તરત જ તેમાંથી પ્રતાપને ખેંચી લેતા. તેઓ અતિ સમર્થ હતા અને કોઈ ધર્મહીન માણસ હોય તો તેને તરત જ પારખી લેતા. ૧૫.

જે ધર્મ રાખતા ન હતા, તેમને ધારણા ટકતી નહીં. તેવા લોકોને આત્માનંદસ્વામી પોતાનો પ્રકટ પ્રતાપ તરત દેખાડતા હતા. અર્થાત્ ધર્મ નિયમ ન રાખે તેનું ધારણારૂપ ઐશ્વર્ય ખેંચી લેતા. ૧૬. જે ધારણાવાળા સાધક હતા તે સહજ ધારણા કરતા હતા. છ ચક્રોને ભેદવામાં તેને કાંઈ જ પ્રયાસ કરવો પડતો નહિ. ૧૭. જે બાળકો પાંચ વરસથી ઉપરની ઉંમરના હોય, તેઓ સ્વામીના પ્રતાપથી ષટ્ચક્રને ભેદવાની ક્રિયાને જાણતા. ષટ્ચક્રની રચનાની જે સર્વે વાતો છે, તે વાત જેવી જાણી હોય અને જેવી દેખી હોય તેવી પરસ્પર કરતાં હતાં. તેમાં અત્યંત પ્રકાશ-તેજને દેખતા અને તેનાથી દુઃખમાત્રનો નાશ થઈ જાતો હતો. ૧૮-૧૯. તે તેજમાં જે સુખ થાતું તેને ભગવાનની મૂર્તિ કહેતા. જેના શિષ્યો પણ આવા મહાન હતા, એવા સમર્થ સંત આત્માનંદસ્વામી હતા. ૨૦.

તેઓ ફરતા ફરતા ગિરનારમાં આવ્યા. મહાન અલમસ્ત સિદ્ધ હતા. સ્વયં અકળ હતા. તેથી કોઈના કળ્યામાં આવતા નહિ. કદાચ કોઈ કાંઈ પૂછે તો તેને પ્રત્યુત્તર ન આપતા. ૨૧. તેઓ નેત્રની વૃત્તિને નાસિકાના અગ્ર ભાગ ઉપર કેન્દ્રિત રાખતા. કયારેક તો આંખ ઉપરની પલકોને પણ સ્થિર કરી દેતા, અર્થાત્ મટકું પણ મારતા નહિ અને આત્મસ્વરૂપ સિવાય અન્ય કાંઈ વસ્તુને યાદ કરતા નહિ. ૨૨. રામાનંદસ્વામીએ તેમને દેખ્યા. તેઓ ઊંચી સ્થિતિવાળા મહાસિદ્ધ જણાયા. તેમને અતિ બળવાન અને જીવનમુક્ત જાણ્યા. પછી બુદ્ધિમાન રામાનંદસ્વામીએ તેમનો સમાગમ કર્યો. ૨૩.

પછી રામાનંદસ્વામી આત્માનંદસ્વામીની સેવા કરવા તત્કાળ રહ્યા. **આત્માનંદસ્વામીએ રામાનંદસ્વામીને નિષ્કપટ અને મુમુક્ષુ જાણીને હેતથી બધી આત્મવિદ્યા આપી.** ૨૪. બંને તન-મન એક કરીને સતત પાંચ વરસ સુધી સાથે રહ્યા. આત્માનંદ સ્વામીએ રામાનંદસ્વામીને ષટ્ચક્રનાં બધાં અનેક ભેદ બતાવી દીધા. ૨૫. ધીરમુનિ રામાનંદસ્વામીએ જેટલી આત્મવિદ્યા-આધ્યાત્મવિદ્યા હતી તે બધી પોતામાં સિદ્ધ કરી શીખી લીધી. પણ તે તેજમાં જ્યારે ભગવાનની મૂર્તિ ન દેખાણી ત્યારે તેમની મતિ સ્થિર રહી શકી નહિ. ૨૬.

તેથી મુનિવર રામાનંદસ્વામી તેમનાથી અત્યંત ઉદાસ થઈ ગયા અને તેમનાથી છૂટા પડી ગયા. પછી તો તેઓ સોરઠ પ્રદેશમાં ફરતા રહ્યા. ૨૭. પછી આત્માનંદસ્વામી ગિરનારથી નીકળીને દરિયાને કાંઠે રામપરા નામે ગામ આવ્યા. ત્યાં તેમણે ભૌતિક શરીરનો ત્યાગ કરી દીધો. ૨૮. આત્માનંદમુનિએ આ મનુષ્ય દેહને સવાસો વરસ રાખ્યો અને છેલ્લે સ્વતંત્રપણે તેનો ત્યાગ કર્યો. તેમના મુક્તાનંદ અને જુક્તાનંદ, નામે બે ત્યાગી શિષ્ય હતા. ૨૯. આત્માનંદસ્વામીની પાછળ તે બંનેએ પણ તત્કાળ દેહત્યાગ કરી દીધો હતો. લોકો તેમની આવી આશ્ચર્યકારી વાત દેખીને પરસ્પર ઘેરઘેર તેની ચર્ચા કર્યા કરતા હતા. ૩૦.

નર-નારી બધા જ લોકો એમ બોલતા કે, આત્માનંદસ્વામી અપાર સમર્થ જોગી થયા હતા. તેમના પછી જે રામાનંદસ્વામી છે તેઓ પણ તે આત્માનંદસ્વામીના જેવા જ મહાન સમર્થ છે. ૩૧. આત્માનંદસ્વામીના જે શિષ્યો ધર્મમાં અડગ સ્થિતિવાળા હતા તે બધા બાઈ-ભાઈ ઘણા જ ઉત્સાહથી રામાનંદસ્વામીના શિષ્ય થઈને રહ્યા. ૩૨. જે જે નરનારી રામાનંદસ્વામીને શરણે આવ્યા તે બધાને સ્વામીએ ખૂબ જ હેતથી સંભાળ્યા અને જીવને માથે જે કાળ, કર્મ, માયા, યમદૂત અને પાપનું મહાન દુઃખ રહ્યું છે, ૩૩. તે દુઃખને અતિ કરુણારસથી પૂર્ણ બહુનામી રામાનંદસ્વામીએ માફ કરીને ટાળ્યું. જે કાંઈ સાધનમાત્ર કહેવાય છે તે બધા કર્મ વિનાના એકપણ નથી હોતા. ૩૪.

ચોપાઈ :

ज्युं ज्युं कर्म करे जन जेता, मनमुखि होय करके तेता;
त्युं त्युं बंधन होय अनेका, जानत जाकु परम विवेका...३५
परम विवेक रहे उर जाही, सत्संग स्वामी कहे करत ताही;
बडे धाम जेते जो रहाये, करत करत हम पछुं आये...३६

અને માણસ જેમ જેમ મનમુખી થઈને કર્મ કરતો રહે છે તેમ તે કર્મે કરીને તેને અનેક પ્રકારના કર્મના બંધન વધતા જાય છે. તે જે પરમ વિવેકી હોય તે જ જાણી શકે છે. ૩૫. આત્માનંદસ્વામીના શિષ્યોમાં જેનાં હૃદયમાં પરમ વિવેક હતો, તેમણે રામાનંદસ્વામીએ કહ્યું તેમ સત્સંગ સ્વીકાર કર્યો. શ્રીહરિ તે વિપ્રોને કહે, 'જે જે મોટા ધામ કહેવાય છે તેની યાત્રા કરતાં કરતાં અમે આ પશ્ચિમદેશ તરફ આવ્યા. ૩૬. પંચતીર્થી કરતાં કરતાં અમે લોજપુર આવ્યા. ત્યારે રામાનંદસ્વામીના સંતોએ અમને દૂરથી દેખ્યા. ૩૭. તેથી તેઓ અમારી પાસે આવ્યા અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીની સાક્ષાત્ અલૌકિક વાત કહી. ૩૮. તે સમયે રામાનંદસ્વામી ભુજનગરમાં હતા. મહાન પ્રતાપી તેઓ પછી પીપલાણા ગામ આવ્યા. ૩૯. પછી અમને પીપલાણા બોલાવ્યા અને ઘણા જ ભાવથી અમને દર્શન આપ્યાં. દેખ્યા પછી અમે બંને પરસ્પર પ્રેમથી મળ્યા અને સર્વે કુશળ સમાચાર પૂછ્યા.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ ચોરાશીના પ્રસંગે આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની વાત કરી' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર અગિયારમું : તરંગ - ૫૧

વિપ્રોની દુર્બુદ્ધિથી ચોરાશી થઈ નહિ, શ્રીહરિ દામોદરકુંડ ચાલ્યા

શ્રીહરિએ ફરી સર્વે વિપ્રની આગળ બધી વાત કહી. વાતને યથાર્થરૂપમાં કહ્યા વિના કોઈ તેને માનતા નથી, વિશ્વાસ કરતા નથી. ૧. સત્સંગની વાતની પૂરી ગમ ન હોય એટલે મતવાદીઓ તેને મનમાની રીતે બનાવટ કરીને

બોલતા હોય છે. ૨. કોઈ પણ મતને માનતા હોય પણ જે માણસ અધર્મ કરતા હોય તેને સત્સંગનું શુદ્ધ વર્તન બળતરા કરતું હોય છે. ૩. પાપરૂપ જે અંધકાર કહેવાય છે તેનું જ્યાં સુધી પુણ્યરૂપી સૂર્ય હોય છે ત્યાં સુધી કાંઈ ચલણ રહેતું નથી. ૪. ચોર અને વ્યભિચારી વગેરે જે પાપી છે તેઓ દિવસે તો શાહુકાર બનીને ફરતા હોય છે અને ચંદ્રની જે રાત કહેવાય છે તે પણ અધર્મી, પાપી મનુષ્યોને સુખ કરતી નથી. ૫. જેટલા અધર્મી છે તે બધાને સૂર્ય કે ચંદ્રમા ગમતા નથી. દીવાનો પ્રકાશ પણ અધર્મીને માટે દુઃખજનક બને છે. તેમ જ અધર્મી માણસોને સત્સંગનો પ્રતાપ દુઃખ દે છે. ૬.

❋ જ્યારે સત્સંગ કરે ત્યારે કુસંગ ઓળખાય છે :

સત્સંગ કરવાથી વાતવાતમાં અધર્મ ઓળખાઈ જાય છે. સત્સંગ કુસંગને સહેજે જ દેખાડી દે છે; એવો સત્સંગમાં સહજ ગુણ રહ્યો છે. ૭.

सत्संग कर कुसंग न देखाये, ताको नाम सत्संग न रहाये;
सत्संग करन को फल हे ईतना, कुसंग देखे में आवे तितना...०८

સત્સંગ કરવા છતાં જો કુસંગ ઓળખાય નહિ, તેનું નામ સત્સંગ કર્યો કહેવાય નહિ. સત્સંગ કરવાનું ફળ એટલું જ છે કે, તેનાથી કુસંગ દેખાઈ જાય. ૮. શ્રીહરિએ વિપ્રને જે સુખરૂપ વાત કહી, તે તેને પરમ અનુપમ, અજોડ લાગી. તેથી બધા વિપ્રોએ ચોરાશી જમવાની હા કહી. ત્યારે શ્રીહરિએ બધું સીધું-સામાન મગાવ્યો. ૯. સાકર, ઘી, લોટ અને ચોખા વગેરે પુષ્કળ સામાન મગાવ્યો. જ્યારે વિપ્રોને સીધા લેવા બોલાવ્યા ત્યારે તેમાંથી જે અધર્મી વિપ્રો હતા તે ફરી ગયા. ૧૦. શ્રીહરિનાં મુખથી જેણે વાત સાંભળી હતી અને જે વિપ્રને ઘણો ગુણ આવ્યો હતો તેમજ જેને સત્સંગ ઉપર આદરભાવ થયો હતો તે બધી બાબતમાં ઝેર વવાઈ ગયું. ૧૧. તે અધર્મીઓએ એવી બનાવટથી વાત કરી કે, જે સત્સંગમાં મળતી હોય જ નહિ. તેઓ શ્રીહરિને કહે, 'જો તમારે વિપ્ર જમાડવાનો ભાવ હોય તો અમે કહીએ તેમ તમે કરો.' ૧૨.

પછી તે અધર્મી વિપ્રોએ શ્રીહરિને કહ્યું, તમે આવીને વહુજી (પુષ્ટિમાર્ગના આચાર્યના પત્ની)ને પગે લાગો, તેમને વિનતિ કરો, ૧૩.

અને વિપ્રો જે માગે તે દક્ષિણા આપો, આટલું જો તમે કરશો તો અમે સીધું લેવા આવશું.' ૧૪. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'તમારા વિના અમારું કામ અટકી પડશે ત્યારે અમે તરત તમારી પાસે આવશું અને તમારે આધીન થઈ જઈશું. ૧૫. પુરુષ આવીને સ્ત્રીને પગે લાગે, આવી વાત અમે કયાંય સાંભળી નથી. તમે તો વિસ્મયજનક વાત લાવ્યા. અમે બુદ્ધિશાળી વિપ્રોને જોયા છે. ૧૬.

આ સંપૂર્ણ દેશમાં અમે ઘણા દિવસ ફર્યા છીએ. જ્યારે અમારે કામ પડ્યું ત્યારે તમારી બુદ્ધિની સીમા દેખાણી. ૧૭. **કામ પડ્યા સિવાય બુદ્ધિની ખબર ન પડે અને બુદ્ધિ દેખ્યા વિના માણસની ઓળખાણ થાય નહીં. ભગવાને પ્રતાપ દેખાડીને તમારી અમને બધી જ ઓળખાણ કરાવી દીધી. ૧૮.** હવે તે વહુજી (વૈષ્ણવાચાર્યના પત્ની) આવીને અમને સો વાર પગે લાગે, તોપણ અમે તમને સીધું નહિ આપીએ. વહુજી તો ઘણા મર્યાદાવાળા હોય, તેઓ ક્યારેય આવી વાત બોલે નહિ. ૧૯. મોટાનો તો એવો ધર્મ હોય છે કે, તેઓ પરપુરુષનું મુખ પણ દેખે નહિ. જ્યારે સેવક વ્યભિચારી હોય ત્યારે મોટા માણસને પણ લાંછન લગાડે છે.' ૨૦.

જૂનાગઢ શહેરના જે મોટા મોટા નાગરો હતા તેમણે વિપ્રોની બુદ્ધિ દેખીને તેમને 'આ બુદ્ધિહીન વિપ્રો છે.' તેમ કહ્યું. કેમ જે, એમણે દુર્લભ એવી ચોરાશી પાણીમાં વહાવી દીધી. ૨૧. કરોડો રૂપિયાનો ખર્ચ કરે તોપણ ભગવાન ક્યાંથી જમાડે ? ભગવાન પાસેથી જે દાન લેવા ચાહે છે તે વિપ્ર સમાન બીજા કોઈ મલિન ન હોઈ શકે. ૨૨. ભગવાન રાજી થઈને જે આપે તે દાન લઈ લેવું જોઈએ. બલાત્કારે જે દાન લેવું તે તો બ્રાહ્મણોએ બ્રાહ્મણનો ધર્મ તજી દીધો કહેવાય. ૨૩. જ્યારે સુજ્ઞ નાગરોએ આવું કહ્યું, ત્યારે બુદ્ધિહીન વિપ્રો મનમાં ઘણું પસ્તાયા. પણ એક વખત જે વાત વીતી ગઈ તે ફરીવાર ક્યાંથી આવે ? ભલેને વારંવાર ઘણાં જન્મ લે..! ૨૪.

પછી શ્રીહરિએ સંઘમાં જે વિપ્રો આવ્યા હતા તેમને બોલાવ્યા અને જૂનાગઢ શહેર સિવાયના બીજા ગામોમાંથી જે વિપ્રો આવ્યા હતા, તે બધાને

બોલાવ્યા અને તે સહુને ઘી, સાકર વગેરેનાં સારાં સીધાં હેતથી અપાવ્યાં. ૨૫-૨૬. શહેરમાં કેટલાક અસહાય ગરીબ વિપ્રો હતા. તેઓ દીન થઈને આવ્યા. તે સહુને પ્રસન્ન મનથી બોલાવીને શ્રીહરિએ સીધું આપ્યું. ૨૭. કેટલાક નિર્માની વિપ્રો હતા તેમણે આવીને સીધું લઈને શ્રીહરિનાં કહ્યાં પ્રમાણે રસોઈ બનાવીને જમ્યા. ૨૮. જેટલા ગર્વિષ્ઠ વિપ્રો હતા તેટલા સીધું લેવા ન આવ્યા. ઉપરથી વૈષ્ણવ દેખાય પણ અંદરથી જુદા હોય, તેથી તે ઠગ અને અતિ ચોરને કોઈ ઓળખી શકે નહિ. ૨૯. શ્રીહરિએ તે અભિમાનીઓનું કપટ ખુલ્લું કરવા માટે તે વખતે તેની સર્વે બુદ્ધિ હરી લીધી હતી. અને તે વિપ્રોની બુદ્ધિ જ એવી જાહેર કરી દીધી કે, તેમાં શ્રીહરિનો લેશમાત્ર પણ દોષ ન આવે. ૩૦.

શ્રીહરિ જે ક્રિયા કરતા હોય તેમાં પોતે નિર્દોષ રહે છે. કોઈ શ્રીહરિનો કોઈ રીતે વાંક કાઢે તેવી ક્રિયા તેઓ ભૂલે પણ કરતા નથી. ૩૧. જેમ આકાશ અપાર શુદ્ધ રહે છે તેને કોઈ અશુદ્ધ વસ્તુનો દોષ લગારેય લાગતો નથી, તેમ જે કોઈ પણ દોષો કહેવાતા હોય છે તેમાંથી કોઈ પણ દોષ શ્રીહરિને સ્પર્શી શક્તો નથી. ૩૨. **અનંત કલ્પ વીતી ગયા. તેનો ગણે પાર આવે તેમ નથી. પરંતુ તે સર્વકાળમાં શ્રીહરિ તો આકાશ કરતા પણ અત્યંત અપાર વિશુદ્ધ રહે છે. ૩૩. જે લોકો નિર્દોષના ઉપર દોષ આપે છે તે દોષારોપણ કરનારા પોતે જ દોષવાળા થઈ જાય છે. ભગવાનના કેટલાએ અવતારો થઈ ગયા. તેમના ભક્તો પણ ઘણા થયા. ૩૪.** તેમને જે દોષ દેવા આવ્યા તે બધા શિશુપાળ જેવા કહેવાયા અને તેમને રાવણ તથા કંસ આદિની ઉપમાઓ લાગી અને તે અભાગિયા લોકો પોતે જ દોષિત ઠર્યા. ૩૫.

જેને પ્રગટ શ્રીહરિમાં અને તેમના હરિભક્તોમાં આદરભાવ ન હોય એવા જે મનુષ્યો હોય તે કોટી યજ્ઞ, જપ કે તપ વગેરેને કરે છે તોપણ તેને ક્યારેય મોટો યશ મળતો નથી. ૩૬. **જેનાથી માણસની કીર્તિ થાય છે એવા ભગવાન અને ભગવાનના ભક્તોનો જ્યાં સુધી અભાવ રહે છે ત્યાં સુધી તે વ્યક્તિને ક્યારેય કીર્તિ મળતી નથી; તે ચોક્કસ વાત છે. ૩૭. ભગવાનને છોડીને કરોડો સાધન કોઈ કરે તે શબને શણગારવા જેવું છે. તેના બધા**

સાધન નિરર્થક થાય છે. ૩૮. (સં.૧૮૬૩ ચૈત્રી) પૂનમને દિવસ જે વિપ્રો આવ્યા તે બધા રસોઈ કરીને જમ્યા અને પછી શ્રીહરિવર દામોદરકુંડ જવા ચાલ્યા. ૩૯. શ્રીહરિની જે બધી સવારી હતી તે તૈયાર થઈને આવી. તે સર્વને ઘોડા, ડંકા અને નિશાન સહ શ્રીહરિએ સાથે લીધા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'વિપ્રોની દુર્બુદ્ધિથી જૂનાગઢમાં ચોરાશી થઈ નહિ અને શ્રીહરિ દામોદર કુંડ ચાલ્યા' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર અગિયારમું : તરંગ - ૫૨

શ્રીહરિ દામોદરકુંડમાં નાહ્યા અને પ્રિયવ્રતની વાત યાદ કરી

મુક્તાનંદસ્વામી શ્રીહરિનાં ચરિત્રોની વાતને અત્યંત દુર્લભ જાણીને કહે છે. તે કહ્યા વિના મન અકળાતું હતું. ૧. **તે સમયે કોઈ હરિભક્ત જો શ્રીહરિના સિવાયની બીજી વાત કરતા, તો સ્વામીને તે બીજી વાત ઝેરના સમાન લાગતી હતી. ૨. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું, સહુ હરિભક્તો, ભાવથી સાંભળો. જે શ્રીહરિનાં ચરિત્રોને સાંભળતા તૃપ્ત થતો નથી તે ભક્ત પરમપદને પામે છે. ૩.** મહારાજાધિરાજ શ્રીહરિએ અપાર શોભા ધારણ કરી અને અશ્વ ઉપર બેઠા. અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે સંતોને અને હરિભક્તોને સાથે લીધા. ૪. શ્રીહરિના અશ્વને બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. શ્રીહરિએ પણ બધાં શણગાર સોનાના જ પહેર્યાં હતાં, તેનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી. ૫.

મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર ઊંચે અવાજે "જય જય" "જય જય" બોલીને જયઘોષ કરતા હતા. રંગભીના શ્રીહરિ ગિરનાર દરવાજેથી આગળ ચાલ્યા. ૬. જેટલા સંતો અને હરિભક્તો સાથે હતા તે બધા ધોળ રાગના મંગળમય કીર્તન બોલતા હતા. હરિભક્તો ગુલાલ લાવ્યા હતા. તે પરસ્પર ઉડાડતા હતા. ૭. સંતો સંતમંડળમાં અત્યંત આનંદોલ્લાસથી કીર્તન ગાતા હતા, જે કહી શકાતું નથી.

હરિભક્તો સહુ હરિભક્તોમાં મનનાં ઘણા જ ઉત્સાહથી કીર્તન બોલતા હતા. ૮. **હરિભક્ત સ્ત્રીઓ સ્ત્રીઓમાં પ્રકટ શ્રીહરિનાં ચરિત્રોને ગાતી હતી. તેઓ શ્રીહરિ સિવાય બીજું કાંઈ સંભારતા નહિ. બધા ભક્તજનો એવા મતવાલા થઈને વર્તતા હતા. ૯.**

ડંકા, નિશાન અને બીજા વાજિંત્રો સહુની આગળ ચાલ્યાં. સંતો, વર્ણીઓ, સંન્યાસીઓ અને પાર્ષદો જે હતા તે બધા શ્રીહરિની આગળ ચાલ્યા. તેમના પછી શ્રીહરિ ચાલ્યા. રાજાની બધી સવારી શ્રીહરિની પાછળ ચાલી. ૧૦-૧૧. તે સવારીની પાછળ અપાર સત્સંગી બાઈઓ ચાલતી હતી. તે બધી શ્રીહરિનાં સુંદર યશનાં કીર્તન ગાતી હતી. શ્રીહરિનાં સંબંધ વિનાની વાત કોઈ બોલતું જ નહિ. તેનાથી શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ દેખાતો હતો. ૧૨. માનો પર્વત, વૃક્ષો અને નદીઓ વગેરે જે દેખાતા હતા તે બધા અત્યંત હરખથી 'સ્વામિનારાયણ' આવું નામ જ બોલતા હતા. ૧૩. જેટલી જાતના પંખીઓ ઝાડ ઉપર જે બેઠા હતા, તે બધા 'સ્વામિનારાયણ' આવું નામ જ મુખથી બોલતા હતા. ૧૪.

ત્યાં કોળી જાતિના એક જયમલ નામે મેર હતા. તે હરખભર્યા શ્રીહરિની સામે આવ્યા. ૧૫. શ્રીહરિને ફૂલનો હાર પહેરાવીને તે પગે લાગ્યા. ઘણા જ પ્રેમભાવથી તે ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને પછી પ્રેમથી બોલ્યા, ૧૬. આ ગિરનાર પર્વતની ભૂમિમાં મારી ચોકી બેઠી છે. અહીં સંઘના જેટલા મનુષ્યો આવે છે તે બધા અમને કરનારૂપમાં ધન આપે છે. જે કોઈ ઘાસ કે લાકડાં લેવાં આવે છે તે પણ અમને કર આપે છે. નવાબે અમને આટલો ગરાસ કરી આપ્યો છે અને અમે નવાબના દાસ છીએ. ૧૭-૧૮. આ પર્વતમાં જે સિદ્ધો રહે છે તેઓ પણ અમને આપ્યા વિના અન્ન ખાતા નથી. તેઓ અમારો એટલો મલાજો (મર્યાદા) રાખે છે. ત્યારે સિદ્ધોનું કામ થાય છે. ૧૯.

ત્યારે શ્રીહરિની પાસે જેટલા ફૂલના હાર હતા તે બધા તેને પ્રેમથી પહેરાવી દીધા. અને કહ્યું, અમે અને આ સંતો તમારે અંતસમયે આવશું. ૨૦. અને તમારા આખા વંશનો મોક્ષ કરશું. શ્રીહરિએ તેને એવો કોલ આપ્યો. અને વિશેષ કહ્યું કે, સંતોની અને હરિભક્તોની સેવા કરજો. પરસ્ત્રી સંગમાં

ક્યારેય પગલું માંડશો નહિ. ૨૧. દારૂ પીવો અને માંસ ખાવું, તે મહાપાપ કહેવાય છે. જે મનુષ્ય તે મહાપાપ કરે છે તેને જમપુરીમાં જવું પડે છે અને ચોરી કરવી, તે પણ તેવું જ પાપ છે. માટે અમે તો જેવુ હતું તેવું તમને કહી દીધું. ૨૨. પાપને દેખાડ્યા વિના કોઈને તેની ખબર પડતી નથી. દુનિયામાં કેટલાક લોકો પાપને પણ ધર્મ કરીને માની બેસે છે. શાસ્ત્રને વાંચતા હોય છતાં કાંઈ જ્ઞાન હોતું નથી. ૨૩. બધા વર્ણ અને આશ્રમવાળાની એકસમાન રુચિ થઈ ગઈ હોવાથી ધર્મનો વિવેક રહ્યો નથી. શ્રીહરિ આવી રીતે જયમલ મેરની સાથે વાતો કરતાં કરતાં દામોદરકુંડે આવી ગયા. ૨૪.

તરત જ શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. એક વસ્ત્ર પહેરેલું હતું અને દામોદરકુંડમાં નાહ્યા. બધા સંતો સાથે હતા. ૨૫. શ્રીહરિની પ્રસાદીનું માહાત્મ્ય જાણીને સૌ હરિભક્તોએ પણ સ્નાન કર્યું અને તે વખતે ત્યાં જેટલા વિપ્રો ઊભા હતા તેમને દાન આપ્યું. ૨૬. જેટલાં કુંડ હતા ત્યાં ત્યાં જઈને તેમાં શ્રીહરિ નાહ્યા. વિપ્રોને દાન અપાવ્યું અને પછી વસ્ત્ર-આભૂષણોને અંગ ઉપર ધારણ કર્યાં. ૨૭. ત્યાં દામોદર ભગવાનનું શિખરબદ્ધ મંદિર છે, એમ જાણીને શ્રીહરિ ત્યાં દર્શન કરવા માટે આવ્યા. ૨૮. આવીને દામોદર ભગવાનનાં દર્શન કર્યાં. પાંચ કોરી (આશરે ૧/૩ રૂપિયાની કિંમતનું એક કચ્છી રૂપાનાણું) ભેટ ધરી. બે માળનો મંડપ હતો. શ્રીહરિએ તેના ઉપર ચઢીને જોયું. ૨૯. શ્રીહરિએ કહ્યું, આવી જગ્યા અમને બહુ ગમી જાય છે. પર્વત અને વૃક્ષો જોઈને અમારું મન લોભાઈ જાય છે, માનો, કાયમ અહીંયાં રહીએ. ૩૦.

✵ સાધનોમાં સેવાની મહત્તા :

આવા સ્થાનમાં અમને રુચિ રહે છે. પ્રવૃત્તિ લગારેય ગમતી નથી પણ, શિવજીનાં વચન જ્યારે સંભારીએ છીએ ત્યારે સત્સંગ છૂટતો નથી. ૩૧.

ચોપાઈ :

सत्संग की सेवा बनि आवे, ध्यान तप से अधिक कहावे;
ध्यान तप के फल हे इतना, सत्संग की सेवा मिले तितना...३२

कोटि वर्ष तप करे जो ध्याना, ताके फल जितने रहाना;
एक दीन की सेव में जोउ, आई जात फल सब सोउ...३३

સત્સંગની જે સેવા બની આવે તે ધ્યાનથી અને તપથી પણ અધિક છે. ધ્યાન અને તપનું ફળ પણ એટલું જ છે કે, તેનાથી સત્સંગની સેવા મળે. ૩૨. કોઈ મનુષ્ય કરોડ વરસ સુધી તપ કરે અને ધ્યાન કરે, તેનું જેટલું ફળ થાય છે તે બધું એક દિવસની સત્સંગની સેવામાં આવી જાય છે. ૩૩. અમે જ્યારે આવો વિચાર કરીએ છીએ ત્યારે સત્સંગ સિવાયનું બધું ખારું લાગે છે. પ્રિયવ્રત રાજા મેરુ પર્વત ઉપર જઈને તપ કરવા બેસી ગયા, ૩૪. રાજ્ય કરવામાં પ્રવૃત્તિને જોઈને તે છોડી નિવૃત્તિ લઈને ધ્યાનમાં બેઠા. પ્રિયવ્રત નારદજીના શિષ્ય હતા. બીજા ઋષિઓએ કહ્યું, પણ પ્રિયવ્રતે તેમનું વચન માન્યું નહિ. ૩૫. નારદ સિવાયના જે ઋષિઓ હતા તે બધા ત્યાં આવ્યા હતા. જેની જેવી સમજણ હતી, તે પ્રમાણે સહુએ પ્રિયવ્રતને ઉપદેશ કર્યો. ૩૬.

વ્યાસમુનિએ ઉપદેશ કર્યો. તેમણે ઘણી જ મહેનત કરી. પણ પ્રિયવ્રતે તેનો એકપણ શબ્દ કાને ધર્યો નહિ અને તપમાં જ તલ્લીન થઈને રહ્યા. ૩૭. પ્રિયવ્રતના પિતા સ્વાયંભૂ મનુ મનમાં ઘણા ઉદાસ થઈ ગયા. તે બાબતને બ્રહ્માએ જાણી, ૩૮. બ્રહ્મા પ્રિયવ્રતની પાસે આવ્યા. નારદજીને પણ બોલાવ્યા. નારદજી ઉદાસ મન થઈને આવ્યા. બ્રહ્માજીના ચરણોમાં પડ્યા. ૩૯. બ્રહ્માએ હેત-પ્રેમથી પ્રિયવ્રતને વાત કહી. નારદજી મારા પુત્ર છે. તમે તેના શિષ્ય છો એટલે હું કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ દામોદરકુંડે આવીને નાહ્યા અને પ્રિયવ્રતની વાત સંભારી' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર અગિયારમું : તરંગ - ૫૩

સત્સંગની મહત્તા કહી અને મૂળજી શેઠને કોઠારી કર્યા

મુક્તાનંદસ્વામી શ્રીહરિચરિત્રની વાત કહેતા હતા તે જ્યાંથી બાકી રહી તે હું કહું છું. બ્રહ્મા અને પ્રિયવ્રતની વાત ઘણી અલૌકિક કહેવાય છે. ૧. શ્રીહરિએ જે વાત કહી, તે તો ઘણી સુખદાયક છે. એટલા માટે તેને સમજી-વિચારીને સહુ હરિભક્તોને તે વાત કહું છું. ૨. બ્રહ્માએ પ્રિયવ્રત રાજાને પોતાની ગોદમાં લઈને કહ્યું, તાત ! દીકરા ! તું જેને રાજી કરવા માટે તપ કરવા ઈચ્છે છે, ૩. તે ભગવાન સહુથી પર છે, મહાન છે. જેનાથી કોઈ પર-અધિક નથી. એવા ભગવાને મને તારી પાસે મોકલ્યો છે. ૪. તે ભગવાને જેવી વાત તારા માટે કહી છે, તે વાત તને કહેવા માટે હું પ્રેમથી આવ્યો છું. તે વાત હું સત્યની સાક્ષીએ કહું છું. તેમાં એકપણ શબ્દ મિથ્યા નથી. ૫.

આ નારદજી અને હું, અમે બધા તે ભગવાન નારાયણનાં વચન પ્રમાણે વર્તીએ છીએ. તે ભગવાન પ્રસન્ન થાય, એમ જે કરવું તેને જ નિવૃત્તિમાર્ગ કહેવાય છે. ૬. જ્યાં સુધી અંતઃશત્રુ જીતાયા ન હોય ત્યાં સુધી નિવૃત્તિમાર્ગ સ્વીકાર્યો કહેવાય નહિ. જ્યાં સુધી અંતઃશત્રુ સાથે રહ્યા હોય. ત્યાં સુધી તે તપમાં ભંગ પડાવી શકે છે. ૭. અંતઃશત્રુ ઘણા બળવાન કહેવાય છે. તેણે નારદનું મુખ પણ માંકડા જેવું કરાવ્યું હતું. જોગીઓમાં શિવજીના સમાન કોઈ નહિ. તેઓ તો સિદ્ધોના પણ સિદ્ધ કહેવાય. ૮. હું નારદ અને શિવજી, બંનેનો પિતા છું. ચૌદ લોકમાં સહુ પ્રસિદ્ધ રીતે અમને જાણે છે. પરાશર, વ્યાસ, ઈંદ્ર, ચંદ્ર, સૌભરિ, ચ્યવન, ઋષ્યશૃંગ, ૯. એ આદિક અને એવા બીજાઓના મનનું પણ કાંઈ ઠેકાણું રહ્યું ન હતું. તે બધાને અંતઃશત્રુએ હેરાન કર્યા હતા.

જૈમિનિ આદિક પણ ઘણા મોટા થઈ ગયા. તેમાંથી મોટા મોટાની વાત કરી છતાં એવી વાતોનો ગણતા પાર લઈ શકાતો નથી. અંતઃશત્રુઓનું કામ જ એવું છે કે તે કોઈની પણ લાજ રાખતા નથી. ૧૦-૧૧. અંતઃશત્રુઓ જે રીતે વશ થાય તેવું ઘરમાં (ગૃહસ્થાશ્રમમાં) રહીને શીખવું. ઘરરૂપ એક

મોટો કિલ્લો છે. તેમાં રહીને લડવું અને શત્રુને જીતવા. ૧૨. અંતઃશત્રુઓને જીત્યા વિના જ વનમાં જઈને તપ કરવા માટે બેસી જાય તો અંતઃશત્રુઓ તેનો ક્યારેક પરાભવ કરી શકે છે. ૧૩. આ રીતે બ્રહ્મા અને નારદના મુખથી પણ પ્રિયવ્રતને મનાવ્યા. પછી પ્રિયવ્રત તપ છોડીને ગૃહસ્થાશ્રમમાં આવ્યા અને તેણે ભગવાનનું ભજન કર્યું. ૧૪.

❋ સત્સંગની મહત્તા :

તે રીતે જ બહુનામી સદ્‌ગુરુ રામાનંદસ્વામી અમને સત્સંગ અધિક દેખાડીને વચનરૂપી દોરીથી બાંધી ગયા છે. ૧૫. **વનમાં જઈને જેને ઉદ્દેશીને જે જે સાધન કરવાના કહ્યા હોય તે બધાં સત્સંગમાં આવી જાય છે. ૧૬.**

ચોપાઈ :

सत्संग विन अवर हि जेता, कुचा रहे देखाये तेता;
सत्संग तजीके जाना जोउ, अवर में सुख मानना सोउ...१७

रस कु छोड कुचे कु खाना, एसे आवत नजर देखाना;
सत्संग को करत जेहि त्यागा, कुसंग में होवत अनुरागा...१८

सत्संग के खावत मल एहा, कुसंग में जाई रहत हे जेहा;
अनंत ब्रह्मांड के रस जितना, सत्संग में वरतत सब तितना...१९
सत्संग करत मन क्रम जेते, मन इच्छित सुख पावत तेते;
धीरज रखत लहत सो सूखा, धीरज तजत हि पावत दुःखा...२०

સત્સંગ વગરનાં જે બીજાં સાધન હોય તે તો કૂચા જેવા દેખાય છે. સત્સંગને છોડીને જાવું અને બીજા સાધનોમાં સુખ માનવું, ૧૭. તે તો રસનો ત્યાગ કરીને કૂચાને ખાવા જેવું છે, એવું નજરે દેખાય છે. જે સત્સંગનો ત્યાગ કરે છે તેને કુસંગમાં હેત થાય છે. ૧૮. સત્સંગ છોડીને જે કુસંગમાં જઈને રહે છે તે તો સત્સંગનો મળ ખાય છે. અનંત બ્રહ્માંડોનો જે રસ છે તે બધો સત્સંગમાં આવીને રહ્યો છે. ૧૯. જે મન, કર્મ અને વચનથી સત્સંગ કરે છે તે મનવાંછિત સુખ પામે છે. પણ જે ધીરજ રાખે તેને તે સુખ મળે છે અને જે ધીરજ છોડી દે છે તે દુઃખ જ પામે છે. ૨૦. ધીરજ રાખીને જે સત્સંગ

કરે છે, તેને અલભ્ય સુખ અખંડ મળે છે. ખરેખર સત્સંગ તો ધીરજવાળાનો અને અપાર બુદ્ધિમાનનો છે.

૨૧. **બ્રહ્માંડના જેટલા સુખ છે તે બધાને જે દુઃખમય અને અસત્ય સમજે તેની જ બુદ્ધિ અપાર કહેવાય છે. તે બુદ્ધિમાન મનુષ્ય ક્યારેય દૈહિક સુખમાં લોભાય નહિ. ૨૨. જે દૈહિક સુખમાં લોભાઈ જાય છે તે ગાઢ અંધારાથી અવરાઈ જાય છે. અજ્ઞાનરૂપી અંધારું અપાર છે, તે સત્સંગ કર્યા વિના દેખાતું નથી. ૨૩.** અને સત્સંગ કરે છતાં જે ન દેખ્યામાં આવે તેને તો મહાઅજ્ઞાનનું અંધારું કહેવાય છે અને જે સત્સંગ કરે જ નહિ તે તો દળીને ભઠ્ઠીમાં નાખ્યા જેવું કહેવાય અર્થાત્ મનુષ્ય તન વ્યર્થ બાળી નાંખ્યું. ૨૪. પૂર્વે પ્રહ્લાદજી આદિ અનેક ભક્તોએ સત્સંગ કર્યો તેમને અપાર દુઃખ આવ્યું, છતાં તેઓ સત્સંગથી ડગ્યા નહિ. ૨૫.

દોહા : દુઃખ देखी डगत नहीं, ताके सत्संग सत;
दुःख में डगि जात जो, वाके सत्संग असत...२६

જે દુઃખોને દેખીને પણ ડગે નહિ તેનો સત્સંગ સાચો કહેવાય અને જે દુઃખોને દેખીને ડગી જાય તેનો સત્સંગ કાચો કહેવાય. ૨૬. આવી વાતો કરતાં કરતાં શ્રીહરિ પાછા દામોદર કુંડે આવ્યા. ત્યાં ઊંચી બેઠક દેખીને તેના ઉપર ઉમંગથી બેઠા. ૨૭. ત્યાં બધા સંતોની અને હરિભક્તોની અનુપમ સભા થઈ. મહારાજાધિરાજ શ્રીહરિ તે સભાને મધ્યે શોભી રહ્યા હતા. ૨૮. ત્યાં પહેલા એક વિપ્ર આવ્યો. તેણે શ્રીહરિને કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. પ્રેમથી ફૂલહાર પણ પહેરાવ્યો. મોટાપુરુષ જાણીને શ્રીહરિ તેને ગમી ગયા. ૨૯.

તેનાં મનમાં ધનની આશા નથી એવું ભક્તવત્સલ શ્રીહરિએ જોયું. વિપ્રને અત્યંત અકિંચન જોયો અને તેનો નિર્મળ ભાવ જોઈને, ૩૦. શ્રીહરિએ સ્વેચ્છાથી જ તેને ૭૦૦ કોરીઓ અપાવી. તેણે તે ધનને દેવાલયના ખર્ચમાં આપી દીધું. તે વિપ્ર એવા શુદ્ધ હતા. ૩૧. પરમારોનું લીંબલી નામે ગામ છે. ત્યાંના વણિક ભક્ત મૂળજી શેઠ અનન્ય હરિભક્ત હતા. ઉત્સવ-સમૈયામાં તે શ્રીહરિની પાસે રહેતા. ૩૨. સત્સંગમાં તેમના જેવા સારા, પ્રામાણિક

અને બુદ્ધિશાળી બીજા કોઈ દેખાણા નહીં. સત્સંગમાં સંતો અને હરિભક્તો તો અપાર હતા. પણ મુળજી શેઠની બુદ્ધિ સહુથી પર હતી. ૩૩. સુખદાયક સુંદરશ્યામ શ્રીહરિ તેમને એવા સમજીને પોતાની પાસે રાખતા. જે કાંઈ શ્રીહરિની પૂજા આવતી. તે બધી તેમની પાસે રખાવતા. ૩૪.

આવક-જાવકનો બધો જ હિસાબ તેઓ કાગળ ઉપર લખી રાખતા હતા. જેટલા કિંમતી વસ્ત્ર અને ઘરેણાં આવતાં. હજાર જાતના અશ્વ આવતા. ૩૫. વળી, જે કાંઈ ધન આવતું અને ખરચાતું. તથા કેટલોક તો સોના-રૂપાનો સામાન પણ રહેતો. દેશોદેશમાંથી પાર ન આવે એટલો કેટલોય નવો નવો સામાન આવતો. ૩૬. શિવજીના સેવક કુબેર ભંડારી કહેવાય છે. તેમ તમે અમારા ભંડારી. એમ કહીને શ્રીહરિએ તેમને કોઠારી તરીકે સ્થાપ્યા હતા. ૩૭. જે જે મોટા સંતો હતા અને જે જે મોટા હરિભક્તો હતા તે બધાને પૂછીને શ્રીહરિએ મૂળજી શેઠને કોઠારી બનાવ્યા હતા. ૩૮. શ્રીહરિએ એમ કહ્યું હતું કે, અમારો જે જે સામાન આવે તેની મૂળજી શેઠ સંભાળ લેશે. તેમાં બીજા કોઈએ ધણીપો કરવો નહિ. ૩૯. તમે જે બધા મોટા મોટા સંતો અને હરિભક્તો છો, તેમાંથી જો કોઈ એક ધણીપો રાખો તો તેને અમે બધું દઈએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સત્સંગની મહત્તા કહી અને મૂળજી શેઠને કોઠારી કર્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર અગિયારમું : તરંગ - ૫૪

સત્સંગમાં વધવા-ઘટવા અંગે મુકુંદવર્ણીનો પ્રશ્ન અને તેનો ઉત્તર

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી શ્રીહરિની સ્મૃતિ થાય તે માટે હરિભક્તોની આગળ વારંવાર વિચાર કરી કરીને શ્રીહરિનાં ચરિત્રોની વાત કહેવા લાગ્યા. ૧. **મૂળજી શેઠની આગળ શ્રીહરિએ કહ્યું, સ્ત્રી અને ધન, એ બે વસ્તુનાં ગુણ જ એવા છે કે, તે અંગે કોઈને વિશ્વાસ આવે નહિ.** ૨. કોઈ સાધુ કે

હરિભક્ત તમારી આગળ આવીને જો કાંઈ બોલે તો તમારે તેનું નામ અને જે બોલ્યા હોય તે શબ્દ કાગળમાં લખી રાખવા. ૩. **જે મનુષ્ય પારકી સ્ત્રી કે પારકું ધન પોતાની પાસે રાખે, તેની બુદ્ધિને તે ફેરવી નાખે છે. કારણ કે તેનો ગુણ દારૂના જેવો બુદ્ધિને નાશ કરનારો છે.** ૪. ત્યારે મૂળજી શેઠે કહ્યું, કોઈ માણસ એમ બોલે કે, 'આ બધું ખાઈ ગયો ત્યારે મારી હાલત કેવી થાય ? લોકો જ્યારે મને સત્સંગનો ચોર ઠેરાવી દે, ત્યારે હું સત્સંગમાં શું મોઢું દેખાડું ? ૫.

ત્યારે શ્રીહરિએ મયારામ ભટ્ટને બોલાવીને મુખ્ય કોઠારી સ્થાપ્યા. તેનું વર્તન એવું હતું કે, સત્સંગના બધા જ આશ્રિતોની દૃષ્ટિમાં મયારામ ભટ્ટ અત્યંત નિર્દોષ દેખાતા હતા. તેમની નિર્દોષતામાં બધા જ મનુષ્યો સાક્ષી પુરાવતા. સત્સંગના આશ્રિત બાઈ-ભાઈ બધા જ તેમને બચપણથી જ જાણતા હતા. ૬-૭. ધન અને સ્ત્રી બાબતમાં તેને ક્યારેય ડાઘ લાગ્યો ન હતો. તેમનું વર્તન જ સહુને તે બાબત કહી દેતું હતું. તેઓ સ્ત્રી અને ધનની બાબતમાં વજ્ર સમાન કઠોર ધર્મ-નિયમને પાળતા હતા. ૮. નારીના રૂપમાં કોઈ એવો અતિશય ગુણ છે કે, તે મનુષ્યમાત્રને મોહ ઉપજાવે છે. એકાંતમાં જો તેનો જોગ થાય તો કોઈપણ પુરુષ તેનો ભોગ કર્યા વિના રહે જ નહિ. ૯. ધનમાં પણ એવા જ પ્રકારનો મોહ રહ્યો છે. તેને નજરે દેખતા બુદ્ધિ વિપરીત થઈ જાય છે. તેથી ધન અને નારીને મેળવવા માટે બધા મનુષ્યો નિર્લજ્જ થઈને વેર ઊભું કરે છે. ૧૦.

चोपाई :

भगवान भजत हरिजन जेते, ताकु विघ्न करत हे तेते;
काम लोभ सम शत्रु न कोई, युँ जानीके संत कु सोई...११

જે હરિભક્ત ભગવાનનું ભજન કરતો હોય છતાં તેને વિઘ્ન કરે છે. કારણ કે, કામ અને લોભના જેવા બીજા કોઈ શત્રુ નથી. આવું સમજીને જ અમે સંતોને તે વિઘ્નમાત્રથી દૂર કર્યા છે અને તેથી જ સંતોમાં પૂરી સાધુતા દેખવામાં આવે છે. આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા ત્યારે

બધા ભક્તો પૂજા કરવા માટે આવ્યા. ૧૧-૧૨. ગિરનારમાં ફૂલ અપાર થાતા. તેથી હરિભક્તો તેના હાર બનાવીને લાવતા અને વારંવાર આવીને પ્રેમથી તે ફૂલહાર શ્રીહરિને પહેરાવતા હતા. ૧૩. જે જે ફૂલહાર આવતા અને શ્રીહરિને પહેરાવતા. તેને ઉતારી ઉતારીને શ્રીહરિ સંતોને આપતા અને શ્રેષ્ઠ સ્નેહને પ્રકટ કરતા હતા. ૧૪. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિના અનન્ય સેવક હતા. તેમણે બંને હાથ જોડીને શ્રીહરિને એક પ્રશ્ન પૂછ્યો, 'પહેલા તો કોઈ સારો શિરોમણિ સત્સંગી હોય અને પછીથી સત્સંગ કરતાં કરતાં કુસંગી શાથી થઈ જાતો હશે ? એ પ્રશ્ન છે. તેનો હે હરિ ! આપ ઉત્તર કરો. ૧૫-૧૬.

ત્યારે શ્રીહરિ બોલ્યા, પહેલા તો તેની બુદ્ધિ અશુભ હતી પણ સંતોનો સમાગમ થયો ત્યારે તેની બુદ્ધિ શુભ થઈ. પછી જ્યાં સુધી તેની બુદ્ધિ શુભ રહે છે ત્યાં સુધી તે સંતોને અતિ સેવતો રહે છે. ૧૭. અને સંતોને નારદ, શુકદેવજી અને સનકાદિકોના જેવા જાણીને તથા અતિ હિતકારી માનીને ઘણો જ પ્રેમભાવ રાખે છે. સંતો તેને જે જે ધર્મયુક્ત વચનો કહે તેને સત્યરૂપમાં જ માને છે.૧૮. સંતો તેની આગળ રાત-દિવસ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતોને કરતા રહે છે. લોભ, કામ અને ક્રોધ આદિકને જીવના શત્રુ તરીકે બતાવતા, ૧૯. એવી સંતો જે જે વાતો કરે તેને તે અમૃતરસ જાણીને પીતો રહે છે અને અભાવ ન લે તો આમને આમ સત્સંગ કરતાં કરતાં કેટલાક ભક્તો ઊંચી સ્થિતિવાળા થઈ જાય છે, પણ જો અભાવ લે તો સત્સંગમાંથી પડી જાય છે અને કુસંગી થઈ જાય છે. ૨૦. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ઉદ્ધવ, ગોપીઓ અને પાંડવો વગેરે સત્સંગમાં વધતાં વધતાં ઘણા જ આગળ વધી ગયા અને આખું જગત આજે તેના યશને ગાય છે. ૨૧.

જેટલા વિપ્રો અને સાધુઓ છે તેપણ પૂર્વે થયેલા હરિભક્તોના ગુણ ગાય છે. તેને લીધે તેમને મનમાન્યું ખાવાનું અને સારાં વસ્ત્ર મળવા માંડે છે, તેમજ તેનું ગુજરાન થવા લાગે છે. ૨૨. જેને જેવાં ઘટે તેવા ધન અને વાહન પણ મળવા લાગે છે. કેટલાક તો છ શાસ્ત્રોને ભણીને આચાર્યપદને પામે છે. ૨૩. આમ તો આચાર્ય બે પ્રકારના હોય છે. બંનેના ગુણ પણ અલગ અલગ હોય છે. એક તો ગ્રંથોને ભણીને આચાર્ય બને છે અને બીજા

તો વ્યાવહારિક રીતે જેને આચાર્ય કર્યા હોય. ૨૪. આચાર્યને માટેના જે રીતના ધર્મ કહ્યા હોય તેને તત્પર થઈને પાળે, ભગવાનમાં પ્રેમ રાખે. ૨૫.

પોતાના સમીપ સંબંધ વગરની જે પરસ્ત્રી તેનો કયારેય સ્પર્શ કરે નહિ, ૨૬. ચારે વર્ણની સ્ત્રીઓ જે શિષ્ય કહેવાતી હોય, તે બધીને માતાની સમાન જાણે અને તેની સાથે બોલે નહિ. તેમજ આંખથી તેને દેખે પણ નહિ. ૨૭. તે વ્યાવહારિક આચાર્યની પત્ની પણ પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષમાત્ર તેની સાથે બોલે નહિ અને તેને અડે પણ નહિ. આવો મત જ્યાં હોય ત્યાં ધર્મ રહે છે. ૨૮.

धर्म भक्ति ज्ञान वैराग्य जेहा, जेहि मत में वर्तत दृढ तेहा;
प्रोक्ष श्रीहरि कहावत हि जेहु, अक्षरधाम में प्रगट रहे तेहु...२९

જે મતમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચાર દૃઢપણે રહ્યા હોય, ભલે ત્યાં ભગવાન પરોક્ષ કહેવાતા હોય પણ તે તો પોતાના અક્ષરધામમાં પ્રકટ વિરાજતા હોય છે. ૨૯. **ધર્મ, ભક્તિ આદિક સદ્ગુણો જે ધર્મવંશ કહેવાય છે, તેમાં ભગવાન પ્રકટ રહે છે. ધર્મવંશ અને અક્ષર, એ બંનેની અખંડ એકતા વર્તે છે. અર્થાત્ અક્ષરમાં ભગવાન પ્રગટ રહે છે તે જ રીતે જ્યાં ધર્મ, જ્ઞાનાદિક સદ્ગુણો હોય ત્યાં પણ પ્રગટ રહે છે. ૩૦.**

❋ આરુણિની ગુરુભક્તિ :

જ્યાં ભગવાનનો ઘણો ભારે જોરદાર સંકલ્પ હોય છે ત્યાં ક્યાંક જ આવો મત રહે છે. આરુણિ, ઉપમન્યુ અને વેદ જેવા શિષ્યો ગુરુની સેવા કરીને ઘણી ભારે મોટાઈને પામ્યા હતા. ૩૧. ત્યારે મુકુંદવર્ણીએ પૂછ્યું, તે બધા શિષ્યોએ ગુરુની સેવા કઈ રીતે કરી ? તે વાત જેવી હોય તેવી યથાર્થરૂપમાં મને કહો. તેમના ગુરુનાં નામ પણ કહો. હે સુખધામ ! આપ બધું જાણો છો. ૩૨.

વર્ણીનો સુખરૂપ પ્રશ્ન સાંભળીને શ્રીહરિ પરમ અનુપમ વચન બોલ્યા, આયોદ ધૌમ્ય નામે એક આચાર્ય-ગુરુ હતા. તેઓ શિષ્ય ઉપર દયા રાખતા નહિ. ૩૩. પણ શિષ્યો ગુરુને બ્રહ્મરૂપ જાણીને હરખથી ગુરુની સેવા કરતા

હતા. ધૌમ્યને આરુણિ નામે એક શિષ્ય હતો. ગુરુએ તેને બોલાવીને કહ્યું. ૩૪. અને તેને ડાંગર (શાલી)નું ખેતર સંભાળવાની સેવા બતાવી. આરુણિ તે સેવા મન-કર્મથી કરવા લાગ્યો. તેને ક્યારામાં પાણી વાળતા આવડતું ન હતું. છતાં અંતરમાં કચવાઈને મૂંઝાતો નહીં. ૩૫. પાણી વાળતા નહોતું આવડતું તેથી જ્યાં જરૂર જણાય ત્યાં ધોરિયામાં પોતાનું શરીર આડું રાખીને પણ સવાર-સાંજ ક્યારામાં પાણી ફેરવતો. છતાં ગુરુ તે આરુણિના ખાવા પીવાની સંભાળ પણ ક્યારેય રાખતા નહિ. ૩૬. આમને આમ સેવા કરતાં જ્યારે આરુણિને દસ-બાર વરસ વીતી ગયા ત્યારે ધૌમ્યે આરુણિની ખબર લીધી. તેને પોતાની પાસે બોલાવ્યો. ૩૭. આરુણિનું શરીર કીચડથી ખરડાયેલું હતું, છતાં તે સેવામાં તત્પર હતો. તેની સેવામાં શ્રદ્ધા દેખીને નિપુણ ગુરુ પ્રસન્ન થયા. ૩૮.

सोरठा : दिन दिन गुरु को तेह, अधिक गुन सो लेत भयेउ;
अति देखे ताके नेह, ब्रह्मरूप पढाई कियेउ...३९

आरुणि सम हरिजन, सत्संग करत बढत तेहु;
मुंझात जेहि जो मन, घटत सत्संग करत करत...४०

દિનપ્રતિદિન તે શિષ્ય ગુરુનો વધારે ને વધારે ગુણ લેતો રહ્યો. તેનો આવો વિશુદ્ધ સ્નેહ દેખીને ગુરુએ તેને બ્રહ્મવિદ્યા ભણાવીને બ્રહ્મરૂપ કરી દીધો. ૩૯. જે હરિભક્ત આરુણિની જેમ શ્રદ્ધા રાખીને નિર્માનીપણે સત્સંગ કરતો રહે છે તે સત્સંગમાં આગળ વધતો જાય છે અને જે સત્સંગ કરતાં માન ન મળે ત્યારે મનમાં મૂંઝાઈ જાય છે તે સત્સંગ કરતાં કરતાં ઘટી જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'મુકુંદવર્ણીનો સત્સંગમાં વધવા-ઘટવાનો પ્રશ્ન અને તેનો ઉત્તર' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર અગિયારમું : તરંગ - ૫૫

ઉપમન્યુના દૃષ્ટાંતથી શ્રીહરિએ સત્સંગમાં વધવાની વાત કહી

મુક્તાનંદસ્વામીએ હરિભક્તોને કહ્યું, તે પછી ફરીથી શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીની આગળ ઉપમન્યુએ પોતાના ગુરુની જે રીતે સેવા કરી હતી, તે પ્રસિદ્ધ વાત સાક્ષાત્ કહી. ૧. ગુરુએ ઉપમન્યુને બોલાવીને આજ્ઞા કરીને કહ્યું કે, 'તું મારા આશ્રમની ગાયોને ઘણા જ પ્રેમથી નિપુણતાપૂર્વક વનમાં ઘાસ ચારવા લઈ જા.' ૨. ગુરુનું વચન માથે ચઢાવીને ઉપમન્યુ ગાયો ચારવા લાગ્યો. તે ભિક્ષા માગીને જમતો હતો. ૩. ઘણા દિવસ પછી ગુરુએ બોલાવીને તેને પૂછ્યું, તું તારો દેહ નિર્વાહ કેમ કરે છે ? જેમ હોય તેમ કહે. ૪. ઉપમન્યુએ કહ્યું, ભિક્ષા લઈ આવું છું અને આનંદથી મારું ગુજરાન કરું છું. ગુરુએ કહ્યું, મને આપ્યા વિના ભિક્ષા ખાઈ લેવી તે તારા માટે યોગ્ય નથી. ૫.

પછી તો ઉપમન્યુ જેટલી ભિક્ષા લાવે તે ગુરુને આપી દે, પણ ગુરુ બધી ભિક્ષા લઈ લેતા અને તેમાંથી તેને ખાવા માટે કાંઈ આપતા નહિ. તેથી ઉપમન્યુ ફરીવાર ભિક્ષા માગીને ખાતો. પછી ગુરુએ ફરીને ભિક્ષા માગવાનું બંધ કરાવ્યું. ૬. ગુરુએ તેના શરીરને હૃષ્ટપુષ્ટ દેખીને પૂછ્યું, હવે તું તારું ગુજરાન કઈ રીતે કરે છે ? ઉપમન્યુ કહે, ગાયનું દૂધ પીઉં છું. તેનાથી ગુજરાન ચાલે છે. ૭. ત્યારે ગુરુએ ગાયનું દૂધ પીવાની ના કહી બંધ કરાવ્યું ને કહ્યું, ગાયનું દૂધ તેના વાછરડા માટે છે. પછી તો દૂધ ધાવતા વાછરડાના મોઢાનું ફીણ ખાઈને ઉપમન્યુ રહેવા લાગ્યો. ૮.

તે ખબર પડ્યા પછી ગુરુએ તે ફીણ ખાવાનું પણ બંધ કરાવી દીધું. ઉપમન્યુ ભૂખથી અતિશય પિડાયો, તેથી તેણે આકડાના પાંદડા ખાધાં. તેનાથી તે અંધ થઈ ગયો. ૯. અંધ થઈ ગયો, છતાં તે ગાયોને ચારવા જાતો, છતાં ક્યારેય ગુરુનો દોષ બોલતો નહિ. ગુરુએ તેને જેમ જેમ ઘણું ભારે દુઃખ દીધું તેમ તેમ ઉપમન્યુ પોતાના ગુરુને હિતકારી અને કૃપાળુ માનતો રહ્યો. ૧૦.

અંધાપામાં પણ ગાયો ચારવા ગયેલો ઉપમન્યુ એક દિવસ કૂવામાં પડી ગયો. સાંજે ગાયો આશ્રમમાં આવી. ઉપમન્યુ ગાયોની સાથે ન હતો. ૧૧. ત્યારે ગુરુ એવું બોલ્યા કે, ગમાર શિષ્ય તો ભાગી ગયો જણાય છે. તેને કાંઈ મોક્ષનો ખપ નથી. હવે તેની શું શોધખોળ કરવી ? ૧૨. તે દેહાભિમાની હતો. તે આજ તરત દેખાઈ આવ્યું. હવે તે ફરીને અહીં આવીને રહે તોપણ તેનો વિશ્વાસ કઈ રીતે આવે ? ૧૩. તેવા સમયમાં કોઈએ આવીને ગુરુ આગળ પોકારીને કહ્યું, આપનો શિષ્ય તો કૂવામાં પડ્યો છે અને 'ગુરુ, ગુરુ, ગુરુ' એમ બોલ્યા કરે છે. ૧૪.

ત્યારે ગુરુએ કહ્યું, તે શિષ્ય તો ગમાર (મૂર્ખ) છે. મારી સાથે રીસ કરીને કૂવામાં પડ્યો છે. તેનું શું ઠેકાણું ? ચાલો, હવે બહાર તો કાઢીએ ? ૧૫. ગુરુ બીજા શિષ્યોને સાથે લઈને ઉપમન્યુ જે કૂવામાં પડ્યો હતો ત્યાં આવ્યા. આવીને જ્યારે જોયું, ત્યારે "ગુરુ, ગુરુ, ગુરુ" એમ તે બોલતો સંભળાયો. ૧૬. ગુરુ બોલ્યા, "અહીંયાં આવીને કૂવામાં પડ્યોને ? હવે મને તારો વિશ્વાસ રહ્યો નથી, હાથમાં લાકડી લઈને ફરે છે, છતાં બોલ, કૂવામાં કેમ પડ્યો ? ૧૭. તારી ખોટી વાતને અમે માનશું નહિ. તારી બુદ્ધિ જ કપટ ભરેલી છે." આવું આવું કહીને ગુરુએ તેનો ઘણો જ તિરસ્કાર કર્યો. તોપણ ઉપમન્યુએ ગુરુનો દોષ લીધો નહિ. ૧૮.

પછી ઉપમન્યુએ હાથ જોડીને ગુરુને કહ્યું, હું કૂવામાં પડ્યો છું, તેમાં મારી જ ભૂલ છે. હવે હું કૂવાનો ખ્યાલ રાખીને ચાલીશ. ગુરુ, આપે અનુપમ વચન કહ્યું છે. ૧૯. ગુરુએ આ પ્રમાણે શિષ્યને તાવ્યો-કસોટી કરી. પણ ઉપમન્યુએ લેશમાત્ર પણ ગુરુનો દોષ લીધો નહિ. તેની અતિ ધીરજ જોઈને ગુરુ ગદ્ગદ કંઠ થઈ ગયા. ૨૦. ઉપમન્યુએ એવી સેવા કરી કે, નિર્દય ગુરુનાં દિલમાં પણ દયા આવી ગઈ. પછી તેને કૂવામાંથી બહાર કાઢ્યો અને તેના ઉપર ગુરુએ અપાર હેત કર્યું. ૨૧.

ત્યારપછી ગુરુએ ઉપમન્યુને બે અશ્વિનીકુમારની પાસે મોકલ્યો. ગુરુનાં વચને તેણે તે બંને દેવોની સ્તુતિ કરી. ૨૨. બંને દેવોએ તેને દર્શન દીધાં. ચતુર દેવો અત્યંત પ્રસન્ન થયા. સાકરનો એક માલપૂડો લઈને ઉપમન્યુને

હેતથી આપ્યો. ૨૩. **ત્યારે ઉપમન્યુએ કહ્યું, ગુરુને આપ્યા વિના આ સરસ અને અમૃત તુલ્ય માલપૂડાને હું ઝેર જેવો દેખું છે. ૨૪.**

दोहा : गुरुकु अरपे विन गुरु तेहि, अपुप खाये कोउ दिन;
सो बात कहि देव ताहिकु, माने नहीं प्रवीन...२५

धीरज अति देखी तेहि, गुरु में प्रीत अपार;
देव रिझे ततकाल तब, वचन बोले तेहि वार...२६

ત્યારે દેવોએ તેને કહ્યું, તારા ગુરુ તો કોઈક દિવસ તેના ગુરુને અર્પણ કર્યા વિના માલપુડો ખાઈ લેતા. છતાં ચતુર ઉપમન્યુ માન્યો નહીં. ૨૫. તેથી દેવોએ ઉપમન્યુની અપાર ધીરજ જોઈ અને ગુરુમાં અપાર પ્રીતિ જોઈ, તેથી તેઓ તત્કાળ તેના ઉપર રીઝ્યા. અને બોલ્યા, ૨૬. હે ધીર ઉપમન્યુ ! તું મહાન ગુરુભક્ત છો. માટે હે વીર ! તું અને તારા ગુરુ બંને હવે વજ્રદંત થાઓ. ૨૭. જે પરમ શ્રેષ્ઠ છે અને અપાર - શાશ્વત છે. જેને મોક્ષ કહેવાય છે તેને તું ચોક્કસ પામીશ. હવે તને સારા નેત્ર પણ પ્રાપ્ત થાઓ. ૨૮. આમ ઉપમન્યુએ બંને અશ્વિનીકુમારો પાસેથી દૃષ્ટિ (આંખો) મેળવી, પછી તરત જ ગુરુને ઘેર આવ્યો. ધીર ઉપમન્યુએ ગુરુનાં ચરણોમાં મસ્તક મૂક્યું અને ખૂબ ખૂબ વંદન કર્યાં. ૨૯. ગુરુએ તેને પ્રેમ લાવીને પરમશ્રેયરૂપ મોક્ષનો વર આપ્યો. જે પરમશ્રેયરૂપ મોક્ષને મુખથી વર્ણવી શકાતો નથી.

✵ સંતમાં આત્મબુદ્ધિ કરે તે બ્રહ્મરૂપ થાય :

વેદ-શાસ્ત્રોમાં જેટલો ધર્મનો પરિવાર કહ્યો છે, ૩૦. તે ધર્મના પરિવારે સહિત ભક્તિભાવ તારામાં સદાય રહો. અને તેમાં તને કયારેય કોઈ વિઘ્ન ન થાઓ. આવું ગુરુ ધૌમ્ય ઋષિએ પ્રિય શિષ્ય ઉપમન્યુને વરદાન આપ્યું.

શ્રીહરિ કહે, આવી સેવા કર્યા વિના કોઈ નિર્વિઘ્ન થઈ શક્તો નથી. ૩૧. **જે જે વિઘ્ન કહેવાય છે તે બધા સેવા કરવાથી નષ્ટ થઈ જાય છે. એટલા માટે જ સેવાને શ્રેષ્ઠ કહી છે. સેવાથી વિશેષ અધિક કાંઈ કહેવાતું નથી. ૩૨.** જે આત્મનિષ્ઠા કહેવાય છે તેપણ સેવામાં આવી જાય છે. જેટલી નદીઓ કહેવાય છે તે બધી સાગરમાં આવ્યા વિના રહેતી નથી, ૩૩. **તેમ**

સેવારૂપ સાગરમાં બીજા બધા જ સાધન આવી જાય છે. સેવાથી કોઈ સાધનને બહાર કહે તેને તો ગમાર અંધજ્ઞાની જાણવો. ૩૪. જેટલા દેહાભિમાનીઓ હોય છે તેઓ આત્મનિષ્ઠાને શીખે છે અને આત્મનિષ્ઠાની ઓથે ભક્તિભાવને તજી દે છે. ૩૫. પોતાને અપાર શ્રેષ્ઠ માનીને ભગવાનની ભક્તિવાળાને નકારા કહીને ખંડન કરતા હોય છે અને ભક્તિવાળાને જઈને પ્રણામ કરતા નથી, પણ તેઓને તેનું પાપ લાગે છે ૩૬.

⁕ આત્માથી અધિક સંતો-ભક્તોમાં હેત રાખવું :

दोहा : आत्म हि निष्ठ होईके, सेवा करही नीत;
आत्मा से हे अधिक तेहि, संत से रखे जो प्रीत...३७

संत अरु जो हरिजन में, प्रथम तेसे नहिं हेत;
आत्मनिष्ठा ताईकी, करन भई कुहेत...३८

सोरठा : सत्संग में भाव, दिन दिन अधिक रहे जेहि;
कोई दिन हि अभाव, हरिजन के लेवत नहीं...३९

માટે આત્મનિષ્ઠ થઈને પણ નિત્ય સેવા કરવી જોઈએ. સંતોમાં પ્રીતિ રાખવી તે આત્માથી પણ અધિક છે. ૩૭. જો સંતો અને હરિભક્તોમાં પ્રથમથી એવું હેત ન હોય તો તેની આત્મનિષ્ઠા સંતો-હરિભક્તો સાથે કુહેત કરનારી થાય છે. ૩૮. જેને સત્સંગમાં દિનપ્રતિદિન અધિક ભાવ વધતો રહે છે અને જે કોઈ દિવસ કોઈ હરિભક્તનો અભાવ-અવગુણ લેતો નથી, ૩૯. એવા ઉપમન્યુની જેમ વધતા વધતા અતિશય વધી જાય છે. પરંતુ જેને સત્સંગના ઉપર ભાવ નથી એવા તો અભાવ લઈને વિમુખ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ ઉપમન્યુનાં દષ્ટાંતથી સત્સંગમાં વધવાની વાત કહી' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર અગિયારમું : તરંગ - ૫૬

વેદઋષિની સેવાવૃત્તિ સાથે ભગવાનના પ્રતાપની વાત કહી

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ શ્રીહરિનાં ચરિત્રની વાત કહેતા સભામાં કહ્યું કે, શ્રીહરિએ મુકુંદ વર્ણીની આગળ વેદઋષિની સેવાવૃત્તિની વાત કહી ,તે હવે હું કહું છું. ૧. ગુરુએ વેદઋષિ નામના શિષ્યને પોતાની પાસે બોલાવ્યા. અને તેને પોતાના ઘરકામની સેવા કરવાની આજ્ઞા આપી. ૨. જેમ બળદનાં કાંધ ઉપર ધોંસરું મૂકીને તેની પાસે કામ કરાવે છે તેમ ગુરુ, વેદઋષિની પાસે બધાં જ ઘરકામ કરાવવા લાગ્યા. ૩. વેદઋષિ ભૂખ, તરશ, ટાઢ અને તડકો વગેરેને સહન કરીને ગુરુનું બધું ઘરકામ કરવા લાગ્યા. તેને ગુરુ સેવામાં અપાર પ્રેમ હતો તેથી એક પળવાર પણ વિશ્રામ કરતા નહિ. ૪.

❋ ગુરુ સેવાની મહત્તા :

ગુરુ કયારેય શિષ્ય વેદને સુખ-દુઃખ બાબતે કાંઈ પૂછતા નહિ. છતાં વેદઋષિએ ગુરુનો અવગુણ લીધો નહિ. ઘણા સમય સુધી પ્રેમથી ગુરુની સેવા કરી. ત્યારે ગુરુ તેના ઉપર તત્કાળ રીઝ્યા. ૫. અને જ્યારે તેની સેવાથી ગુરુ પ્રસન્ન થયા ત્યારે રાજી થઈને તેને સર્વોત્તમ મોક્ષ આપ્યો. વેદમાં અને શાસ્ત્રોમાં સર્વજ્ઞતા આપી અને ધર્મ અને ભક્તિથી યુક્ત વિશુદ્ધ જ્ઞાન પણ આપ્યું. ૬. ગુરુએ બહુ બહુ રીતે પરીક્ષા લીધી. પરીક્ષા કરવા માટે યોગ્ય કે અયોગ્ય બધી રીતે સેવા કરાવી પણ વેદઋષિએ કોઈ રીતે ગુરુનો અવગુણ લીધો નહિ. ૭.

ચોપાઈ :

गुरु निरदेई होई सेवा कराये, कोई में पीछे पग न धराये;
गुरु के अवगुन तोहु न लीना, देव जानीके सेवा कीना...०८

सेव से वेद तेहि ब्रह्मसम भयेऊ, सेवा को महात्म एसे रहेऊ;
वेद सम हरिजन करे सेव जेता, ब्रह्मरूप होई जावे तेता...०९

गुरु संत के दोष लेत जाही, सत्संग करत घटत हि ताही;
गुरु संतकु देखे जिस भाँति, हरिजन में गुन आवे तिस जाति...१०

गुरु संत कु सेवे देव समाना, हरिजन बढे सो परम सुजाना;
धर्म भक्ति आदिक परिवारा, तामें वसत लगत नहि वारा...११

पुरुषोत्तम के सदन सो होवे, गुरु संत के दोष नहि जोवे;
दिन दिन बढत सो जात अपारा, सत्संग करत जेहि शुभ विचारा...१२

ગુરુએ નિર્દય થઈને સેવા કરાવી. કોઈ રીતે તાવવામાં પાછો પગ રાખ્યો નહીં. તોપણ વેદઋષિએ ગુરુનો બિલકુલ અવગુણ લીધો નહિ અને તેમને દેવ જાણીને બધી સેવા કરી. ૮. ગુરુની સેવા કરીને વેદઋષિ બ્રહ્મરૂપ થઈ ગયા. સેવા કરવાનું એવું માહાત્મ્ય રહ્યું છે. માટે જે જે હરિભક્ત વેદઋષિની જેમ સેવા કરે તે બ્રહ્મરૂપ થઈ જાય છે. ૯. ગુરુનો કે સંતનો જે હરિભક્ત દોષ જુએ છે તે સત્સંગ કરતાં કરતાં પણ ઘટી જાય છે. ગુરુને અને સંતને જેવી ભાવનાથી જુએ છે, તેવા હરિભક્તમાં ગુણ આવે છે. ૧૦. ગુરુને અને સંતને દેવસમાન જાણીને જે તેમને સેવે છે તે પરમ સુજાણ-સુજ્ઞ હરિભક્ત સત્સંગમાં વૃદ્ધિ પામે છે. તેનાં જીવનમાં પરિવારે સહિત ધર્મ અને ભક્તિ આવીને નિવાસ કરે છે. તેમાં કોઈ વાર લાગતી નથી. ૧૧. જે ગુરુના અને સંતના દોષોને જોતો નથી તે ભગવાન પુરુષોત્તમને રહેવાના નિવાસસ્થાનરૂપ બની જાય છે. જે શુભ વિચાર રાખીને સત્સંગ કરે છે તે હરિભક્ત રોજબરોજ અધિક અધિક વધતો જાય છે. ૧૨.

આ શરીર અસત્ય-અનિત્ય અને અનાત્મા-જડ છે. વળી અત્યંત અપવિત્ર છે. એક આત્મા સિવાયના શરીરના બધા જ ગુણો લગારેય શુદ્ધ નથી. ૧૩. આત્મા અત્યંત પવિત્ર છે અને સદાને માટે શુદ્ધ છે. આ મલિન શરીરમાં સારરૂપ એક જીવાત્મા જ દેખાય છે. ૧૪. **જે માણસ જીવાત્મા અને દેહને એક કરીને-અભિન્ન સમજે છે તેને અવગુણ આવે છે. કારણ કે, આત્મજ્ઞાન વિનાનો મનુષ્ય અંધ ગણાય છે. ૧૫. આત્મસત્તારૂપે રહીને પણ જો તે બીજાના અવગુણોને જ્યાં સુધી લે છે ત્યાં સુધી તે આત્મસત્તારૂપ થયો જ નથી. તે તો સિંહ સાધુવૃત્તિનો થાય એવો જાણવો. ૧૬.** જે જે હરિભક્ત વેદઋષિનું વર્તન જોઈ-વિચારીને જો તે પ્રમાણે વર્તે તો તે સત્સંગ કરતા

કરતા દિનપ્રતિદિન વધતો વધતો અત્યંત આગળ વધી જાય છે. ૧૭. **જે રોજબરોજ અવગુણ લીધા કરે છે તે સત્સંગ કરતાં કરતાં પણ ઘટી જાય છે.**

વળી, શ્રીહરિ કહે, હવે હું હરિભક્તને સત્સંગમાં આગળ વધવાને માટે કુશિક રાજાની સુખદાયક વાત કહું છું. ૧૮. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિનાં પરમ સેવક છે. એટલે શ્રીહરિ અનંત શાસ્ત્રો અને વેદોના તત્ત્વોને દેખીને તે વર્ણીને વાત કહી રહ્યા છે. ૧૯. પોતાના આશ્રિતની જે પ્રકારે સત્સંગમાં વૃદ્ધિ થાય; એવું શ્રીહરિને રાત-દિવસ તાન રહે છે. તેથી જે કોઈ હરિભક્ત આવીને પ્રશ્ન પૂછે, તો તરત જ શ્રીહરિ તેનો પ્રેમથી ઉત્તર આપતા હતા. ૨૦. જેનું જેવા પ્રકારનું અંગ હોય તે વિચારીને શ્રીહરિ તે વખતે તેવો ઉત્તર આપતા હતા. અંગ કાંઈ અલગ હોય અને પ્રશ્ન કાંઈ અલગ હોય, ત્યારે તેના ઉત્તરનો યોગ્ય નોર (નિર્બાધ વ્યવસ્થા) શ્રીહરિ જાણતા હતા. ૨૧.

શ્રીહરિ જેવો પ્રશ્ન હોય તેવો જ તેને અનુરૂપ ઉત્તર કરતા. મોટા સિદ્ધો પણ શ્રીહરિના જેવો ઉત્તર આપી શક્તા નહિ. બ્રહ્મા અને વિરાટના જેવા મોટા હોય તેને પણ પ્રશ્નના ઉત્તરને સાંભળીને, ૨૨. તત્કાળ સમાધિ થઈ જાતી હતી. ધર્મના લાલ શ્રીહરિ એવા અજોડ ઉત્તર કરતા હતા. શારદા, નારદ, વ્યાસ, શુક અને સનકાદિકો અને શૌનકઋષિના જેવા પણ, ૨૩. જ્યારે શ્રીહરિ પ્રશ્નોના ઉત્તર આપે તેને સાંભળીને અત્યંત આનંદિત થઈ જાતા હતા. લોમશ જેવા અપાર મુનિઓ પણ ઉત્તરને સાંભળીને તેને સાચા છે, એમ કહેવા લાગતા. ૨૪. સમસ્ત વેદો, પુરાણો અને સ્મૃતિઓ એ બધા શાસ્ત્રોના રહસ્યમય તત્ત્વો શ્રીહરિ પોતાના ઉત્તરમાં દેખાડી દેતા હતા. ૨૫.

શ્રીહરિ જ્યારે કોઈ પ્રશ્નનો ઉત્તર કરતા હોય ત્યારે તેમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાન એ બધા સિદ્ધાંતના સારભૂત તત્ત્વોને મુખ્યપણે લાવતા હતા. ૨૬. વેદો અને અપાર શાસ્ત્રોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી વાતો કહી છે. તેનો પાર પામી શકાય તેમ નથી. ૨૭. ચાર પ્રકારના અધિકારીજનો આ ભૂમિ ઉપર રહ્યા છે તેનો ઉદ્ધાર કરવાને માટે વેદો અને પુરાણો વગેરે અપાર શાસ્ત્ર કર્યાં છે. ૨૮.

❋ ભગવદ્મહિમા :

દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન, એ આઠ શુભ અને અશુભ કહેવાય છે. તે આઠ શુભ હોય તો મનુષ્યની બુદ્ધિ શુભ થાય છે અને તે આઠ જો અશુભ હોય તો મનુષ્યની બુદ્ધિ અશુભ થાય છે. તેવી શુભ અને અશુભ વાતો મોટાપુરુષોએ શાસ્ત્રોમાં લખી હોય છે. ૨૯. જે જે અશુભ વાત છે તે જો લખી ન હોય તો શુભ વાત દેખવામાં, સમજવામાં આવે નહિ. એકલી મોક્ષની વાત શાસ્ત્રમાં લખતા હોય તોપણ તેમાં બીજી અનંત વાતો લખાતી હોય છે. ૩૦.

ब्रह्मांड की रचना किनि जबहु, कोन बात बार रहे तबहु;
अनंत कोटि ब्रह्मांड हि जेही, अक्षर के एक रोम में कहे तेहि...३१

अनंत कोटि अक्षर हि जेसे, मुक्त रहे हरिधाम में तेसे;
हरि की सेव करत होई दासा, एसे समर्थ हे श्रीनिवासा...३२

ताके लिखना चरित्र जबही, कोन बात बाहिर रहे तबही;
एक बातकु करना जोई, बहु बात से सिद्ध होय सोई...३३

આખા બ્રહ્માંડની રચનાની વાત જ્યારે કહેવાતી હોય ત્યારે તેમાં કઈ વાત બહાર રહી જાય ? અનંતકોટિ જે બ્રહ્માંડો છે તે અક્ષરના એક રોમમાં છે એમ કહેવાય છે. ૩૧. અને અનંતકોટિ અક્ષર જેવા મુક્તો ભગવાનનાં ધામમાં રહ્યા છે. તે બધા મુક્તો દાસભાવે ભગવાનની સેવા કરે છે. એવા એ શ્રીનિવાસ ભગવાન પુરુષોત્તમ છે. ૩૨. તે અક્ષરાધિપતિ પુરુષોત્તમનાં ચરિત્ર જ્યારે લખાતાં હોય ત્યારે કઈ બાબત બહાર રહી જાય ? જો એક વાતને સ્પષ્ટ રીતે સિદ્ધ કરવી હોય તો બહુ વાતોથી તે સિદ્ધ થાય છે. ૩૩. જેની બુદ્ધિમાં જેટલો પ્રકાશ - સમજશક્તિ હોય તે વાતના પ્રસંગમાં તેટલું સમજી શકે છે. બધાની બુદ્ધિ એકસરખી હોતી નથી. જેમ કે, આકાશમાં બધું જ તારામંડળ એકસમાન હોતું નથી. ૩૪. તે તારામંડળનો પ્રકાશ સૂર્યના પ્રકાશ આગળ કાંઈ જ દેખાતો નથી. ભગવાનના ભક્તો પણ અનંત હોય છે. તે બધાની બુદ્ધિ એકસરખી કહેવાય નહીં. ૩૫.

અનંત કોટિ સૂર્યોનો પ્રકાશ જેનાં એક રોમમાં નિવાસ કરીને રહે છે, એવા શ્રીહરિ પરમ દયાળુ છે. તે કૃપાળુ જેની સામે કૃપાદૃષ્ટિ કરે છે, ૩૬. ત્યારે તેની બુદ્ધિમાં પ્રવેશીને અનંત પ્રકારના જ્ઞાનરૂપ પ્રકાશને આપે છે. તેથી શ્રીહરિનાં તે કૃપાપાત્રને સમુદ્રના જેવો વિશાળ ગ્રંથ પણ વાછડાંના પગલાં જેવો નાનો થઈ જાય છે. ૩૭. **ભગવાનનાં કૃપાકટાક્ષથી તો અણુ સમાન સૂક્ષ્મ વસ્તુ પણ મેરુના જેવી મહાન થઈ જાય છે. તેટલા માટે જ બુદ્ધિમાન મનુષ્ય ભગવાનને અત્યંત સમર્થ દેખે છે. ૩૮.**

અને જે કુબુદ્ધિવાળા મનુષ્ય છે તેની બુદ્ધિમાં તો અજ્ઞાનરૂપ ઘાટું અંધારું રહ્યું છે. એટલે તેઓ પોતે તો કાંઈ દેખતા નથી પણ દેખનારા જ્ઞાની પુરુષને એ અત્યંત અંધ કહે છે. ૩૯. આ રીતે જે જે અજ્ઞાનથી અંધ થયેલા છે તે બધા જ્ઞાની (દેખતા)ને તો કશું કહેતા નથી. કારણ કે, તેને જ્ઞાનીની સાથે તો કાંઈ સંબંધ નથી. તે બધા આંધળાંના જેવું બોલે છે અર્થાત્ અયથાર્થ વાત કહેતા હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'વેદઋષિની સેવાવૃત્તિ સાથે ભગવાનના પ્રતાપની વાત કરી' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર અગિયારમું : તરંગ - ૫૭

શ્રીહરિએ મુકુંદવર્ણીને કુશિક અને ચ્યવનની વાત કહી

મુક્તાનંદસ્વામીએ સભામાં કહ્યું, પ્રવીણ શ્રીહરિએ મુકુંદવર્ણીની આગળ કુશિક રાજાએ ચ્યવનમુનિની જે રીતે સેવા કરી હતી, તેની વાત કહી. ૧. મુનિવર ચ્યવન એકવાર ચાતુર્માસ કરવા માટે કુશિક રાજાને ઘેર આવ્યા. ૨. કુશિક રાજાએ ચ્યવન મુનિને દેખીને તરત જ દીનપણે સામે જઈને સ્વાગત કર્યું. તેમને મહામુનિવર જાણીને વિધિપ્રમાણે ભાવથી તેમની પૂજા કરી. ૩. પછી રાજાએ કહ્યું, મારું ઘર, રાજ્યાસન તથા જેટલી ધન-સંપત્તિ છે તે બધું તથા મારું તન અને મન, જે કહો તે આપની સેવામાં હું અત્યારે આપું. ૪.

ત્યારે રાજાની આગળ તે મુનિએ કહ્યું, મને રાજ્ય આદિકમાં તો રુચિ નથી. ધન, સ્ત્રી, હાથી, ઘોડા, નિષ્કંટક રાજ્ય એ બધું ભલે તમારી પાસે રહે. ૫. ભગવાનની શ્રવણ આદિ નવ પ્રકારની ભક્તિ સિવાયની કોઈ પણ વસ્તુ મને ગમતી નથી, એમ તમે જાણો. જો તમને દંપતિને મારી એક વાત રુચે, તો હું એક કઠોર નિયમ લેવા ચાહું છું. ૬. તમે બંને મનથી સ્થિર રહી શકો તો તમે મારી યોગ્ય સેવા કરવા યોગ્ય છો. કેમ જે, જો સેવા કરવામાં ચૂક પડે એવું હોય તો હું નિયમને ન આરંભુ. ૭. પછી રાજા અને રાણીએ પ્રથમ એકમન કરીને મુનિની સેવા કરવાનો મનમાં દૃઢ નિર્ધાર કર્યો અને પછી અમૃતના જેવી વાણી બોલ્યા. મુનિવર, કદાચ અમારો દેહ ભલે પડી જાય, તોપણ આપની સેવા કરવામાં અમે ખામી આવવા નહિ દઈએ. ૮. અમારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે આપની સેવા કરતાં અમારો દેહ પડે? આવું કહીને ઘણા જ પ્રેમથી તે મુનિને માટે પોતાના ઘરમાં શય્યા તૈયાર કરી દીધી. ૯. સારામાં સારું જે ઘર હતું તેમાં તે મુનિનો ઉતારો કરાવ્યો.

એવા સમયમાં સૂર્ય ઘણો આગળ નીકળી ગયો ત્યારે તે મુનિ બોલ્યા, ૧૦. સમય પ્રમાણેનું ખાવાનું-પીવાનું જે હાજર હોય તે બધું લાવો. ભાવતું, ન ભાવતું એવું મારે કાંઈ નથી. સહેજે જે હોય તે હાજર કરો. ૧૧. ત્યારે જે ભોજન હાજર હતું, તે તત્કાળ લાવીને થાળ ભરીને મુનિને અર્પણ કર્યું. મુનિવર ઘણું ખુશી થઈને જમ્યા. જમ્યા પછી તે દંપતીને તેણે કહ્યું, ૧૨. મને ઊંઘ બહુ હેરાન કરે છે. હવે હું સૂઈ જવા ચાહું છું. આમ કહીને તે સૂવાનાં ઓરડામાં સીધા આવ્યા. ૧૩. આવીને પથારીમાં સૂઈ ગયા. રાજા અને રાણી મુનિની પાસે આવી હાથ જોડીને ચરણકમળમાં માથું નમાવીને ઊભા રહ્યા. ૧૪.

ત્યારે તે ચ્યવન મુનિએ હેત દેખાડીને દંપતીને વાત કરી. તમે બંને સાવધાન થઈને મારી પગચંપી કરો. ૧૫. રાજા તથા રાણી બંનેએ પોતાનો સેવાધર્મ સમજીને મુનિનું વચન માની લીધું. બંને જણ મુનિના પગ દબાવવા લાગ્યા. પગ દબાવતા સવાર થઈ ગયું, તોપણ મુનિ જાગ્યા જ નહિ. ૧૬. રાજા અને રાણી પગ દબાવતાં જ રહ્યાં. રાત કે દિવસ અન્ન કે પાણી કાંઈ

ખાધું-પીધું નહિ. સેવા કરતાં કરતાં એકવીશ દિવસ વીતી ગયા, છતાં તેમણે સેવા છોડી દઈને નિરાંતનો શ્વાસ પણ લીધો નહિ. ૧૭. મુનિ એક જ પડખાભર સૂઈ રહ્યા. પછી સ્વેચ્છાથી જાગ્યા. તેણે રાજા કે રાણીને કાંઈ કહ્યું નહિ. ઘરમાંથી એકલા જ ચાલતા થઈ ગયા. ૧૮. રાજા તથા રાણી અપાર ભૂખ્યા હતા. થાકી ગયા હતા. તોપણ તે વેળાએ મુનિની પાછળ પાછળ દોડ્યા. ખોળવા છતાં જ્યારે મુનિ મળ્યા નહિ, ત્યારે મનમાં ઘણા દુઃખી થઈ ગયા. ૧૯.

મુનિ તો અંતર્ધાન થઈ ગયા. રાજા તો નિષ્પ્રાણ જેવા થઈને જમીન ઉપર ઢળી પડ્યા. જ્યારે દેહનું ભાન આવ્યું ત્યારે ફરીને મુનિને ખોળવા લાગ્યા. ૨૦. ખોળી ખોળીને અતિ દુઃખી થઈ ગયા છતાં રાજાને મુનિ દેખાયા નહિ. દીન-હીન થઈને પોતાની પુરીમાં પાછા આવ્યા પણ મુનિને મળ્યા વિના શાંતિ ન થઈ. ૨૧. ત્યારે રાજા તથા રાણીની શુદ્ધભાવના દેખીને મુનિ રાજાના ઓરડામાં પથારીમાં સૂતા હોય તેવા દેખાયા. એટલે તે રાજદંપતીને ઘણો જ આનંદ થયો. ૨૨. રાજા તથા રાણીનો સ્નેહભાવ જોઈને મુનિ પહેલા સૂતા હતા તેથી બીજા પડખાભર સૂઈ ગયા. **કસણી અને કસોટી આ બંને ભાવ-કુભાવને દેખાડી દે છે.** ૨૩.

✵ સેવામાં બધા સાધન આવી જાય છે :

दोहा : कसत सेव कराईके, सेव से आत देखाइ;
सेव सम नहिं कसनी कोउ, साधन पर सेव रहाइ...२५

सेव में साधन मोक्ष के, जेते कहे जो जाहि;
सेवा सब के मूल हे, ओर पात डाले कहाहि...२६

सोरठा : सेवा में श्रद्धा नाहिं, ओर साधन हे हित तेहि;
बडे जानत रहाहिं, मायिक जन न जाने कोउ...२७

અગ્નિમાં તપાવવાથી સુવર્ણ જેવું હોય તેવું તરત જ માલુમ પડે છે. એવું જાણીને મુનિવર ચ્યવન અત્યંત નિર્દય થઈને રાજા પાસે સેવા કરાવીને તેની આકરી કસોટી કરતા હતા. કેમ જે, શ્રદ્ધા તથા આદરભાવ હોય તે

સેવામાં દેખાઈ આવે છે. સેવાના સમાન બીજી કોઈ કસોટી નથી. એટલે જ બધા સાધનોમાં સેવા શ્રેષ્ઠ છે. ૨૪-૨૫. મોક્ષ માટેના જે જે સાધન શાસ્ત્રમાં કહ્યા છે તે બધાં જ એક સેવામાં આવી જાય છે. એટલે સેવા બધાં સાધનોનું મૂળ છે અને બીજા સાધનોને ડાળા-પાંદડા કહેવાય છે. ૨૬. જેને સેવામાં શ્રદ્ધા નથી તેને માટે બીજા સાધનો કહ્યા છે. તે અંગે મોટાપુરુષો જાણે છે, પણ કોઈ સાધારણ મનુષ્ય તે જાણતા નથી. ૨૭.

કુશિક રાજા તથા રાણીને ચ્યવન મુનિની સેવા કરતા કરતા જ્યારે એકવીશ દિવસ વીત્યા ત્યારે તે મુનિ સ્વેચ્છાથી જાગ્યા. ૨૮. રાજા તથા રાણીને નિર્વિકાર જોઈને મુનિ તે વેળાએ બોલ્યા. મારા શરીરે જલ્દીથી તમે તેલ ચોળવા માંડો. મને તે પછી સ્નાન કરવાની ઈચ્છા થઈ છે. ૨૯. રાજા તથા રાણી, બંને તરત જ તેલ લાવ્યા. મુનિના શરીરે તેલ ચોળવા લાગ્યા. તેલ ખૂટી ગયું, પણ મુનિ કાંઈ બોલ્યા નહિ. તે દંપતી સેવાના સત્યથી વિચલિત થયા નહિ. ૩૦. બંનેને નિર્વિકાર જોઈને તરત જ મુનિ ઊઠ્યા. મુનિ સ્નાનઘરમાં આવ્યા. રાજા તે સમયને યોગ્ય બધો સ્નાનનો સામાન લાવ્યા. ૩૧. ત્યારે મુનિએ રાજાનો તિરસ્કાર કર્યો અને પછી અંતર્ધાન થઈ ગયા. પણ કોઈપણ પ્રસંગે રાજા તથા રાણીએ મુનિનો લેશમાત્ર પણ અભાવ-અવગુણ લીધો નહિ. ૩૨.

બંનેએ મુનિની ચરણરજ માથે ચઢાવી અને તેમના મહાન ગુણોને જોઈને તેને ગાવા લાગ્યા. તેટલીવારમાં તો મુનિ નાહીને આવ્યા અને સિંહાસન ઉપર બેઠા હોય તેમ દેખાયા. ૩૩. ત્યારે કુશિક રાજા પત્નીએ સહિત મુનિની પાસે ગયા. માથું નમાવીને મુનિને પૂછ્યું, રસોઈ તૈયાર છે જો આપ કહો તો લાવીએ. આપ ઘણા હેતથી અમને મળ્યા છો. ૩૪. **ત્યારે મુનિએ કહ્યું, જે અન્ન ખાવાલાયક તૈયાર હોય તે જલ્દીથી લાવો. ત્યારે રાજા વિવિધ પ્રકારના ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારનું ભોજન તરત જ લાવ્યા. ૩૫. તેણે અપાર વસ્ત્ર, ઘરેણાં વગેરે મગાવ્યા. ત્યારે આસન, પથારી જે કાંઈ હતું તે બધામાં મુનિએ આગ મૂકી. તે દેખીને દંપતી રાજા-રાણી ખૂબ જ ખુશી થયા. ૩૬.**

આમ, રાજાનો બધો નિધિ-ખજાનો સળગાવી દઈને મુનિ અંતર્ધાન થઈ ગયા. ત્યારે તે દંપતી હાથ જોડીને ઊભા રહ્યા અને આખી રાત મુનિના વખાણ કરતા રહ્યા. ૩૭. રાજા રાણીની સેવામાં કાંઈ પણ ખામી ન દેખી ત્યારે આવીને મુનિએ તેને દર્શન દીધાં. અને રાજા-રાણીને કહ્યું, તમે બંને જઈને રથ લઈ આવો. ૩૮. બધા આયુધોની સાથેનો સંગ્રામરથ મગાવ્યો. ડાબી બાજુએ રાણી અને જમણી બાજુએ રાજાને રથે જોડ્યા. ૩૯. **મુનિ રથમાં બેઠા. ત્રણ આરવાળી પરોણી લીધી. પોતે વજ્રજેવા કઠોર થઈ ગયા. બધી રાજ્યસમૃદ્ધિ લઈ લીધી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ મુકુંદવર્ણીને કુશિક અને ચ્યવનની વાત કહી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ||૫૭||



પૂર અગિયારમું : તરંગ - ૫૮

કુશિક ચ્યવનની વાત કહી અને નારદની શરૂ કરી

શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીને કુશિક રાજા અને ચ્યવન મુનિની જે વાત કહી હતી તેને મુક્તાનંદસ્વામી હરિભક્તોની આગળ કહે છે. ૧. કુશિકને રથે જોડ્યા અને ચ્યવન મુનિ રથમાં બેઠા. પછી રાજાએ ચ્યવન મુનિને કહ્યું, આપ આજ્ઞા કરો, એટલે ચાલીએ. ૨. ત્યારે મુનિ બોલ્યા, ઝવેરાત, સોનું બધો એ બીજો ધનભંડાર સાથે લઈ લો. હું તે બધું બ્રાહ્મણોને દાન કરીશ. ૩. જેમ મારી મરજી હોય તેમ નગરના રાજમાર્ગ ઉપર રથને ખેંચો. થોડોએ થડકો ન લાગે તે રીતે ધીમે રહીને ચાલો. ૪. હે રાજા ! પુરના બધા નરનારીઓ જે રીતે આ તમાશો દેખે, તે રીતે તમારે ચાલવું. હવે મારાથી ધીરજ રાખી શકાતી નથી. ૫.

રાજાએ હાથી, ઘોડા અને બીજી જે સમૃદ્ધિ હતી તે બધી તરત જ મગાવી. રાજા તથા રાણી રથને ખેંચીને રાજમાર્ગ ઉપર ચાલ્યા અને મુનિ પ્રેમથી રથ ઉપર બેઠા. ૬. જેટલા પુરજનો હતા તે બધાએ મુનિને જોયા. તેને

અત્યંત નિર્દય અને અહંકારી જોઈને લોકો બધા હાહાકાર કરવા લાગ્યા. ૭. તીખી અણીવાળી પરોણી દંપતીને વારેવારે મારતા હતા. રાજા તથા રાણીને અત્યંત દુઃખ થતું હતું છતાં તેઓ તેને અતિશય સુખ તરીકે જોતા હતા. ૮. **મુનિ રાજા-રાણીને પીઠ, કમર, હાથ અને માથા ઉપર પણ પરોણી મારતા. તેની તીખી આર હોવાથી રુધિરની ધાર થાતી. છતાં રાજા તો હેતથી રથને ખેંચતા હતા. મનમાં કાંઈ વિકૃતભાવ લાવતા નહિ. ૯. અન્ન ખાધા વિના આ રીતે પચાસ દિવસ ગયા. અત્યંત સુકોમળ તેમના દેહ થરથર ધ્રૂજતા હતા. જેમ તેમ કરીને તેઓ રથને ખેંચતા હતા અને સત્યને વશ રહેનારા તેઓ પ્રસન્ન મનથી ચાલતા હતા. ૧૦.**

મુનિ નિર્દય થઈને પ્રહાર કરતા હતા. રાજા-રાણીના નખશિખ શરીરમાંથી રુધિરની ધારા ટપકતી હતી. ખીલેલાં કેસુડાંથી ભર્યા ખાખરાના ઝાડ જેવા તેમના શરીર લાલ લાલ થઈ ગયા, છતાં પણ રાજાએ મુનિનો લેશમાત્ર અવગુણ ન લીધો. ૧૧. રાજાની આવી હાલત જોઈને પુરવાસી બધા લોકો માથું પછાડીને રડતા હતા, છતાં મુનિને દયા આવી નહિ. ૧૨. રાજા તથા રાણીને રથે જોડીને અપાર દુઃખ દીધું. કોઈ તેને નજરે દેખી શક્તા નહિ તોપણ રાજા તો નિર્વિકાર રહ્યા. ૧૩. ત્યારે તે મુનિએ બીજી રીતે વિચાર્યું. કુબેરના જેટલું જે ધન હતું તે બધું બ્રાહ્મણોને આપી દીધું. રાજાએ તે બધું નજરે જોયું. ૧૪. તોપણ રાજા તથા રાણી દિલમાં ઘણો પ્રેમ રાખીને જેમ મુનિ કહે તેમ કરતા રહ્યા. તેમણે મુનિથી કોઈ વસ્તુને અધિક રાખી નહિ. ૧૫.

મુનિએ રાજાનો તથા રાણીનો ભાવ અતિશય શુદ્ધ દેખ્યો. ત્યારે તેઓ એકદમ શાંત થઈ ગયા. પછી તેમણે પ્રસન્ન થઈને તે દંપતીને રથથી છોડી મૂક્યા. ૧૬. રાજાને અને રાણીને અતિશય સુખિયા કરવા માટે મુનિએ મેઘના સમાન ગંભીર વાણી ઉચ્ચારી. મુનિ બોલ્યા, રાજા તમે વર માગો, જે માગશો, તે હું અત્યારે જ આપીશ. ૧૭. મુનિએ રાજા તથા રાણીને આવું કહીને તે બંનેના શરીર ઉપર પોતાનો હાથ ફેરવ્યો. જ્યારે કૃપાળુ મુનિ પ્રસન્ન થયા ત્યારે શરીર પહેલા જેવું હતું, તેવું ને તેવું તત્કાળ થઈ ગયું. ૧૮. તે મુનિને અત્યંત પ્રસન્ન જોઈને તે દંપતીએ તે વખતે તેમની પાસે હરખેથી

વર માગ્યા, હે મુનિવર ! અમારા દિલમાં ક્યારેય આપની અરુચિ ન થાય. અને આપમાં દિનપ્રતિદિન હેતભાવ વધતો રહે. ૧૯. ભૂમિનું સામ્રાજ્ય, દેવરાજપદ, નવનિધિ કે અષ્ટસિદ્ધિ એ કોઈપણ વસ્તુ અમને બ્રાહ્મણ કરતાં અધિક ન લાગે. હે સુખદાયક મુનિ ! અમને આવો વર આપો. ૨૦.

✵ સેવા મેં રખે ભાવ નિર્દોષ, તબ નાશ હોવે સબ દોષ :

चोपाई :

मुनि तव क्रपा मुख्य रहावे, फेर कोप एसे कबु न आवे;
फेर कोप आवे तुमकु एसा, हमसे न भुल्ये बने कोउ तेसा...२१

इतने वर मागत कर जोरी, हमारी मति अल्प हे थोरी;
गुनके सागर मुनि तुम रहेउ, अवगुन के सागर हम हि तेउ...२२

तेहि हित वर मागत तुम पासा, कृपा करीके देहो हुलासा;
नृप वचन मुख बोले जेता, निरमद शुद्ध जाने मुनि तेता...२३

હે મુનિવર ! અમારા ઉપર આપની અધિક કૃપા રહે. ફરીવાર આવો ક્યારેય કોપ થાય નહિ. અમારાથી ભૂલ્યે પણ કાંઈ એવું ન બને કે, જેથી આપને ફરીવાર આવો કોપ કરવો પડે. ૨૧. અમે તો હાથ જોડીને આટલા વર માગીએ છીએ. અમારી બુદ્ધિ તો થોડી ગણાય. મુનિ, આપ તો ગુણોના સાગર છો અને અમે તો અવગુણના સાગર છીએ. ૨૨. એટલા માટે જ અમે આપની પાસે વરદાન માગીએ છીએ તો આપ કૃપા કરીને ઉમંગથી તે વર આપો. રાજા મુખથી જે જે વચન બોલ્યા, મુનિએ તેને મદરહિત અને શુદ્ધ જાણ્યા. ૨૩. તે જ્ઞાની મુનિ અમૃતના સમાન વચન બોલ્યા, તમે સુખરૂપ બ્રાહ્મણપણાને પામો. રાજા, તમે બ્રાહ્મણના જેવું ભારે તપ કરી રહ્યા છો એટલે તમારું કુળ સુખકારી બ્રાહ્મણના પદને પામો. ૨૪. તમારા પુત્રના પુત્ર (પૌત્ર) જેનું નામ કૌશિક હશે તેઓ સુખનિધિ અને વિશેષપણે પૂર્ણકામ બ્રાહ્મણ થાશે. ૨૫.

રાજાએ જેટલા વર માગ્યા, મુનિએ તે બધા પ્રસન્ન મનથી આપ્યા. તે પછીથી રાજાનું કુળ અત્યંત તપ અને તેજથી યુક્ત બ્રાહ્મણનું કુળ થઈ ગયું. ૨૬. મુનિને બ્રહ્મ જાણીને તેની સેવા કરી ત્યારે તેઓ કુશિક કુળમાં કૌશિક

ઈત્યાદિ બધા તપ અને તેજથી યુક્ત બ્રાહ્મણો થયા. ૨૭. **આ રીતે ગુરુ અને સંતને જે બ્રહ્મરૂપ જાણીને સેવે છે તે ભગવાનનાં ધામને પામે છે અને સેવા કર્યા વિના ધામની પ્રાપ્તિ થાતી નથી. ૨૮.**

હવે નારદજી જે રીતે ભગવાનું મન થયા તે વાત શ્રીહરિ વર્ણીને કહે છે. જે હરિભક્ત આ રીતે ગુરુ અને સંતની પરમ પ્રેમભાવથી સેવા કરે છે, ૨૯. તે હરિભક્ત નારદજીના જેવો થઈ જાય છે. તેમાં કોઈ સંદેહ નથી. જે ભક્ત જે રીતે સેવા કરે છે તે તેવો થઈ જાય છે. ૩૦. નાનપ અને મોટપ તો સેવામાં રહી છે. જેવી ખેતી કરે તેવો પાક આવે. તેમાં જેવું પાત્ર હોય તેવું તેને ફળ થાય છે. ૩૧. સ્વાતિ નક્ષત્રમાં વરસેલા જળબિંદુઓ એકસરખા જ હોય છે, તેમાં કોઈ ગુણ અલગ અલગ નથી. તે જળબિંદુને ગ્રહણ કરનાર પાત્ર જેવું હોય તેવું ફળ મળે છે. ૩૨. રોગ તો કરોડો પ્રકારના કહેવાય છે. બધા જ રોગોની એક દવા ન હોય. જેવો રોગ હોય તેવો ઉપાય (દવા) જે કરે તે વૈદ્ય બધા જ રોગોને મટાડી શકે છે. ૩૩. રોગ કાંઈ અલગ પ્રકારનો હોય અને તેને માટેની દવા કાંઈ અલગ જ કરવામાં આવે, તો રોગ મટવાને બદલે ઊલ્ટો વધે. રોગને ઓળખ્યા વિના આપેલું ઔષધ ક્યારેય આરોગ્ય આપી શક્તું નથી. ૩૪. **સમગ્ર ઔષધીઓના સમસ્ત ગુણ એક અમૃતમાં આવીને વસી ગયા છે. તેમ ભગવાન, ગુરુ અને સંતની જે વાત છે તેને અમૃતનાં સમાન જાણવી. ૩૫.**

જો કોઈ પોતાની બુદ્ધિથી અમૃતમાં ઝેરની કલ્પના કરે છે તો તે અમૃત ઝેર થઈ જાય છે. તેમાં ઝેરના ગુણ આવી જાય છે. જેમ દોરડીમાં સર્પની ભાવના થઈ જાય તો તેનાથી ભય ઉપજે છે. ૩૬. માણસ જેવી વાત સાંભળે છે તેવો થઈ જાય છે. ભગવદ્‌સન્મુખની વાત સાંભળે તો વિમુખજીવ સન્મુખ થઈ જાય છે અને ભગવદ્‌વિમુખની વાત સાંભળે તો તે જીવ વિમુખ થઈ જાય છે. વાતનો જેવો જોગ થાય તેવો મનુષ્ય થાય છે. વાતથી રોગ વધી જાય છે અને વાતથી જ ઘટી જાય છે. ૩૭. અન્ન એકસરખું જ હોય છે. યોગ્ય રીતે અન્ન લેવામાં આવે તો તે જીવાડે છે અને યોગ્યતાનો કાંઈ વિચાર કર્યા વિના અન્ન ખાય છે તો મનુષ્ય મરી પણ જાય છે. તે રીતે જ યોગ્યતાને આધારે

હરિભક્તનો સત્સંગ વધે છે અને ઘટે પણ છે. ૩૮. **પૂર્વે જે ભગવાનના અપાર ભક્તો થઈ ગયા, તેઓએ જે પ્રકારે સેવા કરી હોય તે પ્રકારે શુદ્ધ મનથી ભગવાનની સેવા કરવી. ૩૯. આપણા સત્સંગમાં આ વખતે અનેક ધામના મોટા મોટા નારદજી અને શુકદેવજી આદિ અનંત મુક્તો આવ્યા છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'કુશિક ચ્યવનની વાત કરી અને નારદની શરૂ કરી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર અગિયારમું : તરંગ - ૫૯

મુકુંદવર્ણીને શ્રીહરિએ નારદમુનિનું આખ્યાન કહ્યું

શ્રીહરિએ મુકુંદવર્ણીને નારદમુનિની જે વાત કહી હતી, તે વાતને હવે મુક્તાનંદસ્વામી હરિભક્તોની સભામાં કહે છે. ૧. કાન્યકુબ્જ દેશમાં એક બ્રાહ્મણની દાસી કલાવતી નામે હતી. તેને એક પુત્ર હતો. ૨. દાસી કલાવતી તે બ્રાહ્મણને ઘેર ઘરકામ કરવા રહેતી હતી. તે બ્રાહ્મણને ઘેર ચાર મુનિઓ ચાતુર્માસ કરવા આવ્યા. ૩. બ્રાહ્મણે તે મુનિઓને ઘણા જ આદરભાવથી પોતાને ઘેર રાખ્યા અને તેની સેવામાં દાસી કલાવતી અને તેનો બાળપુત્ર, તેને રાખ્યા. ૪. તે દાસીપુત્ર હજી પાંચ વરસની ઉંમરનો હતો. છતાં તે મુનિની સેવા કરવા લાગ્યો. બાળકોને યોગ્ય બધી રમતની રુચિ છોડી દીધી અને સાધુઓની સેવામાં અનુરાગવાળો થયો. ૫. બાલક મુનિઓની પાસે નિત્ય રહેતો અને ઉમંગથી સેવા કરતો. તે બાળક નાનો હતો છતાં હોશિયાર હતો અને મુનિઓની સેવામાં તત્પર રહેતો. ૬.

❋ જે સંપ રાખે તે મહાસુખ પામે :

તે મુનિઓને દેવના સમાન જાણીને હરખથી તેમનાં ચરણકમળને સેવતો. મુનિઓને પણ પરસ્પર હેત હતું. એકબીજાનું માહાત્મ્ય કહેતા. ૭. **તે મુનિઓમાં એક મુખ્ય હતા અને બીજા તેમની મરજીમાં રહેતા હતા. તેમણે પોતાની બીજી રુચિ તજી દીધી હતી, તેથી બધા એકમનના હતા. ૮.**

चोपाई :

एकमन विन हित न रहावे, हित विन महिमा सब जावे;
एकेले हरि सम होय जेहू, ताको महिमा न जाने केहू...०९

पंच अंगुलि करीके जेही, करके पुंचे सोहत तेही;
अधिक नुन्य हि तामें रहाये, तिन करी पुंचा बहुत सोहाये...१०

सम अंगुलि पुंचा न सोहावे, एसे मुनि की बात रहावे;
संप करीके रेहेना जोउ, अधिक बुद्धि के काम हे सोउ...११

दो जन भेगे रहेवे जबहू, बुद्धि कलेमें आवे तबहू;
संप करीके चले जो जेते, बुद्धिवंत कहावेउ तेते...१२

મન એક ન હોય તો હેત ન રહે. અને હેત વિના મહિમા રહે નહીં. કોઈ ભલે ભગવાનના જેવા હોય પણ જો તે સમુહથી એકલા રહેતા હોય તો તેનો મહિમા કોઈ ન જાણે. ૯.હાથનો પહોંચો પણ પાંચ આંગળીઓથી જ શોભે છે. આંગળીઓ પણ નાની મોટી તો છ, છતાં તેનાથી પહોંચો બહુ સોહામણો દેખાય છે. ૧૦. પાંચે આંગળીઓ એકસરખી હોય તો પહોંચો શોભે નહિ, એવી જ વાત મુનિઓની પણ છે. સંપીને ભેળા રહેવું તે ઘણું બુદ્ધિમત્તાનું કામ છે. ૧૧. બે જણા જ્યારે ભેળા રહે ત્યારે એકબીજાની બુદ્ધિની ખબર પડે. જે લોકો સંપીને ચાલે છે તે બુદ્ધિમાન કહેવાય છે. ૧૨.

ચારે મુનિઓ ઘણા બુદ્ધિશાળી હતા. તેઓ સાથે રહેતા હતા. રોજ કથા-કીર્તન કરતા અને ભગવાનનાં ચરિત્રોને કહેતા. ૧૩. જે બાળક સેવા કરતો, તે મુનિઓ સૂવે તે પછી સૂતો અને મુનિઓના પહેલા જાગી જાતો. આવી તેની ટેવ હતી. ૧૪. બાળક રોજ ભોજન, શયન અને સ્નાન આદિ ક્રિયાઓને મુનિઓની સાથે જ કરતો. બાળક ઘણો બુદ્ધિમાન અને ઓછા બોલો હતો. ૧૫. મુનિઓ જ્યારે વિવિધ પ્રકારનું ભોજન નિત્ય જમતા હોય ત્યારે તેને બાળક ગણીને પ્રસાદીના રૂપમાં આપતા. ૧૬. બાળક મુનિઓની વધેલી પ્રસાદી નિત્ય લેતો. તેથી તેના બધાં પાપ તત્કાળ જ

નાશ પામ્યા. હૃદયમાં ધર્મનો પ્રભાવ ઘણો ભારે વધ્યો. એટલે પછીથી તે સત્સંગ કરવા લાગ્યો. ૧૭.

મુનિઓનાં મુખથી કથા સાંભળતો તેથી બાળકને ભગવાનનાં ચરણોમાં અપાર પ્રેમ થયો. તેથી ભગવાન સિવાયનાં જે કાંઈ પિંડ-બ્રહ્માંડાદિક કહેવાય છે તે બધું અસત્ય થઈ ગયું. ૧૮. **ભગવાનની જેવી મૂર્તિ છે, તેનું નખશિખ વર્ણન તે મુનિઓ કરતા. તે મૂર્તિનું શ્રવણ થવાથી મૂર્તિ બાળકની બુદ્ધિમાં ચોંટી ગઈ. ૧૯. જ્યારે મૂર્તિ અંતરમાં ચોંટી, ત્યારે માયિક વિષયોના બધા જ અંકુર બળી ગયા અને માયિક વિષયના બધા ઘાટ-સંકલ્પ પણ અસત્ અને અસારરૂપ થઈ ગયા. ૨૦.** તે બાળકને જેટલું સારમાં સાર સત્યપણું કહેવાય છે તે એક ભગવાનના સ્વરૂપમાં જ દેખાયું. જ્યારે બાળક નિષ્કપટ થઈને તે મોટા મુનિઓની સેવા કરવા લાગ્યો ત્યારે તે બાળકમાં મોટા મુનિઓના બધા સદ્‌ગુણ આવી ગયા. અને તે મુનિઓ પણ બધા જ સદ્‌ગુણો તે બાળકને આપતા-શીખવતા હતા. ૨૧-૨૨.

તે બાળકે ચારે મુનિઓની એવી સેવા કરી કે, તેનાથી તે બધા તેના ઉપર ઘણું રાજી થયા. બાળકે ચાર માસ સુધી તેમની સેવા કરી, તેથી તે ચારે મુનિઓ તેના ઉપર તત્કાળ રીઝી ગયા. ૨૩. **ચારે મુનિઓને જે રાજી રાખવા તે બુદ્ધિ વિના ક્યારેય થઈ શકે નહિ. જે સમયે જેની, જેવી મરજી હોય તે સમયે તેની તેવી સેવા બાળક કરતો હતો. ૨૪.** ચાતુર્માસ પૂરા થયા. તત્કાળ તે મુનિઓ ચાલવા તૈયાર થયા. તેમણે બધા જ ભાગવત ધર્મ તે બાળકને કહી સંભળાવ્યા. ૨૫.

જ્યારથી તે મુનિઓ ચાલ્યા ગયા ત્યારથી તે બાળક મુનિઓને સંભારીને મનમાં ઘણું દુઃખી રહેવા લાગ્યો. ૨૬. પરમ કૃપાળુ તે મુનિઓ વૃદ્ધાવસ્થામાં માતાની સેવા કરવા માટે તે બાળકને પ્રેમથી ત્યાં મૂક્તા ગયા હતા, કારણ કે મુનિઓ બધી જાતના ધર્મને જાણતા હતા. ૨૭. તેથી બાળકની માતાએ અને ઘરના માલિક બ્રાહ્મણે તે સાધુઓનો ઘણો ગુણ લીધો અને તેમને સાચા સાધુ કહ્યા. કારણ કે, તેઓ નાના બાળકને ઘેર જ મૂક્તા ગયા હતા. ૨૮. પરંતુ જ્યારથી તે બાળક મુનિઓને વશ રહેવા લાગ્યો હતો

ત્યારથી તેણે ઘરની બધી રુચિ છોડી દીધી હતી. ઘરની રુચિ છોડી દેવી તે કાંઈ જપ કે તપ કરવાથી નથી બનતું. ૨૯. **કરોડોવાર તીર્થ અને વ્રત કરે છતાં સંસારના ફેરા ફરવાના તો રહે જ છે. સંસારનું બીજ બળવું તે સમર્થ વિના થાતું નથી. ૩૦.**

બાળક મનમાં માતાનાં મરણને ઈચ્છવા લાગ્યો. તેને રાત-દિવસ તે એક જ રટણ રહેવા લાગ્યું. પાણી વિનાના માછલાંને જેવું દુઃખ થાય છે તેવાં દુઃખની અકળામણ બાળકને ભગવાનને મળવા માટે થવા લાગી. ૩૧. માતાને તો તે એક જ ઉદાર અને અનન્ય આધારરૂપ પુત્ર હતો. તે બાળકની માતા રાતે અંધારામાં ગાય દોહવા ગઈ. ત્યારે તેને પગથી સાપ દબાયો અને તે સહેજે કરડ્યો. ૩૨. તેનાથી બાળકની માતાએ તત્કાળ શરીર છોડી દીધું અને પછી બાળકને હાથે તેનો અગ્નિસંસ્કાર થયો. માતાના મરણને બાળકે પરમેશ્વરનો અનુગ્રહ માન્યો. ૩૩. હવે કાંઈ બંધન રહ્યું નથી, એમ માન્યું પછી તે બાળક પોતાનું હિત વિચારીને ઉત્તર દિશા તરફ ચાલતો થયો. તીર્થ કરાવાને નિમિત્તે નીકળેલા બાળકને તે બ્રાહ્મણે રોક્યો નહિ. ૩૪.

જાતજાતના દેશોને અને અપાર ગામોને પાર કરીને બાળક એક ગહન વનમાં પ્રવેશ્યો. પ્રભુના પ્રતાપથી તેનાં મનમાં કોઈ પ્રકારનો ભય-ત્રાસ લેશ પણ ન લાગ્યો. ૩૫. તે વનમાં હાથી અને સિંહ પુષ્કળ રહેતા હતા. પણ તેને તેનો લેશમાત્ર પણ ભય લાગ્યો નહિ. તેણે જંગલી પશુઓના ટોળેટોળાં જોયા. ૩૬. પાંચ વરસનો તે બાળક નિર્ભય થઈને વનમાં એકલો જ ફરતો હતો. તેને મનમાં ભૂખ અને તરસ લાગી. ૩૭. બાળક જ્યારે વનની વચ્ચે આગળ ગયો ત્યારે ત્યાં નિર્મળ પાણી આવ્યું. તેમાં સ્નાન કર્યું અને પાણી પીધું. થાક અને બધી પીડા મટી ગઈ. ૩૮.

તે નિર્જન વનમાં આગળ એક પીપળાનું ઝાડ હતું. તેની નીચે આસન લગાવ્યું અને ગુરુનાં વચનને અનુસારે ભગવાનનું ભજન શરૂ કર્યું. ૩૯. હૃદયમાં ભગવાનનાં ચરણકમળને ધારીને બાળક જ્યારે ભજન કરવા લાગ્યો ત્યારે તેનાં હૃદયકમળમાં તત્કાળ જ ભગવાન પ્રકટ થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'મુકુંદવર્ણીને શ્રીહરિએ નારદમુનિનું આખ્યાન કહ્યું' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર અગિયારમું : તરંગ - ૬૦

નારદમુનિની સફળતા અને સત્સંગમાં સેવા અને ગુણગ્રહણની મહત્તા કહી

નાના બાળક (નારદજી)ના હૃદયમાં ભગવાનનાં દર્શન જે રીતે થયા હતા તે વાત શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીને જે કહી હતી, ૧. તે વાતને મુક્તાનંદસ્વામીએ સભામાં હરિભક્તોને કહી. પ્રભુના દર્શન થયા ત્યારે તે બાળક અત્યંત પ્રેમવિવશ થઈ ગયો. તે કહી શકાતું નથી. ૨. બાળક રોમાંચિત થઈ ગયો. તેને શરીરનું ભાન પણ રહ્યું નહિ. મૂર્તિ નજરે દેખાણી અને તેનો પ્રેમનો પ્રવાહ તેમાં લીન થઈ ગયો. ૩. દર્શન તો ક્ષણવાર જ થયાં. ભગવાન અંતર્ધાન થઈ ગયા. આંખોમાંથી આંસુઓની ધારાઓ ચાલી. વિહ્વળ થયેલો બાળક ઊભો થઈ રહ્યો. ૪. બાળક તે પ્રભુનાં દર્શન ફરીવાર થાય તેમ ચાહતો હતો. પોતાનાં હૃદયમાં પ્રભુને ખોળતો હતો. બહાર અને અંદર ખોળ કરી, છતાં મૂર્તિ દેખાઈ નહિ, તેથી તે તત્કાળ અત્યંત વિહ્વળ થઈ ગયો. ૫.

બાળક દર્શન નહિ થવાથી અતિ દુઃખી થયો છે એમ જાણીને આકાશમાં ગંભીર વાણી પ્રકટ થઈ કે, "જેનું અંતર કુટિલ છે, કુયોગી છે અને અત્યંત અપક્વ છે, તે દર્શન માટે મહેનત કરીને મરી જાય તોપણ તેને ચિત્તમાં મારાં દર્શન થતાં નથી. તને મારાં દર્શન એકવાર જે થયા છે તેને હવે વારંવાર સંભારજે. ૬-૭. મારાં ઉપર જે અતિ પ્યાર રાખે છે, તેના મનના બધા મેલો અને બીજા વિકાર તરત જ ટળી જાય છે. તે સત્સંગ તો ઘણો ઓછો કર્યો છે, છતાં તને મારા સ્વરૂપમાં પ્રેમરસપૂર્ણ મતિ થઈ છે. ૮. તું આ શરીરને તજી દઈશ પછી મારું મન થઈશ, તેમાં હવે કોઈ સંદેહ નથી. તારી મતિ જે

મારા સ્વરૂપમાં નિશ્ચળ થઈ છે, હવે તેનો ક્યારેય નાશ થવાનો નથી. ૯. આ સૃષ્ટિનો પ્રલય કે ફરીને ઉત્પત્તિ પણ થાશે ત્યારે પણ મારી સ્મૃતિ તને ટળશે નહિ." આકાશમાં આવી વાણી ઉદ્‌ભવી. બાળકે તે વાણીને વંદન કર્યાં. ૧૦.

તે પછી તો બાળક રાત-દિવસ ભગવાનનું ભજન કરવા લાગ્યો અને અનેક રીતે ભગવાનનાં ચરિત્રોનું ગાન કરવા લાગ્યો. જ્યારે તેણે આ ભૌતિક શરીરનો ત્યાગ કર્યો ત્યારે તે ભાગ્યશાળીનો બ્રહ્મામાં પ્રવેશ થયો. ૧૧. એક કલ્પ સુધી તે બ્રહ્માનાં શરીરમાં રહ્યો. સૃષ્ટિ સમયે તે બ્રહ્માના ખોળામાંથી પ્રકટ્યો. તે બ્રહ્માના માનસ પુત્રોમાં પ્રકટ્યો. અને તે પછીથી તેને ભાગવતી તનુ પ્રાપ્ત થયું. ૧૨.

❋ નિર્દોષભાવ રાખે તે બધાથી મહાન છે :

તે દેવ ઋષિઓમાં અતિ શ્રેષ્ઠ નારદમુનિ થયા. પછી બદરીપતિ ભગવાન નરનારાયણના શિષ્ય થયા અને તેમની પાસે રહ્યા. ૧૩. તે નારદમુનિ ભગવાનનું મન બન્યા અને અત્યંત અનન્ય દાસ પણ બન્યા. જ્યારે તેણે સત્સંગ કર્યો ત્યારે બધા માયિકભાવોનો નાશ થયો હતો. ૧૪.

सोरठा : साक्षात ब्रह्म जानि, मुनि की किये सेव जब;
ओगुन आप में मानि, दिन दिन मुनि के गुन लियेउ...१५

धर्म वसे तेहि उर, परिवार सो लईकर;
रहे तब हरि हजूर, सेवा में निश दिन तेहि...१६

चोपाई :

बढत बढत अति बढ गये एहा, नारद मुनि सब जानत तेहा;
ईस रीत जन करे सत्संगा, ब्रह्म संत कु जानी शुद्ध अंगा...१७

दोष बुद्धि लावे नहिं कबही, सर्वस अरपि सेवा करे जबही;
निज चातुरी जेति रहावे, संत की आगे कबु न देखावे...१८

ચાતુર્માસ કરવા આવેલા મુનિઓને સાક્ષાત્ બ્રહ્મરૂપ માનીને તેમની જ્યારે સેવા કરી, પોતામાં બધા અવગુણ માન્યા અને દિનપ્રતિદિન તે મુનિઓનો ગુણ ગ્રહણ કર્યો, ૧૫. તેથી તેના હૃદયમાં પરિવારે સહિત ધર્મે

નિવાસ કર્યો અને રાત-દિવસ ભગવાનની સેવામાં હજૂર રહ્યા. ૧૬. વધતાં વધતાં તેઓ એટલા વધી ગયા કે, સહુ લોકો તેને નારદમુનિનાં રૂપમાં જાણતા થઈ ગયા. આ રીતે સંતોને શુદ્ધ અને બ્રહ્મરૂપ જાણીને તેમનો સત્સંગ કરવો. ૧૭. ક્યારેય સંતોમાં દોષબુદ્ધિ લાવવી નહીં અને સર્વસ્વ અર્પણ કરીને તેમની સેવા કરવી. પોતાની જે કાંઈ ચતુરતા હોય તેને ક્યારેય અભિમાનથી સંતોની આગળ દેખાડવી નહિ. ૧૮. **કેમ જે, જ્યાં સુધી સંતો પાસે પોતાના ચાતુર્યનું અભિમાન રાખે ત્યાં સુધી સંતોની સાથે પ્રીતિ થાય નહિ. જ્યાં સુધી અંતર જુદા રહે ત્યાં સુધી સત્સંગ કર્યો ન કહેવાય. ૧૯. જ્યાં સુધી અંતર જુદા હોય ત્યાં સુધી ગુણ-દોષ દેખાય છે અને જ્યાં સુધી ગુણ-દોષ દેખાયા કરે ત્યાં સુધી અંતરમાં અવગુણ-અભાવ આવ્યા કરે છે. ૨૦.**

સંતોનો જો અભાવ કે અરુચિ રહે તો તેમાં સત્સંગ લેશમાત્ર પણ કહેવાય નહિ. જ્યાં સુધી સેવા કરવામાં ઉત્સાહ ન થાય ત્યાં સુધી સત્સંગ ઉપર ચાહના પણ ન કહેવાય. ૨૧. જ્યાં સુધી સેવા કરવામાં મન પરોવાય નહિ ત્યાં સુધી તે નારદના જેવી સ્થિતિને ન પામે. ધ્યાન કરવા બેસે પણ જો તેને સેવામાં તાન ન હોય, તો તેનું ધ્યાન મિથ્યા જ રહેવાનું. ૨૨. ભગવાનના ધામમાં ભગવાનની સેવા, પૂજા જ કરવાની હોય છે. તે સેવા-પૂજા ઉપર જેને ભાવ ન હોય અને કેવળ ધ્યાન કરવામાં જ રુચિ રહેતી હોય તેઓ શ્વેતદ્વીપમાં આવીને રહે છે અથવા બદરિકાશ્રમમાં જઈને રહે છે. ત્યાં ધ્યાન-તપ કરતાં કરતાં જ્યારે અનંત યુગ વીતી જાય ત્યારે તેને સેવા-પૂજા કરવાની રુચિ ઉત્પન્ન થાય છે. ૨૩-૨૪.

❋ સેવાનું ફળ :

સમાધિ, ધ્યાન, ધારણા, જપ, તપ, તીર્થમાં નિવાસ અને દાન વગેરે અનેક પુણ્ય કાર્યોનું ફળ સેવા છે. ૨૫. આત્મસત્તારૂપે રહેવાનું ફળ પણ સેવા છે. સેવા વિનાના કરેલાં અનંત સાધન ફળ વગરનાં વૃક્ષ જેવાં શોભે છે. ૨૬. ચિત્રકેતુ, વેન રાજા, ઈંદ્ર, દુર્વાસા, દક્ષ પ્રજાપતિ, સ્વાનઋષિ, કુશળ અક્રૂર વગેરે, ૨૭. જે જે મોટા થયા છે તે જ્યારે તેમણે મોટાની સેવા કરી ત્યારે જ થયા હતા અને જ્યારે તેમણે મોટાનું અપમાન કર્યું ત્યારે તેઓ ઘણા

મોટા સ્થાન ઉપર હતા તોપણ હલકા પડીને અધોગતિને પામ્યા હતા. ૨૮. **ધર્મના સદ્ગુણો યુક્ત જે ગુરુ અને સંતો, તેમની સેવાને જે નિષ્કામભાવે કરે છે તેઓ ભગવાનનાં ધામને પામે છે. ૨૯.**

ધામમાં તે અપરમપાર સુખને પામે છે, તે સુખનું વર્ણન મુખથી કરી શકાતું નથી. જ્યાં સુધી ભગવાનના ભક્ત ઉપર પ્રેમ રહે છે ત્યાં સુધી તે ભગવાનનાં ધામમાં નિવાસ કરે છે. ૩૦. ધામમાં ગયેલાને પણ જ્યારે ભગવાનના ભક્તનો અભાવ-અવગુણ આવે છે ત્યારે તે સહજ સ્વભાવે ધામમાં ટકી શક્તો નથી. ભગવાનના ધામનો એવો પ્રતાપ છે કે, અભાવ-અવગુણવાળો હોય તે ક્યારેય ત્યાં ટકી શક્તો નથી. ૩૧.

हरि संत कृपा करत अपारा, अभाववंत न टकत लगारा;
भाविक जन के हे अक्षरधामा, भाविक विन न टकत तेहि ठामा...३२
वैकुंठ गोलोक धाम हि तामें, विन भाविक न टकत हि यामें;
अभाव लेत एसे हरिजन जेते, साधन जुत हि धाम में तेते...३३

ભગવાન અને સંત અપાર કૃપા કરે, તોપણ અભાવવાળો જીવ ધામમાં લગારેય ટકી શક્તો નથી. કેમ જે, અક્ષરધામ તો ભાવિક જીવોને માટે છે. ભાવિક વિના અર્થાત્ અભાવવાળો તે સ્થળે ટક્તો નથી. ૩૨. વૈકુંઠ અને ગોલોકધામમાં પણ ભાવિક સિવાયનો જીવ ટક્તો નથી. અભાવ લેવાનો સ્વભાવ હોય એવા હરિભક્તને ભગવાન સાધનોથી યુક્ત ધામ હોય તેમાં રાખે છે. તે અભાવવાળા ભક્તને અભાવ ટળે અને ભાવ ઉપજે એટલા માટે ત્યાં રાખે છે. અથવા તેને જન્મ લેવાનું કોઈ નિમિત્ત ઊભું કરે છે. જેણે એક દિવસ પણ સત્સંગ કર્યો હોય તો તે કયારેય લખચોરાશીમાં તો જાતો જ નથી. ૩૩-૩૪. જેણે જેણે હરિભક્ત એવું નામ ધાર્યું હોય તેઓને જમપુરીનું દુઃખ જોવાનું રહેતું નથી. **ભગવાનનો, સંતોનો અને હરિભક્તોનો જેવો વિશ્વાસ હોય તેવો તે ભક્તનો જીવ થઈ જાય છે.** ૩૫. જેટલા વિશ્વાસવાળા હરિભક્તો હોય છે તેને ભગવાન ક્યારેય લગારેય દુઃખ આપતા નથી. જે લોકો પોતાના સાધનોના બળથી જેવો મોક્ષ માનતા હોય છે તેમને ભગવાન તેવું દેખાડે છે. ૩૬.

હરિભક્તની જેવી સમજણ હોય તેનો તેવી રીતનો મોક્ષ થાય છે. સહુની સમજણ એકસમાન હોતી નથી. તેથી જ મોક્ષ પણ ભિન્ન ભિન્ન પ્રકારના કહ્યા છે. ૩૭. પ્રેમી, જ્ઞાની, વિશ્વાસી અને મૂઢ, એમ ચાર પ્રકારના હરિભક્ત કહ્યા છે, તે ચારે અંગવાળા પોતપોતાના અંગની દષ્ટિએ સારા કહ્યા છે. ૩૮. ક્યારેક એક જ હરિભક્તમાં તે ચારે અંગ વર્તતા હોય છે. પણ તેમાંથી એક અંગ મુખ્ય હોય અને બીજા અંગ તેમાં ગૌણ હોય તે ભીતર રહે છે, બહુ દેખાતા નથી. ૩૯. ભગવાનને એકવાર ભગવાનનાં રૂપમાં દૃઢ કરીને જાણી લીધા, તેનો નિશ્ચય પાકો થઈ ગયો. પછી કોઈ કરોડો પ્રકારનાં દુઃખ દે, છતાં કરેલા નિશ્ચયમાં કોઈ ફેર પડે નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'નારદમુનિની સફળતા અને સત્સંગમાં સેવા અને ગુણગ્રહણની મહત્તા કહી' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર અગિયારમું : તરંગ - ૬૧

શ્રીહરિએ સહુની આગળ વિવિધ પ્રકારની વાત કહી

શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીની આગળ અપાર વાતો કરી. સત્સંગમાં રહેલા પ્રવીણ સંતો-ભક્તોનું જેનું જેવું અંગ હોય અને વર્તન હોય તેને જે રીતે સત્સંગનો અધિક રંગ ચઢે, તે રીતે શ્રીહરિ વાત કરીને બધું દેખાડી દેતા. ૧-૨. **સત્સંગ મહાસાગર છે, તેમાં જે હરિભક્તો છે તે છીપની માછલી છે. તે ભક્તોમાં સમજણ, મહિમા અને શ્રદ્ધાએ સહિત ભક્તિભાવ છે તે સાચા મોતી છે. તે સાચા મોતીના મોટા ઝવેરી શ્રીહરિ છે. ૩. શ્રીહરિનાં ચરિત્રો અને વાતો તે સ્વાતિ નક્ષત્રમાં વરસેલું જળબિંદુ છું. અને સંતો મેઘ છે જે તે જળને વરસાવે છે. તે જળબિંદુઓને હરિભક્તરૂપી છીપો ઊછળીને ઝીલી લે છે. તેમાં સાચા મોતી જેવો ભક્તિભાવ પાકે છે. ૪.**

ચોપાઈ :

हरिजन रहे जेसे श्रद्धालु, संतजन रहे तेसे क्रपालु;
एसे सत्संग एसे हरि अवतारा, एसे संत एसे हरिजन सारा...०५

अनंत वेर ब्रह्मांड भये एहा, सत्संग भये वेर वेर तेहा;
अवतार संत हरिजन हो गयेउ, ताकी बात सब ग्रंथ में लिखेउ...०६

હરિભક્તો જેવા શ્રદ્ધાળુ છે તેવા જ સંતો કૃપાળુ છે, એટલે આવો સત્સંગ, આવો શ્રીહરિનો અવતાર, આવા સર્વોત્તમ સંતો તથા હરિભક્તો અત્યારે સર્વોપરિ દેખાય છે. ૫. આ બ્રહ્માંડ અનંતવાર થયું છે. વારંવાર સત્સંગ પણ થયો છે. અવતારો, તેમના સંતો અને હરિભક્તો પણ થઈ ગયા છે. તેમની બધી વાતો શાસ્ત્રોમાં લખાયેલી છે. ૬. વ્યાસમુનિએ જે જે ગ્રંથો રચ્યા છે તેને આપણે રાત-દિવસ સાંભળીએ છીએ. અન્ય કવિઓએ ઠેકઠેકાણે બીજા ગ્રંથો લખ્યા છે પણ વ્યાસમુનિના ગ્રંથોના જેવા બીજા કોઈ ગ્રંથો નથી. ૭.

જે જે અવતારના આશ્રિતો થયા છે તેઓ જ્યાં સુધી અવતાર રહ્યાં ત્યાં સુધી ધર્મ પાળતા રહ્યા. તેમના પછી જે ગાદીના વારસદાર થયા તેઓએ અવતારનું માહાત્મ્ય લઈ તેને આધારે, ૮. ધર્મને યુક્તિએ કરીને ફેરવી નાખ્યો અને અધર્મમાં ધર્મ દેખાડી દીધો, અને બીજા લોકો તેને જ સાચો ધર્મ માનીને ઘણા હેતથી તેની ભક્તિ કરવા લાગ્યા. ૯. તેમણે સેવા કરવાને જ ધર્મ માન્યો. જેમાં સેવા ન હોય તેને અધર્મ માન્યો. તેમના પછી જે ગુરુ અથવા સંત થયા તે અવતારરૂપ સંત થઈ ગયા. ૧૦. અવતારનાં ચરિત્રોની અને સંતોની વાતો કરી કરીને તેઓ પોતાનું પેટ પોષતા થયા. પછી તેમનાં જ ચરિત્રોને કહેવાં, તેને જ સાંભળવા અને તેમાં જ તેઓ પરમ મોક્ષને માનવા લાગ્યા. ૧૧. જ્યારે અધર્મ ખૂબ જ વધારે વધી જાય ત્યારે ભગવાન જીવોનો ઉદ્ધાર કરવા માટે સાચા સંતોની સાથે પ્રકટ થઈને ફરીથી ધર્મનું સ્થાપન કરે છે. ૧૨.

❋ સંત તથા ધર્મ, જ્ઞાનાદિકની મહત્તા :

ભગવાન અને સાચા સંતોના વિના ભક્તિએ યુક્ત ધર્મનું સ્થાપન બીજા કોઈથી થઈ શક્તું નથી. તે વાત સત્ય છે. ૧૩. સર્વનું કારણ એવા ભગવાન ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન આદિક ગુણોને સિદ્ધ કર્યા વિના જીવનો મોક્ષ કરતાં નથી. ૧૪. જેમ કોઈ મોટું જહાજ હોય તે સાંગોપાંગ સંપૂર્ણ હોય તો લોકોને સમુદ્રમાં તારે છે. પણ તે જહાજમાં જેટલું કાણું હોય

તેટલું તે વિઘ્ન કરે છે. ૧૫. જેનામાં ધર્માદિ સંપૂર્ણ અંગ હોય તો તે સંપૂર્ણ શોભે છે. અર્થાત્ જેટલાં સંપૂર્ણ હોય તે તેટલા શોભે છે પણ તેમાં જેટલો ભંગ થયો હોય તેટલો તે શોભતો નથી. જીવ વિનાનું જે અંગ (શરીર) તે ખરેખર અંગ ન કહેવાય. ૧૬.

❋ વિવેકીનાં લક્ષણો :

વિવેક વિનાનાં જેટલા મતપંથ છે તેને વિવેકી મનુષ્ય હોય તે ચકાસીને દેખે છે. વિવેકી પુરુષ વારંવાર જોઈ-વિચારીને વિવેકરહિત મતપંથનો આશ્રિત થતો નથી. ૧૭. જે વિવેકી હોય છે તે ગુરુ, સંતને મોક્ષ બાબતમાં પ્રશ્ન પૂછે છે. પછી તે ગુરુ કે સંત તેનો પ્રત્યુત્તર આપે, તેમાં તેમનો જે પ્રતાપ હોય તે દેખાઈ આવે છે. ૧૮. તે પ્રત્યુત્તરમાં જેટલું ઉપયોગી હોય તેટલું ગ્રહણ કરે અને જે નિરુપયોગી હોય તેને છોડી દે. જે ખપવાળા હોય તેઓ હંસના નીરક્ષીર વિવેકની રીતે સારસાર વસ્તુને પ્રેમથી લઈ લે છે, ૧૯. **અને તેવા વિવેકીઓ કોઈની સાથે ક્યારેય વેર કરે નહિ અને સહુની સાથે સરળ વર્તન રાખે અને પોતાનું વર્તન તો એવું રાખે કે જે શત્રુ હોય, તેપણ મિત્ર થઈ જાય. ૨૦.**

વૈરીને મિત્ર કરી લેવો તે સામર્થ્ય વિના થઈ શકે નહિ, જો વિવેકવાળી બુદ્ધિ ન હોય તો મિત્રને પણ વૈરી બનાવી દે છે અને પછી પોતે એકલો થઈ જાય છે. ૨૧. મનુષ્યમાં જેટલી બુદ્ધિ હોય છે તે તો તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે. પણ બધાને કાંઈ વર્તનમાં બધું દેખાઈ નથી જતું. તેથી પોતાની જેવી બુદ્ધિ હોય તેવું ઠેરાવી દે છે. ૨૨. માણસ, પશુ, પંખી, વૃક્ષ, જમીન, મંદિર (ઘર) વગેરે અપાર વસ્તુઓ છે કે, તેનો ગણ્યે પાર આવે નહિ. એકેએક લોકમાં તે અપાર રહ્યા છે. ૨૩. તે પદાર્થોમાં સુધાર્યા (સંસ્કાર કર્યા) વિના કોઈ સુધરતા નથી. ગુરુ સહુનો સુધારો કરવા માટે જ હોય છે. સુધાર્યા વિના જે દેખાય છે તે કાંઈ શોભાસ્પદ લાગતા નથી. ૨૪.

❋ દિવ્યભાવમાં પ્યાર રાખે તે જ બ્રહ્મવિદ્યા :

જેને જેવા ગુરુ મળે, તેને તે તેવા કરી દે છે. બધાનું મૂળ તો દૈવત છે જેની જેવી બુદ્ધિ હોય તેવું તે ગ્રહણ કરી લે છે. ૨૫. બ્રહ્મવિદ્યા અપાર છે,

તે બધી અમાયિક (દિવ્ય) છે. જો તેને અમાયિક (દિવ્ય) ગુરુ ન મળે તો તે બ્રહ્મવિદ્યા તેને સિદ્ધ થાતી નથી. ૨૬. જે જેવી કળા અભ્યાસ કરીને શીખ્યા હોય અને જેટલી બુદ્ધિ હોય તેટલી તેમાં કળા આવે છે. ૨૭.

सोरठा : ब्रह्मविद्या की बात, जेति जेह कहात जोउ;
अमायिक गुरु सिखात, मायिक गुरु न सिखात कबु...२८

બ્રહ્મવિદ્યાની વાત જેટલી અને જેવી કહેવાતી હોય, તેને જે માયાથી પર થયેલા અમાયિક ગુરુ હોય તે શીખવાડે છે. પણ માયિક ગુરુ તેને ક્યારેય શીખવી શક્તો નથી. ૨૮. ચૌદ લોકમાં રહેલા પંચવિષયમાત્રમાં જરા પણ સાર માને નહીં. અને પ્રકૃતિપુરુષ સુધીના અધિક અધિક આશ્ચર્યમય જેટલા પંચવિષયના સુખો છે, ૨૯. તે બધાને કાળના કોળિયાના રૂપમાં દેખતા હોય, આવી જેની ભારે મતિ વર્તતી હોય અને એક શ્રીહરિ વિના અન્ય કોઈને જે સત્ય ન દેખતા હોય તેને અમાયિક ગુરુ કહેવાય છે. ૩૦. જે મુક્ત વગેરે શ્રીહરિનાં ધામમાં રહ્યા છે તે બધા અમાયિક કહેવાય છે. ભગવાનની ઈચ્છાથી કદાચ તે આ ભૂમિ ઉપર આવે, તોપણ તે અમાયિક જ કહેવાય છે. ૩૧.

❋ શ્રીહરિ સંબંધવાળા દિવ્ય :

चोपाई :

अमायिक हरिस्वरूप सदाई, ताके जो जो चरित्र हि ताई;
मायिक सम न कहे मुख कबहु, मायिक सम नहिं देखे जबहु...३२

हरि अरु हरि के जेते चरीता, भक्त हित हि जेते करीता;
प्रगट हरि के भये जोग हि जाही, संत हरिजन तेते ताही...३३

अमायिक कर देखे सब तेहु, अमायिक जन कहावत एहु;
सुलट समझ मोक्ष लई जेती, ब्रह्मविद्या सो कहावत तेती...३४

શ્રીહરિનું સ્વરૂપ સદા અમાયિક છે. તેમનાં જે જે ચરિત્રો છે તે પણ અમાયિક છે તેથી તેને કયારેય મુખથી માયિક જેવાં કહેવા નહિ અને માયિકના સમાન દેખવા પણ નહિ. ૩૨. જે લોકો શ્રીહરિ અને શ્રીહરિએ ભક્તોના હિત માટે કરેલા જેટલા ચરિત્રો હોય તેને અમાયિક દેખતા હોય

તથા જેને પ્રકટ શ્રીહરિનો જોગ થયો હોય એવા સંતો અને હરિભક્તોને જેઓ અમાયિકનાં રૂપમાં દેખે-સમજે છે, તેવા લોકો પણ અમાયિક કહેવાય છે. મોક્ષ વિષયક બધી સુલટ સમજણ બ્રહ્મવિદ્યા કહેવાય છે. ૩૩-૩૪. જે ઉપનિષદમાત્ર કહેવાય છે તે સહુ, હરખભર્યે હૈયે અને દીનભાવે શ્રીહરિનાં ચરિત્રોનું ગુણગાન કરે છે. તેથી તે સહુથી અધિક મહત્વપૂર્ણ કહેવાય છે. ૩૫. **ભગવાનનાં સંબંધવાળી વાતો, આ લોકની હોય કે પરલોકની હોય, તેનું નામ બ્રહ્મવિદ્યા છે. અર્થ સમજ્યા વિના ઠેકાણું પડતું નથી.** ૩૬.

જેને જેના ઉપર રુચિ હોય (ગમતી વાત હોય) તે તેને બ્રહ્મવિદ્યા કહે, પણ તેનાથી મોક્ષ થાય નહિ, કારણ કે તે દેહાભિમાનથી પોતાને સવાયો ગણે છે. ૩૭. મનુષ્યમાત્ર પોતપોતાના મતમાં કોઈ દોષ દેખતા નથી. તે એક ઘણી આશ્ચર્યની વાત છે. ૩૮. તેનું મૂળકારણ લોભ છે. લોભ બધા દોષોને ઢાંકી દે છે. લોભનું કુળ અધર્મ છે. અને તે દોષો લોભને લીધે નિર્ભય થઈને ગુજરાન કરતા હોય છે. ૩૯. શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી ત્યારે સંતો અને હરિભક્તો ઘણાં જ રાજી થયા. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા અને સહુ ભક્તજનો શ્રીહરિના ગુણ ગાતાં ગાતાં આગળ ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ સંત-હરિભક્ત સહુની આગળ વિવિધ વાત કહી' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર અગિયારમું : તરંગ - ૬૨

અદ્‌ભુત સોહામણી મૂર્તિ, શ્રીહરિ ઉતારે આવ્યા અને જમ્યા

શ્રીહરિ દામોદરકુંડથી ચાલીને જૂનાગઢ શહેરમાં આવ્યા. રાજમાર્ગ ઉપર ચાલતા હતા. આગળ વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને મસ્તક ઉપર છત્ર ધારેલું હતું. ૧. સોનાની દાંડીવાળા રત્નજડિત બે ચામર બંને બાજુએ વીંજાઈ રહ્યા હતા. અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો. તેના મસ્તક ઉપર સોનાનો મોર હતો. ૨.

❋ મૂર્તિવર્ણન :

શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં. સોનાનાં નવાં આભૂષણો અંગેઅંગમાં ચમકતાં હતાં. ૩. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર "જય જય અનંત ભુવનના નાથ, ભક્તપતિ, મહારાજાધિરાજ જય જય, જય જય" એમ બોલીને છડી પોકારતો હતો. ૪. **શ્રીહરિનાં મુખચંદ્રને જોઈને કરોડો સૂર્ય, ચંદ્ર ઝાંખા પડી ગયા હતા. જ્યારે અવિનાશી શ્રીહરિ મુખથી મરક મરક હસી રહ્યા હતા, ત્યારે રૂમાલ હાથથી મુખની નજીક ધારી રહ્યા હતા. ૫.** જમણા હાથમાં રૂમાલની સાથે રૂપાળો ફૂલનો ગુચ્છ ધાર્યો હતો. ફૂલના હાર છાતી ઉપર છવાઈ ગયા હતા. હાથમાં ફૂલના બાજુ અને પહોંચીઓ બાંધી હતી. ૬. સુંદરશ્યામવરે ડાબા હાથમાં ફૂલની છડી અને લગામ ધારી હતી. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા હતા. પાકાં ધિલોડાને સમાન અધરોષ્ઠ સોહામણા લાગતા હતા. ૭.

નાસિકારૂપી શુક બિંબફળ સમાન ઓષ્ઠ ઉપર હતો. દીપશિખાના સમાન નાસિકાની શોભા કહી શકાતી ન હતી. ચંચળ નેત્ર માછલીના જેવા સુશોભિત હતા. વાંકડી ભૂકુટિ ભક્તોનાં મનને લોભાવતી હતી. ૮. વિશાળ લલાટ ઘણું તેજથી ચળકતું હતું. તેમાં તેજસ્વી આકર્ષક કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. અને તે તિલકની વચ્ચે કુંકુમનો તેજોમય ચાંદલો કર્યો હતો. મસ્તક ઉપર જરિયાની નવીન પાઘ ધારી હતી.૯. પાઘ ઉપર શિરપેચ બાંધીને તેમાં નંગજડિત અને નવી કલગી ધરાવી હતી. પાઘ ઉપરનું છોગું મુકુટને આકારે શોભતું હતું. છોગામાં વિવિધ પ્રકારના મોતી ટાંક્યાં હતાં. ૧૦. મોતીના અને ફૂલના તોરાઓ પાઘની બંને બાજુએ લટકી રહ્યા હતા. જામો અને સુરવાળ બંને જરિયાની હતા. કમર ઉપરનો કંદોરો અને કમર રૂપરૂપનું ધામ હતા. ૧૧. સોનાના કંદોરાની ચારેકોરે લગાડેલી ઘૂઘરીઓ ઘમઘમ વાગતી હતી. અને ભક્તજનોના ચિત્તને ચોરતા હતા. શ્રીહરિના ચરણોમાં સુવર્ણના અતિ સુંદર ઝાંઝર ઘણા શોભતા હતા. ૧૨.

ઝાંઝરની ફરતે જડેલી સોનાની ઘૂઘરીઓ તો ઘમઘમ ગાજતી હતી. કેસરી ચંદનનો સુંદર લેપ ચરણોમાં કર્યો હતો. ૧૩. મોતી ભરેલી જરિયાની

મોજડી ચરણોમાં પહેરી હતી. ધર્મકુમાર શ્રીહરિએ તે મોજડીઓને સોનાનાં પેગડામાં રાખી હતી. ૧૪. અશ્વના આગળના બંને પગ અનુપમ સુંદર હતા. અશ્વને સોનાનાં ઝાંઝર પહેરાવ્યા હતા, તેમાંની ઘૂઘરીઓ ઘમઘમ અવાજ કરતી હતી. ૧૫. રાજમાર્ગ ઉપર ચાલતો અશ્વ અનુપમ નાચ કરી રહ્યો હતો. તેની વિશેષ ચંચળતાને દેખીને તો બધા દરબારો વિસ્મિત થઈ જતા હતા. ૧૬. અશ્વ જ્યારે નાચતો ત્યારે પગના ડાબલા ભૂમિ ઉપર એક પલકવાર પણ ટકવા દેતો નહિ. રાજમાર્ગ પણ શ્રેષ્ઠ શ્વેત સ્ફટિકથી બાંધેલો હતો. ૧૭.

પુરના જે મકાનો હતા તે બધા સ્ફટિકથી જ બાંધેલા હતા. આખો ગિરનાર પર્વત એકલા સ્ફટિકમણિનો જ હતો. ૧૮. ગિરનાર ઉપરનાં મંદિર અને નદીઓ વગેરે બધા સ્ફટિકમણિથી શોભતા હતા. પર્વત ઉપર ચઢતા જે દરવાજો હતો તે શ્યામ (મરકત) મણિથી બાંધેલો હતો. ૧૯. નગરનો કોટ અને દરવાજાઓ બધાં સ્ફટિકથી બાંધેલા હતા. તે સિવાય જે ઉપર કોટ કહેવાય છે તે પણ સ્ફટિકમણિથી સોહામણો લાગતો હતો. ૨૦. શ્રીહરિએ બધાની સામે કરુણામય અને અમૃતભરી દૃષ્ટિ કરી, તેનાથી તે અદ્ભુત અને અમૂલ્ય થઈ ગયા. રાજમાર્ગ ઉપર શ્રીહરિનાં દર્શન કરવા માટે અસંખ્ય લોકો ઊભરાયા હતા. ૨૧.

સંતો, વર્ણીઓ અને હરિભક્તો સહુ કીર્તન ગાતા હતા. અત્યંત ઉત્સાહભર્યું ઉચ્છવનું વાતાવરણ હતું. તે વખતે હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા. ૨૨. ઉત્સવ કરતાં કરતાં જ્યારે ઉતારે પહોંચ્યા ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ હતી. શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતરીને પછી તંબુમાં આવ્યા. ૨૩. વસ્ત્રો અને ઘરેણાં વગેરે ઉતારી નાખ્યાં અને મનમાં સ્નાન કરવાનું વિચાર્યું. તે પછી જમવા માટે તો જ્યાં મંડપ હતો ત્યાં ચાખડીઓ પહેરીને આવ્યા. ૨૪. ત્યાં તત્કાળ સ્નાન કર્યું. રૂમાલથી શરીર કોરું કર્યું. પછી કૃપાળુ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ૨૫. ચાખડીઓને પણ જળથી ધોઈ નાખી, પછી ચરણોમાં પહેરી. પછી પરમ પ્રવીણ શ્રીહરિ ધોયેલા શુદ્ધ પાટલા ઉપર બેઠા. ૨૬.

ઉત્તર તરફ મુખ રાખીને બેઠા હતા. તે વખતે ભોજનથી પીરસેલો થાળ લાવ્યા. તેમાં સાકરના ચૂરમાનાં લાડુ અને દૂધપાક પીરસેલા હતા. તે જમીને ઘણા રાજી થયા. ૨૭. રસોઈમાં વડાં અને ભજિયાં કર્યાં હતાં. પૂરી અને રોટલી પણ હતી. ભક્તાધીન શ્રીહરિ જે જે વસ્તુ બનાવી હતી, તે બધું જમ્યા. ૨૮. ભાજી, શાક અને પેતિ (મૂળા વગેરેની ભાજી) કરી હતી. દહીંનું રાઈતું, મઠો, ગોળકેરી, પાપડ, હરીસો, બીરંજ, એ બધું લાવીને પીરસ્યું. તેને સુખદાયક શ્રીહરિ જમવા લાગ્યા. દસ-બાર ગ્રાસ જેટલું જમીને વચ્ચે પાણી પીધું. ૨૯-૩૦. રંગલહેરી શ્રીહરિએ ડાબા હાથને પેટ ઉપર ફેરવીને ઓડકાર ખાધો. અને છેલ્લે ફૂલવડીની કઢી અને ભાતને સુખદાતા શ્રીહરિ જમ્યા. ૩૧.

પછી મુકુંદાનંદ વર્ણીને કહ્યું, કોઈ ભોજન જમ્યા વિના રહી જાય નહિ. કદાચ કોઈ ભૂલથી જમ્યા વિના રહી જશે તો તે તમારો વાંક ગણાશે. ૩૨. અમે જ્યારે ભોજન કરવા બેસીએ છીએ ત્યારે અમારું કાંઈ ધાર્યું રહેતું નથી. અનંત બ્રહ્માંડોના બધાં મુક્તો ભોજન બનાવીને લાવે છે. ૩૩. મોટા મોટા દેવોની પત્નીઓ થાળ ભરીને જ્યારે ભોજન લાવે છે. ત્યારે અમને ખ્યાલ રહેતો નથી. કેમ જે, આવો ભક્તોને રાજી કરવાનો સમય પછી ક્યારે આવે ? ૩૪. એવી તો કેટલીય આશ્ચર્યજનક બાબતો થાય છે, પણ તે બધું અમે કોઈને કહેતા નથી. અમે અમારી જીભને દબાવી રાખીએ છીએ. છતાં કોઈવાર ભૂલથી તે બોલી જવાય છે. ૩૫. **જ્યારે આવું બોલી જવાય છે ત્યારે મનમાં પરિતાપ થાય છે. કેમ જે, પ્રભુતાને-લૌકિક મોટાઈને અમે પાપ માનીએ છીએ. પોતાને મુખે પોતાની મોટાઈ કહેવી તેને વિચક્ષણ પુરુષો ખરેખર મોટાઈ નથી કહેતા. ૩૬.**

જેમાં જે પ્રતાપ રહ્યો હોય છે તે પ્રતાપ જ કહી દે છે. જેમ સૂર્યોદય થાય છે, ત્યારે સૂર્ય કાંઈ પોતાના ઉદયની જાહેરાત નથી કરતો. ૩૭. ઉત્તમ કે કનિષ્ઠ ચાહે તેવો પ્રતાપ હોય તે છુપાવ્યો છુપાતો નથી. હિંગ કે કસ્તૂરીનું ખાલી થયેલું વાસણ પણ તેમાં હિંગ કે કસ્તૂરી ભરી હતી, તેમ કહી દે છે. ૩૮. ભગવાન રામચંદ્રજીએ રાજ્ય-સમૃદ્ધિનો ત્યાગ કર્યો અને વનમાં જઈને રહ્યા,

છતાં તેમનો પ્રતાપ ઘટ્યો ન હતો. ૩૯. તેમ જ શ્રીકૃષ્ણ ભગવાને મથુરાનો ત્યાગ કર્યો અને ગોકુળમાં આવીને રહ્યા. પણ તેનાથી તેમનો પ્રતાપ કાંઈ ઓછો થયો ન હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'અદ્‌ભુતમૂર્તિ શ્રીહરિ ઉતારે પધાર્યા અને થાળ જમ્યા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર અગિયારમું : તરંગ - ૬૩

સત્સંગ બાબતમાં નવાબનું મંતવ્ય અને શ્રીહરિએ સંતોને જમાડ્યા.

શ્રીહરિએ થાળ જમતાં જમતાં ઘણી વાત કરી. અહીંયાં તો અમે તે દિશમાત્ર લખી છે. બધી વાતનો પાર કોણ પામે ? કોઈ પામે નહીં. ૧. અયોધ્યાપ્રસાદજી મહારાજે મુક્તાનંદસ્વામીને જે પૂછ્યું તે બધી વાત હરિભક્તોના ઉપર ઘણું હેત લાવીને તેની આગળ કહેતા હતા.૨. શ્રીહરિએ જમ્યા પછી પ્રસાદીનો એક થાળ બધા દરબારોને આપ્યો અને બીજો થાળ સહુ સંતોને આપવા માટે સંભારીને રખાવી મૂક્યો. ૩. મયારામ ભટ્ટ ગઢપુરની બાઈઓને માટે એક થાળ રાખીને શ્રીહરિવરને પૂછીને ઘણા જ પ્રેમથી રોજ આપતા હતા. ૪.

સોરઠ પ્રદેશના હરિભક્તોમાં પર્વતભાઈ વગેરે અને માંગરોળ બંદરના હરિભક્તો આણંદજીભાઈ, મેઘજી વણિક, મૂળચંદ શેઠ અને ગોવર્ધનભાઈ વગેરે, સાકર અને ઘી ઘણું લાવ્યા હતા. મોટા મોટા કણબી હરિભક્તો ગોળ અને ઘઉંનાં ગાડાં ભરી ભરીને લાવ્યા હતા. મગ અને અડદનો તો પાર જ ન હતો. ડાંગરમાંથી હાથે ખાંડી સાફ કરીને ચોખા પણ લાવ્યા હતા. તે હરિભક્તોને ઘણો જ ઉમંગ હતો. ૫-૭. એક હજાર ગાડાં સીધાંનાં આવ્યા. નવાબે તે બધાની જકાત માફ કરી હતી. અને એમ કહ્યું કે, આટલી અમારા તરફથી સેવા જાણજ્યો અને બીજી કાંઈ વિશેષ સેવા હોય તો કહેજ્યો. ૮.

જે રાજાના ઘણા મોટા ભાગ્ય હોય તેનાથી જ મોટાપુરુષની સેવા બની આવે. રાજ્યનું સુખ તો દેહ હોય ત્યાં સુધી જ રહે છે, દેહ પડી ગયા પછી રાજ્યનું સુખ ક્યાંથી પમાય ? ૯. પાપનું અને પુણ્યનું ફળ પાછળથી મળે છે. સત્પુરુષોની સેવા અસત્પુરુષને મળતી નથી. ૧૦. સત્પુરુષ ભૂમિ ઉપર વિચરતા હોય તોપણ અસત્પુરુષો તેને ઓળખતા નથી. તેઓ જો સત્પુરુષ સાથે દ્વેષ રાખીને તેને મનમાં વારેવારે સંભાર્યા કરે, ૧૧.

✻ સત્પુરુષનું સ્મરણ જન્મ-મરણ મટાડે :

ચોપાઈ :

तोहु मोक्ष फल ताकु देवे, सत्पुरुष में गुन रहे एवे;
असत्पुरुष कु सेवे अति भावा, कोउ दिन नहि लेवे अभावा...१२

તોપણ સત્પુરુષ તેમને મોક્ષફળ આપે છે. કેમ જે, સત્પુરુષને સંભારવાના પુણ્યથી તે પાપીનો ઉદ્ધાર સત્પુરુષ દ્વારા થાય છે. સત્પુરુષમાં આવા સદ્‌ગુણો રહ્યા હોય છે. કોઈ માણસ અસત્પુરુષની સેવા ઘણા ભાવથી કરે, કયારેય અભાવ લે નહિ, ૧૨. તોપણ તે નરકમાં પડે છે, તેમાં લગારેય ખોટું નથી. અંતરમાં જેવા વિચાર આવે છે, તેવું બહાર પ્રત્યક્ષ પણ દેખાય છે. ૧૩.

दोहा : कोटि कोटि करे पाप हि, सत्पुरुष एक वार;
सेवे अतिशय भाव कर, ताको करे उद्धार...१४
सत्पुरुष की सेव, अनल से कोटि प्रताप जुत;
करत सद्य ही एव, उद्धार करत नहिं वार लगत...१५

કોઈએ કરોડો કરોડો પાપ કર્યા હોય, તે એક જ વાર અતિશય આદરભાવથી સત્પુરુષની સેવા કરે, તો સત્પુરુષ તેનો ઉદ્ધાર કરે છે. ૧૪. સત્પુરુષની સેવા અગ્નિ કરતા પણ કરોડગણી વધારે પ્રતાપેયુક્ત છે, તે સેવા કરતાની સાથે સેવા કરનારાનો ઉદ્ધાર કરે છે. તેમાં કાંઈ વાર લાગતી નથી. ૧૫. નવાબ હરિભક્તોની આગળ વારેવારે આવું કહેતા. અને તે પ્રેમથી કહેતા કે, તમારા ગુરુની જે કાંઈ બીજી સેવા હોય તે મને કહેજો. ૧૬.

તમારા ગુરુ ભારે સમર્થ છે. દુનિયામાં અત્યારે તેમના જેવા સમર્થ બીજા કોઈ નથી. કોઈ મતમાં એવું નથી દેખાતું કે, જેમાં સ્ત્રીઓ અને પુરુષો અલગ સભામાં બેસે અને શુદ્ધ ચારિત્ર્યના કડક નિયમોને પાળે. ૧૭. કરોડવાર જન્મે અને મરે છતાં સ્ત્રી અને પુરુષનું પરસ્પર જે આકર્ષણ (અનુરાગ) છે તેને કોઈ છોડતું નથી. તે એક અતિ આશ્ચર્યની વાત છે કે, દેવોના ઘરે પણ આ આકર્ષણનો ત્યાગ નથી જણાતો. ૧૮.

પશુ, પંખી, વૃક્ષ, લતા-વેલ સુધીમાં પણ વિષયનો સંબંધ દેખાય છે એટલે વિષયનું બળ ઘણું જ રહ્યું છે. પણ સ્વામિનારાયણે તો અત્યારે, ૧૯. સ્ત્રી અને પુરુષને જુદા પાડ્યા છે. તેથી જ તેમના જેવો બીજો કોઈ સમર્થ પુરુષ સાંભળ્યો નથી. મોટા ભાગના મતપંથો જાણે વ્યભિચાર કરવા માટે હોય તેવું જણાય છે. ૨૦. તે પુરુષો અને સ્ત્રીઓ એકબીજાને જુએ છે, બોલે છે અને પરસ્પર અંગનો સ્પર્શ કરે છે, તેમાંથી પછી વ્યભિચાર થાય છે. અને તીર્થ કરવાનું ફળ પણ બધું ખોઈ બેસે છે. ૨૧. **સ્વામિનારાયણ સિવાયના જે પાખંડ મતો છે તે પાખંડ મતો જનતાને નરકમાં નાખવાની જ પ્રવૃત્તિ કરે છે. જે પુરુષમાત્ર છે તે નારીને માટે જમપુરી જેવા છે અને જે સ્ત્રીમાત્ર છે તે પુરુષને માટે જમપુરી જેવી છે.** ૨૨. જેટલા સત્પુરુષો છે તે બધાનો આવો જ સિદ્ધાંત છે અને સત્પુરુષ તો વર્તન ઉપરથી દેખાઈ આવે છે. કોઈનો પ્રતાપ છુપાવ્યો કઈ રીતે છૂપાય ? ૨૩.

સ્વામિનારાયણના મતને દેખીને બીજા અમુક મતો અદેખાઈ કરે છે અને તે અદેખાઈનો સિદ્ધાંત પણ એટલો જ છે કે, બીજા સહુએ પણ અધર્મીઓની જેમ અધર્મને માર્ગે ચાલવું. ૨૪. સ્વામિનારાયણ જે વાતને કહે છે તે ખરેખર સાચી છે, પણ પાપમાં મતિવાળા અને અધર્મ પરાયણ એવા તે અસત્જનો-પાપીઓ તે વાતને ક્યાંથી માને ? ૨૫. જ્યાં દારૂ, માંસ અને વ્યભિચાર થતો હોય ત્યાં ચોરનો નિવાસ હોય છે. અને અધર્મ તથા અનીતિનું કુટુંબ પણ ત્યાં રહેતું હોય છે. ત્યાં ક્યારેય ધર્મ નિવાસ કરીને રહેતો નથી. ૨૬. સ્વામિનારાયણ સિવાયના જેટલા પાખંડ મત છે તે પાખંડ મત રંડીબાજ થઈ ગયા હોય છે. તેમજ ત્યાં મુખ્યપણે અધર્મ જ રહેતો હોય છે. ૨૭. દુનિયામાં

ભેખધારી ખાખીના જેવા કોઈ ત્યાગી નહિ હોય, પણ તેમાં અમુક પાખંડીઓ વિચારીને પનઘટ ઉપર જ સ્ત્રીનું ધ્યાન કરવા બેસે છે. ૨૮.

જે ખાખીઓ સ્ત્રીઓનો જોગ જોઈને જ પુરમાં રહેતા હોય તે અધર્મી થઈ જાય છે. પછી પોતાની સ્થાયી રહેણાંકની જગ્યા એવી રીતે બાંધે છે કે જ્યાં નારીની વ્યવસ્થા કરી શકાય. ૨૯. પોતાની જગ્યામાં પાણીનો એક કૂવો કરાવે. પછી ત્યાં રોજ પાણી ભરવા માટે સ્ત્રીઓ આવે. પેટ ભરવાનો જોગ સહેજે થાય અને બીજી બાબતના ભોગ પણ મળે. ૩૦. પાકું સીધું માગવા માટે લાલજીની સેવા રાખે. રોજ દૂધ અને દહીં માગીને ખાય. તે ઠાકોરજી રાખવાનું પ્રયોજન પણ એટલું જ હોય છે. ૩૧. માગી-ભીખીને ગુજરાન કરે, પણ ગાંજો પીધા વિના તો એક દિવસ પણ ચલાવે નહિ. સાપ કરતાં પણ ભારે તમોગુણી હોય અને વારંવાર મોઢેથી ગાળ બોલ્યા કરે.૩૨. ગાળો બોલે તે ભારે સિદ્ધ કહેવાય. સ્મશાનની રાખ હોય તે લાવીને શરીરે ચોળે. જે પશુની જેમ નગ્ન રહે, તેને અજ્ઞાની લોકો મોટો સિદ્ધ માને છે. ૩૩.

જે મંત્ર-તંત્રને જાણે તથા દોરા-ધાગા કરી આપે, તેને નર તથા નારીઓ વધારે સેવે છે. જે પુત્ર વગરનાને પુત્ર આપે તેને તો તેઓ પોતાનું સર્વસ્વ આપી દેતા હોય છે. ૩૪. સ્વામિનારાયણના આશ્રય વિનાના જે અમુક લોકો છે તે એવા અસત્પુરુષને સેવે છે. આવી રીતે નવાબે શ્રીહરિના આ સત્સંગને સાક્ષાત્ શુદ્ધ ધર્મ જોઈને ઘણી વાતો કરી હતી. ૩૫. હરિભક્તો શ્રીહરિની પાસે આવીને નવાબનો જેવો ભાવ હોય તે બધું કહેતા. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘સુકૃત વિના આવા વચન લેશમાત્ર પણ ક્યારેય બોલી શકાય નહિ.’ ૩૬.

શ્રીહરિએ આટલી વાત કરી. પછી સંતોને જમવા બોલાવ્યા. મંડપમાં સંતોની પંગત કરી અને પોતે તેમને પીરસવા માટે આવ્યા. ૩૭. સંતો જ્યાં સુધી જમતાં રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફર્યા. ભક્તોને પ્રેમ ઉપજાવવા માટે શ્રીહરિએ લલાટમાં ચંદનનો લેપ કરાવ્યો હતો. ૩૮. ભક્તોએ ફૂલના હાર પહેરાવીને ફૂલની ટોપી મસ્તકે ધરાવી હતી. બંને હાથે ફૂલના બાજુબંધ અને પહોંચીઓ બાંધી હતી. ૩૯. બંને કાનમાં ફૂલોના બે ગુચ્છ ધારણ કર્યા હતા. તેમ જ અત્યંત સુગંધીમાન ચંદન ચરણોના ઉપર ચરચ્યું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'સત્સંગ બાબતમાં નવાબનું મંતવ્ય અને શ્રીહરિએ સંતોને જમાડ્યા' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર અગિયારમું : તરંગ - ૬૪

અભયનૃપના પ્રસંગે મયારાણી અને કુશળકુંવરબાઈને યાદ કર્યા

શ્રીહરિની પ્રસાદીનું કેસરયુક્ત ચંદન સંતોના શરીર ઉપર અને લલાટમાં સુંદર રીતે ચરચ્યું. ૧. અને ફૂલના સુંદર હાર લઈને સંતોની છાતી ઉપર પહેરાવ્યા. શ્રીહરિની સાથે રહેલા પાર્ષદો અને દરબારોને પણ તે રીતે જ ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૨. શ્રીહરિ જ્યારે જ્યારે આવી દરબારોની પૂજા થાતી ત્યારે ગઢપુરના દરબાર એભલ ખાચરને જીવા ખાચર આદિક બીજા બધા દરબારોથી પ્રથમ પૂજાવતા હતા. ૩. કારણ કે, દરબાર એભલ ખાચરે પોતાના ઘરની જે કાંઈ સમૃદ્ધિ હતી તે સર્વસ્વ શ્રીહરિને આપ્યું હતું. તેને વિચક્ષણ દરબાર જીવા ખાચર અને બીજા બધા દરબારો પણ જાણતા હતા. ૪. **બીજા દરબારો ઘણા હરિભક્ત થયા હતા. તેઓ શ્રીહરિની અને સંતોની સેવા પણ ઘણી કરતા. પણ તેઓએ સંબંધીઓમાં વધારે હેત રાખ્યું હતું. તેથી શ્રીહરિને કોઈ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી શક્યા ન હતા. ૫.**

તેઓ સગા-સંબંધીઓની સાથે જેવું હેત રાખે તેવું હેત શ્રીહરિની અને સંતોની સાથે નહોતા રાખતા, તોપણ શ્રીહરિ તેમના ઉપર રાજી રહેતા હતા. પણ સર્વસ્વ સમર્પણ કરનારાના ઉપર જેવા પ્રસન્ન રહેતા તેવા ન રહેતા. ૬. ધરમપુરના રાણી કુશળકુંવરબાઈ નામે હતા. જ્યારે તેઓ હરિભક્ત થયા ત્યારે તેમણે શ્રીહરિને ધરમપુર બોલાવ્યા. તેમની રાજગાદી બે લાખની હતી. ૭. તેણે શ્રીહરિનું સન્માન બહુ કર્યું. તેઓ ઘણા જ વૃદ્ધ થઈ ગયા હતા. પોતાના દીકરાના દીકરા એક જ હતા, તે ઘણા નાના હતા. ૮. તેમને પોતાનાં શરીરનું મૃત્યુ સમીપ આવી ગયું હોય તેમ જણાયું. જ્યારે મૃત્યુ મૂર્તિમાન દેખાયું ત્યારે શ્રીહરિએ તેને દિવ્યજ્ઞાન આપ્યું. ૯. તેણે પોતાના

દીકરાના દીકરા (પૌત્ર)ને સ્વચ્છંદી થઈ ગયેલો દેખ્યો. ત્યારે આ રાજ્ય કરવાને યોગ્ય નથી એમ જાણીને રાજ્ય શ્રીહરિને અર્પણ કરવા માટે તૈયારી કરવા લાગ્યા. ૧૦.

અંતર્યામી શ્રીહરિવરે તે બધું તરત મનમાં જાણી લીધું. મહારાષ્ટ્રના વિપ્ર જનુબા નામે તેના દીવાન (અમાત્ય) હતા. ૧૧. શ્રીહરિએ તેને પોતાની પાસે બોલાવ્યા. તેને વાત પૂછી અને તપાસ કરી ત્યારે તે દીવાન નિષ્પાપ ભાવે બોલ્યા, “મહારાજ, આ રાજ્ય આપને સમર્પણ કરવાની તૈયારી ચાલે છે.” ૧૨. શ્રીહરિ તે વાત સાંભળીને તત્કાળ ઉદાસ થઈ ગયા. પછી તો થોડા દિવસ રહીને ચાલવા તૈયાર થયા. ૧૩. ત્યારે રાણીને અને દીવાનને આ વાત ઘણી આશ્ચર્યકારી લાગી. અરે, રાજ્યની પ્રાપ્તિને માટે તો બધા જોગીઓ તપ કરતા હોય છે. ૧૪.

આ શ્રીહરિ બીજા જોગી જેવા નથી. જ્યારે કામ પડે ત્યારે ખબર પડે છે. તેમને મનમાં ઘણો પશ્ચાત્તાપ થયો. શ્રીહરિને થોડું વધારે રોકવા-મનાવવામાં ઘણું કષ્ટ પડ્યું. ૧૫. શ્રીહરિ જ્યારે વનમાં ફરતા હતા ત્યારે ચાતુર્માસ રહેવા માટે બુટોલપુર રાજાના રાજદરબારમાં મયારાણીને ભવન રોકાયા હતા. ૧૬. શ્રીહરિની અપાર વિશાલ બુદ્ધિ જોઈને તે વિચક્ષણ રાણીએ કહ્યું, જોગી, સાંભળો. તમે તો ઘણા નાના અને કુમાર વયના છો. જુવાની અવસ્થા તો અપાર સમુદ્રના જેવી છે. ૧૭. જ્યારે તમે જુવાનીમાં પ્રવેશ કરશોને, ત્યારે તમારો આ વૈરાગ્ય લેશમાત્ર પણ નહિ ટકે. ત્યારે તમારું મન કોઈ જુદાં જ સંકલ્પ કરશે. જુવાન અવસ્થા ઘણી બળવાન હોય છે. ૧૮.

દર વર્ષે ચાતુર્માસ કરવા માટે અહીંયાં મોટા મોટા સિદ્ધો આવે છે. કેટલાક તો દિગંબર અથવા માત્ર લંગોટ બાંધનારા હોય છે. કોઈ મોટા ખાખી કહેવાતા હોય છે. ૧૯. તેઓ અહીંયાં રોજ પાકી રસોઈ જમે. તેનાથી તેનાં શરીર લાલચોળ થઈ જાય છે. તેઓ માત્ર પેટ ભરવા ખાતર જ જ્ઞાન અને ધ્યાન કરે અથવા શરીર ઉપર ખાખ (રાખ) ચોળે. ૨૦. તેમને દેહદમનની રીત આવડતી નથી તેથી અત્યંત મસ્તાના-અનિયંત્રિત (બેકેદ) થઈ જાય છે. પછી ગૃહસ્થ સ્ત્રીઓને રોજ પોતાની સેવા કરવા બોલાવે. ૨૧. તે ખાખી

સાધુ પોતાની પાસે જે ધન રાખતા હોય, તે સેવા કરનારી સ્ત્રીઓને આપે. જગતના લોકોને તેવા ખાખીનો અવગુણ-અભાવ આવે નહિ. કારણ કે તેઓ સહુને ભક્તમાળ ગ્રંથ સંભળાવતા હોય છે. ૨૨.

અને તેઓ એમ કહે કે, શાસ્ત્રમાત્રનું જે રહસ્ય જ્ઞાન છે તે આ એક ભક્તમાળમાં લખ્યું છે. જેને પોતાના જીવાત્માનો ઉદ્ધાર કરવો હોય, તેણે આ ભક્તમાળમાં જેમ કહ્યું છે તેમ કરવું જોઈએ. ૨૩. ભગવદ્‌ગીતાનું પણ જે રહસ્ય છે તે બધું ભક્તમાળ ગ્રંથમાં રહ્યું છે. ભક્તમાળમાં કહ્યા પ્રમાણે જે વર્તે છે તે પાકો ભક્ત કહેવાય છે. ૨૪. વર્તમાન કળિયુગમાં ભક્તમાળ ગ્રંથ જ મૂર્તિમાન ભક્તિ છે. જે સંતની સેવા કરે છે તેને જમ-કાળ પણ પકડી શક્તો નથી. ૨૫. જીવના કલ્યાણનાં જે સાધન, ચાંદ્રાયણ અને તપ્તકૃચ્છ્ર ઈત્યાદિ છે, તે બધા ભક્તિમાં જ લીન થઈ ગયા છે. તેને જે બુદ્ધિશાળી હોય તે જ જાણે છે. ૨૬.

હે વર્ણી ! તમે પણ મોટા થઈને તે ખાખી વગેરે સિદ્ધ જેવા થઈને લોકોને એવો બધો ઉપદેશ-બોધ કરશો, અમે તે જાણીએ છીએ. તેથી અહીંયાં આપને રાખીએ છીએ તો હવે સુખેથી રહો. ૨૭. આપ જેવી કહો તેવી સ્ત્રી આપને અમે તત્કાળ પરણાવીએ અને આ બધું જે રાજપાટ છે તેના આપને મુખ્ય કરી દઈએ. ૨૮. મયારાણીએ જે જે વચન કહ્યા, તે બધાને વર્ણીરૂપ શ્રીહરિએ સાંભળ્યા. રાણીએ જે ભેખધારીઓની વાત કહી તેને તો શ્રીહરિએ ભેખધારી ભેળા રહીને સાક્ષાત્ દેખી પણ ખરી. ૨૯.

વર્ણીએ રાણીને ત્યારે એવું કહ્યું કે, હું એવું આકરું તપ કરીશ કે મારા શરીરમાં રુધિરનું ટીપુંએ રહેવા નહિ દઉં. કળિયુગમાં કામે ઘણા જોગીને જીતી લીધા છે અને તેમનું ઘણું બગાડી નાખ્યું છે. ૩૦. જે લોકો ઘરને તજી દઈને ભેખધારી થાય છે તે બધાને ખરેખર કામવાસના ખુવાર કરી નાખે છે. તે કામનો જે રીતે નાશ થાય તે રીતે હવે હું તપ કરીશ. ૩૧. નરનારાયણ ભગવાને કામને વશ કર્યો છે. તે કામને વશ કરવાની રીત તેમણે અમને શીખવી છે. વળી, તેમણે અમને વરદાન પણ આપ્યું છે કે, તમારા હૃદયમાં ક્યારેય કામ વ્યાપશે નહિ. ૩૨.

चोपाई :

नारी मात्र को तन हि जेहा, काम को क्षेत्र हे सो तेहा;
वस्तु विचार न जानत जेहु, काम भोग कु इच्छत तेहु...३३
पाप दोष दुःख रोग हि जितना, काम में सो रहे हे तितना;
नाक कान विन नर त्रिय जेते, जग में प्रगट देखावत केते...३४

સ્ત્રીમાત્રનું શરીર કામને વ્યાપવાનું ક્ષેત્ર છે. જે મનુષ્ય વસ્તુના વિચારને જાણતો નથી, તેથી તે કામભોગને ચાહે છે. ૩૩. પાપ, દોષ, દુઃખ અને રોગ, એ બધા જેટલા છે તે કામમાં રહ્યા છે. નાક અને કાન વિનાના જે પુરુષ અને સ્ત્રીઓ જગતમાં દેખાય છે. ૩૪. તે બધાને લીધે જ કામદોષ રહ્યો છે. એ બધા કામમાળનાં જ ફળ છે. ભગવાનના ખરા ભક્તોની ઓથ લઈને કામીપુરુષોએ કામમાળની રચના કરી છે. ૩૫. જે પાપમાત્ર કહેવાય છે તે બધા કામભોગમાં રહ્યા છે. કામી મનુષ્યોએ, કામ કહીએ તો દોષ લાગે એવું વિચારીને સેવામાં દોષ લાગે નહિ, એમ કહીને કામને પેસાડી દીધો. ૩૬.

દોષને લીધે તે અમુક ભેખધારી અંધ થઈ ગયા. તેમને કામમાળરૂપ દીવો મળી ગયો. એટલે પતંગિયા જેવા થઈને પાપરૂપ કૂવામાં જઈને પડે છે. ૩૭. વાસણમાં હળાહળ ઝેર ભરી દીધું અને તેના ઉપર ઘી જેવો દેખાવ કર્યો. પછી તો તેને જે ખાય તે મરે, એવું બધું કર્યું છે. ૩૮.વિચક્ષણ વર્ણીરૂપ શ્રીહરિ વગર કહ્યે મયારાણીના રાજભવનથી એકલા જ ચાલી નીકળ્યા. પછી ઉગ્રતપ કરીને શરીરને ક્ષીણ કરી દીધું- સૂકવી નાખ્યું. ૩૯. **શરીરને અત્યંત કૃશ કરીને-સૂકવી નાખીને ઘણાં જ વન અને તીર્થોમાં ફરતાં ફરતાં લોજપુરમાં આવ્યા અને ત્યાં નિષ્કામી સંતોને દેખીને રહી ગયા.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'અભયનૃપનાં સમર્પણને પ્રસંગે મયારાણી અને કુશળકુંવરબાઈને યાદ કર્યાં' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર અગિયારમું : તરંગ - ૬૫

મતપંથીઓના ઉપદ્રવ સામે શ્રીહરિએ સંતોને વચનરૂપી હથિયાર આપ્યાં

શ્રીહરિએ ઘણા પ્રેમભાવથી જે રીતે સંતોને જમાડ્યા હતા તેવા જ ભાવથી દરબારોને અને પાર્ષદોને પણ જમાડ્યા. ૧. સંતો, પાર્ષદો અને દરબારો, જ્યારે સહુ જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ દેશેદેશના બધા હરિભક્તોને બોલાવ્યા. ૨. સંતો જે જગ્યાએ જમ્યા ત્યાં ચોકો સુંદર સ્વચ્છ કરાવીને વિપ્ર સિવાયના બીજા ભક્તોને બેસાડીને સહુને જમાડ્યા. ૩. સહુ સહુને મળતા વ્યવહાર જોઈને ક્ષત્રિયોની સાથે ક્ષત્રિયોને અને વૈશ્યોની સાથે વૈશ્યોને જમવા બેસાડ્યા. ૪. વણિકની સાથે જે મળતા આવે તેને તેની સાથે અને કણબીની સાથે જે મળતા આવે તેને પણ તેની સાથે જમાડ્યા. ૫. જેની સાથે જે જમવાના વ્યવહારમાં મળતા આવતા હોય, તેને તેમાં બેસાડ્યા. સચ્છૂદ્ર અને અસચ્છૂદ્રની વિગત કરીને તે પ્રમાણે તેમને પણ જમવા બેસાડ્યા. ૬.

કેટલાક યવનો પણ ધર્મ પાળતા હતા. જેમ કે, ખોજા, પઠાણ, સિંધી અને જત વગેરે શ્વપચ સુધીના કે જેઓ સત્સંગના ધર્મ-નિયમ રાખતા હતા, તે સહુને જેની જેવી રીત હોય તે પ્રમાણે જમવા બેસાડ્યા. ૭. સંતો જમ્યા તે પહેલા વિપ્રો જમી રહ્યા હતા. જ્યારે વિપ્રો જમી રહ્યા પછી જોઈ વિચારીને બીજાઓને પણ જમવા બેસાડ્યા. ૮. વર્ણાશ્રમના ધર્મો જેવા હોય તેવા વેદ, પુરાણમાં લખ્યા છે. સત્સંગની રીતે સંપૂર્ણ વર્તી શક્તા હતા તે બધાએ અધર્મ દૂર કર્યો હતો. ૯. જેને ધર્મ પાળવાની રુચિ હોય તેઓને જ સત્સંગ થતો. જેને ભગવાનનો આશ્રય ન હોય, તેવા લોકો જ ખરેખર વર્ણ અને આશ્રમથી નીચ કહેવાય છે. ૧૦.

એમ છતાં શ્રીહરિ જેનો જેવો લોક વ્યવહાર હોય, જેનો જેવો ધારો હોય તેને તે પ્રમાણે રાખતા. મતપંથીઓમાં જે બધું એકાકાર થઈ ગયું હતું. તે શ્રીહરિને ગમતું નહિ. ૧૧. જગતમાં કેટલાક ધર્મો વર્ણાશ્રમનો ધર્મ માત્ર

ઉપલક દેખાડતા હોય છે. તે અન્ય ધર્મોના લોકો જ્યારે સત્સંગી થતા ત્યારે તેઓ બોલતા કે, ખરેખર ધર્મમાં તો અમે હવે આવ્યા છીએ. ૧૨. આ રીતે જે જે જમવા બેઠા તે બધાને જમાડ્યા પણ સીધું ઘણું વધ્યું. પછી તો શ્રીહરિએ સહુને બે દિવસ વધારે જમાડ્યા. ૧૩. જે હરિભક્તો આ સમૈયામાં આવ્યા હતા, તેમણે શ્રીહરિની પૂજા કરી. જૂનાગઢમાં આ રીતે સાત દિવસ રહ્યા. પછી ક્ષેમકુશળ સહુ ચાલ્યા. ૧૪.

શ્રીહરિએ કચ્છના હરિભક્તોને પોતાની પાસે બોલાવ્યા અને તેમને પોતાના દેશ કચ્છ જવાની આજ્ઞા કરી. ૧૫. હાલારના જે હરિભક્તો હતા, તેમને કચ્છના ભક્તોની સાથે ચાલવાનું કહ્યું. તેઓ સહુ શ્રીહરિને પગે લાગીને ચાલતા થયા. ૧૬. ગોંડળના રાજા હઠીભાઈને પણ ગોંડળ જવા માટેની આજ્ઞા કરી. વાગડના હરિભક્તોને પણ પોતાને ઘેર જવા વિદાય આપી. ૧૭. ઝાલાવાડના જે હરિભક્તો હતા તેમને પણ બોલાવીને ઘેર જવા રજા આપી. અને સોરઠના હરિભક્તોને પણ ઘેર જવા માટેની આજ્ઞા કરી. ૧૮.

પચાસ કે સાઠ જેટલા સંતો કે જેઓ ઉત્તર હિંદુસ્તાનના હતા, તે બધાને આજ્ઞા-વચનમાં વર્તવાની ભલામણ કરી ને સોરઠ પ્રદેશમાં ફરવા મોકલ્યા. ૧૯. તે સંતોને વચનરૂપી બંદૂક, ઢાલ અને તલવાર અપાવ્યા. કારણ કે, અધર્મી વેરાગીઓ આપણા સંતોનો બહુ દ્રોહ કરી હેરાન કરતા હતા. ૨૦. શ્રીહરિનો અભિપ્રાય તો તે બધા અધર્મી દ્રોહીઓના મૂળ ઉખેડી નાખવાનો હતો. કારણ કે, તે વેરાગીઓએ આપણા બે-ત્રણ સંતોને તો જાનથી મારી નાખ્યા હતા. ૨૧. સંતોએ ત્યાંના રાજા, મંત્રી અને પટેલોને તે વેરાગીઓએ કરેલા ઉત્પાતની વાત સંભળાવી, પણ તે બધાએ સંતોની વાત સાંભળી નહિ અને ઊલ્ટાનું ઘસાતું બોલવા લાગ્યા. ૨૨. “તમે બધા ભેખધારીઓ અંદરોઅંદર સમજી લો. ભેખને અમારાથી કાંઈ કહી શકાય નહિ. અમે જો ભેખધારીને કાંઈ કહેવા જઈએ, તો તેઓ અમને શાપ દે.” ૨૩.

રાજા, મંત્રી અને પટેલ, સહુએ જ્યારે આવું કહ્યું; ત્યારે સંતો બોલ્યા, અમે તો સાધુ છીએ અને જે અસાધુઓ છે તે અમને મારે છે. ૨૪. ભગવાને તમને ગામ, ગરાસ અને જમીન જે આપી છે તે સાધુઓની રક્ષા કરવા

આપી છે. પણ અત્યારે તમે ભાન ભૂલી ગયા છો. ૨૫. ગામ, ગરાસ કે આ શરીર, બધું જ પરમેશ્વરના હાથમાં છે. અમે તેમના સાધુ છીએ પણ તમે તે બાબતને સમજતા નથી. ૨૬. ત્યારે તે રાજા, મંત્રી અને પટેલોએ સંતોને કહ્યું, તમારામાં જેટલું બળ હોય, સામર્થ્ય હોય તેને વાપરો, તેનો સામનો કરો. ૨૭. અત્યારે તો તમે તમારા સ્વામિનારાયણને પરમેશ્વર કહો છો. એવા તો પરમેશ્વર ઘેરઘેર થાય છે. અમે તેને ભગવાન માનતા નથી. ૨૮.

તમારા સ્વામિનારાયણ જો સાચા પરમેશ્વર હશે તો અત્યારે અમારા ગામ અને ગરાસનો નાશ કરે - લઈ લે, તો તે સાચા. ૨૯. ત્યારે સંતોએ કહ્યું, 'અમારા પરમેશ્વર તો જેને આપે છે તેને ક્યારેય પાછું લેતા નથી. ભગવાનનો એવો સ્વભાવ છે. ભલે તમે લોકો પરમેશ્વરનો સ્વભાવ તમારાં પોતાના જેવો માનતા હોવ. ૩૦.

❋ શ્રીજી - સંતની કરૂણા :

ચોપાઈ :

कोटि करे अपराध जन वाके, तोहु श्रेय विचारत ताके;
कोई को बुरो कोई काला, करत नहिं संकल्प तत्काला...३१
हरि के संत हम कहावत जेते, कोई को बुरो न इच्छत तेते;
कोई को करे बुरो जाही, सत्पुरुष हम कहत न ताही...३२

ભગવાનના કોઈ કરોડો અપરાધ કરે તોપણ પરમેશ્વર તો તેનું હિતચિંતન જ કરે છે. તેઓ કોઈનું ભૂડું થાય એવો સંકલ્પ તત્કાળ નથી કરતા. ૩૧. અમે તે પરમેશ્વરના સંત કહેવાઈએ છીએ એટલે અમે કોઈનું ભૂંડું ઈચ્છતા નથી. સંત થઈને જે કોઈનું ભૂંડું કરે, તો અમે તેને સત્પુરુષ કહેતા નથી. ૩૨. સંત થઈને જો તે કોઈનું તત્કાળ બૂરું કરે તો અમે તેને પૂરો અસત્પુરુષ કહીએ. સંતોનો ગુણ ક્ષમા છે. જે ક્ષમા રાખે તે જ શ્રેષ્ઠ છે અને અનુપમ-અદ્વિતીય છે.' ૩૩. ત્યારે તે રાજા, મંત્રી અને પટેલોએ કહ્યું, તમે વાત તો અતોલ-અજોડ કરો છો અને ક્ષમાવાળા થઈને કેમ તમે અહીંયાં આવ્યા છો ? અમને તમારી વાત માન્યામાં આવતી નથી. ૩૪. જો તમે અમને

કાંઈ તમારો પ્રતાપ દેખાડો, તો અમે તરત જ તમને માનીએ. ત્યારે સંતો કહે, તમે અવિચળ રહો, અમને જે કષ્ટ પડશે તેને અમે સહન કરી લેશું. ૩૫. આવું કહીને સંતો તો ચાલતા થયા. ત્યારે રાજાએ કહ્યું, તમે હથિયાર રાખો. હથિયાર તમારી મદદ કરશે. અત્યારે પ્રતાપ હથિયારમાં આવ્યો છે. ૩૬.

આવી રાજાએ કહેલી બધી વાતોને સંતોએ શ્રીહરિ પાસે આવીને કહી. તે વાત સાંભળ્યા પછી શ્રીહરિએ પ્રકરણ ફેરવ્યું. ૩૭. **શ્રીહરિએ સંતોને કહ્યું, "હે સંતો ! તમે સહુ લોકોનો ઉદ્ધાર કરવા માટે અમારાં વચનરૂપી હથિયાર બાંધજો.** ૩૮. **હું તમને આ રીતે વર્તાવું છું તેનું પ્રયોજન અધમ જીવોનો મોક્ષ થાય એ જ છે. કેમ જે, સંતોના શુભ વર્તનને દેખીને જીવો જન્મ-મરણથી છૂટી જાય છે.** ૩૯. માટે સંતો ! તમારું હથિયાર અમારું આજ્ઞા-વચન જાણજો." ત્યારે સંતોએ કહ્યું, અમે આપનાં આજ્ઞા-વચન સિવાય કોઈનો સંગ રાખશું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ વેરાગીઓના ઉપદ્રવ સામે સંતોને વચનરૂપ હથિયાર બંધાવ્યા' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ।।૬૫।।



પૂર અગિયારમું : તરંગ - ૬૬

મનરૂપી શત્રુને ઓળખવો અને જીતવો, એવી શ્રીહરિએ વાત કહી

શ્રીહરિ ચૈત્ર વદિ ચોથને દિવસ જૂનાગઢથી ચાલ્યા. ભક્તજનોને હેત વધારવા માટે જે રીતે આવ્યા હતા તે રીતે જ પુરના રાજમાર્ગ ઉપર નીકળ્યા. ૧. નવાબે ઘણા જ ભાવથી ડંકા અને નિશાનની સાથે પોતાની બધી સવારી મોકલી. તેથી અદ્‌ભુત શોભા થઈ હતી. ૨. આગળના ભાગમાં અપાર વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ હાથી ઉપર બેઠા. ચોપદાર છડી બોલતા હતા અને બધા સંતો ધોળ રાગનાં કીર્તન ગાતા હતા. ૩. હાથી ઉપરની અંબાડી મોતીથી જડાઉ હતી. અંબાડીમાં અધવચ્ચે શ્રીહરિ બેઠા હતા અને દરબાર ઝીણાભાઈ અત્યંત ભક્તિભાવથી ચામર કરતા હતા. ૪.

શ્રીહરિ જ્યારે બરાબર રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે લોકોની ભીડ ઘણી જ થઈ હતી. કોઈ વૃદ્ધ કે બાળક ઘરમાં રહ્યાં જ નહિ, તેથી બજારમાં લોકોની ઠઠ જામી ગઈ હતી. ૫. શ્રદ્ધા-ભાવવાળા લોકો ફૂલહાર લાવીને પહેરાવતા અને પુરની ભાવિક સ્ત્રીઓ મોતીના થાળ ભરીને લાવી હતી તે શ્રીહરિને વધાવતી હતી. ૬. લોકો જે શ્રીફળ લાવતા, તેનો તો કોઈ પાર જ ન હતો. મેવા અને મીઠાઈ પણ અપાર લાવ્યા હતા. આગળ ચાલતા અવિનાશી શ્રીહરિ નવાબના બંગલા પાસે પહોંચ્યા. ૭. નવાબ મસ્તક ઉપર ઊંચા હાથ કરીને પગે લાગ્યા. ફૂલના હાર ઘણા જ મગાવી રાખ્યા હતા. તેથી પાસે રહેલા નાગર દીવાનને હાથે ઉમંગથી શ્રીહરિને પહેરાવ્યા. ૮. બીજું પણ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. બધી વાત કહી શકાતી નથી. જેણે દેખ્યું હોય તેઓ જાણતા જ હોય છે. આ એક વાત જ અપાર રહી છે. ૯.

આ બ્રહ્માંડની જેટલી આવરદા છે, ત્યાં સુધી કહેતા રહીએ તોપણ પાર પમાય તેમ નથી. એટલા માટે જ આ વાતને સંક્ષેપથી કહું છું. કારણ કે, મારી પોતાની આયુષ્યનો હવે વિશ્વાસ નથી રહ્યો. ૧૦. શ્રીહરિનાં ચરિત્રોને હું જે કહું છું, તે સંક્ષેપથી જ કહું છું. શ્રીહરિ જેતપુરને દરવાજેથી શહેર બહાર નીકળ્યા. ૧૧. હાથી ઉપરથી ઊતરીને અશ્વ ઉપર બેઠા. બધી સવારીને પાછી વાળી. સવારીમાં જે જે આવ્યા હતા તે બધાને શ્રીહરિએ રાજી કર્યા. ૧૨. હરેકને એક એક શ્રીફળ અને ફૂલહાર આપ્યો. દીવાનને પાઘ અને સરદારોને વસ્ત્ર આપ્યાં. ૧૩. હજી દિવસ બે ઘડી (૪૮ મિનિટ) જ ચઢ્યો હતો. ત્યારે શહેર બહાર આવી ગયા હતા. કેટલોક સંઘ સાથે હતો. બધા **વડાળ** આવ્યા. ૧૪.

કાઠિયાવાડના બધા હરિભક્તો, મોટામોટા દરબારો, એભલ ખાચર અને જીવા ખાચર વગેરે સહુ સાથે હતા. ૧૫. ભાલ, ગુજરાત અને ચરોતરના બધા હરિભક્તો હતા તે સુખદાયક શ્રીહરિની સાથે ચાલતા હતા. ૧૬. વાકળ અને કાનમના હરિભક્તો પણ શ્રીહરિની સાથે હતા. ગોહિલવાડ અને વાળાકના હરિભક્તો પણ શ્રીહરિની સાથે જ ચાલ્યા હતા. ૧૭. ભક્તજનોને અપાર આનંદ કરાવતા ધર્મકુમાર શ્રીહરિ બધા સંઘની સાથે ચાલ્યા. વડાળથી

બે કોશ જેટલું ચાલ્યા હશે, ત્યારે ત્યાં વચ્ચે એક નદી આવી. ૧૮. ત્યાં ઊતરીને નાહ્યા. સહુને પાસે જે ટીમણ હતું તે કર્યું. શ્રીહરિએ જ્યારે ટીમણ કર્યું ત્યારે બધા સંઘમાં પૂછાવ્યું. ૧૯. કોઈની પાસે ટીમણ ન હોય તો મને કહેવું. એમ કહીને જે સુખડીના લાડુ હતા તે બધા સંઘમાં ફેરવ્યા. ૨૦.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

જેને ટીમણ થઈ રહ્યું હતું તે હરિભક્તોએ ટીમણ લીધું. શ્રીહરિના સમાન કોઈ દાતાર નથી, આપનારો નથી. કારણ કે, તેઓ જ સર્વે જનોનું પ્રતિપાલન કરી રહ્યા છે. ૨૧.

ચોપાઈ :

काठि की अति करे प्रतिपाला, कुटुंब की एसि न करे दयाला;
निज कुटुंब काठि कु माने, बडे बडे भूप सब हि जाने...२२

દયાળુ શ્રીહરિ પોતાના કુટુંબની પણ સંભાળ ન લે તેવી કાઠી દરબારોની અતિ સંભાળ રાખતા હતા. શ્રીહરિએ કાઠીઓને પોતાના કુટુંબ સમાન માન્યા હતા. તે વાત બધા મોટા મોટા દરબારો પણ જાણતા હતા. ૨૨. **સહુ એમ કહેતા કે, આ વેળાએ શ્રીહરિવરે કાઠીઓને ઘણું બધું સુખ આપ્યું છે. પ્રહ્લાદજી, હનુમાનજી અને પાંડવો, એ જે મોટામાં મોટા ભક્તો થઈ ગયા છે તેમને પણ આ સમયના કાઠીઓના જેવું સુખ મળ્યું નથી. આવું સુખ તેમને આપ્યું છે.** શ્રીહરિ ત્યાંથી ચાલ્યા પછી એક રાત **ભેંસાણ**માં રહ્યા. ૨૩-૨૪. ત્યાંથી પણ સવારમાં જ ચાલતા થયા વચ્ચે ટીમણ કર્યું. ત્યાંથી આગળ ચાલતા **ગોરવિયાળી** ગામ આવ્યું. દિવસ થોડો બાકી રહ્યો હતો. ૨૫.

તે ગામમાં ભગો અને મૂળો એવા નામના સગા બે ભાઈ કણબી પોતાના કુટુંબની સાથે રહેતા હતા. ૨૬. તેઓ બધા હરિભક્ત હતા. શ્રીહરિ અને સંઘ, બધા ત્યાં રોકાયા. ભગો અને મૂળો મનમાં ખૂબ જ રાજી થયા. તેમણે શ્રીહરિની અને સહુની સેવા કરી. ૨૭. તે બધા હરિભક્તો ધનાઢ્ય હતા. તેમણે શેરડીના વાઢ કર્યા હતા. તેથી શેરડીને કાપી ભર ભરીને લઈ આવ્યા. શ્રીહરિની આગળ બધી શેરડી ઉતારી. ૨૮. શ્રીહરિએ કહ્યું, સહુ

સંતો અને હરિભક્તો શેરડીનો એક એક સાંઠો લો. હાથમાં જે પહેલા આવે તે લઈ લેવો. સારો મોળો દેખવો નહિ. ૨૯. પછી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સહુએ શેરડી લીધી. બધા હરિવચનને આધીન હતા. જેટલા કાઠી દરબારો હતા તેમને શેરડી શ્રીહરિએ આપી. ૩૦.

ગોરવિયાળી ગામના બધા હરિભક્તોએ સાકરનો શીરો બનાવડાવ્યો. વર્ણી અને અન્ય વિપ્રો સહુએ મળીને રસોઈ કરી. સહુ પ્રથમ શ્રીહરિને જમાડ્યા. ૩૧. શ્રીહરિ જમી રહ્યા પછી સંતોને જમવા માટે બેસાડ્યા. પાર્ષદો અને દરબારો સહુને જમવા બેસાડ્યા. શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા. ૩૨. શ્રીહરિએ પહેલા સંતોને પીરસ્યું અને પછી દરબારોને પીરસ્યું. સહુના પછી બધા સંઘને જમવા માટે બેસાડ્યો. તેમને પીરસવા માટે વિપ્રો રહ્યા. ૩૩. જે જે નાત-જાતના હતા તે સહુને તે પ્રમાણે અલગ અલગ જમવા બેસાડ્યા. સંઘમાં જે જે આવ્યા હતા તેમાંથી કોઈ જમ્યા વિના બાકી રહ્યા નહીં. ૩૪. શ્રીહરિ ત્યાં રાત રોકાયા અને સવારે ચાલતા થયા.

मन को कयो न करे जेहू, एसे संत बडे हे तेहू...३५

मन पर वेर वेर सुरत रखावे, तब मन शत्रु कलेमें आवे;
दमे विन हाथि घोडे जेसे, मन शत्रु कु कहे हे तेसे...३६

શ્રીહરિ સંતોની આગળ બહુ વાતો કહેતા, “જે સંત મનનું કહ્યું ન કરે તે સંતને મોટા જાણવા. ૩૫. મન ઉપર વારંવાર ધ્યાન રાખવામાં આવે ત્યારે મનરૂપી શત્રુને કળી શકાય છે. મન જીવનું શત્રુ છે. તે દમ્યા વિનાના હાથી અને ઘોડાના જેવું કહેવાય છે. ૩૬. મનને વશ કરવાની રીત સંતો પાસેથી શીખવી. જો તે રીત શીખવામાં ન આવે તો મન રંગમાં ભંગ પાડી દે છે. બધા કામ બગાડી નાખે છે. ૩૭.

પંગતમાં પ્રભુઈચ્છાથી જે જે વસ્તુ પીરસાતી હોય તેને પોતાની ભૂખ પ્રમાણે તપાસ કરીને માપે લેવું. ૩૮. જે અને જેટલું મન માગે તે તેટલું માગીને લે અને મનને ન ગમે તે પંગતમાં ન લે, ૩૯. આવા જે સંત પંગતમાં દેખાય તેને તરત ઓળખી લેવા કે, તે મનને આધીન થયેલા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ મનને ઓળખવાની અને જીતવાની વાત સંતોને કરી' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર અગિયારમું : તરંગ - ૬૭

શ્રીહરિ ગઢપુરથી ઝીંઝાવદર થઈને કારિયાણી પધાર્યા

શ્રીહરિ ગઢપુર આવ્યા. તેના પહેલાની બે રાત વચ્ચેના ગામમાં રહ્યા. ગઢપુરમાં પણ બે દિવસ સુધી રહ્યા અને પછી ત્યાંથી ચાલ્યા. ૧. **નિંગાળા** આવીને ત્યાંની કેરી નદીમાં નાહ્યા. પછી ટીમણ કરીને ચાલ્યા. **ઝીંઝાવદર** ગામ આવ્યા. ૨. ત્યાં અલૈયા ખાચરે શ્રીહરિને રોક્યા. તેણે રસોઈ કરાવી. શ્રીહરિને અને સહુ સંઘને ત્યાં જમાડ્યા. ૩. ઘરમાં સહુ હરિભક્ત હતા. અલૈયા ખાચરના ભાઈ જેઠસુર ખાચર હતા. તેમણે સાકરનો શીરો કરાવ્યો. ૪.

ધર્મકુમાર શ્રીહરિ ઝીંઝાવદરમાં થોડું વધારે રોકાઈ પછી ત્યાંથી ચાલ્યા. **કારિયાણી** ગામ આવ્યા. ખબર મળ્યા એટલે બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ૫. કારિયાણીના હરિભક્તોએ શ્રીહરિનું ગઢપુરના હરિભક્તોની જેમ ઘણું સન્માન કર્યું. શ્રીહરિ જ્યારે ગઢપુરમાં આવતા ત્યારે ત્યાંના હરિભક્તો શ્રીહરિનું અત્યંત સન્માન કરતા હતા. ૬. દરબાર એભલ ખાચર અને દરબાર જીવા ખાચર એ બંને સર્વોપરિ હરિભક્ત હતા. જે હરિભક્ત જેવી ભાવનાવાળા હોય તે તેવું શ્રીહરિનું સન્માન કરતાં. ૭. હરિભક્તોએ શ્રીહરિનું જેટલું સન્માન કર્યું, તેનો કહ્યે પાર આવે તેમ નથી. આવી અપાર વાતને હું થોડા શબ્દોમાં બીજના રૂપમાં જ લખું છું. ૮.

એક એક ગામની વાત કહેતા કહેતા પાર આવતો નથી. એક ગઢપુર ગામની લીલાની વાતો જ લઈએને, તો તે આખા બ્રહ્માંડમાં માય નહિ. ૯. અક્ષર જેવા જો તેની વાત કહેવા માંડેને, તોપણ તે વાતનો ક્યારેય પાર લઈ શકે તેમ નથી. જેમાં જેટલી શક્તિ રહી હોય તે પ્રમાણે કવિ તેટલાં શ્રીહરિનાં ચરિત્રોને કહે છે. ૧૦. **જે શ્રીહરિનાં ચરિત્રોને કહેતા-સાંભળતા**

જ મૃત્યુ પામવું, તેને મરતા આવડ્યું કહેવાય. અને જે શ્રીહરિનાં ચરિત્રો કહે નહિ અને સાંભળે પણ નહિ, તેને બમણું કષ્ટ પડવાનું છે. ૧૧. જેટલા મનુષ્યો દુઃખી દેખાય છે તેઓએ શ્રીહરિનાં ચરિત્રોને સાંભળ્યા નથી. જેને શ્રીહરિનાં ચરિત્ર કરતાં બીજા પદાર્થ વધારે સારા લાગે છે, તે બધાને પ્રભુનાં ચોર જાણવા. ૧૨.

શ્રીહરિવર વારંવાર એક જળબિંદુમાંથી શરીર બનાવી આપે છે. જેના જેવા કર્મ હોય તેવા શરીરને તે પામે છે. ૧૩. જીવ બીજા અનંત શરીરોને છોડીને જ્યારે આવાં મનુષ્યશરીરને પામે, ત્યારે જો તેને સારા સત્પુરુષનો જોગ થાય તો તેને જ્ઞાન થાય છે. ૧૪. જ્યાં સુધી તેને સાચા સંત ન મળે ત્યાં સુધી તે દુર્લભ મનુષ્યશરીર પામીને પણ કુમાર્ગે ચાલે છે. અને જ્યાં સુધી ભગવાનનું ભજન કરતો નથી ત્યાં સુધી કોઈ દેવ બને કે દૈત્ય બને, બ્રહ્માના સમાન પણ થાય, તોપણ તેનાથી શું વળ્યું ? તે બાહ્ય મોટાઈથી સુખ થતું જ નથી. ૧૫-૧૬.

❋ સાચા જ્ઞાનીનાં લક્ષણ :

એક શ્રીહરિ વિના જ્યાં સુધી બીજામાં સુખ માને છે, ત્યાં સુધી તેને જન્મ અને મરણનું દુઃખ રહે છે. જેની જેવી રુચિ હોય છે તેવું તે દેખાડી દે છે. ૧૭. **ભગવાન સિવાયની જેટલી રુચિ, વાસના કે ઈચ્છાની ગંધ હોય છે, તેટલું તેને બંધન થાય છે.** અને જગતના જે જીવ છે તે અજ્ઞાનને પણ જ્ઞાન માની લે છે. ૧૮. જગતના જીવ તો એવા જ છે કે, તેઓ જગતની વાસનાવાળા હોવાથી સત્ય જ્ઞાનને અજ્ઞાન ઠેરાવી દે છે. પછી જ્યારે તેને સત્સંગ થાય છે ત્યારે તેનું અનાદિનું અજ્ઞાન નષ્ટ થઈ જાય છે. ૧૯.

ચોપાઈ :

अलोकिक दिव्य ज्ञान जब पावे, हरि विन ओरमें तब न बंधावे;
हरि विन ओर में बंधात जिहाँ लगहि, दिव्य ज्ञान न पाये तिहाँ लगही...२०

सुख मात्र कहावत जितना, हरि में सब ही देखे तितना;
सुप्न में ओर में सुख न माने, सो बंधन से छूटे सयाने...२१

हरि की मूर्ति रसरूप हि जाने, ता विन रस सब विष प्रमाने;
सरस हि गंध कहावे जितने, हरि की मूर्ति में देखे तितने...२२

જીવને જ્યારે ભગવાનનાં સ્વરૂપનું અલૌકિક-દિવ્ય જ્ઞાન થાય છે ત્યારે તે ભગવાન સિવાય બીજા કોઈ પદાર્થમાં બંધાતો નથી. જ્યાં સુધી જીવ ભગવાન સિવાય અન્યમાં બંધાઈ જાય છે ત્યાં સુધી તેને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું નથી, એમ જાણવું. ૨૦. જે કાંઈ પણ સુખમાત્ર કહેવાય છે તે બધું ભગવાનનાં સ્વરૂપમાં છે એવું જ્ઞાનીપુરુષો દેખે છે. ભગવાન સિવાય અન્યમાં સુખ રહ્યું છે, એવું જે સ્વપ્નમાં પણ ન માને તે સુજ્ઞ મનુષ્ય બંધનથી છૂટે છે. ૨૧. ભગવાન શ્રીહરિની એક મૂર્તિને જ અમૃત રસરૂપ માને, તેના વિના બીજા બધા જ રસને ઝેર સમાન સમજે. જેટલા સારા ગંધ છે તેપણ એક ભગવાનની મૂર્તિમાં જ રહ્યા છે એમ દેખે. ૨૨. મૂર્તિ વિનાનો જે ગંધ છે તે બધો દુઃખરૂપ બંધનકારી છે. અને જેટલાં સુંદર રૂપ છે તે બધાં ભગવાનની મૂર્તિમાં જ દેખાય,૨૩. તે રીતે સર્વોત્તમ શબ્દ અને સ્પર્શ પણ ભગવાનની મૂર્તિમાં જ રહ્યો છે, એમ સમજે. જે જ્ઞાની ભક્ત છે તે આવું જ્ઞાન સ્વપ્ન અને સુષુપ્તિ બે અવસ્થામાં અને મરણપર્યંત પણ ભૂલે નહિ. ૨૪.

આવા જ્ઞાનને જ્યારે વારંવાર મનન કરીને પાકું કરે ત્યારે તે જ્ઞાન પાકું થાય છે. પછી તે ફરીને ક્યારેય ભૂલાય નહિ. ૨૫. સાપ, સિંહ, ચોર, તીક્ષ્ણ હથિયાર, કૂવો, આગ અને ઝેર, ઈત્યાદિ બધી વસ્તુઓ અતિશય બળવાન અને ભયંકર છે. તેનું જેમ મનન થતાં જ્ઞાન થઈ ગયું છે તે જેમ ભુલાતું નથી તેમ જ આ જ્ઞાન પણ ભુલાય નહીં. ૨૬. તે ભુલાતું નથી, તેથી એ બધાનો ત્રાસ જીવમાં સહેજે સતત રહ્યા જ કરે છે, પણ તે ભય-ત્રાસ કેવળ દેહના નિમિત્તે છે. એ ભયંકર વસ્તુઓ પણ જીવનો નાશ કરી શક્તી નથી. ૨૭. આ જીવને અનંત જન્મથી દેહના સંગે કરીને દેહાભ્યાસ થઈ ગયો છે; તેથી જીવ દેહને બળીને ખાખ થતાં નજરે દેખે છે, છતાં દેહની આશા તેને છૂટતી નથી. ૨૮.

असत में सतता जिहाँ लगही, दुःख रहे अनंत तिहाँ लगही;
असत में सतता जिहाँ लग रहेउ, बंधन तितनो तिहाँ लग कहेउ...२९

बंधन तिहाँ लग दुःख अपारा, अज्ञानी जन न देखे लगारा;
अज्ञान तिहाँ लग संत की बाता, विष सम लगे अति दुःख दाता...३०

જ્યાં સુધી અસત્ય દેહાદિમાં સત્યતાની ભાવના રહે છે, ત્યાં સુધી જીવને અનંત દુઃખ રહે છે અને જીવને જ્યાં સુધી અસત્ય એવા દેહ કે દૈહિક પદાર્થમાં સત્યતા દેખાશે, ત્યાં સુધી તેને તેટલું બંધન રહેશે. ૨૯. જ્યાં સુધી બંધન છે, ત્યાં સુધી અપાર દુઃખ રહ્યું જ છે. તે દુઃખને અજ્ઞાની મનુષ્ય લગારેય દેખતો નથી. અને જ્યાં સુધી અજ્ઞાન હોય, ત્યાં સુધી સંતોની વાતો પણ તેને ઝેરનાં જેવી અત્યંત દુઃખદાયક લાગે છે. ૩૦. જ્યાં સુધી માણસમાં અજ્ઞાન ભર્યું હોય છે, ત્યાં સુધી તે સંતોને બાંધે, મારે અને ગાળો પણ દે છે; છતાં જે જ્ઞાની સંત હોય છે, તેનો કદાચ કોઈ કરોડગણો અપરાધ કરે, ૩૧. તોપણ તે અપરાધ કરનારાનું ભલું (શ્રેય) ઇચ્છે છે. કેમ જે, મોટા સંત જ્યાં સુધી જીવને અજ્ઞાન હોય ત્યાં સુધી તેને પશુવત્ માની દયા રાખે છે. આ વાત તો જ્ઞાની સંતની કહી છે. જેને સાંભળવાથી તેવા સંતની ઓળખાણ થાય છે. ૩૨.

હવે આગળ શ્રીહરિની વાત કહું છું. થોડી કહી છે અને ઝાઝી કહેવાની બાકી રહી છે. જ્યાં સુધી શ્રીહરિની મરજી હશે ત્યાં સુધી જે વાત સાંભરશે તે હું કહીશ. ૩૩. જીવનો અને દેહનો જે આ જોગ થયો છે તે તો શ્રીહરિનાં હાથમાં છે. એટલે જે શ્રીહરિનાં ચરિત્રોને વારેવારે દેખ્યા-સાંભળ્યા છે તેને સંભારી સંભારીને કહું છું. ૩૪. જેમ જેમ શ્રીહરિનાં ચરિત્રોને હું કહું છું તેમ તેમ હૃદયમાં શ્રીહરિ પ્રત્યે હેત ઘણું વધતું જાય છે. અને તે હેતે કરીને દિલમાં શ્રદ્ધા દિનપ્રતિદિન નવી ને નવી જ રહે છે. ૩૫. હું એક વાતને જ્યાં કહી રહું છું ત્યાં બીજી હજાર વાત પ્રકટ થઈ આવે છે. શ્રીહરિની આવી મરજી હશે તેથી વાતો પ્રકટ થઈને આવે છે. ૩૬.

શ્રીહરિની મરજી વિના કવિ જો ચરિત્રોને લખવા પ્રયત્ન કરે તો તેને એકપણ ચરિત્ર દૃષ્ટિમાં આવે નહિ અને ચરિત્રોને દેખ્યા વિના કઈ રીતે તે લખી શકાય ? ૩૭. નિર્બાધ રીતે શ્રીહરિનાં ચરિત્રોને જે લખવા તે ઘણું કઠણ કામ છે. શ્રીહરિના રાજીપા સિવાય તે લખી શકાય નહિ. તે પ્રત્યક્ષ

અનુભવથી દેખાય છે. ૩૮. શ્રીહરિ **કારિયાણી** પધાર્યા. તેને દેખીને ત્યાંના દરબારે સહિત બધા હરિભક્તો મનમાં અત્યંત પ્રસન્ન થયા. ૩૯. ઢોલ અને શરણાઈ આદિ વાજિંત્રો વગડાવ્યાં અને વિવિધ પ્રકારના કીર્તનો ગાયા. એમ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને ત્યાંના દરબાર માંચા ખાચરના ભવનમાં ઉતારો કરાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી ઝીંઝાવદર થઈને કારિયાણી પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર અગિયારમું : તરંગ - ૬૮

કારિયાણીથી નીકળેલા શ્રીહરિ કુંડળ થઈને પરબડીમાં બપોરે જમ્યા.

શ્રીહરિ કારિયાણીમાં રાત રોકાયા. હરિભક્તોને સુખ આપ્યું. વિચક્ષણ દરબારો અને કણબી વગેરે બહુ હરિભક્તો સેવા કરતા હતા. ૧. કારિયાણીથી સવારમાં ચાલ્યા. શ્રીહરિએ સંઘ સાથે લીધો હતો. **કુંડળ** ગામ આવ્યા. શ્રીહરિ ત્યાં સંઘની સાથે નાહ્યા. ૨. પટગીર કાઠી દરબારો ગામધણી હતા. બધા હરિભક્ત હતા. બધા મળીને શ્રીહરિની પાસે આવ્યા. ૩. બધા શ્રીહરિને પગે લાગ્યા. ઉતાવળી નદીમાં ઉતારો કર્યો હતો. ટીમણ કરીને તરત ચાલતા થયા. દરબારોએ રોકવાનો આગ્રહ તો ઘણો કર્યો હતો છતાં રોકાયા નહીં. ૪.

શ્રીહરિ **ભીમનાથ** થઈને ચાલ્યા પછી **પરબડી** ગામ આવ્યા. તળાવને કાંઠે વડલા અને બીજા પણ ઘણા ઝાડ હતાં ત્યાં ઊતર્યા. તડકો ઘણો થઈ ગયો હતો. ૫. તળાવ કાંઠે બધા સંઘે રસોઈ કરી અને વર્ણીએ પણ તે વખતે શ્રીહરિને માટે થાળ બનાવ્યો. શ્રીહરિએ સ્નાન કર્યું અને થાળ જમ્યા. વડલાની હેઠે બેઠક કરાવી હતી. ૬.સંઘમાં વિપ્રોએ જે જે રસોઈ બનાવી હતી તેમાંથી થાળ ભરી ભરીને શ્રીહરિની પાસે લાવ્યા. ભરેલા થાળ જોઈને શ્રીહરિ હસ્યા. જેટલા થાળ લાવ્યા હતા તેટલા બધા શ્રીહરિ જમ્યા. ૭. થાળ જમ્યા પછી જે ભોજન વધ્યું તે બધું સાથે આવેલા કાઠી દરબારોને આપ્યું.

જે પાર્ષદો અને સંતો શ્રીહરિની સાથે આવ્યા હતા તે બધાને કારિયાણી જ રાખ્યા હતા. ૮. કાઠી દરબારોના સવાર જે સાથે લાવ્યા હતા તેમની સાથે બે વર્ણીઓ પણ હતા. કાઠી સવારો જેટલા કોશ (ગાઉ) રસ્તે ચાલતા, બંને વર્ણી પણ તેટલું ચાલી જતા. ૯.

શ્રીહરિ ક્યારેક તે બંને વર્ણીઓને (મૂળજી બ્રહ્મચારી અને જેરામ બ્રહ્મચારી) **હનુમાન** અને **અંગદ** નામથી કહી દેતા. શ્રીહરિ જ્યારે અત્યંત પ્રસન્ન હોય ત્યારે હસતાં હસતાં તેનાં પૂર્વનાં નામ બતાવી દેતા. ૧૦. જેના સ્વભાવ અને પ્રકૃતિ પૂર્વની સાથે મળતી આવતી હોય એવા સંત, સંન્યાસી અને વર્ણીનાં પૂર્વ જન્મનાં નામ સૂચવી દેતા. ૧૧. છતાં કોઈક શ્રીહરિની પાસે આવી તેનું પૂર્વનું ચોક્કસ નામ પૂછે તો શ્રીહરિ તેનું નક્કી નામ બતાવતા નહિ. કારણ કે, મનુષ્યનો દેહ તો પરાધીન છે. કેમ જે, દેશકાળ ક્યારેક વિપરીતપણું કરાવે છે. ૧૨. એટલે શ્રીહરિ કોઈનું જે નક્કી નામ હોય તે કહેતા નહિ, અને ક્યારેક કોઈકને કહેતા પણ ખરા. બધા જ અવતારોના ભક્ત સત્સંગમાં અવતર્યા છે, તેમ સૂચવતા હતા. ૧૩.

જ્યારે કોઈને સમાધિ થાતી ત્યારે તેને યથાર્થ જ્ઞાન થાતું હતું, પણ જ્યારે તે સમાધિમાંથી જાગીને દેહમાં આવતા ત્યારે તેને તે જ્ઞાન રહેતું નહિ. ૧૪. સત્સંગમાં જે સંતો અને હરિભક્તો હતા તેમના બધાના પ્રતાપને શ્રીહરિએ છુપાવી રાખ્યો હતો. ૧૫. મનુષ્યનું શરીર તુચ્છ કહેવાય છે. તેમાં રહીને પોતાનો પ્રતાપ દેખીને જો તરત છકી જાય તો સંતો-ભક્તો ગૌણ થઈ જાય, તેથી તે સંત-હરિભક્તને તુચ્છ કહેવા લાગે. માટે શ્રીહરિ તેમનું ઐશ્વર્ય દાબી રાખતા. ૧૬.

❋ દીનપણે વર્તે તે મોટો :

चोपाई :

संत हरिजन में सामृथ जेतो, श्रीहरि जाकु देवे तेतो;
तितनो सामृथ सो देखावे, जीय के घर को न लेश रहावे...१७

उत्पति स्थिति प्रलय जेहा, अनंत ब्रह्मांड को करे तेहा;
इतनो सामृथ श्रीहरि देवे, संत कु तोहु दीन होई सेवे...१८

ज्युं ज्युं सामृथी अपार पावे, त्युं त्युं दीनता तेसे लावे;
सामृथी पाई दीनता रहे जेता, छल कपट त्याग करे तेता...१९

सत्संग में सर्वोपरी ताही, नम्रता दीनता बुद्धि रहाही;
जितनो जाके माप कहावे, तितनो ताके आधीन रहावे...२०

સંતોમાં અને હરિભક્તોમાં જેટલું સામર્થ્ય શ્રીહરિ મૂકતા અને ઈચ્છતા તેટલું જ તેઓ બતાવી શક્તા. કેમ જે, જીવને પોતાના ઘરનું લેશમાત્ર સામર્થ્ય હોતું નથી. ૧૭. કદાચ ભગવાન કોઈ જીવને અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાનું મોટું સામર્થ્ય આપે તોએ તે સંતોની આગળ તો દીન થઈને તેમને સેવે, ૧૮. જેમ જેમ અપાર સામર્થી પામે તેમ તેમ વધુ દીનભાવ લાવે, જેઓ સામર્થ્ય મળ્યા પછી પણ દીનભાવે રહે અને છળકપટનો ત્યાગ કરી દે, ૧૯. એવા નમ્રતા તથા દીનતાયુક્ત બુદ્ધિવાળા સત્સંગમાં સર્વોપરિ કહેવાય છે. જેનામાં જેટલી મોટાઈ હોય તેટલું તેને આધીન રહેવું જોઈએ. ૨૦.

જગતમાં જેટલી માદક વસ્તુઓ છે તેમાં સ્ત્રી અને ધન સહુથી વધારે માદક છે. અને રાજ્ય સત્તાનો મદ તો તેનાથી પણ વધારે કહેવાય છે. એવી માદક વસ્તુની પ્રાપ્તિ થાય, છતાં જેને ક્યારેય તેનો કેફ ન ચડે એવા મનુષ્યને મનુષ્ય ન કહેવાય, તે તો ઈંદ્રાદિ દેવો અને બ્રહ્મા કરતા પણ અધિક કહેવાય. કેમ જે, એવા સ્ત્રી, ધન, સત્તાના મદને જીતવો તે તો બાહુબળથી સમુદ્રને પાર કરવા જેવું કઠણ કામ છે; એમ સહુ કોઈ કહે છે. ૨૧-૨૨.

એવી જે જે મહત્વપૂર્ણ વાતો હોય તેને બુદ્ધિમાન મનુષ્ય જ સમજી શકે છે. તેમાં પણ જે સવળી-સારગ્રાહી સમજણવાળો સુબુદ્ધિ હોય તે જ ખરો બુદ્ધિમાન છે. પણ જે દુર્બુદ્ધિ હોય છે તે એવી બાબતને સમજી શકે નહિ. ૨૩. જ્યાં જ્યાં જે જે સુબુદ્ધિ મનુષ્ય છે તે સાર સાર ભાગને જ લે છે. ભમરો અને હંસની રીત જોઈને સુબુદ્ધિ મનુષ્ય તેવી રીતે સારગ્રાહી થઈને ચાલે છે. ૨૪. કુબુદ્ધિ મનુષ્યમાં પણ બુદ્ધિ તો હોય જ છે, પણ બધા સાર સાર ભાગને તજી દઈને એકલા દોષોને જ જુએ છે. ૨૫.

ચાળણી સાર સાર વસ્તુને કાઢી નાખે છે અને અસાર-કૂચાને લઈ લે છે અને સૂપડું સાર સાર વસ્તુને રાખે છે અને અસાર-નકામી વસ્તુને કાઢી નાખે છે, ૨૬. તેમ કુબુદ્ધિવાળાને ચાળણી જેવો દોષગ્રાહી કહેવાય અને સુબુદ્ધિને સૂપડાના જેવો ગુણગ્રાહી કહેવાય છે. ૨૭. જે સારને-ગુણને ગ્રહણ કરનારા છે તેને સંતના ગુણથી સંપન્ન કહેવાય, સંતની જાતિના કહેવાય છે. ૨૮. આવી વાતમાં ગૃહસ્થ કે ત્યાગી, એવી વિગત પાડીને કોઈ કહેતું નથી. આ તો સંતોની સાધારણ રીત કહી છે. જો વધારે પડતું કહેવાય જાય કે વ્યક્તિગત કહેવામાં આવે તો દુઃખ લાગવાનો ભય રહે છે. ૨૯.

આ વાત કોઈ વર્ણ કે આશ્રમની નથી. આ ગુણે કરીને વ્યવહાર કહ્યો છે. શાસ્ત્રોના રચયિતા વ્યાસમુનિ આદિક જે મોટાપુરુષો થયા છે તેઓ એક જ વાતને અનેક પ્રકારે કહે છે. કેમ જે, માણસની બુદ્ધિમાં જુદા જુદા તર્કો રહ્યા હોય છે. જેમ સોનાની જાતિ એક જ કહેવાય છે પણ તેના ઘાટ અનેક હોય છે. ૩૦-૩૧. જેની જેવી રુચિ હોય તેને અનુસારે, સારામાં સારા ઘાટ બનાવડાવે છે. તે રીતે જ શાસ્ત્રોમાં જે શબ્દ હોય છે, તેમાં જેની જેવી રુચિ હોય તેવો તેનો અર્થ-ભાવ ગ્રહણ કરે છે. ૩૨. જે વાતમાં જેવો ગુણ હોય તેમાં તે તેવી સફળતાને પામે છે. સૂર્યરૂપ શાસ્ત્ર અથવા સૂર્યરૂપ વ્યાસાદિક જ્ઞાની પુરુષો નિજજ્ઞાનના પ્રકાશે કરીને પુણ્ય અને પાપ બંનેને બતાવી દે છે, ૩૩. અને તે બંનેના સુખ-દુઃખરૂપ ફળને પણ બતાવે છે. તેમ છતાં જે જેવું કર્મ કરે છે તેવા ફળને પામે છે. તેમાં સૂર્યને-જ્ઞાની લેખકને કે ગ્રંથને કાંઈ પાપ લાગતું નથી. કર્માનુસારે ભગવાન સહુને ફળપ્રદાન કરે છે. ૩૪.

❋ દિવ્ય દષ્ટિવાળાને જ શાસ્ત્ર સમજાય :

શાસ્ત્રોમાં જે શબ્દો છે તે પ્રત્યેક શબ્દ સૂર્યના જેવા છે. જેની દિવ્યદષ્ટિ થાય છે તેને યથાર્થ દેખ્યામાં આવે છે. ૩૫. **મનુષ્યને જ્યાં સુધી માયિકદષ્ટિ હોય છે, ત્યાં સુધી તેને રહસ્ય વાત સમજાતી નથી. લૌકિક અને અલૌકિક દષ્ટિ, એ બંનેમાં રાત અને દિવસના જેટલો ફરક છે.** ૩૬. લૌકિક દષ્ટિમાં રાજસના અને તામસના ગુણ રહેતા હોય છે તેવી લૌકિક દષ્ટિને તમ અને મહાતમ પણ કહે છે, તેથી તેવી લૌકિક દષ્ટિથી શુદ્ધ જ્ઞાન થાતું નથી. ૩૭.

શુદ્ધ સત્ત્વના બધા ગુણો તો સૂર્ય સમાન કહ્યા છે, તેને અલૌકિક દૃષ્ટિ કહેવાય છે અને તે અલૌકિક દૃષ્ટિથી જ વાતનું રહસ્ય સમજાય છે. ૩૮. શાસ્ત્રો અનંત અને અપાર છે. કોઈ શબ્દોનો પાર લઈ શક્તું નથી. શાસ્ત્રોના બધા જ શબ્દોનો એટલો જ સાર છે કે, શ્રીહરિ સમાન કોઈ સમર્થ નથી. ૩૯. **ભગવાન શ્રીહરિને સહુથી સમર્થ જાણીને તેમના દાસ થઈને રહેવું. તે જ રીતે સંતો ઉપર પણ અત્યંત હેત રાખીને તેમના પણ દાસ થઈને રહેવું.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'કારિયાણીથી નીકળેલા શ્રીહરિ કુંડળ થઈને પરબડીમાં બપોરે જમ્યા' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ||૬૮||



પૂર અગિયારમું : તરંગ - ૬૯

ખરડમાં સહુને દૂધ અને થૂલી જમાડ્યા અને સત્સંગનો પ્રતાપ કહ્યો

શ્રીહરિ પરબડીથી નીકળીને **ઝીંઝર** ગામ આવ્યા. ગામના ભક્તો અને ગામધણી દરબાર સહુ સન્મુખ આવ્યા. ૧. દરબાર ખોડાભાઈ તે દિવસોમાં હરિભક્ત થયા ન હતા. હરિભક્ત તો તેઓ પછીથી થયા, પણ તેઓ ઘણા પ્રેમી હતા. ૨. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેને ઘણા જ પ્રેમભાવથી બોલાવ્યા. પછી શ્રીહરિ ઝીંઝર ગામથી ચાલ્યા અને **ખરડ** ગામ આવ્યા. ૩. ત્યાં તળાવને કાંઠે રાત રહ્યા. ત્યાં ક્ષત્રિય દરબારો હતા, તેઓ શ્રીહરિના મુખની વાત સાંભળવા આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા. ૪.

ધોલેરા બંદરના ક્ષત્રિય દરબાર પૂંજાભાઈ અને તેના ભત્રીજા ભોજાભાઈ બંને અગાઉથી કારિયાણી આવીને રહ્યા હતા. ૫. તે બંને દરબારોને સત્સંગ પહેલેથી થયો હતો. તે બંને શ્રીહરિની સાથે હતા. પીપળીના દરબાર દાદાભાઈ તો રામાનંદસ્વામી છતાના હતા. ૬. તે ત્યારથી જ હરિભક્ત થયા હતા. તેઓ પણ જૂનાગઢથી જ શ્રીહરિની સાથે અતિ ઉમંગથી રહ્યા હતા. તે બધા દરબારો મળ્યા. તેઓ પરસ્પર ભાઈઓ થતા હતા. ૭. શ્રીહરિએ ખરડના દરબારો આગળ ઘણી સારી વાતો કરી. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ વગેરેએ પરમ

પ્રેમથી જે રીતે સત્સંગ કર્યો હતો તે બધી વાતો કરી. ૮. ભરતજી, પાંડવો ઈત્યાદિ રાજાઓએ જે રીતે ભગવાનનું ભજન કર્યું હતું તેની વાત સંક્ષેપમાં કહી અને જેણે ભગવાનનું ભજન કર્યું નહિ તેવાની પણ વાત કરી. ૯.

જેણે ભગવાનનું ભજન કર્યું અને જેણે ન કર્યું, તે બંનેના સુખની અને દુઃખની વાત પણ કહી. તે વાત સાંભળીને દરબારો ખુશી થયા. તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હે પ્રભુ ! અમારી બુદ્ધિ અતિ અલ્પ છે. ૧૦. આપે જે બધી વાત કહી તે તો અપાર છે. આપ લોકોનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ્યા છો. આવી વાત તો અમે કયારેય કાને સાંભળી જ નથી. માટે આપ અમને પ્રેમથી સેવા કરવાની હોય તે કહો. ૧૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમારા આ સંતો વારેવારે આ ગામમાં આવે છે. તો તમે તે સંતોની સેવા કરજો. ૧૨.

दोहा : संत की सेवा करत जो, हमारी सेव सो कीन;
हित आनकर कहे हम, भुलना न कोउ दीन...१३

सोरठा : श्रीहरि कहेउ वचन, शिर उपर चढाये तेहु;
भये अति प्रेम मगन, संत सेवा को नियम रखेउ...१४

સંતોની જે સેવા કરશો, તેને અમે અમારી સેવા કરી છે એમ માનશું. અમે તમને હેત લાવીને કહીએ છીએ. તમે આ વાત કોઈ દિવસ ભૂલશો નહિ. ૧૩. શ્રીહરિએ જે વચન કહ્યાં, તેને તે દરબારોએ માથે ચઢાવ્યાં. તેઓ અતિ પ્રેમ મગન થયા અને સંતોની સેવા કરવાનો નિયમ રાખ્યો. ૧૪. તે ત્રણે દરબારોએ શ્રીહરિના અશ્વ માટે ઘાસ મગાવી દીધું. પ્રેમથી પલંગ લાવ્યા અને તેના ઉપર ગાદલા વગેરે બિછાવી દીધા. ૧૫. તળાવની પાળ ઉપર એક શિવાલય હતું. તેની નજીક એક પીપરનું ઝાડ હતું. તે ઝાડની નીચે પલંગ બિછાવ્યો. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. ૧૬. સુજાભાઈ અને નાથાભાઈ, એ બે ભક્તો તે સ્થળે તરત જ સેવામાં લાગી ગયા. પછી ચોખા અને ગાયો-ભેંસોનું દૂધ જે મળ્યું તે ગામમાંથી લઈ આવ્યા. ૧૭.

દરબાર પૂંજાભાઈ અને દાદાભાઈએ લાવીને થૂલી (શેકેલા ઘઉં અને મગની કણિકને ખીચડીની જેમ રાંધે તે) બનાવડાવી દીધી. શ્રીહરિની સાથે

માંચા ખાચર વગેરે જે કાઠી દરબારો હતા, ૧૮. તે બધા જમવા બેઠા ત્યારે તેમને થૂલી અને ઘી પીરસ્યું. શ્રીહરિએ દૂધ ગાળીને સાકર ભેળવી પ્રથમ પીધું. પછી ગાળીને દૂધ દરબારોને આપ્યું. શ્રીહરિએ વર્ણીને જેટલું જોઈએ તેટલું દૂધ અલગ લઈ લીધું. ૧૯. દરબારોને જ્યારે દૂધ પીરસાઈ રહ્યું ત્યારે તેમને ઉપરથી સાકર પણ આપી. સૂરા ખાચર, માતરા ધાધલ અને વેલા ખાચર વગેરે માંહોમાંહી થૂલીના વખાણ કરવા લાગ્યા. ૨૦. ભાલમાં સહુથી સારો મેવો થૂલી છે, થૂલીના જેવું બીજું કાંઈ નહિ. થૂલી તો ભાત કરતાંએ સ્વાદુ લાગે છે. થૂલીની તુલનામાં ભાત તો કૂચા ગણાય. ૨૧.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'થૂલીની સાથે દૂધ અને સાકર ન આપ્યાં હોત તો ખબર પડેત કે થૂલી કેવી છે ?' ત્યારે સૂરા ખાચર કહે, 'દૂધ અને સાકર વિના તો થૂલી ખાણના ડૂચા જેવી લાગે.' ૨૨. શ્રીહરિને રાજી કરવા માટે કાઠી હરિભક્તો રાત-દિવસ આવી વિનોદની વાતો ઘણી જાતની કરતા રહેતા. શ્રીહરિ આ રીતે જે વિનોદનું સુખ છે તે કાઠી ભક્તોને આપતા હતા. ૨૩. ગોલોકમાં રાધા અને રમા આદિ અનેક ગોપીઓના વૃંદ શ્રીકૃષ્ણ ભગવાનની સાથે આનંદ-પ્રમોદ કરતા રહે છે. ૨૪. તે બધા ક્ષણે ક્ષણે નૌતમ ખેલ કરીને ભગવાનને પ્રસન્ન કરે છે. તે પ્રસન્નતાને જ તેઓ સુખ માને છે અને તેના વિના મોટી હાનિ માને છે. ૨૫. તેઓ ભગવાનની પ્રસન્નતા સિવાયના ખાન-પાન આદિક અનંત પ્રકારના સુખને ક્યારેય સુખ તરીકે નથી દેખતા. ભગવદ્પ્રસન્નતા વિનાના બધા વૈભવોને ઝેર જેવા દેખે છે. ૨૬.

બધા કાઠી હરિભક્તો પણ તેવા હતા. તેઓ શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે એટલો હાસ્ય-વિનોદ કરતા હતા કે, જે કહી શકાતો નથી. ૨૭. હાસ્યરસની જેટલી વાતો થતી હતી તે સભામાં સહુને ગમતી હતી. જેમાં વિષયની વાતનો સંબંધ ન હોય તેવી વાતથી શ્રીહરિ પ્રસન્ન થતા. ૨૮. સમય જુદો હોય અને વાત જુદી કરે એવાથી શ્રીહરિ ચિત્ત ચોરી લેતા, શ્રીહરિને તેવા સાથે સુવાણ થતી નહીં. પણ સમયને જોઈને જે રમૂજ કરી જાણે, તેને શ્રીહરિ શાણો-ચતુર કહેતા. ૨૯. શ્રીહરિ કહેતા કે, સમયને જોયા-વિચાર્યા વિના જે મુખથી ક્યારેય કાંઈ બોલે નહિ, એવા મનુષ્યને અમે સંપૂર્ણ મનુષ્ય

જાણીએ છીએ. ૩૦. સમય વિનાનું અમૃત પણ ઝેર થઈ જાય છે અને યોગ્ય સમયે રહેલું ઝેર પણ અમૃત લાગે છે. દેશ-કાળ આદિના યોગે કરીને વાતમાં અમૃત અને ઝેર બંને રહ્યા છે. ૩૧.

દેશ-કાળનું બળ બહુ ભારે હોય છે. તે શુભને ક્ષણવારમાં અશુભ કરી દે છે. જેટલો સમય સત્સંગ થાય છે તેટલો સમય શુભ કાળ જાણવો. ૩૨. સત્સંગના જેટલા ધર્મ-નિયમો છે, જેવા કે - ભગવાનનું ભજન-સ્મરણ કરવું, ભગવાનની સેવા-પૂજા કરવી, કથા, કીર્તન અને વાર્તાઓ કરવી, ૩૩. તન-મનથી સત્સંગમાં રહેવું, ક્યારેય સત્સંગથી બહાર પગલું મૂકવું નહિ તે બધાને શુભક્રિયા કહેવાય છે. કદાચ સત્સંગ રાખતા કરોડો દુ:ખ આવે તોપણ સત્સંગને ક્યારેય છોડી દે નહિ, ૩૪. ત્યારે સત્સંગનું માહાત્મ્ય જેટલું હોય તેટલું તેને ઓળખ્યામાં આવ્યું કહેવાય. જેને સત્સંગનું માહાત્મ્ય સમજાયું હોય તે કરોડો દુ:ખ આવે તોપણ સત્સંગને છોડે નહિ. ૩૫.

दोहा : जितनो सत्संग करत हि, होवत हे जाकु दुःख;
तिनसे मिलत अपार हि, अक्षरधाम में सुख...३६

જેને સત્સંગ કરવાથી જેટલું દુઃખ થાતું હોય છે તેનાથી અનંતગણું સુખ તેને અક્ષરધામમાં મળે છે. ૩૬. અરે, કર્મને વશ થઈને તો જીવને અપાર દુ:ખ ભોગવવું પડે છે. તેને તો જીવ ક્યારેય દેખતો નથી અને લગાર પણ વિચારતો નથી. ૩૭. જમપુરીનું દુ:ખ, લખચોરાશીનું દુ:ખ, એ બધા દુ:ખોને તો વિમુખ જીવ ક્યારેય જોતો-વિચારતો નથી. ઊલ્ટાનું તેને સુખના રૂપમાં દેખે છે. ૩૮. **જેને સત્સંગ થયો છે તેનાં તો સદ્‌ભાગ્યની વાત જ શી કહેવી ? શ્રીહરિએ કરોડવાર કહ્યું છે કે, જેને સત્સંગ થયો છે તેને હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી.** ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ખરડમાં સહુને દૂધ અને થૂલી જમાડ્યા અને સત્સંગનો પ્રતાપ કહ્યો' એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર અગિયારમું : તરંગ - ૭૦

સંઘને ભાલમાં રણ સુધી વળાવીને શ્રીહરિ પાછા કુંડળ આવ્યા

શ્રીહરિ ખરડમાં રાત રહ્યા. મધરાત પછી જ્યારે ચંદ્રોદય થયો ત્યારે ત્યાંથી ચાલતા થયા. ૧. બધો સંઘ સાથે હતો. જ્યારે રણની વચ્ચે આવ્યા ત્યારે અશ્વ ઉપર બેસી રહીને સંઘને પ્રદક્ષિણા કરી. ૨. સંઘ તો ચાલતો જ હતો. ચાલતા ચાલતા શ્રીહરિ જાણે રમુજ કરતા હોય તેમ પ્રદક્ષિણા ફર્યા. પછી જય સચ્ચિદાનંદ કહ્યા. ૩. શ્રીહરિએ કહ્યું, બધો સંઘ સહુ સહુને ગામ જાય. અમે હંમેશા તમારી સાથે જ છીએ. હવે તમારું કોઈ નામ નહિ લે. મનમાં નિર્ભય અને આનંદમાં રહેવું. ૪. જૂનાગઢનો સમૈયો આપણે જે રીતે કર્યો, તે બધી વાત જે હરિભક્તો આવી શક્યા ન હોય તેમને કહેવી. ૫.

કોઈ કુસંગી સમૈયા બાબતમાં પૂછે ત્યારે જો તે અંદરથી ખળ ન હોય તો તેની આગળ સમૈયાની વાત જેવી તમે દેખી હોય તેવી કહેવી. ૬. લોકો જેમ વિવાહની વાત હરખથી કરતાં હોય છે તેમ આ સમૈયાની વાત પણ હરખથી કહેવી. વિવાહની વાતો જે કરે છે તેઓ તો ઘોર નરકમાં જાય છે ૭. તેને લખચોરાશીના ફેરા ફરવા પડતા હોય છે. વારંવાર ઘણી જાતનું દુઃખ આવતું હોય છે. અત્યારે જેને સત્સંગ થયો છે તેમણે ક્યારેય ભાંડ કે ભવાઈ જોવી નહિ. ૮. હોળીની રમત રમવી નહિ, તે પાપરૂપ છે એમ જાણીને તેનાથી દૂર રહેવું. હરિભક્ત થઈને ગાળ બોલે કે સાંભળે, તેની બુદ્ધિ વ્યભિચારી થઈ જાય છે. ૯.

ચોપાઈ :

हरिजन कु कथा कीर्तन करना, एहि विन ओर न चित्त चितवना;
चित्त में चितवन करिये जेसा, चित्त सो करने लगे तेसा...१०

હરિભક્તોએ તો કથા અને કીર્તન કરવા. તે સિવાય બીજું કાંઈ ચિંતવવું નહિ. કેમ જે, જેવું ચિત્તમાં ચિંતવન કરીએ તેવું ચિત્ત કરવા લાગે છે. ૧૦. મનુષ્ય સિવાયના બીજા દેહમાં રહીને જીવ જેટલા પાપ કહેવાય છે તેમાં એક પણ પાપ કર્યા વગર રહ્યો નથી. તે બધા પાપોથી છૂટવા માટે

જ ભગવાન જીવને મનુષ્યદેહ આપે છે. તે મનુષ્યદેહમાં સહુને બધું જ્ઞાન થઈ શકે છે. પણ તેને જ્યારે કોઈ જ્ઞાની સંત મળે છે ત્યારે તે જીવને જ્ઞાન આપે છે. ૧૧-૧૨. **મનુષ્યનો દેહ પામવા છતાં પણ જીવ જો ભગવાનનો દાસ ન થાય તો કદાચ તેને ચક્રવર્તી રાજ્ય મળે તોપણ તેનાં દુઃખનો નાશ થાતો નથી.** ૧૩. **હરિભક્ત સિવાયના કદાચ બ્રહ્મા જેવા મોટા હોય તોપણ તેના માથે પાપનો ભાર રહે છે અને અંતે નારકી થાય છે.** ૧૪.

હરિભક્ત સિવાયના જે દેવો, દૈત્યો અને મનુષ્યો, બધા જ નારકી થાય છે, એમ વેદ, પુરાણો અને સંતો કહે છે. ૧૫. દેવો, દૈત્યો કે મનુષ્યો વગેરે જે ભગવાનના ભક્ત થયા છે તે બધા જ નરક કુંડથી છૂટી ગયા છે અને તેઓ પ્રહ્લાદ આદિ જેવા ભક્ત થયા છે. ૧૬. ઘોર નરકનાં દુઃખથી છૂટવા માટે તો શ્રીહરિએ સત્સંગરૂપ એક મોટું પુર રચ્યું છે. એ સત્સંગ પુરમાં જે નિવાસ કરીને રહે, તેની પાસે જમદૂત ક્યારેય આવતા નથી. ૧૭. સત્સંગ પુરમાં ભગવાન અને સંતો રાત-દિવસ વિચરણ કરતા રહે છે. શ્રીહરિ અને સંતો, પ્રકટ અને ગુપ્તપણે એમ બે પ્રકારે વિચરે છે. સત્સંગની વાત તો અગાધ છે. ૧૮.

ગોલોક ગઢના સોળ સોળ દરવાજા છે તે ચારે દિશાઓમાં સુંદરપણે રહ્યા છે. નંદ-સુનંદ આદિ સોળ ગોપ તે દરવાજાઓની અખંડ ચોકી કરે છે. ૧૯. તેના પાર્ષદો ચોસઠ કરોડ છે. તેમનું રૂપ ઘણું અદ્ભુત છે. તેઓ ચતુર્ભુજ છે. અને તે હરેક શંખ, ચક્ર, ગદા અને પદ્મ જેવા ઉજ્જ્વળ ચાર ચાર આયુધોને ધારે છે. ૨૦. તેઓ મસ્તક ઉપર કિરીટ પ્રકારના મુકુટ પહેર્યા છે. પીતાંબર કમરે ધાર્યા છે. દરેકના શરીર મેઘના જેવા શ્યામ છે અને તેજસ્વી પ્રકાશથી છવાયેલા છે. ૨૧. જે નંદાદિક ગોપ કહેવાય છે તેઓ સોળ કરોડ પાર્ષદોને સાથે રાખીને સત્સંગમાં નિત્ય ફરતા રહે છે. તેઓ જમદૂતોને આવવા દેતા નથી. ૨૨.

हरिजन प्रति एक एक हि जेहा, पारषद सो फिरत हे तेहा;
जमदूत दूर से देखत ताई, थर थर ध्रुजत सो दूर रहाई...२३

नियम धर्म सत्संग के जितना, त्यागी ग्रहि के कहे तितना;
पाले सो हरिजन कहावे, न पाले तेहि कुसंग रहावे...२४

એકેએક હરિભક્ત દીઠ એકએક પાર્ષદ ફરે છે. તેમને જમદૂતો દૂરથી જ દેખીને થરથર ધ્રૂજે છે. ૨૩. સત્સંગમાં જે ત્યાગી અને ગૃહસ્થ છે તેમાં જે સત્સંગના ધર્મ-નિયમને પાળે છે, તે હરિભક્ત કહેવાય છે અને જે નથી પાળતા તે કુસંગી કહેવાય છે. ૨૪. **જે લોકો સત્સંગના નિયમોને પાળતા નથી, તેને જમદૂત આવીને જમપુરીમાં લઈ જાય છે.** ૨૫. **જે સત્સંગના ધર્મ-નિયમોને દૃઢતાથી પાળતા હોય તેનું જ નામ હરિભક્ત કહેવાય. એવા હરિભક્તને શ્રીહરિ દિવ્ય અક્ષરધામમાં લઈ જાય છે.** ૨૬.

આટલી વાત કરીને તરત જ શ્રીહરિ પાછા વળ્યા. સંઘના હરિભક્તો બધા ઊભા રહ્યા અને પછી શ્રીહરિને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ૨૭. આકાશમાં જેમ ગરુડ ઊડે તેમ શ્રીહરિએ અશ્વને દોડાવ્યો. થોડી ક્ષણોમાં તો હરિભક્તો જોવા પ્રયત્ન કરે, તોપણ ન દેખાય એટલા દૂર જતા રહ્યા. ત્યારે સહુ હરિભક્તો ચાલતા થયા. ૨૮. કાશીદાસ, રામદાસ, ગોકુલદાસ અને જોઈતા પગી, ખોડાભાઈ, તેજાભાઈ, કાંધાભાઈ, ગોવિંદભાઈ, ૨૯ અને જીભાઈ આદિક હરિભક્તો ચરોતરના સંઘમાં હતા. કૌકાના મોટા વિપ્ર અને ક્ષત્રિય હરિભક્તો પણ તેમની સાથે હતા. ૩૦.

ગુજરાતના હરિભક્તોનો જે સંઘ હતો તેમાં નાનાભાઈ વિપ્ર હતા. ડાંગરવા ગામના ઉદાર સ્વભાવના અમરાજી અને અગરાજી વગેરે દસ-બાર ક્ષત્રિયો પણ તેમાં હતા. ૩૧. તેમાં એક રવાજી પણ હતા. તેમાં બીજા પણ હરિભક્તો અપાર હતા. હરિભક્ત બાઈઓ જે સંઘમાં હતી તેમાં ગંગાબાઈ અને રેવાબાઈ મુખ્ય હતી. ૩૨. આશજીભાઈ, ગંગાદાસ, જીવણદાસ અને ઉમંગી દામોદરદાસ, હીરાચંદભાઈ, ઈચ્છારામ, રણછોડ, ત્રિકમભાઈ અને બેચરભાઈ, ૩૩. વિપ્ર નાનાભાઈના ભાણેજ નથુભાઈ નામે હતા. વહેલાલ ગામના અમીન જેસંગભાઈ, ૩૪. વડનગરના અને વીસનગરના હરિભક્તો, પ્રાંતીજ, ઉનાવા, ઊંઝા, એ ગામોના પણ હરિભક્તો હતા. ૩૫.

પાટણના હરિભક્તો પણ સંઘમાં હતા. બધાનાં નામ લઈએ તો પાર ન આવે. મેઉ, માણસા, કડી અને કુંડાળ આદિ ગામના હરિભક્તો પાર વગરના હતા, ૩૬. અમદાવાદ અને આસપાસના અપાર ગામોના હરિભક્તો હતા. તેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૩૭. અહીં સુધી તો હરિભક્તોની વાત કહી હવે હું શ્રીહરિની વાત કહું છું. ભાલમાંથી પાછા ફરેલા શ્રીહરિ **કુંડળ** આવ્યા. ત્યાં જમ્યા અને એક રાત રોકાયા. ૩૮. રાઈબાને ઘેર જઈને શ્રીહરિએ સ્વયં રસોઈ બનાવી. બાટી બનાવી અને દાળ તથા ભાત પણ કર્યો. ૩૯. વર્ણી પાછળ રહી ગયા હતા. શ્રીહરિએ કહ્યું, આજ અમે જ વર્ણી છીએ. અમે રસોઈ બહુ કરી છે રસોઈ બનાવવામાં અમને ઉત્સાહ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'હરિભક્તોના સંઘને ખરડના રણસુધી વળાવીને શ્રીહરિ કુંડળ પાછા આવ્યા' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર અગિયારમું : તરંગ - ૭૧

કુંડળમાં જળક્રીડા પ્રસંગે નિશ્ચયની વાત કહી

દિવસ પાછલો એક પહોર બાકી હતો ત્યારે વર્ણી કુંડળ આવ્યા. શ્રીહરિ નદીમાં સ્નાન કરતા હતા. વર્ણીએ ત્યાં આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧. શ્રીહરિએ વર્ણીને કહ્યું, અમે તમારી વાટ જોઈ હતી પણ પછી અમે જ હાથે રસોઈ બનાવી લીધી અને તે જમ્યા છીએ. ૨. ત્યારે વર્ણીએ કહ્યું, અમે તો ઘણું દોડ્યા પણ તોએ પાછળ રહી ગયા, આપ આગળ આવી ગયા. પછી અમે ધીમે ધીમે આવ્યા.૩. આપ કારિયાણી ગયા હશો એમ માનીને અમે ધીરે ચાલ્યા. અહીંયાંની અમને ખબર ન હતી. સારું થયું ભેળા થઈ ગયા. હવે અમને શાંતિ થઈ. ૪.

શ્રીહરિએ કહ્યું, તમે થાકી ગયા છો, નદીમાં નાહી લો. પાણી થાક ઉતારી દેશે, નાહવાથી થાક ઊતરી જાશે. પછી વર્ણી નદીમાં નાહ્યા. નાહવાથી

તરત જ થાક ઊતરી ગયો. ૫. શ્રીહરિ નદીમાં ઘણીવાર સુધી નાહ્યા. કાઠી દરબારોની સાથે બહુ વિનોદ કર્યો. મામૈયા પટગીર, હાથિયા પટગીર અને રામ પટગીર, ત્રણે ભાઈ સારા હરિભક્ત હતા. ૬.

राईबाई ताकी रहे माता, अदिति सम हरि कहे साक्षाता;
कुंडल में कंक रहेउ जेते, पटगर अटक कहावत तेते...०७

राईबाई के तीन पुत्र हि जेहू, इंद्र सूर्य चंद सम कहे तेहू;
अमरा पटगर हरिजन एका, बुद्धिवंत रहे परम विवेका...०८

રાઈબા તેમની માતા હતા. શ્રીહરિ તેમને સાક્ષાત્ દેવમાતા અદિતિના જેવા કહેતા. કુંડળમાં જે કાઠી હરિભક્તો હતા તે બધા પટગીર અટકના હતા. ૭. રાઈબાના ત્રણેય પુત્ર ઈંદ્ર, સૂર્ય અને ચંદ્રના જેવા હતા. બીજા એક હરિભક્ત અમરા પટગીર હતા. તે ઘણા બુદ્ધિમાન અને વિવેકી હતા. ૮. શ્રીહરિ એમ કહેતા કે, આ અમરા પટગીર અષ્ટ વસુ માંહેલાં એક દેવ છે અને તેના પુત્ર હરસૂર નામે હતા, તેની બાબતમાં ઘનશ્યામ શ્રીહરિ બોલતા કે, સાંબ (જાંબવતીના પુત્ર)નો અને હરસૂરનો ચહેરો એકસમાન લાગે છે. તે દેખીને અમને તેના ઉપર હેત થાય છે. આટલી વાત શ્રીહરિએ સ્નાન કરતી વેળાએ સ્વેચ્છાથી કરી હતી. ૯-૧૦.

કુંડળ ઉતાવળીમાં નાહતા નાહતા શ્રીહરિએ બે ઘડી દિવસ રહ્યો ત્યાં સુધી સહુને હાસ્ય-વિનોદ કરાવ્યો. કાઠી હરિભક્તો જે નાહતા હતા તેના શ્રીહરિએ બે જૂથ કરાવ્યા. ૧૧. અલૈયા ખાચર અને જેઠસૂર ખાચર એ બંને ભાઈઓ, માંચા ખાચર, વસ્તા ખાચર, વેલા ખાચર (કારિયાણીના), વેલા ધાધલ અને માતરા ધાધલ બંને ભાઈ તથા એક વિસામણ ખાચર નામે ભક્ત હતા. ૧૨. ગઢપુર, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ અને સારંગપુર સુધીના કાઠી હરિભક્તો નિર્મળ જીવનના હતા, ૧૩.તે બધા હરિભક્ત કાઠીઓનું એક જૂથ કર્યું અને બીજા જૂથમાં બોટાદ, નાગડકા, કોટડા, કરિયાણા, ૧૪. ખંભાળા, ગુંદાળા અને સુંદરિયાણા, એ ગામના કાઠી હરિભક્તો હતા. પરમ દયાળુ શ્રીહરિએ આ રીતે કાઠી હરિભક્તોના બે જૂથ કર્યાં. ૧૫.

તે બંને જૂથની વચ્ચે આવીને શ્રીહરિ બેઠા. તે સહુને કહ્યું, તમે સામસામે રહીને અમારા ઉપર પાણી છાંટો. ૧૬. તે ભક્તો બે જૂથમાં વહેંચાઈને હાથથી શ્રીહરિના ઉપર પાણી છાંટવા લાગ્યા. શ્રીહરિએ કહ્યું, જે શૂરવીર હશે તે થાકશે નહિ. ૧૭. આમ કહીને પાણી છંટાવવા લાગ્યા. માનો ભાદરવા માસમાં હેલી મચી હોય ? ધર્મકુમાર શ્રીહરિએ કોઈને રોક્યા નહીં અને તેમની શૂરવીરતાને દેખતા રહ્યા. ૧૮. બંને જૂથને કહ્યું, જેટલું બળ હોય તેટલું અમારા ઉપર પાણી છાંટો. અમે જ્યારે મુખથી ના કહીએ ત્યારે પાણી છાંટવાનું બંધ કરજો. ૧૯. તરત જ કુંડળ ગામના રાજા અમરા પટગીરે બંને બાજુએ ઢોલ અને શરણાઈવાળાને બોલાવ્યા. રવાજ અને તાલ લઈને રાવળ પણ આવી ગયા. તેણે શૂરાતનનાં પદ ગાવાનું શરૂ કર્યું. ૨૦.

તેઓ બધા સુંદર રીતે ઢોલ અને શરણાઈ બજાવવા લાગ્યા. તે વેળાએ ખૂબ જ જળક્રીડા કરાવીને શ્રીહરિએ કાઠી ભક્તોને આનંદ કરાવ્યો. ૨૧. તેમાં જેઠસૂર ખાચર અને માતરા ધાધલ બહુ ઊંચે અવાજે ચીસો પાડવા લાગ્યા, જેનાથી શૂરવીરતા બહુ વધે. બોલ્યા વિના શૂરાતન ચઢે નહિ. ૨૨. પાણી છાંટતાં છાંટતાં જ્યારે બધા થાકી ગયા ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે રાખો. ઘોડાને બહુ દોડાવ્યા હતા, એટલે તેને પણ નવડાવ્યા. નદીમાં પાણી અપાર ભર્યું હતું. ૨૩. દરબારો બોલ્યા, આજ અમે બહુ ખુશી થયા છીએ. અમારી રુચિ પ્રમાણે બધું કર્યું છે. આવો ખેલ જળક્રીડા વગેરે તો રોજ કરવો જોઈએ. અમને આવી વાત ક્યારેય ભૂલાતી નથી. ૨૪. આ સિવાયનું આપ જે જ્ઞાન અને ધ્યાન વગેરે શીખવાડો છો, તે તો આપની આજ્ઞા હોય એટલે કરીએ છીએ પણ તેનાથી તો દિલમાં અકળામણ થાય છે. ૨૫. અમે બધા કાઠી જેટલા મનુષ્ય છીએ તે વનનાં પશુ જેવા છીએ. અમને તો હાસ્ય-વિનોદ અમૃત પીતા હોઈએ તેવો લાગે છે. ૨૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે જ્યારે તમારી સાથે એકલા હોઈએ ત્યારે તમને ગમે તેવો હાસ્ય-વિનોદ કરીએ છીએ, ૨૭. પણ જ્યારે અમારી સાથે સાધુ હોય ત્યારે તો અમે સાધુની રીતે રહીએ છીએ. સાધુ હોય ત્યારે કોઈએ

હાસ્ય-વિનોદ કરાય નહિ. સાધુતારૂપી ગુણ સહુથી અધિક છે. ૨૮. અત્યારે અમે ચાર વર્ણ અને ચાર આશ્રમના ગુરુ થયા છીએ. અમે જેવું વર્તન રાખીએ તેવું જ વર્તન બીજા પણ રાખે, ૨૯. તેટલા માટે વર્ણાશ્રમને યોગ્ય (ઘટિત) અને જે રીતે શોભે તેવું અમે વિચરણ (વર્તન) કરીએ છીએ. કોઈને ક્યાંય બાધ ન આવે એવું આચરણ અમને ગમે છે. ૩૦.

ત્યારે કાઠી હરિભક્તોએ કહ્યું, આપ ભગવાન થઈને પણ સામાન્ય મનુષ્યોથી ડરો છો. આપમાં જે દોષને કલ્પે, તેને તો અમે પશુના સમાન માનીએ છીએ. ૩૧. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ભલે, અત્યારે તમે અમારો ભગવાનપણાનો નિશ્ચય અડગ કરી રાખ્યો છે, પણ આ લોકની રીત જ એવી છે કે, એક પલકવારમાં જ માણસની મતિ વિપરીત થઈ જાય છે. ૩૨. તમારો નિશ્ચય તો અમે જ રખાવીએ છીએ, પણ તેની તમને ખબર પણ નથી. તમારો નિશ્ચય આવોને આવો કાયમ રહે, એવો વિચાર અમે રાત-દિવસ કરતા રહીએ છીએ. ૩૩. ભગવાનનો નિશ્ચય થવો તે સહુથી કઠણ વાત છે. ભગવાનનું ભજન અપાર દૈત્યોએ કર્યું છે, પણ તેમાં ભગવાનપણાના નિશ્ચયવાળા તો બે જ લખ્યા છે. ૩૪. **પ્રહ્લાદ અને બલિ, એ બંને સમાન અન્ય કોઈ ભક્ત નથી. ભગવાને તેનું રાજ્ય બળપ્રયોગથી લઈ લીધું હતું. છતાં તેણે ભગવાનનો દોષ ન લીધો. જેમ ભગવાને રાખ્યા તેમ રહ્યા હતા. ૩૫.**

પ્રહ્લાદને જ્યારે ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ (અનુરાગ) થયો ત્યારે તેણે પોતાનાં શરીર સુધીનો લોભ છોડી દીધો હતો. જેનું વર્તન પ્રહ્લાદ અને બલિના જેવું હોય તેને અમે પાકો હરિભક્ત માનીએ છીએ. ૩૬. લક્ષ્મણજી, ભરતજી, સીતાજી, હનુમાનજી અને વિભીષણ એ બધા સારા ભક્ત થયા હતા અને તેને નિશ્ચય ઘણો દૃઢ હતો. ૩૭. ચિત્રકેતુ ભલે દૈત્ય થયા હતા, અને ભરતજી હરણ થયા હતા, તોએ તેને ભગવાનનો નિશ્ચય રહ્યો હતો. ૩૮. શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓનો સંગ કર્યો તથા તેની સાથે ઘણો વિનોદ કર્યો, છતાં તેમને નિશ્ચય અખંડ રહ્યો. કેમ જે, તેઓ આધુનિક ભક્ત ન હતી. ૩૯. પાંડવો, દ્રૌપદી, કુંતાજી, ઉદ્ધવજી એ બધાનો નિશ્ચય પણ અડગ રહ્યો હતો. તેમની મતિ ભગવાનથી વિપરીત થઈ ન હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ કુંડળમાં જળક્રીડા પ્રસંગે નિશ્ચયની વાત કહી' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર અગિયારમું : તરંગ - ૭૨

કારિયાણીમાં શ્રીહરિએ તળાવ ખોદાવવાની લીલા કરી

આગળ કહી તે રીતની શ્રીહરિએ નિશ્ચયની વાત ઘણી કરી. પછી શોભાડેલા અશ્વ ઉપર બેસીને કુંડળ ગામમાં આવ્યા. ૧. ઢોલ અને શરણાઈ વાગી રહી હતી. રવાજ નામનું વાજિંત્ર વગાડીને રાવળ ઝૂલતા હતા, તેને દેખીને શ્રીહરિ મંદમંદ હસતા હતા. ૨. મામૈયા પરગીરને ઘેર ઉતારો કર્યો હતો અને અમરા પટગીરને ઘેર રસોઈ કરાવી. ૩. વર્ણીએ રસોઈ બનાવી અને શ્રીહરિ ઘણી પ્રસન્નતાથી ત્યાં જમવા ગયા, તે બધી વાત હવે કહું છું. ૪.

સાકરનો શીરો બનાવ્યો હતો. તેમજ વડાં, ભજિયાં અને પૂરી કરી હતી. સુંદર શોભતો બાજોઠ હતો તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૫. સુંદર નવું પીતાંબર પહેર્યું હતું અને હાથમાં રૂમાલ લીધો હતો. વર્ણીએ જેટલાં ભોજન બનાવ્યા હતાં તે બધાં થાળમાં પીરસીને ધરાવ્યાં. ૬. વર્ણીએ જે ભોજન કર્યા હતા તે બધાંને શ્રીહરિ પ્રેમથી જમ્યા. જ્યારે શીરો અને પૂરી જમી રહ્યા ત્યારે ભાત અને દૂધ જમવા માટે લીધાં. ૭. જેવી રુચિ હતી તે પ્રમાણે તે દૂધ-ભાત સાકર સાથે જમ્યા. જમ્યા પછી હાથ અને મુખ ધોયા અને રૂમાલથી લૂછ્યાં. ૮. હાથ, મુખ લૂછીને મુખવાસ લીધો. અમરા પટગીરને થાળની પ્રસાદી આપી. તે સમયે જે કાઠી દરબારો સાથે હતા, તે બધાને પછીથી જમાડ્યા. ૯.

જ્યારે વર્ણી જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. ત્યાં રાત રોકાઈને સવારે ચાલ્યા. **કારિયાણી** ગામ આવ્યા. ૧૦.હરિભક્તો અને સંતો સહુ સન્મુખ આવ્યા. શ્રીહરિને દેખીને સહુએ દંડવત્ પ્રણામ કર્યા. વીરદાસ આદિ બધા કણબી હરિભક્તો હતા, ૧૧. સહુ શ્રીહરિને પગે લાગ્યા.

બધાનાં અંતરમાં ઘણો જ ઉત્સાહ વધ્યો. જ્યારે સંતો પગે લાગી રહ્યા ત્યારે શ્રીહરિ તળાવે આવ્યા. ૧૨. શ્રીહરિએ તળાવને દેખ્યું. પછી તેને ગળાવવા (ખોદાવવા) વિચાર્યું. પછી ગામમાં આવ્યા, મનમાં ઘણું પ્રસન્ન હતા. ૧૩.

દરબાર માંચા ખાચરનાં ભવનમાં આવીને શ્રીહરિ ઊતર્યા હતા. પછી વૈશાખ માસ સુધી તળાવ ગળાવ્યું. ૧૪. આસપાસનાં ગામડાંમાં જે હરિભક્તો રહેતા હતા, તે બધા વારાફરતી તળાવ ગાળવા આવતા હતા. ૧૫. શ્રીહરિ સવારે એક પહોર (૩ કલાક) તળાવ ગળાવતા હતા. ગામમાં કણબી હરિભક્તો ઘણા હતા, તેઓ વારાફરતી હળ ચલાવતા હતા. ૧૬. કણબી હરિભક્તો રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી હોય ત્યારે હળ જોડી દેતા અને દિવસ બે ઘડી (૪૮ મિનિટ) ચઢે ત્યાં સુધી હળ હાંકતા હતા. ૧૭. શ્રીહરિ, સંતો અને હરિભક્તોને બધાને લાવીને ખેડેલી માટીનો બધો ગાળ ત્યાંથી કઢાવી લેતા હતા. હળથી જે મોટા ખોટ (ઢેફાં) ઊખડ્યાં હોય, તેને સંતો અને હરિભક્તો તે વેળાએ જ લઈ લેતા હતા. ૧૮.

બધા સંતો અને હરિભક્તો માટી ઉઠાવતી વખતે ‘સ્વામિનારાયણ’ નામ બોલતા રહેતા. પહેલા શ્રીહરિ જઈ માટી ઉઠાવતા, તેથી પછી સંતો અને હરિભક્તો હરખથી તે માટીને ઉઠાવતા હતા. ૧૯. રોજ ત્યાં ઢોલ અને શરણાઈ વાગતી. મોટો ઉત્સવ ચાલતો હોય તેવું વાતાવરણ છવાઈ રહેતું. સંતો અને હરિભક્તોનાં મનમાં ઉમંગ રહેતો, સહુને શ્રીહરિને રાજી કરવાનું એકતાન રહેતું. ૨૦. **જો સેવા કરવાનું નિમિત્ત હોય તો સંતોનો અને હરિભક્તોનો આટલો જોગ રહે. સેવાના નિમિત્ત વિના એક મહિનો આવો જોગ ક્યાંથી રહે ? આવું શ્રીહરિએ મનમાં વિચાર્યુ હતું. ૨૧. સંતોને અને હરિભક્તોને સાથે રાખવા માટે શ્રીહરિ આવા પ્રકારનો યોગ રચી દેતા. જ્યારે શ્રીહરિ સંતોને અને હરિભક્તોને ભેળા રાખવાનો વિચાર કરતાં; ૨૨.** ત્યારે કોઈપણ સેવાનું આયોજન સહુની આગળ ધરી-વિચારીને, સંતો-ભક્તોને ઘણા દિવસ પોતાની પાસે રાખતા, પણ પહેલા સીધા-સામાનની જોગવાઈ કરી લેતા અને પછી હરખથી સહુને બોલાવતા. ૨૩.

સંતોને અને હરિભક્તોને પાસે રાખીને ઉત્સાહથી કથા-કીર્તન વગેરે કરાવતા અને પોતે નિત્ય નવીન વાતો કરતા કે, જાણે પહેલા એવી વાત ક્યારેય કરી જ ન હોય ? ૨૪. બ્રાહ્મકલ્પ, પાદ્મકલ્પ અને વારાહકલ્પ આદિ કલ્પોની વાતોને શ્રીહરિ કરતા. ૨૫. શ્રીહરિ અનંત કલ્પોની વાતને સાક્ષાત્-પ્રત્યક્ષ દેખતા હતા. તોપણ શાસ્ત્રોને અનુસારે નવી નવી વાતોને કરતા હતા. ૨૬. વેદો અને પુરાણોમાં જેનાં સ્વરૂપની વાત કહી છે, તેમજ વેદોના અંગરૂપ જ્યોતિષશાસ્ત્ર વગેરેમાં પણ જેને કહ્યા છે, તે તત્ત્વરૂપ મૂર્તિ શ્રીહરિ પ્રગટ થયા છે. ૨૭.

ધર્મશાસ્ત્ર, ભક્તિશાસ્ત્ર, જ્ઞાનમાર્ગનાં શાસ્ત્ર, વૈરાગ્ય વિવેચનનાં શાસ્ત્ર અને વ્યાસમુનિએ કહેલાં-રચેલાં જે શાસ્ત્ર છે, તેનાં રહસ્યરૂપ મૂર્તિ શ્રીહરિ સાક્ષાત્ પ્રગટ થયા છે. છતાં તે તે શાસ્ત્રોમાં જેવી વાત કહી હોય તેનું પ્રમાણ લઈને પોતે સભામાં કહેતા-સમજાવતા હતા. ૨૮-૨૯. સભામાં જે મુમુક્ષુ ભક્તો બેઠા હોય તે જ્યારે શ્રીહરિનાં મુખની તેવી વાતોને સાંભળતા ત્યારે તેમનાં અંતઃકરણમાં તરત જ પ્રકાશ થતો અને બધો અજ્ઞાનનો અંધકાર નાશ પામતો હતો. ૩૦.

✵ પ્રતાપ છુપાવ્યો છુપે નહિ - શ્રીહરિનો મહિમા :

ચોપાઈ :

हरि अवतार हो गये जितने, तानें चरित्र किये जो तितने;
प्रताप तानें जेते देखाये, प्रगट मूर्ति में ते ते जनाये...३१
हरि न कहत जेते अवतारा, वेर वेर तेहि हम ने धारा;
कहे विन जो प्रताप रहाया, छिपावत न रहे जो छिपाया...३२

પૂર્વે શ્રીહરિના જે જે અવતારો થઈ ગયા તેમણે જે જે ચરિત્ર કરીને જેટલો પ્રતાપ જણાવ્યો હતો, તે બધો જ પ્રતાપ પ્રકટ મૂર્તિ શ્રીહરિ પોતાની મૂર્તિમાં જણાવતા હતા. ૩૧. શ્રીહરિ કયારેય સ્વમુખે એમ નહોતા કહેતા કે, તે તે અવતારો અમે ધાર્યા હતા. છતાં વગર કહ્યે તે પ્રતાપ સહુને જણાઈ આવતો હતો. શ્રીહરિનો પ્રતાપ છુપાવ્યો છુપાતો નહીં. ૩૨. શ્રીહરિ પોતાના

પ્રતાપને છુપાવવા વારેવારે પ્રયત્ન કરતાં, પણ પ્રતાપ તો તેમ તેમ વધતો જ જણાતો હતો. કેમ જે, ખરેખર જે સાચો પ્રતાપ છે તે છુપાવ્યો છુપાતો નથી. ૩૩. સાચું અને ખોટું તે વર્તને કરીને તરત જ દેખાઈ આવે છે, પણ જે અંતરના આંધળા હોય અને જેણે અતિશય પાપ કર્યા હોય, ૩૪. તેમને જેટલી સાચી વાત હોય તે પણ પાખંડ જેવી ભાસે છે.

હિરણ્યકશિપુએ બહુ તપ કર્યું. તે ત્રિલોકીનો રાજા થયો. ૩૫. બ્રહ્માના પુત્ર મરીચિ થયા, મરીચિના પુત્ર કશ્યપ થયા અને તેનો પુત્ર હિરણ્યકશિપુ હતો. તે હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદ થયા. ૩૬. હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, એ બંને ભાઈ હતા. હિરણ્યાક્ષે ભૂમિનું અપહરણ કર્યું ત્યારે ભૂમિ રુદન કરવા લાગી, ૩૭. ત્યારે ભગવાને તત્કાળ વરાહરૂપ ધાર્યું અને બ્રહ્માની નાસિકામાંથી પ્રકટ થયા, અને કૃપાળુ ભગવાન પાતાળમાં ગયા. ૩૮. ભગવાનનું રૂપ ભૂમિ કરતા અધિક હતું. તેમણે એવું રૂપ ધરીને દૈત્યની સાથે યુદ્ધ કર્યું. ભગવાનનો અદ્‌ભુત અનંત પ્રતાપ જોઈને દૈત્ય ચૂપ થઈ ગયો. ૩૯. તેણે ભૂમિને બહુ દુઃખ દીધું હતું. તેમજ તેનું મન ઘણું મલિન હતું. તેથી ભગવાને દૈત્યનો વિનાશ કર્યો અને તેથી બ્રહ્મા આદિ બધા દેવો પ્રસન્ન થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'કારિયાણીમાં તળાવ ખોદાવવાની લીલા શ્રીહરિએ કરી' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર અગિયારમું : તરંગ - ૭૩

શ્રીહરિએ પ્રહ્લાદની વાત કહી

પોતાના ભાઈ હિરણ્યાક્ષને માર્યો તેથી તેનું વેર વાળવા માટે હિરણ્યકશિપુએ તપ દ્વારા બ્રહ્માને રાજી કરવાનો વિચાર કર્યો અને તપ કરવા તૈયાર થયો. ૧. "મારું કોઈથી મરણ થાય નહિ" આવું વરદાન તેણે બ્રહ્મા પાસેથી લીધું. પછી તે ભગવાન વિષ્ણુની સાથે યુદ્ધ કરવા માટે તત્કાળ વૈકુંઠમાં ગયો. ૨. તેણે ભવ અને બ્રહ્મા સિવાયના બધા જ દેવોને દીન-આધીન કરી

દીધા, ઈંદ્રાસન પણ આંચકી લીધું. ૩. ત્રિલોકીમાં યજ્ઞયાગાદિક જે થાતા હતા, તે બધાને દૈત્ય પોતાને નામે કરાવવા લાગ્યો. ૪. શક્તિશાળી દૈત્યે હાથમાં ત્રિશૂળ લીધું, તેણે ભગવાન વિષ્ણુના ઉપર રીશ કરી. પછી તે વૈકુંઠલોકમાં આવ્યો, ત્યારે ભગવાન વિષ્ણુએ તેને દેખ્યો. ૫.

ભગવાન વિષ્ણુએ તત્કાળ વિચાર કર્યો, હું જ્યાં જઈશ, ત્યાં તરત જ દૈત્ય પાછળ આવશે. બ્રહ્માનાં વરદાનથી આ દૈત્ય નિઃશંક થઈને ફરે છે, તેનાં દિલમાંથી મરણની શંકા જતી રહી છે. ૬. ભગવાન વિષ્ણુ તો માયાવીને પણ મોહ પમાડે એવા માયાવી છે, એટલે તેમણે તરત જ મનમાં નક્કી કરી લીધું. દૈત્યનાં અંતરમાં (હૃદયમાં) અંધારું હોય છે, વિમુખ દૈત્ય તેમાં જોવાનો નથી. ૭. એટલે તેનું હૃદય નિર્ભય સ્થાન છે, એમ જાણીને ભગવાન વિષ્ણુ તેમાં પ્રવેશ કરીને રહ્યા. તેણે બધો વૈકુંઠલોક નિહાળીને દેખ્યો, પણ ભગવાન વિષ્ણુને ક્યાંય દેખ્યા નહિ. ૮. જાણે આકાશ-પાતાળ તોડી જ નાખ્યા હોય તેમ તેણે ભયંકર શબ્દથી ગર્જના કરી, છતાં તેણે જ્યારે ભગવાન વિષ્ણુને ન દેખ્યા, ત્યારે મનમાં માન્યું કે, તે મરી ગયા હશે. ૯. તે નિર્ભય થઈને ત્રિલોકીના સામ્રાજ્યની ગાદીએ બેઠો. દેવતાઓ તો તેનું ઘરકામ કરતાં હતા. બ્રહ્મા અને શંકર સિવાયના બીજા દેવોનાં સ્થાનો તો તેણે આંચકી લીધાં અને દેવોને બહુ જ દુઃખ દીધું. ૧૦.

દેવોને જ્યારે બહુ ભારે સંકટ આવી પડ્યું, દુઃખનો કોઈ નિકાલ થયો નહિ; ત્યારે તેઓ મન-કર્મથી ભગવાન વિષ્ણુને શરણે ગયા. તેમના સિવાય આવા મોટા દુઃખને કોણ ટાળે ? ૧૧. **અત્યંત દીન થઈને પ્રાર્થના કરી. ભગવાન વિષ્ણુ સિવાય કોઈ અન્ય શરણ-આધાર રહ્યું નહિ. ભગવાન વિષ્ણુએ તત્કાળ તેમની પ્રાર્થના સાંભળી. મનમાં જાણ્યું કે, દેવતાઓ ખરેખર અત્યંત દીન થઈ ગયા છે.** ૧૨. એટલે ભગવાન વિષ્ણુએ આકાશમાં અદશ્ય રહીને વાણી ઉચ્ચારી, "તમે બધા દેવો નિર્ભય રહો, તમારું દુઃખ નિવારવાનો હું વિચાર કરું છું. ૧૩. દૈત્યના પુત્ર મહાન ભક્તરાજ થાશે. આ દૈત્ય જ્યારે તેનો દ્રોહ કરશે ત્યારે તેનો વિનાશ થાશે. ૧૪. દૈત્યનું જે તપ છે તે મારા પરમભક્તના દ્રોહને લીધે આગના સંપર્કથી દારૂ જેમ ક્ષીણ થઈ જાય તેમ

તે દૈત્ય ક્ષીણ થઈ જશે." ૧૫. તે આકાશવાણીને સાંભળીને દેવોના મનમાં શાંતિ થઈ. તે પછી મહાન તેજસ્વી દૈત્યપુત્ર પ્રહ્લાદજી યથાસમય જન્મ્યા. ૧૬.

❋ હરિસ્મરણનો મહિમા :

જ્યારથી તે બોલતા શીખ્યા ત્યારથી ભગવાન વિષ્ણુ સિવાય બીજો શબ્દ મુખથી બોલતા નહિ. તેના પિતાએ તેને અનંત પ્રકારની નીતિ ભણાવી, ૧૭.

ચોપાઈ :

निति पढे हरि के लेना नामा, नारायण जो सब सुखधामा;
हरि कृष्ण गोविंद मुख गावे, त्रिलोक को सुख अल्प देखावे...१८

हरि विन जितनो पदार्थ जेहा, काल चविनो देखेउ तेहा;
तात कु अल्प अनु सम देखे, ताको त्रास कछु न लेखे...१९

પરંતુ પ્રહ્લાદજી તો ભગવાનનું નામ લેવાની નીતિ ભણ્યા. તેઓ સર્વે સુખના ધામ ભગવાન નારાયણનું નામ લેવા લાગ્યા અને તેઓ પોતાને મુખે હરિ, કૃષ્ણ, ગોવિંદ આવા ભગવાનનાં નામોને ગાવા લાગ્યા. તેને ત્રિલોકીનાં સામ્રાજ્યનું સુખ અલ્પ-તુચ્છ દેખાયું. ૧૮. શ્રીહરિ સિવાયના પદાર્થમાત્ર તેને કાળનું ચવાણું-ભોજન દેખ્યા. પોતાનાં પિતાને તો તે અણુના જેવા તુચ્છ દેખતા અને તેનાં ત્રાસને તો કાંઈ ગણકારતા જ નહિ. ૧૯. ભગવાનનું ભજન કરતા આ શરીરને કોઈ બાંધે કે મારે એ તો ભાગ્ય હોય ત્યારે થાય, કર્મને વશ થઈને પૂર્વજન્મનાં દેહમાં કરોડોવાર આવા દુઃખ ભોગવ્યા છે, એવું તેઓ માનતા. ૨૦. અનંતવાર માથું કપાયું હશે, કેટલાએ પશુના દેહ ધર્યા હશે, જળજંતુ અને પંખીનાં શરીર પણ ધર્યાં હશે. એટલે તેમાં વારંવાર મૃત્યુ થયું જ છે. ૨૧. જીવ તો એકનો એક જ છે, પણ તેણે શરીર ધાર્યાં છે તેનો કોઈ પાર નથી. જેટલા લખચોરાશીના દેહો છે તેમાંથી કેટલાય દેહો જીવે વારંવાર ધર્યા છે. ૨૨.

એકપણ શરીર ભગવાન અર્થે ઉપયોગમાં આવ્યું નથી. તેમ છતાં ભગવાન તો જીવને મનુષ્યનો દેહ આપતા રહ્યા છે. બીજા બધા લખચોરાશીના શરીરોથી જીવને છોડાવવા માટે ભગવાન એક મનુષ્યતન આપે છે. ૨૩.

મનુષ્ય દેહથી જે જીવ હરિનું ભજન કરે છે, તેને લખચોરાશીમાં અનંત જન્મ લેવાના છૂટી જાય છે, અર્થાત્ તે જીવનો મોક્ષ થાય છે. મનુષ્યનું શરીર મળ્યું અને જે જીવ હરિનું ભજન નથી કરતો તો અનંત શરીર લેવાનું તેની સાથે ચોંટી જ રહ્યું છે. ૨૪. આવી સમજણથી પ્રહ્લાદજીએ પોતાનો દેહ ભગવાન હરિને અર્પણ કરી દીધો, અને તેથી જ તે ભક્તનાં રૂપમાં વિખ્યાત થયા. ૨૫. દક્ષ પ્રજાપતિને અપાર પુત્ર હતા, તેની પાસે નારદજી ગયા. તેને ઉપદેશ આપીને તત્કાળ જ પરમહંસ કરી દીધા. ઉપદેશથી તેમને ભગવાન પામવાની ચાનક ચઢાવી દીધી. ૨૬. જેઓ હરિનું ભજન કરે છે તે હરિ વિનાના જેટલા સુખ છે તેને બંધનરૂપ સમજે છે અને તેમાં અનંત દુઃખ માને છે. ૨૭.

હિરણ્યકશિપુ પુત્ર પ્રહ્લાદને હરિના ભક્ત થયા દેખીને તેની સાથે દ્વેષ રાખવા લાગ્યો, અને કહેતો કે, આ પ્રહ્લાદે તો કુળને લાંછન લગાડ્યું છે. ૨૮. જગતમાં જે લોકો હરિનું ભજન નથી કરતા તે બધા પ્રહ્લાદના પિતા સમાન જાણવા. જે ભગવાનને ભજે તેના ઉપર દ્વેષ રાખે અને ભગવાનના ભક્તને દેખીને જેને ક્લેશ થાતો હોય, ૨૯. પોતે ભજે નહિ અને બીજાને ભજન કરવા દે નહિ, એવા જેનાં લક્ષણ હોય તેને દૈત્ય જાણવા. માતા, પિતા, બહેન, ભાઈ, કાકા અને મામા વગેરે સંબંધી જે હોય તથા ૩૦. કાકી, મામી, માસી, ફઈ, પત્ની, દીકરી, દીકરા, આદિ જે સંબંધી હોય તે જો હરિને ભજવામાં વિઘ્ન કરે, અને સંબંધ વગરના ૩૧. ગુરુ, વિપ્ર, ભેખધારી, જે કોઈપણ હરિનું ભજન કરવામાં વિઘ્ન કરે, ભગવાનના ભક્તોને દુઃખ ઉપજાવે, તે બધા હિરણ્યકશિપુના વંશજ (દૈત્ય) કહેવાય. ૩૨.

જે ભગવાનનો ભક્ત હોય તે કોઈનો દ્વેષ કરે નહિ, તે સ્વયં સંસારને તરે છે અને તેના સંબંધવાળાને બીજાને તારે છે. હરિનો ભક્ત થઈને જો કોઈની સાથે દ્વેષ રાખે તો તેને કોઈ હરિભક્ત કહે નહિ. ૩૩. અધર્મ અને અધર્મનો પરિવાર અપાર હળાહળ ઝેર છે. ભક્ત હોય કે અભક્ત જે અધર્મના પરિવારને ગ્રહણ કરે છે, તેનાં અંતરમાં અધર્મના ગુણ વ્યાપી જાય છે. ૩૪. જેની અંદર જે અધર્મનો ગુણ વ્યાપીને જેટલીવાર રહે છે, તો તે ગુણ તેને તે રૂપ કરી દે છે. જેમ કોઈ ભૂત, પ્રેત કે પિશાચ

કોઈના શરીરમાં જેટલીવાર પ્રવેશે છે, તો તેટલીવાર તેનો જીવ પણ તે રૂપે થઈ જાય છે. તેટલીવાર જેને ભૂત વળગ્યું હોય તે કુરુપ લાગે છે. ૩૫. રાજસ અને તામસ બંને ગુણ અધર્મ સર્ગના છે અને શુદ્ધ સત્ત્વગુણ એક જ ગુણ ધર્મસર્ગનો છે. ૩૬.

પ્રહ્લાદજીએ સત્ત્વગુણ ગ્રહણ કર્યો તેથી તે મંગળરૂપ બન્યા અને રાજસ તથા તામસ ગુણ તો તેના પિતા હિરણ્યકશિપુએ ગ્રહણ કર્યા હતા. ૩૭. રાજાને હરિરૂપ અર્થાત્ ભગવાનનું રૂપ કહ્યો છે, પણ હરિરૂપ તો તે રાજા છે કે, જે હરિને ગ્રહણ કરે-સ્વીકારે. રાજા પોતે હરિને ભજે અને બીજાને પણ હરિભજન કરાવે. ૩૮. પ્રહ્લાદે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરના ભાવોનો ત્યાગ કરી દીધો હતો. માયાના કાર્યરૂપ બ્રહ્માંડથી પરનો ઠેરાવ કરીને તેઓ વર્ત્યા હતા. ૩૯. પ્રહ્લાદના દેહનો નાશ થઈ જાય તેટલો ત્રાસ તેના પિતાએ આપ્યો હતો, છતાં તેના દેહનો નાશ થયો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ પ્રહ્લાદની વાત કહી' એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ||૭૩||



પૂર અગિયારમું : તરંગ - ૭૪

પ્રહ્લાદની ભગવન્મય દૃષ્ટિ અને હિરણ્યકશિપુનો કોપ

શ્રીહરિએ વાત કહી, એક દિવસ હિરણ્યકશિપુએ પ્રહ્લાદના ઉપર અત્યંત ક્રોધ કરીને કહ્યું, ૧. જે વિષ્ણુનું તું ભજન કરે છે, તે તો મારા ભયથી પોતાનાં સ્થાનથી ભાગી ગયા છે, અદૃશ્ય થઈ ગયા છે, અત્યારે તે ક્યાં છે ? ૨. ત્યારે પ્રહ્લાદે કહ્યું, જેનાં ભજનના પ્રતાપથી તો હું તમારી સાથે વાદ-વિવાદ કરી રહ્યો છું. તમારું જેટલું બળ હતું તે બધું તમે કરી લીધું છે. ૩. મને મારવાને માટે તમે બળ કરીને થાકી ગયા, છતાં હું કોઈ રીતે મર્યો નહિ. તો પછી તે વિષ્ણુનો નાશ તમારાથી કેમ થઈ શકે ? ૪.

जाको भजन में करत दिन राती, समर्थ तोसे हे अनंत भाँती;
श्वास उसास तें भरत जेता, भरने सो देवत श्रीहरि तेता...०५
नेन देखत कान सुनत जेतो, हरि को सामृथ हे सब तेतो;
देह देह जीय रहे जितना, जीय जीय प्रति रहे हे तितना..०६
अनु अनु प्रति रहे हे स्वामी, सब जन के सो अंतरजामी;
ताको भजन न करत जन जेहा, मृत्युरूप सो धरीके तेहा...०७

હું રાત-દિવસ જેનું ભજન કરું છું, તેનું સામર્થ્ય તો તમારા કરતાં અનંતગણું વધારે છે. તમે જેટલા શ્વાસ-ઉશ્વાસ લો છો, તેપણ મારા ભગવાન જ તમને શ્વાસ લેવા દે છે, ૫. તમે જે આંખથી દેખો છો અને જે કાનથી સાંભળો છો તે બધું સામર્થ્ય પણ તે હરિનું આપેલું જ છે. જેમ પ્રત્યેક દેહમાં જીવ રહ્યો છે તેમ પ્રત્યેક જીવમાં તે હરિ રહ્યા છે, ૬. તે સર્વેના સ્વામી હરિ અણુ અણુમાં રહેલા છે અને જીવ-પ્રાણીમાત્રના અંતર્યામી છે. જે મનુષ્ય તેમનું ભજન નથી કરતો તેને માટે તો તેઓ મૃત્યુરૂપ ધરીને રહ્યા છે. ૭. **તેઓ આવીને શ્વાસ બંધ કરી દે છે અને કોઈને નજરે પણ થતા નથી. હું જેનું ભજન કરું છું તે હરિ તો એવા છે, તે તમને કહી દેખાડ્યું.** ૮.

ત્યારે પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુએ ભારે ક્રોધ કર્યો અને ભયંકર ગર્જના કરીને કહ્યું, તું મને તારો ભગવાન હરિ એકવાર નજરે દેખાડ, હું તરત જ તેનો સંહાર કરું. ૯. ત્યારે પ્રહ્લાદે કહ્યું, હવે તે હરિ સવારે કે સાંજે તમારો સંહાર કરશે જ. તેમના જીવાડ્યા જ તમે જીવો છો, તમને તેની ગમ પણ નથી. ૧૦. આટલી વાત કરતા તો હિરણ્યકશિપુએ તત્કાળ અત્યંત ભયંકર કાળના જેવો કોપ કર્યો. હિરણ્યકશિપુએ કહ્યું, તું મને તે દેખાડ, તે મારો કાળ ક્યાં રહ્યો છે ? ૧૧. તમારો કાળ તો તમારામાં જ રહ્યો છે, પણ અત્યારે તેઓ આ સ્તંભમાં પણ આવીને રહ્યા છે, પ્રહ્લાદ જ્યાં આટલું બોલે છે તેટલીવારમાં તો હિરણ્યકશિપુએ સ્તંભના ઉપર પોતાના મુક્કાનો પ્રહાર કર્યો. ૧૨.

પ્રહ્લાદનાં વચનથી બંધાયેલા ભગવાન હરિ તરત જ સ્તંભમાંથી બહાર નીકળ્યા અને આગળ આવીને ઊભા રહ્યા. ૧૩. તેમનું સ્વરૂપ સિંહનાં જેવું વિકરાળ હતું અને નૃસિંહ એવું નામ હતું. તેઓ જ્યાં પ્રકટ થયા હતા તે

સ્થળે જ અસુરની સાથે યુદ્ધ કર્યું. ૧૪. **તે અસુરે પ્રહ્લાદને જેટલું જેટલું દુઃખ દીધું હતું, તે બધાં દુઃખને પ્રહ્લાદે સુખ માન્યું હતું; કારણ કે તેઓ કહેતા કે, ભગવાનને નિમિત્તે દુઃખ ક્યાંથી મળે ? ૧૫.** શરીરને ઘણું ભારે દુઃખ થયું એમ કહેવાય છે, પણ શરીરને તો ભગવાને બ્રહ્માંડથી પૃથક્ કરી દીધું હતું. શરીરને અછેદ્ય, અભેદ્ય કરીને ભગવાને પ્રહ્લાદજીને ઉગારી લીધા હતા. ૧૬. જ્યાં સુધી અનંતયુગો રહેશે ત્યાં સુધી તે ભગવાન હરિનો પ્રતાપ દેખાતો રહેશે. જે જે ભગવાનના ભક્તો થાશે તે બધા પ્રહ્લાદની જેમ ભગવાન અર્થે દુઃખોને સહન કરશે. ૧૭.

હરિને ભજવામાં જેટલું દુઃખ આવે તેને સુખ કરીને માનવું જોઈએ અને પોતાનાં શરીરના ધન્યભાગ્ય માનવા જોઈએ છે કે, આટલું હરિને અર્થે ઉપયોગમાં તો આવ્યું ! ૧૮. ભક્તે પોતાના દેહનાં સુખને માટે થઈને ભગવાનની પાસે કોઈપણ રીતે કાંઈપણ માગવું ન જોઈએ. શરીરનું બીજ જે રજ-વિરજ છે તે જળના બિંદુરૂપ છે. તેમાં સ્ત્રીનો કે પુરુષનો કોઈ આકાર દેખાતો નથી. અને શરીર છે તે આત્માનો આકાર નથી. અર્થાત્ આત્મા અને દેહ, બેય અલગ છે. સ્ત્રીનો અને પુરુષનો આકાર કેમ થાય છે ? તો, તેમાં પરમેશ્વરે પ્રેરેલા સૂર્યે પોતાના કિરણો દ્વારા અપેક્ષિત મહાભૂતોના રજ-વિરજ આદિનો જોગ કરાવીને મનુષ્ય, પશુ, પક્ષી આદિ જંગમ પુરુષાકાર શરીરનું નિર્માણ કરાવ્યું હોય છે, ૧૯-૨૦. અને તે રીતે જ પરમેશ્વરે પ્રેરેલા ચંદ્રમાએ પોતાના કિરણો દ્વારા અપેક્ષિત મહાભૂતોના રજ-વિરજ આદિનો જોગ કરાવીને, તેનાથી સ્ત્રીના આકારે શરીરનું નિર્માણ કરાવ્યું હોય છે. તેને તત્ત્વજ્ઞ યોગીઓ જાણે છે. ૨૧.

શુકદેવજી, સનકાદિકો, નારદજી અને શિવજી જેવા બધું જાણે-સમજે છે. ભગવાનના જોગથી તેઓ જિતેંદ્રિય થયા છે અને તેમનું અંતર નિરોગી-વિશુદ્ધ બન્યું છે. ૨૨. ત્રિવિધ શરીરથી પૃથક્ આત્મસત્તારૂપે રહીને જે માયાના સંબંધથી પરે થઈ જાય છે, એવા જોગીને તત્ત્વજ્ઞ કહેવાય છે અને તે જેવું કહે તેવું થઈ આવે છે. ૨૩. જે ભગવાનના ભક્ત હોય છે તેઓ પોતાનાં અંતઃકરણમાં સિદ્ધપણાનું અભિમાન રાખતા નથી અને જે માયાના

જીવ છે તેઓ સિદ્ધપણાનું અભિમાન રાખે છે. તેઓ માટે અહીંયાં થોડી વાતો કહી છે. ૨૪.

दोहा : भगवान के जोगी जितने, इन्द्रि माया जीत;
सिद्ध पुरुष हे तितने, जग तन देखत अनीत...२५
हरि की कथा वारता, करे हि चरित्र गान;
ध्यान स्मरण करे ताहि के, निशदिन ताको तान...२६

જેટલા ભગવત્સ્વરૂપનાં સુખમાં રાચનારા યોગી છે, તે બધા જિતેંદ્રિય અને માયાજીત સિદ્ધદશાને પામેલા છે. તેઓ પિંડને અને બ્રહ્માંડને અનિત્ય દેખે છે. ૨૫. તેવા ભક્તો ભગવાનની કથા-વાર્તા કરે છે, ચરિત્રોને ગાય છે, રાત-દિવસ તેમનું જ ધ્યાન-સ્મરણ કરે છે અને તેમનાં સ્વરૂપનું જ એક તાન રાખે છે. ૨૬. **જેટલી ભગવાનના સંબંધવાળી વાતો હોય તેને સત્ય જાણે છે, અને ભગવાનના સંબંધ રહિતનું બધું અસત્ય જાણે છે. ૨૭. શ્રીહરિનાં ચરિત્ર તો અમૃતમયરસના સારનો સિંધુ છે અને અતિશય મધુર છે અને સંસાર સંબંધી સુખ તો ખારો સમુદ્ર છે, તે ખારમાં જ આખું જગત ડૂબેલું છે. ૨૮.** ભગવાનનાં ચરિત્રનો રસ અત્યંત મિષ્ટ-મધુર છે, પ્રહ્લાદને જ્યારે તેનો સ્વાદ લાગ્યો ત્યારે તેના પિતાએ આપેલાં બધાં દુઃખોને તેણે પરમ સુખમય માન્યા. ૨૯.

તે સમયે ભગવાન પ્રહ્લાદના ઉપર પ્રસન્ન થઈને તેને માટે જ ઘણા પ્રેમથી પ્રકટ થયા. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને જે જે દુઃખ દીધાં હતાં, તે એકેક દુઃખને દેખીને તેને માર્યો, ૩૦. પછી ભગવાનને હિરણ્યકશિપુને પકડ્યો. ઘણા દિવસનો ક્રોધ ચઢેલો હતો, તેથી ભગવાને તે વખતે એવો ભયાનક શબ્દ કર્યો કે તે ચૌદ લોકમાં વ્યાપી ગયો. ૩૧. ભગવાનના તે શબ્દથી લોકાલોક પર્વત અને સમુદ્ર ખળભળી ઊઠ્યા, ચલાયમાન થઈ ગયા. પાતાળથી લઈને બધો આકાશ તે શબ્દથી ભરાઈ ગયો. માનો કે પ્રલયનો સમય આવી ન ગયો હોય ! ૩૨. ભગવાને તે સમયે આખા વિશ્વનું બળ પોતાનાં સ્વરૂપમાં દેખાડ્યું, અને દૈત્યે જેટલું પોતાનું બળ હતું તેટલું કરી લીધું. પણ ભગવાને તેને મેરુ પર્વતને પોતાના હાથથી ઉઠાવી લે તેમ ઉઠાવી લીધો; અને કહ્યું,

હવે તું તારું બળ દેખાડ લે..! હું આ વખતે તારું બળ જોવા જ આવ્યો છું. હે અતિ મૂઢ ! તેં પ્રહ્લાદને મારો ભક્ત જાણીને અતિશય દુઃખ દીધું છે. ૩૩-૩૪.

જ્યારે જ્યારે તેં પ્રહ્લાદને પીડા કરી છે ત્યારે ત્યારે મેં તેની રક્ષા કરી છે, છતાં તને મારાં સ્વરૂપનું જ્ઞાન થયું નહિ. હે અજ્ઞાની ! એવા પાપ તારામાં ભર્યાં છે, ૩૫. તારાં જેવા જે પાપી અસુરો છે, તે મને ક્યારેય માનતા નથી, તેઓના અંતે આવા જ હાલ થાય છે. એવાને તો હું હાથ પકડીને તત્કાળ મારી નાખું છું. ૩૬.

ત્યારે દૈત્ય હિરણ્યકશિપુએ કહ્યું, આપને હાથે મારું મોત ક્યાંથી થાય? હું વારંવાર એ માગું છું કે, મારું મરણ આપને હાથે જ થાય. ૩૭. મેં જ્યારે આપના ભક્તને દુઃખ દીધું, ત્યારે તમે મને દર્શન દીધું છે. મેં પાપ તો અપાર કર્યાં છે, જે મુખથી કહી શકાય તેમ નથી. ૩૮. હું તો વારંવાર એવું જ માગું છું કે, મારું મરણ આપને હાથે થાય. હું મરણનો ભય રાખતો નથી. કારણ કે, આપને હાથે કોઈનું મરણ થાતું નથી. ૩૯. આપના હાથે મોત થાય, તેના જેવો બીજો કોઈ લાભ નથી. તેથી હું અત્યારે એવું જ ઇચ્છું છું. કારણ કે, બીજી કોઈ રીતે મારું મૃત્યુ છે જ નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'પ્રહ્લાદની ભગવન્મય દૃષ્ટિ અને હિરણ્યકશિપુનો કોપ' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર અગિયારમું : તરંગ - ૭૫

દૈત્યવધની વાત કહી, શ્રીહરિ કારિયાણીથી નીકળ્યાં અને ઝીંઝાવદર આવ્યા

હિરણ્યકશિપુએ ઈંદ્રાદિ દેવોનાં બધાં સ્થાનોને આંચકી લીધાં હતાં. અને તેમને પોતાનું ઘરકામ કરનારા નોકર કરીને અત્યંત દીન કરી દીધા હતા. ૧. બધા ઋષિઓને બોલાવીને દેવોના યજ્ઞ બંધ કરાવ્યા હતા. પોતે જ આરાધ્ય બનીને પોતાના નામના જ યજ્ઞ કરાવવા લાગ્યો. ઋષિઓને પોતાને આધીન

કરી દીધા હતા. ૨. હિરણ્યકશિપુ જ્યારે રાજ્યસભામાં સિંહાસને બેસે, ત્યારે નારદ અને તુંબરુ વગેરે તથા દેવોના બધા ગાંધર્વો તેની આગળ આવીને ગાન કરવા લાગી જતા. ૩. પહેલા આવો કોઈ રાજા થયો ન હતો કે, જેણે રાજ્ય નિરંકુશ બનાવ્યું હોય. પણ તે હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદ અજોડ ભક્ત થયા અને તેનો દ્રોહ કરવાથી હિરણ્યકશિપુનો નાશ થયો. ૪. દૈત્યે ભક્તનો દ્રોહ એવો કર્યો કે, તેને માર્યા વિના ભગવાનનો ક્રોધ શમ્યો નહિ. બ્રહ્માએ હિરણ્યકશિપુને જેટલા વર આપ્યા હતા તે બધાને બચાવીને દૈત્યને માર્યો. ૫.

જે રીતે હિરણ્યકશિપુનું મોત થાય એવો ઉપાય ભગવાને ખોળ્યો. ત્યારે ભવ અને બ્રહ્મા અત્યંત પ્રસન્ન થયા અને ભગવાનને કહ્યું, હવે અત્યારે જ દૈત્યને મારો. ૬. ત્યારે ભગવાન હિરણ્યકશિપુને પકડીને ઘરના ઉંમરામાં બેઠા, સંધ્યા સમય થવા આવ્યો હતો. ભગવાને અપાર ક્રોધ કરીને પોતાના હાથના નખથી જ દૈત્યનું પેટ ચીરી નાખ્યું. ૭. તેનાં આંતરડાંને પેટમાંથી ખેંચીને પોતાનાં ગળામાં નાખ્યાં. તેનું રૂધિર ઊડવાથી ભગવાનનાં શરીર ઉપર તેના છાંટણાં લાગી ગયાં હતાં, જે વર્ણવી શકાતું નથી. ૮. ખાખરાના વૃક્ષ પર કેસુડાં ખીલ્યાં હોય તેવી શોભા મૂર્તિની થઈ હતી. મહાન વિકરાળ દૈત્યને માર્યો. ભગવાન સિવાય તેનું મોત કોઈ કાળે થવાનું ન હતું. ૯. ભગવાનનું મહાન ભારે સામર્થ્ય દેખીને તે સમયે દેવોએ ‘જય જય’ ‘જય જય’ એમ બોલીને જયઘોષ કર્યો. દેવોએ ઠેકઠેકાણે દુંદુભિ વાજિંત્ર વગાડ્યા. કારણ કે, ભગવાને દેવોનું મહાન દુઃખ દૂર કર્યું હતું. ૧૦.

બધા દેવોએ કેસર-ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરીને હર્ષ પ્રકટ કર્યો. ભગવાનનું સર્વોપરિ સામર્થ્ય કહીને દેવોએ સ્તુતિ કરી. ૧૧. આવું આપનું સામર્થ્ય જોવા છતાં જે આપને સેવતા-ભજતા નથી, તેનાં સમાન બીજો કોઈ ગમાર નથી. આપ મહાવરાહ સ્વરૂપ ધારણ કરીને રસાતળથી ભૂમિને લઈ આવ્યા છો. ૧૨. આપનો મહિમા એટલો બધો અધિક છે કે, કોઈ તેનો પાર પામી શકે તેમ નથી. એમ બ્રહ્મા, ભવ અને બધા દેવો આપના ચરણમાં નમીને કોટિવાર કહેતા રહે છે. ૧૩. આવો આપનો અનંત મહિમા અમે વારંવાર જોઈએ છીએ છતાં ભૂલી જઈએ છીએ. ત્યારે વળી આપ ફરીવાર

બતાવો છો. ૧૪. **અમે અલ્પમતિના છીએ, તેથી આપનું સામર્થ્ય હૃદયમાં ટકતું નથી. તેથી નવા નવા ચરિત્ર કરવા માટે આપે કલ્પ કર્યા છે. ૧૫.**

આવા અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ અને પ્રલય આપ કરો છો, તેમાં આપને કાંઈ જ વાર લાગતી નથી, એવા આપ એક જ મહાસમર્થ છો. ૧૬. આપનાં સામર્થ્યનો પાર કોણ લઈ શકે ? એટલા માટે તો અમે "નેતિ નેતિ" એવો ઉચ્ચાર કરીએ છીએ. હે ભગવન્ ! આપે નૃસિંહરૂપ ધારણ કર્યું છે તે બધા દેવો જાણે છે. ૧૭. ભવ અને બ્રહ્મા લક્ષ્મીજીને પણ સાથે દર્શન કરવા લાવ્યા હતા, પણ તેઓ નૃસિંહજીની સમીપે આવી શક્યા નહિ. તેમનું વિકરાળ સ્વરૂપ દેખીને દિલમાં ઘણો ભય-સંતાપ થયો. ભગવાનનાં ક્રોધયુક્ત સ્વરૂપ સામે શું વિચારીને જોવું ! ૧૮. પ્રહ્લાદજીની રક્ષા માટે ભગવાને નૃસિંહ સ્વરૂપ ધારણ કર્યું હતું. પછી બ્રહ્માએ પ્રહ્લાદને બોલાવ્યા. ઘણા હેતથી નૃસિંહજીની પાસે મોકલ્યા, ૧૯. ત્યારે પ્રહ્લાદજી હાથ જોડીને ભગવાનની પાસે ગયા. બધા દેવો દૂર ઊભા રહીને તમાશો દેખતા રહ્યા. પ્રહ્લાદજીએ ભગવાન નૃસિંહજી પાસે આવીને ચરણોમાં મસ્તક નમાવ્યું. ૨૦. ત્યારે ભગવાન નૃસિંહજીએ તેના માથા ઉપર બંને હાથ મૂક્યા અને ઘણા જ પ્રસન્ન થયા. ભગવાન પ્રહ્લાદજીને જીભથી ચાટવા લાગ્યા અને એટલું હેત દેખાડ્યું કે, તેનો પાર પામી શકાય તેમ નથી. ૨૧.

❋ પ્રહ્લાદજીએ માંગેલા વરદાન :

ભગવાને પ્રહ્લાદજીને કહ્યું, બેટા ! તું વર માગ. હું તારી ઉપર પ્રસન્ન થયો છું. તું જેવો વર માગીશ તેવો હું આપીશ. કશ્યપ અને દિતિને મેં જે વચન આપ્યું હતું, તે વચન મેં તે રીતે જ પાળ્યું છે. ૨૨. **મારું કામ જ્યાં આવશ્યક હોય તે કર્યા વિના મને ગમે નહિ. ત્યારે પ્રહ્લાદે કહ્યું, "મને આપના વિશે કોઈ દિવસ અલ્પભાવ-માયિકભાવ ન દેખાય, ન આવે. ૨૩.**

ચોપાઈ :

तुमारे जन के रहुँ में दासा, ए मागत तुम दिजे हुलासा;
तुमारो तव जन को रहे जोगा, इनको कबहु न होवे विजोगा...२४

दोहा : तुमारे चरित्र जितने, सामृथि जुत अपार;
दिव्य प्रताप जुत सब, करत वार हि वार...२५
चित मेरो तव चरित्र विन, ओर न करे चितवन;
शब्द श्रवन न सुने अवर, अवर नहि होय मनन...२६

હું આપના ભક્તનો દાસ થઈને રહું, હું એવું માગું છું, તે આપ મને ઉલ્લાસથી આપો. આપનો અને આપના ભક્તનો મને કાયમ યોગ રહે, એમનો ક્યારેય વિયોગ થાય નહિ. ૨૪. હે પ્રભુ ! અપાર સામર્થ્યથી યુક્ત અને દિવ્ય પ્રતાપથી યુક્ત આપ અપાર ચરિત્રો વારંવાર કરતા રહો છો, ૨૫. તે ચરિત્રોમાં મારું ચિત્ત લાગ્યું રહે. મારું ચિત્ત તે ચરિત્રો સિવાય બીજું ચિંતવન ન કરે. આપનાં ચરિત્ર સિવાય મારા કાન બીજા શબ્દો સાંભળે નહિ, અને મારું મન આપના સિવાય બીજું મનન કરે નહિ, ૨૬. આપનાં સ્વરૂપસંબંધી રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સિવાયનાં અન્ય વિષયક રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં મારું મન ક્યારેય લાગે નહિ, ૨૭.

આપનાં સ્વરૂપના સંબંધવાળી જે જે બાબત હોય તે જ મને અતિ પ્રિય લાગે, તે સિવાયની અન્ય કોઈ વાત મને પ્રિય ન લાગે, ૨૮. જેટલાં માયિક સુખ કહેવાય છે તે બધું મને કાળનું ચવાણું દેખાય. આપનાં ચરિત્ર સિવાયની જેટલી વાતો છે તે બધી મને ઝેરના જેવી લાગે. ૨૯. જ્યાં આપનાં ચરિત્રોનું ગાન થતું હોય ત્યાં જ મારા કાન નિત્ય લોભાયેલા રહે. આપનાં ચરિત્રોને સાંભળતાં મને તૃપ્તિ થાય નહિ અને બીજી વાતનો મને મોહ થાય નહિ. ૩૦. તમારા સિવાયના દેહ, ઈંદ્રિયો અને ઇન્દ્રિયોના ભોગો એ બધા મને રોગ જેવા દેખાય-અનુભવાય. હું આપની પાસે હાથ જોડીને આટલું માગું છું. માટે આપ પ્રસન્ન થઈને મને તે આપો.” ૩૧.

ત્યારે નૃસિંહ ભગવાને પ્રસન્ન થઈને તે બધાં વરદાન પ્રહ્લાદને આપ્યાં અને પોતાનો ક્રોધ બધો શાંત કર્યો. પછી ભવ અને બ્રહ્મા નૃસિંહજી પાસે આવ્યા અને બધા દેવોને તેમનાં બધાં સ્થાન પાછાં અપાવ્યાં. ૩૨. બધા દેવોએ ભગવાન નૃસિંહજીની પૂજા કરી અને તે વખતે મુખથી બોલ્યા, આપ

વારંવાર અમને અમારાં સ્થાન અપાવો છો, અમારાં અપરાધોને આપ લગારે પણ ગણતા નથી. ૩૩. અમે જ્યારે આપના પ્રતાપને ભૂલી જઈએ છીએ ત્યારે સ્થાનભ્રષ્ટ થઈ જઈએ છીએ. જો આપ એટલું વારંવાર ન કરો તો અમે આપને ફરી ક્યારેય સંભારીએ નહિ. ૩૪. અમને દેવોને અને દૈત્યોને જ્યારે વારંવાર ગર્વ (છક) આવી જાય છે ત્યારે આપ તેને ઉતારી દો છો. વળી, આપ એક કામમાં બીજા અપાર કામ કરો છો. આપના ગુણોનું વર્ણન કરતા પાર આવતો નથી. ૩૫. દેવો, દૈત્યો અને મનુષ્યોમાં જે જે રાજસ અને તામસ ગુણ પ્રધાન હોય છે, તેમને વારેવારે ગર્વ આવી જાય છે ત્યારે તેઓ આપના પ્રતાપને ભૂલી જાય છે, ૩૬. ત્યારે આપ મનુષ્ય લોકમાં તથા દેવલોકમાં તરત જ અવતાર ધારણ કરો છો અને તેમના ગર્વનો નાશ કરો છો, તેમાં જરાય વિલંબ થતો નથી. ૩૭.

આમ, પ્રહ્લાદને પ્રસન્ન કર્યા, દેવોનું કાર્ય કર્યું, પછી ભગવાન નૃસિંહજી પોતાને સ્થાને ગયા. વન અને ગગન ગાજતા રહ્યાં. ૩૮. શ્રીમદ્ ભાગવતમાં જે જે અવતારોનાં ચરિત્રો છે. તેને શ્રીહરિ એક માસ સુધી કારિયાણીમાં હરિભક્તોની આગળ કહેતા હતા. ૩૯. જે હરિભક્તો આવ્યા હતા તેમણે સર્વે અવતારોના કારણ શ્રીહરિને જાણ્યા. પછી શ્રીહરિ ગઢપુર જવા કારિયાણીથી ચાલ્યા તે પાછા **ઝીંઝાવદર** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ દૈત્યવધની કથા પૂરી કહી અને ત્યાંથી ઝીંઝાવદર આવ્યા' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર અગિયારમું : તરંગ - ૭૬

ઝીંઝાવદરમાં શ્રીહરિએ સંતો-હરિભક્તોને પાકાં ચીભડા ખવડાવ્યાં

શ્રીહરિ જેઠ માસમાં ઝીંઝાવદર આવ્યા. ત્યાં ભીમ એકાદશી કરીને પછી ત્યાંથી નીકળ્યા. ૧. ભીમ એકાદશીનું નામ તો આખા જગતમાં પ્રસિદ્ધ છે. શ્રીહરિએ ભીમ એકાદશી ઝીંઝાવદરમાં કરી હતી, તે વાત હવે હું

કહું છું. ૨. દસ-વીસ કોશ (ગાઉ) ની આસપાસના બધા હરિભક્તો અતિ ઉમંગ ભર્યા ત્યાં ઝીંઝાવદર આવ્યા. શ્રીહરિ દરબાર અલૈયા ખાચરને ઘેર રહ્યા હતા. ૩. અલૈયા ખાચરના ભાઈ જેઠસૂર ખાચર બહુ સારા હરિભક્ત હતા, તે શ્રીહરિને બહુ હસાવતા. ૪. અલૈયા ખાચરના ઘર આગળના ચોકમાં સારો મંડપ બંધાવ્યો. મંડપમાં ઘણી જાતની શોભા કરી. સુંદર અને વિવિધ પ્રકારનાં ચિત્રો કર્યાં. ૫.

મંડપમાં જેટલા થાંભલા હતા તેના ઉપર સોનાનો વરખ ચોંટાડ્યો હતો. વિવિધ પ્રકારના જરિયાની ઉલેચ બાંધ્યા હતા. ૬. વિવિધ પ્રકારનાં બિલોરીનાં ઝાડ તેમાં બાંધ્યાં હતાં અને મંડપમાં ચારેબાજુ વિચિત્ર પ્રકારના બિલોરી કાચ પણ બાંધ્યા હતા. ૭. મંડપમાં ચારેબાજુ પાંચ પાંચ દ્વાર કર્યાં હતાં, જેને દેખતાં મન લોભાતું હતું. હરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યાં હતાં, જે પ્રકાશ કરી રહ્યા હતા. ૮. મંડપના ઉપર સોનાના કળશ મૂક્યા હતા. અને તેના ઉપર ધજાઓ અને પતાકાઓ શોભી રહી હતી. મંડપનાં છજાઓની ઉપર સોનાના મોર બેસાડ્યા હતા. ૯. જાણે સાચા મોર આવીને બેઠા નહોય ! એવી અનંત શોભા બનાવી હતી. એ મંડપની આગળ દેવોનાં ભવન પણ સાવ ફિક્કાં લાગતાં હતાં. ૧૦.

બંને ભાઈઓના ઘરો આવા સુંદર શણગાર્યા હતાં, તેમાં શ્રીહરિને અને સંતોને પધરાવ્યા હતા. નિત્ય નવી નવી રસોઈ કરીને શ્રીહરિને અને સંતોને જમાડતા હતા. ૧૧. દૂધ, સાકર અને ઘીને પીરસવાની દમદમાટીથી રોજ ત્યાં કીચડ થઈ જતો હતો. શ્રીહરિ અને સંતોને પ્રેમથી પૂજ્યા. તેમના હૃદયમાં ઘણી ઉમેદ ભરી હતી. ૧૨. આ વખતે કાઠી હરિભક્તોએ એક એકથી અધિક અને સરસ શ્રીહરિનો લાભ લીધો હતો, જે કહી શકાતો નથી. ૧૩. જેટલા કાઠી હરિભક્તો હતા, તેમાં પણ ખાચર, ખુમાણ અને વાળા વગેરે દરબારોએ શ્રીહરિનું અમાપ સુખ લીધું હતું. ૧૪.

મંડપની વચ્ચે એક સુંદર રીતે શોભાવેલી વેદિકા કરી હતી અને તેના ઉપર સોનેરી પલંગ ઢાળ્યો હતો. ૧૫. તેના ઉપર ઘણા સારા ગાદી-

તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર આવીને ધર્મકુમાર શ્રીહરિ નિત્ય બેસતા હતા. ૧૬. તે મંડપની નીચેના ભાગમાં સંતોની અને હરિભક્તોની ઘણી વિશાળ સભા થતી હતી. સંતો વાજિંત્ર વગાડીને ત્યાં કીર્તન ગાતા ત્યારે ભગવાન શ્રીહરિ પણ તેમની સાથે ગાતા હતા. ૧૭. એક પછી એક એમ વારેવારે હરિભક્તો પણ એક તારથી કીર્તન ગાતા હતા, તેનો ખૂબ જ કર્ણપ્રિય સુભગ શબ્દ સંભળાતો હતો. આ પ્રમાણે જ કારિયાણીમાં પણ એક માસ સુધી પ્રેમથી ઉત્સવ કર્યા હતા. ૧૮. શ્રીહરિ કારિયાણીમાં રહ્યા હતા ત્યારે હરિભક્તોએ ખૂબ સેવા કરી હતી. વસ્તાખાચરે સેવાનો ઘણો જ લાભ લીધો. જે મુખથી કહી શકાતો નથી. ૧૯.

વેલા ખાચર વસ્તા ખાચરના પિત્રાઈભાઈ હતા અને માતરા ખાચર વેલાખાચરના ભાઈ હતા. તે બંને હરિભક્તોએ પણ ઘણો જ લાભ લીધો હતો. તે બધું યથાર્થરૂપમાં મુખથી કહી શકાતું નથી. ૨૦. શ્રીહરિની હયાતીમાં હરિભક્તોએ સેવા-પૂજાનો ઘણો જ લાભ લીધો હતો. જે રીતે તેમણે લાભ લીધો તેને યથાર્થરૂપમાં કહી શકાતું નથી. ૨૧. કારિયાણી ગામમાં કણબી વીરદાસ આદિ ઘણા હરિભક્તો હતા. તે બધા વીરદાસના જેવા જ હતા, તેમણે પણ શ્રીહરિની આ વખતે ઘણી સેવા કરી હતી. ૨૨. રાઘવભાઈ, ખોડાભાઈ અને કાનાભાઈએ પણ આ વખતે અનેકવાર સેવા કરી હતી. સતવારા હરિભક્ત હતા તેમણે પણ શ્રીહરિની ઘણી સેવા કરી હતી. ૨૩. કારિયાણીમાં વાણિયા, લોહાણા વગેરે આ વખતે ઘણા સત્સંગી થયા હતા. ભગવાન સુતાર અને વાઘજી વાળંદ એ બધા હરિભક્તોએ પણ શ્રીહરિની બહુ જ સેવા કરી હતી. ૨૪.

ભીમ એકાદશીને દિવસ કણબી હરિભક્તો ગાડાં ભરી ભરીને પુષ્કળ ચીભડાં લાવ્યાં. ૨૫. એક હાથ સુધીના કે દોઢ હાથ સુધીના લાંબાં પાકાં અને કાચાં ચીભડાં ઝીંઝાવદર લાવ્યાં હતાં. ૨૬. શ્રીહરિની આગળ તે ચીભડાં લાવ્યાં. બધાનો મોટો ઢગલો કર્યો. પાકાં અને કાચાં અલગ અલગ

રાખ્યાં. ૨૭. જે હરિભક્ત ચીભડાં લાવ્યાં હતાં, તેમને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા. જ્યારે ભક્તોએ શિર ઝૂકાવ્યું ત્યારે હેતથી તેમના મસ્તક ઉપર ચરણ મૂક્યા. ૨૮. તે સો મણ જેટલાં ચીભડાં લાવ્યા હતાં, તે સહુ એક એક દિવસ લાવતા. શ્રીહરિએ દરેક સંતને ત્રણ ત્રણ શેર પાકા ચીભડાં પહેલે દિવસ આપ્યાં હતાં. ૨૯. વર્ણી, વિપ્રો અને સંન્યાસીઓ જે હતા, તે બધાને તે પ્રમાણે ચીભડાં આપ્યાં હતાં. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેમને પણ સંભારીને ચીભડાં આપ્યાં. ૩૦.

દરબાર એભલ ખાચર અને જીવા ખાચર આદિ જે ગરઢેરા કાઠીઓ હતા. તે સિવાયના ગુંદાળા, કરિયાણા, ખંભાળા, ૩૧. બોટાદ, સારીંગપુર, નાગડકા, બગડ, સુંદરિયાણા, કુંડળ, નસીતપુર, ૩૨. એ બધા ગામના ગરઢેરા દરબારો પુત્ર અને પરિવાર સાથે આવ્યા હતા. તે બધાને જેટલા જોઈએ તેટલાં પાકાં ચીભડાં પ્રવીણ શ્રીહરિએ આપ્યા. ૩૩. બોટાદના હરિભક્ત વણિક ભગા દોશી આદિ જેટલા આવ્યા હતા, તેમને બધાને પણ શ્રીહરિએ તે પાકાં ચીભડાં પોતાને હાથે આપ્યાં. ૩૪.

જેટલા હરિભક્તો આવ્યા હતા તે સહુને આપ્યા. કોઈ ચીભડાં વિનાના રહ્યા નહીં. શ્રીહરિએ કહ્યું, પૂર્વે મોટા રાજાઓએ કરોડો યજ્ઞ કર્યા હતા, ૩૫. **પણ આવો એક પણ યજ્ઞ થયો નથી. કારણ કે, તે બધા યજ્ઞો સવાસનિકોએ કર્યા હતા અને તેમાં કોઈને સાક્ષાત્ પ્રકટ ભગવાનનો યોગ થયો ન હતો, એટલો ફરક આમાં રહ્યો છે. ૩૬. કોઈ ધનનો ખર્ચ તો પુષ્કળ કરે, પણ આવો સુયોગ મળતો નથી. સુયોગ વિનાનો જેટલો ખર્ચ કરે તે બધો વ્યર્થ જાય છે. ૩૭. અત્યારે આપણા સત્સંગમાં જે હરિભક્તો છે, તે ગરીબ હોય કે તાલેવાન (ધનાઢ્ય) હોય, તે બધા સંતોને જમાડતા રહે છે. ૩૮.**

✵ સંત જમ્યાનું ફળ :

સત્સંગના સંતો અન્નના જેટલા કણો જમે છે, તે અન્નનો એક એક કણ યજ્ઞના જેવો ફળ આપનારો થાય છે. કેમ જે, આ સંતો જમીને ખૂબ ભજન કરે છે. ૩૯. વેદોમાં જે યજ્ઞ કહ્યા છે તેને કર્મયજ્ઞ કહેવાય છે. તેમાં રાજસ અને તામસ રુચિના લોકોને જોઈને રાજસ અને તામસ યજ્ઞ કહ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ઝીંઝાવદરમાં શ્રીહરિએ સંતો-હરિભક્તોને પાકાં ચીભડાં ખવડાવ્યાં' એ નામે છોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર અગિયારમું : તરંગ - ૭૭

શ્રીહરિ સરવઈ, સમઢિયાળા થઈને સારીંગપુર પધાર્યા

જેઠ સુદિ બારશને દિવસ જમ્યા પછી શોભાસંપન્ન ધર્મકુમાર શ્રીહરિ ચાલવા તૈયાર થયા, પછી અનુપમ અશ્વ ઉપર સવાર થયા. ૧. જેટલા સંતો સાથે હતા તેમને ગઢપુર મોકલ્યા. બે વર્ણીઓને સાથે રાખ્યા અને સર્વ શોભાના અધિપતિ શ્રીહરિ ચાલ્યા. ૨. **સરવઈ** ગામ આવ્યા. ત્યાં હરિભક્તોને દર્શન દઈને આગળ ચાલ્યા, તે **સમઢિયાળા** ગામ આવ્યા. ૩. ત્યાંના ગામધણી દરબાર રામા ખાચર હતા. તેમણે પણ શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિને તેમણે પોતાને ભવન પધરાવ્યા. ૪.

ત્યાં નવી હિંડોળા ખાટ હતી તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ભવનની આગળના ભાગમાં જે ચોક હતો તેમાં પાણી છંટાવી દીધું. ૫. શ્રીહરિને લગારેય તાપ ન લાગે એવા ઉપાય કર્યા. વીરણવાળાના બે પંખાને પાણીથી ભીંજવીને, ૬. બે પાર્ષદો પંખો લઈને વારાફરતી શ્રીહરિને પવન નાખતા હતા. ઘણી ઊંચી ઊભણીવાળા ઘરમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો હતો. ૭. હરિભક્ત કાઠી દરબારો પોતાને રહેવાનાં ઘરને શ્રીહરિને જે રીતે રુચે તેવા સ્વચ્છ અને ઊજળાં રાખતા ૮. તેઓ ઘણી સ્વચ્છ રજાઈઓ રાખતા. ઘરમાં વિવિધ પ્રકારની શોભા કરતા. ઘરમાં સુંદર મોતીના ચાકળા બનાવીને ખીલીએ ખીલીએ ટીંગાડી દેતા. ૯.

ઘરની દીવાલોને નવીને નવી જ રાખતા. તેના ઉપર કોઈ થૂંક કે લીંટ લગાવતા નહિ તેથી દીવાલ નવીન જ રહેતી. ૧૦. સોના અને રૂપાના જેવા ઊજળાં વાસણ-ઠામ નાના નાનાથી લઈને જેની સાથે જે મળતાં આવે તે રીતે ઉપરા ઉપરી પંક્તિમાં ગોઠવતા. ૧૧. બારણાંની સામે જ ઘરમાં બધી શોભા કરી રાખતા. તેમનાં આ ભવનની સામે તો ઈંદ્રાદિ દેવોના ભવન

પણ ઝાંખા લાગે. ૧૨. કાઠી દરબારોના એવા સ્વચ્છ ઘર શ્રીહરિનાં દિલમાં ગમી જતાં હતાં. જે જે સ્વચ્છ પદાર્થ હોય, સ્વચ્છ ખાવા-પીવાનું કે વસ્ત્ર, ૧૩. બાગ-બગીચા, વન, પર્વત, તળાવ, નદી, ગામ, શહેર, પાટણ, મોટું નગર, જે સ્વચ્છ હોય તે બધું શ્રીહરિને સુખરૂપ લાગતું હતું. ૧૪.

શ્રીહરિને જે જગ્યા સ્વચ્છ લાગતી તથા ત્યાંના લોકોના અંતઃકરણ સ્વચ્છ જોતા અને નવીન શ્રદ્ધા દેખતા ત્યાં શ્રીહરિ બે દિવસ રહેતા. ૧૫. નિત્ય નવી શુદ્ધ શ્રદ્ધા વિનાના, કદાચ સોનાના મહેલ હોય તોએ શું ? શ્રીહરિ કોઈ દિવસ ભૂલથી પણ તેની સામે દેખતાએ નહિ. ૧૬. **જો કોઈ ભક્તિભાવવાળો ભક્ત હોય, તેનાં ઘર ભલે જોતા સારાં ન લાગતાં હોય અને તેનું અન્ન પણ ખડધાન્ય જેવું હોય, તોપણ તેની ભાવનાને લીધે શ્રીહરિ તેને સર્વોત્તમ અને સરસ માનતા હતા. ૧૭.**

જેની પાસે બ્રહ્માના સમાન સત્તા, સંપત્તિ હોય, છતાં પણ તેને ભગવાન અને સંતથી અધિક નથી માનતો અને તે સંપત્તિ જેટલી ભગવાન અને સંતના ઉપયોગમાં આવે તેટલો જ સંપત્તિનો લાભ માને છે. ૧૮. જેની સંપત્તિ ભગવાન અને સંતોના ઉપયોગમાં ન આવે તેને સંપત્તિનો લાભ મળ્યો ન કહેવાય. આ રીતે જે પોતે માને છે, તે જ વાસ્તવમાં સદ્‌બુદ્ધિવાળો કહેવાય છે. ૧૯. કુટિલ સ્વભાવનો માણસ જ્યારે આવી વાતને સાંભળે છે ત્યારે તે (જો ત્યાગી હોય તો) એવી મહિમાની વાતો સંપત્તિ હરવા માટે કહેવા લાગે છે. (અને કુટિલ કુસંગી ગૃહી હોય તો એમ કહે કે, આ લોકો આવી વાતો સંપત્તિ હરણ કરવા સારુ જ કરે છે.) કુટિલ મનુષ્ય ક્યારેય સત્સંગ કરે નહિ. તે તો મરીને જમપુરીમાં જ જાય. ૨૦. કુટિલ મનુષ્ય ક્યારેય શાસ્ત્રને સાંભળે નહિ. તેને પોતાની બુદ્ધિનું જ અભિમાન હોય છે. **જેની બુદ્ધિ પોતાના આત્માના મોક્ષમાં ઉપયોગી ન થાય તો તે બુદ્ધિએ જ તેને બાંધી દીધો કહેવાય. ૨૧.** જે મહાપાપી કહેવાય છે તેનાં પાપ જ તેની બુદ્ધિને હરી લે છે અને તેથી જ સંતો જે વાતો તેને કહે છે તે તેનાં અંતરમાં ઊતરતી નથી. ૨૨.

❋ સાચા સંતનું લક્ષણ :

चोपाई :

जाकु पाप को अंत हि आवे, संत की बात सो ताकु भावे;
साचे संत जेते जो जाही, हरि विन सत्य न कहे ताही...२३

हरि के संत हरि के जन जेहू, हरि के धाम कहावत तेहू;
जेतेकु हरि के सबंध भयेउ, ताकु सत्य कहत हे तेउ...२४

જેના પાપોનો નાશ થવાનો હોય, તેને જ સંતોની વાત ગમે છે. જે સાચા સંતો છે તેઓ ક્યારેય ભગવાન સિવાયની અન્ય વાતને સત્ય કહે જ નહિ. ૨૩. જે સાચા સંત છે તે ભગવાનના સંત, હરિભક્ત, ભગવાનનું ધામ અને જેને જેને ભગવાનનો સંબંધ થયો હોય છે તેને જ સત્ય કહે છે. ૨૪.

રામા ખાચરના સમઢિયાળા ગામમાં હરિ ઈચ્છાથી પાકી કેરી વેચાવા આવી. તે વાત રામા ખાચરે સાંભળી. ૨૫. તરત જ રામા ખાચર ત્યાં ગયા અને તોલ કરીને પાંચ મણ કેરી લીધી. તે લાવીને શ્રીહરિ આગળ ધરી. ૨૬. શ્રીહરિની સાથે જે સવારો અને પાર્ષદો હતા. તે પ્રત્યેકને વીશ વીશ કેરી આપી અને બધા કેરી ઘોળીને ચૂસવા લાગ્યા. ૨૭. શ્રીહરિએ કહ્યું, આ આપેલી કેરી તમે ચૂસી લો. પછી જોઈએ તો બીજી આપશું અને જો ચૂસતા વધી પડે તો પાછી આપવી. ૨૮. પછી શ્રીહરિ કેરી ચૂસવા લાગ્યા. શ્રીહરિએ જે રીતે ભાગ કરી આપ્યા હતા તે પ્રમાણે બીજા બધા પણ કેરીઓ ચૂસવા લાગ્યા. ૨૯. બધા વીશ વીશ કેરી જોર કરીને-પરાણે ચૂસી ગયા. ફરીથી કોઈએ થોડી પણ કેરી માગી નહિ.

જ્યારે દિવસ બે ઘડી હજી બાકી હતો ત્યારે આકાશમાં એકદમ વાદળાં ચઢી આવ્યા. ૩૦. વારંવાર વીજળી ઝબકારા કરવા લાગી. આકાશમાં ખૂબ જ ગર્જના થવા લાગી. ઉત્તર તરફ દૂર દૂરથી વાવંટોળિયાં ચડી આવ્યા. ૩૧. તે વખતે શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. રામા ખાચરે રોકવા માટે ઘણી જ તાણ કરી. તોપણ શ્રીહરિ તો બળજબરીથી ચાલી નીકળ્યા. આગળ નદી થોડી દૂર રહી ત્યાં સુધી ગયા. ૩૨. રામા ખાચર શ્રીહરિને જવાની ના

કહેતા કહેતા સાથે ગામ બહાર આવ્યા. ત્યારે શ્રીહરિ કહે, હવે પગે લાગી લો અમે જઈએ. ૩૩. તે જ્યારે પગે લાગી રહ્યા એટલે તરત જ અશ્વને દોડાવ્યા. આગળના ભાગમાં શ્રીહરિ અને પાછળ બીજા બધા ઘોડેસવાર. થોડા આગળ ગયા એટલે મોટા મોટા ફોરાથી વરસાદ પડવા લાગ્યો. ૩૪.

શ્રીહરિએ શ્વેત વસ્ત્ર અંગ ઉપર ધાર્યા હતા. દોડતા અશ્વ ઉપર બેઠેલા શ્રીહરિના પવનથી ઊડતા શ્વેત વસ્ત્ર માનો હંસ ઊડતા હોય તેમ દેખાતું હતું. નજરે શ્રીહરિ દેખાયા ત્યાં સુધી રામા ખાચર ત્યાં ઊભા રહ્યા. ૩૫. જ્યારે વીજળીના ઝબકારા થાતા હતા ત્યારે ગગન પણ ઉમંગી બનીને ગર્જના કરતું હતું. આકાશમાં ગગડાટી સાથે વીજળીના ભારે કડાકા સાંભળીને અશ્વ પણ થડકીને કૂદવા લાગતા હતા. ૩૬. ખુલ્લા મેદાનમાં જેમ હરણ કૂદે તેમ અશ્વો પણ કૂદતા કૂદતા દોડતા હતા. બધા જ સવારો ઘણા પાકા અનુભવી હતા. તેથી ઘોડા ઉપર બરાબર સ્થિર રહી શક્યા. ૩૭.

શ્રીહરિ **ઢીકવાળી** ગામમાં આવ્યા. ત્યાંથી અશ્વ દોડાવીને **સારીંગપુર** પહોંચી ગયા. ત્યારે ત્યાં હરિભક્તો સન્મુખ આવ્યા. ૩૮. સહુ હરિભક્તો શ્રીહરિને પગે લાગ્યા અને શ્રીહરિએ તે સહુને પ્રેમથી બોલાવ્યા. પછી સારીંગપુર ગામમાં આવ્યા ત્યારે બધા ભક્તજનો ખૂબ જ રાજી થયા. ૩૯. દરબાર જીવા ખાચરનાં ભવનમાં શ્રીહરિ ઊતર્યા. તેમનાં મનમાં ઘણો જ હરખ થયો. તરત જ તેમણે એક પલંગ બિછાવી દીધો. ૪૦. શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. બરાબર તે જ વખતે મેઘ ખૂબ જ વરસ્યો, તેથી જમીન ઉપર પાણી ક્યાંય માતું ન હતું. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ ઝીંઝાવદરથી નીકળીને સરવઈ, સમઢિયાળા થઈને સારીંગપુર આવ્યા' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર અગિયારમું : તરંગ - ૭૮

પરિપક્વ ત્યાગ અને ત્યાગી ગુરુની વાત શ્રીહરિએ કહી

શ્રીહરિ સારીંગપુરમાં પાંચ દિવસ રહ્યા. હરિભક્તોને બહુ જ સુખ આપ્યું. પરમ ચતુર આવા શ્રીહરિ રોજ સવારે અને સાંજે નદીમાં નાહતા હતા. ૧. દિવસે પાછલે પહોર જ્યારે નદીએ જાતાં ત્યારે પાર્ષદો બંદૂકો લઈ જાતા. જ્યારે શ્રીહરિ કહે ત્યારે બંદૂકોના અવાજ કરતા. ૨. જે ગામમાં લોકો અભાવ ન લેતા હોય તેવા ગામમાં જ્યારે શ્રીહરિ જતા ત્યારે પાર્ષદોને બોલાવીને બંદૂક ફોડવાની આજ્ઞા કરતા. ૩. કોઈ ક્ષત્રિય હરિભક્ત નવો પાર્ષદ થવા આવે ત્યારે શ્રીહરિ તેને કહેતા, **જે મોક્ષ સિવાયના ધનને ન ઈચ્છતા હોય તેને જ અમે રાખીએ છીએ. અને જેને મોક્ષ વિના અન્ય ધનની આશા હોય, તેવાને અમે રાખતા નથી.** ૪-૫.

અમે જેમ કહીએ તેમ જે સેવા કરે, અને તેમાં જે ક્યારેય મૂંઝાય એવો ન હોય તેને રાખીએ છીએ. જે પાર્ષદ, સંત કે વર્ણી અહીંયાં મનનું ધાર્યું કરે, ૬. **તો અમે તેનો તરત ત્યાગ કરી દઈએ છીએ. તેનો અમે સ્નેહ કે લોભ રાખતા નથી. જે ત્યાગી મનનું ગમતું કરે તે છેવટે ખુવાર થઈ જાય છે.** ૭. ભવ, બ્રહ્મા, નારદ જેવા કેટલાક ઋષિઓ, ઈંદ્ર અને ચંદ્ર આદિ દેવો, એમાં જેટલા મનના ગમતામાં ચાલ્યા તેટલા પોતાના ધર્મથી પડીને ફજેત થયા છે. ૮. હિરણ્યકશિપુ, રાવણ તેમજ કંસ તથા દુર્યોધન ઈત્યાદિ ઘણા થઈ ગયા છે, તેઓ અપાર નિરંકુશ હતા. ૯. અત્યારે પણ **જે પોતાનાં મનનું ગમતું કરે છે તે ક્યારેય સુખ પામતા નથી. જેટલા ક્લેશ અને દુઃખ કહેવાય છે તે બધાં મનગમતું કરવામાં અવશ્ય આવે છે. ૧૦.**

જેટલા ગૃહસ્થ, શેઠ-શાહુકાર કે સાધારણ માણસ કે ગરીબ હોય, તેઓ ઘરમાં જે એક બુદ્ધિશાળી હોય તેના કહ્યામાં જ્યાં સુધી વર્તતા હોય, ૧૧. ત્યાં સુધી ઘરમાં કોઈને કાંઈ દુઃખ આવે નહિ. તેનાં ઘરનો વ્યવહાર અકળ-ઢાંક્યો રહે અને વ્યવહાર ઢાંક્યો રહે ત્યાં સુધી જ સુખ રહે છે. જો વ્યવહાર ખુલ્લો પડી જાય તો દુઃખ આવે છે. ૧૨. શરીરનું જે મૂલ્ય છે

તેટલું કપડાંનું નથી, પણ શરીર જો કપડાંથી ઢંકાયેલું ન હોય તો તે કાંઈ શોભા પામતું નથી. ૧૩. પારકા ઘરના સ્ત્રીજનો જે સમયે ઘરમાં રહે છે ત્યારે રોજ રોજ ક્લેશ કરે છે અને જરા પણ મર્યાદા રાખતા નથી અર્થાત્ જે સ્ત્રી પરણીને સાસરે જતી રહી હોય તે હવે પરઘરની થઈ કહેવાય. તેણે પોતાના પિયરમાં આવીને રોજ રોજ ક્લેશ કરવો અને મર્યાદા ન રાખવી તે ઠીક નહીં. અથવા પોતાના જન્મનું ઘર છોડીને જ્યારે પતિને ઘેર એટલે કે પારકે ઘેર જાય છે ત્યારે જો તે રોજ રોજ ક્લેશ કરતી રહે, લગારેક પણ અદબ-મર્યાદા રાખે નહિ, તો તે ઠીક નથી. ૧૪.

૧. લાજ રાખવી, ૨. મર્યાદામાં રહેવું, ૩. મોટાના નિયંત્રણમાં રહેવું અને ચોથો ધર્મ વેદમાં લખ્યો તે છે. આ ચારેયના નિયંત્રણમાં રહે તે જ મનુષ્ય છે. ૧૫. મનુષ્ય વસ્ત્ર પહેરે છે અંગ ઢાંકવા માટે, વસ્ત્ર પહેરે અને અંગ ન ઢંકાય, તો તેને નગ્ન કહેવાય છે. તે રીતે જ મર્યાદા, લાજ અને ધર્મ વિનાનો મનુષ્ય તેવો કહેવાય છે. ૧૬.

❋ ધર્મથી જ સુખ :

જે કોઈ પણ બાબત હોય તે શીખ્યા વિના આવડે નહિ. મનુષ્ય હોવા છતાં જ્યાં સુધી રીતને ન શીખે ત્યાં સુધી તે મનુષ્ય કહેવાય નહિ. ૧૭. માણસમાં જ્યારે માણસાઈના શુભ ગુણ આવે ત્યારે તે પૂરો માણસ કહેવાય છે. વિપ્રમાં જ્યારે વિપ્રના ગુણ આવે ત્યારે તે પૂર્ણ વિપ્ર કહેવાય છે. ૧૮. ક્ષત્રિય જ્યારે ક્ષત્રિયના ગુણ શીખે ત્યારે તે પૂરો ક્ષત્રિય કહેવાય છે. માંસ ખાય અને દારૂ પીવે, તેનાથી તે લગારેય ક્ષત્રિય કહેવાય નહિ. ૧૯. આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ મળે છતાં પણ ચાર વર્ણના કેટલાય મનુષ્યો દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ પાપોને નિર્લજ્જ કે નિર્મર્યાદ થઈને વારંવાર કરે છે. ૨૦.

અત્યારે પરમેશ્વરની ઈચ્છા એવી છે કે, જે અધર્મી હશે તેને લેશમાત્ર સુખ નહિ રહે. બ્રહ્માના સમાન ભોગ સુખ મળ્યા હશે તોપણ ધર્મ નહિ હોય તો તેને સુખ રહેશે નહિ. ૨૧. અધર્મી માણસનાં અંતરનું સુખ ભગવાન ખેંચી

લે છે. ભગવાનને તોપ કે લશ્કરની જરૂર પડતી નથી. તેમના સંકલ્પમાં જ બધું સામર્થ્ય રહ્યું છે. ૨૨. રાજ્ય, ધન અને નારીનું સુખ તો આવતું-જાતું રહે છે, નીતિ અને અનીતિ તેનું દ્વાર છે અર્થાત્ નીતિ સુખને આવવાનું અને દુઃખને જાવાનું દ્વાર છે, અનીતિ દુઃખને આવવાનું અને સુખને જાવાનું દ્વાર છે. અને નીતિ છે તે જ ઈશ્વર કહેવાય છે અને અનીતિ છે તે અધર્મ કહેવાય છે. ૨૩. જે નીતિમાં ચાલે છે તેને પરમેશ્વર સુખ આપે છે અને જે અનીતિમાં ચાલે છે તેને દુઃખ દે છે. કર્મફળનાં પ્રદાતા પરમેશ્વર તો સુખરૂપ જ છે. એ જ પરમાત્મા અત્યારે ભૂમિ ઉપર અનુપમ પ્રકટરૂપમાં વિરાજે છે. ૨૪. પરમેશ્વર તો એવા સમર્થ છે કે, તેઓ દૂર હોવા છતાં પાસે છે અને સમીપ હોવા છતાં દૂર છે. આ બાબતને શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્ય હૃદયમાં સમજી શકે છે. ૨૫.

પરમેશ્વર નીતિવાળાની નજીક છે અને અનીતિવાળાથી દૂર છે. શુદ્ધ બુદ્ધિવાળા-સુમતિને તે દેખાય છે પણ કુમતિને તે દેખાતા નથી. ૨૬. જે નીતિ છે તે જ પરમેશ્વર છે અને અનીતિ છે તે જ અધર્મ છે. તેને સુમતિ મનુષ્ય જાણે છે તેથી તે નીતિને ગ્રહણ કરીને ચાલે છે. ૨૭. જે સુમતિ જન હોય છે તેને અમે અમારી પાસે રાખીએ છીએ અને જે અમને કુમતિ મનુષ્ય દેખાય છે તેને અમે તરત જ દૂર કરી દઈએ છીએ. ૨૮. જે પાર્ષદો શ્રીહરિની સાથે કાયમ રહેતા હતા તેની પણ શ્રીહરિ રોજ તપાસ કર્યા કરતા હતા. કેમ જે, મન ફરી જાતા વાર લાગે નહિ. જેનું મન ફરી જાય તે સત્સંગમાંથી તરત જ બહાર નીકળી જાય છે. ૨૯. જ્યાં સુધી સમજણ કાચી હોય છે ત્યાં સુધી મન તરત જ બદલાઈ જાય છે. જ્યાં સુધી હૃદયમાં ધન અને નારીની ઈચ્છા રહેતી હોય ત્યાં સુધી તે ત્યાગીને ‘કાચા’ કહેવાય છે. ૩૦.

વર્ણી, સંત અને પાર્ષદ બધાની સમજણ એકસરખી હતી. જે અંદરથી અને બહારથી ત્યાગી હોય તે જ પાકો ત્યાગી કહેવાય છે. ૩૧. આપણા સત્સંગમાં ત્યાગી અને ગૃહસ્થનું જે વર્તન છે તે તો દર્પણના જેવું છે. તે તરત જ દેખાય આવે છે. જેમ પાણી મડદાંને સંઘરે નહિ, બહાર કાઢી નાખે, તેમ સત્સંગનું પણ સમજવું. ૩૨. **જ્યાં સુધી સમજણ પરિપક્વ નથી થાતી ત્યાં સુધી તેનાં ઉપર ભય કહ્યો છે. જે પરિપક્વ સમજણવાળા છે તે ક્યારેય**

સાંસારિક સુખને ચાહતા નથી. ૩૩. ઘણું સારું કિમંતી અને દુર્લભ ભોજન જમ્યા પછી જો તેની ઊલ્ટી થઈ જાય તો પછી તેને ફરીને ખાવા માટે કરોડ ઉપાય કરે તોપણ મન તૈયાર થાય નહિ. ૩૪. **સંસારનાં તજી દીધેલાં સુખોને જે ત્યાગી ઊલ્ટીનાં અન્ન જેવાં દેખે છે, તે જ ખરો ત્યાગી કહેવાય. સાચો ત્યાગી શરીર રહે ત્યાં સુધી પોતે તજેલાં વિષયને ઊલ્ટીનાં અન્ન જેવાં જ સમજતો રહે છે. ૩૫. દસ ઈંદ્રિયો અને અગિયારમું મન, તેનાથી જે વિષયોનો ત્યાગ ઊલ્ટીના અન્નની જેમ કર્યો હોય તેને ફરીને ક્યારેય ખાય નહિ. જો એક ઈંદ્રિયમાં પણ વિષયનો રાગ હોય ત્યાં સુધી તેનો ત્યાગ કાચો છે. ૩૬.**

શ્રીહરિ સંતો વર્ણી અને પાર્ષદોની આગળ આવી વાતો રોજબરોજ કરતા રહેતા. તેનાથી તેમનું દિલ ડરતું રહેતું. ૩૭. પા કોશ (ગાઉ) જેટલી પહોળી નદી કે સરોવર હોય, તેને જે તરિયો હોય તે તરી જાય છે. પણ અપાર સમુદ્ર કે વિશાળ સરોવર હોય તે વહાણ સિવાય તરાય નહિ. ૩૮. **જે જે અગમ્ય વાત હોય તેને અગમ્ય બુદ્ધિથી સુગમ કરી શકાય છે. મોક્ષની વાત પણ તેવી જ છે. ૩૯. તે મોક્ષની અગમ્ય વાત પણ તેવા ગુરુ મળે તો સુગમ થઈ જાય છે અને તેવા ગુરુ મળ્યા વિના તો કરોડો જન્મ જતા રહે તોપણ મોક્ષ સુગમ થાય નહિ. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ પરિપક્વ ત્યાગ અને ત્યાગીગુરુની વાત કહી' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર અગિયારમું : તરંગ - ૭૯

શ્રીહરિ સારીંગપુરથી બોટાદ આવ્યા

શ્રીહરિએ સારીંગપુરના હરિભક્તોને ઘણું સુખ આપ્યું. જે મુખથી વર્ણવી શકાય નહિ, એવો લહાવો તે હરિભક્તોએ લીધો. ૧. કોઈપણ બાબતે જ્યારે શ્રીહરિ ગઢપુરમાં ઉદાસ થઈ જતાં ત્યારે સારીંગપુર આવતાં. ત્યાં ઉદાસીનતા જતી રહેતી, તરત જ આનંદિત થઈ જતા. ૨. સત્પુરુષ,

મૃગ અને માછલાંને દુષ્ટ-દુર્જનો રાત-દિવસ દુઃખ દે છે. કેમ જે, તે દુષ્ટો સત્પુરુષના ઉત્કર્ષને સહન કરી શક્તા નથી. ૩. સત્પુરુષ લોકોનું હિત કરવા માટે રાત-દિવસ ચિંતવન કરતા રહે છે. લોકોનું હિત કરવા માટે તો તેની સાથે પ્રેમ રાખે છે, પણ દુષ્ટ લોકો તેને દેખીને બળી મરે છે. ૪. હૃદયથી નિષ્પાપ સત્પુરુષ રાત-દિવસ બીજાનું બહુ પ્રકારે હિત કરવા ચાહે છે. દુષ્ટ સ્વભાવવાળો કપટ રાખીને પગે લાગતો હોય તોપણ સત્પુરુષ તે દુષ્ટનું હિત જ ઈચ્છે છે. ૫.

એવા અનંત શુભ ગુણો જેમાં હોય અને દોષ તો જેની નજીક પણ આવતો ન હોય, એવા લક્ષણ જેના હોય તેને સત્પુરુષ કહેવાય છે. ૬. **સત્પુરુષનાં દિલમાં રાત-દિવસ અન્ય જીવોનો મોક્ષ કરવાનું તાન હોય છે. તેથી તેના ઉપાયો સતત કરતા રહે છે. સત્પુરુષ દુષ્ટ મનુષ્યને પણ પ્રેમભાવથી બોલાવે છે. ત્યારે તે દુષ્ટ અવળું સમજે છે કે, તે મારાથી ડરે છે. ૭.** તે સત્પુરુષો જ તે લોકોને જીવાડે છે પણ તેને તેની લેશમાત્ર પણ ગમ હોતી નથી. ઊલ્ટાના તે દુષ્ટ પુરુષો પોતાના જેવા દુષ્ટ-હલકા સ્વભાવોને સત્પુરુષોમાં પણ કલ્પે છે ૮. દુર્જન મનુષ્ય પોતામાં જે કામ, ક્રોધ અને લોભ રહ્યા હોય તેવા દોષોને સત્પુરુષોમાં પણ માને છે. સત્પુરુષ તેનું હિત ચાહે છે, છતાં દુર્જન પોતાના દુષ્ટ સ્વભાવને છોડતા નથી. ૯. **દેહનો અને જીવનો જેવો સ્વભાવ છે તેવો જ દુર્જન અને સજ્જનનો સ્વભાવ છે. તેને શ્રીહરિ જાણે છે. જીવ અને દેહ એવા એકરસ થઈ ગયા છે કે, તે બંને એકબીજા વિના રહી શક્તા નથી. ૧૦**

❋કુમતિને કારણે સુમતિ મહાન, શ્રીહરિના દર્શનાદિનો મહિમા :

કલ્પોના કલ્પો, અપાર કલ્પ વીતી ગયા. આજ સુધી જીવ અને દેહ તેવાને તેવા જ જોડાયેલા રહ્યા છે. અહીં જીવની જગ્યાએ સુમતિ-સત્પુરુષને સમજવા અને દેહની જગ્યાએ કુમતિ-દુષ્ટ પુરુષને સમજવા. ૧૧. **કુમતિને લીધે સુમતિ દેખાય છે, તેની ઓળખાણ થાય છે. એટલો કુમતિનો ગુણ માનવો રહ્યો. બ્રહ્માંડમાં જ્યારે રાત છે ત્યારે તો દિવસનો મહિમા (ગુણ) છે. ૧૨. જેટલું અન્ન ખાવામાં આવે તેનો જો મળ ન થાય તો અન્ન ઉપર**

કેવો ભાવ રહે ? તેમ કુમતિને લીધે સુમતિ ઉપર ભાવ વધે છે. ૧૩. આવી સત્ય અને અસત્ય બાબતની ઘણી વાતો છે. અસત્યને લીધે જ સત્યનું ગૌરવ સમજાય છે એટલાં માટે જ અસત્ય છે. ૧૪.

સુખદાઈ ઘનશ્યામ શ્રીહરિ સવારમાં જ સારીંગપુરથી ચાલ્યા. પછી **બોટાદ** આવ્યા. ૧૫. ભગાશેઠ આદિ બોટાદના બધા હરિભક્તો ફૂલના હાર લઈને સન્મુખ આવ્યા. ૧૬. બોટાદથી ઉત્તર તરફ જે નાનો ડુંગર છે ત્યાં સુધી બધા સામા આવ્યા હતા. ફૂલહાર પહેરાવીને દંડવત્ પ્રણામ કર્યા. અને શ્રીફળ લાવ્યા હતા તે ભેટ મૂક્યા. ૧૭. સહુ હરિભક્તોને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા. દર્શન કરીને સહુ ઘણો આનંદ પામ્યા. ઢોલ અને શરણાઈ વગેરે વાજિંત્રો ઘણા હરખથી વગાડતા હતા. ૧૮. સાથે અપાર ઘોડેસવારો હતા. સહુની આગળ ધર્મકુમાર શ્રીહરિ હતા. મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું. સર્વકુશળ શ્રીહરિનું મુખ મરક મરક હસતું હતું. ૧૯. છત્રના ઉપર વિચિત્ર સુવર્ણ કળશ શોભી રહ્યો હતો અને ચારેબાજુ મોતીના ગુચ્છ તોરાની જેમ લટકતા સોહામણા લાગતા હતા. ૨૦.

અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં, તેનું અતિશય તેજ જણાતું હતું જે કહી શકાતું નથી. રૂમાલથી બોકાની વાળી હતી અને બંને કાન ઉપર ફૂલના ગુચ્છ શોભતા હતા. ૨૧. પાઘની બંને બાજુએ ફૂલના તોરા લટકી રહ્યા હતા. બુટ્ટાદાર શ્વેત અંગરખું પહેર્યું હતું અને તેના ઉપર ફૂલના હાર પહેર્યા હતા. ૨૨. નદીમાં નાહીને આગળ આવ્યા હતા. નદીમાં વરસાદનું ચોખ્ખું પાણી ભરાયેલું હતું. લલાટમાં કેસરી ચંદનનું તિલક કર્યું હતું અને તેમાં કુંકુમનો લાલ ચાંદલો કર્યો હતો. ૨૩. બંને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા હતા, તે ઘણા શોભતા હતા. શ્વેત ધોતીના ઉપર સુરવાળ પહેર્યો હતો, તેમજ સુંદર વસ્ત્રથી કમર કસીને ભેટ બાંધી હતી. ૨૪.

જે બંદૂકધારી પાર્ષદો હતા તે શ્રીહરિની આગળ ચાલતા હતા અને તેની આગળ બીજા હરિભક્તો પણ ચાલતા હતા. ૨૫. તેઓ કીર્તન બોલતા બોલતા ગામમાં પ્રવેશ્યા. આગળ રાજમાર્ગમાં ચાલતા લોકોની ઘણી જ ભીડ થઈ. ૨૬. રાજમાર્ગમાં અપાર વણિકો દુકાનમાં ઠઠ જામીને ઊભા હતા.

આગળ ચાલતા ચોપદાર "જય જય" "જય જય" નો પોકાર કરતા હતા. ૨૭. બોટાદના જે ભાવિક લોકો હતા તે શ્રીહરિને હાથ જોડતા હતા. ત્યારે લક્ષ્મીપતિ નારાયણ એવા શ્રીહરિ તેમની સામે અમૃતભરી દૃષ્ટિથી જોતા હતા. ૨૮.

❋ શ્રીહરિના દર્શનની મહત્તા :

ચોપાઈ :

भाव करी हरि कु जोरे हाथा, चरण कमल नामे जेहि माथा;
मनुष्य तन तेहि सुफल कियेउ, चोरासी जमपुरि छूट गयेउ...२९

श्रवण करे हरि बात हि जेहा, ताके श्रवण सुफल किये तेहा;
श्रवण करी पाप भयेउ जेता, सब नाश सो हो गये तेता...३०

नेत्र करी हरि कु देखे भावा, ताके नेत्र हि सुफल करावा;
नेत्र करी भये पाप हि जितना, छूट गये सो सब हि तितना...३१

पावु चलि हरि समीप जे आये, पग पग जज्ञ कोटि फल पाये;
पग करीके पाप बने जेते, छूट गये ततकाल हि तेते...३२

જેણે ભક્તિભાવથી શ્રીહરિને હાથ જોડ્યા અને ચરણકમળોમાં માથું નમાવ્યું, તેનો મનુષ્ય જન્મ સફળ થયો, તેમજ લખચોરાશી તથા જમપુરી છૂટી ગયા. ૨૯. જેણે શ્રીહરિની વાત સાંભળી તેના શ્રવણ (કાન) સફળ થયા અને કાનથી જે કાંઈ અપવિત્ર શબ્દ સાંભળવાથી પાપ થયાં હતા તે બધાનો નાશ થઈ ગયો. ૩૦. જેણે સદ્‌ભાવ રાખીને પોતાની આંખોથી શ્રીહરિનાં દર્શન કર્યાં તેની આંખો સફળ થઈ અને આંખોથી જેટલાં પાપ થયાં હોય તે બધાંનો નાશ થઈ ગયો. ૩૧. જે લોકો પગે ચાલીને શ્રીહરિની સમીપે આવ્યા તેને પગલે પગલે કરોડો યજ્ઞનું ફળ મળ્યું અને પગથી જે પાપ થયું હોય તે બધું તત્કાળ જ નાશ પામી ગયું. ૩૨. **જેણે શ્રીહરિનાં ચરણોનો સ્પર્શ કર્યો, તેના હાથ સફળ થઈ ગયા. અને હાથથી જે કાંઈ પાપ થયાં હોય તે બધાં સદ્ય તેનાથી છૂટી ગયા અર્થાત્ તેનો નાશ થઈ ગયો.** ૩૩. શ્રીહરિને અર્પણ થયેલું સુગંધી ચંદન, ફૂલહાર અને અત્તરનો જેણે નાકથી સુગંધ લીધો, તે પોતે કૃતાર્થ થઈ ગયો. ૩૪.

ધર્મકુમાર શ્રીહરિ લોકોને દર્શન આપતાં આપતાં બજારમાં ચાલ્યા આવતા હતા. તે થોડીવાર અશ્વ ઉપર બેઠા અને પછી પગે કરીને ઘણીવાર સુધી ચાલ્યા. ૩૫. પરમ સુખદાયક શ્રીહરિ હમીર ખાચરના દરબારગઢમાં આવ્યા અને ત્યાં ઉતારો કર્યો. ત્યાં નવરંગ (મોહક) પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર આવીને પ્રસન્ન થકાં શ્રીહરિ બેઠા. ૩૬. હમીર ખાચરનો દરબારગઢ ઘણો વિશાળ હતો. જેટલા હરિભક્તો આવે તે બધા સુખેથી દર્શન કરી શક્તા હતા. ૩૭. ગામના શ્રદ્ધાવાળા બધા હરિભક્તોએ મળીને ઘણા જ પ્રેમથી સાકરનો શીરો બનાવ્યો હતો. ૩૮. બીજી બાજું શ્રીહરિને માટે વર્ણીએ રસોઈ બનાવી હતી. તેને શ્રીહરિ નાહિને જમ્યા. દૂધપાક, ઉત્તમ પૂરી, વડાં, ભજિયાં વગેરે બનાવ્યા હતા તે શ્રીહરિ જમ્યા. ૩૯. છેલ્લે દહીં, ભાત અને સાકર જમ્યા. તૃપ્ત થઈને હાથ તથા મુખ ધોયાં. રૂમાલથી હાથ અને મુખ લૂછીને મુખવાસ લીધો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ સારીંગપુરથી બોટાદ આવ્યા' એ નામે ઓગણ્યાએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર અગિયારમું : તરંગ - ૮૦

શ્રીહરિ સ્નાન કરીને આવ્યા, માર્ગમાં મિથ્યાગુરુ વિષયક જનવાર્તા કહી

શ્રીહરિની સાથે જે ઘોડેસવારો અને પાર્ષદો હતા, તેમાં જેને જમવાનું હતું તે બધાને વર્ણીએ જમાડી દીધા. ૧. મધ્યાહ્ન સમય થયો ત્યારે શ્રીહરિ થોડીવાર સૂઈ ગયા. તે વખતે આકાશમાં ઘાટાં વાદળાં ચઢી આવ્યાં અને મેઘથી આકાશ ગાજવા લાગ્યું. ૨. શ્રીહરિ તે સમયે નાહવા માટે ગામથી બહાર નીકળ્યા. ગામથી દક્ષિણ તરફ નદીમાં પ્રેમથી નાહ્યા. ૩. વળી ગામથી પશ્ચિમ તરફ દૂર સુધી ચાલ્યા. ત્યાં નદીમાં નાહ્યા. વરસાદ ઘણો જોરદાર થયો. તે જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. ૪. ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી વરસાદ વરસ્યો. શ્રીહરિને વરસાદ બહુ ગમતો. ગામથી ચારેબાજુ નાના

મોટા ડુંગરાઓ ઉપર લીલું ઘાસ ઊગી નીકળેલું. તેનાથી તે ડુંગરા રમણીય લાગતા હતા. ૫.

શ્રીહરિ બોલ્યા, અમને ગામ કરતાં પર્વત અને વન વધારે સોહામણાં લાગે છે. નદી, પર્વત, વન, બાગ, વનમાં દૂર રહેલું તળાવ, ૬. જ્યાં મોટાં મોટાં ઝાડ હોય, જ્યાં જાતજાતનાં પંખી બોલતા હોય, મોર બોલતા હોય, આવાં જે સ્થળ હોય તે અમને ગામ કરતાં ઘણાં વધારે ગમે છે. ૭. અમે પુરમાં તો હરિભક્તોને માટે જ રહીએ છીએ. કારણ કે, સત્સંગને વન કરતાં પણ દુર્લભ કહ્યો છે. જે ભગવાનનાં ધામ કહ્યાં છે તેનાં કરતાં પણ સત્સંગને વધારે દુર્લભ કહ્યો છે. ૮.

❋ જે સંતમાં જીવ બાંધે તે સાચું સુખ પામે :

એટલે અમે સત્સંગને દુર્લભ માનીને જ પુરમાં આવીને રહીએ છીએ. અમે પુરને દેખીને તો ભારે મૂંઝાઈએ છીએ, પણ સત્સંગ અમને બહાર નીકળવા દેતો નથી. ૯. જેમ શેરડીમાં રસ, ફૂલમાં સુગંધ, તલમાં તેલ, દૂધમાં ઘી રહ્યાં છે તેમ દેહમાં જીવ રહ્યો છે. ૧૦.

ચોપાઈ :

सत्संग में तेसे एक रस जोई, जीय देह कर दीने हे सोई;
देह जीय ज्युं एक रस रहे जाई, सत्संग में एक रस करना ताई...११
सत्संग में एक रस जीय कीने, नित हि सुख तेहि रहत नवीने;
सत्संग के माहात्म जेसा, उद्धव सम जानना तेसा...१२

दोहा : माहात्म विन सत्संग हि, गुन दोष तेहि आत;
गुन दोष आवे जाहि लग, विघ्न तिहाँ लग कहात...१३

દેહ અને જીવ એકરસ થઈને જે રીતે રહ્યા છે તેમ અમે અમારા જીવ અને દેહને સત્સંગમાં એકરસ કરી દીધા છે. તે રીતે જ બીજા સહુએ પણ દેહ અને જીવને સત્સંગમાં એકરસ કરી દેવા જોઈએ. ૧૧. જેણે પોતાના આત્માને સત્સંગમાં એકરસ કરી દીધો હોય તેને સત્સંગમાં નિત્ય નવું સુખ રહે છે. સત્સંગનું માહાત્મ્ય તો ઉદ્ધવજીની જેમ જાણવું. ૧૨. જો માહાત્મ્ય

વિનાનો સત્સંગ હોય તો તેને ગુણ-દોષ દેખાયા કરે છે અને જ્યાં સુધી ગુણ-દોષ આવ્યા કરે છે ત્યાં સુધી તેનાં કલ્યાણના માર્ગમાં વિઘ્ન કહેવાય છે. ૧૩. અત્યારે જે સંત, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો સત્સંગ કરે છે, સત્સંગમાં છે તેઓ બધા દેવો કરતાં પણ અધિક ગૌરવવાળા છે. ૧૪. સત્સંગ અતિ સારરૂપ છે. તેવો સાર બીજે ક્યાંય નથી. એવો જે દૃઢ નિશ્ચય કરે, તે જ સાચા સંત અને સાચા હરિભક્ત છે. ૧૫. માછલાંનું જીવન પાણી છે, ચકોરનું જીવન ચંદ્રમા છે, તે રીતે જ સત્સંગને ભગવાનના ભક્તોએ જીવનરૂપ કરવો જોઈએ. ૧૬.

ધર્મકુમાર શ્રીહરિએ નદીમાં નાહતા આવી રીતે અપાર વાતો કરી. પછી જ્યારે વરસાદ વરસી રહ્યો ત્યારે શ્રીહરિ પુરમાં પાછા આવ્યા. ૧૭. તે વેળાએ શ્રીહરિએ અંગોમાં સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠમાં ફૂલના હાર પહેર્યા હતા. માથે શ્વેત છત્ર ધાર્યું હતું અને હરિભક્તો કીર્તન ગાતા આવતા હતા. ૧૮. ડુવાલ બંધ ચાખડીઓ ચરણોમાં પહેરી હતી. તેનો ઝીણો ઝમઝમ ધ્વનિ થતો હતો. હાથમાં નેતરની સોટી લીધી હતી અને ઉતાવળે ગજગતિથી ચાલતા હતા. ૧૯. તે સમયે ઢાલ, તલવાર હાથમાં ધારી રહેલા બધા પાર્ષદો પાછળ ચાલ્યા આવતા હતા. શ્રીહરિની આગળ ચોપદાર 'જય જય' 'જય જય' ના ધ્વનિ બોલતા ચાલ્યા જતા હતા. ૨૦. પુરવાસી બધા લોકો બજારે આવીને ઊભા હતા. મિથ્યા ગુરુઓના બંધનને તોડીને સહુએ શ્રીહરિને હાથ જોડી પગે લાગીને દર્શન કર્યાં. ૨૧.

બુદ્ધિમાન લોકો શ્રીહરિને દેખીને બોલતા કે, આ "સ્વામિનારાયણ" ખરેખર ભગવાન જ છે. આમના બધા ધર્મ-નિયમોને જોઈને ભારે ડર લાગે છે. બીજા મતોમાં તો કાંઈ ડર જ હોતો નથી. ૨૨. નિયમોને અને ધર્મને પાળ્યા વિના મોક્ષ થાય નહિ, એવું તો કોઈ દિલમાં જોતું જ નથી. જ્યારે સત્સંગની વાત સાંભળે ત્યારે નિયમ-ધર્મ સુખદાયક લાગે છે. ૨૩. મિથ્યા ગુરુઓ મોક્ષના અંકુરને કાપી નાખે છે. મિથ્યાગુરુ જ્ઞાન પણ મિથ્યા જ કહેતા હોય છે, તેથી અજ્ઞાની લોકો તે માર્ગે સહેજે ચઢી જાય છે. ૨૪. મિથ્યા ગુરુઓ તો એવી વાત કરે છે કે, બસ, એક ગુરુની સેવા કરો, તેની જાત

સામે જોશો નહિ. ૨૫. ગુરુ, સંત અને વૈષ્ણવની જાતિને જે જુએ છે, અને ગુરુમાં માનવબુદ્ધિ કરે છે તે નારકી થાય છે અર્થાત્ નરકમાં જાય છે. ૨૬.

ભાગવતના એકાદશ સ્કંધમાં આઠ પ્રકારની મૂર્તિ પૂજવાની કહી છે, તેના આકારને જે માયિક કહે છે તે પણ નરકમાં પડે છે. ૨૭. ચરણ ધોયેલું જળ, ગંગાજળ, મૂર્તિનો અને ગુરુનો પ્રસાદ અને સંતનો પ્રસાદ શુદ્ધ હોય છે તેને જે નારકી હોય તે માયિક કહે છે. ૨૮. કૃષ્ણતાપની ઉપનિષદ્માં કહેલી વાતને વાંચીને મિથ્યાગુરુ સાચા ગુરુની વાત શીખી લે છે અને પછી તે એવી વાતો કહીને પોતાનું પેટ ભરે છે. ૨૯. મિથ્યાગુરુ સત્યવાતને શીખી લે છે, પછી ધનની ભીખ માગીને શિશ્ન અને ઉદરની તૃપ્તિ કરે છે અને વિવિધ પ્રકારનાં અન્નનું નિત્ય નવું નૈવેદ્ય મૂર્તિને ધરીને પોતે રસાસ્વાદ કરે છે. ૩૦. મૂર્તિની પૂજા પણ પેટ ભરવા માટે જ કરે છે. ઉત્સવ તથા સમૈયા પણ પેટ ભરવા જ કરે છે. શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણ તો મનુષ્યને પ્રેમ વધારવાનું માધ્યમ બને છે. ૩૧. મત્સ્ય, કૂર્મ આદિ અવતાર શ્રીકૃષ્ણે ધાર્યા હતા એવું જણાવીને શ્રીકૃષ્ણ અવતારને એકને જ માને છે અને કેટલાક મિથ્યાગુરુ તેમની મૂર્તિને જ માને છે. ૩૨.

પેટ ભરવા માટે ધનના મનોરથ કરે છે અને ઘણાય દૈહિક સુખને માટે જ ભજન કરતા હોય છે. નારી, પુત્ર, સમૃદ્ધિ અને સુખને મેળવવાને માટે થઈને મોટા મોટા સમાજોત્સવ કરીને પૂજે છે. ૩૩. જે માયિક લોકો છે તેમને તો એક માયાનું જ કામ હોય છે એટલે એવા લોકો ઠેકઠેકાણે ભજતા-સેવા કરતા દેખાય છે. તે લોકો માયિકગુરુ પાસેથી માયિકબુદ્ધિને જ પામે છે. તેથી મોક્ષની બુદ્ધિ નાશ પામે છે. ૩૪. અમૃત, ચિંતામણિ, પારસમણિ, કલ્પતરુ, કામધેનુ, અષ્ટ સિદ્ધિઓ અને નવનિધિઓ, આવી બધી સંપત્તિ તો માયિકજનોને અત્યંત દુર્લભ જ હોય છે. ૩૫. ભગવાનની વાતો શ્રદ્ધાથી કાને સાંભળે તો બીજી વાતો ઝેર જેવી દેખાય છે. એવી ભગવાનની મોક્ષકારી વાતોમાં મિથ્યાગુરુ દોષ દેખાડતા હોય છે. ૩૬.

ભગવાન તો સર્વોપરિ એક જ છે, તેના સમાન બીજું કોઈ નથી. જે ભગવાનના સમાન અન્ય કોઈને કહે તે મિથ્યાગુરુ છે. ૩૭. જે રાત-દિવસ

ભગવાનની કથા, કીર્તન અને ચરિત્રોને કહે, પણ જેને નારી અને ધનને હરવાનું જ જો તાન રહેતું હોય તો તેને કાકચાતુરી કહેવાય. ૩૮. માનસીપૂજા અને ધ્યાન પાંચ-દસવાર કરે અને આખા બ્રહ્માંડને અસત્ય કહીને પણ જન અને ધનને પડાવવાનું તેને તાન હોય છે. ૩૯. ગુરુ અને ભગવાનની મૂર્તિને કેન્દ્ર (નિશાન)માં રાખીને કેટલાક નિઃસ્પૃહી થઈને વસ્ત્ર, અન્ન, ધન, ઘરેણાં, ભૂમિ, વાહન અને અનેક પ્રકારનું દાન કરાવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ સ્નાન કરીને આવ્યા ત્યારે મિથ્યાગુરુ વિષયક જનવાર્તા કહી' એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર અગિયારમું : તરંગ - ૮૧

બોટાદમાં શ્રીહરિએ મુમુક્ષુઓને કલ્યાણકારી ઉપદેશ કર્યો

બોટાદમાં શ્રીહરિ પોતાને મુકામે આવ્યા. આગળ શરણાઈ વાગતી હતી. જ્યારે પોતે પલંગ ઉપર આવીને બેઠા ત્યારે કેટલાક લોકો પણ ત્યાં આવીને બેઠા. ૧. શ્રીહરિએ કહ્યું, તમે અમને કાંઈક વાત પૂછો તો તેના ઉપર અમે જેમાં મોક્ષ રહ્યો હોય એવી વાતો કહીએ. ૨. તમે લોકો સમૃદ્ધિ ભેળી કરવામાં લાભ માનીને તેના સંકલ્પ રાત-દિવસ કરતાં રહો છો. પણ લાભ થવો, તે તો પરમેશ્વરના હાથની વાત છે. ૩. પરમેશ્વર પણ બુદ્ધિ અને કર્મને આધારે લાભ આપે છે. કાંઈ ઉપાય કર્યા વિના પરમેશ્વર ક્યારેય આપતા નથી. ૪. જો તમે ચાલીને અહીં સુધી આવ્યા તો તમને અમારાં દર્શનનો લાભ મળ્યો. એટલામાં તમને કેટલો લાભ થયો ? તે લાભની ખબર જ્ઞાન વિના પડે નહીં. ૫.

ચિંતામણિમાં અપાર લાભ રહ્યો છે પણ તેને જાણ્યા વિના તેની લગારેય ગમ પડે નહિ. ખબર વિના તો ચિંતામણિને પણ બીજા પથ્થર જેવો પથ્થર જ માને અને તે ચિંતામણિ ઘરમાં હોય તોય પોતાને રાંક માને છે. ૬. **આપણા આ મનુષ્ય દેહને કલ્પતરુ અને ચિંતામણિ જેવો કહ્યો છે અને**

અંતર્યામી જે પરમેશ્વર છે તે જીવની અંદર રહ્યા છે. ૭. જીવ દેહમાં એકરસ થઈને રહ્યો છે. તે રીતે પરમેશ્વર પણ જીવમાં એકરસ થઈને રહ્યા છે. જીવને આધારે દેહ વ્યવહાર કરે છે, પણ તેને જીવનું જ્ઞાન તલભાર જેટલુંએ નથી. ૮. જીવ દેહનાં સુખથી સુખ અને દુઃખથી દુઃખ માને છે અને ધનનાં સુખથી સુખી થાય છે અને ધનના દુઃખથી દુઃખી થઈ જાય છે. ૯. એવી સ્ત્રી અને પુત્ર ઈત્યાદિની પણ અનંત વાતો છે. અપાર વાતોમાંથી અહીં દિશમાત્ર કહી છે. રાજ્યનાં સુખ વગેરેની તો અનેક વાત છે. જેનો વિચાર કરીને ગણતા ગણતા પણ પાર આવે તેમ નથી. ૧૦.

❋ ભગવાનના સુખે સુખી થાવામાં મજા :

ચોપાઈ :

हरि हित ऐसो सुख दुःख पावे, मोक्ष में विलंब न कछु रहावे;
हरि विन ओर में तान हे जेसा, तान रखे हरि में नित तेसा...११

मोक्ष कहत हे ताके नामा, हरि विन मन न चोटे ओर ठामा;
मायिक को महिमा जानत जबही, मायिक में चोटत हे तबही...१२

दोहा : दुःख कहावत जितने, मायिक में जो रहाय;
अति अल्प सुख के हित ही, दुःख न देखत ताय...१३

ભગવાનનાં સુખે સુખી અને ભગવાનના વિયોગે દુઃખી, એમ ભગવાનને માટે થઈને જે સુખ-દુઃખને પામે છે તેનો મોક્ષ થવામાં જરાય વિલંબ થતો નથી. ભગવાન સિવાય અન્ય બાબતમાં જેવું તાન રહે છે તેવું તાન નિત્ય ભગવાનમાં રાખવું જોઈએ. ૧૧. મોક્ષ તો તેને કહેવાય કે, ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે મન ચોંટે નહિ. જીવ જ્યારે માયિક પદાર્થનો મહિમા સમજે છે ત્યારે તેનું મન માયિક પદાર્થમાં ચોંટી જાય છે. ૧૨. દુનિયામાં જેટલાં દુઃખ છે તે બધાં માયિક પદાર્થોમાં રહ્યા છે. જીવ અતિ અલ્પ માયિક સુખ માટે તેમાં રહેલું અતિ દુઃખ દેખતો નથી. ૧૩. મોહરૂપી મદિરાનું પાન કર્યું હોવાથી જીવ દુઃખમાં પણ સુખ માને છે. સંતો જ્યારે સાચા સુખની વાત કહેતા હોય છે ત્યારે હરિવિમુખ જીવ સાચા સુખમાં પણ દુઃખ માને છે. ૧૪.

સંતો વાત કરવામાં બાળકનાં જન્મની રીત જાણતા હોય છે. જેમ નાના બાળકનું હિત કરવા તેને ગળથૂથી ચટાડાય છે, ૧૫. જન્મ આપનારી માતા બાળકનું હિત ઈચ્છીને તેને પોતાનાં સ્તનનું દૂધ હેતથી પાતી રહે છે, ત્યારે બાળકને કાંઈ સૂધ-સમજણ નહિ હોવાથી દૂધ પાય છે ત્યારે ક્રોધ કરે છે. ૧૬. જ્યાં સુધી બાળકને સમજણ નથી આવતી ત્યાં સુધી તે અયોગ્ય ક્રિયા કરે છે. જે માતા બાળકને દૂધ પાય છે તેના જ કપડાંને બાળક બગાડે છે. ૧૭. બાળક વારંવાર મળમૂત્ર કરે છે, તોપણ માતા તેનું જરાય દુઃખ લગાડતી નથી. માતા તેને પોતાનું સંતાન માને છે એટલે તે બાળકના ઉપર એવું હેત બીજું કોણ કરે ? ૧૮. બાળક બે-ત્રણ વરસનું થાય ત્યાં સુધી માતા તેનાં મળ-મૂત્રને ધુએ છે. જ્યારે બાળક પોતાના દેહની ક્રિયા કરે એવું થાય ત્યારે તે માતા પાસે સેવા કરાવતો નથી. ૧૯.

પુત્ર, શિષ્ય અને મુમુક્ષુની રીત એકસરખી જ છે. તેને પરમ વિવેકી સંતો જાણે છે. શ્રીહરિએ કરેલી આવી વાતોને જેણે જેણે સાંભળી તેઓ બધા મનમાં ઘણું જ રાજી થયા. ૨૦. ગામના લોકોએ શ્રીહરિને બંને હાથ જોડીને કહ્યું, હે નાથ ! જો આપ અહીંયાં થોડા દિવસ વધારે રોકાઓ તો લોકોને માયાનો રંગ ઊતરી જાય અને સત્સંગનો રંગ ચઢી જાય. ૨૧. આપની વાતમાં ઘણો પ્રતાપ છે. તેમાં બધી જાતના પાપો દેખાઈ આવે છે. આપે જેટલીવાર વાત કરી તેટલીવાર અમારાં અંતરમાં અજવાળું રહ્યું. ૨૨. અને તે વખતે મનમાં ચાલતા માયાના બધા જ સંકલ્પો બંધ થઈ ગયા. અમે માયામાં અપાર લાભ માન્યો હતો તેને આપે વાત કરીને તે બધો લાભ ખારો કરી દીધો છે. ૨૩. દિલમાં હેત રાખીને જે વાત કરવી, તે આપને આવડે છે. આપનું અંતર અને બહારનો વ્યવહાર, બંને એક જ છે એટલે આપ આવી વાત કરી શકો છો. ૨૪.

સંતો પણ સત્સંગની વાતો કહે છે પણ તેમની રીત જુદી છે. ફળ, ફૂલ અને મૂળ સાથે તરત જ ઝાડને તોડી નાખે તેવી સંતો વાતો કરે છે. ૨૫. ચૌદ માળની ઈમારત અનંત સમૃદ્ધિથી ભરી હોય, તે બધી ઈમારતને એક પળવારમાં જ તોડી પાડે, એવી સંતોની વાતો લોકો થોડી હાનિકારક

માને છે. ૨૬. તાજા જન્મેલા બાળકનાં મુખમાં જો આખી રોટલી લાવીને ખોસી દે તો તે બાળક કેમ જીવે ? ૨૭. ઊંડુ પાતાળમાં પાણી હોય, જમીનમાં એકલા પથ્થર જ હોય, તો જમીનને ખોદવાની સાથે તરત પાણી ન નીકળે. ઝાઝા દિવસની મહેનત પછી પાણી થાય છે. ૨૮. જમીનને ખોદવાથી ક્યાંક તો પાણી તરત જ નીકળતું હોય છે અને ક્યાંક તો દસ દિવસ, પંદર દિવસ, એક માસ, દોઢ માસ, ત્રણ, છ, નવ કે બાર માસ સુધી જમીનને સતત ખોદતા-તોડતા રહે ત્યારે તેમાં પાણી દેખાય છે. ભલે જમીન તો બધે એકની એક જ હોય. ૨૯-૩૦.

તે રીતે જ ભલે, માણસની જાત એક હોય, તોપણ એક જ દિવસમાં બધી જાતનો વિવેક આવી જાતો નથી. જેને જેવો વાતનો ખપ હોય તેને તેવો સત્સંગ થાય છે. ૩૧. કેટલાક વિશાળ બુદ્ધિવાળા મનુષ્યો વાત સાંભળતાની સાથે તરત જ સત્સંગ સ્વીકારી લે છે. કેટલાક તો બે દિવસ વાત સાંભળે ત્યારે તેનાં મનમાં સત્સંગની રુચિ ઉત્પન્ન થાય છે. ૩૨. કેટલાક તો પંદર દિવસ સુધી સત્સંગની વાતોને સાંભળે ત્યારે સત્સંગને સુખદાયક સમજે. કેટલાકને તો એક માસ, બે માસ, ચાર, આઠ અને બાર માસ જાય, અર ! કેટલાક તો બે વરસ જાય ત્યારે સત્સંગનાં વ્રતમાન-નિયમને ધારણ કરે છે. સત્સંગની વાત સાંભળતાં સાંભળતાં જ્યારે પાપોનો નાશ થાય ત્યારે તે તરત સત્સંગ કરે છે. ૩૩-૩૪. મનુષ્યનો જન્મ થયા પછી જેમ ધીરે ધીરે તે મોટો થાય છે તેમ લોકો સત્સંગી પણ ધીરે ધીરે થાય છે. સભામાં કે સંતોના યોગમાં એક દિવસમાં જેટલા આવે છે તે બધા ક્યારેય સત્સંગી થાતા નથી. ૩૫.

જે સંત હેત દઈ જાણતા હોય તેવા સંત દ્વારા સત્સંગ થાય છે. કોઈને દસ વરસથી સત્સંગ હોય, પણ જો એક જ કડવું વેણ કહ્યું હોય તો ક્યારેક તે બધો સત્સંગ ટળી જાય છે. ૩૬. ઈમારતને સો વરસથી સાચવીને નવીને નવી જ રાખી હોય, પણ જો તેમાં આગ લાગે તો કાંઈક બચે અને ન પણ બચે. ૩૭. **જેટલાં કડવાં વેણ છે તે ઝેર સમાન છે. કટુ વચનો અગ્નિ અને વિષ કરતા અધિક છે અને કટુ વચનને ઔષધ પણ કહેવાય છે. ૩૮. કોઈક કડવું વેણ કહે અને તે જો સાંભળનારાને અતિ પ્રિય લાગે અર્થાત્ સવળું લે તો**

તે કડવું વચન તેને માટે ઔષધ સમાન છે. જેમ વિવાહ પ્રસંગના ફટાણાની ગાળો પ્રિય લાગે છે, તેમ સત્સંગમાં કોઈને કડવું વેણ કહેવામાં આવે અને તે જો સાંભળનારાને પ્રિય લાગે તો તેને માટે તે ઔષધના સમાન છે. ૩૯. અને અમૃતના જેવા વચન પણ યોગ્ય સમય ન હોય તો તે ઝેરના જેવા લાગે છે. જેમ કોઈને ત્યાં મૃત્યુ થયું હોય તેવે પ્રસંગે સારું નૃત્ય કરાવવું, તે ઘણું અઘટિત ગણાય છે તેમ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'બોટાદમાં શ્રીહરિએ ગામના મુમુક્ષુઓને કલ્યાણકારી ઉપદેશ કર્યો' એ નામે એક્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર અગિયારમું : તરંગ - ૮૨

બોટાદમાં બંધ અને મોક્ષનું કારણ કહ્યું. પછી શ્રીહરિ નાગડકા આવ્યા

दोहा : श्रीहरि कहत हे जन प्रति, समझ के अंग अपार;
कुटुंब सम होत सत्संग हि, डगत न तब लगार...०१

બોટાદમાં શ્રીહરિએ પોતાની સામે બેઠેલા લોકોને કહ્યું. સમજણનાં અંગ અપાર છે. જો સત્સંગને કુટુંબના જેવો માનવામાં આવે તો તે ક્યારેય તેમાંથી જરા પણ પાછો પડે નહિ. ૧. સંસારમાં પતિ, પત્ની હોય છે તે એક ઘરમાં જન્મ્યા નથી હોતા, પણ વિવાહ કરીને પત્ની જ્યારે પતિને ઘેર આવે છે ત્યારે ઘરમાં તે જ અધિક બની જાય છે. ૨. પતિ અને પત્નીના શરીર જુદા જુદા હોય છે. છતાં અતિ પ્રેમને લઈને જાણે એક જ અંગના હોય તેવા થઈ જાય છે. પછી માતા-પિતા ઉપરનો સ્નેહ ઘટતો જાય છે. તેથી પોતાનો દિકરો જાણે પારકા પેટે જન્મેલો હોય તેવો થઈ જાય છે. ૩. પછી તે દિકરો; તેની માતા, પિતા, ભાઈ અને બહેન એ સહુ સાથે રહેતો હોય, છતાં તે બધા સાથેથી મન તૂટી જાય છે અને પોતાની પત્નીમાં સ્નેહેયુક્ત અભંગ મન રહે છે. ૪.

મનુષ્યનું શરીર માતા-પિતાના પ્રતાપે મળે છે. વળી, માતા-પિતાના પ્રતાપે ઘર, પત્ની, વેપાર-ધંધો, માયા-ધન, વસ્ત્ર, ઘરેણાં, શરીરનું સૌંદર્ય, ગામ, ગરાસ, જમીન, દુકાન, હાથી, ઘોડા, વાહન, બળદ, ગાય, ભેંશ વગેરે લગભગ બધું માતા-પિતાના પ્રતાપથી જ માણસને મળ્યું હોય છે, પણ ગૃહસ્થ જીવનમાં જ્યારે નારી આવે છે ત્યારે માતા-પિતાના બધા જ પ્રતાપને તે નારી હરી લે છે. ૫-૭. પછી તો ગૃહસ્થને પત્નીનો સંબંધ જ મુખ્ય થઈ જાય છે અને તેને પૂર્ણ વફાદાર રહેવાને લીધે બીજા સંબંધીઓ સાથે વૈરબુદ્ધિ થઈ જાય છે. આ રીત કાંઈ આજકાલની કે કોઈ નવીન નથી. આ રીત તો કુળ પરંપરાથી ચાલી આવી છે. ૮. આ પ્રમાણેનો પતિ-પત્નીનો સંબંધ તો સૃષ્ટિના પ્રથમ યુગથી ચાલ્યો આવે છે. પશુ અને પંખીની પણ એવી જ રીત છે કે, જ્યાં તે બંધાય તેમાં જ તેને પ્રેમ થાય છે. ૯. સ્ત્રીના સંબંધને લીધે જ જીવને વારંવાર લખચોરાશીના ફેરા થયા કરે છે અને તેને કારણે જ જન્મ, મરણ અને જમપુરીના ફેરા પણ વારેવારે ઘણા જ થાય છે. ૧૦.

❋ સત્સંગમાં જીવ બાંધવો :

જીવ જેવો નારીમાં અને ધનમાં બંધાઈ જાય છે તેવો જો સત્સંગમાં બંધાઈ જાય તો સંતો-ભક્તો ક્યારેક કડવાં વેણ કહે ત્યારે દિલમાં ડાઘ રહે નહિ. ૧૧. જ્યાં સુધી પરસ્પર હેત હોય છે ત્યાં સુધી જીવ બંધાઈને રહે છે. જ્યારે બેમાંથી એક જણ હેત તોડી નાખે ત્યારે જાણે એક પણ દિવસ ક્યારેય ભેળા રહ્યા જ ન હોય તેવો વર્તાવ કરે છે. ૧૨. પોતપોતાની જેને જેવી સમજણ હોય તેવો સત્સંગ રહે છે. જેમ કે, નિશાળે ભણનારો બાળક જેની જેવી સમજણ હોય તે પ્રમાણે તે તૈયાર થાય છે. ૧૩. જેમ કોઈ બાળક અંગ્રેજી નિશાળે ભણતો હોય તેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તે કાયદાનો અભ્યાસ કરે છે. ૧૪.

કાયદાનો જેવો અભ્યાસ કરે, અંગ્રેજ સરકાર તેને તેવો અધિકાર આપે છે અને પગાર પણ તેવો આપે છે, પણ કાયદાના પાલન સાથે નમ્રપણે વફાદાર રહેવું પડે છે. ૧૫. ચાકરી કરતાં કરતાં જેટલો તે હોશિયાર થાય તેટલો તે આગળ વધે છે અને તે પ્રમાણે તેને આબરૂ-ઇજ્જત મળે છે. ૧૬.

જે અંગ્રેજીમાં ભણીને જેટલો હોશિયાર થાય તેટલો તે કંપની (કંપની સરકાર) ના કબજામાં દેશ કરે છે. જેણે જે દેશ જે રીતે કબજે કર્યો હોય તેનો યશ તે પ્રકારે લખે છે. ૧૭. તેથી બીજાની દેશ પ્રત્યેની મમતાને સાંભળીને પોતાને પણ મમતા થાય, મમતા થયા વિના પોતાનો દેશ હોય તોપણ તે ખોવાઈ જાય છે. હાથમાંથી જતો રહે છે. ખરેખર મમત્વ વિના કોઈ કામ થાતું નથી અને મમત્વને લીધે જ તે અભિવૃદ્ધિને પામે છે. ૧૮. જેને જે વસ્તુમાં કે વ્યક્તિમાં મમત્વ હોય છે તેને માટે તે પોતાનું મસ્તક પણ કપાવે છે. જેટલો મમત્વ હોય તેટલો જ તેનો પક્ષ કહેવાય. પક્ષ વિના કોઈ માથું કપાવે નહિ. ૧૯.

માયિક વસ્તુ-પદાર્થમાં પણ મમત્વે કરીને માણસ ઘણો જ પક્ષ રાખે છે. અરે, કોઈએ પ્રેમભાવથી એક દિવસ પણ ખવડાવ્યું-પિવડાવ્યું હોય તો તેનો પક્ષ પણ જતો કરતો નથી. ૨૦. લૌકિક મમત્વનું મરણ પછી કોઈ વિશેષ ફળ નથી. આ દુનિયામાં માત્ર તેના વખાણ થાય છે. બધા બે દિવસ વખાણ કરે છે અને પછી કોઈ તેને સંભારતું પણ નથી. ૨૧. જો પરસ્પર વધારે પડતો સ્નેહભાવ રાખે તો તેને લીધે મૃત્યુ પછી તે બંને ભૂત-પ્રેત થાય છે. આ જગતમાં નજર કરીને જોશો-વિચારશો તો બધું દેખાશે. આ વાત કાંઈ ખોટી નથી. ૨૨. મનુષ્ય જેમાં અપાર સ્નેહ રાખે છે, મરણ પછી તે સ્નેહને લીધે તેના આકારે થાય છે. જેને જેવો જેમાં સ્નેહ હોય તેવો તે થાય છે. આ અંગે કોઈપણ સંદેહ નથી. ૨૩. માણસના મનમાં સહેજે નાસ્તિકભાવ રહ્યો હોય છે. તેથી તેને મોક્ષની વાત માન્યામાં આવતી નથી. સત્પુરુષ અને શાસ્ત્રો કહે છે, તોપણ તે મોક્ષની વાતને માનતો નથી. ૨૪.

મોક્ષની વાતને દઢતાથી સમજાવવા માટે જ ભૂત-પ્રેત વગેરે કર્યા છે. તેમજ વર્ષાઋતુ, શિયાળો અને ઉનાળો વગેરે પણ મોક્ષની વાત દઢ કરાવવા કર્યા છે. ૨૫. વારંવાર સૂર્યનું અને ચંદ્રનું ગ્રહણ થાય છે. ઘણીવાર ભૂકંપ વગેરે થાય છે. તે બધું જીવની નાસ્તિકબુદ્ધિ ટાળવા માટે છે. ૨૬. આકાશમાં ગાજવીજ સાથેના વાદળાં વૃષ્ટિ કરે, ક્યારેક કરાં પડે, નદીઓમાં પૂર આવે, સમુદ્રની વેળ ચઢે, આવું બધું પરમેશ્વરે કરેલું હોય છે તેને દેખે છે, તોપણ સર્વકર્તા પરમેશ્વર અંગે નાસ્તિકતા ટળતી નથી. ૨૭. પાળ વિનાનો સમુદ્ર

છે, તેમાં ચોસઠ ગાઉ ઊંચું પાણી રહ્યું છે. તેના મોટા ઊંચા તરંગો વગેરે ભગવાનની શક્તિ છે. ૨૮.

એક જળના બિંદુમાંથી માણસનું શરીર થઈ આવે છે. બિંદુમાં આકાર હોવા છતાં કોઈ આકાર જણાતો નથી. તે બિંદુમાં જીવ રહ્યો હોય છે. ભગવાન તે બિંદુમાં આકારની સાથે જ જીવને માતાના ઉદરમાં પ્રવેશ કરાવે છે. ૨૯. જઠરાનળ તેને પરિપક્વ કરે અને દિનપ્રતિદિન વૃદ્ધિ પમાડે છે તેમજ બીજા કાચાં-પાકાં અન્ન-જળને બાળીને ભસ્મ કરી નાખનારો જઠરાગ્નિ તે ગર્ભને બાળી નાંખતો નથી, બલ્કિ તેની પુષ્ટિ કરે છે. ૩૦. આવી તો ભગવાનની શક્તિ ઘણી ભારે બળવાન છે. જ્યાં જેવું ઘટે ત્યાં તેવી શક્તિ ભગવાન ધારી રહ્યા છે. તે ભગવાનની શક્તિ જેનો જેવો સંસ્કાર હોય તેમ તેને ધારી રાખે છે. છતાં તેમની શક્તિ લગારેય વધઘટ થતી નથી. ૩૧.

નાસ્તિકભાવનો નાશ કરનારા આવા તો અનંત આશ્ચર્યો શ્રીહરિએ રચ્યા છે. ગણવાથી તેનો પાર આવે તેમ નથી. નાસ્તિકભાવ જીવને બદ્ધ રાખનારો એક મોટો પાશ છે માટે તે તોડવો જરૂરી છે. ૩૨. નાસ્તિક લોકોએ નાસ્તિકતાભર્યા ગ્રંથો લખ્યા છે. જે જીવના મોક્ષના અંકુરોને હરી લે છે, નાશ કરી દે છે. જ્યારે બીજી બાજુ સત્પુરુષો જ સત્શાસ્ત્ર દ્વારા જીવોને મોક્ષનું દ્વ ાર ઉઘાડું દેખાડી આપે છે. ૩૩. નાસ્તિક લોકો બંધ અને મોક્ષની જે વાત કહે છે તેનાથી તેને અનુસરનારા બધા મનુષ્યો મર્યા પછી જમપુરીમાં જાય છે. નાસ્તિકો મળ-મૂત્રથી ભર્યા મલિન-અપવિત્ર રહે છે. ક્યારેય શરીરને પાણી અડાડતા નથી. ૩૪.

ભગવાનનો પ્રતાપ અપાર છે તે પ્રકટ પ્રમાણ દેખાય છે. છતાં દુનિયાના જેટલા નાસ્તિકો છે તે કર્મે કરીને બધું થાય છે એમ કર્મનો પ્રતાપ બતાવે છે. ૩૫. જે સત્પુરુષનો દ્રોહ કરે છે તે નાસ્તિક થાય છે. શાસ્ત્રોમાં જે જે મોક્ષનાં દ્વાર કહ્યા છે તેને નાસ્તિકો બંધ કરીને બેઠા છે. ૩૬. જે મનુષ્ય નાસ્તિકનો સંગ કરે છે તે તેના જેવો નાસ્તિક થઈને મૃત્યુ પછી જમપુરીમાં જાય છે અને તેને અત્યંત દુઃખ ભોગવવું પડે છે. ૩૭.

શ્રીહરિએ આ રીતે શાસ્ત્ર પ્રમાણે વાતો કરી. અનંત પ્રકારના ન્યાય-તર્ક આપ્યા અને મોક્ષનું દ્વાર દેખાડી દીધું. ૩૮. પછી તે મુમુક્ષુઓએ નાસ્તિકોના નરકદ્વાર જેવા સિદ્ધાંતોને તરત જ તજી દીધા. પછી સત્સંગના દ્વાર ઉઘાડીને મોક્ષરૂપી પુરમાં તેમણે પ્રવેશ કર્યો. ૩૯. શ્રીહરિ બોટાદમાં રાત રોકાયા. બીજે દિવસ ત્યાંથી ચાલ્યા. બધી સવારી સાથે **નાગડકા** ગામમાં પધાર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'બોટાદમાં નાસ્તિકમત ખંડન પૂર્વક શ્રીહરિએ બંધ અને મોક્ષનું કારણ કહ્યું, પછી નાગડકા આવ્યા' એ નામે બ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર અગિયારમું : તરંગ - ૮૩

શ્રીહરિ બોટાદથી અને ઘેલા ધાધલ વગેરે ગઢપુરથી નાગડકા આવ્યા

નાગકડા અને લોયાની વચ્ચે ઘણા પર્વત હતા. તેના ઉપર વિવિધ પ્રકારનાં વૃક્ષો હોવાથી તેની શોભા ઘણી જ રૂડી લાગતી હતી. ૧. ઠેકઠેકાણે અનેક જાતના પશુઓ અને પંખીઓ ફરતા દેખાય છે. હરણ અને રોઝનો તો કોઈ પાર નથી અને મોર ટહુકા કરતા હતા. ૨. શ્રીહરિને આવતા દેખીને કોયલો ટહુકો કરીને માનો શુભ ગાન કરવા લાગી. આકાશમાં ઘણાં ઘાટાં વાદળાં ચઢ્યાં અને તે વેળાએ તે ગર્જના કરવા લાગ્યા. ૩. વીજળી ચમકારા કરી નૃત્ય કરવા લાગી. મોર નાચવા લાગ્યા. માનો શ્રીહરિને પધાર્યા દેખીને હરખના આવેશથી મેઘ પ્રેમથી વરસવા લાગ્યો. ૪.

પર્વતમાંથી પુષ્કળ પાણી વહેવા લાગ્યું. ઠેકઠેકાણે ઊજળું અને નિર્મળ પાણી ખળખળ શબ્દ કરતું વહેતું હતું. શ્રીહરિ તે જોઈને બોલ્યા કે, પર્વતે કેવી શોભા ધારણ કરી છે ? ૫. પર્વત અમને ભક્તિભાવથી પૂજે છે. ભૂમિ ઉપરના જે અત્યારે પર્વત, વન, નદી અને સરોવર છે, તે બધાને અમારા ઉપર ઘણું જ હેત છે. ૬. નદીઓ, ફૂલ, બાગ અને વૃક્ષો છે તે બધા અમને પૂજવા ચાહે છે. તેઓ ઘોર જન્મથી છૂટવાને માટે અમારી વારંવાર પ્રાર્થના

કરે છે. ૭. અમે હરિભક્તોને ગામ જઈએ છીએ તેમાં બીજા પણ કેટલાક કામ થઈ જાય છે. વનમાં કેટલાક પશુ અને પંખીઓ રહેતા હોય છે. તેમને આવતાં-જતાં અમો દર્શન આપીએ છીએ. ૮.

દર્શનમાત્રથી અમે તેનું કામ કરી દઈએ છીએ. અમે તેમનો જન્મ સફળ કરી દીધો છે, એવું માનીએ છીએ. અમે ભૂમિ ઉપર પ્રકટ થયા છીએ ત્યારથી અત્યાર સુધીમાં રોજ કરોડો જીવોને કર્મનાં બંધનથી છોડાવ્યા છે, પણ અમે આવી વાત ક્યારેય કરી નથી. અમારા સ્વરૂપનો જેવો પ્રતાપ છે તેઓ તો અક્ષર જેવા નિષ્પાપ જ જાણે છે. ૯-૧૦. જેની જેટલી બુદ્ધિ પહોંચે તેટલો તે અમારો પ્રતાપ કહે છે. તે કહેવાતા પ્રતાપ કરતાં પણ અમારા પ્રતાપને જે વધારે જાણે છે તેને ભવ અને બ્રહ્મા વગેરે બધા વખાણે છે. ૧૧. અમારો પ્રતાપ સાંભળીને જે તેમાં સંશય ન કરે તેવા મનુષ્યો માયાને તરી ગયા છે અને અમારા પ્રતાપને સાંભળ્યા પછી જે તેમાં સંશય કરે છે તે મોહમાયામાં ફસાઈ રહે છે. ૧૨.

શ્રીહરિ આટલી વાત કરતાં કરતાં નાગડકા ગામની નજીક આવી ગયા. ત્યાં ગામના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિને લેવા માટે સન્મુખ આવ્યા. ૧૩. તેઓ એકેએક ભક્ત ઘણા હેતથી શ્રીહરિને પગે લાગ્યા. શ્રીફળ ભેટ મૂકીને સહુએ ફૂલના હાર પહેરાવ્યા. ૧૪. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધાને શ્રીહરિએ કહ્યું, તમે બધાં કીર્તન બોલતાં બોલતાં આગળ ચાલો. ૧૫. બધા હરિભક્તો મળીને મંગળરૂપ ધોળ રાગના કીર્તન બોલીને ચાલવા લાગ્યા. તેનાથી આકાશ પણ ગાજી ઊઠ્યું હતું. ૧૬. બધા હરિભક્તો કીર્તન ગાતાં જ્યારે ગામની બજારે આવ્યા ત્યારે ગામના બધા લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. ૧૭.

બધા રાજબજારે આવીને ઊભા હતાં. શ્રીહરિનાં દર્શન કરીને સહુના મન હરખાઈ રહ્યા હતા. "આજે અમારા ગામનાં ધન્યભાગ્ય છે." એમ બધા ગામવાસી લોકો બોલતા હતા. ૧૮. જ્યારે શ્રીહરિ આ પુરમાં આવે છે ત્યારે ઘણી શોભા થાય છે. શ્રીહરિ ન હોય ત્યારે ગામ બધું શૂન્ય જેવું લાગે છે અને

જ્યારે શ્રીહરિ આવે છે ત્યારે અપાર શોભા થાય છે. ૧૯. શ્રીહરિ જેટલા દિવસ અહીં રહેશે તેટલા દિવસ સહુના અત્યંત આનંદમાં વીતશે. બજારમાં ઊભેલા બધા લોકો આવું બોલતા હતા અને શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા હતા. ૨૦. કેટલાક લોકો ચરણોમાં શ્રીફળ મૂક્તા અને અત્યંત આદરભાવથી પગે લાગતા હતા. નાગડકા ગામમાં ચારે વર્ણના લોકો સારા સત્સંગી થયા હતા. ૨૧. બાઈઓ અને ભાઈઓ એટલા અપાર હતા કે તેમનાં નામ લખતા તો શેષજી પણ થાકી જાય તેમ હતું. દરબાર સૂરા ખાચરના દરબારગઢમાં ધર્મકુમાર શ્રીહરિ આવ્યા. ૨૨.

પરમ દયાળુ શ્રીહરિ તરત અશ્વ ઉપરથી ઊતર્યા, ઉતારો કર્યો. નવરંગ પલંગ બિછાવ્યો હતો. ત્યાં આવીને તેના ઉપર બેઠા. ૨૩. દરબાર સૂરા ખાચરને દસ-બાર ભવન હતાં, તેમાંથી એક ભવનમાં ઉતારો આપ્યો. શ્રીહરિ ત્યાં દસ દિવસ રહ્યા. કારણ કે, દરબાર સૂરા ખાચર ઉત્તમ સત્સંગી હતા. ૨૪. તેમને એક જ પુત્ર હતા, તેમનું નામ નાથા ખાચર હતું. નાથા ખાચરને ત્રણ બહેનો હતી. તેમાં ભગવાનનાં સુખથી સુખી એવા એકનું નામ વલુભાઈ હતું. ૨૫. **બીજી બહેનોનાં નામ આવડતા નથી. તે સહુ ભક્તો એક રીતવાળા હતા. શ્રીહરિનાં ધામના અનાદિમુક્ત હતા. બધાને શ્રીહરિમાં ઘણો પ્રેમ હતો. ૨૬. વલુભાઈની માતાનું નામ શાંતિબાઈ હતું, તે જગજાહેર ઉચ્ચકોટીના હરિભક્ત હતા. જેને ભગવાન શ્રીહરિ કરતાં કાંઈ અધિક ન હતું. ૨૭. તેમણે સત્સંગને અને શ્રીહરિને શિરમોડના રૂપમાં-ઘરેણાંના રૂપમાં કરી રાખ્યા હતા. તેમણે મન, કર્મ, વચનથી સત્સંગ કરવા માટે જ માનો દેહ ધારણ કર્યો હતો. ૨૮.**

ગઢપુરના જીવુબા સમાધિવાળા હતા અને તેમના જેવા જ રાજબાઈ હતા. તેઓ પોતપોતાનો રથ લઈ તેમાં બેસીને ગઢપુરથી નીકળ્યા. ૨૯. લાડુબાઈ, અમૂલાબાઈ અને અમરબાઈ, એ ત્રણેને પણ પોતાની સાથે રથમાં બેસાડી દીધા. તેઓ બોટાદ થઈને નાગડકા આવ્યા. દરબાર ઘેલા ધાધલ તેમની સાથે હતા. ૩૦. ઘેલા ધાધલ જીવુબાના મામા થતા. તેઓ ઘણા પાકા હરિભક્ત હતા. ધર્મ-નિયમ પાળવામાં વજ્ર જેવા દૃઢ હતા અને

બધા દેશકાળના જાણકાર હતા. ૩૧. તેમના ઉપર શ્રીહરિને પણ ઘણું હેત હતું. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેને દેખીને શ્રીહરિ બહુ રાજી થયા. ૩૨.

શ્રીહરિએ તેમને પૂછ્યું, તમે શા કામે આવ્યા છો ? ગઢપુરથી કયે દિવસે નીકળ્યા છો ? ત્યાંના હરિભક્તો સુખી છેને ? અમને ગઢપુરમાં આવવામાં વિલંબ થયો છે. ૩૩. દરબાર એભલ ખાચર અને જીવા ખાચર, બંને અમને સંભારે તો છેને ? અમારા ગુરુ રામાનંદસ્વામી અંતર્યામી હતા. તેઓ અમને જેવી પ્રેરણા કરે છે, ૩૪. તે રીતે અમે સત્સંગમાં ફરીએ છીએ. અમે અમારું ધાર્યું ફરતાં નથી. અને જ્યારે અમારું ધાર્યું ફરીએ ત્યારે અમને અંતરમાં સુખ રહેતું નથી. ૩૫.

ત્યારે ઘેલા ધાધલે હાથ જોડીને કહ્યું, મહારાજ ! સહુની જીવનદોરી આપના જ હાથમાં છે. આપ સહુના અંતર્યામી છો. આ વખતે આપે સહુના ઉપર બહુ જ કૃપા કરી છે. ૩૬. ગઢપુરના બધા જ હરિભક્તો આપની વાટ જોઈ રહ્યા છે. સહુએ ઘણા જ ભાવથી "જય નારાયણ" કહ્યા છે. તેઓ આપના સિવાય બીજો કોઈ સંકલ્પ કરતા નથી. ૩૭. દરબાર એભલ ખાચર અને જીવા ખાચરે અલગ અલગ આપના ઉપર પત્ર લખીને આપ્યા છે, એમ કહીને બે પત્ર શ્રીહરિના હાથમાં આપ્યા. ૩૮. શ્રીહરિએ તત્કાળ બંને પત્ર વાંચ્યા. જે વાત લખી હતી તે પણ વાંચી. પછી મુખ આડો રૂમાલ રાખીને મંદ મંદ હસવા લાગ્યા. ૩૯. વળી મોટીબા વગેરે બાઈઓ અહીંયાં દર્શન કરવા આવ્યા છે એ વાત ઘેલા ધાધલે શ્રીહરિને કહી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ બોટાદથી નાગડકા આવ્યા અને ઘેલા ધાધલ વગેરે ગઢપુરથી ત્યાં આવ્યા' એ નામે ત્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર અગિયારમું : તરંગ - ૮૪

ધામની દિવ્ય મૂર્તિ અને દિવ્ય અવતારોની વાત કહી

ગઢપુરના હરિભક્તો જેટલા આવ્યા હતા, તેમને શ્રીહરિએ યથાયોગ્ય રીતે ઉતારો અપાવ્યો. ૧. જેટલી સત્સંગી બાઈઓ દર્શન કરવા ત્યાં આવી હતી તે બધી દરબાર સૂરા ખાચરના ઘરની પણ સેવા કરતી હતી. ૨. જીવુબા વગેરે પાંચ બાઈઓ સિવાયની બીજી જે બાઈઓ હતી, તે બધી શ્રીહરિને રાજી કરવા માટે ત્યાંની ટેલ-ચાકરી આખો દિવસ કરતી હતી. ૩. બીજી પણ જેટલી બાઈઓ આવી હતી તે કથા, કીર્તન કરતી રહેતી હતી. અને બધી મોટીબાની આગળ ભજન-સ્મરણ કરતી હતી. ૪.

શ્રીહરિએ કહ્યું હતું કે, જેટલી સત્સંગી બાઈઓ છે તે સહુએ મોટીબા આગળ બેસવું. મોટીબા અનાદિ સત્સંગની બધી રીતોમાં પારંગત છે. ૫. આપણા સત્સંગમાં જેટલી બાઈઓ છે તેના સર્વે ધર્મોને મોટીબા જાણે છે. સત્સંગમાં રહેલી બધી સધવા અને વિધવા બાઈઓના, ૬. બધાના ધર્મ ભિન્ન ભિન્ન છે, તે જે જે યુગમાં જેવા હોય, તે બધા ધર્મને જાણે છે. તેઓ સિદ્ધગતિને પામેલા છે. ૭. જ્યારથી મોટીબાને સત્સંગ થયો છે ત્યારથી તેમણે મનુષ્ય અને દેવ સંબંધી જે જે ભોગ-સુખ છે, તે બધાને કાકવિષ્ઠાના જેવા કરી દીધાં છે. ૮.

તેઓ હંમેશા અક્ષરધામનાં સુખને જોઈને જ સુખી રહે છે. અક્ષરધામ સિવાયનાં બીજા જેટલા સુખો છે તે બધાને તેઓ અત્યંત દુઃખ માને છે. ૯. મોટીબાની જેવી સમજણ હતી તેવી જ સમજણ તેમની સાથેની ચારે બાઈઓની પણ હતી. તે બધી બાઈઓને પરસ્પર અતિ હેત હતું અને એક બીજી ઉપર ક્યારેય ઈર્ષ્યા કરતા નહીં. ૧૦. તેઓ પોતાનાં મુખથી શ્રીહરિના ભક્તોની મોટપ જ ગાતા હતા, પરંતુ પોતાની મોટપ બીજા આગળ દેખાડતા નહિ. તે પ્રત્યેક બાઈઓમાં જે મોટપ રહી હતી તે તેમનાં વર્તનમાં દેખાઈ આવતી હતી. ૧૧. શ્રીહરિનું ભજન સ્મરણ કરવું, કીર્તન ગાવા, બીજાને સત્સંગ કરાવવો તથા સત્સંગ માટે ખર્ચ કરવામાં તે બાઈઓને શ્રદ્ધાએ સહિત પરમ પ્રેમ હતો. ૧૨.

કદાચ કોઈ હરિભક્ત કડવા વેણ કહીને અપમાન કરે, તોપણ જે પ્રેમથી સહન કરી લે તે આપણા સત્સંગમાં મોટા હરિભક્ત કહેવાય છે. ૧૩. સત્સંગની જેટલી સમજણ હોય તેટલી તેમાં સહનશીલતા આવે. અને જેટલી સહનશીલતા આવે તેટલી તેની મોટાઈ દિનપ્રતિદિન વધતી જાય છે. ૧૪. પાપી માણસોના પાપને ભૂમિ ઘણું સહન કરે છે. તેણે પરમેશ્વરને પ્રસન્ન કરવા છે એટલે તે લગારેય રોષ કરતી નથી, ૧૫. પણ ભૂમિની સહનશીલતાને પરમેશ્વર સહન કરી શક્તા નથી. ભૂમિનાં દુઃખને જોઈને પરમેશ્વર પ્રકટ થાય છે અને અધર્મમતનું ખંડન કરી નાખે છે. ૧૬.

❋ દૃષ્ટિ બદલવાથી સૃષ્ટિ બદલાઈ જાય છે :

શ્રીહરિની આજ્ઞાથી મોટીબા બાઈઓની સભામાં જ્યારે હરિજન બાઈઓને ભજન કરાવતા ત્યારે તે બીજી બાઈઓને તરત સમાધિ થાતી હતી. ૧૭. ત્યારે તેમને સમાધિમાં અક્ષરધામ દેખાતું. અક્ષરધામમાં જે મૂર્તિ રહી છે, તે અત્યંત દિવ્ય સ્વરૂપવાન છે. તેની ચારેબાજુ હરિભક્તોની દિવ્ય સભા હોય છે અને તેમની વચ્ચે દિવ્ય સિંહાસન રહ્યું છે. ૧૮. તે દિવ્ય સિંહાસન અમૂલ્ય છે. તેમાં અમૂલ્ય રત્નો જડ્યા છે. જે અનેક અવતારોનું કારણ છે, એવી એ શ્રીહરિની દિવ્ય મૂર્તિ છે. ૧૯. મૂર્તિ સિંહાસન ઉપર વિરાજે છે. અંગો ઉપર વસ્ત્રો અને આભૂષણો છવાઈ ગયા છે. શિર પર મણિમય મુકુટ અને કાનો ઉપર મકરાકાર કુંડળ ધાર્યાં છે. ૨૦. મોતીના હાર, બાજુબંધ અને તોરા અંગ ઉપર ધાર્યાં છે, તે ચિત્તને ખેંચે છે. સુંદર નાની ઘનશ્યામ મૂર્તિ છે, દર્શન કરનારાનું ચિત્ત તરત જ તેમાં ચોંટી જાય છે. આવી મૂર્તિ અક્ષરધામમાં સદા બિરાજે છે. ૨૧.

❋ ભગવાનના દર્શનની પાત્રતા :

चोपाई :

विषय संकल्प नहिं उर जाके, एसे हरिजन रहे जो ताके;
दरशन होत हे वारमवारा, ओरकु नहिं होवत लगारा...२२
विषय के घाट नहिं ज्यां लगही, मूर्ति देख आवे त्यां लगही;
काम काज करत घर केरा, मूर्ति देखात प्रगट ते वेरा...२३

જેનાં હૃદયમાં વિષય સંબંધી સંકલ્પ ન થતા હોય, એવા જે હરિભક્ત હોય તેને તે મૂર્તિનાં દર્શન વારંવાર થાતાં હોય છે, બીજાને લગારેય દર્શન થાય નહિ. ૨૨. જ્યાં સુધી મનમાં વિષયના ઘાટ નથી થાતાં ત્યાં સુધી મૂર્તિનાં દર્શન થાય છે. તે વખતે ઘરનું કામકાજ કરતાં પણ મૂર્તિ પ્રકટ દેખાય છે. ૨૩. તે મહાપ્રભુ અંતર્યામી છે. તેથી સહુ જનોના અંતરમાં રહ્યા છે. તે મૂર્તિ દરેકના ચિત્તમાં રહી જ છે, છતાં તેમને હરિભક્ત સિવાય બીજો કોઈ દેખી શક્તો નથી. ૨૪. જે સમાધિનિષ્ઠ હરિભક્ત હોય તે કામ કરતા જ્યારે જ્યારે મૂર્તિને સંભારે છે ત્યારે ત્યાં તે મૂર્તિ પ્રકટ દેખે છે. ૨૫.

સમાધિવાળા સંત પણ જેવી મૂર્તિ સંભારે છે તેવી મૂર્તિ આવીને તત્કાળ જ દર્શન દે છે. ૨૬. સમાધિવાળા વિપ્ર જ્યારે વેદપાઠ કરતાં કરતાં શ્રીહરિની મૂર્તિને સંભારે છે ત્યારે જાણે મૂર્તિ તેમની સાથે વેદપાઠ કરતી હોય, તેવાં દર્શન તેને થાય છે. ૨૭. સમાધિવાળા ક્ષત્રિય હરિભક્તો પણ શ્રીહરિને જે રીતે સંભારે છે તે રીતે જ તેમને શ્રીહરિ દર્શન આપે છે. ૨૮. જે હરિભક્ત વણિક-વેપારી સમાધિવાળા હોય તે જ્યારે વેપાર કરતી વેળાએ જેવી મૂર્તિને યાદ કરે છે તો શ્રીહરિ તેને તેવાં રૂપમાં દર્શન દે છે. ૨૯. સમાધિવાળા જે ચારે વર્ણના હરિભક્તો હોય તે જે રીતે શ્રીહરિને સંભારતા તેને તેવી શ્રીહરિની મૂર્તિનાં દર્શન થતાં. ૩૦.

સમાધિવાળી અપાર બાઈઓ હતી. તે જ્યારે અક્ષરધામમાં જાતી ત્યારે તેનાં સ્થૂળ શરીર તો આલોકમાં પડ્યાં રહેતાં અને અદ્‌ભુત દિવ્ય તનુ ધારીને દિવ્યલોકમાં જાતી હતી. ૩૧. સ્ત્રી અને પુરુષના જેટલા ભાવો છે તે બધા તો આ સ્થૂળ અને સૂક્ષ્મ દેહમાં જ રહ્યા છે. સમાધિવાળા તે ભાવોને તજી દઈને જ્યાં સુંદર ઘનશ્યામ મૂર્તિ રહી છે તેવા અક્ષરધામમાં જાય છે. ૩૨. ત્યાં ધામમાં ઘણાં જ ભાવથી મૂર્તિને પૂજે છે - સેવે છે. જેમાં કોઈ દોષ રહેતા નથી. દોષમાત્ર તો સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં રહ્યા હોય છે. ૩૩. ભગવાન પોતાનાં ધામમાં જેવી મહા દિવ્યમૂર્તિ ધારીને રહ્યા છે, તેવા ને તેવાં જ દિવ્યરૂપમાં અવતાર ધારણ કરે છે અને જે સમયે જેવું કાર્ય નક્કી કર્યું હોય તેને કરે છે. ૩૪.

ભગવાને સત્યવ્રત રાજાની રક્ષા માટે પ્રેમથી મત્સ્ય અવતાર ધાર્યો હતો. તે સમયે કેટલાએ યુગ સુધી પ્રલયનાં જળમાં ફર્યા અને બધાં દિવ્ય ચરિત્ર કર્યાં. ૩૫. પ્રલય વેળાએ પાણીમાં માછલી વિના બીજા કોઈનું બળ ચાલે નહિ. એવું વિચારીને સમયને અનુસારે ભગવાને પરમ અનુપમ કનકમય મત્સ્યનું શરીર ધારણ કર્યું હતું. ૩૬. તે સ્વરૂપ અત્યંત તેજોમય હતું. સૂર્યનું તેજ પણ હરાઈ જાય તેવો તેમાં અત્યંત પ્રકાશ હતો. અને ક્યારેય કાનથી ન સાંભળ્યા હોય એવા અત્યંત અદ્‌ભુત ચરિત્ર કર્યાં. ૩૭.

સાગરના પાણીમાં મંદ્રાચળ પર્વતને થોડો અધ્ધર રાખવાનું કામ પડ્યું અને જ્યારે અન્ય કોઈએ હામ ભીડી નહિ ત્યારે ભગવાને કચ્છપ (કાચબા)નું રૂપ ધારણ કર્યું. ૩૮. જ્યારે અસુરે ભૂમિ રસાતળમાં રાખી હતી ત્યારે ત્યાં જઈને તેને કોઈ લાવી શકે તેમ ન હતું તે વખતે ભગવાને વરાહનું રૂપ લીધું અને ભૂમિને ભુર્‌લોકમાં લઈ આવ્યા. ૩૯. વળી, જ્યારે અત્યંત બળવાન હિરણ્યકશિપુ નામનો દૈત્ય થયો ત્યારે ભગવાને નૃસિંહરૂપ ધારણ કર્યું અને તરત જ તે મહાઅસુરનો વિનાશ કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ધામની દિવ્ય મૂર્તિ અને દિવ્ય અવતારોની વાત કહી' એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર અગિયારમું : તરંગ - ૮૫

રામનાં ચરિત્ર પ્રસંગે સ્ત્રી સ્વભાવની વાત

બલિરાજા જ્યારે બહુ બળવાન થયા ત્યારે તેણે બધા દેવોને જીતી લીધા. ત્યારે દેવતાઓ ભગવાન વિષ્ણુ-નારાયણને શરણે ગયા. બહુ પ્રકારે પ્રાર્થના કરી. ૧. ત્યારે ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કર્યો. તેમણે સુંદર વર્ણીનો વેશ લીધો. બલિરાજાના (યજ્ઞને) દરવાજે આવ્યા. ત્યારે બલિરાજા તેને આવકાર આપવા સન્મુખ ગયા. ૨. બલિ વામનમૂર્તિ જોઈને મનમાં ઘણા ખુશ થયા અને બોલ્યા, આવા રૂપાળા કોઈ વર્ણી ક્યારેય આવ્યા નથી. ૩.

પછી વામનજીનાં ચરણ ધોયા અને તેમને ગાદી ઉપર બેસાડ્યા. રાજાએ હાથ જોડ્યા અને ઘણા આદરભાવથી બોલ્યા, આપને જે ઈચ્છા હોય તે મને કહો. ૪. બટુ વામનજીએ બલિના બ્રહ્મા સુધીના પૂર્વજોની ઘણી ઘણી પ્રશંસા કરી. ત્યારે બલિરાજા બટુની આગળ ગદ્‌ગદ અને દીન થઈ ગયા. ૫.

ત્યારે વામનજીએ કહ્યું, અત્યારે મને મારા ત્રણ પગલાં જેટલી ભૂમિનું દાન આપો. મારે તેથી વધારે બિલકુલ જોઈતું નથી, જેને લીધે તમને ક્લેશ થાય. ૬. બલિરાજાના ગુરુ શુક્રાચાર્યે બલિને બહુ પ્રકારે સમજાવીને કહ્યું, ભૂમિનું દાન કરીશ નહિ પણ વામનજીએ બલિનાં હૃદયમાં પ્રવેશ કરીને તેનું મન સ્થિર રાખ્યું. ૭. શુક્રાચાર્યે બલિને કહ્યું, આ બટુ તારું બધું રાજ્ય લઈ લેશે. તને છળવાને માટે જ વિષ્ણુ આવ્યા છે અને તે ચોક્કસ તને ભિખારી કરી તને ભીખ મગાવશે. ૮. શુક્રાચાર્યે એવા અપાર વચન કહ્યાં, પણ બલિરાજાએ તેને લગાર પણ કાનથી સાંભળ્યા નહિ. વામન જે રીતે રાજી થાય તેમ બલિએ બધું કર્યું. ૯. પ્રથમ વામનજીએ બલિને બાંધી લીધો. પછી તેનું બધું જ ખૂંચવી લીધું, તોપણ બલિએ વામનજીનો દોષ લીધો નહિ, ઊલ્ટાનું પોતાનું વધારે ભાગ્ય માન્યું. ૧૦.

વામનજીએ બલિરાજાને એકવાર અને તેપણ એક ઘડીવાર જ ખરેખર બાંધ્યા હતા, પણ બલિની અપાર શ્રદ્ધાને દેખીને વામનજી તેને વશ થઈ ગયા. ૧૧. વામનજીએ બલિને કહ્યું, હવે તું મારી પાસે માગ, જેવું તું માગીશ તેવું હું તને નિર્ભય વચન આપીશ. ત્યારે બલિએ હાથ જોડીને માગ્યું, હવે આપ મારે દરવાજે અખંડ રહો. ૧૨. ત્યારે વામનજી પ્રસન્ન થઈને બલિને દરવાજે રહ્યા. ભગવાન ભક્તાધીન છે. એમ વેદાદિ શાસ્ત્ર કહે છે. ૧૩. જ્યારે ક્ષત્રિયે પણ ઉન્મત્ત થઈને ઋષિનું મસ્તક કાપી લીધું ત્યારે ભગવાન પરશુરામ વિપ્રરૂપે થયા અને ક્ષત્રિયોની અવળાઈ ખમી શક્યા નહિ. ૧૪.

સહસ્રાર્જુન રાજાએ જ્યારે જમદગ્નિ ઋષિનું મસ્તક કાપી નાખ્યું ત્યારે ક્ષત્રિયરૂપી વનને બાળવા અગ્નિના જેવા પરશુરામ થયા. ૧૫. સહસ્રાર્જુનના અત્યંત બળવાળા એક હજાર હાથને પરશુરામે ફરસીથી તરત જ કાપી નાખ્યા. ૧૬. પરશુરામે ક્ષત્રિયોના વંશનું એકવીસ વાર ઉચ્છેદન કર્યું, ત્યારે તેમાં જે

ભગવાનના ભક્ત ક્ષત્રિયો હતા તેમની રક્ષા કરી હતી. ૧૭. પરશુરામના પછી મહાબળવાન રામચંદ્ર પ્રભુ પ્રકટ થયા. તેમણે કાળનેમિ, રાવણ અને કુંભકર્ણના મદે સહિત મસ્તક હરી લીધાં. ૧૮. રામચંદ્રજીએ બાર વરસ સુધી વન વિચરણ કર્યું. મસ્તકે જટા અને હાથમાં ધનુષ-બાણ ધારણ કર્યાં. લક્ષ્મણ અને સીતાજી સાથે રહ્યા હતા. ત્યારે ગંગાને કિનારે નિવાસ કર્યો હતો. ૧૯.

તે સમયે વીર હનુમાનજી સેવામાં રહ્યા. તેમણે બહુ પ્રકારના કામ કર્યાં. ખર અને દૂષણની બહેન શૂર્પણખા નામે હતી. ૨૦. તે જ્યારે રામચંદ્રજીને વરવા આવી. ત્યારે એક પત્નીવ્રતવાળા રામે તેને ન બોલાવી તેથી લક્ષ્મણને વરવા આવી ત્યારે તેણે તેને નાક અને કાન વિનાની કરી દીધી. ૨૧. શૂર્પણખાએ જઈને ખર અને દૂષણને તે મુખ દેખાડ્યું. ત્યારે તે બંનેને ઘણો ક્રોધ ચડ્યો અને વિશાળ સેના લઈને વનમાં રામ, લક્ષ્મણને મારવા આવ્યા. તે સમયે રામચંદ્રજીએ એકલાએ જ જેટલા સૈનિક હતા તેટલાં રૂપ ધારણ કર્યાં અને લક્ષ્મણને સીતાજીની પાસે રાખ્યા. પછી સૈન્યે સહિત ખર અને દૂષણનો વિનાશ કર્યો કે, જેઓ બધી પ્રજાને માટે ભયંકર હતા. ૨૨-૨૩. પછી શૂર્પણખાએ લંકામાં જઈને રાવણને બધી વાત કહી સંભળાવી ત્યારે રાવણે મારીચ નામના રાક્ષસને ત્યાં મોકલ્યો. ૨૪.

તે રાક્ષસે સોનાનો મૃગ હોય તેવું રૂપ લીધું. અને સીતાજીની આગળ થઈને તે નીકળ્યો ત્યારે સીતાએ મારીચને રાક્ષસના રૂપમાં ઓળખ્યા વિના જ મૃગના રૂપમાં દેખ્યો. ૨૫. પછી તરત જ સીતાજીએ રામચંદ્રજીને કહ્યું, આપ કૃપાળુ મારે માટે તે મૃગને મારીને લઈ આવો. ૨૬. ત્યારે રામચંદ્રજીએ કહ્યું, એક રાક્ષસે મૃગનું રૂપ લીધું છે માટે આ મૃગ તમારે માટે યોગ્ય નથી. એટલે તેની ઈચ્છા તજી દો. ૨૭. ત્યારે સીતાજીએ કહ્યું, આપ ક્ષત્રિય થઈને મૃગથી ડરવા લાગ્યા છો. તમે કાંઈ શૂરવીર પુરુષ નથી. તમને મેં અત્યારે બોલવા ઉપરથી ઓળખી લીધા. ૨૮. રામચંદ્રજીએ કહ્યું, સ્ત્રીઓની મતિ ઘણી તુચ્છ હોય છે. સ્ત્રીમાત્રના અલંકાર જેવા જોઈને મેં સીતા સાથે વિવાહ કર્યા. ૨૯.

સીતા મને ભગવાન તરીકે જાણે છે, છતાં સીતામાં નારી જાતિનો દોષ તો રહ્યો જ છે. અને જે જે પુરુષો સ્ત્રીને વશ થઈને રહે છે તેમને છેવટે

ઘણું દુઃખ થાય છે. ૩૦. ચાહે તેવો સિદ્ધ હોય તોએ દુઃખ તો પામશે જ. મારું આ વચન નિષ્ફળ - મિથ્યા નહિ થાય. અમારા પિતા દશરથની વાતને સંભારીને અમે આ શબ્દ ઉચ્ચાર્યા છે. ૩૧. જ્યારે યોગ્ય સમય આવે ત્યારે યથાર્થ રીતે તે વાત સમજાય છે. સમય વિના વાતને જાણે તોપણ તે પૂરેપૂરી સમજાય નહિ. સમજવામાં ફરક રહી જાય છે. ૩૨.

વિષયી માણસને સ્ત્રી દુઃખી કરી મૂકે છે. નિર્વિષયી મનુષ્ય પરમ સુખી છે. આવું બોલીને રામચંદ્રજી ધનુષ્ય સજ્જ કરીને મૃગની પાછળ દોડ્યા. ૩૩. તે મૃગ તો ઘણો માયાવી હતો. રામે જ્યારે તેના ઉપર બાણ છોડ્યું. ત્યારે તેણે હે લક્ષ્મણ ! એવો પોકાર કર્યો. તે પોકારને સીતાજીએ સાંભળ્યો. ૩૪.

ત્યારે સીતાજીએ લક્ષ્મણને કહ્યું, રામચંદ્રજી મુશ્કેલીમાં મુકાયા લાગે છે. તમે તત્કાળ રામની પાછળ જાઓ અને તેમની સંભાળ લો. ૩૫. લક્ષ્મણે કહ્યું, રામને કોઈનો લેશમાત્ર ભય ન હોઈ શકે, તે બાબતનો સંશય તમે છોડી દો. આપને છોડીને હું દૂર જઈશ નહિ. આપ કરોડ વાત કહેશો તો પણ હું નહિ માનું. ૩૬. ત્યારે સીતાએ ઘણાં ક્રૂર અને કઠોર વચન કહ્યાં, છતાં લક્ષ્મણ તો હાથ જોડતા રહ્યા અને સીતાજીથી દૂર ગયા નહિ. ૩૭.

ત્યારે સીતાજી એવું બોલ્યા, તમે રામનાં મરણની વાટ જોઈ રહ્યા છોને ? મને રાખી લેવાનો તમારાં મનમાં ઘાટ છેને ? ૩૮. જો રામને કાંઈક થાય, તો હું તરત જ મરી જાવ, પણ હું તમને તો નહિ વરું. રામ વિના બીજાને પતિ ન જ કરું. ૩૯. લક્ષ્મણ બોલ્યા, હે માતા ! હું આપને દૃઢ સતી જાણું છું. માનો, આપમાં મૂર્તિમાન દુઃખે પ્રવેશ કર્યો હોય તેમ આપ મુખથી આવા ઉત્પાતભર્યા શબ્દો બોલો છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'રામના ચરિત્ર પ્રસંગે સ્ત્રી સ્વભાવની વાત કહી' એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર અગિયારમું : તરંગ - ૮૬

શ્રીહરિએ જગતના વ્યવહારને રમૂજને બહાને બતાવ્યો

શ્રીહરિએ કહ્યું કે, સીતાને સમાન ત્રિલોકીમાં કોઈ સ્ત્રી નથી. લક્ષ્મીજીએ જ સીતાનો અવતાર ધાર્યો હતો, તે કોઈ પ્રાકૃત સ્ત્રી ન હતા. ૧. પણ આ લોક જ વિપરીત છે. આ લોકમાં કોઈ મુક્ત આવે અને જો તે ગાફલ-અસાવધાન થઈને વર્તે, તો તેને જરૂર દુઃખ-શોક થાય છે. ૨. ચાકડા ઉપર બેસે તે ફર્યા વિના કેમ રહે ? તે રીતનો જ આ લોક છે. અને આ શરીર છે તે કાજળની કોટડી છે, ડાઘ પડ્યા વિના રહે જ નહિ. ૩. લક્ષ્મણને બહુ દુઃખ લાગ્યું. કારણ કે, નિર્દોષના ઉપર મિથ્યા દોષ આરોપ્યો હતો, તોપણ તેઓ સીતાજીને સુખી રાખવા ચાહતા હતા. ૪.

પછી જ્યાં સીતાજી બેઠા હતા ત્યાં લક્ષ્મણે ધનુષથી આણ(સીમા-રેખા) ખેંચી, જે કોઈ આ લીટીની અંદર આવશે, તે નિશ્ચે તરત ભસ્મ થઈ જાશે. ૫. માતા, તમે જો આ રેખાને ઉલંઘશો, તો ઘણું મોટું દુઃખ સહન કરવું પડશે. આ વનમાં રાક્ષસો જાતજાતના વેષ ધારીને આવતા હોય છે, તેને આપ ઓળખી શકશો નહિ. ૬. આપને તેના ઉપર જે રીતે અતિ દયા ઊપજે, તેવા રૂપ ધારીને આવશે. આપને છોડીને દૂર જવામાં મારું મન ના કહે છે. કેમ જે, આમાંથી ઘણું દુઃખ થાશે. ૭.

ત્યારે સીતાજીએ કહ્યું, વીર ! હું બાળક નથી. હું તમારાં લીટા બહાર નહિ નીકળું. તમે મનમાં નિધડક રહો. મને કોઈ દુઃખ આવવાનું નથી. ૮. તે પછી લક્ષ્મણ રામચંદ્રજીની પાછળ ગયા, પણ મનમાં શાંતિ ન હતી. તેમણે ચોક્કસ જાણ્યું હતું કે, કોઈ દુઃખ આવવાનું છે અને તેથી જ લક્ષ્મણજીને મનમાં સુખ રહ્યું નહિ. ૯. લક્ષ્મણ જ્યારે દૂર ગયા ત્યારે તરત જ ત્યાં રાવણ આવ્યો. સુંદર યતિનો (સંન્યાસી) વેષ ધાર્યો હતો. આવીને ભિક્ષા આપો એમ કહ્યું. ૧૦. સીતાજી હાથમાં ભિક્ષા લઈને બહાર આવી તરત જ યતિને આપવા ગયા. યતિ લક્ષ્મણે ખેંચેલા લીટાની બહાર ઊભો હતો, લક્ષ્મણની આણને તે જાણતો હતો. ૧૧. સીતાજી હાથમાં રહેલી ભિક્ષાને છૂટી ફેંકીને આપવા લાગ્યા ત્યારે યતિએ કહ્યું, હું એમ છૂટી ફેંકેલી ભિક્ષાને લેતો નથી.

તમે હાથોહાથ આવીને આપો તો હું લઉં અને જો હાથોહાથ ન આપો તો હું ચાલ્યો જાઉં છું. ૧૨.

મને અતિસમર્થ યતિ એવા લક્ષ્મણ આણ દઈને ગયા છે. અત્યારે તે આણ મારાથી કઈ રીતે લોપાય ? મને કોઈ ઉપાય સૂઝતો નથી, એમ સીતાજી મૂંઝાયા. ૧૩. ત્યારે રાવણે તે આણ-લીટા ઉપર બે ચાખડીઓ મૂકી દીધી, આ પાદુકા ઉપર પગ મૂકો, એમ કહ્યું. ૧૪. ત્યારે રાવણની તે વાતને સીતાજીએ નિર્બાધ ગણીને તે પાદુકા ઉપર પગ મૂક્યો. ત્યારે રાવણે તરત જ સીતાએ બહાર લંબાવેલો હાથ પકડ્યો અને તેને બહાર ખેંચી તરત જ લઈને ચાલતો થયો. ૧૫. સીતાજી રુદન કરતા રહ્યા અને રાવણ તેને લંકા લઈ ગયો. વચ્ચે તરત જટાયુ આવ્યા. સીતાજીને છોડાવવા રાવણ સાથે યુદ્ધ પણ કર્યું. ૧૬.

જ્યારે રામચંદ્રજીએ લક્ષ્મણને દેખ્યા ત્યારે સીતાજી બાબતે ઘણો શોક કર્યો અને કહ્યું, સીતાજીને એકલા છોડીને તમે કેમ આવ્યા ? તમારામાં કાંઈ બુદ્ધિ જ નથી. ૧૭. ચાલો પાછા હવે આપણે જઈને જોઈએ, એમ કહીને આવ્યા પણ સીતાજી દેખાયા નહિ. રામચંદ્રજી સીતાના વિયોગરૂપી રોગથી ઉન્મત્ત જેવા થઈ ગયા. ૧૮. સાધારણ મનુષ્યો કરતા પણ અતિ પ્રાકૃત ચરિત્ર કરવાનું મનમાં ધાર્યું. તેનાથી મોહથી ભરપૂર વિમુખ જીવોના મનમાં અતિશય મોહ વધ્યો. ૧૯. રામચંદ્રજીએ જે રીતે ચરિત્ર કર્યાં છે તેને વાલ્મીકિ ઋષિએ રામાયણમાં લખ્યા છે. ભગવાન જે રીતનાં ચરિત્ર કરે છે તે બધા લોકોનું કલ્યાણ કરનારાં હોય છે. ૨૦.

❋ પ્રગટમાં દોષ ન આવે તે સાચો ભક્ત :

ભગવાને પૂર્વ અવતારમાં કરેલા ચરિત્રો જ્યારે કહેવામાં આવે ત્યારે પ્રગટ ભગવાનના ચરિત્રોમાં મોહ ન થાય. જો પૂર્વે કરેલા અતિ માનુષી ચરિત્રો કહેવામાં ન આવે તો જીવને પ્રગટ હરિમાં વારંવાર ક્ષણેક્ષણે મોહ થાય છે. ૨૧. જેને પ્રકટનાં ચરિત્રોમાં મોહ ન ઊપજે તેને હનુમાનજી અને લક્ષ્મણજીના જેવા જાણવા. તેવા ભક્તો ગોપીઓ અને ઉદ્ધવજી જેવા કહેવાય. પ્રગટ ભગવાનના ચરિત્રોમાં મોહ ન થાય તેવા ભક્તો તો થોડા હોય છે. ૨૨.

ચોપાઈ :

भगवान में मोह न होवे जेसे, भक्त में मोह न होवे तेसे;
मोक्ष के मग में विघन जेता, तर गये सो सब ही तेता...२३

भगवान अरु भगवान के दासा, ब्रह्मरूप रहे दिव्य प्रकाशा;
प्राक्रत भाव आवे ज्यां लगही, प्राक्रत भक्त कहे त्यां लगही...२४

જેમ ભગવાનનાં ચરિત્રોમાં મોહ ન થાય તેમ ભક્તોમાં પણ મોહ થવો જોઈએ નહિ. અને જ્યારે પ્રગટ ભગવાન અને ભગવાનના પ્રગટ ભક્તોમાં મોહ ન થાય ત્યારે તેઓ મોક્ષમાર્ગનાં બધાં જ વિઘ્નોને તરી ગયા છે. એમ જાણવું. ૨૩. ભગવાન અને ભગવાનના દાસ જે ભક્તો છે તેઓ તો દિવ્ય પ્રકાશે યુક્ત બ્રહ્મરૂપ છે. જ્યાં સુધી જેને તેમાં પ્રાકૃતભાવ (મનુષ્યભાવ) આવે છે ત્યાં સુધી તેને પ્રાકૃતભક્ત કહેવાય છે. ૨૪. **જ્યાં સુધી પ્રાકૃતભાવ આવે છે ત્યાં સુધી તેમાં ગુણ અને દોષ દેખાય છે. અને જ્યારે બ્રહ્મભાવ થાય છે ત્યારે તેને કોઈ દોષ સૂઝતા નથી. ૨૫. ભગવાનના ભક્ત હોવા છતાં જ્યાં સુધી એકબીજામાં દોષ દેખે છે ત્યાં સુધી તેમને ભગવાનનો ભક્ત હોવા છતાં પ્રાકૃતભક્ત કહેવાય છે. ૨૬.** સદ્‌ગ્રંથોમાં જે જે પ્રાકૃતભાવો કહ્યા છે તે બધા બરાબર ઓળખીને તેનો ત્યાગ કરી દે તેને હરિભક્ત કહેવાય. ૨૭.

આટલી વાત કરીને પછી મૂળજી અને શેખજીની નિર્માનિતા, આજ્ઞાકારિતા અને સરળતાને પ્રસિદ્ધ કરવા માટે તેમજ રમૂજ કરવાને માટે તે બંનેને બોલાવ્યા. ૨૮. શ્રીહરિને તે બંનેમાં સત્સંગની દૃઢતા કેવી છે, તે બીજા સહુને દેખાડવી હતી. તેમને કોઈ પણ રીતે અવગુણ આવતો નહિ, તે નક્કી સમજીને બોલાવ્યા હતા. ૨૯. તે બંનેની સમજણ ઘણી પાકી હતી. તેઓ જ્યારે શ્રીહરિ જેમ કહે તેમ તે જ વખતે કરતા. ભલે, લોકમાં માન જાય કે રહે, તેમને તો શ્રીહરિને પ્રસન્ન કરવાનું જ એક તાન રહેતું હતું. ૩૦.

❋ મૂળજી તથા શેખજીની સમજણ :

લૌકિક માન કાંઈ કામમાં આવતું નથી. જો ભગવાન એકવાર પણ પ્રસન્ન થાય તો જન્મ-મરણના ફેરા ટળી જાય. એવી તે બંનેની સમજણ હતી. ૩૧.

આ જીવને માકડું ઈત્યાદિ પશુના અને પંખીના અનેક જન્મ વારંવાર આવ્યા છે. તેમાં પરવશપણે બીજાના હાથમાં હતા ત્યારે પરાધીન રહીને જેમ નચાવે તેમ નાચવું પડતું હતું, ૩૨.

तामें लाज न गये कोउ फेरा, हरि रिझे त्युं करना अब वेरा;
हरि रिझे रिझे ब्रह्मांड कोटी, समझ रहे एसी दो की मोटी...३३

अलोकिक समझ नहिं जन जेते, ताकु तुच्छ करी देखत तेते;
लोकिक समझ वारे जन जेता, तुच्छ करी तेहि जानत तेता...३४

તે પશુ-પંખીના જન્મમાં નાચવાથી ક્યારેય લાજ ગઈ નથી. અત્યારે તો પ્રકટ શ્રીહરિ કહે તેમ કરવાનું છે. એક શ્રીહરિ રીઝ્યા, તો કરોડો બ્રહ્માંડ રીઝ્યા. એવી તે બંનેની મોટી સમજણ હતી. ૩૩. તે બંને અલૌકિક સમજણ વગરના લોકોને તુચ્છ કરીને દેખતા હતા. લૌકિક સમજણવાળા લોકો તે બંનેને તુચ્છ કરીને જાણતા હતા. ૩૪. તેમના હૃદયમાં એક ભગવાનનાં આશ્રયનું અપાર બળ છાઈ રહ્યું હતું. તેથી તેઓ દુનિયાના લૌકિક લોકોની માન્યતાને તરણા જેવી ગણતા હતા. તે બંનેની એવી સમજણ જાણીને તે મૂળજી અને શેખજીને એકને સ્ત્રી અને બીજાને પુરુષનો વેષ કરાવ્યો. ૩૫.

સહુ હરિભક્તોની સભા ભરાયેલી હતી. તેમાં વચ્ચે એકબીજાની છેડાછેડી બંધાવી. રેશમી વસ્ત્ર અને ઘરેણાંના મોડ બનાવડાવીને બંનેને માથે મૂક્યા. ૩૬. તરત જ ઢોલ વગાડવા મગાવ્યા. ભૂંગળ અને શરણાઈવાળા પણ આવ્યા. તે બધાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. તે બંનેએ પોતાના ધન્યભાગ્ય માન્યા. ૩૭. શ્રીહરિ તો પલંગ ઉપર બેઠા હતા. ચારેકોર બધા હરિભક્તો પણ હતા. અને તેઓ બેઠાં બેઠાં ધોળના ગીત ગાતા હતા. આ રીતે ત્યાં શ્રીહરિએ રમૂજ કરી. ૩૮. શ્રીહરિએ કહ્યું, અમે સાંભળ્યું છે કે જ્યારે દુનિયામાં લગ્ન થાય છે અને જ્યારે સ્ત્રી મળતી હોય ત્યારે કોઈ ગોત્રની અંદરનું કે ગોત્રની બહારનું એવું કાંઈ જોતાં-વિચારતા જ નથી. ૩૯. પોતે વિપ્ર જાતિનો હોવા છતાં મુસલમાન કન્યા મળે તોપણ લઈ આવે છે અને મુસલમાન પણ વિપ્રની કન્યાને રાખી લે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિએ જગતના વ્યવહારને રમૂજને બહાને બતાવ્યો' એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર અગિયારમું : તરંગ - ૮૭

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને ભક્તો સન્મુખ ગયા

રાત બે ઘડી જ્યારે બાકી રહી ત્યારે હરિભક્તોને ઘેર દહીં વલોવાવા માંડ્યું. વલોણું કરનારી હરિભક્ત બાઈઓ મૂર્તિમાં મન રાખીને મુખથી શ્રીહરિના કીર્તનો ગાતી હતી. ૧. જે મૂર્તિ ધામમાં વિરાજમાન છે, તે હરિભક્ત બહેનોના કીર્તન સાંભળીને જાણે સામે આવીને તેમની સાથે દહીંને વલોવવા લાગી હોય, તેવા દર્શન થતા હતા. ૨. **જે હરિભક્ત બહેનો અનાજ દળવાની ઘંટી તાણતા તાણતા કીર્તન બોલતી હતી ત્યાં માનો ધામની મૂર્તિ તેમની સામે ઘંટી તાણતી હોય તેવા દર્શન થતા હતા. ૩. હરિભક્ત બહેનો જ્યારે રસોઈ બનાવતી વેળાએ કીર્તન બોલતી હતી ત્યારે માનો ધામની મૂર્તિ ત્યાં આવીને સાથે રસોઈ બનાવવા લાગી જાતી હતી. ૪.**

❋ સ્મૃતિ સહ સેવાનું ફળ :

चोपाई :

दोवत दूध हि हरिजन जबहू, गान करत जब हरि को तबहू;
धाम की मूर्ति देखात आई पासा, मंद मंद हसत परम हुलासा...०५

खांडत अन्न सुप समारत धाना, हरिजन करत हरि गुन गाना;
धाम की मूर्ति तब पास देखावे, ठोर ठोर एसे हरि दरसावे...०६

अब वेर हरिजन भाविक जेते, निरविषेई रहे धाम के तेते;
ताकु धाम की मूर्ति जेहा, वेर वेर देखाये तेहा...०७

जेसे चिंतवन करे जीस रीता, मूर्ति दरश दिये तिस रीता;
मूर्ति धारे जेहि प्रकारा, तेसे दरश दिये तेहि वारा...०८

જ્યારે હરિભક્ત બહેનો ગાય, ભેંસનું દૂઝાણું દોહતા દોહતા કીર્તન ગાતી હોય ત્યારે ત્યાં ધામની મૂર્તિ સામે આવીને પરમ આનંદપૂર્વક મરક મરક હસતી હોય તેવાં દર્શન થાતા હતા. ૫. હરિભક્ત બહેનો જ્યારે ખાંડણિયામાં અનાજને ઓઘાવતી-ખાંડતી અને સૂપડાંથી અનાજને સાફ કરતા કરતા કીર્તન ગાતી હોય ત્યારે ધામની મૂર્તિ પાસે દેખાતી હતી. આમ, ઠેકઠેકાણે શ્રીહરિ દર્શન કરાવતા હતા. ૬. આ સમયમાં જેટલા નિર્વિષયી ભાવિક હરિભક્તો હતા, તે બધા ધામના મુક્તો હતા. તેમને ધામની મૂર્તિ વારંવાર દેખાતી હતી. ૭. હરિભક્તો મનમાં મૂર્તિનું જેવું અને જે રીતે ચિંતવન કરતા તેવી રીતે મૂર્તિનાં દર્શન થતા હતા. જે પ્રકારે મૂર્તિને ધારે તેવાં દર્શન તે વખતે શ્રીહરિ આપતા હતા. ૮. જેટલી વખત થાળ બનાવીને ધરાવે તેટલી વખત ધામની મૂર્તિ થાળ જમવા આવતી. અને જે ધામમાં જેવી મૂર્તિ વિરાજતી હોય અને તે મૂર્તિએ જેવી શોભા ધારણ કરી હોય, ૯. તે બધું ભક્તજનો સમાધિમાં જઈને જોતા હતા.

પછી જ્યારે સમાધિમાંથી બહાર આવતા ત્યારે તે બધી વાતો જે પ્રકારે જોઈ હોય તે સહુની આગળ કરતા હતા, પણ તે ભક્તો મનુષ્યાકારે જે શ્રીહરિની મૂર્તિ અહીંયાં રહી છે તેને જ સર્વનું કારણ જાણતા હતા. ૧૦. શ્રીહરિ વર્ણાશ્રમની રીતને ધારી રહ્યા છે એટલે તેને અનુરૂપ ચરિત્ર કરે છે. કારણ કે, શ્રીહરિ મુખ્યપણે વર્ણાશ્રમના ધર્મનું સ્થાપન કરવા તો પ્રકટ થયા છે. ૧૧. વર્ણાશ્રમની જેવી રીત હોય તે પ્રમાણે શ્રીહરિ પહેલા વર્તી બતાવે છે અને પછી વર્ણાશ્રમ પ્રથાની વાતોને સાક્ષાત્ કહી દેખાડે છે. ૧૨. આ કળિયુગમાં જેટલા યોગ્ય હોય તેટલા વર્ણાશ્રમના ધર્મોની શ્રીહરિએ સત્સંગમાં પ્રથા ચલાવી અને સુશોભિત શિક્ષાપત્રી લખી. ૧૩. શિક્ષાપત્રીમાં ગૃહસ્થ અને ત્યાગીના સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ લખ્યા. સધવા અને વિધવા સ્ત્રીઓના પણ ધર્મ લખ્યા. ૧૪.

આ ભૂમિ ઉપર વર્ણાશ્રમના ધર્મનું પ્રતિપાદન કરનારા જેટલા ગ્રંથ છે, તે બધાનાં વચન અને તત્ત્વોનો સાર શિક્ષાપત્રીમાં દહીંમાંથી મંથન કરીને ઘી કાઢે તેમ કાઢ્યો છે. ૧૫. દૂધનું દહીં બને છે, દહીં મથવાથી માખણ થાય

છે અને માખણને તાવવાથી ઘી થાય છે અને ઘીથી કોઈ અધિક બીજી વસ્તુ બનતી નથી. ૧૬. વેદોમાં જે ધર્મ છે તે દૂધરૂપે રહ્યો છે. સ્મૃતિઓમાં ધર્મ દહીંરૂપે થયો છે. પછી વ્યાસમુનિએ ઘણા ખંતથી સ્મૃતિઓનું મંથન કરીને પુરાણોમાં માખણરૂપ ધર્મ કહ્યો છે. ૧૭. શ્રીહરિએ તે પુરાણોને પણ મથીને તેના સારભૂત શિક્ષાપત્રીરૂપ ઘી તૈયાર કર્યું છે. બસો અને બાર શ્લોકની શિક્ષાપત્રી સમગ્ર શાસ્ત્રોના સારરૂપ કરી છે. અને આ શિક્ષાપત્રી વિલાયત સુધી ગઈ છે. ૧૮. સત્સંગમાં જે ઉદ્ધવમતના આશ્રિત ચારે વર્ણના મનુષ્ય છે તેમને ઉદ્દેશીને બધા ધર્મ શિક્ષાપત્રીમાં લખાયા છે. ૧૯.

તેમાં ચારે આશ્રમના ધર્મ પણ લખ્યા છે. બીજા કોઈ મતનું ખંડન કર્યું નથી. શ્રીહરિએ સત્સંગને પોતાનું ધામ (ઘર) માન્યું છે અને બધા હરિભક્તોને પોતાના પુત્ર માન્યા છે. ૨૦. તે હરિભક્તરૂપ સંતાનો આ લોકમાં અને પરલોકમાં ક્યારેય દુઃખી ન થાય અને બંને લોકમાં સુખ પામે, દિનપ્રતિદિન તેમનો યશ વધે, તે માટે શિક્ષાપત્રી લખી છે. ૨૧. વળી, શિક્ષાપત્રીમાં ધર્મવંશીઓની રીત લખી છે. તેમને જગજાહેર હરિભક્તોના ગુરુ કર્યા. ત્યાગી અને ગૃહસ્થોના ગુરુ બે આચાર્ય કરીને ગાદીએ સ્થાપ્યા. ૨૨. મોટા મંદિર કરીને મૂર્તિઓ પધરાવી અને સમાન દેશ વિભાગ કરી આપ્યો. શિક્ષાપત્રીની વાત વચ્ચે પ્રાસંગિક કહી છે. ૨૩. ગ્રંથની વાત જ એવી છે કે, એક વાતને કહેવા જતાં બીજી કેટલીક વાતો વચ્ચે આવી જાય છે.

શ્રીહરિ જ્યારે નાગડકા ગામથી ચાલ્યા ત્યારે વચ્ચે ફરીને **બોટાદ** ગામ આવ્યું. ૨૪. બોટાદમાં દરબાર હમીર ખાચરને ઘેર શ્રીહરિ રાત રહ્યા. પછી ત્યાંથી **ગઢપુર** આવ્યા. સહુને ખબર સંભળાવ્યા. ૨૫. ગઢપુરના જે હરિભક્તો દરબાર એભલ ખાચર અને દરબાર જીવા ખાચર આદિ હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. કોઈ પાછળ બાકી ન રહ્યા. ૨૬. ગામથી દૂર અરધા ગાઉ સુધી બધા સામે આવ્યા. સહુનાં દિલ આનંદથી ભર્યાં હતાં. ત્યાં સહુએ દર્શન કર્યાં. ૨૭.

ગઢપુરમાં મુક્તાનંદસ્વામી આદિક જે સંતો હતા તેઓ પણ સન્મુખ આવ્યા અને સહુએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યાં. ૨૮. પછી સહુ શ્રીહરિને

પગે લાગ્યા. શ્રીહરિ તો અશ્વ ઉપર બેઠા હતા. મુક્તાનંદસ્વામી જ્યારે નજીક આવ્યા ત્યારે શ્રીહરિ તરત અશ્વ ઉપરથી ઊતરી ગયા. ૨૯. મુક્તાનંદસ્વામી જ્યાં શ્રીહરિને પગે લાગવા ગયા તે પહેલા તો શ્રીહરિ મુક્તાનંદસ્વામીને પગે લાગ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ બંને હાથ જોડ્યા અને બોલ્યા, હે મહારાજ ! મને તો આપ તમારો દાસ ગણજો. ૩૦.

✵ દાસ ઉપર અવિનાશ રાજી થાય :

હું આગળ આવીને આપને પગે લાગું તે વાત ઉચિત છે અને સર્વોપરિ છે. આપ મારા પરમેશ્વર થઈને મને પગે લાગો, તે વાત લોક દષ્ટિએ પણ ઘટિત (યોગ્ય) નથી. ૩૧. તેનાથી તો મારા અંતરમાં દુઃખ થાય છે અને લોકો પણ મને અત્યંત માની કહેશે. ત્યારે શ્રીહરિએ કહ્યું, હું જેમાં માનને દેખું, તેને ક્યારેય પગે લાગું નહિ. ૩૨.

साधुजन से में साधु रहाये, साधु सेव से प्रभुता पाये;
हरिजन हरि के दास हि जितने, सरवोपरी में मानत तितने...३३

सरवोपरी हरिधाम जो कहावे, हरिजन ताके निवासी रहावे;
एसी मति सदा हरिजन में, मान न आवे कबु तेहि तन में...३४

સાધુ-સંતોના સાથે તો હું સાધુ જ છું અને સાધુની સેવાથી તો મને મોટાઈ (પ્રભુતા) મળી છે. જેટલા ભગવાનના દાસ હરિભક્તો છે તેમને તો હું સર્વોપરિ માનું છું. ૩૩. ભગવાનનું ધામ સર્વોપરિ છે અને હરિભક્ત ત્યાંના નિવાસી છે. આવી સમજણ જો હરિભક્તોમાં કાયમ રહે તો તેને ક્યારેય માન આવે નહિ. ૩૪. આ બધા સંત, હરિભક્તને જે ધામના મુક્તો નથી જાણતા અને અહીંના જાણે છે તેઓ કામ, ક્રોધ, લોભના પૂરમાં વારંવાર તણાતા રહે છે અને તેને અધર્મવંશ દુઃખી કરે છે. ૩૫. તેમજ તેમને પરસ્પર હરિભક્તોમાં વિરોધ થઈ જાય છે, આંટી પડી જાય છે. જ્યાં સુધી લૌકિક બુદ્ધિ રાખે ત્યાં સુધી ક્લેશ થાય છે. અમે તે બાબતને જેવી જાણીએ છીએ તેવી કહીએ છીએ. ૩૬.

સંતો, બાઈ-ભાઈ સહુ હરિભક્તો, વર્ણીઓ અને પાર્ષદો, એ બધાને જ્યાં સુધી આ લોકના સામાન્ય મનુષ્ય માનવામાં આવશે ત્યાં સુધી સુખ

રહેશે નહિ. ૩૭. જેને સત્સંગ થયો હોય તેનો તો બીજો જ જન્મ થયો છે, એમ સમજવું. તેનું નામ પણ બદલીને હરિભક્ત પડી જાય છે અને તેણે કુસંગ અને કુમાર્ગને પણ તજી દીધો છે. ૩૮. સત્સંગરૂપી ધામ છે તે સર્વોપરિ ધામ (નિવાસસ્થાન) છે અને જેટલા હરિભક્તો કહેવાય છે તે બધાએ તેમાં નિવાસ કર્યો છે. ૩૯. તેથી સંતો, વર્ણીઓ અને બધા હરિભક્તો, એ બધા એક જ ઘરના સભ્ય થયા છે. જ્યારે આવું બધાનું એકમન રહે ત્યારે ક્યારેય ક્લેશ થાય નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ નાગડકાથી બોટાદ જઈને ગઢપુર પધાર્યા અને સહુભક્તો સન્મુખ આવ્યા' એ નામે સત્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર અગિયારમું : તરંગ - ૮૮

ગઢપુરમાં શ્રીહરિ બે માસ રહ્યા અને સમૈયાઓ કર્યા

શ્રીહરિ આગળ કહી તે વાત જ્યારે કરી રહ્યા ત્યારે જે હરિભક્તો આવ્યા હતા તે બધા ફૂલના હાર લાવ્યા. તે શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. ૧. તોરા હતા તે પાઘ ઉપર ધરાવ્યા. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. બંને ભુજાઓ ઉપર બાજુ અને પહોંચીઓ પણ પહેરાવી. ૨. જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ભેટ મૂક્યા. તે વખતે આકાશમાં મેહ ગાજવા લાગ્યો અને તે સાંભળીને હરખથી મોર બોલવા લાગ્યા. ૩. તે વખતે દરબાર એભલ ખાચર અને જીવા ખાચરની બધી સવારી આવી ગઈ. ઘણી જ શોભા કરેલી હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યા. ૪. રથ અને અશ્વો અપાર આવ્યા. પુરજનો "જય જય"નો ઉચ્ચાર કરતા હતા. શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને રથમાં બેસાડ્યા અને પોતે અશ્વ ઉપર સવાર થયા. ૫.

એભલ ખાચર અને જીવા ખાચર પણ ઘોડે સવાર થયા. સહુ હરખભેર પુર તરફ ચાલતા થયા. ડંકા, નિશાન અને બધા વાજિંત્ર સહુની આગળ ચાલતા થયા. ૬. નાગાજણ આદિ રાવળ અને તેના કુટુંબીઓ બધા વાજિંત્ર

લઈને આવ્યા હતા. તે બધાને શ્રીહરિએ ફૂલહાર આપ્યા. ૭. તે બધા પ્રેમરસમાં તરબોળ થઈને અનેક રીતે ગાવા લાગ્યા, તે કહી શકાતું નથી. તે સમયે ઢોલ, ત્રાસા, ભેરી, તુરાઈ, રણસિંગી અને ભોગળ, ૮. શરણાઈ, પડઘમ આદિ વાજિંત્રો તેમજ ઝાંઝ અને મૃદંગ પણ વાગતા હતા. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા. ૯. જ્યારે સહુ પુરના દરવાજાની અંદર આવ્યા ત્યારે બજારે ઘણા લોકો ઊભા હતા. હાથમાં ફૂલના હાર લીધા હતા તે પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ૧૦.

બધા લોકો હાથ જોડીને પગે લાગતા હતા. એક એકથી વધારે હેતવાળા સહુ હતા. ભક્તિભાવવાળી બાઈઓ મોતીના થાળ ભરી ભરીને, ૧૧. શ્રીહરિને વધાવતી હતી. તેમનો અથાગ પ્રેમ કહી શકાતો નથી. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તેની શોભા અદ્‌ભુત થઈ હતી. ૧૨. શ્રીહરિએ શરીર ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. મૂર્તિ ફૂલમાં ગરકાવ હતી. મસ્તક ઉપર શ્વેત છત્ર ધાર્યું હતું અને છત્રના ઉપર સોનાનો કળશ હતો. ૧૩. જમણા હાથમાં લાલ રેશમી કોરવાળો રૂમાલ હતો, તેને મુખકમળ ઉપર રાખ્યો હતો. તે ભક્તોનાં ચિત્તને ચોરતો હતો. ૧૪. ડાબા હાથમાં સોનેરી તારવાળી રેશમની લગામ હતી. સુંદર ઘનશ્યામ મૂર્તિ હતી અને અશ્વ સોનેરી સાજથી શણગાર્યો હતો. ૧૫.

એભલ ખાચરના દરબારગઢની પાછળ પશ્ચિમ તરફની બજારે ચાલ્યા. આગળ જતા મોટી બજારે થઈને જીવા ખાચર તેના દરબારગઢમાં લઈ ગયા. ૧૬. ત્યાં નવા સોનેરી પલંગ ઉપર ગાદી-તકિયા બિછાવી દીધા હતા. શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉર બેઠા. બધી સવારી તો બજારમાં જ ઊભી હતી. ૧૭. જીવા ખાચરના ભાઈ અને પુત્રો સાકરનો ભરેલો થાળ લાવ્યા. તેને શ્રીહરિની આગળ મૂક્યો એ સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૮. તે સમયે શ્રીહરિએ એક એક ફૂલનો હાર તે સહુને આપ્યો. પોશ ભરી ભરીને સહુને સાકર આપી. ૧૯. સહુના જે ભવન (ઘર) હતા તેમાં શ્રીહરિએ પગલાં પાડ્યાં. કુંકુમ અને કેસર ઘોળીને રંગ કર્યો હતો તેમાં ચરણ બોળી બોળીને પગલાં પાડ્યાં. ૨૦.

શ્રીહરિએ ઘરમાં તો ઘણીવાર પગલાં કર્યાં હશે. જ્યારે જ્યારે આવ્યા ત્યારે ત્યારે ઘરમાં ફર્યા છે અને જ્યારે અહીં આવીને રંગે રમ્યા હતા ત્યારે

ચોકમાં તો રંગનો કીચડ કરી દીધો હતો. ૨૧. તેમનાં જેટલાં ભવન છે તે બધાને રંગથી રસબસ કરી દીધેલાં છે. તેમના બધા જ પદાર્થો શ્રીહરિના ચરણોથી પ્રસાદીના થયેલા છે. ૨૨. જીવા ખાચર અને એભલ ખાચર, એ બંનેના બેય દરબારગઢને ભવ, બ્રહ્મા, શેષ અને શારદા તથા બધા જ દેવો નિરંતર ધ્યાનમાં ચિંતવે છે. ૨૩. ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, વરુણ અને ધર્મરાજ એ બધા પણ તે પ્રસાદીના દરબારગઢનું ધ્યાન-ચિંતવન કરે છે. બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ, મથુરા, ગોકુળ, વૃંદાવન, જગન્નાથપુરી, અયોધ્યા, કાશી-વારાણસી, પ્રયાગ અને દ્વારકા આદિક જેટલાં તીર્થધામ કહેવાય છે તે બધાં ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા છે. ૨૪-૨૫.

આ વાત તો અલૌકિક છે. જે સમાધિવાળા છે તેને પ્રત્યક્ષ દેખાય છે. બીજાને તો તેની ખબર પડતી નથી. ૨૬. **જે વૈકુંઠ, ગોલોક અને સર્વોપરિ અક્ષરધામ છે તે બધા શ્રીહરિની સમીપે રહે છે. જે નિષ્કામભક્તો છે તે તેને દેખે છે. ૨૭.** શ્રીહરિ જીવા ખાચરના પ્રેમભાવને પૂરો કરીને ત્યાંથી ચાલ્યા. અશ્વ ઉપર બેઠા અને રાજમાર્ગ ઉપર ચાલ્યા. ૨૮. આગળ વાજિંત્રો વાગતા હતા. ચોપદાર જયજયકાર કરતા હતા. સંતો અને હરિભક્તો સહુ મળીને કીર્તન ગાતા હતા. ૨૯. બજારમાં ઘણા વણિક વેપારીઓ હતા. તેઓ થાળમાં કેસર લઈને આવ્યા. "આ શીલ-ચારિત્ર્યની મૂર્તિ છે." એમ જાણીને પૂજા કરતા હતા. ૩૦.

રસ્તામાં અપાર નર-નારીઓ પૂજતા હતા. આગળ ચાલતા એભલ ખાચરના દરબારગઢમાં આવ્યા. તે દરબારગઢના અંદરના પણ અંદરના ભાગમાં શ્રીહરિ માટે એક ઊજળું મંદિર-અક્ષરભવન બનાવ્યું હતું. ૩૧. શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરીને અક્ષરભવને આવ્યા. તે દેખતાની સાથે શ્રીહરિને મનમાં અતિ ગમી ગયું. તેનાં બંને દ્વાર પશ્ચિમ તરફ હતા અને આગળ પાછળ બંને બાજુ સુંદર શોભતી ઓસરી (પરસાળ) હતી. ૩૨. તે મંદિર (ઘર) ની ચારેબાજુ ખુલ્લો ચોક હતો. તેની અથાગ શોભા કહી શકાતી નથી. ધર્મકુમાર શ્રીહરિએ અક્ષરભવનમાં ઉતારો કર્યો અને પલંગ ઉપર બેઠા. ૩૩. દરબાર જીવા ખાચરે પણ પોતાના દરબારગઢની પાસે જ

સંતોને માટે સારું મંદિર (ઓરડા) હરખથી કરાવ્યું હતું. તે ઓરડાની સાથે એક કરો હોય તેવું કોઈ ગૃહસ્થનું રહેવાનું ઘર ન હતું, ત્યાં આવીને સંતો રહેતા હતા. ૩૪. શ્રીહરિએ નિયમની એકાદશી ગઢપુરમાં જ કરી, અષાઢ અને શ્રાવણ, એમ બે માસ ત્યાં રહ્યા. જન્માષ્ટમીનો મોટો સમૈયો પણ તે વખતે ગઢપુરમાં જ કર્યો. ૩૫.

દેશેદેશમાં પત્ર લખીને સંતોને અને હરિભક્તોને ગઢપુરમાં બોલાવ્યા હતા. આવેલા સંતો સંતોની સાથે ઊતર્યા. ત્યાં ચોકમાં મંડપ નખાવ્યો હતો. ૩૬. ગૃહસ્થ હરિભક્તો જે આવ્યા હતા તેમને ગૃહસ્થોને ઘેર ઉતારા અપાવ્યા હતા. જીવા ખાચરના દરબારમાં ચોક ઘણો વિશાળ હતો. ૩૭. સંતોની અને હરિભક્તોની સભા રોજ તે ચોકમાં થાતી. સુશોભિત મૂર્તિ શ્રીહરિ સભામાં બેસતા ત્યારે બધા ભક્તો એકીટશે તે મૂર્તિને જોઈ રહેતા હતા. ૩૮. રોજ રોજ પૂજા થાતી. નિત્ય કીર્તનગાન થાતું, વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા. શોભાનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. ૩૯. શ્રીહરિ રોજ રોજ ઉન્મત્તગંગામાં જઈને નાહતા. દિવસમાં બધા સંતો અને હરિભક્તોની સાથે બે વખત નાહવા જતા હતા. ૪૦. ગંગામાં મોટા ધરા (ધૂના) હતા. કેસરીચંદનથી ભરેલા-પૂજેલા શ્રીહરિ અને સંતો તે ધરામાં આવીને સ્નાન કરતા અને સંતો તથા હરિભક્તો કીર્તન ગાતા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરમાં આવીને બે માસ રહ્યા અને સમૈયા કર્યા' એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર અગિયારમું : તરંગ - ૮૯

ઉન્મત્તગંગા માહાત્મ્ય અને શ્રીહરિએ ગઢપુરમાં સમૈયા કર્યા

સંતોને અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરતા હતા. તે સમયે ગંગાનું બધું પાણી રંગરંગ થઈ જતું હતું. ૧. સહુનાં સ્નાન કરવાથી ઉન્મત્તગંગા કેસરી ચંદનના રંગથી રંગાઈ જાતી હતી. તે બધો રંગ સમુદ્રમાં જાતો. તે રંગ જોઈને સમુદ્ર આનંદિત થતો હતો. ૨. ભાગીરથી

ગંગા આદિ તીર્થરૂપ જેટલી નદીઓ છે તે બધી ભેળી મળીને ઉન્મત્તગંગાને પ્રણામ કરતી હતી. ૩. ગંગા, સિંધુ, મહીં આદિક તે બધી નદીઓ આવીને ઉન્મત્તગંગાને રોજ રોજ પૂજતી હતી. ૪. જે નદીની પાસે જે સંપત્તિ હોય તે નદી તે તે સંપત્તિ લાવીને ઉન્મત્તગંગાને અર્પણ કરતી, તેનું ઘણું સન્માન કરી - અતિશય માન આપીને પૂજા કરતી હતી. ૫.

સિંધુ પણ સ્વર્ગ ગંગા કે પાતાળ ગંગા, જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સવારે કે સાંજે ઉન્મત્તગંગાનું બહુમાન કરતો અને તેને પૂજતો હતો. ૬. આ કળિયુગમાં ઉન્મત્તગંગાનો જેટલો યશ વધ્યો અને જેટલો પ્રતાપ અને મોટાઈ વધી તેને ભવ, બ્રહ્મા અને શેષ સતત કહેતા રહે છે. ૭. કળિયુગમાં શ્રીહરિએ ઉન્મત્તગંગાનો મહિમા વધાર્યો છે. તે રેવતી, સાવિત્રી અને સતી, બધી ઋષિપત્નીઓ અને દેવાંગનાઓ, ૮. તે બધી દેવીઓ બધા લોકમાં ઉન્મત્તગંગાના મહિમાને ગાય છે. તે ઉન્મત્તગંગાનો મહિમા ગોલોકમાં રહેલી વિરજા સુધીની નદીઓ સાંભળતી રહેતી. સાગર વિરજાનો પુત્ર છે, તેને નવસો અને નવ્વાણું પત્નીઓ છે. ૯.

❋ ઉન્મત્તગંગાનો મહિમા :

तेत्रिश क्रोड देव रु देव की नारी, विरजा ले कर आवत दारी;
उन्मत्त गंगा कु पूजत भावा, महिमा गावत मोद न मावा...१०

તેત્રીશ કરોડ દેવો અને તેમની પત્નીઓને લઈને વિરજા દાડી દાડી આવે છે અને ઉન્મત્તગંગાને આદરભાવથી પૂજે છે. તેનો મહિમા ગાતા તેના હૃદયમાં આનંદ સમાતો નથી. ૧૦. અગિયાર કરોડ રુદ્ર અને તેટલી જ રુદ્રાણીઓ, સહુ ઉન્મત્તગંગાને પૂજે છે. પ્રહ્લાદજી, બલિરાજા, તેના બધા દાસ વગેરે અને તેની પત્નીઓ ઉલ્લાસથી આવે છે અને ઉન્મત્તગંગાને પૂજે છે. અને તેને પ્રસન્ન કરવા ચાહે છે. ઉન્મત્તગંગાનો જે આ મહિમા કહ્યો છે તેના કરતા પણ ઘણો વધારે છે. ૧૧-૧૨.

ભગવાન, સંતો, હરિભક્તો, તીર્થ અને ભગવાનનું ધામ, એ બધાનો મહિમા કહેવો જોઈએ. તે અપાર મહિમાને કહેવામાં ન આવે તો કોઈને તેની ખબર પડતી નથી. ૧૩. જેનો અપાર મહિમા સાંભળ્યો હોય પછી જ્યારે

તેને આંખોથી દેખવામાં આવે ત્યારે સાંભળવા કરતા તે નદી કે સ્થાનો આદિ કરોડગણા વધારે પ્રિય લાગે છે. બધો જ મહિમા આવી રીતનો છે. ૧૪. જે જીવો નરકમાં જઈને જે જે નરકકુંડમાં પડ્યા હોય તે અપાર દુ:ખને ભોગવે છે. જે મુખથી આપણે કહી શકીએ નહિ. ૧૫. તેવા નારકી જીવના ફૂલ (અસ્થિ)ને કોઈ ઉન્મત્તગંગામાં જઈને ભાવથી નાખે તો તે જીવનો નરકથી ઉદ્ધાર થઈ જાય છે. ૧૬.

चोपाई :

विप्र से श्वपच प्रजंत हि जेहा, उनमत्त गंगा को सबंध लहे तेहा;
तरत हि ताके होत उद्धारा, उनमत्तगंगा को महिमा अपारा...१७

ब्रह्म हत्या गउ हत्या जेहू, बाल हत्या स्त्रि हत्या तेहू;
महा पापादि बहु प्रकारा, उनमत्त गंगा में नावत वारा...१८

ઉન્મત્તગંગાનો મહિમા એટલો મહાન અને અપાર છે કે, બ્રાહ્મણથી લઈને ચાંડાળ પર્યંતનો કોઈપણ જીવ, તેને જો ઉન્મત્તગંગાનો સંબંધ થાય તો તરત જ તે જીવનો ઉદ્ધાર થઈ જાય છે. ૧૭. જે ઉન્મત્તગંગાના તીર્થજળમાં સ્નાન કરે છે, તેના બ્રહ્મહત્યા, ગોહત્યા, બાલહત્યા અને સ્ત્રીહત્યા આદિક અનેક પ્રકારનાં મહાપાપો હોય, તે બધા જ પાપોનો નાશ કરે છે. ૧૮. આ કહ્યો તે બધા ઉન્મત્તગંગાના મહિમાને જે એક જ વાર સાંભળે છે તે ભૂત-પ્રેત અને જમપુરીના દુ:ખને તરી જાય છે અને સુખ-શાંતિને પામે છે. ૧૯. જે કોઈપણ મનુષ્ય ઉન્મત્તગંગામાં સ્નાન કરીને શ્રાદ્ધ કરાવે છે, તો કોઈ જીવ બ્રહ્મરાક્ષસ કે પિશાચની યોનિમાં અવગતિને પામ્યો હોય તો તે તત્કાળ સદ્‌ગતિને પામે છે. ૨૦. કોઈ મનુષ્ય આધ્યાત્મિક, આધિભૌતિક કે આધિદૈવિક પીડાઓથી દુ:ખી હોય અને તે જો માગશર માસમાં રોજ ઉન્મત્તગંગામાં સ્નાન કરે, તો તેના તે ત્રિવિધ તાપનો નાશ થઈ જાય છે. ૨૧.

પુરુષોત્તમ માસ (કોઈપણ અધિક માસ) માં જે ઉન્મત્તગંગામાં સ્નાન કરે, ભગવાન પુરુષોત્તમની પૂજા કરાવે, એકવાર અન્ન જમે અને રોજ નવા નવા એક વિપ્રને જમાડે, ૨૨. તો તેને મનોવાંછિત ફળ મળે છે અને જો સંતોને જમાડે છે તો તેનો મોક્ષ થઈ જાય છે. આ ઉન્મત્તગંગાનું જે માહાત્મ્ય

કહું છું તે બ્રહ્માંડ રહે ત્યાં સુધીનું છે. ૨૩. આ વખતે શ્રીહરિએ ઉન્મત્ત ગંગાનો આવો મહિમા સ્થાપિત કર્યો છે. જેનો કોઈ પાર પામી શકે તેમ નથી. રોજ આવીને શ્રીહરિ ઉન્મત્તગંગામાં જળક્રીડા કરતા હતા. તે ક્રીડા કેટલી કરી ? તેનો પાર પમાતો નથી. ૨૪. ઘનશ્યામ શ્રીહરિએ સંતોને અને હરિભક્તોને ગઢપુરમાં બોલાવીને ઉત્સવ-સમૈયા ઘણીવાર કર્યા છે, તેને પૂરેપૂરા લખવાની કોણ હામ ભીડે ? ૨૫. શ્રીહરિએ ગઢપુરમાં કેટલીએ જન્માષ્ટમી કરી છે અર્થાત્ તેના ઉત્સવ કર્યા છે અને દશેરાના ઉત્સવ પ્રસંગે કેટલીએ અદ્‌ભુત સવારી પણ કાઢી હશે ? તેને કહેતા કવિઓ પણ ચુપ થઈ જાય છે. ૨૬.

શ્રીહરિએ ગઢપુરમાં કેટલીએ માણેકઠારીપૂનમ-શરદપૂનમ કરી છે. અપાર દિવાળીના ઉત્સવો અને અન્નકૂટોત્સવ પણ કર્યા છે. ૨૭. કેટલીએ પ્રબોધની એકાદશી ઊજવી છે, વસંતપંચમીનો ઉત્સવ કર્યો છે અને હુતાશનીએ રંગે રમ્યા છે, જેને કહી શકાતું નથી. ૨૮. રામનવમીનો ઉત્સવ કેટલીએ વાર કર્યો અને તે પ્રસંગોમાં ઘણા સંતોને અને હરિભક્તોને તેડાવ્યા છે. વર્ણીઓ તથા સંન્યાસીઓને પણ તે તે ઉત્સવોમાં બોલાવ્યા હોય છે. ૨૯. એક તિથિમાં દિવસ અને રાત્રિના બે ઉત્સવ થયા હતા. ચૈત્ર સુદિ નવમી તિથિએ પુનર્વસુ નક્ષત્રમાં મધ્યાહ્ન સમયે ભગવાન શ્રીરામચંદ્રજીનો જન્મોત્સવ શ્રીહરિ કરાવતા, તે જ તિથિએ પુષ્ય નક્ષત્રના સમયે રાત દસ ઘડી ગઈ ત્યારે ધર્મભક્તિના પુત્ર શ્રીહરિ પ્રકટ થયા છે. તે નવમીના એક ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ અલૌકિક અને વિચિત્ર મંડપ કરાવ્યો હતો. મંડપમાં કેળના સ્તંભ રોપાવીને બિલોરીનાં ઝાડ લટકાવ્યાં હતાં. ૩૦-૩૨.

મંડપના બધા દરવાજાઓમાં મોતીનાં તોરણ લટકાવ્યાં હતાં. બ્રહ્માંડમાં જેટલી શોભા કહેવાય છે તે બધી તે વખતના મંડપને જોઈને તેમાં લીન થઈ ગઈ હતી. ૩૩. બ્રહ્માંડમાં જેટલા દેવો છે તે બધા તે ઉત્સવ પ્રસંગે આવ્યા હતા. તેઓ કેસરયુક્ત ચંદન અને દિવ્ય પુષ્પ લાવ્યા અને સહુએ તેનાથી શ્રીહરિની પૂજા કરી હતી. ૩૪. બ્રહ્માંડમાં જેટલા વાજિંત્ર છે તે બધાં તે પ્રસંગે તેના વાદકોએ આવીને વગાડ્યાં હતાં. વિપ્રોએ સામવેદનું ગાન કર્યું હતું અને શિવજીએ હરખથી નૃત્ય કર્યું હતું. ૩૫. ગાંધર્વોએ દોકડ અને

સરોદ વગાડીને હરખથી સુંદર ગાન કર્યું હતું. બધી અપ્સરાઓએ નૃત્ય કરીને શ્રીહરિનો અપાર યશ વારંવાર ગાયો હતો. ૩૬.

વૈશાખ સુદિ પડવાની તિથિએ બાર ઘડી વીતી ત્યારે અત્યંત શાંત સ્વભાવના કૂર્મનારાયણ પ્રકટ થયા હતા. ૩૭. વૈશાખ સુદિ ત્રીજની તિથિએ બાવીશ ઘડી વીતી ત્યારે ભગવાન પરશુરામ પ્રકટ થયા હતા. ત્યારે સહુને અપાર આનંદ થયો હતો. ૩૮. વૈશાખ સુદિ ચતુર્દશીને દિવસે ભગવાન નૃસિંહરૂપે પ્રકટ્યા અને હિરણ્યકશિપુને માર્યો હતો. ૩૯. ભીમ એકાદશી આદિક બધી એકાદશીઓ અનાદિ સમયથી ઉત્સવરૂપ જ છે. તે બધી ઉત્સવની તિથિઓ શ્રીહરિએ ગઢપુરમાં રહીને ઊજવી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકાદશ પૂરમાં 'ઉન્મત્તગંગાનું માહાત્મ્ય અને શ્રીહરિએ ગઢપુરમાં સમૈયા કર્યા' એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



।। संवत् १९१७ ना वर्षे भादु मासे शुक्ल पक्षे शुक्रवारे एकम तिथि दिने (१७/८/१८६०) श्रीहरिचरित्रामृतसागरे एकादश पूर श्रीवडतालधाम मध्ये संपूर्ण समाप्तम् ।।

॥ સંવત્ ૧૯૧૭ના ભાદરવા સુદ એકમ (તા.૧૭/૮/૧૮૬૦) ને શુક્રવારે શ્રીવડતાલધામ મધ્યે અગિયારમું પૂર સંપૂર્ણ ॥

ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે એકાદશ પૂર સંપૂર્ણ ॥૧૧॥



INDEX

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત) ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ
૩. પંચરત્ન ૪. હરિસ્મરણ
૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. દિવ્ય દિવ્ય મહારાજ
૧૧. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૨. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૩. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૩)*
૧૪. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૫. કુંડળધામ દર્શન
૧૬. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૭. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૧૮. હિંડોળા ઉત્સવ ૧૯. યુવાશિબિર

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. ભક્તિસિદ્ધિ
૧૦. વાસુદેવ માહાત્મ્ય
૧૧. વિવેક ચિંતામણિ
૧૨. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૩. કીર્તન સહ ધ્યાન
૧૪. કથામૃતમ્
- છપ્પનાવલી - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. નારાયણ અંગ ચિંતામણિ
૧૮. સંત આખ્યાન
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી

- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિઘ્ન - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

INDEX

પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧

हिन्दी प्रकाशन

टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ
टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३

किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *(गुजराती अनुवाद के साथ)*

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુ:ખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

INDEX

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●

INDEX








ધોલેરા મંદિરમાં પધરાવેલા શ્રીજી મહારાજના પ્રસાદીના ચરણારવિંદ



શ્રીજી મહારાજના
પ્રસાદીના ઢોલિયા

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા
કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮
www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-27-7
